# વચનામૃત



## રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ

SMVS

## ભક્ત ચિંતામણિ પ્રકરણ ૭૭

વિધિ પર તે વૈરાટ કહીએ, તે પર પ્રધાનપુરુષ લહીએ,
તે પર મૂળ પ્રકૃતિપુરુષ, તેથી પર અક્ષર સુજશ;
અક્ષર પર પુરુષોત્તમ જેહ, તેણે ધર્યું મનુષ્યનું દેહ,
તેનું દર્શન ને સ્પર્શ ક્યાંથી, સહુ વિચારોને મનમાંથી;
જે છે મન વાણીને અગમ, તે તો આજ થયા છે સુગમ.

## ભક્ત ચિંતામણિ પ્રકરણ ૭૯

પછી બોલિયા પ્રાણજીવન, તમે સાંભળજ્યો સહુ જન,
તમને જે મળી છે મૂરતિ, તેને નિગમ કહે નેતિ નેતિ;
અતિ અપાર અક્ષરાતીત, થઈ તમારે તે સાથે પ્રીત,
ભક્ત જક્તમાંહી છે જો ઘણા, ઉપાસક અવતાર તણાં,
જે જે મૂરતિ જનને ભાવે, તે મૂરતિ નિજ ધામ પહોંચાવે,
પણ સર્વે પાર જે પ્રાપતિ, તે છે તમારે કહે પ્રણપતિ.

## તુલસી વિવાહ - વૈષ્ણવાનંદ સ્વામી

નહીં વૈકુંઠવાસી રે એવા, નહીં ગોલોકવાસી રે જેવા,
નોય ભોમાપુરુષ સુખધામ, આ તો પૂરણકામ અકામ;
નોય મચ્છ કચ્છ ને વારાહ, નોય વામ રામ અથાહ,
નહીં શ્વેતદ્વીપ પતિ શ્યામ, નહીં બદ્રિકાવાસી અકામ,
આ તો સર્વના સ્વામી છે એક, એમ જાણે તે પરમ વિવેક.

## પુરુષોત્તમ લીલામૃત પ્રકરણ ૧૩

વળી વ્હાલે કરી એક વાત, સહુ સાંભળો જન સાક્ષાત;
અમારાં નામ છે જો અપાર, તેમાં પણ કર્યો નિરધાર.
માર્કન્ડ ઋષિએ તે જેહ, નામ પાડ્યાં છે અમારાં એહ;
કૃષ્ણ, હરિ, હરિકૃષ્ણ સાર, નીલકંઠ નામ નિરધાર.
વળી સ્વામી રામાનંદે જેહ, નામ પાડ્યાં છે અમારાં એહ;
સહજાનંદ સુખનું ધામ, બીજું નારાયણ મુનિ નામ.
રૂડું ઘનશ્યામ નામ જેહ, માતા-પિતા કહેતાં કરી સ્નેહ;
પણ મુખ્ય અમારું જે નામ, તે તો ભૂલી ગયા છે તમામ.
પણ કોઈને હાથ આવ્યું નહીં, એહ સારું નામ ગયું રહી;
હવે આજ કરું હું પ્રકાશ, તમે સાંભળો સહુ તે દાસ.
બીજાં નારાયણ નામ ઘણાં, કહું નામ થોડાંક તે તણાં;
સૂર્યનારાયણ જે કહેવાય, વૈરાટનારાયણ પણ લેવાય.
લક્ષ્મીનારાયણ નામ કહે છે, નરનારાયણ નામ લે છે;
વાસુદેવનારાયણ સાર, એવા નારાયણ નામ અપાર.
તે સૌ નારાયણનો હું સ્વામી, સહુ રહ્યા મને કરભામી;
માટે 'સ્વામિનારાયણ' જેહ, નામ મારું છે કહું છું તેહ.
સર્વોપરી નામ છે એ સાર, માટે રટજો સહુ નરનાર;
એહ નામ રટે જન જેહ, પામે અલૌકિક સુખ તેહ.

# પ.પૂ. બાપજીના દિવ્ય આશીર્વાદ

॥ શ્રીજી બાપા ॥

વ્હાલા સર્વ ભક્તોને.....

જય સ્વામિનારાયણ

વચનામૃત ગ્રંથ એટલે સર્વોપરિ ગ્રંથ... અનંતકોટી બ્રહ્માંડમાં આવો સર્વ શાસ્ત્રોના સાર રૂપ બીજો ગ્રંથ કદી ન હોઈ શકે કારણ કે વચનામૃતએ સર્વોપરિ, સર્વાવતારી એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનના મુખકમળમાંથી નીકળલો સ્ત્રોત છે.... દિવ્ય પ્રવાહ છે...

પરંતુ શ્રીજી મહારાજની ગૂઢવાણીને આ રહસ્યાર્થ વચનામૃતમાં શ્રીજીમહારાજ નાજ સંકલ્પથી પ્રગટ થયેલા આપણાં જીવનપ્રાણ અબજી બાપાશ્રી એ ખૂબ સરળતાથી સૌ કોઈ સમજી શકે તે રીતે પ્રશ્ન ને ઉત્તરના રૂપમાં સમજાવી છે ત્યારે આ ગ્રંથ આપણાં માટે ખુબ આશીર્વાદરૂપ છે.

શ્રીજી મહારાજે કયા સમયે, કઈ વાત શા માટે અને કયા હેતુ થી બોલેલા એતો જે એમની મૂર્તિમાં અખંડ રહેતા હોય એવા એમના સંકલ્પ સ્વરૂપ અનાદિમુક્ત જ જાણી શકે.

ત્યારે આ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા વાળા વચનામૃતના રચયિતા એવા આપણાં જીવનપ્રાણ અબજી બાપાશ્રી અને અનાદિમુક્ત નિડર સિદ્ધાંત વાદી સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીના આપણી પરના અનંત ઉપકારોને આપણે ભૂલી શકીએ તેમ નથી.

બસ આ ગ્રંથને વાંચી-વિચારી મનન-ચિંતન કરી મહાપ્રભુની સર્વોપરી ઉપાસના દઢ કરી, શ્રીજી મહારાજના કહેલા નિયમોમાં ખબડદાર રહીને જીવન જીવીએ તો આને આ દેહે શ્રીજી મહારાજ આપણને તેમની મૂર્તિના સુખભોક્તા કરશે જ. એવી એમના દિવ્ય ચરણોમાં પ્રાર્થના.

સ્વામી દેવનંદનદાસજીના

જય શ્રી સ્વામિનારાયણ

## કીર્તન

### વચનામૃત મહિમા

જગતના સર્વ ગ્રંથોમાં, વચનામૃત ગ્રંથ સારો છે;
જીવોના મોક્ષને માટે, સર્વોત્તમ સૌથી ન્યારો છે.
જગતના૦ ટેક

કેવળ કૃપાળુ બાપાશ્રી, તણી રહસ્યાર્થ પ્રદીપિકા;
સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસે પ્રશ્નો પૂછી કરી ટીકા.
જગતના૦ ૧

વચનામૃતના જ આધારે, ઉત્તર પ્રશ્નો તણા કીધા;
રસબસની વાત સમજાવી, જીવોને ન્યાલ કરી દીધાં.
જગતના૦ ૧

શ્રીજીના વચનાનુસારે, ટીકામાં વચનો ગાયાં છે;
પોતાનાં બાળકો જાણી, અનેરાં અમૃત પાયાં છે.
જગતના૦ ૩

પોતે દુઃખો ઘણાં વેઠી, જીવોને સુખ આપ્યાં છે;
કૃપાથી મૂર્તિઆપીને, જનમનાં દુઃખ કાપ્યાં છે.
જગતના૦ ૪

રહસ્યાર્થ પ્રદીપિકા, ટીકા સહ વચનામૃત જે છે;
પારાયણ પાઠ કરતાને, શ્રીજી મૂર્તિ માંહી લે છે.
જગતના૦ ૫

પ્રમાણ અપ્રમાણનાં ગપ્પાં, છોડી શ્રીજી વચનને જોજો;
દાસાનુદાસ કહે ભાઈ, મૂર્તિ સુખમાં સહુ ઠરજો.
જગતના૦ ૬

# અનુક્રમણિકા

## નિવેદન - પ્રસ્તાવના - પરથારો


૧. ચૂંટેલા પુષ્પો ........ ૧
૨. નિવેદન ........ ૪
૩. દ્વિતીય આવૃત્તિની પ્રસ્તાવના ........ ૭
૪. પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના ........ ૧૬
૫. શ્રીજીસંકલ્પમૂર્તિ શ્રી અબજીબાપાશ્રીનું જીવનચરિત્ર ........ ૨૪
૬. શ્રીજીમહારાજના વચનામૃતનો પરથારો ........ ૩૨
૭. પરથારાની રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા ........ ૪૫
૮. રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાસ્થ વચનામૃતની વિશેષતા ........ ૫૪
૯. વચનામૃત વિષય અનુક્રમણિકા ........ ૫૮


## વચનામૃત - ભાગ : ૧


ગઢડા પ્રથમ પ્રકરણ — ૭૮ — ૧ - ૨૨૪

સારંગપુર પ્રકરણ — ૧૮ — ૨૨૫ - ૨૭૦

કારિયાણી પ્રકરણ — ૧૨ — ૨૭૧ - ૩૦૬

લોયા પ્રકરણ — ૧૮ — ૩૦૭ - ૩૯૦

પંચાળા પ્રકરણ — ૭ — ૩૯૧ - ૪૨૦

## જીવનમંત્ર

સ્વામિનારાયણ ભગવાન મારા ઈષ્ટદેવ છે.
આ સત્સંગ મારું ઘર છે.
મહારાજની મૂર્તિ મારો ધ્યેય છે.
છતે દેહે હું અક્ષરધામમાં જ છું.
મહારાજ માટે જ મારો જન્મ છે.
એમના થઈને જ સદા જીવવું છે.
ભગવાન અને સંતની સેવા એ જ મારું સુખ છે.
એમની આજ્ઞા અને અનુવૃત્તિમાં જ સદા રહીશ.
સત્સંગી માત્રના સુખ-દુઃખમાં સદા ભાગીદાર થઈશ.
જય શ્રી સ્વામિનારાયણ.

## ધ્યેયગીત

બનશું અમે આદર્શ બાળ, સદા મૂર્તિમાં રમનાર...,
થઈ હરિકૃપા અપાર, આ તો શ્રીજીનો દરબાર...,
આજ્ઞા લોપાય નહીં લગાર, પાળીએ થઈને ખબડદાર;
કારણ સત્સંગ જોરદાર, સંતો કેરો છે સહકાર,
તન, મન, ધન સદા તૈયાર, તજશું જરૂર પડયે ઘરબાર;
સર્વોપરિ સદા સાકાર, સૌના કારણ ને આધાર,
કરવો પ્રચાર દુનિયાપાર, સંકલ્પ કીધો છે નિરધાર;
સુખ-દુઃખ આવે અપરંપાર, લાગે વિઘ્નોની લંગાર,
તોયે હરિ બળે જીવનાર, શ્રીજી બાપા રક્ષણહાર;
આ છે જીવન કેરો સાર, રાજી રહેજો સદાકાળ.

# ચૂંટેલાં પુષ્પો

## ગઢડા પ્રથમ પ્રકરણ

વચનામૃત

**૧ લું :** ''ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી ને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી.''

''ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં જે પદાર્થ આડું આવીને આવરણ કરે તેને માયા કહીએ.''

**૮ મું :** ''ઇન્દ્રિયોની જે ક્રિયા તેને ભગવાન ને તેના ભક્તની સેવાને વિષે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે. ને અનંતકાળનાં જે પાપ જીવને વળગ્યાં છે તેનો નાશ થઈ જાય છે. અને જો ઇન્દ્રિયોની વૃત્તિઓને સ્ત્રી-આદિકના વિષયમાં પ્રવર્તાવે છે તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે અને કલ્યાણના માર્ગ થકી પડી જાય છે.''

**૧૫ મું:** ''જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય તેને એવી વૃત્તિ રહે જે, ભગવાન તથા સંત તે મુને જે જે વચન કહેશે તેમ જ મારે કરવું છે, એમ તેના હૈયામાં હિંમત રહે અને આટલું વચન મુથી મનાશે ને આટલું નહિ મનાય એવું વચન તો ભૂલે પણ ન કહે.''

**૧૮ મું:** ''પાંચે ઇન્દ્રિયોને યોગ્ય-અયોગ્ય વિચાર્યા વિના જે મોકળી મેલશે તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જશે અને પાંચ ઇન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે, તે આહાર જો શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ રહેશે.''

**૨૦ મું:** ''જે પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો નથી એ જ સર્વે અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે, ને એ જ ઘેલામાં અતિશે ઘેલો છે, ને એ જ મૂર્ખમાં અતિશે મૂર્ખ છે, ને એ જ સર્વે નીચમાં અતિશે નીચ છે.''

**૨૫ મું:** ''ને તે સમજણને કેફે કરીને છકી પણ જાવું નહિ, અને પોતાને અકૃતાર્થપણું પણ માનવું નહિ, અને જો અકૃતાર્થપણું માને તો એને ઉપર જે એવી ભગવાનની કૃપા થઈ તે જાણીએ ખારાપાટમાં બીજ વાવ્યું તે ઊગ્યું નહિ, ને જો છકી જઈને જેમ તેમ કરવા લાગે તો જાણીએ અગ્નિમાં બીજ નાખ્યું તે બળી ગયું.''

**૨૭ મું:** ''પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થાશે તે સર્વે મુને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે .. આવી જેની સમજણ હોય તેના હૃદયમાં ભગવાન સર્વે પ્રકારે નિવાસ કરીને રહે છે.''

**૩૩ મું:** ''ભગવાનનો જે દૃઢ આશરો એ જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે ... તે આશરો અતિ દૃઢ જોઈએ જેને વિષે કાંઈ પોલ રહે નહિ.''

**૩૪ મું:** ''ભગવાનથી જે વિમુખ જીવ હોય તેને જે સુખ-દુઃખ આવે છે તે તો પોતાને કર્મે કરીને આવે છે. ને જે ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે. ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.''

**૪૯ મું:** '' પરમેશ્વરના ભક્ત હોય તેને તો જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી એ જ કઠણ છે. અને જે જગતના જીવ છે તેને પરમેશ્વરમાં વૃત્તિ રાખવી તે ઘણી કઠણ છે. માટે જેને પરમેશ્વરમાં વૃત્તિ ન રહે તે પરમેશ્વરનો ભક્ત નહિ.''

**૫૧ મું:** "જેમ હીરે કરીને જ હીરો વેંધાય છે પણ બીજા વતે નથી વેંધાતો તેમ ભગવાનનો નિશ્ચય ભગવાન વતે જ થાય છે ને ભગવાનનું દર્શન પણ ભગવાન વતે જ થાય છે."

**૫૪ મું:** "જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે, તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના ભક્તને વિષે થાય તો એ ભગવાનના માર્ગ થકી કોઈ દિવસ પાછો પડે નહિ."

**૫૬ મું:** "કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે, ઇત્યાદિક અનંત પ્રકારની મોટ્યપ પામે છે તથા પરમપદને પામે છે એ સર્વે ભગવાનની ઉપાસનાના બળે પામે છે. પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થાતી નથી."

**૬૩ મું:** "જેને પરિપક્વ નિશ્ચય હોય તેને તો મનમાં એમ રહે જે, મારે સર્વે પ્રાપ્તિ થઈ રહી છે, અને જ્યાં પ્રત્યક્ષ ભગવાન રહ્યા છે ત્યાં જ પરમધામ છે."

**૭૧ મું:** "બીજા સર્વે અપરાધ ભગવાન માફ કરે છે પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને ભગવાન માફ નથી કરતા. માટે ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ કરવો નહિ."

**૭૨ મું:** "જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યે સહિત હોય ને સંતનું ને સત્સંગીનું માહાત્મ્ય ઘણું જાણતો હોય ને તે ભક્તનું જો કર્મ કઠણ હોય ને કાળ પણ કઠણ હોય, તે ભક્તને એવી ભક્તિનું અતિશે બળ છે. તે કાળ ને કર્મ તે બેય મળીને તેનું ભૂંડું કરી શકતા નથી અને જેને ભગવાન ને ભગવાનના સંતને વિષે જો નિષ્ઠામાં ફેર હોય તો તેનું ભગવાન રૂડું કરવાને ઇચ્છે તો ય પણ રૂડું થાતું નથી."

## સારંગપુર પ્રકરણ

**૭ મું :** "મનોમયચક્રની ધારા કુંઠિત થાય એવું જે સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય ત્યાં કલ્યાણને ઇચ્છવું, ને ત્યાં અતિ દૃઢ મન કરીને રહેવું."

**૧૦ મું:** "ભગવાનનું ધામ તે બાહ્યદૃષ્ટિએ કરીને જોઈએ તો ઘણું છેટે છે અને આત્મદૃષ્ટિએ કરીને જોઈએ તો એક અણુ જેટલું પણ છેટું નથી, માટે બાહ્યદૃષ્ટિવાળાની સમજણ મિથ્યા છે અને આત્મદૃષ્ટિવાળાની સમજણ સત્ય છે."

-"અને જે સાધુ એમ સમજતો હોય જે મારા ચૈતન્યને વિષે આ ભગવાન સદાય વિરાજમાન છે .... તો તે સંત થકી ભગવાન અથવા ભગવાનનું ધામ અણુમાત્ર છેટે નથી.. એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે મુને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું."

**૧૭ મું:** "ભગવાનના ભજનનો કરનારો જે જીવ તેની દૃષ્ટિ જેમ જેમ સૂક્ષ્મ થાતી જાય છે તેમ તેમ એને પરમેશ્વરનું પરપણું જણાતું જાય છે ને ભગવાનનો મહિમા પણ અધિક અધિક જણાતો જાય છે."

-"માયારૂપી અંતરાય ટાળીને જેમ જેમ ભગવાનને ઢૂંકડું થવાય છે તેમ તેમ ભગવાનની પણ અતિ અપાર મોટ્યપ જણાતી જાય છે અને ભગવાનને વિષે દાસપણું પણ અતિ દૃઢ થાતું જાય છે."

## કારિયાણી પ્રકરણ

**૩ જું :** "મનુષ્યને પરસ્પર હેત થાય છે તે ગુણે કરીને થાય છે ને અવગુણ આવે છે તે દોષે કરીને આવે છે, તે ગુણ

ને દોષ તો માણસની ઉપરની પ્રકૃતિએ કરીને ઓળખાતા નથી, કાં જે કોઈક મનુષ્ય તો બિલાડાની પેઠે હેઠું જોઈને ચાલતો હોય પણ માંહી તો અતિ કામી હોય તેને દેખીને અણસમજુ હોય તે કહે જે, એ તો બહુ મોટો સાધુ છે અને કોઈક તો ફાટી દૃષ્ટિએ ચાલતો હોય તેને જોઈને અણસમજણવાળો હોય તે એમ કહે જે, આ તો અસાધુ છે, પણ તે માંહી તો મહાનિષ્કામી હોય, માટે શરીરની ઉપરની પ્રકૃતિ જોઈને મનુષ્યની પરીક્ષા થાતી નથી. પરીક્ષા તો ભેળે રહ્યાથી થાય છે.''

**૭ મું :** ''પ્રત્યક્ષ પુરુષોત્તમને વિષે જે દૃઢ નિષ્ઠા તેને આત્યંતિક કલ્યાણ કહીએ અને એવી નિષ્ઠાને પામીને જે સિદ્ધદશાને પામ્યો હોય... તે મૂર્તિને સ્થાવર-જંગમ સર્વે આકારને વિષે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે છે ને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર પણ ભાસે નહિ.''

**૧૦ મું:** ''અને જીવનું કલ્યાણ તો આટલી જ વાતમાં છે, જે પ્રગટ પ્રમાણ એવા જે શ્રી સ્વામિનારાયણ તેનું જ કર્યું સર્વે થાય છે, પણ કાળ, કર્મ ને માયાદિક કોઈનું કર્યું કાંઈ થાતું નથી, એવી રીતે ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે... જે જીવ ભગવાનને સર્વ કર્તા-હર્તા નથી જાણતો તો તેથી બીજો કોઈ પાપી નથી અને ગૌહત્યા, બ્રહ્મહત્યા, ગુરુસ્ત્રીનો સંગ તથા બ્રહ્મવેત્તા સદ્‌ગુરુનો દ્રોહ તે થકી પણ એને વધુ પાપી જાણવો, કાં જે ભગવાન વિના બીજા જે કાળ-કર્માદિક તેને એ કર્તા જાણે છે, માટે એવો જે નાસ્તિક ચંડાળ હોય તેની તો છાયામાં પણ ઊભું રહેવું નહિ ને ભૂલમાં પણ તેના મુખનું વચન સાંભળવું નહિ.''

-''આ સંસારને વિષે કેટલીક રાંડું છે તે ધણી મરી ગયો હોય તો તેને વાંસે છાતી કૂટી કૂટીને રોયા જ કરે છે અને કેટલીક બાઈઓ છે તે પોતાના પરણ્યા ધણીનો પણ ત્યાગ કરીને ભગવાનનું ભજન કરે છે અને કેટલાક મૂર્ખ પુરુષ હોય છે તે પોતાની સ્ત્રી મરી ગઈ હોય તો તેને વાંસે રોયા કરે છે અને બીજી સ્ત્રીને વાસ્તે હાયવોય કરતા ફરે છે અને કેટલાક વૈરાગ્યવાન પુરુષ હોય તે ઘરમાં પરણેલી સ્ત્રી હોય તેનો ત્યાગ કરીને પરમેશ્વરનું ભજન કરે છે.''

**૧૧ મું:** ''જેને પોતાના પ્રીતમ જે ભગવાન તેને વિષે પ્રીતિ હોય તે પોતાના પ્રીતમની મરજીને લોપે નહિ એ પ્રીતિનું લક્ષણ છે.''

## લોયા પ્રકરણ

**૩ જું :** ''જેને ભગવાનનો અને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે અને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોક-લાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે ને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે.''

-''હરિભક્ત હોય તેનો દેહ પગ ઘસીને પડે, વાઘ ખાઈ જાય, સર્પ કરડે, શસ્ત્ર વાગે, પાણીમાં બૂડી જાય ઈત્યાદિક ગમે તેવી રીતે અપમૃત્યુએ કરીને દેહ પડે તો પણ એમ સમજે જે, ભગવાનના ભક્તની અવળી ગતિ થાય જ નહિ, એ તો ભગવાનના ધામને જ પામે અને ભગવાનથી વિમુખ હોય તેનો દેહ સુધી સારી પેઠે પડે ને ચંદનના લાકડામાં સંસ્કારે યુક્ત બળે તો પણ તે તો નિશ્ચે યમપુરીમાં જાય.''

**૬ ઠું :** ''વર્તમાન પણ સુધાં સારાં પાળતો હોય ને નિશ્ચય સુધો હોય ને તે પાસે આપણે રહેતા હોઈએ ને આપણને ટોકે નહિ ને પંપોળીને રાખે ને જાપરો રાખે તો તે મુક્તાનંદ સ્વામી જેવો લોકવ્યવહારે મોટો કહેવાતો હોય તેનો પણ સંગ ન કરવો અને જે સંત પોતાને ટોક્યા કરે ને જે સ્વભાવ દેખે તે ઉપર ખટકો

રાખે ને તે ન ટળે ત્યાં સુધી વાત કર્યા કરે ને લલોચપો રાખે નહિ ને તે લોકવ્યવહારે મોટો ન કહેવાતો હોય તો પણ તેનો સંગ કરવો.''

**૧૦ મું:** ''માયા છે તે જે ભગવાનથી વિમુખ છે તેને તો અતિ બંધન કરનારી છે અને અતિ દુઃખદાયી છે અને જે ભગવાનના ભક્ત છે તેને તો એ માયા અતિશે સુખદાયી છે.''

**૧૧ મું:** ''જેવી ભગવાનની મૂર્તિ પોતાને મળી હોય તેનું જ ધ્યાન કરવું અને પૂર્વે ભગવાનના અવતાર થઈ ગયા તે મૂર્તિનું ધ્યાન ન કરવું અને પોતાને ભગવાનની જે મૂર્તિ મળી હોય તેને વિષે જ પતિવ્રતાની પેઠે ટેક રાખવી.''

-''સત્‌શાસ્ત્રનું શ્રવણ કરવું તે સત્પુરુષ થકી જ કરવું પણ અસત્પુરુષ થકી સત્‌શાસ્ત્રનું કોઈ દિવસ શ્રવણ કરવું નહિ.''

**૧૪ મું:** ''સર્વેથી પર એક મોટો તેજનો સમૂહ છે. તે તેજનો સમૂહ અધોઊર્ધ્વ તથા ચારે કોરે પ્રમાણે રહિત છે ને અનંત છે ને તે તેજના સમૂહના મધ્ય ભાગને વિષે એક મોટું સિંહાસન છે, ને તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રી નારાયણ પુરુષોત્તમ ભગવાન તે વિરાજમાન છે.''

**૧૭ મું:** ''જેમ પારસમણિ હોય તે કોઈક લોઢાને અડીને તેનું સોનું થયું તે સોનું પાછું પારસમણિનું કર્યું પણ લોઢું થાય નહિ, તેમ એવું જેણે ભગવાનનું માહાત્મ્ય જાણ્યું છે તે ભગવાનનો પાડ્યો પણ તે ભગવાનના ચરણારવિંદથી પડે નહિ, તો શું બીજે પદાર્થે કરીને એ પડે ?''

**૧૮ મું:** ''ભગવાનનો નિશ્ચય થાવો તે સૌથી મહાકઠણ છે ને નિશ્ચયની વાર્તા અતિ અટપટી છે માટે કહેતે બીક લાગે છે કે જે, શું જાણીએ વાત કરીએ ને તેમાંથી કોઈને અવળું પડે ને તેણે જે પોતાના અંગની દૃઢતા કરી હોય તે અંગ આ વાતે કરીને તૂટી જાય તો તે મૂળગેથી જાય, ને એ વાત કર્યા વિના પણ ચાલતું નથી અને એ વાત જો સમજતાં ન આવડે તો દૂષણ પણ ઘણાં આવે અને આ વાત સમજે નહિ ત્યાં લગણ તેના નિશ્ચયમાં પણ કાચ્યપ રહે છે.''

## પંચાળા પ્રકરણ

**૧ લું :** ''પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે ને તેથી દેવતાનું સુખ અધિક છે ને તેથી ઈંદ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું, તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠ લોકનું ને તેથી ગોલોકનું સુખ તે અતિ અધિક છે ને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે.''

**૫ મું :** ''ભગવાનના સંતની આગળ તો જે માન રાખવું તે સારું નથી ને તેની આગળ તો માનને મૂકીને દાસાનુદાસ થઈને નિર્માનીપણે વર્તવું તે જ રૂડું છે.''

**૭ મું :** ''જેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપની દૃઢ ઉપાસના હોય ને ભગવાનના સ્વરૂપમાં કોઈ દિવસ માયિકપણાનો સંશય ન થાતો હોય ને તેને કદાચિત્ કોઈ કુસંગને યોગે કરીને અથવા પ્રારબ્ધ કર્મને યોગે કરીને કાંઈ અવળું વર્તાઈ જાય તો પણ તેનું કલ્યાણ થાય; અને જો આવી રીતે ભગવાનને જાણ્યામાં જેને સંશય હોય ને તે જો ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય તો પણ તેનું કલ્યાણ થવું અતિ કઠણ છે.''

## વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ

૯ મું : "જ્ઞાનમાર્ગ તો એવો સમજવો જે, કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ ને કોઈક કાળે ભગવાનના વચનનો લોપ થાતો હોય તો તેની ચિંતા નહિ પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાવા દેવો નહિ."

૧૩મું : "... અને અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ, અને તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ હું દેખું છું, પણ આ ગઢડું શહેર કે ઓસરી એ કાંઈ દેખાતું નથી. અને જ્યારે એ સ્વરૂપ જેને જાણ્યામાં આવે તેને જેમ અમને કોઈ વિષય સંબંધી સુખમાં આસક્તિ નથી તેમ તે પુરુષને પણ ક્યાંય આસક્તિ રહે જ નહિ અને એ સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ-ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થાશે નહિ; સહેજે જિતાઈ જશે."

"ભગવાનના સ્વરૂપની દઢતા વિના તો ગમે તેટલો ત્યાગ રાખો કે ગમે તેટલા ઉપવાસ કરો પણ કોઈ રીતે ખામી ભાંગશે નહિ."

૧૪ મું : "જેમ આ લીંબડાનું વૃક્ષ છે તે એકવાર જાણી લીધું છે પછી કોઈ રીતે મનમાં સંકલ્પ થાતો નથી જે લીંબડો હશે કે નહિ હોય? એવી રીતે ગમે તેનો સંગ થાય અને ગમે તેવાં શાસ્ત્ર સાંભળે પણ કોઈ રીતે કરીને ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય કર્યો હોય તેમાંથી મન ડગમગે નહિ એવો જે નિરુત્થાનપણે ભગવાનનો નિશ્ચય એને અમે તદાત્મકપણું કહીએ છીએ; અને એને જ નિર્વિકલ્પ સમાધિ કહીએ છીએ."

૨૧ મું : "આ સંસારને વિષે જેને ગામ-ગરાસ હોય તથા ધન-દોલત હોય એ જ અતિશે દુ:ખિયો છે અને જેને ધન, દોલત, રાજ ન હોય તે જ સુખિયો છે."

૨૨ મું : "જેમ રાજા હોય ને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો એ સાધુનો પણ પ્રતાપ છે."

૨૩ મું : "જેનું મન ભૂંડા વિષયને દેખીને તપે પણ નહિ અને સારા વિષયને દેખીને ટાઢું પણ થાય નહિ, એવી રીતે જેનું મન અવિકારી રહેતું હોય તેને પરમ ભાગવત સંત જાણવા."

૨૬ મું : "જે ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનને તથા ભગવાનના ભક્તને જે ન ગમતું હોય તે ન જ કરવું અને પરમેશ્વરને ભજ્યામાં અંતરાય કરતા હોય ને તે પોતાનાં સગાં-વહાલાં હોય તેનો પણ ત્યાગ કરવો, અને ભગવાનને ન ગમે એવો કોઈક પોતામાં સ્વભાવ હોય તો તેનો પણ શત્રુની પેઠે ત્યાગ કરવો."

૩૩ મું : "સત્સંગમાં કોઈ પુરુષને તથા કોઈ સ્ત્રીને કદાચિત્ જો નિષ્કામી વર્તમાનમાં ફેર પડે તો અમને સંભળાવશો મા, શા માટે જે જ્યારે અમે એવી વાર્તા સાંભળીએ ત્યારે જેમ વાંઝિયાને ઘેર દીકરો આવ્યો હોય ને તે મરી જાય ને તેને જેવો શોક થાય તેવો અમારે પણ શોક થાય છે તથા મનમાં એક વિચાર થઈ જાય છે જે બધા સત્સંગને મૂકીને જાતા રહીએ, માટે જે નિષ્કામી વર્તમાન રાખે તે જ અમને વહાલો છે અને તેને ને અમારે આ લોક, પરલોકમાં દઢ મેળાપ રહે છે."

૪૦ મું : "દ્રોહે કરીને જેવું આ જીવનું ભૂંડું થાય છે ને એ જીવને કષ્ટ થાય છે તેવું કોઈ પાપે કરીને થાતું નથી. અને ભગવાનના ભક્તની મને-વચને-દેહે કરીને જે સેવા બણી આવે ને તેણે કરીને જેવું આ જીવનું રૂડું થાય છે ને એ જીવને સુખ થાય છે તેવું બીજે કોઈ સાધને કરીને થાતું નથી."

૫૦ મું : "જેને અમારા જેવો અંતરનો દઢાવ હોય તે સાથે જ અમારે બને છે અને જેના હૃદયમાં જગતના સુખની વાસના હોય તે સંગાથે તો અમે હેત કરીએ તો પણ થાય નહિ, માટે જે નિર્વાસનિક ભગવાનના ભક્ત હોય તે જ અમને વહાલા છે, એ અમારા અંતરનું રહસ્ય છે."

૫૬ મું : "ભગવાનને વિષે પ્રીતિ તો તેની જ સાચી જે જેને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતિ જ ન થાય...... અને જેને ભગવાન જેવી બીજા પદાર્થમાં પણ પ્રીતિ હોય તેનો તો ઘણો જ પાયો કાચો છે."

૫૯ મું : "ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી; એ જ પરમ કલ્યાણ છે અને ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી."

૬૧ મું : "ગૃહસ્થ હોય તે તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે, અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે તું પરમહંસ થા તો તે તત્કાળ પરમહંસ થાય, એવાં જેનાં લક્ષણ હોય તે હરિભક્તની સભાને આગળ બેસે અથવા વાંસે બેસે, પણ તેને જ સર્વે હરિભક્તમાં મોટેરો જાણવો અને જે ત્યાગી હોય તે જ્યારે દેશ-પરદેશમાં જાય ને ત્યાં કનક-કામિનીનો યોગ થાય તો ય પણ તેમાં ફેર પડે નહિ, અને પોતાના જે જે નિયમ હોય તે સર્વે દઢ કરીને રાખે તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય."

૬૨ મું : "જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેને પોતાનું જે દેહ, ધન, ધામ, કુટુંબ, પરિવાર એ સર્વેને ભગવાનની સેવામાં જોડી દેવાં ને ભગવાનની સેવામાં જે પદાર્થ કામ ન આવે તો તેનો ત્યાગ કરી દેવો."

## વચનામૃત વરતાલ પ્રકરણ

૧ લું : "આ આંબાનું વૃક્ષ છે તે એકવાર દઢ કરીને જાણ્યું પછી કામ વ્યાપે, ક્રોધ વ્યાપે, લોભ વ્યાપે તો પણ કોઈ રીતે આંબાને વિષે ભ્રાંતિ ન થાય જે આંબાનું વૃક્ષ હશે કે નહિ હોય. તેમ જેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનો દઢ નિશ્ચય થયો ને તેમાં કોઈ જાત્યનો કુતર્ક ન થાય તો તે પુરુષના પ્રાણ લીન ન થયા હોય તો પણ નિર્વિકલ્પ સમાધિ છે."

૪ થું : "બત્રીશ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો જે સંગ તે મન-કર્મ-વચને કરીને રાખે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે, તેટલાં સર્વે તે સંતના સંગમાં આવી જાય છે."

૫ મું : "ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત, તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે, તથા ચાર જન્મે તથા દશ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થાનારો હોય તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે."

૮ મું : "દેવ સરખો પવિત્ર થઈને જો દેવની પૂજા કરે ત્યારે જ તેની પૂજાને દેવ અંગીકાર કરે છે."

૧૧ મું : "સત્પુરુષને વિષે દઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે, અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થાવાનું પણ એ જ સાધન છે."

૧૨ મું : "જેને પરિપૂર્ણ નિશ્ચય હોય તે તો એમ સમજે જે મુંને આ ભગવાન મળ્યા તે દિવસથી જ મારું કલ્યાણ થઈ ચૂક્યું છે, અને જે મારું દર્શન કરશે કે મારી વાર્તા સાંભળશે તે જીવ પણ સર્વ પાપ થકી મુકાઈને પરમપદને પામશે, માટે એવી રીતે ભગવાનનો મહિમા સહિત નિશ્ચય રાખીને પોતાને વિષે કૃતાર્થપણું માનવું એ વાત સર્વે ખબડદાર થઈને રાખજો."

૧૬ મું : "જો ભગવાનના ભજન જેવું રાજ્યને વિષે સુખ હોય તો સ્વાયંભૂમનું આદિક જે મોટા મોટા રાજા તે સર્વે રાજ્ય મૂકીને વનમાં તપ કરવા શા સારુ જાય ? અને ભગવાનના ભજન જેવું સ્ત્રીને વિષે સુખ હોય તો ચિત્રકેતુ રાજા કરોડ સ્ત્રીઓને શા સારુ મૂકે ? અને ભગવાનના ભજનના સુખ આગળ ચૌદ લોકનું જે સુખ તે નરક જેવું કહ્યું છે...... એ અમારા અંતરનો રહસ્ય અભિપ્રાય હતો તે અમે તમારી આગળ કહ્યો."

૧૮ મું : "તમારો સર્વેનો આચાર્ય ને ગુરુ ને ઉપદેષ્ટા ને ઇષ્ટદેવ એવો જે હું તે મારા દેહનાં જે આચરણ તે પ્રમાણે પણ તમારે ન કરવું."

૧૯ મું : "ભગવાનના ધામનું જે સુખ છે તેની આગળ માયિક પંચવિષયનું સુખ છે તે તો નરક જેવું છે, અને જે નરકના કીડા છે તે તો નરકને વિષે પરમ સુખ માને છે, પણ જે મનુષ્ય હોય તે તો તે નરકને પરમ દુઃખદાયી જાણે છે, તેમ જેને ભગવાનની ઓળખાણ થઈ તે તો ભગવાનનો પાર્ષદ થયો ને તેને ભગવાનનો પાર્ષદ મટીને વિષ્ટાના કીડાની પેઠે માયિક પંચવિષયના સુખને ઇચ્છવું નહિ."

## વચનામૃત અમદાવાદ પ્રકરણ

૩ જું : "જીવ માત્ર છે તે પંચવિષયને આધારે જીવે છે તે કાં તો બહાર પંચવિષયને ભોગવતો હોય અને જ્યારે બહાર પંચવિષયનો યોગ ન હોય ત્યારે અંતઃકરણમાં પંચવિષયનું ચિંતવન કર્યા કરે, પણ એ જીવ વિષયના ચિંતવન વિના ને વિષયને ભોગવ્યા વિના ક્ષણમાત્ર પણ રહી શકતો નથી. અને જેમ વડનું વૃક્ષ છે તેનાં જે મૂળ તે જ વડને લીલો રાખે છે અને બીજાં સર્વે મૂળ ઊખડી ગયાં હોય ને જો એક વડવાઈ પૃથ્વીમાં ચોંટી રહી હોય તો પણ એ વડનું વૃક્ષ લીલું રહે છે, તેમ ઉપર થકી કદાચિત્ પંચવિષયનો ત્યાગ કર્યો છે, પણ અંતરમાં વિષયનું ચિંતવન થાય છે એ જ એને જન્મ-મરણનો હેતુ છે."

૭ મું : "સર્વ થકી પર એવું જે શ્રી પુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું, પણ મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ. અને સર્વ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેને કર્તા પણ હું જ છું. અને મારે તેજે કરીને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા,, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે તેજાયમાન છે. ને વળી હું કેવો છું તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે, ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે. એવો જે હું તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન કોઈ કાળે વ્યભિચારને પામે નહિ."

૮ મું : "જેની ઉપર ક્રોધ ઊપજે તેને એક સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરવો. અને ગદ્ગદ્ હૃદય થઈને દીનતાએ કરીને રૂડાંરૂડાં વચન બોલીને તેને પ્રસન્ન કરવો એમ અમારી આજ્ઞા છે."

## વચનામૃત અશ્લાલી પ્રકરણ

૧ લું : "જે ભક્ત પોતપોતાની જે ક્રિયા તેનું બળ સમજે છે અને ભગવાનના આશરાનું ને ભગવાનનું બળ નથી સમજતા, ને બીજું પોતાને બ્રહ્મરૂપ નથી માનતા.......... એ એમની ભૂલ છે."

" આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ તેની નિરંતર અનન્યપણે કરીને સેવાને વિષે નિષ્ઠા રાખે તે ભગવત્ નિષ્ઠાર્થી જાણવો ને એ ભક્ત અતિ શ્રેષ્ઠ છે ને અતિ ઉત્તમ છે."

## વચનામૃત જેતલપુર પ્રકરણ

૧ લું : " સર્વે કર્મ અને માયા તેના નાશ કરનારા ને માયાથી પર જે સાક્ષાત્કાર શ્રી પુરુષોત્તમ ભગવાન વા ભગવાનના મળેલ સંત તેમની જીવને પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે તે સર્વેને ઉલંઘાય છે."

૩ જું : "માન છે તે તો અતિ ભૂંડામાં ભૂંડું છે, જુઓને બીજા વર્તમાનમાં કાંઈક કાચપ થોડી-ઘણી હોય તો પણ સત્સંગમાં નભ્યા જાય છે, પણ માનવાળા તો નભી શક્યા જ નહિ."

"સુષુપ્તિને વિષે જેમ જગતની વિસ્મૃતિ છે એમ જાગ્રત અવસ્થાને વિષે જગતની વિસ્મૃતિએ યુક્ત વર્તે એવો જે હોય તે આપણા સત્સંગમાં મોટેરો છે."

૪ થું : "તમ જેવા સંત જે ધર્મ-નિયમે યુક્ત તેની તો વાત જ નોખી છે, તે કહીએ છીએ જે, તમને કોઈક ભાવે કરીને જમાડે તેને કોટી યજ્ઞનું પુણ્ય થાય ને અંતે મોક્ષને પામે છે, અને તમારા ચરણનો કોઈ સ્પર્શ કરશે તેના કોટી જન્મનાં પાપ નાશ પામશે ને તમને ભાવે કરીને વસ્ત્ર ઓઢાડશે તેનું પણ પરમ કલ્યાણ થાશે, અને તમે જે જે નદી-તળાવને વિષે પગ બોળો છો તે તે સર્વે તીર્થરૂપ થાય છે, અને તમે જે વૃક્ષ તળે બેઠા હો ને જે જે વૃક્ષનું ફળ જમ્યા હો તે તે સર્વેનું રૂડું જ થાય છે, અને તમારાં કોઈક ભાવે કરીને દર્શન કરે છે ને કોઈ તમને ભાવે કરીને નમસ્કાર કરે છે તેના પાપનો ક્ષય થાય છે, ને વળી તમે જેને ભગવાનની વાત કરો છો અને કોઈને ધર્મ સંબંધી નિયમ ધરાવો છો તેનો મોક્ષ થાય છે, ઇત્યાદિક જે ધર્મ-નિયમવાળા તમ જેવા સંત તેની સર્વે ક્રિયા કલ્યાણરૂપ છે, શા સારુ જે પ્રત્યક્ષ શ્રી નારાયણ ઋષિનો તમને દૃઢ આશરો છે, ને તે નારાયણ ઋષિ તમારી સભામાં નિત્ય વિરાજે છે." (અહીં પોતાની જ વાત કરી છે.)

૫ મું : "તમે અમારું જો વચન માનશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં તમને સર્વેને તેડી જાશું, અને તમે પણ એમ જાણજ્યો જે અમારું કલ્યાણ થઈ ચૂક્યું છે. અને વળી અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો તો તમને મહા કષ્ટ કોઈક આવી પડશે તેથી અથવા સાતદકાળી જેવું પડશે તે થકી રક્ષા કરશું. અને કોઈએ ઊગર્યાનો આરો નથી એવું કષ્ટ આવી પડશે તો ય પણ રક્ષા કરશું, જો અમારા આ સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો તો, ને સત્સંગ રાખશો તો અને નહિ રાખો તો મહા દુઃખ પામશો. તેમાં અમારે લેણા-દેણા નથી."

## વચનામૃત ગઢડા છેલ્લું પ્રકરણ

૨ જું : "જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક-વૈકુંઠલોકને વિષે સભા છે ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વ હરિભક્તને અતિશે પ્રકાશે યુક્ત દેખું છું, એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમ છે."

૭ મું : "અમારા અંતરનો જે સિદ્ધાંત છે તે કહીએ છીએ, જે જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તો ભગવાન ને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી. માટે જેમ પોતાના શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે, તેવી ભગવાન ને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ રાખી જોઈએ અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ, અને તે પક્ષ રાખતાં થકાં આબરૂ વધો અથવા ઘટો અથવા માન થાઓ કે અપમાન થાઓ અથવા દેહ જીવો કે મરો પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહિ, ને એમનો અભાવ આવવા દેવો નહિ, અને ભગવાનના ભક્ત જેવાં દેહ ને દેહનાં સગાં-સંબંધી વહાલાં રાખવાં નહિ."

૧૧ મું : "જેવી પોતાના દેહને વિષે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે છે તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને

વિષે આત્મબુદ્ધિ ને દઢ પ્રીતિ રહે તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી શાંતિ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે છે.''

૧૨ મું : ''ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય, ને તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને હડકાયા શ્વાન જેવો જાણવો.......... શાસ્ત્રમાં પંચમહાપાપથી છૂટ્યાનો ઉપાય કહ્યો છે, પણ ભગવાન ને ભગવાનના ભક્તના અવગુણ લેવાવાળાને કોઈ શાસ્ત્રમાં એ પાપ છૂટ્યાનો ઉપાય કહ્યો નથી.''

૧૩ મું : ''આપણે જ્યારે તન, મન, ધન ભગવાનને અર્પણ કર્યું ત્યારે હવે ભગવાનની ઈચ્છા તે જ આપણું પ્રારબ્ધ છે તે વિના બીજું કોઈ પ્રારબ્ધ નથી, માટે ભગવાનની ઈચ્છાએ કરીને ગમે તેવું સુખ-દુઃખ આવે તેમાં કોઈ રીતે અકળાઈ જાવું નહિ, ને જેમ ભગવાન રાજી તેમ જ આપણે રાજી રહેવું.''

૧૪ મું : ''આ જીવના હૃદયમાં રહેલી જે પાપરૂપ વાસના છે માટે કોઈ રીતે ભગવાનમાં પ્રીતિ થાતી નથી.''

૧૭ મું : ''અનંત પ્રકારના પાપ છે, પણ તે સર્વે પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે હેત કરવું તે અતિ મોટું પાપ છે.''

૧૯ મું : ''એક તો કામના ને બીજી પોતાના કુટુંબીને વિષે પ્રીતિ, એ બે કુલક્ષણ જેમાં હોય તે તો અમને પશુ જેવો જણાય છે. તેમાં પણ જેને પોતાના સંબંધીમાં વધુ હેત હોય તેનો તો અમારે અતિશે અવગુણ આવે છે.''

૨૪ મું : ''કથા-વાર્તામાં જેને આળસ હોય તેની કોરની એમ અટકળ કરવી જે એમાં મોટા ગુણ નહિ આવે.''

૩૬ મું : ''કલ્યાણનું અસાધારણ સાધન તો એ છે જે પુરુષોત્તમ ભગવાનને બ્રહ્મજ્યોતિના સમૂહને વિષે અનાદિ સાકાર મૂર્તિ સમજવા, ને તેના જ સર્વે અવતાર છે એમ સમજીને તે પ્રત્યક્ષ ભગવાનનો જે તે ભાવે કરીને આશ્રય કરવો, ને ધર્મે સહિત તે ભગવાનની ભક્તિ કરવી, ને તેવી ભક્તિએ યુક્ત જે સાધુ તેનો સંગ કરવો એ કલ્યાણનું અસાધારણ સાધન છે. અને એમાં બીજાં કોઈ વિઘ્ન પ્રતિબંધ કરતાં નથી.''

૩૮ મું : ''એ સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રગટ થયા થકા સર્વજનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે. ને એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી; એ બે એક જ છે અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે ને ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.''

''એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા-ઊઠ્યાની વાસના તથા રસને વિષે જિહ્વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહિ.''

૩૯ મું : ''દેહને વિષે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ એ જ માયા છે. તે એ માયાને ટાળવી ને એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય, ને એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી એટલો સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે.... માટે ભગવાન પાસે એમ જ માગ્યું છે જે અહંમમત્વરૂપ માયા થકી રક્ષા કરજો, ને તમારે વિષે પ્રીતિ થાજો, ને એ માયાને તર્યા હોય ને તમારે વિષે પ્રીતિવાળા હોય એવા જે સાધુ તેનો સંગ થાજો, ને એ સાધુને વિષે હેત ને મમત્વ થાજો.''

# નિવેદન

**સ્વકીયાવતારાસ્તદીયાશ્ચભક્તા નિજોપાસનાં જ્ઞાનમાબોધ્ય તેષામ્ ।**
**તથૈતાંસ્વધામાઽધિનેતું વિચિન્ત્યાઽઽગત: શ્રીહરિર્હેતુરૂક્તશ્ચતુર્થ: ॥**

પૂર્વે થઈ ગયેલા અવતારો તથા તેમના ભક્તો, તેમને પોતાની ઉપાસનાનો તથા પોતાના સ્વરૂપજ્ઞાનનો બોધ કરીને તેમને (પોતાના) અક્ષરધામમાં લઈ જવા એ શ્રીહરિનો પ્રગટ થવાનો ચોથો હેતુ છે.

સાચા અર્થમાં આત્યંતિક કલ્યાણ એ જ એકમાત્ર કલ્યાણ છે અને તે તો સર્વોપરી એવા અક્ષરધામની પ્રાપ્તિ વગર તો ક્યાં શક્ય હતું જ ? અને એ માટે જ આપણાં સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા. પોતાના ટૂંકાગાળાના દેખાતા મનુષ્યભાવ દરમ્યાન શ્રીજીમહારાજે અનેક લીલાઓ કરી છે. અનેક ગામોમાં વિચર્યા છે. અને એકી સાથે અનેક ભક્તોને સુખ આપ્યાં છે. જ્યાં જ્યાં પોતે વિચર્યા ત્યાં ત્યાં પોતાના ધ્યેય-કાર્યને પૂર્ણ કરવા અને જીવને માયાથી રહિત કરવા શ્રીજીમહારાજે કથાવાર્તાના અખંડ ધોધ વહાવ્યા છે. તેમાં પોતે અને પોતાના સંતોએ કદીએ પાછું વાળીને જોયું જ નથી.

શ્રીજીમહારાજની આ દિવ્ય અમૃતમય-પરાવાણીનો એ વખતે મોટેરા પાંચ નંદસંતો જેવા કે અ.મુ. સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી, અ.મુ. સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી, અ.મુ. સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી, અ.મુ. સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી તથા અ.મુ. સદ્‌ગુરુ શ્રી શુકાનંદ સ્વામીએ સંગ્રહ કરી, શોધી, લખી આપણી પાછળની પેઢી ઉપર મહામોટો પરોપકાર કર્યો છે. આ મહાસંજીવની સમાન ગ્રંથ એટલે જ **'વચનામૃત ગ્રંથ'.**

પણ એ સમય જુદો હતો. જીવો બિચારા નવા આદરવાળા હતા. પરિણામે પોતે સમર્થ અને સ્વયમ્ અક્ષરધામાધિપતિ હોવા છતાં પોતાની સામર્થી, ઐશ્વર્ય, પ્રતાપ અને મહિમાને દાબી દાબીને વર્તતા અને કહેતા. છતાંય ક્યારેક ક્યારેક ગૂઢાર્થમાં કહી પણ દેતા કે **'નિશ્ચયની વાત બહુ અટપટી છે'** (**લોયા** **૧૮**મું), **'ભગવાનના સ્વરૂપની દૃઢતા વિના તો ગમે તેટલો ત્યાગ રાખો ને ગમે તેટલા ઉપવાસ કરો, પણ કોઈ રીતે ખામી ભાંગશે નહિ' (ગઢડા મધ્યનું ૧૩મું)**, વળી **'આ ભગવાનને જાણ્યામાં જેને સંશય હોય ને તે જો ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય તો પણ તેનું કલ્યાણ થવું અતિ કઠણ છે.' (પંચાળા ૭મું)**.

આ શ્રીજીમહારાજના શબ્દો એવું ફલિત કરે છે કે સ્વરૂપનિષ્ઠાના જ્ઞાન વિના કરેલાં ઘણાં સાધન એ એકડા વગરનાં મીંડાં સમાન છે. આટલી અગત્યની અને પાયાની વાતને પણ શ્રીજીમહારાજ સ્થળ, સમય, સંજોગ અને સભાને અનુલક્ષીને કરતા. અને એટલે જ જુદે જુદે ઠેકાણે વિધવિધ રીતે વપરાયેલા શબ્દો સાંભળીને-વાંચીને મુમુક્ષુની સમજણમાં ઠા રહે નહિ એ સ્વાભાવિક છે.

તે માટે જ શ્રીજીમહારાજે મુમુક્ષુઓ આગળ લાલ લાઈટ ધરતાં કહ્યું છે કે **"આવી ભગવત્ સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ, અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય ત્યારે તેમના મુખ થકી જ આ વાત સમજ્યામાં આવે છે. પણ પોતાની બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી." (ગઢડા મધ્ય ૧૩મું).**

શ્રીજીમહારાજના આવા અલૌકિક ગૂઢતમ અને મૂળભૂત સર્વોપરી સિદ્ધાંતોને સરળપણે સમજાવવા માટે જ શ્રીજીમહારાજના સંકલ્પથી આપણાં સૌના જીવનપ્રાણ અબજીબાપાશ્રી પ્રગટ થયા. તેમની સાથે આપણા સૌની મા સમાન સદ્‌ગુરુવર્ય નીડર સિદ્ધાંતવાદી અનાદિમુક્ત સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી જેવા મુક્તોને પણ સાથે લાવ્યા. પોતે અનંત કલ્યાણકારી ગુણે યુક્ત હોવા છતાં બાપાશ્રી પાસે

## નિવેદન

દાસભાવે વર્ત્યા. જેમ ગાયના આંચળમાં વચ્છ મોં નાખે અને ગાય દૂધની ધારા છોડે તેમ આપણા આ મહાસમર્થ સદ્‌ગુરુ વચ્છ બન્યા અને ગાય સમાન બાપાશ્રીને વચનામૃતના એક એક શબ્દના ગૂઢાર્થ પૂછ્યા. બાપાશ્રીએ અનુભવજ્ઞાનના-શ્રીજીમહારાજના અંગત અભિપ્રાયો અને સિદ્ધાંતોને સરળપણે સમજાવવા ઉત્તરરૂપે ખાંગા કર્યા. એટલું જ નહિ પણ આ દિવ્ય-અલૌકિક પ્રશ્ન-ઉત્તરોને લખી નાખ્યા. ટૂંકમાં, શ્રીજીમહારાજના ગૂઢ રીતે લખાયેલા પરોક્ષાર્થ શબ્દોમાં જ ઝોલા ખાતા આખાયે સંપ્રદાયને પ્રત્યક્ષાર્થનાં અમૃતપાન પાઈ નવપલ્લવિત કરવાનું કાર્ય કર્યું.

શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી તથા સર્વ અવતારના અવતારી છે. અધોઊર્ધ્વ ચારેકોરે પ્રમાણે રહિત એવો જે પોતાની મૂર્તિમાંથી નીકળતો તેજનો સમૂહ જે અક્ષરધામ-પોતાની મૂર્તિનો પ્રકાશ, તેની એક કિરણ જે અન્વયશક્તિ અનંત મૂળઅક્ષરથી લઈ જીવપ્રાણીમાત્રમાં ઉત્તરોત્તર વ્યાપીને રહેલી છે. એ રીતે તે સૌના અન્વયશક્તિએ કારણ અને અનંત પરમએકાંતિક અને અનંત અનાદિમુક્તોના વ્યતિરેકપણે કારણ એવા એક માત્ર સ્વામિનારાયણ ભગવાન છે તેમ સમજાવ્યું, વળી અનંત અનાદિમુક્તો મૂર્તિ સાથે સંલગ્ન, એકમેક ને ઓતપ્રોત બની રોમેરોમનું સ્વામી-સેવકભાવે સુખ ભોગવે છે એવી સર્વોપરી લટકને વહેતી મૂકી. એટલે જ આપણે નિધડકપણે કહી શકીએ છીએ કે જો બાપાશ્રી અને સદ્‌ગુરુઓ જો પ્રગટ થયા ન હોત તો સંપ્રદાયમાં શ્રીજીમહારાજને કોઈ જેમ છે તેમ ઓળખી શક્યું ન હોત. અને આપણે ય સંપ્રદાયના અન્ય ગોબરી સમજણવાળા ભેળા ગોળ ને ખોળ સરખું કરતા હોત. ખરેખર આ તો ન્યાલકરણ મળ્યા અને ન્યાલ કર્યા.

જેના ઘરની વાત હોય તે સમજાવી શકે, એમ શ્રીજીમહારાજ શા માટે, કયા હેતુથી કયો શબ્દ કે વાક્ય બોલેલા તે તો તેમના ઘેરથી આવેલા જ સમજાવી શકે ને ? જેમ વચનામૃત એ શ્રીજીમહારાજની વાણી છે તેમ મહારાજ અને મુક્તની એકતાના ન્યાયે **' રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા '** જે પ્રશ્ન-ઉત્તરો તે પણ શ્રીજીમહારાજની જ વાણી છે. અને એ મુજબ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા માટે કંઈ પણ સંકલ્પ કે સંશય કરવો એ મોટામાં મોટી ભૂલ છે. એ શ્રીજીમહારાજનો જ અપરાધ છે.

આપણા સમર્થ સદ્‌ગુરુશ્રીએ આ સર્વોપરી ગ્રંથ કરવા માટે ૧૮-૧૮ વર્ષ સુધી ખૂબ દાખડા સહન કર્યા છે, એ આપણાં સૌના માટે જ તો. એમના ઋણાનુબંધનમાંથી આપણે કઈ રીતે મુક્ત થઈ શકવાના ?

આ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃતની સૌ પ્રથમ વખત સંવત ૧૯૮૨માં જ્યારે પ્રતો છપાવી ત્યારે આપણા બાપાશ્રીએ અઢળક ઢળી જઈ આશીર્વાદ આપ્યા કે -

**"જે મુમુક્ષુ આ દિવ્ય ગ્રંથ સુણશે, હેતે કરી વાંચશે,**
**કરશે દર્શન, સ્પર્શ જાણી મહિમા, ઉત્તમ સુખો માણશે."**

વાહ બાપા વાહ ! કેટલી અનહદ કૃપા ! જે કોઈ સાંભળે, વાંચે, દર્શન કરે અને મહિમાથી સ્પર્શ કરે એ બધાને એક સરખી છેલ્લી પ્રાપ્તિ કરાવનાર આપણા બાપાશ્રીને આપણે કેમ વિસરી શકીએ ? હવે તો એક જ વાત છે -

**"અનાદિમુક્તના ઉત્તમ જ્ઞાનનું, લીધું લીધું અમે પણ પ્રચારનું**
**તો જ શ્રીજીના ઋણથી છૂટાય, સુણ ભાઈ કારણ સત્સંગમાં."**

ખરેખર, આજે વર્તમાનકાળે સિદ્ધાંતવાદી રહી, શ્રીજીમહારાજના બાપાશ્રીએ સમજાવેલા સિદ્ધાંતોનું પ્રવર્તન કરવું એ ઘણું અઘરું કાર્ય છે. સંપ્રદાયમાં અનેક સંસ્થાઓ સત્સંગ-પ્રચારનું કાર્ય કરે છે,

## નિવેદન

પરિણામે સંખ્યાબળ ખૂબ કૂદકે ને ભૂસકે વધતું જાય છે. પણ જે સિદ્ધાંતબળ વધવું જોઈએ કે જે માટે જ શ્રીજીમહારાજનું અને મોટા સત્પુરુષોનું પ્રાગટ્ય હતું, જે માટે નંદ સંતોએ માર ખાધા છે કાર્યમાં એટલે કે ઉપાસનાના પ્રવર્તનમાં શિથિલતા આવતી જણાય છે. ત્યારે આપણા સૌના જીવનમાં અને રગેરગમાં જેણે શ્રીજીમહારાજની ઉપાસના દૃઢ કરાવી છે તેવા આપણા સૌના લાડીલા પ.પૂ.અ.મુ.સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી કે જેમને આપણે પ.પૂ. બાપજીના નામથી ઓળખીએ છીએ તેમણે આ બીડું ઝડપ્યું છે. આ શુદ્ધ કારણ સત્સંગ એ જ સાચા અર્થમાં સત્સંગ છે. એ જ સાચો સિદ્ધાંત છે એવું વચનામૃતના આધારે જ શ્રીજીમહારાજના શબ્દોમાં જ પ્રમાણ કરી હજારોના જીવમાં છતી દેહે મોક્ષની હા પડાવે છે. 'અડ્યો નથી કે ઉપાડ્યો નથી' એ ન્યાયે જે કોઈ જોગમાં આવે તેને અક્ષર સુધી તમામનો ભાર કઢાવી અક્ષર થકી પર અક્ષરાતીત કરી મૂકે છે. વચનામૃતના એક એક શબ્દોને શબ્દાતીત થઈ ઠેઠ મૂર્તિ સુધી પહોંચાડવાનું કાર્ય શ્રીજીમહારાજના અનાદિમુક્ત વિના અન્ય કોણ કરી શકે ? એ તો જે નિકટમાં આવે તે જ જાણી શકે અને માણી શકે. બસ, એક જ વાત :-

**"કરવો પ્રચાર દુનિયાપાર, સંકલ્પ કીધો છે નિરધાર**
**સુખદુઃખ આવે અપરંપાર, લાગે વિઘ્નોની લંગાર**
**તો યે હરિબળે જીવનાર, શ્રીજીબાપા રક્ષણહાર"**

બાપાશ્રીએ સમજાવેલા જ્ઞાનથી પર અનંતકોટી બ્રહ્માંડમાં કોઈ જ્ઞાન નથી. અનાદિમુક્તની સ્થિતિથી પર કોઈ સ્થિતિ નથી. આત્યંતિક કલ્યાણથી પર કોઈ કલ્યાણ નથી. અને સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનથી પર અન્ય કોઈ અવતાર નથી. તો આવા અનુપમ-અલૌકિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવા શા માટે કોઈની મહોબત રાખવી ? એ માટે તો આપણો જન્મ છે. એટલે જ પ.પૂ. બાપજીએ આ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત ગ્રંથનું પ્રકાશન કરવાનો આ સંકલ્પ આપ્યો છે.

શ્રીજીબાપાના ઋણાનુબંધનમાંથી કંઈક અંશે મુક્ત થવાની સેવા આ સેવકને પ.પૂ. બાપજીએ સોંપી તેમના સંકલ્પમાં સહભાગી કર્યો છે. તે મારી પર કરેલી અઢળક કૃપા જ સમજું છું. આ વખતના આ પ્રકાશનમાં લેસર કંપોઝમાં મેટર કંપોઝ કરાવી પુસ્તકને વધુ આકર્ષક અને ત્રુટિરહિત કરવાના પ્રયત્ન કર્યા છે. છતાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો સુજ્ઞ વાંચકવર્ગ જરૂર ક્ષમા કરશે જ.

પ્રૂફ સુધારવાની તથા અન્ય નાની-મોટી સેવા કરનાર પૂ. ભક્તવત્સલ સ્વામી, પૂ. અલૌકિક સ્વામી, પૂ. પૂરણ સ્વામી તથા હરિભક્તોમાં નરેન્દ્રભાઈ ત્રિવેદી તથા ગિરીશભાઈ જેસલપુરા, વળી આ અજોડ ગ્રંથ અડધી કિંમતે હરિભક્તોને આપી શકાય તે માટે જેણે જેણે પોતાની દાનરૂપ સેવાઓ આપી છે તેવા દાતાઓ ઉપર તો શ્રીજીમહારાજ અને બાપાશ્રીનો રાજીપો તો વહે જ. અને આ પુસ્તક વાંચનાર, વાંચક-વૃંદને તો બાપાશ્રીએ યાવદ્‌ચંદ્રદિવાકરૌ આશીર્વાદ આપી જ દીધેલા છે.

છેલ્લે પ્રાણપ્યારા શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા જીવનપ્રાણ બાપાશ્રીને એક જ પ્રાર્થના કે, "હે દયાળુ ! મોટામાં મોટી ઘાંટી સમાન આપની સર્વોપરી ઉપાસના ને પતિવ્રતાની ભક્તિ સૌમાં દૃઢ કરાવી, આજ્ઞા-ઉપાસનામાં સૌને પરિપક્વ કરી તમારી મૂર્તિનું અવિચળ સુખ આપજો."

**શ્રી સ્વામિનારાયણ મંદિર (SMVS)**
**અબજીબાપાશ્રી માર્ગ,**
**વાસણા, અમદાવાદ- ૩૮૦ ૦૦૭.**

**સાધુ સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રીની આજ્ઞાથી**
**સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટના**
**ખૂબ પ્રેમપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ**

# દ્વિતીય આવૃત્તિની પ્રસ્તાવના

## ૧ : વચનામૃત ગ્રંથની સર્વોત્કૃષ્ટતા

અક્ષરાધિપતિ અનંત મુક્તના સ્વામી, સર્વ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમની મૂર્તિના તેજનો સમૂહ છે, તેમાંથી અનંત તેજનાં કિરણો પ્રસરે છે, તે જેમ અક્ષરકોટી આદિને વિષે વ્યાપીને તે સર્વેને પ્રકાશમાન કરે છે, તેમ જ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના મુખકમળની તેજના પ્રવાહરૂપ દિવ્ય પરાવાણી છે તે અનંત મુમુક્ષુ જીવોને તથા ઈશ્વરોને પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનું માહાત્મ્યજ્ઞાન, ધ્યાન, ઉપાસના તેના સ્વરૂપને સમજાવીને અજ્ઞાનરૂપ અંધકારનો લય કરી આત્મા-પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે અને શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિના આનંદનો અનુભવ કરાવે છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્થાપિત આ ઉદ્ધવીય સંપ્રદાયમાં સર્વોત્તમ ગ્રંથ વચનામૃત તુલ્ય જ્ઞાનશાસ્ત્ર આ બ્રહ્માંડમાં કોઈ નથી, કેમ જે વેદ, વેદાંત, ઉપનિષદ, સાંખ્ય, યોગ, ગીતાભાષ્ય, વ્યાસસૂત્ર આદિ આધ્યાત્મિક ગ્રંથોના સારરૂપ આ વચનામૃત અદ્વિતીય ગ્રંથ છે. શ્રીજીમહારાજે કહ્યું છે, ''આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે તો વેદશાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દ માત્ર છે તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે તે પરમ રહસ્ય છે, ને સારનું પણ સાર છે અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે, ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરીરૂપ છે.'' **(મ૦ ૨૮)**

આ વચનામૃત શ્રી સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય વાણી છે. તેમાં શ્રીજીમહારાજે સર્વ શાસ્ત્રથી અતિશય અધિક પોતાનો સિદ્ધાંત છે એમ જણાવ્યું છે. તે શ્રીજીમહારાજે પોતે જ કહ્યું છે : ''આ તો જે અમારો સિદ્ધાંત છે તે તમને સર્વેને કહ્યો છે માટે દૃઢ કરીને રાખજો.'' **(પં૦ ૧)**

''આ જે વાત છે તે સૂઝે તો આજ સમજો તો એટલી સમજવી છે, ને સૂઝે તો સો વર્ષે કરીને સમજો તો પણ એટલી સમજવી છે અને આ વાત સમજીને એની દૃઢતાની ગાંઠ પડ્યા વિના છૂટકો નથી, માટે આ અમારી વાત છે તે સર્વે હરિભક્તને યાદ રાખીને પરસ્પર કરવી એમ અમારી આજ્ઞા છે તેને ભૂલશો મા, જરૂર ભૂલશો મા.'' **(લો૦ ૧૮)**

''અને આ વાર્તા એવી જીવનદાર છે જે દેહ રહે ત્યાં સુધી પણ નિત્ય પ્રત્યે કરવી અને દેહ મૂકીને ભાગવતી તનુએ કરીને પણ આ જ વાર્તા કરવી છે, અને આ જે અમે તમને વાત કહી તે સર્વે શાસ્ત્રનો સિદ્ધાંત છે, ને અનુભવમાં પણ એમ જ દૃઢ છે અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કહી છે, અને જો પ્રત્યક્ષ જોઈને ન કહી હોય તો અમને સર્વે પરમહંસના સમ છે.'' **(મ૦ ૧૩)**

શ્રીજીમહારાજનાં આવાં વચન છે તેથી કરીને જણાય છે જે સર્વ શાસ્ત્રના સિદ્ધાંત કરતાં પોતાનો સિદ્ધાંત અતિશય ચઢિયાતો છે. તે વચનામૃતમાં જ કહ્યું છે : ''આવી રીતે વાર્તા અમે ઘણીક વાર કરી છે પણ એનું મનન કરીને સારી પેઠે પોતાના અંતરમાં ઘેડ્ય બેસારતા નથી એટલે શાસ્ત્રના શબ્દને સાંભળીને સમજણમાં ઠા રહેતો નથી, ને ઠાવકી ઘેડ્ય બેસારી હોય તો એની સમજણ કોઈ દિવસ તે શબ્દને સાંભળવે કરીને ફરે નહિ. માટે આ વાર્તાને સારી પેઠે વિચારજો ને લખજો.'' **(મ૦ ૩૧)**

## દ્વિતીય આવૃત્તિની પ્રસ્તાવના

### ૨ : વચનામૃતનું માહાત્મ્ય

આ વચનામૃત ગ્રંથનું જે સ્ત્રી-પુરુષ શ્રદ્ધા-માહાત્મ્યથી વાંચન, શ્રવણ, મનન આદિનો આગ્રહ રાખે છે તે ભક્તને શ્રીજીમહારાજની પ્રસન્નતાના કારણ જે એકાંતિક ધર્મ, સર્વોપરી શ્રીહરિની ઉપાસના, માહાત્મ્યે સહિત ભક્તિ અને સ્વરૂપનિષ્ઠા આદિ સર્વ સાધન સિદ્ધ થાય છે અને વચનામૃતના અભ્યાસને વિષે પ્રીતિવાળા જે ભક્ત થાય છે તે વ્યવહારમાં રહ્યા થકા જળમાં કમળ રહે તેમ નિર્લેપ રહે છે અને શ્રીજીમહારાજની મૂર્તિની સ્મૃતિ તેઓને અખંડ રહે છે. અને જે સ્ત્રી-પુરુષ વચનામૃતનું જ્ઞાન લક્ષ્યાર્થ કરે છે તેઓનાં દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવમાં રહેલા પંચવિષયના રાગ તથા કામ, ક્રોધ, લોભ, માન, મત્સર આદિ દોષમાત્ર નિવૃત્તિ પામે છે.

અને શ્રીજીમહારાજે કહ્યું છે : **"પ્રિયો હિ જ્ઞાનિનોઽત્યર્થમહં સ ચ મમ પ્રિયઃ ॥** કહેતાં જ્ઞાની ભક્ત મને પ્રિય છે, એ જ્ઞાન વચનામૃતમાં છે. પણ બાહ્યદૃષ્ટિવાળાને જેમ છે તેમ સમજાય નહિ. પણ જેને અમારી મૂર્તિ આકારે દૃષ્ટિ થઈ હોય અથવા સદ્‌ગુરુની દૃષ્ટિ પ્રાપ્ત કરી હોય એને જ યથાર્થ સમજાય છે. અને વચનામૃત તે મારી વાણીરૂપી મૂર્તિ છે; તેમાં હું અખંડ રહ્યો છું અને એ વચનામૃતનું જ્ઞાન સર્વ ભક્તને સમજાવીને મુક્તદશા પમાડું છું. અને વચનામૃત એ મારી પરા વિદ્યા છે. અને પુરુષોત્તમરૂપ છે. અને પુરુષોત્તમ નારાયણ એવો હું તે મેં જ મારા મુખે કરીને મારા સર્વે આશ્રિતને વચનામૃતરૂપી અમૃતનું પાન કરાવ્યું છે અને મારી રુચિ તથા મારો રહસ્ય અભિપ્રાય તથા મારો સિદ્ધાંત તે સર્વે વચનામૃતમાં છે અને સત્સંગીજીવન, સત્સંગીભૂષણ ને હરિલીલા-કલ્પતરુ આદિ સર્વે શાસ્ત્રનું મૂળ કારણ વચનામૃત છે અને વચનામૃતમાંથી જ મારું સર્વોપરી જ્ઞાન સમજાય છે ને તે સમજવાથી જ મારા સુખની પ્રાપ્તિ થાય છે અને જે સભાને વિષે વચનામૃત વંચાય છે ને તેના રહસ્યનું વિવેચન થાય છે અને તેનું શ્રવણ થાય છે તે સભાને વિષે મુક્તે સહિત હું નિવાસ કરું છું અને જે સ્ત્રી-પુરુષ પોતાના ઘરને વિષે વચનામૃતનું પુસ્તક રાખે છે અને તેનો પાઠ કરે છે તેના ઘરને વિષે ઉન્મત્ત ગંગા આદિ સર્વે તીર્થ નિવાસ કરે છે અને જે સ્ત્રી-પુરુષ માહાત્મ્ય સમજીને નિત્ય એક, બે કે પાંચ વચનામૃતનો પાઠ કરે છે તે મારા સ્વરૂપના જ્ઞાનની સિદ્ધિને પ્રાપ્ત કરે છે અને જે નિત્ય એક વચનામૃત વાંચે છે તે પાંચસો પરમહંસને જમાડ્યાનું ફળ પ્રાપ્ત કરે છે. અને જે વચનામૃતનું શ્રવણ-મનન કરે છે તે શિખરબંધ મંદિરમાં અમારાં સ્વરૂપ પધરાવ્યાં છે તેમનાં દર્શન કર્યાનું ફળ પ્રાપ્ત કરે છે. અને જે સ્ત્રી-પુરુષ પોતપોતાના ધર્મમાં રહીને વચનામૃતની કથા બીજાને વાંચી સંભળાવે છે તેમના પર મારી પ્રસન્નતા થાય છે. અને સાક્ષાત્ પુરુષોત્તમ એવો જે હું તે વચનામૃત સ્વરૂપે સદાય પ્રત્યક્ષ છું અને જે સ્ત્રી-પુરુષ ભગવાનની પ્રસન્નતાને અર્થે વચનામૃતનું પારાયણ કરાવે છે તે મારા અક્ષરધામને પામે છે ને જેઓ વચનામૃતનું રહસ્યજ્ઞાન સત્પુરુષ થકી સમજે છે તે અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરે છે ને મૂર્તિના સુખભોક્તા થાય છે." આવો વચનામૃતમાં મહારાજનો અભિપ્રાય છે. માટે શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં સર્વે શાસ્ત્રમાં વચનામૃત ગ્રંથ મુખ્ય છે.

### ૩ : એકાંતિકનાં લક્ષણ

"મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, હે મહારાજ ! ભગવાનનો એકાંતિક ભક્ત કેને કહીએ ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય ને પોતાને બ્રહ્મરૂપ માનીને

ભગવાનની ભક્તિ કરતો હોય તે એકાંતિક ભક્ત કહેવાય.'' **(પ્ર૦ ૧૧)**

''શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, સત્સંગ થયા પછી દુર્લભમાં દુર્લભ તે શું સાધન માન્યું છે ? પછી એ પ્રશ્નનો ઉત્તર પોતે જ કર્યો જે, એકાંતિકપણું એમાં આવે એ અતિશય દુર્લભ છે. તે એકાંતિકપણું તે શું, તો ધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય એ ત્રણે યુક્ત જે ભગવાનની ભક્તિ કરવી તેને એકાંતિકપણું કહીએ.'' **(લો૦ ૬)**

''વાસના રહિત વર્તવું એ એકાંતિકનો ધર્મ છે.... જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.'' **(પ્ર૦ ૬૦)**

''શ્રીજીમહારાજ બોલ્યા જે, એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહિ ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે ને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહિ.'' **(મ૦ ૨૨)**

આવાં લક્ષણ એકાંતિક ભક્તનાં કહ્યાં છે. અને એ ભક્ત સાધનદશામાં છે ને ભગવાનની કૃપાનો પાત્ર છે, આવા ભક્તને ભગવાન કૃપા કરીને સિદ્ધદશા પમાડે છે અને મુક્ત કરીને પોતાની પાસે અથવા પોતાની મૂર્તિમાં રાખે છે તેમાં જેને પોતાની પાસે રાખે તેમને પરમએકાંતિક મુક્ત તથા મહામુક્ત કહેવાય છે અને મૂર્તિમાં રાખે તેને અનાદિમુક્ત તથા નિત્યમુક્ત કહેવાય છે, તેમાં પ્રથમ પરમએકાંતિકનું લક્ષણ કહીએ છીએ.

## ૪ : પરમએકાંતિક મુક્તનાં લક્ષણ

એકાંતિકથી પર ને અધિક સ્થિતિવાળા એવા પરમએકાંતિક મુક્ત છે તે શ્રીજીમહારાજ સમજાવે છે, ''ચાર પ્રકારના જે મોટાપુરુષ કહ્યા, તેમાં જે વીજળીના અગ્નિ જેવા તથા સમુદ્રના અગ્નિ જેવા મોટાપુરુષ છે તેમની સેવા જો પોતપોતાના ધર્મમાં રહીને મન-કર્મ-વચને કરે, તો તે જીવના હૃદયમાં માહાત્મ્યે સહિત ભક્તિ આવે છે, તે વીજળીના અગ્નિ જેવા તો સાધનદશાવાળા એકાંતિક સાધુ છે અને વડવાનળ અગ્નિ જેવા તો સિદ્ધદશાવાળા પરમએકાંતિક સાધુ છે.'' **(વ૦ ૩)** આ વચનામૃતમાં એકાંતિક થકી પરમએકાંતિકને અધિક સ્થિતિવાળા કહ્યા છે.

''સર્વથી પર એક મોટો તેજનો સમૂહ છે તે તેજનો સમૂહ અધોઊર્ધ્વ તથા ચારેકોરે પ્રમાણે રહિત છે; ને અનંત છે ને તે તેજના સમૂહના મધ્યભાગને વિષે એક મોટું સિંહાસન છે ને તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રી નારાયણ પુરુષોત્તમ ભગવાન તે વિરાજમાન છે. ને તે સિંહાસનને ચારેકોરે અનંતકોટી મુક્ત બેઠા થકા તે નારાયણનાં દર્શન કરે છે.'' **(લો૦ ૧૪)**. આ મુક્તને પરમએકાંતિક તથા મહામુક્ત નામે કહેવાય છે.

''તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે, એ મૂર્તિને ચારેકોરે મુક્તનાં મંડળ ભરાઈને બેઠાં છે; તે સર્વ મુક્ત છે તે એક નજરે તે ભગવાનની મૂર્તિ સામું જોઈ રહ્યાં છે.'' **(મ૦ ૧૩)**

''અને ભગવાનના અક્ષરધામને વિષે જે ભગવાનનો આકાર છે તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમના જે આકાર છે તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશય પ્રકાશે યુક્ત છે અને તે ભગવાનનો ને તે મુક્તનો જે આકાર તે પુરુષના જેવો દ્વિભુજ છે.'' **(છે૦ ૩૮)**

''અક્ષરધામને વિષે પોતાના સાધર્મ્યપણાને પામ્યા એવા જે અનંતકોટી મુક્ત તે એ ભગવાનની સેવાને

વિષે રહે છે અને તે ભગવાનના સેવકના એક એક રોમને વિષે કોટી કોટી સૂર્યના જેવો પ્રકાશ છે.'' **(પ્ર૦ ૬૩)** ઉપરના જે જે વચનામૃતમાં મુક્ત કહ્યા તેમને પરમએકાંતિક મુક્ત જાણવા.

## ૫ : અનાદિમુક્તનાં લક્ષણ

પરમએકાંતિક મુક્ત થકી પર અને જેમને શ્રીહરિજી કૃપા કરીને પોતાની સાથે એકાત્મતા પમાડી પોતાની મૂર્તિમાં રાખે છે તેમને અનાદિમુક્ત કહેવાય છે. તે જુઓ : શ્રીજીમહારાજે કહ્યું છે જે,''હું તો અનાદિમુક્ત જ છું, પણ કોઈને ઉપદેશે કરીને મુક્ત નથી થયો.'' **(પ્ર૦ ૧૮)** આમાં શ્રીજીમહારાજે 'હું અનાદિમુક્ત છું.' એમ કહ્યું તેથી અનાદિમુક્તની સ્થિતિ અધિક જણાવી છે અને તે અનાદિમુક્તને શ્રીજીમહારાજનો આનંદ તથા દાસભાવ પરમએકાંતિકથી અધિક છે.

''અને નારદ-સનકાદિક જેવા અનાદિમુક્ત છે તે સમાધિમાં ઘણા કાળ રહે છે પણ તે સમાધિમાંથી નીકળીને ભગવાનની કથા, કીર્તન, શ્રવણાદિક વિષયને ભોગવે છે.'' **(પ્ર૦ ૩૨)** આમાં પણ શ્રીજીમહારાજે અનાદિ સંજ્ઞિક મુક્ત છે એમ જણાવ્યું છે ને તે પરમએકાંતિક મુક્તથી અધિક સ્થિતિવાળા છે.

''શા માટે જે આ સત્સંગ છે તે તો અલૌકિક છે, તે જેવા શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક તેને વિષે ભગવાનના પાર્ષદ છે તે જેવા જ આ સર્વે સત્સંગી છે અને અમે તો જેવા સર્વથી પર જે દિવ્યધામ તેને વિષે ભગવાનના પાર્ષદ છે. તે થકી અધિક જો આ સત્સંગીને ન જાણતા હોઈએ તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે.'' **(છે૦ ૨૧)** આમાં આ સત્સંગી કહ્યા તે ગોપાળાનંદ સ્વામી આદિક પોતાના અનાદિમુક્તને અધિક કહ્યા છે. માટે અનાદિમુક્તની સ્થિતિ પરમએકાંતિક મુક્તથી અધિક છે.

''એ ગૃહસ્થ હરિભક્ત છે તે તો દેહ મૂકશે ત્યારે નિર્વાસનિક છે, માટે ભગવાનનું જે બ્રહ્મપુરધામ તેને પામશે ને ભગવાનના ચરણારવિંદમાં નિવાસ કરીને રહેશે.'' **(મ૦ ૨૫)** આમાં ચરણારવિંદ કહ્યું તે દાસભાવનો શબ્દ છે પણ મૂર્તિમાં જ નિવાસ કરીને રહે છે એવો અભિપ્રાય શ્રીજીમહારાજનો જણાય છે.

''અને દેહ મૂકે ત્યારે એવા ભક્તને ભગવાન પોતા જેવો જ કરે છે.'' **(મ૦ ૬૬)** એમ શ્રીજીમહારાજે કહ્યું એટલે શ્રીજીમહારાજ સાથે એકાત્મ્યપણું પામીને દાસભાવે શ્રીહરિજીના સળંગ સ્વરૂપનો સુખભોક્તા એવો અનાદિમુક્ત કરે છે, કેમ જે ભગવાન જેવો થવા કોઈ સમર્થ થતો નથી અને અનાદિમુક્ત છે તે પણ શ્રીજીમહારાજના દાસ છે પણ 'પોતા જેવો જ કરે છે' એ વાક્યથી અનાદિમુક્તની સ્થિતિ જે પરમસાધર્મ્યપણું એટલે મૂર્તિ સાથે, એકાત્મ્યપણું તેને પમાડે છે એમ જાણવું.

શ્રીજીમહારાજ પોતે જ અનાદિમુક્તની સ્થિતિ સમજાવે છે જે, ''અક્ષર થકી પર અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે છે, ને તે સર્વેની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેના કર્તા છે ને સર્વના કારણ છે અને જે કારણ હોય તે પોતાના કાર્યને વિષે વ્યાપક હોય ને તેથી જુદું પણ રહે, માટે એ સર્વના કારણ જે પુરુષોત્તમ ભગવાન તેની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહિ, એવા જે એ ભગવાન તે જ કૃપા કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીમાં સર્વે મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપે છે, ત્યારે જે જીવ સંતનો સમાગમ કરીને આ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એનાં ઇન્દ્રિયો-અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપ થઈ જાય છે, ત્યારે તેમણે કરીને આ ભગવાનનો નિશ્ચય થાય છે.'' **(પ્ર૦ ૫૧)**

## દ્વિતીય આવૃત્તિની પ્રસ્તાવના

આ વચનામૃતમાં "પુરુષોત્તમ ભગવાન તેની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહિ." આમાં સમજવાનું એ છે કે, શ્રીજીમહારાજ કૃપા કરીને જે મુક્તને પોતાની સાથે એકાત્મતા પ્રાપ્ત કરાવે છે ત્યારે એ મુક્તના અંગેઅંગમાં ક્રિયાના કર્તા શ્રીજીમહારાજ થાય છે, તેમ જ શ્રીહરિની કૃપાથી મુક્ત પણ શ્રીજીમહારાજના સર્વે અંગમાં એકાત્મતા પામીને 'પુરુષોત્તમની દૃષ્ટિએ' એટલે પુરુષોત્તમના નેત્રે કરીને જુએ છે ત્યારે એને પુરુષોત્તમ વિના બીજું કાંઈ ભાસતું જ નથી; એક પુરુષોત્તમ જ દેખાય છે અને એ મુક્તને પુરુષોત્તમ વિના કોઈને વિષે સારપ કે મહત્તા રહેતી નથી તેથી એ કોઈને જોતા પણ નથી.

"જે જીવ સંતનો સમાગમ કરીને આ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એનાં ઇન્દ્રિયો-અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપ થઈ જાય છે." એમ જે કહ્યું તેમાં સમજવાનું એ છે કે, અવરભાવમાં પુરુષોત્તમનો મહિમા ને અનાદિમુક્તની સ્થિતિ તે સંતના સમાગમથી મુમુક્ષુઓને સમજાય છે ત્યારે એનાં ઇન્દ્રિયો-અંતઃકરણ 'પુરુષોત્તમરૂપ' એટલે પુરુષોત્તમના જ્ઞાન-ધ્યાને કરીને દિવ્ય થઈ જાય છે. ત્યાર પછી એને દિવ્ય ઇન્દ્રિયો-અંતઃકરણે કરીને ભગવાનનો સંપૂર્ણ નિશ્ચય થાય છે. કેવી રીતે ? તો શ્રીજીમહારાજ પોતાની સાથે અનાદિમુક્તને એકાત્મ્યપણાને પ્રાપ્ત કરાવીને પોતામાં રાખે છે. એવા અનંત અનાદિમુક્તના સ્વામી શ્રીજીમહારાજ છે : આવો માહાત્મ્યજ્ઞાને સહિત અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય થાય છે.

અને પરભાવમાં મહિમા સમજાય છે ત્યારે, 'એનાં ઇન્દ્રિયો-અંતઃકરણ પુરુષોત્તમરૂપ થાય છે' એટલે એ મુમુક્ષુનો આત્મા જ પુરુષોત્તમના જેવો સાકાર અનાદિમુક્ત થાય છે ત્યારે તેમણે કરીને ભગવાનનો નિશ્ચય થાય છે એટલે એ અનાદિમુક્ત થયો તે જ અનાદિમુક્તના સ્વામી શ્રીજીમહારાજને જેવા છે તેવા સાક્ષાત્ અનુભવજ્ઞાને કરીને અનુભવી શકે છે.

આ અનાદિમુક્તની સ્થિતિની દૃઢતાને અર્થે શ્રીહરિજી હીરાના દૃષ્ટાંતથી સમજાવે છે, "જેમ હીરે કરીને જ હીરો વેંધાય છે પણ બીજા વતે નથી વેંધાતો, તેમ ભગવાનનો નિશ્ચય તે ભગવાન વતે જ થાય છે અને ભગવાનનું દર્શન પણ ભગવાન વતે જ થાય છે." **(પ્ર૦ ૫૧)**

આમાં 'ભગવાનનો નિશ્ચય' એટલે પરમએકાંતિક મુક્ત તથા અનાદિમુક્તના સ્વામી શ્રીજીમહારાજ છે તે પોતાના મુક્તને પોતા સાથે એકાત્મતા પમાડે છે એટલે મૂર્તિમાં રાખે છે. આવો માહાત્મ્યજ્ઞાને સહિત નિર્વિકલ્પ નિશ્ચય 'ભગવાન વતે થાય છે' એટલે એવું માહાત્મ્યજ્ઞાન સંતદ્વારે કે શ્રીજીમહારાજ પોતે કૃપા કરીને સમજાવે છે તે જ સમજી શકે છે. આ નિશ્ચય અવરભાવનો છે.

અને પરભાવમાં અનાદિમુક્તની સ્થિતિ શ્રીહરિજી પોતે જ જેને પ્રાપ્ત કરાવે તેને જ પ્રાપ્ત થાય છે અર્થાત્ અનાદિમુક્ત થાય છે તે શ્રીજી વતે જ થાય છે એટલે શ્રીજીમહારાજ જેને મૂર્તિમાં રાખે છે એ જ મૂર્તિનું સુખ લઈ શકે છે અને 'ભગવાનનું દર્શન પણ ભગવાન વતે જ થાય છે' એટલે અનાદિમુક્ત શ્રીજીમહારાજ સાથે એકાત્મતા પ્રાપ્ત કરીને એ મૂર્તિનાં દર્શન કરે છે એ શ્રીજીમહારાજ વતે જ શ્રીજીમહારાજનાં દર્શન કહેવાય છે.

પાંચ સાધન સિદ્ધ કરીને થયો જે એકાંતિક, તેને શ્રીજીમહારાજ દિવ્ય સાકાર કરીને પોતાની મૂર્તિમાં રાખે છે. તે જુઓ :-

## દ્વિતીય આવૃત્તિની પ્રસ્તાવના

"અને પરમેશ્વરની કૃપા પણ જે એવે લક્ષણે યુક્ત હોય તે ઉપર જ થાય છે ને જ્યારે પરમેશ્વરની કૃપા થાય ત્યારે એ ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે અને શ્રુતિએ કહ્યું છે જે, **'निरंजनः परमं साम्यमुपैति'** એ શ્રુતિનો એ અર્થ છે જે અંજન જે માયા તે થકી જે રહિત થયો તે ભગવાનના તુલ્યપણાને પામે છે. (ત્યાર પછી લક્ષ્મીજીની માફક) તે ભક્ત પણ અતિશય હેતે કરીને ભગવાનને વિષે ક્યારેક તો લીન થઈ જાય છે ને ક્યારેક તો મૂર્તિમાન થકો ભગવાનની સેવામાં રહે છે અને જેમ ભગવાન સ્વતંત્ર છે તેમ એ ભગવાનનો ભક્ત પણ સ્વતંત્ર થાય છે." **(સા૦ ૧૧)**

'અમારા તુલ્યપણાને પામે છે' એનો ભાવ એવો છે જે અમારા જેવો દિવ્ય સાકાર થાય છે અને નિર્બંધ થાય છે. અને 'લક્ષ્મીજીની માફક અમારે વિષે ક્યારેક તો લીન થઈ જાય છે.' એનો એવો ભાવ છે જે અમારા જેવો દિવ્ય સાકાર કર્યો તેને જ અમારી સાથે એકાત્મ્યપણું પ્રાપ્ત કરાવીને મૂર્તિમાં રાખીએ છીએ. અને 'ક્યારેક સેવામાં રહે છે' એટલે અવરભાવમાં જીવોના મોક્ષને અર્થે અમારી ઈચ્છાથી મનુષ્યરૂપ પ્રગટ થાય છે અને 'સ્વતંત્ર થાય છે' એટલે મૂર્તિનું, સુખનું અને મુક્તનું અપારપણું જાણી શકે એવો થાય છે, આ અનાદિમુક્તની સ્થિતિ જાણવી. હવે તેમને પણ સ્વામી-સેવકભાવ તો રહે છે જ, તે **(મ૦ ૬૭**માં**)** જુઓ :-

'અમારો ભક્ત અમને જેવા જાણે તેવો થાય છે તો પણ અમારો મહિમા, સામર્થ્ય અને પ્રતાપ-ઐશ્વર્ય તે અતિશય અપાર દેખાય છે તેણે કરીને અમારે વિષે સ્વામી-સેવકપણું અતિ દૃઢ થાય છે' અને વળી 'અમારા ભક્ત અમારા સરખા થાય છે' એમ કહ્યું છે, એ પણ અમારું પરમસાધર્મ્યપણું પામે છે કહેતાં મૂર્તિમાં રાખે છે એમ જાણવું. હવે સાધર્મ્યપણું કેવી રીતે સમજવું ? તો સર્વે મુક્તનું સ્વામીત્વપણું, સુખદાતાપણું, નિયંતાપણું તે વિના રૂપ, ગુણ, ઐશ્વર્ય, પ્રતાપ ઈત્યાદિક ગુણે સરખા તે સાધર્મ્યપણું જાણવું. આવી રીતે પરમએકાંતિક મુક્ત થકી અનાદિમુક્તની સ્થિતિ અધિક શ્રીજીમહારાજે સમજાવી છે, ને તેમને પરમએકાંતિક મુક્તથી સુખ પણ અધિક આવે છે ને દાસભાવ પણ અધિક રહે છે.

## ૬ : સર્વોપરી ઉપાસના

શ્રીજીમહારાજની મૂર્તિ અતિશય શ્વેત, પ્રકાશમાન, સુખરૂપ, ને અલૌકિક દિવ્ય છે. એવી દિવ્ય મૂર્તિમાંથી અનંત તેજના બંબ છૂટે છે, એવો જે તેજનો સમૂહ તે મૂર્તિને ચારે તરફ નીચે-ઉપર સર્વત્ર પૂર્ણ અને અપાર છે. તે તેજ શ્વેત, ઘાટું, શીતળ અને શાન્ત છે એવું જે તેજ, તે ધામ તથા સિંહાસનરૂપે શોભા આપે છે અને તે તેજને શ્રીજીમહારાજે તેજઃપુંજ, અક્ષરધામ, બ્રહ્મમહોલ, બ્રહ્મ આદિક ઘણાં નામે કરીને કહેલ છે. એ ધામના કારણ, આધાર તથા પરમએકાંતિક અને અનાદિમુક્તના સ્વામી, સુખદાતા અને નિયંતા શ્રીજીમહારાજ છે.

શ્રીજીમહારાજે કહ્યું છે જે, "આવી રીતે તો અમારે ઉપાસના છે જે, સર્વેથી પર એક મોટો તેજનો સમૂહ છે તે તેજનો સમૂહ અધોઊર્ધ્વ તથા ચારેકોરે પ્રમાણે રહિત છે ને અનંત છે ને તે તેજના સમૂહના મધ્ય ભાગને વિષે એક મોટું સિંહાસન છે ને તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રી નારાયણ પુરુષોત્તમ ભગવાન તે વિરાજમાન છે. ને તે સિંહાસનને ચારેકોરે અનંતકોટી મુક્ત બેઠા થકા તે નારાયણનાં દર્શન કરે છે, એવા જે મુક્તે સહિત શ્રી નારાયણ તેને અમે નિરંતર દેખીએ છીએ. અને તે ભગવાનને વિષે તેજનું અતિશયપણું

છે તેણે કરીને જ્યારે એ સભા સહિત તે ભગવાનનાં દર્શન નથી થાતાં ત્યારે અમને અતિશય કષ્ટ થાય છે અને તે તેજનો સમૂહ તો નિરંતર દેખાય છે તો પણ એને વિષે રુચિ નથી અને ભગવાનની મૂર્તિનાં દર્શને કરીને જ અતિ સુખ થાય છે, અમારે એવી રીતે ઉપાસના છે.'' **(લો૦ ૧૪)**

**ભાવાર્થ :-** આ વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, ''સર્વેથી પર એક મોટો તેજનો સમૂહ છે તેમાં અમે રહ્યા છીએ.'' આમાં સર્વેથી પર એટલે મહાપુરુષબ્રહ્મ, વાસુદેવબ્રહ્મ અને સૃષ્ટિકર્તા અક્ષરબ્રહ્મ એ ત્રિપુટીથી પર તેજનો સમૂહ કહ્યો છે તે શ્રીજીમહારાજની મૂર્તિના તેજનો સમૂહ છે પણ મૂળઅક્ષરબ્રહ્મના તેજનો અથવા મુક્તના તેજનો સમૂહ છે એમ કહી શકાય જ નહિ, કેમ જે મૂળઅક્ષરનું તેજ તથા મુક્તનું તેજ તે તો શ્રીજીમહારાજના તેજમાં લીન થઈ જાય છે જેમ સૂર્યના તેજમાં તારાનું તેજ લીન થઈ જાય છે તેમ.

''તે ભગવાનને વિષે તેજનું અતિશયપણું છે તેણે કરીને જ્યારે એ સભા સહિત તે ભગવાનનાં દર્શન નથી થાતાં ત્યારે અમને અતિશય કષ્ટ થાય છે.'' તેનો હેતુ એ છે જે, વ્યતિરેક મૂર્તિનાં દર્શનથી આનંદ થવો જોઈએ પણ મૂર્તિ વિના એકલું તેજ દેખાય તેથી આનંદ પામવો નહિ. આ તેજના સમૂહને વિષે શ્રીજીમહારાજ પોતાના મુક્તોએ સહિત સદાય વિરાજમાન છે. આ તેજના સમૂહને અક્ષરધામ, બ્રહ્મ, આત્મા આદિ નામે કરીને વચનામૃત (**મ૦૧૩, પં૦૧, પ્ર૦૪૫-૬૬, લો૦૧૦, મ૦૧૦, કા૦૮, પ્ર૦૭૨, લો૦૧૭, પં૦૭, મ૦૪૨** આદિ)માં કહેલ છે.

શ્રીજીમહારાજ બોલ્યા જે, ''મારી ઇન્દ્રિયોની જે વૃત્તિ છે તે પાછી વળીને સદાય હૃદયને વિષે જે આકાશ છે તેને વિષે વર્તે છે અને તે હૃદયાકાશને વિષે અતિશય તેજ દેખાય છે, જેમ ચોમાસાને વિષે આકાશમાં વાદળાં છાઈ રહ્યાં હોય તેમ મારા હૃદયને વિષે એકલું તેજ વ્યાપી રહ્યું છે, અને તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે ને તે મૂર્તિ ઘનશ્યામ છે તો પણ અતિશય તેજે કરીને શ્યામ નથી જણાતી; અતિશય શ્વેત જણાય છે, અને તે મૂર્તિ દ્વિભુજ છે, અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશય મનોહર છે પણ ચાર ભુજ કે અષ્ટભુજ કે સહસ્રભુજ તે એ મૂર્તિને નથી; એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે ને મનુષ્યના જેવી આકૃતિ છે ને કિશોર છે, તે મૂર્તિ ક્યારેક તો એ તેજમાં ઊભી દેખાય છે ને ક્યારેક બેઠી દેખાય છે ને ક્યારેક હરતીફરતી દેખાય છે ને એ મૂર્તિને ચારેકોરે મુક્તનાં મંડળ ભરાઈને બેઠાં છે તે સર્વ મુક્ત છે તે એક નજરે તે ભગવાનની મૂર્તિ સામું જોઈ રહ્યાં છે, તે મૂર્તિને અમે પ્રગટ પ્રમાણ હમણાં પણ દેખીએ છીએ અને સત્સંગમાં નહોતા આવ્યા ત્યારે પણ દેખતા અને માતાના ગર્ભમાં હતા તે દિવસે પણ દેખતા અને ગર્ભમાં આવ્યા મોરે પણ દેખતા, અને અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ, અને તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ હું દેખું છું. પણ આ ગઢડું શહેર કે આ ઓસરી એ કાંઈ દેખાતું નથી. અને જ્યારે એ સ્વરૂપ જેને જાણ્યામાં આવે તેને જેમ અમને કોઈ વિષય સંબંધી સુખમાં આસક્તિ નથી તેમ તે પુરુષને પણ ક્યાંઈ આસક્તિ રહે જ નહિ અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી. અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય, કે કામ-ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થાશે નહિ; સહેજે જિતાઈ જશે. અને એ જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ ને અક્ષરધામ કહીએ અને એ પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ.'' **(મ૦ ૧૩)**

**ભાવાર્થ :-** 'આત્મા' તો જીવને કહેવાય છે ને આ વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાના તેજને 'આત્મા'

કહ્યો તેનું કારણ એ છે જે, **"અતતીતિ = સર્વત્ર ગચ્છતીતિ આત્મા"** જે સર્વમાં ગતિ કરે કહેતાં સર્વમાં વ્યાપે તેને આત્મા કહેવાય છે. ત્યાં દૃષ્ટાંત : જેમ જીવ પોતાના દેહમાં વ્યાપી રહે છે તેથી તે દેહનો આત્મા કહેવાય છે, તેમ શ્રીજીમહારાજનું તેજ મૂળઅક્ષરબ્રહ્મને વિષે વ્યાપી રહ્યું છે માટે એ તેજ અક્ષરનું આત્મા, આધાર, દ્રષ્ટા અને શરીરી છે તેથી આત્મા કહેલ છે, એ તેજ અક્ષરદ્વારે વાસુદેવ બ્રહ્મ તથા મૂળપુરુષાદિક સર્વેનું આત્મા છે. માટે એ તેજને આત્મા કહેલ છે. અને 'બ્રહ્મ' એટલે **"અપાર-મહિમત્વાત્ સર્વેભ્યોઽધિકં ભવતીતિ બ્રહ્મ"** તે બ્રહ્મનો મહિમા અપાર છે. અક્ષરાદિકથી અતિ અધિક હોવાથી બ્રહ્મ કહેવાય છે. અને 'અક્ષરધામ કહીએ' એમ કહ્યું તેમાં 'અક્ષર' એટલે અવિચળ અને 'ધામ' એટલે મુક્તોએ સહિત શ્રીજીમહારાજનું દિવ્ય નિવાસસ્થાન છે માટે ધામ કહ્યું છે.

અને એ પ્રકાશને વિષે મૂર્તિ છે તેને આત્માનું 'તત્ત્વ' કહીએ એટલે આત્મા જે એ મૂર્તિનું તેજ તેનું તત્ત્વ એટલે કારણ કહ્યા છે. તથા 'પરબ્રહ્મ' કહીએ - એટલે બ્રહ્મ જે તેજનો સમૂહ તેથી પર છે માટે પરબ્રહ્મ કહ્યા છે. તથા 'પુરુષોત્તમ' કહીએ - એટલે સર્વે મુક્તોના સ્વામી, સુખદાતા ને નિયંતા છે માટે પુરુષોત્તમ કહેવાય છે. આવો ભાવાર્થ છે.

"અને જે અક્ષરબ્રહ્મ છે તે તો એ ભગવાનના અંગનો પ્રકાશ છે અથવા એમને રહ્યાનું ધામ છે." **(પં૦ ૧)** તથા **(લો૦ ૧૪, મ૦ ૧૩)** આ ત્રણે વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાના તેજનાં જ અક્ષરધામ, બ્રહ્મ અને આત્મા આદિ નામ કહ્યાં છે અને પોતાને એ તેજરૂપ ધામના કારણ, સર્વ મુક્તના સ્વામી ને પુરુષોત્તમ કહ્યા છે માટે પોતાના તેજનો સમૂહ એ જ અક્ષરધામ છે એમ આ વચનામૃતમાંથી સ્પષ્ટ રીતે સમજાય છે. આ વિના બીજાં કેટલાંક વચનામૃતોમાં પોતાના તેજને અક્ષરધામ તથા બ્રહ્મ નામે કહેલ છે અને એ ધામના કારણ ને આધાર પોતાને કહ્યા છે તે જોઈએ :-

શ્રીજીમહારાજ બોલ્યા જે, "ભગવાન પુરુષોત્તમ છે તે તો સદા સાકાર જ છે ને મહાતેજોમય મૂર્તિ છે અને સર્વત્ર પૂર્ણ એવું સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે તો મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેનું તેજ છે." **(પ્ર૦ ૪૫)**

"ભગવાન તો નિત્ય દિવ્યમૂર્તિ છે, અનંત કલ્યાણકારી ગુણે યુક્ત છે ને તેજઃપુંજ કહ્યા છે તે તો મૂર્તિ વિના તેજ હોય નહિ, માટે એ તેજ તે મૂર્તિનું છે. જેમ અગ્નિની મૂર્તિ છે તે મૂર્તિમાંથી અગ્નિની જ્વાળા પ્રગટ થાય છે તેણે કરીને તે અગ્નિની મૂર્તિ દેખાતી નથી અને જ્વાળા દેખાય છે પણ સમજુ હોય તે એમ જાણે જે, અગ્નિની મૂર્તિમાંથી જ જ્વાળા નીકળે છે, તેમ બ્રહ્મસત્તારૂપ જે કોટી કોટી સૂર્ય જેવો પ્રકાશ છે તે પુરુષોત્તમ ભગવાનની મૂર્તિનો પ્રકાશ છે." **(પ્ર૦ ૬૬)**

"આત્મા થકી પર જે પરમાત્મા તેનો વિચાર કરે જે, આવું જે માયા થકી પર શુદ્ધ આત્માનું જ્ઞાન તેને હું પામ્યો તે સંતને પ્રતાપે પામ્યો છું અને તે સંત પરમેશ્વરના ભક્ત છે અને પરમેશ્વર છે તે તો સર્વાત્મા એવા જે બ્રહ્મ તેના પણ આત્મા છે અને અક્ષરના પણ આત્મા છે અને અનંતકોટી જે મુક્ત તેના પણ આત્મા છે, એવા જે પરબ્રહ્મ પરમાત્મા નારાયણ તેનો હું બ્રહ્મરૂપ એવો દાસ છું અને તે ભગવાનનો મહિમા તો એમ સમજે જે **"દ્યુપતય એવ તે ન યયુરંતમનંતતયા"** ઇત્યાદિક શ્રુતિએ ભગવાનનો મહિમા અતિશય પ્રતિપાદન કર્યો છે. એવી રીતે પોતાના સ્વરૂપનું તથા પરબ્રહ્મના સ્વરૂપનું જેને જ્ઞાન છે, તેને ગમે તેવા સુંદર વિષય પ્રાપ્ત થાય પણ તેણે કરીને કાંઈ લેશમાત્ર પણ તેનું મન વિકારને પામે નહિ." **(લો૦ ૧૦)**

શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેમ અગ્નિ છે તે પ્રકાશ સ્વરૂપે તો અરૂપ છે ને અગ્નિ પોતે તો મૂર્તિમાન

છે તેમ જ પુરુષોત્તમ ભગવાન છે તે બ્રહ્મરૂપ જે પોતાની શક્તિ તેણે કરીને સર્વેને વિષે વ્યાપક છે ને મૂર્તિમાન થકા સર્વથી જુદા છે અને બ્રહ્મ છે તે તો પુરુષોત્તમ ભગવાનની કિરણ છે ને પોતે ભગવાન તો સદા સાકાર મૂર્તિ જ છે. માટે જેને કલ્યાણને ઇચ્છવું તેને તો ભગવાનને મૂર્તિમાન સમજીને તેનો આશ્રય દૃઢ રાખવો.'' **(મ૦ ૧૦)**

વચનામૃત **(પ્ર૦ ૪૫-૬૬, મ૦ ૧૦, લો૦ ૧૦)** આ ચારમાં શ્રીજીમહારાજે પોતાના મુખકમળથી સંત-હરિભક્તોને સમજાવ્યું છે જે, ''અમે દિવ્ય સાકાર મૂર્તિમાન છીએ અને અમારો તેજ:પુંજરૂપ પ્રકાશ છે તે અમારું અક્ષરધામ છે. એ બ્રહ્મધામમાં મુક્તમંડળે સહિત અમે સદાય રહ્યા છીએ અને સર્વ મુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા છીએ અને અક્ષરધામના કારણ, આધાર અને રાજાધિરાજ છીએ.'' આમ કહ્યું છે, માટે શ્રીજીમહારાજના તેજ:પુંજરૂપ બ્રહ્મ સાથે આત્માની એકાત્મતા કરીને તેમની ઉપાસના, ભક્તિ, ધ્યાન કરવાથી જ માયાના બંધનથી મુક્ત થઈને શ્રીજીમહારાજના અક્ષરધામમાં મૂર્તિનું સુખ પ્રાપ્ત કરાય છે. તે જુઓ :-

શ્રીજીમહારાજ બોલ્યા જે, ''સોનું ને સ્ત્રી એ બે અતિ બંધનકારી છે ને એ બે પદાર્થનું બંધન તો ત્યારે ન થાય, જ્યારે પ્રકૃતિપુરુષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને ને તે બહ્મરૂપ થઈને પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ભજન કરે અને એ બ્રહ્મ થકી ઓરું જે પ્રકૃતિ ને પ્રકૃતિનું કાર્યમાત્ર તેને અસત્ય જાણે ને નાશવંત જાણે ને તુચ્છ સમજે ને માયિક જે નામરૂપ તેને વિષે અતિશય દોષદૃષ્ટિ રાખે ને તે સર્વ નામરૂપને વિષે અતિશય વૈરાગ્ય પામે, તેને સોનું ને સ્ત્રી બંધન ન કરે અને બીજાને તો જરૂર બંધન કરે.'' **(મ૦ ૩૦)**

**ભાવાર્થ :-** આ વચનામૃતમાં શ્રીજીમહારાજે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મને પોતાનું સ્વરૂપ માનવાનું કહ્યું તેનો શો હેતુ હશે ? તો મહાપુરુષબ્રહ્મ, વાસુદેવબ્રહ્મ તથા મૂળઅક્ષરબ્રહ્મ તેમને અને તેમના તેજને ચૈતન્ય બ્રહ્મ કહેવાય છે પણ એ ત્રણે બ્રહ્મને વિષે એકબીજાના ઉપરીનું શક્તિદ્વારે અન્વયપણું છે અને શ્રીજીમહારાજનું તેજ એ સર્વેનું આધાર, કારણ અને પ્રેરક છે, તેમાં પરાન્વય નથી માટે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ શ્રીજીમહારાજે પોતાના તેજને કહ્યું છે તે બ્રહ્મને પોતાનું સ્વરૂપ માનવું અને શ્રીકૃષ્ણ ભગવાનનું ભજન કરવાનું કહ્યું તે શ્રીકૃષ્ણ નામે શ્રીજીમહારાજે પોતાને કહ્યા છે. આવો ભાવાર્થ છે.

શ્રીજીમહારાજે કહ્યું છે જે, ''પુરુષોત્તમ ભગવાનને બ્રહ્મજ્યોતિના સમૂહને વિષે અનાદિ સાકાર મૂર્તિ સમજવા, ને તેના જ સર્વે અવતાર છે એમ સમજીને તે પ્રત્યક્ષ ભગવાનનો જે તે ભાવે કરીને આશ્રય કરવો ને ધર્મે સહિત તે ભગવાનની ભક્તિ કરવી ને તેવી ભક્તિએ યુક્ત જે સાધુ તેનો સંગ કરવો એ કલ્યાણનું અસાધારણ સાધન છે.'' **(છે૦ ૩૬)**

આમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમને બ્રહ્મજ્યોતિના સમૂહને વિષે અનાદિ સાકાર મૂર્તિ ને સર્વના અવતારી સમજીને આશ્રય કરે અને ધર્મે સહિત અમારી ભક્તિ કરે અને એવી ભક્તિએ યુક્ત સાધુનો સંગ કરે તે કલ્યાણનું અસાધારણ સાધન છે એમ કહ્યું છે. આમાં અમારો 'જે તે ભાવે કરીને આશ્રય કરવો' તે કેવી રીતે ? તો શ્રીજીમહારાજ સર્વે અવતારના અવતારી છે અને બ્રહ્મજ્યોતિ જે અક્ષરધામ તેને વિષે અનાદિ સાકાર મૂર્તિ બિરાજે છે તે જ આ મનુષ્યરૂપે પ્રત્યક્ષ દર્શન આપે છે એમ સમજવું અને તે ભાવે કરીને આશ્રય કરવો.

શ્રીજીમહારાજનાં આવાં વચન ઘણાં વચનામૃતોમાં છે તેથી કરીને નિશ્ચય થાય છે જે, શ્રીજીમહારાજના અંગના તેજનો સમૂહ છે તે જ શ્રીજીમહારાજની ઇચ્છાથી અક્ષરધામરૂપે થઈને શોભા આપે છે. આ તેજઃપુંજ ધામની શોભા બીજા ગોલોકાદિક ધામની શોભાથી અતિશય અધિક છે, જેમ આ લોકના રાજાના મહેલોથી ઈન્દ્ર-બ્રહ્માદિક દેવના સ્થાનકની શોભા અતિશય અધિક છે તેમ.

પ્રથમ જે **(લો૦ ૧૪, મ૦ ૧૩, પં૦ ૧, પ્ર૦ ૪૫-૬૬, મ૦ ૩૦, છે૦ ૩૮ )** એ આદિ વચનામૃતમાં શ્રીજીમહારાજના તેજઃપુંજને જ અક્ષરધામ કહ્યું છે અને મુક્તમંડળે સહિત શ્રીજીમહારાજ એ જ ધામમાં સદાય વિરાજમાન રહે છે અને પોતાના ધામનાં કિરણોએ કરીને સર્વે અક્ષરાદિકમાં વ્યાપીને પ્રકાશમાન કરે છે એમ કહ્યું, એ તો વચનામૃત પ્રમાણે જ છે, પણ પ્રથમના ૨૧ના વચનામૃતમાં અક્ષરનાં બે સ્વરૂપ કહ્યાં તે કેવી રીતે સમજવાં ? તો એ જ વચનામૃતમાં કહ્યું છે તે જુઓ :-

"અને એવો જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને, ને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને, અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે, તે અક્ષરનાં બે સ્વરૂપ છે : એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ; બ્રહ્મમહોલ કહીએ અને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે."

**ભાવાર્થ :-** આમાં 'નિરાકાર એકરસ ચૈતન્ય' કહ્યું તે શ્રીજીમહારાજે પોતાના તેજને કહ્યું છે અને 'એ અક્ષરધામ બીજે રૂપે કરીને શ્રીજીમહારાજની સેવામાં રહે છે' એમ કહ્યું, તે બીજું રૂપ કેવી રીતે સમજવું અને સેવા શી સમજવી ? તો શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામ છે તે મૂર્તિમાન મૂળઅક્ષરનું શરીરી, વ્યાપક, દ્રષ્ટા, આત્મા ને આધાર છે તે મૂળઅક્ષરમાં અંતર્યામીપણે રહીને તે મૂળઅક્ષરદ્વારે સર્વેની ઉત્પત્ત્યાદિક કરાવે છે તે મૂર્તિમાન અક્ષરને આ તેજરૂપ અક્ષરધામનું બીજું રૂપ કહ્યું છે અને સર્વેની ઉત્પત્તિ કરવી તે સેવા કહી છે, આવી રીતે અક્ષરનાં બે સ્વરૂપ જાણવાં.

આ નિરાકાર એકરસ બ્રહ્મ જે શ્રીજીમહારાજનું તેજ, તેની સાથે પોતાના આત્માની એકતા કરીને એ તેજના સમૂહને વિષે શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને ધ્યાન-ઉપાસના કરવાથી દેહભાવ ભૂલી જવાય છે ને સાધનકાળમાં જ આત્મા બ્રહ્મરૂપ એટલે મહાતેજ જેવો થાય છે, ત્યાર પછી એને શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે ત્યારે મુક્તનો ચૈતન્ય શ્રીજીમહારાજનું સાધર્મ્યપણું પામે છે એટલે સિદ્ધકાળમાં શ્રીજીમહારાજના જેવો દિવ્ય સાકાર થઈને તેમની સેવામાં રહે છે, આમાં સ્વામી-સેવકભાવ નથી રહેતો કે નિરાકાર થઈ જવાય છે એવી શંકાને અવકાશ રહેતો જ નથી.

ઘણાં વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાના તેજઃપુંજને અક્ષરધામ અને બ્રહ્મ આદિ નામે કરીને કહેલ છે, એ તો યથાર્થ સમજાય છે, પણ **પ્ર૦ ૬૩**માં અક્ષરધામ મૂર્તિમાન છે એમ કહ્યું તે શ્રીજીમહારાજના તેજને મૂર્તિમાન કેમ કહેવાય ? તો આ **૬૩**માં અક્ષરધામ મૂર્તિમાન કહ્યું છે એ તો સૃષ્ટિકર્તા મૂળઅક્ષરને અક્ષરધામ નામે કહ્યા છે માટે વિરોધ નથી અને આ અક્ષરમાં પુરુષોત્તમ ભગવાન સદાય વિરાજમાન છે એમ કહ્યું, તે પણ ["સમર્થ એવા જે ભગવાન તે પોતે અક્ષરમાં પ્રવેશ કરીને અક્ષરરૂપે થાય છે" **(પ્ર૦ ૬૩)** એમ કહ્યું છે તેવી જ રીતે] શ્રીજીમહારાજ પોતે અન્વય સ્વરૂપે અક્ષરમાં પ્રવેશ કરીને રહે છે તેને જ અક્ષરમાં સદાય વિરાજમાન છે એમ કહ્યું છે. જેમ **પ્રથમના ૭૮**માં "તે ભગવાન જેવા પ્રત્યક્ષ પ્રમાણ છે તેવા ને તેવા જ અણુ અણુ પ્રત્યે અંતર્યામીરૂપે વિરાજમાન છે." એમ કહ્યું છે, તેમ અક્ષરમાં સદાય વિરાજમાન છે એમ જાણવું. અને એ મૂર્તિમાન અક્ષરને મોટા કહ્યા છે તે **પ્ર૦ ૭**માં "જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ ને પરબ્રહ્મ" આ

પાંચ ભેદમાં સૃષ્ટિકર્તા વર્ગમાં અક્ષરને મોટા કહ્યા છે.

**મધ્યના ત્રીજા**માં "એ બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે એમ સમજીને પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી, એવી રીતે સમજે ત્યારે બ્રહ્મજ્ઞાન છે તે પણ પરમપદને પામ્યાનો નિર્વિઘ્ન માર્ગ છે."

આમાં પરબ્રહ્મને બ્રહ્મથી પર ને નોખા કહ્યા તે બ્રહ્મ તો પરબ્રહ્મનું તેજ છે, એ તેજથી પરબ્રહ્મને નોખા શી રીતે સમજવા ? તો કાર્ય-કારણપણે તથા આધાર-આધેયપણે નોખા કહ્યા છે, કેવી રીતે ? તો એ તેજરૂપ બ્રહ્મ છે તેના પરબ્રહ્મ કારણ છે ને આધાર છે અને બ્રહ્મ છે તે પરબ્રહ્મનું કાર્ય છે એમ નોખા કહ્યા છે.

બીજું આ **(મ૦ ૩)** વચનામૃતમાં જે વેદાંતી કેવળ નિરાકાર બ્રહ્મને માને છે અને એ બ્રહ્મના કારણ ને આધાર જે પરબ્રહ્મ મૂર્તિમાન છે તેને સમજતા નથી તે વેદાંતીને નિરાકાર તેજઃપુંજરૂપ બ્રહ્મના કારણ, આધાર ને સાકાર એવા પરબ્રહ્મ પરમાત્મા નોખા છે એમ સમજાવવા સારુ જ પોતાના તેજરૂપ બ્રહ્મથી પરબ્રહ્મ જે પોતે તે પોતાને નોખા કહ્યા છે.

આવી રીતે **(પ્ર૦ ૨૧-૬૩, મ૦ ૩)** આ ત્રણે વચનામૃતનો ભાવાર્થ તારવીને **(લો૦ ૧૪, મ૦ ૧૦-૧૩, પ્ર૦ ૪૫-૬૬)** એ આદિમાં તેજરૂપ અક્ષરધામ કહ્યું તેની સાથે સમન્વય સમજવાથી કોઈ જાતની શંકા રહેતી નથી.

## ૭ : ઉપસંહાર

આ ગ્રંથની પ્રસ્તાવનામાં ગ્રંથનું માહાત્મ્ય તથા શ્રીહરિના એકાંતિક, પરમએકાંતિક તથા અનાદિમુક્ત તેમના સ્વરૂપનો તથા શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસનાનો કિંચિત્ સારાંશ જણાવ્યો છે પણ વચનામૃત ગ્રંથ તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિ તથા શ્રીજીમહારાજના દિવ્યભાવ-મનુષ્યભાવ, સગુણ-નિર્ગુણપણું, અન્વય-વ્યતિરેકપણું આદિ અનેક જ્ઞાનના ગહન વિષયોરૂપ મીઠા જળનો મહાસાગર છે તે સર્વનો સારાંશ ગ્રંથવિસ્તારને લઈને આપી શકાયો નથી.

આ પ્રસ્તાવના શ્રીજીમહારાજ તથા બાપાશ્રીની પ્રસન્નતાને અર્થે લખી છે. આ ગ્રંથના પ્રકાશક મંડળ તથા પ્રૂફ સુધારવામાં અ.મુ. સોમચંદભાઈ તથા જે જે સંત હરિભક્તોએ તથા તન, મન, ધનથી જેમણે યથાશક્તિ ફાળો આપ્યો છે તે સૌને શ્રીજીમહારાજ અને બાપાશ્રી અતિશય પ્રસન્ન થઈ તેમને સર્વે સાધન પૂરા કરી શ્રીજી મહારાજની મૂર્તિના સુખભોક્તા કરીને મૂર્તિમાં રાખે એવા આશીર્વાદ આપીએ છીએ.

લિ.

**મુનિસ્વામી કેશવપ્રિયદાસજી પુરાણી**

શ્રી સ્વામિનારાયણ મંદિર : અમદાવાદ.

# પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

આપણા ઉદ્ધવીય સંપ્રદાયમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ આદિ સદ્‌ગુણોનું અસરકારક રીતે નિરૂપણ કરનારા મોટા મોટા સદ્‌ગુરુઓના હાથથી લખાયેલા ગ્રંથોનું પ્રમાણ ઠીક છે, પરંતુ શ્રી પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની સ્વમુખ વાણી કે જે "શ્રી વચનામૃત" નામથી ઓળખાય છે, એ સૌમાં પ્રથમ સ્થાન લે છે. આ ગ્રંથ માંહેના કોઈ એક વિષયનું વિચારપૂર્વક અધ્યયન માત્ર તેને સારમૂલક અને સર્વગ્રાહ્ય હોવાનું વગર વિલંબે સાબિત કરે છે. પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં વચનામૃતો આ પૃથ્વી પર ક્યાંથી શ્રવણગોચર થઈ શકે ? એ તો પોતે કૃપા કરી નરનાટક ધરી પૃથ્વી પર પધારી આશ્રિતજનોને શ્રવણ મનોહર વચનામૃતો સંભળાવે ત્યારે જ બની શકે. પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમે વચનામૃતો સંભળાવ્યાં તો ખરાં, પરંતુ અનાદિમુક્તરાજ ગોપાળાનંદ સ્વામી આદિક પાંચ સદ્‌ગુરુઓએ મુમુક્ષુઓ પર દયા કરી તે વચનામૃતોનો સંગ્રહ કરી રાખ્યો ન હોત, તો તે લાભ આપણને ક્યાંથી મળત ? સદ્‌ગુરુઓએ તે કાર્ય પણ કર્યું અને તે સંગ્રહ તેમણે પૂર્ણ પુરુષોત્તમને બતાવી તેમનો આશીર્વાદ પણ મેળવ્યો. આ પૃથ્વી પર જ્ઞાનના અનેક ગ્રંથો છે તેમાં વચનામૃત સર્વના મુકુટ સ્થાને વિરાજે છે. તે સરળ સાદી ગુજરાતી ભાષામાં હોઈ જ્ઞાનના ગહન વિષયો પણ તેમાંથી ઘણી સહેલાઈથી આબાલવૃદ્ધ સર્વને સમજાઈ જાય છે. શ્રી વચનામૃતની આમ ટૂંકમાં સર્વોત્કૃષ્ટતા બતાવ્યા પછી એટલું કહેવાની જરૂર જણાય છે કે, આ ગ્રંથની અસલ પ્રતની હસ્તલિખિત જૂજ નકલો માત્ર મોટાં મોટાં મંદિરોમાં જ રહેલી અને વંચાતી, પરંતુ સમય જતાં આ પુસ્તકની માંગ દિન-પ્રતિદિન વધવા લાગી અને તેને પહોંચી વળવા મુદ્રિત કરેલ પ્રતો સંપ્રદાયમાં ફેલાવા પામી. આ વચનામૃતના મૂળસ્વરૂપને બાધિત એવો કોઈ પણ ફેરફાર કર્યાથી તેની અંદર રહેલો જુસ્સો, ભાવના અને રસ માર્યાં જાય છે. તેથી અમોએ સદ્‌ગુરુઓના હાથથી લખાયેલ મૂળ પ્રતને આ સ્વરૂપમાં લાવવા શ્રદ્ધાળુ હરિભક્તના લાભાર્થે પ્રયાસ કર્યો છે. આશા છે કે સૌ કોઈ હરિભક્ત એનો લાભ લેવો ચૂકશે નહિ. શ્રી વચનામૃત જેવા દિવ્ય ગ્રંથમાં વાચક વર્ગની સગવડતા જાળવવાનો હેતુ અમારા લક્ષ્ય બહાર ન હોઈ, ગ્રંથ માંહેલા પ્રશ્ન, બાબત અને વિષય તથા એક એક વચનામૃતમાં શું શું વિષય પર શા શા પ્રશ્નોત્તર થયા છે, તે સંપૂર્ણ રીતે અને સહેલાઈથી જોઈ શકાય, એ હેતુથી એક એક પાનામાં બબ્બે હાંસિયા પાડવામાં આવ્યા છે. અને તેની અંદર એક તરફ **પ્રશ્ન** અને બીજી તરફ **બાબત**ના આંક વિગતપૂર્વક આપવામાં આવ્યા છે. વચનામૃતના અંક નીચે અથવા પ્રશ્નના અંક નીચે જે અંક હોય તે બાબતનો જાણવો.

આ શ્રી વચનામૃતરૂપ દિવ્ય ગ્રંથ ઉપર શ્રી કચ્છ દેશમાં આવેલા વૃષપુર (બળદિયા) નિવાસી અનાદિમુક્તરાજ શ્રી અબજીબાપાએ આપણા ઉદ્ધવ સંપ્રદાયના તત્ત્વજ્ઞાનની ઘણી જ અલૌકિક, સૂક્ષ્મ અને આધ્યાત્મિક બાબતો કે જેના અર્થો સામાન્ય લોકસમૂહના જાણવા બહાર છે, અને જેને લઈ સ્વરૂપનિષ્ઠાની જોઈએ તેવી સમજણ પડતી નહિ હોવાથી, શ્રી વચનામૃતની એકવાક્યતા જાળવી શ્રીજીમહારાજના પ્રગટ સ્વરૂપના આધ્યાત્મિક રહસ્યની બાબતો ઉપર સાદી અને સરળ ભાષામાં "રહસ્યાર્થ પ્રદીપિકા" નામે ટીકા કરેલ છે. યદ્યપિ શ્રીજીમહારાજે આ વચનામૃતથી અતિરિક્ત કંઈ કહેવાનું બાકી રાખ્યું નથી, તો પણ દેશકાળાદિકને ધ્યાનમાં લઈને કેટલીક વાતો બીજરૂપે, તો કેટલીક પરોક્ષભાવમાં કહી છે. વળી શ્રીજીમહારાજે ક્યાંક પોતાને ભક્ત તરીકે તો ક્યાંક અવતાર તરીકે અને ક્યાંક તો વળી સર્વના અવતારી તરીકે પણ પોતાને જાહેર કર્યા છે. આથી મુમુક્ષુને શ્રીહરિના સ્વરૂપ-નિર્ણય સંબંધમાં મૂંઝવણ થાય છે ખરી, તેથી અનાદિમુક્તરાજ શ્રી અબજીબાપાએ કૃપા કરી શ્રીજીમહારાજના સર્વોપરી દિવ્ય સ્વરૂપનું જ્ઞાન આ "રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા" દ્વારે આપ્યું છે. મૂળ વચનામૃતમાં કોઈ સ્થળે કોઈ નિમિત્ત વચનો શ્રીજીમહારાજે પરોક્ષભાવમાં ભલે કહ્યાં હોય, પરંતુ આપણે જો તેમના સર્વ અવતારના અવતારીપણાનાં મુખ્ય વાક્યો તરફ જોઈશું તો ખાતરી થશે કે શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી કારણ-મૂર્તિ છે. આ રહ્યાં તેમાંનાં કેટલાંક અવતરણો :-

## પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

"એવાં અનંત આશ્ચર્ય છે તે સર્વે મુને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યાં જ થાય છે. એમ સમજે, પણ પ્રગટ પ્રમાણ જે આ ભગવાન તે વિના બીજો કોઈ એ આશ્ચર્યનો કરનાર છે એમ માને નહિ." (**પ્ર૦ ૨૭**-૧-૧) "આજ સર્વે હરિભક્ત છે તે એમ સમજે છે જે અક્ષરાતીત એવા જે ભગવાન પુરુષોત્તમ તે અમને પ્રત્યક્ષ મળ્યા છે અને અમે કૃતાર્થ થયા છીએ એમ સમજીને પ્રત્યક્ષ ભગવાનની આજ્ઞામાં રહ્યા થકા ભક્તિ કરે છે." (**પ્ર૦ ૩૧**-૨-૩) "ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને સ્વામિનારાયણ એવા નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે એવો ભગવાનનો પ્રતાપ મોટો છે." તથા "જ્યારે બ્રહ્માંડોનો પ્રલય થઈ જાય છે ત્યારે આ પ્રગટ ભગવાન છે તે જ એક રહે છે." (**પ્ર૦ ૫૬**-૩-૪) "અક્ષરાતીત ને મન-વાણી થકી પર ને અગોચર એવા જે ભગવાન તે જ પોતે કૃપા કરીને એમ ધારે છે જે જ્ઞાની-અજ્ઞાની એવાં જે મર્ત્યલોકનાં મનુષ્ય તે સર્વે મુને દેખો એમ ધારીને સત્ય સંકલ્પ એવા જે આ ભગવાન તે કૃપાએ કરીને મર્ત્યલોકનાં સર્વ મનુષ્ય દેખે એવા થાય છે." (**પ્ર૦ ૭૮**-૯-૯) "જે ભક્ત એમ સમજે જે આ ભગવાન ને આ સંત તે સર્વે વૈકુંઠ, ગોલોક ને બ્રહ્મપુર તેના નિવાસી છે, તે સંતને પરમેશ્વર જ્યાં વિરાજમાન છે ત્યાં જ સર્વ ધામ છે." (**પ્ર૦ ૭૮**-૧૧-૧૧) "જે સાધુ એમ સમજતો હોય જે મારા ચૈતન્યને વિષે આ ભગવાન સદા વિરાજમાન છે." (**સા૦ ૧૦**-૨-૪) "સર્વના સ્વામી જે પુરુષોત્તમ તે મુને પ્રત્યક્ષ મળ્યા છે અને તે મારા આત્માને વિષે અખંડ વિરાજમાન છે." (**સા૦ ૧**-૨-૨) "પોતાના ઈષ્ટદેવ જે પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ તેનો ભક્ત તેને વિષે જે કાંઈક અલ્પ દોષ હોય તે મહિમાના સમજનારાની દૃષ્ટિમાં આવે નહિ." (**કા૦ ૯**-૨-૨) "જીવનું કલ્યાણ તો આટલી જ વાતમાં છે જે પ્રગટ પ્રમાણ એવા જે શ્રી સ્વામિનારાયણ તેમનું જ કર્યું સર્વ થાય છે." (**કા૦ ૧૦**-૧-૨) "જ્યારે એવા ભૂંડા ઘાટ થવા માંડે ત્યારે ધ્યાનને પડ્યું મૂકીને જીભે કરીને ઊંચે સ્વરે નિર્લજ થઈને તાળી વજાડી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરવું. અને હે દીનબંધો ! હે દયાસિંધો ! એવી રીતે ભગવાનની પ્રાર્થના કરવી તથા ભગવાનના સંત જે મુક્તાનંદ સ્વામી જેવા મોટા હોય તેનાં નામ લઈને તેની પ્રાર્થના કરવી તો ઘાટ સર્વે ટળી જાય." (**લો૦ ૬**-૧૨-૧૭) "સર્વથી પર એક મોટો તેજનો સમૂહ છે, તે તેજનો સમૂહ અધોઊર્ધ્વ તથા ચારેકોરે પ્રમાણે રહિત છે ને અનંત છે, ને તે તેજના સમૂહના મધ્ય ભાગને વિષે એક મોટું સિંહાસન છે. તેની ઉપર દિવ્ય મૂર્તિ એવા જે શ્રી નારાયણ પુરુષોત્તમ ભગવાન તે વિરાજમાન છે ને તે સિંહાસનને ચારેકોરે અનંતકોટી મુક્ત બેઠા થકા તે નારાયણનાં દર્શન કરે છે." (**લો૦ ૧૪**-૧-૨) "બીજા અવતારે કરીને થોડી શક્તિ જણાવી છે, અને આ અવતારે કરીને સંપૂર્ણ ઐશ્વર્ય, શક્તિઓ જણાવી છે. માટે આ અવતાર સર્વોત્કૃષ્ટપણે વર્તે છે. એવી રીતે જો ઉપાસનાની દઢતા આ ભગવાનને વિષે રાખશો તો કદાચિત્ કાંઈક અવળું વર્તાઈ જાશે તો પણ અંતે કલ્યાણ થાશે." (**પં૦ ૬**-૧-૨) "એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય-સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી." (**પં૦ ૭**-૧-૨) "ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જોઈએ. સર્વોપરી જે ભગવાનનું સ્વરૂપ છે, તે જ મુને પ્રાપ્ત થયું છે." (**મ૦ ૯**-૧-૧) "તેજને વિષે જે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજ્યો." (**મ૦ ૧૩**-૧-૨)

**તત્તેજ: પુંજમધ્યસ્થ એવાઽધાહં વદામિ ચ । યુષ્માનપિ ચ પશ્યામિ નિષણ્ણાંસ્તત્ર સર્વશ: ॥૨૫॥**
**ભૂરિતેજસિ ય: પ્રોક્તો ભગવાન્ દિવ્યવિગ્રહ: । મામેવ તં તુ જાનીત સ્થિતમત્ર નરાકૃતિમ્ ॥૬૩॥**
હરિવાક્ય - સુધાસિન્ધુ તરંગ **॥૧૪૬॥**

"આ તમે સર્વે છો તે મુને ભગવાન જાણો છો તે અમે જ્યાં જ્યાં ઉચ્છવ સમૈયા કર્યા હોય એ આદિક જે અમારાં ચરિત્ર-લીલા તેને કહેવાં ને સાંભળવાં ને તેનું મનમાં ચિંતવન કરવું. માટે એવાં જે અમારાં સર્વે ચરિત્ર-ક્રિયા તથા નામ-સ્મરણ તે કલ્યાણકારી છે." (**મ૦ ૩૫**-૧-૪)

**સાંપ્રતં ત્વિહ સર્વેષાં ભવતાં સુદૃઢા મતિ: । મય્યેવ કૃષ્ણોઽયમિતિ તત્કાર્યા મદુપાસના ॥૩૨॥**
**મચ્ચરિત્રાણિ જ્ઞેયાનિ શ્રોતવ્યાનિ ચ સાદરમ્ । મમ ધ્યાનં વિધાતવ્યં સ્મર્તવ્યા મત્કૃતોત્સવા: ॥૩૪॥**

## પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

**એવં વિદધતો યૂયં મદ્‌ભક્તેસ્તુ પ્રતાપતઃ । દેહાંતે પરમં ધામં મદીયં પ્રાપ્સ્યથ ધ્રુવમ્ ॥૩૬॥**
**સદ્ય શાન્તિં તતઃ પ્રાપ્ય દેહં હિત્વા સ ભૌતિક્મ્ । મદ્ધામ પ્રાપ પરમં યૂયં ભજત માં તતઃ ॥૨૬॥**

હ. સુ. તરંગ ॥૧૬૮॥

"તમારા સર્વનો આચાર્ય, ગુરુ, ઉપદેષ્ટા ને ઈષ્ટદેવ એવો જે હું તે મારા દેહનાં જે આચરણ તે પ્રમાણે પણ તમારે ન કરવું." (**વ૦ ૧૮**-૧-૧૪)

**ત્યાગિનાં ગૃહિણાં યે તુ ધર્માઃ સન્ત્યૌદ્ધવાધ્વનિ । તાન્યેવ મમ વાક્યાનિ પાલનીયાનિ મચ્છ્રિતૈઃ ॥**
**વર્તિષ્યતેઽન્યથા યસ્તુ સ મદીયો ન કર્હિચિત્ । વાર્તૈષા હૃદયે ધાર્યા સર્વૈઃ ચ કાર્યા સર્વતઃ ॥૪૭॥**

હ. સુ. તરંગ ॥૨૧૮॥

"જે ભગવાન આ બ્રહ્માંડને વિષે વિરાજે છે તે જ ભગવાન સર્વના સ્વામી છે, તેને શરણે અસંખ્ય જીવ થાય છે તેણે કરીને અક્ષરધામમાં શ્રી પુરુષોત્તમના ચરણારવિંદને ઘણાક જીવ પામે છે." (**અ૦ ૫**-૨-૨)

**તમુવાચ હરિઃ સાક્ષાજ્જાતઃ કૃષ્ણોઽત્ર યોઽસ્તિ સઃ । ધૃત્વાઽવતારં ચરતિ બ્રહ્માંડેષ્વખિલેષ્વપિ ॥૧૨॥**
**પ્રપદ્યંતે જના યે તં શરણં દઢ નિશ્ચયાઃ । બ્રહ્મધામ નયત્યેવ સ તુ તાનખિલાનપિ ॥૧૩॥**
**અનંતકોટિ-બ્રહ્માંડાધારઃ કર્મફલપ્રદઃ । ઈશ્વરાણામીશ્વરોઽસૌ દેવાનામપિ દેવતા ॥૮॥**

હ. સુ. તરંગ ॥૨૨૪॥

"આ સત્સંગને વિષે ભગવાન વિરાજે છે તે જ ભગવાનમાંથી ચોવીશ અવતાર થયા છે ને પોતે તો અવતારી છે, સર્વ જીવોના અંતર્યામીરૂપ છે, ને અક્ષરધામને વિષે તેજોમય છે, ને સદા સાકાર છે, ને અનંત ઐશ્વર્યેયુક્ત છે. અને એ જ રાજાધિરાજ અનંત બ્રહ્માંડના છે, ને અક્ષરબ્રહ્મના પણ કારણ છે. ને જેટલા અવતાર થયા છે તે આમાંથી થયા છે, ને તમને સર્વને આજ ભગવાન મળ્યા છે તે સર્વના કારણ છે ને સર્વ અવતારના અવતારી છે ને અક્ષરધામના ધામી છે." (**અ૦ ૬**-૧-૧)

**યોઽત્રાસ્તિ ભગવાન્ કૃષ્ણસ્તસ્માદેવાઽખિલાઅપિ । અવતારા હિ સંજાતા અવતારી સ્વયં ત્વિહ ॥૮॥**
**અંતર્યામ્યેષ એવાસ્તિ સર્વેષામપિ દેહિનામ્ । એષ એવાઽક્ષરસ્થશ્ચ તેજસ્વી પુરુષોત્તમઃ ॥૯॥**
**અનંતકોટિબ્રહ્માંડ રાજરાજો મહેશ્વરઃ । અનંતૈશ્વર્યસંપન્નાઃ સર્વકારણ કારણમ્ ॥૧૦॥**

હ. સુ. તરંગ ॥૨૨૬॥

"સર્વ થકી પર એવું જે શ્રી પુરુષોત્તમનું ધામ તેમાં ગયા ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું પણ મારા વિના બીજો મોટો દેખ્યો નહિ." તથા "જે જે જીવ મારા શરણે આવ્યા છે અને આવશે ને એમ સમજશે તે સર્વને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ, ને સર્વને અંતર્યામી જેવા કરીશ, ને બ્રહ્માંડોની ઉત્પત્ત્યાદિક કરે એવા શરણાગતને કરવા છે." (**અ૦ ૭**-૧-૨)

**આજ્ઞાપ્યતં ચૈક એવ હ્યાગમં બ્રહ્મધામ વૈ । તત્ર મત્તઃ પરતરો ન દ્રષ્ટઃ પુરુષોત્તમઃ ॥**
**મામેવ પૂજ્યામાસુઃ સર્વેબ્રહ્માંડનાયકાઃ ॥૧૭॥**
**અહમેવાખિલાંડાનાં જન્માદેર્હેતુરસ્મિ વૈ । મત્તઃ પરતરઃ કશ્ચિન્ નાસ્ત્યેવ ભગવાન્ ક્વચિત્ ॥**
**મત્તેજસૈવ સૂર્યાદ્યાઃ સન્તિ તેજસ્વિનોઽખિલાઃ ॥૧૯॥**
**મદિચ્છયૈવ બ્રહ્માંડસ્થિતિરસ્તિ ન ચાન્યથા ॥૨૦॥**

હ. સુ. તરંગ ॥૨૨૭॥

"પ્રત્યક્ષ નરનારાયણ તમારી સભામાં નિત્ય વિરાજે છે." (**જે૦ ૪**-૧-૩)

**નારાયણઋષિઃ સોઽયં પ્રત્યક્ષ મિલિતોઽસ્તિ વઃ । અતસ્તમેવ ભજત નિશ્ચિન્તાઃ સર્વદા દઢમ્ ॥**

હ. સુ. તરંગ ॥૨૩૩॥

"અમે તો ભગવાન જે શ્રી નરનારાયણ તે છીએ, અને અમારે આશરે આવશે ને ધર્મ-નિયમમાં રહેશે, તેને અમે અંતકાળે દર્શન દઈને અક્ષરધામને પમાડીએ છીએ." (**જે૦ ૫**-૧-૧) "પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ ને ધામની

## પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

મૂર્તિ તેમાં લગાર પણ ભેદ નથી, તેમાં ને આમાં એક રોમનો પણ ફેર ન જણાય, ધામને વિષે જે મૂર્તિ છે તે જ મૂર્તિ આ પ્રત્યક્ષ છે." (**છે૦ ૩૧**-૧-૧)

**अतोयोऽस्त्यक्षरे धाम्नि गुणातीते हरिः स्वयम् । स एवास्त्यत्र प्रत्यक्षो नास्त्यल्पाऽपि तयोर्भिदा ॥**
**मनुष्याकृतिरप्येव कृष्णो भक्ति निर्गुणः । अक्षरस्थ इवेत्येव विज्ञायं सूक्ष्मदर्शिभिः ॥**
હ. સુ. તરંગ ॥૨૬૪॥

"તેજોમય એવું જે પોતાનું અક્ષરધામ તેને વિષે સદા સાકાર મૂર્તિ થકા વિરાજમાન છે ને સર્વના કારણ છે, સર્વના નિયંતા છે, સર્વના અંતર્યામી છે;

અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે, ને અલૌકિક દિવ્ય સુખમય મૂર્તિ છે ને માયાના ગુણ થકી રહિત છે એવી રીતે આ પ્રત્યક્ષ ભગવાનને જાણીને ભગવાન વિના જે બીજા સર્વે માયિક પદાર્થ માત્ર તેને અતિશય તુચ્છ ને નાશવંત સમજે." (**છે૦૩૨**-૨-૨)

ઉપરનાં અવતરણો-પ્રમાણોથી શ્રી સહજાનંદ સ્વામીના પુરુષોત્તમપણામાં-સર્વોપરીપણામાં કશો સંદેહ રહેતો નથી. શ્રીજીમહારાજ સર્વ અવતારોના અવતારી કારણ મૂર્તિ છે; એટલું જ નહિ પરંતુ તેમની સાથે આવેલા પાંચસો પરમહંસો પણ અક્ષરધામના દિવ્ય મુક્તો જ હતા, તે પણ નીચે પ્રમાણે શ્રીમુખે કહ્યું છે જે :-

"ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે, ત્યારે પોતાનું અક્ષરધામ અને ચૈતન્ય-મૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાના સર્વ ઐશ્વર્ય તે સહિત જ પધારે છે." (**પ્ર૦ ૭૧**-૫-૫)

**यदा प्रादुर्भवत्यत्र कृपया श्रेयसे नृणाम् । तदा सह स्वधाम्ना च परिवारेण जायते ॥२८॥**
**नृत्वदिव्यत्वयोर्भेदस्तेषां नास्त्येव सर्वथा ॥ यत्तानेव समाधिस्थान् दिव्यरूपान्विचक्षते ॥३०॥**

"જે ભક્ત એમ સમજે જે આ ભગવાન ને આ સંત તે સર્વે વૈકુંઠ,ગોલોક ને બ્રહ્મપુર તેના નિવાસી છે. તે સંત ને પરમેશ્વર જ્યાં વિરાજમાન છે ત્યાં જ એ સર્વે ધામ છે." (**પ્ર૦ ૭૮**-૧૧-૧૧)

**अयं कृष्ण इमे संतः सर्वे ब्रह्मनिवासिनः । यत्र कृष्णोऽस्ति तत्रैव तद्धामास्तीति वेत्तियः ॥३०॥**
**महद्भाग्यमिदं मे यदेभिः सह मम स्थितिः । एवं च वेत्ति यस्तस्य चित्रं वर्त्तेत चेतसि ॥३१॥**
હ. સુ. તરંગ ॥૭૮॥

"જે ભગવાને રામકૃષ્ણાદિક અવતારે કરીને અનંત જીવનો ઉદ્ધાર કર્યો છે તે ભગવાનના આ સંત છે, તેનો મારે સમાગમ મળ્યો છે." (**પ્ર૦ ૭૮**-૧૮-૧૮)

**तमुवाच हरिर्योऽत्र भगवान् वर्तते भुवि । सर्वाऽवतारधर्त्ताऽसौ सर्वजीवोधृतिक्षमः ॥६२॥**
**तस्य साक्षात्प्रभोः संत एते सन्त्यात्मवत्प्रियाः । स च स्वसद्गुणैरेभिःसर्वथा हि वशीकृतः ॥६३॥**
**ममाप्यहो महद्भाग्यं संगमेषां यदाप्तवान् । एवं विदो भवेत्साधु माहात्म्यज्ञानमंज्सा ॥६४॥**
હ. સુ. તરંગ ॥૭૮॥

"એવી રીતનો જે સંત તે તો જેવા શ્વેતદ્વીપમાં મુક્ત છે તે સરખો છે, અને એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું છે." (**સા૦ ૧૦**-૨-૪)

**ईद्रशाः कृष्णभक्ता ये श्वेतमुक्तैः समा हि ते । तद्दर्शनं भगवद्दर्शनेन समं मतम् ॥२८॥**
**अनीदृशास्तु ये भक्तास्तेऽप्येतेषां समागमम् । यदि कुर्युर्द्दढं तर्हि तत्समाः स्युरसंशयम् ॥२९॥**
હ. સુ. તરંગ ॥૮૮॥

"જેમ ભગવાન સ્વતંત્ર છે તેમ એ ભગવાનનો ભક્ત પણ સ્વતંત્ર થાય છે." (**સા૦ ૧૧**-૧-૨) "આવું જે માયા થકી પર શુદ્ધ આત્માનું જ્ઞાન તેને હું પામ્યો તે સંતને પ્રતાપે પામ્યો છું." (**લો૦ ૧૦**-૬-૭) "આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ ભગવાન ને ભગવાનના ભક્ત તે દિવ્ય સાકારરૂપે કરીને અક્ષરધામને વિષે દિવ્ય ભોગને

## પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

ભોગવતા થકા રહે છે, તે ભગવાનનું રૂપ ને ભક્તનાં રૂપ તે અનંત સૂર્ય-ચંદ્રના પ્રકાશ સરખા પ્રકાશે યુક્ત છે. એવા તેજોમય દિવ્ય મૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે કૃપા કરીને પોતાની સર્વ શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે.'' (**પં૦ ૭**-૧-૨)

**સ પ્રભુઃ કૃપયા સર્વદેહિનાં શ્રેયસે નૃષુ । સ્વશક્તિપાર્ષદૈશ્વર્યૈઃ સહાવિર્ભવતીહ વૈ ॥૪૬॥**
**અતઃ સાક્ષાદ્ધરેરૂપં યચ્ચાઽક્ષરસ્થિતમ્ । તયોર્યે ન વિદુર્ભેદં જ્ઞાનિભક્તાસ્ત ઉત્તમાઃ ॥૪૭॥**
**સાક્ષાત્ કૃષ્ણં વિદુર્યેઽત્ર સર્વકારણકારણમ્ । નરાકૃતિઃ પરંબ્રહ્મ તે જ્ઞેયા બ્રહ્મવિત્તમાઃ ॥૫૦॥**
હ. સુ. તરંગ ॥૧૩૩॥

''અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ, અને તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ હું દેખું છું.'' (**મ૦ ૧૩**-૧-૧)

**તત્તેજઃ પુંજમધ્યસ્થ એવાઽદ્યાહં વદામિ ચ । યુષ્માનપિ ચ પશ્યામિ નિષણ્ણાં સ્તત્ર સર્વશઃ ॥૨૫॥**
હ. સુ. તરંગ ॥૧૪૬॥

વળી પોતાના મુક્તોનો મહિમા તથા તેમની સેવા-સમાગમ કરનારાની પ્રાપ્તિ વર્ણવતાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, ''સાધુ થકી કાંઈ બીજી મોટી પદવી નથી. જેમ રાજા હોય ને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે, તેવો જ રાણીનો પણ હુકમ ચાલે, તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે, તેવો એ સાધુનો પણ પ્રતાપ છે.'' (**મ૦ ૨૨**-૩-૫)

**એવં વિધાઃ સાધવો યે તે હિ સર્વાધિકામતાઃ । તેભ્યઃ પરં ભગવતો ન કિંચિદપિ વિદ્યતે ॥૩૬॥**
**યાદૃક્ પ્રતાપો કૃષ્ણસ્ય તદ્‌ભક્તાનાં ચ તાદૃશઃ । પ્રતાપો જાયતે નૂનમાજ્ઞાઽપ્રતિહતા તથા ॥૪૦॥**
**બ્રહ્માંડાનામીશ્વરા યે બ્રહ્મરુદ્રાદયશ્ચ તે । શ્રીકૃષ્ણાય યથા તદ્વદ્ બલીસ્તેભ્યોર્પયંતિ હિ ॥૪૨॥**
હ. સુ. તરંગ ॥૧૫૫॥

''સૂર્ય-ચંદ્રાદિક જે પ્રકાશમાન છે તેણે પણ ભગવાન ને ભગવાનના સંતને શુભ કર્મે કરીને રાજી કર્યા હશે ત્યારે એવા પ્રકાશને પામ્યા છે.'' (**મ૦ ૪૫**-૨-૪)

**બ્રહ્માંડે સુખિનો યે યે સંતિ લોકાશ્ચરાચરાઃ । તે સર્વે કૃષ્ણતદ્‌ભક્તપ્રીણનાદિતિગમ્યતામ્ ॥૩૨॥**
હ. સુ. તરંગ ॥ ૧૭૮

''એ રાજાને પોતાના દીકરાને વિષે આત્મબુદ્ધિ થઈ ગઈ છે એવી જેને ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ થાય છે તેણે જ સર્વ સાધન થકી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે.'' (**મ૦ ૫૪**)

**તથૈવ યસ્ય સત્સુ સ્યાત્ સ્નેહબુદ્ધિઃ સુનિશ્ચલા । આત્મબુદ્ધિર્મતા સૈવ યા ન પ્રતિહતા ક્વચિત્ ॥૧૦॥**
**ઈયં યસ્ય ભવેત્સત્સુ તેન જ્ઞાતો હિ સર્વતઃ । સત્સંગોઽધિક ઈત્યેવ યૂયં જાનીત નિશ્ચિતમ્ ॥૧૧॥**
**આત્મબુદ્ધિર્ભવેદ્યસ્ય સત્સુ તસ્યૈવ સર્વથા । સ્વધીશ્ચ પૂજ્યધીસ્તેષુ સ્યાચ્ચ તીર્થમતિ ર્ધ્રુવમ્ ॥૧૨॥**
**એતા ન મતયો યસ્ય સત્સુ જાતા નૃદેહિનઃ । અન્યત્ર ચ ભવેયુસ્તાઃ સ તુ પ્રોક્તઃ પશુર્બુધૈઃ ॥૧૩॥**
હ. સુ. તરંગ ॥૧૮૭॥

''જેવા પ્રતાપે યુક્ત ભગવાનને જાણ્યા છે, તે ભક્ત જ્યારે દેહ મૂકીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે રૂપ તથા સામર્થી તે એ ભક્તની પણ તેવી જ થાય છે.'' (**મ૦ ૬૭**)

**કૃષ્ણભક્તાઃ કાલકર્મમાયાઽઽવરણવર્જિતાઃ । બ્રહ્મીભૂતા બ્રહ્મધામ્નિ વસંતિ હરિસન્નિધૌ ॥૮॥**
હ. સુ. તરંગ ॥૨૦૦॥

''ભગવાનની ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દશ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે, એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે.''(**વ. ૫**-૪-૪)

**યથા ભગવતઃ કુર્યાદ્ બાહ્યાભ્યંતર-પૂજનમ્ । તથા દ્રવ્યૈસ્તદુચ્છિષ્ટૈરર્ચેદ્ભક્તાન્ સ ઉત્તમાન્ ॥૩૪॥**
**ભગવંતમિવ પ્રીત્યા સદનૈસ્તાંશ્ચ ભોજ્યેત્ । દ્રવ્યવ્યયં ચ કૃષ્ણાર્થમિવ કૃર્યાત્તદર્થકમ્ ॥૨૫॥**
**એવમુત્તમભક્તાનાં સેવનં કૃષ્ણવત્તુ યઃ । અતિપ્રીત્યાઽઽચરેન્નિત્યં સોઽત્રૈવ સ્યાત્ ખલૂત્તમઃ ॥૨૬॥**
**અન્યથા તુ કનિષ્ઠોઽસૌ બહુભિર્જન્મભિર્હરિમ્ । ભજન્નુત્તમતાં યાયાદિતિ પ્રશ્નોત્તરં તવ ॥૩૭॥**

હ. સુ. તરંગ ॥૨૦૫॥

"ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનના મળેલા સાધુ તેનો આશરો કરવો તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે." (**વ૦ ૧૦**-૧-૨)

**પ્રત્યક્ષો ભગવાન્ન સ્યાદ્યદા ભુવિ તદા તુ યે । સંતસ્તં મિલિતાસ્તેષામાશ્રયાદપિ તદ્ ભવેત્ ॥૧૬॥**
**સાધુલક્ષણસંપન્નાસ્તેઽપિ ન સ્યુર્યદા તદા । કૃષ્ણપ્રતિકૃતિર્ભક્ત્યા તત્સ્યાદ્ધર્મયુજાદૃઢમ્ ॥૧૭॥**

"માયાથી પર જે સાક્ષાત્કાર શ્રી પુરુષોત્તમ ભગવાન ને ભગવાનના મળેલા સંત તેની જ્યારે જીવને પ્રાપ્તિ થાય છે ત્યારે તે સર્વ (કર્મ ને માયા) ઉલંઘાય છે." (**જે૦ ૧**-૧-૧) "તમ જેવા સંત જે ધર્મ-નિયમે યુક્ત હોય તેની તો વાત જ નોખી છે, તમને કોઈ ભાવે કરીને જમાડે તેને કોટિ યજ્ઞનું પુણ્ય થાય ને તે અંતે મોક્ષને પામે છે, ને તમારા ચરણનો કોઈક સ્પર્શ કરશે તેનાં કોટિ જન્મનાં પાપ નાશ પામશે. તમને ભાવે કરીને જે વસ્ત્ર ઓઢાડશે તેનું પણ પરમ કલ્યાણ થશે અને તમે જે જે નદી-તળાવને વિષે પગ બોળો છો તે તે સર્વ તીર્થરૂપ થાય છે, તમે જે વૃક્ષ તળે બેઠા હો ને જે જે વૃક્ષનું ફળ જમ્યા હોય તે તે સર્વનું રૂડું થાય છે, અને તમારાં કોઈક ભાવે કરીને દર્શન કરે છે ને તમને ભાવે કરીને નમસ્કાર કરે છે તેનાં સર્વ પાપનો ક્ષય થાય છે, અને વળી જેને તમે ભગવાનની વાત કરો છો અને કોઈકને ધર્મ સંબંધી નિયમ ધરાવો છો તેનો મોક્ષ થાય છે." (**જે૦ ૪**-૧-૩)

**મદુક્તેષુ સ્વધર્મેષુ દૃઢસ્થિતિમતાં તુ વઃ । ભિન્નૈવ પ્રક્રિયાસ્તીતિ યૂયં સર્વોત્તમા મતાઃ ॥૧૨॥**
**દર્શનાત્સ્પર્શનાદ્વાપિ ભવતાં ભોજયદાનતઃ । વસ્ત્રપાત્રાદિ દાનાચ્ચ ભવેત્ પુણ્યમનંતકમ્ ॥૧૩॥**
**ફલં ચાનેકયજ્ઞાનાં સર્વપાપવિનાશકમ્ । સ્યાદ્ ભવત્સેવિનામત્રપુરુષાણાં ન સંશયઃ ॥૧૪॥**
**ભવન્મુખોક્તવાર્તાયાઃ શ્રવણાન્મનનાચ્ચ વઃ । આશ્રયાદ્વા નરાણાં સ્યાન્મુક્તિરેવ હિ સંસૃતેઃ ॥૧૫॥**
**તીર્થાનિ પાવનાનિસ્યુશ્ચરણસ્પર્શતો હિ વઃ । તરૂણામપિ મુક્તિ સ્યાત્તચ્છાયાફલસેવનાત્ ॥૧૬॥**
**સર્વાપ્યસ્તિ હિ યુષ્માકં ક્રિયા શ્રેયસ્કરી નૃણામ્ । યતો નારાયણઋષિઃ સાક્ષાદસ્ત્યેવ વોંતરે ॥૧૭॥**
**પ્રતાપાત્તસ્ય સામર્થ્યં ભવતાં ચાસ્તિ વૈ મહત્ । સર્વજીવાશયજ્ઞત્વમૈશ્વર્યં નાસ્તિ દુર્લભં ॥૧૮॥**
**સર્વસિદ્ધાધિપત્યં ચ નિધીશત્વં તથૈવ ચ । બ્રહ્માદીનાં ક્રિયાશ્ચાપિ ભવતિ સુલભાઃ ખલુ ॥૧૯॥**
**કિંતુ સર્વં તદૈશ્વર્યં પ્રત્યક્ષ્યસ્ય પ્રભોરિહ । સુખાપ્તયેઽસ્તિ ગૂઢં વૈ નારાયણઋષિચ્છયા ॥૨૦॥**

હ. સુ. તરંગ ॥૨૩૩॥

"જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક-વૈકુંઠ લોકને વિષે સભા છે ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વે હરિભક્તને અતિશય પ્રકાશે યુક્ત દેખું છું એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંત-સભાના સમ છે." (**છે૦ ૨**-૧-૨)

**શ્વેતદ્વીપે ચ વૈકુંઠે ગોલોક બદરીવને । યાદૃશ્યસ્તિ સભા તસ્યા અપ્યેષાસ્ત્યધિકાઽધુના ॥૨૬॥**
**અતિ તેજસ્વિનો ભક્તા સર્વાન્ વીક્ષ ઈમાનહમ । અત્ર નાસ્ત્યેવ સંદેહો યથા દૃષ્ટં બ્રવીમિયત્ ॥૨૭॥**

હ. સુ. તરંગ ॥૨૩૬॥

"જેવી પોતાના દેહને વિષે આત્મબુદ્ધિ ને દઢ પ્રીતિ રહે છે તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ ને દઢ પ્રીતિ રહે તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે, તેવી શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે." (**છે૦ ૧૧**-૨-૨)

**આત્મબુદ્ધ્યા દૃઢપ્રીતિઃ સ્વદેહેઽસ્તિ યથા તથા । સાક્ષાત્ કૃશ્ને ચ કાર્શ્નેષુ તર્હિ શાંતિસ્તથા ભવેત્ ॥૧૦॥**
**ભક્તસ્ય તદ્વતો ન સ્યાત્ પાતઃ શ્રેયોઽધ્વનઃ ક્વચિત્ । અસદ્દેશાદિ યોગેઽપિ નિર્વિધ્નઃ સોઽસ્તિ સ્ર્વથા ॥૧૧॥**

હ. સુ. તરંગ ॥૨૪૫॥

## પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

"જેવા શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક, તેને વિષે ભગવાનના પાર્ષદ છે, તે જેવા જ આ સર્વે સત્સંગી છે, ને અમે તો જેવા માયા પર જે દિવ્ય ધામ તેને વિષે ભગવાનના પાર્ષદ છે તે થકી અધિક જો આ સત્સંગીને ન જાણતા હોઈએ તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે." (**છે૦ ૨૧**-૧-૬)

**અલૌકિકા ભવંત્યેતે મનુષ્યાકૃતયોઽપિ વૈ । શ્વેતવૈકુંઠગોલોકકૃષ્ણપાર્ષદસન્નિભા: ॥૩૫॥**
**અહં તુ બ્રહ્મધામસ્થ કૃષ્ણાપાર્ષદયૂથત: । આધિક્યેનૈવ જાનામિ ભક્તાનેતાન્ સ્વચેતસિ ॥૩૬॥**
 હ. સુ. તરંગ ॥૨૫૫॥

"સત્સંગમાંથી મન પાછું હઠે નહિ, એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે તે જ અમારે તો સગાંવહાલાં છે, ને તે જ અમારી નાત્ય છે ને આ દેહે કરીને પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે. ને ધામમાં પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે." (**છે૦ ૨૧**-૧-૭)

"જે પ્રત્યક્ષ ભગવાનને વિષે નિષ્ઠા રાખે છે તેને તો ભગવાન પોતે બળાત્કારે પોતાના ધામને વિષે જે પોતાનાં ઐશ્વર્ય છે ને પોતાની મૂર્તિઓ છે તેને દેખાડે છે." (**પ્ર૦ ૯**-૧-૨) "એવા જે ભગવાનના સ્વરૂપના જ્ઞાનવાળા છે તે સર્વે દેહને મેલીને ભગવાનના ધામમાં ચૈતન્યની જ મૂર્તિ થઈને ભગવાનના હજૂરમાં રહે છે. તેનું દર્શન તો ભગવાનનાં દર્શન તુલ્ય છે અને એનાં દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે." (**પ્ર૦ ૩૭**-૧-૪)

**ભક્ત એવં વિધો જ્ઞાની દેહાંતે ચિન્મયાકૃતિ: । બ્રહ્મધામૈવ સંપ્રાપ્ય સેવાયાં વર્તતે હરે: ॥૨૮॥**
**તદ્દર્શનં પાતકસંઘહતૃ કૃષ્ણેક્ષયા તુલ્યમિહેતિ વિત્ત ॥**
હ. સુ. તરંગ ॥૩૭॥

"જેમ ભગવાન સર્વે પ્રકારે નિર્બંધ છે ને જે ચહાય તે કરવાને સમર્થ છે તેમ એ ભક્ત પણ અતિશય સમર્થ થાય છે અને નિર્બંધ થાય છે." (**પ્ર૦ ૬૨**-૧-૧)

**કૃષ્ણવચ્ચ તતો ભક્તો નિર્બંધ: સન્નિજેપ્સિતમ્ । કાર્યંવિધાતુ શક્નોતિ સ્વતંત્રસ્તત્પ્રસાદત: ॥૧૫॥**
 હ. સુ. તરંગ ॥૬૨॥

"જ્યારે સર્વે કર્મ ને માયા તેના નાશ કરનારા ને માયાથી પર જે સાક્ષાત્કાર શ્રી પુરુષોત્તમ ભગવાન અથવા ભગવાનના મળેલા સંત તેની જીવને પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે તે સર્વને ઉલંઘાય છે." (**જે૦ ૧**-૧-૧)

**અતો માયાપરસ્યૈવ કૃષ્ણસ્યાત્ર નરાકૃતે: । આશ્રયાદ્વા તદીયાનાં તસ્યા ઉલ્લંઘનં ભવેત્ ॥૧૨॥**
હ. સુ. તરંગ ॥૨૨૦॥

"અને એવી રીતે આપણા સત્સંગમાં જે સમાધિનિષ્ઠ પુરુષ હોય તે પણ સમાધિએ કરીને બીજાના દેહમાં પ્રવેશ કરીને સર્વને દેખે છે..... જેમ પ્રત્યક્ષ ભગવાન વિરાજતા હોય ને તેની મર્યાદા રાખે, તેમ તે મૂર્તિની પણ મર્યાદા રાખવી જોઈએ. અને તેમ જ સંતના હૃદયમાં ભગવાનની મૂર્તિ રહી છે તે સંતની પણ મર્યાદા રાખવી જોઈએ... પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું." (**પ્ર૦ ૬૮**-૧-૧)

**સમાધિનિષ્ઠા અત્રાપિ સંતિ વર્ત્મનિ ભૂરિશ: । યેઽન્યદેહં પ્રવિશ્યૈવ વિધુમ્તદ્વાર્દ્મંજસા ॥૭॥**
**કૃષ્ણો મહાંત: સંતશ્ચ પ્રાપ્તયોગમહોદયા: । ઇચ્છા સ્વસ્ય ભવેધત્ર તત્ર કુર્યુ: પ્રવેશનમ્ ॥૬॥**
**અત: સાક્ષાદ્ ભક્તો મર્યાદા પાલ્યતે યથા: । તથૈવ પાલનીયાઽત્ર તસ્યા અપિ ચ પૂજ્કૈ: ॥૧૧॥**
**સંતાં ચ હૃદયે સાક્ષાદ્ધરિરાવિશ્ય વર્તતે । તેષામપિ તત: પાલ્યા મર્યાદા તાદૃશી સદા ॥૧૨॥**
હ. સુ. તરંગ ॥૬૮॥

ઉપર પ્રમાણે શ્રીજીમહારાજે પોતાનું સર્વોપરીપણું તેમજ સંત-હરિભક્તોનો મહિમા સમજાવવામાં કંઈ પણ કચાશ રાખી નથી. સર્વોપરીપણાનાં તેમજ સંત-મહિમાનાં ઉપરનાં અવતરણો મુમુક્ષુને જેટલાં ઉપકારક અને કલ્યાણકારી છે તેટલાં જ શ્રીજીમહારાજનાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક સાધન પરત્વે ઉચ્ચારેલાં વચનો પણ ઉપયોગી

## પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

છે. પણ આ સ્થળે ધર્મ, જ્ઞાનાદિની મહત્તા પ્રતિપાદક શ્રીજીમહારાજનાં વચનો અવતરણરૂપે સ્થળસંકોચને લઈને આપવામાં આવ્યાં નથી, તો પણ અનાદિમુક્તરાજ શ્રી અબજીબાપાએ આ બધાં વચનામૃતોનો સમન્વય કરી રહસ્યાર્થ પ્રદીપિકા ટીકામાં દરેક સ્થળે મુમુક્ષુ એકદેશી સમજણમાં ઊતરી ન જાય તેવી કાળજી રાખી પૂર્વાપર વચનામૃતો સાથે રાખી, શ્રીજીમહારાજની મૂળ શૈલી પ્રમાણે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ સહિતની પરમએકાંતિકની તથા અનાદિમુક્તની સમજણ પ્રવર્તાવેલી છે. આ ટીકામાં જે બાબતો લખવામાં આવી છે તે વચનામૃતને આધારે જ લખવામાં આવી છે. આ ટીકાના વાંચનથી અનેક સત્સંગીઓનો આત્યંતિક મોક્ષ સધાય, અને શ્રીજીમહારાજની સ્વરૂપનિષ્ઠાનું બળ વૃદ્ધિ પામે એ હેતુથી આ વચનામૃત પરની ટીકા પ્રથમ અમોએ છપાવી પ્રસિદ્ધ કરેલ છે.

આ ગ્રંથ સાથે ગ્રંથસ્થ વિષયોની એક વિશુદ્ધ અનુક્રમણિકા પણ જોડવામાં આવી છે. અભ્યાસીને આ અનુક્રમણિકા બહુ જ ઉપયોગી થઈ પડે તેવી છે, કેમ જે તેમાં સર્વે વચનામૃતોમાં તથા 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા'માં જેટલા વિષયો-જેટલી બાબતો રહેલી છે, તે સર્વેનો અકારાદિ ક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વચનામૃતરૂપી મહાસાગરમાંથી અમૂલ્ય સિદ્ધાંતરૂપી રત્નો કાઢવા માટે કુશળ તારુની-મહાન અભ્યાસીની આવશ્યકતા હંમેશાં રહેતી હતી, પરંતુ આ અનુક્રમણિકા પરથી ગમે તે જિજ્ઞાસુ ગમે તે બાબત ઘણી સહેલાઈથી શોધી શકે છે. આ અનુક્રમણિકામાં જે બાબત જે વચનામૃતમાં હોય છે, તે વચનામૃતનો આંક આપવા ઉપરાંત તે કિયા પ્રશ્ન તથા કઈ બાબતમાં છે તેના પણ આંક આપવામાં આવ્યા છે. વળી ટીકામાં રહેલા વિષયોની પણ જુદી અનુક્રમણિકા કરવામાં આવી છે તેમાંથી પણ જે બાબત શોધવી હોય તે ટીકાની અનુક્રમણિકા જોવાથી કિયા વચનામૃતની ટીકાના કિયા પ્રશ્નોત્તરમાં છે તે ઘણી સરળતાથી જાણી શકાય છે.

આ પુસ્તકમાં વપરાયેલા શબ્દોની સંકેત સૂચિ નીચે આપેલી છે :-

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પર૦** | પરથારો | **લો૦** | લોયા પ્રકરણ | **અ૦** | અમદાવાદ પ્રકરણ |
| **પ્ર૦** | પ્રથમ પ્રકરણ | **પં૦** | પંચાળા પ્રકરણ | **અશ્લા૦** | અશ્લાલી પ્રકરણ |
| **સા૦** | સારંગપુર પ્રકરણ | **મ૦** | મધ્ય પ્રકરણ | **જે૦** | જેતલપુર પ્રકરણ |
| **કા૦** | કારિયાણી પ્રકરણ | **વ૦** | વરતાલ પ્રકરણ | **છે૦** | છેલ્લું પ્રકરણ |
| | | | | **પ્રદી૦** | પ્રદીપિકા |

આ પુસ્તક શોધવામાં તેમજ અનુક્રમણિકા વગેરે તૈયાર કરવામાં સદ્‌ગુરુ સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજીની સાથે રહી સદ્‌ગુરુ પુરાણી ધર્મકિશોરદાસજીએ જે અમૂલ્ય સેવા બજાવી છે તે માટે શ્રીજીમહારાજ તથા તેમના અનાદિમુક્ત તથા સંત-હરિભક્તો તેમના પર પ્રસન્ન થાઓ એવી અમારી પ્રાર્થના છે. આ પ્રમાણે પુસ્તક તૈયાર કરવામાં અથાક પ્રયાસ લેવામાં આવ્યો છે, છતાં કોઈ કોઈ સ્થળે ખામી રહી જવા પામી હોય તો સુજ્ઞ વાંચકો તેને હંસ-ક્ષીર ન્યાયે સુધારી વાંચશો એવી આશા છે. આ પુસ્તક વાંચી સૌ સંત-હરિભક્તો દિવ્યમૂર્તિ શ્રીજીમહારાજનો દિવ્ય આનંદ મને પ્રાપ્ત થાય એવા રૂડા આશીર્વાદ આપશો એવી પ્રાર્થના છે.

**અમદાવાદ**
સં. ૧૯૮૨
કાર્તિક સુદિ પૂર્ણિમા

**છપાવી પ્રસિદ્ધ કરનાર,**
સત્સંગ સેવક,
**પરીખ બળદેવદાસ વલ્લભદાસના**
જય શ્રી સ્વામિનારાયણ

# શ્રીજીસંકલ્પમૂર્તિ શ્રી અબજીબાપાનું જીવનચરિત્ર

## આત્યંતિક કલ્યાણની શરદઋતુ

અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીએ સં. ૧૮૩૭ના ચૈત્ર શુક્લ પક્ષની નવમીની રાત્રિએ આ ભારતવર્ષમાં અયોધ્યા પાસે છપૈયાપુરમાં શ્રી ધર્મદેવને ગૃહે નરવિગ્રહ ધારણ કર્યો. તે ધન્ય દિવસ ભારતવર્ષના આધ્યાત્મિક ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થયો છે. અનાદિમુક્તરાજ શ્રી અબજીબાપાના શબ્દોમાં કહીએ તો સં. ૧૮૩૭ની સાલથી ''આત્યંતિક કલ્યાણ''ની શરદઋતુ બેઠી છે ત્યારથી આ બ્રહ્માંડમાં અનેક જીવ, ઈશ્વરો, તેમજ ધામાંતરવાસીઓ પોતાના આત્યંતિક કલ્યાણ માટે નરતનુ ધરી આવ્યા છે. આ બ્રહ્માંડમાં કાર્યકારણ અંશાવતારો પ્રગટ થતા હતા અને તે જીવોને પોતાના ધામમાં લઈ જતા હતા; પરંતુ પૂર્ણ પુરુષોત્તમ તો દરેક બ્રહ્માંડમાં એક જ વખત પધારે છે, તે મુજબ આ બ્રહ્માંડમાં પણ વૈરાટનારાયણની લગભગ અર્ધી આવરદા થઈ ત્યારે પુરુષોત્તમનારાયણ પોતાના અનંત મુક્તોને સાથે લઈ પહેલી જ વાર પધાર્યા. તે પહેલાં કોઈને આ પુરુષોત્તમનારાયણની ઓળખાણ નહોતી તેથી તેમના ધામમાં કોઈ જઈ શકતું ન હતું. પણ હવે જ્યારે આ બ્રહ્માંડમાં પુરુષોત્તમનારાયણ પધાર્યા ત્યારે આજ સુધી જે જે જીવો ભગવાનનું ભજન કરતા હતા અને ધર્મભક્તિ આદિ સાધનો વડે વાસના રહિત થઈ ગયા હતા, તે સર્વે તેમજ નાનામોટા અવતારો તે સર્વેએ પણ પોતાનું આત્યંતિક કલ્યાણ સાધવા પૃથ્વી પર નરદેહ ધાર્યા. આ પ્રમાણે સં. ૧૮૩૭થી આત્યંતિક કલ્યાણની શરદઋતુ બેઠી છે તે છેક આ બ્રહ્માંડના અંત સુધી રહેશે.

## પુરુષોત્તમનારાયણ ને તેમના મુક્તો

પૂર્ણ પુરુષોત્તમની જાન પૃથ્વી પર આવે ત્યારે પોતાની જાનમાં અનંત મુક્તો પણ સાથે હોય તેમાં કહેવું શું ? એ તો હોય જ. આંહીં પૃથ્વી પર વૈરાટનારાયણને માંડવે ધામાધિપતિઓ પણ હાજર હતા અને અનેક મુમુક્ષુઓરૂપી કન્યાઓ આ મુક્તરૂપી ગોરની આતુરતાથી રાહ જોઈ રહી હતી. તેમને આ મુક્તોનો યોગ થવાથી પુરુષોત્તમનો મહિમા જાણ્યો એટલું જ નહિ પણ તે પુરુષોત્તમને સર્વ ભાવે વરી ચૂક્યા, અને પરિણામે ''હથેવાળો હરિ સંગાથે'' મેળવેલો હોવાથી સર્વે ગાવા લાગ્યા કે ''આજ સખી આનંદની હેલી, હરિવર જોઈને હું થઈ છું ઘેલી.'' અને મુક્તો પણ દેશદેશાંતરમાં ફરી ટેલ નાખવા માંડ્યા કે ''જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ, આજ ધર્મવંશીને દ્વાર મારી બેની, પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ.'' શ્રીજીમહારાજ પણ દયા કરી અનેક મુમુક્ષુઓને પોતાના ધામમાં પોતાની દિવ્ય મૂર્તિનો આનંદ આપવા લાગ્યા. આ પ્રમાણે મુક્તોએ આત્યંતિક કલ્યાણનો ધુરંધર માર્ગ ચલાવ્યો.

સં. ૧૮૮૬ની સાલ સુધી નહિ ગણાય એટલી સંખ્યામાં મુમુક્ષુઓએ શ્રીજીમહારાજનો આશ્રય કર્યો, અને તે પણ મુક્ત સંજ્ઞાને પામ્યા અને પોતે પણ નવા મુમુક્ષુઓને શ્રીજીમહારાજને ભળાવવા માંડ્યા.

શ્રીજીમહારાજે કહ્યું છે : અમે આ સંત તથા આ નિયમો અક્ષરધામમાંથી લાવ્યા છીએ, તેથી આ ઉદ્ધવીય સંપ્રદાયરૂપી અક્ષરવાટિકામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય આદિ સદ્‌ગુણરૂપી કમળો એવાં તો ખીલી ઊઠ્યાં કે અનંત મુમુક્ષુરૂપી ભ્રમરો ત્યાં આકર્ષાઈ આવ્યા. હવે શ્રીજીએ ધાર્યું કે મુક્ત મંડળીએ મારી ઉપાસના ઠીક પ્રવર્તાવી છે. અને મારી કરેલી વ્યવસ્થા દ્વારા હવે ચાલી શકે તેમ છે, ત્યારે પોતે હવે મૂળ મથકે જઈ બેઠા અને પોતાના મુક્તો દ્વારા પોતાના ઘડેલા ધારા-ધોરણથી કામ લેવા લાગ્યા.

## અબજીબાપાશ્રીનું જીવનચરિત્ર

### અ. મુ. ગોપાળાનંદ સ્વામી આદિ મુક્તો

પૂર્ણ પુરુષોત્તમ જ્યારે લીલા વિગ્રહ સંકેલી મૂળ મથકે વિરાજ્યા ત્યારે આ ઉદ્ધવીય સંપ્રદાયની સોંપણી અનાદિમુક્તરાજ શ્રી ગોપાળાનંદ સ્વામીને કરતા ગયા. યદ્યપિ પુરુષોત્તમનારાયણે પોતાના ઉગ્ર પ્રતાપ, સમાધિ આદિ અનેક ઐશ્વર્ય-ચમત્કારો દ્વારા દેખાડી પોતાની મૂર્તિમાં સૌને ખેંચી લીધા હતા તો પણ કેટલાક મુમુક્ષુઓ તેમનો યથાર્થ મહિમા સમજી શક્યા નહોતા. તેઓને માહાત્મ્ય જ્ઞાને સહિત સર્વોપરી નિશ્ચય કરાવવાનો બાકી હતો. આ બ્રહ્માંડમાં પુરુષોત્તમનારાયણની પહેલી જ વારની પધરામણી થઈ હોવાથી તેમનો અદ્‌ભુત તેજ-પ્રતાપ જોઈને કોઈ તેમને રામચંદ્રજી જેવા, તો કોઈ શ્રીકૃષ્ણ જેવા, તો કોઈ વળી એ સર્વે અવતારોના અવતારી સમજતા. એમ સત્સંગમાં બહુધા સમજણ પ્રવર્તતી હતી. આવી જાતની વિવિધ સમજણવાળા મુમુક્ષુને શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય કરાવવા માટે જ શ્રીજીમહારાજે અનાદિમુક્તરાજ શ્રી ગોપાળાનંદ સ્વામી આદિ મહામુક્તોને પૃથ્વી પર રાખ્યા. તે સંતોએ મુમુક્ષુઓને સર્વોપરી નિશ્ચય કરાવવા માંડ્યો. આ સર્વોપરી નિશ્ચય કરાવવામાં અનેક મુક્તોએ બહુ જ પરિશ્રમ કરીને શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના સારી ફેલાવી અને ઘણાને સર્વોપરી નિશ્ચય કરાવ્યો.

### અ. મુ. અબજીભાઈનું પ્રાગટ્ય

તેમના પ્રતાપે આજે શ્રીજીમહારાજને સર્વ અવતારના અવતારી, ધામના ધામી, કારણના કારણ વગેરે અપાર મોટપ સૌ નિશ્ચયપૂર્વક કહી શકે છે. અને આવા સર્વોપરી શુદ્ધ નિશ્ચયથી અનંત મુમુક્ષુઓ બ્રહ્મરૂપ થઈ શ્રીજીની દિવ્ય મૂર્તિનો દિવ્ય આનંદ લૂંટી રહ્યા છે. આપણા ઉદ્ધવીય સંપ્રદાયમાં અત્યારે સત્સંગની ભરયુવાનીનો સમય ગણી શકાય. આ કાળ શેરડીની વચલી ગાંદળી જેવો છે. આ સમયે શ્રીજીમહારાજે કૃપા કરી આ સંપ્રદાયની શોભામાં વૃદ્ધિ કરે, અનંત મુમુક્ષુઓને શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડે, તેમજ ઉદ્ધવીય સંપ્રદાયની શુદ્ધિ-વૃદ્ધિ કરે તેવા અનાદિમુક્તરાજને પૃથ્વી પર મોકલવાનો સંકલ્પ કર્યો.

### જન્મધારણ તથા બાળલીલા

કચ્છની કણબી જ્ઞાતિને ધન્ય છે ! નાથા પટેલ જેવા ભગવાનના ભોળા ભક્તને ગંગદાસ, રૂડા અને તેજા એમ ત્રણ પુત્ર હતા, તે ત્રણે ભાઈઓ પ્રગટ પ્રભુ શ્રી સ્વામિનારાયણના આશ્રિત હતા. અને અહોનિશ ભગવદ્‌ભક્તિપરાયણ રહેતા હતા. તેમાં પણ રૂડાભાઈની સ્થિતિ અલૌકિક હતી. આ રૂડાભાઈને શ્રીજીમહારાજની કૃપાથી પ્રેમજીભાઈ તથા પાંચાભાઈ એ બે પુત્રો હતા. આ પાંચાભાઈ તે અનાદિમુક્તરાજ અબજીબાપાને પુત્રરૂપે લાડ લડાવવા ભાગ્યશાળી થયા હતા. પાંચાભાઈને સત્સંગનો અપૂર્વ રંગ ચડ્યો હતો. તેમનાં ધર્મપત્ની દેવબાઈ પણ મહાપ્રભુજીનાં મોટાં ભક્ત હતાં. મહાપ્રભુજીની ઇચ્છા એ જ તેમનું પ્રારબ્ધ હતું. આર્થિક અવસ્થા તો છેક દુર્બળ હતી, છતાં પ્રેમમગ્ન થઈ મહાપ્રભુજીની ભક્તિ અહોનિશ કરતાં. હંમેશાં દેવબાઈ કૃષ્ણતળાવે નાહવા જતાં. ત્યાં એક સમયને વિષે શ્રીજીમહારાજે તેમની અનન્ય પતિવ્રતાની નિષ્ઠા જોઈ પ્રસન્ન થઈ દર્શન આપ્યાં અને પ્રસન્ન થઈને કહ્યું જે, અમો તમારા પર રાજી છીએ માટે વર માગો; ત્યારે દેવબાઈએ પુત્રપ્રાપ્તિ માટે પ્રાર્થના કરી ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા, 'અમારા અનાદિમુક્ત તમારે ત્યાં પુત્રરૂપે જન્મ લેશે.' એમ વર આપીને શ્રીજીમહારાજ અંતર્ધાન થયા. પછી દેવબાઈએ ઘેર આવી પાંચાભાઈને વાત કરી. ત્યાર પછી સં. ૧૯૦૧ના કાર્તિક શુક્લપક્ષની ૧૧ને સોમવારે, બળદિયા-વૃષપુર ગામમાં અનાદિમુક્તરાજ અબજીબાપાશ્રીનો જન્મ થયો, તે સમયે દેવબાઈને અલૌકિક તેજોમય દર્શન થયાં. આ પુત્રની અલૌકિક કાંતિ જોઈ દેવબાઈને કૃષ્ણતળાવે શ્રીજીએ દર્શન આપ્યાં હતાં તે સાંભરી આવ્યાં અને નિશ્ચય થયો કે

આ તો શ્રીજીમહારાજે વર આપ્યો હતો તે સત્ય કર્યો. માતુશ્રી જણાવે છે કે અબજીભાઈ ક્યારેક મહિને કે બે મહિને સ્તનપાન કરતા, અને અખંડ સમાધિમાં રહેતા.

બાપાશ્રીની બાલ્યાવસ્થા પણ અદ્‌ભુત હતી. તે સર્વે ખેલાડીના અગ્રણી હતા. બાળકોની રમવાની ટુકડી થતી ત્યારે દરેક ટુકડીવાળા આપણા 'અબજીબાપાશ્રી'ને પોતાની ટુકડીમાં લેવા ઘણી વાર તો લડી પડતા. દોડવા, તરવા વગેરે કસરતોમાં પણ બાપાશ્રીનો નંબર પહેલો હતો.

## વર્તન દ્વારા વાતો

અનાદિમુક્તરાજ અબજીબાપાશ્રીએ પાંચમા વર્ષમાં ભણવાનું ચાલુ કર્યું. નિશાળે ભણવા જતા, ને પાંચ ચોપડી ભણ્યા. પછી તો પોતાની મેળે લખવું તથા ગમે તે ચોપડી હોય તેને વાંચી તેનો ભાવાર્થ જાણવો તેમાં પ્રવીણ થયા. તેમજ વચનામૃત, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ સ્વામીના ગ્રંથ પોતાની મેળે જ વાંચી ભાવાર્થ જાણી લેતા.

બાપાશ્રી પૌગંડ તથા કિશોર અવસ્થાથી જ નિત્યવિધિ નિયમે કરીને નિત્ય પ્રત્યે કરતા. મંદિરમાં ઠાકોરજીને દંડવત્ કરી દર્શન કરવા તથા સંત-હરિભક્તોનાં દર્શન કરવાં, કીર્તન શીખવાં, ગાવાં તથા વચનામૃત, ભક્તચિંતામણિ આદિ સંપ્રદાયના ગ્રંથની કથા વાંચવી, તે નિયમ સહિત કરતા; તેમ જ ઠાકોરજીની તથા સંત-હરિભક્તોની સેવા શ્રદ્ધા અને માહાત્મ્યે સહિત કરતા. બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી આદિ સદ્‌ગુરુઓના કરેલાં કીર્તનમાંથી **અગિયારસો** ચોસર (ચાર પદવાળાં) કીર્તન મુખપાઠ કર્યાં હતાં. મંદિરમાં સાયં નિત્યવિધિ કરીને પોતે મધુર સ્વરથી કથા વાંચતા ત્યારે સર્વે સંત-હરિભક્તના મનને હરી લેતા.

શ્રીહરિજીની અતિશય કૃપાથી અનેક હરિભક્તોને સમાગમની સુગમતા માટે અનાદિમુક્તરાજ અબજીબાપાશ્રી ગૃહસ્થાશ્રમમાં રહ્યા. પોતે આદર્શ ગૃહસ્થાશ્રમના ધર્મની શિક્ષાને અર્થે પોતાની પત્ની સાથે ગૃહસ્થાશ્રમમાં ધર્મનું પાલન કરતા, ને દેહાદિકના નિર્વાહના અર્થે અનાદિમુક્ત પર્વતભાઈની પેઠે કૃષિવૃત્તિનો ઉદ્યમ કરતા, તે પતિવ્રતા એવા પોતાનાં પત્ની ને વૃદ્ધ માતા-પિતાનું પાલન કરતા. પોતાનો ગૃહવ્યવહાર શરૂઆતમાં અતિશય દુર્બળ હતો. પોતે અનેક જીવોને શીખવતા થકાં 'મૂર્તિ ભુલાય તેવી પ્રવૃત્તિ કરવી નહીં' તે વચન અનુસાર મૂર્તિમાં તેલધારાવત્ વૃત્તિ રાખીને વર્તતા. અનંત ઐશ્વર્ય ને સર્વે રિદ્ધિ-સિદ્ધિઓ અનાદિમુક્તના ચરણમાં રહે છે, તે છતાં ગૃહસ્થાશ્રમને ઘટિત ઉદ્યમ ખેતી કરતા, ને સાધારણ ઠીક કહેવાય તેટલો જ ગૃહવ્યવહાર રાખતા. પોતાને બે પુત્રો ને બે પુત્રીઓ હતાં.

અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત અતિશય અણિશુદ્ધ ને શ્રીહરિજીની આજ્ઞાનુસાર હતું. પોતાના યોગમાં આવનાર સર્વે સંત-હરિભક્ત-બાઈ-ભાઈને પોતે એ વાતનો ખાસ ખટકો રખાવતા કે મન, કર્મ, વચને કરીને શ્રીહરિજીની આજ્ઞામાં રહેવું, આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ પણ ન થવો જોઈએ. શ્રીહરિજીની આજ્ઞા અનુસારે રહેનારાનું વર્તન છે તે જ વાતો કરે છે, ને બીજાને શ્રીહરિજીનું માહાત્મ્ય-પ્રતાપ શીખવે છે. પોતે હંમેશાં કહેતા કે જે શ્રીહરિજીની આજ્ઞા પ્રમાણે વર્તતા નથી તે તો સ્વામિનારાયણના છે જ નહીં. પોતાના સમાગમમાં આવનાર સૌને પંચવર્તમાન, નિષ્કામશુદ્ધિ, ધર્મામૃત, શિક્ષાપત્રી અનુસારે અણિશુદ્ધ વર્તન આચરતા કર્યા.

પોતે અત્યંત સાદું જીવન જીવતા. વૃષપુર ગામમાં પોતાના સમાગમે આવેલા સંત-હરિભક્તોને મંદિરમાં કે પોતાના ઘરે પોતે રસોઈ-મિષ્ટાન્ન કરી-કરાવીને આગ્રહપૂર્વક જમાડતા પણ પોતે પોતાના ઘરે જઈ ગળ્યા-ચીકણા અન્નનો ત્યાગ રાખી કેવળ બાજરીના રોટલા, ને ગુવાર કે ગાજર (રાતડિયા)નું શાક ચોળીને સ્વાદે રહિતપણે અલ્પ પ્રમાણમાં જમતા. હરિભક્તો ઘણા પ્રકારના મેવા-મીઠાઈ-ફળફળાદિ લાવે અને ભાવે કરીને

આગ્રહ કરે તો સહેજ જ ગ્રહણ કરે, પણ તેની બિલકુલ જ રુચિ નહીં. પોતે સૌ સાધનિકને સમજાવતા કહેતા કે એવું જો ગ્રહણ કર્યા કરીએ તો 'જીવ ચટણો થઈ જાય'

તે જ રીતે પોતે હંમેશ કચ્છી પોશાક-કેડિયું, ધોતિયું ને માથે પાઘડી પહેરતા, તેમાં પણ બિલકુલ સાદગી મૂર્તિમંત થતી.

## સમાધિસ્થિતિ

અનાદિમુક્ત અબજીબાપાશ્રી બાળપણથી અવારનવાર સ્વતંત્રપણે નિર્વિકલ્પ સમાધિ કરી બાહ્યવૃત્તિ સંકેલી લઈ કેવળ મૂર્તિમાં જ થીજી રહેતા. આ સમાધિકાળમાં દેહની એકેય ક્રિયા ચાલતી નહીં. નાડી ગતિહીન રહેતી, અર્થાત્ સ્તબ્ધ થઈ જતી. ખાવું, પીવું, શૌચાદિક વગેરે હોય જ શાનું ? આ સમાધિકાળ પાંચદસ દિવસ સુધી પણ રાખતા. જ્યારે પ્રૌઢાવસ્થા આવવા લાગી ત્યારે આ સ્વતંત્ર સમાધિનું અખંડ સમાધિમાં રૂપાંતર કર્યું. પછીથી તો ત્રણે કાળમાં એક જ દિવ્ય સ્થિતિ વર્તતી, તેથી સૌ જાણતા હતા કે બાપાશ્રી મૂર્તિમાં સંલગ્ન થકા બોલેચાલે છે.

એમના પરિચયમાં આવનાર સૌ કોઈના મનની વૃત્તિ સ્થિર થઈ જતી, ઘાટ-સંકલ્પ બંધ થઈ જતા ને શ્રીજીમહારાજની મૂર્તિને વિષે સ્થિતિ થતી.

## સત્સંગમાં વિચરણ અને યજ્ઞપારાયણો

પૂર્ણપુરુષોત્તમે જે હેતુ માટે બાપાશ્રીને પૃથ્વી પર મોકલ્યા તે હેતુ પૂર્ણ કરવા બાપાશ્રી અનેક વાર સત્સંગમાં તીર્થાટન નિમિત્તે ફર્યા છે. અને ત્યાં ત્યાં રહેલા મુમુક્ષુઓનાં કલ્યાણ કર્યાં છે; એટલું જ નહિ, પણ છ વખત તો મોટાં પારાયણો પણ કરાવ્યાં છે, અને તે તે પ્રસંગે હજારો સંત-હરિભક્તોને તેડાવીને મૂર્તિનો આનંદ આપ્યો છે.

જે તળાવે શ્રીજીમહારાજે આ મુક્તરાજનાં માતુશ્રીને દર્શન આપ્યાં હતાં ત્યાં શ્રીજીમહારાજ વર્ણીવેશે આવી એક પથ્થર પર થાળ જમ્યા હતા ત્યાં બાપાશ્રીએ છત્રી કરાવી ચરણારવિંદ પધરાવ્યાં, તે વખતે મોટું પારાયણ કરાવી બંને દેશના સંત-હરિભક્તોને તેડાવ્યા હતા અને તે પ્રસંગે અનંત જીવોને સત્સંગનો લાભ આપ્યો હતો; વળી તે જ સ્થળે હનુમાનજીની પ્રતિષ્ઠા કરાવી બીજું પારાયણ પણ કરાવ્યું હતું. તે પ્રસંગે પણ ઘણા સંત-હરિભક્તોને તેડાવી મોટો યજ્ઞ કર્યો હતો. વળી પોતે આ જગતમાંથી ઉદાસ થયા ત્યારે પણ એક પારાયણ કરાવ્યું હતું, એ પ્રમાણે મોટાં પારાયણો ઉપરાંત નાનાં પારાયણો બહુએ કરાવ્યાં છે, તે બધાંનું સ્થળસંકોચને લીધે અહીં વર્ણન થઈ શકે તેમ નથી. કહેવાનું એ છે કે, બાપાશ્રીએ અહીં આવી અપાર યોગૈશ્વર્ય વાપરી અનંત મુમુક્ષુઓને શ્રીજીની મૂર્તિનું સુખ આપ્યું છે.

## યોગૈશ્વર્ય

વળી શ્રીજીની મૂર્તિ સાથે નિર્વિકલ્પ સ્થિતિથી જોડાયેલ હોઈ બાપાશ્રીનાં યોગૈશ્વર્યોનો પણ અવધિ નથી. એક સ્થળે રહ્યા થકા બીજે સ્થળે દેખાવું, અનેક સંત-હરિભક્તોને શ્રીજીની દિવ્ય મૂર્તિનો સાક્ષાત્કાર કરાવવો, હરિભક્તોને શ્રીજીમહારાજ ભેળાં દર્શન દઈ ધામમાં તેડી જવા માટે શ્રીજીને પ્રાર્થના કરવી તો કોઈ ને કોઈ સંત હરિભક્તના આગ્રહથી રાખી જવા તો કોઈને વળી વાયદો દેવો જે 'આ વખતે મહારાજ તમને તેડી જશે'. મુમુક્ષુ ઉપરાંત પ્રસંગમાં આવેલા અધિકારી કે અનધિકારી સામું ન જોતાં શ્રીજીની મોટાઈ સામું જોઈ ઘણા ભૂત-પ્રેતો તથા જન તેમજ એવા અસદ્‌ગતિ પામેલા જીવોને પણ દયા કરી બદરિકાશ્રમ જેવાં ધામોમાં મોકલવા, પોતાના શિષ્યોની અનંત આપત્કાળથી રક્ષા કરવી, ઈત્યાદિક બાપાશ્રીના ચમત્કાર એટલા બધા છે કે તેનો લખતાં પાર આવે તેમ નથી. બાપાશ્રીને વિષે હેતવાળા અનેક ત્યાગી-ગૃહી છે.

## અબજીબાપાશ્રીનું જીવનચરિત્ર

### જ્ઞાનદાન અને રહસ્યાર્થ પ્રદીપિકા

જેમ શ્રીજીકૃપાથી યોગૈશ્વર્ય જણાવવામાં મણા નથી રાખી, તેમ જ્ઞાનદાન આપવામાં પણ બાકી નથી રાખ્યું. એમની પાસે કથાવાર્તાનો સોપો પડતો જ નહોતો; બ્રહ્મયજ્ઞ તો અખંડ ચાલ્યા જ કરતો, અનેક સંત-હરિભક્તો બાપાશ્રી પાસેથી જ્ઞાનામૃતનું પાન કરી બળિયા થયા છે, પરંતુ અનાદિમુક્તવર્ય સદ્‌ગુરુ સ્વામી શ્રી નિર્ગુણદાસજી સ્વામીના શિષ્ય સ્વામી ઈશ્વરચરણદાસજીએ તો આ જ્ઞાનામૃતનો મીઠો મહેરામણ **'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા'** રૂપે સંગ્રહી લીધો અને આ ભરતખંડમાં એક સ્થાવર તીર્થનું સર્જન કર્યું. આ **'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા'**નું જ્ઞાનામૃત પાન કરનારને ત્રિતાપ-અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવની શાંતિ થશે. પોતે બ્રહ્મરૂપ થશે એટલું જ નહિ, પણ વ્યતિરેક મૂર્તિનો દિવ્યાનંદ પણ મળશે. આ ટીકા તો કલ્પતરુ કે ચિંતામણિ જેવી છે. જેવું શ્રીહરિનું સર્વોત્તમ વચનામૃત તેવી જ **રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા** પણ સર્વોત્તમ છે માટે મહિમા સમજીને જે કોઈ આ ટીકા વાંચશે, વિચારશે તેમના મનોરથ સફળ થશે અને આ ટીકા વાંચવાથી બાપાશ્રીનો સમાગમ કર્યા જેટલું ફળ મળશે, અને શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેવારૂપ આત્યંતિક કલ્યાણની સ્થિતિ સુલભ થશે.

### અપૂર્વ લાભ

આવા અનાદિમહામુક્ત મળવાથી અનંત મુમુક્ષુઓને અપૂર્વ લાભ મળ્યો છે. જ્યારે ભગવાન પૃથ્વી પર નરનાટક ધારે છે ત્યારે તેમની બધી ક્રિયા મનુષ્યના જેવી જ હોય છે. તપ કરીને શરીર સૂકવી નાખવું વગેરે તપશ્ચર્યા કરતાં ય પણ 'નર'દેહમાં રહેલા દિવ્ય 'નારાયણ'ને ઓળખવા એ સૌથી ઉગ્ર તપશ્ચર્યા છે. આ નરદેહધારી નારાયણને ઓળખ્યા તેનો બેડો પાર જાણવો. તેવી જ રીતે પુરુષોત્તમના અનાદિમુક્તોને ઓળખવા એ પણ મુમુક્ષુઓને અપૂર્વ લાભ છે. જેઓ ઉત્તમ કોટીના મુમુક્ષુઓ હોય છે તે જ પ્રગટ પુરુષોત્તમ તથા તેમના મુક્તોને ઓળખી તેમનો આશ્રય કરી શકે છે. જેમના પુણ્યનો, પૂર્ણ પરિપાક નથી થયો, તે શ્રી પુરુષોત્તમનારાયણ તથા તેમના મુક્તને ઓળખી શકતા નથી. જ્યારે આ જીવ અનંતકોટી જન્મપર્યંત સત્પુરુષની સેવા-પરિચર્યા કરી તેમને રાજી કરે છે, ત્યારે તેમના પુણ્યનો પરિપાક થાય છે, અને તેને પ્રકટ પુરુષોત્તમનો યોગ થાય છે; એટલું જ નહિ, પરંતુ તેને 'જે ધામમાં દિવ્યમૂર્તિ છે તે જ આ મનુષ્ય-મૂર્તિ છે' એવો દિવ્ય ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય પણ થાય છે, અને પરિણામે તે પુરુષોત્તમના ધામને પામે છે અર્થાત્ મુક્ત થાય છે; પરંતુ આ બધી અલૌકિક પ્રાપ્તિ દૈવી જીવને જ થાય છે; આસુરી જીવને આ અમૃતવલ્લી પચતી નથી. શ્રીજીમહારાજે કહ્યું છે તેમ, જીવ જેમ જેમ સત્પુરુષનો ને ભગવાનનો ગુણ ગ્રહણ કરતો જાય છે તેમ તેમ દૈવી થતો જાય છે, અને જો તેમનો અવગુણ ગ્રહણ કરતો જાય તો આસુરી થતો જાય છે. માટે આપણે મુમુક્ષુઓએ સત્પુરુષનો તથા ભગવાનનો અવગુણ ન આવે એવી ખાસ કાળજી રાખવાની છે. આપણે હંમેશાં પુરુષોત્તમને તથા તેમના મુક્તને દિવ્ય જાણી તેમના હંમેશાં ગુણ ગ્રહણ કરવા કે જેથી તેમનો ક્યારેય અભાવ આવે નહિ. પુરુષોત્તમ ને તેમના મુક્તના દ્રોહથી કોઈ મોટું પાપ નથી અને દિવ્ય જાણવા જેવું કોઈ મોટું પુણ્ય નથી. હવે આપણે કચ્છમાં તેમજ ગુજરાત, કાઠિયાવાડમાં અ. મુ. અબજીબાપાએ સત્સંગની કેવી સેવા કરી છે તે જોઈએ.

### કચ્છનો દિવ્ય સત્સંગ

આ પૃથ્વી પર અનેક સંપ્રદાયોના મુકુટમણિરૂપ ઉદ્ધવીય સંપ્રદાય પણ એક સર્વોત્તમ સંપ્રદાય હોઈ, મુમુક્ષુઓને ભવસાગર પાર ઉતારવા માટે, અત્યાર સુધી આવેલી અનેક મોક્ષ-મનવારોમાં સર્વોત્તમ મોક્ષ-મનવાર ગણાય છે. ઉદ્ધવ સંપ્રદાયની શાખા-પ્રશાખા ટૂંક વખતમાં એટલી ફેલાઈ ગઈ છે કે મુમુક્ષુઓને ચારે દિશાથી આ સંપ્રદાયનો આશ્રય ગ્રહણ કરવાની સુગમતા થઈ ગયેલી છે તેમાં પણ આ ઉદ્ધવીય સંપ્રદાયમાં

કચ્છનો સત્સંગ મુકુટ સ્થાને છે. ત્યાંના સત્સંગીઓ એવા ઊંચી કોટીના મુમુક્ષુઓ છે કે જેઓ ત્યાં પધારેલા મુક્તોની આજ્ઞામાં મન, કર્મ, વચને વર્તી શ્રીજીમહારાજની પ્રસન્નતા મેળવી રહ્યા છે. કચ્છના આ અપૂર્વ સત્સંગનો પ્રતાપ ત્યાં પધારેલા મુક્તોને આભારી હતો ને છે. સૌને ધર્મ-નિયમમાં રાખવા માટે બાપાશ્રીનો આગ્રહ બહુ જ હતો. અને જેમ 'વંકા આગે વંકા શીળા આગે પાધરા, ને તરવંક આગે ચોવંક' તેમ જેઓ સીધા છે તેમને તો બાપાશ્રી નમી માગ આપતા પણ જેઓ ધર્મભંગ કરી સત્સંગીપણાનો દાવો કરતા તેમને બાપાશ્રીનું વર્તન કડકમાં કડક લાગતું. આજ કચ્છના કણબી હરિભક્તોના ધર્મ-નિયમો એકી અવાજે વખણાય છે તે બધું આપણા બાપાશ્રીને આભારી છે. બાપાશ્રી ધર્મભંગ - તેમાં પણ પાપ કરીને છુપાવનારા - માનીના માનને તો જરા પણ સહન કરી શકતા ન હતા. તેમના માનને તો તેઓશ્રી મોડ્યે જ રહેતા. અસ્તુ.

કચ્છમાં હંમેશાં જાણે સત્સંગ હસતો જ હોય ને શું ! શ્રીજીમહારાજ ત્યાં પ્રગટ પ્રમાણ જ વિરાજતા હોય ને શું ! તથા આ દેહે જ કલ્યાણની પ્રતીતિ આવી જીવનમુક્તિના આનંદના ફુવારા છૂટતા હોય ને શું ! એમ દરેક ત્યાગી, ગૃહીને માલૂમ પડ્યા વગર રહેતું નથી. આ બધાનું શ્રેય બાપાશ્રીને છે, તેઓ હંમેશાં પોતે શ્રીજીની અદલ આજ્ઞામાં વર્તતા. અને બીજા ત્યાગી, ગૃહી સૌને આજ્ઞા પળાવવા પર ખૂબ તાન રાખતા, ઉત્સવ-સમૈયાઓ પોતે પણ કરતા, કરાવતા અને ઉત્સવ-સમૈયામાં પોતે ગમે તેમ કરીને પણ અચૂક હાજરી આપતા, અને ત્યાં જઈ સર્વેને ધર્મ, જ્ઞાન, માહાત્મ્યે સહિત ભક્તિ તેમજ વૈરાગ્યની વાતો કરીને સૌનો સમાસ કરતા-કરાવતા. આ સર્વ કચ્છના સત્સંગીના વર્તનની આપણા પર એવી તો અદ્‌ભુત છાપ પડે છે કે ઘડીભર આપણે અક્ષરધામમાં હોઈએ નહિ શું ? એવી સમાધિદશા આવી જાય છે. બાપાશ્રી પાસે ગમે ત્યારે જાઓ પણ એ જ એકની એક વાત થતી. સૌને શ્રીજીનું સર્વોપરી જ્ઞાનદાન કરવું, અને નિયમ-વર્તમાન માથા સાટે પળાવવા, તેમાં જરા પણ મચક ન આપવી, એટલું જ નહિ પણ કોઈની મોટાઈની શે'માં પણ તણાવું નહિ, આ તેમનો સુવર્ણ મંત્ર હતો. દેશી-પરદેશી સૌને પોતાની મીઠી દિવ્યવાણીમાં સર્વોપરી નિશ્ચયની અને નિયમ ધર્મ, આજ્ઞા, ઉપાસનાની જ વાતો કરતા, અને બાપાશ્રીની વાતો સબીજ હોવાથી મુમુક્ષુને તો ચટ દઈને હૃદયમાં ઊતરી જતી અને તેમનાં જીવન ધન્ય થઈ જતાં.

## સત્સંગ-સુધારણા

બાપાશ્રીને તો સમગ્ર સંપ્રદાયમાં શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસના પ્રવર્તાવવાની મહત્ત્વાકાંક્ષા હતી. બહારથી જે જે સંત-હરિભક્તો તેમના સમાગમનો લાભ લેવા આવતા, તેમને સર્વેને શ્રીજીમહારાજની આજ્ઞા અદલ પાળવાનો ઉપદેશ આપતા; તેમ જ પત્ર દ્વારા પણ સૌને શ્રીજીમહારાજની નાની-મોટી આજ્ઞા પર સૂરત રાખવાનું સૂચવતા. સ્ત્રી-ધનનો ત્યાગ એ ઉદ્ધવીય સંપ્રદાયના ત્યાગી વર્ગની એક વિશિષ્ટતા છે. આ સ્ત્રી-ધનરૂપી રાહુ ઉદ્ધવીય સંપ્રદાયરૂપી નિર્મળ પૂનમચંદ્રને જરા પણ પીડે નહિ તેની તેઓશ્રી સતત કાળજી રાખતા. સંત-હરિભક્તો સૌ પોતપોતાના ધર્મમાં વર્તે, દેવને દિવ્ય જાણી તેમની સેવા દિવ્યભાવે કરે, અને ઉજ્જવળ સત્સંગને ડાઘ લાગે એવું કોઈ પણ આચરણ ન કરે, તથા દેવનું, સત્સંગનું મમત્વ રાખી હળીમળી સૌ તેનો સેવા-વ્યવહાર ચલાવે, અને કોઈ પણ સંત કે હરિભક્ત મનમુખી થઈ દેવ, આચાર્ય, સત્સંગને ઘસારો આવે એવું કંઈ ન કરે, આ બાપાશ્રીના હંમેશના ઉપદેશમાંનું નવનીત છે.

બાપાશ્રીનો મૂળથી જ એવો હેતુ છે જે વર્તન જેવું કોઈ બળવાન નથી. આથી તેમણે પ્રથમ તો પોતાનાં જે કહેવાતાં હતાં તેમને પહેલાં શુદ્ધ કર્યાં અને જડ-ચૈતન્ય માયાનાં ખરાં ત્યાગી બનાવ્યાં. તેમને સર્વોપરી શુદ્ધ નિશ્ચય કરાવી, આજ્ઞામાં દૃઢપણે વળગી રહેવાનો આગ્રહ રખાવી, દેવસેવા કરવાની દીક્ષા આપી. આવા એકાંતિક સંતો, સત્સંગીઓને પણ તેવી જ રીતના એકાંતિક બનાવવા લાગ્યા. આથી આપણે જોઈ શકીએ

છીએ કે અનાદિમુક્તરાજ બાપાશ્રીએ સત્સંગમાં આવી, શ્રીજીમહારાજે આત્યંતિક કલ્યાણનો જે અપૂર્વ ઉદ્યાન પૃથ્વી પર રચ્યો હતો, તેની શોભામાં શતગુણ વૃદ્ધિ કરી છે.

## શિષ્યવર્ગ અને તિરોધાનલીલા

અનાદિમુક્તરાજ અબજીબાપાશ્રીનો શિષ્યવર્ગ બહુ વિશાળ હતો. બાપાશ્રીના જોગ-સમાગમથી અનાદિમુક્તની સ્થિતિને પામી મૂર્તિના સુખભોક્તા થયેલા ઘણા સંત-હરિભક્તો હતા. આ દિવ્ય સમુદાયમાં અમદાવાદના સ. ગુ. સ્વામી દેવચરણદાસજી, મુકુંદજીવનદાસજી, ઘનશ્યામજીવનદાસજી, નારાયણસેવકદાસજી, કૃષ્ણજીવનદાસજી, વૃંદાવનદાસજી, ઈશ્વરચરણદાસજી, કૃષ્ણકેશવદાસજી, મુનિસ્વામી કેશવપ્રિયદાસજી, પૂ. હરિપ્રસાદદાસજી, શા. ધર્મસ્વરૂપદાસજી આદિ, મૂળીના સ.ગુ.સ્વામી હરિનારાયણદાસજી, બાલકૃષ્ણદાસજી, પૂ. ધર્મકિશોરદાસજી, ગુણાતીતદાસજી, શ્વતેવૈકુંઠદાસજી, ભગવત્સ્વરૂપદાસજી, દેવજીવનદાસજી, કૃષ્ણપ્રસાદદાસજી આદિ, વડતાલના સ.ગુ. પૂ.રઘુવીરચરણદાસજી આદિ તથા ભૂજના સ.ગુ. સ્વામી અક્ષરજીવનદાસજી, બ્ર. નિર્ગુણાનંદજી, મહાપુરુષદાસજી, ભક્તિપ્રિયદાસજી, શ્રીવલ્લભદાસજી, આદિ મોટા-મોટા સંતોનો સમાવેશ થાય છે. આવી જ રીતે મૂર્તિના દિવ્યસુખભોક્તા થયેલા હરિભક્તોનો સમૂહ તો અતિ વિશાળ હતો એમના અંગેની વિસ્તૃત માહિતી વાચક વર્ગને સ.ગુ. મુનિસ્વામીશ્રી કેશવપ્રિયદાસજી તથા મુક્તરાજ સોમચંદભાઈ રચિત અબજીબાપાશ્રીના જીવનવૃત્તાંતના ગ્રંથોમાંથી મળી રહેશે. ઉપરોક્ત મોટા-મોટા સંત-હરિભક્તો બાપાશ્રીનાં દર્શન-સમાગમ કરવા માટે અવારનવાર વૃષપુર આવતા અને બાપાશ્રીના સાન્નિધ્યમાં રહી અહોનિશ કથાવાર્તા-ધ્યાનભજન કરતા. બાપાશ્રી પણ એમને આગ્રહ કરી પોતાની પાસે રાખી શ્રીહરિજીની મૂર્તિના દિવ્યસુખના આનંદનો અનુભવ કરાવતા. એ સૌ બાપાશ્રીને પોતાના જ્ઞાનગુરુ તરીકે માનતા.

આમ, પૃથ્વી પર પધારી પોતાના સ્વામીનો દિગ્વિજય કરતા અનાદિમુક્તરાજ અબજીબાપાશ્રીએ કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, વગેરે પ્રદેશોમાં વિચરી અનેક મુમુક્ષુઓને શ્રીહરિજીની મૂર્તિમાં જોડવાનું અખંડિત સદાવ્રત બહુ જ સુંદર રીતે ચલાવ્યું. તેમના પ્રધાન શિષ્ય સ. ગુ. સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજીએ પણ તે જ પ્રમાણે સદાવ્રત ચાલુ રાખવા અપૂર્વ 'રહસ્યાર્થ-પ્રદીપિકા ટીકા' નામનો દિવ્યગ્રંથ તેમની પાસેથી સંપાદન કરી સત્સંગ સમક્ષ સજીવન તીર્થરૂપે રજૂ કરી સત્સંગની મહાન અણમોલ દિવ્યસેવા કરી. આ સદ્‌ગુરુશ્રી તેમજ તેમના સમકાલીન સ.ગુ. વૃંદાવનદાસજી સ્વામીશ્રી એ બંનેએ બાપાશ્રીને પ્રેમથી વશ કરી લીધા હતા. બાપાશ્રીએ સં. ૧૯૭૪માં પોતાનાં ઘરબાર વગેરેની છેલ્લી વ્યવસ્થા કરી પોતાની જીવનલીલા સંકેલી લેવાનો સંકલ્પ કર્યો તે વખતે આ શિષ્યોની પ્રાર્થનાથી શ્રીહરિના સંકલ્પ અનુસાર બાપાશ્રીએ વધુ દસ વર્ષ દર્શન આપી સત્સંગનાં મોટાં મોટાં કાર્યો કર્યાં.

આવી રીતે અનાદિમુક્તરાજ અબજીબાપાશ્રી ૮૩ વર્ષ, ૭ માસ અને ૨૪ દિવસ આ પૃથ્વી ઉપર રહીને, અનેક મુમુક્ષુઓને શ્રીહરિજીના સુખમાં જોડી, સં. ૧૯૮૪ના અષાડ સુદ પાંચમ ને શુક્રવારને દિવસે પોતે દેહોત્સર્ગલીલા કરી.

## મંગલાચરણ

સુનીશારં સાંર સુચિકનકબુટ્ટં પરિદધન્નિચોલં કૌસુંભં કટીતટપટં ચારૂણરૂચિમ્ ।
બહુન્હારાન્હૈમાન્ વરવલયકેયૂરમુકુટાન્ હસદ્ વક્ત્રેન્દુર્મે દ્દિશ જયતુ નારાયણમુનિઃ ॥૧॥

ય ઈશોઽપિસ્વેચ્છા ધૃતનૃતનુરાનન્દ નિલયઃ કૃપાસિંધુર્બુધુર્ભવજલનિધૌ દુઃખિતનૃણામ્ ।
સકામૈર્નિષ્કામૈરપિ સુરનરૈઃ સેવ્યચરણં નમામ્યાઽઽત્માનં તમહમિહ નારાયણમુનિમ્ ॥૨॥

સ્વભક્તવૃન્દપાલિનં મણીંદ્રમાલ્યમાલિનં વિમુક્તસંઘશાલિનં સ્વશક્તિયુક્તલાલિનમ્ ।
ક્ષમાદયાદિમાલિનં વિનાશિતાઘજાલિનં ભવંતમાર્ત્તિકંદનં ભજામિધર્મનંદનમ્ ॥૩॥

યઃ સ્વેષ્ટદેવ ભગવત્યનુરુક્તચેતાઃ બ્રહ્મસ્થિતિં હૃધિગતોઽતિ વિરક્તિયુક્તઃ ।
શાંતં સતાં ગુરૂમુદારવિશુદ્ધબોધં તં સુવ્રતં મુનિમહં પ્રણમામ્યજસ્ત્રમ્ ॥૪॥

નારાયણો નીલકંઠ સ્વામિનારાયણો હરિઃ । હરિકૃષ્ણશ્ચ સહજાનંદઃ કૃષ્ણોઽસ્તુ મે હૃદિ ॥૫॥
શ્રૂયતાં દેવદેવેશ સ્વામિનારાયણપ્રભો । ત્વદોયેનાવધાનેન કથયિષ્યે શુભાઃ કથાઃ ॥૬॥

## અવતારી શ્રી અક્ષરાધિપતિ પુરુષોત્તમના પ્રગટ થવાના છ હેતુ

સભાયાં મહાવલ્ગુસિંહાસનસ્થં સુગન્ધાન્ બહુન્ પુષ્પહારાન્ દધાનમ્ ।
અનેકાર્કચન્દ્રાગ્ન્યતિ સ્વચ્છકાન્તિં શરચ્ચન્દ્ર દિવ્યામ્બરં નૌમિ ધાર્મિમ્ ॥૧॥

સ્મારં સ્મારં શ્રીસહજાનન્દપદં શ્રીસ્વામિબ્રહ્માનન્દમુનિપ્રોક્તસુખાશ્ચ ।
અસ્મિલ્લોકે ધર્મસુતસ્યાગમને યે ષટ્સંખ્યાનેતાન્ વરહેતૂન્ પ્રવદામિ ॥૨॥

પ્રભો પ્રેમવન્તઃ પરૈકાન્તિકાયે જના વૈષ્ણવાઃ સન્તિ તેષાં સુખાય ।
તદિચ્છાપ્રપૂર્ણાય તલ્લાલનાયાઽક્ષરાદાગતસ્તત્ર હેતુઃ પરોઽયમ્ ॥૩॥

અધર્મ્યાસુરક્લેશગૌ ભક્તિધર્મૌ તયોરક્ષણાય પ્રવૃત્યૈ પૃથિવ્યામ્ ।
સ્વયં કોશલચ્છુપ્પયોધામધર્મા-લયે જન્મ જગ્રાહ હેતુર્દ્વિતીયઃ ॥૪॥

સદા સ્વાક્ષરસ્થાઽવતારીપ્રભુ-ર્યઃ સ સર્વોપરી જ્ઞાનમસ્તિ સ્વકીયમ્ ।
નિજોપાસનાયાપ્રથિવ્યાં પ્રવૃત્યૈ તયોરાગતો હેતુરૂક્તસ્તુતીયઃ ॥૫॥

સ્વકીયાવતારાસ્તદીયાશ્ચભક્તા નિજોપાસનાં જ્ઞાનમાબોધ્ય તેષામ્ ।
તથૈતાન્સ્વધામાઽધિનેતું વિચિન્ત્યાઽઽગતઃ શ્રીહરિર્હેતુરૂક્તશ્ચતુર્થઃ ॥૬॥

ચિરાન્નષ્ટ એકાન્તિકો ધર્મ ઉર્વ્યાં સ તત્સ્થાપનાયાઽસતાં નિગ્રહાય ।
સદૈકાન્તિકાનાં સતાં રક્ષણાયાઽઽગતઃ શ્રીહરિઃ પચમો હેતુરૂક્તઃ ॥૭॥

સ્વયં પૂર્વજીવાન્મુમુક્ષૂન્નિજોપાસના-જ્ઞાનામાબોધ્ય નેતું સ્વધામ ।
તથા સ્વસ્વભક્તા-શ્રયેણાપિ કર્તું મુમુક્ષૂન્નવાનાગતઃ ષષ્ઠ હેતુઃ ॥૮॥

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

પ્ર. બા.

# શ્રીજીમહારાજના વચનામૃતનો પરથારો

## પ્રથમ પ્રકરણ પ્રારંભ

પાતું ધર્મમધર્મભુત્જનયિતું શ્રીભક્તિ ધર્માઽગતો
જાતાયોત્તરકોશલેષુ દયયા સર્વેશ્વરેશાય ચ ।
તૃપ્તિં વાક્યસુધારાસૈર્વિદધતે નૈજૈર્નિજાનાં મુહુઃ
તસ્મૈ શ્રીહરયેઽનમોસ્તુ સહજાનંદાય સદ્વર્ણિને ॥૧॥

જ્ઞાનેન ધર્મેણ યુતાં વિરક્ત્યા માહાત્મ્યબોધેન ચ યો નિજસ્ય ।
પ્રવર્તયામાસ ભુવિ સ્વભક્તિં સ શ્રીહરિર્નોઽસ્તુ મતિપ્રદાતા ॥૨॥

અજ્ઞાન સંજ્ઞં ગહનાંધકારં નિજાશ્રિતસ્વાન્તગુહાગતં યઃ ।
અપાહરજ્જ્ઞાનદિવાકરઃ શ્રી ધર્માઙ્ગજન્મા જયતિ પ્રભુઃ સઃ ॥૩॥

પ્રોક્તાનિ યાનીહ વચોઽમૃતાનિ શ્રીસ્વામિના તેન નિજાશ્રિતેભ્યઃ ।
તેષાં લિખામઃ કતિચિત્તદીપ તુષ્ટ્યૈ યથા બુદ્ધિ યથા શ્રુતં ચ ॥૪॥

તત્રાદૌ શ્રીહરેસ્તસ્ય જન્માદિ ચરિતં શુભં ।
કથયામઃ સમાસેન દીયાનંદદાયકમ્ ॥૫॥

શ્રી ગોલોકના મધ્યને વિષે ભગવાનનું અક્ષરધામ છે, તે કેવું છે તો કોટી કોટી સૂર્ય, ચંદ્ર ને અગ્નિ તે સરખું પ્રકાશમાન છે, ને દિવ્ય છે, ને અત્યંત શ્વેત છે, ને સચ્ચિદાનંદરૂપ છે, અને જેને બ્રહ્મપુર કહે છે, અમૃતધામ કહે છે, પરમપદ કહે છે, અનંત અપાર કહે છે, બ્રહ્મ કહે છે, ચિદાકાશ કહે છે. **(૧)** ૧

એવું જે એ અક્ષરધામ તેને વિષે શ્રીકૃષ્ણ ભગવાન જે તે સદાય વિરાજમાન છે, તે કેવા છે તો જેને પુરુષોત્તમ કહે છે, વાસુદેવ કહે છે, નારાયણ કહે છે, પરમાત્મા કહે છે, બ્રહ્મ કહે છે, પરબ્રહ્મ કહે છે, ઈશ્વર કહે છે, પરમેશ્વર કહે છે, વિષ્ણુ કહે છે. અને વળી તે ભગવાન કેવા છે તો ક્ષર-અક્ષરથકી પર છે, સર્વજ્ઞ છે, સર્વકર્તા છે, સર્વના નિયંતા છે, સર્વના અંતર્યામી છે, સર્વ કારણના કારણ છે, નિર્ગુણ છે, સ્વપ્રકાશ છે, સ્વતંત્ર અને બ્રહ્મરૂપ એવા જે અનંતકોટી મુક્ત, તેમને ઉપાસના કરવા યોગ્ય છે, અને અનંતકોટી બ્રહ્માંડની જે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય, તે રૂપ છે લીલા જેમની એવા છે, અને પ્રકૃતિપુરુષ, કાળ, પ્રધાનપુરુષ ને મહત્તત્ત્વાદિક એ જે પોતાની શક્તિઓ તેના પ્રેરક છે, અને અનંતકોટી બ્રહ્માંડના રાજાધિરાજ છે, સદાય કિશોર મૂર્તિ છે, ને કોટી કોટી કંદર્પ સરખા સુંદર છે, ને નવીન મેઘ સરખો શ્યામ છે વર્ણ જેમનો એવા છે, અને અમૂલ્ય ને દિવ્ય એવાં જે નાના પ્રકારનાં વસ્ત્ર ને આભૂષણ તેણે યુક્ત છે, અને કાનને વિષે મકરાકાર કુંડળ ધરી રહ્યા છે, ને મસ્તકને વિષે નાના પ્રકારના રત્ને જડિત એવો મુગટ તેને ધરી રહ્યા છે, અને શરદઋતુનું જે કમળ તેની પાંખડી સરખાં અણિયાળાં છે નેત્રકમળ જેમનાં એવા છે, અને રૂડું એવું જે સુગંધીમાન ચંદન તેણે કરીને ચર્ચ્યાં છે અંગ જેમનાં એવા છે, અને મધુરે સ્વરે કરીને વેણુને વજાડે છે અને રાધિકાજી ને લક્ષ્મીજી તેમણે પૂજ્યા છે અને મૂર્તિમાન એવાં જે સુદર્શનાદિક આયુધ તથા નંદ, સુનંદ ને શ્રીદામાદિક જે અસંખ્ય પાર્ષદ તેમણે સેવ્યા છે, અને કોટી

કોટી સૂર્ય-ચંદ્ર સરખા પ્રકાશે યુક્ત છે મૂર્તિ જેમની એવા છે અને અનંતકોટી એવા જે કલ્યાણકારી ગુણ તેણે યુક્ત છે અને ધર્મ, જ્ઞાન ને વૈરાગ્યાદિક જે ઐશ્વર્ય તથા અણિમાદિક જે સિદ્ધિઓ તેમણે સેવ્યાં છે ચરણકમળ જેમનાં એવા છે, અને મૂર્તિમાન એવા જે ચાર વેદ તેમણે સ્તુતિને કર્યા છે, અને વાસુદેવાદિક જે ચતુર્વ્યૂહ, તથા કેશવાદિક જે ચોવીશ મૂર્તિઓ તથા વારાહાદિક અવતાર એ સર્વના ધરનારા છે. એવા જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન તે જે તે આ જે પોતાનું સમગ્ર ઐશ્વર્ય તેણે યુક્ત થકા પૃથ્વીને વિષે એકાંતિક ધર્મને પ્રવર્તાવવાને અર્થે શ્રી નરનારાયણ ઋષિને રૂપે કરીને પ્રથમ ધર્મદેવ થકી મૂર્તિને વિષે પ્રગટ થતા હવા, અને પછી શ્રી નરનારાયણ જે તે પૃથ્વીને વિષે મનુષ્ય જે તેમના કલ્યાણને અર્થે તપ કરવા સારુ ધર્મના આશ્રમ થકી બદરિકાશ્રમ પ્રત્યે જતા હવા, અને તે બદરિકાશ્રમને વિષે સનાતન એવા ને લોકોના સ્વામી એવા ને અતિશે કૃશ એવા, ને નાડીએ કરીને વ્યાપ્ત છે શરીર જેમનું એવા, ને પોતાનું જે તેજ તેણે કરીને દેવતા જે તેમણે પણ દુઃખે કરીને દર્શન કરવા યોગ્ય એવા, ને મુનિનાં છે રૂપ જેમનાં એવા, ને પરમ ઉદાર એવા, ને ભરતખંડની સમગ્ર જે પ્રજા તેને સુખના દેનારા એવા, ને અતિશે દયાળુ એવા જે શ્રી નરનારાયણ તે જે તે અતિશે ઉગ્ર એવું જે તપ તેને કરીને, તે તપનું જે ફળ તેને સમગ્ર એવી જે ભરતખંડની પ્રજા તેને આપે છે, અને વળી તેના તે જ સમગ્ર એવું જે જગત તેના આધાર એવા જે શ્રી નરનારાયણ તે જે તે પૃથ્વીનો જે ભાર તેને ઉતારવાને અર્થે દ્વાપર ને કળિની સંધિને વિષે યદુકુળ ને કુરુકુળને વિષે પ્રગટ થતા હવા. તેમાં નારાયણ જે તે મથુરાને વિષે વસુદેવ થકી દેવકીને વિષે પ્રગટ થયા, અને નર જે તે કુરુકુળને વિષે પ્રગટ થયા, અને એ બે ભાઈ જે તે પૃથ્વીનો ભાર ઉતારીને ભક્તજનને મનવાંછિત એવાં જે સુખ તેને દેતા હવા, અને વળી તેના તે જ નરનારાયણ જે તે પોતાના એકાંતિક ભક્ત જે, ધર્મ, ભક્તિ ને મરીચ્યાદિક ઋષિ તેમની રક્ષા કરવાને અર્થે, ને તેમને સુખ આપવાને અર્થે, અને અનેક જીવોના કલ્યાણ કરવાને અર્થે, અને અધર્મનો ઉચ્છેદ કરવાને અર્થે કોશળ દેશને વિષે પ્રગટ થતા હવા. (૨) ૨

હવે એ નારાયણ ઋષિ જેવી રીતે પ્રગટ થયા છે તે સંક્ષેપે કરીને કહીએ છીએ. એક સમયે મરીચ્યાદિક ઋષિ જે તે બદરિકાશ્રમને વિષે નરનારાયણ ભગવાનનાં દર્શન કરવા સારુ આવતા હવા. તે વાતને સાંભળીને ધર્મદેવ પણ પોતાની સ્ત્રી જે મૂર્તિ તેણે સહિત થકા, શ્રી નરનારાયણનાં દર્શન કરવા આવ્યા પછી તે ઋષિની સભાને વિષે ઉદ્ધવે સહિત બેઠા એવા જે શ્રી નરનારાયણ ઋષિ તેનું દર્શન કરીને શ્રી નરનારાયણે માન્યા થકા ધર્મદેવ જે તે, તે સભાને વિષે બેસતા હવા, અને મરીચ્યાદિક ઋષિએ શ્રી નરનારાયણ ઋષિ આગળ પ્રથમ કરી હતી જે ભરતખંડના વૃત્તાંતની વાર્તા તેને શ્રીનરનારાયણ ઋષિના મુખારવિંદ થકી એકાગ્રચિત્ત થઈને ધર્મદેવ જે તે સાંભળતા હતા, તથા તે ઋષિ ને ઉદ્ધવ તે પણ તે વાર્તાને એકાગ્રચિત્ત થઈને સાંભળતા હતા, તે સમયમાં કૈલાસ પર્વત થકી દુર્વાસા ઋષિ જે તે શ્રી નરનારાયણ ઋષિને દર્શને આવ્યા તેનું કોઈથી સન્માન થયું નહિ. માટે તે દુર્વાસા ઋષિ તો એ ધર્માદિક સર્વેને શાપ દેતા હવા જે, મારા અપમાનના કરનારા જે તમે સર્વે તે ભરતખંડને વિષે મનુષ્યપણાને પામો, ને ત્યાં અસુર થકી અપમાન ને કષ્ટને પામો, એવા શાપને સાંભળીને ધર્મદેવે ઘણી પ્રકારના વિનયયુક્ત વચને કરીને શાંતિ પમાડ્યા, એવા જે દુર્વાસા ઋષિ તે બોલ્યા જે, તમે સર્વે શ્રી નારાયણ ઋષિની વાર્તા સાંભળવાને વિષે આસક્ત હતા માટે મને ન દેખ્યો ને મારું સન્માન ન થયું, એની મને ખબર નહોતી તે સારુ મેં તમને શાપ દીધો પણ તે મારો શાપ તો નિવારણ નહિ થાય પણ તે શાપ ભેળો હું તમને અનુગ્રહ કરું છું જે, હે ધર્મદેવ ! તમે ને આ તમારી સ્ત્રી મૂર્તિ તે બ્રાહ્મણના કુળને વિષે મનુષ્યદેહ ધરશો, ને ત્યાં આ શ્રી નારાયણ ઋષિ જે તે તમારા પુત્ર થશે, તે તમને ને આ ઋષિઓને મારા શાપ થકી મુકાવશે ને અસુરના કષ્ટ થકી તમારી સર્વેની રક્ષા કરશે, એમ કહીને દુર્વાસા ઋષિ તો પાછા કૈલાસ પર્વતમાં ગયા.

પછી શ્રી નારાયણ ઋષિ જે તે ધર્માદિક સર્વે પ્રત્યે બોલતા હવા જે, અપરાધ વિના જે આ શાપ તમને થયો

તેને જો હું ટાળવાને ઇચ્છું તો હું સમર્થ છું, તે ટળી જાય પણ હમણાં ભરતખંડને વિષે કળિયુગના બળને પામીને અધર્મ ને અસુર તે બહુ વૃદ્ધિને પામ્યા છે તેમના નાશને અર્થે મારી ઇચ્છાએ કરીને જ એ શાપ થયો છે તે મેં અંગીકાર કર્યો છે. માટે હે ધર્મદેવ ! હું જે તે હરિકૃષ્ણ નામે કરીને તમારો પુત્ર થઈને તે અસુરનો ને અધર્મનો નાશ કરીશ, ને તમારી સર્વેની રક્ષા કરીશ, ને પૃથ્વીને વિષે એકાંતિક ધર્મને પ્રવર્તાવીશ, માટે તમે કાંઈ ચિંતા રાખશો મા ને પૃથ્વીને વિષે સર્વે મનુષ્યદેહને ધારો. એવાં વચન સાંભળીને શ્રી નારાયણ ઋષિને નમસ્કાર કરીને ધર્માદિક સર્વે જે તે મનુષ્યદેહ ધરવાને અર્થે પૃથ્વી પ્રત્યે જતા હવા. **(૩)** ૩

ને હવે ધર્મ ને મૂર્તિ જેવી રીતે પ્રગટ થયાં છે તે કહીએ છીએ. જે કોશળ દેશને વિષે ઈટાર નામે પુર છે તેમાં સરવરિયા બ્રાહ્મણ સામવેદી પાંડે બાળશર્મા નામે હતા તે થકી ભાગ્યવતી નામે જે તેની પત્ની તેને વિષે ધર્મદેવ જે તે સંવત ૧૭૯૬ સત્તરસો ને છન્નુંના કાર્તિક સુદિ ૧૧ એકાદશીને દિવસે મધ્યાહ્ન પછી પ્રગટ થતા હવા, અને પિતા જે તે વિધિએ કરીને તેમના જાત-કર્માદિક સંસ્કારને કરતા હવા, ને બારમે દિવસે દેવશર્મા એવું નામ ધરતા હવા. અને તે કોશળ દેશને વિષે જ છપૈયા નામે ગામમાં ત્રવાડી કૃષ્ણશર્મા નામે બ્રાહ્મણ તે થકી ભવાની નામે જે તેની પત્ની તેને વિષે મૂર્તિ જે તે સંવત ૧૭૯૮ સત્તરસો અઠ્ઠાણુંના કાર્તિક સુદિ ૧૫ પૂનમને દિવસે સાયંકાળે પ્રગટ થતા હવા. તે પછી દિવસે દિવસે મોટા થયા ને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ અતિશે કરવા લાગ્યા માટે 'ભક્તિ' એવા નામને પામતા હવા. પછી એ ભક્તિના પિતા કૃષ્ણશર્મા તે જે તે પોતાની પુત્રી જે ભક્તિ તેનો ધર્મના અવતાર જે દેવશર્મા તે સાથે યથાવિધિ વિવાહ કરતા હવા, ને એ જે પોતાના જમાઈ તેણે પોતાના ગામમાં પોતાને ઘેર રાખતા હવા. પછી તે દેવશર્મા જે તે ભક્તિ જે પોતાની પત્ની તેણે સહિત ગૃહસ્થાશ્રમના જે ધર્મ તેણે આશરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરતાં હવા અને પોતે ધર્મને વિષે અતિ દૃઢપણે વર્ત્યા તેને જોઈને સર્વે લોક જે તે 'ધર્મ' એવે નામે કરીને જ બોલાવતા હવા. પછી એ ધર્મભક્તિને અસુરથકી અતિશે કષ્ટ થયું. તેના નિવારણને અર્થે તે ધર્મભક્તિ જે તે વૃન્દાવનમાં જઈને મરીચ્યાદિક ઋષિએ યુક્ત થકાં શ્રીકૃષ્ણ ભગવાનની આરાધના કરતા હવા. તેણે કરીને તે ભગવાન એમની ઉપર પ્રસન્ન થયા ને પોતાના અક્ષરધામમાં જેવા પોતે સદા વિરાજમાન છે તેવું પોતાનું દર્શન આપીને ધર્મભક્તિ પ્રત્યે બોલતા હવા જે, હે ધર્મભક્તિ ! તમને કષ્ટના દેનારા જે અસુર તેમને પૂર્વે મેં કૃષ્ણાવતારને વિષે માર્યા હતા તે મારા ઉપર એમને વૈર છે, માટે તમને મારા જાણીને પીડે છે. તે અસુરના નાશને અર્થે હું જે તે નારાયણ ઋષિરૂપે તમ થકી પ્રગટ થઈને, હરિકૃષ્ણ નામે વિખ્યાત થઈશ, ને તમારી ને ઋષિની અસુરના કષ્ટ થકી રક્ષા કરીશ, ને તમને દુર્વાસાનો શાપ થયો છે તે ભેળો મને પણ શાપ થયો છે; માટે તમને તે શાપ થકી મુકાવીશ ને અસુરનો ને અધર્મનો ઉચ્છેદ કરીશ, ને પૃથ્વીને વિષે એકાંતિક ધર્મ પ્રવર્તાવીશ. એમ કહીને શ્રીકૃષ્ણ ભગવાન જે તે અંતર્ધાન થઈ જતા હવા. પછી ધર્મભક્તિ અતિ આનંદને પામીને ત્યાંથી પાછા પોતાને ગામ આવીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિને કરતા હવા અને એવી રીતે એ ધર્મને ભગવાન પ્રસન્ન થયા માટે સર્વે જન જે તેમને 'હરિપ્રસાદ' નામે કરીને બોલવતા હવા. **(૪)** ૪

પછી કરુણાનિધિ એવા ને ભગવાન કહેતાં સમર્થ એવા જે શ્રી નરનારાયણ તે જે તે જીવ જે તેમના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે મનુષ્યપણાને અંગીકાર કરવાને જ્યારે ઇચ્છતા હવા ત્યારે નરનારાયણ એવા જે એ ભગવાન તે જે તે પોતાની ઇચ્છાએ કરીને ધર્મના હૃદયકમળને વિષે વિરાજમાન થતા હવા. પછી કેટલાક માસ ગયા કેડે તે હરિપ્રસાદજી થકી ભક્તિને વિષે શ્રી પુરુષોત્તમ એવા જે નારાયણ મુનિ જે તે સંવત ૧૮૩૭ અઢારસો ને સાડત્રીશના ચૈત્ર સુદિ નવમીની રાત્રિ દશ ઘડી ગઈ ત્યારે પ્રગટ થતા હવા. તે સમયમાં હરિપ્રસાદજીના ઘરને વિષે મોટો ઉત્સવ થતો હવો. અને ઇન્દ્રાદિક દેવ જે તે જય જય શબ્દને કરતા થકા તે દુંદુભિને વજાડતા થકા,

પુષ્પનો વરસાદ કરતા હવા અને અપ્સરાઉં જે તે નૃત્ય કરતી હવી ને ગંધર્વ જે તે ગાન કરતા હવા, અને મુનિ જે તે આશીર્વાદ દેતા હવા, અને દેવતા ને સાધુનાં જે મન તે અતિ પ્રસન્ન થતાં હવાં, અને અસુરનાં જે મન તે તત્કાળ ત્રાસને પામતાં હવાં, અને તે ગામમાં રહેનારી જે સ્ત્રીઓ તે મંગળ ગાતી હવી ને બાળરૂપ એવા જે હરિ તેને આશિષ દેતી હવી અને તે સમયને વિષે મંદ સુગંધ ને શીતળ એવા જે વાયુ તે વાતા હવા અને તારાગણે સહિત આકાશ જે તે અતિશય નિર્મળ થતો હવો, અને તે શ્રીહરિના જન્મથી તે છપૈયાપુર અક્ષરધામ તુલ્ય થતું હવું, તે વાર પછી તે હરિપ્રસાદજી જે તે, તે પોતાના પુત્રનું જે જાતકર્મ તે બ્રાહ્મણ પાસે યથાવિધિ કરાવીને બ્રાહ્મણને ઘણીક પ્રકારનાં દાન આપતાં હવાં. પછી જન્મથી છઠ્ઠા દિવસને વિષે કોટરા આદિક બાળગ્રહ જે તે બાળસ્વરૂપ એવા જે ભગવાન તેમને મારવા સારુ આવ્યા, તેને ભગવાન જે તે પોતાની દૃષ્ટિમાત્રે કરીને બાળીને ભગાવી દેતા હવા. પછી ભગવાન સવા ત્રણ મહિનાના થયા ત્યારે માર્કંડેય ઋષિ જે તે બ્રાહ્મણને વેષે તે હરિપ્રસાદજીને ઘેર આવતા હવા. ત્યારે હરિપ્રસાદજી જે તે, તે ઋષિનું અતિશે સન્માન કરીને તેમને જ્યોતિષી જાણીને કહેતા હવા જે, તમે અમારા પુત્રનું નામકરણ કરો, પછી તે ઋષિ જે તે રાજી થઈને નામકરણ કરતા થકા બોલ્યા જે, હે હરિપ્રસાદજી ! આ તમારા પુત્ર જે તે તમારી સર્વે આપદાને હરશે, તથા જે જન એમના આશ્રિત થશે તેમની સર્વ આપદાને હરશે અને કર્કરાશિને વિષે એમનો જન્મ છે માટે એમનું 'હરિ' એવું નામ થશે, અને વળી આ જે તમારા પુત્ર તેમના દેહનો કૃષ્ણવર્ણ છે તથા પોતાના આશ્રિત જનનાં જે મન તેને પોતાની મૂર્તિને વિષે તાણી લેશે તથા ચૈત્ર માસમાં જન્મ છે માટે 'કૃષ્ણ' એવે નામે વિખ્યાત થશે, અને એ બે નામ નોખાં નોખાં છે તો પણ એ બે ભેળાં મળીને 'હરિકૃષ્ણ' એવું ત્રીજું નામ પણ થશે અને આ તમારા પુત્ર જે તે ત્યાગ, જ્ઞાન, તપ, ધર્મ ને યોગ એ પાંચ ગુણે કરીને તો શિવજી જેવા થશે માટે 'નીલકંઠ' એવે નામે કરીને લોકને વિષે પ્રસિદ્ધ થશે અને આ જે તમારા પુત્ર તેમના હાથને વિષે પદ્મનું ચિહ્ન છે તથા પગને વિષે વજ્ર, ઊર્ધ્વરેખા ને કમળ તેનાં ચિહ્ન છે તે માટે આ તમારા પુત્ર જે તે લક્ષાવધિ મનુષ્યના નિયંતા થશે, અને આ તમારા પુત્ર જે તે કલ્યાણકારી એવા અનંતગુણે યુક્ત થશે ને તમારી સમગ્ર કષ્ટ થકી રક્ષા કરશે. એમ કહીને વિરામ પામ્યા એવા જે માર્કંડેય ઋષિ તેને હરિપ્રસાદજી જે તે ઘણીક દક્ષિણા ને ભારે ભારે નવાં વસ્ત્ર ને આભૂષણ તે આપતાં હવાં. પછી તે ઋષિ જે તે એક દિવસ ત્યાં રહીને પ્રયાગતીર્થની યાત્રા કરવા સારુ ચાલી નીસરતા હવા અને તે પછી તે હરિપ્રસાદજી ને ભક્તિમાતા જે તે પોતાના પુત્રના ગુણને સાંભળીને બહુ પ્રસન્ન થતાં હવાં. પછી તે શ્રીહરિ જે તે પોતાની બાળલીલાએ કરીને પોતાનાં માતા-પિતાને ને સંબંધી જનને બહુ આનંદ ઉપજાવતા થકા બાળચંદ્રની પેઠે વૃદ્ધિને પામતા હવા. અને તે પછી હરિપ્રસાદજી જે તે પોતાના પુત્રને પાંચમે મહિને પ્રથમ પૃથ્વી ઉપર બેસારતા હવા અને સાતમે મહિને કાનને વીંધાવતા હવા. તથા એ સાતમા મહિનાને વિષે જ પ્રથમ અન્ન જમવા શીખવતા હવા અને ત્રીજું વરસ બેઠું ત્યારે ચૌળસંસ્કાર જે ગર્ભના કેશ ઉતરાવવા તે કરાવતા હવા, અને એ જ દિવસે માયાવી એવો જે કાળીદત્ત નામે અસુર તે ભગવાનને મારવાને આવ્યો તેને ભગવાને પોતાની દૃષ્ટિએ કરીને મોહ પમાડ્યો, તે વૃક્ષોને વિષે અથડાઈ અથડાઈને મરી જાતો હવો, અને તે પછી હરિપ્રસાદજી જે તે અસુરના ઉપદ્રવ થકી છપૈયા ગામનો ત્યાગ કરીને પોતાના કુટુંબે સહિત થકા અયોધ્યાપુરીમાં નિવાસ કરીને રહેતા હવા, અને પછી હરિપ્રસાદજી જે તે પોતાના પુત્રને પાંચમા વર્ષને વિષે પ્રથમ અક્ષર ભણવા શીખવતા હવા અને આઠમા વર્ષને વિષે ભારે ભારે સામગ્રીઓ ભેગી કરીને પોતાના પુત્રને યજ્ઞોપવીત દેતા હવા અને તે શ્રીહરિ જે તે પોતાના પિતા થકી યજ્ઞોપવીતને પામીને નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મને વિષે રહ્યા થકા વેદાધ્યયનને કરતા હવા, અને પોતાના પિતા પાસે વેદશાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ, ધર્મશાસ્ત્ર, એ સર્વે ગ્રંથનું પોતે અધ્યયન કરીને તથા શ્રવણ કરીને તે સર્વેનું જે રહસ્ય તેને યથાર્થ જાણતા હવા અને એ સર્વેમાંથી પોતે

ચાર સાર કાઢતા હવા; તેમાં શ્રીમદ્‌ભાગવત પુરાણ થકી તો પંચમસ્કંધ ને દશમસ્કંધ એ સાર કાઢ્યો તથા સ્કંદપુરાણ થકી વાસુદેવ માહાત્મ્ય એ સાર કાઢ્યો તથા ઈતિહાસ જે મહાભારત તે થકી ભગવદ્‌ગીતા, વિદુરનીતિ, ને વિષ્ણુસહસ્રનામ એ સાર કાઢ્યો તથા સર્વે ધર્મશાસ્ત્ર થકી યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ એ સાર કાઢ્યો. એવી રીતે ચાર સાર કાઢીને તેનો ગુટકો લખાવીને પોતાની પાસે નિત્યે રાખતા હવા. **(૫)** ૫

પછી તે શ્રીહરિ જે તે જન્મ થકી અગિયાર વર્ષના થયા ત્યારે પોતાની માતા જે ભક્તિ તેને ધર્મ, જ્ઞાન ને વૈરાગ્યે સહિત એવી જે ભક્તિ તેનો ઉપદેશ કરીને દિવ્ય ગતિને આપતા હવા ને દુર્વાસાના શાપ થકી મુકાવતા હવા, અને તે પછી કેટલાક માસ ગયા તે કેડે તે શ્રીહરિ જે તે પોતાના પિતા જે હરિપ્રસાદજી તેમને પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપીને દિવ્ય ગતિને પમાડતા હવા, ને દુર્વાસાના શાપ થકી મુકાવતા હવા, અને એવી રીતે ભક્તિ-ધર્મ જે તે દિવ્ય ગતિને પામીને પછી દિવ્ય દેહે કરીને નિરંતર તે શ્રીહરિની પાસે રહેતા હવા. **(૬)** ૬

તે વાર પછી તે શ્રીહરિ જે તે પોતાનાં જે સંબંધી તેમને પૂછ્યા વિના જ નિત્યસ્નાનને મિષે કરીને તીવ્ર વૈરાગ્યના વેગ થકી પોતાના ઘરનો ત્યાગ કરીને પોતે એકલા જ ઉત્તર દિશાને વિષે તપ કરવા સારુ ચાલી નીસરતા હવા. તે પોતે કેવા છે તો બહિર્વાસે સહિત જે કૌપીન તેને ધારી રહ્યા છે ને મૃગચર્મ ધાર્યું છે ને પળાશનો દંડ ધાર્યો છે; અને શ્વેત એવું જે યજ્ઞોપવીત તેને ધાર્યું છે; ને કંઠને તુલસીની બેવડી માળા ધારી છે, ને ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર તિલકનું ચિહ્ન તે ધાર્યું છે, ને મસ્તક ઉપર જટાને ધારી રહ્યા છે, ને કેડ્યને વિષે મુંજની મેખળા ધારી છે, ને હાથને વિષે જપમાળા, કમંડળુ, ભિક્ષાપાત્ર ને જળગરણું એટલાં વાનાંને ધારી રહ્યા છે, ને શાળગ્રામ ને બાળમુકુંદનો જે બટુવો તેને ગળાને વિષે ધારી રહ્યા છે, ને ચાર સારનો જે ગુટકો તેને ખભાને વિષે ધારી રહ્યા છે, એવા વેષને ધરતા થકા શ્રી નીલકંઠ બ્રહ્મચારી જે તે સરયૂ નદીને તરીને ઉત્તર દિશામાં જતા હવા. તે ચાલતે ચાલતે કેટલેક દિવસે કરીને હિમાળા પર્વતની તળેટીમાં જે એક મહામોટું વન આવ્યું તેને પામતા હવા. પછી ત્યાંથી ચાલ્યા તે કેટલેક દિવસે કરીને હિમાળા પર્વતને પામ્યા, ને તે પર્વતને વિષે ચાલતા થકા કેટલેક દિવસે કરીને મુક્તનાથ પ્રત્યે આવીને ઉગ્ર તપ કર્યું, ને તે તપે કરીને સૂર્યનારાયણને પ્રસન્ન કરતા હવા અને ત્યાં કેટલાક માસ રહીને પછી ત્યાંથી દક્ષિણ દિશામાં ચાલ્યા તે હિમાળા પર્વતની તળેટીમાં એક મહાઘોર વન આવ્યું તેને વિષે બાર માસ સુધી વિચરતા હવા. પછી શ્રી નીલકંઠ બ્રહ્મચારી જે તે, તે વનને વિષે વડના વૃક્ષ તળે બેઠા ને તપને કરતા એવા જે ગોપાળયોગી તેને દેખતા હવા, ને તે યોગી પાસે રહીને અષ્ટાંગ યોગને શીખતા થકા એક વરસ સુધી રહ્યા, ને તે યોગીને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને સિદ્ધ ગતિને પમાડતા હવા. અને પછી ત્યાંથી ઉત્તર મુખે ચાલ્યા એવા જે શ્રી નીલકંઠ બ્રહ્મચારી તે જે તે આદિવારાહ નામે જે તીર્થ તેને પામ્યા અને ત્યાંથી ચાલ્યા તે બંગાળ દેશને વિષે સીરપુર નામે જે શહેર તેને પામતા હવા, અને તે શહેરનો રાજા સિદ્ધવલ્લભ નામે મહાધાર્મિક હતો તેણે પ્રાર્થનાને કર્યા એવા જે શ્રી નીલકંઠ બ્રહ્મચારી જે તે ચોમાસાના ચાર મહિના સુધી ત્યાં રહેતા હવા, અને તે શહેરને વિષે કાળી ને ભૈરવ તેના ઉપાસક ને સિદ્ધપણાનું છે અભિમાન જેને એવા જે અસુર તેના મદને હરતા હવા ને પોતાનો સેવક જે ગોપાળદાસ નામે સાધુ તેની અસુરના અભિચાર થકી પોતાને સામર્થ્યે કરીને રક્ષા કરતા હવા. અને વળી તે શહેરને વિષે વેદ-શાસ્ત્ર-પુરાણનો ભણેલો એવો તૈલંગ દેશનો કોઈક બ્રાહ્મણ હતો તેણે તે રાજા થકી હસ્તિ આદિકનું મહાદાન લીધું તેણે કરીને તે બ્રાહ્મણ ગૌરવર્ણ હતો પણ શ્યામવર્ણ થઈ ગયો. પછી તે બ્રાહ્મણ પોતાના પાપની શાંતિને અર્થે શ્રી નીલકંઠ બ્રહ્મચારીને શરણે આવ્યો, તેને પોતાના સામર્થ્યે કરીને તે પાપ થકી મુકાવ્યો ત્યારે કાળો મટીને પ્રથમના જેવો ગૌરવર્ણ થાતો હવો. પછી ત્યાંથી ચાલ્યા જે શ્રીહરિ તે જે તે કામાક્ષી દેવીને સમીપે કોઈક ગામ હતું તેને પામ્યા, ને તે ગામમાં મહાકાળીનો ઉપાસક એક બ્રાહ્મણ હતો તે પોતાના ગામમાં જે કોઈ સાધુ તથા બ્રાહ્મણ તીર્થવાસી આવે તેને અભિચારે કરીને જીતીને

પોતાના શિષ્ય કરે એવો અભિમાની હતો, તે બ્રાહ્મણ આવીને શ્રીહરિને ઉપર પોતાનું જંત્ર-મંત્ર-અભિચાર સંબંધી જે ઘણુંક સામર્થ્ય તેને કરતો હવો પણ તેણે કરીને પોતે કાંઈ પરાભવ પામ્યા નહિ ને પોતાના સામર્થ્યે કરીને તે બ્રાહ્મણનો સમગ્ર મદ ઉતારીને પોતાનો આશ્રિત કરતા હવા. પછી શ્રીહરિ જે તે ત્યાંથી ચાલ્યા થકા નવલખા પર્વતને પામ્યા, ને તે નવલખા પર્વતને વિષે નવ લાખ સિદ્ધનાં સ્થાનક છે ને નવ લાખ ઠેકાણે અગ્નિની જ્વાળા નીસરે છે તથા પાણીના કુંડ છે, તે પર્વતને વિષે રહ્યા જે સિદ્ધ તેમને પોતાનું દર્શન આપીને તે પર્વતથી ઊતર્યા તે બાળવાકુંડ નામે જે તીર્થ તેને પામતા હવા, અને ત્યાંથી ચાલ્યા જે શ્રીહરિ તે ગંગાસાગરના સંગમને પામીને, ને ત્યાં સ્નાન કરીને પછી તે સમુદ્રની ખાડીને વહાણમાં બેસીને ઊતર્યા ને કપિલાશ્રમને પામતા હવા, ને ત્યાં નિત્યે કપિલજીનાં દર્શન કરતા થકા એક માસ સુધી રહ્યા, અને પછી ત્યાંથી ચાલ્યા તે જગન્નાથપુરી પ્રત્યે ગયા, ને ત્યાં કેટલાક માસ નિવાસ કરીને પૃથ્વીના ભારરૂપ એવા જે ઘણાક અસુર તેમને પરસ્પર વૈર કરાવીને યુદ્ધે કરીને નાશ કરાવી નાખતા હવા. પછી શ્રી નીલકંઠ બ્રહ્મચારી જે તે ત્યાંથી દક્ષિણ દિશા પ્રત્યે ચાલ્યા તે આદિકૂર્મ નામે જે તીર્થક્ષેત્ર તેને પામ્યા, ને પછી ત્યાંથી મહાવનને વિષે ચાલતા થકા માનસપુરને પામ્યા ને તે પુરનો સત્રધર્મા નામે રાજા હતો તે પોતાનો આશ્રિત થયો, ને તે રાજાદ્વારે અસુરનો પરાભવ કરાવતા હવા, અને ત્યાંથી ચાલ્યા એવા જે શ્રી નીલકંઠ બ્રહ્મચારી તે વેંકટાદ્રિને પામ્યા. ને ત્યાંથી શિવકાંચી ને વિષ્ણુકાંચીને પામ્યા. ને ત્યાંથી શ્રીરંગમાં જઈને બે માસ સુધી રહેતા હવા, ને ત્યાં વૈષ્ણવ સંગાથે સંવાદ કરતા થકા તેમને વિષે રહ્યો જે દુરાચાર તેનો પોતાને પ્રતાપે કરીને ત્યાગ કરાવતા હવા. પછી ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીહરિ તે સેતુબંધ નામે જે તીર્થ તેને પામીને સમુદ્રને વિષે સ્નાન કરીને નિત્યે રામેશ્વર મહાદેવનાં દર્શન કરતા થકા બે માસ સુધી ત્યાં રહેતા હવા અને પછી ત્યાંથી ચાલ્યા તે સુંદરરાજ નામે જે વિષ્ણુ તેનાં દર્શન કરીને ત્યાંથી ચાલતા થકા માર્ગને વિષે એક ઘોર વન આવ્યું તેમાં પાંચ દિવસ સુધી ચાલ્યા પણ ક્યાંઈ અન્નજળને ન પામ્યા, પછી છઠ્ઠે દિવસે મધ્યાહ્ન સમે વનમાં એક કૂપ આવ્યો. તેમાંથી કમંડળુએ કરીને જળને કાઢીને સ્નાન કર્યું, ને પછી વડના વૃક્ષ તળે બેસીને પોતાનો નિત્યવિધિ કરતા થકા શાળગ્રામની સેવા કરવા લાગ્યા ત્યારે તે શાળગ્રામને પાત્રમાં મૂકીને કમંડળુની ધારે કરીને સ્નાન કરાવવા માંડ્યું તે જેટલું પાણી રેડ્યું તેટલું શાળગ્રામ પી ગયા, તે એમ કરતાં કરતાં પાંચ-સાત કમંડળુ રેડ્યાં તેને પી ગયા. પછી જળ પીને તૃપ્ત થયા જાણીને તે શાળગ્રામને ચંદનાદિકે કરીને પૂજતા હવા, અને એમ વિચાર કરવા લાગ્યા જે શાળગ્રામને આટલી તરસ લાગી ત્યારે ભૂખ પણ લાગી હશે ખરી, પણ આપણી પાસે કાંઈ નૈવેદ્ય ધર્યાનું નથી, માટે વિષ્ણુને શું જમાડીએ ? એમ વિચાર કરે છે તેટલામાં શિવજી ને પાર્વતી પોઠિયા ઉપર બેસીને કાપડીને વેષે ત્યાં આવીને પ્રથમથી જ ઊભાં હતાં, તે શ્રી નીલકંઠ બ્રહ્મચારીને એવી રીતે શાળગ્રામની પૂજા કરતા જોઈને, તેમને સાથવો ને મીઠું આપતાં હવાં, પછી તે સાથવાને જળમાં ચોળીને વિષ્ણુને નૈવેદ્ય ધરીને પોતે જમતા હવા, અને પછી ત્યાંથી ચાલ્યા એવા જે શ્રી નીલકંઠ બ્રહ્મચારી તે જે તે ભૂતપુરીને પામ્યા ને ત્યાં રહી જે રામાનુજ આચાર્યની પ્રતિમા તેનું દર્શન તથા પૂજન કરીને ત્યાંથી કુમારિકાક્ષેત્ર પ્રત્યે આવ્યા, ને ત્યાંથી પદ્મનાભ ગયા, ને ત્યાંથી જનાર્દન ગયા, ને ત્યાંથી આદિકેશવ નામે જે વિષ્ણુ તેનાં દર્શન કરીને મળયાચળ નામે જે કુલગિરિ તેને પામતા હવા, અને ત્યાં સાક્ષીગોપાળ નામે જે વિષ્ણુ તેનાં દર્શન કરતા થકા પાંચ દિવસ રહેતા હવા, અને ત્યાંથી ચાલ્યા એવા જે શ્રી નીલકંઠ બ્રહ્મચારી તે પંઢરપુર ગયા, ને ત્યાં વિઠ્ઠલનાથ નામે જે વિષ્ણુ તેનાં દર્શન કરતા થકા બે માસ સુધી રહેતા હવા. પછી તે વિઠ્ઠલનાથને ભેટીને ત્યાંથી ચાલ્યા તે દંડકારણ્યને પામ્યા, ને તે દંડકારણ્યની પ્રદક્ષિણા કરીને નાસિકપુર પ્રત્યે આવ્યા તે ત્યાં ત્ર્યંબકેશ્વર મહાદેવનાં દર્શન કરીને તાપી નદી પ્રત્યે આવ્યા ને ત્યાંથી ચાલ્યા તે નર્મદા નદીને ઊતરીને મહી નદીને પામ્યા ને મહીને ઊતરીને તથા સાભ્રમતિ નદીને ઊતરીને ને ભાલ દેશને ઓલંઘીને

ભીમનાથ આવતા હવા. ને ત્યાંથી ચાલ્યા એવા જે શ્રી નીલકંઠ બ્રહ્મચારી તે જે તે ગોપનાથ નામે શિવજીનાં દર્શન કરીને પંચતીર્થી કરતા કરતા માંગરોળ બંદરમાં આવતા હવા. એવી રીતે તીર્થયાત્રાને કરતા એવા જે શ્રી હરિકૃષ્ણ ભગવાન તે જે તે જે જે તીર્થમાં પોતે ગયા તે તે તીર્થને વિષે રહ્યો જે અધર્મ તેનો ઉચ્છેદ કરતા હવા ને એકાંતિક ધર્મનું સ્થાપન કરતા હવા. અને તે તીર્થમાં રહેનારા જે જન તેમને પોતાનાં દર્શન આપીને તથા તેમનું અન્ન-જળાદિક ગ્રહણ કરીને તેમને સંસારનાં બંધન થકી છોડાવતા હવા. (૭) ૭

અને પછી ત્યાંથી ચાલ્યા જે નીલકંઠ બ્રહ્મચારી તે જે તે સંવત ૧૮૫૬ અઢારસો છપ્પનના શ્રાવણ વદિ ૬ છઠ્યને દિવસે લોજપુરમાં આવતા હવા. અને તે લોજપુરમાં ઉદ્ધવના અવતાર એવા જે શ્રી રામાનંદ સ્વામી તેના શિષ્ય જે મુક્તાનંદ સ્વામી આદિક સાધુ તેમને દેખતા હવા ને તેમને સાધુ લક્ષણે યુક્ત એવા શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત જાણીને તે ભેળા પોતે રહેતા હવા. અને કેટલાક માસ ત્યાં રહીને પછી ત્યાંથી તે સાધુ ભેળા ચાલ્યા તે ગિરનાર પર્વતની છાયામાં જે પીપલાણું ગામ તેમાં રહ્યા જે નરસિંહ મહેતા નામે બ્રાહ્મણ તેના ઘરને વિષે વિરાજમાન એવા જે શ્રી રામાનંદ સ્વામી તેનાં દર્શન સંવત ૧૮૫૬ અઢારસો છપ્પનના જ્યેષ્ઠ વદિ ૧૨ દ્વાદશીને દિવસે કરતા હવા. તે રામાનંદ સ્વામી કેવા છે તો ગૌર અને પુષ્ટ છે મૂર્તિ જેમની એવા છે, ને શ્વેત વસ્ત્ર પહેર્યાં છે ને નૈષ્ઠિક બ્રહ્મચારીના વેશને ધરી રહ્યા છે, એવા જે સ્વામી તેને સાષ્ટાંગ નમસ્કાર કરીને ને મળીને સ્વામીની પાસે બેસતા હવા. પછી તે સ્વામી જે તે શ્રી નીલકંઠ બ્રહ્મચારીને જોઈને બહુ આનંદ પામતા હવા ને તેમનું જે સર્વે વૃત્તાંત તેને પૂછતા હવા. પછી તે શ્રી નીલકંઠ બ્રહ્મચારી જે તે પોતાનું જન્મસ્થાન, કુળ, માતાપિતા, ગોત્ર, વેદ, પ્રવર, ગુરુ, ઈષ્ટદેવ એ સર્વેને જેમ છે તેમ કહેતા હવા તથા પોતાનો જે વૈરાગ્ય તથા પોતે જેમ સ્વજનનો ત્યાગ કર્યો તથા પોતે જેમ વનમાં નિવાસ કરીને રહ્યા તથા પોતે જેમ નાના પ્રકારે તપશ્ચર્યા કરી તથા પોતે જેમ અષ્ટાંગયોગ સાધ્યો તથા પોતે જેમ તીર્થયાત્રા કરી તથા તે તીર્થમાં રહેનારા જે પાખંડી ગુરુ તેનો પોતે જેમ પરાજય કર્યો એ આદિક જે સર્વે પોતાનું વૃત્તાન્ત તેને અનુક્રમે કરીને વિસ્તારે સહિત કહેતા હવા. ત્યારે તે વાર્તાને સાંભળીને સ્વામી જે તે અતિશે પ્રસન્ન થયા ને શ્રી નીલકંઠ બ્રહ્મચારી પ્રત્યે બોલ્યા જે, "હે બ્રહ્મચારી ! તમે તો અમારા છો કેમ જે તમારા પિતા જે ધર્મ તે પ્રથમ પ્રયાગક્ષેત્રને વિષે અમ થકી જ ભાગવતી દીક્ષાને પામ્યા હતા. ને અમારી આજ્ઞાએ કરીને મુમુક્ષુજનને ધર્મે સહિત શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિનો ઉપદેશ કરતા થકા કોશળ દેશમાં રહ્યા હતા. તે ધર્મના તમે પુત્ર છો ને ગુણે કરીને તો તમારા પિતા થકી પણ અધિક છો." એવી રીતનાં જે સ્વામીનાં વચન તેને સાંભળીને શ્રી નીલકંઠ બ્રહ્મચારી જે તે અતિશે પ્રસન્ન થયા થકા તે સ્વામી પાસે રહેતા હવા. પછી સંવત ૧૮૫૭ અઢારસો સત્તાવનના કાર્તિક સુદિ ૧૧ એકાદશીને દિવસે તે સ્વામી થકી ભાગવતી દીક્ષાનું ગ્રહણ કરતા હવા. ત્યારે તે સ્વામીએ 'સહજાનંદ' એવું પોતાનું નામ ધાર્યું તથા બીજું 'નારાયણ મુનિ' એવું નામ ધાર્યું. પછી અતિશે પ્રીતિએ કરીને તે સ્વામીને સેવતા હવા. પછી તે સ્વામી જે તે સર્વ સાધુગુણે સંપન્ન ને અતિ સમર્થ એવા જે નારાયણમુનિ તેમને જોઈને અને પોતાની જે ધર્મધુર તે નારાયણમુનિને સોંપીને પોતે સંવત ૧૮૫૮ અઢારસો ને અઠ્ઠાવનના માગશર સુદિ ૧૩ તેરસને દિવસે દેહત્યાગ કરીને પાછા બદરિકાશ્રમને વિષે જાતા હવા ને દુર્વાસાના શાપ થકી મુકાતા હવા. (૮) ૮

પછી શ્રી સહજાનંદ સ્વામી જે તે પોતાના ગુરુની જે દેહક્રિયા તેને યથાવિધિ કરીને ધર્મધુરને ઉપાડી લેતા હવા ને શ્રી રામાનંદ સ્વામીના આશ્રિત જે સાધુ, બ્રહ્મચારી ને ગૃહસ્થ હતા તેમની સત્‌શાસ્ત્રના ઉપદેશે કરીને સંભાવના કરતા હવા. અને તેમને પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડીને પોતાને વિષે તેમના ચિત્તને તાણી લેતા હવા. તે વાર પછી સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ જે તે પોતાના શિષ્ય જે ત્યાગી સાધુ તથા બ્રહ્મચારી તથા કેટલાક ગૃહસ્થ સત્સંગી તેમણે વીંટાણા થકા સોરઠ, હાલાર, કચ્છ, ઝાલાવાડ, દંઢાવ્ય, કાઠિયાવાડ, ભાલ,

ગુજરાત એ આદિક જે સર્વે દેશ તેમને વિષે પોતાના પ્રતાપને વિસ્તારતા થકા ને ધર્મ, જ્ઞાન ને વૈરાગ્યે યુક્ત જે ભક્તિ તેને પ્રવર્તાવતા થકા ને અધર્મનો ઉચ્છેદ કરતા થકા ને અધર્મી એવા જે પાખંડી અસુરાંશ ગુરુ તેમનો પરાભવ કરતા થકા વિચરતા હવા. અને શ્રીજીમહારાજ જે તે જે જે દેશને વિષે વિચર્યા તે તે દેશના જે જન તે શ્રીજીમહારાજના અલૌકિક ઐશ્વર્યને જોઈને ઘણાક આશ્રિત થતા હવા ને શ્રીજીમહારાજનું પ્રગટ પ્રમાણ ભજન કરતા હવા. પછી શ્રીજીમહારાજ જે તે તેમના ઉત્સાહને અર્થે ને તેમની બુદ્ધિની દૃઢતાને અર્થે પોતાનું જે નાના પ્રકારનું ઐશ્વર્ય તે સમાધિએ કરીને દેખાડતા હવા; તેમાં કેટલાક મનુષ્યને તો ગોલોકને મધ્યે જે અક્ષરધામ તેને વિષે લક્ષ્મી, રાધિકા ને શ્રીદામાદિક પાર્ષદ સહિત શ્રીકૃષ્ણરૂપે પોતાનું દર્શન દેતા હવા અને કેટલાકને તો વૈકુંઠલોકને વિષે લક્ષ્મી ને નંદસુનંદાદિક પાર્ષદે સહિત વિષ્ણુરૂપે પોતાનું દર્શન દેતા હવા અને કેટલાકને તો શ્વેતદ્વીપને વિષે નિરન્નમુક્તે સહિત મહાપુરુષરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો અવ્યાકૃત ધામને વિષે લક્ષ્મી આદિક શક્તિઓ ને પાર્ષદે સહિત ભૂમાપુરુષરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો બદરિકાશ્રમને વિષે મુનિએ સહિત શ્રી નરનારાયણરૂપે પોતાનું દર્શન દેતા હવા અને કેટલાકને તો ક્ષીર સમુદ્રને વિષે લક્ષ્મી ને શેષનાગે સહિત યોગેશ્વરરૂપે પોતાનું દર્શન દેતા હવા અને કેટલાકને તો સૂર્યના મંડળને વિષે હિરણ્યમય પુરુષરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો અગ્નિમંડળને વિષે યજ્ઞપુરુષરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો પ્રણવનો જે નાદ તેને તત્કાળ સંભળાવતા હવા. અને કેટલાકને તો કોટી કોટી સૂર્ય સરખું જે પોતાનું તેજ તેને દેખાડતા હવા, અને કેટલાકને તો જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ થકી પર ને સચ્ચિદાનંદ છે લક્ષણ જેનું ને દ્રષ્ટા છે નામ જેનું એવું જે બ્રહ્મ તે રૂપે પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો બ્રહ્માંડના આધાર ને પુરુષસૂક્તને વિષે કહ્યા એવા જે વિરાટપુરુષ તે રૂપે પોતાનું દર્શન દેતા હવા, અને કેટલાકને તો ભૂગોળ ને ખગોળને વિષે રહ્યાં જે દેવતાનાં સ્થાનક ને ઐશ્વર્ય તેને દેખાડતા હવા, અને કેટલાકને તો આધારાદિક જે છ ચક્ર તેને વિષે રહ્યા એવા જે ગણેશ આદિક દેવતા તેમને પૃથક્ પૃથક્ દેખાડતા હવા, અને ક્યારેક તો સોએ સો ગાઉને છેટે રહ્યા એવા જે પોતાના ભક્ત તેમને પ્રત્યક્ષ પ્રમાણ પોતાનું દર્શન દેતા હવા, અને ક્યારેક તો છેટે રહ્યા એવા જે પોતાના ભક્ત તેમણે પોતાના ઘરને વિષે શ્રીજીમહારાજની પ્રતિમાને આગળ ધર્યું જે નૈવેદ્ય તેને પોતાના ભક્તને વિસ્મય પમાડતા થકા જમતા હવા, અને ક્યારેક તો દેહત્યાગને કરતા એવા જે પોતાના ભક્ત તેમને પોતાના ધામ પ્રત્યે લઈ જવાને ઈચ્છતા થકા ત્યાં પોતે આવીને તે ભક્તના ગામને વિષે રહ્યા એવા જે બીજા ભક્ત અથવા અભક્ત તેમને પણ પોતાનું સાક્ષાત્ દર્શન દેતા હવા, એવી રીતે મુમુક્ષુ અથવા મુમુક્ષુ નહિ એવા જે જન તેમને પોતાના અલૌકિક ઐશ્વર્યને દેખાડતા હવા એવા જે શ્રી સહજાનંદજી મહારાજ તેને જોઈને અતિશે વિસ્મયને પામ્યા એવા જે હજારો મનુષ્ય તે પોતપોતાના મતનો ને ગુરુનો ત્યાગ કરીને, ને શ્રીજીમહારાજનો અનન્ય આશ્રય કરીને, પ્રગટ પ્રમાણ ભજન કરતા હવા, પછી ઘણાક જે મતવાદી તે શ્રીજીમહારાજ સંગાથે વિવાદ કરવા આવ્યા પણ વાદે કરીને શ્રીજીમહારાજને જીતવાને કાજે કોઈ સમર્થ ન થયા. પછી તે સર્વે મતવાદી જે તે શ્રીજીમહારાજના અલૌકિક ઐશ્વર્ય-પ્રતાપને દેખીને નમસ્કાર કરીને બોલ્યા જે, હે મહારાજ ! તમે તો પરમેશ્વર છો માટે અમારા જે જે ઈષ્ટદેવ છે તેનાં દર્શન અમને કૃપા કરીને કરાવો. એવી રીતે જે તેમનું પ્રાર્થનાવચન તેને સાંભળીને તે સર્વેને બેસાડીને, ને પોતાના પ્રતાપે કરીને તેમને તત્કાળ સમાધિ કરાવતા હવા. પછી તે સર્વે જે તે શ્રીજીમહારાજને દર્શન માત્રે કરીને ખેંચાઈ ગયાં છે નાડી-પ્રાણ જેમનાં એવા થકા પોતપોતાના હૃદયને વિષે પોતપોતાના ઈષ્ટદેવરૂપે શ્રીજીમહારાજને દેખતા હવા; તેમાં જે વલ્લભકુળને આશ્રિત એવા વૈષ્ણવ હતા તથા નિમાનંદી હતા તથા માધવી સંપ્રદાયના હતા એ ત્રણ તો ગોપીના ગણે વીંટાણા ને વૃંદાવનને વિષે રહ્યા ને બાળલીલાએ કરીને મનોહર મૂર્તિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે રૂપે

દેખતા હવા, અને જે રામાનુજ સંપ્રદાયના હતા તે તો નંદસુનંદ ને વિશ્વકસેન ને ગરુડાદિક પાર્ષદે સહિત લક્ષ્મીનારાયણરૂપે દેખતા હવા, અને જે રામાનંદી હતા તે તો સીતા, લક્ષ્મણ ને હનુમાને યુક્ત થકા દિવ્ય સિંહાસન ઉપર બેઠા એવા જે શ્રી રામચંદ્રજી તે રૂપે દેખતા હવા, અને જે શંકરાચાર્યના મતવાળા હતા તે તો બ્રહ્મજ્યોતિરૂપે દેખતા હવા, અને જે શૈવી હતા તે તો પાર્વતી ને પ્રમથ ગણે સહિત જે શિવજી તે રૂપે દેખતા હવા અને જે સૂર્યના ઉપાસક હતા તે તો સૂર્યના મંડળને વિષે રહ્યા જે હિરણ્યમય પુરુષ તે રૂપે દેખતા હવા, અને જે ગણપતિના ઉપાસક હતા તે તો ગણપતિરૂપે દેખતા હવા, અને જે દેવીના ઉપાસક હતા તે તો દેવીરૂપે દેખતા હવા, અને જે જૈન હતા તે તો તીર્થંકરરૂપે દેખતા હવા, અને યવન હતા તે તો પેગંબરરૂપે દેખતા હવા. એવી રીતે સમાધિએ કરીને પોતપોતાના ઇષ્ટદેવરૂપે શ્રીજીમહારાજને જોઈને, ને સર્વનાં કારણ જાણીને પોતપોતાના મતનો ત્યાગ કરીને શ્રીજીમહારાજનો દૃઢ આશ્રય કરતા હવા. ને પ્રગટ પ્રમાણ ભજન કરતા હવા. એવી રીતે શ્રી સહજાનંદજી મહારાજ જે તે પોતાને પ્રતાપે કરીને જીવનું જે મૂળ અજ્ઞાન તેનો નાશ કરતા થકા પૃથ્વીને વિષે નાશ પામ્યો એવો જે એકાંતિક ધર્મ તેનું રૂડે પ્રકારે સ્થાપન કરતા હવા. **(૯)** ૯

અને વળી ધનાઢ્ય એવા જે પોતાના ભક્ત ગૃહસ્થ સત્સંગી તે પાસે ઘણાંક અન્નસત્ર કરાવતા હવા, તથા હિંસાએ રહિત એવા જે વિષ્ણુયાગ, મહારુદ્ર ને અતિરુદ્રાદિક યજ્ઞ તેને કરાવતા હવા, અને તે યજ્ઞને વિષે હજારો બ્રાહ્મણોને મિષ્ટ અન્ને કરીને તૃપ્ત કરાવતા હવા. અને તે બ્રાહ્મણને બહુ પ્રકારનાં દાન દેવરાવતા હવા, અને સાધુ, બ્રાહ્મણ ને દેવતા તેમનું જે પૂજન તથા ભોજને કરીને તૃપ્તિ તેને વારંવાર કરતા હવા, તથા અધર્મ ને પાખંડ તેનો વારંવાર ઉચ્છેદ કરતા હવા. **(૧૦)** ૧૦

અને વળી દેશદેશમાં મોટાં મોટાં શિખરબંધ મંદિર કરાવીને તેમને વિષે નરનારાયણ, લક્ષ્મીનારાયણ, ભક્તિ, ધર્મ ને રાધાકૃષ્ણ એ આદિક મૂર્તિઓનું સ્થાપન કરતા હવા, અને તે મૂર્તિઓ દ્વારે અનંત ભક્તજનને ચમત્કાર જણાવતા હવા. અને શ્રીજીમહારાજ પોતે જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં રહ્યા જે પોતાના ભક્તજન તેમની આગળ વર્ણાશ્રમનો ધર્મ તથા આત્મજ્ઞાન તથા વૈરાગ્ય તથા પોતાના સ્વરૂપનું જ્ઞાન તથા પોતાની માહાત્મ્યે સહિત ભક્તિ એમના જે બહુ પ્રકારના ભેદ તેને વિસ્તારે કરીને યથાર્થપણે કહેતા હવા. એવી રીતે નિત્ય પ્રત્યે પોતાના ભક્તજનને આનંદ પમાડતા, એવા જે શ્રીજીમહારાજ તે જે તે શ્રીગઢડા નગરને વિષે પોતાના ભક્ત એવા જે અભય નામે રાજા ને તેમની પુત્રીઓ ને તેમના પુત્ર એ સર્વેની ભક્તિને વશ થઈને એમને ઘેર પોતે નિવાસ કરીને રહેતા હવા, અને ત્યાં રહ્યા થકા જન્માષ્ટમી, રામનવમી, પ્રબોધિની એકાદશી, હુતાશની ને અન્નકૂટ એ આદિક જે ઉત્સવના દિવસ તેને વિષે ભારે ભારે સામગ્રીઓ મગાવીને મોટા મોટા ઉત્સવ કરાવતા હવા. અને તે ઉત્સવને વિષે પરમહંસ તથા બ્રહ્મચારી તથા દેશદેશના જે હરિભક્ત સત્સંગી તે શ્રીજીમહારાજનાં દર્શન કરવાને અર્થે વારંવાર આવતા હવા અને નાના પ્રકારનાં વસ્ત્ર-આભૂષણ, ચંદન-પુષ્પ એ આદિક જે પૂજાની સામગ્રીઓ તેણે કરીને શ્રીજીમહારાજને પૂજતા હવા. અને તે ઉત્સવને વિષે શ્રીજીમહારાજ જે તે નાના પ્રકારની ભોજનસામગ્રીઓ કરાવીને હજારો સાધુને તથા બ્રાહ્મણને ઘણાક પ્રકારે વારંવાર તૃપ્ત કરવા હવા. **(૧૧)** ૧૧

એવા જે શ્રી સહજાનંદ સ્વામી મહારાજ તેમની મૂર્તિનાં જે ચિહ્ન તે પ્રથમ લિખીએ છીએ :- ● શ્રીજીમહારાજના બે ચરણારવિંદના તળામાં ઊર્ધ્વરેખા છે તે કેવી છે તો અંગૂઠાની પાસેની જે આંગળી તેની બેય કોરા નીકળે છે, ને પાનીની બેય કોરા નીકળી છે **।।૧।।** અને જમણા પગના અંગૂઠાના થડમાં ઊર્ધ્વરેખાને મળતું જવનું ચિહ્ન છે **।।૨।।** એ આદિક નવ ❖ ચિહ્ન તે જમણા પગના તળામાં છે, અને જમણા પગના

● 'ચિહ્ન' શબ્દની વાંસે ચિહ્નની ગણતરીના આંક છે, અને 'તિલ' શબ્દની વાંસે તિલની ગણતરીના આંક છે. એકંદર **।।૫૨।।** ચિહ્ન અને **[૬૩]** તિલ છે.

અંગૂઠાના નખમાં ચિહ્ન છે ॥૧૦॥ ને એ જ અંગૂઠાને બાહેરલે પડખે એક તિલ છે (૧) અને એ અંગૂઠાની પાસેની જે આંગળી તેનું જે અંગૂઠાની કોરનું પડખું તેમાં એક તિલ છે (૨) અને જમણા પગની છેલ્લી આંગળીના બાહેરના પડખામાં નખની પાસે એક તિલ છે (૩) અને ડાબા પગની ઊર્ધ્વરેખાની ડાબી કોરે શ્યામ એવાં બે ચિહ્ન પાસે પાસે છે ॥૧૨॥ અને વળી એ ઊર્ધ્વરેખાને મળતું જ ફણાના થડમાં એક વ્યોમનું ચિહ્ન છે એ આદિ ✠ સાત ચિહ્ન તે ડાબા પગના તળામાં છે ॥૧૯॥ અને બે પગનાં તળાં રક્ત છે ને બે પગના અંગૂઠા ને આંગળીઓના જે નખ તે રક્ત છે ને ઊપડતા છે, અને બે પગના અંગૂઠા ને આંગળીઓની ઉપર ઝીણા ઝીણા રોમનાં ચિહ્ન છે. ॥૨૯॥ અને બે પગના અંગૂઠા ને તેની પાસેની બે આંગળીઓ તે ઉપર ચાખડીના ઘસારાનાં ચિહ્ન છે. ॥૩૧॥ અને બે પગની જે બાહેરની ઘૂંટીઓ તેથી હેઠે આસનના ઘસારાનાં ચિહ્ન છે. ॥૩૩॥ અને જમણા પગની ઘૂંટીથી પાંચ તસુ ઊંચો નળીને ઉપર એક નાનો તિલ છે. (૪) અને એ પગના સાથળને બહારલી કોરે એક મોટું ચિહ્ન છે. ॥૩૪॥ અને ડાબા પગની ઘૂંટીથી પાંચ તસુ ઊંચો નળીને ઉપર એક મોટો તિલ છે. (૫) ને તેથી ઉપર પાસે જ એક નાનો તિલ છે. (૬) અને એ પગના ઢીંચણને બહારલે પડખે એક ચિહ્ન છે ॥૩૫॥ અને કટી ભાગને વિષે બે કોરે ધોતિયું પહેર્યાના ઘસારાનાં શ્યામ ચિહ્ન છે ॥૩૭॥ અને શીતળ એવું જે ઉદર તે ઉપર ત્રિવળી પડે છે. ॥૩૮॥ અને ઊંડી ને ગોળ એવી જે નાભિ તેને બે કોરે તિલ છે; તેમાં જમણી કોરે તો નાભિના કાંઠા ઉપર છે ને ડાબી કોરે જરા છેટે છે (૮) અને જમણી કૂખમાં એક મોટો તિલ છે. (૯) ને બીજો નાનો તિલ છે (૧૦) અને નાભિથી ઉપર બે તસુ છેટે ત્રણ તિલ છે; તેમાં બે નળ ઉપર એક એક છે, ને એક વચ્ચે છે. (૧૩) અને તે વચલા તિલથી બે તસુ ઉપર એક તિલ છે. (૧૪) અને ડાબે પડખે કૂખથી ઊંચે ને બગલથી હેઠે મોટા ચાર તિલની એક ઊભી હાર છે. (૧૮) તેની પાસે બહારલી કોરે એક બીજી નાના ચાર તિલની ઊભી હાર છે. (૨૨) અને તે જ બગલ નીચે ત્રણ તિલની એક ઊભી હાર છે (૨૫) અને હૃદયને વિષે રોમનું શ્રીવચ્છનું ચિહ્ન છે. ॥૩૯॥ અને છાતીની વચ્ચે અર્ધચંદ્રને આકારે પાંચ તસુ પહોળું ને જરાક રાતું એવું મોટું એક ચિહ્ન છે તે જમણી કોરે કાંઈક વિશેષે ચડતું છે ॥૪૦॥ અને એ ચિહ્નને વચ્ચે જરાક ડાબી કોરે એક મોટો તિલ છે (૨૬) અને એ તિલથી ડાબી કોરે બે આંગળને છેટે એક તિલ છે (૨૭) ને તેથી ડાબી કોરે બે તસુને છેટે ડાબા સ્તનથી ઉપર એક તિલ છે. (૨૮) એ બે સ્તનથી ઉપર બે છાપનાં ચિહ્ન છે ॥૪૨॥ અને જમણી ભુજાને પાસે માંહેલી કોરે ઊભી ઓળે ચાર તિલ છે (૩૨) અને જમણી ભુજાના મૂળથી ઉપર ત્રણ તસુ હેઠું એક છાપનું ચિહ્ન છે ॥૪૩॥ ને તે છાપના ચિહ્નની પડખે બહારલી કોરે ચાર નાના તિલ છે (૩૬) અને જમણી કોણીથી હેઠા, ને કાંડાથી ઊંચા બે તિલ છે (૩૮) અને જમણા હાથની ટચલી આંગળીની ઉપર અર્ધા આંગળને છેટે એક નાનો તિલ છે. ચ૩૯ અને ડાબી ભુજાના મૂળથી ત્રણ તસુ હેઠું એક છાપનું ચિહ્ન છે ॥૪૪॥ અને ડાબી કોણીથી બે તસુ હેઠો હાથને ઉપલે ભાગે એક તિલ છે. (૪૦) અને ડાબા હાથના અંગૂઠા પાસેની જે આંગળી તથા વચલી આંગળી એ બે આંગળીઓની વચ્ચે એક તિલ છે. (૪૧) અને એ અંગૂઠા પાસેની આંગળીના નખની પાસે માંહેલી કોરે એક નાનો તિલ છે. ચ૪૨ૃ અને ડાબા હાથના પોંચા ઉપર એક તિલ છે (૪૩) અને બે હાથના જે નખ તે રક્ત છે ને ઊપડતા છે ને તે નખના જે અગ્ર ભાગ તે અતિ તીક્ષ્ણ છે. અને બે હાથનાં જે તળાં તે રક્ત છે ને તે તળાંમાં જે રેખાઉં તે થોડી થોડી શ્યામ જણાય છે અને બે હથેળીના મૂળથી ઉપર આઠ તસુ ઊંચાં બે છાપનાં ચિહ્ન છે. ॥૪૬॥ અને બે કોણિયું શ્યામ છે. અને કંઠના ખાડાની વચ્ચે એક તિલ છે (૪૪) ને એ તિલથી જરાક છેટે એક નાનો તિલ છે (૪૫) અને દાઢીથી હેઠો એક તિલ છે (૪૬) અને ડાબા ખભાથી બે આંગળ હેઠો વાંસામાં રોમે સહિત એક મોટો તિલ છે (૪૭) ને એ

✠ ત્રિકોણ, કળશ, ગોપદ, ધનુષ, મીન, અર્ધચંદ્ર, વ્યોમ ❖ **ઊર્ધ્વરેખા, જવ, કમળ, અંકુશ, ધ્વજ, અષ્ટકોણ, વજ્ર, સ્વસ્તિક, ને જંબુફળ.**

તિલથી હેઠે એક તિલ છે (૪૮) ને વળી તેને હેઠે બીજો તિલ છે (૪૯) ને કરોડની જમણી કોરે ડોકથી બે તસુ હેઠો એક તિલ છે (૫૦) અને જમણી ખરપડી ઉપર એક નાનો તિલ છે. (૫૧) અને કરોડથી જમણી કોરે વાંસાની મધ્યે ચાર તિલ છે (૫૫) અને નાસિકાની પાસે જમણી કોરે એક મોટો તિલ છે (૫૬) અને એ તિલથી ઊંચો ને આંખના ખૂણાથી હેઠો પાસે જ એક નાનો તિલ છે (૫૭) અને બે નેત્રની જે હેઠલી ને ઉપલી પાંપણ્યું તેથી ઉપર ને હેઠે ઝીણી ઝીણી કરચલીયું પડે છે, અને નાસિકાને ઉપર ઝીણાં ઝીણાં શીળીનાં ચાઠાનાં ચિહ્ન છે ॥૪૭॥ અને મુખમાં જમણી કોરે હેઠલી જે પ્રથમની દાઢ્ય તેમાં શ્યામ ચિહ્ન છે ॥૪૮॥ તથા જીભ ઉપર પણ શ્યામ ચિહ્ન છે ॥૪૯॥ અને ડાબા કાનને માંહેલી કોરે શ્યામ બિંદુનું ચિહ્ન છે ॥૫૦॥ અને વિશાળ ને ઊપડતું એવું જે લલાટ તેને વિષે તિલકને આકારે ઊભી બે રેખા છે ॥૫૧॥ અને વળી લલાટને વિષે જમણી કોરે કેશથી હેઠું એક ચિહ્ન છે ॥૫૨॥ અને જમણા કાનની બુટ્ટી ઉપર એક નાનો તિલ છે (૫૮) અને તાળવાની ઉપર એક મોટો તિલ છે (૫૯) અને શિખાથી આગળ સમીપે એક તિલ છે (૬૦) અને શિખાથી પછવાડે જમણી કોરે ત્રણ તિલ છે. (૬૩) અને એ વિના બીજા પણ ઝીણા ઝીણા તિલ શરીરમાં કેટલાક છે. આવી રીતે શ્રીજીમહારાજની મૂર્તિનાં જે ચિહ્ન તે પોતાની સ્મૃતિને અનુસારે લખ્યાં છે, અને શ્રીજીમહારાજની મૂર્તિનાં જે કર, ચરણ આદિક સર્વે અંગ તે સામુદ્રિક શાસ્ત્રમાં જેવાં કહ્યાં છે તેવાં છે. **(૧૨)** **૧૨**

હવે શ્રીજીમહારાજની જે સ્વાભાવિક ચેષ્ટા તે લખીએ છીએ જે શ્રીજીમહારાજ સહેજે બેઠા હોય ત્યારે તુલસીની માળા ફેરવે છે, અને ક્યારેક તો રમત્યની પેઠે તે માળાને બેવડી કરીને બે બે મણકા ભેળા ફેરવે છે, અને ક્યારેક તો વાર્તા કરતા થકા તે માળાને ભેળી કરીને બે હાથનાં તળાં વચ્ચે રાખીને ઘસે છે, અને ક્યારેક તો નેત્રકમળને મીંચીને ધ્યાન કરતા થકા બેસે છે, અને ક્યારેક તો નેત્રકમળને ઉઘાડાં રાખીને ધ્યાન કરતા થકા બેસે છે, અને ક્યારેક તો ધ્યાન કરતા થકા ચમકીને જાગે છે, અને ક્યારેક તો પોતાની આગળ સાધુ વાજિંત્ર વજાડીને કીર્તન ગાતા હોય, ત્યારે પોતે ધ્યાન કરીને બેસે છે, ને ક્યારેક તો ચપટી વજાડતા થકા તે સાધુ ભેળા ગાવા લાગે છે ને ક્યારેક તો સાધુ તાળી વજાડીને કીર્તન ગાતા હોય તે ભેળા પોતે તાળી વજાડીને કીર્તન ગાય છે, અને ક્યારેક તો પોતાની આગળ વાજિંત્ર વજાડીને સાધુ કીર્તન ગાતા હોય તથા પોતાની આગળ કથા વંચાતી હોય તથા પોતે પોતાના ભક્તજનની આગળ વાર્તા કરતા હોય ત્યારે ખસીને તેને સમીપે જાય છે, અને ક્યારેક તો પોતાના ભક્તજનની સભામાં બેઠા થકા ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે યુક્ત જે ભક્તિ તે સંબંધી જે વાર્તા તે પોતાના ભક્તજનની આગળ કરે છે, અને ક્યારેક તો સાંખ્ય, યોગ, પંચરાત્ર, વેદાંત ઈત્યાદિક જે શાસ્ત્ર તેના રહસ્યની વાર્તા કરે છે; અને ક્યારેક તો ઉત્સવને વિષે નાના પ્રકારના દેશથી આવ્યા જે પોતાના ભક્તજન તેમની પૂજાનું ગ્રહણ કરે છે અને ક્યારેક તો પોતાના ભકતજનને સમાધિ કરાવે છે, અને ક્યારેક તો સમાધિમાંથી ઉઠાડે છે, ને ક્યારેક તો સભામાં બેઠા હોય ને કોઈક ભક્તજનને પોતાની પાસે તેડવો હોય ત્યારે નેત્રકમળની સાને કરીને અથવા અંગૂઠા પાસેની જે આંગળી તેની સાને કરીને તે ભક્તજનને બોલાવી લે છે, અને ક્યારેક તો વાર્તા કરતા થકા પુષ્પના ગુચ્છને અથવા કોઈક મોટા પુષ્પને બે હાથે કરીને ચોળી નાખે છે. અને ક્યારેક તો પુષ્પના હારને તથા લીંબુ આદિક જે ફળ તેને શીતળ જાણીને પોતાની આંખે વારંવાર અડાડે છે, અને ક્યારેક તો પોતે રાજીપામાં વાર્તા કરતા હોય અથવા કથા વંચાવતા હોય અથવા કીર્તન ગવરાવતા હોય, અથવા કોઈક વિચારમાં બેઠા હોય, ને તે વચમાં કોઈક જમ્યાનું પૂછવા આવે અથવા કોઈક પૂજા કરવા આવે અથવા હાર ચઢાવવા આવે તો તે ઉપર બહુ કચવાઈ જાય છે. અને કથા વંચાવતા હોય ત્યારે 'હરે' એવા શબ્દનો ઉચ્ચાર કરે છે. અને બીજી જે જે ક્રિયા કરતા હોય તેને વિષે પણ તે કથાને ભાને કરીને ક્યારેક તો અચાનક 'હરે' એવા શબ્દનો ઉચ્ચાર કરે છે, ને તેની સ્મૃતિ થાય છે ત્યારે પોતાના પાસે જે ભક્તજન બેઠા હોય તેમની સામું જોઈને મંદ મંદ

હસે છે. અને ક્યારેક તો ઢોલિયા ઉપર બેસે છે, ને ક્યારેક તો ગોદડું ઓછાડે સહિત પાથર્યું હોય તે ઉપર બેસે છે, ને ક્યારેક તો ગાદી ઉપર બેસે છે. અને ક્યારેક તો ચાકળા ઉપર બેસે છે, અને ક્યારેક તો ઢોલિયા ઉપર તકિયો પડ્યો હોય તે ઉપર બેસે છે, અને બેસે ત્યારે ક્યારેક તો પલાંઠી વાળીને બેસે છે અને ક્યારેક તો વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને બેસતા થકા પોતાને હસ્તે કરીને પગની આંગળીઓને ગ્રહણ કરીને ડોલે છે અને જ્યારે જ્યારે બેસે ત્યારે બહુધા તો તકિયાનું ઊઠીંગણ કરીને જ બેસે છે અને જીભને એક કોરના દાંત તળે દબાવવી એવો સહજ સ્વભાવ છે, અને છીંક ખાવી હોય ત્યારે પ્રથમ રૂમાલ ખોળીને તે રૂમાલને મુખારવિંદ આગળ રાખીને છીંક ખાય છે, અને કાંઈક રમૂજે કરીને અતિશે હસે છે ત્યારે રૂમાલને મુખારવિંદ આડો દઈને હસે છે, અને ક્યારેક તો વાર્તા કરતા થકા, હાથે કરીને રૂમાલના છેડાને વળ દેવો એવો સહજ સ્વભાવ છે, અને કોઈકને દુખિયો દેખીને તેની ઉપર દયાએ કરીને બહુ આકળા થઈ જાય છે. અને ચાલે છે ત્યારે પછેડીને ડાબા ખભા ઉપર આડસોડે નાખીને, જમણા હાથને હલાવતા થકા ચાલે છે, અને ક્યારેક તો રૂમાલે યુક્ત જે જમણો હાથ તેને હલાવતા થકા ચાલે છે, અને ક્યારેક તો ડાબા હાથને કેડ ઉપર મૂકીને જમણા હાથમાં રૂમાલને લેઈને, તે જમણા હાથને હલાવતા હલાવતા ચાલે છે, અને સહેજે ઉતાવળું ચાલવાનો સ્વભાવ છે, અને સાધુને પીરસવું હોય ત્યારે ડાબે ખભે ખેસને નાખીને તે ખેસના છેડાને કેડ્ય સંગાથે તાણી બાંધીને પીરસે છે, અને પીરસે ત્યારે લાડુ, જલેબી આદિક જે જમ્યાની જણસો તેનું વારંવાર નામ લેતા થકા પંક્તિમાં વારંવાર ફરે છે, ને સાધુ-હરિભક્તને જમાડવામાં તથા પીરસવામાં પોતાને શ્રદ્ધા-આદર સહિત પ્રસન્નતા તે ઘણી છે. અને પાછલી ચાર ઘડી અથવા ત્રણ ઘડી રાત્રિ રહે ત્યારે દાતણ કરવાનો સ્વભાવ છે. અને સ્નાન કરીને પછી કોરે વસ્ત્રે કરીને શરીરને લૂઈને, પછી ઊભા થઈને પહેર્યાના વસ્ત્રને બે સાથળ વચ્ચે ભેળું કરીને તેને બે હાથે કરીને નિચોવીને પછી સાથળને ને પગને લઈને સાથળ વચ્ચે રાખીને પછી કોરું વસ્ત્ર સારી પેઠે તાણીને પહેરે છે અને તે પછી બીજું ધોયેલું વસ્ત્ર ઓઢીને, ને ચાખડી ઉપર ચડીને જમવા પધારે છે ને જમવા બેસે ત્યારે ઓઢવાના વસ્ત્રને કાનને પછવાડે રાખીને કાનને ઉઘાડા રાખીને જમવા બેસે છે. અને જમવા બેસે ત્યારે ડાબા પગની પલાંઠી વાળીને, ને તે ઉપર ડાબા હાથની હથેળી મૂકીને, જમણો પગ ઊભો રાખીને, તે ઉપર જમણા હાથની કોણી રાખીને જમે છે અને જમતાં જમતાં વારંવાર પાણી પીવાનો સ્વભાવ છે અને જમતાં જમતાં જે સારી સ્વાદુ જણસ પોતાને જણાય તે બીજા કોઈક શ્રેષ્ઠ હરિભક્ત પોતાને મનગમતા હોય તેને આપીને પછી પોતે જમે છે, અને જમતા થકા ઓડકાર ખાઈને પેટ ઉપર હાથ ફેરવવાનો સ્વભાવ છે, અને માથે ફેંટો બાંધે છે ત્યારે ફેંટાના છેડાનું છોગલું મૂકીને બાંધે છે તથા ફેંટાના એક આંટાનો પેચ ભ્રૂકુટીની પાંપણ ઉપર લાવીને બાંધે છે, અને વર્ષાઋતુ તથા શરદઋતુને વિષે ઘેલા નદીનું નિર્મળ જળ જાણીને સાધુ તથા સત્સંગી સહિત નાવા પધારે છે ને તે નદીના જળને વખાણતા થકા ત્યાં બહુ પ્રકારે ભક્તજન ભેળા જળક્રીડા કરે છે, અને સૂએ ત્યારે પ્રથમ જાગતા થકા હાથની જે બે આંગળીઓ તેને તિલક કરવાની પેઠે ભાલને વિષે ઊભી ફેરવે છે અને સૂવાનું હોય ત્યારે પોતાની માળાને માગીને જમણા હાથમાં લેઈને ફેરવતા થકા સૂએ છે, આવી રીતે શ્રીજીમહારાજની જે સ્વાભાવિક ચેષ્ટા તે પોતાની સ્મૃતિને અનુસારે લખી છે ને બીજી પણ કેટલીક ચેષ્ટા છે, અને પ્રથમ લખ્યાં જે મહારાજની મૂર્તિનાં ચિહ્ન તથા સ્વાભાવિક ચેષ્ટા તેને આવી રીતે સંભારીને નિત્યે ભક્તજને ધ્યાન કરવું. એવા જે શ્રીજીમહારાજ તેણે શ્રીગઢડામાં રહ્યા થકા પોતાના ભક્તજનના સંશય ટાળવાને અર્થે સ્વધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્ય, પોતાના સ્વરૂપનું જ્ઞાન, ને પોતાની માહાત્મ્યે સહિત ભક્તિ એ પાંચ વાર્તા સંબંધી જે જે વચનામૃત કહ્યાં છે તથા શ્રી અમદાવાદને વિષે રહ્યા થકા જે જે વચનામૃત કહ્યાં છે તથા શ્રી વરતાલને વિષે રહીને કહ્યાં છે તથા ત્યાંથી બીજા ગામમાં જઈને જે જે વચનામૃત કહ્યાં છે તેમાંથી કેટલાક દિવસનાં જે વચનામૃત તે શ્રીજીમહારાજના જે એકાંતિક ભક્ત તેમની પ્રસન્નતાને અર્થે પોતાની સ્મૃતિ ને બુદ્ધિ તેને અનુસારે લિખીએ છીએ. **(૧૩)** ૧૩

## વચનામૃતનો પરથારો

### અથ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા પ્રારંભ્યતે

આ પરથારામાં બાબતો તેર છે, તેમાં પહેલીમાં શ્રીજીમહારાજે પોતાના અક્ષરધામનાં નામ તથા તેનું અપારપણું વર્ણન કર્યું છે. **(૧)** બીજીમાં પોતાનાં નામ તથા પોતાનો મહિમા તથા શોભાનું અતિશયપણું વર્ણન કર્યું છે. **(૨)** ત્રીજીમાં દુર્વાસાનો શાપ વર્ણન કર્યો છે. **(૩)** ચોથીમાં ધર્મ-ભક્તિનો પ્રાદુર્ભાવ વર્ણન કર્યો છે. **(૪)** પાંચમીમાં શ્રીજીમહારાજનો પ્રાદુર્ભાવ તથા નામકરણ તથા ઐશ્વર્ય તથા અધ્યયન કર્યું તે વર્ણન કર્યું છે. **(૫)** છઠ્ઠીમાં પોતાનાં માતાપિતા જે ભક્તિ-ધર્મ તેમને દિવ્યગતિ આપી, તે વર્ણન કર્યું છે. **(૬)** સાતમીમાં પોતે વનમાં તથા તીર્થોમાં વિચરીને, તીર્થોને સજીવન કર્યાં, અને અસુરોનો નાશ કર્યો અને અધર્મનો ઉચ્છેદ કરીને એકાંતિક ધર્મ સ્થાપન કર્યો, તે વર્ણન કર્યું છે. **(૭)** આઠમીમાં રામાનંદ સ્વામીને મળ્યા ને તે થકી દીક્ષા લીધી ને રામાનંદ સ્વામી પોતાની ધર્મધુરા સોંપીને અંતર્ધાન થયા, તે વર્ણન કર્યું છે. **(૮)** નવમીમાં સર્વેને સમાધિઓ કરાવી પોતાનો અલૌકિક પ્રતાપ જણાવીને પોતાના આશ્રિત કર્યા. તથા મતવાદીઓને સમાધિ કરાવીને તેમના ઇષ્ટદેવરૂપે પોતે દર્શન આપીને તેમને પોતાના આશ્રિત કર્યા. ને જીવોનું મૂળ અજ્ઞાન ટાળીને, આત્યંતિક મોક્ષ કર્યો, તે વર્ણન કર્યું છે. **(૯)** દશમીમાં પોતે અન્નસત્ર તથા મોટા મોટા યજ્ઞ કર્યા, તે વર્ણન કર્યું છે. **(૧૦)** અગિયારમીમાં મોટાં મોટાં શિખરબંધ મંદિરો કરાવી, તેમાં પોતાની મૂર્તિઓ પધરાવીને, તે તે મૂર્તિઓદ્વારે ચમત્કાર જણાવ્યા, ને ઉત્સવ-સમૈયા કર્યા તથા સાધુ-બ્રાહ્મણને તૃપ્ત કર્યા, તે વર્ણન કર્યું છે. **(૧૧)** બારમીમાં શ્રીજીમહારાજનાં ચિહ્ન વર્ણન કર્યાં છે. **(૧૨)** તેરમીમાં શ્રીજીમહારાજની સ્વાભાવિક ચેષ્ટા વર્ણન કરી છે. **(૧૩)**

૧ **પ્ર૦** પહેલી બાબતમાં ગોલોકના મધ્યને વિષે અક્ષરધામ કહ્યું, અને (**અ૦ ૬**ના બીજા પ્રશ્નમાં) અક્ષરધામને જ ગોલોક કહ્યું છે, તથા ● (**પ્ર૦ ૭**/૧માં ) અક્ષરબ્રહ્મથી ગોલોકધામને પર કહ્યું છે, અને (**લો૦ ૧૭**ના ૫/૭ પાંચમા પ્રશ્નમાં તથા **પં૦ ૧**/૧માં તથા **અ૦ ૭**/૧માં) અક્ષરથી ગોલોકને નીચું તથા જુદું કહ્યું છે. તે પરસ્પર વિરોધ આવ્યો તે કેવી રીતે સમજવું ?

૧ ઉ૦ આમાં "ગો" શબ્દ કિરણવાચક છે, ને "લોક" શબ્દ સમૂહવાચક છે, માટે "ગો" જે કિરણ તેનો સમૂહ તેને ગોલોક કહ્યું છે, અને એ જે કિરણો તે શ્રીજીમહારાજની મૂર્તિના પ્રકાશરૂપ જે અક્ષરધામ તેની છે માટે ગોલોકને મધ્યે એટલે કિરણોના મધ્યે અક્ષરધામ કહ્યું છે. અને (**અ૦ ૬**માં) એ અક્ષરધામનું અને એ ધામની કિરણોનું અભેદપણું કહ્યું છે, માટે ગોલોક શબ્દે કરીને અક્ષરધામને કહ્યું છે. અને (**પ્ર૦ ૭**માં) મૂળઅક્ષરને અક્ષરબ્રહ્મ કહ્યા છે, તે અક્ષરબ્રહ્મને વિષે શ્રીજીમહારાજ કિરણોદ્વારે વ્યાપક છે. તે અક્ષરધામની કિરણોરૂપી ગોલોકથી બ્રહ્મજ્યોતિ, જે શ્રીજીમહારાજની મૂર્તિનો પ્રકાશ તેને પર કહ્યો છે, માટે ધામ તે સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનો પ્રકાશ છે તે પ્રકાશરૂપ ધામમાં શ્રીજીમહારાજ પોતાના મુક્તોએ સહિત સદા દિવ્ય તેજોમય સાકારમૂર્તિ થકા વિરાજમાન છે. અને (**લો૦ ૧૭**માં તથા **પં૦ ૧**માં તથા **અ૦ ૭**માં) પરોક્ષ શ્રીકૃષ્ણ ભગવાનના ધામને ગોલોક કહ્યું છે, તેથી અક્ષરધામ પર છે.

૨ **પ્ર૦** શ્રીજીમહારાજના પ્રકાશને અક્ષરધામ કહો છો તે કિયા વચનામૃતમાં કહ્યું છે ?

૨ ઉ૦ (**પં૦ ૧**/૧માં) શ્રીજીમહારાજની મૂર્તિના પ્રકાશને અક્ષરધામ કહ્યું છે. તે હરિવાક્ય-સુધાસિંધુના

● વચનામૃતના અંક નીચે અથવા પ્રશ્નના અંક નીચે જે અંક હોય તે બાબતનો જાણવો.

## વચનામૃતનો પરથારો

૧૨૭મા તરંગમાં કહ્યું છે ત્યાં શ્લોકઃ-

**સચ્ચિદાનન્દરૂપં યદ્ બ્રહ્મ નિર્ગુણમક્ષરમ્ ।**
**અંગપ્રકાશમ્ તત્ત્વસ્ય ધામ ચેત્યુક્ત મસ્તિ હિ ॥૧૧॥**

સત્, ચિદ્ ને આનંદમય એવું ને મોટું ને નિર્ગુણ એવું જે અક્ષર તે તો આ પ્રત્યક્ષ ભગવાનના અંગનો પ્રકાશ છે. અથવા એ અક્ષરને ધામ શબ્દથી કહેલ છે તથા **૬૬**મા તરંગમાં પણ પોતાના તેજને પોતાનું ધામ કહ્યું છે. ત્યાં શ્લોક :-

**માયા ગુણૈર્વિહીનત્વાન્ નિર્ગુણઃ પરમેશ્વરઃ ।**
**નિજધામસ્ય એવાઽસૌ સર્વત્ર વ્યાપકોઽસ્તિ ચ ॥૧૦॥**
**મૂર્ત્તઃ સૂર્યઃ સ્વતેજોભિર્જગદ્ વ્યાપ્યાઽસ્તિ તત્પૃથક્ ।**
**યથા તથા સોઽપિ મૂર્તઃ કાન્ત્યા વ્યાપ્યાસ્તિ તત્પૃથક્ ॥૧૧॥**
**પ્રાકૃતં નાસ્તિ તદ્રૂપં યતોઽસૌ દિવ્યવિગ્રહઃ ।**
**અતોઽરુપ ઈતિ પ્રોક્તો નિરાકારશ્ચ કુત્રચિત્ ॥૧૨॥**
**કોટિ કોટ્યર્કવત્ સ્વાઽગ તેજો વ્યાપ્તતયા સ ચ ।**
**જ્યોતિરુપ ઈતિ પ્રોક્તો દુર્લ્લક્ષ્યાંગ ત્વતસ્તથા ॥૧૩॥**
**નિરાધારં ન તેજઃસ્યા-દિતિ સર્વત્ર દશ્યતે ।**
**તદંગ કાન્તિ તેજોઽતો તદ્ બ્રહ્મેત્યુચ્યતેઽક્ષરમ્ ॥૧૪॥**

માયાના ગુણોએ રહિત, તે હેતુ માટે નિર્ગુણ એવા,ને પોતાના ધામને વિષે રહેલા એવા, આ પરમેશ્વર તે જે તે સર્વને વિષે વ્યાપક છે. ॥૧૦॥ ને પોતાના તેજ વડે કરીને મૂર્તિમાન સૂર્ય જે તે જગતને વિષે જે પ્રકારે વ્યાપક છે, ને તેથી પૃથક્ મૂર્તિમાન રહ્યા છે તે જ પ્રકારે આ પ્રત્યક્ષ મૂર્તિમાન ભગવાન, જે તે કાન્તિ એટલે તેજ વડે કરીને વ્યાપીને રહ્યા છે, ને તેથી પૃથક્ મૂર્તિમાન પણ રહ્યા છે. **॥૧૧॥** તે ભગવાનનું સ્વરૂપ પ્રાકૃત નથી, જે હેતુ માટે દિવ્ય છે દેહ જેમનો, એટલે દિવ્ય મૂર્તિમાન એવા આ પ્રત્યક્ષ ભગવાન છે, એ જ હેતુ માટે કોઈક સ્થાનકને વિષે અરૂપ, એ પ્રકારે કહ્યા છે અને કોઈક સ્થાનકને વિષે નિરાકાર પણ કહ્યા છે પણ વિશેષણોએ કરીને મૂર્તિમાનને જ કહ્યા છે. **॥૧૨॥** કોટાનકોટી સૂર્ય તુલ્ય એવું પોતાની મૂર્તિનું તેજ તેનું જે વ્યાપવાપણું તેણે કરીને તથા ધ્યાનના કરનારાને ઘણાક પ્રયાસે કરીને જણાવવાપણું એ હેતુ માટે ભગવાન જે તે જ્યોતિરૂપ કહેલા છે. પણ વસ્તુગતે ભગવાન મૂર્તિમાન જ છે. **॥૧૩॥** તેજ જે તે નિરાધાર નથી રહેતું એ પ્રકારે સર્વત્ર સૂર્યાદિકને વિષે દેખાય છે. એ હેતુ માટે તે ભગવાનનું અંગ જે મૂર્તિ, તેની કાન્તિ જે પ્રકાશ તે જે તે અક્ષરબ્રહ્મ, કહેતાં અક્ષરધામ એ નામે કહેવાય છે. **॥૧૪॥** આ તેજને (**પ્ર૦ ૪૫**માં) સચ્ચિદાનંદ નામે કહ્યું છે. તથા (**૬૪**/૧માં) આત્મા નામે કહ્યું છે. તથા (**મ૦ ૧૩**/૨માં) આત્મા, બ્રહ્મ તથા અક્ષરધામ એ ત્રણ નામે કહ્યું છે. તથા (**૫૦**/૧માં) એકરસ પરિપૂર્ણ બ્રહ્મરૂપ તથા અક્ષરબ્રહ્મ એ બે નામે કહ્યું છે, માટે ધામ તે શ્રીજીમહારાજની મૂર્તિનો પ્રકાશ છે.

૩ **પ્ર૦** અક્ષરધામના બ્રહ્મપુરાદિક છ વિશેષણ આપ્યાં તેનો અર્થ શો સમજવો ?

૩ **ઉ૦** બ્રહ્મ એવું શ્રીજીમહારાજનું નામ છે, માટે બ્રહ્મ જે શ્રીજીમહારાજ તેમને રહેવાનું ધામ છે તેથી બ્રહ્મપુર કહ્યું છે. **(૧)** અને અતિશય અવિનાશી સુખનું સ્થાન છે, માટે અમૃતધામ કહ્યું છે. **(૨)** અને અતિશય

શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પદ છે, માટે પરમપદ કહ્યું છે. **(૩)** અને એનો અંત ને પાર નથી માટે અનંત ને અપાર કહ્યું છે. **(૪)** અને સર્વ ધામોથી મોટું છે, માટે બ્રહ્મ કહ્યું છે. **(૫)** અને મૂળપુરુષ તથા બ્રહ્મ તથા અક્ષર એ સર્વેના પ્રકાશ તે ચૈતન્ય છે, તે સર્વનો આધાર એવો જે શ્રીજીમહારાજનો પ્રકાશ તે અતિશે ચૈતન્યરૂપ છે, માટે ચિદાકાશ કહેલ છે. **(૬)**

૪ **પ્ર૦** શ્રીજીમહારાજને બ્રહ્મ નામે કહો છો તે કિયા વચનામૃતમાં છે ?

૪ **ઉ૦** આ પરથારાની બીજી બાબતમાં તથા (**વ૦ ૧૩**ના બીજા પ્રશ્નમાં) શ્રીજીમહારાજને બ્રહ્મ નામે કહ્યા છે.

૫ **પ્ર૦** બીજી બાબતમાં શ્રીજીમહારાજનાં શ્રીકૃષ્ણાદિક ૧૦ નામ કહ્યાં તેનો અર્થ શો સમજવો ?

૫ **ઉ૦** પોતાના આશ્રિતોને પોતાને વિષે આકર્ષણ કરે છે, તથા ચૈત્ર માસમાં જન્મ છે અને માર્કંડેય મુનિએ કૃષ્ણ એવું નામ ધારણ કર્યું, માટે કૃષ્ણ એવું નામ છે. અને મુક્તકોટી, અક્ષરકોટી, બ્રહ્મકોટી ને મૂળપુરુષ, ઈશ્વરકોટી તે સર્વેને શોભા આપવાપણું, તે શ્રીજીમહારાજને વિષે રહ્યું છે, માટે "શ્રી" જે શોભા તેણે યુક્ત માટે શ્રીકૃષ્ણ એવું નામ શ્રીજીમહારાજનું છે. **(૧)** અને પુરુષ જે પોતાના મુક્તો તેમને વિષે ઉત્તમ માટે પુરુષોત્તમ કહ્યા છે. **(૨)** અને અક્ષરાદિક સર્વેને વિષે અન્વયપણે અંતર્યામીરૂપે વાસ કરીને રહ્યા છે, માટે વાસુદેવ કહ્યા છે. **(૩)** અને નાર જે પોતાના મુક્તોને સમૂહ તેના મધ્યે અયન એટલે નિવાસ કરીને રહ્યા છે, માટે નારાયણ કહ્યા છે. **(૪)** અને પોતાનું તેજ જે અક્ષરધામ તે ક્ષર-અક્ષરાદિક સર્વેનું આત્મા છે, તે પોતાના તેજરૂપ આત્માથી પર છે ને તેના પણ શરીરી છે, માટે પરમાત્મા કહ્યા છે. **(૫)** અને ક્ષર-અક્ષરાદિક સર્વેથી પોતાના તેજરૂપ જે અક્ષરધામ તે મૂર્તિમાન અક્ષરાદિક સર્વેથી મોટું છે, તેને બ્રહ્મ કહે છે. તે બ્રહ્મના પણ આધાર ને તેથી પણ મોટાઈ અધિક છે, માટે બ્રહ્મ કહ્યા છે. **(૬)** અને એ તેજરૂપ અક્ષરધામના પણ નિયંતા છે, ને તેથી પર છે, માટે પરબ્રહ્મ કહ્યા છે. **(૭)** અને જીવકોટી, માયાકોટી, ઈશ્વરકોટી, તેથી પર બ્રહ્મકોટી, તેથી પર મૂર્તિમાન મૂળ અક્ષરકોટી, અને તેથી પર મુક્તકોટી, તે સર્વેના નિયામક છે, માટે ઈશ્વર કહ્યા છે. **(૮)** અને મૂળપુરુષરૂપ જે ઈશ્વરકોટી જેના તેજને વેદાન્તી બ્રહ્મનામે કહે છે, ને જે બ્રહ્મ શુદ્ધ સત્ત્વગુણ ગ્રહણ કરે છે, તે ઈશ્વર કહેવાય એમ કહે છે તથા જે બ્રહ્મ મલિન સત્ત્વગુણ ગ્રહણ કરે તે જીવ કહેવાય એમ કહે છે, તથા આકૃતિ માત્ર જેમાંથી ઉત્પન્ન થાય છે તેવાં વિશેષણોથી જે બહ્મને પ્રતિપાદન કરે છે, તે તેજના કારણ ને આધાર જે મૂળપુરુષરૂપ બ્રહ્મ, જેને આમાં ઈશ્વરકોટી નામે કહ્યા છે, તે ઈશ્વરકોટી, બ્રહ્મકોટી, અક્ષરકોટી તે સર્વેને પોતે ઐશ્વર્ય આપ્યું છે, તેથી ઈશ્વર કહેવાય છે. તે સર્વેથી પર ને તેમના કારણ ને પ્રેરક ને તે સર્વેથી મોટા છે, માટે પરમેશ્વર કહ્યા છે. **(૯)** અને એ સર્વેને વિષે વ્યાપે છે, માટે વિષ્ણુ કહ્યા છે. **(૧૦)**

૬ **પ્ર૦** શ્રીજીમહારાજને શ્રીકૃષ્ણ, પુરુષોત્તમ, વાસુદેવ, નારાયણ, પરમાત્મા, બ્રહ્મ, પરબ્રહ્મ, ઈશ્વર, પરમેશ્વર અને વિષ્ણુ એવે નામે કિયા કિયા વચનામૃતમાં કહ્યાં છે ?

૬ **ઉ૦** પરથારાની ૨, ૪, ૮, ૯, બાબતમાં તથા :

## વચનામૃતનો પરથારો

| | પ્રથમ પ્રકરણનાં | | | | | | | | લોયાનાં | | | પં૦ | | મધ્ય પ્રકરણનાં | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વચ૦ | ૫ | ૭ | ૮ | ૯ | ૧૨ | ૧૩ | ૨૧ | ૭૮ | ૧ | ૪ | ૭ | ૨ | ૬ | ૧૯ | ૨૯ | ૩૦ |
| પ્રશ્ન૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨૫ | ૮ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| બા૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૮ | ૨૫ | ૮ | ૨ | ૬ | ૧ | ૨ | ૨ | ૧ | ૧ |

| | મધ્ય પ્રકરણનાં | | | | | | વરતાલનાં | | | અશ્લા૦ | છેલ્લા પ્રકરણનાં | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વચ૦ | ૩૫ | ૩૮ | ૩૯ | ૪૦ | ૬૪ | ૬૫ | ૧ | ૨ | ૧૩ | ૧ | ૫ | ૨૦ | ૨૧ | ૩૧ |
| પ્રશ્ન૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ |
| બા૦ | ૧ | ૨ | ૧ | ૧ | ૨-૩ | ૧ | ૧ | ૨ | ૨ | ૧ | ૩-૪ | ૨ | ૭ | ૧ |

આમાં મહારાજને શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નામે કહ્યા છે. **(૧)** અને પરથારાની ૨ અને પાંચમી બાબતમાં તથા :-

| | પ્રથમ પ્રકરણનાં | | | | | | | સા૦ | કા૦ | લોયાનાં | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વચ૦ | ૮ | ૧૨ | ૨૧ | ૪૧ | ૫૧ | ૬૪ | ૭૧ | ૧ | ૮ | ૭ | ૧૨ | ૧૪ | ૧૫ | ૧૮ |
| પ્રશ્ન૦ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૫ | ૧ |
| બા૦ | ૪ | ૨ | ૮ | ૧ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૫ | ૨ |

| | પં૦ | મધ્ય પ્રકરણનાં | | | | | | અમદાવાદનાં | | | | અશ્લા૦ | જે૦ | | છેલ્લાનાં | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વચ૦ | ૭ | ૮ | ૧૩ | ૨૧ | ૩૧ | ૩૨ | ૪૨ | ૪ | ૫ | ૬ | ૭ | ૧ | ૪ | ૫ | ૨૭ | ૩૭ |
| પ્રશ્ન૦ | ૧ | ૨ | ૧ | ૪ | ૧-૨ | ૧ | ૧ | ૧ | ૧-૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| બા૦ | ૧ | ૨ | ૨-૩ | ૮ | ૧-૫ | ૨ | ૧-૨ | ૨ | ૧-૨ | ૩ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

આમાં શ્રીજીમહારાજને પુરુષોત્તમ નામે કહ્યા છે. તથા :-

| | પ્રથમ | કા૦ | લોયાના | | | | પં૦ | મધ્યનાં | | અશ્લા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વચ૦ | ૨૧ | ૧૨ | ૨ | ૧૧ | ૧૨ | ૧૩ | ૭ | ૩ | ૪૨ | ૧ |
| પ્રશ્ન૦ | ૧ | ૩ | ૨ | ૨ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૨ |
| બા૦ | ૭-૮ | ૩ | ૨ | ૨ | ૧ | ૨ | ૨ | ૨ | ૧ | ૨ |

આમાં શ્રીજીમહારાજને પુરુષોત્તમ નારાયણ નામે કહ્યા છે. તથા :-

## વચનામૃતનો પરથારો

| | પ્રથમ પ્રકરણનાં | | | | | | | | | | | | | | | | સા૦ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વચ૦ | ૭ | ૨૦ | ૨૪ | ૩૧ | ૩૨ | ૩૩ | ૪૧ | ૪૫ | ૫૧ | ૬૩ | ૬૪ | ૬૬ | ૭૧ | ૭૨ | ૭૩ | ૭૮ | ૪ | ૫ | ૧૨ |
| પ્રશ્ન૦ | ૧ ૨૫ | ૨ | ૨ | ૨ | ૪ | ૧ | ૧ | ૧ | ૧ | ૩-૪ | ૧ | ૧ | ૫ | ૨ | ૫ | ૧૬- | ૧ | ૨ | ૨ |
| બા૦ | ૨ ૨૫ | ૨ | ૫ | ૩ | ૩ | ૧ | ૧ | ૧ | ૧ | ૩-૪ | ૧-૨ | ૨ | ૫ | ૩ | ૬ | ૧૬- | ૧ | ૩ | ૩ |

| | કારિયાણી | | લોયાનાં | | મધ્ય પ્રકરણનાં | | | | | | | વ૦ | જે૦ | છેલ્લાનાં | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વચ૦ | ૭ | ૮ | ૧ | ૧૪ | ૯ | ૧૦ | ૧૩ | ૧૭ | ૧૯ | ૪૨ | ૫૦ | ૧૨ | ૧ | ૨૬ | ૩૧ |
| પ્રશ્ન૦ | ૪ | ૧ | ૮ | ૧ | ૧ | ૧-૨ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| બા૦ | ૪ | ૪-૧૨ | ૮ | ૨ | ૨ | ૧-૨ | ૨ | ૨ | ૧ | ૧-૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

આમાં શ્રીજીમહારાજને પુરુષોત્તમ ભગવાન નામે કહ્યા છે. **(૨)** અને

| | કા૦ | મધ્ય પ્રકરણનાં | | | | | વ૦ | અશ્લા. | છેલ્લા. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વચ૦ | ૭ | ૧૦ | ૩૧ | ૩૨ | ૪૮ | ૫૭ | ૫ | ૧ | ૩૩ |
| પ્રશ્ન૦ | ૪ | ૧ | ૧-૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ |
| બા૦ | ૪ | ૧ | ૧-૩-૪-૫ | ૨ | ૭ | ૧ | ૧ | ૧ | ૩-૬ |

આમાં શ્રીજીમહારાજને વાસુદેવ નામે કહ્યા છે. **(૩)** અને પરથારાની ૪, ૫, ૮મી બાબતમાં તથા :-

| | લોયાનાં | | | મધ્યનાં | | અશ્લા. |
|---|---|---|---|---|---|---|
| વચ૦ | ૧૦ | ૧૩ | ૧૪ | ૧૯ | ૫૭ | ૧ |
| પ્રશ્ન૦ | ૬ | ૧-૨ | ૧ | ૧ | ૧ | ૧ |
| બા૦ | ૮ | ૧-૨ | ૨ | ૨ | ૧ | ૧ |

આમાં શ્રીજીમહારાજને નારાયણ નામે કહ્યા છે. **(૪)**

| | પ્રથમનાં | | સા૦ | લો. | મધ્યનાં | | | અ. | જે. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વચ૦ | ૮ | ૧૨ | ૧ | ૧૦ | ૩૬ | ૫૭ | ૬૨ | ૧ | ૩ |
| પ્રશ્ન૦ | ૨ | ૪ | ૨ | ૬ | ૧ | ૧ | ૩ | ૧ | ૨ |
| બા૦ | ૪ | ૬ | ૨ | ૮ | ૧ | ૧ | ૩ | ૧ | ૪ |

આમાં શ્રીજીમહારાજને પરમાત્મા નામે કહ્યા છે. **(૫)**

(પ્ર૦ ૩૯ અને ૪૨ની બા૦ ૧), ૫૦, વર૦ ૧૩ પ્રશ્ન ૨, અ૦ ૪ની બા૦ ૧, એમાં બ્રહ્મ નામે કહ્યા છે. **(૬)**

## વચનામૃતનો પરથારો

| | પ્રથમનાં | | | સા. | લોયાનાં | | મધ્ય પ્રકરણનાં | | | | | | અ. | અશ્લા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વચ૦ | ૮ | ૭૧ | ૭૩ | ૧૨ | ૭ | ૧૦ | ૩ | ૮ | ૧૩ | ૩૦ | ૬૨ | ૬૫ | ૬ | ૧ |
| પ્રશ્ન૦ | ૨ | ૩ | ૫ | ૨ | ૨ | ૬ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૨ | ૧ |
| બા૦ | ૪ | ૩ | ૯ | ૩ | ૪ | ૮ | ૨ | ૨-૩ | ૨ | ૧ | ૩ | ૧ | ૩ | ૧ |

આમાં પરબ્રહ્મ નામે કહ્યા છે. **(૭)** અને પ્ર. ૪૮-૧-૧, કા૦ તથા છે૦ ૧૦ પ્રશ્ન ૧ માં ઈશ્વર નામે કહ્યા છે. **(૮)** અને પરથારાની નવમી બાબત તથા:-

| | પ્રથમ પ્રકરણનાં | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વચ૦ | ૨ | ૮ | ૧૮ | ૨૭ | ૩૦ | ૩૧ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૯ | ૪૫ | ૪૭ | ૪૯ | ૫૩ |
| પ્રશ્ન૦ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧-૨ | ૧ | ૧ |
| બા૦ | ૧ | ૪ | ૧ | ૧ | ૧ | ૧-૨ | ૧ | ૧-૨-૩ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૧-૨ | ૧ | ૧ |

| | પ્રથમ પ્રકરણનાં | | | | | | | | | | સારંગપુરનાં | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વચ૦ | ૫૪ | ૫૫ | ૫૬ | ૫૮ | ૬૩ | ૬૫ | ૬૭ | ૭૦ | ૭૩ | ૭૮ | ૧ | ૨ | ૪ | ૫ | ૯ | ૧૦ | ૧૧ | ૧૩ |
| પ્રશ્ન૦ | ૨ | ૧ | ૩ | ૪ | ૫ | ૪ | ૧ | ૧-૪ | ૬ | ૨ | ૨ | ૨ | ૧ | ૩ | ૩-૪ | ૧ | ૧ | ૧ |
| બા૦ | ૨ | ૨ | ૪ | ૫ | ૬ | ૪ | ૧ | ૧-૪ | ૧૧ | ૧ | ૨ | ૩ | ૩ | ૪ | ૪-૫ | ૧ | ૨ | ૧ |

| | કા૦ | લોયાનાં | | | | પં૦ | મધ્ય પ્રકરણનાં | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વચ૦ | ૬ | ૨ | ૧૦ | ૧૨ | ૧૭ | ૫ | ૭ | ૯ | ૧૦ | ૧૨ | ૧૬ | ૧૯ | ૨૧ | ૨૬ | ૨૭ |
| પ્રશ્ન૦ | ૪ | ૧ | ૬-૮ | ૧ | ૫ | ૧ | ૨ | ૧ | ૧-૨-૩ | ૧-૨ | ૨ | ૧ | ૨-૪ | ૧ | ૩ |
| બા૦ | ૬ | ૧ | ૮-૧૦ | ૧ | ૭ | ૧ | ૨ | ૫ | ૧-૨-૩ | ૧-૨ | ૨ | ૨ | ૪-૫ | ૧ | ૪ |

| | મધ્ય પ્રકરણનાં | | | | | | | | વરતાલનાં | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વચ૦ | ૩૪ | ૩૬ | ૩૭ | ૪૧ | ૫૩ | ૫૭ | ૬૨ | ૬૫ | ૨ | ૫ | ૬ | ૮ | ૧૧ | ૧૨ | ૧૭ |
| પ્રશ્ન૦ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૨ |
| બા૦ | ૨ | ૧ | ૧ | ૧ | ૨ | ૨-૪ | ૩ | ૩ | ૨ | ૧ | ૧-૨ | ૧ | ૫ | ૧-૨ | ૨ |

| | અમદાવાદનાં | | | છેલ્લા પ્રકરણનાં | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વચ૦ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | ૪ | ૭ | ૯ | ૧૦ | ૧૪ | ૧૮ | ૨૨ |
| પ્રશ્ન૦ | ૧-૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૧-૧૧ | ૪ | ૨ |
| બા૦ | ૧-૨ | ૧ | ૧ | ૧ | ૧-૨ | ૨ | ૩ | ૧ | ૧ | ૧-૧૧-૧૨ | ૪ | ૪ |

આમાં શ્રીજીમહારાજને પરમેશ્વર નામે કહ્યા છે. **છે૦ (૯)** અને પરથારાની બીજી બાબતમાં વિષ્ણુ નામે કહ્યા છે. **(૧૦)**

## વચનામૃતનો પરથારો

૭ **પ્ર૦** મકરાકાર કુંડળ તથા રત્નેજડિત મુગટ તેને ભગવાન ધરી રહ્યા છે એમ કહ્યું, તે રત્ન તો માયિક વસ્તુ છે, તે અક્ષરધામમાં તો હોય નહિ માટે તે કેવી રીતે સમજવું ?

૭ **ઉ૦** જ્યાં શ્રીજીમહારાજ મનુષ્યરૂપે વિરાજમાન હોય તે અક્ષરધામ જાણવું. તે (**મ૦ ૪૨**/૨માં) "જ્યાં અમારી મૂર્તિ ત્યાં અક્ષરધામનું મધ્ય છે," એમ કહ્યું છે. માટે અહીંની ને ત્યાંની એકતા કરીને કહ્યું છે. અને ચંદનવેણુ તે પણ અહીંનાં જ વર્ણન કર્યાં છે, કેમ જે જ્યાં ધામાધિપતિ વિરાજતા હોય ત્યાં જ ધામ કહેવાય.

૮ **પ્ર૦** રાધિકા, લક્ષ્મી, મૂર્તિમાન આયુધ, નંદસુનંદ, શ્રીદામાદિક પાર્ષદ, તથા અણિમાદિક સિદ્ધિઓ તેમણે સેવ્યા છે, અને ચાર વેદ તેમણે સ્તુતિને કર્યા છે એમ કહ્યું, તે સર્વે અક્ષરધામમાં શ્રીજીમહારાજની સેવામાં હશે કે કેમ ? અને વેદ સ્તુતિ કરતા હશે કે કેમ ?

૮ **ઉ૦** જ્યારે શ્રીજીમહારાજ દયા કરીને સર્વેનો મોક્ષ કરવા મનુષ્યરૂપે દર્શન આપે છે, ત્યારે પોતાના અવતારો તથા તે અવતારોના પાર્ષદો એ સર્વે પોતાના કલ્યાણને અર્થે અહીં આવે છે, તે સર્વે શ્રીજીમહારાજની સેવા કરે છે, તે (**મ૦ ૫૮**ના પહેલા પ્રશ્નોત્તરમાં) ચોથા હેતુમાં કહ્યું છે, અને વેદ પણ તેવી જ રીતે સ્તુતિ કરે છે.

૯ **પ્ર૦** વાસુદેવાદિક ચતુર્વ્યૂહ તથા કેશવાદિક તથા વારાહાદિક અવતાર એ સર્વેના ધરનારા શ્રીજીમહારાજને કહ્યા. તથા નરનારાયણરૂપે અને શ્રીકૃષ્ણ ને અર્જુનરૂપે પ્રગટ થયા એમ કહ્યું, તે શ્રીજીમહારાજ તો સર્વોપરી છે ને તે તે રૂપે કહ્યા તે કેમ સમજવું ?

૯ **ઉ૦** સર્વ અવતારોને વિષે શ્રીજીમહારાજનો આવિર્ભાવ છે; માટે એ અવતારો પોતાના જ છે, તેથી પોતે પ્રગટ થયા એમ કહ્યું છે. તે (**પ્ર૦ ૨૭**/૧માં) "આગળ થઈ ગયા ને હમણાં થાય છે, ને આગળ થાશે તે સર્વે આશ્ચર્ય અમારાં જાણવાં." એટલે એ સર્વે અવતારોમાં શ્રીજીમહારાજની સત્તા છે; માટે સર્વે અવતારના ધરનારા કહ્યા છે.

૧૦ **પ્ર૦** ત્રીજી બાબતમાં બદરિકાશ્રમમાં નરનારાયણ અને ઋષિઓ રહ્યા છે. તેમને શાપ થયો, ને તે જ પૃથ્વી ઉપર પ્રગટ થયા એમ **(૫)** બાબતમાં કહ્યું છે. ને તમે બીજી બાબતના **(૯)** પ્રશ્નોત્તરમાં નરનારાયણાદિક સર્વ અવતારોના અવતારી શ્રીજીમહારાજ પોતે પધાર્યા છે એમ કહ્યું, અને શ્રીજીમહારાજે પણ (**પ્ર૦ ૩૧**/૩માં) પોતાને અક્ષરાતીત કહ્યા છે; અને (**૭૮**ના નવમા પ્રશ્નમાં) "અમે કૃપા કરીને દર્શન દીધાં છે." એમ કહ્યું છે એમ જોતાં તો શ્રીજીમહારાજ પોતે જ પધાર્યા છે માટે તે પરસ્પર વિરોધ આવે છે તે કેમ સમજવું ?

૧૦ **ઉ૦** જે વખતે અક્ષરધામમાં શ્રીજીમહારાજે અનંત જીવોના ઉદ્ધારને અર્થે આ બ્રહ્માંડમાં પધારવાનો સંકલ્પ કર્યો, તે જ વખતે બદરિકાશ્રમમાં નરનારાયણને શાપ થયો માટે નરનારાયણને મિષે કરીને અક્ષરધામના પતિ શ્રી સ્વામિનારાયણ ભગવાન પરબ્રહ્મ પોતે શ્રી છપૈયા ધામને વિષે ભક્તિ-ધર્મ થકી પ્રગટ થાતા હવા, તે (**જે૦ ૪**ના ૧/૪ પહેલા પ્રશ્નમાં) "શ્રી પુરુષોત્તમ તે જે તે આજ તમને સર્વેને નરનારાયણ ઋષિરૂપે થઈને મળ્યા છે." તથા (**૫**/૧માં) અમે "અક્ષરધામના પતિ શ્રી પુરુષોત્તમ છીએ" એમ કહ્યું છે, માટે શ્રીજીમહારાજે દયા કરીને દર્શન આપ્યાં છે તે વાત સાચી છે, અને નરનારાયણને શાપ થયો તે વાત પણ સાચી છે.

૧૧ **પ્ર૦** અક્ષરધામને વિષે રહેલા શ્રીકૃષ્ણ ભગવાને વૃંદાવનને વિષે ભક્તિ-ધર્મને દર્શન આપ્યાં એમ ચોથી

## વચનામૃતનો પરથારો

બાબતમાં કહ્યું તે શ્રીકૃષ્ણ કિયા જાણવા ? અને અક્ષરધામ કિયું જાણવું ?

**૧૧** ઉ૦ ભક્તિ-ધર્મને શ્રીજીમહારાજે દર્શન આપ્યું છે માટે શ્રીકૃષ્ણ નામે શ્રીજીમહારાજને કહ્યા છે; ને અક્ષરધામ પણ શ્રીજીમહારાજનું કહ્યું છે.

**૧૨** **પ્ર૦** ભક્તિધર્મને શ્રીજીમહારાજે દર્શન આપ્યાં ત્યારે "મેં પૂર્વે દૈત્યોને માર્યા હતા" એમ કેમ કહ્યું ?

**૧૨** ઉ૦ પૂર્વે જે જે અવતાર થઈ ગયા છે, અને હવે જે જે થશે તે સર્વેને ઐશ્વર્ય આપનારા શ્રીજીમહારાજ છે, માટે પરોક્ષ અવતારોએ શ્રીજીમહારાજના ઐશ્વર્યના પ્રતાપે કરીને દૈત્યોને માર્યા છે, માટે શ્રીજીમહારાજે માર્યા છે એમ જાણવું, તે (**પ્ર૦ ૨૭**/૧માં) "પૂર્વે જે જે આશ્ચર્ય થઈ ગયાં ને આજ થાય છે, ને આગળ થશે તે સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે" એમ કહ્યું છે.

**૧૩** **પ્ર૦** રામાનંદ સ્વામીને ઉદ્ધવનો અવતાર આઠમી બાબતમાં કહ્યા તેનો અર્થ શો સમજવો ?

**૧૩** ઉ૦ " ઉત્" એટલે ઉત્કૃષ્ટ એવા, "ધવ" કહેતાં સ્વામી, તે ઉદ્ધવ કહેવાય, એટલે ઉત્કૃષ્ટ સ્વામી એવા જે શ્રીજીમહારાજ તેમના અવતાર એટલે મુક્ત તે રામાનંદ સ્વામી હતા એમ કહ્યું છે.

**૧૪** **પ્ર૦** રામાનંદ સ્વામીને તમે શ્રીજીમહારાજના મુક્ત કહ્યા અને આઠમી બાબતમાં "રામાનંદ સ્વામી દેહોત્સવ કરીને બદરિકાશ્રમ જતા હવા, ને દુર્વાસાના શાપ થકી મુકાતા હવા." એમ કહ્યું છે, તે પરસ્પર વિરોધ આવ્યો તે કેમ સમજવું ?

**૧૪** ઉ૦ નરનારાયણના શાપ નિમિત્તે શ્રીજીમહારાજ પોતે પધાર્યા છે તેથી પોતાનું નામ નરનારાયણ કહ્યું છે. અને તેથી જ પોતાના અક્ષરધામને બદરિકાશ્રમ નામે કહ્યું છે. માટે અક્ષરધામમાં ગયા એમ સમજવું અને શાપ નિમિત્તે પધાર્યા હતા, તેથી શાપથી મુકાતા હવા એમ કહ્યું છે.

**૧૫** **પ્ર૦** નવમી બાબતમાં શ્રીજીમહારાજ પોતાના આશ્રિતોને લક્ષ્મી-રાધિકાદિક તથા શ્રીકૃષ્ણાદિક ઘણે રૂપે પોતાનું દર્શન દેતા હવા. એમ કહ્યું તે શ્રીજીમહારાજ પોતે દેખાયા હશે કે શ્રીકૃષ્ણાદિક અવતારોને દેખાડ્યા હશે ?

**૧૫** ઉ૦ સર્વે અવતારોરૂપે તથા લક્ષ્મી-રાધિકા તથા સર્વે પાર્ષદોરૂપે પોતે દેખાયા છે. એમ એ જ બાબતમાં કહ્યું છે.

**૧૬** **પ્ર૦** શ્રીજીમહારાજ કોટી કોટી સૂર્ય સરખું પોતાનું તેજ દેખાડતા હવા તે તેજ કિયું જાણવું ?

**૧૬** ઉ૦ શ્રીજીમહારાજની મૂર્તિના તેજનો સમૂહ છે, તે પ્રકાશને (**પ્ર૦ ૭**/૧માં) તથા (**છે૦ ૩૬**ના પહેલા પ્રશ્નમાં) બ્રહ્મજયોતિ કહ્યો છે. તે બ્રહ્મજયોતિની અનંત કિરણો છે તેમાંથી એક કિરણના કિંચિત્ પ્રકાશને દેખાડતા હવા, તેને કોટી કોટી સૂર્ય સરખો પ્રકાશ કહ્યો છે અને સમગ્ર પ્રકાશને અક્ષરધામ કહ્યું છે માટે ઉપર કહ્યો એટલા પ્રકાશે કરીને અક્ષરધામની કિરણનો કિંચિત્ પ્રકાશ સમજવો પણ સમગ્ર અક્ષરધામ ન સમજવું.

**૧૭** **પ્ર૦** દ્રષ્ટા એવું જે બ્રહ્મ તે રૂપે શ્રીજીમહારાજ પોતાનું દર્શન દેતા હવા એમ કહ્યું તે દ્રષ્ટા એવું જે બ્રહ્મ તે શું સમજવું ?

**૧૭** ઉ૦ દ્રષ્ટા એવું જે બ્રહ્મ કહ્યું તે મૂળપુરુષ ઈશ્વરને કહ્યા છે, તે મૂળપુરુષને (**સા૦ ૬**ના ૧/૨ પહેલા પ્રશ્નમાં) અંતર્યામી, ફળપ્રદાતા, દ્રષ્ટા, બ્રહ્મ, પરબ્રહ્મ એવે નામે કહ્યા છે, તે મૂળપુરુષરૂપે પોતે દેખાતા હવા. તે (**સા૦ ૫**ના ૨/૩ બીજા પ્રશ્નમાં) સચ્ચિદાનંદ કહ્યા છે.

**૧૮** **પ્ર૦** મૂળ અજ્ઞાન કહ્યું એ તે શું સમજવું ?

## વચનામૃતનો પરથારો

**૧૮** ઉ૦ કારણ શરીર છે તે જીવની માયા છે, તે મૂળ અજ્ઞાન છે તે (**કા૦ ૧૨**ના પહેલા પ્રશ્નમાં) કહ્યું છે, અને બીજું શ્રીજીમહારાજ જીવકોટી, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી, મૂર્તિમાન મૂળઅક્ષરકોટીથી પર છે, એવું ન સમજાય અને શ્રીજીમહારાજ વિના અન્ય દેવની ઉપાસના થઈ જાય તે પણ મૂળ અજ્ઞાન કહેવાય. તે (**લો૦ ૧૭**ના ૫/૭ પાંચમા પ્રશ્નમાં) કહ્યું છે જે અક્ષરાદિક સર્વેના સુખનું પરિણામ કરીને ને અમારા સુખને સર્વેથી અધિક માનીને અમારી મૂર્તિમાં જોડાવું એવું ન સમજાય ત્યાં સુધી મૂળ અજ્ઞાન છે. તે મૂળ અજ્ઞાન ટાળવા સારુ શ્રીજીમહારાજ પધાર્યા છે, માટે મૂળઅક્ષરાદિક અન્ય દેવની ઉપાસના થઈ જાય એ જ મૂળ અજ્ઞાન છે.

**૧૯** **પ્ર૦** બ્રહ્મની તથા અક્ષરની કોટીઓ કહો છો તે કિયા વચનામૃતમાં છે ?

**૧૯** ઉ૦ (**કા૦ ૧૦**ના ૧/૪ પહેલા પ્રશ્નમાં) "અમારા ભક્ત અમને ભજીને અમારા પ્રતાપે કરીને પ્રકૃતિપુરુષ જેવા થાય અને બ્રહ્મ જેવા થાય તથા અક્ષર જેવા થાય પણ અમારા જેવા કોઈ ન થાય," એમ કહ્યું છે. માટે મૂળપુરુષ તથા બ્રહ્મ જે વાસુદેવ તથા અક્ષરાદિક અનંત થાય, માટે કોટીઓ છે એમ જાણવું.

**૨૦** **પ્ર૦** અગિયારમી બાબતમાં શ્રીજીમહારાજે મોટાં મોટાં શિખરબંધ મંદિરો કરાવીને તેમાં મૂર્તિઓ સ્થાપન કરી એમ કહ્યું, તે પરોક્ષ અવતારોની મૂર્તિઓ સ્થાપન કરવાનું શું કારણ હશે ?

**૨૦** ઉ૦ શ્રીજીમહારાજે પોતે અવતારોરૂપે દર્શન આપ્યાં હતાં, તે જ પોતાનાં સ્વરૂપ પધરાવ્યાં છે, પણ બીજા અવતારોને પધરાવ્યા નથી. માટે આપણા સંપ્રદાયનાં સર્વ મંદિરોમાં જે જે પરોક્ષ નામે મૂર્તિઓ છે, તે તે સર્વેરૂપે શ્રીજીમહારાજ પોતે જ છે, પણ બીજા અવતારો નથી પધરાવ્યા એમ જાણવું.

**૨૧** **પ્ર૦** શ્રીજીમહારાજે બીજા અવતારોરૂપે મતવાદીઓને પોતાનાં દર્શન આપ્યાં તે સ્વરૂપોને મંદિરોમાં પધરાવ્યાનું શું કારણ હશે ?

**૨૧** ઉ૦ એવે રૂપે શ્રીજીમહારાજનું દર્શન કરવાથી પરોક્ષના આશ્રિતોને હેત થાય તેથી દર્શને આવે, ને પછી સત્પુરુષોનો સમાગમ કરે તેણે કરીને શ્રીજીમહારાજને સર્વોપરી જાણીને શ્રીજીમહારાજના આશ્રિત થાય, ને તેનું મૂળ અજ્ઞાન ટળીને તેનો આત્યંતિક મોક્ષ થાય માટે તે સ્વરૂપ પધરાવ્યાં છે.

**૨૨** **પ્ર૦** આપણા સંપ્રદાયનાં મંદિરોમાં જે સ્વરૂપ પધરાવ્યાં છે તે સર્વે સ્વરૂપ અક્ષરકોટીથી તથા મુક્તોથી પર જાણવાં કે ન્યૂન જાણવાં ?

**૨૨** ઉ૦ એ મૂર્તિઓ મૂળઅક્ષરથી તથા મુક્તોથી પર છે, કેમ જે શ્રીજીમહારાજનાં પોતાનાં સ્વરૂપ છે માટે શ્રીજીમહારાજ પોતે જ છે.

**૨૩** **પ્ર૦** એ મૂર્તિઓનું ધ્યાન થાય કે નહિ ?

**૨૩** ઉ૦ ઘણાક જીવોના સમાસને અર્થે એ રૂપ પધરાવ્યાં છે. પણ ધ્યાન કરવા સારુ પધરાવ્યાં નથી; ધ્યાન કરવા માટે તો સહજાનંદ સ્વામી, હરિકૃષ્ણ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજ, એવા નામની પોતાની મૂર્તિઓ પધરાવી છે, તે મૂર્તિઓનું જ ધ્યાન કરવું; તે (**લો૦ ૧૧**ના ૨/૪ બીજા પ્રશ્નમાં) "પોતાને મળી જે મૂર્તિ તેનું જ ધ્યાન કરવું પણ પરોક્ષ અવતારોનું ધ્યાન કરવું નહિ" એમ કહ્યું છે માટે પરોક્ષરૂપે દેખાયા તે સ્વરૂપનું પણ ધ્યાન કરવું નહિ.

**(પરથારો સંપૂર્ણ)**

# "રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા"વાળા વચનામૃતની વિશેષતા

" જગતના સર્વ ગ્રંથોમાં વચનામૃત ગ્રંથ સારો છે,

**જીવોના મોક્ષને માટે સર્વોત્તમ સૌથી ન્યારો છે."**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની સ્વમુખવાણી એટલે વચનામૃત. જગતભરનાં શાસ્ત્રોનો સાર આ વચનામૃતમાં છે. અતિ કીમતી એવા મનુષ્યજન્મનો હેતુ જીવાત્માના મોક્ષનો છે. આ આત્યંતિક કલ્યાણની ચાવીરૂપ વાત તથા આધ્યાત્મિક માર્ગના - ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, આત્મનિષ્ઠા, ઉપાસના, નિર્માનીપણું, દાસભાવ, પ્રેમલક્ષણાભક્તિ વગેરે અનેક સદ્‌ગુણો તથા મોક્ષના માર્ગમાં પરમ વિઘ્નરૂપ એવા કામ, ક્રોધ, ઈર્ષ્યા, માન, આંટી, હઠ, રસાસ્વાદ, દેહાભિમાન, કુસંગીમાં હેત, સંબંધીમાં હેત, મત્સર, દ્રોહ વગેરે અનેક દોષોની ઊંડાણપૂર્વક સમજૂતી તથા તે ટાળવાના ઉપાયોની વાત આ વચનામૃત ગ્રંથમાં છે.

ટૂંકમાં - માનવજીવનમાં અનુભવાતો કોઈપણ પ્રશ્ન કે ઉદ્‌ભવતો કોઈપણ પ્રશ્ન અને તેનો ઉકેલ આ વચનામૃત ગ્રંથથી બાકાત નથી.

ગામડાના સાવ અભણને કે ખૂબ ભણેલાને કે વિદ્વાનને, શાસ્ત્રીને કે જ્ઞાનીને સૌને સમજાય તથા સમાસ થાય તેવી વાતો આ ગ્રંથમાં છે... અને હોય જ ને ...! કારણ કે સર્વે જીવોના રૂડા માટે, આત્યંતિક કલ્યાણ માટે, જીવોની શુદ્ધિ અને વૃદ્ધિ માટે, આધ્યાત્મિક માર્ગના શ્રેષ્ઠ શિખરે સૌને પહોંચાડવા માટે તો શ્રીજીમહારાજનું - આ બ્રહ્માંડમાં પ્રાગટ્ય હતું.

પ્રશ્ન એ થાય કે આવો સર્વોત્તમ, લોકભોગ્ય ગ્રંથ વચનામૃત છે તો પછી તેના પર ટીકા-સમજૂતી કે વિવેચન લખવાની શી જરૂર...?

પરંતુ વચનામૃતનો અતિ ધ્યાનપૂર્વક બારીકાઈથી અભ્યાસ કરતાં જણાય છે કે શ્રીજીમહારાજે વચનામૃતમાં જે વાતો પીરસી છે તે, તે સમયે સામે સભામાં બેઠેલા શ્રોતાઓની કક્ષા પ્રમાણે એટલે કે પાત્રતા પ્રમાણે વાતો કરી છે. તેથી કેટલીક વાતો પરોક્ષભાવે કરવી પડી છે. શ્રીજીમહારાજે ક્યાંક પોતાને ભક્ત તરીકે, તો ક્યાંક પોતાને અનાદિમુક્ત તરીકે તો ક્યાંક પોતાને સાધુ તરીકે તો ક્યાંક પોતાને અવતાર તરીકે તો ક્યાંક પોતાને સર્વાવતારી ભગવાન તરીકે વર્ણવ્યા છે. તેથી ભક્તજનોને - સાચા મુમુક્ષુજનોને ભગવાનનાં સ્વરૂપ વિષે નિર્ણય કરવામાં મૂંઝવણ થાય તે સ્વાભાવિક છે.

જેમ કે,

(૧) "અમારા હૃદયમાં તો નરનારાયણ પ્રગટ બિરાજે છે. અને હું તો **અનાદિમુક્ત** જ છું પણ કોઈના ઉપદેશે કરીને મુક્ત થયો નથી." **ગઢડા પ્રથમનું - ૧૮**

(૨) "નારદ-સનકાદિક જેવા અનાદિમુક્ત છે તેણે પણ એવા પંચવિષય વિના રહેવાતું નથી." **ગઢડા પ્રથમનું - ૩૨**

(૩) "અમે તો ભગવાન જે નરનારાયણ ઋષિ તે છીએ." **જેતલપુરનું - ૫**

(૪) "શ્રીકૃષ્ણ પુરુષોત્તમ અક્ષરધામના ધામી શ્રી નરનારાયણ તે જ આ સભામાં નિત્ય બિરાજે છે." **જેતલપુરનું - ૫**

(૫) "મારા હૃદયમાં તેજને વિષે જે મૂર્તિ છે તેને અમે પ્રગટ પ્રમાણ હમણાં દેખીએ છીએ.... અને અમે બોલીએ છીએ તે પણ ત્યાં બેઠા થકા જ બોલીએ છીએ અને તમે પણ ત્યાં જ બેઠા છો એમ હું દેખું છું." **ગઢડા પ્રથમનું - ૧૩**

(૬) "શ્રી પુરુષોત્તમ તે જે તે આજ તમને સર્વેને નરનારાયણ ઋષિરૂપ થઈને મળ્યા છે."**જેતલપુરનું-૪**

(૭) ''આ સત્સંગને વિષે ભગવાન વિરાજે છે તે જ ભગવાનમાંથી ચોવીશ અવતાર થયા છે. ને પોતે તો અવતારી જ છે.'' **અમદાવાદનું - ૬**

(૮) ''.. તે સર્વે થકી પર એવું જે શ્રી પુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું પણ મારા વિના બીજો કોઈ મોટો દેખ્યો નહિ. '' **અમદાવાદનું - ૭**

(૯) ''અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ તે સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે... મારે તેજે કરીને સૂર્ય, ચંદ્ર, તારા આદિક તેજાયમાન છે... એવો જે હું તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન કોઈ કાળે વ્યભિચારને પામે નહિ.'' **અમદાવાદનું - ૭**

ઉપરોક્ત વચનો શ્રીજીમહારાજ જ બોલ્યાં છે... પણ તે જોતાં ભક્તજનને મૂંઝવણ થાય કે શ્રીજીમહારાજને ભક્ત સમજવા, મુક્ત સમજવા, શ્રી નરનારાયણ સમજવા કે સર્વોપરી, સર્વાવતારી સમજવા...? કઈ વાત શ્રીજીમહારાજે શા માટે કરી છે તે વચનામૃતમાં નથી. ત્યારે ઉપરોક્ત ભિન્નતા દૂર કરવા આ વચનામૃતની ટીકા-સમજૂતીની આવશ્યકતા છે જ.

શ્રીજીમહારાજના આવા રહસ્ય અભિપ્રાયોને તથા ક્યારેક કરેલી રોચક, ભેદક, ભયાનક કે વાસ્તવિક વાતોને કોણ સમજાવી શકે...? આવા ગૂઢ અર્થોને કોણ સમજાવી શકે..? શું વિદ્વાનો, શાસ્ત્રીઓ, ભણેલાઓ કે કવિઓ સમજાવી શકે ? ના... ''જ્યાં ન પહોંચે અનંત કવિ ત્યાં પહોંચે એક અનુભવી.''

કવિઓ તો કલ્પના કરે.. શાસ્ત્રીઓ, વિદ્વાનો, પંડિતો તો શાસ્ત્રમાંથી જ કહી શકે. પરંતુ સાચા અનુભવી હોય તે યથાર્થ અર્થ કરી શકે...

અને સ્વાભાવિક છે કે પોતાના ઘરની વાત કોણ જાણે...? તો પોતે કાં પોતાનાં ઘરનાં જ સભ્યો. તેમ શ્રીજીમહારાજના આવા રહસ્ય અભિપ્રાયોને યથાર્થ કોણ જાણી શકે ? તો પોતે કાં પોતાના ઘરના સભ્યો એટલે કે પોતાના ધામમાંથી આવેલા મુક્તો.. પોતાના સંકલ્પો...

ત્યારે કચ્છના બળદિયા ગામે શ્રીજીમહારાજના સંકલ્પથી અને આશીર્વાદથી જ પ્રગટ થયેલા શ્રીજી સંકલ્પમૂર્તિ શ્રી જીવનપ્રાણ અબજીબાપાશ્રી આવા અનુભવી હતા... જેમના દ્વારે બોલનારા સ્વયં શ્રીજીમહારાજ હતા... બાળપણથી જ શ્રીજીમહારાજ જેવા જ ઐશ્વર્યો દેખાડતા.. આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, સદ્. ગુણાતીતાનંદ સ્વામી, સદ્. લોકનાથાનંદ સ્વામી, આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજ, શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ વગેરે જેવાએ પણ જેમને પ્રમાણ કર્યા છે... અમદાવાદ, વડતાલ, મૂળી, જૂનાગઢ વગેરે દેશના મોટા મોટા સદ્‌ગુરુ સંતો આ બાપાશ્રીના ખોળામાં માથું મૂકી આશીર્વાદ માંગતા.. આખા સંપ્રદાયના ઉપરી સંત સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી કે જેમની કૃપાથી સિદ્ધદશાને પામેલા સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામી તથા માંડવીના લક્ષ્મીરામભાઈ જેવા સિદ્ધમુક્તો પણ જેમને જીવનપ્રાણ કહેતા, જેમનો અપાર મહિમા સમજતા અને અનેકને સમજાવતા તેવા જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ આ વચનામૃત ગ્રંથની ટીકા કરી છે.''

ટીકા એટલે નિંદા કે ટિપ્પણી નહીં પરંતુ સમજૂતી - શ્રીજીમહારાજના વચનામૃતની ટીકા કરનાર આપણે કોણ ? આવી અણસમજણ અને અજ્ઞાન તથા જડતા ભરેલી દલીલોથી પર થઈ તટસ્થભાવે આ ટીકા કે જે શ્રીજીમહારાજના સ્વરૂપને જેમ છે તેમ ઓળખાવે છે, આપણને મળેલા ઇષ્ટદેવના સ્વરૂપની યથાર્થ પુષ્ટિ કરાવે છે... શ્રીજીમહારાજનો આ બ્રહ્માંડમાં પ્રગટ થયાનો હેતુ પૂર્ણ કરે છે.. આપણા બાપ શ્રીજીમહારાજના સિદ્ધાંતોને સમર્થન પૂરું પાડે છે.. સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિ જેવી અજોડ અને કેવળ અનુભવાત્મક જ્ઞાનવાતોને સરળતાથી સમજાવે છે. તેવી 'ટીકા'ને વાંચવાથી ખૂબ ઊંચા જ્ઞાનની, સમજણની અને ઊંચી સ્થિતિની પ્રાપ્તિ થયાનો અનુભવ થશે... જોઈએ આ ''રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા'' એટલે શું અને તેની વિશેષતાઓ.

# રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાની સમજૂતી તથા વિશેષતાઓ

(૧) મૂળ વચનામૃતોને યોગ્ય પરિચ્છેદ(ફકરા)માં ગોઠવવામાં આવ્યાં છે. તેમાં પૂછવામાં આવેલા પ્રશ્નો તથા શ્રીજીમહારાજનાં કૃપાવાક્યો વગેરેને નંબર આપવામાં આવ્યા છે. કોઈ એક જ પ્રશ્ન કે કૃપાવાક્યમાં બે, ત્રણ કે વધુ અલગ અલગ બાબતોની સમજૂતી શ્રીજીમહારાજે આપી હોય તો તેને ક્રમવાર અલગ પાડવામાં આવી છે... (વચનામૃતમાં ડાબી બાજુ પ્રશ્નનો **આંક** તથા જમણી બાજુ બાબતનો **આંક** છે.) આનાથી વાંચનારને સમજવામાં ખૂબ સાનુકૂળતા રહે છે.

(૨) દરેક વચનામૃતના અંતે રહસ્યાર્થ ટીકાની શરૂઆતમાં શ્રીજીમહારાજની મૂળ શૈલી જળવાઈ રહે તે રીતે તે વચનામૃતનો સાર (સમગ્ર વચનામૃતનો ભાવાર્થ આવી જાય તે રીતે) આપેલો છે..... પાઠકે કે શ્રોતાએ તે વચનામૃત કેવી રીતે સમજવું તેની તેમાં સ્પષ્ટતા કરી છે.

(૩) જે તે વચનામૃતના તત્ત્વજ્ઞાન દર્શાવતા અઘરા-કઠિન શબ્દો તેમજ બીજાં વચનામૃતોમાં તે શબ્દો કે વાક્યાર્થને અનુરૂપ પૂર્વાપર સંબંધથી ઉદ્‌ભવતા પ્રશ્નો અને તે પ્રશ્નોના ઉત્તરો પણ ટીકામાં આલેખાયા છે.

(૪) વિશેષ ધ્યાનપાત્ર બાબત તો એ જ છે કે આ રહસ્યાર્થ ટીકામાં વચનામૃતોના જ આધારો આપવામાં આવ્યા છે. બીજાં શાસ્ત્રો કે બીજા સંતોનાં વચનોનો આધાર નહિ. કારણ કે જેમને સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાનનો વ્યતિરેક સંબંધ જ નથી થયો એવા પરોક્ષ શાસ્ત્રોના લેખકો શ્રીજીમહારાજનો યથાર્થ મહિમા જાણી કે સમજી શકે નહિ. તેથી પરોક્ષ શાસ્ત્રોની શાખ્ય લેવાથી શ્રીજીમહારાજનું માહાત્મ્ય સમજવામાં ઊણપ રહી જાય.
વળી બીજા સંતો કદાચ બધાને પ્રમાણ ન પણ હોય .... જ્યારે શ્રીજીમહારાજ તો ભક્ત સમુદાય સૌને પ્રમાણ છે. માટે સ્વયં શ્રીજી મહારાજના વચનામૃતના જ સંદર્ભો (References) આપવામાં આવ્યા છે.

(૫) શ્રીજીમહારાજે વચનામૃતમાં જેવી સભા તેવી વાત કરી છે. એટલે કે શ્રોતાઓની પાત્રતા પ્રમાણે ક્યાંક પોતાને ભક્ત તરીકે, ક્યાંક મુક્ત કે ક્યાંક સર્વાવતારી તરીકે કહ્યા છે. તો જે તે વચનામૃતમાં શા માટે પોતાને ભક્ત, મુક્ત કે સર્વાવતારી કહ્યા છે ? આપણે તેમને કેવા સમજવા ? તેની પણ ટીકામાં સ્પષ્ટતા કરેલી જોવા મળે છે.

(૬) નારાયણ, નરનારાયણ, શ્રીકૃષ્ણ, પુરુષોત્તમ, અક્ષર, ગોલોક, ગુણાતીત વગેરે શબ્દોના ક્યારે કેવા અર્થ સમજવા તેની પણ ટીકામાં સમજૂતી આપેલી છે.

(૭) વળી બ્રહ્મ, પરબ્રહ્મ, ચિદાકાશ, દ્રષ્ટા, દૃશ્ય, બદ્ધજીવ, મુક્તજીવ, અન્વય, વ્યતિરેક વગેરે અનેક તત્ત્વજ્ઞાનના શબ્દો તથા પ્રશ્નોની ટીકામાં સ્પષ્ટ સમજૂતી આપેલી છે. ભલભલા વિદ્વાનો, શાસ્ત્રીઓને પણ શાસ્ત્રોમાંથી કે વચનામૃતમાંથી પણ આવા તત્ત્વજ્ઞાનના અર્થ મળવા મુશ્કેલ જ નહિ, અસંભવ છે.

(૮) શ્રીજીમહારાજનું અન્વય-વ્યતિરેકપણું, સગુણ-નિર્ગુણ સ્વરૂપ, સર્વેના કારણ, સર્વેના નિયંતા, સર્વાવતારીપણું તથા એકાંતિક, પરમએકાંતિક તથા અનાદિમુક્તની સ્થિતિ તથા સકામ ભક્ત એવા ઐશ્વર્યાર્થી, અવતારોના અવતારી.... વગેરે ઊંડું અને ઊંચું તત્ત્વજ્ઞાન વચનામૃતના જ આધારે આ ટીકામાંથી સ્પષ્ટ જણાય છે.

(૯) વચનામૃતમાં આવતા જુદા જુદા વિષયો તથા રહસ્યાર્થમાં વર્ણવેલા જુદા જુદા વિષયો પર વિગતવાર અનુક્રમણિકા તૈયાર કરીને રહસ્યાર્થ ટીકાની સાથે આપી છે. તેનાથી એક શબ્દ, એક વિચાર કે એક વિષયનું સમાન કે વિષમ વર્ણન કરતાં વચનામૃતો શોધવાની સુગમતા રહે છે.

(૧૦) વચનામૃતમાં શ્રીજીમહારાજે ઘણી જગ્યાએ હરિભક્તોનાં નામ આપી પ્રશંસા કરી હોય, રાજીપો વરસાવ્યો હોય તેવું છે.(દા.ત. **લો.-૩** - જેમાં ડ્ડુસરના ગલુજી, કુશળકુંવરબાઈ, પર્વતભાઈ, રાજબાઈ, જીવુબા, લાડુબા, દાદાખાચર, માંચાખાચર, મૂળજી બ્રહ્મચારી વગેરે નામ આપ્યા છે.) તો આ ભક્તોએ કેવાં કાર્યો કર્યા છે કે તેમનામાં કેવા ગુણો હતા તેની પ્રસંગ સાથે વિસ્તારપૂર્વક સમજૂતી બાપાશ્રીએ આ ટીકામાં આપી છે. કોઈની પાસેથી સાંભળેલી કે વાંચેલી કે કલ્પના કરેલી આ વાતો નથી પરંતુ સ્વયં શ્રીજીમહારાજે જ જેમના દ્વારે કહી હોય તેવા બાપાશ્રીની અનુભવવાણી છે.

(૧૧) ક્યારેક શ્રીજીમહારાજ અતિશે ઉદાસ થઈ ગયા હોય, ક્યારેક મર્મવચનો કહ્યાં હોય, ક્યારેક હસતા હસતા ઉતારે પધાર્યા હોય - તો આ લીલાઓનું શું કારણ હોય... શ્રીજીમહારાજના અંતરનો અભિપ્રાય શું હોય તે કોણ કહી શકે...? એ તો પોતે જ કહી શકે ને ! એટલે કે સ્વયં શ્રીજીમહારાજે બાપાશ્રી દ્વારે આ રહસ્યાર્થ ટીકામાં સ્પષ્ટ સમજાવ્યું છે.

ટૂંકમાં રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાવાળા વચનામૃત તટસ્થભાવે, ઊંડાણપૂર્વક, રસપૂર્વક વાંચે તેને મૂકવાનું મન જ ન થાય. જ્યાં સુધી રહસ્યાર્થ ટીકા ન વાંચે ત્યાં સુધી વચનામૃત વાંચ્યાનો કે સમજ્યાનો સંતોષ ન થાય.

બસ વાત છે વિશ્વાસની..

રહસ્યાર્થ ટીકા તટસ્થભાવે, મુમુક્ષુભાવે વાંચે તેને સહેજે સમજાય કે આ રહસ્યાર્થ ટીકા કોઈ આ લોકની વ્યક્તિએ કરી નથી. આ લોકની કોઈ વ્યક્તિનું કામ નથી. ૨૭૩ વચનામૃતમાંથી ખૂણેખાંચરે કયા વચનામૃતમાં શું વાત કરી છે, તે સંદર્ભ સાથે સમજાવવું તે આ લોકની કોઈ બુદ્ધિશાળી વ્યક્તિનું પણ કામ નથી. અરે .. સ્વયં શ્રીજીમહારાજ સિવાય બીજા કોઈ આ 'ટીકા' ન કરી શકે...

પ્રશ્નો પૂછનાર પણ કોઈ આ લોકના નથી.. એક સાથે ચાર-પાંચ કે તેથી વધુ વચનામૃતના સંદર્ભ લાવી.. તમામ ભિન્નતાને રજૂ કરી... પ્રશ્ન પૂછવો તે કોઈ શાસ્ત્રી કે વિદ્વાનનું કામ નથી... સ્વયં શ્રીજીમહારાજ જેમના દ્વારે કાર્ય કરતા તેવા અનાદિ સ્વતંત્ર મુક્ત નીડર સિદ્ધાંતવાદી, કારણ સત્સંગના પ્રણેતા સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રીએ ૧૮-૧૮ વર્ષ દાખડો કરી આ 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા'વાળાં વચનામૃત તૈયાર કર્યાં છે.

* વચનામૃતના અભ્યાસીઓ માટે શ્રીહરિનું સર્વોપરી તત્ત્વજ્ઞાન યથાર્થ રીતે સમજવા માટે આ શ્રેષ્ઠ માર્ગદર્શિકા છે.

* ગઢડા મધ્ય પ્રકરણના ૧૩મા વચનામૃતમાં પણ શ્રીજીમહારાજ કહે છે કે, "આવી ભગવત્‌સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે, ત્યારે તેમના મુખ થકી જ આ વાત સમજ્યામાં આવે છે. પણ પોતાની બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથમાંથી પણ સમજાતી નથી."

આ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા એવા ઉત્તમ સત્પુરુષના સમાગમની ગરજ સારે છે.

* જે મુમુક્ષુ ભગવાનના સાક્ષાત્કારને પામવા તત્પર હોય, અતિ જિજ્ઞાસુ હોય, અતિ વ્યાકુળ હોય, તેના માટે આ 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા' એક સુંદર આરસી-દર્પણ તુલ્ય છે જેથી તે દર્પણમાં જોઈ પોતામાં રહેલા દુર્ગુણો, દોષો, ક્ષતિઓ અને અણસમજને ઓળખીને તેમાં બતાવેલ ઉપાય દ્વારા તે દૂર કરી શ્રીજીમહારાજને ગમે તેવો કસરે રહિત શુદ્ધ પાત્ર બની છતે દેહે મહાપ્રભુના દિવ્ય સુખને પામી શકે છે.

દયાના મહાસાગર સમા શ્રી અબજીબાપાશ્રી તથા સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રીએ આ 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા'ની ભેટ આપી તે બદલ સમગ્ર સંપ્રદાય અને હરકોઈ સાચો મુમુક્ષુ તેમનો ખૂબ મોટો ઋણી રહેશે... આ ઋણ કદાપિ ચૂકવી શકાય તેમ નથી.

જીવનપ્રાણ બાપાશ્રીએ આ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાસ્થ વચનામૃત ઉપર કરેલ કૃપાવર્ષાના આશીર્વચન.

**"જે મુમુક્ષુ આ દિવ્ય ગ્રંથ સુણશે હેતે કરી વાંચશે,**
**કરશે દર્શન, સ્પર્શ, જાણી મહિમા, ઉત્તમ સુખો માણશે."**

# વિષય-અનુક્રમણિકા


વચનામૃત | મુખ્ય મુદ્દાઓ | પૃષ્ઠ નં.

## શ્રી ગઢડા પ્રથમ પ્રકરણ

૧. કઠણમાં કઠણ સાધન - ભગવાનના સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ રાખવી તે ● માયાનું રૂપ ● ધર્મકુળને આશ્રિત ભગવાનનો ભક્ત બ્રહ્મમય દેહને પામે છે. - રોચક વાત ● દેહ ને દેહના સંબંધીમાં છે તેવી ગાઢ પ્રીતિ સત્સંગમાં ન થવાનું કારણ. ૧

૨. ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ ત્રણ પ્રકારનાં વૈરાગ્યનાં લક્ષણ. ૪

૩. ભગવાનની લીલા સંભારી રાખવી. ૫

૪. ઈર્ષ્યા કેવી કરવી - કેવી ન કરવી. ૬

૫. ધ્યાનનો મહિમા ● ધ્યાન કરવું. ૭

૬. વિવેકી-અવિવેકીનાં લક્ષણ. ૭

૭. અધ્યાત્મ વાર્તા ● અન્વયપણે-વ્યતિરેકપણે એટલે શું ? ● પાંચ ભેદ અનાદિ. ૮

૮. ઈન્દ્રિયોની પ્રવૃત્તિનો સાર-અસાર ● મોટપ - સ્વ સ્વરૂપનો પ્રકાશ અને ઈષ્ટદેવની ઉપાસનાએ કરીને છે. (મુક્તભાવે શ્રીજીમહારાજે પોતાના અંગની વાત કહી છે.) ૧૨

૯. ભગવાનનો પ્રત્યક્ષપણે નિશ્ચય તથા અનન્ય નિષ્ઠા. ૧૭

૧૦.સેવકરામની વાત ● કૃતઘ્ની કોને કહેવાય. ૧૯

૧૧.વાસનાનું રૂપ ● એકાંતિક ભક્તનું રૂપ. ૨૦

૧૨.પુરુષ, પ્રકૃતિ તથા ચોવીસ તત્ત્વનાં રૂપ ● ચાર પ્રલયનાં રૂપ ● અક્ષરધામનું વર્ણન. ૨૦

૧૩.જીવને ઊપજ્યાની રીત. ૨૫

૧૪.વાસનાવાળા ત્યાગી કરતાં નિર્વાસનિક ગૃહસ્થ શ્રેષ્ઠ છે. ● સંતનો સમાગમ પરમ ચિંતામણિ તુલ્ય ● **અંતે યા મતિ: સા ગતિ:** ● સમજણવાળાનું છતે દેહે કલ્યાણ છે. ● ભગવાનના દાસનાં લક્ષણ. ૨૭

૧૫.ભગવાન ને સંત મુને જે જે વચન કહેશે તેમ જ મારે કરવું છે. ● હિંમતની વાત ● ધ્યાનનો આગ્રહ ● એકાંતિક ભક્ત. ૩૧

૧૬.સત્ અસત્નો વિવેક ● અવગુણનો ત્યાગ - ગુણ ગ્રહણ કરવા ● અવળા વિચારનો ત્યાગ - સવળા વિચારને ગ્રહણ કરવા. ૩૨

૧૭.સત્સંગમાં કુસંગ - હિંમત વિનાની વાત. ૩૩

૧૮.પાંચ ઈન્દ્રિયોના આહાર શુદ્ધ રાખવા ● સંગ શુદ્ધિ ● કુપાત્રનો ત્યાગ ● **(ભગવાનના આદર્શ ભક્તની રીતનું ઉત્તમ વચનામૃત)** ● અનાદિમુક્તનાં લક્ષણ. ૩૪

૧૯.ધર્મ, આત્મજ્ઞાન, પ્રીતિ અને વૈરાગ્ય એ ચાર અંગની દૃઢતા કરવી. ૩૮

૨૦.અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની - જે પોતે પોતાને જોતો નથી તે ● પોતાનું સ્વરૂપ જોવા અંતર્દૃષ્ટિ કરવી ● આળસે કરી કસર રહે છે. ૩૯

૨૧.સ્વધર્માદિક ચાર સાધને ભગવાનની પ્રસન્નતા થાય છે. ● ભગવાનની મૂર્તિનું ચિંતવન ક્યારે કરવું - ક્યારે ન કરવું ● દેહ ને દેહના સંબંધીને ખોટા કરવાની સમજણ ● એકાંતિકની સમજણ ● એકાંતિક અર્ચિમાર્ગે અક્ષરધામને પામે છે ● અક્ષરધામનાં બે સ્વરૂપ ● ભગવાન સિવાય સર્વે પદાર્થની વાસના ટાળવી. ૪૧

૨૨.ભગવાનની સ્મૃતિ વિનાનું ગાયું તે ન ગાયા બરાબર છે ● સર્વે ક્રિયામાં ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો. ૪૪

૨૩.દેહભાવ ટાળી મૂર્તિરૂપે વર્તવાની સ્થિતિની વાત ● સર્વે ક્રિયામાં ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવાથી આવી સ્થિતિ થાય. ૪૫

૨૪.જ્ઞાને કરીને સ્થિતિ કોને કહેવાય ● જેટલો ભગવાનનો મહિમા સમજાય તેટલા ભૂંડા ઘાટ ટળે છે ૪૭

● લીંબુની ચીરૂંચ ● દાંત ખટાઈ જાય - ચણા, મગ, રાંધેલા ભાતનું દૃષ્ટાંત ● ભગવાનને નિર્દોષ સમજે તે નિર્દોષ થઈ જાય ● માહાત્મ્યના અભાવે આઠે પહોર આનંદ નથી વર્તતો ● હરિજનનો દોષ દેખાય ત્યારે સત્સંગના મહિમાનો વિચાર કરી ગુણ લેવો.

૨૫. ભગવાનનો નિશ્ચય, ભગવાનનો મહિમા, આત્મનિષ્ઠા આ ત્રણની દૃઢતા ● સમાધિના બે પ્રકાર ● ભગવાનની આજ્ઞામાં ફેર પાડવો નહિ ● પોતાને અકૃતાર્થપણું પણ માનવું નહિ અને સમજણને કેફે કરીને છકી પણ જાવું નહિ. ૪૯

૨૬. એ જ રસિક ભક્ત સાચો કે જે ભગવાન વિના અન્ય સ્પર્શને કાળો નાગ તથા બળબળતો અગ્નિ તે જેવો જાણે ● પતિવ્રતાની ભક્તિ સાચી કોને કહેવાય. ૫૨

૨૭. પરમેશ્વરને ભજવાની તો સર્વેને ઇચ્છા છે પણ સમજણમાં ફેર રહે છે ● અમને સર્વ કર્તા-હર્તા જાણે અને માન-અપમાન તથા સર્વ પદાર્થને વિષે સમભાવ થાય, એના હૃદયમાં અમે નિવાસ કરીએ છીએ ● ગરીબને બિવરાવે અથવા સિદ્ધાઈ દેખાડીને લોકોને ડરાવે તે યમપુરીના અધિકારી છે ● રૂપવાન સ્ત્રી, સારી મેડી, સારું વસ્ત્ર તેમાં મોહ પામે તેવા ગૃહસ્થ તથા સારી તુંબડી, સારું પાત્ર તેમાં મોહ પામે તેવા ત્યાગી તુચ્છ બુદ્ધિવાળા છે. ૫૪

૨૮. સત્સંગમાંથી પાછો પડવાનો હોય તેને સત્સંગી માત્રના અવગુણ આવે છે ● સત્સંગમાં જેને વધારો થવાનો હોય તેને સત્સંગી માત્રનો ગુણ આવે છે વગેરે લક્ષણો. ૫૭

૨૯. પવિત્ર દેશ, રૂડો કાળ, શુભ ક્રિયા અને સત્પુરુષના સંગનું મહત્ત્વ ● પ્રારબ્ધ અને પુરુષપ્રયત્નની ઊંડી સમજ. ૫૮

૩૦. ગુણનું પ્રધાનપણું તથા ઘાટની નિવૃત્તિના ઉપાય ● મન, કર્મ, વચને નિષ્કપટપણે સત્સંગ કરવો તો ઘાટની નિવૃત્તિ થઈ જાય. ૬૦

૩૧. અમારી ને અમારા સંતની સેવા કરતો હોય તેનાથી વચને કરીને કોઈકને દુઃખવાય તો પણ તે નિવૃત્તિવાળા ભક્ત કરતાં શ્રેષ્ઠ છે ● ભગવાનના ભક્તનો અવગુણ લે તેને આસુરી બુદ્ધિવાળો જાણવો ● મોટ્યપ તો પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયે કરીને તથા ભગવાનની આજ્ઞાને વિષે વર્તવે કરીને છે. ૬૧

૩૨. ભગવાનના ભક્તના પંચવિષય ● ભગવાનના સ્વરૂપરૂપી માળામાં વિરામ પામવું ● ભગવાનની મૂર્તિ ધાર્યાની યુક્તિ. ૬૩

૩૩. ભગવાનને પ્રસન્ન કરવાનાં અનંત સાધનો છે તેમાં... દૃઢ આશરો તે મોટામાં મોટું સાધન છે. ● ત્રણ પ્રકારના આશરાનું રૂપ. ૬૬

૩૪. પુરુષને સ્ત્રીમાં અને સ્ત્રીને પુરુષમાં અને તે થકી ઊપજી જે પ્રજા તેમાં સ્હેજે હેત થઈ જાય છે તે હેતરૂપી માયાની વાત ● પરમેશ્વરના વચનને મૂકી જેટલો આડોઅવળો ડોલે છે તેટલો ક્લેશ થાય છે.... ખાસ તો નિષ્કામી વર્તમાન-બ્રહ્મચર્યની વાત ● ભગવાનના ભક્તને સુખ-દુઃખ આવે છે તે આજ્ઞા પાળવે-લોપવે કરીને આવે છે પણ કાળ, કર્મ કે માયાનું પ્રેર્યું નથી આવતું. ૬૮

૩૫. પરમેશ્વર અથવા કોઈ મોટા સંતનો અવગુણરૂપ દોષ બુદ્ધિમાં આવે તો આસુરી બુદ્ધિ થઈ જાય. પરિણામે કલ્યાણને માર્ગે ચાલી શકે નહિ ● ક્રોધ, માન, ઈર્ષ્યા ને કપટ એ ચાર વાનાં જો પરમેશ્વર તથા સંત સાથે રાખે નહિ તો કોઈ દિવસ આસુરી બુદ્ધિ ન થાય. ૭૦

૩૬. કચરો ને કંચન સમ થઈ જાય ને ભગવાનને વિષે જ પ્રીતિ હોય તે જ સાચો ત્યાગી છે. ૭૧

૩૭. જન્મભૂમિ તથા દેહના સંબંધીમાંથી પ્રીતિ ટાળવાની સમજણ ● પરમેશ્વરની ભક્તિ ન હોય તેની પર હેત ન થાય ● પ્રગટભાવ, સાકારપણું, કર્તાપણું અને ભગવાનની અચળ નિષ્ઠાની વાત ● એવા સંતની ચરણરજને તો અમે ય ઇચ્છીએ છીએ. ૭૨

૩૮ મનનું નામું રાખવું ● મનને ભગવાનની ભક્તિરૂપી માળામાં ગૂંચવી મેલવું ● મોટેરો કોણ ? - મનમાં ભગવાનના ઘાટ થાતા હોય ને જગતના ઘાટ ન થાતા હોય તે ● પોતાના ઘાટ કોને કહેવા - કોને ન કહેવા ? ● સાચો ત્યાગી - જે પદાર્થનો ત્યાગ કર્યો તેનો પાછો કોઈ દિવસ મનમાં સંકલ્પ ન થાય ● જેમ વિષ્ટાનો ત્યાગ કર્યો છે તેમ ● જનક રાજાનું દૃષ્ટાંત. ૭૫

૩૯. વેદાંતીને શ્રીજીમહારાજે પાઠ ભણાવ્યો ● બે પ્રકારની સ્થિતિવાળા મુક્તની વાત. ૭૮

૪૦. નિર્વિકલ્પ સમાધિ અને સવિકલ્પ સમાધિનું રૂપ ● ભક્તિ અને ઉપાસનાનું રૂપ. ૮૦

૪૧. અન્વય સ્વરૂપની આખી લાઈન ● અક્ષરથી માંડીને પુરુષ પ્રકૃતિ સર્વેને વિષે શ્રીજીમહારાજ અંતર્યામી શક્તિએ કરીને ઉત્તરોત્તર પ્રવેશ કરીને રહ્યા છે. ૮૧

૪૨. શાસ્ત્રમાં કહેલા વિધિ-નિષેધને ખોટા કહે તેવા વેદાંતીને મહાઅધમ અને નાસ્તિક જાણવા ● ગમે તેવો મોટો ૮૪

હોય પણ કુસંગે કરીને તો ભૂંડું જ થાય છે ● ભરતજીનું ગોપીઓનું દૃષ્ટાંત.

૪૩. સકામ અને નિષ્કામ ભક્તનાં લક્ષણ અને ફળની વાત. ૮૬

૪૪. સ્નેહનું રૂપ ● બ્રહ્માનંદ સ્વામીનો પ્રસંગ ● ભગવાન વિના બીજો ઘાટ થાય તો કેવું વસમું લાગે તે વાત ● સત્પુરુષનો દૃઢ પ્રસંગ એ જ ભગવાનને વિષે દૃઢ પ્રીતિ થવાનું કારણ છે ● વસોના વિપ્ર વાલા ધ્રુનો પ્રશ્ન ● અહંમમત્વપણાના ઘાટ કેમ ટળે ? ● દેહમાંથી અને સંબંધીમાંથી અહંમમત્વ ટાળી આત્મારૂપે (મૂર્તિરૂપે) વર્તવું તે જ સાચો સાધુ એવો સાધુ તો હું છું..... ૮૮

૪૫. પુરુષોત્તમ ભગવાન સદા સાકાર છે અને દિવ્ય છે. ૯૦

૪૬. આકાશની ઊંડાણપૂર્વક સમજ ● શ્રીજીમહારાજે પોતાના પ્રકાશરૂપ ચિદાકાશને સર્વનો આધાર અને નિર્વિકારી કહ્યો છે. ૯૬

૪૭. ભક્તિનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા, આત્મનિષ્ઠા અને ત્યાગનિષ્ઠા એ ચારનાં રૂપ. ૯૯

૪૮. શ્રીજીમહારાજે પોતાની ચિત્રમૂર્તિ (પ્રતિમા)ને પ્રમાણ કરી છે અને દરરોજ પ્રાતઃકાળે તેની પૂજા કરવાની આજ્ઞા કરી છે ● ચાર પ્રકારના કુસંગની વાત. ૧૦૧

૪૯. ભગવાનના ભક્તને જગતમાં વૃત્તિ રાખવી કઠણ પડે અને જગતના જીવને ભગવાનમાં વૃત્તિ રાખવી કઠણ પડે ● અંતર્દૃષ્ટિ એટલે શું ? ૧૦૩

૫૦. કુશાગ્ર બુદ્ધિવાળાને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે ● કુશાગ્ર બુદ્ધિવાળા કોને જાણવા ? ૧૦૪

૫૧. અક્ષર થકી પર અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે સર્વેના કારણ છે અને તેની દૃષ્ટિએ કરીને જોઈએ તો પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહિ... **(પરભાવનું વચનામૃત)** ● જેમ હીરે કરીને જ હીરો વેંધાય તેમ ભગવાનનો નિશ્ચય ભગવાન વતે જ થાય. ભગવાનનાં દર્શન પણ ભગવાન વતે જ થાય ● [કારણ સત્સંગનું કિંગ વચનામૃત (મુખ્ય વચનામૃત)] ૧૦૫

૫૨. સાંખ્ય, યોગ, વેદાંત અને પંચરાત્ર એ ચાર શાસ્ત્રે કરીને ભગવાનને સમજે તે પૂરો જ્ઞાની... તેની ઊંડી સમજ. ૧૦૮

૫૩. સ્વાભાવિક પ્રકૃતિ દેખીને અવગુણ લે તેના ભક્તિ-જ્ઞાનાદિક શુભ ગુણ ઘટતા જાય અને પંચવર્તમાને યુક્ત એવા સાધુનો ગુણ લે તેના શુભ ગુણ વૃદ્ધિ પામે ● પંચવર્તમાનમાં ફેર હોય તો અવગુણ લેવો. ૧૧૦

૫૪. જેવો પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે તેવો ને તેવો પ્રસંગ જો ભગવાનના ભક્તને વિષે થાય તો તે ભગવાનના માર્ગ થકી કોઈ દિવસ પડે નહિ ● જેને વચનમાં દૃઢતા છે તેનો જ ધર્મ અને સત્સંગ દૃઢ રહે છે. ૧૧૧

૫૫. ભજન-સ્મરણ તથા વર્તમાનનો એક દૃઢાવ નથી રહેતો તેનું કારણ ● મોટાપુરુષની સેવામાં ખબરદાર થઈને રહે તો પાપ બળીને ભસ્મ થઈ જાય. ૧૧૧

૫૬. જ્ઞાનીને અધિક કહ્યો છે ● ભગવાન વિના બીજી કોઈ કામના રાખવી નહિ ● કોઈ ગુણનું માન રાખવું નહિ ● માન ટાળવાનો ઉપાય (નિર્માનીપણું દૃઢ કરવા માટે શ્રેષ્ઠ વચનામૃત) ● ભગવાનની ઉપાસનાનું બળ રાખવું ● ગમે તેવો પાપી હોય પણ "સ્વામિનારાયણ" નામના પ્રતાપે મોક્ષ થઈ જાય. ૧૧૩

૫૭. ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને માહાત્મ્ય એ બે મોક્ષના અસાધારણ હેતુ છે ● સત્સંગમાં અંતરાય કરતાં સ્વભાવનો અભાવ આવે - શત્રુપણું થાય તો સ્વભાવ ટળે. ૧૧૮

૫૮. ભજન કરવા બેસે ત્યારે ● અંતરમાં રજોગુણ-તમોગુણના વેગ આવે ત્યારે ભજન-સ્મરણનું સુખ આવતું નથી, તે ગુણના વેગ ટાળવાનો ઉપાય ● મોટાપુરુષના રાજીપાનું ફળ - પૂર્વના મલિન સંસ્કાર ટળી જાય ● શો ઉપાય કરે તો મોટાપુરુષ રાજી થાય ? ● મોટાપુરુષને નિર્દોષ સમજે તો સર્વે દોષ(વિકાર) થકી રહિત થાય ● હરિભક્તનો દાસાનુદાસ થઈને રહે તો સર્વે વિકાર નાશ પામે અને દિવસે દિવસે શુભ ગુણ વૃદ્ધિ પામતા જાય. ૧૨૦

૫૯. ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કેવો કરવો અને તેનું ફળ ● શુભ-અશુભ દેશકાળાદિકના હેતુ શુભ ને અશુભ બે પ્રકારના પુરુષ છે. ૧૨૨

૬૦. સર્વ સાધન કરતાં વાસના ટાળવી તે મોટું સાધન છે ● વાસના ટાળવાનો ઉપાય ● એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય તેના થકી જ પમાય. ૧૨૪

૬૧. કામ, ક્રોધ, લોભ, ભય વગેરેથી ન ડગે તેવી ધીરજ દૃઢ કરવાનો ઉપાય આત્મનિષ્ઠા છે ● અંતસમે આત્મનિષ્ઠા એકલી કામ આવતી નથી. ભગવાનની ઉપાસનાનું બળ જોઈએ ● પાકા ભક્તને જ સિદ્ધિઓ આવે છે. તેમાં ન લોભાય; અને અમે કસણી દઈએ ને રાજી થાય તેને અમે વશ થઈએ છીએ. ૧૨૬

૬૨. જેને ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય હોય તેમાં ભગવાનના ઓગણચાલીસ કલ્યાણકારી ગુણ આવે છે ૧૨૮

● અતિશે ગરીબપણું પકડવું ● ભગવાનના ભક્તના અપરાધથી બીવું.

૬૩. ભગવાનના નિશ્ચયમાં કસર હોય તેનાં લક્ષણ ● પરિપક્વ નિશ્ચય હોય તેનાં લક્ષણ ● તત્ત્વે કરીને ભગવાનના સ્વરૂપને જાણવાની રીત ● અન્વય સ્વરૂપની લાઈન - ભગવાનના સ્વરૂપનો મહિમા ● અતિ દૃઢ નિશ્ચય હોય તેનાં લક્ષણ - (બહુ સુંદર વચનામૃત છે.) ૧૩૧

૬૪. શ્રીજીમહારાજનું કાર્ય તેજ તથા અક્ષર છે - ઊંડાણપૂર્વક સમજૂતી - તત્ત્વજ્ઞાન - ભગવાનને આવી રીતે સદા દિવ્ય મૂર્તિમાન જાણીને ઉપાસના-ભક્તિ કરે છે તે તો ભગવાનના સાધર્મ્યપણાને પામે છે ● જેને ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય તે થકી જ આ વાત પમાય છે. ૧૩૭

૬૫. આકાશની ઉત્પત્તિ અને લય કેવી રીતે છે ? ● જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ ને ઇચ્છાશક્તિની સમજ. ૧૪૧

૬૬. અમે સદા દિવ્ય, સાકાર અને અનંત કલ્યાણકારી ગુણેયુક્ત છીએ ● અક્ષરાતીત અનંતકોટી મુક્તના તથા અક્ષરધામના આત્મા, સર્વેનાં કારણ જાણે તેને એકાંતિક ભક્ત કહેવાય. ૧૪૪

૬૭. સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં કેમ સમજે તો આવે અને કેમ સમજે તો ન આવે તે લક્ષણો. ૧૪૬

૬૮. અમારી પ્રતિમા તે અમે સાક્ષાત્ છીએ ● ભગવાનને અંતર્યામી જાણીને મર્યાદા નથી રાખતો તે નાસ્તિક છે ● નાસ્તિકપણું આવવાનાં કારણ ● નાસ્તિકપણું ટાળવાના ઉપાય. ૧૪૭

૬૯. ક્રોધેયુક્ત પ્રકૃતિ હોય તે દુષ્ટનો ધર્મ છે, ને શાંત સ્વભાવે વર્તવું તે જ સાધુનો ધર્મ છે. ૧૪૯

૭૦. કુસંગીના તથા સંતના શબ્દરૂપી લશ્કર આ જીવની બુદ્ધિમાં રહ્યા છે ● બહાર સંતનો સંગ અધિક રાખવો અને કુસંગીથી છેટે રહેવું તો અંદરના કુસંગીનું બળ ઘટી જાય અને અંદરના સંતનું બળ વધી જાય ● સત્સંગ કરવો તો કેવળ જીવના કલ્યાણને અર્થે કરવો, પણ કોઈ પદાર્થની ઇચ્છાથી ન કરવો. ૧૫૦

૭૧. ભગવાન સર્વે અપરાધ માફ કરે પરંતુ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને ભગવાન માફ કરતા નથી ● ઈર્ષ્યાનું રૂપ ● જીવોના કલ્યાણને અર્થે ભગવાન મનુષ્યરૂપ ધરે છે ને મનુષ્ય જેવા દેખાય છે પણ મનુષ્ય જેવા નથી, દિવ્ય છે ● ભગવાન પોતાનું ધામ, મુક્ત અને ઐશ્વર્ય તે સહિત જ પધારે છે. ૧૫૩

૭૨. જેને ભગવાનનો માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેનું કાળ-કર્મ બે ય મળીને ભૂંડું કરી શકતા નથી અને એવી નિષ્ઠામાં ફેર હોય તેનું રૂડું થતું નથી ● ગરીબને કલ્પાવે, કોઈને માથે જૂઠું કલંક દે તથા પાંચ પ્રકારની સ્ત્રીઓનો ધર્મ ભંગ કરાવે તેને બ્રહ્મહત્યા જેવું પાપ લાગે છે ● અમારા મનુષ્યચરિત્રને અમારા ભક્ત દિવ્ય જાણે અને વિમુખ તથા કાચો હરિભક્ત દોષ પરઠે છે ● અમે ક્ષર-અક્ષરથી ન્યારા અને તેના આધાર છીએ ● માહાત્મ્ય વિનાનો ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યે સહિત નિશ્ચય - તેનાં લક્ષણ ● ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના ભગવાનના ભક્તનાં લક્ષણ. ૧૫૭

૭૩. કામનું રૂપ ● કામ જીત્યાનો ઉપાય ● દુર્વાસાઋષિ સદા ઉપવાસી - શ્રીકૃષ્ણ સદા બ્રહ્મચારી ● મૂળજી બ્રહ્મચારી ● અમારા સ્વભાવને યથાર્થ જાણે છે ● રૂડા ગુણ આવવાનું કારણ એ છે જે મોટાપુરુષને વિષે જે નિર્દોષ બુદ્ધિ રાખે તે સર્વે દોષ થકી રહિત થાય છે ● સમાધિમાંથી દેહમાં પાછો ત્રણ રીતે આવે છે ● સાચો થઈને મન અર્પે તેમાં અમે કોઈ વાતની કસર રહેવા દઈએ નહિ ● મન અર્પણ કર્યું હોય તેનાં તથા ન કર્યું હોય તેનાં લક્ષણ. ૧૬૧

૭૪. આપત્તિ આવે ત્યારે સમજણ કળાય અને સંપત્તિ આવે ત્યારે વૈરાગ્ય કળાય ● અમારી ઇચ્છાથી સત્સંગની વૃદ્ધિ થાય કે ઘટે અથવા માન-અપમાન થાય તેમાં રાજી રહેવું ● તપની રુચિ રાખવી ● ભગવાનનું કર્યું સર્વે થાય છે માટે ભગવાનને આધીન રહીને આનંદમાં ભજન કરવું. ૧૬૭

૭૫. અમારા ભક્તો ઉપર હેત રાખે તેનું કલ્યાણ થાય (પિત્રીનું પણ) અને દ્વેષ કરે તે નરકે જાય. ૧૭૦

૭૬. ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી, માની, કામી આ પાંચ પ્રકારના હરિભક્ત સાથે અમારે બનતું નથી ● અમારા ગમતા પ્રમાણે વર્તવામાં મૂંઝાય નહિ તે પાકો સત્સંગી છે. ૧૭૧

૭૭. જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેમાં સાધુનાં બત્રીસ લક્ષણ આવે છે ● જે પંચવર્તમાનને મૂકીને જ્ઞાન-ભક્તિનું બળ લે તે ગુરુદ્રોહી, વચનદ્રોહી ને અસુર છે ● વિમુખ સારી રીતે દેહ મૂકે તો ય નરકે જાય અને ભગવાનના ભક્ત શૂન્યમૂન્ય રહીને દેહ મૂકે તો પણ કલ્યાણ જ થાય. ૧૭૨

૭૮. શુભ-અશુભ દેશકાળાદિકથી પુરુષની બુદ્ધિ સારી-નરસી થવાનું કારણ ● ભગવાનને સંતમાં દોષબુદ્ધિ ન થવાનો ઉપાય ● સત્સંગમાં પાયો અચળ થવાનો ઉપાય ● કામાદિક શત્રુ નાશ થવાનો માર્ગ ● ભગવાનને રાજી કરવા હોય તેમણે દેહના સુખને ઇચ્છવું નહિ, દર્શનનો લોભ પણ રાખવો નહિ ને ભગવાન જેમ કહે તેમ કરવું ● આઠે પહોર અહો ! અહો ! સરખું કેમ રહે ? ● સંતનાં બત્રીસ લક્ષણ આવે તેનો ઉપાય ● પંચવર્તમાનની દૃઢતા ● અંતરશત્રુ સાથે વેર કરવું તે જ વાસના ટાળ્યાનો ઉપાય ૧૭૪

● માહાત્મ્ય સમજાય તો જેવી પાસે રહ્યે મર્યાદા રહે છે તેવી ને તેવી છેટે જાય તો પણ રહે ● જીવ અન્વયપણે ને વ્યતિરેકપણે કેમ છે ? ● સંતનો દોષ પરઠનારાને અસદ્ વાસના નડે ● ભગવાનના માહાત્મ્યનું માહાત્મ્ય ● ચાર મોટેરા સદ્‌ગુરુ સંતોને પ્રમાણ તથા ભલામણ.

## શ્રી સારંગપુર પ્રકરણ

૧. 'મન જીત્યું તેણે જગત જીત્યું' ● મન જીતવાનો ઉપાય ● વિષયની નિવૃત્તિનું કારણ ● ભગવાનના સુખનો મહિમા. ૧૮૫

૨. ભગવાનને વિષે હેત થવાના પ્રકાર ● ભગવાનને ભક્ત ઉપર અને ભક્તને ભગવાન ઉપર હેત થવાનો ઉપાય ● ભગવાનનાં દર્શન એકાગ્રપણે કરવાં ● નેત્ર અને શ્રોત્રને વિશેષ નિયમમાં રાખવાં. ૧૮૬

૩. ગદ્‌ગદ કંઠે કરેલી માનસીપૂજા તે પ્રત્યક્ષ પૂજા તુલ્ય છે ● પ્રેમમગ્ન થઈ માનસીપૂજા તથા પૂજા કરનારાનાં લક્ષણ ● શ્રવણ, મનન, નિદિધ્યાસ ને સાક્ષાત્કાર કોને કહેવાય ? ૧૯૦

૪. આત્મા-અનાત્માની વિક્તિ ● પોતાને દેહરૂપ માનીને એક ક્ષણવાર સ્ત્રીનું ચિંતવન કરે તે ગોબરો છે ● અત્યંત નિર્વાસનિક ન થયો હોય તેની ગતિ અને નિર્વાસનિક થવાનો ઉપાય. ૧૯૨

૫. વાસનાની નિવૃત્તિનો બળવાન ઉપાય ● જીવ, ઈશ્વર, અક્ષરબ્રહ્મ અને પુરુષોત્તમનું અન્વય-વ્યતિરેકપણું ● બદ્ધજીવ-મુક્તજીવ ● ભગવાનનાં દર્શન-સ્પર્શાદિકનો મહિમા. ૧૯૩

૬. એક એક અવસ્થાને વિષે રહેલી બીજી બે બે અવસ્થાઓનું રૂપ ● ચાર વાણીનાં રૂપ ૧૯૬

૭ મનોમયચક્રની ધારા જ્યાં કુંઠિત થાય તેવા સંતના સમાગમરૂપી નૈમિષારણ્યક્ષેત્ર જ્યાં દેખાય ત્યાં કલ્યાણને ઈચ્છવું ને ત્યાં અતિ દૃઢ મન કરીને રહેવું. ૧૯૯

૮. ઈર્ષ્યાનું રૂપ. ૨૦૦

૯. જીવમાં યુગના ધર્મ પ્રવર્તવાનું કારણ ● ગુણની પ્રવૃત્તિનું કારણ અને ટાળવાનો ઉપાય ● તામસી કર્મ ટાળવાનો ઉપાય સાચા ભાવે સત્સંગ ● પોતપોતાના ધર્મમાં અવશ્ય રહેવું. ૨૦૦

૧૦. ધર્મી-અધર્મીનાં લક્ષણ ● બાહ્યદૃષ્ટિવાળાની સમજણ મિથ્યા છે ● આત્મદૃષ્ટિવાળા માટે ભગવાન કે ભગવાનનું ધામ અણુમાત્ર છેટું નથી ● સંત-સમાગમમાં રહે તેની પ્રાપ્તિ. ૨૦૨

૧૧. પુરુષપ્રયત્ન અને પરમેશ્વરની કૃપાનું મહત્ત્વ ● **નિરંજનઃ પરમં સામ્યમુપૈતિ** ● અનાદિમુક્ત મૂર્તિમાં રહે છે ● નિર્વાસનિક થાય તો જ આત્યંતિક મોક્ષને પામે - આ દેહે જ કસર માત્ર ટાળવાનો ઉપાય. ૨૦૪

૧૨. આત્મનિષ્ઠા, સ્વધર્મ અને ભગવાનનો નિશ્ચય આ ત્રણ ગુણ સાધુમાં અખંડ રહે છે ● દેહની અને આત્માની ચોખ્ખી સમજણ ● સંકલ્પનું બળ હોય ત્યારે આત્મા-અનાત્માનો વિચાર કરવો ને ઘાટ શમી જાય ત્યારે અમારું ધ્યાન કરવું. ૨૦૬

૧૩. શાસ્ત્રે કરીને નિશ્ચય અને મને કરીને નિશ્ચયમાં ભેદ. ૨૦૯

૧૪. ભગવાનના ધામમાંથી પડ્યા એમ કહેવાનો હેતુ ● ભગવાનનો નિશ્ચય હોય તેને પણ પ્રમાદ અને મોહ નડ્યા વિના ન રહે માટે ટાળવાનો આગ્રહ રાખવો ● સ્થૂળ, સૂક્ષ્મ શરીરનું રૂપ. ૨૧૦

૧૫. મુગ્ધા, મધ્યા અને પ્રૌઢા ગોપીઓ દ્વારા ભક્તની સમજણ અને વિવેક ● આત્મનિષ્ઠાએ સહિત પ્રીતિવાળા ભક્તની શ્રેષ્ઠતા. ૨૧૪

૧૬. સૂર્ય અને મશાલનાં દૃષ્ટાંત ● જીવ જેવું કર્મ કરે છે તેવા ફળને ભગવાન પમાડે છે. ૨૧૬

૧૭. ખદ્યોતથી મહાતેજના દૃષ્ટાંત દ્વારા ઉપાસનાની તારતમ્યતાથી મુક્તના ભેદ ● જેમ જેમ સામર્થી વધે, મહિમા વધે તેમ તેમ દાસપણું વધુ દૃઢ થતું જાય. ૨૧૭

૧૮. સાચા સંતના સંગે શ્રદ્ધાવાનના હૃદયમાં કલ્યાણકારી ગુણો આવે છે ● કુસંગથી દોષ આવે છે માટે કુસંગ ન કરવો ● સમજીને ટાળે તો દુઃખ ને સ્વભાવ બે ય ટળી જાય ● વાણિયાની પેઠે નામું માંડ્યું હોય તેનો સ્વભાવ ટળે છે ● દેહાભિમાને રહિત એવા સંતનો સમાગમ રાખે તો યુવાન અવસ્થારૂપી સમુદ્રને તરી જાય છે ● મોટાપુરુષને નિર્દોષ જાણી ગુણ ગ્રહણ કરે તો મલિનતા મટી જાય છે ● ટાળવા હોય તો સર્વે સ્વભાવ ટળે છે. ૨૨૦

## શ્રી કારિયાણી પ્રકરણ

૧. ભગવાનનો નિશ્ચય જીવમાં થયાની રીત ● મન વાણીથી પર ભગવાનને પામવાનો ઉપાય ● ઈયળ-ભમરીના દૃષ્ટાંતની જેમ ભક્તનાં ઈન્દ્રિય અંતઃકરણ ભગવાનના આકારે થવાની રીત. ૨૨૩

૨. શાપિત બુદ્ધિનું લક્ષણ અને તે સારી થવાનો ઉપાય ● કર્મ મૂર્તિમાન કે અમૂર્ત. ૨૨૮

૩. શુક સ્વામી બહુ મોટા સાધુ છે ● ઉપરની પ્રકૃતિ જોઈ દોષ ન લેવા ● સારો હોય તે તો બાળપણથી જ જણાય ● શરીરના દોષ અને મનના દોષ ● શરીરનું દમન અને મનનું દમન એ બન્ને રાખવું ● ત્યાગી થઈને ગૃહસ્થને ભોગવવા યોગ્યની ઈચ્છા રાખે તે મૂર્ખ છે. ૨૨૯

૪. જીવ તથા સાક્ષીના જાણપણાની વિક્તિ ● ભગવાન અતિશે નિર્મળ છે. ૨૩૨

૫. પ્રેમી ભક્તોના મનોરથ પૂરા કરવા માટે અમે પ્રગટ થઈએ છીએ તે ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ તથા ધર્મનું સ્થાપન કરીએ છીએ. ૨૩૩

૬. દીવબંદરના પ્રેમબાઈનો સમર્પણભાવ ● શ્રીજીમહારાજનો અતિશે રાજીપો ● મત્સરનું રૂપ-ટાળ્યાનો ઉપાય ● મત્સર ઊપજ્યાનો હેતુ ● ભગવાનની સર્વે લીલા ભક્તના સુખને અર્થે છે ● ભગવાન તો આકાશ સરખા નિર્લેપ ને નિર્દોષ છે તેની સમજ. ૨૩૪

૭. ગૃહસ્થને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો ઉપાય ● વૈરાગ્ય ઉદય થયાનું કારણ ● આત્યંતિક કલ્યાણનું રૂપ ● સિદ્ધદશાનું લક્ષણ. ૨૩૭

૮. પુરુષોત્તમનું (તેજનું) સગુણ-નિર્ગુણપણું સમજવાની રીત ● અક્ષરપર્યંત કોઈ પુરુષોત્તમ ભગવાન જેવો થાવાને સમર્થ નથી. ૨૪૦

૯. ભગવાનનો અને ભગવાનના ભક્તનો મહિમા સમજે તો કોઈ દિવસ ભક્ત સંગાથે આંટી-વૈર બંધાય જ નહિ. ૨૪૩

૧૦. ભગવાનને રાજી કરવા તપની રુચિ ● ભગવાન સ્વામિનારાયણનું જ કર્યું સર્વે થાય છે - તે જ કલ્યાણનું પરમ કારણ છે ● શ્રી પુરુષોત્તમનારાયણ જેવો થાવાને કોઈ સમર્થ નથી **(આમાં વાસુદેવબ્રહ્મનો દરજ્જો આવે છે.)** ● સાચો ઈશક કોને કહેવાય. ૨૪૪

૧૧. પોતાના પ્રીતમની મરજીને લોપે નહિ તે પ્રીતિનું લક્ષણ ● આવા સેવકથી ભગવાન ક્યારેય જુદા પડતા નથી. ૨૪૮

૧૨. કારણ શરીરની વાસના બાળ્યાનો ઉપાય ● આંબલીના બી(કચૂકા)નું દૃષ્ટાંત ● વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત પુરુષોત્તમ ભગવાનની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી. ૨૫૦


## શ્રી લોયા પ્રકરણ


૧. ક્રોધનું દુષ્ટ સ્વરૂપ ● કામને નિર્મૂળ કરવાનો ઉપાય ● કનિષ્ઠ, મધ્યમ, ઉત્તમ વૈરાગ્યનું અને જ્ઞાનનું રૂપ ● સંપૂર્ણ સત્સંગ થયો કોને કહેવાય ● અંતરમાં કૃતાર્થપણું ન મનાવાનું કારણ ● હરિજનનો જેને અવગુણ આવે તેનું તો માથું કપાણું જાણવું ● હરિજનનો અવગુણ આવ્યો હોય તે ટાળ્યાનો ઉપાય. ૨૫૩

૨. મૃત્યુનો ભય ટાળવાનો અને દેહ છતાં જ કલ્યાણ મનાવાનો ઉપાય ● કાર્ય-કારણની સમજૂતી. ૨૫૭

૩. માહાત્મ્ય જ્ઞાનેસહિત નિશ્ચય હોય તેનાં લક્ષણ - દૃષ્ટાંતો. ૨૬૦

૪. અક્ષરધામમાં રહ્યા થકા અનંત બ્રહ્માંડમાં અનંતરૂપે દેખાવાની ભગવાનની રીત ● ભગવાનને નિર્દોષ સમજે તો માયાને તર્યા કહેવાય ● ઝીણાભાઈનું દૃષ્ટાંત ● રીસે કરીને પ્રેમ કરે તે પ્રેમ અંતે નભવાનો નહિ ● ભગવાનના ગમતામાં રાજી રહેવું ● મૂંઝવણીયો સ્વભાવ ન રાખવો. ૨૬૫

૫. કપટી-નિષ્કપટીનાં લક્ષણ ● દંભીને ઓળખવાની રીત ● નિશ્ચયમાંથી પાડે - ન પાડે તેવા ઘાટનું રૂપ ● જેનો ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દૃઢ પાયો છે ● ઈન્દ્રિય-અંતઃકરણ જીત્યાની ત્રણ પ્રકારની યુક્તિ. ૨૬૮

૬. એકાંતિકપણું આવવું તે દુર્લભમાં દુર્લભ સાધન ● ધર્મ સંબંધી સાધનમાં એક નિષ્કામપણું અને ભગવાન સંબંધી સાધનમાં નિશ્ચય હોય તો સર્વે સાધન આવે ● ફેરવવા યોગ્ય અને ન ફેરવવા યોગ્ય મતિનું રૂપ ● સંગ કરવા યોગ્ય ન કરવા યોગ્ય સાધુનાં લક્ષણ ● કિયે ઠેકાણે માન રાખવું તથા ન રાખવું ● અમે જ્યાં મૂકીએ ત્યાં જવું - ત્યાં દર્શનાદિકનું પણ હેત ન રાખવું ● અધર્મ જેવું અને નિયમ ભંગ થાય તેવું અમારું વચન પણ ન માનવું ● ધ્યાનમાં થતા ભૂંડા ઘાટ ટાળવાનો ઉપાય ● સર્વથી સરસ વર્તવારૂપ ગુણનો ત્યાગ કરી બરોબર વર્તવું ● દેહાભિમાનમાં સર્વે દોષ રહ્યા છે ● આત્મનિષ્ઠામાં સર્વે ગુણ રહ્યા છે ● કેવા દેશ, કાળ, ક્રિયા અને સંગનો સંબંધ ભગવાનની આજ્ઞાએ કરીને પણ ન કરવો ● ભણવા ન ભણવા યોગ્ય શાસ્ત્રનો વિવેક. ૨૭૧

૭. યથાર્થ જ્ઞાન તથા પરિપૂર્ણ જ્ઞાનીનું લક્ષણ. ૨૭૭

૮. ડાહ્યો હોય તેને અવગુણ કેમ આવે છે ● યૌવન અવસ્થામાં કામ મંદ પડી જાય તેનો ઉપાય ● વ્યસન ટાળવાનો ૨૮૩

ઉપાય ● પૂર્વનો સ્વભાવ અને હમણાંનો સ્વભાવ જાણવાની તથા ટાળવાની રીત ● ઇન્દ્રિયોની ચંચળતા ટાળ્યાનો ઉપાય ● ચંચળ સ્વભાવ હોય તેને શાંત થવું અને શાંત હોય તેણે ચંચળ થવું ● શ્રદ્ધાવાળો આગળ વધી જાય.

૯. ઉપાસનાએ કરી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ ચાર ઊપજે છે. ૨૮૭

૧૦. મંદવેગ, મધ્યવેગ અને તીવ્રવેગનાં લક્ષણ ● જેમ દૂધમાં સર્પની લાળ પડતાં જોઈ હોય ને તેનો અભાવ વર્તે તેમ સ્ત્રીનો અભાવ કેવી રીતે વર્તે તે જ્ઞાન ● પોતાના સ્વરૂપનો અને ભગવાનના સ્વરૂપનો મહિમા જાણ્યો છે તેવા જ્ઞાનીનાં લક્ષણો ● માયા દુઃખદાયી છે કે સુખદાયી. ૨૮૮

૧૧. સત્શાસ્ત્રનું શ્રવણ સત્પુરુષ થકી જ કરવું. ● મહારાજ સિવાય બીજા કોઈ અવતારનું ધ્યાન કરવું નહિ. ૨૯૩

૧૨. સવિકલ્પ-નિર્વિકલ્પ નિશ્ચયના કુલ છ પ્રકાર. ૨૯૬

૧૩. દેશકાળથી પરાભવ કોણ પામે ને કોણ ન પામે ● ભગવાન કર્તું - અકર્તું - અન્યથાકર્તું છે ● **એકમેવાદ્વિતીયં બ્રહ્મ**-નારાયણ જેવા તો એક નારાયણ જ છે - નારાયણને લઈને તો મુક્તાનંદ સ્વામી પણ ભગવાન જેવા કહેવાય, બાકી અક્ષરપર્યંત કોઈ નારાયણ જેવો થવા સમર્થ નથી. ૨૯૮

૧૪. અમારે વિષે અવતાર-અવતારીનો ભેદ નથી ● અમને ત્યાગ ગમે છે; વૈભવ ભોગવવા ગમતા નથી ● સર્વોપરી ઉપાસનાની વાત. ૩૦૨

૧૫. જીવાત્માનું રૂપ ● જીવને વિષે ભગવાનનું રૂપ. ૩૦૫

૧૬. અકુંઠિત, કુંઠિત અને નિર્મૂળ વાસનાનાં લક્ષણ ● બુદ્ધિવાળાનું કપટ કઈ રીતે કળાય ● ભગવાનના ભક્તનો દ્રોહ કરે અથવા ભગવાનને અલિંગ સમજતો હોય તેના સર્વે ગુણ તે દોષરૂપ થઈ જાય છે ● માન મોટો દોષ ● માન કેમ ટળે ? ૩૦૯

૧૭. વિપરીત મતિ ન થવાનો ઉપાય ● દેહાભિમાની હોય ને પંચવિષયનો અતિશે અભાવ ન થયો હોય તેને સંત ટોકે ત્યારે અભાવ આવે - દ્રોહ કરે ● પંચવિષયનો અનાદર હોય તેનાં લક્ષણ - પંચવિષયનો અભાવ કેમ થાય ● ભગવાન ને સંતનું માહાત્મ્ય સમજાય તેને માન ન રહે. ૩૧૨

૧૮. ભગવાનનો નિશ્ચય થવો તે સૌથી મહાકઠણ છે ● કંટકે કંટક - ભગવાનમાંથી મનુષ્યભાવ કાઢી દિવ્યભાવ દૃઢ કરવા વિષે ઉપદેશ ● ભગવાનના ભક્તમાં પણ મનુષ્યભાવ ન લાવવો ● આ વાત આજ સમજો કે સો વર્ષે સમજો પણ છૂટકો નથી. ૩૧૬


## શ્રી પંચાળા પ્રકરણ


૧. અક્ષરધામ - અમારી મૂર્તિમાંથી નીકળતો પ્રકાશ (તેજનો સમૂહ) ● પંચવિષયની તુચ્છતા થઈ જાય તેનો ઉપાય ● પશુના સુખથી મનુષ્યમાં સુખ અધિક છે તેથી રાજાનું - તેથી દેવતાનું - તેથી ઇન્દ્રનું - તેથી બૃહસ્પતિનું - તેથી બ્રહ્માનું - તેથી વૈકુંઠ લોકનું - તેથી ગોલોકનું - તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે ● કોડી, પૈસો, રૂપિયો, સોનામહોર, ચિંતામણિનું દૃષ્ટાંત. ૩૨૨

૨. સાંખ્યશાસ્ત્ર અને યોગશાસ્ત્રના સિદ્ધાંત ● ઊંડા તત્ત્વજ્ઞાનનું વચનામૃત. ૩૨૫

૩. થોડીક બુદ્ધિ હોય પણ જો પોતામાં અવગુણ હોય તેને જાણીને તેને ટાળ્યાનો ઉપાય કરે તો એને જ બુદ્ધિવાળો કહીએ અને જે પોતામાં કોઈ વારે અવગુણ પરઠે નહિ ને ગુણ જ પરઠે તેને મૂર્ખ કહીએ ● જ્ઞાની કોને કહેવાય ● ઇન્દ્રિય-અંતઃકરણ-વિષય એ સર્વેના મૂળને જીવમાંથી ઉખેડી નાખીને ભગવાનને વિષે હેત કરવું ● ઇન્દ્રિય-અંતઃકરણને શત્રુ જાણી પંચવર્તમાનના નિયમરૂપ પાંજરામાં બેડી રાખી ભગવાનની ભક્તિ કરાવવી. ૩૩૦

૪. ભગવાન દેખાય છે મનુષ્ય જેવા, પણ મનુષ્ય નથી; દિવ્ય છે ● મનુષ્યભાવમાં દિવ્યભાવની બહુ વિસ્તૃતિપૂર્વક સમજૂતી. ૩૩૪

૫. માન ને નિર્માનીપણું ક્યાં રાખવું અને ક્યાં ન રાખવું. ૩૪૦

૬. સર્વોત્કૃષ્ટ એવા શ્રીજીમહારાજની (શ્રીકૃષ્ણ નામ આપ્યું છે તેની) ઉપાસનાની દૃઢતા વિશે બોધ. ૩૪૧

૭. નટનું દૃષ્ટાંત ● ભગવાનમાં દિવ્યભાવ ● તત્ત્વે કરીને જાણ્યા કેમ કહેવાય તે ● ભગવાનના સ્વરૂપની દૃઢ ઉપાસના વિના ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય તો પણ તેનું કલ્યાણ થાવું અતિ કઠણ છે. ૩૪૩

श्री स्वामिनारायणो विजयतेतराम्

# અથ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણમ્

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૧

❖સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૪ ચતુર્થીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સાધુની જાયગાને વિષે રાત્રિને સમે પધાર્યા હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** સર્વે સાધનમાં કિયું સાધન કઠણ છે? ત્યારે સર્વે બ્રહ્મચારી, સાધુ તથા ગૃહસ્થ, તેમણે પોતાની સમજણ પ્રમાણે ઉત્તર કર્યો પણ થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો, અમે ઉત્તર કરીએ જે, **ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી. અને જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે, તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી, કાં જે ભગવાનની મૂર્તિ છે, તે તો ચિંતામણિ તુલ્ય છે.** જેમ ચિંતામણિ કોઈક પુરુષના હાથમાં હોય, તે પુરુષ જે જે પદાર્થને ચિંતવે તે તે પ્રાપ્ત થાય છે, તેમ ભગવાનની મૂર્તિને વિષે જેના મનની અખંડ વૃત્તિ રહે છે, તે તો જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ એમના સ્વરૂપને જો જોવાને ઇચ્છે તો તત્કાળ દેખે છે. તથા વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમોહોલ એ આદિક જે જે ભગવાનનાં ધામ છે તેને પણ દેખે છે માટે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી ને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી. **(૧)** ૧

૨ ત્યાર પછી કોઈક હરિભક્તે શ્રીજીમહારાજ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** જેને ભગવાનની માયા કહે છે તેનું રૂપ શું છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **ભગવાનનો ભક્ત હોય, તેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતે જે પદાર્થ આડું આવીને આવરણ કરે તેને માયા કહીએ. (૨)** ૨

૩ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૩)** ભગવાનનો ભક્ત જ્યારે પંચભૂતના દેહને મૂકીને ભગવાનના ધામમાં જાય છે, ત્યારે તે કેવા દેહને પામે છે? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે, તે ભગવાનની ઇચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે, અને જ્યારે દેહને મૂકીને ભગવાનના ધામ પ્રત્યે જાય છે, ત્યારે કોઈક તો ગરુડ ઉપર બેસીને જાય છે ને કોઈક તો રથ ઉપર બેસીને જાય છે ને કોઈક તો વિમાન ઉપર બેસીને જાય છે; એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના ધામમાં જાય છે. તેને યોગસમાધિવાળા છે તે પ્રત્યક્ષ દેખે છે. **(૩)** ૩

૪ પછી વળી કોઈક હરિભક્તે પૂછ્યું જે, **(૪)** કેટલાક તો ઘણા દિવસથી સત્સંગ કરે છે તો પણ

તેને જેવી પોતાના દેહ ને દેહના સંબંધીને વિષે ગાઢ પ્રીતિ છે તેવી સત્સંગમાં ગાઢ પ્રીતિ નથી થાતી તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એને **ભગવાનનું માહાત્મ્ય સંપૂર્ણ જાણ્યામાં આવ્યું નથી, અને જે સાધુને સંગે કરીને ભગવાનનું માહાત્મ્ય પરિપૂર્ણ જાણ્યામાં આવે છે તે સાધુ જ્યારે પોતાના સ્વભાવ ઉપર વાત કરે છે, ત્યારે તે સ્વભાવને મૂકી શકતો નથી, ને તે વાતના કરનારા જે સાધુ તેનો અવગુણ લે છે તે પાપે કરીને સત્સંગમાં ગાઢ પ્રીતિ થાતી નથી,** કાં જે અન્ય સ્થળને વિષે જે પાપ કર્યા હોય તે સંતને સંગે કરીને જાય, અને સંતને વિષે જે પાપ કરે છે તે પાપ તો એક સંતના અનુગ્રહ વિના બીજા કોઈ સાધને કરીને ટળતાં નથી. તે શાસ્ત્રમાં કહ્યું છે જે :-

**અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થક્ષેત્રે વિનશ્યતિ ।**
**તીર્થક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ ॥**

તે માટે સંતનો અવગુણ જો ન લે તો એને સત્સંગમાં દૃઢ પ્રીતિ થાય. **(૪)** ઇતિ વચનામૃતમ્ **॥૧॥** ૪

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૪)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારી મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખનારો ગોલોકાદિક ધામ, જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ તેને જોવાને ઇચ્છે તો દેખે છે. **(૧)** બીજામાં અમારું ધ્યાન કરતાં, આવરણ કરે તે માયા જાણવી. **(૨)** ત્રીજામાં અમારા આશ્રિત દેહ મૂકીને બ્રહ્મમય દેહને પામે છે. **(૩)** ચોથામાં સ્વભાવ ઉપર વાત કરનારાનો અવગુણ લે તેને સત્સંગમાં પ્રીતિ થતી નથી ને પાપ લાગે છે, તે પાપ સંતના અનુગ્રહથી ટળે છે ને સંતને તીર્થ કહ્યા છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં મનની વૃત્તિ અખંડ રહે તે કઠણમાં કઠણ સાધન, ને સર્વથી શ્રેષ્ઠ પ્રાપ્તિ કહી તે મન તથા વૃત્તિ તો માયિક છે તે માયિક વસ્તુએ મહારાજ કેમ દેખાય ?

૧ **ઉ૦** પ્રથમ તો જીવ મન દ્વારે ભગવાનની મૂર્તિને વિષે વૃત્તિ રાખે તે વૃત્તિ રાખતાં રાખતાં નિર્ગુણ થઈ જાય; ત્યારે જીવસત્તાએ જ મૂર્તિને જુએ છે. તે 'હરિવાક્યસુધાસિંધુ'માં તરંગ **(૨૦૮)**માં કહ્યું છે કે :-

**દેહત્રયમલં તદ્વત્સાંખ્યજ્ઞાનાંબુના સ ચ । ધૂત્વા શુચિર્હરિંધ્યાયેત્તદાઽતિ સુખભાગ્ ભવેત્ ॥૧૬॥**

દેવ જેવો પવિત્ર થઈને દેવને પૂજે તો તે પૂજાને દેવ અંગીકાર કરે તેની પેઠે ત્રણ દેહરૂપી મળ ને સાંખ્યજ્ઞાનરૂપી જળ તેણે કરીને ત્યાગ કરીને શુદ્ધ બ્રહ્મરૂપ થઈને શ્રીજીમહારાજનું ધ્યાન કરે ત્યારે શ્રીજીમહારાજનું અતિ સુખ તેને પામે છે.

૨ **પ્ર૦** શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખનારો ભક્ત જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ તથા ગોલોકાદિક ધામને દેખે છે એમ કહ્યું; અને (**પ્ર૦ ૪૯ના** બીજા પ્રશ્નમાં) ભગવાનની મૂર્તિ વિના ષટ્ચક્ર તથા ગોલોકાદિક ધામ દેખાય તે બાહ્યદૃષ્ટિ કહી છે, તે કેમ સમજવું ?

૨ **ઉ૦** આમાં સાધનદશાવાળા સકામ ભક્તને લોભ બતાવીને પોતાના સ્વરૂપમાં જોડવા માટે કહ્યું છે, માટે એ વચન અધિકારી પર છે અને **(પ્ર૦ ૪૯માં)** ભગવાનની મૂર્તિ વિના એ ધામાદિક દેખાય એ બાહ્યદૃષ્ટિ કહી છે; પણ વગર ઇચ્છે ભગવાનની મૂર્તિ ભેળાં ધામાદિક દેખાય એ બાહ્યદૃષ્ટિ કહી નથી. એ તો સિદ્ધદશાવાળા જાણવા. તે (**સા૦ ૧૦ ના ૨/૩** બીજા પ્રશ્નમાં) કહ્યું છે જે, અંતર્દૃષ્ટિવાળાને ભગવાન તથા ભગવાનનાં ધામ અણુમાત્ર છેટે નથી, કેમ જે એને ભગવાન વગર ઇચ્છે દેખાડે છે તે **(પ્ર૦ ૯/૨ માં)** અમારા ધામને વિષે અમારાં ઐશ્વર્ય તથા મૂર્તિઓ રહી છે તે ભક્તને બળાત્કારે દેખાડીએ છીએ એમ કહ્યું છે, માટે વગર ઇચ્છે શ્રીજીમહારાજ દેખાડે તે બાહ્યદૃષ્ટિ ન કહેવાય પણ ભક્ત પોતે જોવા ઇચ્છે તો તે બાહ્યદૃષ્ટિ કહેવાય.

૩. **પ્ર૦** બીજા પ્રશ્નમાં ધ્યાનમાં આવરણ કરે તેને માયા કહી તે કઈ જાણવી ?

૩ ઉ૰ મૂળપ્રકૃતિ તથા તેમાંથી જે જે ઉત્પન્ન થયું તે, ને તે સંબંધી ઘાટ-સંકલ્પ થાય તે સર્વે માયા છે અને તે મૂળપ્રકૃતિથી પર મૂળપુરુષ જે ઈશ્વરકોટી, તેથી પર બ્રહ્મકોટી, તેથી પર મૂળઅક્ષરકોટી તે સર્વે ધ્યાન-ઉપાસનામાં આવરણ કરનાર છે માટે મૂળઅક્ષર પર્યંત આવરણ કરનાર છે, એમ જાણવું; એ તો જ્યારે મૂળઅક્ષરથી પર ને તે મૂળઅક્ષરનું કારણ જે શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામ તે રૂપ પોતાને માનીને એ તેજમાં પોતાના આત્માને લીન કરીને શ્રીજીમહારાજની મૂર્તિને ધારે, ત્યારે શ્રીજીમહારાજની ને ધ્યાન કરનાર ભક્તની વચ્ચે બીજું આવરણ રહેતું નથી, માટે મૂળઅક્ષર પર્યંત આવરણ કરનાર છે એમ જાણવું.

૪ **પ્ર૰** શ્રીજીમહારાજના તેજને મૂર્તિમાન મૂળઅક્ષરનું કારણ કહો છો તે કિયા વચનામૃતમાં છે ?

૪ ઉ૰ **(કા૰ ૮/૧ માં)** શ્રીજીમહારાજે પોતાના નિર્ગુણ સ્વરૂપને એટલે તેજને મૂળઅક્ષરનું આત્મા કહ્યું છે અને **(પ્ર૰ ૬૪/૧ માં)** એ તેજને મૂળઅક્ષરમાં વ્યાપક તથા તેનું આત્મા તથા દ્રષ્ટા કહ્યું છે, માટે મૂળઅક્ષરનું કારણ શ્રીજીમહારાજનું તેજ છે.

૫ **પ્ર૰** માયા તો સંકલ્પ-વિકલ્પાદિક રૂપે આવરણ કરનાર છે તે સમજાય છે પણ ઈશ્વરકોટી, બ્રહ્મકોટી ને મૂળઅક્ષરકોટી તે કેવી રીતે આવરણ કરતાં હશે ?

૫ ઉ૰ જેમ દીવાના પ્રકાશનો સંબંધ આપણા નેત્રને થાય ત્યારે દીવો દેખાય છે, અને તારાના પ્રકાશનો સંબંધ થાય તો તારા દેખાય; અને ચંદ્રના પ્રકાશનો સંબંધ નેત્રને થાય તો ચંદ્ર દેખાય; અને સૂર્યના પ્રકાશનો સંબંધ નેત્રને થાય તો સૂર્ય દેખાય છે, તેમ મૂળમાયાથી પર મૂળપુરુષ છે; તેના તેજરૂપ આપણા આત્માને માનીએ તો મૂળપુરુષ ઈશ્વરના પ્રકાશનો સંબંધ આપણા આત્માને થાય તેણે કરીને મૂળપુરુષ પમાય, પણ તેથી પર જે બ્રહ્મકોટી તેનો સંબંધ ન થાય, તે આવરણ કર્યું કહેવાય, તેમ જ બ્રહ્મના પ્રકાશનો સંબંધ થાય તો બ્રહ્મની પ્રાપ્તિ થાય પણ અક્ષર ન પમાય તે આવરણ કર્યું કહેવાય. તેમજ અક્ષરના પ્રકાશનો સંબંધ થાય તો અક્ષર પમાય, પણ પુરુષોત્તમને ન પમાય એ આવરણ કર્યું કહેવાય અને પુરુષોત્તમના પ્રકાશનો સંબંધ આપણા ચૈતન્યને થાય તો પુરુષોત્તમ પમાય, ત્યારે અક્ષરાદિકનું આવરણ રહેતું નથી તે **(પ્ર૰ ૫૧ માં )** કહ્યું છે જે, **"પુરુષોત્તમને આકારે દૃષ્ટિ થાય ત્યારે જ પુરુષોત્તમનું દર્શન થાય છે"** માટે અક્ષરાદિક સર્વેથી પર શ્રીજીમહારાજ છે તેમના પ્રકાશરૂપ આપણા ચૈતન્યને માનીને, તે પ્રકાશરૂપ ધામ સાથે એકતા કરીને, શ્રીજીમહારાજની મૂર્તિને આકારે થાય, તો જ શ્રીજીમહારાજને પમાય પણ તે વિના પમાય નહિ.

૬ **પ્ર૰** આ તેજને શ્રીજીમહારાજને રહ્યાનું ધામ કિયા વચનામૃતમાં કહ્યું છે ?

૬ ઉ૰ **(પં૰ ૧/૧ માં)** આ તેજને પોતાને રહ્યાનું ધામ કહ્યું છે તથા **(પ્ર૰ ૬૬/૧ માં)** પોતાની મૂર્તિનો પ્રકાશ કહ્યો છે. આનો વિસ્તાર પરથારાના બીજા પ્રશ્નોત્તરમાં છે.

૭ **પ્ર૰** મૂળપુરુષની ને મૂળઅક્ષરની વચ્ચે બ્રહ્મ કહ્યા તે કિયા વચનામૃતમાં છે ?

૭ ઉ૰ **(કા૰ ૧૦ ના ૧/૪ પહેલા પ્રશ્નમાં)** મૂળપુરુષની ને મૂળઅક્ષરની વચ્ચે બ્રહ્મનો ભેદ કહ્યો છે તે બ્રહ્મ શ્વેતદ્વીપપતિ વાસુદેવને કહ્યા છે અને એ વાસુદેવબ્રહ્મનું ધામ મૂળપુરુષના ગોલોક ધામથી પર છે તેને બ્રહ્મપુર નામે કરીને **(અ૰ ૭/૧ માં)** કહ્યું છે.

૮ **પ્ર૰ ત્રીજા પ્રશ્નમાં ધર્મકુળને આશ્રિત બ્રહ્મમય દેહને પામે છે એમ કહ્યું તે ધર્મકુળ શું સમજવું ? અને બ્રહ્મમય તે કેવો જાણવો ?**

૮ **ઉ૰ આ ઠેકાણે ધર્મકુળ એટલે ધર્મના પુત્ર એવા જે સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમને જાણવા. તેમનો આશ્રિત થાય તે બ્રહ્મમય દેહને પામે છે એમ કહ્યું છે,** અને બ્રહ્મ તે શ્રીજીમહારાજની મૂર્તિનું તેજ જાણવું, અને એ તેજ સાથે એકતા કરીને શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરે તે ધ્યાને કરીને શ્રીજીમહારાજના જેવો સાકાર થાય તે બ્રહ્મમય દેહ કહ્યો છે.

૯ **પ્ર૰** યથાર્થ જ્ઞાન થાય ત્યારે દેહ મૂક્યો કહેવાય કે દેહ પડે ત્યારે જ મૂક્યો કહેવાય ?

૯ ઉ૰ જ્યારે આત્માને વિષે શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થાય ત્યારે દેહ મૂક્યો કહેવાય તો પણ સર્પની કાંચળીની પેઠે માયિક દેહ તો ઉપર હોય જ પણ સિદ્ધમુક્ત જેમ શ્રીજીમહારાજની ઇચ્છાથી દિવ્ય મૂર્તિ થકા મનુષ્ય જેવા દેખાય છે તેવા તો ન કહેવાય, અને જ્યારે કાંચળીવત્ રહેલા દેહનો અંત આવે ત્યારે રથ-વૈમાનાદિક બીજા જીવોના સમાસને અર્થે શ્રીજીમહારાજ

બતાવે છે. પણ જે બ્રહ્મરૂપ થયો તેને રથ-વૈમાનની જરૂર નથી. કેમ જે જેને શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થયો તેને જવું-આવવું નથી એ તો પામી જ રહ્યો છે.

૧૦ **પ્ર૦** ધામમાં જાય તેને યોગસમાધિવાળા દેખે છે તે યોગસમાધિવાળા કોને જાણવા ?

૧૦ **ઉ૦** જેને શ્રીજીમહારાજની મૂર્તિનો અખંડ સાક્ષાત્કાર હોય, તેને યોગસમાધિવાળા કહ્યા છે પણ યોગાભ્યાસ કરતા હોય ને મૂર્તિ સિદ્ધ ન થઈ હોય તેને આ ઠેકાણે યોગસમાધિવાળા નથી કહ્યા. **॥૧॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૨

❖સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૫ પંચમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં રાત્રિને સમે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી મયારામ ભટ્ટે શ્રીજીમહારાજ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ એ ત્રણ પ્રકારનો જે વૈરાગ્ય તેનાં શાં લક્ષણો છે તે કહો ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ઉત્તમ વૈરાગ્ય જેને હોય તે પરમેશ્વરની આજ્ઞાએ કરીને અથવા પોતાના પ્રારબ્ધ કર્મવશે કરીને વ્યવહારમાં રહે પણ તે વ્યવહારમાં જનકરાજાની પેઠે લોપાય નહિ, અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પંચ પ્રકારના જે ઉત્તમ વિષય તે પોતાના પ્રારબ્ધાનુસારે પ્રાપ્ત થાય તેને ભોગવે પણ પ્રીતિએ રહિત ઉદાસ થકો ભોગવે અને તે વિષય એને લોપી શકે નહિ. ને તેનો ત્યાગ મોળો ન પડે અને તે વિષયને વિષે નિરંતર દોષને દેખતો રહે ને વિષયને શત્રુ જેવા જાણે, અને સંત, સત્‌શાસ્ત્ર ને ભગવાનની સેવા તેનો નિરંતર સંગ રાખે અને દેશ, કાળ, સંગ આદિક જો કઠણ આવી પડે તો પણ એની જે એવી સમજણ તે મોળી પડે નહિ તેને ઉત્તમ વૈરાગ્યવાળો કહીએ. અને જેને મધ્યમ વૈરાગ્ય હોય તે પણ ઉત્તમ એવા જે પંચ પ્રકારના વિષય તેને ભોગવે પણ તેમાં આસક્ત ન થાય, ને જો દેશ, કાળ, સંગ કઠણ પ્રાપ્ત થાય તો વિષયને વિષે બંધાઈ જાય ને વૈરાગ્ય મંદ પડી જાય તેને મધ્યમ વૈરાગ્યવાળો કહીએ. અને જે કનિષ્ઠ વૈરાગ્યવાળો હોય તેને સામાન્ય ને દોષે યુક્ત એવા પંચવિષય જો પ્રાપ્ત થાય ને તેને ભોગવે તો તેમાં ન બંધાય અને જો સારા પંચવિષય પ્રાપ્ત થાય ને તેને ભોગવે તો તેમાં બંધાય, તેને મંદ વૈરાગ્યવાળો કહીએ. **(૧)** ઇતિ વચનામૃતમ્ **॥૨॥** ૧

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૧)** છે તેમાં શ્રીજીમહારાજે ગૃહસ્થનાં ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ વૈરાગ્યનાં લક્ષણ કહ્યાં છે. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** કેવી રીતે વ્યવહારમાં રહ્યો હોય તે આજ્ઞાએ તથા પ્રારબ્ધે કરીને રહ્યો કહેવાય ?

૧ **ઉ૦** ત્યાગી થવું હોય તેને ભગવાન અથવા સત્પુરુષ તે વ્યવહારમાં રહેવાની આજ્ઞા કરે એ આજ્ઞાએ કરીને રહ્યા કહેવાય. અને જેને માબાપ વૃદ્ધ હોય ને બીજો ભાઈ ન હોય ને તેને ખાવાપીવાનું ન હોય તેથી માબાપની સેવામાં રહેવું પડ્યું હોય તે પ્રારબ્ધે કરીને રહ્યો કહેવાય.

૨ **પ્ર૦** ઉત્તમ વિષય કિયા જાણવા ? અને સામાન્ય ને દોષે યુક્ત કિયા જાણવા ?

૨ **ઉ૦** સ્ત્રી રૂપવાન હોય ને પોતાની આજ્ઞામાં રહેતી હોય ને ધન-સમૃદ્ધિ ઘણી હોય તે ઉત્તમ વિષય કહેવાય. અને સ્ત્રી કુરૂપ હોય ને કહ્યામાં ન વર્તે અને ઘણે દાખડે ખાવા-પીવાનું મળે તે સામાન્ય ને દોષે યુક્ત વિષય કહેવાય.

૩ **પ્ર૦** કઠણ દેશકાળમાં વૈરાગ્ય મોળો ન પડે તે દેશકાળ કેવા જાણવા ?

૩ **ઉ૦** પોતાને સ્ત્રીઆદિક તથા ખાનપાનાદિક ઉત્તમ વૈભવ મળ્યા હોય પણ તેને પ્રારબ્ધાનુસારે પરદેશમાં જવું પડે ને ત્યાં પોતાના સ્ત્રીઆદિક સંબંધી તથા વૈભવનો યોગ ન રહે ને ત્યાં કોઈક રૂપવાન સ્ત્રી મળે ને તે પોતાનું ધન-ધામાદિક સર્વસ્વ આપીને લોભાવે અને કોઈક સમે પોતાના વૈભવ સર્વ નાશ પામી જાય તથા પોતાના શરીરમાં દીર્ઘ રોગ આવી પડે ને સત્પુરુષનો યોગ ન રહે ત્યારે તેને કોઈક અન્ય દેવના મંત્રથી તથા ઉપાસનાથી તથા ધ્યાનથી તથા પર સાંપ્રદાયિક શાસ્ત્ર શ્રવણ-પઠનાદિકથી, સ્ત્રીધનાદિક વૈભવની પ્રાપ્તિ થશે, તથા રોગાદિક કષ્ટ નાશ પામશે એવો ઉપદેશ કરે, એવા દેશકાળ સંગાદિક પ્રાપ્ત થાય તે કઠણ દેશકાળાદિક કહેવાય.॥૨॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૩

❖ સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૬ છઠને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં રાત્રિને સમે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય તેણે પણ ભગવાને જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી, ને બ્રહ્મચારી, સાધુ તથા સત્સંગી તેને સાથે હેત રાખવું ને એ સર્વેને સંભારી રાખવા. તે શા સારુ જે **કદાપિ દેહ મૂક્યા સમે ભગવાનની મૂર્તિને ભૂલી જવાય તો પણ ભગવાને જે જે સ્થાનકને વિષે લીલા કરી હોય તે જો સાંભરી આવે અથવા સત્સંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારી ને સાધુ સાંભરી આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે ને તે જીવ મોટી પદવીને પામે ને તેનું ઘણું રૂડું થાય** તે માટે અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ તથા જન્માષ્ટમી ને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉચ્છવ કરીએ છીએ ને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ અને જો કોઈક પાપી જીવ હોય ને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય. **(૧)** ઇતિ ૧
વચનામૃતમ્ ॥૩॥

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારી મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય, તેણે પણ અમારી તથા અમારા અવતારોની લીલા સંભારી રાખવી, અને સાધુ, બ્રહ્મચારી તથા સત્સંગી સાથે હેત રાખવું. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** અંતઃકરણમાં મૂર્તિ દેખાય; અને જીવમાં દેખાય તેનું શું લક્ષણ હશે ?

૧ **ઉ૦** હૃદયને વિષે મૂર્તિ મનુષ્યના જેવી દેખાય પણ તેજોમય ન દેખાય અને નખથી શિખા સુધી સમગ્ર ન દેખાય; ચરણ સામું જુએ તો મુખારવિંદ ન દેખાય ને મુખારવિંદ સામું જુએ તો ચરણ ન દેખાય, એવી રીતે ધ્યાન થાય તે અંતઃકરણમાં દેખી

કહેવાય. અને તેજોમય અને સમગ્ર મૂર્તિ દેખાય તે જીવમાં દેખી કહેવાય.

૨ **પ્ર૦** મૂર્તિ અખંડ દેખતો હોય તેને લીલા સંભારી રાખવામાં શું વિશેષ છે ?

૨ **ઉ૦** આત્માને વિષે મૂર્તિ દેખે તેને લીલા સંભારી રાખવાનું કહ્યું નથી, પણ અંતઃકરણમાં મૂર્તિ દેખાતી હોય ત્યાં સુધી મૂર્તિ ભૂલી જવાનો સંભવ છે, માટે લીલા સંભારે તો મૂર્તિ સાંભરી આવે.

૩ **પ્ર૦** અવતારોની લીલા સંભારી રાખવી એમ કહ્યું તે અવતાર કિયા જાણવા ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજની સાથે આવેલા સિદ્ધમુક્તોને આ ઠેકાણે અવતાર કહ્યા છે તે મુક્તોની લીલા શ્રીજીમહારાજના સંબંધવાળી હોય તેથી તેમની લીલા સંભારવાથી શ્રીજીમહારાજની મૂર્તિ સાંભરી આવે એમ કહ્યું છે. અને સાધનદશાવાળા એકાંતિકને આ ઠેકાણે સાધુ, બ્રહ્મચારી, સત્સંગી કહ્યા છે. તે સિદ્ધમુક્તનું લક્ષણ (**વ૦ ૩** ના ત્રીજા પ્રશ્નોત્તરમાં તથા **જે૦ ૧** ના આઠમા પ્રશ્નોત્તરમાં) કહ્યું છે.

૪ **પ્ર૦** સિદ્ધદશાવાળા મુક્તોને શ્રીજીમહારાજના અવતાર કહો છો તે કિયા વચનામૃતમાં છે ?

૪ **ઉ૦** (**પ્ર૦ ૩૩** ના પહેલા પ્રશ્નમાં) શ્રીજીમહારાજે કહ્યું છે જે જીવના કલ્યાણને અર્થે અમે નારદ - સનકાદિકરૂપે વર્તીએ છીએ; માટે મુક્ત અવતાર છે. ॥૩॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૪

❖સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૭ સપ્તમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** ભગવાનના ભક્તને પરસ્પર ઈર્ષ્યા ન કરવી. ત્યારે આનંદાનંદ સ્વામી બોલ્યા જે, હે મહારાજ ! ઈર્ષ્યા તો રહે છે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ઈર્ષ્યા કરવી તો નારદજીના જેવી કરવી, જેમ એક સમયને વિષે નારદજી ને તુંબરુ એ બે વૈકુંઠને વિષે લક્ષ્મીનારાયણનાં દર્શન કરવા ગયા તે લક્ષ્મીનારાયણ આગળ તુંબરુએ ગાન કર્યું, તેણે કરીને લક્ષ્મીજી તથા નારાયણ એ બેય પ્રસન્ન થઈને તુંબરુને પોતાનાં વસ્ત્ર-આભૂષણ આપ્યાં, ત્યારે નારદજીને તુંબરુ ઉપર ઈર્ષ્યા આવી જે, હું તુંબરુના જેવી ગાનવિદ્યા શીખું ને ભગવાનને પ્રસન્ન કરું; પછી નારદજી ગાનવિદ્યા શીખતા હવા ને ભગવાન આગળ ગાતા હવા. ત્યારે ભગવાને કહ્યું જે, તમને તુંબરુના જેવું ગાતા નથી આવડતું. પછી વળી શિવ ઉપર તપ કરીને શિવ થકી વર પામીને, ગાનવિદ્યા શીખીને, ભગવાન આગળ ગાતા હવા, તો પણ ભગવાન એની ગાનવિદ્યા ઉપર પ્રસન્ન ન થયા. એવી રીતે સાત મન્વંતર સુધી ગાનવિદ્યા શીખ્યા ને ભગવાન આગળ ગાયા તો પણ ભગવાન પ્રસન્ન ન થયા. પછી તુંબરુ પાસે ગાનવિદ્યા શીખ્યા ને રુક્ષ્મણી આદિક અષ્ટ પટરાણીઓ પાસે શીખ્યા ને શ્રીકૃષ્ણ ભગવાન આગળ દ્વારિકામાં ગાતા હવા. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન પ્રસન્ન થયા, ને પોતાનાં વસ્ત્ર-અલંકાર નારદજીને આપ્યાં, ત્યારે નારદજીએ તુંબરુ સાથે ઈર્ષ્યા મેલી. માટે **ઈર્ષ્યા કરવી તો એવી કરવી જે જેની ઉપર ઈર્ષ્યા હોય તેના જેવા ગુણને ગ્રહણ કરવા ને પોતાના અવગુણને ત્યાગ કરવા; ને તેવું ન થવાય ને જે ઈર્ષ્યાએ કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તેવી**

ઈર્ષ્યાનો તો ભગવાનના ભક્તને સર્વ પ્રકારે ત્યાગ કરવો. **(૧)** ઈતિ વચનામૃતમ્ ॥૪॥ ૧

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં નિર્માની થઈને ગુણવાન પાસેથી તેના ગુણ શીખવા. પણ તેનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યા ન કરવી એમ કહ્યું છે. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** તુંબરુ પાસેથી ગાનવિદ્યા શીખ્યા પછી પટરાણીઓ પાસેથી શું શીખ્યા હશે ?

૧ **ઉ૦** વખાણાવાની ઈચ્છાનો ત્યાગ કરીને, નિર્માની થઈને, પ્રસન્નતાને અર્થે ગાશો તો ભગવાન રાજી થશે, એ યુક્તિ શીખ્યા. ॥૪॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૫

❖સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૮ અષ્ટમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** રાધિકાએ સહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાન કરવું અને તે ધ્યાન કરતાં મૂર્તિ હૃદયને વિષે ન દેખાય તો પણ ધ્યાન કરવું પણ કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહિ, એવી રીતના જે આગ્રહવાળા છે તેના ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે ને એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે. **(૧)** ઈતિ ૧
વચનામૃતમ્ ॥૫॥

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં મુક્તોએ સહિત પોતાનું ધ્યાન કરવાનું કહ્યું છે. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** આમાં રાધિકાએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરવાનું કહ્યું છે ને તમે તો રહસ્યાર્થમાં મુક્તોએ સહિત શ્રીજીમહારાજનું ધ્યાન કરવાનું કહ્યું તે કેમ સમજવું ?

૧ **ઉ૦** તે સમયે પરોક્ષના ઉપાસકો સભામાં ઘણા બેઠા હતા તેથી રાધિકા નામે પોતાના મુક્તોને કહ્યા છે અને શ્રીકૃષ્ણ નામે પોતાને કહ્યા છે, પણ બીજા કોઈનું ધ્યાન કરવાનું કહ્યું નથી. તે (**લો૦ ૧૧ ના** ૨/૪ બીજા પ્રશ્નમાં) અમારા વિના બીજા અવતારોનું ધ્યાન કરવું નહિ, તથા **( મ૦ ૧૯/૨ માં )** અમારું ધ્યાન કરવું અને અમે મનુષ્યરૂપે પૃથ્વી ઉપર ન હોઈએ ત્યારે અમારી પ્રતિમાનું ધ્યાન કરવું પણ બીજા કોઈ દેવનું ધ્યાન કરવું નહિ. માટે આ ઠેકાણે મુક્તોએ સહિત પોતાનું જ ધ્યાન કરવાનું કહ્યું છે.

૨ **પ્ર૦** ભગવાન ભેળું રાધિકાનું ધ્યાન કરવાનું કહ્યું ને લક્ષ્મીજીનું ધ્યાન કેમ ન કહ્યું ?

૨ **ઉ૦** રાધિકા શ્રીકૃષ્ણ ભગવાનની સમીપે રહે છે, અને લક્ષ્મીજી મૂર્તિને વિષે ક્યારેક લીન રહે છે તેથી તેની આકૃતિ બહાર દેખવામાં આવતી નથી, તેથી ધ્યાન કરવાનું કહ્યું નથી. તેમ રાધિકાને ઠેકાણે શ્રીજીમહારાજના પરમએકાંતિક મુક્ત છે, તે શ્રીજીમહારાજને સન્મુખ રહ્યા છે, તે મુક્તે સહિત શ્રીજીમહારાજનું ધ્યાન કરવાનું કહ્યું છે; અને લક્ષ્મીજીને ઠેકાણે શ્રીજીમહારાજના અનાદિમુક્ત છે તે શ્રીજીમહારાજની મૂર્તિમાં સદાય રહ્યા છે, તેથી તેમની આકૃતિ બહાર દેખાતી નથી માટે પૃથક્ ધારવાના નથી કહ્યા. ॥૫॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૬

❖❖સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૯ નવમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના

મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧) આ સત્સંગમાં જે વિવેકી છે તે તો દિવસે દિવસે પોતાને વિષે અવગુણને દેખે છે ને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે ગુણને દેખે છે ને ભગવાન ને સાધુ પોતાના હિતને અર્થે કઠણ વચન કહે છે તેને પોતાના હિતકારી માને છે ને દુઃખ નથી લગાડતો તે તો દિવસે દિવસે સત્સંગને વિષે મોટપને પામે છે. (૧) અને જે** ૧
**અવિવેકી છે તે તો જેમ જેમ સત્સંગ કરે છે ને સત્સંગની વાત સાંભળે છે તેમ તેમ પોતાને વિષે ગુણ પરઠે છે અને ભગવાન ને સંત એનો દોષ દેખાડીને એની આગળ વાત કરે છે તે વાતને માને કરીને અવળી લે છે ને વાતના કરનારાનો અવગુણ લે છે તે તો દિવસે દિવસે ઘટતો જાય છે ને સત્સંગમાં પ્રતિષ્ઠાહીન થઈ જાય છે,** માટે પોતાને વિષે જે ગુણનું માન તેનો ત્યાગ કરીને શૂરવીર થઈને ભગવાન ને ભગવાનના સંતને વિષે વિશ્વાસ રાખે તો એનો અવિવેક ટળી જાય છે ને સત્સંગમાં મોટપને પામે છે. **(૨)** ઈતિ વચનામૃતમ્ **॥૬॥** ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં જે પોતાના ગુણના માનનો ત્યાગ કરીને અમારો ને સંતનો વિશ્વાસ રાખે તે મોટપ પામે છે. **(૧)** અને અવિવેકીને એના દોષ ટાળવાની અમે તથા સંત વાર્તા કરીએ તેને માને કરીને અવળી લે ને અમારો ને સંતનો અવગુણ લે તે પ્રતિષ્ઠાહીન થઈ જાય છે, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૨)** બાબત છે. **॥૬॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૭

❖સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૧૦ દશમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** શાસ્ત્રમાં જ્યાં જ્યાં અધ્યાત્મવાર્તા આવે છે તે કોઈને સમજાતી નથી ને ભ્રમી જવાય છે માટે એ અધ્યાત્મવાર્તા જેમ છે તેમ યથાર્થપણે અમે કહીએ છીએ તે સર્વે સાંભળો જે, સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહેયુક્ત જે જીવને કહેવો તે એ જીવનો વાચ્યાર્થ છે ને એ ત્રણ દેહથી પૃથક્પણે સત્તામાત્ર જે કહેવો તે જીવનો લક્ષ્યાર્થ છે, તથા વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત એ ત્રણ શરીરે સહિત જે ઈશ્વરને કહેવા તે ઈશ્વરનો વાચ્યાર્થ છે અને એ ત્રણ શરીરથી પૃથક્ ને સત્તામાત્રપણે કહેવા તે ઈશ્વરનો લક્ષ્યાર્થ છે, તથા માયા ને માયાનાં કાર્ય જે અનંતકોટી બ્રહ્માંડ તેને વિષે અન્વયપણે જે અક્ષરબ્રહ્મને કહેવા તે એનો વાચ્યાર્થ છે અને એ સર્વેથી વ્યતિરેક સચ્ચિદાનંદપણે જે અક્ષરબ્રહ્મને કહેવા તે એનો લક્ષ્યાર્થ છે, તથા અક્ષરબ્રહ્મ ને ઈશ્વર ને જીવ ને માયા ને માયાનાં કાર્ય જે બ્રહ્માંડ એમને વિષે જે શ્રીકૃષ્ણ ભગવાનને અંતર્યામીપણે કહેવા ને નિયંતાપણે કહેવા તે એ ભગવાનનો વાચ્યાર્થ છે અને એ સર્વેથી પૃથક્પણે કરીને પોતાના ગોલોક ધામને વિષે જે બ્રહ્મજ્યોતિ તેને વિષે રહ્યા છે એમ જે કહેવું તે એ ભગવાનનો લક્ષ્યાર્થ છે. **(૧)** અને એ પુરુષોત્તમ ભગવાન ને અક્ષરબ્રહ્મ ૧

ને માયા ને ઈશ્વર ને જીવ એ જે પાંચ ભેદ તે અનાદિ છે. **(૨)** ઈતિ વચનામૃતમ્ ॥૭॥ ૨

**રહસ્યાર્થ પ્રદી૰–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે જીવકોટી, ઈશ્વરકોટી અને અક્ષરકોટીનું તથા પોતાનું વાચ્યાર્થ એટલે અન્વયપણું અને લક્ષ્યાર્થ એટલે વ્યતિરેકપણું કહ્યું છે અને પોતાને રહેવાનું પોતાની કિરણોના મધ્યને વિષે બ્રહ્મજ્યોતિ રૂપ ધામ છે તેને જીવકોટી, ઈશ્વરકોટી તથા અક્ષરકોટીથી પર કહ્યું છે. **(૧)** અને પાંચ ભેદ અનાદિ કહ્યા છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં જીવ, ઈશ્વર, ને અક્ષરબ્રહ્મ કહ્યા તે કોને કોને જાણવા ?

૧ **ઉ૦ (છે૦ ૧૦ માં)** જે મૂળમાયામાં રહ્યા તે સર્વને જીવ કહ્યા છે માટે પ્રધાનપુરુષ સુધી જીવકોટી છે. પણ આ ઠેકાણે વૈરાજથી ઉત્પન્ન થયા તે સર્વેને જીવ કહ્યા છે પણ વાસ્તવિક રીતે તો મૂળમાયાની અંદર જે રહ્યા છે તે સર્વે જીવ કહેવાય. અને ઈશ્વર પણ એ જ વચનામૃતમાં મૂળપુરુષને કહ્યા છે, પરંતુ આ ઠેકાણે વૈરાજપુરુષને ઈશ્વર કહ્યા છે પણ વાસ્તવિક રીતે ઈશ્વર તો મૂળપુરુષ છે, અને મૂર્તિમાન મૂળઅક્ષરને આ ઠેકાણે અક્ષરબ્રહ્મ કહ્યા છે. અને શ્રીજીમહારાજે પોતાને શ્રીકૃષ્ણ નામે કહ્યા છે.

૨ **પ્ર૦** આમાં શ્રીજીમહારાજે વૈરાજથી પર પાધરા જ અક્ષરબ્રહ્મને કહ્યા છે ને તેના વચમાં પ્રધાનપુરુષ તથા પ્રકૃતિપુરુષને ગણ્યા નથી તેથી કરીને પ્રધાનના અધિષ્ઠાતા પુરુષને જ અક્ષરબ્રહ્મ સમજાય છે અને પ્રધાન-પ્રકૃતિને જ માયા સમજાય છે ને મૂળપુરુષને શ્રીકૃષ્ણ સમજાય છે ને ગોલોક પણ મૂળપુરુષનું ધામ સમજાય છે ને બ્રહ્મજ્યોતિ તે મૂળપુરુષનો પ્રકાશ સમજાય છે અને તમે તો મૂળમાયાને માયા કહો છો ને તેથી પર મૂળપુરુષને તથા વાસુદેવબ્રહ્મને મૂકીને મૂળઅક્ષરને અક્ષરબ્રહ્મ કહો છો અને શ્રીજીમહારાજને શ્રીકૃષ્ણ કહો છો તે કાંઈ સમજાતું નથી માટે કૃપા કરીને સમજાવો.

૨ **ઉ૦** શ્રીજીમહારાજે કહ્યું જે, અધ્યાત્મવાર્તા કોઈને સમજાતી નથી એનો અર્થ એવો છે જે કોઈને એટલે અમે ને અમારા મુક્ત વિના કોઈને સમજાતી નથી અને બીજું સર્વેને સાંભળવાનું કહ્યું છે તેનો અર્થ એવો છે કે અક્ષરાદિક સર્વે અવતારોને પણ સાંભળવાનું કહ્યું, માટે શ્રીજીમહારાજે પોતાનો સિદ્ધાંત કહ્યો છે પણ પરોક્ષ શાસ્ત્રનો સિદ્ધાંત નથી કહ્યો કેમ જે પરોક્ષ શાસ્ત્રનો સિદ્ધાંત તો શાસ્ત્રોના કરનારા જાણે છે જ; તે સિદ્ધાંત કહેવાનું કાંઈ પ્રયોજન નથી, અને કોઈ વચનામૃતમાં પ્રધાનપ્રકૃતિને મૂળમાયા કહી નથી, ને તેના પતિ પુરુષને અક્ષર કહ્યા નથી; પ્રધાનપુરુષને તો (**પ્ર૦ ૧૨** ના બીજા પ્રશ્નમાં) મૂળમાયામાંથી ઉત્પન્ન થયા છે એમ કહ્યું છે અને મૂળમાયાને ક્ષેત્ર કહી છે અને **(છે૦ ૧૦ માં)** મૂળમાયાને પૃથ્વીને ઠેકાણે કહી છે અને પ્રધાનપુરુષાદિક સર્વેને બીજને ઠેકાણે એટલે જીવ કહ્યા છે ને મૂળપુરુષને ઈશ્વર કહ્યા છે ને મેઘને ઠેકાણે કહ્યા છે, માટે માયામાંથી ઉત્પન્ન થાય ને માયામાં લીન થાય તે તો જીવ જ કહેવાય પણ ઈશ્વર કહેવાય નહિ, તો બ્રહ્મ કે અક્ષર તો કહેવાય જ કેમ ? માટે શ્રીજીમહારાજે આ વચનામૃતમાં વૈરાજથી લઈને મૂળપુરુષ સુધી ઈશ્વરમાં ગણ્યા છે, અને મૂળમાયાને જ માયા કહી છે ને મૂળઅક્ષરને જ અક્ષરબ્રહ્મ કહ્યા છે અને પોતાના તેજની કિરણોને જ ગોલોક નામે કહેલ છે ને પોતાના તેજને જ બ્રહ્મજ્યોતિ કહેલ છે ને પોતાને જ શ્રીકૃષ્ણ નામે કહ્યા છે.

૩ **પ્ર૦** પરથારાની પહેલી બાબતમાં ગોલોકના મધ્યને વિષે અક્ષરધામ કહ્યું છે અને આમાં તો ગોલોકને જ ધામ કહ્યું તે પરસ્પર વિરોધ આવ્યો તે કેમ સમજવું ?

૩ **ઉ૦** ધામ શબ્દ ઘણે ઠેકાણે પ્રવર્તે છે. બ્રહ્મજ્યોતિની કિરણોને અને બ્રહ્મજ્યોતિને અને શ્રીજીમહારાજની મૂર્તિને અને મૂળઅક્ષર એ સર્વને ધામ નામે કહેવાય છે.

૪ **પ્ર૦** શ્રીજીમહારાજને તથા મૂળઅક્ષરને કિયા કિયા વચનામૃતોમાં ધામ નામે કહ્યા છે ?

૪ **ઉ૦ (પં૦ ૭/૧ માં)** શ્રીજીમહારાજે પોતાને ધામ નામે કહ્યા છે. (**પ્ર૦ ૫૧** તથા **૬૩** ના ૩/૩ ત્રીજા પ્રશ્નમાં) તથા **(સા૦ ૧૭ માં)** મૂળઅક્ષરને ધામ નામે કહ્યા છે, અને પરથારાની પહેલી બાબતમાં પોતાનો પ્રકાશ જે બ્રહ્મજ્યોતિ તેને ધામ નામે કહેલ છે અને આ ઠેકાણે બ્રહ્મજ્યોતિની કિરણોને ધામ નામે કહેલ છે.

૫ **પ્ર૦** આમાં અક્ષરબ્રહ્મને સાકાર કહ્યા ને તેથી પર ગોલોક ધામને વિષે બ્રહ્મજ્યોતિ છે તેમાં અમે રહ્યા છીએ એમ કહ્યું, અને

પરથારાના બીજા પ્રશ્નોત્તરમાં **(મ૦ ૫૦ની)** શાખ્ય આપી છે, તેમાં શ્રીજીમહારાજની મૂર્તિના પ્રકાશને અક્ષરબ્રહ્મ કહ્યા છે માટે તે સાકાર અક્ષરબ્રહ્મ કોને જાણવા ? અને નિરાકાર અક્ષરબ્રહ્મ કોને જાણવા ?

૫ ઉ૦ આમાં અધિકારીવર્ગવાળા મૂળઅક્ષરને સાકાર અક્ષરબ્રહ્મ કહ્યા છે અને પરથારાના બીજા પ્રશ્નોત્તરમાં શ્રીજીમહારાજની મૂર્તિના પ્રકાશને અક્ષરબ્રહ્મ કહ્યા છે અને સાકાર અક્ષરબ્રહ્મને **( પ્ર૦ ૬૪/૧ માં)** અક્ષર નામે કહ્યા છે ને નિરાકાર અક્ષરબ્રહ્મને આત્મા નામે કહ્યા છે ને સાકાર મૂળઅક્ષરના દ્રષ્ટા કહ્યા છે. ને સાકાર મૂળઅક્ષરને તે આત્માના દશ્ય કહ્યા છે, તથા **(કા૦ ૮/૧ માં)** સાકાર મૂળઅક્ષરને અક્ષર કહ્યા છે અને નિરાકાર અક્ષરબ્રહ્મને તે સાકાર મૂળઅક્ષરબ્રહ્મના આત્મા કહ્યા છે.

૬ **પ્ર૦ કયાં કયાં વચનામૃતોમાંથી સાકાર અક્ષરબ્રહ્મને સમજવા ? અને કયાં કયાંમાંથી સાકાર અક્ષરબ્રહ્મથી પર ને તેના કારણ, આધાર, વ્યાપક, નિયંતા, દ્રષ્ટા ને આત્મા એવા જે શ્રીજીમહારાજના તેજરૂપ બ્રહ્મજ્યોતિ જે અક્ષરબ્રહ્મ તેને સમજવા ?**

૬ ઉ૦ **(પ્ર૦ ૭/૧ માં)** શ્રીજીમહારાજ અક્ષરબ્રહ્મને વિષે અન્વયપણે રહ્યા છે એમ કહ્યું છે તે અક્ષરબ્રહ્મ સાકાર જાણવા. **(પ્ર૦ ૨૧/૭ માં)** એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમની સેવામાં રહે છે એમ કહ્યું છે તે શ્રીજીમહારાજના પ્રકાશરૂપ નિરાકાર અક્ષરધામ છે તે મૂળઅક્ષરમાં વ્યાપીને તે મૂળઅક્ષર દ્વારે સૃષ્ટિ કરાવે છે તે સૃષ્ટિકર્તા મૂળઅક્ષર તે નિરાકાર અક્ષરનું બીજું સ્વરૂપ છે અને તે સાકાર છે. (**૩૩ના** પહેલા પ્રશ્નમાં) શ્રીજીમહારાજ અક્ષરરૂપે વર્તે છે એમ કહ્યું છે. **(૪૧ માં)** શ્રીજીમહારાજ અંતર્યામીરૂપે રહ્યા છે. (**૬૩ ના** ૩/૩ ત્રીજા પ્રશ્નમાં) અક્ષરધામ નામે કહ્યા છે. **(૬૪માં)** અક્ષર કહ્યા છે, (**૭૨ ના** ૨/૩ બીજા પ્રશ્નમાં) અક્ષર કહ્યા છે. અને ચોથી બાબતમાં ''અક્ષરબ્રહ્મના આત્મા છે. અને તે અક્ષરને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે ને તે અક્ષરથી ન્યારા છે.'' તે અક્ષર સાકાર જાણવા. (**સા૦ ૫** ના ૨/૩ બીજા પ્રશ્નમાં) શ્રીજીમહારાજ અન્વયપણે રહ્યા છે. **(કા૦ ૮/૧માં)** ''નિર્ગુણ સ્વરૂપ અક્ષરનું આત્મા છે.'' (**૧૦ના** ૧/૪ પહેલા પ્રશ્નમાં) ''અક્ષર જેવો થાય'' એમ કહ્યું છે. (**લો૦ ૪** ના ૨/૬ બીજા પ્રશ્નમાં) અમારા જેવો થવાને અક્ષરપર્યંત કોઈ સમર્થ નથી. (**૭ ના** ૩/૮ ત્રીજા પ્રશ્નમાં) અક્ષરથી પર શ્રીજીમહારાજને કહ્યા છે. (**૧૦ ના** ૬/૮ છઠ્ઠા પ્રશ્નમાં ) અમે અક્ષરના આત્મા છીએ. (**૧૩ ના** બીજા પ્રશ્નમાં) ''અક્ષરને પણ ભગવાન ન કહેવાય.'' (**૧૫ ના** પાંચમા પ્રશ્નમાં) અક્ષર કહ્યા છે. (**૧૭ના** ૫/૭ પાંચમા પ્રશ્નમાં) અક્ષરને શ્રીજીમહારાજે પોતાની શક્તિ કહી છે. **(૧૮/૨ માં)** અક્ષરનો ભાવ અમારે વિષે આવે એમ કહ્યું છે. **(અ૦ ૪/૧ માં)** અક્ષરાદિક મુક્તના નિયંતા છીએ. (**૫ ના** પહેલા પ્રશ્નમાં) ''અક્ષરાદિક મુક્તને નિયમમાં રાખવા સમર્થ છે.'' (**૬ ના** ૨/૩ બીજા પ્રશ્નમાં) ''અક્ષરાદિકના સ્વામી ને પરબ્રહ્મ પુરુષોત્તમ તે જ આ સત્સંગને વિષે વિરાજમાન છે.'' (**પ્ર૦ ૫૧** તથા **૬૩ ના** ૩/૩ ત્રીજા પ્રશ્નમાં તથા **સા૦ ૧૭/૧ એ** ત્રણમાં) અક્ષરધામ નામે કહ્યા છે. એ વચનામૃતોમાં સાકાર અક્ષરબ્રહ્મ સમજવા.**(૧)**

**હવે સાકાર અક્ષરબ્રહ્મથી પર ને એનું આત્મા, આધાર, વ્યાપક ને દ્રષ્ટા જે શ્રીજીમહારાજની મૂર્તિના તેજરૂપ નિરાકાર અક્ષરધામ જે બ્રહ્મજ્યોતિરૂપ અક્ષરબ્રહ્મ જેમાં કહેલ છે, તે વચનામૃતો લખીએ છીએ.** પરથારાની પહેલી બાબતમાં સચ્ચિદાનંદ, બ્રહ્મપુર, અમૃતધામ, પરમપદ, અનંત, અપાર, બ્રહ્મ, ચિદાકાશ એ નામે કહેલ છે; (**પ્ર૦ ૧ના** ત્રીજા પ્રશ્નમાં) ભગવાનનું ધામ કહ્યું છે, (**૭/૧** માં) બ્રહ્મજ્યોતિ નામે કહેલ છે, (૮ ના ૨/૪ બીજા પ્રશ્નમાં) ''જીવને ભગવાનના ધામમાં પહોંચાડવો તે અમને આવડે છે.'' (**૯/૨** માં) ''પોતાના ધામને વિષે ઐશ્વર્ય તથા મૂર્તિઓ દેખાડે છે.'' (**૧૨** ના ત્રીજા પ્રશ્નમાં) ''તેજોમય ભગવાનનું ધામ તેને પામે છે, '' (**૧૮/૪** માં) ''મુક્ત થઈને ધામમાં જાશે,'' (**૨૧/૬** માં) ''અર્ચિમાર્ગે કરીને અક્ષરધામને પામે છે'' તથા (**સાતમી** બાબતમાં) ''નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ; બ્રહ્મમોહોલ કહીએ'' તથા અક્ષર તથા અક્ષરધામ નામે કહ્યું છે તથા (**આઠમી** બાબતમાં) અક્ષરધામ તથા અક્ષર નામે કહ્યું છે, (**૩૧ ના** ૨/૩ બીજા પ્રશ્નમાં) '' અક્ષરાતીત એવા જે ભગવાન પુરુષોત્તમ તે મને પ્રત્યક્ષ મળ્યા છે.'' (**૩૭ /૫** માં) ''ભગવાનના ધામમાં ચૈતન્યની જ મૂર્તિ થઈને ભગવાનના હજૂરમાં રહે છે, '' (**૪૦ ના** પહેલા પ્રશ્નમાં) ''અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને મૂર્તિને વિષે નિમગ્ન રહેતો હોય,'' **(૪૫ માં)** ''સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે તો મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેમનું તેજ છે, '' **(૪૬ માં)** સર્વાધાર અને ચિદાકાશ શબ્દોથી કહેલ છે, (**૫૬ ના** ૩/૪ ત્રીજા પ્રશ્નમાં) '' પરમપદને પામે છે.'' તથા ''**સ્વામિનારાયણ** નામ ઉચ્ચારણ થાય તો પાપથી છૂટીને બ્રહ્મમોહોલને વિષે નિવાસ કરે,'' (**૫૯** ના પહેલા

પ્રશ્નમાં) "આ ભગવાન બ્રહ્મમોહોલાદિક ધામના પતિ છે," (૬૦ ના ૨/૨ બીજા પ્રશ્નમાં) "ભગવાનનું અતિશય માહાત્મ્ય જાણવું જોઈએ જે, ભગવાન વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમોહોલ, તે સર્વે ધામના પતિ છે," (૬૩ના ૩/૪ ત્રીજા પ્રશ્નમાં) "પોતાની કાન્તિએ કરીને **અન્વયપણે** રહ્યા છે" ત્યાં કાન્તિ શબ્દથી પોતાના પ્રકાશરૂપ ધામને કહેલ છે. તથા "તે અક્ષરધામને વિષે પોતાના સાધર્મ્યપણાને પામ્યા એવા અનંત મુક્ત ભગવાનની સેવાને વિષે રહે છે," ત્યાં અક્ષરધામ શબ્દથી કાન્તિ જે પ્રકાશ તેને કહેલ છે, (૬૪/૧ માં) આત્મા તથા બ્રહ્મ તથા દૃષ્ટા નામથી કહેલ છે, (૬૬/૧ માં) "બ્રહ્મસત્તારૂપ પ્રકાશ તે પુરુષોત્તમની મૂર્તિનો છે." તથા (બીજી બાબતમાં) " એકાંતિક સંત ભગવાનની મૂર્તિને અક્ષરાતીત સમજે છે," (૭૧ ના પાંચમા પ્રશ્નમાં) નિરાકાર અક્ષરબ્રહ્મ, બ્રહ્મપુર, અક્ષરધામ શબ્દથી કહેલ છે, તથા (છઠ્ઠી બાબતમાં) ધામ તથા અક્ષરધામ શબ્દથી કહેલ છે, (૭૨ના ૨/૪ બીજા પ્રશ્નમાં) "ભગવાન અક્ષરને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે," તે શક્તિ શબ્દ શ્રીજીમહારાજના પ્રકાશવાચક છે. (૭૩ ના ૫/૬ પાંચમા પ્રશ્નમાં) "પુરુષોત્તમ ભગવાન તો અનંતકોટી બ્રહ્માંડના આધાર જે અક્ષર તે થકી પણ પર છે" તથા (નવમી બાબતમાં) "બ્રહ્મથી પર જે પરબ્રહ્મ તેનું સાક્ષાત્ દર્શન થાય છે" તથા (૧૦ મી બાબતમાં) "બ્રહ્મનો પ્રકાશ દેખીને પુરુષોત્તમ ભગવાનથી બ્રહ્મમાં અધિકપણું માને," (૭૮ ના નવમા પ્રશ્નમાં) "અક્ષરાતીત છે," (અગિયારમા પ્રશ્નમાં) " આ ભગવાન ને આ સંત બ્રહ્મપુરાદિક ધામના નિવાસી છે," (સોળમા પ્રશ્નમાં) "અક્ષરાતીત એવા જે આ પુરુષોત્તમ ભગવાન તેની ઈચ્છાએ કરીને બ્રહ્માંડની ઉત્પત્તિ થાય છે, ને પોતાની શક્તિએ કરીને ધારી રહ્યા છે." (**સા૦ ૧૦** ના ૨/૪ બીજા પ્રશ્નમાં) ધામ તથા શ્વેતદ્વીપ એ બે નામથી કહેલ છે, (**૧૧** ના બીજા પ્રશ્નમાં) "સાધનની ન્યૂનતાવાળો અક્ષરધામને ન પામે." (**૧૨** ના ૨/૩ બીજા પ્રશ્નમાં) "બ્રહ્મને વિષે પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન અખંડ વિરાજે છે " (**૧૪** ના પહેલા પ્રશ્નમાં) " ભગવાનની ઈચ્છાએ તો અક્ષરધામમાંથી પણ દેહ ધરે છે." (**૧૭/૨માં**) " મહાતેજ જેવો થાય" (**કા૦ ૭** ના ચોથા પ્રશ્નમાં) "પ્રકૃતિપુરુષ તે અક્ષરબ્રહ્મના તેજમાં અદૃશ્ય થઈ જાય છે. પછી એકલું સચ્ચિદાનંદ ચિદ્‌ઘન તેજ રહે છે" (પાંચમી બાબતમાં) અક્ષરધામ શબ્દથી કહેલ છે. (**૮/૧** માં) સગુણ-નિર્ગુણ ઐશ્વર્ય શબ્દથી કહેલ છે. (**લો૦ ૩**/૨ માં) ધામ કહેલ છે અને (ત્રીજી બાબતમાં) બ્રહ્મમોહોલ કહેલ છે. ( **૪** ના પહેલા પ્રશ્નમાં ) અક્ષરધામ કહેલ છે. ( **૭** ના ૨/૪ બીજા પ્રશ્નમાં ) "બ્રહ્મરૂપ થયો તેને જ ભગવાનની ભક્તિનો અધિકાર છે." (**૧૦** ના ૬/૮ છઠ્ઠા પ્રશ્નમાં) સર્વાત્માબ્રહ્મ નામે કહેલ છે. (૧૨ ના પહેલા પ્રશ્નમાં) "ધામરૂપ અક્ષર તેને વિષે રહ્યો થકો પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે" (**૧૩** ના બીજા પ્રશ્નમાં) અક્ષરધામ તથા અક્ષર નામે કહેલ છે. (**૧૪** ના પહેલા પ્રશ્નમાં) "તેજના સમૂહમાં દિવ્ય સિંહાસન ઉપર દિવ્યમૂર્તિ પુરુષોત્તમ ભગવાન વિરાજમાન છે." (**૧૫** ના પાંચમા પ્રશ્નમાં) "જીવ, પુરુષ, અક્ષર અને પુરુષોત્તમના તેજમાં ભેદ ઘણો છે." (**પં૦** ૧/૧ માં) "અક્ષરબ્રહ્મ છે તે તો એ ભગવાનના અંગનો પ્રકાશ છે અથવા રહ્યાનું ધામ છે." (**૨** માં) " પોતાના આત્માને શુદ્ધ બ્રહ્મરૂપ માનીને ભગવાનનું ધ્યાન કરવું." (**૪** માં) અક્ષરધામ નામે કહ્યું છે (**૭/૧** માં) "અક્ષરધામમાં જેવું ભગવાનનું સ્વરૂપ છે તેવું જ આ પ્રત્યક્ષ જાણવું." (**મ૦ ૩**/૨ માં) બ્રહ્મનામે કહ્યા છે. (**૯/૧** માં) અક્ષરધામ નામે કહેલ છે. (**૧૦** ના પહેલા પ્રશ્નમાં) બ્રહ્મરૂપ પોતાની શક્તિ કહી છે. અને એ બ્રહ્મને પોતાની કિરણ કહી છે. (**૧૧/૧** માં) ગુણાતીત જે ભગવાનનું ધામ ત્યાં ગુણથી પર એવું જે ધામ કહેતાં શ્રીજી મહારાજનો પ્રકાશ તેને ગુણાતીત નામે કહેલ છે, (**૧૩**/૨ માં) એકરસ તેજને આત્મા, બ્રહ્મ તથા અક્ષરધામ નામે કહેલ છે, (**૨૨** ના ૩/૫ ત્રીજા પ્રશ્નમાં ) ધામ નામે કહેલ છે, (**૨૪** માં) અક્ષરધામ નામે કહેલ છે, (**૨૫** ના પહેલા પ્રશ્નમાં) બ્રહ્મપુર ધામ નામે કહેલ છે, (**૩૨**/૨ માં) અક્ષરધામ નામે કહેલ છે, (**૩૪** ના ૧/૨ પહેલા પ્રશ્નમાં) ધામ નામે કહેલ છે, (**૩૯** ના પહેલા પ્રશ્નમાં) ચૈતન્યમય ને તેજોમય એવું ભગવાનનું અક્ષરધામ કહેલ છે, (**૪૨**/૧ માં) અક્ષરધામ કહેલ છે, તથા (બીજી બાબતમાં) અક્ષરબ્રહ્મ કહેલ છે તથા " જ્યાં અમારી મૂર્તિ ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે," (**૪૭**/૩ માં) ધામ કહેલ છે, (**૪૮**/૧ માં) પરમપદ તથા શ્વેતદ્વીપ નામે કહ્યું છે. (**૫૦**/૧ માં) "એકરસ પરિપૂર્ણ એવું બ્રહ્મસ્વરૂપ તથા તેજોમય એવું અક્ષરબ્રહ્મ તેને વિષે મૂર્તિમાન એવા પુરુષોત્તમ ભગવાન રહ્યા છે." (**૬૨** ના બીજા પ્રશ્નમાં) ધામ કહેલ છે. (**૬૪** ના ૨/૨ બીજા પ્રશ્નમાં) "અક્ષરધામરૂપી તખત તેમાં વિરાજમાન છે" તથા (ત્રીજી બાબતમાં) "અક્ષરધામમાં રહ્યા થકા અનંત બ્રહ્માંડમાં દેખાય છે, " (**૬૬** ના ૪/૭ ચોથા પ્રશ્નમાં) અક્ષરધામ કહ્યું છે, (**૬૭** માં) ધામ કહેલ છે, (**વ૦ ૯** માં) "ચિદાકાશને મધ્યે સદા ભગવાનની મૂર્તિ વિરાજમાન છે, " (**૧૨**/૧ માં)

"અનંતકોટી સૂર્ય, ચંદ્રમા ને અગ્નિ તે સરખું પ્રકાશમાન એવું જે અક્ષરધામ તેને વિષે સદા દિવ્યમૂર્તિ થકા વિરાજમાન છે." (**અ૦ ૫** ના બીજા પ્રશ્નમાં ) અક્ષરધામ કહેલ છે, (**૬** ના પહેલા પ્રશ્નમાં) અક્ષરધામ નામે કહ્યું છે તથા (બીજા પ્રશ્નમાં) બ્રહ્મમોહોલ તથા અક્ષરબ્રહ્મ તથા ગોલોક નામે કહ્યું છે. (**૭** માં) બ્રહ્મમોહોલ તથા પુરુષોત્તમનું ધામ નામે કહ્યું છે; (**અશ્લા૦ ૧** ના પહેલા પ્રશ્નમાં ) અક્ષરધામ નામે કહેલ છે; (**જે૦ ૪** ના ૧/૨ પહેલા પ્રશ્નમાં ) નિર્ગુણ ધામ નામે કહેલ છે. (**૫**/૧ માં) અક્ષરધામને પમાડીએ છીએ; (**છે૦ ૫** ના ૩/૪ ત્રીજા પ્રશ્નમાં) ભગવાનના ધામમાં બહુ મોટા સુખને પામે છે, (**૭**/૨ માં) બ્રહ્મપુર ધામને વિષે ભગવાન સદા સાકારમૂર્તિ વિરાજમાન છે તથા ધામ શબ્દથી કહેલ છે. તથા (ત્રીજી બાબતમાં) છતી દેહે જ ધામને પામી રહ્યો છે, (**૯**માં) અક્ષરધામ કહ્યું છે, (**૨૧**/૧ માં) માયાને તરીને અક્ષરધામને પામે છે, તથા (છઠ્ઠી બાબતમાં) માયા પર દિવ્યધામ કહ્યું છે, (સાતમી બાબતમાં) ધામ શબ્દથી કહેલ છે, (**૨૨** ના ૨/૩ બીજા પ્રશ્નમાં) ધામ કહ્યું છે, (**૩૦** ના પહેલા પ્રશ્નમાં ) ચૈતન્યના તેજનો રાશિ છે તેને મધ્યે પુરુષોત્તમ ભગવાન સદા વિરાજે છે, (**૩૧** માં) તેજનો સમૂહ સમુદ્ર જેવો જણાય છે અને બ્રહ્મરૂપ તેજોમય ભગવાનનું ધામ કહ્યું છે તથા તે અક્ષરધામને ગુણાતીત કહેતાં ગુણ થકી પર એવું વિશેષણ આપ્યું છે. (**૩૩** ના ૨/૩ બીજા પ્રશ્નમાં ) તેજના મંડળને વિષે દિવ્યમૂર્તિ એવા વાસુદેવ ભગવાનને વિષે એ ભક્તને સ્નેહ હોય. (**૩૫** ના ૫/૬ પાંચમા પ્રશ્નમાં) સદા પોતાના અક્ષરધામને વિષે વિરાજમાન છે, (**૩૬** ના પહેલા પ્રશ્નમાં) પુરુષોત્તમ ભગવાનને બ્રહ્મજ્યોતિના સમૂહને વિષે અનાદિ સાકાર મૂર્તિ સમજવા. (**૩૭**માં) "ભગવાનના ધામમાં ભક્તનો આકાર પણ ભગવાનના જેવો છે", (**૩૮** ના પહેલા પ્રશ્નમાં) "અક્ષરધામને વિષે જે ભગવાનનો મૂળ આકાર છે," તે તો મનુષ્યના જેવો છે," (**૩૯**/૩માં) "પોતાની મૂર્તિમાં તથા પોતાના ધામમાં જે સુખ છે તે તો બહુ ભારે છે," ઇત્યાદિક વચનામૃતોમાં બ્રહ્મ, ચિદાકાશ, બ્રહ્મમોહોલ, સચ્ચિદાનંદ, બ્રહ્મપુર, સર્વાધાર, તેજનો સમૂહ, મહાતેજ, શક્તિ, કાન્તિ, અક્ષરધામ, પરમપદ, કિરણ, અક્ષરબ્રહ્મ, બ્રહ્મજ્યોતિ, એકરસ તેજ, ચિદ્‌ઘન તેજ ઇત્યાદિક વિશેષણોથી શ્રીજીમહારાજની મૂર્તિના પ્રકાશરૂપ અક્ષરધામને સમજવું. ॥**૭**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૮

❖સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૧૧ એકાદશીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, (૧) **ઇન્દ્રિયોની જે ક્રિયા છે તેને જો શ્રીકૃષ્ણ ભગવાન ને તેના ભક્તની સેવાને વિષે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે ને અનંતકાળનાં જે પાપ જીવને વળગ્યાં છે તેનો નાશ થઈ જાય છે.** (૧) **અને જો ઇન્દ્રિયોની વૃત્તિઓને સ્ત્રીઆદિકના** ૧
**વિષયમાં પ્રવર્તાવે છે, તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે. અને કલ્યાણના માર્ગ થકી પડી જાય છે.** (૨) માટે શાસ્ત્રમાં જે રીતે વિષય ભોગવ્યાનું કહ્યું છે, તેવી રીતે નિયમમાં રહીને વિષયને ૨
ભોગવવા, પણ શાસ્ત્રની મર્યાદાને ઉલ્લંઘન કરીને ભોગવવા નહિ અને **સાધુનો સંગ રાખવો ને કુસંગનો ત્યાગ કરવો. અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે, ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે, અને દેહના સંબંધીને વિષે જે મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે, ને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે, ને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે,** (૩) પછી તે ને તે જ દિવસ સ્વામી શ્રી સહજાનંદજી ૩
મહારાજ દાદાખાચરના દરબારમાં લીંબડા સામા ગોખમાં વિરાજતા હતા ને દિવસ પહોર એક ચડ્યો હતો અને લીંબડા હેઠે પરમહંસની સભા બેઠી હતી. અને ગૃહસ્થ સત્સંગી પણ બેઠા

હતા અને સાંખ્યયોગી-કર્મયોગી બાઈઓની સભા પણ હતી.

૨ તે સમાને વિષે શ્રીજી એમ બોલ્યા જે, (૨) હે પરમહંસો ! જેને જે અંગની અતિશે દઢતા હોય તે સર્વે પોતપોતાના અંગની વાત કરો, ને જે અંગ કાચુંપોચું જણાતું હોય તે અંગની કરશો મા. તે દઢ અંગની વિક્તિ : જેને ભગવાનના સ્વરૂપનો અતિ દઢ નિશ્ચય હોય તો તે અંગની વાત કરજ્યો ને જેને આત્મજ્ઞાનનું અતિ બળ હોય તો તે અંગની વાત કરજ્યો જે હું દેહ નથી; આત્મા છું ને જેને નિર્લોભી તથા નિષ્કામી તથા નિઃસ્પૃહી તથા નિઃસ્વાદી તથા નિર્માની એ પંચ વર્તમાનમાં જે જે અંગની અતિ દઢતા હોય તે તે અંગની સર્વે વાત કહો. પછી તો શ્રીજી પોતે પ્રસન્ન થઈને બોલ્યા જે, પ્રથમ તો અમે અમારા અંગની વાત કરીએ, પછી તમે તમારા અંગની વાત કહેજ્યો. શ્રી નરનારાયણના પ્રતાપ થકી અમને એવું વર્તે છે જે હું આત્મા છું, અછેદ્ય છું, અભેદ્ય છું, સચ્ચિદાનંદ છું, અને મારી મોટપ છે તે તો સ્વ-સ્વરૂપનો પ્રકાશ તથા શ્રી નરનારાયણની ઉપાસના તે વડે છે, પણ ભારે ભારે વસ્ત્ર તથા અમૂલ્ય આભૂષણ તથા રથ, પાલખી, હાથી, ઘોડા તેની જે અસવારી તે વડે કરીને મોટપ નથી અને જગત બધીના માણસ ને જગત બધીના રાજા સત્સંગી થઈને હાથ જોડીને ઊભા રહે તે વડે કરીને પણ અમારે મોટાઈ નથી અને આ સત્સંગી સર્વે છે તે વિમુખ થઈ જાય ને મને કોઈ માને નહિ અને પહેરવાને વસ્ત્ર ને રહેવાને જગ્યા ન મળે તેણે કરીને મારી હિણ્યપ થાતી નથી. મારી મોટપ તો શ્રી નરનારાયણની ઉપાસના વડે કરીને હું બ્રહ્મ છું, હું આત્મા છું એવી રીતની જે મારી મોટપ તે તો હું મૂકવાને ઈચ્છું અથવા બીજા કોઈ બ્રહ્માદિક દેવ છે તે મુકાવાને ઈચ્છે તો ય પણ મારી મોટપ ટળે નહિ અને અમારે શ્રી નરનારાયણની ઉપાસના છે, તે પોતાનું જે બ્રહ્મરૂપ તેને વિષે પરબ્રહ્મ પરમાત્મા એવા જે શ્રી નરનારાયણ તેમની સાકાર મૂર્તિ તેની ઉપાસના છે, તે કોઈ પોતાને અનુભવે કરીને કહે અથવા શાસ્ત્રે કરીને કહે જે, પરબ્રહ્મ જે પુરુષોત્તમ તે આકારે રહિત છે તો તે વાત અમને મનાય નહીં કાં જે તે પુરુષોત્તમની કૃપા થકી એ પુરુષોત્તમનું સાકાર સ્વરૂપ તેને હું પ્રત્યક્ષ દેખું છું. અને અમારા હૈયામાં એમ સમજાય છે જે, પરબ્રહ્મ એવા જે પુરુષોત્તમ તેને આકારે રહિત કહે છે તેને પરમેશ્વરની વાત પણ સમજાણી નથી ને તેને તે સ્વરૂપનું દર્શન પણ નથી. અને તે શાસ્ત્રને સમજી જાણતા નથી. અને શાસ્ત્રમાં જે ભગવાનનું નિરાકાર સ્વરૂપ કહ્યું છે, તે તો માયિક આકારને ખોટા કરવાને અર્થે કહ્યું છે, કાં જે ભગવાનની મૂર્તિને વિષે માયિક જે પંચભૂત, તથા દશ ઈન્દ્રિયો તથા ચાર અંતઃકરણ તે પ્રાકૃત જીવના જેવા નથી, માટે શાસ્ત્રે નિરાકાર કહ્યા છે. અને ભગવાનને અલૌકિક આકાર તો છે ખરો, જો ભગવાનને નેત્ર છે તો તે નેત્રે કરીને પુરુષદ્વારે માયા સામું જુએ છે ત્યારે તે માયામાંથી અનંતકોટી બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે તે બ્રહ્માંડોને વિષે **બ્રહ્માદિક દેવ અનંતકોટી ઉત્પન્ન થાય છે** અને તે બ્રહ્માંડમાં સરજ્યા એવા જે સ્થાવર-જંગમ જીવ તે સર્વે ઉત્પન્ન થાય છે, માટે ભગવાનને નેત્ર પણ છે. અને

જે દહાડે સ્થાવર-જંગમ સૃષ્ટિ સર્વેનો નાશ થાય છે, ને **મહાપ્રલય** થાય છે, ત્યારે એક જ પુરુષોત્તમ રહે છે, તે દહાડે વેદ આવીને ભગવાનની સ્તુતિ કરે છે. તે સ્તુતિને સાંભળીને ભગવાન વિશ્વને સરજે છે, તો ભગવાનને કાન પણ છે, એવી રીતે ચૌદે ઇન્દ્રિયો છે પણ અલૌકિક છે, અને મન-વાણીથી પર છે, અને રામકૃષ્ણાદિક રૂપે કરીને જીવના કલ્યાણને અર્થે પ્રવર્તે છે, ત્યારે અતિશે દયા કરીને જીવને દૃષ્ટિગોચર થાય છે, ને એમ ધારે છે જે હું દૃષ્ટિગોચર નહિ થાઉં તો જીવ મારું ધ્યાન તથા સ્મરણ, પૂજન, અર્ચનાદિક શી રીતે કરશે ? માટે જ્ઞાની-અજ્ઞાની સર્વેને **પ્રત્યક્ષ** જણાય એવા થાતા હવા પણ ભગવાન તો જેવા છે તેવા જ છે, ને જીવને દૃષ્ટિગોચર થયા માટે કાંઈ માયિક એવા જે દેહ ને ઇન્દ્રિયે યુક્ત નથી. માટે જે ભગવાનને નિરાકાર કહે છે તે અમને કોઈ કાળે મનાય નહિ. અને તે શ્રી નરનારાયણની ઉપાસનાને પ્રતાપે કરીને આ બ્રહ્માંડનું રાજ્ય આવે અને બ્રહ્માંડમાં જેટલી દેવાંગના આદિ દઈને સ્ત્રીઓ છે તે સર્વે આવીને સેવામાં હાજર ઊભી રહે, અને જેટલા બ્રહ્માંડમાં સારા પદાર્થ છે તે સર્વે આણીને હાજર કરે તો પણ એ સર્વે મળીને અમને મોહ પમાડવા સમર્થ નથી. અને અમે ધારીએ જે હું મોહ પામીને એમાં બંધાઉં તો પણ કોઈ રીતે મારે બંધન જ થાય નહિ, એવી રીતે મારે ઈષ્ટદેવની કૃપાએ કરીને સ્વ સ્વરૂપની દૃઢતા છે. અને કોઈને દીકરો દેવો, કે કોઈને દ્રવ્ય દેવું, કે કોઈ મૂઆને જીવતો કરવો, કે કોઈને મારવો એ તો અમને નથી આવડતું, પણ જીવનું જે રીતે કરીને કલ્યાણ થાય અને જીવને ભગવાનના ધામમાં પહોંચાડવો તે તો અમને આવડે છે. અને હવે તો અમે વધુ નહિ કહીએ, જો બોલીએ તો બોલતાં બોલતાં વધુ બોલાઈ જવાય, એવાં વચન કહીને સુંદર શરદઋતુના કમળ સરખાં નેત્રે કરીને સર્વે પરમહંસ સામું જોઈને હસતે મુખે સંતો પ્રત્યે બોલ્યા જે, હે સંતો ! હવે તમે તમારા અંગની વાત કહો. પછી પોતે એમ બોલ્યા જે, અમે ને તમે તો એક અંગવાળા છીએ, માટે અમારા અંગમાં તમારો ભાગ છે માટે અમે કહ્યું તે રીતે સર્વે દૃઢ નિશ્ચય રાખજ્યો. એવી રીતે શ્રીજીએ પોતાનું અંગ કહી દેખાડ્યું તે ભક્તજનને અર્થે છે. (૪) ઇતિ વચનામૃતમ્ ॥૮॥ ૪

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય (૨) છે. તેમાં પહેલામાં ઇન્દ્રિયોની ક્રિયાને અમારી તથા અમારા ભક્તની સેવામાં રાખવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે (૧) અને સ્ત્રીઆદિકના વિષયમાં પ્રવર્તાવે તો ભ્રષ્ટ થઈને કલ્યાણના માર્ગમાંથી પડી જાય છે. (૨) અને શાસ્ત્રના નિયમ પ્રમાણે વર્તીને એકાંતિક સાધુનો સંગ કરવાથી અમારી મૂર્તિ વિના માયિક વૈભવમાં તથા મૂળઅક્ષરાદિકના ઐશ્વર્યમાં તથા અમારા તેજરૂપ અક્ષરધામમાં ક્યાંઈ પ્રીતિ રહેતી નથી. (૩) બીજામાં પદાર્થ વડે કરીને તથા માને કરીને મોટપ માને નહિ; એક અમારી સદા સાકાર મૂર્તિની ઉપાસના વડે કરીને તથા પોતાના આત્માને અમારા તેજરૂપ માનવે કરીને જ મોટપ માને, ને તે મોટપ કોઈની મુકાવી મૂકે નહિ, ને અમારી મૂર્તિને સદાય દેખે, ને અક્ષરાદિકના ઐશ્વર્યમાં બંધાય નહિ, ને માયિક સુખ કોઈને આપવું તે રુચે નહિ; કેવળ જીવોને અમારા ધામમાં લઈ જવા એ જ રુચે, એ અમારા મુક્તનું અંગ છે, એવું અંગ સર્વેને કરવું એમ કહ્યું છે. (૪) બાબતો છે.

૧ **પ્ર૦** (૨/૪ બીજા પ્રશ્નમાં) શ્રીજીમહારાજે અમારે નરનારાયણની ઉપાસના છે, અને નરનારાયણના પ્રતાપે કરીને હું આત્મા છું એવું વર્તે છે એમ કહ્યું, તથા ( **પ્ર. ૧૮**/૪ માં ) પણ અમારા હૃદયમાં નરનારાયણ પ્રગટ બિરાજે છે. અને અમે અનાદિમુક્ત છીએ એમ કહ્યું છે, તથા (૪૮/૩ માં) પોતાને સત્પુરુષ કહ્યા છે અને નરનારાયણને ભગવાન કહ્યા છે અને

પરથારામાં (નવમી બાબતમાં) સર્વે અવતારો રૂપે પોતે દર્શન આપીને પોતાનું સર્વોપરીપણું જણાવ્યું છે તથા (**જે૦ ૪** ના ૧/૩,૪ પહેલા પ્રશ્નમાં તથા ૫/૧ માં) અમે પ્રગટ નરનારાયણ છીએ એમ કહ્યું છે, તથા (**અ૦ ૭**/૧ માં) હું જ પુરુષોત્તમ છું અને સર્વે મારું કર્યું જ થાય છે એમ કહ્યું છે, તે પરસ્પર વિરોધ આવ્યો તે કેવી રીતે સમજવું ?

૧ ઉ૦ આમાં તથા ( **૧૮**/૪ માં ) તથા ( **૪૮**/૩ માં) શ્રીજીમહારાજ મુક્ત ભાવમાં રહીને બોલ્યા છે, અને પરથારામાં પોતાનું સર્વોપરી ઐશ્વર્ય જણાવ્યું છે, અને (**જે૦ ૪** તથા **૫ માં**) તથા (**અ૦ ૭** માં) પોતે ભગવાનપણે બોલ્યા છે. માટે જ્યાં અમે ભગવાન છીએ એમ કહ્યું હોય ત્યાં પોતે ભગવાનપણે બોલ્યા છે એમ જાણવું; અને જ્યારે અમે ભગવાન છીએ એમ ન કહ્યું હોય ત્યારે મુક્તભાવે બોલ્યા છે એમ જાણવું.

૨ **પ્ર૦** બ્રહ્માદિક દેવ મોટપ મુકાવે તો ય મુકાય નહિ એમ કહ્યું તે દેવ કિયાં જાણવાં ?

૨ ઉ૦ શ્રીજીમહારાજે પોતને મિષે પોતાના મુક્તની સ્થિતિ કહી છે ને આદિ સૃષ્ટિકર્તા મૂળઅક્ષર છે તેને આ ઠેકાણે બ્રહ્મા કહ્યા છે, અને આદિ શબ્દે કરીને બ્રહ્મકોટીને કહ્યા છે તે બ્રહ્મકોટી તથા ઈશ્વરકોટીના ઐશ્વર્યમાં સારપ્ય ન મનાય ને તેમાં લોભાય નહિ, તે અક્ષરાદિકની મુકાવી મોટપ ન મૂકી કહેવાય એમ કહ્યું છે તે એવો પોતાના મુક્તનો મહિમા કહ્યો છે, પણ અક્ષરાદિક કોઈ મોટપ મુકાવા ઇચ્છે જ નહિ, કેમ જે શ્રીજીમહારાજના મુક્ત તો મૂળઅક્ષરાદિક થકી પર છે માટે એમની મોટપ મુકાવાને કોઈ સમર્થ હોય જ નહિ.

૩ **પ્ર૦** આ ઠેકાણે ભગવાનને અલૌકિક ઇંદ્રિયો છે; એમ કહ્યું ને (**પ્ર૦ ૭૧** ના ત્રીજા પ્રશ્નમાં ) તો જ્યારે પૃથ્વીને વિષે ભગવાન પ્રગટ થાય છે, ત્યારે તત્ત્વને અંગીકાર કરે છે, તે તત્ત્વ બ્રહ્મરૂપ છે એમ કહ્યું છે, તે પરસ્પર વિરોધ આવ્યો અને વળી (**મ૦ ૧૭** ના બીજા પ્રશ્નમાં ) ભગવાનની મૂર્તિમાં ત્યાગ-ભાગ છે જ નહિ એમ કહ્યું છે તથા (**પં૦ ૭**/૧,૨ માં) તથા (**છે૦ ૩૧** માં ) ધામમાં રહી જે મૂર્તિ ને મનુષ્યરૂપ મૂર્તિ તે એક જ છે; તેમાં એક રોમનો પણ ફેર નથી એમ કહ્યું છે તે કેમ સમજવું ?

૩ ઉ૦ ભગવાનને વિષે દેહ-દેહી ભાવ નથી; ભગવાન તો દિવ્ય કૈવલ્યમૂર્તિ જ છે, તેમાં ત્યાગ-ભાગ નથી; એક જ વસ્તુ છે. જેમ સાકરના રસની મૂર્તિ કરી હોય તેને નાસિકા, હાથ, પગ, મુખારવિંદ કર્યા હોય તે સાકરનાં જ છે, પણ બીજી વસ્તુ નથી; તેમ ભગવાન દિવ્ય મૂર્તિ છે તેમાં બીજી વસ્તુ નથી, પણ હસ્ત, ચરણ, મુખારવિંદાદિક અવયવોને લઈને ઇંદ્રિયો કહી છે પણ પોતે તો સદાય સાકાર મૂર્તિ જ છે તેની વિશેષ દૃઢતા કરાવવાને અર્થે કહ્યું છે; અને (**૭૧** માં) તત્ત્વનો અંગીકાર કરે છે એમ કહ્યું છે તે જ્યારે પૃથ્વી ઉપર દર્શન આપે છે ત્યારે સંકલ્પ કરે છે જે, અમને જ્ઞાની-અજ્ઞાની સર્વે મનુષ્ય જેવા દેખો એમ સંકલ્પ કરે છે ત્યારે મનુષ્ય જેવા દેખાય છે, માટે અંગીકાર કરે છે એટલે સંકલ્પ કરે છે એમ સમજવું, અને (**પ્ર૦ ૩૭**/૫ માં) મુક્તને ચૈતન્યમૂર્તિ કહ્યા છે તે મુક્ત પણ ચૈતન્યમૂર્તિ છે. અને મૂળ અક્ષરકોટી તથા બ્રહ્મકોટી તથા મૂળપુરુષ ઈશ્વરકોટી તે પણ ચૈતન્યમૂર્તિઓ છે; તો શ્રીજીમહારાજ ચૈતન્યમૂર્તિ હોય તેમાં શું કહેવું ! એ તો હોય જ.

૪ **પ્ર૦** સ્થાવર-જંગમ સૃષ્ટિ કહી તે કઈ જાણવી ?

૪ ઉ૦ પર્વત-વૃક્ષાદિક ન ચાલે તેને આ ઠેકાણે સ્થાવર સૃષ્ટિ કહી છે; અને મનુષ્ય, પશુ, પક્ષી આદિક જે હાલેચાલે તેને જંગમ સૃષ્ટિ કહી છે.

૫ **પ્ર૦** જ્યારે મહાપ્રલય થાય છે, ત્યારે એક ભગવાન રહે છે, તે ભગવાનની વેદ સ્તુતિ કરે છે એમ આમાં કહ્યું અને (**મ૦ ૬૪** ના ૨/૩ બીજા પ્રશ્નમાં) સર્વે બ્રહ્માંડ વસે જ છે; પણ એકસામટો પ્રલય થાતો નથી એમ કહ્યું તે કેમ સમજવું ?

૫ ઉ૦ મૂળપુરુષ ઘણા છે તે (**મ૦ ૩૧** ના ૨/૫ બીજા પ્રશ્નમાં ) કહ્યા છે તેમાંના એક મૂળપુરુષના કાર્યનો પ્રલય થાય છે તેને મહાપ્રલય કહે છે, ને સૃષ્ટિ સમે મૂળપુરુષ દ્વારે વેદ પુરુષોત્તમની સ્તુતિ કરે છે.

૬ **પ્ર૦** શ્રીજીમહારાજની ઉપાસના વડે કરીને હું આત્મા છું, સચ્ચિદાનંદ છું, બ્રહ્મ છું, એ મોટપ ટાળી ટળે નહિ અને શ્રીજીમહારાજની મૂર્તિને સદાય પ્રત્યક્ષ દેખે અને એને મોહ પમાડવા કોઈ સમર્થ થાય નહિ; અને કોઈને માયિક પદાર્થ આપવું તે ગમે નહિ; કેવળ જીવોનો આત્યંતિક મોક્ષ કરવો એ જ ગમે તે મુક્તને કેવી સ્થિતિવાળા જાણવા ?

૬ ઉ૦ (**વ૦ ૩** ના ત્રીજા પ્રશ્નમાં) કહ્યા એવા સિદ્ધદશાવાળા પરમએકાંતિકની સ્થિતિ કહી છે.

૭ **પ્ર૦** નરનારાયણ, પુરુષોત્તમ અને સ્વામિનારાયણ નામનો શો અર્થ હશે ?

૭ **ઉ૦** નરના જેવો છે આકાર જેમનો માટે નરાકાર અને નાર જે મુક્તોનો સમૂહ તે જ છે નિવાસ્થાન જેમનું તે નારાયણ કહેવાય. માટે નરાકાર સતા નારાયણ તે નરનારાયણ કહેવાય. માટે નરનારાયણ એવું શ્રીજીમહારાજનું નામ છે. અને પુરુષ જે મુક્તો તેમને મધ્યે ઉત્તમ માટે પુરુષોત્તમ એવું શ્રીજીમહારાજનું નામ છે. અને સ્વામી એટલે નિયંતાવાચક છે; તે જે સ્વતંત્ર ઐશ્વર્યવાન હોય તેને સ્વામી કહેવાય તે મૂળઅક્ષરાદિક સર્વે અવતારો તથા મુક્તો તેમના સ્વામી છે માટે સ્વામિનારાયણ એવું શ્રીજીમહારાજનું મુખ્ય નામ છે તે (**પ્ર૦ ૧૪** ના ૨/૩ બીજા પ્રશ્નમાં ) પોતાને સર્વના સ્વામી કહ્યા છે; (**૨૧**/૮ માં) અમે સર્વના સ્વામી છીએ. (**૬૩**ના ત્રીજા પ્રશ્નમાં) વૈરાજના તથા (ચોથી બાબતમાં) મુક્તોના સ્વામી કહ્યા છે. (**સા૦ ૧** ના બીજા પ્રશ્નમાં ) અનંતકોટી બ્રહ્માંડના પતિના અમે સ્વામી છીએ. (**કા૦ ૧૦** ના ૧/૫ પહેલા પ્રશ્નમાં) અમે મૂળપુરુષ ઈશ્વરકોટી, બ્રહ્મકોટી, અક્ષરકોટી તે સર્વેના સ્વામી છીએ. (**૨**/૯ બીજા પ્રશ્નમાં) અમારી સ્વામી-સેવકભાવે ભક્તિ કરવી. (**લો૦ ૧**ના આઠમા પ્રશ્નમાં) અમારી સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી. (**મ૦ ૩**/૧ માં) અમે સર્વેના સ્વામી છીએ ને (બીજી બાબતમાં) અમારી સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી. (**૧૮** માં) અમે સર્વેના સ્વામી છીએ. (**૩૧** ના ૨/૫ બીજા પ્રશ્નમાં) અમે સર્વેના સ્વામી છીએ (**૬૭** માં) અમારા મુક્ત અમારા સરખા થાય, તો પણ અમારે વિષે સ્વામી-સેવકપણું રહે છે. (**અ૦ ૪**/૧ માં) અમે સર્વેના સ્વામી છીએ. (**૫** ના બીજા પ્રશ્નમાં) અમે સર્વેના સ્વામી છીએ. (**૬ ના ૨**/૩ બીજા પ્રશ્નમાં) અક્ષરાદિક સર્વેના સ્વામી છીએ. (૮/૧ માં) અમારા ભક્ત ઉપર ક્રોધ ઊપજે ત્યારે અમે તમારા સ્વામી છીએ, માટે તેને અમારા ભક્ત જાણીને તેને નમસ્કાર કરવો. (**છે૦ ૩૭** માં ) અમે સર્વે મુક્તના સ્વામી છીએ (**૩૯**/૫ માં) અમે સર્વના સ્વામી છીએ અને અમે એક જ ભગવાન છીએ એમ શ્રીજીમહારાજે કહ્યું છે; માટે સ્વામી શબ્દ શ્રીજીમહારાજનું વિશેષણ છે, માટે સ્વામિનારાયણ નામમાં મૂળઅક્ષરાદિક કોઈ અવતારોને ભેળા ગણવા નહિ અને મુક્તોને પણ ગણવા નહિ.

૮ **પ્ર૦** મૂર્તિમાન મૂળઅક્ષરને તમે શ્રીજીમહારાજના અવતાર કહો છો તે કિયા વચનામૃતમાં છે ?

૮ ઉ૦ (**પ્ર૦ ૭**/૧ માં તથા **૩૩** ના પહેલા પ્રશ્નમાં) ઉત્પત્તિકાળે અમે અક્ષરરૂપે વર્તીએ છીએ, તથા (**૪૧** માં) અમે સૃષ્ટિ સમયને વિષે અક્ષરમાં પ્રવેશ કરીએ છીએ, તથા (**૬૩**ના ત્રીજા પ્રશ્નમાં) અમે અક્ષરમાં પ્રવેશ કરીએ છીએ એમ કહ્યું છે માટે અક્ષર શ્રીજીમહારાજના અવતાર છે. ત્યાં 'હરિવાક્યસુધાસિંધુ' ના (**૪૧** તરંગમાં) કહ્યું છે

**શ્રી કૃષ્ણો ભગવાનસ્તિ સર્વકારણ-કારણં । પ્રકાશકાનાં સર્વેષાં સચૈવાસ્તિ પ્રકાશક: ॥૧૦॥**
**સર્ગાદાવક્ષરં બ્રહ્મ વીક્ષતે સ સિસૃક્ષયા । અબુધ્યેતાં તદા તત્ર લીનૌ પ્રકૃતિપુરુષૌ ॥૧૧॥**
**તતોઽક્ષરાત્મના માયા-પુરુષાભ્યાં બભૂવતુ: । તેનેક્ષિતાભ્યાં પ્રકટૌ પ્રધાનપુરુષૌ મુને ॥૧૨॥**

અર્થ :- સર્વ કારણના કારણ સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન છે અને સર્વને પ્રકાશના કરનારા અક્ષરાદિક તેને પણ પ્રકાશને કરનારા છે (**૧૦**) તે ભગવાન ઉત્પત્તિ સમયને વિષે સૃજવાની ઇચ્છાથી અક્ષરબ્રહ્મના સન્મુખ જુએ છે તે સમયને વિષે તે અક્ષરને વિષે લીન રહેલા એવા પ્રકૃતિપુરુષ તે જાગ્રત થાય છે. (**૧૧**) તે વાર પછી અક્ષરદ્વારાએ કરીને તે ભગવાન તેમણે જોયા એવા જે મૂળપ્રકૃતિ ને પુરુષ તે દ્વારાએ પ્રધાન ને પુરુષ પ્રગટ થતા હવા. (**૧૨**) તથા તરંગ (**૫૧** માં) :-

**તદ્દષ્ટયા નેક્ષ્યતે માયા પુમાનેવૈક ઈક્ષ્યતે । આવિર્ભૂતોઽસ્તિ સોપ્યાદાઽવક્ષરસ્યૈકદેશત: ॥૧૭॥**
**અંતર્બહિશ્ચ તં વ્યાપ્યસ્થિતં તત્ કૃષ્ણધામ ચ । કૃષ્ણસ્યૈવાંગ-તેજશ્ચ સચ્ચિદાનંદ લક્ષણમ્ ॥૧૮॥**
**અનેક કોટિ બ્રહ્માંડા-ધારોઽનંત-મનાદિ ચ । તદીય દ્રષ્ટ્યા ત્વઽસ્ત્યેકં બ્રહ્મૈવ ન તુ પુરુષ: ॥૧૯॥**
**તત્ર સ્થિતોઽસ્તિ-ભગવાન્ સર્વકારણ-કારણમ્ । અનેક કોટિ બ્રહ્માંડોત્પત્તિ-સ્થિતિ-લયક્રિય: ॥૨૦॥**
**સર્વાત્માત્મા સ્વતંત્રશ્ચ સર્વશક્તિપતિ: પ્રભુ: । પરાત્પરતર: શુદ્ધ: ઈશ્વરાણામપીશ્વર: ॥૨૧॥**
**સર્વત્ર કારણત્વેનાઽન્વિતોઽસ્તિ નિજતેજસા । વ્યતિરિક્તશ્ચ ધામ્નિ સ્વે રાજતેઽનેકશક્તિભિ:॥૨૨॥**

અર્થ:- તે મૂળપુરુષની દૃષ્ટિએ કરીને જોઈએ તો માયા નથી દેખાતી; એક પુરુષ જ દેખાય છે. તે પુરુષ પણ પ્રથમ સૃષ્ટિકાળમાં અક્ષરના એક દેશમાંથી ઉત્પન્ન થયેલ છે. (**૧૭**) તે પુરુષમાં અક્ષર અંતર્યામીશક્તિએ કરીને વ્યાપીને રહેલ છે અને બહાર તે પુરુષના આધારભૂત થઈને રહેલ છે અને તે અક્ષર કૃષ્ણ (ભક્તના આધાર અને દુ:ખ હરનાર શ્રી

સ્વામિનારાયણ)નું ધામ છે, અને સત્, ચિત્ ને આનંદ છે લક્ષણ જેનું એવું જે ધામ તે કૃષ્ણ (આ પ્રગટ શ્રીકૃષ્ણ)ના અંગનું તેજ છે. (૧૮) તે તેજરૂપ અક્ષરધામ અનંતકોટી બ્રહ્માંડનું આધાર ને અનંત એટલે બીજા સર્વ ધામથી મોટું ને અનાદિ છે, તે તેજરૂપ અક્ષરની દૃષ્ટિએ જોઈએ તો એ એક જ બ્રહ્મ છે, પણ બીજા કોઈ પુરુષ તથા મૂળ અક્ષરાદિક છે જ નહિ. (૧૯) ને સર્વ કારણનું કારણ એવું જે બ્રહ્મ તેને વિષે અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, લયરૂપી છે ક્રિયા જેની એવા જે ભગવાન તે રહેલા છે. (૨૦) અને અક્ષરાદિ સર્વના આત્મા અને સ્વતંત્ર ને સર્વે શક્તિના પતિ ને પ્રભુ અને સર્વ અક્ષરાદિક થકી પર એવું જે તેજરૂપ બ્રહ્મ તે થકી પર ને શુદ્ધ અને ઈશ્વર જે અક્ષરાદિક તેના પણ નિયામક છે. (૨૧) અને મૂળપુરુષ તથા વાસુદેવબ્રહ્મ અને અક્ષર એ સર્વને વિષે તેજરૂપ બ્રહ્મ તેણે કરીને અન્વયપણે રહ્યા છે; અને વ્યતિરેકપણે પોતાના તેજરૂપ ધામને વિષે અનેક શક્તિઓ તેમણે યુક્ત રહેલા છે. (૨૨) આવી રીતે મૂળઅક્ષરાદિક સર્વેને વિષે તેજદ્વારાએ કરીને શ્રીજીમહારાજ વ્યાપીને રહેલા છે. માટે મૂળ અક્ષરાદિક સર્વે મહારાજના અવતાર છે એમ જાણવું.

૯ **પ્ર૦** બોલતાં બોલતાં વધુ બોલાઈ જવાય એમ કહ્યું તે બોલવાનું શું બાકી હશે ?

૯ **ઉ૦** શ્રીજીમહારાજ પોતે ભગવાન છે, તે અમે ભગવાન છીએ એમ નથી કહ્યું તે બાકી છે. અને શ્રીજીમહારાજે બોલવાનું બાકી છે એમ સૂચવ્યું તો પણ બોલવાનું શું બાકી હશે એમ કેટલાક ન સમજ્યા તેથી શ્રીજીમહારાજ હસતા હવા.

૧૦ **પ્ર૦** અમારા અંગમાં તમારો ભાગ છે એમ કહ્યું તે અંગ કિયાં જાણવાં ?

૧૦ **ઉ૦** ઉપર કહ્યો જે શ્રીજીમહારાજનો નિશ્ચય તથા પંચવર્તમાનની દૃઢતા તથા પોતાને બ્રહ્મરૂપ માનીને શ્રીજીમહારાજની સાકારપણે ઉપાસના કરવી તથા શ્રીજીમહારાજના મનુષ્યસ્વરૂપને દિવ્ય સમજવું ઈત્યાદિક અંગ કહ્યાં છે તે અંગ તમારે પણ દૃઢ કરવાં એમ ભાગ કહ્યો છે. ॥૮॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૯

❖સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૧૨ દ્વાદશીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, (૧) શ્રીકૃષ્ણ ભગવાનનો પ્રત્યક્ષપણે નિશ્ચય કર્યો હોય ને તેની ભક્તિ કરતો હોય ને તેનાં દર્શન કરતો હોય તો પણ જે પોતાને પૂર્ણકામ ન માને ને અંતઃકરણમાં ન્યૂનતા વર્તે જે ગોલોક-વૈકુંઠાદિક ધામને વિષે જે આ ને આ ભગવાનનું તેજોમય રૂપ છે, તે મુને જ્યાં સુધી દેખાણું નથી ત્યાં સુધી મારું પરિપૂર્ણ કલ્યાણ થયું નથી, એવું જેને અજ્ઞાન હોય તેના મુખથી ભગવાનની વાત પણ ન સાંભળવી. (૧) ૧

**અને જે પ્રત્યક્ષ ભગવાનને વિષે દૃઢ નિષ્ઠા રાખે છે, ને તેને દર્શને કરીને જ પોતાને પરિપૂર્ણ માને છે, ને બીજું કાંઈ નથી ઇચ્છતો તેને તો ભગવાન પોતે બળાત્કારે પોતાના ધામને વિષે જે પોતાનાં ઐશ્વર્ય છે ને પોતાની મૂર્તિઓ છે તેને દેખાડે છે માટે જેને ભગાવનને વિષે અનન્ય નિષ્ઠા હોય તેને પ્રત્યક્ષ ભગવાન વિના બીજું કાંઈ ઇચ્છવું નહિ. (૨) ઇતિ વચનામૃતમ્ ॥૯॥** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય (૧) છે. તેમાં અમારી મનુષ્યરૂપ મૂર્તિને દર્શને કરીને જ પોતાને પરિપૂર્ણ ન માને તેના મુખની વાત ન સાંભળવી. (૧) અને અમારી આ મનુષ્યરૂપ મૂર્તિને વિષે દૃઢ નિષ્ઠા રાખીને, આ પ્રત્યક્ષ મૂર્તિના દર્શને કરીને જ જે ભક્ત પોતાને પરિપૂર્ણ માને તેને અમે અમારા ધામને વિષે જે અમારાં ઐશ્વર્ય ને મૂર્તિઓ છે તેને દેખાડીએ

છીએ, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (**૨**) બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં અમારા મનુષ્ય સ્વરૂપને દર્શને કરીને પરિપૂર્ણ ન માને તેના મુખની વાત ન સાંભળવી એમ કહ્યું તેનો શો હેતુ હશે ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજ જીવોના મોક્ષને અર્થે મનુષ્ય જેવા થઈને દર્શન આપે છે તો પણ જેવા અક્ષરધામમાં દિવ્ય સાકાર મૂર્તિ છે, તેવા ને તેવા જ દિવ્ય છે તેમને વિષે મનુષ્યભાવ કલ્પે છે તે દોષ છે માટે તેની વાત સાંભળવાની ના પાડી છે.

૨ **પ્ર૦** ધામને વિષે મૂર્તિ છે તે અને મનુષ્યરૂપ મૂર્તિ એક જણાયાનો શો ઉપાય હશે ?

૨ **ઉ૦** ધામમાંથી આવેલા મુક્તના સમાગમથી દિવ્યમૂર્તિ ને મનુષ્યમૂર્તિ એક સમજાય છે.

૩ **પ્ર૦ ધામમાંથી આવેલા સિદ્ધમુક્તનાં લક્ષણ કેવાં હોય ?**

૩ **ઉ૦** એવા સિદ્ધમુક્ત શ્રીજીમહારાજના ધામમાં તથા શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા શ્રીજીની ઈચ્છાથી આ લોકમાં મનુષ્યરૂપે દેખાતા હોય, તે મુક્ત જેમ અક્ષરધામમાં શ્રીજીમહારાજના ભેળા હોય, તેમજ આંહીં પણ એમના ભેળા મહારાજ હોય ને તેમની સાથે બોલે ચાલે ને સર્વ ક્રિયા કરે ને એવા મુક્ત અનંત જીવોને દર્શન આપીને ધામમાં પહોંચાડે તે દેહ મૂકનાર તથા બીજા પણ દેખે ને સર્વેના અંતરની વાત કહે; કાંઈ પણ અજાણ્યું હોય નહિ, એવાં લક્ષણ જેમાં હોય તેમને સિદ્ધમુક્ત જાણવા.

૪ **પ્ર૦** શ્રીજીમહારાજ મનુષ્યરૂપે પ્રત્યક્ષ હતા તેવા પ્રત્યક્ષ આજ કેવી રીતે જાણવા ?

૪ **ઉ૦** શ્રીજીમહારાજે પોતાની દિવ્યમૂર્તિને મનુષ્યરૂપે દેખાડી હતી, તે જ મૂર્તિને આજ પ્રતિમારૂપે દેખાડે છે, માટે શ્રીજીમહારાજની પ્રતિમા તે પ્રત્યક્ષ શ્રીજીમહારાજ છે. તે પ્રતિમાને દિવ્ય ન જાણે ત્યાં સુધી કોટી સાધન કરે તો પણ કલ્યાણ થાય નહિ, માટે આજ પ્રતિમા છે તે જ દિવ્ય મૂર્તિ છે અને પરોક્ષ શાસ્ત્રમાં પ્રતિમા ઉરુકાળે કલ્યાણ કરે તથા પ્રતિમાપૂજકને કનિષ્ઠ કહ્યા છે, પરંતુ શ્રીમુખે તો (**પ્ર૦ ૪૮** તથા **૬૮** માં) ''અમારી મૂર્તિ તે અમે પંડે જ છીએ અને અમારી મૂર્તિની મર્યાદા ન રાખે ને ફેલફિતૂર કરે તેને અમારો નિશ્ચય નથી, અને તે પાંખડી છે અને તેનું કલ્યાણ નહિ થાય'' એમ કહ્યું છે માટે પોતાની મૂર્તિને માટે ઉરુકાળવાચક કલમ શ્રીમુખે બાદ કરી છે, તેથી પ્રતિમા તે શ્રીજીમહારાજ પોતે જ છે એમ જાણવું.

૫ **પ્ર૦** બીજી બાબતમાં ધામને વિષે ઐશ્વર્ય કહ્યાં તે કિયાં હશે ?

૫ **ઉ૦** (**કા૦** ૮/૩ આઠમામાં) સગુણ-નિર્ગુણરૂપ અનંત ઐશ્વર્ય પોતાની મૂર્તિના તેજમાંથી પ્રગટ થાય છે અને લીન થાય છે એમ કહ્યું છે તે ઐશ્વર્ય જાણવાં.

૬ **પ્ર૦** શ્રીજીમહારાજની મૂર્તિ તો એક છે અને બહુ દેખાડે છે એમ કહ્યું તે કઈ જાણવી ?

૬ **ઉ૦** શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામમાં તથા મૂર્તિમાં મુક્ત રહ્યા છે તે શ્રીજીમહારાજના સરખા જ છે, તે માટે મુક્તોને પોતાની મૂર્તિઓ કહી છે તે (**મ૦ ૬૭**માં) કહ્યું છે જે અમારા ભક્ત અમારા સરખા થાય છે, તેનાં દર્શન કરાવે છે.

૭ **પ્ર૦ મૂર્તિમાં મુક્ત રહે છે એવું કયા વચનામૃતમાં કહ્યું છે ?**

૭ **ઉ૦** (**સા૦ ૧૧** ના ૧/૨ પહેલા પ્રશ્નમાં) મુક્ત મૂર્તિમાં રહે છે, એમ કહ્યું છે. તે મુક્તોની અનાદિમુક્ત એવી સંજ્ઞા છે.

૮ **પ્ર૦** (**સા૦ ૧૧**માં) તો લક્ષ્મીજીની પેઠે ક્યારેક મૂર્તિમાં લીન રહે છે અને ક્યારેક નોખાં રહ્યા થકા સેવામાં રહે છે, એમ કહ્યું છે પણ સદાય મૂર્તિમાં રહે છે એમ કહ્યું નથી, માટે અનાદિમુક્ત સદાય મૂર્તિમાં રહે છે કે ક્યારેક રહે છે ?

૮ **ઉ૦** અતિ સ્નેહે કરીને લીન થાય છે એમ કહ્યું છે માટે અનાદિમુક્ત અતિ સ્નેહવાળા છે તે (**મ૦ ૫૬**/૧ માં) અતિશે પ્રીતિવાળા ગોપાળાનંદ સ્વામીને કહ્યા છે એવા અનાદિમુક્ત ક્યારેય બહાર આવતા નથી. અને બહાર આવે છે એમ કહ્યું છે તે શ્રીજીની ઈચ્છાથી જીવોનો ઉદ્ધાર કરવા સારુ મૂર્તિમાં રહ્યા થકા બહાર એટલે જગતને વિષે દર્શન આપે છે, તે બહાર કહ્યા છે અને અનંત જીવોનો ઉદ્ધાર કરે છે તે સેવા કહી છે.

૯ **પ્ર૦ 'અનાદિમુક્ત' કહો છો તે કિયા વચનામૃતમાં કહ્યું છે ?**

૯ **ઉ૦** (**પ્ર૦ ૩૨**ના પહેલા પ્રશ્નમાં) નારદ-સનકાદિકને અનાદિમુક્ત કહ્યા છે તથા (**પ્ર૦ ૧૮**/૪ માં) શ્રીજીમહારાજે ''હું

અનાદિમુક્ત છું" એમ કહ્યું છે, માટે અનાદિમુક્તની સંજ્ઞા છે અને "હું અનાદિમુક્ત છું." એમ કહ્યું તે પરમએકાંતિકથી અનાદિમુક્તનું અધિકપણું દર્શાવ્યું છે. ॥૯॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૧૦

❖સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૧૩ તેરશને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, (૧) અમે વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જાતા હતા, ત્યાં એક સેવકરામ નામે સાધુ હતો તે શ્રીમદ્ભાગવતાદિક પુરાણને ભણ્યો હતો તે માર્ગમાં ચાલતા માંદો પડ્યો, તેની પાસે રૂપૈયા હજારની સોનામહોરો હતી, પણ ચાકરીનો કરનારો કોઈ નહિ માટે રોવા લાગ્યો. પછી તેને અમે કહ્યું જે કાંઈ ચિંતા રાખશો મા; તમારી ચાકરી અમે કરશું. પછી ગામને બહાર એક કેળાંની ફૂલવાડી હતી, તેમાં એક વડનો વૃક્ષ હતો તે વડના વૃક્ષને વિષે હજારો ભૂત રહેતાં પણ તે સાધુ તો ચાલી શકે એવો રહ્યો નહિ ને અતિશે માંદો થયો તે ઉપર અમને અતિશે દયા આવી પછી તે ઠેકાણે અમે તે સાધુને કેળનાં પત્ર લાવીને હાથ એક ઊંચી પથારી કરી આપી અને તે સાધુને લોહીખંડ-પેટબેસણું હતું તેને અમે ધોતા ને ચાકરી કરતા, ને તે સાધુ તો પોતાને જેટલું જોઈએ તેટલું અમારી પાસે ખાંડ, સાકર, ઘી, અન્ન તે પોતાના રૂપૈયા આપીને મંગાવતો, તે અમે લાવીને રાંધી ખવરાવતા ને અમો વસ્તીમાં જઈને જમી આવતા, ને કોઈક દિવસ તો અમને વસ્તીમાં અન્ન મળતું નહિ ત્યારે અમારે ઉપવાસ થાતો, તો પણ કોઈ દિવસ તે સાધુએ અમને એમ કહ્યું નહિ જે અમ પાસે દ્રવ્ય છે, તે આપણે બેને કાજે રસોઈ કરો ને તમે પણ અમ ભેળા જમો. પછી એમ સેવા કરતે થકે તે સાધુ બે માસે કાંઈક સાજો થયો. પછી સેતુબંધ રામેશ્વરને માર્ગે ચાલ્યા ત્યારે તેનો ભાર મણ એક હતો તે અમારે પાસે ઉપડાવતો ને પોતે તો એક માળા લઈને ચાલતો ને દેહે પણ સાજો ને એક શેર ઘી જમીને પચાવે એવો સમર્થ થયો તો પણ ભાર અમારે પાસે ઉપડાવે ને પોતે અમથો ચાલે, ને અમારી પ્રકૃતિ તો એવી હતી જે, ભાર નામે તો એક રૂમાલ પણ રાખતા નહિ. માટે તેને સાધુ જાણીને અમે એનો મણ એકનો ભાર ઉપાડી ચાલતા. (૧) એવી ૧
રીતે તે સાધુની અમે ચાકરી કરીને સાજો કર્યો, પણ તે સાધુએ અમને એક પૈસાભાર અન્ન આપ્યું નહિ. પછી અમે તેને કૃતઘ્ની જાણીને તેના સંગનો ત્યાગ કર્યો, એવી રીતે **જે મનુષ્ય કર્યા કૃત્યને ન જાણે તેને કૃતઘ્ની જાણવો. અને કોઈક મનુષ્યે કાંઈક પાપ કર્યું ને તેણે તે પાપનું યથાશાસ્ત્ર પ્રાયશ્ચિત્ત કર્યું, ને વળી તેને તે પાપે યુક્ત જે કહે તેને પણ તે કૃતઘ્ની જેવો પાપી જાણવો.** (૨) ઇતિ વચનામૃતમ્ ॥૧૦॥ ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય (૧) છે. તેમાં શ્રીજીમહારાજે માંદાની તથા નિરાધારની સેવા કરવી, એમ દયાનું અધિકપણું જણાવ્યું છે. (૧) અને કૃતઘ્નીનું લક્ષણ કહ્યું છે અને પ્રાયશ્ચિત્ત કર્યું હોય તેને પાપે યુક્ત કહે તેને તેના જેવો જ

પાપી કહ્યો છે. (**૨**) બાબત છે. ॥**૧૦**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૧૧

❖સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૧૪ ચૌદશને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, (**૧**) હે મહારાજ ! વાસનાનું શું રૂપ છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **પૂર્વે જે વિષય ભોગવ્યા હોય, દીઠા હોય ને સાંભળ્યા હોય તેની જે અંતઃકરણને વિષે ઈચ્છા વર્તે તેને વાસના કહીએ. અને વળી જે વિષય ભોગવ્યામાં ન આવ્યા હોય ને તેની જે અંતઃકરણને વિષે ઈચ્છા વર્તે તેને પણ વાસના કહીએ.** (**૧**) ૧

૨ ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, (**૨**) હે મહારાજ ! ભગવાનનો એકાંતિક ભક્ત કેને કહીએ ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય ને પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય તે એકાંતિક ભક્ત કહેવાય. (**૨**) ૨

ઈતિ વચનામૃતમ્ ॥**૧૧**॥

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન (**૨**) છે, તેમાં પહેલામાં અંતઃકરણમાં વિષયની ઈચ્છા વર્તે તેને વાસના કહી છે. (**૧**) અને બીજામાં નિર્વાસનિક થઈને બ્રહ્મ જે અમારું તેજ તે રૂપ પોતાને માનીને અમારી ભક્તિ કરે તે એકાંતિક ભક્ત છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (**૨**) બાબતો છે. ॥**૧૧**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૧૨

❖❖સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૧૫ પૂનમને દિવસે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, (**૧**) જગતનાં કારણ એવાં જે પુરુષ, પ્રકૃતિ ને કાળ ને મહત્તત્ત્વાદિક ચોવીશ તત્ત્વ એમના સ્વરૂપને જ્યારે એ જીવ જાણે છે ત્યારે પોતાને વિષે રહી જે અવિદ્યા ને તેના કાર્ય એવાં જે ચોવીશ તત્ત્વ તેના બંધન થકી મુકાય છે. (**૧**) ૧

૨ ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, (**૨**) હે મહારાજ ! એમનું સ્વરૂપ કેમ જાણ્યામાં આવે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એમનાં સ્વરૂપ તો એમનાં લક્ષણને જાણવે કરીને જણાય છે. તે લક્ષણ કહીએ છીએ જે, પ્રકૃતિના નિયંતા ને પ્રકૃતિ થકી વિજાતિ, ને અખંડ, ને અનાદિ, ને અનંત, ને સત્ય, ને સ્વયંજ્યોતિ, ને સર્વજ્ઞ, ને દિવ્યવિગ્રહ, ને સમગ્ર આકાર માત્રની પ્રવૃત્તિના કારણ, ને ક્ષેત્રજ્ઞ એવા પુરુષ છે. અને જે પ્રકૃતિ છે તે ત્રિગુણાત્મક છે, ને જડચિદાત્મક છે, ને નિત્ય છે, ને નિર્વિશેષ છે ને મહદાદિક સમગ્ર તત્ત્વ ને જીવમાત્ર તેનું

ક્ષેત્ર છે, ને ભગવાનની શક્તિ છે; અને ગુણસામ્ય ને નિર્વિશેષ એવી જે માયા તેનો જે ક્ષોભ કરે છે તેને કાળ કહીએ. અને હવે મહત્તત્ત્વાદિક જે તત્ત્વ તેનાં લક્ષણ કહીએ, તે સાંભળોઃ જે ચિત્તને ને મહત્તત્ત્વને અભેદપણે જાણવું, અને જે મહત્તત્ત્વને વિષે સૂક્ષ્મરૂપે કરીને સમગ્ર જગત રહ્યું છે, ને પોતે નિર્વિકાર છે, ને પ્રકાશમાન છે, ને સ્વચ્છ છે, ને શુદ્ધ સત્ત્વમય છે, ને શાન્ત છે. અને હવે અહંકારનું લક્ષણ કહીએ છીએ જે, અહંકાર જે તે ત્રિગુણાત્મક છે અને ભૂત, માત્રા, ને ઈન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા ને પ્રાણ એ સર્વેની ઉત્પત્તિનું કારણ છે, ને એને વિષે શાન્તપણું છે, ને ઘોરપણું છે ને વિમૂઢપણું છે. અને હવે મનનું લક્ષણ કહીએ છીએ જે, મન જે તે સ્ત્રીઆદિક પદાર્થની જે સમગ્ર કામના તેની ઉત્પત્તિનું ક્ષેત્ર છે ને સંકલ્પ-વિકલ્પરૂપ છે, અને સમગ્ર ઈન્દ્રિયોનું નિયંતા છે. હવે બુદ્ધિનું લક્ષણ કહીએ છીએ જે, બુદ્ધિને વિષે પદાર્થ માત્રનું જ્ઞાન રહ્યું છે, અને સમગ્ર ઈન્દ્રિયોને વિષે જે વિશેષ જ્ઞાન છે તે બુદ્ધિ વતે છે, અને જે બુદ્ધિને વિષે સંશય, નિશ્ચય, નિદ્રા ને સ્મૃતિ એ રહ્યાં છે. અને શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના, ઘ્રાણ, વાક્, પાણિ, પાદ, પાયુ ને ઉપસ્થ એ જે દશ ઈન્દ્રિયો તેમનું લક્ષણ તો એ છે જે, પોતપોતાના વિષયમાં પ્રવર્તવું. હવે પંચ માત્રાનાં લક્ષણ કહીએ છીએ : તેમાં શબ્દનું લક્ષણ તો એ છે જે, શબ્દ જે તે અર્થ માત્રનો આશ્રય છે, ને વ્યવહાર માત્રનો કારણ છે; અને બોલનારાની જે જાતિને સ્વરૂપ તેનો જણાવનારો છે; ને આકાશ ને વિશે રહેવાપણું છે. ને આકાશની માત્રા છે અને શ્રોત્ર ઈન્દ્રિયે કરીને ગ્રહણ કર્યામાં આવે છે એ શબ્દનું લક્ષણ છે. હવે સ્પર્શનું લક્ષણ કહીએ છીએ જે, સ્પર્શ છે તે વાયુની તન્માત્રા છે, અને કોમળપણું, કઠણપણું, શીતળપણું, ઉષ્ણપણું ને ત્વચાએ કરીને ગ્રહણ કરવાપણું એ સ્પર્શનું સ્પર્શપણું છે. હવે રૂપનું લક્ષણ કહીએ છીએ જે પદાર્થ માત્રના આકાર ને જણાવી દેવાપણું ને તે પદાર્થ ને વિષે ગૌણપણે રહેવાપણું અને તે પદાર્થની રચનાએ કરીને પરિણામપણું અને તેજ તત્ત્વનું તન્માત્રાપણું ને ચક્ષુ ઈન્દ્રિયે કરીને ગ્રહણ કરવાપણું એ રૂપનું રૂપપણું છે. હવે રસનું લક્ષણ કહીએ છીએ જે મધુરપણું, તીખાપણું, કસાયલાપણું, કડવાપણું, ખાટાપણું, ખારાપણું ને જળનું તન્માત્રાપણું ને રસના ઈન્દ્રિયે કરીને ગ્રહણ કરવાપણું એ રસનું રસપણું છે. હવે ગંધનું લક્ષણ કહીએ છીએ જે, સુગંધપણું, દુર્ગંધપણું ને પૃથ્વીનું તન્માત્રાપણું ને ઘ્રાણ ઈન્દ્રિયે કરીને ગ્રહણ કરવાપણું એ ગંધનું ગંધપણું છે. હવે પૃથ્વીનું લક્ષણ કહીએ છીએ જે, સર્વે જીવમાત્રનું ધારવાપણું, ને લોકરૂપે કરીને સ્થાનપણું, ને આકાશાદિક જે ચાર ભૂત તેનું વિભાગ કરવાપણું, ને સમગ્ર ભૂતપ્રાણીમાત્રના શરીરનું પ્રગટ કરવાપણું એ પૃથ્વીનું લક્ષણ છે. હવે જળનું લક્ષણ કહીએ છીએ જે, પૃથ્વી આદિક દ્રવ્યનું પિંડીકરણ કરવાપણું, ને પદાર્થને કોમળ કરવાપણું, ને ભીનું કરવાપણું, ને તૃપ્તિ કરવાપણું, ને પ્રાણીમાત્રને જીવાડવાપણું, ને તૃષાની નિવૃત્તિ પમાડવાપણું, ને તાપને ટાળવાપણું, ને બહુપણું એ જળનું લક્ષણ છે. હવે તેજનું લક્ષણ કહીએ છીએ જે, પ્રકાશપણું, ને અન્નાદિકને પચવી નાખવાપણું, ને રસને ગ્રહણ કરવાપણું, ને કાષ્ઠનું ને હુતદ્રવ્યાદિકનું ગ્રહણ કરવાપણું, ને ટાઢ્યને હરવાપણું, ને શોષણ કરવાપણું ને ક્ષુધા

ને તૃષા એ તેજનું લક્ષણ છે. હવે વાયુનું લક્ષણ કહીએ છીએ જે, વૃક્ષાદિકને કંપાવવાપણું, ને તૃણાદિકને ભેળાં કરવાપણું, ને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે પંચવિષય તેને શ્રોત્રાદિક પંચ ઈન્દ્રિયો પ્રત્યે પમાડવાપણું ને સર્વે ઈન્દ્રિયોનું આત્માપણું એ વાયુનું લક્ષણ છે. હવે આકાશનું લક્ષણ કહીએ છીએ જે, સમગ્ર જીવમાત્રને અવકાશ દેવાપણું, ને ભૂત-પ્રાણીમાત્રનો જે દેહને માંહીલો વ્યવહાર, ને દેહને બહારનો વ્યવહાર તેનું કારણપણું, ને પ્રાણ, ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવ એ સર્વેનું સ્થાનકપણું એ આકાશનું લક્ષણ છે.

એવી રીતે ચોવીશ તત્ત્વ, પ્રકૃતિ, પુરુષ ને કાળ એમનાં જો લક્ષણ જાણે તો એ જીવ અજ્ઞાન થકી મુકાય છે. અને એ જે સર્વે તેની ઉત્પત્તિને જાણવી, તે ઉત્પત્તિ કહીએ છીએ જે, પોતાના ધામને વિષે રહ્યા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે અક્ષરપુરુષરૂપે કરીને માયાને વિષે ગર્ભને ધારતા હવા; ત્યારે તે **માયા થકી અનંતકોટી જે પ્રધાન ને પુરુષ** તે થતા હવા. તે પ્રધાનપુરુષ કેવા છે તો અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિના કારણ છે. તે મધ્યે એક બ્રહ્માંડની ઉત્પત્તિના કારણ જે પ્રધાનપુરુષ તેને કહીએ છીએ જે, પ્રથમ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે પુરુષરૂપે કરીને પ્રધાનને વિષે ગર્ભને ધરતા હવા. પછી તે પ્રધાન થકી મહત્તત્ત્વ ઉત્પન્ન થાતું હવું ને મહત્તત્ત્વ થકી ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થાતો હવો; તેમાં સાત્ત્વિક અહંકાર થકી મન ને ઇંદ્રિયોના દેવતા ઉત્પન્ન થાતા હવા, ને રાજસ અહંકાર થકી દશ ઈન્દ્રિયો, બુદ્ધિ ને પ્રાણ એ ઉત્પન્ન થાતા હવા, અને તામસ અહંકાર થકી પંચભૂત ને પંચતન્માત્રા એ ઊપજતાં હવાં. એવી રીતે એ સમગ્ર તત્ત્વ ઊપજ્યા. પછી તે પરમેશ્વરની ઇચ્છાએ પ્રેર્યાં થકાં પોતપોતાને અંશે કરીને ઈશ્વરને જીવના દેહને સૃજતાં હવા. તે ઈશ્વરના દેહ તે વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત ને જીવના દેહ તે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ. અને વિરાટ નામે જે ઈશ્વરનો દેહ તેનું દ્વિપરાર્દ્ધકાળ પર્યંત આયુષ્ય છે; અને તે વિરાટપુરુષના એક દિવસને વિષે ચૌદ મન્વંતર થાય છે; અને જેવડો એનો દિવસ છે તેવડી જ રાત્રિ છે; અને જ્યાં સુધી તેનો દિવસ હોય ત્યાં સુધી ત્રિલોકીની સ્થિતિ રહે છે, અને જ્યારે એની રાત્રિ પડે છે, ત્યારે ત્રિલોકીનો નાશ થાય છે. તેને **નિમિત્ત પ્રલય** કહીએ. અને જ્યારે તે વિરાટપુરુષનો દ્વિપરાર્દ્ધકાળ પૂરો થાય છે ત્યારે એ વિરાટ દેહનો સત્યાદિક લોકે સહિત નાશ થાય છે. અને મહદાદિક જે ચોવીશ તત્ત્વ, પ્રધાન, પ્રકૃતિ ને પુરુષ એ સર્વે મહામાયાને વિષે લય પામે છે; તેને **પ્રાકૃત પ્રલય** કહીએ. અને એ મહામાયા તે અક્ષરબ્રહ્મના પ્રકાશને વિષે લય પામે છે; જેમ દિવસને વિષે રાત્રિ લય પામે છે તેમ લય પામે છે, તેને **આત્યંતિક પ્રલય** કહીએ. અને દેવ, દૈત્ય ને મનુષ્યાદિકના જે દેહ તેનો જે ક્ષણ ક્ષણ પ્રત્યે નાશ તેને **નિત્ય પ્રલય** કહીએ. એવી રીતે જે વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેને જો જાણે તો જીવને સંસારને વિષે વૈરાગ્ય થાય ને ભગવાનને વિષે ભક્તિ થાય છે. અને જ્યારે એ સર્વે બ્રહ્માંડનો લય થાય છે ત્યારે જે સર્વે જીવ છે તે તો માયાને વિષે રહે છે, ને જે ભગવાનના ભક્ત છે

તે તો ભગવાનના ધામમાં જાય છે. (૨) ૨

૩ ત્યારે વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, (૩) તે ભગવાનનું ધામ કેવું છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, તે ભગવાનનું ધામ તો સનાતન છે, નિત્ય છે, અપ્રાકૃત છે, સચ્ચિદાનંદ છે, અનંત છે, ને અખંડ છે તેને દૃષ્ટાંતે કરીને કહીએ છીએ જે, **જેમ પર્વત ને વૃક્ષાદિકે સહિત ને મનુષ્ય, પશુ, પક્ષી આદિકની જે આકૃતિ તેણે સહિત એવી જે આ સમગ્ર પૃથ્વી તે કાચની હોય ને આકાશને વિષે જે સમગ્ર તારા તે સર્વે સૂર્ય હોય, પછી તેને તેજે કરીને સમગ્ર આકૃતિએ સહિત કાચની પૃથ્વી જેવી શોભે તેવી શોભાએ યુક્ત ભગવાનનું ધામ છે. એવું જે ભગવાનનું ધામ તેને ભગવાનના ભક્ત છે તે સમાધિને વિષે દેખે છે, ને દેહ મૂક્યા પછી એ તેજોમય જે ભગવાનનું ધામ તેને પામે છે.** (૩) ઇતિ વચનામૃતમ્ ॥**૧૨**॥ ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન (૩) છે, તેમાં (**૧**) પહેલું કૃપાવાક્ય છે. તેમાં શ્રીજીમહારાજે જગતના કારણ જે પુરુષ-પ્રકૃતિ આદિક તેમના સ્વરૂપને જાણે ત્યારે અવિદ્યા થકી મુકાય છે એમ કહ્યું છે. (**૧**) બીજામાં પુરુષ-પ્રકૃતિ આદિક સર્વનાં લક્ષણ તથા ઉત્પત્તિ કહી છે. (**૨**) ત્રીજામાં પોતાના તેજરૂપ અક્ષરધામનું રૂપ કર્યું છે. (**૩**) બાબતો છે.

૧ **પ્ર૦** બીજા પ્રશ્નમાં જગતના કારણને જાણવે કરીને અવિદ્યાથી મુકાય એમ કહ્યું ત્યારે બીજાં સાધન કરવાનું શું પ્રયોજન હશે ?

૧ **ઉ૦** એમના સ્વરૂપને જાણવે કરીને અજ્ઞાનથી મુકાય એટલે સત્યાસત્યનો વિવેક થાય ને અસત્યમાં વૈરાગ્ય થાય, ને સત્ય વસ્તુ જે આત્મા ને પરમાત્મા તેનું જ્ઞાન થાય. પછી ભગવાનને સર્વેથી પર ને સર્વે સુખમય મૂર્તિ જાણીને તેમની ભક્તિ કરે ને આજ્ઞા યથાર્થ પાળે ત્યારે બંધનથી મુકાય ને આત્યંતિક મોક્ષ જે ભગવાનનું અક્ષરધામ તેને પામે.

૨ **પ્ર૦** જીવને વિષે અવિદ્યા કહી તે કઈ જાણવી ?

૨ **ઉ૦** જેમાંથી સર્વ તત્ત્વ ઉત્પન્ન થાય છે ને જે જીવને જન્મ-મરણને પમાડે છે એવી જે માયા તેને અવિદ્યા કહી છે.

૩ **પ્ર૦** પુરુષને નિયંતાદિક બાર વિશેષણો આપ્યાં તેનો અર્થ શો હશે ?

૩ **ઉ૦** પ્રકૃતિ જે માયા તેને નિયમમાં રાખે છે માટે નિયંતા કહ્યા છે. અને માયામાં દેહદેહીભાવ છે અને પુરુષ ચૈતન્યમૂર્તિ છે માટે વિજાતિ કહ્યા છે. અને ખંડાયમાન ન થાય માટે અખંડ કહ્યા છે અને પોતાના કાર્ય જે અનંતકોટી પ્રધાનપુરુષ રૂપી બ્રહ્માંડ તેના આદિ કર્તા છે માટે તે બ્રહ્માંડથી અનાદિ કહ્યા છે. અને માયા તથા માયામાંથી જે જે ઉત્પન્ન થાય છે તે કોઈ પુરુષનો અંત જે પાર તેને પામતા નથી, માટે તેનાં કાર્ય જે માયા તથા પ્રધાનપુરુષાદિક તેમને મતે અનંત કહ્યા છે. અને અનંતકોટી બ્રહ્માંડ છે તે મહાપ્રલયને વિષે લય પામે છે, ત્યારે તે સર્વેને પોતાને વિષે લીન કરીને પોતે (**અં૦ ૭**/૧ માં) કહ્યું એવું જે પોતાનું ગોલોક ધામ તેથી પર વાસુદેવબ્રહ્મના બ્રહ્મપુર ધામમાં જઈને વાસુદેવને સમીપે રહે છે, પણ પરિણામ પામતા નથી માટે સત્ય કહ્યા છે. અને પોતાના પ્રકાશે પ્રકાશમાન છે, માટે સ્વયંજ્યોતિ કહ્યા છે. અને પોતાના કાર્યમાં રહ્યા એવા જે પ્રધાનપુરુષ, અહંકાર, વૈરાજ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા દેવ-મનુષ્યાદિક સમગ્રના અંતરને જાણે છે, માટે સર્વજ્ઞ કહ્યા છે. અને માયિક તત્ત્વોનો દેહ નથી; પોતે ચૈતન્ય મૂર્તિ છે પણ ભાગ-ત્યાગ નથી, માટે દિવ્યવિગ્રહ કહ્યા છે. અને પ્રધાનપુરુષાદિકની ઉત્પત્તિ કરે છે માટે પ્રવૃત્તિના કારણ કહ્યા છે, ને માયામાંથી ઉત્પન્ન થયા એવા જે પ્રધાનપુરુષાદિક સમગ્ર જીવ તે સર્વ ક્ષેત્ર છે, તેને જાણનારા છે, માટે ક્ષેત્રજ્ઞ કહ્યા છે.

૪ **પ્ર૦** પ્રકૃતિરૂપ માયાને ત્રિગુણાત્મકાદિક વિશેષણો આપ્યાં તેનો અર્થ શો સમજવો ?

૪ **ઉ૦** રજ, તમ, સત્ત્વ એ ત્રણ ગુણમય છે, માટે ત્રિગુણાત્મક કહી છે; તેનો દેહ જડ છે, ને જીવ ચૈતન્ય છે માટે જડચિદાત્મક કહી છે; અને ઉત્પત્તિકાળમાં પોતાના કાર્યને વિસ્તારીને રહે છે, અને આત્યંતિક પ્રલયને વિષે પોતાનું કાર્ય પોતામાં લીન કરીને પુરુષના અંગમાં લીન રહે છે માટે નિત્ય કહી છે; તેના કાર્યમાં કોઈ એના જેવું નથી માટે નિર્વિશેષ કહી છે, પણ પુરુષ

આગળ નિર્વિશેષ નથી કહી; અનંત પ્રધાનપુરુષાદિક જીવ-પ્રાણીમાત્રનું સ્થાનરૂપ છે માટે ક્ષેત્ર કહી છે, ભગવાન જે પુરુષ તેની શક્તિ છે માટે ભગવાનની શક્તિ કહી છે; ત્રણ ગુણ સમપણે કરીને એને વિષે રહ્યા છે માટે ગુણસામ્ય કહી છે.

૫ **પ્ર૦** કાળ કોને કહ્યો છે ? અને તે મૂર્તિમાન છે કે અમૂર્ત છે ?

૫ **ઉ૦** મૂળપુરુષના કાર્યનો પ્રલય કરે છે તેને કાળ કહ્યો છે અને તે મૂર્તિમાન છે, ને મૂળપુરુષથી પર છે તે (પરથારાની બીજી બાબતમાં તથા **લો૦ ૧૭** ના ૫/૭ પાંચમાં) કાળ અમારી શક્તિ છે એમ શ્રીજીએ કહ્યું છે.

૬ **પ્ર૦** માયાની સાથે તો મૂળપુરુષ જોડાય છે ને કાળને ક્ષોભકર્તા કહ્યો તેનો શો હેતુ હશે ?

૬ **ઉ૦** મૂળપુરુષ સાથે જોડાવાને અર્થે માયાને સચેતન કરે છે માટે ક્ષોભકર્તા કહ્યો છે.

૭ **પ્ર૦** ચિત્તને ને મહત્તત્ત્વને અભેદપણું કહ્યું તથા મહત્તત્ત્વમાં જગત રહ્યું છે તથા નિર્વિકાર, પ્રકાશમાન, સ્વચ્છ, શુદ્ધ સત્ત્વમય અને શાન્ત કહ્યું તે કેવી રીતે સમજવું ?

૭ **ઉ૦** (**કા૦ ૪** ના બીજા પ્રશ્નમાં) મહત્તત્ત્વમાં સ્વચ્છપણું ને નિર્મળપણું છે તેમજ ચિત્તમાં પણ છે, માટે એ ગુણના સાદશ્યપણાથી અભેદપણું કહ્યું છે. અને મહત્તત્ત્વ તથા પ્રધાનપુરુષ એ સર્વે માયામાંથી ઉત્પન્ન થાય છે, પણ મહત્તત્ત્વદ્વારે જગતની વ્યક્તિ થાય છે, માટે તેમાં જગત રહ્યું છે. અને તે પોતાના કાર્યમાં રહે છે તો પણ આકાશવત્ નિર્વિકાર છે. અને સૂર્યની પેઠે તેજસ્વી છે, માટે પ્રકાશમાન કહ્યું છે. અને મલિનગુણથી પર છે માટે સ્વચ્છ કહ્યું છે. અને રજ-તમ રહિત કેવળ સત્ત્વગુણ પ્રધાન વર્તે છે માટે શુદ્ધ સત્ત્વમય કહ્યું છે. અને શાન્ત સ્વભાવે વર્તે છે માટે શાન્ત કહ્યું છે.

૮ **પ્ર૦** અહંકારને વિષે ઘોરપણું ને વિમૂઢપણું ને શાન્તપણું કહ્યું તે ઘોર ને વિમૂઢપણામાં શાન્તપણું કેવી રીતે સમજવું ?

૮ **ઉ૦** રાજસ, તામસ, ને સાત્ત્વિક એ ત્રણ પ્રકારનો અહંકાર છે તેમાં શાન્તપણું તે સત્ત્વગુણનું છે, અને ઘોરપણું તે તમોગુણનું અને વિમૂઢપણું એટલે ચપળપણું તે રજોગુણનું છે, માટે શાન્તપણું તે સત્ત્વગુણનું કહ્યું છે.

૯ **પ્ર૦** રાજસ, તામસ ને સાત્ત્વિક અહંકાર તે કોને જાણવા ?

૯ **ઉ૦** રાજસ તે અનિરુદ્ધ, તામસ તે સંકર્ષણ અને સાત્ત્વિક તે પ્રદ્યુમ્ન જાણવા. આ ત્રણેની ઉપાસના વૈરાજ કરે છે. તે (**મ૦ ૩૧**ના ૧/૩ પહેલા પ્રશ્નમાં) કહ્યું છે.

૧૦ **પ્ર૦** તત્ત્વ કહ્યાં તે મૂર્તિમાન છે કે અમૂર્ત છે ?

૧૦ **ઉ૦** તત્ત્વ મૂર્તિમાન છે તે (**પ્ર૦ ૪૬** તથા **૬૩** ના ત્રીજા પ્રશ્નમાં) કહ્યું છે.

૧૧ **પ્ર૦** દેહનો માંહીલો ને બહારનો વ્યવહાર કહ્યો તે કેવી રીતે જાણવો ?

૧૧ **ઉ૦** દેહમાં પ્રાણને ફરવાપણું તથા અન્નજળાદિકને અવકાશ દેવાપણું તે માંહીલો, અને દેહને હરવાફરવાદિક સર્વે ક્રિયા કરવાપણું તે બહારનો વ્યવહાર જાણવો.

૧૨ **પ્ર૦** ધામને વિષે શ્રીકૃષ્ણ ભગવાન કહ્યા તે કોને જાણવા ? અને એમનું ધામ કિયું જાણવું ?

૧૨ **ઉ૦** આ ઠેકાણે શ્રીકૃષ્ણ નામે શ્રીજીમહારાજને કહ્યા છે. અને પોતાના તેજને ધામ કહ્યું છે.

૧૩ **પ્ર૦** માયાને વિષે અક્ષરપુરુષરૂપે ગર્ભ ધરતા હવા એમ કહ્યું તે કોને જાણવા ?

૧૩ **ઉ૦** મૂળપુરુષને અક્ષરપુરુષ નામે આ ઠેકાણે કહ્યા છે.

૧૪ **પ્ર૦** પરાર્ધ કેટલે વર્ષે કહેવાય ?

૧૪ **ઉ૦** (૮૬૪૦૦૦૦૦૦૦) આઠ અબજ ને ચોસઠ કરોડ વર્ષે બ્રહ્માનો એક રાત્રિ-દિવસ થાય છે, તેને **નિમિત્ત પ્રલય** કહે છે; એવા છત્રીસ હજાર નિમિત્ત પ્રલય થાય છે, ત્યારે વૈરાજનાં સો વર્ષ પૂરાં થાય છે; તેને **દ્વિપરાર્ધ** કહે છે, અને તેનાં પચાસ વર્ષને **પરાર્ધ** કહે છે.

૧૫ **પ્ર૦** માયા અક્ષરબ્રહ્મના પ્રકાશમાં લય પામે છે, એમ કહ્યું તે અક્ષરબ્રહ્મ કિયાં જાણવાં ?

**૧૫** ઉ○ મહામાયા તો મૂળપુરુષમાં જ લીન થાય છે ને મૂળપુરુષ પણ વાસુદેવબ્રહ્મની સમીપે રહે છે પણ જેમ આકાશમાં સૂર્ય, ચંદ્ર, તારા સર્વે રહ્યા છે તેમ શ્રીજીમહારાજના તેજમાં અક્ષરની તથા બ્રહ્મની તથા મૂળપુરુષની કોટીઓ રહી છે તે સર્વેનું આધાર શ્રીજીમહારાજનું તેજરૂપ અક્ષરબ્રહ્મ છે, માટે અક્ષરબ્રહ્મમાં લીન થાય છે એમ કહ્યું છે તે (**કા○ ૭** ના ચોથા પ્રશ્નમાં) પુરુષપ્રકૃતિ અક્ષરબ્રહ્મમાં લીન થાય છે એમ કહ્યું છે.

**૧૬ પ્ર○ ત્રીજા પ્રશ્નમાં ભગવાનનું ધામ સનાતન, નિત્ય, અપ્રાકૃત, સચ્ચિદાનંદ, અનંત, ને અખંડ કહ્યું અને (સા○ ૧૧ ના ૨/૩ બીજા પ્રશ્નમાં તથા છે○ ૩૧ માં) અમારું ધામ ગુણાતીત છે, એમ શ્રીજીમહારાજે કહ્યું છે તે એ અક્ષરધામનાં વિશેષણો છે કે તે તે નામે સાધુ હોય તેને અક્ષરધામ કહ્યા હશે ?**

**૧૬** ઉ○ એ સર્વે શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામનાં વિશેષણો છે. પણ સનાતનાનંદ, નિત્યાનંદ, અપ્રાકૃતાનંદ, સચ્ચિદાનંદ, અનંતાનંદ, અખંડાનંદ તથા ગુણાતીતાનંદ એવે એવે નામે સાધુ હોય તેમને અક્ષરધામ ન જાણવા. સનાતન એટલે અનાદિ જાણવું. નિત્ય એટલે નિરંતર જાણવું. અપ્રાકૃત એટલે દિવ્ય જાણવું. સચ્ચિદાનંદ એટલે સત્, ચિત્, આનંદમય જાણવું. અનંત એટલે પાર રહિત જાણવું. અખંડ એટલે અવિનાશી જાણવું. ગુણાતીત એટલે ગુણથી પર જાણવું. માટે તે તે વિશેષણે કરીને સાધુનાં નામ આવે તેણે કરીને સાધુઓને ધામ ન જાણવા; ધામ તો શ્રીજીમહારાજનો પ્રકાશ છે.

**૧૭ પ્ર○ આપણા સંપ્રદાયમાં કેટલાક શ્રી ગોપાળાનંદસ્વામીને તથા ગુણાતીતાનંદસ્વામીને મૂળઅક્ષર કહે છે તે કેમ સમજવું ?**

**૧૭** ઉ○ શ્રી ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્ર○ મુકુંદાનંદજી, કૃપાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, શતાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, વાસુદેવાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી, નિર્ગુણાનંદસ્વામી આદિ સર્વે અનાદિમુક્ત છે. પણ જીવને એકદમ મહિમા સમજાય નહિ તે સારુ શ્રીજીમહારાજે ઋષિઓ તથા અવતારોની ઉપમા આપી છે. પછી જેમ જેમ મહિમા સમજતા ગયા તેમ તેમ વધુ વધુ ઉપમા આપી છે. જેમ મુક્તાનંદસ્વામીને નારદજીની ઉપમા આપી અને વળી અમારી સાથે આવ્યા છે એમ પણ છેલ્લી વારે કહ્યું અને નિત્યાનંદસ્વામીને વ્યાસની ઉપમા આપી પણ ઉપાસના વિષેનો સંવાદ થયો ત્યારે આ સાધુ અમારો મહિમા જાણે છે તેવો કોઈ જાણતા નથી એમ પ્રશંસા કરી, તેમજ શ્રી ગોપાળાનંદ સ્વામીને પહેલી દત્તાત્રેયની ઉપમા આપી ને પછી શ્રીકૃષ્ણની ઉપમા આપી ને પછી મૂળઅક્ષરની ઉપમા આપી ને છેલ્લી વારે અક્ષરધામમાં દિવ્યમુક્ત છે તેથી પણ આ ગોપાળાનંદસ્વામી અધિક છે એમ (**છે○ ૨૧**/૬ માં) પોતાના તથા પોતાના મુક્તોના સમ ખાઈને કહ્યું છે માટે તે સર્વે શ્રીજીમહારાજના અનાદિમુક્ત છે. અને તેથી નીચે પરમએકાંતિક છે ને તેથી નીચે શ્રીજીમહારાજના એકાંતિક તે આ સત્સંગમાં છે ને તેથી નીચે મૂળઅક્ષરની કોટીઓ છે ને તે અક્ષરોના પણ ઉત્તમ, મધ્યમ, ને કનિષ્ઠ ત્રણ પ્રકારના મુક્તો છે તે મૂળઅક્ષરોના ઉત્તમ મુક્તને પણ અનાદિ કહેવાય અને મધ્યમને પરમએકાંતિક કહેવાય અને કનિષ્ઠને એકાંતિક કહેવાય અને તે **સર્વે અક્ષર સંજ્ઞિક પણ કહેવાય** અને તેવી જ રીતે લક્ષ્મીજી શ્રીકૃષ્ણના અનાદિ કહેવાય અને રાધિકાજી પરમએકાંતિક કહેવાય અને શ્રીકૃષ્ણના સાધનદશાવાળા ભક્ત તે એમના એકાંતિક કહેવાય, અને તે મૂળપુરુષોના મુક્તો તથા મૂળપુરુષો તથા વાસુદેવબ્રહ્મ તથા તેમના મુક્તો તથા મૂળઅક્ષરો તથા તેમના મુક્તો એ **સર્વે અક્ષર સંજ્ઞિક કહેવાય**. પણ જેનાથી જે નીચા ગણ્યા હોય તે તેના મુક્ત જાણવા. અને શ્રીજીમહારાજનું તેજરૂપ જે અક્ષર તે ભાવને પામ્યા જે સાધનદશાવાળા એકાંતિક તે પણ અક્ષર સંજ્ઞિક કહેવાય. અને શ્રીજીમહારાજના ધામમાં શ્રીજીમહારાજના સન્મુખ રહ્યા જે પરમએકાંતિક તેમને પુરુષોત્તમરૂપ કહેવાય ને અક્ષર સંજ્ઞિક પણ કહેવાય અને મૂર્તિમાં રહ્યા એવા જે અનાદિમુક્ત તે પુરુષોત્તમરૂપ કહેવાય. એવા અનાદિ તથા પરમએકાંતિક મુક્તોને જે અક્ષરાદિકની ઉપમા આપી છે તે ધીમે ધીમે મહિમા સમજાવવા સારુ આપી છે. આ અનાદિનો પ્રસંગ ( **પ્ર○ ૧૮**ના પાંચમા પ્રશ્નોત્તરમાં ) છે. ॥**૧૨**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૧૩

❖સંવત ૧૮૭૬ના માગશર વદિ ૧ પડવાને દિવસ રાત્રિને સમે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની સમીપે લીંબડાના વૃક્ષની હેઠે

ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા. અને રાતો સુરવાળ પહેર્યો હતો ને રાતી ડગલી પહેરી હતી ને માથે સોનેરી શેલું બાંધ્યું હતું, ને કટીને વિષે સોનેરી શેલું બાંધ્યું હતું, અને કંઠને વિષે મોતીની માળાઓ પહેરી હતી, ને પાઘને વિષે મોતીના તોરા લટકતા મૂક્યા હતા. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજને નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, (૧) દેહ દેહ પ્રત્યે જીવ એક છે કે અનેક છે ? ને જો એક કહેશો તો વડ-પીપર આદિક જે વૃક્ષ છે તેની ડાળખીઓ કાપીને બીજે ઠેકાણે રોપે છે ત્યારે તેવો ને તેવો જ વૃક્ષ થાય છે એ તે એક જીવ બે પ્રકારે થયો કે બીજે જીવે પ્રવેશ કર્યો ? ને કહેશો જે એ તો એનો એ જીવ છે તો જીવ તો અખંડ છે ને અચ્યુત છે તે કપાણો કેમ ?

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો એનો ઉત્તર કરીએ જે, શ્રીકૃષ્ણ ભગવાન છે તેની પુરુષ ને પ્રકૃતિ એ બે શક્તિઓ છે તે જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનું કારણ છે, તે પુરુષ ને પ્રકૃતિરૂપ જે પોતાની બે શક્તિઓ તેનું ગ્રહણ કરીને પોતે વિરાટરૂપને ધારતા હવા. ને તે વિરાટરૂપ જે એ ભગવાન તે પ્રથમ બ્રાહ્મકલ્પને વિષે તો પોતાના અંગ થકી બ્રહ્માદિક સ્તંબપર્યંત સમગ્ર જીવને સૃજતા હવા. ને પાદ્મકલ્પને વિષે તો એ ભગવાન બ્રહ્મારૂપે કરીને મરીચ્યાદિકને સૃજતા હવા. ને કશ્યપ ને દક્ષરૂપે કરીને દેવ, દૈત્ય, મનુષ્ય ને પશુપક્ષ્યાદિક સમગ્ર સ્થાવર-જંગમ જે જીવ તેને સૃજતા હવા. એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે જે તે પુરુષ પ્રકૃતિરૂપ જે પોતાની શક્તિ તેણે સહિત થકા જીવ જીવ પ્રત્યે અંતર્યામીરૂપે રહ્યા છે, ને જે જીવે જેવાં કર્મ કર્યાં છે તે જીવને તેવા દેહને પમાડે છે, ને તે જીવ છે તેણે પૂર્વજન્મને વિષે કેટલાંક કર્મ તો સત્ત્વગુણ પ્રધાનપણે કરીને કર્યાં છે, ને કેટલાંક કર્મ તો રજોગુણ પ્રધાનપણે કરીને કર્યાં છે, ને કેટલાંક કર્મ તો તમોગુણ પ્રધાનપણે કરીને કર્યાં છે તે કર્મને અનુસારે કરીને એ જીવને ભગવાન જે તે ઉદ્ભિજ જાતિના જે દેહ ને જરાયુજ જાતિના જે દેહ ને સ્વેદજ જાતિના જે દેહ ને અંડજ જાતિના જે દેહ તેને પમાડે છે, ને સુખ, દુઃખ રૂપ જે તે કર્મનાં ફળ તેને પમાડે છે અને તે જીવના કર્મને અનુસારે કરીને તેના દેહ થકી બીજા દેહને સૃજે છે, જેમ કશ્યપ આદિક પ્રજાપતિના દેહ થકી અનેક જાતિના દેહને સૃજતા હવા, તેમ એના એ ભગવાન અંતર્યામીરૂપે કરીને સમગ્ર જીવ જીવ પ્રત્યે રહ્યા થકા જે દેહ થકી જેમ ઉપજ્યાની રીતિ હોય તેમ બીજા દેહને ઉપજાવે છે, પણ જે જીવ થકી બીજા દેહને ઊપજાવે છે, તે જીવ જ અનેક રૂપે થાય એમ નથી, એ તો જે જીવને જેના દેહ થકી ઊપજ્યાનો કર્મસંબંધ પ્રાપ્ત થયો હોય તે જીવને તે દ્વારાએ ઉપજાવે છે. (૧) ઇતિ ૧
વચનામૃતમ્ ॥૧૩॥

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન (**૧**) છે. તેમાં પુરુષ ને પ્રકૃતિ એ બે જે અમારી શક્તિઓ તેણે સહિત જીવ જીવ પ્રત્યે અંતર્યામીરૂપે રહ્યા થકા જે જીવને જેના દેહ થકી ઊપજ્યાનો કર્મસંબંધ પ્રાપ્ત થયો હોય તે જીવને તે દ્વારે ઉપજાવીએ છીએ, પણ જીવ અનેકરૂપે થતો નથી એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (**૧**) બાબત છે.

૧ **પ્ર૦** પુરુષ, પ્રકૃતિ બે શક્તિઓ કહી તે પુરુષ કોને જાણવા ? ને પ્રકૃતિ કોને જાણવી ?

૧ **ઉ૦** પરોક્ષ શાસ્ત્રમાં જેને શ્રીકૃષ્ણ કહ્યા છે તેને આ ઠેકાણે પુરુષ કહ્યા છે તે (**મ૦ ૩૧** ના બીજા પ્રશ્નમાં) બહુધા શાસ્ત્રમાં પુરુષને જ પુરુષોત્તમ કહ્યા છે, અને લક્ષ્મીરૂપ જે માયા તેને આ ઠેકાણે પ્રકૃતિ કહી છે.

૨ **પ્ર૦** બ્રાહ્મકલ્પ તથા પાદ્મકલ્પ કહ્યા તે શું સમજવું ?

૨ **ઉ૦** શેષશાયી નારાયણ જે તે નિમિત્ત પ્રલયમાં શેષશય્યાને વિષે જળાર્ણવમાં સૂતા હતા. તેની નાભિમાં પદ્મ થયું તેમાં બ્રહ્મા ઉત્પન્ન થયા ને તે પદ્મમાં બ્રહ્માએ ચૌદ લોકની રચના કરી તેને પાદ્મકલ્પ કહે છે. ને બ્રહ્માએ અંગથકી સૃષ્ટિ કરી તે બ્રાહ્મકલ્પ કહેવાય છે.

૩ **પ્ર૦** પુરુષ-પ્રકૃતિએ સહિત જીવ જીવ પ્રત્યે અંતર્યામીરૂપે કેવી રીતે રહ્યા હશે ?

૩ **ઉ૦** જીવ જીવ પ્રત્યે પુરુષ અંતર્યામીરૂપે પોતાના તેજદ્વારે રહ્યા છે તે (**પ્ર૦ ૪૬** માં) પ્રકૃતિના કાર્યને વિષે અન્વય-વ્યતિરેકપણું પુરુષનું જ કહ્યું છે. અને (**પ્ર૦ ૭** માં તથા **સા૦ ૫** ના બીજા પ્રશ્નમાં) પ્રકૃતિ-પુરુષાદિક સર્વેને વિષે અક્ષરનું અન્વયપણું કહ્યું છે ને અક્ષરમાં, મુક્તજીવમાં તથા મૂળપુરુષ ઈશ્વરમાં તથા માયાબદ્ધ જીવ એ સર્વેમાં શ્રીજીમહારાજનું અન્વયપણું કહ્યું છે. અને (**પ્ર૦૪૧** માં) અક્ષરથી લઈને પશુપક્ષ્યાદિક સર્વેને વિષે શ્રીજીમહારાજ અંતર્યામીપણે તેજદ્વારે રહ્યા છે તે 'હરિવાક્ય-સુધાસિંધુ' ના તરંગ (**૫૧**)માં શ્લોકઃ-

**સર્વાત્માત્મા સ્વતંત્રશ્ચ સર્વશક્તિપતિઃ પ્રભુઃ । પરાત્પરતરઃ શુદ્ધઃ ઈશ્વરાણામપીશ્વરઃ ॥૨૧॥**
**સર્વત્ર કારણત્વેનાઽન્વિતોઽસ્તિ નિજતેજસા । વ્યતિરિક્તશ્ચ ધામ્નિ સ્વે રાજતેઽનેકશક્તિભિઃ॥૨૨॥**

સ્વતંત્ર ને સર્વેના આત્મા, અને સર્વે શક્તિના પતિ, અને પર થકી પણ પર, અને ઈશ્વરના ઈશ્વર, એવા જે શ્રીજીમહારાજ તે સર્વેને વિષે કારણપણે કરીને પોતાના તેજે કરીને અન્વયપણે રહ્યા છે. અને વ્યતિરેકપણે અનેક શક્તિએ યુક્ત પોતાના ધામને વિષે રહ્યા છે. (**૨૧,૨૨**) તે જેવા અક્ષરમાં છે તેવા ઉત્તરોત્તર એકબીજામાં નથી રહ્યા એમ કહ્યું છે, તેનું કારણ એ છે જે, મૂળઅક્ષરમાં શ્રીજીમહારાજ એક જ પોતાના તેજદ્વારે અન્વયપણે રહ્યા છે. અને વાસુદેવબ્રહ્મ ને વિષે શ્રીજીમહારાજ ને મૂળઅક્ષર એ બેય તેજદ્વારે અન્વયપણે રહ્યા છે. અને મૂળપુરુષમાં વાસુદેવબ્રહ્મે સહિત ત્રણેય તેજદ્વારે રહ્યા છે. અને જીવમાં પુરુષે સહિત તેજદ્વારે ચારેય અન્વયપણે રહ્યા છે. માટે અધિક-ન્યૂન રહ્યા છે એમ કહ્યું છે. અને પ્રકૃતિ પણ પુરુષના ભેળી જ રહે છે. માટે પ્રકૃતિ પણ જીવ જીવ પ્રત્યે અંતર્યામીપણે રહી છે. તથા તરંગ (**૬૩**)માં શ્લોક :-

**ઉપાસકાનાં કૃષ્ણસ્ય તેષામેકાંતિનામપિ । એકૈક રોમ્ણિ તેજોઽસ્તિ કોટિકોટ્યર્ક સન્નિભમ્ ॥૫૧॥**
**તદાવર્ણયિતું શક્યં કેન કૃષ્ણાંગજં મહઃ । સ કૃષ્ણો મહસા સ્વેનાઽન્વિતોઽસ્તિ પુરુષાદિષુ ॥૫૨॥**

કૃષ્ણના (અમારા) ઉપાસક એવા એકાંતિકોના એક એક રોમને વિષે કોટાનકોટી સૂર્યના સરખુ તેજ છે (**૫૧**) તો કૃષ્ણના (અમારા) અંગનું તેજ તેને વર્ણન કરવા તો કોણ સમર્થ થાય ? એવા સાક્ષાત્ ભગવાન તે પોતાના તેજે કરીને પુરુષાદિકને વિષે અન્વયપણે રહ્યા છે. (**૫૨**) એવી રીતે શ્રીજીમહારાજ સર્વમાં અન્વયપણે રહ્યા છે. ॥**૧૩**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૧૪

❖સંવત ૧૮૭૬ના માગશર વદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર દક્ષિણાદે મુખારવિંદે વિરાજમાન હતા ને માથે ધોળી પાઘ બાંધી હતી અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી અને પીળા પુષ્પના તોરા પાઘમાં

વિરાજમાન હતા ને બે કાન ઉપર પીળા પુષ્પના ગુચ્છ વિરાજમાન હતા ને તે ગુચ્છની ઉપર ગુલાબનાં પુષ્પ વિરાજમાન હતાં ને કંઠને વિષે પીળાં પુષ્પના હાર વિરાજમાન હતા અને જમણા હાથમાં ધોળું જે સેવતીનું પુષ્પ તેને ફેરવતા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, (૧) એક હરિજન છે તે સંસારને તજીને નીસર્યો છે, ને અતિ તીવ્ર વૈરાગ્યવાળો તો નથી અને દેહે કરીને તો વર્તમાન યથાર્થ પાળે છે, અને મનમાં થોડી થોડી સંસારની વાસના રહી છે, તેને વિચારે કરીને ખોટી કરી નાખે છે, એવો એક ત્યાગી ભક્ત છે, અને તેને ભગવાનનો નિશ્ચય પણ દૃઢ છે. અને વળી બીજો ગૃહસ્થ ભક્ત છે તેને પણ ભગવાનનો નિશ્ચય દૃઢ છે, ને આજ્ઞાએ કરીને ઘરમાં રહ્યો છે ને સંસાર થકી ઉદાસ છે. અને જેટલી ત્યાગીને જગતમાં વાસના છે તેટલી તે ગૃહસ્થને પણ વાસના છે, એ બે જે ભગવાનના ભક્ત તેમાં કોણ શ્રેષ્ઠ છે ? પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, એ ત્યાગી ભક્ત શ્રેષ્ઠ છે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ઓલ્યો મૂંઝાઈને પોતાની મેળે ભેખ લઈને નીસર્યો છે, તે કેઈ રીતે શ્રેષ્ઠ છે ? ને ગૃહસ્થ તો આજ્ઞાએ કરીને ઘરમાં રહ્યો છે તે કેઈ રીતે ન્યૂન છે ? પછી શ્રીજીમહારાજના પ્રશ્નનું મુક્તાનંદ સ્વામીએ બહુ પ્રકારે સમાધાન કર્યું પણ સમાધાન થયું નહિ. પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, હે મહારાજ ! તમે ઉત્તર કરો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ત્યાગી હોય ને તેને સારી પેઠે ખાવા મળે, અને જો કાચી મતિવાળો હોય તો પાછી સંસારની વાસના હૃદયમાં ઉદે થાય, અથવા ઘણું દુઃખ પડે તો પણ પાછી સંસારની વાસના ઉદે થાય, એવા ત્યાગી કરતાં તો ગૃહસ્થ ઘણો સારો, કેમ જે ગૃહસ્થ ભક્તને જ્યારે દુઃખ પડે અથવા ઘણું સુખ આવી પડે ત્યારે તે એમ વિચાર રાખે જે રખે મારે આમાંથી બંધન થાય એવું જાણીને તે સંસારમાંથી ઉદાસ રહે. માટે ત્યાગી તો તે ખરો જે જેણે સંસાર મૂક્યો ને પાછી તે સંસારની વાસના રહે જ નહિ, અને ગૃહસ્થ તો વાસનાવાળા ત્યાગી કરતાં ઘણો શ્રેષ્ઠ છે, જો ગૃહસ્થના ધર્મ સચવાય તો. પણ ગૃહસ્થના ધર્મ તો ઘણા કઠણ છે, ને અનંત પ્રકારનાં સુખ-દુઃખ આવી પડે ત્યારે સંતની સેવામાંથી ને ધર્મમાંથી મનને આડુંઅવળું ડોલવા દે નહિ, અને એમ સમજે જે, **સંતનો સમાગમ મળ્યો છે તે તો મુને પરમ ચિંતામણિ ને કલ્પવૃક્ષ મળ્યો છે, ને ધન, દોલત, દીકરા, દીકરી એ તો સર્વે સ્વપ્ન તુલ્ય છે, અને સાચો લાભ તે સંતનો સમાગમ મળ્યો એ જ છે,** એમ સમજે, અને ગમે તેવું ભારે દુઃખ આવી પડે પણ તેણે કરીને પાછો પડે નહિ એવો જે ગૃહસ્થ તે અતિ શ્રેષ્ઠ છે, અને સૌ કરતાં ભગવાનના ભક્ત થાવું એ ઘણું કઠણ છે, અને ભગવાનના ભક્તનો સમાગમ મળવો ઘણો દુર્લભ છે, એમ કહીને તે ઉપર શ્રીજીમહારાજે ભગવાન ને સંતના મહિમાનાં મુક્તાનંદ સ્વામીનાં કીર્તન ગવરાવ્યાં. (૧) ૧

૨ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, (૨) શ્રુતિમાં એમ કહ્યું છે જે ॥ અન્તે યા મતિઃ

સા ગતિઃ ॥ એવી રીતે કહ્યું છે જે, અંતકાળે ભગવાનને વિષે મતિ રહે તો ગતિ થાય અને ન રહે તો ન થાય, એવો એ શ્રુતિનો અર્થ ભાસે છે, ત્યારે જે ભક્તિ કરી હોય તેનો શો વિશેષ છે? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જેને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ છે, તેને અંતકાળે સ્મૃતિ રહે અથવા ન રહે તો પણ તેનું અકલ્યાણ થાય નહિ; તેની તો ભગવાન રક્ષા કરે છે. અને જે ભગવાન થકી વિમુખ છે તે તો બોલતાં ચાલતાં દેહ મૂકે છે પણ તેનું કલ્યાણ થાતું નથી ને મરીને યમપુરીમાં જાય છે** ને કેટલાક પાપી કસાઈ હોય તે બોલતાં ચાલતાં દેહ મૂકે છે. અને ભગવાનનો ભક્ત હોય ને તેનો અકાળ મૃત્યુ થયું તે માટે શું તેનું અકલ્યાણ થાશે, ને તે પાપીનું શું કલ્યાણ થાશે? નહિ જ થાય. ત્યારે એ શ્રુતિનો અર્થ એમ કરવો જે, જેવી હમણાં એની મતિ છે તેવી અંતકાળે ગતિ થાય છે. માટે તે જે ભક્ત છે તેની મતિમાં એમ રહ્યું છે જે મારું કલ્યાણ તો થઈ રહ્યું છે, તો તેનું કલ્યાણ અંતકાળે થઈ જ રહ્યું છે, અને જેને સંતની પ્રાપ્તિ નથી થઈ, ને ભગવાનના સ્વરૂપની પણ પ્રાપ્તિ નથી થઈ, તેની મતિમાં તો એમ વર્તે છે જે હું અજ્ઞાની છું ને મારું કલ્યાણ નહિ થાય તો જેવી એની મતિ છે તેવી એની અંતકાળે ગતિ થાય છે. (૨) અને જે ભગવાનના દાસ થયા છે તેને તો કાંઈ કરવું ૨
રહ્યું નથી. એના દર્શને કરીને તો બીજા જીવનું કલ્યાણ થાય છે, તો એનું કલ્યાણ થાય એમાં શું કહેવું? પણ **ભગવાનનું દાસપણું આવવું એ ઘણું કઠણ છે, કેમ જે ભગવાનના દાસ હોય તેનાં તો એ લક્ષણ છે જે દેહને મિથ્યા જાણે, ને પોતાના આત્માને સત્ય જાણે અને પોતાના જે સ્વામી તેને ભોગવ્યાના જે પદાર્થ તેને પોતે ભોગવવાને અર્થે ઇચ્છે જ નહિ, અને પોતાના સ્વામીનું ગમતું મૂકીને બીજું આચરણ કરે જ નહિ; એવો જે હોય તે હરિનો દાસ કહેવાય અને જે હરિનો દાસ હોય ને દેહરૂપે વર્તે તે તો પ્રાકૃત ભક્ત કહેવાય.** (૩) ઇતિ ૩
વચનામૃતમ્ ॥**૧૪**॥

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન (૨) છે. તેમાં (૧) પહેલામાં શ્રીજીમહારાજે વાસનાવાળા ત્યાગી કરતાં સંસારથી ઉદાસ રહે એવા ગૃહસ્થને શ્રેષ્ઠ કહ્યો છે. (૧) બીજામાં અમારી સાક્ષાત્ પ્રાપ્તિ થઈ હોય તેને અંતકાળે અમારી સ્મૃતિ ન રહે અથવા અકાળ મૃત્યુ થાય તો પણ તેનું કલ્યાણ થાય ને વિમુખ નરકે જાય. (૨) અને પોતાના આત્માને સત્ય જાણે ને અમારે ભોગવવાના પદાર્થ તેને ભોગવવા ઈચ્છે નહિ અને સર્વના સ્વામી જે અમે તે અમારા ગમતા પ્રમાણે વર્તે તે અમારો દાસ કહેવાય એમ કહ્યું છે. (૩) બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં આજ્ઞાએ ઘરમાં રહ્યો હોય તેને શ્રેષ્ઠ કહ્યો તે કેવી રીતે સમજવું?

૧ **ઉ૦** ત્યાગી થવું હોય તેને ભગવાન કે સંત સંસારમાં રાખે તે આજ્ઞાથી રહ્યો કહેવાય.

૨ **પ્ર૦** ધામમાંથી આવેલા સિદ્ધમુક્તને ગૃહસ્થાશ્રમમાં રહેવાનું શું પ્રયોજન હશે?

૨ **ઉ૦** સર્વે જીવોના કલ્યાણને અર્થે શ્રીજીમહારાજની મરજીથી રહે છે.

૩ **પ્ર૦** આમાં સંતને પરમ ચિંતામણિની ઉપમા દીધી અને (**પ્ર૦ ૧**ના પહેલા પ્રશ્નમાં તથા **મ.૨૨**ના ૩/૫ ત્રીજા પ્રશ્નમાં) શ્રીજીમહારાજને ચિંતામણિની ઉપમા દીધી છે એમ જોતાં તો ભગવાન કરતાં સંત વધે તે કેવી રીતે સમજવું?

૩ ઉ૰ શ્રીજીમહારાજ આગળ સંતને પરમચિંતામણિ કહ્યા નથી એ તો માયિક પદાર્થની આગળ સંતનો સમાગમ પરમ ચિંતામણિ એટલે અધિક કહ્યો છે. જેમ માયિક સર્વે પદાર્થથી ચિંતામણિ અધિક છે, તે ચિંતામણિથી પણ સંતનો સમાગમ વિશેષ છે એમ કહ્યું છે પણ શ્રીજીમહારાજથી સંતને વિશેષ નથી કહ્યા. સંત તો શ્રીજીમહારાજના દાસ છે. ને શ્રીજીમહારાજ તો સંતના સ્વામી છે. તેને જે બરોબર કહે તે તો મહાપાપી ને દુષ્ટ છે તે (**લો૰ ૧૩**ના બીજા પ્રશ્નમાં) સર્વોપરી એવા જે અમે તે અમને ને બીજા અક્ષરાદિકને તથા મુક્તો ને સરખા કહે છે તેને દુષ્ટ મતિવાળા જાણવા, ને અતિ પાપી જાણવા, ને એવાનાં દર્શન કરે તો પંચમહાપાપ જેવું પાપ થાય. માટે આ લૌકિક ચિંતામણિથી સંતનો સમાગમ વિશેષ કહ્યો છે. કેમ જે ચિંતામણિ નાશવંત સુખ આપનાર છે; અને સંતનો સમાગમ અવિનાશી ને દિવ્ય એવું શ્રીજીમહારાજનું સુખ આપનાર છે તેથી વિશેષ કહ્યો છે પણ શ્રીજીમહારાજથી સંતને વિશેષ નથી કહ્યા.

૪ **પ્ર૰** બીજા પ્રશ્નમાં અંતકાળે સ્મૃતિ રહે અથવા ન રહે તો પણ કલ્યાણ થાય એમ કહ્યું અને (**મ૰ ૪૮**/૨ માં) અમારી મૂર્તિ વિના બીજા પદાર્થનું ચિંતવન કરતાં દેહ પડે તેને દુઃખનો અંત આવતો નથી એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૪ ઉ૰ આમાં સ્વપ્ન અવસ્થામાં શ્રીજીમહારાજની વિસ્મૃતિ થાય તેનું કલ્યાણ થાય એમ કહ્યું છે. અને (**મ૰ ૪૮**માં) તો જાગ્રત અવસ્થામાં બીજા પદાર્થનું ચિંતવન કરતો હોય તેને દુઃખનો અંત ન આવે એમ કહ્યું છે. કેમ જે સાવધાનપણામાં બીજું સંભારે છે તેથી કહ્યું છે.

૫ **પ્ર૰** કેવી રીતે પ્રાપ્તિ થઈ હોય તે સાક્ષાત્ પ્રાપ્તિ કહેવાય ?

૫ ઉ૰ જ્યારે શ્રીજીમહારાજ મનુષ્યરૂપે દર્શન આપતા હોય ત્યારે તે મનુષ્યરૂપ મૂર્તિને વિષેથી માયિકભાવ ટાળીને દિવ્યભાવ લાવે, ને તેમની આજ્ઞામાં રહે, ને આશરો કરે તો સાક્ષાત્ પ્રાપ્તિ થઈ કહેવાય તેમજ આજ પ્રતિમારૂપે દર્શન આપે છે તેમાંથી પ્રતિમાભાવ ટાળીને દિવ્યભાવ આવે ને તેમની કહેલી આજ્ઞામાં વર્તીને આશરો કરે, અને (**મ૰ ૬૬**ના સાતમા પ્રશ્નમાં) ભગવાનની કથા-કીર્તન કરતાં થકાં દિવસ-રાત્રિ વીતે, અને પોતાના જીવાત્માનું બ્રહ્મરૂપે સાક્ષાત્ દર્શન થાય અને ભગવાન વિના અન્યમાં વૈરાગ્ય થાય, અને અધર્મનો ત્યાગ કરીને ધર્મને વિષે રહેવાય તેને સાક્ષાત્ પ્રાપ્તિ થઈ કહેવાય. અને જે મર્યાદા ન પાળે ને મનુષ્યભાવ ને પ્રતિમાભાવ ન ટાળે તેને પ્રાપ્તિ થઈ ન કહેવાય.

૬ **પ્ર૰** મનુષ્યરૂપ ને પ્રતિમા તે એક કહો છો તે મનુષ્યરૂપે તો બોલતાં ચાલતાં ને જમતાં તેમ પ્રતિમારૂપે બોલતાં ચાલતાં નથી ને જમતાં નથી ત્યારે તે એક શી રીતે કહેવાય ?

૬ ઉ૰ (**પં૰ ૪** માં) કહ્યું છે જે "ભગવાન જ્યારે દેવલોકમાં દર્શન આપે ત્યારે દેવના જેવી ચેષ્ટા કરે અને મનુષ્યલોકમાં દર્શન આપે ત્યારે મનુષ્યની પેઠે વર્તે." તેમ જ જ્યારે પશુના જેવા દેખાય ત્યારે પશુની રીતે વર્તે, અને જ્યારે પ્રતિમારૂપે દર્શન આપે ત્યારે પ્રતિમાના ધર્મ પ્રમાણે વર્તે. માટે આજ પ્રતિમારૂપે દર્શન દે છે, માટે પ્રતિમાના ધર્મ પ્રમાણે વર્તે છે. અને ક્યારેક કોઈક ભક્તની સાથે બોલવું ઘટે તો તેની સાથે બોલે છે, જમે છે, ને ચમત્કાર જણાવે છે, તે જો પ્રત્યક્ષ ન હોય તો શી રીતે ચમત્કાર જણાવે ? માટે આજ શ્રીજીમહારાજ પ્રતિમારૂપે સાક્ષાત્ છે એમાં નાસ્તિકપણું લાવે એથી બીજો કોઈ પાપી નથી.

૭ **પ્ર૰ વિમુખનું કલ્યાણ ન થાય એમ કહ્યું તે કેવો હોય તેને વિમુખ જાણવો ?**

૭ ઉ૰ આમાં (૨/૨ બીજા પ્રશ્નમાં, તથા **પ્ર૰ ૭૭**ના ૨/૫ બીજા પ્રશ્નમાં, **લો૰ ૩/૨** માં, તથા **મ૰ ૫**/૨ માં, **૧૭** ના બીજા પ્રશ્નમાં, **છે૰ ૪** ના પહેલા પ્રશ્નમાં) એટલામાં જેને પ્રત્યક્ષ ભગવાનનો આશરો ન હોય તેને વિમુખ કહ્યા છે. આ કહ્યા તે સત્સંગ બહારના વિમુખ છે અને (**પ્ર૰ ૭૬**/૨ માં) કામીને વિમુખ કહ્યો છે, (**૭૭**ના ૧/૨ પહેલા પ્રશ્નમાં) ધર્મભંગ વાત કરે તેને ગુરુદ્રોહી, વચનદ્રોહી, અસુર, અધર્મી ને વિમુખ કહ્યો છે. (**લો૰ ૧** ના નવમા પ્રશ્નમાં) "સંતનો અવગુણ આવે તે વિમુખ થાશે." (**મ૰૨૬**/૨ માં) જે બીજામાં અવગુણ પરઠે ને પોતામાં ગુણ પરઠે તે સત્સંગી ને અર્ધો વિમુખ કહ્યો છે. (**૫૩**/૨ માં) જે શ્રીજીમહારાજનાં ને મોટાપુરુષનાં ચરિત્રમાં, ને તેમની સમજણમાં દોષ પરઠે તેને અધર્મી, મૂર્ખનો રાજા ને વિમુખ કહ્યો છે. અને (**વ૰ ૧૨**/૨ માં) ભગવાનમાં દોષબુદ્ધિ થાય તે વિમુખ થાય. આ કહ્યા તે સત્સંગ માંહીલા વિમુખ છે.

૮ **પ્ર૰** કોઈ દોષે વિમુખ થયેલો માન મૂકી સત્સંગમાં આવે તેનું કલ્યાણ થાય કે કેમ ?

૮ ઉ૰ સત્સંગમાં આવીને પોતાના ગુના માફ કરાવે તો શ્રીજીમહારાજ ને મોટા સંત કૃપાસાધ્ય છે તે કલ્યાણ કરે.

૯ **પ્ર૦** (૨/૩ બીજા પ્રશ્નમાં) સ્વામીને ભોગવ્યાના પદાર્થ ઈચ્છવા નહિ તે કિયા જાણવા ?

૯ **ઉ૦** ત્યાગી તથા ગૃહસ્થે ખાવાપીવાની વસ્તુઓ શ્રીજીમહારાજની મૂર્તિને અથવા શિક્ષાપત્રીને જમાડ્યા વિના જમે ને, વસ્ત્ર-અલંકાર પણ મૂર્તિની અથવા શિક્ષાપત્રીની પ્રસાદી કર્યા વિના વાપરે તે સ્વામીને ભોગવ્યાના પદાર્થ પોતે ભોગવ્યા કહેવાય અને ગૃહસ્થોએ મંદિરનાં વસ્ત્ર, ઘરેણાં, વાહન, પાત્ર તે ભોગવવા ઈચ્છવાં નહિ અને ત્યાગીએ ગામડામાં ગયા હોય ત્યાં ધર્માદા નિમિત્તે અન્ન-દ્રવ્ય આવે, તે અનાજ ઠાકોરજીને પહોંચ્યા પહેલાં પોતાને ખાવાપીવામાં વાપરવું નહિ, અને કથા નિમિત્તે વસ્ત્ર આવે તેમાંથી ધર્મામૃતમાં કહ્યા પ્રમાણે વાપરવાં અને વધે તે કોઠારમાં આપી દેવાં પણ પોતાની પાસે રાખવાં નહિ. આ કહ્યા પ્રમાણે ન વર્તે તો સ્વામીને ભોગવ્યાના પદાર્થ ભોગવ્યા કહેવાય. ॥**૧૪**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૧૫

❖સંવત ૧૮૭૬ના માગશર વદિ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, (૧) **જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય તેને એવી વૃત્તિ રહે જે, ભગવાન તથા સંત તે મુને જે જે વચન કહેશે તેમ જ મારે કરવું છે, એમ તેના હૈયામાં હિંમત રહે, અને આટલું વચન મુથી મનાશે ને આટલું નહિ મનાય એવું વચન તો ભૂલે પણ ન કહે.** (૧) ૧

અને વળી ભગવાનની મૂર્તિને હૈયામાં ધારવી તેમાં શૂરવીરપણું રહે ને મૂર્તિ ધારતાં ધારતાં જો ન ધરાય તો પણ કાયર ન થાય, ને નિત્ય નવી શ્રદ્ધા રાખે ને મૂર્તિ ધારતાં જ્યારે ભૂંડા ઘાટ-સંકલ્પ થાય ને તે હઠાવ્યા હઠે નહિ, તો ભગવાનનો મોટો મહિમા સમજીને, પોતાને પૂર્ણકામ માનીને, તે સંકલ્પને ખોટા કરતો રહે, ને ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતો રહે; તે ધારતાં ધારતાં દસ વર્ષ થાય અથવા વીસ વર્ષ થાય અથવા પચવીસ વર્ષ થાય અથવા સો વર્ષ થાય, તો પણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું તે મૂકી દે નહિ, કેમ જે શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે જે :-

**અનેક જન્મ સંસિદ્ધસ્તતો યાતિ પરાંગતિમ્ ॥**

તે માટે એમ ને એમ ભગવાનને ધારતો રહે એવું જેને વર્તતું હોય તેને એકાંતિક ભક્ત કહીએ. (**૨**) ઈતિ વચનામૃતમ્ ॥**૧૫**॥ ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય (**૧**) છે. તેમાં અમે તથા સંત જેમ કહીએ તેમ કરે, (**૧**) ને અમારી મૂર્તિ ધારવામાં નિત્ય નવી નવી શ્રદ્ધા રાખે તે એકાંતિક છે. એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (**૨**) બાબતો છે.

૧ **પ્ર૦** બીજી બાબતમાં મૂર્તિ ધારવામાં નવી નવી શ્રદ્ધા રાખવાનું કહ્યું તે શા ઉપાયે આવે ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજનો મહિમા જાણે તો શ્રદ્ધા વૃદ્ધિ પામે. તે મહિમા એમ જાણવો જે, શ્રીજીમહારાજ જીવકોટી, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી તથા મૂળઅક્ષરકોટીથી પર છે, ને સદા સાકાર મૂર્તિ છે ને એ સર્વેને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે, અને એ સર્વેમાં અન્વયપણે રહ્યા થકા પણ અતિશે નિર્લેપ, અસંગી ને નિર્વિકાર છે, ને એ સર્વેને અગમ્ય છે. ને મૂળઅક્ષરાદિક કોઈ પણ શ્રીજીમહારાજનો મહિમા જાણી શકતા નથી તથા મૂળઅક્ષરાદિક અનંતકોટીઓનાં સુખ મળીને શ્રીજીમહારાજના

એક રોમના કોટીમા ભાગના પાસંગમાં પણ આવતાં નથી. ને મૂળઅક્ષરકોટીથી પર પોતાના ધામમાં પોતાના સાધર્મ્યપણાને પામેલા પરમએકાંતિક મુક્ત તથા પોતાની મૂર્તિમાં રહેલા અનાદિમુક્ત જે સદાય ભેળા રહ્યા છે તે પણ જેના મહિમાનો તથા સુખનો પાર પામી શકતા નથી; અને એ સર્વે મુક્ત તથા મૂળઅક્ષરાદિક સર્વે અવતાર તે સર્વે જેની આજ્ઞામાં વર્તે છે. એવો અદ્‌ભુત મહિમા શ્રીજીમહારાજનો જાણે તો શ્રદ્ધા નવી નવી આવે. તે (**પ્ર૦ ૨૭**/૧, **૫૧**, **૫૬** પ્રશ્ન ૩/૪, **૬૨** પ્રશ્ન ૧, **૬૩** પ્રશ્ન ૩, **૭૮** પ્રશ્ન ૧૬, **સા૦ ૧** પ્રશ્ન ૨, **૧૭**, **લો૦ ૧૦** પ્રશ્ન ૬/૮, **૧૩** પ્રશ્ન ૨, **૧૭** પ્રશ્ન ૫/૭, **પં૦ ૧**/૨, **મ૦ ૧૩**/૧.૨.૩, **૬૭**, **અ૦ ૭**/૧.૨, **છે૦ ૩૭**, **૩૯**/૫ ) એ આદિકમાં કહ્યો એવો શ્રીજીમહારાજનો મહિમા જાણે તો ઘાટસંકલ્પ ટળી જાય છે ને શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવામાં નિત્ય નવી શ્રદ્ધા વૃદ્ધિ પામે છે. ॥**૧૫**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૧૬

❖ સંવત ૧૮૭૬ના માગશર વદિ ૪ ચોથને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, (૧) **જે ભગવાનના ભક્તને સત્-અસત્‌નો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે, ને વિચારીને તેનો ત્યાગ કરી દે, અને સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય, તો તેને ત્યાગ કરી દે ને તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે, અને પરમેશ્વરને વિષે તો તેને કોઈ અવગુણ ભાસે જ નહિ, અને ભગવાન ને સંત જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને, પણ તે વચનને વિષે સંશય કરે નહિ,** અને સંત કહે જે તું દેહ, ઈન્દ્રિયો, મન, પ્રાણથી જુદો છું ને સત્ય છું ને એનો જાણનારો છું, ને એ દેહાદિક સર્વે અસત્ય છે એમ વચન કહે તેને સત્ય માનીને, તે સર્વેથી જુદો આત્મારૂપે વર્તે પણ મનના ઘાટ ભેળો ભળી જાય નહિ અને જેણે કરીને પોતાને બંધન થાય ને પોતાના એકાંતિક ધર્મમાં ખોટ્ય આવે એવાં જે પદાર્થ તથા કુસંગ તેને ઓળખી રાખે, ને તેથી છેટે જ રહે ને તેના બંધનમાં આવે જ નહિ, અને **સવળો વિચાર હોય તેને ગ્રહણ કરે, ને અવળો વિચાર હોય તેનો ત્યાગ કરે એવી રીતે જે વર્તતો હોય ત્યારે જાણીએ જે તેને વિવેક છે.** (૧) ઇતિ વચનામૃતમ્ ॥**૧૬**॥ ૧

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય (**૧**) છે. તેમાં જે પોતાના અવગુણનો ત્યાગ કરીને, અમારો તથા અમારા ભક્તનો ગુણ ગ્રહણ કરે, ને અમારા તથા અમારા સંતના વચનમાં વર્તે, ને આત્મારૂપે વર્તે, ને બંધનકારી પદાર્થ તથા કુસંગથી છેટે રહે, ને સવળા વિચારને ગ્રહણ કરે તે વિવેકી છે, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (**૧**) બાબત છે.

૧ **પ્ર૦** આમાં સંતમાં ને સત્સંગીમાં અવગુણ ભાસે તો પણ ન લેવો એમ કહ્યું, અને (**પ્ર૦ ૫૩** માં ને **છે૦ ૨૧**/૩ માં) મોટા વર્તમાનમાં ચૂકે તો અવગુણ લેવો એમ કહ્યું છે. તે કેમ સમજવું ?

૧ **ઉ૦** જે દોષનાં પ્રાયશ્ચિત્ત કરવાનાં કહ્યાં છે તે માંહેલો દોષ હોય તેનો અવગુણ લે તે અવગુણ લીધો ન કહેવાય. પણ જેનું પ્રાયશ્ચિત્ત ન કરવું પડે એવા સ્વાભાવિક અલ્પ દોષ દેખાય તેનો અવગુણ ન લેવો એમ કહ્યું છે.

૨ **પ્ર૦** સંતનું વચન સત્ય માનવાનું કહ્યું, તેમાં કોઈ સંશય કરવા જેવું હશે કે કેમ ?

૨ **ઉ૦** એનો ખુલાસો આમાં જ કરેલો છે, જે દેહાદિકને અસત્ય કહે ને આત્માને સત્ય કહે એમાં સંશય ન કરવો; અને પોતાના

ઈષ્ટદેવની તથા મંદિરોની સેવા બતાવે તે શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે શક્તિ અનુસારે હેતે સહિત કરવી, પણ શ્રદ્ધાથી અધિક વચન માનવું નહિ. અને માંદાને ખાવાપીવાનું, તથા યોગ્ય ઔષધ માગે તો શ્રદ્ધા પ્રમાણે આપવું પણ રોકડો પૈસો ન આપવો. અને વસ્ત્ર ઓઢાડવાની ઈચ્છા હોય ત્યારે વસ્ત્ર લાવીને આપવું પણ તે નિમિત્તે રોકડા પૈસા ન આપવા. અને શ્રીજીમહારાજે ત્યાગી તથા ગૃહસ્થને શિક્ષાપત્રી, નિષ્કામશુદ્ધિ, ધર્મામૃત, જનશિક્ષા, બૃહદ્ધર્મ એ આદિકમાં જે આજ્ઞાઓ કરી છે તેને ઘસારો આવતો હોય એવું વચન કહે તે માનવું નહિ.

૩ **પ્ર૦** સવળા વિચારને ગ્રહણ કરવો ને અવળાનો ત્યાગ કરવો એમ કહ્યું; તે વિચાર કિયા ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ થાય તે અવળા વિચારનો ત્યાગ કરવો અને પંચવિષયનો અભાવ કરવો, તપ કરવું, ત્યાગ કરવો, ધર્મ પાળવો, ભક્તિ કરવી તથા ધ્યાન-ભજન કરવું તે સંબંધી જે સંકલ્પ થાય તે સવળા વિચારને ગ્રહણ કરવા. ॥**૧૬**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૧૭

❖સંવત ૧૮૭૬ના માગશર વદિ ૫ પંચમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બારણે ઓરડામાં કથા વંચાવતા હતા અને ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી ચાદર ઓઢી હતી તથા ધોળી પાઘ બાંધી હતી અને પીળાં પુષ્પની માળા પહેરી હતી ને પીળાં પુષ્પનો તોરો પાઘને વિષે ખોસ્યો હતો અને અતિ પ્રસન્ન થકા વિરાજમાન હતા.

તે સમયને વિષે મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી આદિક સાધુને તેડાવ્યા ને
૧ શ્રીજીમહારાજ તે સર્વે પ્રત્યે બોલ્યા જે, (**૧**) આપણા સત્સંગમાં થોડોક કુસંગનો ભાગ રહ્યો જાય છે તે આજ કાઢવો છે, ને આ પ્રકરણ એવું ચલાવવું છે જે, સર્વે પરમહંસ તથા સાંખ્યયોગી તથા કર્મયોગી સર્વે સત્સંગીમાં પ્રવર્તે. તે **સત્સંગમાં કુસંગ તે શું છે ? તો જે વાતના કરનારા હિંમત વિનાની વાત કરે છે તે સત્સંગમાં કુસંગ છે. તે કેવી રીતે વાત કરે છે તો એમ કહે છે જે, ભગવાનનું જે વચન તેને યથાર્થ કોણ પાળી શકે છે ? ને વર્તમાન ધર્મ પણ યથાર્થ કોણ પાળી શકે છે ? માટે જેટલું પળે તેટલું પાળીએ ને ભગવાન તો અધમ-ઉદ્ધારણ છે તે કલ્યાણ કરશે અને વળી એમ વાત કરે છે જે, ભગવાનનું સ્વરૂપ જે હૃદયમાં ધારવું તે કાંઈ આપણું ધાર્યું ધરાતું નથી. એ તો ભગવાન જેને દયા કરીને ધરાવે છે તેને ધરાય છે. એવી રીતની મોળી વાત કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ ઈત્યાદિક જે ભગવાનની પ્રસન્નતાનાં સાધન તેમાંથી બીજાને મોળા પાડે છે, માટે હવે આજ દિનથી આપણા સત્સંગમાં કોઈ પણ એવી હિંમત રહિત વાત કરશો નહિ; સદા હિંમત સહિત જ વાત કરજ્યો; અને જે એવી હિંમત રહિત વાત કરે તેને તો નપુંસક જાણવો, અને એવી હિંમત વિનાની વાત જે દિવસ થઈ જાય તે દિવસ ઉપવાસ કરવો.** (૧) ઈતિ વચનામૃતમ્ ॥**૧૭**॥ ૧

**રહસ્યાર્થ પ્રદી ૦–** આમાં કૃપાવાક્ય (**૧**) છે. તેમાં જે હિંમત વિનાની વાત કરીને અમારી પ્રસન્નતાના સાધનમાંથી બીજાને મોળા પાડે તે કુસંગી તથા નપુંસક છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (**૧**) બાબત છે. ॥**૧૭**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૧૮

❖સંવત ૧૮૭૬ના માગશર વદિ ૬ છઠ ને દિવસ રાત્રિ પાછલી પોહોર એક બાકી હતી ત્યારે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બારણે ઓરડાની ઓસરીને આગળ ફળિયામાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં.

પછી પરમહંસ તથા સત્સંગીને તેડાવ્યા ને ઘણી વાર સુધી તો પોતે વિચારી રહ્યા ને પછી
૧ બોલ્યા જે, એક વાત કહીએ તે સાંભળો : એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, (૧) **અમારા મનમાં તો એમ થાય છે જે વાત ન કહીએ પણ તમે અમારા છો માટે જાણીએ છીએ જે કહીએ જ, અને આ વાત છે તેને સમજીને તે જ પ્રમાણે વર્તે તે જ મુક્ત થાય છે ને તે વિના તો ચાર વેદ, ષટ્શાસ્ત્ર ને અઢાર પુરાણ ને ભારતાદિક ઈતિહાસ તેને ભણવે કરીને તથા તેના અર્થને જાણવે કરીને અથવા તેને શ્રવણે કરીને પણ મુક્ત થાય નહિ.** તે વાત કહીએ તે સાંભળો જે બહાર તો ગમે તેટલી ઉપાધિ હોય પણ તેનો જો મનમાં સંકલ્પ ન હોય તો તેનો અમારે ખરખરો નહિ ને અંતરમાં જો રંચ જેટલો પદાર્થનો ઘાટ થાય તો તેનો ત્યાગ કરીએ ત્યારે નિરાંત થાય એવો અમારો સ્વભાવ છે, માટે અમે હૃદયમાં વિચાર કર્યો જે ભગવાનના ભક્તના હૃદયમાં વિક્ષેપ થાય છે, તેનું કારણ તે શું છે ? પછી મન, બુદ્ધિ, ચિત્ત, ને અહંકાર સામું જોયું ત્યાં તો એ અંતઃકરણ પણ ઉદ્વેગનું કારણ નથી; અંતઃકરણમાં તો ભગવાનનાં સ્વરૂપના નિશ્ચયનું બળ અથવા આત્મજ્ઞાનનું બળ તેને યોગે કરીને અંતઃકરણને ગાફલતા રહે છે જે, ભગવાન મળ્યા છે તે હવે કાંઈ કરવું નથી, એવું ગાફલપણું રહે છે એટલો જ અંતઃકરણનો વાંક છે. અને ઝાઝો વાંક તો પંચ જ્ઞાન-ઈન્દ્રિયોનો છે. તેની વિગતિ કહીએ છીએ જે, એ જીવ જે નાના પ્રકારનાં ભોજન જમે છે તે ભોજન ભોજન પ્રત્યે જુદા જુદા સ્વાદ છે, અને જુદા જુદા ગુણ છે તે ભોજનને જ્યારે જમે છે ત્યારે તે ગુણ અંતઃકરણમાં તથા શરીરમાં પ્રવર્તે છે, અને જો લીલાગર ભાંગ્ય પીએ ને તે પ્રભુનો ભક્ત હોય તો પણ લીલાગર ભાંગ્યને કેફે કરીને વર્તમાનની ખબર રહે નહિ ને પ્રભુના ભજનની પણ ખબર રહે નહિ તેમ અનંત પ્રકારના જે આહાર તેના ગુણ પણ લીલાગર ભાંગ્યની પેઠે જ અનંત પ્રકારના છે તેનો ગણતાં પણ પાર આવે નહિ. તેમજ એ જીવ શ્રોત્ર દ્વારે અનંત પ્રકારના શબ્દને સાંભળે છે, તે શબ્દના પણ અનંત પ્રકારના ગુણ જુદા જુદા છે. તે જેવો શબ્દ સાંભળે છે તેવો જ એ જીવને અંતઃકરણમાં ગુણ પ્રવર્તે છે, **જેમ કોઈક હત્યારો જીવ હોય અથવા કોઈક પુરુષ વ્યભિચારી હોય, અથવા કોઈક સ્ત્રી વ્યભિચારિણી હોય, અથવા લોક ને વેદની મર્યાદાને લોપીને વર્તતો એવો કોઈક ભ્રષ્ટ જીવ હોય, તેની જે વાત સાંભળવી તે તો જેવી લીલાગર ભાંગ્ય પીએ અથવા દારૂ પીએ એવી છે. માટે તે વાતના સાંભળનારાના અંતઃકરણને ભ્રષ્ટ કરી નાખે છે, ને ભગવાનનું ભજન, સ્મરણ તથા વર્તમાન તેની વિસ્મૃતિ કરાવી નાખે છે.**

તેમજ ત્વચાના સ્પર્શ પણ અનંત પ્રકારના છે, ને તેના ગુણ પણ જુદા જુદા અનંત પ્રકારના છે. તેમાં પાપી જીવનો જે સ્પર્શ તે જ ભાંગ્ય-દારૂના જેવો છે, માટે તે સ્પર્શનો કરનારો હરિભક્ત હોય તેની પણ શુદ્ધ-બુદ્ધને ભુલાડી દે છે. તેમજ રૂપ પણ અનંત પ્રકારનાં છે ને તેના ગુણ પણ અનંત પ્રકારના જુદા જુદા છે, તે કોઈક ભ્રષ્ટ જીવ હોય ને જો તેનું દર્શન થયું હોય તો જેમ લીલાગર ભાંગ્ય તથા દારૂ પીધે ભૂંડું થાય તેમજ તે પાપીના દર્શનના કરનારાનું પણ ભૂંડું જ થાય ને બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. તેમજ ગંધ પણ અનંત પ્રકારના છે ને તેના ગુણ પણ અનંત પ્રકારના છે તે જો પાપી જીવના હાથનું પુષ્પ અથવા ચંદન તેની જો સુગંધી લે તો જેમ લીલાગર પીધે બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમ જ બુદ્ધિ ભ્રષ્ટ થાય છે એવી રીતે **જેમ ભૂંડાંને યોગે કરીને જીવની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે તેમજ પરમેશ્વર અથવા પરમેશ્વરના સંત તેને યોગે કરીને જીવની બુદ્ધિ સારી થાય છે; અને જીવની બુદ્ધિ ભ્રષ્ટ હોય તો પણ ભગવાન ને સંતના શબ્દને સાંભળવે કરીને ઉત્તમ થાય છે, તેમજ એમને સ્પર્શે કરીને પણ મતિ ઉત્તમ થાય છે. અને વર્તમાનની આડ્યે કરીને મોટા સંતનો સ્પર્શ ન થાય તો તેના ચરણની રજ લઈને માથે ચડાવે તેણે કરીને પવિત્ર થાય, અને તેમજ મોટા સંતને દર્શને કરીને પણ પવિત્ર થાય, પણ વર્તમાન રાખીને દર્શન કરવાં તેમજ તે મોટાની પ્રસાદી છે તેને જમવે કરીને પણ પવિત્ર થાય છે.** તેમાં પણ વર્ણાશ્રમની મર્યાદા પરમેશ્વરે બાંધી છે, તે મર્યાદાને રાખીને પ્રસાદી લેવી ને જેને ન ખપે તેને સાકરની પ્રસાદી કરાવીને પ્રસાદી લેવી. તેમજ તે **મોટાપુરુષને** ચડ્યું એવું જે પુષ્પ-ચંદન તેની સુગંધી લીધે પણ બુદ્ધિ નિર્મળ થાય છે, તે માટે એ પંચવિષયને સમજ્યા વિના જે ભોગવશે, ને સાર-અસારનો વિભાગ નહિ કરે, ને તે નારદ-સનકાદિક જેવો હશે તેની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જશે; તો જે દેહાભિમાની હોય ને તેની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમાં શું કહેવું ? તે સારુ એ **પંચે ઇન્દ્રિયોને યોગ્ય-અયોગ્ય વિચાર્યા વિના જે મોકળી મેલશે તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જશે. અને પંચ ઇન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે, તે આહાર જો શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ થાશે અને અંતઃકરણ શુદ્ધ થાશે તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે. અને જો પંચે ઇન્દ્રિયોના આહારમાંથી એકે ઇન્દ્રિયનો આહાર મલિન થાય છે તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે માટે ભગવાનના ભક્તને ભગવાનના ભજનને વિષે જે કાંઈ વિક્ષેપ થઈ આવે છે તેનું કારણ તે પંચ ઇન્દ્રિયોના વિષય જ છે, પણ અંતઃકરણ નથી.** (૧) ૧

ને **આ જીવ છે તે જેવી સોબત કરે છે તેવું એનું અંતઃકરણ થાય છે તે જ્યારે એ જીવ વિષયી જીવની સભામાં બેઠો હોય, અને તે જગ્યા પણ સુંદર સાત માળની હવેલી હોય, ને તે હવેલીને વિષે કાચના તક્તા સુંદર જડ્યા હોય, ને સુંદર બિછાનાં કર્યાં હોય તેમાં નાના પ્રકારનાં આભૂષણ તથા વસ્ત્રને પહેરીને વિષયીજન બેઠા હોય, અને દારૂના શીશા લઈને પરસ્પર પાતા હોય, ને કેટલાક તો દારૂના શીશા ભરેલા પડ્યા હોય, ને વેશ્યાઓ થેઈથેઈકાર કરી રહી હોય, ને નાના પ્રકારનાં વાજિંત્ર વાજતાં હોય, ને તે સભામાં જઈને જે જન બેસે**

**તે સમે તેનું અંતઃકરણ બીજી જાતનું થઈ જાય છે; અને તૃણની ઝૂંપડી હોય ને તેમાં ફાટેલ ગોદડીવાળા પરમહંસની સભા બેઠી હોય, ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સહવર્તમાન ભગવદ્‌વાર્તા થાતી હોય, તે સભામાં જઈને જે જન બેસે ત્યારે તે સમે તેનું અંતઃકરણ બીજી રીતનું થાય છે, માટે સત્સંગને તથા કુસંગને યોગે કરીને જેવું અંતઃકરણ થાય છે, તેને જો વિચારીને જુએ તો જાણ્યામાં આવે છે, અને ગબરગંડને તો કાંઈ ખબર પડતી નથી. માટે આ વાર્તા છે તે છેક મૂર્ખપણે પશુને પાડે વર્તતો હોય તેને તો ન સમજાય અને જે કાંઈક વિવેકી હોય ને કાંઈક ભગવાનનો આશ્રિત હોય, તેને તો આ વાર્તા તુરત સમજ્યામાં આવે છે. માટે પરમહંસ તથા સાંખ્યયોગી હરિજન તથા કર્મયોગી હરિજન એ સર્વેને કુપાત્ર માણસની સંગત કરવી નહિ. (૨)** ૨

અને સત્સંગ મોર તો ગમે તેવો કુપાત્ર જીવ હોય, તો ય તેને નિયમ ધરાવીને સત્સંગમાં લેવો. પણ સત્સંગમાં આવ્યા પછી કુપાત્રપણું રાખે, તો બાઈ અથવા ભાઈ જે હોય તેને સત્સંગ બહાર કાઢી મેલવો, અને જો ન કાઢે તો એમાંથી ઝાઝું ભૂંડું થાય, જેમ જે આંગળીને સર્પે કરડી હોય અથવા કીડિયારાનો રોગ થયો હોય ને તેટલું અંગ જો તુરત કાપી નાખે, તો પંડે કુશળ રહે ને તેનો લોભ કરે તો ઝાઝો બિગાડ થાય, તેમ જે કુપાત્ર જીવ જણાય તેનો તત્કાળ ત્યાગ કરજ્યો. (૩) ૩

**અને આ જે અમારું વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજ્યો, તો જાણીએ તમે અમારી સર્વે સેવા કરી. અને અમે પણ તમને સર્વેને આશીર્વાદ દેશું, ને તમો ઉપર ઘણા પ્રસન્ન થાશું, કાં જે તમે અમારો દાખડો સુફળ કર્યો. અને ભગવાનનું ધામ છે, ત્યાં આપણ સર્વે ભેળા રહેશું. અને જો એમ નહિ રહો તો તમારે ને અમારે ઘણું છેટું થઈ જાશે અને ભૂતનું કે બ્રહ્મરાક્ષસનું દેહ આવશે ને હેરાન થાશો** અને જે કાંઈ ભગવાનની ભક્તિ કરી હશે તેનું ફળ તો રઝળતાં રઝળતાં કોઈક કાળે પ્રગટ થાશે, ત્યારે પણ અમે વાત કરી તે પ્રમાણે રહેશો ત્યાર પછી મુક્ત થઈને ભગવાનના ધામમાં જાશો, અને જો કોઈ અમારો વાદ લેશે તો તેનું તો જરૂર ભૂંડું થાશે કાં જે અમારા હૃદયમાં તો નરનારાયણ પ્રગટ વિરાજે છે. **અને હું તો અનાદિમુક્ત જ છું પણ કોઈને ઉપદેશે કરીને મુક્ત નથી થયો,** અને મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર તેને તો હું પકડી લેઉં છું, જેમ સિંહ બકરાને પકડે છે તેની પેઠે એ અંતઃકરણને હું પકડું છું, અને બીજાને તો એ અંતઃકરણ દેખ્યામાં પણ આવતાં નથી. માટે અમારો વાદ લઈને જાણે જે ઉપાધિમાં રહીને શુદ્ધપણે રહેશું તે તો નારદ-સનકાદિક જેવો હોય તેથી પણ રહેવાય નહિ, તો બીજાની શી વાર્તા કહેવી ? અને અનંત મુક્ત થઈ ગયા ને અનંત થાશે તેમાં ઉપાધિમાં રહીને નિર્લેપ રહે એવો કોઈએ થયો નથી ને થાશે પણ નહિ. અને હમણાં પણ કોઈએ નથી. અને કોટી કલ્પ સુધી સાધન કરીને પણ એવો થાવાને કોઈ સમર્થ નથી, માટે અમે કહ્યું છે તે પ્રમાણે રહેશો તો રૂડું થાશે અને અમે જે કોઈને હેત કરીને બોલાવીએ છીએ,

તે તો તેના જીવના રૂડા સારુ બોલાવીએ છીએ અથવા કોઈને હેત કરીને સામું જોઈએ છીએ અથવા કોઈ સારાં ભોજન કરાવે છે તેને જમીએ છીએ, અથવા કોઈ ઢોલિયો બિછાવી દે છે તે ઉપર બેસીએ છીએ, અથવા કોઈ વસ્ત્ર-આભૂષણ તથા પુષ્પના હાર ઈત્યાદિક જે જે પદાર્થ લાવે છે તેને અંગીકાર કરીએ છીએ, તે તો તેના જીવના રૂડા વાસ્તે અંગીકાર કરીએ છીએ, પણ અમારા સુખને વાસ્તે કરતા નથી ને જો અમારા સુખને વાસ્તે કરતા હોઈએ તો અમને શ્રી રામાનંદ સ્વામીના સમ છે. માટે એવું વિચારીને કોઈ અમારો વાદ કરશો મા, ને **પંચ ઈન્દ્રિયોના આહાર છે તેને અતિશે શુદ્ધપણે કરીને રાખજ્યો. એ વચન અમારું જરૂરાજરૂર માનજ્યો. અને આ વાત તો સર્વેને સમજાય એવી સુગમ છે, માટે સર્વેના સમજ્યામાં તુરત આવી જાશે તે સારુ સત્સંગમાં અતિશે પ્રવર્તાવજો. તેમાં અમારો ઘણો રાજીપો છે,** એમ વાર્તા કરીને જય સચ્ચિદાનંદ કહીને શ્રીજીમહારાજ પોતાના ઉતારામાં પધારતા હવા. (૪) ઈતિ વચનામૃતમ્ ।।૧૮।। ૪

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય (૧) છે. તેમાં ઈન્દ્રિયોના આહાર શુદ્ધ કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય ને અંતઃકરણ શુદ્ધ થાય તો અખંડ અમારી સ્મૃતિ રહે. (૧) અને સત્પુરુષનો સંગ કરવો. (૨) અને કુપાત્રને સત્સંગ બહાર કાઢી મૂકવો. (૩) અને અમારો વાદ લેશે તેનું જરૂર ભૂંડું થાશે, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (૪) બાબતો છે.

૧ **પ્ર૦** ત્રીજી બાબતમાં જે આંગળીને સર્પે કરડી હોય અથવા કીડિયારાનો રોગ થયો હોય તે અંગ કાપી નાખે તો પંડે કુશળ રહે, એમ કહ્યું તે અંગને ઠેકાણે શું જાણવું ? અને પંડને ઠેકાણે શું જાણવું ?

૧ **ઉ૦** પંડ એટલે શરીર તેને ઠેકાણે સત્સંગ-સમુદાય જાણવો, અને સર્પે કરડેલ આંગળી તથા કીડિયારાના રોગવાળા અંગને ઠેકાણે કુપાત્ર માણસ જાણવો. તે કુપાત્ર માણસને સત્સંગ બહાર કાઢે તો સત્સંગ સમુદાયરૂપી પંડ કુશળ રહે.

૨ **પ્ર૦** કુપાત્ર માણસને સત્સંગમાંથી કાઢી મૂકવાની આજ્ઞા કરી તે કોને માથે જાણવી ?

૨ **ઉ૦** જેના ઘરમાં જે મુખિયો હોય તે પોતાના ઘરના માણસોનો નિયંતા છે, તેને પોતાના ઘરના માણસોને ધર્મમાં વર્તાવવાં ને પોતાને ધર્મમાં વર્તવું તે આજ્ઞા છે; અને ગામના હરિજનોને ધર્મમાં વર્તાવવાં તે ગામમાં મુખિયા હરિજન ધર્મવાળા હોય તેમને માથે છે, ને સર્વે હરિજનોએ પણ મોટેરા હરિજનનું માનીને ધર્મમાં વર્તવું, અને જે હરિજન ધર્મમાં ન વર્તે તેને ધર્મનિષ્ઠ મોટેરા હરિજનોએ સત્સંગ બહાર કરવો, અને સાધુના મંડળમાં જે મુખિયો સાધુ હોય તેણે પોતાના શિષ્યોને ધર્મમાં વર્તાવવા અને જે ન વર્તે તેને સત્સંગ બહાર કાઢી મૂકવો, ને ગુરુ ધર્મમાં ન વર્તે તો શિષ્યોએ તેનો ત્યાગ કરવો; અને શિખરબંધ મંદિરોના નિયંતા ધર્મનિષ્ઠ મહંત મંદિરના અધિકારી છે તેણે ધર્મમાં વર્તવું, ને મંદિરના માણસોને ધર્મમાં વર્તાવવાં, ને ન વર્તે તેને સત્સંગ બહાર કાઢી મૂકવો, અને આચાર્ય તથા સાધુઓ તથા સત્સંગીઓએ મળીને જે ધર્મનિષ્ઠ હોય તેને મંદિરનો અધિકાર સોંપવો, અને અધિકારીની વર્તણૂક શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ જણાય, તો તેને પણ અધિકારથી દૂર કરવો, અને આચાર્યપદ આપવું તે પણ આચાર્ય તથા સાધુઓ તથા સત્સંગીઓએ મળીને આચાર્યના પુત્રમાંથી અથવા ધર્મકુળમાંથી ધર્મવાળા હોય ને ધર્મ પાળી પળાવી શકે એવા હોય, તેને શ્રીજીમહારાજે બે ગાદીઓ નિર્માણ કરેલી છે, તે ગાદી ઉપર આચાર્ય નિમવાનું શ્રીજીમહારાજે લેખમાં કહ્યું છે અને આચાર્યના દીકરા હોય તેમાં ગાદીને લાયક ન હોય તો ધર્મકુળમાંથી જે લાયક હોય તેને આચાર્ય, સાધુ તથા સત્સંગીઓએ મળીને આચાર્યપદ આપવું તે (**અ૦ ૩**/૪ ત્રીજામાં) સાધુ અને સત્સંગીઓને ભલામણ કરી છે, જે આચાર્યને કોઈક એક જણના કહેવાથી કોઈ કામ કરવા દેવું નહિ, તેમાં શ્રીજીમહારાજનો ઘણો રાજીપો છે; અને જો કરવા દે તો ઘણું દુઃખ આવે. અને આચાર્યે પણ ધર્મમાં વર્તવું અને ત્યાગી-ગૃહી સર્વને ધર્મમાં વર્તાવવા ને જે ધર્મમાં ન વર્તે તેને સત્સંગમાંથી દૂર કરવો અને આચાર્ય તથા ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગી બાઈ-ભાઈ તેમાં જે શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ વર્તે તેને શ્રીજીમહારાજની આજ્ઞામાં વર્તનારાઓએ ન માનવા. આ અમારે મુખે શ્રીજીમહારાજ બોલ્યા છે એમ જાણજ્યો.

૩ **પ્ર૦** ભૂતનો કે બ્રહ્મરાક્ષસનો દેહ આવશે એમ કહ્યું, તે સડેલ અંગવાળાને કહ્યું કે કેને કહ્યું તે સમજાતું નથી માટે કૃપા કરીને સમજાવો ?

૩ **ઉ૦** કુપાત્ર માણસને સત્સંગ બહાર ન કાઢે એવા ઉપર કહ્યા તે સર્વ અધિકારીઓને ભૂતનો કે બ્રહ્મરાક્ષસનો દેહ આવશે. એ દંડ દીધો છે અને એમણે જે ભક્તિ કરી હશે તેનું ફળ રઝળતાં રઝળતાં મળશે, એટલે જ્યારે ભૂતના કે બ્રહ્મરાક્ષસના દેહનો અંત આવે, ત્યારે પણ આહાર શુદ્ધ કરશે ને કુસંગીના સંગનો તથા કુપાત્ર માણસનો ત્યાગ કરશે ત્યારે કલ્યાણ કરીશું એમ કહ્યું છે, માટે ત્યાગી હોય તેમણે ધર્મ પાળવો ને ધર્મવાળો સાધુ હોય તેની જ પાસે સેવા કરાવવી, પણ કુપાત્ર એટલે ધન-સ્ત્રી આદિકનો પ્રસંગ હોય તેને સેવામાં ન રાખવો ને શિષ્યે પણ ધન-સ્ત્રી આદિકના પ્રસંગવાળા ગુરુને સેવવા નહિ; ધર્મવાળાને જ સેવવા. અને ગૃહસ્થ હોય તેમણે પણ વર્તમાન રહિત એવા કુપાત્ર માણસનો પ્રસંગ કોઈ પ્રકારે ન રાખવો. ને જે આચાર્ય હોય તેમણે તો સર્વથી વિશેષ ધર્મ પાળવો. અને જે કુપાત્ર છે તે તો જીવતાં જ ભૂત ને બ્રહ્મરાક્ષસ છે, ને જીવે છે તો પણ મરેલો છે. અને કદાપિ સત્સંગમાં પડ્યો હોય તો પણ શબવત્ છે, તેને તો ભૂખ, દુઃખ ને માર જ મળે પણ કલ્યાણ ન થાય.

૪ **પ્ર૦** (ચોથી બાબતમાં) શ્રીજીમહારાજે અમારા હૃદયમાં નરનારાયણ પ્રગટ વિરાજે છે, અને હું અનાદિમુક્ત છું એમ કહ્યું અને (**મ૦ ૧૩**/૩માં તથા **અ૦ ૭**/૧ માં તથા **જે૦ ૪** ના ૧/૩.૪ પહેલા પ્રશ્નમાં તથા **૫**/૧ પાંચમામાં) અમે જ ભગવાન છીએ એમ કહ્યું છે તે કેમ સમજવું?

૪ **ઉ૦** શ્રીજીમહારાજ જ્યારે મુક્તભાવે બોલ્યા હોય, ત્યારે અમે ભગવાન છીએ એમ ન કહ્યું હોય, ને પોતે ભગવાનપણે બોલ્યા હોય, ત્યારે અમે જ ભગવાન છીએ એમ કહ્યું હોય પણ પોતે જ ભગવાન છે, અને અમે અનાદિમુક્ત છીએ એમ કહ્યું, તે અનાદિમુક્તના ભાવે બોલ્યા છે અને અનાદિમુક્ત છે તે પરમએકાંતિક મુક્તથી અધિક છે ને શ્રીજીમહારાજની મૂર્તિમાં સદાય રહે છે.

૫ **પ્ર૦ શ્રીજીમહારાજે "અનાદિમુક્ત હું છું" એમ પોતાને કહ્યું અને (પ્ર૦ ૩૨માં) નારદ-સનકાદિકને અનાદિમુક્ત કહ્યા છે અને તમે પણ (પ્ર૦ ૫ ના બીજા પ્રશ્નોત્તરમાં ) શ્રીજીમહારાજના મુક્તને અનાદિ કહ્યા છે તે કેમ સમજવું ?**

૫ **ઉ૦** સ્વસિદ્ધ અનાદિ તો જેને કોઈનો ઉપદેશ ન હોય, અને કોઈની ભક્તિ ન હોય, ને જે કોઈને આધીન ન હોય તેને જ કહેવાય, માટે અનાદિ તો શ્રીજીમહારાજ એક જ છે. અને જે શ્રીજીમહારાજની મૂર્તિને વિષે રહ્યા હોય તેને પણ અનાદિ કહેવાય. જેમ શ્રીજીમહારાજ એક જ ભગવાન છે તો પણ તેમની સત્તા જેમાં આવેલી છે, તે સર્વે અવતારોને પણ શ્રીજીમહારાજને લઈને ભગવાન કહેવાય છે, તેમ જેને શ્રીજીમહારાજની મૂર્તિને વિષે એકતા થાય, તેને શ્રીજીમહારાજને લઈને અનાદિ કહેવાય અને જેમ મૂળઅક્ષરકોટી, બ્રહ્મકોટી, તથા મૂળપુરુષકોટીને ભગવાન કહેવાય છે, તેમજ તેમને વિષે એકતાને પામેલા તેમના ઉત્તમ ભક્તોને પણ અનાદિ કહેવાય. જેમ સરકાર એક જ છે પણ તેને લઈને બીજા અધિકારીઓને પણ સરકાર કહેવાય છે, પણ ખરા સરકાર તો વિલાયતમાં એક જ છે, તેમ ખરા અનાદિ ને ખરા ભગવાન તો એક શ્રીજીમહારાજ જ છે, અને બીજા એમને લઈને કહેવાય છે.

૬ **પ્ર૦** શ્રીજીમહારાજે કહ્યું જે અમારો વાદ ન લેવો તે કેવી રીતે વર્તે ત્યારે વાદ લીધો કહેવાય ?

૬ **ઉ૦** શ્રીજીમહારાજ જેમ જેને સમાસ થાય તેમ આચરણ તથા લીલાઓ કરતા તેમ ત્યાગી-ગૃહીએ ન કરવું. ત્યાગી-ગૃહીએ તો જેમ શ્રીજીમહારાજે પોતપોતાના ધર્મ કહ્યા છે તે પ્રમાણે વર્તવું, પણ શ્રીજીમહારાજ કરતા માટે આપણને શો બાધ છે, એમ જાણીને તેવી ક્રિયાનું આચરણ કરે તો તે વાદ લીધો કહેવાય. ॥**૧૮**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૧૯

❖સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૧ પડવાને દિવસ શ્રીજીમહારાજ સંધ્યા સમે શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજતા હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, (૧) આત્મજ્ઞાનનું કામ ભારે છે, તેમજ ભગવાનને વિષે જે પ્રીતિ તેનું કામ પણ ભારે છે, અને એકલે આત્મજ્ઞાને પણ કામ સરતું નથી, ને કદાપિ આત્મજ્ઞાન ન હોય ને એકલો પ્રેમ હોય, તો તેણે કરીને પણ કામ સરતું નથી, કાં જે આત્મજ્ઞાન ન હોય તો ભગવાનમાં પ્રીતિ કરતે કરતે દેહાભિમાનને યોગે કરીને બીજા પદાર્થમાં પણ પ્રીતિ થઈ જાય; અને આત્મજ્ઞાન હોય ને પ્રીતિ ન હોય તો તે મોટા ઐશ્વર્યને ન પામે, ને જ્ઞાની ભક્ત ન કહેવાય. માટે જે સ્વધર્મમાં રહીને પરમેશ્વરને ભજતો હોય તેને આત્મજ્ઞાન પણ દૃઢ જોઈએ, ને ભગવાનને વિષે પ્રીતિ પણ દૃઢ જોઈએ, અને વૈરાગ્ય પણ સુધો દૃઢ જોઈએ, ને એ ત્રણે અંગની જેને દૃઢતા હોય તેને પૂરો હરિભક્ત જાણવો ને તેમાં કાંઈ ન્યૂનતા હોય તેટલી ખોટ્ય જાણીને તેને ટાળી નાખવી. (૧) ઈતિ વચનામૃતમ્ ॥૧૯॥ ૧

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય (૧) છે. તેમાં શ્રીજીમહારાજે ધર્મ, આત્મનિષ્ઠા, પ્રીતિ ને વૈરાગ્ય એ ચાર અંગની દૃઢતા કરવાનું કહ્યું છે. (૧) બાબત છે.

૧ **પ્ર૦** આમાં સ્વધર્મ, આત્મજ્ઞાન, પ્રીતિ ને વૈરાગ્ય તે સંપૂર્ણ ન હોય તેને ખોટ્ય કહી અને (**મ૦** ૯/૫ માં) અતિશે પ્રીતિ હોય તો કાંઈ કરવું રહેતું નથી એમ કહ્યું છે તે કેમ સમજવું ? તેમજ (**પ્ર૦ ૨૧**/૧ માં) પણ સ્વધર્માદિક ચાર સાધને પોતાની પ્રસન્નતા કહી છે, અને (**મ૦ ૬૨** ના ત્રીજા પ્રશ્નમાં) આત્મનિષ્ઠા, પ્રીતિ ને દાસપણું એમાંથી એક અંગ દૃઢ કરે તો પણ મોક્ષ થાય એમ કહ્યું છે તે કેમ સમજવું ?

૧ ઉ૦ આમાં તથા (**પ્ર૦ ૨૧**/૧ માં) સાધારણ પ્રીતિ કહી છે. અને (**મ૦** ૯/૫માં અને ૬૨)માં અસાધારણ પ્રીતિ કહે છે અને આમાં તથા (**પ્ર. ૨૧**/૧)માં આત્મજ્ઞાન કહ્યું છે અને ત્રણ દેહથી નોખો જે જીવાત્મા તેનું જ્ઞાન કહ્યું છે. અને (**મ૦ ૬૨** માં) શ્રીજીમહારાજના તેજરૂપ જે આત્મા તે રૂપ થવું તે આત્મનિષ્ઠા કહી છે. તે (**સા૦૫** ના ૧/૨ પહેલા પ્રશ્નમાં) માહાત્મ્યે સહિત ભક્તિ આવે, તો કલ્યાણકારી સર્વે ગુણ આવે છે. તથા (**વ૦ ૩** ના બીજા પ્રશ્નમાં) અસાધારણ ભક્તિ આવે, તો જ્ઞાનાદિક ત્રણે એક ભક્તિમાં આવી જાય એમ કહ્યું છે. માટે આમાં તથા (**પ્ર૦૨૧** માં) ચાર સાધન કહ્યાં તે સામાન્ય કહ્યાં છે, અને અસાધારણ હોય તો એકના પેટામાં ચારે આવી જાય. ॥૧૯॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૨૦

❖ સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૨ બીજને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ગાદી-તકિયો નખાવીને વિરાજતા હતા અને ધોળી પાઘ માથે બાંધી હતી ને તે પાઘને વિષે પીળા ફૂલનો તોરો વિરાજમાન હતો અને કંઠને વિષે પીળા પુષ્પનો હાર વિરાજમાન હતો અને બે કાનને વિષે ધોળાં ને પીળાં પુષ્પના ગુચ્છ વિરાજમાન હતા અને ધોળો ચોફાળ ઓઢ્યો હતો ને કાળા છેડાનો ખેસ પહેર્યો હતો ને કથા વંચાવતા હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ બોલ્યા જે, (૧) સાંભળો : સર્વેને એક પ્રશ્ન પૂછીએ છીએ. ત્યારે સર્વે હરિભક્તે હાથ જોડીને કહ્યું જે પૂછો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની તે કોણ છે ? પછી તો સર્વે વિચારી રહ્યા પણ ઉત્તર કરી શક્યા

નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો અમે જ ઉત્તર કરીએ. ત્યારે સર્વેએ રાજી થઈને કહ્યું જે, હે મહારાજ ! તમથી જ યથાર્થ ઉત્તર થાશે માટે કહો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, આ દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુએ છે ને કુરૂપને જુએ છે તથા બાળ, યૌવન ને વૃદ્ધપણાને જુએ છે, એવાં અનંત પદાર્થને જુએ છે, પણ જોનારો પોતે પોતાને જોતો નથી. અને કેવળ બાહ્યદૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે. પણ પોતે પોતાને નથી જોતો તે જ અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે. અને જેમ નેત્રે કરીને અનંત પ્રકારના રૂપના સ્વાદને લે છે, તેમજ શ્રોત્ર, ત્વક્, રસના, ઘ્રાણ ઈત્યાદિક સર્વે ઈન્દ્રિયોએ કરીને વિષયસુખને ભોગવે છે, ને જાણે છે પણ **પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો નથી એ જ સર્વે અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે, ને એ જ ઘેલામાં અતિશે ઘેલો છે, ને એ જ મૂર્ખમાં અતિશે મૂર્ખ છે, ને એ જ સર્વે નીચમાં અતિશે નીચ છે.** (૧) ૧

૨ ત્યારે શુકમુનિએ આશંકા કરી જે, (૨) પોતાનું સ્વરૂપ જોવું તે શું પોતાના હાથમાં છે ? ને જો પોતાના હાથમાં હોય તો જીવ શીદ અતિશે અજ્ઞાની રહે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને સત્સંગ થયો છે, તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે ને કે દહાડે એણે પોતાના સ્વરૂપને જોયાનો આદર કર્યો, ને ન દીઠું ? **અને એ જીવ માયાને આધીન થકો પરવશ થઈને તો સ્વપ્ન ને સુષુપ્તિ અવસ્થામાં અંતર્દૃષ્ટિ કરીને જાય છે, પણ પોતે પોતાને જાણે કોઈ દિવસ પોતાના સ્વરૂપને જોવાને અંતર્દૃષ્ટિ કરતો નથી. અને જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દૃષ્ટિ કરે છે, તે તો પોતાના સ્વરૂપને અતિશે ઉજ્જવળ પ્રકાશમાન જુએ છે. ને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે. અને નારદ-સનકાદિક જેવો સુખિયો પણ થાય છે. માટે હરિભક્તને તો જેટલી કસર રહે છે તેટલી પોતાની આળસે કરીને રહે છે.** (૨) ઈતિ વચનામૃતમ્ ॥૨૦॥ ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન (૨) છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે અંતરવૃત્તિએ કરીને પોતે પોતાને ન જાણે ને ન જુએ તેને અતિશે અજ્ઞાની કહ્યો છે. (૧) અને બીજામાં અમારો પ્રતાપ વિચારીને અંતર્દૃષ્ટિ કરે, તે પોતાના સ્વરૂપને પ્રકાશમાન દેખે અને તેને મધ્યે અમને પ્રત્યક્ષ દેખે છે અને નારદ સનકાદિક જેવો એટલે અમારા સિદ્ધ મુક્ત જેવો સુખિયો થાય છે, એમ કહ્યું છે. (૨) બાબતો છે.

૧ **પ્ર૦** બીજા પ્રશ્નમાં જે અમારો પ્રતાપ વિચારીને અંતરવૃત્તિ કરે તે પોતાના સ્વરૂપને દેખે છે, ને તેને વિષે અમારી મૂર્તિને પણ દેખે છે, એમ શ્રીજીમહારાજે કહ્યું તે અંતર્દૃષ્ટિ તે શું ? અને જીવાત્માને વિષે તો શ્રીજીમહારાજ અન્વયપણે અંતર્યામીરૂપે રહ્યા છે, ને વ્યતિરેક મૂર્તિ તો અક્ષરકોટીથી પર પોતાના તેજરૂપ અક્ષરધામને વિષે રહી છે. તે જીવાત્માને વિષે શી રીતે દેખાય ?

૧ **ઉ૦** દેહભાવ ભૂલીને પોતાના ચૈતન્યને શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામ, તે રૂપ માનીને તે આત્માકારે વૃત્તિ કરીને તેમાં શ્રીજીમહારાજની મૂર્તિને ધારે, તે અંતર્દૃષ્ટિ કહેવાય અને સાધુનો સમાગમ કરીને, શ્રીજીમહારાજને સર્વોપરી જાણીને, પોતાને શ્રીજીમહારાજના તેજરૂપ માનીને, શ્રીજીમહારાજ મનુષ્યરૂપે દર્શન આપતા હોય, ત્યારે તે મનુષ્યરૂપે મૂર્તિને જીવાત્મામાં ધારે, અને મનુષ્યરૂપે ન દેખાતા હોય ત્યારે શ્રીજીમહારાજની પ્રતિમાને ધારે, ત્યારે તે જીવ મહા તેજરૂપ થાય. ને તે તેજમાં મૂર્તિને પ્રકાશમાન દેખે. ॥૨૦॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૨૧

❖ સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સાંજને સમે ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજતા હતા અને કાળા છેડાનો ખેસ પહેર્યો હતો ને ધોળો ચોફાળ ઓઢ્યો હતો ને ધોળી પાઘ માથે બાંધી હતી ને ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા ને પોતાની આગળ સાધુ ઝાંઝ-પખાજ લઈને કીર્તન ગાતા હતા ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના સત્સંગીની સભા ભરાઈને બેઠી હતી.

પછી તે સર્વેને શ્રીજીમહારાજે છાના રાખ્યા, ને એમ બોલ્યા જે, સર્વે સાંભળો એક વાર્તા કરીએ : એમ કહીને ઝાઝી વાર સુધી તો નેત્રકમળને મીંચીને વિચારી રહ્યા ને પછી બોલ્યા
૧ જે, (૧) જે હરિભક્તના મનમાં ભગવાનને અતિ પ્રસન્ન કરવાની ઈચ્છા હોય તે ભગવાનને પ્રસન્ન કરવાનો તો એ ઉપાય છે જે, પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તેને વિષે અચળ નિષ્ઠા, તથા આત્મનિષ્ઠાની અતિશે દઢતા, તથા એક ભગવાન વિના બીજા સર્વે પદાર્થને વિષે અરુચિ, તથા ભગવાનને વિષે માહાત્મ્યે સહિત એવી નિષ્કામ ભક્તિ, એ ચાર સાધને કરીને ભગવાનની અતિશે પ્રસન્નતા થાય છે. અને એ જે ચાર સાધન તેને **એકાંતિક ધર્મ** કહીએ ને એવા એકાંતિક ધર્મવાળા જે ભક્ત તે આ સમામાં આપણા સત્સંગમાં કેટલાક છે. (૧) ૧

**અને જે ભગવાનનો ભક્ત હોય તેને ખાતાં-પીતાં, ન્હાતાં-ધોતાં, ચાલતાં-બેઠતાં સર્વે ક્રિયાને વિષે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું,** અને જ્યારે અંતરમાં કાંઈ વિક્ષેપ ન હોય ત્યારે તો ભગવાનનું ચિંતવન કરવું, ને ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું, અને જો અંતરમાં સંકલ્પ-વિકલ્પનો વિક્ષેપ થાય તો દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, દેવતા, વિષય એ સર્વેથી પોતાનું સ્વરૂપ જુદું સમજવું, ને જ્યારે સંકલ્પનો વિરામ થાય ત્યારે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું. (૨) ૨

અને **આ દેહને તો પોતાનું સ્વરૂપ માનવું નહિ ને દેહનાં જે સંબંધી તેને પોતાનાં સંબંધી માનવાં નહિ, કેમ જે આ જીવ છે તે ચોરાશી લાખ જાત્યના દેહને પૂર્વે ધરી આવ્યો છે, ને જેટલી જગતમાં સ્ત્રીઓ છે, તે સર્વેને પેટ જન્મ લીધા છે તથા જગતમાં જેટલી કૂતરિયું, જેટલી મીનડિયું, જેટલી વાનરિયું, એ આદિક જે જે ચોરાશીમાં જીવ છે તે સર્વેને પેટ કેટલીક વાર જન્મ ધર્યા છે. અને જગતમાં જેટલી જાતની સ્ત્રીઓ છે, તેમાં કેઈ એણે સ્ત્રી નથી કરી ? સર્વેને પોતાની સ્ત્રીઓ કરી છે તેમજ એ જીવે સ્ત્રીના દેહ ધરીને જગતમાં જેટલી જાત્યના પુરુષ છે, તે સર્વેને પોતાના ધણી કર્યા છે, તેટલા માટે જેમ એ ચોરાશી લાખ જાત્યના સગપણને હમણે માનતા નથી, તથા ચોરાશી લાખ જાત્યના દેહને પોતાનો દેહ માનતા નથી, તેમજ આ દેહને પોતાનું સ્વરૂપ માનવું નહિ, ને આ દેહનાં સંબંધીને પોતાનાં સંબંધી માનવા નહિ, કેમ જે ચોરાશી લાખ જાત્યના દેહ ધર્યા તેનો સંબંધ રહ્યો નહિ, તો આ દેહનો સંબંધ**

**પણ નહિ જ રહે.** તે માટે દેહગેહાદિક સર્વે પદાર્થને અસત્ય જાણીને તથા દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ તેથી જુદું પોતાનું સ્વરૂપ જાણીને, તથા પોતાના ધર્મમાં રહીને, ભગવાનની નિષ્કામ ભક્તિ કરવી. (૩) અને દિવસે દિવસે ભગવાનનું અતિશે માહાત્મ્ય જણાય તેને ૩
અર્થે સાધુનો સંગ નિરંતર રાખવો. (૪) અને જે આવી રીતે નથી સમજતો ને કેવળ ૪
દેહાભિમાની ને પ્રાકૃત મતિવાળો છે, ને તે જો સત્સંગમાં પડયો છે, તો પણ એને પશુ જેવો જાણવો. અને આ સત્સંગમાં તો ભગવાનનો મોટો પ્રતાપ છે, તેણે કરીને પશુનું પણ કલ્યાણ થાય છે, તો મનુષ્યનું કલ્યાણ થાય તેમાં શું આશ્ચર્ય કહેવાય ! પણ એને ખરેખરો ભગવાનનો એકાંતિક ભક્ત ન કહેવાય. (૫) એકાંતિક ભક્ત તો જેની પ્રથમ કહ્યું એવી સમજણ હોય ૫
તેને જ કહીએ અને એવો જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને, ને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને, **અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે.** (૬) તે અક્ષરનાં બે સ્વરૂપ ૬
છે : એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે, તેને ચિદાકાશ કહીએ; બ્રહ્મમોહોલ કહીએ; અને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમનારાયણની **સેવામાં** રહે છે. (૭) અને એ અક્ષરધામને પામ્યો ૭
જે ભક્ત તે પણ અક્ષરના સાધર્મ્યપણાને પામે છે, ને ભગવાનની **અખંડ સેવામાં** રહે છે. અને એ અક્ષરધામને વિષે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણ તે સદા વિરાજમાન છે. અને એ અક્ષરધામને વિષે અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા એવા અનંતકોટી મુક્ત રહ્યા છે તે સર્વે પુરુષોત્તમના દાસભાવે વર્તે છે, ને પુરુષોત્તમ નારાયણ તે સર્વેના સ્વામી છે, ને અનંતકોટી બ્રહ્માંડના રાજાધિરાજ છે. માટે આપણા સત્સંગી સર્વેને તો એમ જ નિશ્ચય કરવો જે, આપણે પણ એ અક્ષરરૂપ જે મુક્ત તેમની પંક્તિમાં ભળવું છે ને એ અક્ષરધામમાં જઈને **અખંડ ભગવાનની સેવામાં** હજૂર રહેવું છે, પણ નાશવંત ને તુચ્છ એવું જે માયિક સુખ તેને ઇચ્છવું નથી, ને એમાં કોઈ ઠેકાણે લોભાવું નથી. એવો દૃઢ નિશ્ચય રાખીને, નિરંતર ભગવાનની એકાંતિક ભક્તિ કરવી, અને ભગવાનનું અતિશે માહાત્મ્ય યથાર્થ સમજીને, ભગવાન વિના બીજા જે સ્ત્રી-ધનાદિક સર્વે પદાર્થ તેની જે વાસના તેને દેહ છતે જ ટાળી નાખવી. (૮) ૮
અને જો ભગવાન વિના બીજા પદાર્થની વાસના રહી ગઈ હોય ને તેનો દેહ પડે ને તેને ભગવાનના ધામમાં જાતે જો માર્ગમાં સિદ્ધિઓ દેખાય તો તે ભગવાનને મૂકીને તે સિદ્ધિઓમાં લોભાઈ જાય તો તેને મોટું વિઘ્ન થાય. માટે સર્વે પદાર્થની વાસના ટાળીને ભગવાનને ભજવા. (૯) ઇતિ વચનામૃતમ્ ॥૨૧॥ ૯

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય (૧) છે. તેમાં સ્વધર્માદિક ચાર સાધન દૃઢ કરે તેના ઉપર અમે પ્રસન્ન થઈએ છીએ. અને એ ચાર સાધન તે એકાંતિક ધર્મ છે. (૧) અને સર્વે ક્રિયામાં અમારી મૂર્તિનું ચિંતવન કરવું. (૨) અને દેહગેહાદિકને અસત્ય જાણીને તેથી પોતાનું સ્વરૂપ જુદું માનીને, ધર્મે સહિત અમારી નિષ્કામ ભક્તિ કરવી. (૩) ને અમારો મહિમા સમજવા માટે સાધુનો સંગ રાખવો. (૪) અને અમારે પ્રતાપે પશુનું પણ કલ્યાણ થાય છે. (૫) અને અમારા એકાંતિક ભક્ત અર્ચિમાર્ગે કરીને અક્ષરધામને પામે છે, ને અમારી સેવામાં રહે છે. (૬) અને તે અક્ષરધામનાં બે સ્વરૂપ છે. (૭) અને મુક્ત સર્વે અમારા દાસ છે. ને અમે સર્વેના સ્વામી છીએ. (૮) અને અમારા વિના બીજી વાસના રહી ગઈ હોય, તેને

સિદ્ધિઓ દેખાય તેમાં મોહ પામે તો મોટું વિઘ્ન થાય, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (૯) બાબતો છે.

૧ **પ્ર૦** ચોથી બાબતમાં સાધુનો સમાગમ કરવાનો કહ્યો, તે સાધુ કોને જાણવા ? ને નિરંતર સંગ રાખવાનો કહ્યો, તે કેવી રીતે સંગ રાખે તો નિરંતર સંગ રાખ્યો કહેવાય ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના હોય ને સ્વધર્માદિક ચાર સાધને યુક્ત હોય, તેને આ ઠેકાણે સાધુ કહ્યા છે. અને એ સાધુનો સંગ સદાય કરવો. એવા સાધુનો યોગ દેહે કરીને ન હોય ત્યારે એ સાધુ થકી પ્રથમ જ્ઞાન સાંભળેલું હોય, તે સંભારીને તે પ્રમાણે નિરંતર વર્તવું તો નિરંતર સંગ રાખ્યો કહેવાય.

૨ **પ્ર૦** પાંચમી બાબતમાં પશુ જેવાનું કલ્યાણ થાય એમ કહ્યું, તે કેવાં લક્ષણવાળો હોય તેને પશુ જેવો જાણવો ?

૨ **ઉ૦** સ્થૂળ દેહે વર્તમાન પાળતો હોય પણ સૂક્ષ્મ દેહમાં વિષયના સંકલ્પ થતા હોય, ને દેહાભિમાન હોય, ને વાસના હોય, ને આત્મા-પરમાત્માનું જ્ઞાન ન હોય, ને કથા-વાર્તામાં સમજતો ન હોય અને કોઈનો અવગુણ ન લેતો હોય, તે ત્યાગીમાં અથવા ગૃહસ્થમાં હોય તેને પશુ તુલ્ય કહ્યો છે.

૩ **પ્ર૦ છઠ્ઠી બાબતમાં અર્ચિમાર્ગે કરીને અક્ષરધામને પામે છે એમ કહ્યું, તે અર્ચિમાર્ગ તે કિયો સમજવો ? અને અક્ષરધામ કિયું જાણવું ?**

૩ **ઉ૦** ચાર સાધને યુક્ત એવા એકાંતિક સાધુનો સંગ કરીને ધર્મ, આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત નિષ્કામ ભક્તિ, એ ચાર સાધન સિદ્ધ કરીને એકાંતિક થાય, તે માયાથી મુક્ત થયો કહેવાય. પછી તેને શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રહેવા માંડે, તે વૃત્તિ રાખતાં રાખતાં દેહની વિસ્મૃતિ થાય ને શ્રીજીમહારાજની મૂર્તિનો પ્રકાશ દેખાય. તે તેજદ્વારાએ શ્રીજીમહારાજની મૂર્તિ દેખાય, તે તેજને અર્ચિમાર્ગ કહ્યો છે. અને શ્રીજીમહારાજની મૂર્તિના પ્રકાશને અક્ષરધામ કહ્યું છે. તે (**પં૦ ૧**/૧ માં) પોતાની મૂર્તિના પ્રકાશને પોતાને રહેવાનું ધામ કહ્યું છે. તથા (**મ૦ ૧૩**/૨ માં) પોતાના તેજને આત્મા તથા બ્રહ્મ તથા અક્ષરધામ કહ્યું છે. આનો વિસ્તાર (**પ્ર૦ ૭** ના છઠ્ઠા પ્રશ્નોત્તરમાં તથા ૪૫ના બીજા પ્રશ્નોત્તરમાં ) કર્યો છે.

૪ **પ્ર૦** શ્રીજીમહારાજના તેજરૂપ ધામને શ્રીજીમહારાજને વિષે સ્વામી-સેવક ભાવ છે કે નથી ?

૪ **ઉ૦** જેમ સૂર્યના પ્રકાશને સૂર્યને વિષે તથા અગ્નિની જ્વાળાને અગ્નિને વિષે સ્વામી-સેવક ભાવ નથી તેમ શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામને શ્રીજીમહારાજને વિષે સ્વામી-સેવક ભાવ નથી, કેમ જે એ તેજ મૂર્તિનું કાર્ય છે પણ મૂર્તિથી જુદી વસ્તુ નથી, માટે સ્વામી-સેવક ભાવ નથી, પણ કાર્ય-કારણ ભાવ ને શરીર-શરીરી ભાવ છે.

૫ **પ્ર૦** જે વસ્તુ જુદી ન હોય તેમાં કાર્ય-કારણ ભાવ ને શરીર-શરીરી ભાવ કેવી રીતે હોય ?

૫ **ઉ૦** જેમ સૂર્યનું તેજ સૂર્યને આધારે છે ને અગ્નિની જ્વાળા અગ્નિને આધારે છે તેમ શ્રીજીમહારાજનું તેજ શ્રીજીમહારાજને આધારે છે. માટે આધાર-આધેય ભાવ ને કાર્ય-કારણ ભાવ તથા શરીર-શરીરી ભાવ છે એમ (**પ્ર૦ ૬૪**/૧)માં કહ્યું છે.

૬ **પ્ર૦** અક્ષરધામ શ્રીજીમહારાજથી જુદી વસ્તુ નથી ત્યારે (૭મી બાબતમાં) એ અક્ષરધામ બીજે રૂપે કરીને શ્રીજીમહારાજની સેવામાં રહે છે, એમ કહ્યું તે બીજું રૂપ કેવી રીતે સમજવું ? અને સેવા શી સમજવી ?

૬ **ઉ૦** શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામ છે તે મૂર્તિમાન મૂળઅક્ષરનું શરીરી, વ્યાપક, દૃષ્ટા, આત્મા ને આધાર છે. તે મૂળઅક્ષરમાં અંતર્યામીપણે રહીને તે મૂળઅક્ષરદ્વારે સર્વેની ઉત્પત્ત્યાદિક કરાવે છે. તે મૂર્તિમાન અક્ષરને આ તેજરૂપ અક્ષરધામનું બીજું રૂપ કહ્યું છે અને સર્વેની ઉત્પત્તિ કરવી તે સેવા કહી છે, પણ હજૂરની સેવા કહી નથી; અખંડ સેવામાં તો મુક્ત રહ્યા છે એમ કહ્યું છે. અને મુક્તને જ પોતાના દાસ કહ્યા છે, ને પોતાને મુક્તના સ્વામી કહ્યા છે. અને અક્ષરધામ તો શ્રીજીમહારાજનો પ્રકાશ છે તે પ્રકાશરૂપ ધામને ને શ્રીજીમહારાજને સ્વામી-સેવકપણું કહેવાય નહિ. અને (આઠમી બાબતમાં) અક્ષરના સાધર્મ્યપણાને પામે છે, એમ કહ્યું છે, તે નિરાકાર અક્ષરના સાધર્મ્યપણાને પામે છે, એમ કહ્યું છે. પણ મૂર્તિમાન અક્ષરના સાધર્મ્યપણાને પામે છે, એમ નથી કહ્યું, કેમ જે મૂર્તિમાન અક્ષરના મુક્ત તો જુદા છે. અને શ્રીજીમહારાજના તેજરૂપ થઈને એ તેજમાં એકતા કરે તો જ શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થાય. તે (**મ૦ ૫૦** માં) એકરસ પરિપૂર્ણ એવું બ્રહ્મસ્વરૂપ, જે શ્રીજીનું તેજ, તેમાં આત્માને લીન કરીને, તેમાં મહારાજ ને મુક્ત રહ્યા છે તેમને વિષે પ્રીતિ જોડવી

એમ કહ્યું છે. માટે અક્ષરના સાધર્મ્યપણાને પામવાની વાત જ્યાં આવે, ત્યાં શ્રીજીમહારાજના તેજરૂપ નિરાકાર અક્ષર જાણવું, તે નિરાકાર અક્ષર જે શ્રીજીમહારાજનું તેજ તેમાં એકતા કરવાથી શ્રીજીની મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે ત્યારે તે મુક્તનો ચૈતન્ય શ્રીજીમહારાજના જેવો જ સાકાર થઈ જાય છે, જેમ ભમરીને ધ્યાને ઇયળની ભમરી થઈ જાય છે તેમ.

૭ **પ્ર૦** શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામને સાકાર મૂળઅક્ષરનું શરીરી ને વ્યાપક, દૃષ્ટા ને આત્મા કહ્યું તે કિયા વચનામૃતમાં કહ્યું છે ?

૭ **ઉ૦** (**પ્ર૦ ૬૪**/૧ માં) આ અક્ષરધામને સાકાર મૂળઅક્ષરનું શરીરી તથા વ્યાપક, દૃષ્ટા ને આત્મા કહ્યું છે, ને (**કા૦ ૮**/૧ માં) પણ સાકાર અક્ષરનું આત્મા કહ્યું છે.

૮ **પ્ર૦** અક્ષરધામને વિષે શ્રીજીમહારાજની સેવા મુક્ત કરે છે એમ કહ્યું તે ધામમાં સેવા શી હશે ?

૮ **ઉ૦** શ્રીજીમહારાજના મહિમાનું મુક્તને અપારપણું રહે છે તેણે કરીને અતિશે દૃઢ સ્વામી-સેવકભાવ છે. તે સ્વામી-સેવકભાવ એ જ સેવા કહી છે, માટે સેવકભાવ છે એ જ સેવા છે. **॥૨૧॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૨૨

❖સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૪ ચોથને દિવસ મધ્યાહ્ન સમે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઊગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધાર્યાં હતાં ને પાઘને વિષે ફૂલનો તોરો ખોસ્યો હતો ને બે કાન ઉપર પુષ્પના ગુચ્છ ધાર્યા હતા ને કંઠમાં ગુલદાવદીના પુષ્પનો હાર પહેર્યો હતો ને ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પરમહંસ કીર્તન ગાતા હતા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સાંભળો એક વાત કરીએ. ત્યારે સર્વે પરમહંસ ગાવવું
૧ રાખીને વાત સાંભળવા તત્પર થયા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, (૧) **મૃદંગ, સારંગી, સરોદા, તાલ ઇત્યાદિક વાજિંત્ર વજાડીને કીર્તન ગાવવાં, તેને વિષે જો ભગવાનની સ્મૃતિ ન રહે, તો એ ગાયુ તે ન ગાયા જેવું છે, ને ભગવાનને વિસારીને તો જગતમાં કેટલાક જીવ ગાય છે, તથા વાજિંત્ર વજાડે છે, પણ તેણે કરીને તેના મનમાં શાંતિ આવતી નથી. તે માટે ભગવાનનાં કીર્તન ગાવવાં તથા નામરટણ કરવું તથા નારાયણ-ધુન્ય કરવી, ઈત્યાદિક જે જે કરવું તે ભગવાનની મૂર્તિને સંભારીને જ કરવું. અને ભજન કરવા બેસે ત્યારે તો ભગવાનને વિષે વૃત્તિ રાખે ને જ્યારે ભજનમાંથી ઊઠીને બીજી ક્રિયાને કરે, ત્યારે જો ભગવાનમાં વૃત્તિ ન રાખે તો તેની વૃત્તિ ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનના સ્વરૂપમાં સ્થિર થાય નહીં, માટે હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં સર્વે ક્રિયાને વિષે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો, તો તેને ભજનમાં બેસે ત્યારે ભગવાનમાં વૃત્તિ સ્થિર થાય. અને જેને ભગવાનમાં વૃત્તિ રહેવા લાગે તેને તો કામકાજ કરતે પણ રહે, અને જેને ગાફલાઈ હોય તેને તો ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનમાં વૃત્તિ ન રહે. તે માટે સાવધાન થઈને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ ભગવાનના ભક્તને કરવો. એટલી વાત કરીને**

**શ્રીજીમહારાજ બોલ્યા જે હવે કીર્તન ગાઓ.** (૧) ઈતિ વચનામૃતમ્ ॥૨૨॥ ૧

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય (૧) છે. તેમાં કથા-કીર્તનાદિક સર્વે ક્રિયામાં અમારી મૂર્તિને વિષે વૃત્તિ રાખે તો અમારી મૂર્તિમાં વૃત્તિ સ્થિર થાય છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (૧) બાબત છે.

૧ **પ્ર૦** વાજિંત્ર વજાડીને કીર્તન ગાતાં ભગવાનની સ્મૃતિ ન રહે, તો ગાયું તે ન ગાયા જેવું કહ્યું. તે જગતના જીવને તો ભગવાનની ઉપાસના નથી, એટલે ફળ નથી થતું પણ ભગવાનના ભક્ત તો કથા-વાર્તા કરતા હોય, ને મૂર્તિની સ્મૃતિ ન રહેતી હોય તેને કથા-કીર્તનનું ફળ થાય કે નહિ ?

૧ **ઉ૦** જેને ભગવાનની સ્મૃતિ ન રહે તેને સ્મૃતિનું ફળ જે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં કોઈ પ્રકારનો વિક્ષેપ ન આવે, ને સુખે મૂર્તિમાં વૃત્તિ રહે એ ફળ ન થાય. તેથી તે ગાયું તે ન ગાયા જેવું કહ્યું છે, પણ કથા-કીર્તનનું ફળ જે ભગવાનની સ્મૃતિ રહેવા માંડે, તે ફળ તો થાય, કેમ જે કથા-કીર્તનમાં ભગવાનની મૂર્તિના અંગનું વર્ણન આવે માટે કથા-કીર્તન છે તે સ્મૃતિ રહેવાનો ઉપાય છે. ॥૨૨॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૨૩

❖ સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૫ પંચમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઊગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને શ્રીજીમહારાજે માથે ધોળો ફેંટો બાંધ્યો હતો તથા ધોળુ અંગરખું પહેર્યું હતું તથા ધોળો સુરવાળ પહેર્યો હતો તથા કેડે કસુંબલ શેલું બાંધ્યું હતું ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી કરુણા કરીને પરમહંસની આગળ શ્રીજીમહારાજ વાત કરવા લાગ્યા જે, (૧) 'વાસુદેવ માહાત્મ્ય' નામે જે ગ્રંથ તે અમને અતિશે પ્રિય છે, કેમ જે ભગવાનના ભક્તને ભગવાનને ભજ્યાની જે રીતિ તે સર્વે એ ગ્રંથમાં કહી છે. અને ભગવાનના જે ભક્ત તે બે પ્રકારના છે. તેમાં એકને ભગવાનનો નિશ્ચય તો યથાર્થ છે, પણ તે **દેહાત્મબુદ્ધિ** સોતો ભગવાનનું ભજન કરે છે. અને બીજો તો જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહ તેથી પર ને ચૈતન્યરૂપ એવું પોતાના સ્વરૂપને માને અને તે પોતાના સ્વરૂપને વિષે ભગવાનની મૂર્તિને ધારીને ભગવાનનું ભજન કરે, પછી ત્રણ અવસ્થાથી ને ત્રણ શરીરથી પર જે પોતાનું સ્વરૂપ તેને અતિશે પ્રકાશમાન ભાળે ને તે પ્રકાશને વિષે ભગવાનની મૂર્તિ જેવી પ્રગટ પ્રમાણ છે, તેવી અતિશે પ્રકાશે યુક્ત ભાસે એવી રીતની સ્થિતિવાળો હોય; અને એવી રીતની સ્થિતિ જ્યાં સુધી થઈ નથી ત્યાં સુધી ભગવાનનો ભક્ત છે, તો પણ તેને માથે વિઘ્ન છે. અને જો એવી સ્થિતિમાં શિવજી નહોતા વર્તતા તો મોહની સ્વરૂપમાં મોહ પામ્યા. અને એવી સ્થિતિમાં બ્રહ્મા નહોતા વર્તતા તો સરસ્વતીને દેખીને મોહ પામ્યા. અને એવી સ્થિતિમાં નારદજી નહોતા વર્તતા તો પરણ્યાનું મન થયું. અને ઈન્દ્ર તથા ચંદ્રાદિક તેમને જો એવી સ્થિતિ નહોતી તો કલંક લાગ્યાં. અને ભગવાનનો ભક્ત હોય પણ જો એવી સ્થિતિને ન પામ્યો હોય તો ભગવાનને વિષે પણ પ્રાકૃત ભાવ પરઠાઈ જવાય છે,

જેમ રાજા પરીક્ષિત એવો ભક્ત નહોતો તો રાસક્રીડા સાંભળીને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે સંશય થયો; અને શુકજી જો એવા ભક્ત હતા, તો તેને કોઈ જાતનો સંશય થયો જ નહિ. અને જે એવો ભક્ત હોય તે તો એમ સમજે જે, મારે વિષે કોઈ દોષ અડી શકે નહીં તથા તે દોષ કાંઈ બાધ કરી શકે નહિ, તો જેને ભજને કરીને હું આવો થયો એવા જે ભગવાન
તેને વિષે તો કોઈ માયિક દોષ હોય જ કેમ ? એમ દૃઢપણે સમજે છે. (૧) અને એવો જે ૧
**ભગવાનનો ભક્ત છે તે ભગવાનની મૂર્તિને વિષે જ્યારે વૃત્તિને રાખે છે, ત્યારે તે વૃત્તિના બે વિભાગ થાય છે તેમાં એક વૃત્તિ તો ભગવાનના સ્વરૂપમાં રહે છે, ને બીજી તો જે ભજનનો કરનારો તેમાં રહે છે, ને ભગવાનના સ્વરૂપમાં જે વૃત્તિ રહે છે, તે પ્રેમે યુક્ત રહે છે, ને ભજનના કરનારામાં જે વૃત્તિ રહે છે તે તો વિચારે યુક્ત રહે છે,** ને તે વૃત્તિ જે તે ભજનના કરનારાને વિષે ભગવાનના ભજન વિના બીજા જે જે ઘાટ-સંકલ્પ થાય છે તે સર્વેને ખોટા કરી નાખે છે, તથા તે ભજનના કરનારામાં જે દોષ તે સર્વેને ખોટા કરી નાખે છે, એવી રીતે તેની વૃત્તિ ભગવાનમાં અખંડ રહે છે. અને ઘડીક તો એકાગ્ર ચિત્તે બેસીને ભગવાનનું ભજન કરે ને ઘડીકમાં તો ચાળા ચૂંથતો ફરે તેને તો એવી સ્થિતિ થાતી નથી. **જેમ પાણીનો ઘડો ભરીને એક ઠેકાણે ઢોળી આવીએ પછી વળી બીજે દિવસ અથવા ત્રીજે દિવસ તે ઠેકાણે પાણીનો ઘડો ઢોળીએ તેણે કરીને ત્યાં પાણીનો ધરો ભરાય નહિ, કાં જે આગલા દિવસનું જળ આગલે દિવસે સુકાઈ જાય, ને પાછલા દિવસનું પાછલે દિવસે સુકાઈ જાય; અને જો આંગળી જેવી નાની જ પાણીની સેરચ્ય અખંડ વહેતી હોય તો મોટો પાણીનો ધરો ભરાઈ જાય, તેમ ખાતાં-પીતાં, હાલતાં-ચાલતાં તથા શુભ ક્રિયાને વિષે તથા અશુભ ક્રિયાને વિષે સર્વે કાળે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવી પછી એવી રીતે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખતાં
રાખતાં એવી દૃઢ સ્થિતિ થાય છે.** (૨) ઇતિ વચનામૃતમ્ ॥૨૩॥ ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય (૧) છે. તેમાં ત્રણ દેહથી પર જે પોતાનો જીવાત્મા તેને ચૈતન્યરૂપ જે અમારું તેજ તે રૂપ માનીને તેમાં અમારી આ પ્રગટ મનુષ્યરૂપ મૂર્તિને ધારે તો પોતાના સ્વરૂપને તથા તે સ્વરૂપને વિષે આ અમારી મૂર્તિને અતિશે પ્રકાશમાન દેખે, અને તેને અમારા ચરિત્રને વિષે સંશય થાય નહિ. (૧) અને અમારી આ મૂર્તિમાં એક વૃત્તિ પ્રેમે યુક્ત ને બીજી વૃત્તિ વિચારે યુક્ત અખંડ રાખવે કરીને એવી સ્થિતિ થાય છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (૨) બાબતો છે.

૧ **પ્ર૦** (પહેલી બાબતમાં) ચૈતન્યને વિષે શ્રીજીમહારાજની મનુષ્યરૂપ મૂર્તિને ધારે તો દેખે એમ કહ્યું તે શ્રીજીમહારાજ મનુષ્યરૂપે વિચરતા, ત્યારે તો તે મૂર્તિ ધાર્યામાં આવે, પણ આજ તો શ્રીજીમહારાજ મનુષ્યરૂપે વિચરતા નથી ત્યારે કઈ મૂર્તિ ધારવી ?

૧ **ઉ૦** જેમ મનુષ્યરૂપે પ્રગટ હતા તેમ જ આજ પ્રતિમારૂપે પ્રગટ છે. માટે શ્રીજીમહારાજના તેજરૂપ પોતાને માનીને તેમાં શ્રીજીમહારાજની પ્રતિમાને ધારે તો પ્રતિમાને તેજોમય દેખે માટે આજ શ્રીજીમહારાજની પ્રતિમા ધારવી.

૨ **પ્ર૦** પોતાના ચૈતન્યને વિષે શ્રીજીમહારાજની મૂર્તિને દેખે એવી સ્થિતિવાળો હોય તે એમ સમજે જે, મારે વિષે કોઈ દોષ અડી શકે નહિ તથા બાધ કરી શકે નહિ એમ કહ્યું તે એ દોષને વિષે પ્રવર્તે તો પણ બાધ ન થાય કે એ દોષ મોહ પમાડી શકે નહિ તે કેમ સમજવું ?

૨ **ઉ૦** એવી સ્થિતિવાળો હોય તે તો શ્રીજીમહારાજની મૂર્તિને સુખે સુખિયો હોય ને માયિક પદાર્થને નરક તુલ્ય માને, અને આ લોકને વિષે ત્યાગીના આશ્રમમાં રહ્યો હોય, તો ત્યાગીના ધર્મ પ્રમાણે જ વર્તે અને ગૃહસ્થના આશ્રમમાં રહ્યો હોય તો

ગૃહસ્થના ધર્મ પ્રમાણે જ વર્તે, પણ આજ્ઞા બહાર કોઈ ક્રિયા કરે જ નહિ અને જે કોઈ વર્તમાન વિરુદ્ધ ક્રિયા કરે તેને શ્રીજીમહારાજનું દર્શન જ નથી ને આશરો પણ નથી. એ તો કેવળ દંભી ને વિષયી જ છે ને મહાદુષ્ટ છે. તેને તો (**મ૦ ૩૫**/૪ માં) ચંડાળ જેવો કહ્યો છે, માટે તેને ચંડાળ જાણીને શ્વપચની પેઠે ત્યાગ કરવો પણ તેને શ્રીજીમહારાજનો ભક્ત ન જાણવો. ॥**૨૩**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૨૪

❖સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૬ છઠને દિવસ સંધ્યા સમે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઊગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને ધોળો ખેસ પહેર્યો હતો તથા ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી ને ધોળો ચોફાળ ઓઢયો હતો ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, (૧) જે રીતે **જ્ઞાને** કરીને સ્થિતિ થાય છે તે કહીએ છીએ. તે જ્ઞાન કેવું છે તો પ્રકૃતિપુરુષથી પર છે, ને એ જ્ઞાનને વિષે સ્થિતિ થાય છે, ત્યારે પ્રકૃતિપુરુષ ને પ્રકૃતિપુરુષનું જે કાર્ય તે કાંઈએ નજરમાં આવતું નથી. ને **એનું નામ જ્ઞાનપ્રલય કહેવાય છે** અને એવી સ્થિતિ થાય છે તેને એકરસ ચૈતન્ય ભાસે છે, ને તેને વિષે એક ભગવાનની મૂર્તિ જ રહે છે, પણ બીજો કોઈ આકાર રહેતો નથી અને ક્યારેક તો એ પ્રકાશમાં ભગવાનની મૂર્તિ પણ દેખાય નહિ; એકલો પ્રકાશ જ દેખાય છે ને ક્યારેક તો પ્રકાશ પણ દેખાય ને ભગવાનની મૂર્તિ પણ દેખાય, **એને જ્ઞાને કરીને સ્થિતિ જાણવી. (૧)** ૧
**અને જેવી ભગવાનની મૂર્તિ પ્રગટ દેખાય છે તે મૂર્તિને વિષે અખંડ વૃત્તિ રહે તેણે કરીને એવી સ્થિતિ થાય છે.** (૨) ને જેને જેવો ભગવાનનો મહિમા સમજાણો હોય તેના હૃદયમાં તેટલો ૨
જ પ્રકાશ થાય છે, ને તેટલો જ તેને પ્રણવ ને નાદ સંભળાય છે, ને જેટલો જેને ભગવાનનો નિશ્ચય, ને મહિમા સમજાય છે તેને તેટલા ભૂંડા ઘાટ બંધ થઈ જાય છે. **ને જ્યારે ભગવાનનો નિશ્ચય યથાર્થ થાય છે, ને યથાર્થ મહિમા સમજાય છે ત્યારે તેને ભૂંડા ઘાટ માત્ર ટળી જાય છે. જેમ લીંબુની એક ચીરય ચૂસી હોય તો થોડા થોડા દાંત અંબાય પણ હળવા હળવા ચણા ચવાય ખરા, ને જો આખું લીંબુ ચૂસ્યું હોય તો ચણા ચવાય નહિ ને મગનો દાણો પરાણે પરાણે ચવાય, અને જો ઘણા લીંબુ ચૂસ્યાં હોય તો રાંધેલો ભાત પણ ચવાય નહિ, તેમ ભગવાનના નિશ્ચય ને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંતઃકરણ ને દશ ઈન્દ્રિયો રૂપ જે દાઢ્યો તે સર્વે અંબાઈ જાય છે,** ત્યારે એ જીવ મનરૂપ પોતાની દાઢ્યે કરીને વિષયના સંકલ્પરૂપી ચણાને ચાવવાને સમર્થ થાતો નથી. તેમજ ચિત્તરૂપ પોતાની દાઢ્યે કરીને વિષયનું ચિંતવન કરવા સમર્થ થાતો નથી. તેમજ બુદ્ધિરૂપ પોતાની દાઢ્યે કરીને વિષયનો નિશ્ચય કરવા સમર્થ થાતો નથી. તેમજ અહંકારરૂપ પોતાની દાઢ્યે કરીને વિષય સંબંધી અભિમાન કરવા સમર્થ થાતો નથી, તેમજ પંચ જ્ઞાન ઈન્દ્રિયો ને પંચ કર્મ ઈન્દ્રિયોરૂપ જે દાઢ્યો છે,

તે દાઢ્યે કરીને તે તે ઈન્દ્રિયોના વિષયરૂપ જે ચણા તેને ચાવવાને સમર્થ થાતો નથી. અને જેને યથાર્થ ભગવાનનો નિશ્ચય ન હોય, ને યથાર્થ ભગવાનનો મહિમા જણાણો ન હોય તેનાં ઈન્દ્રિયો તથા અંતઃકરણ તે પોતપોતાના વિષય થકી યથાર્થપણે નિવૃત્તિ પામતાં નથી. (૩) ૩
અને જે ભગવાનનું સ્વરૂપ છે તે તો માયા ને માયાના જે ગુણ તે થકી પર છે, અને સર્વે વિકારે રહિત છે, પણ જીવના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા ભાસે છે તે ભગવાનને વિષે જે અલ્પમતિવાળા છે, તે જેવા જેવા દોષ કલ્પે છે તે ભગવાનને વિષે તો એકે દોષ નથી, પણ કલ્પનારાની બુદ્ધિમાંથી એ દોષ કોઈ કાળે ટળવાના નહિ. **તેમાં જે ભગવાનને કામી સમજે છે તે પોતે અત્યંત કામી થઈ જાય છે, અને જે ભગવાનને ક્રોધી સમજે છે તે પોતે અત્યંત ક્રોધી થઈ જાય છે, ને જે ભગવાનને લોભી સમજે છે તે પોતે અત્યંત લોભી થઈ જાય છે, અને જે ભગવાનને ઈર્ષ્યાવાન સમજે છે તે પોતે અત્યંત ઈર્ષ્યાવાન થઈ જાય છે, એ આદિક જે જે દોષ ભગવાનને વિષે કલ્પે છે તે તો જેમ સૂર્ય સામી ધૂળની ફાંટ ભરીને નાખીએ તે પોતાની આંખમાં પડે છે, તેમ ભગવાનને વિષે જે જાત્યનો દોષ કલ્પે છે તે પોતાને દુઃખ દે છે. અને પોતામાં ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય ને જો ભગવાનને અતિશે નિર્દોષ સમજે, તો પોતે પણ અતિશે નિર્દોષ થઈ જાય છે. (૪)** ૪

૨ પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, (૨) કોઈ વિષયમાં પણ પોતાનાં ઈન્દ્રિયો તણાતાં ન હોય, ને અંતઃકરણમાં પણ ખોટા ઘાટ થાતા ન હોય, ને ભગવાનનો નિશ્ચય પણ યથાર્થ છે; તો પણ અપૂર્ણપણું રહે છે, ને અંતર સૂનું રહે છે તેનું શું કારણ છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એ પણ હરિભક્તમાં મોટી ખોટ્ય છે; જે પોતાનું મન સ્થિર થયું છે ને ભગવાનનો નિશ્ચય પણ અતિશે દૃઢ છે તો ય પણ હૈયામાં અતિશે આનંદ આવતો નથી જે હું ધન્ય છું, ને હું કૃતાર્થ થયો છું, ને આ સંસારમાં જે જીવ છે તે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા તેને વિષે હેરાન થાતા ફરે છે, અને ત્રિવિધ તાપમાં રાત્ય-દિવસ બળે છે ને મુને તો પ્રગટ પુરુષોત્તમે કરુણા કરીને પોતાનું સ્વરૂપ ઓળખાવ્યું છે, ને કામક્રોધાદિક સર્વે વિકારથી રહિત કર્યો છે, અને નારદ-સનકાદિક જેવા સંત તેના સમાગમમાં રાખ્યો છે, માટે મારું મોટું ભાગ્ય છે, એવો વિચાર નથી કરતો, ને આઠે પહોર અતિશે આનંદમાં નથી વર્તતો એ મોટી ખોટ્ય છે. **જેમ બાળકના હાથમાં ચિંતામણિ દીધો હોય, તેનું તેને માહાત્મ્ય નથી એટલે તેનો તેને આનંદ નથી, તેમ ભગવાન પુરુષોત્તમ મળ્યા છે ને તેનો અંતરમાં આઠે પહોર કેફ રહેતો નથી જે, મારું પૂર્ણકામપણું થયું છે એવું નથી સમજતો એ હરિના ભક્તને મોટી ખોટ્ય છે. (૫) અને જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું જે** ૫
**આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે તો ય પણ એને જો સત્સંગ મળ્યો છે ને એ જો જેવો તેવો છે તો ય પણ સત્સંગમાં પડ્યો છે, તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે તો આવો સત્સંગ મળ્યો છે, એમ સમજીને તેનો પણ અતિશે ગુણ લેવો.**

એમ વાર્તા કરીને શ્રીજીમહારાજ જય સચ્ચિદાનંદ કહીને પોતાને ઉતારે પધાર્યા. (૬) ઇતિ ૬
વચનામૃતમ્ ॥૨૪॥

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન (૨) છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે. તેમાં જ્ઞાને કરીને સ્થિતિ થાય ત્યારે એકરસ ચૈતન્ય ભાસે છે ને એ ચૈતન્યને વિષે અમારી મૂર્તિ ભાસે છે. (૧) અને એવી સ્થિતિ અમારી મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાથી થાય છે. (૨) અને અમારો મહિમા જણાય તેના હૃદયમાં પ્રકાશ થાય છે, ને પ્રણવ ને નાદ સંભળાય છે, ને ભૂંડા ઘાટ ટળી જાય છે. (૩) અને અમારે વિષે જે જે દોષ કલ્પે તે એને દુ:ખ દે છે. અને અમને નિર્દોષ જાણે તે નિર્દોષ થઈ જાય છે. (૪) બીજામાં જેનું મન સ્થિર થયું હોય ને અમારો નિશ્ચય પણ દૃઢ હોય તો પણ તેના હૈયામાં આનંદ આવતો નથી તે મોટી ખોટ્ય છે. (૫) અને કોઈ હરિજનનો દોષ દેખવામાં આવે, ત્યારે એનો ભારે સંસ્કાર છે તો સત્સંગ મળ્યો છે એમ ગુણ લેવો એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (૬) બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં પ્રકૃતિપુરુષથી પર જ્ઞાન કહ્યું તે પર જ્ઞાન કેવી રીતે જાણવું ?

૧ ઉ૦ શ્રીજીમહારાજને જીવકોટી, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી તથા મૂર્તિમાન મૂળઅક્ષરકોટીથી પર ને એ સર્વેના કર્તા ને એ સર્વેને વિષે અંતર્યામીપણે રહ્યા થકા અતિશે નિર્લેપ, નિર્વિકાર ને અતિશે અસંગી ને એ સર્વેથી જુદા જાણે, અને પોતાના ધામને વિષે પોતાના સાધર્મ્યપણાને પામ્યા એવા જે પોતાના મુક્ત તેમને સુખ દાતા, ને સર્વ સુખમય મૂર્તિ એવા જાણે, ને શ્રીજીમહારાજના તેજરૂપ જે પોતાનો આત્મા તેને વિષે શ્રીજીમહારાજની મૂર્તિને સાક્ષાત્કાર દેખે તે જ્ઞાન પ્રકૃતિપુરુષથી પર કહેવાય. અને તે મૂર્તિમાં અખંડ નિમગ્ન રહેવાય તે સ્થિતિ જાણવી.

૨ **પ્ર૦** એકરસ ચૈતન્ય ભાસે છે એમ કહ્યું તે એકરસ ચૈતન્ય તે શું જાણવું ?

૨ ઉ૦ શ્રીજીમહારાજના તેજને એકરસ ચૈતન્ય કહ્યું છે તેને દેખે છે.

૩ **પ્ર૦** ક્યારેક એકલો પ્રકાશ દેખાય ને મૂર્તિ ન દેખાય એમ કહ્યું તેનો શો હેતુ હશે ?

૩ ઉ૦ જ્યાં સુધી સિદ્ધદશા પરિપક્વ ન થઈ હોય ત્યાં સુધી કોઈક વખતે શ્રીજીમહારાજના તેજરૂપ પોતાના આત્માને વિષે મૂર્તિ દેખાય, ને કોઈ વખત ન દેખાય અને જ્યારે પરિપક્વ સિદ્ધદશા જેવી (**કા૦ ૭** ના ૪/૫ ચોથા પ્રશ્નમાં) કહી છે તેવી દૃઢ થાય ત્યારે મૂર્તિ સદાય દેખાય.

૪ **પ્ર૦** (ત્રીજી બાબતમાં) પ્રકાશ, પ્રણવ ને નાદ કહ્યો તે શો સમજવો ?

૪ ઉ૦ શ્રીજીમહારાજની મૂર્તિમાંથી તેજ છૂટે છે તેના ઝણઝણાટ જુદા જુદા શબ્દ થાય છે તે શબ્દને પ્રણવ કહ્યો છે અને તે પ્રણવનો ઘોષ થાય છે, તે ઘોષને નાદ કહ્યો છે, અને એ તેજને પ્રકાશ કહ્યો છે.

૫ **પ્ર૦** (ચોથી બાબતમાં) અમારે વિષે દોષ દેખાય એમ કહ્યું, તે મનુષ્યરૂપે હતા ત્યારે તો દોષ જોનાર ને દેખાય પણ આજ દોષ શી રીતે લેવાતા હશે ?

૫ ઉ૦ શ્રીજીમહારાજના ચરિત્ર શાસ્ત્રમાંથી સાંભળીને સંશય કરે તે શ્રીજીમહારાજનો દોષ લીધો કહેવાય.

૬ **પ્ર૦** (૨/૫ બીજા પ્રશ્નમાં) નારદ સનકાદિક કહ્યા તે કોને જાણવા ?

૬ ઉ૦ પોતાના મુક્તોને આ ઠેકાણે એ નામે કહ્યા છે. ॥૨૪॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૨૫

❖સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૭ સપ્તમીને દિવસ પ્રભાત સમે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પરમહંસની જાયગાને વિષે પધાર્યા હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળો ચોફાળ ઓઢ્યો હતો ને ધોળો ફેંટો બાંધ્યો હતો ને આથમણે પરથારે ઊગમણું

મુખારવિંદ કરીને વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા જે, (૧) બ્રહ્માનંદ સ્વામીએ કાલ્ય પ્રશ્ન પૂછ્યો હતો તેનો ઉત્તર વળી આજ કરીએ છીએ જે, ઈન્દ્રિયો-અંતઃકરણ પોતાને વશ હોય તો ય પણ અંતર સૂનું રહે છે તેનું એ કારણ છે જે, એને એકલું સાધનનું બળ છે પણ ભગવાનના નિશ્ચયનું તથા આત્મજ્ઞાનનું બળ નથી, માટે એના અંતરમાં ન્યૂનતા રહે છે. તે સારુ ભગવાનના નિશ્ચયનો પ્રતાપ, તથા ભગવાનના મહિમાનો પ્રતાપ, તથા પોતાના જીવાત્માને બ્રહ્મરૂપ માનવો, એ ત્રણ વાનાં તો એને અતિશે દૃઢ જાણ્યાં જોઈએ છીએ. અને એમાં જેટલી ખામી રહે તેટલી તો સમાધિમાં પણ નડે છે અને હમણાં અમે એક હરિભક્તને સમાધિ કરાવી હતી તેને તેજ અતિશે દેખાણું તે તેજ જોઈને ચીસ પાડવા માંડી ને કહ્યું જે, હું બળું છું માટે સમાધિવાળાને પણ આત્મજ્ઞાનનું જરૂર કામ પડે છે અને **પોતાનું સ્વરૂપ આત્મા ન જાણે ને દેહને માને તો તેને ઘણી કાચ્યપ રહી જાય છે.** અને અમે તે હરિભક્તને સમજાવ્યું જે, તારું સ્વરૂપ તો આત્મા છે; દેહ નથી, ને આ લાડકીબાઈ નામ ને ભાટનો દેહ તે તું નથી, ને અછેદ્ય, અભેદ્ય એવો જે આત્મા તે તારું સ્વરૂપ છે. પછી અમે તેને સમાધિ કરાવીને કહ્યું જે, ગણપતિને સ્થાનકે ચાર પાંખડીનું કમળ છે ત્યાં જઈને તારું સ્વરૂપ જો. અને જ્યારે સમાધિવાળો ગણપતિને સ્થાનકે જાય છે ત્યારે ત્યાં નાદ સંભળાય છે, ને પ્રકાશ દેખાય છે. ને તેથી પર બ્રહ્માના સ્થાનકને વિષે જાય છે પછી ત્યારે તેથી નાદ પણ ઘણો સંભળાય છે ને પ્રકાશ પણ તેથી અતિશે ઘણો દેખાય છે. અને તેથી પર વિષ્ણુને સ્થાનકે જાય છે ત્યારે તેથી અતિશે નાદ સંભળાય છે ને તેથી તેજ પણ અતિશે દેખાય છે. એવી રીતે જેમ જેમ ઊંચા ઊંચા સ્થાનકને વિષે જાય છે તેમ તેમ વધુ વધુ નાદ સંભળાય છે ને વધુ ને વધુ પ્રકાશ દેખાય છે અને એવી રીતે સમાધિમાં અતિશે તેજ દેખાય છે તે અતિશે નાદ થાય છે, ને કડાકા અતિશે થાય છે તે ગમે તેવો ધીરજવાન હોય તો પણ કાયરપણું આવી જાય છે. જો અર્જુન ભગવાનના અંશ હતા ને મહા શૂરવીર હતા તો પણ ભગવાનનું વિશ્વરૂપ જોવાને સમર્થ થયા નહિ માટે એમ બોલ્યા જે, હે મહારાજ ! આ રૂપ જોવાને હું સમર્થ નથી. માટે તમારું જેવું પ્રથમ રૂપ હતું તેવું તમારું દર્શન કરાવો. એવી રીતે એવા સમર્થને પણ સમાધિને વિષે જ્યારે બ્રહ્માંડ ફાટી જાય એવા કડાકા થાય છે ને જેમ સમુદ્ર મર્યાદા મેલે એવા તેજના સમૂહ દેખાય છે ત્યારે
ધીરજ રહેતી નથી, તે સારુ **દેહ થકી પોતાનું સ્વરૂપ જુદું સમજવું જોઈએ.** (૧) અને એવી ૧
જે સમાધિ થાય છે તેના બે ભેદ છે : એક તો પ્રાણાયામે કરીને પ્રાણનો નિરોધ થાય છે તે ભેળો ચિત્તનો પણ નિરોધ થાય છે; અને બીજો પ્રકાર એ છે જે, ચિત્તને નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે. તે ચિત્તનો નિરોધ ક્યારે થાય છે તો જ્યારે સર્વે ઠેકાણેથી વૃત્તિ તૂટીને એક ભગવાનને વિષે વૃત્તિ જોડાય ને તે ભગવાનને વિષે વૃત્તિ ક્યારે જોડાય તો જ્યારે સર્વે

ઠેકાણેથી વાસના તૂટીને એક ભગવાનના સ્વરૂપની વાસના થાય ત્યારે તે વૃત્તિ કોઈની હઠાવી ભગવાનના સ્વરૂપમાંથી પાછી હઠે નહિ, **જેમ કોઈ કૂવો હોય ને તે ઉપર વીસ કોશ ફરતા હોય ને તેનો પ્રવાહ જુદો જુદો ચાલતો હોય ત્યારે તે પ્રવાહમાં જોર હોય નહિ, અને તે વીસે કોશનો પ્રવાહ ભેળો કરીએ તો નદીના જેવો અતિશે બળવાન પ્રવાહ થાય તે કોઈનો હઠાવ્યો પાછો હઠે નહિ, તેમ જેની વૃત્તિ નિર્વાસનિક થાય છે, ત્યારે તેનું ચિત્ત છે તે ભગવાનના સ્વરૂપમાં જોડાય છે** અને જેના ચિત્તમાં સંસારના સુખની વાસના હોય તેને તો શ્રોત્ર ઈન્દ્રિયદ્વારે અનંત જાતના જે શબ્દ તેને વિષે જુદી જુદી વૃત્તિ ફેલાઈ જાય છે, તેમજ ત્વચા ઈન્દ્રિય હજારું જાતના જે સ્પર્શ તેને વિષે જુદી જુદી વૃત્તિ ફેલાઈ જાય છે, તેમ જ નેત્ર ઈન્દ્રિયની વૃત્તિ તે હજારું જાતનાં જે રૂપ તેને વિષે ફેલાઈ જાય છે, તેમ જ રસના ઈન્દ્રિયની વૃત્તિ તે હજારું જાતના જે રસ તેમાં ફેલાઈ જાય છે, તેમ જ નાસિકા ઈન્દ્રિયની વૃત્તિ તે અનંત જાતના જે ગંધ તેમાં ફેલાઈ જાય છે, તેમ જ કર્મ ઈન્દ્રિયોની વૃત્તિયું પણ પોતપોતાના વિષયને વિષે હજારું પ્રકારે ફેલાઈ જાય છે. એવી રીતે દશે ઈન્દ્રિયો દ્વારે એનું અંતઃકરણ છે તે હજારું પ્રકારે ફેલાઈ ગયું છે તે જ્યારે ચિત્ત તે ભગવાનનું જ ચિંતવન કરે, અને મન તે ભગવાનનો જ ઘાટ ઘડે, અને બુદ્ધિ તે ભગવાનના સ્વરૂપનો જ નિશ્ચય કરે, અને અહંકાર તે હું આત્મા છું, ને ભગવાનનો ભક્ત છું એવું જ અભિમાન ધરે ત્યારે એની એક વાસના થઈ જાણવી. અને પ્રાણે કરીને જે ચિત્તનો નિરોધ થાય છે તે તો અષ્ટાંગ યોગે કરીને થાય છે **તે અષ્ટાંગ યોગ તો યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા ને સમાધિ એ જે આઠ અંગ તેણે યુક્ત છે.** ને એ અષ્ટાંગ યોગ તે સાધનરૂપ છે ને એનું ફળ તે ભગવાનને વિષે નિર્વિકલ્પ સમાધિ છે. તે જ્યારે એવી નિર્વિકલ્પ સમાધિ થાય છે, ત્યારે પ્રાણને નિરોધે કરીને ચિત્તનો નિરોધ થાય છે, અને જો ચિત્ત નિર્વાસનિક થઈને ભગવાનને વિષે જોડાય છે તો તે ચિત્તને નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે, **માટે જેમ અષ્ટાંગયોગ સાધવે કરીને ચિત્તનો નિરોધ થાય છે તેમ ભગવાનના સ્વરૂપને વિષે જોડાવે કરીને ચિત્તનો નિરોધ થાય છે માટે જે ભક્તની ચિત્તવૃત્તિ ભગવાનના સ્વરૂપને વિષે જોડાણી તેને અષ્ટાંગયોગ વગર સાધે સધાઈ રહ્યો,** માટે એવો જે ભગવાનના સ્વરૂપનો મહિમા તેને મૂકીને એકલું સાધનનું બળ લે છે તેને કોઈ રીતે અંતરમાં સુખ રહેતું નથી અને તેનું અંતકાળે પણ સારું થાતું નથી. માટે સાધન છે, વર્તમાન છે, તે તો ભગવાનની આજ્ઞા છે તે જરૂર રાખવાં, જેમ બ્રાહ્મણનો ધર્મ છે જે નાવું-ધોવું ને પવિત્રપણે રહેવું, તે કોઈ દિવસ શૂદ્રના ઘરનું પાણી પીએ જ નહિ **તેમ સત્સંગી હોય તેને ભગવાનની આજ્ઞામાં ફેર પાડવો જ નહિ, કેમ જે એ ભગવાનની આજ્ઞા પાળે તો તેની ઉપર ભગવાન રાજી થાય છે,** અને ભગવાનનો નિશ્ચય તથા ભગવાનનું માહાત્મ્ય તથા વૈરાગ્યે સહિત આત્મજ્ઞાન એ ત્રણની અતિશે દૃઢતા રાખવી ને પોતાને વિષે પૂર્ણકામપણું સમજવું જે **મુને સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ મળ્યા છે. ને તેની આજ્ઞામાં રહીને હું તેનું ભજન**

**કરું છું, માટે હવે મારે કાંઈ ન્યૂનતા રહી નથી એમ સમજીને નિરંતર ભગવાનની ભક્તિ કરવી, ને તે સમજણને કેફે કરીને છકી પણ જાવું નહિ, અને પોતાને અકૃતાર્થપણું પણ માનવું નહિ, અને જો અકૃતાર્થપણું માને તો એને ઉપર જે એવી ભગવાનની કૃપા થઈ તે જાણીએ ખારાપાટમાં બીજ વાવ્યું તે ઊગ્યું જ નહિ, ને જો છકી જઈને જેમ તેમ કરવા લાગે તો જાણીએ અગ્નિમાં બીજ નાખ્યું તે બળી ગયું, માટે અમે કહ્યું તેમ જે સમજે તેને કોઈ પ્રકારની ન્યૂનતા રહે નહિ.** એમ કહીને શ્રીજીમહારાજ પોતાના આસન ઉપર પધાર્યા. (૨) ૨
ઇતિ વચનામૃતમ્ ॥૨૫॥

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય (૧) છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારો નિશ્ચય, મહિમા, ને આત્મનિષ્ઠા એ ત્રણે ન હોય તેને એકલા સાધનથી કૃતાર્થપણું મનાતું નથી ને એ ત્રણનું બળ હોય તેને પૂર્ણકામ ને કૃતાર્થપણું મનાય છે. (૧) અને સમાધિના બે પ્રકાર કહ્યા છે. (૨) બાબતો છે.

૧ **પ્ર૦** (પહેલી બાબતમાં) નિશ્ચય કહ્યો તે કેવો જાણવો ?

૧ **ઉ૦** પુરુષ, કાળ, બ્રહ્મ, અક્ષર તથા મુક્ત એ સર્વેથી શ્રીજીમહારાજને પર, સદા સાકાર, સર્વેના કર્તા, નિયંતા, ને સર્વેના અંતર્યામી જાણવા, તે નિશ્ચય કહેવાય.

૨ **પ્ર૦** શ્રીજીમહારાજનો મહિમા કહ્યો તે કેવો જાણવો ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજ જીવકોટી, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી, તથા મૂળઅક્ષરકોટીથી પર છે, ને સદા સાકાર મૂર્તિ છે, ને સર્વેને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે. અને એ સર્વેમાં અન્વયપણે રહ્યા થકા પોતાના તેજરૂપ અક્ષરધામમાં વ્યતિરેકપણે રહ્યા છે, એવો મહિમા જાણે તે મહિમા જાણ્યો કહેવાય.

૩ **પ્ર૦** જીવાત્માને બ્રહ્મરૂપ માનવો એમ કહ્યું તે બ્રહ્મરૂપ એટલે કેવો માનવો ?

૩ **ઉ૦** બ્રહ્મરૂપ એટલે શ્રીજીમહારાજના તેજરૂપ માનવો તે બ્રહ્મરૂપ માન્યો કહેવાય.

૪ **પ્ર૦** (પહેલી બાબતમાં) નાદ સંભળાય છે, ને પ્રકાશ દેખાય છે એમ કહ્યું તે કોનો હશે ?

૪ **ઉ૦** જેના જેના સ્થાનકને વિષે જાય તે તે સ્થાનના અધિપતિના તેજમાંથી ધ્વનિ થાય છે તેને આ ઠેકાણે નાદ કહ્યો છે અને પ્રકાશ પણ તે તે સ્થાનોના અધિપતિઓનો છે, તે દેખે છે.

૫ **પ્ર૦** (બીજી બાબતમાં) સાક્ષાત્ પુરુષોત્તમ મળ્યા છે એમ કહ્યું, તે સાક્ષાત્ મળ્યા ક્યારે કહેવાય ?

૫ **ઉ૦** શ્રીજીમહારાજ મનુષ્યરૂપે દર્શન દેતા હોય, ત્યારે ધામમાં જે મૂર્તિ છે, તે જ આ મૂર્તિ છે એમ જાણે, અને પ્રતિમારૂપે દર્શન આપતા હોય, ત્યારે તે પ્રતિમાને ધામમાં મૂર્તિ છે તે જ જાણે, ને આજ્ઞામાં રહીને ભક્તિ કરે તો સાક્ષાત્ મળ્યા કહેવાય.

૬ **પ્ર૦** છકી જાવું નહિ એમ કહ્યું તે કેમ વર્તે તો છકી ગયો કહેવાય ?

૬ **ઉ૦** શ્રીજીમહારાજના જ્ઞાનનો ને મહિમાનો ઓથ લઈને વર્તમાનમાં ફેર પાડે ને સત્સંગના ધોરણ પ્રમાણે ન વર્તે, ને બીજાથી પોતાને અધિક માને, તે છકી ગયો કહેવાય. તેને પ્રથમ શ્રીજીમહારાજની કાંઈક કૃપા થઈ હોય, તેણે કરીને કાંઈક શુભ ગુણ પ્રાપ્ત થયા હોય તે જતા રહે, ને ઊલટો શ્રીજીમહારાજનો કોપ થાય. ॥૨૫॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૨૬

❖સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૧૧ એકાદશીને દિવસ બપોરના સમે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઊગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર

વિરાજમાન હતા ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળો ચોફાળ ઓઢ્યો હતો તથા બે કાનને ઉપર ગુલદાવદીનાં મોટાં બે પુષ્પ ખોસ્યાં હતાં તથા પુષ્પનો તોરો પાઘને વિષે ખોસ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પરમહંસ તાળપખાજ લેઈને કીર્તન ગાતા હતા.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, (૧) હવે કીર્તન બોલવાં રાખો ને અમે આ એક વાત રૂપી કીર્તન બોલીએ તે સાંભળો. પછી પરમહંસે કહ્યું જે, હે મહારાજ ! બહુ સારું, તમે વાત કરો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનના રસિક કીર્તન ગાતાં ગાતાં જો એક ભગવાનના સ્વરૂપમાં જ રસ જણાય તો તો ઠીક છે, ને જો ભગવાનના સ્વરૂપ વિના બીજે ઠેકાણે રસ જણાય તો તો એમાં મોટી ખોટ્ય છે, કેમ જે એ ભક્તને જેમ ભગવાનના શબ્દમાં હેત થાય છે ને તે શબ્દમાં રસ જણાય છે તેમ જ ગીત-વાજિંત્રના શબ્દમાં અથવા સ્ત્રીઆદિકના શબ્દમાં રસ જણાય છે ને હેત થાય છે, માટે એ ભક્તને અવિવેકી જાણવો, અને ભગવાન અથવા ભગવાનના સંત તેનાં જે વચન તેને વિષે જેવો રસ જણાય છે, તેવો જ બીજા વિષયના શબ્દમાં રસ જણાય છે, એવી જે એ મૂર્ખતા તેનો ત્યાગ કરવો. અને એવી મૂર્ખતાનો ત્યાગ કરીને, એક ભગવાનને શબ્દે કરીને જ સુખ માનવું, ને એવી જાતનો જે રસિક ભક્ત છે તે ખરો છે, અને જેમ શબ્દ તેમજ સ્પર્શ પણ એક ભગવાનનો જ ઇચ્છે. અને **અન્ય સ્પર્શને તો કાળો નાગ તથા બળતો અગ્નિ તે જેવો જાણે ત્યારે તે રસિક ભક્ત સાચો, તેમજ રૂપ પણ ભગવાનનું જોઈને પરમ આનંદ પામે ને બીજા રૂપને તો જેવો નરકનો ઢગલો તથા સડેલ કૂતરું તેવું જાણે એ રસિક ભક્ત સાચો,** તેમજ રસ પણ ભગવાનના મહાપ્રસાદનો હોય, તેણે કરીને પરમ આનંદ પામે પણ બીજા જે નાના પ્રકારના રસ તેને સ્વાદે કરીને આનંદ ન પામે તે રસિક ભક્ત સાચો, તેમજ ભગવાનને ચડ્યા એવા જે તુલસી-પુષ્પના હાર તથા નાના પ્રકારની સુગંધીએ યુક્ત એવાં અત્તર-ચંદનાદિક તેની સુગંધીને ગ્રહણ કરીને પરમ આનંદ પામે પણ કોઈ અન્ય વિષયી જીવે દેહે અત્તરચંદનાદિક ચર્ચ્યાં હોય અથવા પુષ્પના હાર પહેર્યા હોય તેના સુગંધને પામીને રાજી ન જ થાય, એવી રીતે પંચે વિષય ભગવાન સંબંધી હોય તેને વિષે અતિશે પ્રીતિવાન થાય અને જગત સંબંધી જે પંચવિષય તેને વિષે અતિશે અભાવે યુક્ત વર્તે તે રસિક ભક્ત સાચો છે. અને રસિક ભક્ત થઈને જેમ ભગવાન સંબંધી વિષયને યોગે કરીને આનંદ પામે છે તેમજ અન્ય સંબંધી જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ તેને યોગે કરીને જો આનંદ પામે છે તો એ ખોટો રસિક ભક્ત છે, કેમ જે જેમ ભગવાનને વિષે આનંદને પામ્યો તેમ જ વિષયને વિષે પણ આનંદ પામ્યો માટે એવા રસિકપણા ને એવી ઉપાસનાને ખોટી કરી નાખવી, કાં જે ભગવાન તો કાંઈ ખોટા નથી પણ એનો ભાવ ખોટો છે. અને જેવા અન્ય પદાર્થને જાણ્યા તેવા જ ભગવાનને પણ જાણ્યા માટે એની ભક્તિ ને એનું રસિકપણું તે ખોટું કહ્યું. હવે જેમ સ્થૂળ દેહ ને જાગ્રત અવસ્થામાં

પંચવિષયનો વિવેક કહ્યો તેમ જ સૂક્ષ્મ દેહ ને સ્વપ્ન અવસ્થા તેને વિષે સૂક્ષ્મ પંચવિષય છે. તે સ્વપ્નમાં જ્યારે ભગવાનની મૂર્તિને દેખીને તે ભગવાન સંબંધી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધે કરીને જેવો આનંદ પમાય તેવો ને તેવો જ જો અન્ય પંચવિષયને દેખીને સ્વપ્નમાં આનંદ પમાય તો તે ભક્તનું રસિકપણું ખોટું છે; અને સ્વપ્નમાં કેવળ ભગવાનને સંબંધે કરીને આનંદ પામતો હોય ને અન્ય વિષયને વિષે ઊલટા અન્નની પેઠે અભાવ રહેતો હોય તો એ રસિક ભક્ત સાચો છે અને એમ ન જાણતો હોય તો જે ભગવાન સ્વપ્નમાં દેખાણા તે તો સાચા છે, પણ એ ભક્તને તો જેવો ભગવાનમાં પ્રેમ તેવો અન્ય વિષયમાં પ્રેમ છે, માટે એની સમજણ ખોટી છે. અને એક ભગવાનના સ્વરૂપમાં લોભાઈ રહે ને બીજા વિષયમાં ન લોભાય તે સમજણ સાચી છે. અને જ્યારે કેવળ ભગવાનનું જ ચિંતવન રહે છે ત્યારે ચિંતવન કરતાં કરતાં શૂન્યભાવને પામી જાય છે ત્યારે એ ભક્તને ભગવાનની મૂર્તિ વિના પિંડ-બ્રહ્માંડ કાંઈ ભાસતું નથી. પછી એવા શૂન્યને વિષે ભગવાનની મૂર્તિને જોતાં જોતાં પ્રકાશ થઈ આવે છે, ને તે પ્રકાશમાં ભગવાનની મૂર્તિ દેખાય છે, માટે એવી રીતે કેવળ ભગવાનના સ્વરૂપમાં
પ્રીતિ હોય એ પતિવ્રતાની ભક્તિ છે. (૧) અને અમે પણ જ્યારે તમે રસિક કીર્તન ગાઓ ૧
છો, ત્યારે આંખ્યું મીંચીને વિચારીએ છીએ, તે આવો જ વિચાર કરીએ છીએ, અને અમારો વિચાર થોડો જ છે, પણ ભગવાન વિના તે વિચારમાં બીજું કાંઈ ટકી શકતું નથી, અને ભગવાનના સ્વરૂપમાં જ રસિક પ્રીતિ છે ને તેમાં જો કોઈ વિષય આડો આવે તો તેનું માથું ઊડી જાય એવો અમારો બળવાન વિચાર છે. અને તમે જેમ કીર્તન જોડી રાખો છો તેમ અમે પણ આ વાત કરી એટલું એ કીર્તન જોડી રાખ્યું છે તે તમ આગળ કહ્યું. એમ
શ્રીજીમહારાજે પોતાનું મિષ લઈને પોતાના ભક્તને અર્થે વાત કરી દેખાડી. (૨) ઇતિ ૨
વચનામૃતમ્ ॥૨૬॥

**રહસ્યાર્થ પ્રદી૦**– આમાં કૃપાવાક્ય (૧) છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું જે અમારા સંબંધી પંચવિષયમાં પ્રીતિવાન હોય, ને જગત સંબંધી પંચવિષયમાં અભાવ રહે, તે સ્થૂળ દેહ ને જાગ્રત અવસ્થાનો વિવેક છે. અને સ્વપ્નમાં અમારા સ્વરૂપ વિના એટલે મૂર્તિ વિના બીજા વિષયમાં ન લોભાય તે સૂક્ષ્મ દેહ ને સ્વપ્ન અવસ્થાનો વિવેક છે. અને કારણ દેહમાંથી પંચવિષયની સારપ ટાળીને કેવળ અમારી મૂર્તિનું ચિંતવન કરે તે ચિંતવન કરતાં કરતાં દેહાદિકની વિસ્મૃતિ થાય એ કારણ દેહ ને સુષુપ્તિ અવસ્થાનો વિવેક છે. અને શૂન્યભાવ એટલે આકાશવત્ નિર્લેપ કહેતાં માયાથી રહિત નિર્ગુણ થઈને પોતાને વિષે અમારી મૂર્તિને જોતાં જોતાં પ્રકાશ થઈ આવે, ને તે પ્રકાશમાં અમારી મૂર્તિ દેખાય છે તે જીવાત્માનો વિવેક છે. (૧) અને અમારે વિષે પ્રીતિમાં કોઈ વિષય આડો ન આવે તે વિચાર બળવાન છે. (૨) બાબતો છે. ॥૨૬॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૨૭

❖સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૧૨ દ્વાદશીને દિવસ શ્રીજીમહારાજ દિવસ ઊગ્યા પહેલાં શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પરમહંસની જાયગાને વિષે પધાર્યા હતા ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો તથા ધોળો ચોફાળ ઓઢ્યો હતો તથા ધોળો ખેસ પહેર્યો હતો ને ઓટા ઉપર આથમણું મુખારવિંદ રાખીને વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ

પરમહંસની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ અર્ધ ઘડી સુધી તો પોતાની નાસિકાના અગ્ર સામું જોઈ રહ્યા ને પછી
૧ બોલ્યા જે, (૧) **પરમેશ્વરને ભજવાની તો સર્વેને ઇચ્છા છે પણ સમજણમાં ફેર રહે છે, માટે જેની આવી સમજણ હોય તેના હૃદયમાં ભગવાન સર્વે પ્રકારે નિવાસ કરીને રહે છે. તેની વિગત જે એમ સમજતો હોય જે, આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે તથા આ તારામંડળ જેનું રાખ્યું અધર રહ્યું છે તથા જેના વર્ષાવ્યા મેઘ વર્ષે છે તથા જેની આજ્ઞાએ કરીને સૂર્ય, ચંદ્ર ઉદય-અસ્તપણાને પામે છે તથા ચંદ્રમાની કળા વધે ઘટે છે તથા પાળ વિનાનો સમુદ્ર જેની મર્યાદામાં રહે છે તથા જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે ને તેને હાથ, પગ, નાક, કાન એ આદિક દશ ઇન્દ્રિયો થઈ આવે છે તથા આકાશને વિષે અધર જળ રાખી મૂક્યું છે ને તેમાં ગાજવીજ થાય છે. એવાં અનંત આશ્ચર્ય છે તે સર્વે મુને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યાં જ થાય છે એમ સમજે પણ પ્રગટ પ્રમાણ જે આ ભગવાન તે વિના બીજો કોઈ એ આશ્ચર્યનો કરનારો છે એમ માને નહિ. અને પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થાશે તે સર્વે મુને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે એમ સમજે** અને વળી પોતે એમ સમજતો હોય જે, ચહાય કોઈ મારી ઉપર ધૂળ નાખો, ચહાય કોઈ ગમે તેવું અપમાન કરો, ચહાય કોઈ હાથીએ બેસારો, ચહાય કોઈ નાક-કાન કાપીને ગધેડે બેસારો, તેમાં મારે સમભાવ છે તથા જેને રૂપવાન એવી યૌવન સ્ત્રી અથવા કુરૂપવાન સ્ત્રી અથવા વૃદ્ધ સ્ત્રી તેને વિષે તુલ્યભાવ રહે છે તથા સુવર્ણનો ઢગલો હોય તથા પથ્થરનો ઢગલો હોય તે બેયને જે તુલ્ય જાણે છે, એવી જાતના જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે અને અનંત જીવના ઉદ્ધારને કરે છે, અને **એવી સામર્થી યુક્ત થકો પણ અન્ય જીવનાં માન-અપમાનને સહન કરે છે એ પણ મોટી સામર્થી છે, કાં જે સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિ; એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા.** અને એ સમર્થ તો કેવો છે જે પોતાના નેત્રમાં ભગવાન જોનારા છે તે બ્રહ્માંડમાં જેટલાં જીવ-પ્રાણી છે તેના નેત્રને પ્રકાશે છે, અને પોતાના પગમાં ચાલનારા જે ભગવાન તે બ્રહ્માંડમાં સર્વે જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષે છે, એમ એ સંતની ચૌદે ઇન્દ્રિયો દ્વારે કરીને બ્રહ્માંડમાં સર્વે જીવોની ઇન્દ્રિયોને સચેતન કરે છે, માટે એ સંત તો સર્વે જગતના આધારરૂપ છે, તે તુચ્છ જીવનું અપમાન સહે તે એમની એ અતિશે મોટ્યપ છે, ને એવી રીતની
ક્ષમાવાળા છે તે જ અતિ મોટા છે.**(૧)** અને જે આંખ્યું કાઢીને પોતાથી ગરીબ હોય તેને ૧
બિવરાવે છે ને મનમાં જાણે જે, હું મોટો થયો છું પણ એ મોટો નથી, અથવા સિદ્ધાઈ દેખાડીને લોકોને ડરાવે છે એવા જે જગતમાં જીવ છે, તે ભગવાનના ભક્ત નથી; એ તો માયાના

જીવ છે, અને યમપુરીના અધિકારી છે. ને એવાની જે મોટ્યપ છે તે સંસારના માર્ગમાં છે, જેમ સંસારમાં જેને ઘોડું ચઢવા ન હોય તેથી જેને ઘોડું હોય તે મોટો; અને એક ઘોડું જેને હોય તેથી જેને પાંચ ઘોડાં હોય તે મોટો એમ જેમ જેમ અધિક સંપત્તિ હોય તેમ સંસાર-વ્યવહારમાં
અતિ મોટો કહેવાય, પણ પરમેશ્વર ભજ્યામાં એ મોટો નથી. (૨) અને **જેની મતિ એવી** ૨
**હોય જે આ સ્ત્રી તો અતિશે રૂપવાન છે, ને આ વસ્ત્ર તો અતિશે સારું છે, અને આ મેડી તો ઘણી સારી છે, અને આ તુંબડી તો અતિશે સારી છે, ને આ પાત્ર તો અતિશે સારું છે, એવી રીતના જે ગૃહસ્થ તથા ભેખધારી તે સર્વે તુચ્છ બુદ્ધિવાળા છે. ત્યારે તમે કહેશો જે એનું કલ્યાણ થાશે કે નહિ થાય ? તો કલ્યાણ તો પામર જેવો સત્સંગમાં હોય તેનું ય થાય છે, પણ મોરે કહી એવી જે સંતતા તે એમાં કોઈ દહાડે આવતી નથી, તથા પૂર્વે કહ્યા એવા જે સંત તેના જે ગુણ તે પણ એવામાં આવતા નથી, કાં જે એ પાત્ર થયો નથી.** એમ વાત કરીને
જય સચ્ચિદાનંદ કહીને શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે પધાર્યા. (૩) ૩
ઇતિ વચનામૃતમ્ ॥**૨૭**॥

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય (**૧**) છે. તેમાં અમને સર્વે કર્તા-હર્તા જાણે, અને માન-અપમાન તથા સર્વ પદાર્થને વિષે સમભાવ થાય, એના હૃદયમાં અમે નિવાસ કરીએ છીએ. પછી તે ભક્ત અમારે પ્રતાપે કરીને અનંત ઐશ્વર્યને પામે છે, ને અનંત જીવોના ઉદ્ધારને કરે એવો સમર્થ થાય છે. (**૧**) અને ગરીબને બીવરાવે તથા સિદ્ધાઈ દેખાડીને લોકોને બીવરાવે તે માયાના જીવ છે, ને યમપુરીના અધિકારી છે. (**૨**) અને રૂપવાન સ્ત્રી, સારી મેડી, સારું વસ્ત્ર તેમાં મોહ પામે એવા ગૃહસ્થ તથા સારી તુંબડી, સારું પાત્ર તેમાં મોહ પામે એવા ત્યાગી તે તુચ્છ બુદ્ધિવાળા છે, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (**૩**) બાબતો છે.

૧ **પ્ર૦** (પહેલી બાબતમાં) આગળ થઈ ગયાં ને આજ થાય છે ને આગળ થશે તે સર્વે આશ્ચર્ય અમારાં જાણવાં એમ શ્રીજીમહારાજે કહ્યું તે આગળ તો બીજા અવતારોએ આશ્ચર્ય કર્યા છે, અને પછી થશે તે પણ બીજા અવતારો થશે તે કરશે તે બીજા અવતારોનાં કરેલાં આશ્ચર્ય તે શ્રીજીમહારાજનાં કેવી રીતે જાણવાં ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજનાં આપેલાં ઐશ્વર્ય વડે કરીને સર્વે અવતારો આશ્ચર્ય જણાવે છે, માટે સર્વે આશ્ચર્ય શ્રીજીમહારાજનાં છે એમ જાણવું.

૨ **પ્ર૦** જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યાદિક અનંત શુભ ગુણે સંપન્ન થાય અને તેમાં શ્રીજીમહારાજ નિવાસ કરે ત્યારે તે ભક્ત કેવો કહેવાય ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજ નિવાસ કરે ત્યારે તે **ઉત્તમ એકાંતિક ભક્ત** કહેવાય.

૩ **પ્ર૦** એ સંતને સર્વ જગતના આધારરૂપ કહ્યા તે આધાર કેવી રીતે સમજવા અને સર્વની ઇન્દ્રિયોને સચેતન કરે છે એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ૦** આ ઠેકાણે આધારરૂપ એટલે સર્વ જીવમાત્રને આશ્રય કરવા રૂપ કહ્યા છે પણ ધારણ કરનાર કહ્યા નથી અને એવા એકાંતિકને વિષે શ્રીજીમહારાજ રહીને તેનો આશ્રય કરનારને પોતાના સ્વરૂપનું જ્ઞાન સમજાવે ને એનાં ઇન્દ્રિયોને વિષયને માર્ગેથી પાછાં વાળીને પોતાને સન્મુખ ચાલવાની સામર્થી આપે છે એમ સચેતન કરે છે એમ કહ્યું છે.

૪ **પ્ર૦** (બીજી બાબતમાં) ગરીબને દુખાડે તો યમપુરીમાં જાય એમ કહ્યું અને (**પ્ર૦ ૭૨** ના ૧/૨ પહેલા પ્રશ્નમાં) ગરીબને દુખાડ્યાનું બ્રહ્મહત્યા જેટલું પાપ કહ્યું છે તથા ( **વ૦ ૧૧**ના પહેલા પ્રશ્નમાં ) ગરીબને દુખાડવાથી જીવ નાશ પામે છે એમ કહ્યું છે તે જે ગરીબને દુખાડવાથી યમપુરીમાં જવાય તે ગરીબ કેવો જાણવો ? અને જે ગરીબને દુખવેથી બ્રહ્મહત્યા જેટલું

પાપ થાય તે ગરીબ કેવો જાણવો ? અને જે ગરીબને દુખવેથી જીવ નાશ પામે તે ગરીબ કેવો જાણવો ?

૪ ઉ૦ દબાઈને સામો થઈ શકે નહિ એવા ગરીબને દુખવે તો યમપુરીમાં જાય અને પહોંચી શકે એવો હોય પણ સ્વભાવે ગરીબ હોય તેને દુખવે તો બ્રહ્મહત્યા જેવું પાપ થાય અને સ્વભાવે ગરીબ હોય ને બ્રહ્મચર્ય-અહિંસાદિક ધર્મને વિષે અતિશે દ્રઢતાવાળો હોય ને દુખવનારનું ભૂંડું થવાનો સંકલ્પ પણ કરે નહિ એવા ગરીબને દુખવે તો જીવ નાશ પામી જાય.

૫ **પ્ર૦** ( ત્રીજી બાબતમાં) સંતતા કહી તે કેવી જાણવી ? અને સંતના ગુણ કહ્યા તે કિયાં જાણવાં ?

૫ ઉ૦ સર્વ પદાર્થને વિષે તથા માન-અપમાનને વિષે સમભાવ તથા સહનશક્તિ તે સંતતા જાણવી અને આત્યંતિક કલ્યાણ રૂપી પોષણ કરવાની સામર્થી તે સંતના ગુણ જાણવા.

૬ **પ્ર૦ સત્સંગમાં પામર જેવો હોય તેનું પણ કલ્યાણ થાય છે એમ કહ્યું તે પામર જેવો કોને જાણવો ? તથા વિષયી તથા મુમુક્ષુ તથા પતિતનાં કેવાં લક્ષણ હોય ?**

૬ ઉ૦ શ્રીજીમહારાજની બાંધેલી પંચવર્તમાનની મર્યાદા યથાર્થ પાળે પણ સાર-અસારનો કાંઈ વિવેક ન હોય, ને પ્રમાદી હોય, ને સત્સંગની સેવા કાંઈ પણ કરે નહિ, અને ધ્યાનભજન આદિક સાધન કરે નહિ, એ **પામર કહેવાય.** અને જે પંચવર્તમાનમાં રહીને નવધા ભક્તિ આદિક શ્રીજીમહારાજની પ્રસન્નતાનાં સાધન કરે, અને શ્રીજીમહારાજને પામવાની એટલે આત્માને વિષે દેખવાની ઇચ્છા રાખે, પણ તેનો ઉપાય ન કરે તે **વિષયી કહેવાય.** અને જે પંચવર્તમાનમાં રહીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા માહાત્મ્યે સહિત નિષ્કામ ભક્તિ આદિક શ્રીજીમહારાજની પ્રસન્નતાનાં સાધન કરે, અને શ્રીજીમહારાજને પોતાના આત્માને વિષે દેખવાનો અતિ આગ્રહપૂર્વક અભ્યાસ કરે, **તે મુમુક્ષુ જાણવો** અને જે પંચવર્તમાનમાં ફેર પાડે તેને તો **પતિત જાણવો** ને તેનાથી કોઈ સાધન સિદ્ધ થાય જ નહિ, ને તેનું કલ્યાણ પણ થાય જ નહિ. ॥**૨૭**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૨૮

❖ સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૧૪ ચૌદશને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના ઓરડાની હારે જે ઓરડો તેની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુની જમવા પંક્તિ થઈ હતી.

૧ તે સમે શ્રીજીમહારાજ બોલ્યા જે, (૧) **જે સત્સંગી સત્સંગમાંથી પાછો પડવાનો હોય તેને અસદ્ વાસનાની વૃદ્ધિ થાય છે, ને તેને પ્રથમ તો દિવસે દિવસે સત્સંગી માત્રનો અવગુણ આવે છે, ને પોતાના હૈયામાં એમ જાણે જે, સર્વે સત્સંગી તો અણસમજુ છે ને હું સમજુ છું, એમ સર્વેથી અધિક પોતાને જાણે, ને રાત્રિ-દિવસ પોતાના હૈયામાં મૂંઝાયા કરે, અને દિવસમાં કોઈ ઠેકાણે સુખે કરીને બેસે નહિ, ને રાત્રિમાં સૂએ તો નિદ્રા પણ આવે નહિ, ને ક્રોધ તો ક્યારેય મટે જ નહિ, ને અર્ધબળેલા કાષ્ઠની પેઠે ધૂંધવાયા કરે, એવું જેને વર્તે ત્યારે તેને એમ જાણીએ જે એ સત્સંગમાંથી પડવાનો થયો છે, ને એવો હોય ને તે જેટલા દિવસ સત્સંગમાં રહે પણ તેના હૈયામાં કોઈ દિવસ સુખ આવે નહિ ને અંતે પાછો પડી જાય છે. (૧) અને સત્સંગમાં જેને વધારો થવાનો હોય તેને શુભ વાસના વૃદ્ધિ પામે છે, ત્યારે તેને** ૧ **દિવસે દિવસે સત્સંગી માત્રનો હૈયામાં ગુણ જ આવે. અને સર્વે હરિભક્તને મોટા સમજે ને પોતાને ન્યૂન સમજે, ને આઠે પહોર તેના હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે, એવાં લક્ષણ**

**જ્યારે હોય ત્યારે જાણીએ જે શુભ વાસના વૃદ્ધિ પામી છે, ને તે જેમ જેમ વધુ વધુ સત્સંગ કરે તેમ તેમ વધુ વધુ સમાસ થાતો જાય, ને અતિશે મોટ્યપને પામી જાય છે.** એવી રીતે
શ્રીજીમહારાજ વાત કરીને જય સચ્ચિદાનંદ કહીને પોતાને આસને પધાર્યા. (૨) ઇતિ ૨
વચનામૃતમ્ ॥૨૮॥

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય (૧) છે. તેમાં જે સત્સંગમાંથી પાછો પડવાનો હોય તેને અસદ્ વાસના વૃદ્ધિ પામે ને સત્સંગી માત્રનો અવગુણ આવે ને પાછો પડી જાય. (૧) અને સત્સંગમાં વધારો થવાનો હોય તેને શુભ વાસના વૃદ્ધિ પામે, ને સત્સંગીનો ગુણ આવે, ને સત્સંગમાં મોટ્યપ પામે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (૨) બાબતો છે.

૧ **પ્ર૦** (બીજી બાબતમાં) આનંદ વર્તે તથા મોટ્યપ પામે એમ કહ્યું તે આનંદ ને મોટ્યપ શી સમજવી ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજનો નિશ્ચય સર્વોપરી હોય, ને પંચવર્તમાન દઢપણે પાળતા હોય, તેવા સત્સંગી માત્રનો ગુણ આવે તેણે કરીને તેમને વિષેથી મનુષ્યભાવ ટળીને મુક્તપણાની બુદ્ધિ થાય જે મુને સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાનના મુક્ત મળ્યા, ને દેહ મૂકીને જેને પામવા હતા તે છતે દેહે મળ્યા એમ જાણે તેથી આનંદ આવે તે સત્સંગનો આનંદ જાણવો. અને પોતે મુક્ત થાય એ અતિશે મોટ્યપ સમજવી. ॥૨૮॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૨૯

❖સંવત ૧૮૭૬ના પોષ સુદિ ૧૫ પૂનમને દિવસ સાંજને સમે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને ધોળા પુષ્પના હાર પહેર્યા હતા ને પાઘને વિષે ધોળા પુષ્પનો તોરો લટકતો હતો ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે પ્રશ્ન પૂછો. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે, (૧) ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત જે ભક્તિ તેનું બળ વૃદ્ધિ કેમ પામે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એના ઉપાય ચાર છે : એક તો પવિત્ર દેશ, બીજો રૂડો કાળ, ત્રીજી શુભ ક્રિયા અને ચોથો સત્પુરુષનો સંગ. તેમાં ક્રિયાનું સમર્થપણું તો થોડું છે, ને દેશ, કાળ, ને સંગનું કારણ વિશેષ છે, કેમ જે જો પવિત્ર દેશ હોય, પવિત્ર કાળ હોય, ને તમ જેવા સંતનો સંગ હોય, તો ત્યાં ક્રિયા રૂડી જ થાય અને જો સિંધ જેવો ભૂંડો દેશ હોય તથા ભૂંડો કાળ હોય તથા પાતર્યું ને ભડવા, અથવા દારૂ-માંસના ભક્ષણ કરનારા તેનો સંગ થાય તો ક્રિયા પણ ભૂંડી જ થાય, માટે પવિત્ર દેશમાં રહેવું અને ભૂંડો કાળ વર્તતો હોય ત્યાંથી આઘું-પાછું ખસી નીસરવું. અને **સંગ પણ પ્રભુના ભક્ત ને પંચવર્તમાને યુક્ત એવા જે બ્રહ્મવેત્તા સાધુ તેનો કરવો,** તો હરિભક્તને પરમેશ્વરની તે ભક્તિનું બળ અતિશે વૃદ્ધિ પામે એ પ્રશ્નનો એ ઉત્તર છે. (૧) ૧

૨ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, (૨) હે મહારાજ ! કોઈક હરિભક્ત હોય તેને પ્રથમ તો અંતર ગોબરું સરખું હોય, અને પછી તો અતિશે શુદ્ધ થઈ જાય છે, તે એને કોઈ પૂર્વેનો સંસ્કાર છે તેણે કરીને એમ થયું ? કે ભગવાનની કૃપાએ કરીને એમ થયું ? કે એ હરિભક્તને

પુરુષપ્રયત્ને કરીને થયું ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પૂર્વને સંસ્કારે કરીને જે સારું અથવા નરસું થાય તે તો સર્વે જગતના જાણ્યામાં આવે, જેમ ભરતજીને મૃગલામાં આસક્તિ થઈ એવે ઠેકાણે પ્રારબ્ધ લેવાય, અથવા કોઈ કંગાલ હોય ને તેને મોટું રાજ્ય મળે, એવી રીતે થાય તે તો સર્વે જગતના જાણ્યામાં આવે ત્યારે તેને તો પ્રારબ્ધ જાણવું. અને જે રૂડા સાધુનો સંગ કરે ને પોતે પોતાને વિચારે કરીને જ સારો થાય તે તો એ ભક્તનું પુરુષપ્રયત્ન કહેવાય. પછી શ્રીજીમહારાજે પોતાની વાત કરી જે, અમે જે જે સાધન કર્યાં હતાં, તેને વિષે કોઈ રીતે દેહ રહે જ નહિ, ને તેમાં પણ દેહ રહ્યો તેને પ્રારબ્ધ કહીએ. તે શું ? તો અમે શ્રી પુરુષોત્તમપુરીમાં રહેતા, ત્યારે કેટલાક માસ સુધી તો વાયુ ભક્ષણ કરીને રહ્યા તથા ત્રણ-ચાર ગાઉના પહોળા પટવાળી એક નદી હતી તેને વિષે શરીર તણાતું મેલ્યું તથા શિયાળો, ઉનાળો ને ચોમાસું તેને વિષે છાયા વિના એક કૌપિનભર રહેતા તથા ઝાડીને વિષે વાઘ-હાથી તથા અરણા-પાડા તેની ભેળે ફરતા, એવાં એવાં અનંત વિકટ ઠેકાણાં તેને વિષે ફર્યા તો ય પણ કોઈ રીતે દેહ પડ્યો નહિ ત્યારે એવે ઠેકાણે તો પ્રારબ્ધ લેવું અને પોતાને વિચારે કરીને પોતાને સમાસ થાય તેને તો પુરુષપ્રયત્ન કહીએ. એમ વાત કરીને જય સચ્ચિદાનંદ કહીને શ્રીજીમહારાજ હસતાં હસતાં પોતાને આસને પધાર્યા. (૨) ઇતિ વચનામૃતમ્ ॥૨૯॥ ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન (૨) છે.તેમાં પહેલામાં દેશકાળાદિક સારા સેવે, અને પંચ વર્તમાને યુક્ત એવા બ્રહ્મવેત્તા સાધુનો સંગ કરે, તો અમારી ભક્તિનું બળ અતિશે વૃદ્ધિ પામે છે. (૧) બીજામાં પૂર્વનું પ્રારબ્ધ, તથા અમારી ને અમારા મુક્તની કૃપા, તથા પુરુષપ્રયત્ન એ ત્રણ પ્રકારે અંતર શુદ્ધ થાય છે, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (૨) બાબતો છે.

૧ **પ્ર૦ ઘણાંક વચનામૃતોમાં દેશકાળાદિક કહ્યા છે, તે કેવા કેવા પ્રકારના જાણવા ?**

૧ ઉ૦ (**પ્ર૦ ૨** માં) રૂપવાન સ્ત્રીનો એકાંતમાં યોગ થાય ને ધર્મમાંથી પાડવાનો આગ્રહ કરે, તથા આજ્ઞા વિરુદ્ધ ઘણુંક ધન પ્રાપ્ત થતું હોય તે કઠણ દેશકાળ કહ્યા છે. અને આમાં (પહેલા પ્રશ્નમાં ) ધર્મવાળા ભગવાનના ભક્ત રહેતા હોય તે સ્થળને પવિત્ર દેશ કહ્યો છે, અને કોઈ પ્રકારનો ઉપદ્રવ ન હોય તે પવિત્ર કાળ કહ્યો છે, અને શ્રીજીમહારાજના એકાંતિક સંતનો સંગ હોય તે પવિત્ર સંગ કહ્યો છે, અને જે સ્થળમાં પાપી પુરુષો રહેતા હોય તે સ્થળને ભૂંડો દેશ કહ્યો છે, અધર્મી જનો ભગવાન ભજવામાં તથા ધર્મ પાળવામાં વિઘ્ન કરતા હોય તે ભૂંડો કાળ કહ્યો છે, અને ઉપર કહ્યા એવા પાપી પુરુષોનો સંગ થાય, તે ભૂંડો સંગ કહ્યો છે, અને (**પ્ર૦ ૫૫**/૧ માં તથા **મ૦ ૩૨**/૪ માં તથા **૩૯** ના પહેલા પ્રશ્નમાં, તથા **છે૦ ૧૪** ના ૨/૨.૩ બીજા પ્રશ્નમાં, તથા **૧૫** તથા **૩૫** ના પહેલા પ્રશ્નમાં) ભૂંડા તથા રૂડા દેશાદિક કહ્યા તે આ (**૨૯** માં) ભૂંડા તથા પવિત્ર દેશાદિક કહ્યા તેવા જાણવા, અને (**પ્ર૦ ૫૯** ના ચોથા પ્રશ્નમાં) શુભ-અશુભ દેશકાળાદિકના હેતુ પુરુષને કહ્યા છે, અને (**૭૮** ના બાવીસમા પ્રશ્નમાં) જે સ્થળમાં શત્રુ બહુ રહેતા હોય, તથા નાતનો તથા રાજાનો ઉપદ્રવ હોય, તથા ધનનો તથા લાજનો નાશ થતો હોય તે વિષમ દેશાદિક કહ્યા છે અને (**લો૦ ૬** ના **૧૮**/૨૧ અઢારમા પ્રશ્નમાં ) જે સ્થળમાં ત્યાગીઓને પોતાના દેહના સંબંધી રહેતા હોય તે દેશમાં રહેવું તે કઠણ દેશ કહ્યો છે, અને શ્રીજીમહારાજનાં દર્શન ભેળાં સ્ત્રીઓનાં દર્શન થતાં હોય તેવો સંગ તે કઠણ સંગ કહ્યો છે, અને મંદિરો આદિક કારખાનાં થાતાં હોય તેમાં સ્ત્રીઓ વારંવાર જોવામાં આવે તે કઠણ ક્રિયા કહી છે ને જે સ્થળમાં મારકૂટ થતી હોય તેને વિષમ કાળ કહ્યો છે, અને (**લો૦ ૧૦** ના ૪/૫ ચોથા પ્રશ્નમાં) કાળ કહ્યો તે (**પ્ર૦ ૭૮** માં) કહ્યો તેવો જાણવો. અને (૬ બાબતમાં) યુગના ધર્મને કાળ કહ્યો છે, તેમાં કળિયુગના ધર્મને વિષમ કાળ કહ્યો છે, અને (**લો૦ ૧૭** ના બીજા પ્રશ્નમાં તથા **વ૦ ૧૨**/૨ માં તથા **છે૦ ૧૧** ના ત્રીજા પ્રશ્નમાં) પ્રગટ ભગવાન જે શ્રી સ્વામિનારાયણ તેમના દ્વેષીનો સંગ થાય તે ભૂંડા દેશાદિક કહ્યા છે, અને (**મ૦ ૫૧** ના

બીજા પ્રશ્નમાં) શ્રીજીમહારાજની બાંધેલી મર્યાદામાં રહે તે રૂડા દેશાદિક કહ્યા છે, અને મર્યાદાથી બહાર વર્તે તે ભૂંડા દેશાદિક કહ્યા છે, અને (**મ૦ ૫૬**/૨ માં) જે દેશમાં માન-મોટ્યપનો તથા માયિક પદાર્થનો ઘણો યોગ થાતો હોય તેને ભૂંડા દેશાદિક કહ્યા છે, અને (**છે૦ ૨૬** ના બીજા પ્રશ્નમાં) માનરૂપી દોષને ભૂંડા દેશાદિક કહ્યા છે.

૨ **પ્ર૦** (બીજા પ્રશ્નમાં) હસતાં હસતાં પધાર્યા એમ કહ્યું તે હસવાનું શું કારણ હશે ?

૨ **ઉ૦** અમારો દેહ પ્રારબ્ધે કરીને રહ્યો એમ કહ્યું તેથી કેટલાક શ્રીજીમહારાજને પ્રારબ્ધ છે એમ સમજ્યા તેથી હસ્યા જે અમારે માથે પણ પ્રારબ્ધ ઠરાવ્યું. ॥૨૯॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૩૦

❖સંવત ૧૮૭૬ના પોષ વદિ ૧ પડવાને દિવસ સાંઝને સમે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની હારે ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને ધોળાં પુષ્પના હાર પહેર્યા હતા ને બે કાનને વિષે ધોળાં પુષ્પના ગુચ્છ ખોસ્યા હતા ને પાઘને વિષે ધોળાં પુષ્પના તોરા લટકતા હતા ને ધોળાં પુષ્પના બેરખા પહેર્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને મુનિમંડળ કીર્તન ગાતા હતા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, હવે તો પ્રશ્ન-ઉત્તર કરો ત્યારે શ્રીજીમહારાજ પ્રત્યે
૧ દીનાનાથ ભટ્ટે પૂછ્યું જે, (**૧**) હે મહારાજ ! કોઈક સમે તો હજારું ઘાટ થાય પણ તેનો મનને વિષે ડંસ બેસે નહિ અને કોઈક સમે તો અલ્પ ઘાટ થાય તેનો પણ મનને વિષે ડંસ બેસે તેનું કારણ શું છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એનું કારણ તો ગુણ છે તે જ્યારે તમોગુણ પ્રધાન હોય ને તેમાં ઘાટ થાય ત્યારે સુષુપ્તિ સરખી અવસ્થા રહેતી હોય, માટે તેમાં ઘાટનો ડંસ બેસે નહિ અને જ્યારે સત્ત્વગુણ વર્તતો હોય ત્યારે પ્રકાશ જેવું વર્તે ને તે સમે જે જે ઘાટ થાય તેને વિચારે કરીને ખોટા કરી નાખે માટે તે ઘાટનો પણ ડંસ બેસે નહિ અને જ્યારે રજોગુણ વર્તે ત્યારે જે ઘાટ થાય તેનો મનને વિષે ડંસ બેસે. માટે ડંસ બેસે છે ને નથી બેસતો તેનું કારણ તો ગુણની વૃત્તિ છે. અને બુદ્ધિવાન હોય તો આ વાતને વિચારીને જે સમે ઘાટ થાય તે સમે તે ઘાટ સામું જુએ તો પોતામાં જે ગુણ પ્રધાન વર્તતો હોય તેને ઓળખે ને ઘડી ઘડી, પળ પળમાં સૂક્ષ્મ ઘાટ થાય છે તે તો કોઈના ઓળખ્યામાં આવે નહિ, ને તમ જેવો કોઈક બુદ્ધિવાન હોય તો આખા દિનમાં બે-ત્રણ-ચાર સ્થૂળ ઘાટ થાય તે તેના ઓળખ્યામાં આવે, અને જે ગુણને પ્રધાનપણે પોતામાં ઘાટ થાતા હોય તે સામી દૃષ્ટિ રાખે અને સત્સંગમાં જે ભગવાનની વાર્તા થાય તેને ધાર્યા-વિચાર્યા કરે, તો આ સત્સંગનો પ્રતાપ એવો છે જે, જે ગુણના ઘાટ થાતા હોય તે ઘાટની તેને નિવૃત્તિ થઈ જાય છે, ને નિરુત્થાન થઈને અખંડ પરમેશ્વરના સ્વરૂપનું ચિંતવન થાય છે, અને સત્સંગ વિના તો બીજાં કોટી સાધન કરે પણ તેને ઘાટની તથા રજોગુણ આદિક ગુણની નિવૃત્તિ થાય નહિ, અને જો નિષ્કપટપણે કરીને

સત્સંગ કરે ને પરમેશ્વરની વાર્તાને ધારે-વિચારે તો એ મલિન ઘાટનો નાશ થાય છે. માટે સત્સંગનો પ્રતાપ તો અતિશે મોટો છે, અને બીજાં સાધન છે તે કોઈ સત્સંગ તુલ્ય થાય નહિ, કાં જે કોઈ સાધને કરીને જે ઘાટની નિવૃત્તિ નથી થાતી તેની નિવૃત્તિ સત્સંગમાં થાય છે. તે કારણપણા માટે જેને રજોગુણ સંબંધી મલિન ઘાટ ટાળવા હોય તેને મન, કર્મ, વચને નિષ્કપટપણે સત્સંગ કરવો, તો સત્સંગના પ્રતાપથી એ ઘાટની નિવૃત્તિ થઈ જાશે. (૧) ઇતિ ૧
વચનામૃતમ્ ॥૩૦॥

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન (૧) છે. તેમાં રજોગુણમાં ઘાટનો ડંસ બેસે છે, ને નિષ્કપટપણે સત્સંગ કરે તો ઘાટની નિવૃત્તિ થઈ જાય એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (૧) બાબત છે.

૧ **પ્ર૦** અમારી વાર્તાને વિચારે તો ઘાટ ટળી જાય એમ કહ્યું તે વાત શી જાણવી ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજના મહિમારૂપ વાર્તા જાણવી. તે મહિમા એવો જાણવો જે, શ્રીજીમહારાજને જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ ને અક્ષર એ સર્વેના કર્તા, નિયંતા, આધાર, સર્વેને સુખના દાતા ને જેની સત્તાના પ્રતાપથી મૂળઅક્ષરકોટી આદિક અનંત ઐશ્વર્યાર્થીઓ તે બ્રહ્માંડોની ઉત્પત્ત્યાદિક કરે છે, એવા અતિ સમર્થ ને સર્વ સુખમય મૂર્તિ શ્રીજીમહારાજને જાણે. આવો મહિમા વિચારે, ત્યારે બીજેથી પ્રીતિ ટળીને એક શ્રીજીમહારાજને વિષે જ પ્રીતિ થાય, ને નિરુત્થાન થવાય ને શ્રીજીમહારાજનું અખંડ ચિંતવન થાય. ॥૩૦॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૩૧

❖સંવત ૧૮૭૬ના પોષ વદિ ૨ બીજને દિવસ સાંઝને સમે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે ઊગમણે બાર ઓરડાની ઓસરીએ ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં.

૧ ને તે સમે કોઈક હરિભક્તે પ્રશ્ન પૂછ્યો જે, (૧) હે મહારાજ ! ભગવાનના ભક્ત બે હોય તેમાં એક તો નિવૃત્તિ પકડીને બેસી રહે ને કોઈને વચને કરીને દુઃખવે નહિ, ને એક તો પરમેશ્વર અથવા પરમેશ્વરના ભક્ત તેની અન્ન-વસ્ત્ર-પુષ્પાદિકે કરીને સેવા કર્યા કરે પણ વચને કરીને કોઈને દુઃખવાય ખરું, એવી રીતના બે ભક્ત તેમાં કિયો શ્રેષ્ઠ છે ? પછી શ્રીજીમહારાજે એનો ઉત્તર કર્યો નહિ, ને મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને તેડાવ્યા ને એ પ્રશ્ન સંભળાવ્યો, ને પછી કહ્યું જે, એનો ઉત્તર તમે કરો. ત્યારે એ બે જણે ઉત્તર કર્યો જે, વચને કરીને કોઈને દુઃખવે છે પણ ભગવાનની અથવા સંતની સેવા કરે છે તે શ્રેષ્ઠ છે ને નિવૃત્તિને વિષે રહે છે ને કોઈને દુઃખવતો નથી ને તેથી ભગવાનની તથા સંતની કાંઈ સેવા થાતી નથી તેને અસમર્થ સરખો જાણવો, ને જે ટેલ-ચાકરી કરે તેને તો ભક્તિવાળો
કહીએ, તે ભક્તિવાળો શ્રેષ્ઠ છે. (૧) પછી શ્રીજીમહારાજ બોલ્યા જે એ ઉત્તર ઠીક કર્યો, ૧
ને એવી ભક્તિવાળો હોય ને ભગવાનના વચનમાં દૃઢપણે રહ્યો હોય ને તેને વિષે કાંઈક અલ્પ સરખો દોષ દેખાય તે સામું જોઈને તેનો અવગુણ લેવો તે મોટી ખોટ્ય છે, અને એવી રીતે દોષ જુએ ત્યારે તો પરમેશ્વરે જીવના કલ્યાણને અર્થે દેહ ધર્યો હોય તેમાં પણ દોષના

જોનારાને ખોટ્ય દેખાય ખરી. અને અતિ મોટા ભગવાનના ભક્ત હોય તેમાં પણ ખોટ્ય દેખાય ખરી, ને તે દોષને જોનારે ખોટ્ય કાઢી તેણે કરીને પરમેશ્વરના અવતાર અથવા સંત તે શું કલ્યાણકારી નહિ ? તે તો કલ્યાણકારી જ છે. પણ જેને અવળી બુદ્ધિ હોય તેને અવળું જ સૂઝે, જેમ શિશુપાળ એમ જ કહેતો જે, પાંડવ તો વર્ણશંકર છે ને પાંચ જણે એક સ્ત્રી રાખી માટે અધર્મી પણ છે, અને કૃષ્ણ છે તે પણ પાંખડી છે, કેમ જે જન્મ થયો ત્યાંથી પ્રથમ તો એણે એક સ્ત્રી મારી, ત્યાર પછી બગલો માર્યો, વાછડો માર્યો ને મધના પૂડા ઉખેડ્યા તેણે કરીને એને મધુસૂદન કહે છે પણ એણે કાંઈ મધુ નામે દૈત્ય માર્યો નથી, ને વર્ણશંકર એવા જે પાંડવ તેણે પૂજ્યો તેણે કરીને શું એ ભગવાન થયો ? એવી રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આસુરી બુદ્ધિવાળો શિશુપાળ તેણે લીધો, પણ ભગવાનના ભક્ત હતા તેણે એવો અવગુણ કાંઈ ન લીધો, માટે એવી જાતનો જેને અવગુણ આવે તેને આસુરી બુદ્ધિવાળો જાણવો. (૨) ૨

૨ ત્યારે ફરીને તે હરિભક્તે પૂછ્યું જે, (૨) હે મહારાજ ! મોટા જે પ્રભુના ભક્ત હોય તેનો તો અવગુણ આવે નહિ પણ જેવો તેવો હરિભક્ત હોય તેનો અવગુણ તો આવે ખરો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ તમે સમજો છો તેમ નાન્યપ-મોટ્યપ નથી; **મોટ્યપ તો પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયે કરીને તથા તે ભગવાનની આજ્ઞાને વિષે વર્તવે કરીને છે ને એ બે વાનાં જેને ન હોય, ને તે ગમે તેવો વ્યવહારે કરીને મોટો હોય તો પણ એ નાનો જ છે.** અને પ્રથમ કહી એવી મોટ્યપ તો આજ આપણા સત્સંગમાં સર્વે હરિભક્તને વિષે છે, કેમ જે **આજ જે સર્વે હરિભક્ત છે, તે એમ સમજે છે જે, અક્ષરાતીત એવા જે ભગવાન પુરુષોત્તમ તે અમને પ્રત્યક્ષ મળ્યા છે ને અમે કૃતાર્થ થયા છીએ એમ સમજીને પ્રત્યક્ષ ભગવાનની આજ્ઞામાં રહ્યા થકા ભગવાનની ભક્તિ કરે છે. માટે એવા જે હરિભક્ત તેનો કાંઈક દેહસ્વભાવ જોઈને તેનો અવગુણ લેવો નહિ, અને જેને અવગુણ લીધાનો સ્વભાવ હોય તેની તો આસુરી બુદ્ધિ થઈ જાય છે.** (૩) ઇતિ વચનામૃતમ્ ॥**૩૧**॥ ૩

**રહસ્યાર્થ પ્રદી૦**– આમાં પ્રશ્ન (**૨**) છે. તેમાં પહેલામાં અમારી ને અમારા સંતની સેવા કરતો હોય તેનાથી વચને કરીને કોઈકને દુઃખવાય તો પણ તે નિવૃત્તિવાળા ભક્ત કરતાં શ્રેષ્ઠ છે. (**૧**) તેમાં અલ્પ સરખો દોષ દેખીને અવગુણ લે તેને અમારે વિષે પણ દોષ દેખાય, તેને આસુરી બુદ્ધિવાળો જાણવો. (**૨**) બીજામાં અક્ષરાતીત પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ જે અમે તે અમારો નિશ્ચય હોય ને અમારી આજ્ઞામાં વર્તે તે મોટો છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (**૩**) બાબતો છે.

૧ **પ્ર૦** (૧/૨ પહેલા પ્રશ્નમાં) અલ્પદોષ જોઈને અવગુણ ન લેવો એમ કહ્યું તે કિયાં જાણવાં ?

૧ **ઉ૦** બહુ બોલવાની ને ધાર્યું કરવાની પ્રકૃતિ હોય તથા દેહની ક્રિયા કોઈને મળતી આવે એવી ન હોય, ને સરળપણું ન હોય એવા સ્વભાવ હોય તે અલ્પદોષ જાણવા.

૨ **પ્ર૦** (૨/૩ બીજા પ્રશ્નમાં) અક્ષરાતીત તથા પ્રત્યક્ષ કહ્યા તે કિયા અક્ષરથી પર કહ્યા હશે ?

૨ ઉ૦ પોતાના તેજરૂપ અક્ષરથી પર કહ્યા છે. અને વચનામૃતમાં પ્રત્યક્ષ શબ્દ જ્યાં જ્યાં આવે ત્યાં ત્યાં શ્રીજીમહારાજને જ કહ્યા છે; તે 'હરિવાક્ય સુધાસિંધુ' ના તરંગ (૨૨૭) માં કહ્યું છે :-

આજ્ઞાપ્યતં ચૈક એવ હ્યાગમં બ્રહ્મધામ વૈ ॥ તત્ર મત્તઃ પરતરો ન દૃષ્ટઃ પુરુષોત્તમઃ॥
મામેવ પૂજ્યામાસુઃ સર્વે બ્રહ્માંડનાયકાઃ ॥૧૭॥ અહમેવાઽખિલાંડાનાં જન્માદે-ર્હેતુરસ્મિ વૈ ॥
મત્તઃ પરતરઃ કશ્ચિન્નાસ્ત્યેવ ભગવાન્ ક્વચિત્ ॥ મત્તેજસૈવ સૂર્યાદ્યાઃ સન્તિ તેજસ્વિનોઽખિલાઃ ॥૧૯॥
મદિચ્છયૈવ બ્રહ્માંડ-સ્થિતિરસ્તિ ન ચાન્યથા । એવં મયા સ્વસ્વરૂપં સર્વથાઽસ્તિ સુનિશ્ચિતમ્ ॥૨૦॥

અર્થ :- તે ગરુડ ને પડ્યો મૂકીને અમે એકલા જ બ્રહ્મધામ જે અમારું અક્ષરધામ ત્યાં જતા હવા. ત્યાં અમારા વિના કોઈ બીજો પુરુષોત્તમ ન દેખ્યો, અને સર્વે બ્રહ્માંડના અધિપતિઓ અમારું પૂજન કરતા હવા. (**૧૭**) અને સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્ત્યાદિકના કર્તા અમે જ છીએ; અમારા વિના બીજો કોઈ પણ ભગવાન કોઈ સમયને વિષે છે જ નહિ. અને અમારે તેજે કરીને સૂર્યાદિક કહેતાં સૂર્યથી આરંભીને બ્રહ્મા,વિષ્ણુ, શિવ, વૈરાજપુરુષ, પ્રધાનપુરુષ, મૂળપુરુષ, બ્રહ્મ તથા મૂળ અક્ષરાદિક સર્વે તેજસ્વી છે. (**૧૯**) અને અમારી ઇચ્છાએ કરીને સર્વે બ્રહ્માંડોની સ્થિતિ છે; બીજે કોઈ પ્રકારે નથી, એ રીતે અમે અમારું સ્વરૂપ સર્વ પ્રકારે નિશ્ચય કર્યું છે. (**૨૦**) માટે મૂળઅક્ષરથી પર જે શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામ તેથી પર સર્વેના કારણ, સર્વાધાર પ્રત્યક્ષ ભગવાન તે શ્રીજીમહારાજ છે એમ જાણવું. ॥**૩૧**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૩૨

❖સંવત ૧૮૭૬ના પોષ વદિ ૩ ત્રીજને દિવસ પ્રભાત સમે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને માથે ધોળી પાઘ બાંધી હતી ને ધોળી ચાદર ઓઢી હતી ને લલાટને વિષે કેસરની આડ કરી હતી ને ધોળાં પુષ્પનો હાર પહેર્યો હતો ને પાઘને વિષે ધોળાં પુષ્પનો તોરો લટકતો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને કીર્તન ગવાતાં હતાં.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, (૧) સાંભળો એક પ્રશ્ન કરીએ. ત્યારે મુનિ તથા હરિભક્તે કહ્યું જે, હે મહારાજ ! પૂછો, પછી શ્રીજીમહારાજ ઘણીકવાર સુધી વિચારીને બોલ્યા જે, આ સંસારમાં જે વિષયી જીવ હોય તે પંચવિષય વિના રહી શકે નહિ, તે જેમ એ **વિમુખ જીવને પંચવિષય છે, તેમ હરિજનને પણ પંચવિષય છે પણ તેમાં ભેદ છે,** તે ભેદ કેમ છે તો વિષયી જીવ તો ભગવાન વિના અન્ય જે ગ્રામ્ય વિષય તેને ભોગવે છે, ને **ભગવાનના ભક્ત છે તેને તો ભગવાનની કથા સાંભળવી તે જ શ્રોત્રનો વિષય છે, અને ભગવાનના ચરણારવિંદનો સ્પર્શ કરવો, અથવા સંતના ચરણની રજનો સ્પર્શ કરવો તે ત્વચાનો વિષય છે, અને ભગવાન અથવા સંત તેનાં દર્શન કરવાં તે નેત્રનો વિષય છે, અને ભગવાનનો પ્રસાદ લેવો તથા ભગવાનના ગુણ ગાવા તે જીભનો વિષય છે, અને ભગવાનને ચડ્યા એવાં જે પુષ્પાદિક તેની સુગંધી લેવી તે ઘ્રાણનો વિષય છે. એવી રીતે વિમુખ અને હરિભક્તના વિષયમાં ભેદ છે,** અને એવી રીતના વિષય વિના તો હરિભક્તને પણ રહેવાતું નથી, અને નારદ-સનકાદિક જેવા **અનાદિમુક્ત** છે તેણે પણ એવા પંચવિષય વિના રહેવાતું નથી; તે સમાધિમાં ઘણાં કાળ રહે છે પણ તે સમાધિમાંથી નીકળીને ભગવાનની કથા-કીર્તન-શ્રવણાદિક વિષયને ભોગવે છે, **અને જેમ પક્ષી હોય તે પોતાના માળાને મૂકીને ચરવા નીકળે**

**છે તે ચારો કરીને રાત્રિને સમે પોતપોતાના માળામાં જઈને વિરામ કરે છે, પણ પોતપોતાના સ્થાનકને કોઈ દિવસ ભૂલીને બીજાને સ્થાનકે જાતાં નથી, તેમ ભગવાનના ભક્ત છે તે ભગવાનની કથા-કીર્તન-શ્રવણાદિક એવો જે ચારો તેને ચરીને પોતાનો માળો જે ભગવાનનું સ્વરૂપ તેમાં જઈને વિરામ કરે છે.** અને વળી પશુ-પક્ષી સર્વે જીવ જેમ પોતપોતાનો ચારો કરીને પોતપોતાને સ્થાનકે જઈને વિરામ કરે છે તેમ મનુષ્ય પણ જે જે કાર્ય હોય તેને અર્થે દેશ-વિદેશ જાય છે પણ પોતાને ઘેર આવે છે ત્યારે નિરાંત કરીને બેસે છે. એ સર્વે દૃષ્ટાંત-સિદ્ધાંત કહ્યા, તે ઉપર તમે સર્વે હરિભક્તને **અમે પ્રશ્ન પૂછીએ છીએ જે, જેમ વિમુખ જીવ ગ્રામ્ય પંચવિષયમાં બંધાણા છે ને તે વિષય વિના પળ માત્ર ચાલતું નથી તેમ તમે ભગવાનની કથા-વાર્તાનું જે શ્રવણાદિક તે રૂપી જે વિષય તેમાં દૃઢપણે બંધાઈને એના વિષયી થયા છો કે નહિ ?**

૨ અને વળી બીજું પ્રશ્ન પૂછીએ છીએ જે, (૨) **જેમ પક્ષી ચારો કરીને પોતાના માળામાં આવે છે, તેમ તમે સર્વે ભગવાનની કથા-કીર્તનાદિકરૂપી ચારો કરીને પાછા ભગવાનના સ્વરૂપરૂપી માળામાં વિરામ કરો છો કે બીજે જ્યાં ત્યાં વિરામ કરો છો ? અને વળી જેમ ધણિયાતું ઢોર હોય તે સીમમાં ચરીને સાંજે પોતાને ખીલે આવે છે, ને જે હરાયું ઢોર હોય તે ખીલે આવે નહિ ને જેનું તેનું ખેતર ખાઈને જ્યાં ત્યાં બેસી રહે, પછી કોઈક ધોકા મૂકે કે વાઘ આવે તો મારે, તેમ તમે તે ધણિયાતા ઢોરની પેઠે પોતાને ખીલે આવો છો ? કે હરાયા ઢોરની પેઠે કોઈનું ખેતર ખાઈને જ્યાં ત્યાં બેસીને વિરામ કરો છો ?** એ સર્વે પ્રશ્નનો ઉત્તર પોતાના અંતરમાં વિચારીને મોટા મોટા હો તે કરો. પછી મુનિ તથા હરિભક્ત સર્વે જુદા જુદા
બોલ્યા જે, હે મહારાજ ! ભગવાનની કથા-કીર્તનાદિકના વિષયી પણ થયા છીએ, (૧) ને ૧
ભગવાનની મૂર્તિરૂપી જે માળો તથા ખીલો તેને મૂકીને બીજે ઠેકાણે રહેતા પણ નથી. (૨) ૨
તે વાર્તાને સાંભળીને શ્રીજીમહારાજ ઘણું પ્રસન્ન થયા, **અને વળી તે ને તે દિવસ બપોર નમતે શ્રીજીમહારાજ દાદાખાચરના દરબાર વચ્ચે લીંબડા તળે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પોતે શ્રી વાસુદેવનારાયણના મંદિર સન્મુખ વિરાજમાન હતા ને મુનિ કીર્તન બોલતા હતા.**

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, હવે તો પ્રશ્ન-ઉત્તર કરો. પછી દીનાનાથ ભટ્ટે તથા
૩ બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, (૩) કોઈ સમે તો ભગવાનના ભક્તના હૃદયમાં આનંદથી ભગવાનનું ભજન-સ્મરણ થાય છે, ને ભગવાનની મૂર્તિનું ચિંતવન થાય છે, અને કોઈ સમે તો અંતર ડોળાઈ જાય છે, ને ભજન-સ્મરણનું સુખ આવતું નથી તેનું શું કારણ છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એને ભગવાનની મૂર્તિ ધાર્યાની યુક્તિ આવડતી નથી.

૪ ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, (૪) કેવી રીતે યુક્તિ જાણવી ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે યુક્તિ તો એમ છે જે, અંતઃકરણને વિષે ગુણનો પ્રવેશ થાય છે, તે જ્યારે સત્ત્વગુણ

વર્તતો હોય ત્યારે અંતઃકરણ નિર્મળ વર્તે ને ભગવાનની મૂર્તિનું ભજન-સ્મરણ સુખે થાય, ને જ્યારે રજોગુણ વર્તે ત્યારે અંતઃકરણ ડોળાઈ જાય, ને ઘાટ-સંકલ્પ ઘણા થાય ને ભજન-સ્મરણ સુખે થાય નહિ. અને જ્યારે તમોગુણ વર્તે ત્યારે તો અંતઃકરણ શૂન્ય વર્તે, માટે ભજનના કરનારાને ગુણ ઓળખવા ને જે સમે સત્ત્વગુણ વર્તતો હોય, તે સમે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. અને તમોગુણ જ્યારે વર્તે ત્યારે કશો ઘાટ થાય નહિ, ને શૂન્ય સરખું વર્તે, તેમાં ભગવાનનું ધ્યાન ન કરવું અને જ્યારે રજોગુણ વર્તતો હોય, ત્યારે ઘાટ-સંકલ્પ ઘણા થાય, માટે તે સમે પણ ભગવાનનું ધ્યાન કરવું નહિ. ને તે સમે તો એમ જાણવું જે, હું તો સંકલ્પ થકી જુદો છું ને આત્મા છું અને એ સંકલ્પનો જાણનારો છું ને મારે વિષે અંતર્યામીરૂપે **આ પુરુષોત્તમ ભગવાન** સદા કાળ વિરાજે છે. અને જ્યારે રજોગુણનો વેગ મટી જાય ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. અને જ્યારે રજોગુણ વર્તતો હોય ત્યારે સંકલ્પ ઘણા થાય, તે સંકલ્પને જોઈને મૂંઝાવું નહિ, કેમ જે અંતઃકરણ તો જેવું નાનું છોકરું તથા વાનરું તથા બાળકનો રમાડનાર તેવું છે, ને એ અંતઃકરણનો એવો સ્વભાવ છે તે વિનાપ્રયોજન ચાળા કર્યા કરે, માટે જેને ભગવાનનું ધ્યાન કરવું તેને અંતઃકરણના ઘાટને જોઈને કચવાઈ જાવું નહીં ને અંતઃકરણના ઘાટને માનવા પણ નહીં ને પોતાને અને અંતઃકરણને જુદું માનવું અને પોતાના આત્માને જુદો માનીને ભગવાનનું ભજન કરવું. (૩) ૩

ઇતિ વચનામૃતમ્ ॥૩૨॥

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન (૪) છે. તેમાં પહેલા તથા બીજામાં અમારી કથા-કીર્તનાદિકના વિષયી થવું. (**૧**) અને અમારી મૂર્તિરૂપી માળે તથા ખીલે રહેવું. (૨) ત્રીજા તથા ચોથામાં સત્ત્વગુણ વર્તે, ત્યારે અંતરવૃત્તિએ અમારું ધ્યાન કરવું, પણ રજ-તમ વર્તતા હોય ત્યારે ન કરવું, ને રજોગુણ વર્તે ત્યારે અંતઃકરણથી પોતાના આત્માને જુદો માનીને અમારું ભજન કરવું ને ઘાટથી કચવાવું નહિ, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (**૩**) બાબતો છે.

૧ **પ્ર૦ વચનામૃતોમાં ઘણે ઠેકાણે નારદ-સનકાદિક કહ્યા છે તેમાં કિયામાં પરોક્ષ નારદાદિકને કહ્યા હશે ? અને કિયામાં શ્રીજીમહારાજના મુક્તને કહ્યા હશે ?**

૧ ઉ૦ (**પ્ર૦ ૨૦** ના બીજા પ્રશ્નમાં, **૨૪** ના ૨/૫ બીજા પ્રશ્નમાં, **૩૩** ના પહેલા પ્રશ્નમાં, **૬૮** ના ચોથા પ્રશ્નમાં, **પં૦ ૭**/૨ માં, **મ૦ ૨** માં, **૪૭**/૨ તથા **૬૨**ના બીજા પ્રશ્નમાં, **અ૦ ૧** ના પહેલા પ્રશ્નમાં, **જે૦૪** ના ૨/૫ બીજા પ્રશ્નમાં, **છે૦ ૧૦** એમાં) શ્રીજીમહારાજે પોતાના સિદ્ધ મુક્તોને નારદ-સનકાદિક નામે કહ્યા છે. અને (**પ્ર૦ ૧૮**/૧.૪ માં ૩૨ના પહેલા પ્રશ્નમાં, **૪૦**ના પહેલા પ્રશ્નમાં, ૬૩ના બીજા પ્રશ્નમાં, **લો૦ ૧૩**ના બીજા પ્રશ્નમાં, **મ૦ ૫**/૨ માં, ૯/૫ માં, **૧૩**/૩ માં, **૧૪**/૧ માં, **૧૮** માં, **૨૭**ના ૩/૨ બીજા પ્રશ્નમાં, **છે૦ ૩**/૧ માં, **૨૧**/૧માં, **૨૨**ના બીજા પ્રશ્નમાં, એમાં) પરોક્ષ નારદ-સનકાદિકને કહ્યા છે. અને (**પ્ર૦ ૨૩**ના પહેલા પ્રશ્રમાં, **૩૪**ના ૧/૨ પહેલા પ્રશ્રમાં, **૩૭**/૨ માં, **કા૦ ૧૦**ના પહેલા પ્રશ્નમાં, **લો૦ ૧૫**ના ૬/૭ છઠ્ઠા પ્રશ્નમાં, **મ૦ ૧૯**/૨ માં, **૩૪**ના પહેલા પ્રશ્નમાં, **૫૧**ના બીજા પ્રશ્નમાં, **વ૦ ૨**/૨ માં, **૨૦** માં, **છે૦ ૩૯**/૧ એમાં) પરોક્ષ નારદને કહ્યા છે. અને (**પ્ર૦ ૪૫** માં, **મ૦ ૨૦** ના ૧/૨ પહેલા પ્રશ્નમાં, **૨૧**ના ૧/૩ પહેલા પ્રશ્નમાં **૪૭**/૨માં, છે૦ **૩૯**/૩ એમાં) પરોક્ષ નારદ-સનકાદિક શુકજીને કહ્યા છે.

૨ **પ્ર૦** (બીજા પ્રશ્નમાં) અમારી મૂર્તિરૂપી માળે તથા ખીલે રહેવું, એમ શ્રીજીમહારાજે કહ્યું તે મૂર્તિ તો એક જ છે ને માળાનું ને ખીલાનું બે દૃષ્ટાંત દીધાં તેનું શું કારણ હશે ?

૨ ૭૦ જેમ પશુ ખીલે બંધાય છે તે ખીલાને મૂકીને ક્યાંય જતું નથી ને રજ્જુએ બંધાયા છતાં ખીલાને સન્મુખ જ રહે છે, તેમ શ્રીજીમહારાજના ભક્ત પ્રેમવૃત્તિએ કરીને શ્રીજીમહારાજને સન્મુખ રહીને કથા-વાર્તા, ખાવું-પીવું એ આદિ સર્વ ક્રિયા કરે તેમાં ક્ષણવાર મૂર્તિનો વિયોગ ન થાય; સર્વ ક્રિયા મૂર્તિને સન્મુખ રહીને જ કરે, એવી સ્થિતિને ખીલાને દૃષ્ટાંતે કહી છે; તે સ્થિતિ પરમ એકાંતિક મુક્તની છે. અને જેમ પક્ષી માળામાં રહીને બોલે, જુએ તેમ શ્રીજીમહારાજની મૂર્તિમાં નિમગ્ન રહીને જ સર્વ ક્રિયા કરે પણ મૂર્તિથી બહાર આવે જ નહિ, એવી સ્થિતિને માળાને દૃષ્ટાંતે કહી છે તે અનાદિમુક્તની સ્થિતિ છે. તેમાં જેવી સ્થિતિ પ્રમાણે સાધનકાળમાં વર્તે તેવી સ્થિતિ અંતે પામે. ॥૩૨॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૩૩

❖સંવત ૧૮૭૬ના પોષ વદિ ૫ પંચમીને દિવસ પાછલો પહોર દિવસ હતો ત્યારે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની જોડે જે ઓરડો તેની ઓસરીએ ઊગમણે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે કસુંબી રંગના છેડાનો ફેંટો બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ તે સમે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, (૧) **ભગવાનને પ્રસન્ન કરવાનાં સાધન અનંત પ્રકારના શાસ્ત્રમાં કહ્યાં છે, પણ તે મધ્યે એવું એક સાધન કિયું બળવાન છે જે સમગ્ર સાધન કર્યે જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા એક સાધને કરીને ભગવાન રાજી થાય તેવો એક ઉપાય કહો ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એક જ સાધને કરીને ભગવાન રાજી થાય તે કહીએ તે સાંભળો જે, ભગવાનનો જે દૃઢ આશરો એ જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે. તેણે કરીને ભગવાન રાજી થાય છે, ને તે આશરો અતિ દૃઢ જોઈએ, જેને વિષે કાંઈ પોલ રહે નહિ,** તે આશરામાં ત્રણ ભેદ છે : એક **મૂઢપણે** કરીને ભગવાનનો આશ્રય થાય છે તે અતિ મૂઢ હોય તેને બ્રહ્મા જેવો હોય તે આશ્રયમાં ડોલાવે તો પણ ડોલે નહિ, અને બીજો પ્રકાર એ છે જે, ભગવાનમાં જે **પ્રીતિ** તેણે કરીને ભગવાનનો દૃઢ આશરો થાય છે, તે જેને દૃઢ પ્રીતિ હોય તે પરમેશ્વરને મૂકીને બીજા પદાર્થમાં જોરાવરી પ્રીતિ કરે તો ય પણ થાતી નથી, એવી રીતે જેને દૃઢ પ્રીતિ હોય તે પ્રીતિએ કરીને ભગવાનનો દૃઢ આશરો કહેવાય છે, અને ત્રીજો પ્રકાર એ છે જે, જેને બુદ્ધિ વિશાળ હોય તે **ભગવાનનું સગુણ-નિર્ગુણપણું, તથા અન્વય-વ્યતિરેકપણું,** તેને સમજતો હોય, અને ભગવાનની માયા થકી જે જે સર્ગ થયો છે તેને સમજતો હોય, અને ભગવાનના જે પૃથ્વીને વિષે અવતાર થાય છે તેની રીતને સમજતો હોય, અને જગતની ઉત્પત્તિકાળે ભગવાન જે પ્રકારે અક્ષરરૂપે વર્તે છે તથા પુરુષપ્રકૃતિરૂપે વર્તે છે તથા વિરાટપુરુષરૂપે વર્તે છે તથા બ્રહ્માદિકપ્રજાપતિરૂપે વર્તે છે, તથા જીવના કલ્યાણને અર્થે નારદ-સનકાદિકરૂપે વર્તે છે એ સર્વે રીતને સમજી જાણે, અને પુરુષોત્તમ ભગવાનને સર્વેથી પર ને નિર્વિકાર સમજતો હોય, એવી રીતે જેની દૃષ્ટિ પહોંચતી હોય તેને બુદ્ધિએ કરીને ભગવાનનો દૃઢ આશરો છે. તે બીજાનો ટાળ્યો ટળે નહિ ને પોતાનો

પણ ટાળ્યો ટળે નહિ અને ભગવાન મનુષ્યદેહને ગ્રહણ કરીને સમર્થપણે અથવા અસમર્થપણે વર્તતા હોય તો તેને દેખીને તેની બુદ્ધિને વિષે ભ્રાન્તિ થાય નહિ. (૧) ૧

એમ કહીને પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, કહો તો તમને એક પ્રશ્ન પૂછીએ, ત્યારે
૨ મુક્તાનંદ સ્વામી બોલ્યા જે પૂછો મહારાજ ! પછી એમ પૂછ્યું જે, (૨) અમે કહ્યાં જે ત્રણ અંગ તેમાં તમારું કિયું અંગ છે ? અને એ ત્રણે અંગ ભગવાનના ભક્તને મિશ્રિત હોય પણ તેમાં જે અંગ પ્રધાન હોય તેનું તે અંગ કહેવાય, માટે મૂઢપણું, પ્રીતિ ને સમજણ એ જે ત્રણ અંગ તેમાં તમારું કિયું અંગ છે ? પછી મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, અમારે તો સમજણનું અંગ છે અને બીજા સાધુએ પણ જેને જે અંગ હતાં તે કહ્યાં. (૨) ઇતિ ૨
વચનામૃતમ્ ॥૩૩॥

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન (૨) છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે મૂઢપણું, પ્રીતિ ને સમજણ એ ત્રણ પ્રકારે આશરો કરવાથી પોતાની પ્રસન્નતા કહી છે ને તે આશરાનાં ત્રણ પ્રકારનાં લક્ષણ કહ્યાં છે. (૧) બીજામાં સમજણનું અંગ શ્રેષ્ઠ કહ્યું છે. (૨) બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં મૂઢપણે આશરો કરવો એમ કહ્યું તેનાં કેવાં લક્ષણ હોય ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજ વિના બીજા કોઈને ભગવાન માને નહિ, ને જંત્ર, મંત્ર, ઔષધ, પરચા-ચમત્કારમાં કયાંય લેશ માત્ર પ્રતીતિ આવે નહિ ને શ્રીજીમહારાજ બીએ, ભાગે, હારે એવાં મનુષ્યચરિત્ર કરે અથવા એવી લીલા સાંભળે તેમાં લેશમાત્ર સંશય થાય નહિ, અને માયિક વિષયમાં તથા અક્ષરાદિકના ઐશ્વર્યમાં રંચ માત્ર રાગ હોય નહિ, અને બીજે દિવસ ખાવાનું કાંઈ ન હોય તેની પણ ચિંતા ન હોય, એક શ્રીજીમહારાજનો જ આધાર હોય એવાં લક્ષણ હોય, અને ઊગમણા-આથમણાની તથા પોતાના વ્યવહારની ખબર ન હોય તે મૂઢપણે આશરો જાણવો.

૨ **પ્ર૦** બ્રહ્મા જેવો ડોલાવે તો પણ ડોલે નહિ એમ કહ્યું તે બ્રહ્મા જેવો તે કેવો જાણવો ?

૨ **ઉ૦** બહુ વિચિત્ર બુદ્ધિશાળી ને યુક્તિવાળો ને શાસ્ત્રવેત્તા હોય તે ઘણાક પ્રકારની યુક્તિએ કરીને શ્રીજીમહારાજના આશ્રયમાંથી પાડવાના ઉપાય કરે, તેને આ ઠેકાણે બ્રહ્મા જેવો કહ્યો છે.

૩ **પ્ર૦ સમજણના અંગવાળો અમારું સગુણ-નિર્ગુણપણું સમજે એમ કહ્યું તે કેમ સમજવું ?**

૩ **ઉ૦** અષ્ટાવરણે વેષ્ટિત એવાં જે બ્રહ્માંડ તે મૂળપુરુષના તેજને આધારે રહ્યાં છે તે મૂળપુરુષના તેજનું સગુણપણું છે અને એનું એ તેજ પ્રધાન પુરુષાદિક સર્વે જીવને વિષે અંતર્યામીપણે રહ્યું છે તે મૂળપુરુષના તેજનું નિર્ગુણપણું છે, તેમ જ વાસુદેવબ્રહ્મના તેજને આધારે મૂળપુરુષ ઈશ્વરરૂપી કોટીઓ રહી છે તે બ્રહ્મના તેજનું સગુણપણું છે અને એનું એ તેજ અંતર્યામીપણે મૂળપુરુષરૂપી કોટીઓમાં વ્યાપક છે તે બ્રહ્મના તેજનું નિર્ગુણપણું છે, અને તેમ જ અક્ષરના તેજને આધારે બ્રહ્મની કોટીઓ રહી છે તે અક્ષરના તેજનું સગુણપણું છે અને એનું એ જે અક્ષરનું તેજ તે બ્રહ્મની કોટીઓને વિષે વ્યાપક છે તે અક્ષરના તેજનું નિર્ગુણપણું છે, તેમ જ શ્રીજીમહારાજના તેજને આધારે મૂળઅક્ષરની કોટીઓ રહી છે તે શ્રીજીમહારાજના તેજનું સગુણપણું એટલે અપારપણું છે, જેમ સૂર્યના પ્રકાશમાં તારા-ચંદ્રાદિક પોતાના પરિવારે સહિત રહ્યા છે, તેમ જ એ સર્વે શ્રીજીમહારાજના તેજમાં પોતપોતાના પાર્ષદોએ સહિત રહ્યા છે, અને એનું એ તેજ મૂળઅક્ષરની કોટીઓને વિષે અંતર્યામીપણે વ્યાપક છે તે શ્રીજીમહારાજના તેજનું નિર્ગુણપણું એટલે સૂક્ષ્મપણું છે. અને શ્રીજીમહારાજ તો એ પોતાના તેજથી પણ પર છે ને એ તેજના પણ આધાર છે ને સદા મૂર્તિમાન છે તેમને તો સગુણ કે નિર્ગુણ કહેવાય જ નહિ. માટે જ્યાં જ્યાં શ્રીજીમહારાજનું સગુણ-નિર્ગુણપણું આવે ત્યારે શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામનું સગુણ-નિર્ગુણપણું જાણવું. તે (**મ૦ ૪૨** માં) કહ્યું છે.

૪ **પ્ર૦ અન્વય-વ્યતિરેકપણું કેવી રીતે જાણવું ?**

૪ ઉ૦ શ્રીજીમહારાજ જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ તથા મૂળઅક્ષરાદિક સર્વને વિષે પોતાના તેજરૂપે અંતર્યામીપણે રહ્યા છે તે શ્રીજીમહારાજનું અન્વયપણું છે અને પોતાના બ્રહ્મજ્યોતિરૂપ અક્ષરધામને વિષે મૂર્તિમાન રહ્યા છે તે વ્યતિરેકપણું છે.

૫ **પ્ર૦** ભગવાનની માયા થકી સર્ગ થયો છે એમ કહ્યું તે માયા તથા સર્ગ કિયો જાણવો?

૫ **ઉ૦** મૂળપ્રકૃતિને માયા કહી છે અને માયા થકી જે જે ઉત્પન્ન થાય તેને સર્ગ કહ્યો છે. તે (**પ્ર૦ ૧૨**ના બીજા પ્રશ્નમાં ) કહ્યો છે.

૬ **પ્ર૦** અમારા અવતારની રીત જાણવી એમ કહ્યું, તે રીત કેવી રીતે જાણવી ?

૬ **ઉ૦** મૂળઅક્ષરથી લઈને પૃથ્વીને વિષે જે જે અવતાર થાય છે તે સર્વેને વિષે શ્રીજીમહારાજનો આવિર્ભાવ છે. તે સર્વે મહારાજના અવતાર કહેવાય અને તે અવતારો પોતપોતાનાં સ્થાનોમાં હોય ત્યારે અક્ષર, બ્રહ્મ, પુરુષ, પ્રધાનપુરુષ, વૈરાજપુરુષ અને વિષ્ણુ એવે એવે નામે કહેવાય છે અને પૃથ્વીને વિષે દત્ત, કપિલ, નરનારાયણ, વાસુદેવ ને રામકૃષ્ણાદિક નામે કહેવાય છે.

૭ **પ્ર૦** ઉત્પત્તિકાળે મૂળઅક્ષરથી લઈને બ્રહ્માદિકરૂપે વર્તે છે એમ કહ્યું તે કેમ સમજવું ?

૭ **ઉ૦** ઉત્પત્તિ સમયને વિષે અક્ષરાદિક સર્વેને વિષે કારણપણે અંતર્યામી શક્તિએ પ્રવેશ કરીને ન્યૂનાધિક ભાવે પ્રકાશ કરે છે. તે, તે તે રૂપે વર્તે છે એમ જાણવું. તે (પ્ર૦ ૪૧ માં) કહ્યું છે.

૮ **પ્ર૦** જીવના કલ્યાણને અર્થે નારદ-સનકાદિકરૂપે વર્તે છે એમ કહ્યું તે કેમ સમજવું ?

૮ **ઉ૦** જીવોના આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે પોતાની ઈચ્છાથી પોતાના મુક્તદ્વારે પૃથ્વીને વિષે દર્શન આપે છે તે નારદ-સનકાદિકરૂપે એટલે મુક્તરૂપે વર્તે છે એમ કહ્યું છે.

૯ **પ્ર૦** અમને પર ને નિર્વિકાર સમજવા એમ કહ્યું તે કેવી રીતે સમજવા ?

૯ **ઉ૦** મૂળઅક્ષરાદિક સર્વેમાં અંતર્યામીપણે રહ્યા થકા મૂર્તિમાન સર્વેથી ન્યારા છે તે પર સમજવા અને એ સર્વેમાં અંતર્યામીરૂપે રહ્યા થકા તે તે ઉપાધિ થકી રહિત છે પણ કોઈની ઉપાધિ શ્રીજીમહારાજને અડતી નથી તે નિર્વિકાર સમજવા તે (**સા૦ ૫** ના ૨/૩ બીજા પ્રશ્નમાં) "ઈશ્વરના ને અક્ષરના હૃદયમાં સાક્ષીરૂપે રહ્યા છે ને તે તે ઉપાધિથી રહિત છે." એમ કહ્યું છે. ॥**૩૩**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૩૪

❖સંવત ૧૮૭૬ના પોષ વદિ ૧૧ એકાદશીને દિવસ સવારમાં શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર દક્ષિણાદુ મુખારવિંદ રાખીને વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળો ચોફાળ ઓઢ્યો હતો ને માથે ધોળી પાઘ બાંધી હતી ને ફૂલના હાર પહેર્યા હતા ને પાઘને વિષે પુષ્પના તથા હીરના તોરા લટકતા મૂક્યા હતા ને બે કાનની ઉપર પુષ્પના ગુચ્છ ખોસ્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના સત્સંગીની સભા ભરાઈને બેઠી હતી ને મુનિ વાજિંત્ર લેઈને કીર્તન ગાતા હતા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, કીર્તન રાખીને પ્રશ્ન-ઉત્તર કરો. પછી બ્રહ્માનંદ સ્વામીએ
૧ પ્રશ્ન પૂછ્યો જે, (૧) **સર્વ સુખના ધામ ને સર્વ થકી પર એવા પરમેશ્વર છે તેમાં જીવની વૃત્તિ ચોંટતી નથી, ને માયિક એવા જે નાશવંત તુચ્છ પદાર્થ તેમાં જીવની વૃત્તિ ચોંટી જાય છે તેનું શું કારણ છે ?** પછી તેનો ઉત્તર મુક્તાનંદસ્વામી કરવા લાગ્યા પણ થયો નહિ. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એ પ્રશ્નનો ઉત્તર સાંભળો અમે કરીએ છીએ જે, **જે દિવસથી**

**પરમેશ્વરે આ જગતની સૃષ્ટિ કરી છે તે દિવસથી એવી જ કળ ચડાવી મૂકી છે જે, ફરીને પરમેશ્વરને દાખડો કરવો પડે નહિ ને સંસારની જે વૃદ્ધિ કરવી તે પોતાની મેળે જ થયા કરે એવો ફેર ચડાવી મૂક્યો છે, તે માટે સહેજે જ સ્ત્રીમાં પુરુષને હેત થાય છે ને પુરુષમાં સ્ત્રીને હેત થાય છે ને એ સ્ત્રીથી ઊપજી જે પ્રજા તેમાં પણ સહેજે હેત થાય છે તે હેતરૂપી જ ભગવાનની માયા છે. (૧) તે માયાના પ્રવાહમાં જે ન વહે તેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં** ૧
**રહે છે,** માટે જે ભગવાનનો ભક્ત હોય તે માયિક પદાર્થને વિષે દોષબુદ્ધિ રાખીને વૈરાગ્યને પામે ને ભગવાનને સર્વ સુખમય જાણીને ભગવાનમાં વૃત્તિ રાખે, અને જો માયિક પદાર્થને વિષે વૈરાગ્ય ન રાખે ને ભગવાનના સ્વરૂપથી જુદા પડે તો શિવ, બ્રહ્મા ને નારદાદિક જેવા સમર્થ મુક્ત હોય તે પણ માયિક પદાર્થમાં તણાઈ જાય છે, તેટલા માટે ભગવાનને મૂકીને માયિક પદાર્થનો સંગ કરે તો જરૂર તેમાં જીવની વૃત્તિ ચોંટી જાય તે સારુ પરમેશ્વરના ભક્તને પરમેશ્વર વિના બીજે કોઈ ઠેકાણે પ્રીતિ રાખવી નહિ. (૨) ૨

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, હવે મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન કર્યાનો વારો આવ્યો તે
૨ પ્રશ્ન કરો. પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, (૨) **જીવને ભગવાનની પ્રાપ્તિ થાવી તે અતિ દુર્લભ છે, અને ભગવાનની પ્રાપ્તિ થઈ ત્યારે એથી બીજો મોટો લાભ પણ નથી, ને તેથી આનંદ પણ બીજો નથી, તે એવા મોટા આનંદને મૂકીને તુચ્છ પદાર્થ માટે ક્લેશને કેમ પામે** છે ? એ પ્રશ્ન છે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો એનો અમે ઉત્તર કરીએ જે, **પરમેશ્વરના વચનને મૂકીને જ્યારે આડોઅવળો ડોલે છે ત્યારે ક્લેશને પામે છે, અને જો વચનને વિષે રહે તો જેવો ભગવાનનો આનંદ છે તેવા આનંદમાં રહે છે ને જેટલું જે ભગવાનનું વચન લોપે છે તેટલો તેને ક્લેશ થાય છે, માટે ત્યાગીને જે જે આજ્ઞા કરી છે તે પ્રમાણે ત્યાગીને રહેવું ને ગૃહસ્થને જે પ્રમાણે આજ્ઞા કરી છે તે પ્રમાણે ગૃહસ્થને રહેવું ને તેમાં જેટલો ફેર પડે તેટલો ક્લેશ થાય છે, અને ત્યાગી હોય તેને અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો ત્યારે તેનું બ્રહ્મચર્યવ્રત પૂરું કહેવાય, ને તેમાંથી જેને જેટલો ફેર પડે તેને તેટલો ક્લેશ થાય છે અને ગૃહસ્થને પણ બ્રહ્મચર્ય કહ્યું છે જે, પરસ્ત્રીનો ત્યાગ રાખવો તથા પોતાની સ્ત્રીનો પણ વ્રતને દિવસ ત્યાગ રાખવો ને ઋતુ સમે જ સ્ત્રીનો સંગ કરવો, એ આદિક જે જે ત્યાગીને ને ગૃહસ્થને નિયમ કહ્યા છે તેમાં જેટલો જેને ફેર પડે તેટલો તેને ક્લેશ થાય છે.** (૩) અને ૩
ભગવાનથી જે વિમુખ જીવ હોય તેને જે સુખ-દુઃખ આવે છે તે તો પોતાને કર્મે કરીને આવે છે ને જે ભગવાનના ભક્ત હોય તેને જેટલું સુખ-દુઃખ થાય છે તે કર્મનું પ્રેર્યું થાતું નથી; **ભગવાનના ભક્તને તો જેટલું દુઃખ થાય છે તે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.** (૪) ઇતિ વચનામૃતમ્ ॥**૩૪**॥ ૪

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન (૨) છે. તેમાં પહેલામાં સ્ત્રી-પુરુષને તથા સ્ત્રીથી ઊપજેલી પ્રજાને પરસ્પર હેત થાય છે તે હેતરૂપી જ ભગવાનની માયા છે. (૧) અને જે અમારા સ્વરૂપથી એટલે અમારી મૂર્તિથી જુદા પડે તે માયિક પદાર્થમાં

તણાઈ જાય છે. (૨) બીજામાં ત્યાગીને અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો અને ગૃહસ્થને પરસ્ત્રીનો ત્યાગ રાખવો તેમાં ફેર પડે તો કલેશ થાય છે અને અમારી આજ્ઞા પાળે તો સુખ થાય છે. (૩) અને વિમુખને કર્મ પ્રમાણે સુખ-દુઃખ આવે છે, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (૪) બાબતો છે. ॥૩૪॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૩૫

❖સંવત ૧૮૭૬ના પોષ વદિ ૧૨ દ્વાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ લીંબડાના ઝાડ તળે ઢોલિયા ઉપર ઊગમણે મુખારવિંદે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ મુનિ પ્રત્યે બોલ્યા જે, તમે પ્રશ્ન પૂછો કાં અમે પૂછીએ. ત્યારે મુનિએ
૧ કહ્યું જે, હે મહારાજ ! તમે પૂછો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, (૧) કોઈ પુરુષ છે તેમાં થોડી બુદ્ધિ છે તો પણ પોતાના કલ્યાણને અર્થે જે યત્ન કરવું તેમાંથી પાછો પડતો નથી, અને કોઈ બીજો પુરુષ છે તેમાં બુદ્ધિ તો ઘણી છે અને મોટા મોટામાં પણ ખોટ્ય કાઢે એવો છે. તો ય પણ તે કલ્યાણને માર્ગે ચાલતો નથી તેનું શું કારણ છે ? ત્યારે મુનિએ ઉત્તર કરવા માંડ્યો પણ શ્રીજીમહારાજે આશંકા કરી તે ઉત્તર ન થયો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે લ્યો અમે ઉત્તર કરીએ જે, **એમાં બુદ્ધિ તો ઝાઝી છે પણ એની બુદ્ધિ દૂષિત છે, માટે એ કલ્યાણને માર્ગે ચાલી શકતો નથી, જેમ સુંદર ભેંસનું દૂધ હોય તેમાં સાકર ઘોળી હોય ને તેમાં સર્પની લાળ પડી એટલે એ સાકર ને દૂધ હતું તે ઝેર થયું, પછી તેને જે પીએ તેના પ્રાણ જાય, તેમ બુદ્ધિ તો ઝાઝી છે પણ એણે કોઈ મોટા સંતનો અથવા પરમેશ્વરનો અવગુણ લીધો છે તે અવગુણરૂપ દોષ એની બુદ્ધિમાં આવ્યો છે તે સર્પની લાળ સરખો છે માટે એ તો કલ્યાણને માર્ગે કયાંથી ચાલે ? પણ જો કોઈક એના મુખની વાત સાંભળે તો તે સાંભળનારાની બુદ્ધિ**
**પણ સત્સંગમાંથી પાછી પડી જાય છે.** (૧) અને એવી દૂષિત બુદ્ધિવાળો જ્યાં જ્યાં જન્મ ૧
ધરે ત્યાં ત્યાં ભગવાનનો અથવા ભગવાનના ભક્તનો દ્રોહ જ કરે; અને જેની બુદ્ધિ એવી રીતે દૂષિત ન હોય, ને તે જો થોડી જ હોય તો પણ તે પોતાના કલ્યાણને અર્થે યત્ન કરતો
થકો પાછો પડતો નથી. (૨) ૨

૨ ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, (૨) હે મહારાજ ! એ કોઈ દિવસ ભગવાનને સન્મુખ થાય કે ન થાય ? ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, એ તો કોઈ કાળે ભગવાન સન્મુખ
થાય જ નહિ. (૩) ૩

૩ ત્યારે વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, (૩) હે મહારાજ ! કોઈ રીતે એવી આસુરી બુદ્ધિ ન થાય તેનો જે ઉપાય હોય તે કહો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **એક ક્રોધ, બીજું માન, ત્રીજી ઈર્ષ્યા, ચોથું કપટ એ ચાર વાનાં પરમેશ્વર સાથે તથા સંત સાથે રાખે નહિ, તો**

**કોઈ દિવસ એની આસુરી બુદ્ધિ થાય નહિ,** અને એ ચાર વાનાં માંહેલું એકે જો રાખે તો જેમ જય-વિજય ઘણાય ડાહ્યા હતા પણ સનકાદિક સંગાથે માને કરીને વૈકુંઠ લોકમાંથી પડી ગયા, ને આસુરી બુદ્ધિ થઈ તેમ તેની પણ આસુરી બુદ્ધિ થાય અને જ્યારે આસુરી બુદ્ધિ થાય ત્યારે ભગવાન તથા ભગવાનના ભક્તના જે ગુણ હોય તે દોષ સરખા ભાસે છે ને એ જ્યાં જ્યાં જન્મ ધરે ત્યાં ત્યાં કાં તો શિવનો ગણ થાય ને કાં તો કોઈ દૈત્યનો રાજા થાય ને વૈરભાવે પરમેશ્વરનું ભજન કરે. (૪) ઇતિ વચનામૃતમ્ ॥**૩૫**॥ ૪

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન (૩) છે. તેમાં પહેલામાં જેની બુદ્ધિમાં અમારો તથા અમારા મુક્તનો અવગુણરૂપ દોષ હોય તે તથા તેની વાત સાંભળનારો એ બે કલ્યાણના માર્ગથી પડી જાય છે. (૧) અને જેની બુદ્ધિ એવી દૂષિત ન હોય ને તે થોડી હોય તો પણ તે કલ્યાણને માર્ગે ચાલે છે. (૨) બીજામાં દૂષિત બુદ્ધિવાળો અમારા સન્મુખ થાય જ નહિ. (૩) ત્રીજામાં ક્રોધ, માન, ઈર્ષ્યા ને કપટ એ ચાર વાનાં ન રાખે તેની બુદ્ધિ આસુરી ન થાય, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (૪) બાબતો છે. ॥**૩૫**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૩૬

❖ સંવત ૧૮૭૬ના પોષ વદિ ૧૩ તેરશને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના ઝાડ હેઠે ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે ધોળાં ને પીળાં પુષ્પના હાર ધારણ કર્યા હતા ને બે કાન ઉપર ધોળાં પુષ્પના ગુચ્છ ખોસ્યા હતા ને પાઘને વિષે પીળાં પુષ્પનો તોરો લટકતો હતો તથા કર્ણિકારનાં રાતાં પુષ્પનું છોગલું મૂક્યું હતું અને જમણા હાથને વિષે ધોળા પુષ્પનો દડો ફેરવતા હતા એવી રીતની શોભાને ધારણ કરતા ને પોતાના ભક્તજનને આનંદ ઉપજાવતા થકા વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, (૧) જેણે સંસાર મૂક્યો ને ત્યાગીનો ભેખ લીધો અને તેને પરમેશ્વરના સ્વરૂપ વિના જે અસત્ પદાર્થમાં પ્રીતિ રહે છે, તેને કેવો જાણવો ? તો જેવો મોટા શાહુકાર માણસની આગળ કંગાલ માણસ હોય તેવો જાણવો, જેમ કંગાલ માણસ હોય ને પહેરવા વસ્ત્ર ન મળતું હોય ને ઉકરડામાંથી દાણા વીણી ખાતો હોય તે પોતે પોતાને પાપી સમજે, અને બીજા શાહુકાર લોક પણ તેને પાપી સમજે જે આણે પાપ કર્યાં હશે, માટે એને અન્ન-વસ્ત્ર મળતું નથી, તેમ **જે ત્યાગી થઈને સારા સારા જે વસ્ત્રાદિક પદાર્થ તેને ભેળા કરી રાખે અને તેની તૃષ્ણા પણ ઘણી રાખે અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તેને વિષે પ્રીતિએ રહિત હોય એવો જે ત્યાગી તેને તો જે મોટા એકાંતિક સાધુ છે તે કંગાલ માણસની પેઠે પાપી જાણે છે,** કેમ જે જો એ પાપી છે તો એને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તેને વિષે પ્રીતિ થાતી નથી ને પરમેશ્વર વિના બીજા પદાર્થમાં પ્રીતિ થાય છે. (૧) અને **જે ત્યાગી હોય** ૧
**તેને તો કચરો ને કંચન એ બે ય બરોબર હોય અને આ પદાર્થ સારું ને આ પદાર્થ ભૂંડું એવી**

**તો સમજણ હોય જ નહિ અને એક ભગવાનને વિષે જ પ્રીતિ હોય તે જ સાચો ત્યાગી છે.** (૨) ઇતિ વચનામૃતમ્ ॥**૩૬**॥ ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય (**૧**) છે. તેમાં વસ્ત્રાદિક પદાર્થને ભેળા કરી રાખે ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિમાં પ્રીતિ ન હોય એવા ત્યાગીને શ્રીજીમહારાજે પાપી કહ્યો છે. (**૧**) ને કચરો ને કંચન સરખાં થઈ જાય ને એક અમારે વિષે જ પ્રીતિ હોય તે સાચો ત્યાગી છે, એમ કહ્યું છે. (**૨**) બાબતો છે.

૧ **પ્ર૦** ત્યાગી વસ્ત્રાદિક પદાર્થ ભેગા કરી રાખે તેને પાપી કહ્યો તે પદાર્થ કિયા જાણવા ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજે ''સત્સંગીજીવન''માં સાધુ-બ્રહ્મચારી-પાર્ષદોને વસ્ત્રાદિક રાખવાનું કહ્યું છે તેથી અધિક રાખે તેને પાપી કહ્યો છે.

૨ **પ્ર૦** વસ્ત્રાદિક અધિક રાખે તેને પાપી કહ્યો ત્યારે દ્રવ્ય-પૈસા રાખે તે ત્યાગીને કેવો જાણવો ?

૨ **ઉ૦** (**મ૦ ૩૯** ના ૨/૩ બીજા પ્રશ્નમાં) અમારી બાંધેલી મર્યાદા લોપે તેની અધોગતિ થાય છે. અને (**જે૦ ૫**/૧ માં) અમારા સત્સંગના નિયમ નહિ પાળો તો મહાદુઃખ પામશો. તેમાં અમારે-તમારે લેણાદેણા નથી. અને (**છે૦ ૩૮** ના બીજા પ્રશ્નમાં) દ્રવ્યાદિક છો વાનાં હોય તેને જીવતાં ને મરીને સુખ નહિ થાય. અને (**મ૦ ૩૫**/૪ માં) ધર્મ રહિતને ચંડાળ કહ્યો છે. અને (**પ્ર૦ ૧૮**/૩ માં) સર્પે કરડેલ આંગળી તથા કીડિયારાના રોગવાળા અંગની પેઠે કુપાત્રનો તત્કાળ ત્યાગ કરવો. અને (**પ્ર૦૫૩** માં તથા **છે૦૨૧**/૩ માં) પંચવર્તમાનમાંથી કોઈ વર્તમાનનો ભંગ કરે તેનો અવગુણ લેવો. અને (**પ્ર૦ ૭૭** ના ૧/૨ પહેલા પ્રશ્નમાં) ધર્મભંગ વાત કરે તેને અધર્મી, વિમુખ, ગુરુદ્રોહી, વચનદ્રોહી ને અસુર કહ્યો છે. અને (**છે૦ ૧**ના ૨/૩ બીજા પ્રશ્નમાં) શિક્ષાપત્રીનો પાઠ કરવાનું કહ્યું છે; તેમાં શ્લોક (**૧૮૯**) માં : **'ન દ્રવ્ય સંગ્રહઃ કાર્યઃ કારણીયો ન કેનચિત્'** અમારા આશ્રિત ત્યાગીએ દ્રવ્ય રાખવું-રખાવવું નહિ. શ્લોક (**૨૦૭**) માં : **'બહિર્ભૂતા ઈતિ જ્ઞેયં સ્ત્રીપુંસૈઃ સાંપ્રદાયિકૈઃ'** અમારા કહેલા ધર્મમાં યથાર્થ વર્તનારા એવા જનોએ જે અમારા કહ્યા પ્રમાણે નહિ વર્તનારા તેમને, અમારા સંપ્રદાયથી બહાર જાણવા. માટે જે દ્રવ્ય રાખે વા રખાવે તે તો સ્વામિનારાયણનો કહેવાય જ નહિ. તે એવા ભેખધારીના મુખ થકી કથા સાંભળનાર ગૃહસ્થ ચાંદ્રાયણ કરે ત્યારે શુદ્ધ થાય. ॥**૩૬**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૩૭

❖ ૭સંવત ૧૮૭૬ના પોષ વદિ ૧૪ ચૌદશને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ લીંબડા તળે ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન હતા ને માથે ધોળી પાઘ વિરાજમાન હતી અને તે પાઘમાં પીળા પુષ્પનો તોરો વિરાજમાન હતો અને બે કાન ઉપર ધોળાં પુષ્પના ગુચ્છ વિરાજમાન હતા અને કંઠને વિષે પીળાં અને ધોળાં પુષ્પનો હાર વિરાજમાન હતો અને ધોળી ચાદર ઓઢી હતી અને ધોળો ખેસ પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિજનની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, (**૧**) જે અણસમજુ હોય ને તેણે ભેખ લીધો હોય તો પણ તેણે જ્યાં જ્યાં પોતાની જન્મભૂમિ હોય તેને વિષે હેત ટળતું નથી, એમ કહીને પછી પોતાના સાથળને વિષે નાનપણમાં ઝાડનો ખાંપો લાગ્યો હતો તે સર્વેને દેખાડ્યો ને બોલ્યા જે, આ ચિહ્નને જ્યારે અમે દેખીએ છીએ ત્યારે તે ઝાડ ને તલાવડી સાંભરી આવે છે, માટે જન્મભૂમિ તથા પોતાનાં સગાં-સંબંધી તેને અંતરમાંથી વિસારી દેવાં તે ઘણું કઠણ છે, માટે

જેને જેને જન્મભૂમિ તથા દેહના સંબંધી તે સાંભરતા હોય તે બોલો ને જે લાજે કરીને ન બોલે તેને શ્રી નરનારાયણના સમ છે. પછી સર્વે મુનિ જેમ જેને વર્તતું હતું તેમ બોલ્યા. પછી તે સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, જ્યારે પોતાને આત્મારૂપે માનીએ ત્યારે તે આત્માની જન્મભૂમિ કેઈ ? ને તે આત્માનું સગું કોણ ? ને તે આત્માની જાત્ય પણ કેઈ ? અને જો સગપણ લેવું હોય તો પૂર્વે ચોરાશી લાખ જાત્યના દેહ ધર્યા છે તે સર્વેનું સગપણ સરખું જાણવું ને તે સગાનું કલ્યાણ ઈચ્છવું હોય તો સર્વેનું ઈચ્છવું અને આ મનુષ્યદેહમાં આવ્યા ત્યારે **ચોરાશી લાખ જાતના જે માબાપ તે અજ્ઞાને કરીને વિસર્યા છે તેમ આ મનુષ્ય શરીરનાં જે માબાપ છે તેમને જ્ઞાને કરીને વિસારી દેવાં.** (૧) **અને અમારે તો કોઈ સગાં-સંબંધી સાથે** ૧
**હેત નથી તથા અમારી સેવા કરતો હોય ને તેના હૃદયમાં જો પરમેશ્વરની ભક્તિ ન હોય તો તે ઉપર હેત કરીએ તો ય પણ ન થાય.** ને જો નારદજી જેવો ગુણવાન હોય ને તેને ભગવાનની ભક્તિ ન હોય તો તે અમને ન ગમે. (૨) અને જેના હૃદયમાં ભગવાનની ભક્તિ હોય ને ૨
એમ સમજતો હોય જે જેવા **આ પ્રગટ ભગવાન** પૃથ્વી ઉપર વિરાજે છે અને જેવા ભગવાનના ભક્ત ભગવાનની સમીપે વિરાજે છે, તેવા ને તેવા જ જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ રહે છે, અને **આ ભગવાન** ને ભગવાનના ભક્ત તે સદા સાકાર જ છે એમ સમજતો હોય ને ગમે તેવા વેદાંતના ગ્રંથ સાંભળે પણ ભગવાન ને ભગવાનના ભક્તને નિરાકાર સમજે જ નહિ, અને એમ જાણે જે **આ ભગવાન વિના બીજો કોઈ જગતનો કર્તા છે જ નહિ, અને એમ જાણે જે આ ભગવાન વિના સૂકું પાંદડું પણ ફરવાને સમર્થ નથી, એવી જેને ભગવાનને વિષે સાકારપણાની દઢ પ્રતીતિ હોય, ને તે જેવો તેવો હોય તો પણ એ અમને ગમે છે ને એને માથે કાળ, કર્મ ને માયા તેનો હુકમ નથી અને જો એને દંડ દેવો હોય તો ભગવાન પોતે દે છે પણ બીજા કોઈનો એને માથે હુકમ નથી,** અને એવી નિષ્ઠા ન હોય ને તે જો ત્યાગ-વૈરાગ્યે યુક્ત હોય, તો પણ તેનો અમારા અંતરમાં ભાર આવે નહિ અને જેના હૃદયમાં ભગવાનની એવી નિષ્ઠા અચળ હોય ને તે ગમે તેટલાં શાસ્ત્ર સાંભળે, **અથવા ગમે તેનો સંગ કરે તો પણ પોતાને જે ભગવાનના સાકારપણાની નિષ્ઠા છે તે ટળે નહિ, અને તેજના બિંબ જેવા નિરાકાર ભગવાનને કોઈ દિવસ સમજે જ નહિ, એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચડાવીએ છીએ અને તેને દુઃખાવતા થકા મનમાં બીએ છીએ અને તેના દર્શનને પણ ઈચ્છીએ છીએ.** (૩) અને એવી નિષ્ઠા વિનાના જે જીવ છે ૩
તે પોતાના સાધનને બળે કરીને પોતાનું કલ્યાણ ઈચ્છે છે પણ પરમેશ્વરના પ્રતાપે કરીને પોતાનું કલ્યાણ ઈચ્છતા નથી એવા જે જડમતિવાળા પુરુષ છે તે તો જેમ નાવ વિના પોતાના બાહુબળે કરીને સમુદ્ર તરવાને ઈચ્છે તેવા મૂર્ખ છે. (૪) **અને જે એવા ભગવાનને પ્રતાપે** ૪
**કરીને પોતાનું કલ્યાણ ઈચ્છે છે તે તો જેમ નાવમાં બેસીને સમુદ્ર તરવાને ઈચ્છે એવા ડાહ્યા છે, અને એવા જે ભગવાનના સ્વરૂપના જ્ઞાનવાળા છે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ચૈતન્યની જ મૂર્તિ થઈને ભગવાનના હજૂરમાં રહે છે; અને એવી નિષ્ઠા જેને ન હોય**

**ને તેણે બીજાં સાધન જો કર્યાં હોય તો તે બીજા દેવતાના લોકમાં રહે છે** અને જે એવા યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવનનાં દર્શન તુલ્ય છે અને એના દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે. એવી રીતે વાર્તા કરીને શ્રીજીમહારાજે કહ્યું જે કીર્તન બોલો. (**૫**) ઈતિ વચનામૃતમ્ ॥**૩૭**॥

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય (**૧**) છે. તેમાં આત્મારૂપ માને તો જન્મભૂમિ તથા દેહના સંબંધીમાંથી હેત ટળી જાય છે. (**૧**) અને અમારી ભક્તિ ન હોય, ને તેમાં બીજા ગુણ ઘણા હોય, તો પણ તેની સાથે હેત ન કરવું. (**૨**) અને અમને ને અમારા મુક્તોને સદા દિવ્ય સાકાર મૂર્તિ સમજે, અને અમને એકને જ કર્તા જાણે તેને માથે કાળ, કર્મ ને માયાનો હુકમ નથી. (**૩**) અને એવી નિષ્ઠા ન હોય તે જડમતિવાળા ને મૂર્ખ છે. (**૪**) ત્રીજી બાબતમાં કહી ગયા એવા અમારા સ્વરૂપના જ્ઞાનવાળા છે તેમનો ચૈતન્ય મૂર્તિમાન થઈને અક્ષરધામને વિષે અમારી હજૂરમાં રહે છે, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (**૫**) બાબતો છે.

૧ **પ્ર૦** બીજી બાબતમાં ભક્તિ રહિત ગુણવાન ગમે નહિ એમ કહ્યું તે ગુણ ને ભક્તિ કિયાં જાણવાં ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજની બાંધેલી મર્યાદાને સ્થૂળ દેહે કરીને યથાર્થ પાળે, તથા કથા, કીર્તન, જપ, તપ, વ્રતાદિક કરે તે ગુણ જાણવા, તે ગુણે સંપન્ન હોય તો પણ શ્રીજીમહારાજની મૂર્તિમાં હેત જે ભક્તિ તે ન હોય તે ગમતો નથી એમ કહ્યું છે.

૨ **પ્ર૦** ત્રીજી બાબતમાં જેના દર્શનને શ્રીજીમહારાજ ઇચ્છે અને જેના દર્શનથી અનંત પતિત જીવોનો ઉદ્ધાર થાય તેવા સમર્થને જેવોતેવો કહેવાનો શો હેતુ હશે ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજને વિષે પ્રેમલક્ષણા ભક્તિએ યુક્ત હોય, તે વિના બીજે ક્યાંય પ્રીતિ ન હોય અને શ્રીજીમહારાજ ને એમના મુક્ત જેવા અક્ષરધામમાં છે તેવા જ અહીં મનુષ્યરૂપે દેખાતા હોય તેમને સદા દિવ્ય સાકાર જાણે, અને નિરાકાર પ્રતિપાદન કરનારા ગ્રંથનું શ્રવણ થાય, તો પણ શ્રીજીમહારાજને ને મુક્તોને નિરાકાર સમજે જ નહિ અને અતિ સમર્થ જાણે, એવી શ્રીજીમહારાજને વિષે દૃઢ પ્રતીતિ હોય, આવા ગુણે યુક્ત હોય, ને શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ જોડાઈ રહ્યા હોય, અને પ્રકૃતિપુરુષ, કાળ, બ્રહ્મ, તથા મૂળઅક્ષર એ આદિક કોઈને જગતના કર્તા જાણે નહિ ને એ સર્વેના કર્તા એક શ્રીજીમહારાજને જાણે અને શ્રીજીમહારાજ વિના બીજા કોઈને વિષે આસ્ય આવે નહિ ને જંત્ર, મંત્ર, દેવ, દેવીમાં ક્યાંય લેશમાત્ર પ્રતીતિ આવે નહિ, અને તે ત્યાગીમાં રહ્યો હોય ને વિદ્વત્તા કે આ લોકનો અધિકાર વગેરે લૌકિક મોટાઈ ન હોય ને ગૃહસ્થમાં હોય ને તેને ધન-સમૃદ્ધિ ન હોય અને ગરીબ સ્થિતિમાં હોય, તેને આ લૌકિક મોટાઈની દૃષ્ટિએ જેવોતેવો કહ્યો છે, એને દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે ને એને માથે કાળ, કર્મ ને માયાનો હુકમ નથી.

૩ **પ્ર૦** એને માથે કાળ, કર્મ ને માયાનો હુકમ નથી એમ કહ્યું તે હુકમ શો સમજવો ?

૩ **ઉ૦** કોઈકના કર્મમાં દુઃખ લખ્યું હોય તે મટાડીને સુખિયો કરે અને કોઈકના કર્મમાં જીવવું લખ્યું હોય તેનો દેહ મુકાવે તેમાં કર્મનું જોર ચાલે નહિ તે કર્મનો હુકમ ન ચાલ્યો કહેવાય. (**૧**) અને કોઈકની આયુષ્ય આવી રહી હોય તેને મરવા દે નહિ અને કાળ કોઈક જીવને લઈ જતો હોય, તેની પાસેથી મુકાવીને પોતાની ઇચ્છા હોય ત્યાં મૂકી દે, તેમાં કાળનું જોર ચાલે નહિ તે કાળનો હુકમ ન ચાલ્યો કહેવાય. (**૨**) અને માયાના તાબાના પામર જીવને વગર સાધને માયાથી મુકાવીને, શ્રીજીમહારાજના ધામમાં મૂકી દે તેમાં માયાનું જોર ચાલે નહિ તે માયાનો હુકમ ન ચાલ્યો કહેવાય. (**૩**)

૪ **પ્ર૦** એવા સમર્થને શ્રીજીમહારાજ દંડ શો દેતા હશે ?

૪ **ઉ૦** શ્રીજીમહારાજની મરજી વિના ઉપર કહ્યું એવું કામ કરે તેને શ્રીજીમહારાજ ઠપકો દે જે આવું કામ કેમ કર્યું ? એ દંડ જાણવો.

૫ **પ્ર૦** પાંચમી બાબતમાં સાકાર નિષ્ઠાવાળો ચૈતન્યની મૂર્તિ થાય એમ કહ્યું તે કેમ સમજવું ?

૫ **ઉ૦** શ્રીજીના ધ્યાનથી ભક્તનો ચૈતન્ય મૂર્તિમાન થાય છે તેને ચૈતન્યની મૂર્તિ જાણવી.

૬ **પ્ર०** સાધનને બળે કલ્યાણ ઇચ્છે તે દેવતાના લોકને પામે તે દેવ કિયા જાણવા ?

૬ ઉ० આ ઠેકાણે ઇંદ્રથી લઈને પ્રધાનપુરુષ સુધી દેવતા કહ્યા છે. ॥**૩૭**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૩૮

❖ સંવત ૧૮૭૬ના મહા સુદિ ૧ પડવાને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સાંઝને સમે ઘોડશાળની ઓસરીએ ગાદલું નખાવીને વિરાજમાન હતા, ને ધોળો ખેસ પહેર્યો હતો ને માથે રાતા છેડાનો ધોળો ફેંટો બાંધ્યો હતો ને દોરિયાનું અંગરખું પહેર્યું હતું ને ધોળો ચોફાળ ઓઢ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમે શ્રીજીમહારાજ સર્વે હરિભક્ત સામું જોઈને ઝાઝી વાર વિચારી રહ્યા ને પછી એમ
૧ બોલ્યા જે (૧) સાંભળો વાત કરીએ છીએ જે, **જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે, પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી, એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો. અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી, અને એમ વિચારે નહિ ને બધી ભેગી કરે તો તે વાસના એની ટળે નહિ, જેમ વણિકને ઘેર નામું કર્યું હોય તે જો મહિના મહિનાનું નિરંતર ચુકાવી દેઈએ તો દેતાં કઠણ ન પડે ને વર્ષ દહાડાનું ભેગું કરીએ તો આપવું બહુ કઠણ પડે તેમ નિરંતર વિચાર કરવો.** અને મન છે તે જગતની વાસનાએ કરીને વસાણું છે, જેમ ફૂલે કરીને તિલ વસાય છે, તેમ મનને ભગવાનનાં જે ચરિત્ર તેનું જે મહિમાએ સહિત નિત્ય સ્મરણ તે રૂપ ફૂલને વિષે વાસવું, અને **ભગવાનનાં ચરિત્રરૂપ જાળાને વિષે મનને ઘૂંચવી મેલવું ને ભગવાનના ઘાટ મનમાં કર્યા કરવા, એક શમ્યો ને બીજો કરવો; બીજો શમ્યો ને ત્રીજો કરવો એમ ને એમ મનને નવરું રહેવા દેવું નહિ.** એમ કહીને પછી ભૂતનું દૃષ્ટાંત વિસ્તારીને કહી દેખાડ્યું ને પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એવી રીતે ભગવાનનાં જે ચરિત્ર તથા વાર્તા તથા દર્શન તે એક દિવસનાં જો સંભારવા માંડે તો તેનો પાર ન આવે તો સત્સંગ થયા તો દશ-પંદર વર્ષ થયાં હોય તે એનો તો પાર જ ન આવે, અને તે એવી રીતે સંભારવાં જે, આ ગામમાં આવી રીતે મહારાજ તથા પરમહંસની સભા થઈ અને આવી રીતે મહારાજની પૂજા થઈ ને આવી રીતે વાર્તા થઈ ઇત્યાદિક જે ભગવાનનાં ચરિત્ર તેને વારંવાર સંભારવાં; અને જે ઝાઝું ન સમજતો હોય તેને તો એમ કરવું એ જ શ્રેષ્ઠ ઉપાય છે, એ જેવો બીજો નથી. ત્યારે તમે કહેશો જે, **અન્ન થોડું ખાઈએ તથા ઘણા ઉપવાસ કરીએ તો તે અમે કહેતા નથી, એ તો જેમ જેના નિયમ કહ્યા છે તે પ્રમાણે સાધારણપણે રહેવું અને કરવાનું**

**તો આ અમે તમને કહ્યું તે છે.** અને અમે તો એમ માન્યું છે જે, મન નિર્વાસનિક જોઈએ અને દેહે કરીને ગમે તેટલી પ્રવૃત્તિ હોય ને તેનું મન જો શુદ્ધ છે તો તેનું અતિ ભૂંડું થાય નહિ અને બહાર લોકમાં તો તે પ્રવૃત્તિવાળાનું ભૂંડા જેવું જણાય અને જેને મનમાં વાસના હોય ને તે બહાર સારી પેઠે નિવૃત્તિપરાયણ વર્તતો હોય તો તેનું બાહેર લોકમાં તો સારું જણાય પણ તેના જીવનું અતિ ભૂંડું થાય, કેમ જે મૂઆ ટાણે તો જેવા મનમાં સંકલ્પ હોય તેવા સ્ફુરી આવે, જેમ ભરતજીને અંતકાળમાં મૃગનું બાળક સ્ફુરી આવ્યું ત્યારે મૃગને આકારે થઈ ગયા ને પ્રથમ રાજ્ય મેલ્યું હતું ને ઋષભદેવ ભગવાન તો પોતાના બાપ હતા તો પણ એમ થયું, માટે **મને કરીને નિર્વાસનિક રહેવું એ અમારો મત છે.** અને જે ઉપવાસ કરવા તેણે કરીને દેહ દુર્બળ થાય ત્યારે મન દુર્બળ થાય તો ખરું, પણ જ્યારે દેહ પુષ્ટ થાય ત્યારે વળી મન પુષ્ટ થાય, **માટે દેહે કરીને ત્યાગ ને મને કરીને ત્યાગ એ બે ભેળાં જોઈએ અને જેને મનમાં ભગવાનના ઘાટ થાતા હોય ને જગતના ઘાટ ન થાતા હોય તે આપણા સત્સંગમાં મોટેરો છે ને એવો જે ન હોય તે નાનેરો છે. અને ગૃહસ્થ હોય તેને પણ દેહે કરીને વ્યવહાર કરવો ને મને કરીને તો ત્યાગીની પેઠે જ નિર્વાસનિક રહેવું ને ભગવાનનું ચિંતવન કરવું ને વ્યવહાર તો ભગવાનને વચને કરીને રાખવો, અને મનનો ત્યાગ સાચો ન હોય તો જનક જેવા રાજા હતા તે રાજ્ય કરતા ને મન તો મોટા યોગેશ્વરના જેવું હતું, તે માટે મને કરીને જે ત્યાગ તે જ ઠીક છે,** અને જે પોતાના મનમાં ભૂંડા ઘાટ થાતા હોય તે કહેવા પણ જેમ **'કૂતરાનું મુખ કૂતરો ચાટે'** તથા **'સર્પને ઘેર પરોણો સાપ, મુખ ચાટીને વળીઓ આપ' તથા રાંડીની પાસે સુવાસણી સ્ત્રી જાય ત્યારે તે કહે જે આવ્ય બાઈ હું જેવી તું પણ થા, તેમ પોતાની પેઠે જેને ભૂંડા ઘાટ થાતા હોય તેને આગળ જે ઘાટ કહેવો તે તો આ દૃષ્ટાંત દીધાં એમ છે, માટે ઘાટ કેને કહેવો તો જેના મનમાં કોઈ દિવસ જગતનો ભૂંડો ઘાટ ન થાતો હોય એવો બળિયો હોય તેની આગળ કહેવો અને એમ ઘાટ ન થાય એવા પણ ઘણા હોય તેમાંથી પણ એવાને ઘાટ કહેવો જે તે ઘાટને સાંભળીને તે ઘાટ ઉપર વાત કરે, તે જ્યાં સુધી તે કહેનારાનો ઘાટ ટળી જાય, ત્યાં સુધી બેસતો-ઊઠતો, ખાતો-પીતો, સર્વ ક્રિયામાં વાત કર્યા કરે, અને તે ઘાટ ટાળ્યામાં કેવી ચાડ્ય હોય તો જેમ પોતાના ઘાટને ટાળવાની ચાડ્ય હોય તેવી જ હોય, એવા આગળ ઘાટ કહેવો;** અને જેની આગળ ઘાટ કહીએ ને તે આવી રીતે વાત તો ન કરે ને પોતે આળસુ હોય તો શો સમાસ થાય ? માટે એવી રીતે પોતાના મનના ઘાટ કહીને તે ઘાટને ટાળી નાખીને પોતાના મનને વિષે કેવળ ભગવાનના ઘાટ કર્યા કરવા ને જગતના સુખથી નિર્વાસનિક થાવું. અને એકાદશીનો ઉપવાસ કરવો તેનું શું લક્ષણ છે તો, **દશ ઇન્દ્રિયો ને અગિયારમું મન તેમને પોતપોતાના વિષયમાંથી કાઢીને ભગવાનમાં જોડવાં તેને એકાદશીનું વ્રત કર્યું કહેવાય, ને એવું વ્રત તો ભગવાનના ભક્તને નિરંતર કર્યા કરવું.** અને એવી રીતે

જેનું મન નિર્વાસનિક ન હોય ને દેહે કરીને તો વ્રત-તપ કરે તો પણ તેનું અતિશે સારું થાતું નથી, માટે જે ભગવાનનો ભક્ત હોય તેને પોતપોતાના ધર્મમાં રહીને, ને ભગવાનનું માહાત્મ્ય સમજીને, પોતાના મનને નિર્વાસનિક કરવાનો નિત્યે અભ્યાસ રાખવો, એમ વાર્તા કરી. (૧) અને વળી શ્રીજીમહારાજે બીજી વાર્તા કરી જે, **સાચો ત્યાગી કેને કહીએ તો જે** ૧
**પદાર્થનો ત્યાગ કર્યો તેનો પાછો કોઈ દિવસ મનમાં સંકલ્પ પણ ન થાય, જેમ વિષ્ટાનો ત્યાગ કર્યો છે તેનો પાછો સંકલ્પ થાતો નથી તેમ સંકલ્પ ન થાય.** ત્યાં શુકજી પ્રત્યે નારદજીનો કહેલો શ્લોક છે જે ॥ **ત્યજ ધર્મમધર્મં ચ....**॥ એ શ્લોકનું હાર્દ એ છે જે, **એક આત્મા વિના બીજા જે જે પદાર્થ છે તેનો ત્યાગ કરીને કેવળ આત્માપણે વર્તવું ને ભગવાનની ઉપાસના કરવી તેને પૂરો ત્યાગી કહીએ;** અને જે ગૃહસ્થ **હરિભક્ત હોય તે તો જેમ જનક રાજાએ કહ્યું જે, આ મારી મિથિલા નગરી બળે છે, પણ તેમાં મારું કાંઈ બળતું નથી,** ત્યાં શ્લોક છે જે :-

**મિથિલાયાં પ્રદીપ્તાયાં ન મે દહ્યતિ કિંચન ॥**

**એમ સમજે ને ગૃહમાં રહેતો હોય તે ગૃહસ્થ હરિભક્ત ખરો કહેવાય,** અને એવી રીતનો જે ત્યાગી ન હોય ને એવી રીતનો જે ગૃહસ્થ ન હોય તે તો **પ્રાકૃત ભક્ત** કહેવાય, અને મોરે કહ્યો એવો જે હોય તે તો એકાંતિક ભક્ત કહેવાય, એવી રીતે વાર્તા કરી. (૨) ૨

૨ પછી મોટા આત્માનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, (૨) દેહ, ઇન્દ્રિયો તથા અંતઃકરણ તથા દેવતા તેથી જુદો જે જીવાત્મા તેનું રૂપ કેવી રીતે છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, થોડાકમાં એનો ઉત્તર કરીએ છીએ જે, દેહ ને ઇન્દ્રિયાદિકના સ્વરૂપનો જે વક્તા તે સર્વેના સ્વરૂપને જુદું જુદું કરીને શ્રોતાને સમજાવે છે તે જે સમજાવનારો વક્તા તે દેહાદિક સર્વના પ્રમાણનો કરનારો છે ને જાણનારો છે ને સર્વેથી જુદો છે એને જીવ કહીએ, અને જે શ્રોતા છે તે દેહાદિકના રૂપને જુદાં જુદાં સમજે છે ને એનું પ્રમાણ કરે છે ને એને જાણે છે ને એ સર્વેથી જુદો છે એને જ જીવ કહીએ, એવી રીતે જીવના સ્વરૂપને સમજવાની રીત છે એવી રીતે વાર્તા કરી. (૩) ઇતિ વચનામૃતમ્ ॥૩૮॥ ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન (૨) છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, પોતાના મનનો નિરંતર તપાસ કરવો તથા અમારી મૂર્તિમાં નિમગ્ન રહી ન શકે તેને અમારાં લીલા-ચરિત્ર સંભારવાં, તથા અમારી મૂર્તિનું ચિંતવન કરવું, તથા બીજાના ઘાટને ટાળી નાખે એવાં અમારા સમર્થ મુક્તોનો સંગ કરવો ને પોતપોતાના ધર્મમાં રહેવું, અને અમારો મહિમા સમજીને નિર્વાસનિક થાવું. (૧) અને અમારા વિના બીજો સંકલ્પ જ ન થાય ને આત્માપણે વર્તે ને અમારી ઉપાસના કરે તે સાચો ત્યાગી છે, અને અમારા વિના બીજું કાંઈ પોતાનું મનાય જ નહિ તે ખરો હરિભક્ત છે. (૨) બીજા પ્રશ્નમાં જે સમજાવી શકે ને સમજી શકે તે જીવનું સ્વરૂપ કહ્યું છે. (૩) બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં જેને ઘાટ થતા હોય ને જેને ઘાટ ન થતા હોય ને જે બીજાના ઘાટ ટાળી નાખે તેને કેવા જાણવા ?

૧ ઉ૦ જેને ઘાટ થાતા હોય તે પ્રાકૃત ગુણબુદ્ધિવાળા જાણવા, અને જેને ઘાટ ન થાતા હોય તેને એકાંતિક સંત જાણવા, અને બીજાના ઘાટને ટાળી નાખે તેને સિદ્ધદશાવાળા જાણવા. ॥૩૮॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૩૯

❖સંવત ૧૮૭૬ના મહા સુદ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે ધોળી પાઘ બાંધી હતી ને પીળા પુષ્પના તોરા પાઘમાં લટકતા હતા ને કાન ઉપર ધોળા ને પીળાં પુષ્પના ગુચ્છ ખોસ્યા હતા ને કંઠમાં પીળાં પુષ્પના હાર પહેર્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ સર્વે મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે એક વેદાંતી બ્રાહ્મણ આવ્યો હતો તેને પ્રશ્ન પૂછ્યો જે, (૧) તમે એક બ્રહ્મનું પ્રતિપાદન કરો છો ને તે વિના જે જીવ, ઈશ્વર, માયા, ને જગત તથા વેદ, શાસ્ત્ર, પુરાણ તે સર્વેને મિથ્યા કહો છો, એ વાત અમને સમજાતી નથી તથા માન્યામાં આવતી નથી, માટે તમને પૂછીએ છીએ તેનો ઉત્તર કરો. તે વેદ, શાસ્ત્ર, પુરાણ, સ્મૃતિ, ઈતિહાસ તેની સાખ્યે કરીને કરો પણ કોઈક કલ્પિત ગ્રંથને વચને કરીને કરશો તો અમે તેને નહિ માનીએ; અને જો વ્યાસજીને વચને કરીને કરશો તો અમારા માન્યામાં આવશે, કેમ જે અમારે વ્યાસજીના વચનમાં તો દૃઢ પ્રતીતિ છે. પછી તે વેદાંતીએ ઘણીક પ્રકારની યુક્તિઓ લાવીને ઉત્તર કરવા માંડ્યો, પણ શ્રીજીમહારાજે તેમાં આશંકા કરી માટે તે પ્રશ્નનું સમાધાન થયું નહિ; પછી શ્રીજીમહારાજ બોલ્યા જે સાંભળો : એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ છીએ જે, એ તો પરમેશ્વરને ભજીને થયા જે મુક્ત તેની સ્થિતિના ભેદ છે, જેમ મેરુ પર્વત, ઉપર ઊભા જે પુરુષ તે જે તે, તે મેરુ થકી ઓરા જે સર્વે પર્વત, તથા સર્વે વૃક્ષ તથા તે પર્વત, વૃક્ષનું આધાર જે પૃથ્વીનું તળ તે સર્વેને પૃથક્ પૃથક્પણે દેખે છે, તેમ સવિકલ્પ સમાધિવાળા જે **જીવનમુક્ત** તે જે તે જીવ, ઈશ્વર, માયા તથા એમનો આધાર જે બ્રહ્મ એ સર્વેને પૃથક્ પૃથક્પણે દેખે છે, અને વળી જેમ લોકાલોક પર્વત ઉપર ઊભા જે પુરુષ તે જે તે લોકાલોક પર્વતથી ઓરા જે પર્વત તથા વૃક્ષ તે સર્વેને એક પૃથ્વીરૂપે જ દેખે છે, પણ પૃથક્ પૃથક્પણે નથી દેખતા, તેમ નિર્વિકલ્પ સમાધિવાળા જે **વિદેહ મુક્ત** તે જે તે જીવ, ઈશ્વર, ને માયા તેને એક બ્રહ્મરૂપે કરીને જ દેખે છે પણ પૃથક્પણે નથી દેખતા. એવી રીતે બે પ્રકારની સ્થિતિવાળા મુક્ત છે તેની સ્થિતિને યોગે કરીને એ સર્વેનું સત્યપણું કહેવાય છે ને અસત્યપણું કહેવાય છે, અને સવિકલ્પ સ્થિતિવાળાનાં વચન વેદ, શાસ્ત્ર, પુરાણ આદિકમાં આવે છે તે એ સર્વને સત્ય કહે છે ને નિર્વિકલ્પ સ્થિતિવાળાનાં જે વચન તે એ સર્વેને અસત્ય કહે છે પણ કાંઈ એ સર્વે અસત્ય નથી, એ તો એને નિર્વિકલ્પ સ્થિતિને બળે કરીને દેખાતાં નથી, માટે અસત્ય કહે છે. અને વળી જેમ સૂર્યના રથમાં જે બેઠા હોય તેને રાત્ય નથી પણ જે પૃથ્વી ઉપર રહ્યા છે તેને રાત્રિ-દિવસ છે, તેમ નિર્વિકલ્પ સ્થિતિવાળાને મતે એ સર્વે છે નહિ પણ બીજાને મતે તો એ સર્વે

છે; અને આવી રીતે બ્રહ્મનિરૂપણ કરે તો શાસ્ત્રનાં વચનમાં પૂર્વાપર બાધ ન આવે, ને એમ ન કરે તો પૂર્વાપર બાધ આવે તે બાધને તો સમજતો ન હોય તથા એવી રીતની સ્થિતિને પણ ન પામ્યો હોય ને કેવળ શાસ્ત્રમાંથી શીખીને વચન માત્રે કરીને એક બ્રહ્મપણાનું પ્રતિપાદન કરતો હોય ને ગુરુ, શિષ્ય, જીવ, ઈશ્વર, માયા, જગત, તથા વેદ, પુરાણ, શાસ્ત્ર એ સર્વેને કલ્પિત કહેતો હોય તે તો મહામૂર્ખ છે, ને અંત્યે નારકી થાય છે. એમ કહીને બોલ્યા જે, આ અમે વાર્તા કરી તેમાં તમને આશંકા થતી હોય તો બોલો; ત્યારે તે વેદાંતી બ્રાહ્મણ બોલ્યો જે, હે મહારાજ ! હે પ્રભો ! હે સ્વામિન્ ! તમે તો પરમેશ્વર છો ને જગતના કલ્યાણને અર્થે પ્રગટ થયા છો; તે તમે જે ઉત્તર કર્યો તે યથાર્થ છે, એમાં આશંકાનો માગ નથી એમ કહીને અતિ પ્રસન્ન થયો ને પોતાની જે અણસમજણ તેનો ત્યાગ કરીને શ્રીજીમહારાજને આશ્રિત થયો. (૧) ઇતિ વચનામૃતમ્ ॥૩૯॥ ૧

**રહસ્યાર્થ પ્રદી૰-** આમાં પ્રશ્ન (**૧**) છે તેમાં સવિકલ્પ સમાધિવાળા જીવનમુક્ત જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ એ સર્વેને જુદાં જુદાં દેખે છે, માટે સર્વેને સત્ય કહે છે અને નિર્વિકલ્પ સમાધિવાળા વિદેહમુક્ત તે જીવ, માયા, ઈશ્વર, તેમને બ્રહ્મરૂપે દેખે છે, અર્થાત્ જીવ, માયા, ઈશ્વર, તેમને દેખતા જ નથી; એક બ્રહ્મને જ એટલે અમને જ દેખે છે, જેમ લોકાલોક ઉપર ચડેલા પુરુષને પૃથ્વી ઉપર ઝાડ, મનુષ્ય તથા બીજા પર્વત તે કાંઈ દેખાતાં નથી; એક પૃથ્વી જ દેખાય છે, તે માટે તે જીવ, માયા, ઈશ્વરને અસત્ય કહે છે, અને આવી સ્થિતિ ન થઈ હોય ને તે શાસ્ત્રમાંથી શીખીને જીવ, માયા, ઈશ્વર, ગુરુ, શિષ્ય, વેદ, પુરાણ, શાસ્ત્ર તેમને મિથ્યા કહે તે નારકી થાય છે. (**૧**) બાબત છે.

૧ **પ્ર૰** આમાં બ્રહ્મ કહ્યા તે કોને જાણવા ?

૧ **ઉ૰** આ ઠેકાણે બ્રહ્મ શબ્દે કરીને શ્રીજીમહારાજને કહ્યા છે.

૨ **પ્ર૰** (**પ્ર૰ ૪૫**, **૬૬**/૧, **પં૰ ૧**/૧, **મ૰ ૩**/૧.૨, **૧૦** ના પહેલા પ્રશ્નમાં, **૧૩**/૨ અને **૬૫**/૧ માં) બ્રહ્મને પરબ્રહ્મનો પ્રકાશ કહ્યો છે તથા (**લો૰ ૧** આઠમા પ્રશ્નમાં, **૧૦** ના ૬/૮ છઠ્ઠા પ્રશ્નમાં, **મ૰ ૮** ના બીજા પ્રશ્નમાં ઈત્યાદિકમાં) બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મના દાસ થવું એમ કહ્યું છે. અને (**મ૰૨૧** ના ૪/૮ ચોથા પ્રશ્નમાં, **૩૦** માં અને **અ૰ ૨**/૧ માં ) બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ-ઉપાસના કરવાનું કહ્યું છે, તથા (**છે૰ ૩૬** ના ૨/૩ બીજા પ્રશ્નમાં) શ્રીજીમહારાજની મૂર્તિની ઉપાસના વિના આત્મા તથા બ્રહ્મ દેખાય જ નહિ એમ કહ્યું છે માટે એમ જોતાં તો બ્રહ્મ તે શ્રીજીમહારાજની મૂર્તિનો પ્રકાશ છે અને તમે શ્રીજીમહારાજને બ્રહ્મ કહો છો તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૰** આમાં નિર્વિકલ્પ સ્થિતિવાળાને સર્વત્ર બ્રહ્મ દેખાય છે એમ કહ્યું તે બ્રહ્મ શ્રીજીમહારાજને જાણવા; તે 'હરિવાકય-સુધાસિંધુ'ના તરંગ (**૩૯**)માં કહ્યું છે કે :-

**આદ્યાયાં તત્ર પશ્યંતિ જીવેશાદ્યખિલં પૃથક્ । દ્વિતીયાયાં તુ નેક્ષંતે મુક્તાઃ કિંચિત્પૃથગ્ઘરેઃ ॥૧૨॥**

**લોકાલોક નગારુઢાસ્-ત્વેતત્ કિંચિત્ ક્ષિતેઃ પૃથક્ । ન પશ્યંતિ યથા તદ્વદ્ અન્યેપ્યેતદ્ધરેઃ પૃથક્ ॥૧૪॥**

પહેલી સવિકલ્પ સ્થિતિવાળાને જીવ, ઈશ્વર વગેરે પૃથક્ પૃથક્ દેખાય છે પણ બીજી નિર્વિકલ્પ સ્થિતિવાળા મુક્તને તો એક હરિ શ્રીજીમહારાજ વિના બીજું કાંઈ દેખાતું નથી. (**૧૨**) જેમ લોકાલોક પર્વત પર ઊભેલા મનુષ્યને પૃથ્વી વિના કાંઈ પણ દેખાતું નથી તેમ બીજી નિર્વિકલ્પ સ્થિતિવાળા મુક્તને પણ એક શ્રીહરિ વિના બીજું કાંઈ દેખાતું નથી. (**૧૫**) માટે બ્રહ્મ જે શ્રીજીમહારાજ તે સર્વત્ર દેખાય છે તે ( **કા૰ ૭** ના ૪/૫ ચોથા પ્રશ્નમાં) આત્યંતિક કલ્યાણ પામીને સિદ્ધદશા પામ્યો હોય તે "અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન રહે છે તે મૂર્તિને સ્થાવર-જંગમ સર્વે આકારને વિષે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે ને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર પણ ભાસે નહિ એ સિદ્ધદશાનું લક્ષણ છે"

એમ કહ્યું છે. માટે આ ઠેકાણે બ્રહ્મ તે શ્રીજીમહારાજને કહ્યા છે પણ તેજને બ્રહ્મ કહેલ નથી, કેમ જે (**અશ્લા૦૧** ના ૨/૩ બીજા પ્રશ્નમાં ) આત્મદર્શનની ઇચ્છા રાખે તેને મધ્યમ કહ્યો છે તથા ( **છે૦ ૫** ના ત્રીજા પ્રશ્નમાં) અમારા વિના બીજું કાંઈ આત્મદર્શનાદિક ઇચ્છે તેને ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે એમ કહ્યું છે. અને (**કા૦ ૧** ના ૫/૬ પાંચમા પ્રશ્નમાં) કૈવલ્યાર્થીનું અમારી મૂર્તિને વિષે તદાકારપણું થતું નથી. અને (**લો૦ ૧૪**/૨ માં) ''અમારું તેજ એકલું દેખાય તો કષ્ટ પામવું'' અને (પાંચમી બાબતમાં) ''અમારી સાકારપણે ઉપાસના-ભક્તિ કરવી'' અને (**વ૦ ૨**/૧ માં) ''અમને નિરાકાર જાણે તે અમારો દ્વેષી છે.'' અને (**મ૦ ૬૫**/૨ માં) ''એકલું બ્રહ્મજ્ઞાન નકારું અને અકલ્યાણકારી છે.'' અને (**છે૦ ૩૬**ના બીજા પ્રશ્નમાં) મૂર્તિની ઉપાસના વિના આત્મા કે બ્રહ્મ દેખાય જ નહીં અને ( **છે૦ ૩૦**/૧ માં ) કેવળ તેજને માનતો હોય ને તેની ઉપાસના કરતો હોય તે અમને ગમે જ નહિ. એવી રીતે પોતાના તેજરૂપ બ્રહ્મનો પણ નિષેધ કર્યો છે, અને શુષ્ક વેદાંતીનો તો શ્રીજીમહારાજે (**મ૦ ૧૮**, **૧૯**, **પ્ર૦ ૪૮**, **લો૦ ૭** ના ૩/૯ ત્રીજા પ્રશ્નમાં, **છે૦ ૨૮** ના પહેલા પ્રશ્નમાં, ઇત્યાદિકમાં) અતિશે નિષેધ કર્યો છે. (અને **પ્ર૦ ૪૨**, **૫૦** તથા પરથારાની બીજી બાબતમાં તથા **વ૦ ૧૩** ના બીજા પ્રશ્નમાં ) બ્રહ્મ તો અમે જ છીએ એમ શ્રીજીમહારાજે કહ્યું છે. માટે બ્રહ્મ નામે શ્રીજીમહારાજને જ જાણવા પણ નિરાકાર બ્રહ્મ જે શ્રીજીમહારાજનું તેજ તે આ ઠેકાણે ન જાણવું. ॥૩૯॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૪૦

❖સંવત ૧૮૭૬ના મહા સુદિ ૪ ચોથને દિવસ પ્રાતઃકાળે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષની હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો અને ધોળી ચાદર ઓઢી હતી ને માથે ધોળી પાઘ બાંધી હતી ને પાઘને વિષે પીળાં પુષ્પનો તોરો લટકતો હતો ને કંઠને વિષે પીળાં પુષ્પનો હાર પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ સર્વે મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજને મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, (૧) હે મહારાજ ! સવિકલ્પ સમાધિ તે કેને કહીએ ? ને નિર્વિકલ્પ સમાધિ તે કેને કહીએ ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય તેને અશુભ વાસના તો ન હોય ને શુભ વાસના રહી હોય જે, હું નારદ, સનકાદિક ને શુકજી તે જેવો થાઉં અથવા નરનારાયણના આશ્રમમાં જઈને તે આશ્રમમાં મુનિ ભેળો રહીને તપ કરું અથવા શ્વેતદ્વીપમાં જઈને તપ કરીને શ્વેતમુક્ત જેવો થાઉં, એવી રીતનો વિકલ્પ રહેતો હોય તેને સવિકલ્પ સમાધિવાળો કહીએ અને જેને એવી રીતનો વિકલ્પ ન હોય ને અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિષે જ નિમગ્ન રહેતો હોય તેને નિર્વિકલ્પ સમાધિવાળો કહીએ. (૧) ૧

૨ પછી વળી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, (૨) હે મહારાજ ! ભક્તિમાં ને ઉપાસનામાં તે શો ભેદ છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે :-

**શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણં પાદસેવનમ્ ।**
**અર્ચનં વંદનં દાસ્યં સખ્યમાત્મનિવેદનમ્ ॥**

એવી રીતે નવ પ્રકારે કરીને જે ભગવાનને ભજવા તેને ભક્તિ કહીએ. (૨) અને ૨

ઉપાસના તો તેને કહીએ જે, ભગવાનના સ્વરૂપને વિષે સદા સાકારપણાની દૃઢ નિષ્ઠા હોય ને પોતે જે ભજનનો કરનારો તે બ્રહ્મરૂપ થાય, તો પણ તે નિષ્ઠા જાય જ નહિ, ને ગમે તેવા નિરાકાર પ્રતિપાદનના ગ્રંથને સાંભળે તો પણ ભગવાનના સ્વરૂપને સદા સાકાર જ સમજે, અને **શાસ્ત્રને વિષે ગમે તેવી વાત આવે પણ પોતે ભગવાનના સાકાર સ્વરૂપનું જ પ્રતિપાદન કરે, પણ પોતાની ઉપાસનાનું ખંડન થાવા દે જ નહિ, એવી રીતે જેની દૃઢ સમજણ હોય તેને ઉપાસનાવાળો કહીએ.** (૩) ઇતિ વચનામૃતમ્ ॥૪૦॥ ૩

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન (૨) છે. તેમાં પહેલામાં અમારા તેજરૂપ અક્ષરધામના સાધર્મ્યપણાને પામીને અમારી મૂર્તિમાં સ્નેહે કરીને જોડાઈ જાય તે નિર્વિકલ્પ સમાધિવાળો છે, અને જેને અમારી મૂર્તિમાં સ્થિતિ થઈ હોય એટલે અમારી મૂર્તિને દેખતો હોય, પણ બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપમાં જઈને એમના મુક્ત જેવો થાઉં એવો વિકલ્પ રહે તે સવિકલ્પ સમાધિવાળો છે. (**૧**) બીજામાં નવ પ્રકારે અમને ભજે તે ભક્તિ છે. (**૨**) અને અમને સદા સાકાર જાણીને અમારે વિષે સ્વામી-સેવકભાવ રાખવો તે ઉપાસના છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (**૩**) બાબતો છે.

૧ **પ્ર૦** આમાં (**૨**/૩ બીજા પ્રશ્નમાં **સા૦ ૧૭**, **મ૦ ૧૯**/૨, **૨૭** ના ૩/૪ ત્રીજા પ્રશ્નમાં તથા **લો૦ ૧૪**/૨ માં, એ પાંચમાં) ઉપાસના કહી તે એક પ્રકારની હશે કે જુદા જુદા પ્રકારની હશે ?

૧ **ઉ૦** આમાં શ્રીજીમહારાજને સદા સાકાર જાણવા તે ઉપાસના કહી છે અને (**મ૦૨૭** માં) શ્રીજીમહારાજને સાકાર જાણીને શ્રીજીમહારાજની પ્રતિમાને થાળ જમાડવા, વસ્ત્ર, ઘરેણાં પહેરાવવાં, આરતી ઉતારવી તે સેવા ભક્તિરૂપ ઉપાસના કહી છે અને (**મ૦ ૧૯** માં) પતિવ્રતાપણું રાખીને પ્રેમે સહિત સેવાભક્તિ કરવારૂપી ઉપાસના કહી છે અને (**સા૦ ૧૭** માં) શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર કરીને સ્વામી-સેવકપણું ને દાસપણું દૃઢ કરવું એવી રીતની ઉપાસના કહી છે. આમાં ઉપાસના કહી તેથી (**મ૦ ૨૭** માં) કહી તે શ્રેષ્ઠ છે અને તેથી (**મ૦ ૧૯** માં) કહી તે શ્રેષ્ઠ છે, અને તેથી (**સા૦ ૧૭**માં) કહી તે શ્રેષ્ઠ છે અને (**લો૦ ૧૪**/૨ માં) સર્વેથી પર તેજના સમૂહને મધ્યે દિવ્ય મૂર્તિ એવા ને પોતાના મુક્તોએ સહિત દેખે તે સર્વથી શ્રેષ્ઠ છે. ॥૪૦॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૪૧

❖સંવત ૧૮૭૬ના મહા સુદિ ૫ પંચમીને દિવસ સાંઝને સમે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની સમીપે લીંબડા તળે ચોતરા ઉપર ઢોલિયે વિરાજમાન હતા ને સર્વે ધોળાં વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પીળાં પુષ્પના હાર પહેર્યા હતા ને પીળાં પુષ્પના ગુચ્છ કાન ઉપર ધાર્યા હતા ને પાઘને વિષે પીળાં પુષ્પના તોરા લટકતા મૂક્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે પ્રશ્નોત્તર કરો. પછી નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું જે, (૧) હે મહારાજ ! **એકોઽહં બહુસ્યાં ॥** એ જે શ્રુતિ તેનો જે અર્થ તેને જગતમાં કેટલાક પંડિત છે તથા વેદાંતી છે તે એમ સમજે છે જે, પ્રલયકાળને વિષે જે એક ભગવાન હતા તે જ પોતાની ઈચ્છાએ કરીને સૃષ્ટિકાળે સર્વે જીવ-ઈશ્વરરૂપે થાય છે તે એ વાર્તા તો મૂર્ખ હોય તેના માન્યામાં આવે ને અમારે તો તમારો આશરો છે, એટલે એ વાતની ઘેડ્ય બેસતી નથી ને અમે તો એમ સમજીએ છીએ જે, ભગવાન તો અચ્યુત છે તે ચ્યવીને જીવ-ઈશ્વરરૂપે થાય નહિ, માટે

એ શ્રુતિનો જે અર્થ તે તો તમે કહો તો યથાર્થ સમજાય. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ શ્રુતિનો અર્થ તો એ સર્વે કરે છે એમ નથી, એનો અર્થ તો બીજી રીતે છે. તે વેદસ્તુતિના ગદ્યમાં કહ્યો છે જે :-

**સ્વકૃત-વિચિત્ર-યોનિષુ વિશન્નિવ હેતુતયા ।**
**તરતમતશ્ચકાસ્ત્યનલવત્ સ્વકૃતાનુકૃતિ ॥**

એનો અર્થ એમ છે જે, પુરુષોત્તમ ભગવાને પોતે કરી એવી જે નાના પ્રકારની યોનિઓ તેમને વિષે કારણપણે અંતર્યામીરૂપે કરીને પ્રવેશ કરીને ન્યૂનાધિક ભાવે પ્રકાશ કરે છે. તેની વિગતિ જે **અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન** તે સૃષ્ટિ સમયને વિષે અક્ષર સામી દૃષ્ટિ કરે છે, ત્યારે તે અક્ષરમાંથી પુરુષ પ્રગટ થઈ આવે છે, પછી તે પુરુષોત્તમ જે તે અક્ષરમાં પ્રવેશ કરીને પુરુષને વિષે પ્રવેશ કરે છે ને પુરુષરૂપે થઈ ને પ્રકૃતિને પ્રેરે છે, એવી રીતે જેમ જેમ પુરુષોત્તમનો પ્રવેશ થાતો ગયો તેમ તેમ સૃષ્ટિની પ્રવૃત્તિ થઈ ને પછી તે પ્રકૃતિપુરુષ થકી પ્રધાનપુરુષ થયા અને તે પ્રધાનપુરુષ થકી મહત્તત્ત્વ થયું ને મહત્તત્ત્વ થકી ત્રણ પ્રકારનો અહંકાર થયો ને અહંકાર થકી ભૂત, વિષય, ઈન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા તે થયા ને તે થકી વિરાટપુરુષ થયા ને તેની નાભિ-કમળમાંથી બ્રહ્મા થયા ને બ્રહ્મા થકી મરીચ્યાદિક પ્રજાપતિ થયા ને તે થકી કશ્યપ પ્રજાપતિ થયા ને તે થકી ઈન્દ્રાદિક દેવતા થયા ને દૈત્ય થયા ને સ્થાવર-જંગમ સર્વે સૃષ્ટિ થઈ અને પુરુષોત્તમ ભગવાન જે તે એ સર્વેમાં કારણપણે અંતર્યામીરૂપે પ્રવેશ કરીને રહ્યા છે પણ જેવા અક્ષરમાં છે તેવી રીતે પુરુષપ્રકૃતિમાં નથી ને જેવા પુરુષપ્રકૃતિમાં છે તેવા પ્રધાનપુરુષમાં નથી ને જેવા પ્રધાનપુરુષમાં છે તેવા મહત્તત્ત્વાદિક ચોવીશ તત્ત્વમાં નથી ને જેવા ચોવીશ તત્ત્વમાં છે તેવા વિરાટપુરુષમાં નથી ને જેવા વિરાટપુરુષમાં છે તેવા બ્રહ્મામાં નથી ને જેવા બ્રહ્મામાં છે તેવા મરીચ્યાદિકમાં નથી ને જેવા મરીચ્યાદિકમાં છે તેવા કશ્યપમાં નથી ને જેવા કશ્યપમાં છે તેવા ઈન્દ્રાદિક દેવતામાં નથી ને જેવા ઈન્દ્રાદિક દેવતામાં છે તેવા મનુષ્યમાં નથી ને જેવા મનુષ્યમાં છે તેવા પશુપક્ષીમાં નથી, એવી રીતે પુરુષોત્તમ ભગવાન જે તે તારતમ્યતાએ સર્વેમાં કારણપણે અંતર્યામીરૂપે કરીને રહ્યા છે, જેમ કાષ્ઠને વિષે અગ્નિ રહ્યો છે તે મોટા કાષ્ઠમાં મોટો અગ્નિ રહ્યો છે ને લાંબા કાષ્ઠમાં લાંબો અગ્નિ રહ્યો છે ને વાંકા કાષ્ઠમાં વાંકો અગ્નિ રહ્યો છે તેમ એ પુરુષોત્તમ ભગવાન છે તે જે દ્વારે જેટલું કાર્ય કરાવવું હોય તેને વિષે તેટલી સામર્થીએ યુક્ત થકા રહે છે અને **અક્ષર ને પુરુષપ્રકૃતિ આદ્ય સર્વેને વિષે પુરુષોત્તમ ભગવાન અંતર્યામીરૂપે રહ્યા છે પણ પાત્રની તારતમ્યતાએ કરીને સામર્થીમાં તારતમ્યપણું છે એવી રીતે એક પુરુષોત્તમ ભગવાન છે તે અંતર્યામીરૂપે કરીને એ સર્વેને વિષે પ્રવેશ કરીને રહ્યા છે,** પણ જીવ-ઈશ્વરપણાને પોતે પામીને બહુરૂપે નથી થયા, એવી રીતે એ શ્રુતિનો અર્થ સમજવો. (૧) **૧**

ઈતિ વચનામૃતમ્ ॥**૪૧**॥

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન (**૧**) છે. તેમાં મૂળમાયા સુધી ક્ષર અને મૂળઅક્ષર સુધી અક્ષર તે સર્વેથી પર અને સદા મૂર્તિમાન પ્રત્યક્ષ પુરુષોત્તમ જે અમે તે મૂળઅક્ષરથી લઈને બ્રહ્મ, ઈશ્વર, માયા, જીવ એ સર્વેને વિષે પાત્રની તારતમ્યતાએ અંતર્યામીરૂપે એટલે અન્વય સ્વરૂપ જે અમારું તેજ તે દ્વારે કરીને રહ્યા છીએ પણ અમે જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ ને અક્ષર તે રૂપે થયા નથી; અમે તો સર્વેથી પર છીએ અને એ સર્વેને અગમ્ય છીએ, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (**૧**) બાબત છે.

૧ **પ્ર૦** ઉત્પત્તિ સમે અક્ષર સામી દૃષ્ટિ કરે છે એમ કહ્યું તે દૃષ્ટિ કેવી રીતે કરતા હશે ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજ મૂળઅક્ષરાદિક સર્વેમાં તેજદ્વારે અન્વયપણે રહીને પ્રેરણા કરે છે તે (**મ૦ ૧૦** ના પહેલા પ્રશ્નમાં) અમે મૂર્તિમાન ને સર્વેથી જુદા છીએ અને બ્રહ્મરૂપ જે અમારી શક્તિ તેણે કરીને સર્વેને વિષે વ્યાપક છીએ ને એ બ્રહ્મ તે અમારી કિરણ છે અને (**પ્ર૦ ૬૪**/૧ માં) અમારું તેજ જે આત્મા તે મૂળઅક્ષરમાં વ્યાપક છે ને તે અક્ષરના દૃષ્ટા છે એમ કહ્યું છે, માટે પોતાના તેજરૂપ અક્ષરધામની કિરણો દ્વારે મૂળઅક્ષરાદિક સર્વેને વિષે રહ્યા છે, માટે અક્ષર સામી દૃષ્ટિ કરે છે એમ કહ્યું તે અંતર્યામીપણે તેજદ્વારે પ્રેરણા કરે છે એમ સમજવું. તે (**પ્ર૦ ૪૫**ના બીજા પ્રશ્નોત્તરમાં) છે.

૨ **પ્ર૦ આ અક્ષરને વચનામૃતમાં ક્યાંયે મૂળઅક્ષર નામે કહ્યા નથી અને તમે મૂળઅક્ષર કહો છો તેનું શું કારણ હશે ?**

૨ **ઉ૦** શ્રીજીમહારાજ સૃષ્ટિ કરવાની પ્રેરણા પ્રથમ અક્ષરને કરે છે તે અક્ષર મૂળપુરુષદ્વારે સૃષ્ટિ કરાવે છે, માટે સૃષ્ટિકર્તા મૂળકારણ એ છે, તેથી મૂળઅક્ષર કહેવાય છે.

૩ **પ્ર૦** અક્ષરમાંથી પુરુષ પ્રગટ થઈ આવે છે તે પુરુષ માયા સાથે જોડાય છે. એમ કહ્યું તે પુરુષના ઉપરી તો (**કા૦ ૧૦** ના ૧/૪ પહેલા પ્રશ્નમાં) બ્રહ્મને કહ્યા છે તે બ્રહ્મને અહીં ગણ્યા નથી ને પાધરા જ અક્ષરમાંથી પુરુષ પ્રગટ થઈ આવે છે એમ કહ્યું અને (**પ્ર૦ ૧૨**ના બીજા પ્રશ્નમાં ) શ્રીજીમહારાજ અક્ષરપુરુષરૂપે માયાને વિષે ગર્ભ ધરે છે એમ કહ્યું છે તે અક્ષરપુરુષ જે મૂળપુરુષ તેને તો પ્રેરણા બ્રહ્મની જોઈએ ને બ્રહ્મને અક્ષરની જોઈએ ને તે અક્ષરને શ્રીજીમહારાજની પ્રેરણા જોઈએ, કેમ જે એ સર્વે એકબીજાના ઉપરી છે તે ઉપરીની પ્રેરણા હોવી જોઈએ તેમને ગણ્યા વિના પાધરા જ શ્રીજીમહારાજ પુરુષરૂપે માયાને વિષે ગર્ભ ધરે છે એમ કહ્યું અને વળી એ જ બાબતમાં પ્રધાનને વિષે પણ પ્રધાનના પતિ પુરુષરૂપે કરીને શ્રીજીમહારાજ ગર્ભ ધરતા હવા એમ કહ્યું છે, તેમાં પણ મૂળપુરુષ, બ્રહ્મ, અક્ષર એ બધાયને ગણ્યા નહિ ને પાધરા જ પ્રધાનના પતિ પુરુષરૂપે પ્રધાનને વિષે ગર્ભ ધરતા હવા એમ કહ્યું છે તેમજ (**પ્ર૦ ૫૬**ના ૩/૪ ત્રીજા પ્રશ્નમાં પણ) આ પ્રગટ ભગવાન જે અમે તે સૃષ્ટિ રચવાને સમે પ્રકૃતિપુરુષ દ્વારા એ સૃષ્ટિને ઉપજાવીએ છીએ એમ કહ્યું છે તે ઠેકાણે પણ અક્ષર કે બ્રહ્મ કોઈને ગણ્યા નથી અને (**મ૦ ૩૧**ના પહેલા પ્રશ્નમાં ) પુરુષરૂપે કરીને માયાને વિષે વીર્ય ધરીએ છીએ અને એ જ બાબતમાં મૂળપુરુષ ને મૂળમાયા થકી વૈરાજપુરુષ ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે તે મૂળપુરુષ ને મૂળમાયા થકી તો પ્રધાનપુરુષ ઉત્પન થાય છે અને તે પ્રધાનપુરુષ થકી મહત્તત્ત્વ ઉત્પન્ન થાય છે અને મહત્તત્ત્વ થકી અહંકાર ઉત્પન્ન થાય છે અને અહંકાર થકી ચોવીશ તત્ત્વ ઉત્પન્ન થાય છે અને વૈરાજ તો ચોવીશ તત્ત્વથી ઉત્પન્ન થાય છે અને પાધરા જ મૂળપુરુષ ને મૂળમાયામાંથી વૈરાજપુરુષ ઉત્પન્ન થયા એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ૦** ઉત્પત્તિ સમે શ્રીજીમહારાજ પોતાની અંતર્યામી શક્તિ જે તેજરૂપ અક્ષર તે દ્વારે મૂળઅક્ષરને ઉત્પત્તિની પ્રેરણા કરે છે, અને મૂળઅક્ષર પોતાના તેજદ્વારે બ્રહ્મને પ્રેરણા કરે છે ને વાસુદેવબ્રહ્મ પોતાના તેજદ્વારે મૂળપુરુષને પ્રેરણા કરે છે તે મૂળપુરુષ માયા સાથે જોડાય છે ને તે થકી અનંત પ્રધાનપુરુષ થાય છે તે પ્રધાન સાથે તેનો પતિ પુરુષ જોડાય છે ને તે થકી બ્રહ્માંડ થાય છે, આવી રીતે અનુક્રમ પ્રમાણે જ પ્રેરણા થાય છે પણ એકબીજાના ઉપરીને મૂકીને પાધરા જ શ્રીજીમહારાજ પ્રેરણા કરતા નથી પણ એ સર્વેને વિષે શ્રીજીમહારાજની સત્તા રહી છે, માટે સૂઝે તે દ્વારે પ્રેરણા કરે તો પણ શ્રીજીમહારાજ પોતે જ પ્રેરણા કરે છે એમ કહ્યું હોય, માટે પુરુષરૂપે કરીને પ્રધાનને વિષે તથા મૂળપુરુષરૂપે કરીને માયાને વિષે શ્રીજીમહારાજ ગર્ભ ધરે છે એમ કહ્યું હોય તે ઠેકાણે તેમના ઉપરી દ્વારે જ પ્રેરણા કરે છે એમ જાણવું પણ શ્રીજીમહારાજ પોતે એકબીજાના ઉપરીને પડ્યા મૂકીને પ્રેરણા કરતા નથી પણ ગ્રંથ વિસ્તાર પામે તેથી સ્થળે સ્થળે લખતા નથી. આ એકબીજાના ઉપરીના ભેદ (**સા૦ ૧૭**ના ચોથા પ્રશ્નોત્તરમાં) છે. ॥**૪૧**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૪૨

❖સંવત ૧૮૭૬ના મહા સુદિ ૬ છઠને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ લીંબડાના વૃક્ષની હેઠે ઓટા માથે ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન હતા ને માથે ધોળી પાઘ બાંધી હતી ને ધોળી ચાદર ઓઢી હતી ને ધોળો ખેસ પહેર્યો હતો ને બે કાનને ઉપર પીળાં પુષ્પના ગુચ્છ વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

અને તે સભાને વિષે કોઈક વેદાંતી બ્રાહ્મણ આવીને બેઠો હતો. તેને જોઈને શ્રીજીમહારાજ
૧ બોલ્યા જે, (૧) વેદાંત શાસ્ત્રને જે જે ભણે છે તથા સાંભળે છે તે એમ કહે છે જે, વિધિનિષેધ તો મિથ્યા છે અને વિધિનિષેધે કરીને પમાય એવાં જે સ્વર્ગ ને નરક તે પણ મિથ્યા છે અને તેને પામનારો જે શિષ્ય તે પણ મિથ્યા છે અને ગુરુ પણ મિથ્યા છે ને એક બ્રહ્મ જ સભર ભર્યો છે તે સત્ય છે, એવી રીતે જે કહે છે તે શું સમજીને કહેતા હશે ? અને સર્વ વેદાંતીના આચાર્ય જે શંકરાચાર્ય તેણે તો પોતાના શિષ્યને દંડ-કમંડલુ ધારણ કરાવ્યાં અને એમ કહ્યું જે, ભગવદ્‌ગીતા ને વિષ્ણુસહસ્રનામનો પાઠ કરવો તથા વિષ્ણુનું પૂજન કરવું, અને જેને ઝાઝાં ચોમાસાં થયાં હોય તેનું થોડાં ચોમાસાંવાળાએ વંદન કરવું, અને સારો પવિત્ર બ્રાહ્મણ હોય તેના ઘરની જ ભિક્ષા કરવી, એવી રીતે જે વિધિનિષેધનું પ્રતિપાદન કર્યું તે શું એને યથાર્થ જ્ઞાન નહિ હોય ? અને જે હમણાંના જ્ઞાની થયા તેમણે વિધિનિષેધને ખોટા કરી નાખ્યા તે શું શંકરાચાર્ય કરતાં એ મોટા થયા ? માટે એમ જણાય છે જે, એ તો કેવળ મૂર્ખાઈમાંથી બોલે છે અને વિધિનિષેધ શાસ્ત્રમાં ખોટા કહ્યા છે તે તો એમ કહ્યા છે જેમ કોઈ મોટું વહાણ હોય અને તે વહાણ મહાસમુદ્રને વિષે એક વર્ષ સુધી ચાલ્યું જાય છે તેને આગલો કાંઠો પણ દેખ્યામાં આવે નહિ અને પાછલો કાંઠો પણ દેખ્યામાં આવે નહિ અને તે બે કાંઠા ઉપર જે મોટા મોટા પર્વત તે પણ દેખ્યામાં આવે નહિ તો ઝાડવાં તથા મનુષ્ય તે તો ક્યાંથી દેખ્યામાં આવે ? અને જ્યાં દેખે ત્યાં એકલું જળ જ દેખાય પણ જળ વિના બીજો કોઈ આકાર દેખ્યામાં આવે નહિ અને ઊંચું જુએ તો મોટી મોટી સમુદ્રની લહેર્યું ઊઠતી હોય, માટે ઊંચું પણ જળ જ જણાય ત્યારે તે વહાણને વિષે બેઠા એવા જે પુરુષ તે એમ કહે જે, એકલું જળ જ છે; બીજું કાંઈ નથી. એ દૃષ્ટાંતનું સિદ્ધાંત એ છે જે, જેને બ્રહ્મસ્વરૂપને વિષે નિર્વિકલ્પ સ્થિતિ થઈ હોય તે એમ બોલે જે, એક બ્રહ્મ જ છે અને તે વિના બીજું જે જીવ, ઈશ્વર ને માયા એ આદિક સર્વે તે મિથ્યા છે અને તેનાં વચન શાસ્ત્રમાં લખાણાં હોય તેને સાંભળીને પોતાને તો એવી સ્થિતિ ન થઈ હોય તો પણ વિધિનિષેધને ખોટા કહે છે અને સ્ત્રીની શુશ્રૂષા કરે ને છોકરાંની શુશ્રૂષા કરે અને જેટલો સંસારનો વ્યવહાર હોય તે સર્વેને સાચો જાણીને સાવધાન થઈને કરે છે અને શાસ્ત્રે પ્રતિપાદન કર્યા એવા જે વિધિનિષેધ તેને ખોટા કહે છે,

એવા જે આ જગતને વિષે જ્ઞાનના કથનારા છે તેને તો મહાઅધમ જાણવા ને નાસ્તિક જાણવા. (૧) અને શંકરાચાર્યે તો જીવના હૈયામાં નાસ્તિકપણું આવી જાય તેની બીકે કરીને ॥ ભજ ૧
**ગોવિંદં ભજ ગોવિંદં ભજ ગોવિંદં મૂઢમતે ॥** એ આદિક ઘણાંક વિષ્ણુનાં સ્તોત્ર કર્યાં છે તથા શિવજી તથા ગણપતિ તથા સૂર્ય એ આદ્ય દૈને જે ઘણાક દેવતા તેનાં સ્તોત્ર કર્યાં છે જેને સાંભળીને સર્વે દેવતા સત્ય ભાસે એવો આશય જાણીને શંકરાચાર્યે સર્વે દેવતાનાં સ્તોત્ર કર્યાં છે, અને આજના જે જ્ઞાની થયા તે તો સર્વેને ખોટાં કરી નાખે છે ને વળી એમ કહે છે જે, જ્ઞાની તો ગમે તેવું પાપ કરે તો પણ કાંઈ અડતું નથી તે મૂર્ખપણામાંથી કહે છે અને જેટલા ત્યાગી પરમહંસ થયા તે સર્વેને વિષે જડભરત શ્રેષ્ઠ છે અને જેટલાં પુરાણ માત્ર તથા વેદાંતના ગ્રંથ તે સર્વેને વિષે જડભરતની વાર્તા લખાણી છે એવા મોટા જે જડભરત તે પૂર્વજન્મમાં ઋષભદેવ ભગવાનના પુત્ર હતા ને રાજ્યનો ત્યાગ કરીને વનમાં ગયા હતા તેને દયાએ કરીને પણ જો મૃગ સંગાથે પ્રીતિ થઈ તો તેનો દોષ લાગ્યો ને પોતાને મૃગનો જન્મ લેવો પડ્યો અને મૃગના સરખા ચાર પગ ને ટૂંકી પૂંછડી ને માથે નાની શીંગડીઓ એવો આકાર પોતાને પ્રાપ્ત થયો અને પરમાત્મા જે શ્રીકૃષ્ણ ભગવાન તેની સંગાથે વ્રજની ગોપીઓએ કામબુદ્ધિએ કરીને પ્રીતિ કરી તો પણ સર્વે ભગવાનની માયાને તરી ગઈ ને પોતે ગુણાતીત થઈ ને નિર્ગુણ એવું જે ભગવાનનું અક્ષરધામ તેને પામીયું, તેનું કારણ એ છે જે શ્રીકૃષ્ણ ભગવાન પોતે સાક્ષાત્ પુરુષોત્તમ ગુણાતીત દિવ્ય મૂર્તિ હતા તો તે સંગાથે ગોપીઓએ જાણે-અજાણે પ્રીતિ કરી તો પણ તે ગોપીઓ ગુણાતીત થઈયું અને ભરતજીએ દયાએ કરીને મૃગલામાં પ્રીતિ કરી તો પોતે મૃગલું થયા, માટે ગમે તેવા મોટા હોય તેનું પણ કુસંગે કરીને તો ભૂંડું જ થાય છે. (૨) અને ગમે તેવો પાપી જીવ હોય ને તે જો સત્ય સ્વરૂપ ૨
એવા જે ભગવાન તેનો પ્રસંગ કરે તો પરમ પવિત્ર થઈને અભયપદને પામે અને જો શ્રીકૃષ્ણ ભગવાન પોતે ગુણાતીત ન હોત તો એના ભક્ત જે ગોપીઓ તે ગુણાતીતપણાને ન પામત ને જો ગુણાતીતપદને પામીઓ તો શ્રીકૃષ્ણ ભગવાન ગુણાતીત કૈવલ્ય દિવ્ય મૂર્તિ જ છે અને વેદાંતી કહે છે જે, સર્વત્ર બ્રહ્મસભર ભર્યો છે, ત્યારે જેમ ગોપીઓએ શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રીતિ કરી તેમ જ સર્વે સ્ત્રીઓ પોતપોતાના ધણીને વિષે પ્રીતિ કરે છે તથા સર્વે પુરુષ પોતાની સ્ત્રીઓને વિષે પ્રીતિ કરે છે તો પણ તેમને ગોપીઓના જેવી પ્રાપ્તિ થાતી નથી તેમને તો ઘોર નરકની પ્રાપ્તિ થાય છે, માટે જે વિધિનિષેધ છે તે સાચા છે પણ ખોટા નથી ને જે એ વિધિનિષેધને ખોટા કરે છે તે તો નારકી થાય છે એમ વાર્તા કરીને શ્રીજીમહારાજ જય સચ્ચિદાનંદ કહીને પોતાને ઉતારે પધાર્યા. (૩) ઇતિ વચનામૃતમ્ ॥૪૨॥ ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય (૧) છે. તેમાં બ્રહ્મસ્વરૂપને વિષે નિર્વિકલ્પ સ્થિતિ થયા વિના જીવ, માયા, ઈશ્વરાદિકને મિથ્યા કહે તથા વિધિનિષેધને ખોટા કહે તેને અધમ ને નાસ્તિક કહ્યા છે. (૧) અને કુસંગને યોગે ભૂંડું થાય છે. (૨) અને જેમ શ્રીકૃષ્ણને પ્રસંગે ગોપીઓ અભયપદ પામી તેમ અમારા પ્રસંગ થકી અભયપદને પામે છે અને નાસ્તિકને નરકની પ્રાપ્તિ થાય છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (૩) બાબતો છે.

૧ **પ્ર૦** બ્રહ્મસ્વરૂપનો અર્થ શો હશે ? અને નિર્વિકલ્પ સ્થિતિવાળાનાં લક્ષણ શાં હશે ?

૧ **ઉ૦** આ ઠેકાણે બ્રહ્મસ્વરૂપ એટલે શ્રીજીમહારાજને જાણવા અને શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ દેખે નહિ તેને નિર્વિકલ્પ સ્થિતિવાળા જાણવા.

૨ **પ્ર૦** બીજી બાબતમાં શ્રીકૃષ્ણને પ્રસંગે ગોપીઓ અક્ષરધામને પામી એમ કહ્યું તે શ્રીકૃષ્ણ કોને જાણવા અને અક્ષરધામ કિયું જાણવું ? અને શ્રીકૃષ્ણને ગુણાતીત કહ્યા તે ગુણાતીત કેવી રીતે જાણવા ?

૨ **ઉ૦** આ ઠેકાણે મૂળપુરુષને શ્રીકૃષ્ણ કહ્યા છે ને તેના ગોલોક ધામને અક્ષરધામ કહ્યું છે અને માયાના ગુણથી પર છે, માટે ગુણાતીત કહ્યા છે.

૩ **પ્ર૦** ગમે તેવા મોટાનું કુસંગે કરીને ભૂંડું થાય તે મોટો કેવો, અને કુસંગ તે શું ?

૩ **ઉ૦** સાધનદશાવાળો ઉત્તમ મુમુક્ષુ હોય પણ એકાંતિક થયેલો ન હોય એવા મોટાને કુસંગ લાગે ને સ્ત્રીધનાદિક પદાર્થને વિષે મોહ પામીને તેમાં બંધાઈ જાય, અને જે એકાંતિક હોય તે તો સ્ત્રીધનાદિકને અતિ તુચ્છ જાણીને તેમાં પ્રીતિ કરે જ નહિ, અને શાસ્ત્રને વિષે કહેલા વિધિને ખોટા કરીને શ્રીજીમહારાજની આજ્ઞા ન પાળે તે કુસંગ છે અને તેનો સંગ તે કુસંગ જાણવો.

૪ **પ્ર૦** ત્રીજી બાબતમાં પાપી જીવ અમારો પ્રસંગ કરે તો પરમ પવિત્ર થઈને અભયપદને પામે છે એમ શ્રીજીમહારાજે કહ્યું તે પ્રસંગ કેવી રીતે જાણવો ?

૪ **ઉ૦** શ્રીજીમહારાજને અંતર્યામી જાણીને આશરો કરે તે પ્રસંગ કહેવાય, અને સત્સંગમાં આવ્યા પછી આજ્ઞામાં રંચમાત્ર ફેર પડે નહિ તો તેનાં પ્રથમ કરેલાં પાપ બળી જાય ને તે અભયપદ એટલે અક્ષરધામને પામે છે અને સત્સંગમાં આવ્યા પછી આજ્ઞા લોપે તો કલ્યાણ ન થાય. ॥**૪૨**॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૪૩

❖ સંવત ૧૮૭૬ના મહા સુદિ ૭ સાતમને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર સાંઝને સમે વિરાજમાન હતા અને માથે ધોળી પાઘ બાંધી હતી ને ધોળી ચાદર ઓઢી હતી ને ધોળો ખેસ પહેર્યો હતો ને પાઘને વિષે પીળાં પુષ્પના તોરા લટકતા હતા ને કંઠને વિષે પીળાં પુષ્પના હાર પહેર્યા હતા ને બે કાનની ઉપર પીળાં પુષ્પના ગુચ્છ ખોસ્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમે શ્રીજીમહારાજ સર્વે ભક્તજન ઉપર કરુણાની દૃષ્ટિએ કરીને સર્વે સામું જોઈને
૧ બોલ્યા જે, સર્વે સાંભળો એક પ્રશ્ન પૂછીએ છીએ જે, (**૧**) શ્રીમદ્‌ભાગવત પુરાણમાં કહ્યું છે જે, જે ભગવાનના ભક્ત હોય તે ચાર પ્રકારની મુક્તિને નથી ઇચ્છતા અને બીજા પણ જે જે ભગવાનના મોટા ભક્ત છે તે એમ કહે છે જે, ભગવાનના ભક્ત હોય તે ચાર પ્રકારની મુક્તિને નથી ઇચ્છતા તે ચાર પ્રકારની મુક્તિ તે શું ? તો એક તો ભગવાનના લોકમાં રહેવું અને બીજું ભગવાનને સમીપે રહેવું અને ત્રીજું ભગવાનના સરખું રૂપ ને ઐશ્વર્ય પામવું અને ચોથું ભગવાનના સ્વરૂપને વિષે લીન થાવું, એવી રીતે જે ચાર પ્રકારની મુક્તિ છે તેને તો ભગવાનનો ભક્ત ન ઇચ્છે ત્યારે એ શાને ઇચ્છે ? એ પ્રશ્ન છે તેનો ઉત્તર જેને જેવો આવડે તેવો તે કરો. પછી સર્વે પરમહંસ ઉત્તર કરવા લાગ્યા પણ ઉત્તર થયો નહિ. ત્યારે

શ્રીજીમહારાજ બોલ્યા જે, એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ છીએ જે, જે ભગવાનનો ભક્ત થઈને એ ચાર પ્રકારની મુક્તિની ઇચ્છા રાખે તો તે સકામ ભક્ત કહેવાય ને જે ચતુર્ધા મુક્તિને ન ઇચ્છે ને કેવળ ભગવાનની સેવાને જ ઇચ્છે તે નિષ્કામ ભક્ત કહેવાય, તે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે :-

**સાલોક્ય સાર્ષ્ટિ સામીપ્ય સારુપ્યૈકત્વ મપ્યુત ॥**
**દીયમાનં ન ગૃહ્ણન્તિ વિના મત્સેવનં જના: ॥**
**નેચ્છન્તિ સેવયા પૂર્ણા: સાલોક્યાદિ ચતુષ્ટયમ્ ॥**

એ શ્લોકનો અર્થ એ છે જે, જે ભગવાનના નિષ્કામ ભક્ત છે તે સેવા જે ભગવાનની પરિચર્યા કરવી તે જો એ ચતુર્ધા મુક્તિમાં ન હોય તો એને ઇચ્છે જ નહિ ને એક સેવાને જ ઇચ્છે અને એવા જે નિષ્કામ ભક્ત તેમને ભગવાન પોતાની સેવામાં રાખે છે ને એ ભક્ત નથી ઇચ્છતા તો પણ બળાત્કારે ભગવાન એને પોતાના ઐશ્વર્ય-સુખને પમાડે છે તે કપિલદેવ ભગવાને કહ્યું છે જે :-

**અથો વિભૂતિં મમ માયાવિનસ્તામૈશ્વર્યમષ્ટાંગમનુપ્રવૃત્તમ્ ।**
**શ્રિયં ભાગવતીં ચાસ્પૃહયન્તિ ભદ્રાં પરસ્ય મેતેઽશ્નુવતે તુ લોકે ॥**

અને એ નિષ્કામ ભક્તને જ ગીતામાં ભગવાને જ્ઞાની કહ્યો છે ને જે સકામ ભક્ત છે તેને અર્થાર્થી કહ્યો છે, માટે ભગવાનના ભક્તને ભગવાનની સેવા વિના બીજું કાંઈ ન ઇચ્છવું ને ઇચ્છે તો એમાં એટલી કાચ્યપ કહેવાય અને જો કાચ્યપ હોય તો નિષ્કામ એવા જે ભગવાનના એકાંતિક ભક્ત તેનો સમાગમ કરીને એ કાચ્યપને ટાળવી. **(૧)** ઇતિ ૧
વચનામૃતમ્ **॥૪૩॥**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે ચાર પ્રકારની મુક્તિને ઇચ્છે તે સકામ ને અર્થાર્થી છે અને તે ન ઇચ્છે ને એક સેવાને જ ઇચ્છે તે નિષ્કામ ને જ્ઞાની છે અને અમારા એકાંતિક ભક્તનો સમાગમ કરીને તે કાચ્યપ ટાળવી. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** ભગવાનના સ્વરૂપમાં લીન થાવું તે મુક્તિ ન ઇચ્છવી એમ કહ્યું તે મુક્તિની ઇચ્છાવાળા કેવી રીતે લીન થવા ઇચ્છતા હશે તે ના પાડી હશે, કેમ કે (**સા૦ ૧૧**ના પહેલા પ્રશ્નમાં) અતિ પ્રેમવાળા ભક્ત ભગવાનની મૂર્તિમાં લીન થાય છે એમ કહ્યું છે, માટે તે કાંઈ સમજાતું નથી તે કૃપા કરીને સમજાવો ?

૧ **ઉ૦** તે મુક્તિની ઇચ્છાવાળા જળમાં જળવત્ અને અગ્નિમાં અગ્નિવત્ એક થઈ જવા ઇચ્છે છે તેનો નિષેધ કર્યો છે અને સેવાને એટલે દાસપણાને ઇચ્છનારા નિષ્કામ ભક્ત તો જળમાં મીનવત્ મૂર્તિમાન થકા મૂર્તિમાં રહે છે પણ એક થઈ જતા નથી. નિષ્કામ ભક્તને તો શ્રીજીમહારાજ પોતાની મૂર્તિમાં રાખીને પોતાનું સુખ-ઐશ્વર્ય આપે છે, આ અનાદિમુક્તની સ્થિતિ છે. અને પરમ એકાંતિક જે મૂર્તિને સન્મુખ રહ્યા છે તે મુક્ત પણ દાસત્વભક્તિવાળા છે, અને શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામેલા છે.

૨ **પ્ર૦** નિષ્કામ ભક્તને ઐશ્વર્ય-સુખ પમાડે છે એમ કહ્યું તે કિયાં જાણવાં ?

૨ **ઉ૦** કાળ, કર્મ, માયાથી રહિતપણું અને અસંગી, નિર્વિકાર, નિર્લેપપણું અને અનંત જીવોનો મોક્ષ કરવાપણું, સ્વતંત્રપણું, સર્વજ્ઞપણું અને શ્રીજીમહારાજની પેઠે જ ચહાય તે કરવાપણું ઇત્યાદિ ઐશ્વર્ય જાણવાં અને શ્રીજીમહારાજની મૂર્તિમાં સુખ રહ્યાં છે તે સુખ જાણવાં. **॥૪૩॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૪૪

❖ સંવત ૧૮૭૬ના મહા સુદિ ૮ અષ્ટમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઓટા મધ્યે ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે સવારના પહોરમાં વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને તે ફેંટાને એક આંટે કરીને બોકાની વાળી હતી ને તે પાઘ ઉપર ધોળાં પુષ્પનો હાર વિરાજમાન હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** ભગવાનને વિષે સ્નેહ હોય તેનું શું રૂપ છે ? પછી બ્રહ્માનંદ સ્વામીએ સ્નેહનું રૂપ કરવા માંડ્યું પણ સમાધાન ન થયું. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, તમને તો સ્નેહની દિશ જ જડી નહિ અને તમે જે પિંડ-બ્રહ્માંડથી નિઃસ્પૃહ રહેવું તેને સ્નેહ કહ્યો એ સ્નેહનું રૂપ નહિ; એ તો વૈરાગ્યનું રૂપ છે, અને **સ્નેહ તો એનું નામ જે ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે એનું નામ સ્નેહ કહીએ ને જે ભક્તને પરિપૂર્ણ ભગવાનને વિષે સ્નેહ હોય તેને એક ભગવાનના વિના બીજો સંકલ્પ જ ન થાય અને જેટલો ભગવાન વિના બીજો ઘાટ થાય છે તેટલો તેના સ્નેહમાં ફેર છે અને જેને પરિપૂર્ણ ભગવાનમાં સ્નેહ હોય ને તેને જો જાણે-અજાણે ભગવાનની મૂર્તિ વિના બીજો કાંઈક ઘાટ થાય તો, જેમ પંચામૃત ભોજન જમતો હોય તેમાં કોઈ કાંકરા તથા ધૂળનો ખોબો ભરીને નાખે ને જેવું વસમું લાગે અથવા કપાળમાં બળબળતો ડામ દે ને તે જેવો વસમો લાગે તેવો ભગવાન વિના બીજો ઘાટ થાય તે વસમો લાગે, એવી રીતે જેને વર્તતું હોય તેને ભગવાનને વિષે પ્રીતિ છે એમ જાણવું,** તે સર્વે પોતપોતાના હૃદયમાં તપાસી જુઓ તો, જેને જેવી પ્રીતિ હશે તેને તેવી જણાઈ આવશે. **(૧)** ૧

૨ પછી **બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, (૨) એવી દૃઢ પ્રીતિ ભગવાનને વિષે થાય તેનું શું સાધન છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સત્પુરુષનો જે પ્રસંગ એ જ પરમેશ્વરને વિષે દૃઢ પ્રીતિ થાવાનું કારણ છે. (૨)** ૨

૩ ત્યારે સોમલોખાચર બોલ્યા જે, **(૩)** એવો પ્રસંગ તો અતિશે કરીએ છીએ પણ એવી દૃઢ પ્રીતિ કેમ થાતી નથી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પ્રસંગ તો કરો છો પણ અર્ધો અમારો પ્રસંગ કરો છો, ને અર્ધો જગતનો પ્રસંગ કરો છો, તે માટે ભગવાનને વિષે દૃઢ પ્રીતિ

થાતી નથી. **(૩)** ૩

૪ પછી ગામ વસોના વિપ્ર વાલા ધ્રુ તેણે પ્રશ્ન પૂછ્યો જે, **(૪)** હે મહારાજ ! દેહ ને દેહના સંબંધીને વિષે અહંમમત્વપણાના ઘાટ થાય છે તે કેમ ટળે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એ તો એ જીવને વિપરીત ભાવના થઈ છે જે પોતાને દેહથી પૃથક્ જે જીવાત્મા તે રૂપે નથી માનતો ને દેહરૂપે માને છે ને એ જીવાત્માને વિષે દેહ તો કેવી રીતે વળગ્યો છે તો, જેમ કોઈક પુરુષ હોય તેણે દરજીને ઘેર જઈને ડગલો સિવાડીને પહેર્યો, ત્યારે તે એમ માને જે, દરજી તે મારો બાપ છે ને દરજણ તે મારી મા છે એમ જે માને તે મૂર્ખ કહેવાય, તેમ આ જીવને આ દેહરૂપ જે ડગલો તે ક્યારેક તો બ્રાહ્મણ ને બ્રાહ્મણી થકી ઉત્પન્ન થાય છે અને ક્યારેક તો નીચ જાતિમાંથી ઉત્પન્ન થાય છે તથા ચોરાશી લાખ જાત થકી દેહ ઉત્પન્ન થાય છે. તે દેહને વિષે પોતાપણું માને ને તે દેહના માબાપને પોતાનાં માબાપ માને તે મૂર્ખ કહેવાય ને તેને પશુ જેવો જાણવો અને ચોરાશી લાખ જાતમાં જે પોતાની મા, બોન, દીકરીઓ ને સ્ત્રીઓ છે તે પતિવ્રતાનો ધર્મ એકે પાળતી નથી, માટે જે એવા સગપણને સાચું માને છે તેને અહંમમત્વના ઘાટ કેમ ટળશે ? અને આવી રીતની સમજણ વિના જન્મભૂમિની જે દેશવાસના તે ટળવી ઘણી કઠણ છે અને **જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે, ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે અને જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે, ત્યાં સુધી એને વિષે સાધુપણું આવતું નથી, માટે દેહ ને દેહના સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને ને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને, સર્વે વાસનાનો ત્યાગ કરીને, સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે.** અને જેને એવું સાધુપણું આવ્યું તેને ને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી અને બીજું સર્વે થાય પણ એવી સાધુતા આવવી તો ઘણી કઠણ છે ને એવો સાધુ તો હું છું જે, મારે વર્ણાશ્રમનું લેશ માત્ર પણ માન નથી, એવી રીતે શ્રીજીમહારાજ બોલ્યા તે તો ભક્તને શિક્ષાને અર્થે છે એમ જાણવું ને પોતે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે. **(૪)** ઇતિ વચનામૃતમ્ ॥૪૪॥ ૪

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૪)** છે. તેમાં પહેલામાં અમારી મૂર્તિની અખંડ સ્મૃતિ રહે તે સ્નેહનું રૂપ છે. **(૧)** બીજામાં સત્પુરુષને પ્રસંગે કરીને અમારે વિષે દૃઢ પ્રીતિ થાય છે. **(૨)** ત્રીજામાં જગતનો પ્રસંગ કરે તો અમારે વિષે એવી પ્રીતિ થાય નહિ. **(૩)** ચોથામાં દેહમાંથી ને સંબંધીમાંથી અહંમમત્વ ટાળીને, પોતાના આત્માને અમારા તેજરૂપ જે અક્ષરબ્રહ્મ તે રૂપ માનીને, વાસના ટાળીને, સ્વધર્મમાં રહીને અમને ભજે ત્યારે સાધુ થવાય એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં બ્રહ્માનંદ સ્વામીએ સ્નેહનું રૂપ કર્યું તે બ્રહ્માનંદ સ્વામી તો અનાદિમુક્ત હતા તેમણે સ્નેહનું રૂપ વૈરાગ્યના રૂપમાં કેમ કર્યું હશે ?

૧ **ઉ૦** આ પ્રશ્નનો ઉત્તર બ્રહ્માનંદ સ્વામીને શ્રીજીમહારાજ પાસે કરાવવો હતો ને શ્રીજીમહારાજને સ્વામી પાસે કરાવવો હતો તે શ્રીજીમહારાજે આગ્રહ કરીને સ્વામી પાસે કરાવ્યો, તેથી બ્રહ્માનંદ સ્વામીએ શ્રીજીમહારાજ પાસે ઉત્તર કરાવવા સારુ યથાર્થ ઉત્તર ન કર્યો. ત્યારે શ્રીજીમહારાજે વિનોદ કર્યો જે, તમને તો દિશ જ જડી નહિ પણ બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી આદિ સર્વે અનાદિમુક્ત હતા ને શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામેલા

હતા, એમનું કાંઈ પણ અજાણ્યું નહોતું અને એમણે જે જે પ્રશ્ન પૂછ્યાં છે તે બીજા જીવોના સમાસને અર્થે છે.

૨ **પ્ર૦** બીજા પ્રશ્નમાં સત્પુરુષને પ્રસંગે શ્રીજીમાં દઢ પ્રીતિ થાય એમ કહ્યું તે સત્પુરુષ કેવા જાણવા ?

૨ **ઉ૦** આ ઠેકાણે શ્રીજીની મૂર્તિમાં નિમગ્ન એવા સિદ્ધમુક્તને સત્પુરુષ કહ્યા છે.

૩ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં જગતનો પ્રસંગ કહ્યો તે જગત શું જાણવું ?

૩ **ઉ૦** આ ઠેકાણે દેહ ને દેહના સંબંધીને જગત કહ્યું છે.

૪ **પ્ર૦** ચોથા પ્રશ્નમાં સ્વધર્મમાં રહીને શ્રીજીમહારાજને ભજે એમ કહ્યું તે સ્વધર્મ કિયો જાણવો ?

૪ **ઉ૦** દેહનો ને આત્માનો જે ધર્મ તે સ્વધર્મ જાણવો, તે દેહના ધર્મ જે સ્થૂળ દેહે નિયમ પાળવા અને સૂક્ષ્મ દેહે આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ થવા દેવા નહિ અને આત્માને વિષે શ્રીજીમહારાજની મૂર્તિ અખંડ ધારી રાખવી તે આત્માનો ધર્મ છે.

૫ **પ્ર૦** શ્રીજીમહારાજ પોતે જ ભગવાન છે તેમણે એવો સાધુ હું છું એમ કેમ કહ્યું હશે ?

૫ **ઉ૦** વર્ણ જે બ્રાહ્મણાદિક અને આશ્રમ જે બ્રહ્મચર્યાદિક તેનું અભિમાન મૂકીને તથા માયિક વિષયની તથા ઐશ્વર્યની વાસના માત્ર ટાળીને, બ્રહ્મ જે શ્રીજીમહારાજનું તેજ તે રૂપ થઈને, શ્રીજીમહારાજનું અખંડ ચિંતવન કરે તે સાધુને શ્રીજીમહારાજે પોતા તુલ્ય કહ્યો છે, માટે એવો સાધુ હું છું એમ કહ્યું તે જેવા અમે છીએ એવો જ એ સાધુ છે એમ કહ્યું છે. ॥૪૪॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૪૫

❖સંવત ૧૮૭૬ના મહા સુદિ ૧૦ દશમને દિવસ સાંજને સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ ઓટા ઉપર દક્ષિણાદે મુખારવિંદે વિરાજમાન હતા અને ધોળી ચાદર ઓઢી હતી ને ધોળો ખેસ પહેર્યો હતો ને માથે ધોળી પાઘ બાંધી હતી ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧)** હે મહારાજ ! કેટલાક વેદાંતી એમ કહે છે જે, ભગવાનને આકાર નથી અને તેવા જ પ્રતિપાદનની શ્રુતિઓને ભણે છે અને કેટલાક જે નારદ-શુક-સનકાદિક સરખા ભગવાનના ભક્ત છે તે તો ભગવાનનું સાકારપણું પ્રતિપાદન કરે છે તે એ બેમાંથી કોણ સાચા છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જે ભગવાન પુરુષોત્તમ છે તે તો સદા સાકાર જ છે ને મહા તેજોમય મૂર્તિ છે અને સર્વત્ર પૂર્ણ એવું સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે તો મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેનું તેજ છે** અને શ્રુતિએ પણ એમ કહ્યું છે જે, તે ભગવાન માયા સામું જોતા હવા અને જ્યારે જુએ ત્યારે તેને શું એકલી આંખ્ય જ હોય ? હાથ-પગ પણ હોય, માટે સાકારરૂપનું પ્રતિપાદન થયું અને વળી જેમ સમગ્ર જળ છે તેના જીવરૂપ જે વરુણ તે પોતાના લોકને વિષે સાકાર છે ને જળ નિરાકાર છે ને જેમ અગ્નિની જે જ્વાળા છે તે નિરાકાર છે ને તેના દેવતા જે અગ્નિ તે અગ્નિલોકને વિષે સાકાર છે ને જેમ સમગ્ર તડકો તે નિરાકાર છે ને સૂર્યના મંડળને વિષે જે સૂર્યદેવ છે તે સાકાર છે, **તેમ સચ્ચિદાનંદ જે બ્રહ્મ તે નિરાકાર છે અને પુરુષોત્તમ જે ભગવાન તે સાકાર છે અને સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ તે પુરુષોત્તમ ભગવાનનું તેજ છે** અને કોઈ એમ કહે જે શ્રુતિમાં

એમ કહ્યું છે જે, પરમેશ્વર તો કર-ચરણાદિકે રહિત છે ને સર્વત્ર પૂર્ણ છે તો એ જે શ્રુતિએ કર-ચરણાદિકનો નિષેધ કર્યો છે તે તો માયિક કર-ચરણાદિકનો નિષેધ કર્યો છે અને ભગવાનનો આકાર છે તે તો દિવ્ય છે પણ માયિક નથી; અને જેમ સૂર્યનું તેજ છે તેને આગળ દર્પણ ધરીએ, ત્યારે તે કિરણનું જે રૂપ તે સૂર્યના જેવું જ ભાસે છે, **તેમ પુરુષોત્તમ ભગવાન મૂર્તિમાન છે તેની કિરણરૂપ જે સર્વત્ર વ્યાપક સચ્ચિદાનંદ બ્રહ્મ** તેનું રૂપ પણ દર્પણ જેવું જેનું નિર્મળ અંતઃકરણ થયું હોય તેને પુરુષોત્તમ ભગવાનના જેવું સાકાર જ ભાસે છે, માટે ભગવાન પુરુષોત્તમ તો સદા સાકાર જ છે પણ નિરાકાર નથી ને જે નિરાકાર કહે છે તે તો સમજતા નથી. **(૧)** ઇતિ વચનામૃતમ્ ॥૪૫॥ ૧

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૧)** છે, તેમાં અમે મહા તેજોમય ને સદા સાકાર મૂર્તિ છીએ અને સર્વત્ર પૂર્ણ ને સર્વત્ર વ્યાપક એવું સચ્ચિદાનંદ બ્રહ્મ તે અમારું તેજ છે તે તેજ દ્વારા અમે સર્વત્ર વ્યાપક છીએ ને તે તેજ વસ્તુતાએ નિરાકાર હોવા છતાં પણ નિર્મળ અંતઃકરણવાળાને સાકાર જેવું ભાસે છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** આમાં શ્રી ગોપાળાનંદ સ્વામીએ વેદાંતીની સમજણનો પ્રશ્ન પૂછ્યો છે તે વેદાંતી જેને બ્રહ્મ કહે છે તે તો મૂળપુરુષનો પ્રકાશ છે તેને જ બ્રહ્મ સમજે છે, માટે આમાં સચ્ચિદાનંદ તેજ કહ્યું તે મૂળપુરુષનું સમજાય છે ને મૂળપુરુષને જ પુરુષોત્તમ સમજાય છે માટે તે જેમ હોય તેમ કૃપા કરીને સમજાવો.

૧ **ઉ૦** શ્રી ગોપાળાનંદ સ્વામીએ તો, ભક્ત ભગવાનને સાકાર સમજે છે, ને વેદાંતી નિરાકાર કહે છે, પણ પરબ્રહ્મ પુરુષોત્તમ જે તમે તે તમને કેવા સમજવા, એવા ભાવથી પૂછ્યું છે, તેમને અમે સદા સાકાર છીએ ને સચ્ચિદાનંદબ્રહ્મ તે અમારો પ્રકાશ છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે.

૨ **પ્ર૦** ( **લો૦ ૧૮**/૨ માં) શ્રીજીમહારાજને સચ્ચિદાનંદરૂપ કહ્યા છે અને (આમાં તથા પરથારાની બીજી બાબતમાં તથા **કા૦ ૭**ના ચોથા પ્રશ્નમાં) શ્રીજીમહારાજના તેજને સચ્ચિદાનંદ નામે કહેલ છે અને (**પ્ર૦ ૭**/૧ માં) મૂર્તિમાન મૂળઅક્ષરબ્રહ્મને સચ્ચિદાનંદ નામે કહ્યા છે અને (**સા૦ ૫** ના ૨/૩ બીજા પ્રશ્નમાં) ઈશ્વરના વ્યતિરેક સ્વરૂપને સચ્ચિદાનંદ નામે કહેલ છે તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** ઈશ્વર જે પુરુષ તથા બ્રહ્મ તથા અક્ષર તથા શ્રીજીમહારાજ તે સર્વેને તથા તેમના તેજને સચ્ચિદાનંદ શબ્દે કરીને કહેવાય છે પણ જ્યાં જેનો પ્રસંગ હોય ત્યાં તેને સચ્ચિદાનંદ નામે કહ્યા હોય, પણ જેમ તારા, ચંદ્ર ને સૂર્યના તેજમાં તથા બિંબમાં ને સામર્થીમાં ભેદ છે, તેમ પુરુષ, બ્રહ્મ, અક્ષર ને પુરુષોત્તમ તેમને વિષે સુખ, સામર્થી ને પ્રકાશમાં ભેદ ઘણો છે પણ વસ્તુ સત્ય અને ચૈતન્ય છે, માટે સચ્ચિદાનંદ નામે કહ્યા છે અને અક્ષરકોટી, બ્રહ્મકોટી ને પુરુષરૂપ જે ઈશ્વરકોટી તે સર્વ ચૈતન્ય મૂર્તિઓ છે પણ દેહદેહી ભાવ નથી, માટે એ સર્વે દિવ્ય સાકાર છે અને માયાકોટી ને જીવકોટી તેને વિષે દેહદેહી ભાવ છે અને એમના દેહનું પરિણામ છે, ને તે નિરાકાર છે તે સાકારની ઉપાસના તથા ધ્યાનથી તદ્‌ભાવને પામે છે. અને શ્રીજીમહારાજ તથા તેમના મુકત તો સદા સાકાર છે તે (**પ્ર૦ ૩૭**/૩ માં) આત્યંતિક પ્રલયને અંતે અમે તથા અમારા મુક્ત સદા સાકાર છીએ. (**૬૬**/૨ માં) મૂળઅક્ષરથી પર અમારા પ્રકાશરૂપ અક્ષરધામને વિષે અનંતકોટી મુક્તે સહિત સદા મૂર્તિમાન છીએ અને અમારા તેજદ્વારે સર્વેના આત્મા છીએ. (**૭૧**ના પાંચમા પ્રશ્નમાં) નિરાકાર એવું જે અક્ષરબ્રહ્મ તેથી પર ને સદા સાકાર ૧ છીએ. (**કા૦ ૭** ના ૪/૫ ચોથા પ્રશ્નમાં) જેવા અમારા તેજરૂપ અક્ષરધામને વિષે સદાય દિવ્યરૂપે કરીને વિરાજમાન છીએ તેવા જ આ પ્રત્યક્ષ છીએ. (૮/૨ માં) આ અમે મનુષ્યરૂપે આંહીં પ્રત્યક્ષ વિચરીએ છીએ એ જ અમારું મૂળ સ્વરૂપ છે. (**લો૦ ૧** ના આઠમા પ્રશ્નમાં) ગોલોક, બ્રહ્મપુરાદિક ધામ તથા અનંતકોટી મુક્ત તે સર્વેના સ્વામી છીએ ને જીવોના કલ્યાણને અર્થે સર્વેને દૃષ્ટિગોચર થયા છીએ. ( **૭ના ૩**/૮ ત્રીજા પ્રશ્નમા ) પ્રકૃતિપુરુષ, અક્ષર તેથી પર ને સર્વેના કારણ ને સર્વેના આધાર એવા જે અમે તે સદા સાકાર મૂર્તિ છીએ, (**૧૪**/૨ માં) સર્વેથી પર અમારા તેજના સમૂહને વિષે દિવ્યમૂર્તિ થકા અનંતકોટી મુક્તે સહિત સદાય વિરાજમાન છીએ. (**૧૮**/૨ માં) અમે સચ્ચિદાનંદ તેજોમય મૂર્તિ છીએ અને સર્વેના નિયંતા

ને અંતર્યામી છીએ. (**પં૦ ૧**/૧ માં) અક્ષરબ્રહ્મ જે અમારા અંગનો પ્રકાશ તેમાં અમે સદા સાકાર છીએ. (**૭**/૧ માં) અમારું સ્વરૂપ અમારા તેજરૂપ ધામમાં તેજોમય છે તેવું જ મનુષ્યાકાર પૃથ્વી ઉપર છે તથા બીજી બાબતમાં આત્યંતિક પ્રલયને અંતે અમે અક્ષરધામમાં સદા સાકાર ને દિવ્ય તેજોમય છીએ તેવા ને તેવા જ પૃથ્વી ઉપર છીએ. (**મ૦ ૩**/૨ માં) બ્રહ્મ, સર્વના કારણ, આધાર ને અંતર્યામી શક્તિએ કરીને વ્યાપક છે ને અમે એ બ્રહ્મના પણ કારણ ને આધાર છીએ. (**૧૦** ના પહેલા પ્રશ્નમાં) અમે સદા સાકાર મૂર્તિમાન છીએ. ને બ્રહ્મરૂપ જે અમારી શક્તિ તેણે કરીને સર્વેને વિષે વ્યાપક છીએ અને એ સર્વેથી જુદા મૂર્તિમાન છીએ અને એ બ્રહ્મ તે અમારી કિરણ છે. (**૧૩**/૩ માં) અમારા તેજ રૂપ અક્ષરધામમાં અમે સદા મૂર્તિમાન છીએ એ જ આ પ્રત્યક્ષ પ્રમાણ વિચરીએ છીએ. (**૩૯**/૧ માં) અક્ષરધામમાં અમે સદા સાકાર છીએ. (**વ૦ ૨**/૧ માં) અમે સદા મૂર્તિમાન ને સર્વના કર્તા છીએ ને અમને જે અકર્તા તથા નિરાકાર કહે તે અમારો દ્રોહી છે. (**૧૩** ના બીજા પ્રશ્નમાં) અમે મૂર્તિમાન થકા સર્વેમાં વ્યાપક છીએ. (**છે૦ ૭**ના ૧/૨ પહેલા પ્રશ્નમાં ) અમે અમારા તેજરૂપ બ્રહ્મપુર ધામને વિષે સદાય સાકાર મૂર્તિ થકા અમારા મુક્તે સહિત વિરાજમાન છીએ (**૩૧** માં) બ્રહ્મરૂપ તેજોમય અમારા ધામમાં છીએ તે આ પ્રત્યક્ષ મનુષ્યાકાર છીએ. (**૩૫ ના ૫**/૬ પાંચમા પ્રશ્નમાં) અમારા તેજરૂપ અક્ષરધામને વિષે સદા સાકાર છીએ તે જ આ પ્રત્યક્ષ છીએ ને સર્વેના કર્તા છીએ, (**૩૭**માં) પ્રકૃતિમાંથી થયેલા જે આકાર તે સર્વેથી શ્રેષ્ઠ એવો અમારો સદા દિવ્યાકાર છે. (**૩૮**ના પહેલા પ્રશ્નમાં) અમે અમારા ધામમાં સદા દ્વિભુજ મનુષ્યાકાર છીએ તેવા ને તેવા જ પૃથ્વી ઉપર છીએ એમ શ્રીજીમહારાજે કહ્યું છે માટે શ્રીજીમહારાજ તથા તેમના મુક્ત તે સદા સાકાર, દિવ્ય તેજોમય છે તેવા ને તેવા જ પૃથ્વી ઉપર મનુષ્યરૂપે દેખાય છે, ત્યાં 'હરિવાકય-સુધાસિંધુ'માં તરંગ (૯ નવમામાં) શ્લોક :-

**ગોલોકાધિપતિર્યો હિ સ એવાસ્ત્યઽત્ર નેતરઃ । સ્વતંત્રઃ સ્વેચ્છયૈવાઽસૌ નરાકારેણ દૃશ્યતે ॥૧૦॥**

**વેષાંતરં ધૃતવતો નટસ્યેવાસ્ય સર્વથા । સ્વરૂપભેદો નાસ્ત્યેવ જ્ઞેયમિત્થં મનીષિભિઃ ॥૧૧॥**

**અર્થ :-** ગોલોકાદિક ધામના પતિ છે તે જ ભગવાન આ સ્થળને વિષે સ્વતંત્રપણે પોતાની ઈચ્છાએ મનુષ્યાકારે આ પ્રત્યક્ષ દેખાય છે, તે તો વેશાંતરને ધરતો એવો જે નટ તેમાં જેમ ભેદ નથી તેમ જ ધામમાં રહેલું જે સ્વરૂપ અને આમાં (પ્રત્યક્ષ જણાતા જે અમે તે અમારામાં) ભેદ નથી એમ બુદ્ધિવાળા પુરુષોએ જાણવું. **॥૧૦-૧૧॥**

**એતઃ પ્રત્યક્ષમાસાદ્ય કૃષ્ણં તદિતરત્ ક્વચિત્ । વાંચ્છનીયં ન વૈ વસ્તુ કાર્યા નિષ્ઠાદ્રઢાઽત્ર ચ ॥૧૨॥**

**અર્થ :-** એ જ હેતુ માટે આ પ્રત્યક્ષ કૃષ્ણને ( જે અમે તે અમને) પામીને તે કૃષ્ણ વિના (અમારા વિના) બીજું કાંઈ ઈચ્છવું નહિ; અમારે વિષે જ દૃઢ નિષ્ઠા કરવી. **॥૧૨॥** તરંગ **(૩૭)**માં

**સાક્ષાત્ કૃષ્ણસ્ય તત્સેવા-નિરતા યેઽત્ર પુરુષાઃ । ભવંતિ યાદૃશાઃ સર્વે લય આત્યંતિકેઽપિ તે ॥૧૬॥**

**તાદૃશા એવ સાકારા વર્ત્તન્તે ન ત્વલિંગિનઃ । એવં યો વેદ વૈ સમ્યક્ સ ભક્તો નિર્ભયઃ સદા ॥૧૭॥**

**અર્થ :-** આ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણની સેવાને વિષે પ્રીતિવાળા ભક્તો આંહીં જેમ સાકાર મૂર્તિમાન છે, તેવા જ આત્યંતિક પ્રલયને અંતે અક્ષરધામને વિષે સદા દિવ્ય સાકાર રહે છે, પણ નિરાકાર નથી એમ જે ભક્ત સર્વ પ્રકારે જાણે છે, તે ભક્ત સદાય નિર્ભય છે, અર્થાત્ તેને કલ્યાણમાં અધૂરાપણું રહેતું નથી. **॥૧૬-૧૭॥** તરંગ **(૪૫)**માં

**તમુવાચ હરિઃ સાધો ભગવાન્ સાકૃતિઃ સદા । ભૂરિ તેજો દિવ્યમૂર્તિ-રસ્તીત્યેવ મતં હિ સત્ ॥૬॥**

**સચ્ચિદાનંદરૂપં યત્ પૂર્ણં બ્રહ્માસ્તિ સર્વતઃ । તેજસ્ તસ્યૈવ તજ્જ્ઞેયં નિરાકાર-મનાવૃતમ્ ॥૭॥**

**યથા ચાર્કોઽસ્તિ સાકાર આતપોઽસ્ત નિરાકૃતિઃ । તથા કૃષ્ણોઽસ્તિ સાકારસ્તેજો બ્રહ્મ નિરાકૃતિઃ ॥૧૭॥**

**અર્થ :-** શ્રી ગોપાળાનંદ સ્વામીને શ્રીજીમહારાજ કહેતા હવા જે ભગવાન દિવ્યમૂર્તિ અતિ તેજોમય ને સદા સાકાર છે તે મત નિશ્ચય સત્ય છે, **॥૬॥** અને સત્, ચિત્ ને આનંદરૂપ, સર્વત્ર પૂર્ણ, નિરાકાર ને આવરણે રહિત એવું જે બ્રહ્મ તે ભગવાનનું તેજ છે **॥૭॥** જેમ સૂર્ય સાકાર છે ને તેનો પ્રકાશ નિરાકાર છે તેવી રીતે કૃષ્ણ સાકાર છે ને તેજ જે બ્રહ્મ તે નિરાકાર

છે ॥૧૭॥ તરંગ **(૬૩) स कृष्णो महसा स्वेनाऽन्वितोऽस्ति पुरुषादिषु ॥॥૫૨॥** જેના સેવકના એક એક રોમને વિષે કોટાનકોટી તે જ આ પ્રત્યક્ષ છીએ. (૩૦માં) ચૈતન્ય તેજના રાશિને મધ્યે મૂર્તિમાન સદા વિરાજમાન છીએ. સૂર્યનો પ્રકાશ છે તો તે ભગવાનના અંગનું તેજ તો કોનાથી વર્ણન કરી શકાય ? તે કૃષ્ણ પોતાના તેજે કરીને પુરુષ, કાળ, બ્રહ્મ, અક્ષર એ આદિકને વિષે અન્વયપણે કરીને રહ્યા છે.॥૫૨॥ તરંગ **(૬૬)** માં

**मूर्तः सूर्यः स्वतेजोभि-र्जगद्-व्याप्यास्ति ।**
**यथा तथा सोपि मूर्तः कांत्या व्याप्याऽस्ति तत्पृथक् ॥११॥**
**निराधारं न तेजःस्यादिति सर्वत्र दिश्यते ।**
**तदंगकांतिस् तेजोऽतो यद् ब्रह्मे-त्युच्यतेऽक्षरम् ॥१४॥**
**दिव्य विग्रह एवाऽस्ति हरिस्तत् संगतस्ततः ।**
**दिव्यतां यांति बहवः प्राकृता अपि देहिनः ॥१७॥**
**अतो नराकृति-रपि कृष्णोऽस्त्येवाऽक्षरात्परः ।**
**अमायिकाकृति र्दिव्य रुप ईत्यऽस्ति सन्तम् ॥२२॥**

**અર્થઃ-** મૂર્તિમાન સૂર્ય પોતાના પ્રકાશે કરીને જગતમાં વ્યાપીને જેમ રહેલ છે ને તેથી મૂર્તિમાન જુદા છે તેમ પોતાના ધામને વિષે મૂર્તિમાન રહ્યા થકા કાન્તિએ કરીને સર્વત્ર વ્યાપક છે તો પણ તેથી વ્યતિરેક કહેતાં મૂર્તિમાન જુદા છે, (એમ તમે અમને જાણો.) **॥૧૧॥** અને તેજ જે તે નિરાધાર નથી રહેતું એ પ્રકારે સર્વ સ્થળને વિષે દેખાય છે એ જ હેતુ માટે ભગવાનના અંગની કાન્તિ (અમારી મૂર્તિનો પ્રકાશ) જે તેજ તે અક્ષરબ્રહ્મ નામે કહ્યું છે. **॥૧૨॥** હરિ દિવ્ય સ્વરૂપ છે એમ ભગવાનના સંતના સમાગમથી જાણીને ઘણા પ્રાકૃત મનુષ્યો તે પણ દિવ્યભાવને પામી જાય છે. અર્થાત્ ભગવાનને ધ્યાને કરીને સાકાર મૂર્તિમાન થાય છે. **(૧૭)** એ જ હેતુ માટે મનુષ્ય જેવા જણાતા છતાં પણ કૃષ્ણ (આ પ્રત્યક્ષ ભગવાન) અક્ષર થકી પર છે અને માયિક આકૃતિએ રહિત અને દિવ્ય મૂર્તિમાન છે; એ પ્રકારનો સત્પુરુષનો મત છે. **॥૨૨॥** તરંગ **(૭૧)** માં

**साकारमेव कृष्णाख्यं ब्रह्माऽस्त्यभिमतं हिनः । नराकृतेस् तस्य लब्ध्या परं निःश्रेयसं भवेत् ॥१७॥**
**नृत्य-दिव्यत्व-यो-र्भेदस्तेषां नास्त्येव सर्वथा । यत्तानेव समाधिस्था दिव्यरुपान् वियक्षते ॥३०॥**

કૃષ્ણ છે નામ જેનું એવું જે બ્રહ્મ તે સાકાર જ છે એ પ્રકારે અમારો મત છે, ને મનુષ્યાકૃતિ એવા ભગવાન તેને પામીને પરમ કલ્યાણ થાય છે. **॥૧૭॥** અને ભગવાન ને મુક્તના મનુષ્યભાવ ને દિવ્યભાવમાં સર્વ પ્રકારે ભેદ નથી, કેમ જે સમાધિવાળા ભક્તો આ મનુષ્યરૂપે વિચરતા એવા ભગવાન તથા મુક્તોને દિવ્યરૂપે દેખે છે. **॥૩૦॥** તરંગ **(૧૦૩)** માંઃ-

**आत्यंतिको लयोयर्हि जायते तर्हि लीयते । सह स्वकार्यैः प्रकृतिः पुरुषे सोपि चाक्षरे ॥२८॥**
**तदैकं सच्चिदानंद रुपं तेजः प्रकाशते । ब्रह्माख्ये तत्र भगवान् राजते पुरुषोत्तमः ॥२९॥**
**दिव्यमूर्तिः कृष्णसंज्ञो दिव्यवासो-विभूषणः । सेव्यमानो महामुक्तै-र्ब्रह्मभूतैः सहस्त्रशः ॥३०॥**
**.......... भूत्वा नराकृति-र्भूमौ-चरत्यद्भुत-चेष्टितः ॥३२॥**

આત્યંતિક પ્રલય જ્યારે થાય છે, ત્યારે પ્રકૃતિ પોતાના કાર્યે સહિત પુરુષને વિષે લીન થાય છે, અને તે પુરુષ અક્ષરને વિષે લય પામે છે. **॥૨૮॥** તે સમયમાં સત્, ચિત્ ને આનંદરૂપ બ્રહ્મને વિષે પુરુષોત્તમ ભગવાન રહે છે. **॥૨૯॥** બ્રહ્મરૂપ અનંત મહામુક્ત તેમણે સેવનને કર્યા ને દિવ્ય વસ્ત્ર-આભૂષણને ધારણ કરી રહ્યા એવા દિવ્ય મૂર્તિમાન ભગવાન જે તે કૃપાએ કરીને મનુષ્યના જેવી આકૃતિ ધારણ કરીને આશ્ચર્યકારી ચરિત્રને કરતા છતાં આ પૃથ્વી ઉપર વિચરે છે. **॥૩૦-૩૨॥** તરંગ (૧૨૧) માંઃ-

**તેજોવિગ્રહતા સામ્યાચ્ ચંદ્રતારાશ્ચ યદ્યપિ । તુલ્યા ઇવ સમીક્ષ્યંતે તથાઽપ્યસ્ત્યેવ તદ્‌ભિદા ॥૨૭॥**

**અર્થ :-** તેજોમય દેહે કરીને સરખાપણું એ હેતુ માટે તારા અને ચંદ્રમા જો પણ તુલ્ય હોય ને શું ? એમ દેખાય છે તો પણ તેમાં અતિ ભેદ છે તેમ જ અમારે વિષે ને મુક્તને વિષે ભેદ છે. **॥૨૭॥** તરંગ **(૧૨૨)** માં :-

**સદા મંગલરૂપો હિ શ્રીકૃષ્ણોભગવાન સ્વયમ્ । અવતારાઽવતારિત્વ ભેદો નૈવાત્ર વિદ્યતે ॥૨૪॥**

**દિવ્યસિંહાસનારુઢોઽનંતમુક્તગણૈ-ર્વૃત્ત: । અતિ તેજસ્વી દિવ્યાંગો દિવ્યવાસો વિભૂષણ: ॥૨૫॥**

**અર્થ :-** દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન ને દિવ્ય છે અંગ જેમનાં અતિ તેજસ્વી અને દિવ્યવસ્ત્રાભૂષણે યુક્ત ને અનંત મુક્તના જે સમૂહ તેણે વીંટાયેલા ને સદા મંગળમૂર્તિ એવા પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાન છે (અમે છીએ) આમાં અવતાર-અવતારી એવો ભેદ નથી. **॥૨૪-૨૫॥** તરંગ **(૧૨૬)** માં :-

**સચ્ચિદાનંદરૂપોઽતિ લાવણ્યો દિવ્ય-વિગ્રહ: । અપ્રાકૃતેંદ્રિયો દિવ્ય વાસોઽલંકાર મંડિત: ॥૨૩॥**

**............. સોઽસૌ કૃષ્ણ: સદૈવાસ્તે દ્વિભૂજોઽતિ મનોહર: ॥૨૮॥**

**અર્થ:-** અક્ષરધામને વિષે સત્, ચિત્ ને આનંદરૂપ એવા અને અતિ સુંદર દિવ્ય છે દેહ જેમનો, અને અપ્રાકૃત છે ઇંદ્રિયો જેમની, કહેતાં દિવ્ય સાકારમૂર્તિ અને દિવ્ય એવા વસ્ત્રાલંકારે યુક્ત. ॥૨૩॥ તે જ આ પ્રત્યક્ષ પ્રમાણ કૃષ્ણ સદાય અતિ મનોહર દ્વિભુજ એવા સતા રહેલા છે. **॥૨૮॥** તરંગ **(૧૨૭)** માં :-

**સચ્ચિદાનંદરૂપં યદ્ બ્રહ્મનિર્ગુણમક્ષરમ્ । અંગપ્રકાશસ્ તત્ત્વઽસ્ય ધામ ચેત્યુક્તમસ્તિ હિ ॥૧૧॥**

**અર્થ :-** સત્, ચિત્, આનંદ છે રૂપ જેનું એવું અને નિર્ગુણ એવું જે અક્ષરબ્રહ્મ તે તો આ પ્રત્યક્ષ પ્રમાણ શ્રી સ્વામિનારાયણ ભગવાન જે અમે તે અમારા અંગનો પ્રકાશ છે, અને તેને ધામ એવે નામે પણ કહેલું છે. **॥૧૧॥** તરંગ **(૧૩૩)** માં :-

**તથૈવન્નાઽકૃતિરપિ દિવ્યમૂર્તિ: સ્વયં પ્રભુ: । અસ્તીતિ તત્ત્વતો જ્ઞેય: પ્રત્યક્ષ: પુરુષોત્તમ: ॥૧૧॥**

**અત: સાક્ષાદ્ધરેરૂપં રૂપંયચ્ચાઽક્ષરસ્થિતમ્ । તયો-ર્યે ન વિદુ-ર્ભેદં જ્ઞાની ભક્તાસ્ત ઉત્તમા: ॥૪૭॥**

**અર્થ :-** જે પ્રકારે અક્ષરધામને વિષે દિવ્ય મૂર્તિમાન છે, તે જ પ્રકારે મનુષ્યાકૃતિ આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન દિવ્ય મૂર્તિમાન છે એમ યથાર્થપણે કરીને જાણવા. **॥૧૧॥** એ જ હેતુ માટે આ પ્રત્યક્ષ પ્રમાણ એવા હરિ જે અમે તે અમારા રૂપમાં ને અક્ષરધામમાં રહ્યું છે જે રૂપ તે બેમાં જે ભેદ ન જાણે તે જ્ઞાની ને ઉત્તમ ભક્ત છે. **॥૪૭॥** તરંગ **(૧૪૬)** માં :-

**યસ્મિંસ્તેજસિ તદ્રૂપં ભવત્યેકરસે સિતે । આત્મબ્રહ્માઽક્ષરાધાભિ-સ્તદાખ્યાભિ: પ્રકીર્ત્યતે ॥૩૦॥**

**રૂયસ્તત્ર ભગવાન્ સાક્ષાત્ સ પરબ્રહ્મ-સંજ્ઞક: । આત્મતત્ત્વાઽભિધશ્ચાસૌ પુરુષોત્તમ ઉચ્યતે ॥૩૧॥**

**અર્થ :-** એકરસ શ્વેત તેજ તેને વિષે ભગવાનનું સ્વરૂપ રહ્યું છે, તે તેજને આત્મા, બ્રહ્મ ને અક્ષર એ નામે કહેલું છે, અને તે તેજને વિષે પરબ્રહ્મ સાક્ષાત્ પુરુષોત્તમ એવા જે આ ભગવાન તે જે તે આત્મતત્ત્વ એવે નામે તથા પરબ્રહ્મ ને પુરુષોત્તમ એવે નામે કહ્યા છે. **॥૩૦-૩૧॥** તરંગ **(૧૮૩)** માં :-

**તાદાત્મ્યં તેન સંપ્રાપ્ય નિષેવે કૃષ્ણમેવ હિ । તેજોમયેઽક્ષરે તસ્મિન્ ધામ્નિ દિવ્યતનુપ્રભુમ્ ॥૫॥**

**અર્થ :-** તે બ્રહ્મના સંગાથે તદાત્મકભાવને પામીને, તેજોમય એવું તે અક્ષરધામ તેને વિષે દિવ્ય મૂર્તિમાન ભગવાન જે કૃષ્ણ તેમનું સેવન કરું છું એમ પોતાને મિષે ભક્તજનને શીખવવાને વાસ્તે શ્રીજીમહારાજે ધ્યાનની રીત બતાવી છે. **॥૫॥** તરંગ **(૧૯૭)** માં :-

**બ્રહ્મધામ્નિ હરિ: સાક્ષાત્ મહારાજાઽધિરાજ્વત્ । વર્ત્તતે પૂજ્યમાનાંઘ્રિ-ર્નૈક-બ્રહ્માંડ-નાયકૈ: ॥૧૪॥**

**તત્રસ્થ એવ વ્યાપ્નોતિ બ્રહ્માંડાનિ સ્વશક્તિભિ: । ગગનસ્થો યથા ભાસ્વાન્ દેશાન્સર્વાન્મરીચિભિ: ॥૧૬॥**

**અર્થ :-** બ્રહ્મધામને વિષે અનંત બ્રહ્માંડનાં અધિપતિઓએ પૂજ્યાં છે ચરણકમળ જેમનાં એવા આ સાક્ષાત્ શ્રીહરિ તે

મહારાજાધિરાજપણે વર્તે છે. ॥૧૪॥ જેમ આકાશમાં રહેલો સૂર્ય પોતાનાં કિરણો વડે સર્વ દેશોમાં વ્યાપે છે એમ અક્ષરધામમાં રહ્યા થકા આ ભગવાન પોતાની શક્તિ વડે બ્રહ્માડોમાં વ્યાપીને રહે છે. ॥૧૬॥ તરંગ **(૨૧૩)**માં :-

**બ્રહ્મ તત્ કૃષ્ણ એવોક્ત એકદેશગતોऽપિ સઃ । સર્વત્ર વ્યાપકોऽસ્ત્યેવ સ્વશક્ત્યા તેજસાત્ऽર્કવત્ ॥૧૯॥**

**અર્થ :-** બ્રહ્મ તે આ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ જ છે તે એક દેશને વિષે રહ્યા છે, તો પણ પોતાની શક્તિરૂપ જે તેજ તેણે કરીને સર્વત્ર વ્યાપક છે. જેમ સૂર્ય પોતાની શક્તિ જે તેજ તેણે કરીને સર્વત્ર વ્યાપક છે તેમ. ॥૧૯॥ તરંગ **(૨૪૧)**માં :-

**યો બ્રહ્મધામ્નિ ભગવાન્ સદાऽસ્તે દિવ્યવિગ્રહઃ । સ એવ સાક્ષાત્ કૃષ્ણોऽસ્તિ નરાકારો ધરાતલે ॥૯॥**

**અર્થ :-** બ્રહ્મધામ જે પોતાના તેજરૂપ અક્ષરધામ તેને વિષે જે ભગવાન સદાય દિવ્ય મૂર્તિમાન વિરાજમાન છે તે જ ભગવાન સાક્ષાત્ કૃષ્ણ ( આ શ્રીજીમહારાજ) પૃથ્વી ઉપર વિરાજમાન છે. ॥૯॥ તરંગ **(૨૬૬)**માં :-

**સદા કૃષ્ણોऽસ્તિ સાકારોબૃહદ્ધામ્ન્યતિ તેજસિ । યોંऽતર્યામી ચ સર્વેષાં સર્વકારણ-કારણમ્ ॥૧૪॥**

**અનેકકોટિ બ્રહ્માંડ-મહારાજશ્ચ નિર્ગુણઃ । દિવ્યાનંદમયાऽકારઃ પ્રત્યક્ષોऽસ્તિ સ વૈ હરિઃ ॥૧૫॥**

**અર્થ :-** અતિ તેજોમય એવું પોતાનું તેજરૂપ જે બ્રહ્મધામ તેમાં સદાય સાકાર કૃષ્ણ ભગવાન રહેલા છે તે જ સર્વના કારણ જે અક્ષર તેના કારણ ને અંતર્યામી ને અનંતકોટી બ્રહ્માંડના રાજા અને નિર્ગુણ કહેતાં માયાના ગુણે રહિત દિવ્ય આનંદમય છે આકાર જેમનો એવા જે ભગવાન છે તે જ આ પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે એમ નિશ્ચે તમે જાણો. **॥૧૪-૧૫॥** તરંગ **(૨૬૯)**માં :-

**વિરાજતેऽક્ષરે ધામ્નિ સ હિ રાજાધિરાજવત્ । સ એવ ચ નરાકારો ભુવિ સાક્ષાત્સમીક્ષ્યતે ॥૪૮॥**

**અર્થઃ-** અક્ષરધામને વિષે રાજાધિરાજપણે વિરાજે છે તે જ આ પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ મનુષ્યાકારે દેખાય છે. ॥૪૮॥ તરંગ **(૭૧)**માં :-

**તેજઃપુંજેऽક્ષરે ધામ્નિ નિત્યં કૃષ્ણો વિરાજતે । તદ્‌ભક્તાશ્ચ તદાકારાઃ સેવંતે સ્વામિનં હિ તમ્ ॥૧૨॥**

**અર્થઃ-** તેજોમય એવું જે અક્ષરધામ તેમાં ભગવાન વિરાજે છે અને તે ધામમાં ભગવાનના ભક્ત પણ ભગવાનના જેવા છે આકાર જેમના એવા સતા તે સ્વામિનારાયણ ભગવાન તેમનું સેવન કરે છે. ॥૧૨॥ તરંગ **(૨૭૨)**માં :-

**દિવ્યદેહસ્ય સંપ્રાપ્તિસ્તસ્ય કૃષ્ણેચ્છયા તતઃ । જાયતે તેન સ હરિં સેવતેऽતેऽક્ષરધામનિ ॥૭॥**

**આકારસ્તત્ર કૃષ્ણસ્ય મનુષ્યસ્યેવ વર્ત્તતે । ચિદાનંદમયો ગોપ-વેષો દિવ્યોऽતિભાસુરઃ ॥૮॥**

**અર્થ :-** પ્રત્યક્ષ ભગવાનની ઉપાસનાને કરતો એવો જે ભક્ત તેને ભગવાનની ઇચ્છાએ કરી એ દિવ્ય દેહની પ્રાપ્તિ થાય છે, અને તે દિવ્ય દેહે કરીને અક્ષરધામને વિષે હરિ (પોતાના ભક્તના દુઃખને હરનારા શ્રી સ્વામિનારાયણ)નું સેવન કરે છે, અને તે ધામને વિષે ભગવાનનો (અમારો) આકાર મનુષ્યના જેવો છે, અને ચૈતન્યઘન ને આનંદમય અને દિવ્ય અતિ પ્રકાશમાન છે. ॥૭-૮॥ આવી રીતે શ્રીજીમહારાજ સદા દિવ્ય સાકાર મૂર્તિ છે અને દિવ્ય મૂર્તિમાન અનંત મુક્તોએ સહિત પોતાના તેજરૂપ અક્ષરધામને વિષે વિરાજમાન છે ને પોતાના મુક્તને સુખ આપે છે, એવા ને એવા જ પોતે તથા મુક્તો તે જીવોના કલ્યાણને અર્થે મર્ત્યલોકને વિષે મનુષ્ય જેવા દેખાય છે, અને પોતાના તેજરૂપે સર્વેના આધાર, કર્મફળપ્રદાતા ને અંતર્યામી છે.

અને મૂર્તિમાન પણ વ્યાપક છે તેની રીત કહીએ છીએ : તરંગ **(૧૯૭)**માં :-

**એકોऽપ્યનેકરૂપેણ પ્રયોજનવશાચ્ચ સઃ । જાયતેંऽડેષ્વિચ્છયૈવ સ્વતંત્રઃ સિદ્ધયોગિવત્ ॥૧૭॥**

**અર્થ :-** એક એવા પણ ભગવાન તે ધર્મસ્થાનરૂપ પ્રયોજનના વશપણા થકી અનેકરૂપે બ્રહ્માંડોને વિષે પોતાની ઇચ્છાએ સ્વતંત્રપણે પ્રગટ થાય છે જેમ સિદ્ધયોગી અનેકરૂપે થાય છે તેમ. ॥૧૭॥ તરંગ **(૨૧૩)**માં :-

**યદા યદા યત્ર યત્ર દાતુમિચ્છેત્ સ્વદર્શનમ્ । તદા તદા તત્ર તત્ર સ્વેચ્છયાઽઽવિર્ભવત્યસૌ ॥૨૨॥**

**એકોપ્યનેક રૂપોઽસૌ સ્વ-સામર્થ્યેન જાયતે । એવં વ્યાપકતા તસ્ય જ્ઞાતવ્યા ન ત્વરૂપતઃ ॥૨૩॥**

**અર્થ :-** જ્યારે જ્યારે જે જે સ્થળને વિષે દર્શન દેવાને ઇચ્છે ત્યારે ત્યારે તે તે સ્થળમાં પોતાની ઇચ્છાએ આ ભગવાન પ્રગટ થાય છે. **॥૨૨॥** અને એક એવા પણ આ ભગવાન તે અનેકરૂપે પોતાના સામર્થ્યે કરીને પ્રગટ થાય છે, એ પ્રકારે ભગવાનનું વ્યાપકપણું જાણવું પણ અરૂપપણે કરીને વ્યાપકપણું ન જાણવું. **॥૨૩॥** તરંગ **(૧૦૦)**માં :-

**શુદ્ધદર્પણવત્ તસ્મિન્ સકલાકૃતયોઽમલે । વ્યાપ્યસ્થિતા યથા તદ્વત્ સોઽપિ જીવેઽતિનિર્મલે ॥૧૨॥**

**અર્થ :-** શુદ્ધ દર્પણમાં જેમ આકૃતિઓ દેખાય છે, તેમ નિર્મળ એવા ચિત્તમાં આકૃતિઓ વ્યાપીને રહી છે, તેની પેઠે અતિ નિર્મળ કહેતાં ગુણ-સંબંધે રહિત એવા જીવને વિષે ભગવાન(શ્રી સ્વામિનારાયણ) મૂર્તિમાન રહ્યા છે. **॥૧૨॥** તરંગ **(૧૧૨)**માં :-

**એકોઽપ્યનેક-રૂપોઽસ્તિ કૃષ્ણ એવં નિજેચ્છયા । નરાકૃતિ પરં બ્રહ્મ તત સદૈવાક્ષરે સ્થિરમ્ ॥૮॥**

**અર્થઃ-** એ જ પ્રકારે કહેતાં જેમ બ્રહ્માંડમાં સૂર્ય દેખાય તથા મધ્યે રહેલ પુરુષ કાચની કોટડીઓમાં સર્વત્ર દેખાય છે, તેમ એક એવા મનુષ્યાકાર પરબ્રહ્મ કૃષ્ણ (મનુષ્યરૂપ જણાતા ને અક્ષરબ્રહ્મના કારણ ને પોતાના ભક્તોને પોતાની મૂર્તિમાં આકર્ષણ કરનારા શ્રી સ્વામિનારાયણ) તે પોતાની ઇચ્છાએ કરીને અનેકરૂપે થાય છે તે સદાય અક્ષરધામને વિષે એક સ્થળમાં રહ્યા છે. **॥૮॥** આવી રીતે જીવના કલ્યાણને અર્થે શ્રીજીમહારાજ અક્ષરધામમાં રહ્યા થકા અનંતરૂપે મૂર્તિમાન વ્યાપક છે તે (**મ૦ ૬૪** ના બીજા પ્રશ્નમાં) ધામમાં રહ્યા થકા અનંતકોટી બ્રહ્માંડમાં જેને જેમ દર્શન દેવું ઘટે ત્યાં તેને તેમ દર્શન આપીએ છીએ. (**વ૦ ૧૩** ના બીજા પ્રશ્નમાં) અમે અક્ષરધામમાં રહ્યા થકા જ અનંતકોટી બ્રહ્માંડમાં અનંતરૂપે દર્શન આપીએ છીએ પણ અરૂપથકા વ્યાપક નથી, માટે જીવોના મોક્ષને અર્થે શ્રીજીમહારાજ મૂર્તિમાન વ્યાપક છે અને પોતાના એકાંતિક ભક્તને વિષે પણ સાક્ષાત્ મૂર્તિમાન રહ્યા છે તે (**પ્ર૦ ૨૭**/૧ માં) જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક અનંત શુભ ગુણે યુક્ત ભક્ત હોય તેના હૃદયમાં અમે નિવાસ કરીએ છીએ. (**છે૦ ૨૭** ના ચોથા પ્રશ્નમાં) નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઇત્યાદિક સંતનાં લક્ષણે યુક્ત હોય તે સંતને ને અમારે સાક્ષાત્ સંબંધ છે, (**લો૦ ૧૫** ના ચોથા પ્રશ્નમાં) તમારા ચિત્તની વૃત્તિનો મારે વિષે નિરોધ થાય તેને અર્થે નથી દેખાતો પણ રહ્યો તો મૂર્તિમાન છું, (**વ૦ ૪** ના બીજા પ્રશ્નમાં) એકાંતિક ભક્ત, અંતરને વિષે રહી જે સાક્ષીરૂપ મૂર્તિ ને બહારની મૂર્તિ તેને એક કરે. (**છે૦ ૪** ના બીજા પ્રશ્નમાં ) જીવને વિષે પરમેશ્વર સાક્ષીરૂપે રહ્યા છે એમ કહ્યું છે, માટે એકાંતિકને વિષે શ્રીજીમહારાજ મૂર્તિમાન રહ્યા છે, અને (**પ્ર૦ ૭૮**ના સોળમા પ્રશ્નમાં) ભગવાન જેવા પ્રત્યક્ષ પ્રમાણ છે તેવા ને તેવા જ અણુ અણુ પ્રત્યે અંતર્યામીરૂપે વિરાજમાન છે અને જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થઈને મને દર્શન આપે છે એમ એકાંતિક ભક્ત સમજે છે, માટે એકાંતિકને વિષે સાક્ષાત્-મૂર્તિમાન રહ્યા છે અને જે સિદ્ધદશાવાળા છે તે તો અણુ અણુ પ્રત્યે જ્યાં દૃષ્ટિ જાય ત્યાં સાક્ષાત્કાર દેખે છે, પણ મૂર્તિ વિના બીજું અણુમાત્ર ભાસે નહિ, માટે સિદ્ધમુક્તોને તો સર્વત્ર સાક્ષાત્ મૂર્તિમાન છે. અને એકાંતિકને પોતાના આત્માને વિષે વ્યતિરેક મૂર્તિ વિરાજમાન છે, અને મૂળઅક્ષરાદિક સર્વે અવતારોને વિષે શક્તિદ્વારે એટલે તેજદ્વારે અન્વયપણે રહ્યા છે એ શ્રીજીમહારાજનો સિદ્ધાંત છે. **॥૪૫॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૪૬

❖સંવત ૧૮૭૬ના મહા સુદિ ૧૧ એકાદશીને દિવસ સાંજને સમે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની સમીપે ઓટા ઉપર દક્ષિણાદે મુખારવિંદે વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે ધોળી પાઘ બાંધી હતી ને પોતાના મુખારવિંદની આગળ મુનિની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમે ભટ્ટ માહેશ્વર નામે વેદાંતી બ્રાહ્મણ હતો તેણે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે,
૧ (૧) સમાધિને વિષે સર્વે લીન થાય છે, ત્યારે આકાશ કેવી રીતે લીન થાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, આકાશનું રૂપ અમે રૂડે પ્રકારે કરીએ તે તમે સર્વે સાવધાન થઈને સાંભળો જે, આકાશ તે અવકાશને કહીએ અને જે જે પદાર્થ રહે છે તે અવકાશમાં જ રહે છે; અને તે પદાર્થમાં પણ આકાશ વ્યાપીને રહે છે ને એવું કોઈ પદાર્થ નથી જે જેને વિષે આકાશ ન હોય, કેમ જે પૃથ્વીની એક રજ અતિ ઝીણી હોય તેને વિષે પણ આકાશ છે ને તે એક રજના કોટાનકોટી કટકા કરીએ તો પણ તેને વિષે આકાશ છે, માટે આકાશની દૃષ્ટિએ જ્યારે જોઈએ, ત્યારે પૃથ્વ્યાદિક ચાર ભૂત દેખાતાં નથી; એકલો આકાશ જ દેખાય છે તે આકાશ સર્વનો આધાર છે અને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ જે ત્રણ શરીર તે આકાશને વિષે છે અને આ બ્રહ્માંડ છે તે પણ આકાશને વિષે રહ્યું છે અને બ્રહ્માંડનું કારણ જે પ્રકૃતિ ને પુરુષ તે પણ આકાશને વિષે છે, એવો જે આકાશ તે પ્રકૃતિપુરુષ ને તેનું કાર્ય જે પિંડ-બ્રહ્માંડ એ સર્વની માંહી પણ રહ્યો છે ને સર્વેનો આધાર થઈને બહાર પણ રહ્યો છે, એવો જે એ આકાશ તે તો સુષુપ્તિને વિષે અથવા સમાધિને વિષે લીન થાતો નથી અને કોઈ કહેશે જે, આકાશાદિક પંચભૂત તો તમોગુણથી ઊપજ્યાં છે તે આકાશ પુરુષ ને પ્રકૃતિનો આધાર કેમ કહેવાય ? ને સર્વમાં વ્યાપક કેમ કહેવાય ? તો એનો ઉત્તર એ છે જે, પ્રકૃતિમાં જો અવકાશરૂપ આકાશ ન હોય, તો જેમ વૃક્ષમાંથી ફળ-પુષ્પાદિક બહાર નીસરે છે ને જેમ ગાયના પેટમાંથી વાછડું બહાર નીસરે છે તેમ પ્રકૃતિમાંથી મહત્તત્ત્વ નીસરે છે તે કેમ નીસરે ? માટે પ્રકૃતિને વિષે આકાશ રહ્યો છે અને મહત્તત્ત્વમાંથી અહંકાર નીસરે છે, માટે મહત્તત્ત્વમાં આકાશ રહ્યો છે અને અહંકારમાંથી ત્રણ ગુણ નીસરે છે, માટે અહંકારને વિષે આકાશ રહ્યો છે અને તમોગુણમાંથી આકાશાદિક પંચભૂત નીસરે છે માટે તમોગુણને વિષે પણ આકાશ રહ્યો છે ને તમોગુણમાંથી જે આકાશ નીસરે છે તે આકાશ તો તમોગુણનું કાર્ય છે ને વિકારવાન છે ને સર્વનો આધાર જે આકાશ છે તે નિર્વિકારી છે ને અનાદિ છે ને એવો સર્વાધાર જે આકાશ છે તે આકાશને બ્રહ્મ કહીએ; ચિદાકાશ કહીએ ને એ આકાશને વિષે પુરુષ ને પ્રકૃતિ તે સંકોચ અવસ્થા ને વિકાસ અવસ્થાને પામે છે, કેવી રીતે તો જ્યારે પુરુષ પ્રકૃતિ સામું જુએ છે ત્યારે જેમ સ્ત્રી-પુરુષ થકી સંતાનની ઉત્પત્તિ થાય છે, તેમ પુરુષ જે પતિ ને પ્રકૃતિરૂપ જે સ્ત્રી તે થકી મહત્તત્ત્વાદિક સંતાન ઉત્પન્ન થાય છે, એવી રીતે જે એ પ્રકૃતિ તે ચોવીશ તત્ત્વરૂપે ને પિંડબ્રહ્માંડરૂપે થાય છે એ પ્રકૃતિની વિકાસ અવસ્થા છે; અને જેટલાં પ્રકૃતિનાં કાર્ય છે તેને વિષે પુરુષ પોતાની શક્તિએ કરીને વ્યાપકપણે રહે છે તે પુરુષની વિકાસ અવસ્થા છે અને જ્યારે કાળે કરીને પ્રકૃતિનું કાર્ય સર્વ નાશ પામી જાય છે અને પ્રકૃતિ પણ પુરુષના અંગમાં લીન જેવી રહે છે એ પ્રકૃતિની સંકોચ અવસ્થા છે, અને પુરુષ પણ પ્રકૃતિનાં કાર્ય સર્વ નાશ પામ્યાં, ત્યારે પોતાને સ્વરૂપે રહ્યો એ પુરુષની સંકોચ અવસ્થા છે, જેમ કાચબો છે તે જ્યારે

વિકાસને પામે છે ત્યારે પોતાનાં અંગ સર્વે બહાર કાઢે છે અને જ્યારે સંકોચને પામે છે, ત્યારે સર્વે પોતાના અંગ તાણી લે છે ને રુંઢમુંઢ થઈ રહે છે, તેમ પુરુષપ્રકૃતિની સંકોચ-વિકાસ અવસ્થા છે. અને એ પ્રકૃતિ ને પ્રકૃતિના કાર્યને વિષે અન્વય-વ્યતિરેકપણું પુરુષનું જ છે, પણ સર્વનો આધાર એવો જે ચિદાકાશ તેનું નથી, કેમ જે, જે સર્વાધાર હોય તે કોણ થકી વ્યતિરેક હોય ? તે તો સદા સર્વમાં રહ્યો જ હોય. અને આ બ્રહ્માંડ છે તેને ચારે કોરે લોકાલોક પર્વત છે તે ગઢની પેઠે રહ્યો છે ને તે લોકાલોકની બહાર તે અલોક છે ને તે અલોકથી પર સપ્ત આવરણ છે ને તેથી પર એકલું અંધારું છે ને તે અંધારાથી પર પ્રકાશ છે તે પ્રકાશને ચિદાકાશ કહીએ, તેમ જ ઊંચું પણ બ્રહ્મલોક સુધી કહેવાય ને તેની ઉપર સપ્ત આવરણ છે ને તે આવરણની પાર અંધકાર છે ને અંધકારની પાર પ્રકાશ છે તે પ્રકાશને ચિદાકાશ કહીએ ને તેમજ હેઠે પણ સપ્ત પાતાળ સુધી કહેવાય ને તેથી હેઠાં સપ્ત આવરણ છે ને તેથી હેઠું અંધકાર છે ને તેથી હેઠો પ્રકાશ છે તે પ્રકાશને ચિદાકાશ કહીએ, એવી રીતે બ્રહ્માંડની ચારે પાસે ચિદાકાશ છે અને બ્રહ્માંડની માંહી પણ છે અને એવો જે સર્વાધાર આકાશ છે તેને આકારે જેની દૃષ્ટિ વર્તતી હોય તેને દહરવિદ્યા કહીએ, અને અક્ષિવિદ્યા આદિક ઘણીક પ્રકારની બ્રહ્મવિદ્યા કહી છે તે માંહેલી એ પણ એક બ્રહ્મવિદ્યા છે. અને એ ચિદાકાશ છે તે અતિ પ્રકાશવાન છે અને તે ચિદાકાશ અનાદિ છે ને તેની ઉત્પત્તિ-વિનાશ નથી અને જે આકાશની ઉત્પત્તિ ને વિનાશ કહ્યો છે તે આકાશ તો તમોગુણનું કાર્ય છે ને અંધકારરૂપ છે તેની લીનતા થાય છે પણ સર્વનો આધાર એવો જે ચિદાકાશ તેની તો લીનતા થાતી નથી. એવી રીતે તમારા પ્રશ્નનો ઉત્તર કર્યો, હવે તેમાં કોઈને શંકા રહી હોય તો પૂછો. પછી તે વેદાંતી બ્રાહ્મણ તથા સર્વે હરિજન બોલ્યા જે હવે કોઈને લેશમાત્ર સંશય નથી. **(૧)** ઇતિ વચનામૃતમ્ **॥૪૬॥ ૧**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે, તેમાં શ્રીજીમહારાજે પોતાના પ્રકાશરૂપ ચિદાકાશને સર્વનો આધાર ને નિર્વિકારી કહ્યો છે, ને એની લીનતા નથી એમ કહ્યું છે. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** અષ્ટાવરણ પાર તો મૂળપુરુષનો પ્રકાશ છે અને રહસ્યાર્થમાં મહારાજનો કેમ કહ્યો ?

૧ **ઉ૦** પુરુષની તો સંકોચ-વિકાસ અવસ્થા આમાં કહી છે, માટે તેના ભેળી તેના પ્રકાશની સંકોચ-વિકાસ અવસ્થા આવી ગઈ અને ચિદાકાશની તો સંકોચ-વિકાસ અવસ્થા ક્યાંય કહી નથી, ને શ્રીજીમહારાજથી ઓરા જે રહ્યા તે સર્વેનો આધાર કહ્યો છે, માટે સર્વાધાર તો શ્રીજીમહારાજનું તેજ છે તેને જ આ ઠેકાણે ચિદાકાશ કહ્યો છે અને મૂળપુરુષ તથા વાસુદેવબ્રહ્મ તથા મૂળઅક્ષર તે સર્વે એ ચિદાકાશને આધારે છે અને મૂળપુરુષાદિકના પ્રકાશને પણ પૂર્વ શાસ્ત્રોમાં ચિદાકાશ નામે કહ્યો છે.

૨ **પ્ર૦** બ્રહ્માંડની ચારેકોરે લોકાલોક પર્વત ગઢની પેઠે રહ્યો છે એમ કહ્યું અને તે લોકાલોકથી બહાર અલોક કહ્યો ને તે અલોકથી પર સપ્ત આવરણ કહ્યાં અને તે આવરણથી પર અંધારું કહ્યું અને તે અંધકારથી પર પ્રકાશ છે તેને ચિદાકાશ કહ્યો અને હેઠે ને ઉપર પણ તેવી જ રીતે છે એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦ આ પૃથ્વીમાં પાતાળથી લઈને રસાતળ, મહાતળ, તળાતળ, સુતળ, વિતળ, અતળ, ભૂર ભૂવર, સ્વર્ગ, મહર, જન, તપ, અને સત્યલોક સુધી ચૌદ લોક રહ્યા છે તે ચૌદે લોકમાં સુંસરો લોકાલોક પર્વત રહ્યો છે** તે પર્વતની બહાર અલોક છે તે ચૌદે લોકને બ્રહ્માંડ કહ્યું છે તે પૂર્વ-પશ્ચિમ અડતાળીશ કરોડ યોજનમાં છે અને ઉત્તર-દક્ષિણ પણ અડતાળીશ કરોડ યોજન છે તે અડતાળીશ કરોડ યોજન અવકાશ અને તે અવકાશમાં રહ્યા એવા જે ચૌદ લોક તેના ફરતું એક કરોડ યોજન જાડું પૃથ્વીનું

દળ છે તે દળે સહિત પચાસ કરોડ યોજન પૃથ્વી છે અને તેના ફરતું તળે-ઉપર, અડખે-પડખે સર્વ દિશામાં ફરતું પાંચ અબજ યોજન જળનું આવરણ છે, એવી જ રીતે તેજ, વાયુ, આકાશ, અહંકાર ને મહત્તત્ત્વ એમનાં એક એકથી દશ દશ ગણાં આવરણો છે. તેમાં મહત્તત્ત્વનું સાતમું આવરણ પાંચ જલદિ યોજનનું છે; અને તેથી પર પાંચ પાંચ અંત્ય યોજનનાં અનંત પ્રધાનપુરુષોનાં આવરણો છે; અને તેથી પર મૂળમાયાનો અંધકાર છે તે અંધકારમાં અનંત પ્રધાનપુરુષો રહ્યા છે તેમને માયાના અંધકારમાં ભેળા ગણ્યા છે, માટે મૂળમાયા સુધી આઠ આવરણ કહ્યાં છે અને તે માયાના અંધકારના ફરતો ચિદાકાશ જે શ્રીજીમહારાજની મૂર્તિનો પ્રકાશ છે, અને જેમ આકાશમાં સૂર્ય, ચંદ્ર, તારા રહ્યા છે, તેમ એ ચિદાકાશને મધ્યે સૂર્યને ઠેકાણે શ્રીજીમહારાજ ને તેમના મુક્તો રહ્યા છે, ને ચંદ્રને ઠેકાણે મૂળઅક્ષરો ને તેમના મુક્તો રહ્યા છે, અને તારાને ઠેકાણે વાસુદેવબ્રહ્મ ને તેમના મુક્તો રહ્યા છે તે સર્વે અચળ છે.

૩ **પ્ર૦** દહર તથા અક્ષિવિદ્યા કોને કહેવાય ?

૩ **ઉ૦** હૃદયમાં તેજના સમૂહને મધ્યે શ્રીજીમહારાજની મૂર્તિને ધારવી તે દહરવિદ્યા કહેવાય. અને એક નેત્રે અંતરમાં મૂર્તિ જુએ ને બીજા નેત્રને ઉઘાડું રાખીને મટકા રહિત કરીને બહાર મૂર્તિ જુએ, અને બેય નેત્રને ઊલટ-સૂલટ કરે એટલે જે નેત્રની વૃત્તિ અંતર સન્મુખ કરીને મૂર્તિ જોતો હોય તે નેત્રની વૃત્તિને બહાર લાવે ને બહાર મૂર્તિને જુએ; અને જે નેત્રને મટકાએ રહિત કરીને બહાર મૂર્તિ જોતો હોય તે નેત્રની વૃત્તિ અંતર સન્મુખ કરીને અંતરમાં મૂર્તિ જુએ તે અક્ષિવિદ્યા કહેવાય. ॥૪૬॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૪૭

❖ સંવત ૧૮૭૬ના મહા સુદિ ૧૨ દ્વાદશીને દિવસ સવારના પહોરમાં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષની હેઠે ઓટા મધ્યે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ જમણે હાથે ચપટી વગાડીને બોલ્યા જે, **(૧)** સર્વે સાવધાન થઈને સાંભળો એક વાત કરીએ છીએ ને તે વાત તો સ્થૂળ છે પણ સુધિ સૂરત દઈને સાંભળશો તો સમજાશે નહીં તો નહિ સમજાય. પછી સર્વે હરિભક્તે કહ્યું જે, હે મહારાજ ! કહો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પરમેશ્વરના ભક્ત હોય તેમાં કોઈકને ભક્તિનિષ્ઠા પ્રધાન હોય ને કોઈકને સ્વરૂપનિષ્ઠા પ્રધાન હોય ને કોઈકને આત્મનિષ્ઠા પ્રધાન હોય ને કોઈકને ત્યાગનિષ્ઠા પ્રધાન હોય ને ગૌણપણે તો એ સર્વે અંગ સર્વે હરિભક્તમાં હોય. હવે જેને ભક્તિનિષ્ઠા પ્રધાન હોય તેને તો ભગવાનને થાળ ધરવા અને ભગવાનના મંદિરમાં ગાર કરવી અને ભગવાનનાં કથા-કીર્તન કરવાં તથા સંતની સેવા-ચાકરી કરવી, એવી રીતની ભક્તિ કર્યા વિના રહેવાય નહિ તેને ભક્તિનિષ્ઠા જાણવી. અને જે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખતાં થકાં કથા-કીર્તન અથવા સેવા-ચાકરી થાય તેટલી કરે પણ પોતાને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવી તેમાં વિક્ષેપ થાય તે ખમી શકે નહિ, એવી રીતનો જેનો સ્વભાવ હોય તેને સ્વરૂપનિષ્ઠા જાણવી. અને જે આત્મારૂપે વર્તે તે આત્માના સ્વરૂપને જ મોઢે કરીને પ્રતિપાદન કરે અને જે ગ્રંથમાં આત્માનું પ્રતિપાદન હોય તે ગ્રંથ તેને સારા લાગે, એવી રીતનો જે ભક્ત હોય તેને આત્મનિષ્ઠા જાણવી. અને પંડે ત્યાગી રહેતો હોય ને ત્યાગની જ રીત ગમતી હોય

અને મોઢે પણ ત્યાગની જ વાત કરતો હોય અને શાસ્ત્ર પણ ત્યાગનાં જ સારાં લાગતાં હોય, એવી રીતનો જે હોય તેને ત્યાગનિષ્ઠા જાણવી, માટે એ વાર્તાને વિચારીને જેનું જેવું અંગ હોય તેવું તે કહોઃ અને આ વાર્તા છે તે તો દર્પણ તુલ્ય છે તે જેનું જેવું અંગ હોય તેવું તેને દેખાડી આપે છે અને ભગવાનના ભક્ત હોય તે તો અંગ વિનાના હોય નહિ પણ પોતાના અંગને ઓળખે નહિ એટલે પોતાના અંગની દૃઢતા થાય નહિ અને જ્યાં સુધી પોતાના અંગની દૃઢતા ન થઈ હોય ત્યાં સુધી જેવી વાત થાય તેવું તેનું અંગ વ્યભિચરી જાય, માટે આ વાર્તાને વિચારીને પોતપોતાના અંગની દૃઢતા કરો ને જેનું જેવું અંગ હોય તે તેમ બોલો. પછી હરિભક્તે સર્વે જેવું જેનું અંગ હતું તે તેવી રીતે બોલ્યા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેનું એકસરખું અંગ હોય તે ઊઠી ઊભા થાઓ. પછી જેનું જેનું એકસરખું અંગ હતું તે સર્વે ઊભા થયા. પછી શ્રીજીમહારાજે એ સર્વેને પાછા બેસાર્યા. **(૧)** ૧

૨ પછી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** એ ચારે અંગવાળાને પોતપોતાના અંગમાં કાંઈ ગુણ-દોષ છે કે નથી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ગુણ-દોષ છે તે કહીએ તે સાંભળો જે, ભક્તિનિષ્ઠાવાળો જે હોય તે તો જેમ પરમેશ્વર કહે તેમ કરે, જેમ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું જે :-

**સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ॥**

એવી રીતે જે વર્તવું તે ભક્તિવાળાને વિષે ગુણ છે. અને શાસ્ત્રની સાખ્ય લેવા જાય એટલો એને વિષે દોષ છે અને સ્વરૂપનિષ્ઠાવાળાને જે ભગવાનનું સ્વરૂપ પોતાને પ્રાપ્ત થયું છે તે જ સ્વરૂપને વિષે મતિ અચળ રહે છે એ એને વિષે ગુણ છે અને એમ જાણે જે આ જે ભગવાનનું સ્વરૂપ તે તો સગુણ છે ને નિર્ગુણ સ્વરૂપ તો બીજું છે એમ જો સમજાય તો એ સ્વરૂપનિષ્ઠાવાળાને વિષે દોષ છે. અને આત્મનિષ્ઠાવાળાને દેહ, ઇન્દ્રિયો, મન અને પ્રાણ થકી જુદું વર્તવું અને ભગવાનની કથા-કીર્તનાદિક કરવું તે પણ આત્મારૂપે થઈને કરવું અને દેહાદિક જે માયિક ભાવ તેમાં ભળી જાવું નહિ. એવી રીતે વર્તાય તે એને વિષે ગુણ છે; અને દેહાદિકને વિષે એકપણે વર્તાય એ એને વિષે દોષ છે, અને ત્યાગનિષ્ઠાવાળાને ભગવાનની મૂર્તિ વિના પિંડ બ્રહ્માંડમાં તથા અષ્ટસિદ્ધિ, નવનિધિમાં તથા વૈકુંઠાદિક જે ભગવાનનાં ધામ તેમાં ક્યાંય પણ પ્રીતિ રહે નહિ એ એને વિષે ગુણ છે; અને ભગવાન વિના બીજાને વિષે લેશમાત્ર પ્રીતિ રહે એ એને વિષે દોષ છે. અને એ ચાર પ્રકારની જે નિષ્ઠા તેનું ફળ એ છે જે, ભગવાનને વિષે દૃઢ પ્રીતિ થાય અને ભગવાન વિના બીજું જે માયિક પદાર્થમાત્ર તે તુચ્છ જણાય એ એનું ફળ છે. **(૨)** ૨

૩ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** એ ચાર નિષ્ઠાને વિષે કોઈ અધિક ન્યૂન છે કે એ ચારે તુલ્ય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જ્યાં સુધી એક એક નિષ્ઠાને વિષે વર્તતા

હોય, ત્યાં સુધી તો એ ચારે સરખા છે અને જ્યારે એ ચારે નિષ્ઠા એકને વિષે વર્તે ત્યારે તે સર્વે થકી અધિક છે અને જ્યારે એ ચારે નિષ્ઠા એકને વિષે વર્તે ત્યારે તેને **પરમ ભાગવત** કહીએ અને એને જ **એકાંતિક ભક્ત** કહીએ. (૩) ઇતિ વચનામૃતમ્ ॥૪૭॥ ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન (૩) છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે તેમાં શ્રીજીમહારાજે ભક્તિનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા, આત્મનિષ્ઠા ને ત્યાગનિષ્ઠા એ ચારનાં રૂપ કર્યાં છે. (૧) બીજામાં એ ચાર નિષ્ઠાવાળાને વિષે ગુણદોષ કહ્યા છે. (૨) ત્રીજામાં એ ચારે નિષ્ઠાઓને સરખી કહી છે ને ચારે ય નિષ્ઠા એકને વિષે વર્તે તેને પરમ ભાગવત સંત કહ્યા છે. (૩) બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં સરખું અંગ કહ્યું તે કેવું સમજવું ?

૧ **ઉ૦** ચાર અંગમાંથી જે દૃઢ થયું હોય તે અંગ કોઈ રીતે ફરે નહિ તે સરખું અંગ કહ્યું છે.

૨ **પ્ર૦** બીજા પ્રશ્નમાં ભક્તિવાળો શાસ્ત્રની સાખ્ય લે તે તેને દોષ કહ્યો તે દોષ શો સમજવો ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજ પ્રત્યક્ષ મનુષ્યરૂપે દર્શન આપતા હોય તે વખતે શાસ્ત્રમાં જે પ્રમાણે વર્તવાનું કહ્યું હોય તેથી બીજી રીતે વર્તવાનું કહે, ત્યારે શાસ્ત્રની સાખ્ય લેવા જાય તે દોષ કહ્યો છે. તે વચન પણ ક્યારેક નાહ્યા વિના જમવાનું કહે એવાં વચન જાણવાં પણ પંચવર્તમાન લોપવા સંબંધી વચન તો ન માનવાં તે (**લો૦ ૬**ના ૧૮/૨૧ અઢારમા પ્રશ્નમાં) અમારાં ભેળાં સ્ત્રીઓનાં દર્શન થતાં હોય, ત્યાં અમારી આજ્ઞાએ કરીને પણ ન બેસવું, માટે પંચવર્તમાન લોપવા સિવાયનાં બીજાં વચન શ્રીજીમહારાજ કહે તો, તેમાં શાસ્ત્રની સાખ્ય ન લેવી અને શ્રીજીમહારાજ પ્રતિમારૂપે દર્શન દેતાં હોય તે વખતે તો શ્રીજીમહારાજનાં શાસ્ત્ર પ્રમાણે જ વર્તવું, અને કોઈક મોટા મુક્તનું વચન પણ શ્રીજીમહારાજના શાસ્ત્રથી વિરુદ્ધ હોય તે ન માનવું. અને જે મુક્ત હોય તે તો શ્રીજીમહારાજનાં વચન યથાર્થ પાળે ને પોતાનાં આશ્રિતોને પળાવે અને જે શ્રીજીમહારાજના વચનથી બહાર વર્તે ને વર્તાવે ને કહે જે, અમે મુક્ત છીએ એમ કહેતા હોય તેનું વચન ન માનવું.

૩ **પ્ર૦** ભગવાનનું સ્વરૂપ પોતાને પ્રાપ્ત થયું છે તે સ્વરૂપને વિષે મતિ અચળ રહે એ સ્વરૂપનિષ્ઠાવાળાને વિષે ગુણ છે એમ કહ્યું તે પોતાને પ્રાપ્ત થયું તે સ્વરૂપ કિયું જાણવું ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજ અનંત જીવોના આત્યંતિક કલ્યાણ કરવા સારુ દયા કરીને મનુષ્યરૂપે શ્રી છપૈયા ધામને વિષે ભક્તિ-ધર્મ થકી પ્રગટ થયા તે સ્વરૂપ પોતાના આશ્રિત સર્વેને પ્રાપ્ત થયું છે તે સ્વરૂપ કહ્યું છે.

૪ **પ્ર૦** શ્રીજીમહારાજે મનુષ્યરૂપે દર્શન આપ્યા તે વખતે તો શ્રીજીમહારાજનું સ્વરૂપ પ્રાપ્ત થયું હતું પણ આજ એ સ્વરૂપ કેવી રીતે પ્રાપ્ત થયું કહેવાય ?

૪ **ઉ૦** જે સ્વરૂપ મનુષ્યરૂપે હતું તે સ્વરૂપ આજ પ્રતિમારૂપે દર્શન આપે છે, માટે તે સ્વરૂપ પ્રાપ્ત થયું છે એમ જાણવું; અને શ્રીજીમહારાજની પ્રતિમાને દિવ્ય ન જાણે ને પ્રતિમા જાણે ને શ્રીજીમહારાજના મનુષ્યસ્વરૂપને દિવ્ય ન જાણે ને સગુણ એટલે મનુષ્ય જેવા જાણે તે એ સ્વરૂપનિષ્ઠાવાળાને દોષ કહ્યો છે.

૫ **પ્ર૦** વૈકુંઠાદિક ધામોમાં પ્રીતિ ન રાખવી એમ કહ્યું તે તો ઠીક પણ અક્ષરધામમાં સદા રહેવું છે તેમાં પ્રીતિ રાખવી કે કેમ ?

૫ **ઉ૦** (**લો૦ ૧૪**/૨માં) કહ્યું છે કે મુક્તે સહિત અમારાં દર્શન ન થાય ને એકલું અમારું તેજ દેખાય તો કષ્ટ પામવું માટે ધામમાં પ્રીતિ ન રાખવી. અને શ્રીજીમહારાજમાં ને મુક્તમાં પ્રીતિ રાખવી એમ(**મ૦ ૫૦**/૧માં) કહ્યું છે તેમાં મુક્તને વિષે પણ શ્રીજીમહારાજના જેવી પ્રીતિ ન રાખવી એમ(**છે૦ ૧૬માં**) કહ્યું છે. ॥૪૭॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૪૮

❖સંવત ૧૮૭૬ના મહા સુદિ ૧૩ તેરશને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષની હેઠે ઓટા મધ્યે ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે સંધ્યા સમે વિરાજમાન હતા ને

સર્વે શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને પોતાના મુખારવિંદની આગળ બે મશાલું બળતી હતી અને શ્રી વાસુદેવનારાયણની સંધ્યા-આરતી તથા નારાયણ ધુન્ય થઈ રહી.

તે કેડે શ્રીજીમહારાજ બોલ્યા જે, સર્વ સાવધાન થઈને સાંભળો, એક વાર્તા કરીએ છીએ. ત્યારે સર્વ મુનિ તથા હરિભક્ત બોલ્યા જે, હે મહારાજ ! કહો. પછી શ્રીજીમહારાજ બોલ્યા
૧ જે, **(૧)** એ અમારી આજ્ઞા છે જે, હરિભક્ત માત્રને શ્રી નરનારાયણની મૂર્તિ કાગદમાં લખાવી દેશું તે પૂજજ્યો અને એ પૂજા સર્વે શાસ્ત્રે કરીને પ્રમાણ છે અને શ્રીમદ્ ભાગવતને વિષે પણ અષ્ટ પ્રકારની મૂર્તિ કહી છે, માટે ચિત્ર મૂર્તિ પણ અતિ પ્રમાણ છે અને અમારી આજ્ઞા પણ છે, માટે હરિભક્ત માત્રને પ્રાતઃકાળમાં સ્નાન કરીને શ્રી નરનારાયણની પૂજા
કરવી. **(૧)** અને પૂજા કર્યા પછી પ્રક્રમા કરવી ને સાષ્ટાંગ પ્રણામ કરવા. પછી ભગવાન ૧
પાસે એમ માગવું જે, હે મહારાજ ! અમારી કુસંગ થકી રક્ષા કરજ્યો, તે કુસંગ ચાર પ્રકારનો છે : એક તો કૂડાપંથી, બીજા શક્તિપંથી, ત્રીજા વેદાંતી ને ચોથા નાસ્તિક એ ચાર પ્રકારનો કુસંગ છે, માટે જો કૂડાપંથીનો સંગ થાય તો વર્તમાનમાં ચુકાડે અને શક્તિપંથીનો સંગ થાય દારૂ-માટી ખવરાવીને ભ્રષ્ટ કરે અને જો વેદાંતીનો સંગ થાય તો આકારમાત્ર ખોટા કરે અને ભગવાનનાં ધામ તથા ભગવાનની મૂર્તિઓ ખોટી કરી દેખાડીને ભ્રષ્ટ કરે, અને નાસ્તિક હોય તે કર્મને જ સાચા કરીને ઈશ્વરને ખોટા કરી દેખાડીને ભ્રષ્ટ કરે માટે એવા કુસંગથી તથા
ક્રોધ-લોભાદિકથી રહિત થવા વાસ્તે નરનારાયણનું સ્તવન કરવું. **(૨)** અને તમે સર્વ ૨
હરિભક્ત એમ મનમાં લાવશો મા જે, એ તો કાગદ ઉપર ચિત્રામણ છે તે આપણી કેમ કુસંગ થકી રક્ષા કરશે ? એવો ભાવ તો કોઈ દહાડે લાવશો જ મા, કાં જે અમે તો સત્પુરુષ છીએ તે અમારી આજ્ઞાએ કરીને તમે સર્વે નરનારાયણની પૂજા રાખશો, તો અમારે ને નરનારાયણને તો સુધો મનમેળાપ છે તે અમે નરનારાયણને કહેશું જે, હે મહારાજ ! જે પંચવર્તમાનમાં રહીને અમારી આપેલ જે તમારી મૂર્તિ તેને પૂજે તેમાં અખંડ વાસ કરીને રહેજો, માટે એ નરનારાયણદેવ છે તેને અમે સ્નેહરૂપી પાશે બાંધીને જોરાવરી પણ રાખીશું, માટે તમે સર્વે એમ નિશ્ચે જાણજ્યો જે, એ મૂર્તિ છે તે શ્રી નરનારાયણદેવ પંડે જ છે, એવું જાણીને કોઈ દહાડે મૂર્તિ અપૂજ્ય રહેવા દેશો મા અને પ્રાતઃકાળમાં સ્નાન કરીને ભગવાનની પૂજા કરવી ને પછી બીજો ધંધો કરવો અને જ્યાં સુધી પંચવર્તમાનમાં રહીને એ નરનારાયણદેવની પૂજા કરશો ત્યાં સુધી એ મૂર્તિને વિષે શ્રી નરનારાયણ વિરાજમાન રહેશે એ અમારી આજ્ઞા છે તે
સર્વે દૃઢ કરીને માનજ્યો, એવી રીતે શ્રીજી બોલ્યા તે શ્રીજીના વચન માથે ચડાવ્યાં. **(૩)** ૩
ઇતિ વચનામૃતમ્ ॥૪૮॥

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે પોતાની ચિત્રમૂર્તિ પ્રમાણ કરી છે ને પ્રાતઃકાળે એ મૂર્તિ પૂજવાની આજ્ઞા કરી છે. **(૧)** અને ચાર પ્રકારના કુસંગથી તથા કામાદિક શત્રુથી રક્ષા કરજો, એમ ચિત્ર મૂર્તિની સ્તુતિ

કરવાનું કહ્યું છે. **(૨)** અને એ ચિત્રમૂર્તિ અમે પંડે જ છીએ, માટે અપૂજ્ય રહેવા દેવી નહિ અને પંચવર્તમાનમાં રહીને પૂજા કરશો ત્યાં સુધી એ મૂર્તિમાં અમે રહેશું એમ કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** આમાં નરનારાયણની મૂર્તિ પૂજવાનું કહ્યું અને રહસ્યાર્થમાં શ્રીજીની કેમ કહી ?

૧ **ઉ૦** મહારાજ મુક્તભાવે બોલ્યા છે માટે એમ કહ્યું છે તે (**પ્ર૦** ૮ ના પહેલા પ્રશ્નોત્તરમાં) છે.

૨ **પ્ર૦** કુસંગથી રક્ષા માગવાનું કહ્યું તે બહારના તો ઓળખાય પણ સત્સંગમાં કેમ ઓળખાય ?

૨ **ઉ૦** ત્યાગી હોય તે સ્ત્રી-ધનનો પ્રસંગ રાખે તથા સ્ત્રી સંબંધી સંકલ્પ થઈ જાય તેનું પ્રાયશ્ચિત્ત એટલે ઉપવાસ ન કરે અને ગૃહસ્થ હોય તે પરસ્ત્રીનો સંગ કરે તથા પરધનને ગ્રહણ કરવાની ઇચ્છા રાખે તે કૂડાપંથી જેવા જાણવા. અને ત્યાગી અથવા ગૃહસ્થ દારૂ-માંસના સંસર્ગવાળું ઔષધ ખાય અને જે પરદેશથી દવાની શીશીઓ આવતી હોય તે પણ દારૂ જ છે અને લશુન, ડુંગળી, તમાકુ, લીલાગર, હિંગ, અફીણ આદિક અભક્ષ વસ્તુ ખાતા હોય તે શક્તિપંથીના જેવા જાણવા. અને શ્રીજીમહારાજને અંતર્યામી ન જાણે ને મર્યાદા ન રાખે અને પંચવર્તમાને યુક્ત શ્રીજીમહારાજના ભક્તને વિષે મનુષ્યભાવ રહે અને શ્રીજીમહારાજની પ્રતિમાને વિષે ચિત્ર-પાષાણાદિકનો ભાવ રાખે પણ દિવ્ય ન જાણે તેને નાસ્તિકના જેવા જાણવા. અને જે શ્રીજીમહારાજને નિરાકાર સમજે તેને વેદાંતી જેવા જાણવા. તેમનો પણ સંગ ન કરવો. ॥૪૮॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૪૯

❖સંવત ૧૮૭૬ના મહા સુદિ ૧૪ ચૌદશને દિવસ સંધ્યા સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઓટા મધ્યે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ બે દીવીઓ બળતી હતી અને કંઠને વિષે પીળાં પુષ્પનો હાર પહેર્યો હતો ને બે હાથમાં પીળાં પુષ્પના ગજરા ધારણ કર્યા હતા અને સર્વે ધોળાં વસ્ત્ર પહેર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે પ્રશ્ન-ઉત્તર કરો. પછી બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો
૧ જે, **(૧) ભગવાનને વિષે વૃત્તિ રાખીએ છીએ તે તો સુધી જોરે કરીને રાખીએ છીએ ત્યારે રહે છે અને જગતના પદાર્થ સન્મુખ તો એની મેળે જ રહે છે તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનના ભક્ત હોય તેની વૃત્તિ તો ભગવાન વિના બીજે રહે જ નહિ અને તેને તો એ જ ફિકર રહે છે જે, મારે જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી તે તો ઘણું કઠણ પડશે, માટે પરમેશ્વરના ભક્ત હોય તેને તો જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી એ જ કઠણ છે અને જે જગતના જીવ છે તેને પરમેશ્વરમાં વૃત્તિ રાખવી તે ઘણી કઠણ છે, માટે જેને પરમેશ્વરમાં વૃત્તિ ન રહે તે પરમેશ્વરનો ભક્ત નહિ અને તે સત્સંગમાં આવતો હોય તો એ ધીરે ધીરે સંતની વાર્તા સાંભળતાં સાંભળતાં પરમેશ્વરનો ભક્ત થાશે. (૧)** ૧

૨ પછી બ્રહ્માનંદ સ્વામીએ વળી પૂછ્યું જે, **(૨)** એવી રીતે ભગવાનમાં વૃત્તિ રાખ્યાનું શું સાધન છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એનું સાધન તો અંતર્દષ્ટિ છે તે અંતર્દષ્ટિ તે શું,

તો જેવા પોતાને **પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તેની મૂર્તિ સામું જોઈ રહેવું એ અંતર્દષ્ટિ છે;** અને તે મૂર્તિ વિના ષટ્ચક્ર દેખાય અથવા ગોલોક-વૈકુંઠાદિક ભગવાનનાં ધામ દેખાય, તો પણ તે અંતર્દષ્ટિ નહિ, માટે ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને તે સામું જોઈ રહેવું અથવા બહાર ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું તેનું નામ અંતર્દષ્ટિ છે અને તે **મૂર્તિ વિના બીજે જ્યાં જ્યાં વૃત્તિ રહે તે સર્વે બાહ્યદષ્ટિ છે.** પછી વળી શ્રીજીમહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, હવે તો બે બે જણ થઈને સામસામા પ્રશ્ન-ઉત્તર કરો. પછી ઘણી વાર સુધી પરમહંસે પરસ્પર પ્રશ્ન-
ઉત્તર કર્યા તેને સાંભળતા થકા શ્રીજીમહારાજ તેમની બુદ્ધિની પરીક્ષા કરતા હવા. **(૨)** ઇતિ ૨
વચનામૃતમ્ **॥૪૯॥**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારી મૂર્તિમાં વૃત્તિ ન રહે તે અમારો ભક્ત નહિ. **(૧)** બીજામાં અમારી મૂર્તિ સામું જોઈ રહેવું તે અંતર્દષ્ટિ છે અને મૂર્તિ વિના બીજે વૃત્તિ રહે તે બાહ્યદષ્ટિ છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં તમારે વિષે વૃત્તિ જોરે કરીને રાખીએ છીએ ત્યારે રહે છે એમ બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું તે બ્રહ્માનંદ સ્વામી તો અનાદિમુક્ત હતા તેમણે જોરે કરીને વૃત્તિ રાખીએ છીએ એમ કેમ પૂછ્યું હશે ?

૧ **ઉ૦** સાધનિકને ઉપદેશને માટે સર્વેના ભેળા ભળીને પૂછ્યું છે પણ પોતાને માટે પૂછ્યું નથી. એ તો અનાદિમુક્ત હતા ને શ્રીજીમહારાજના ભેળા બીજા જીવોના કલ્યાણને અર્થે આવ્યા હતા, એમનું અજાણ્યું કાંઈ નહોતું.

૨ **પ્ર૦** મૂર્તિમાં તો વૃત્તિ ન રહે પણ મહારાજની આજ્ઞા યથાર્થ પાળે તે ભક્ત કહેવાય કે નહિ ?

૨ **ઉ૦** એકાંતિક ભક્ત ન કહેવાય; ચાલોચાલ કહેવાય. અને આજ્ઞા ન પાળે તે તો કુસંગી કહેવાય. ॥૪૯॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૫૦

❖સંવત ૧૮૭૬ના મહા વદિ ૧ પડવાને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરની મેડીની ઓસરી આગળ પ્રાતઃકાળે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે એમ પૂછ્યું જે, **(૧)** જેને કુશાગ્રબુદ્ધિ હોય તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે તે કુશાગ્રબુદ્ધિ તે જે સંસાર-વ્યવહારમાં બહુ જાણતો હોય તેની કહેવાય કે નહિ ? અથવા શાસ્ત્ર-પુરાણના અર્થને બહુ જાણતો હોય તેની કહેવાય કે નહિ ? પછી એનો ઉત્તર મુનિએ કરવા માંડ્યો પણ થયો નહિ. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **કેટલાક તો વ્યવહારમાં અતિ ડાહ્યા હોય, તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ યત્ન કરે નહિ તથા કેટલાક શાસ્ત્ર-પુરાણ-ઇતિહાસ તેના અર્થને સારી પેઠે જાણતા હોય, તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ પણ યત્ન કરે નહિ માટે એને કુશાગ્રબુદ્ધિવાળા ન જાણવા; એને તો જાડી બુદ્ધિવાળા જાણવા અને જે કલ્યાણને અર્થે યત્ન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તો પણ તે કુશાગ્રબુદ્ધિવાળો છે અને જે જગત-વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે,** તો પણ તે જાડી બુદ્ધિવાળો છે, એ ઉપર ભગવદ્ગીતાનો શ્લોક છે જે :-

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥

એ શ્લોકનો અર્થ એમ છે જે ભગવાનનું ભજન કરવું તેમાં તો સર્વ જગતના જીવની બુદ્ધિ રાત્રિની પેઠે અંધકારે યુક્ત વર્તે છે, કહેતાં ભગવાનનું ભજન નથી કરતા અને જે ભગવાનના
૧ ભક્ત છે તે તો, તે ભગવાનના ભજનને વિષે જાગ્યા છે; કહેતાં નિરંતર ભગવાનનું ભજન કરતા થકા વર્તે છે અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે પંચવિષય તેને વિષે જીવ માત્રની બુદ્ધિ જાગ્રત વર્તે છે કહેતાં વિષયને ભોગવતા થકા જ વર્તે છે; અને જે ભગવાનના ભક્ત છે તેની બુદ્ધિ તો તે વિષયભોગને વિષે અંધકારે યુક્ત વર્તે છે કહેતાં તે વિષયને ભોગવતા નથી, માટે એવી રીતે જે **પોતાના કલ્યાણને અર્થે સાવધાનપણે વર્તે છે તે જ કુશાગ્રબુદ્ધિવાળા છે ને તે વિના તો સર્વે મૂર્ખ છે. (૧)** ઇતિ વચનામૃતમ્ ॥૫૦॥ ૧

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કલ્યાણને અર્થે સાવધાનપણે વર્તે તેને ઝીણી બુદ્ધિવાળો કહ્યો છે અને એને બ્રહ્મની એટલે અમારી પ્રાપ્તિ થાય છે એમ કહ્યું છે. **(૧)** બાબત છે. (આ બ્રહ્મનો અર્થ **પ્ર૦ ૩૯**ના બીજા પ્રશ્નોત્તરમાં કર્યો છે.)

૧ **પ્ર૦** બુદ્ધિ અંધકારે યુક્ત વર્તે છે એમ કહ્યું તે કેવી રીતે વર્તે તે અંધકારે યુક્ત કહેવાય ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજને વિષે પ્રીતિવાળા ભક્ત જગતથી ઉદાસ હોય, પણ જો તેને પ્રારબ્ધવશે કરીને ગૃહસ્થાશ્રમમાં રહેવું પડ્યું હોય તો તેને ગૃહસ્થાશ્રમની રીતિ પ્રમાણે વર્તવું જોઈએ, પણ ઉદાસ થકો વિષયને ભોગવે તે અંધકારે યુક્ત વર્તે છે એમ જાણવું; અને ત્યાગીમાં રહ્યો હોય તો પણ સારી પથારી, સારું ખાવાનું, સારું પાત્ર તે આદિક સારી વસ્તુને ગ્રહણ ન કરે ને જેવી તેવી વસ્તુએ કરીને ગુજરાન કરે અને સર્વે ક્રિયામાં શ્રીજીમહારાજની સ્મૃતિ રાખે પણ ક્રિયાની સ્મૃતિ ન રાખે, એવી રીતે વર્તે તે વિષયને વિષે અંધકારે યુક્ત વર્તે છે એમ જાણવું. ॥૫૦॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૫૧

❖સંવત ૧૮૭૬ના મહા વદિ ૨ બીજને દિવસ રાત્રિને સમે સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો સુરવાળ પહેર્યો હતો ને ધોળો અંગરખો પહેર્યો હતો ને માથે ધોળી પાઘ બાંધી હતી ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, કાંઈ પ્રશ્ન પૂછો. પછી પૂર્ણાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો
૧ જે, **(૧) દશ ઈન્દ્રિયો છે તે તો રજોગુણની છે અને ચાર અંતઃકરણ છે તે તો સત્ત્વગુણના છે, માટે એ સર્વે ઈન્દ્રિયો ને અંતઃકરણ તે તો માયિક છે ને ભગવાન તો માયાથી પર છે તેનો માયિક અંતઃકરણે કરીને કેમ નિશ્ચય થાય ? અને માયિક એવી જે ચક્ષુ આદિક ઈન્દ્રિયો તેણે કરીને ભગવાન કેમ જોયામાં આવે ?** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, માયિક વસ્તુએ કરીને માયિક પદાર્થ હોય તે જણાય, માટે માયિક જે અંતઃકરણ ને ઈન્દ્રિયો તેણે કરીને જો

ભગવાન જણાણા તો એ ભગવાન પણ માયિક ઠર્યા એ રીતે તમારો પ્રશ્ન છે ? પછી પૂર્ણાનંદ સ્વામી તથા સર્વ મુનિએ કહ્યું જે એ જ પ્રશ્ન છે તેને હે મહારાજ ! તમે પુષ્ટ કરી આપ્યું. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે એનો તો ઉત્તર એમ છે જે, પચાસ કોટી યોજન પૃથ્વીનું પીઠ છે તે **પૃથ્વી** ઉપર ઘટપટાદિક અનેક પદાર્થ છે તે સર્વ પદાર્થમાં એ પૃથ્વી રહી છે ને પોતાને સ્વરૂપે કરીને નોખી પણ રહી છે અને જ્યારે પૃથ્વીની દૃષ્ટિએ કરીને જોઈએ, ત્યારે એ સર્વ પદાર્થરૂપે પૃથ્વી થઈ છે ને પૃથ્વી વિના બીજું કાંઈ પદાર્થ નથી ને તે પૃથ્વી જળના એક અંશમાંથી થઈ છે ને **જળ** તો પૃથ્વીની હેઠે પણ છે ને પડખે પણ છે ને ઉપર પણ છે ને પૃથ્વીના મધ્યમાં પણ જળ સર્વત્ર વ્યાપી રહ્યું છે. માટે જળની દૃષ્ટિએ કરીને જોઈએ તો પૃથ્વી નથી; એકલું જળ જ છે અને એ જળ પણ **તેજના** એક અંશમાંથી થયું છે, માટે તેજની દૃષ્ટિએ કરીને જોઈએ તો જળ નથી; એકલું તેજ જ છે અને તે તેજ પણ **વાયુના** એક અંશમાંથી થયું છે, માટે તે વાયુની દૃષ્ટિએ કરીને જોઈએ તો તેજ નથી; એકલો વાયુ જ છે ને તે વાયુ પણ **આકાશના** એક અંશમાંથી થયો છે, માટે જો આકાશની દૃષ્ટિએ કરીને જોઈએ તો વાયુ આદિક જે ચાર ભૂત ને તેનું કાર્ય જે પિંડ ને બ્રહ્માંડ તે કાંઈ ભાસે જ નહિ; એકલો આકાશ જ સર્વત્ર ભાસે અને એ આકાશ પણ તામસાહંકારના એક અંશમાંથી ઉત્પન્ન થયો છે ને તે **તામસાહંકાર, રાજસાહંકાર, સાત્ત્વિકાહંકાર** ને ભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા એ સર્વે **મહત્તત્ત્વના** એક અંશમાંથી ઉત્પન્ન થયા છે, માટે મહત્તત્ત્વની દૃષ્ટિએ જોઈએ તો ત્રણ પ્રકારનો અહંકાર તથા ભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ, દેવતા એ સર્વે નથી; એકલું મહત્તત્ત્વ જ છે અને તે મહત્તત્ત્વ પણ **પ્રકૃતિના** એક અંશમાંથી ઉત્પન્ન થયું છે, માટે પ્રકૃતિની દૃષ્ટિએ જોઈએ તો મહત્તત્ત્વ નથી; એકલી પ્રકૃતિ જ છે અને તે પ્રકૃતિ પણ પ્રલયકાળમાં **પુરુષના** એક અંશમાં લીન થઈ જાય છે અને પાછી સૃષ્ટિ સમે એક અંશમાંથી ઉત્પન્ન થાય છે, માટે પુરુષની દૃષ્ટિએ કરીને જોઈએ તો પ્રકૃતિ નથી; એકલો પુરુષ જ છે અને **એવા અનંતકોટી પુરુષ છે** તે પુરુષોત્તમનું ધામ જે **અક્ષર** તેના એક દેશને વિષે લીન થઈ જાય છે ને પાછા ઊપજે છે, માટે એ **અક્ષરની દૃષ્ટિએ કરીને જોઈએ તો એ સર્વે નથી; એક અક્ષર છે અને તે અક્ષર થકી પર અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે છે, ને તે સર્વેની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેના કર્તા છે ને સર્વના કારણ છે અને જે કારણ હોય તે પોતાના કાર્યને વિષે વ્યાપક હોય ને તેથી જુદું પણ રહે માટે એ સર્વના કારણ જે પુરુષોત્તમ ભગવાન તેની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહિ. એવા જે એ ભગવાન તે જ કૃપા કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીમાં સર્વે મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપે છે, ત્યારે જે જીવ સંતનો સમાગમ કરીને આ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એના ઈન્દ્રિયો-અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપ થઈ જાય છે, ત્યારે તેમણે કરીને આ ભગવાનનો નિશ્ચય થાય છે. જેમ હીરે કરીને જ હીરો વેંધાય છે પણ બીજા વતે નથી વેંધાતો, તેમ**

**ભગવાનનો નિશ્ચય તે ભગવાન વતે જ થાય છે ને ભગવાનનું દર્શન પણ ભગવાન વતે જ થાય છે પણ માયિક એવાં જે ઇન્દ્રિયો-અંતઃકરણ તેણે કરીને નથી થાતો,** એમ વાર્તા કરીને શ્રીજીમહારાજ જય સચ્ચિદાનંદ કહીને પોતાને ઉતારે પધાર્યા. **(૧)** ઇતિ વચનામૃતમ્ **॥૫૧॥** ૧

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, પૃથ્વીથી લઈને મૂળઅક્ષર આદિક સર્વેના કર્તા ને સર્વેના કારણ ને એ સર્વેમાં અમારી અંતર્યામી શક્તિએ કરીને વ્યાપક ને મૂળઅક્ષરાદિક સર્વથી પર એવા જે અમે તે જીવોના કલ્યાણને અર્થે સર્વ મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપીએ છીએ, ત્યારે જે જીવ અમારા મુક્તનો સમાગમ કરીને અમારો મહિમા સમજે ત્યારે તે જીવનાં ઇન્દ્રિયો-અંતઃકરણ સર્વે અમારાં રૂપ થઈ જાય છે ત્યારે અમારું દર્શન અને અમારો નિશ્ચય થાય છે. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** પૃથ્વી આદિકની દૃષ્ટિએ જોઈએ એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૧ **ઉ૦** જે જે દેવની ઉપાસના કરે તે તે દેવના ભાવને પામીને એટલે તદ્રૂપ થઈને તે તે દેવના નેત્રે કરીને જુએ તે તેની દૃષ્ટિએ જોયું કહેવાય. એવી રીતે વરુણ, અગ્નિ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ અને પ્રધાનપુરુષ તેમની ઉપાસના કરીને, તેમના ભાવને પામીને તેમની દૃષ્ટિએ કહેતાં તેમના નેત્રે કરીને જુએ તો તેથી ઓરું હોય તે નજરમાં આવે નહિ એટલે તુચ્છ થઈ જાય. તેમજ મૂળપુરુષની ઉપાસનાવાળા મૂળપુરુષને નેત્રે જુએ તો તેથી ઓરું તેમનું કાર્ય જે મૂળમાયાદિક તે કાંઈ નજરમાં આવે નહિ અને વાસુદેવબ્રહ્મની ઉપાસના કરીને, તે રૂપ થઈને, તેમના નેત્રે કરીને જુએ તો મૂળપુરુષાદિક કાંઈ નજરમાં ન આવે અને એવી જ રીતે મૂળઅક્ષરની ઉપસાના કરીને તદ્રૂપ થઈને, તે મૂળઅક્ષરના નેત્રે કરીને જુએ ત્યારે વાસુદેવબ્રહ્મ આદિક કોઈ નજરમાં આવે નહિ. અને પુરુષોત્તમની ઉપાસના કરીને તદ્ભાવને પામીને એટલે તે રૂપ થઈને તે પુરુષોત્તમ પરબ્રહ્મ જે શ્રી સ્વામિનારાયણ તેમની દૃષ્ટિએ કહેતાં તેમનાં નેત્રે કરીને જુએ ત્યારે મૂળઅક્ષરાદિક કોઈ ભાસે જ નહિ, એટલે શ્રીજીમહારાજનું સુખ, સામર્થી ને પ્રકાશ તેના આગળ મૂળઅક્ષરનું સુખ, સામર્થી ને પ્રકાશ કોટીમાં ભાગના પાસંગમાં પણ આવે નહિ, તેથી એ અક્ષરાદિકની ગણતરી રહે જ નહિ, તેમજ તે અક્ષરના સુખ આદિકની આગળ વાસુદેવબ્રહ્મનું સુખ, સામર્થી ને પ્રકાશ પણ તેવો જ છે, માટે મૂળઅક્ષર આગળ એ વાસુદેવબ્રહ્મની ગણતરી રહે નહિ, તેવી રીતે ઉત્તરોત્તર મૂળ પુરુષાદિકના સુખ-સામર્થ્યાદિકનું પણ જાણવું.

૨ **પ્ર૦** પ્રલય સમે અનંતકોટી પુરુષ જે મૂળપુરુષ તે અક્ષરધામને વિષે લીન થઈ જાય છે એમ કહ્યું તે મૂળપુરુષના ઉપરી તો વાસુદેવબ્રહ્મ છે તે વાસુદેવબ્રહ્મના તેજમાં લીન થવા જોઈએ અને અક્ષરધામમાં લીન થાય છે એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** યથાર્થ અનુક્રમ કોઈક ઠેકાણે કહ્યો હોય ને કોઈક ઠેકાણે ન કહ્યો હોય, જેમ મહત્તત્ત્વની લીનતા પ્રધાનપ્રકૃતિમાં છે ને પ્રધાનની લીનતા પુરુષમાં છે અને એવા અનંત પુરુષની લીનતા મૂળપ્રકૃતિમાં છે ને મૂળપ્રકૃતિની લીનતા મૂળપુરુષમાં છે તો પણ મહત્તત્ત્વની લીનતા આ વચનામૃતમાં પાધરી જ મૂળપ્રકૃતિમાં કહી, તેમ જ મૂળપુરુષની લીનતા બ્રહ્મના તેજને વિષે ન કહી ને પાધરી જ અક્ષરને વિષે કહી છે, માટે કોઈક ઠેકાણે અનુક્રમ ન કહ્યો હોય પણ અનુક્રમ પ્રમાણે જ ઊપજે છે ને લીન થાય છે એમ જાણવું.

૩ **પ્ર૦** ઇન્દ્રિયો-અંતઃકરણ તો જડ છે તે પુરુષોત્તમરૂપ કેવી રીતે થતાં હશે ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજ તથા મુક્તને યોગે કરીને શ્રીજીમહારાજનો યથાર્થ મહિમા સમજે પછી તે ભક્ત શ્રીજીમહારાજનું તેજ જે અક્ષરધામ તે રૂપ પોતાને માનીને શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરે તે ધ્યાને કરીને શ્રીજીમહારાજને આકારે થઈ જાય છે ત્યારે તે જીવ મટીને મુક્ત થાય છે, જેમ ભમરીને ધ્યાને કરીને ઇયળ ભમરી થાય છે, તેમ શ્રીજીમહારાજ દિવ્યમૂર્તિ છે તેમને ધ્યાને કરીને ભક્તનો ચૈતન્ય દિવ્ય સાકાર થઈ જાય છે, માટે એનાં ઇન્દ્રિયો પુરુષોત્તમરૂપ થઈ જાય છે એમ કહ્યું છે, તે તો
૧ જેમ પુરુષોત્તમ ભગવાનને દિવ્ય અવયવ છે તેવા જ એના અવયવ દિવ્ય થઈ જાય છે એમ કહ્યું છે, માટે ઇન્દ્રિયો એટલે દિવ્ય અવયવ જાણવાં પણ આ માયિક ઇન્દ્રિયો દિવ્ય થઈ જાય છે એમ ન જાણવું. આ નિશ્ચય સ્થિતિએ સહિત કહ્યો છે.

૪ **પ્ર૦** ભગવાનનો મહિમા સંત-સમાગમે સમજાય એમ કહ્યું ત્યારે ભગવાનને સમાગમે સમજાય કે કેમ ? અને હીરે હીરો વિંધાય

તે બે હીરા કયા ? અને ભગવાનનો નિશ્ચય ને દર્શન ભગવાન વતે જ થાય તે કેવી રીતે જાણવું ?

૪ ઉ૦ જ્યારે ભગવાન પૃથ્વીને વિષે પધારે ત્યારે સંત પણ ભેળા જ હોય તે સંત જેને પ્રથમ મળે તે સંતના સમાગમથી ભગવાનનો મહિમા જાણે અને ભગવાન જેને પ્રથમ મળે તે ભગવાન થકી મહિમા જાણે, માટે ભગવાન તથા સંત એ બેયના સમાગમથી શ્રીજીમહારાજનો મહિમા સમજાય છે અને સંતમાં પણ શ્રીજીમહારાજ સાક્ષાત્ રહ્યા છે, માટે સંતદ્વારે પણ શ્રીજીમહારાજ પોતે જ પોતાનો મહિમા સમજાવે છે. અને જેમ સમુદ્રમાં પાણીનો ઘડો ઢોળીએ તે સમુદ્રમાં જાય તેમ શ્રીજીમહારાજ મનુષ્યરૂપે મળે તે મૂર્તિમાં એકતા કરવાથી મૂર્તિમાં સંલગ્ન થવાય અને નદીમાં પાણી રેડીએ તે પાણીને નદીદ્વારે સમુદ્રમાં એકતા થાય છે, તેમ શ્રીજીમહારાજને મળેલા એટલે શ્રીજીમહારાજની મૂર્તિમાં સંલગ્ન રહેલા સંત જે મુક્ત તેને વિષે આપોપું કરીને શ્રીજીમહારાજની મૂર્તિને વિષે એકતા કરે તો તે મુક્તદ્વારે પણ શ્રીજીમહારાજની મૂર્તિમાં એકતા થાય છે, કેમ જે તે મુક્ત મૂર્તિમાં જ રહ્યા છે, માટે તેની સાથે આપોપું કરવાથી પણ શ્રીજીમહારાજની મૂર્તિમાં એકતા થાય છે, તે મૂર્તિમાં નિમગ્ન રહેવાનું (**લો૦ ૧૩**ના પહેલા પ્રશ્નમાં) કહ્યું છે જે અમારે વિષે નિમગ્ન રહે તેને માયા પરાભવ ન કરે તથા (**કા૦ ૧**ના પાંચમા પ્રશ્નમાં) અમારે જ્ઞાને કરીને અમારે આકારે થઈ જાય છે અને મુક્તમાં આપોપું કરવાનું (**જે૦૧**ના બીજા પ્રશ્નમાં) કહ્યું છે માટે વેંધનારા હીરાને દૃષ્ટાંતે શ્રીજીમહારાજને ને મુક્તને જાણવા અને વેંધવાના હીરાને દૃષ્ટાંતે મુમુક્ષુ જાણવા અને શ્રીજી થકી અથવા એમના મુક્ત થકી શ્રીજીમહારાજનો યથાર્થ મહિમા સમજીને શ્રીજીમહારાજની મૂર્તિમાં સંલગ્ન થઈને શ્રીજીમહારાજના મુખમાં મુખ, હસ્તમાં હસ્ત, ચરણમાં ચરણ, નેત્રમાં નેત્ર, મસ્તકે મસ્તક એવી રીતે એકતા કરીને શ્રીજીમહારાજને નેત્રે કરીને શ્રીજીમહારાજને જુએ તે ભગવાન વતે જ ભગવાનનું દર્શન કહેવાય ને ભગવાન વતે જ ભગવાનનો નિશ્ચય કહેવાય. આ ધ્યાનની લટક શ્રીજીમહારાજ કાં એમના અનાદિમુક્ત થકી જ પમાય છે. ॥૫૧॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૫૨

❖સંવત ૧૮૭૬ના મહા વદિ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરની મેડીની ઓસરીમાં કથા વંચાવતા હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી તે કથામાં એમ આવ્યું જે, **સાંખ્ય, યોગ, વેદાંત ને પંચરાત્ર એ ચાર શાસ્ત્રે કરીને જે ભગવાનના સ્વરૂપને સમજે તે પૂરો જ્ઞાની કહેવાય.** ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,

૧ **(૧)** હે મહારાજ ! એ ચાર શાસ્ત્રે કરીને ભગવાનને કેમ જાણવા ? ને એ ચાર શાસ્ત્રે કરીને જે ભગવાનને ન જાણે તેમાં શી ન્યૂનતા રહે છે તે કહો ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જે સાંખ્યશાસ્ત્ર છે તે ભગવાનને પચવીશમા કહે છે ને ચોવીશ તત્ત્વ જેમ ભગવાન વિના કાંઈ કરવાને સમર્થ નથી થાતાં, તેમ જીવ-ઈશ્વર પણ ભગવાન વિના કાંઈ કરવાને સમર્થ નથી, માટે એને પણ ચોવીશ તત્ત્વ ભેળા જ ગણે છે ને જીવ-ઈશ્વરે સહિત એવાં જે ચોવીશ તત્ત્વ તેને ક્ષેત્ર કહે છે ને પચવીશમા જે ભગવાન તેને ક્ષેત્રજ્ઞ કહે છે અને યોગશાસ્ત્ર છે તે ભગવાનને છવીશમા કહે છે ને મૂર્તિમાન કહે છે ને જીવ-ઈશ્વરને પચવીશમા કહે છે ને ચોવીસ તત્ત્વને પૃથક્ કહે છે ને એ તત્ત્વ થકી પોતાના આત્માને પૃથક્ સમજીને ભગવાનનું ધ્યાન કરવું એમ કહે છે. અને વેદાંતશાસ્ત્ર છે તે ભગવાનને સર્વકારણ, સર્વવ્યાપક, સર્વાધાર, નિર્ગુણ, અદ્વૈત, નિરંજન ને કર્તા થકા અકર્તા ને પ્રાકૃત વિશેષણે રહિત ને દિવ્ય વિશેષણે સહિત એમ કહે છે અને પંચરાત્ર શાસ્ત્ર છે તે ભગવાનને એમ કહે છે જે, એક જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમનારાયણ છે તે જ વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ ને પ્રદ્યુમ્ન એ ચતુર્વ્યૂહરૂપે

થાય છે ને પૃથ્વીને વિષે અવતારનું ધારણ કરે છે ને તેને વિષે જે નવ પ્રકારની ભક્તિને કરે છે તેનું કલ્યાણ થાય છે, એવી રીતે એ ચારે શાસ્ત્ર ભગવાનને કહે છે તેને યથાર્થ સમજે ત્યારે પૂરો જ્ઞાની કહેવાય. અને જો બીજાં ત્રણ શાસ્ત્રને મૂકીને એક સાંખ્યશાસ્ત્રે કરીને જ ભગવાનના સ્વરૂપને સમજે તો એ બાધ આવે જે સાંખ્યશાસ્ત્રમાં જીવ-ઈશ્વરને તત્ત્વથી નોખા નથી કહ્યા તે જ્યારે તત્ત્વનો નિષેધ કરીને તત્ત્વથી પોતાના જીવાત્માને નોખો સમજે ત્યારે પચવીશમો પોતાનો જીવાત્મા સમજાય પણ ભગવાન ન સમજાય; અને જો એકલે યોગશાસ્ત્રે કરીને જ ભગવાનના સ્વરૂપને સમજે તો એ દોષ આવે જે, યોગશાસ્ત્રે ભગવાનને મૂર્તિમાન કહ્યા છે તેને પરિચ્છિન્ન સમજે પણ સર્વાંતર્યામી ને પરિપૂર્ણ એવા ન સમજે; અને જો એક વેદાંતશાસ્ત્રે કરીને જ ભગવાનના સ્વરૂપને સમજે તો એ દોષ આવે જે, જે ભગવાનને સર્વકારણ ને સર્વવ્યાપક ને નિર્ગુણ કહ્યા છે તેને નિરાકાર સમજે પણ પ્રાકૃત કર-ચરણાદિકે રહિત ને દિવ્ય અવયવે સહિત એવો સનાતન જે ભગવાનનો આકાર છે તેને ન સમજે; અને જો એકલે પંચરાત્રશાસ્ત્રે કરીને ભગવાનના સ્વરૂપને સમજે તો એવો દોષ આવે જે, જે ભગવાનના અવતારને વિષે ભક્તિ કહી છે તેને વિષે મનુષ્યભાવ આવે તથા એકદેશસ્થપણું સમજાઈ જાય પણ સર્વાંતર્યામીપણું ને પરિપૂર્ણપણું ન સમજાય, માટે એ સર્વે શાસ્ત્રે કરીને જો ભગવાનને ન સમજે તો આવા દોષ આવે છે ને જો એ સર્વે શાસ્ત્રે કરીને સમજે તો જે એક એક શાસ્ત્રની સમજણે કરીને દોષ આવે છે. તે બીજા શાસ્ત્રની સમજણે કરીને ટળી જાય છે, માટે એ ચારે શાસ્ત્રે કરીને જે સમજે તે પરિપૂર્ણ જ્ઞાની કહેવાય અને જો એ ચારમાંથી એકને મૂકી દે તો પુણો જ્ઞાની કહેવાય, ને બેને મૂકી દે તો અર્ધો જ્ઞાની કહેવાય, ને ત્રણને મૂકી દે તો પા જ્ઞાની કહેવાય, ને એ ચારેને મૂકીને જે પોતાના મનની કલ્પનાએ કરીને ગમે તેવી રીતે શાસ્ત્રને સમજીને વર્તે છે ને તે જો વેદાંતી છે અથવા ઉપાસનાવાળો છે તે બેય ભૂલા પડ્યા છે પણ કલ્યાણનો માર્ગ એ બેમાંથી કોઈને જડ્યો નથી, માટે એ વેદાંતી તે દંભી જ્ઞાની છે ને એ ઉપાસનાવાળો તે દંભી ભક્ત છે. **(૧)** ઈતિ વચનામૃતમ્ **॥૫૨॥** ૧

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે, તેમાં શ્રીજીમહારાજે સાંખ્ય, યોગ, વેદાંત ને પંચરાત્ર એ ચાર શાસ્ત્રે કરીને ભગવાનના સ્વરૂપને સમજે તેને પૂરો જ્ઞાની કહ્યો છે અને શાસ્ત્રને મૂકીને મનમતે વર્તે તેને દંભી જ્ઞાની ને દંભી ભક્ત કહ્યો છે. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** સાંખ્યને મતે ચોવીશ તત્ત્વના ભેળા જીવ-ઈશ્વરને ગણીને પચવીશમા પરમાત્મા કહ્યા તે મૂળપુરુષને કહ્યા છે; અને યોગ ને મતે તત્ત્વથી નોખા જીવ-ઈશ્વરને કહીને છવ્વીસમા પરમાત્મા કહ્યા તે પણ મૂળપુરુષને કહ્યા છે અને વેદાંત પણ એનો જ મહિમા કહે છે; પંચરાત્ર છે તે વાસુદેવ ભગવાને કર્યું છે તે શ્વેતદ્વીપપતિ વાસુદેવનું વર્ણન કરે છે એમ (**વ૦ ૨**/૨માં) કહ્યું છે, એવી રીતે ચારે શાસ્ત્ર જેમ મૂળપુરુષનું તથા વાસુદેવનું ધ્યાન-ભજન કરવાનું કહે છે, તેમ શ્રીજીમહારાજના ભક્તને શ્રીજીમહારાજનું સ્વરૂપ કેવી રીતે સમજવું ?

૧ **ઉ૦** જેમ સાંખ્યવાળે મૂળપુરુષ વિના જીવ-ઈશ્વર કાંઈ કરવા સમર્થ નથી એમ જાણીને મૂળપુરુષને પરમાત્મા કહ્યા છે, તેમ પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણના ભક્તોએ મૂળપુરુષ તેથી પર બ્રહ્મકોટી તેથી પર અક્ષરકોટી તે કોઈ શ્રીજીમહારાજ વિના કાંઈ કરવા સમર્થ નથી એમ જાણીને શ્રીજીમહારાજને પરમાત્મા જાણવા. **(૧)** અને જેમ યોગવાળા ત્રણ દેહથી ભિન્ન જીવાત્માને માનીને મૂળપુરુષની મૂર્તિનું ધ્યાન કરવાનું કહે છે તેમ શ્રીજીમહારાજના ભક્તને શ્રીજીમહારાજનું તેજ જે અક્ષરધામ તે રૂપ

પોતાના આત્માને માનીને શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવું. **(૨)** અને જેમ વેદાંત મૂળપુરુષને જીવ-માયાને વિષે વ્યાપક ને જીવ-માયાના કારણ જાણવા એમ કહે છે, તેમ પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણના ભક્તોએ પ્રત્યક્ષ શ્રીજીમહારાજને જીવ, માયા, મૂળપુરુષ, બ્રહ્મ, અક્ષર એ સર્વેને વિષે પોતાના તેજદ્વારે વ્યાપક ને એ સર્વેના આધાર, કર્તા, નિયંતા ને કર્મફળપ્રદાતા જાણવા. **(૩)** અને જેમ પંચરાત્રશાસ્ત્ર શ્વેતદ્વીપપતિ વાસુદેવને મચ્છકૂર્માદિક તથા રામકૃષ્ણાદિક સર્વ અવતારના કારણ જાણીને તેમની ભક્તિ કરવાનું કહે છે, તેમ શ્રીજીમહારાજના ભક્તોએ શ્રીજીમહારાજને અક્ષરાદિક સર્વે અવતારના કારણ અવતારી જાણીને તેમની ભક્તિ કરવી. **(૪)** આવી રીતે પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણને ચારે પ્રકારે જાણે તે પૂરો જ્ઞાની કહેવાય. **॥૫૨॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૫૩

❖ સંવત ૧૮૭૬ના મહા વદિ ૯ નવમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન હતા ને ધોળો સુરવાળ પહેર્યો હતો ને ધોળો અંગરખો પહેર્યો હતો ને જરકસી છેડાનું કસુંબલ ભારે શેલું કેડે બાંધ્યું હતું ને જરકસી છેડાનો ભારે કસુંબલ રેંટો માથે બાંધ્યો હતો ને તે પાઘમાં પુષ્પના તોરા ઝૂકી રહ્યા હતા ને કંઠમાં પુષ્પના હાર પહેર્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ સર્વે મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, કોઈ પ્રશ્ન પૂછો. ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે,
૧ **(૧) કોઈક તો સત્સંગમાં રહીને દિવસ દિવસ પ્રત્યે વૃદ્ધિને પામતો જાય છે ને કોઈક તો સત્સંગમાં રહીને દિવસ દિવસ પ્રત્યે ઘટતો જાય છે તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, મોટા જે સાધુ તેનો જે અવગુણ લે છે તે ઘટતો જાય છે ને તે સાધુનો જે જે ગુણ લે છે તેનું અંગ વૃદ્ધિ પામતું જાય છે ને તેને ભગવાનને વિષે ભક્તિ પણ વૃદ્ધિ પામે છે, માટે તે સાધુનો અવગુણ ન લેવો, ને ગુણ જ લેવો ને અવગુણ તો ત્યારે લેવો જ્યારે પરમેશ્વરની બાંધેલ જે પંચવર્તમાનની મર્યાદા તેમાંથી કોઈક વર્તમાનનો તે સાધુ ભંગ કરે ત્યારે તેનો અવગુણ લેવો, પણ કોઈ વર્તમાનમાં તો ફેર ન હોય ને તેની સ્વાભાવિક પ્રકૃતિ ઠીક ન જણાતી હોય તેને જોઈને તે સાધુમાં બીજા ઘણાક ગુણ હોય તેનો ત્યાગ કરીને જો એકલા અવગુણને જ ગ્રહણ કરે તો તેના જ્ઞાન-વૈરાગ્યાદિક જે શુભ ગુણ તે ઘટી જાય છે, માટે વર્તમાનમાં ફેર હોય તો જ અવગુણ લેવો પણ અમથો ભગવાનના ભક્તનો અવગુણ લેવો નહિ ને જો અવગુણ લે નહિ તો તેને શુભ ગુણની દિવસ દિવસ પ્રત્યે વૃદ્ધિ થાતી જાય છે. (૧)** ઇતિ ૧
વચનામૃતમ્ **॥૫૩॥**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં પંચવર્તમાને યુક્ત એવા જે અમારા મોટા સાધુ તેની સ્વાભાવિક પ્રકૃતિ દેખીને તેનો અવગુણ લે તેના ભક્તિ-જ્ઞાનાદિક શુભ ગુણ ઘટી જાય છે અને એવા સાધુનો ગુણ લે તો તેના શુભ ગુણ વૃદ્ધિ પામે છે. અને પંચવર્તમાનમાં ફેર હોય તો અવગુણ લેવો એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૧)** બાબત છે. (આ સ્વાભાવિક પ્રકૃતિનો ખુલાસો **પ્ર૦ ૩૧**ના ૧ પહેલા પ્રશ્નોત્તરમાં છે.) **॥૫૩॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૫૪

❖સંવત ૧૮૭૬ના મહા વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને જરિયાન છેડાવાળો કસુંબલ રેંટો ઓઢ્યો હતો અને આસમાની રંગનો જરિયાની રેશમનો ફેંટો માથે બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કંધમાં કહ્યું છે જે, ભાગવત ધર્મને આશર્યો જે જીવ તે આંખ્યું મીંચીને ચાલ્યો જાય તો પણ પડેય નહિ ને આખડેય નહિ તે ભાગવત ધર્મ તે કિયા ? પછે શ્રીજીમહારાજ બોલ્યા જેઃ-

**પ્રસંગમજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ ।**
**સ એવ સાધુષુ કૃતો મોક્ષદ્વારમપાવૃતમ્ ॥૧॥**

**જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે, તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના ભક્તને વિષે થાય તો એ ભગવાનના માર્ગ થકી કોઈ દિવસ પાછો પડે નહિ. (૧)** ૧

૨ પછી શુકમુનિએ પૂછ્યું જે, **(૨) ગમે તેવો આપત્કાળ પડે ને પોતાના ધર્મમાંથી ન ખસે તે કિયે લક્ષણે કરીને ઓળખાય ?** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જેને પરમેશ્વરના વચનની ખટક રહે અને નાનું-મોટું વચન લોપી શકે નહિ, એવી રીતનો જેનો સ્વભાવ હોય તેને ગમે તેવો આપત્કાળ આવે તો ય પણ એ ધર્મ થકી પડે જ નહિ, માટે જેને વચનમાં દૃઢતા છે તેનો જ ધર્મ દૃઢ રહે અને તેનો જ સત્સંગ પણ દૃઢ રહે. (૨)** ઇતિ વચનામૃતમ્ **॥૫૪॥** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં જીવને જેવો દેહના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે, તેવો અમારા ભક્તને વિષે થાય તે ભાગવત ધર્મ છે. **(૧)** બીજામાં અમારાં નાનાં-મોટાં વચન યથાર્થ પાળે તેનો જ ધર્મ ને સત્સંગ દૃઢ રહે છે, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં ભાગવત ધર્મ કિયા હશે ? એમ પૂછ્યું છે તેના ઉત્તરમાં શ્રીજીમહારાજે સંતનો પ્રસંગ રાખવાનું કહ્યું તેનો શો હેતુ હશે ?

૧ **ઉ૦** મને, વચને ને દેહે કરીને ભગવાન સંબંધી શુભ ક્રિયા કરવી તે ભાગવત ધર્મ છે, પણ એ ધર્મ મુક્તના પ્રસંગથી આવે છે માટે મુક્તનો પ્રસંગ રાખવાનું કહ્યું છે. **॥૫૪॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૫૫

❖❖સંવત ૧૮૭૬ના મહા વદિ ૧૧ એકાદશીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે ઉગમણે બાર ઓરડાની ઓસરી ઉપર વિરાજતા હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સંત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે પ્રશ્ન-ઉત્તર કરો. પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧)** જીવને ભજન-સ્મરણનો તથા વર્તમાનનો એક દઢાવ કેમ રહેતો નથી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ તો અશુભ એવા જે દેશ, કાળ, ક્રિયા ને સંગ તેને યોગે કરીને રહેતો નથી ને તે દઢાવ પણ ત્રણ પ્રકારનો છે : ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ. તેમાં જો ઉત્તમ દઢતા હોય ને દેશ, કાળ, ક્રિયા ને સંગ એ જો અતિ ભૂંડા થાય તો તે ઉત્તમ દઢતાને પણ ટાળી નાખે તો મધ્યમ ને કનિષ્ઠ દઢતાની તો શી વાત કહેવી ? અને દેશ, કાળ, ક્રિયા ને સંગ એ અતિ ભૂંડા થાય ને તેમાં પણ દઢતા જેમ છે એમ ને એમ જો રહે તો એને પૂર્વનું ભારે બીજબળ છે ને ભારે પુણ્ય છે; અને દેશ, કાળ, ક્રિયા ને સંગ અતિ પવિત્ર છે અને તેમાં પણ જો એની બુદ્ધિ મલિન થઈ જાય છે તો એને પૂર્વજન્મનું તથા આ જન્મનું કોઈ મોટું પાપ છે તે નડે છે અથવા કોઈ મોટા ભગવાનના ભક્તનો દ્રોહ થઈ ગયો છે તે એને નડે છે, કેમ જે દેશ, કાળ, ક્રિયા ને સંગ રૂડા છે તો ય પણ એનું અંતર ભૂંડું થઈ જાય છે. **(૧)** માટે હવે જો ૧
**મોટાપુરુષની સેવામાં ખબરદાર થઈને રહે તો એનાં પાપ બળીને ભસ્મ થઈ જાય અને જો અતિ પાપીનો સંગ થાય તો પાપનો વધારો થાય અને કાંઈક સુકૃત હોય તે પણ નાશ પામે અને મદિરાપાનની કરનારી જે પાતર્યો તેના ગળામાં હાથ નાખીને બેસે અને પછી પરમેશ્વરનો વાંક કાઢે જે, મારું મન કેમ ઠેકાણે રાખ્યું નહિ ? તેને તો મહા મૂર્ખ જાણવો. (૨)** ૨
ઇતિ વચનામૃતમ્ **।।૫૫।।**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે, તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે દેશકાળાદિક અતિ ભૂંડા થાય તો અમારા ભજન-સ્મરણની તથા વર્તમાનની ઉત્તમ દઢતાને પણ ટાળી નાખે અને જેને પૂર્વનું ભારે બીજબળ ને ભારે પુણ્ય હોય તેની દઢતા ટળે નહિ અને જેણે પૂર્વજન્મે તથા આ જન્મે મોટું પાપ કર્યું હોય અથવા અમારા મોટા ભક્તનો દ્રોહ કર્યો હોય તેને દેશ, કાળ, સંગાદિક અતિ પવિત્ર હોય તો પણ તેનું અંતર ભૂંડું થઈ જાય છે. **(૧)** અને તે જો ખબરદાર થઈને એવા મોટાપુરુષની સેવા કરે તો એ પાપ બળીને ભસ્મ થઈ જાય છે માટે સારા દેશાદિક સેવવા. **(૨)** બાબતો છે. (આ દેશકાળનું રૂપ **પ્ર૦ ૨૯**ના પહેલા પ્રશ્નોત્તરમાં કર્યું છે.)

૧ **પ્ર૦** પહેલી બાબતમાં ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ દઢતા કહી તેનાં લક્ષણ કેવાં હશે ?

૧ **ઉ૦** રૂપવાન સ્ત્રીઓનો ને સારા ખાનાપાનાદિકનો યોગ હંમેશાં રહે તો દેહાભિમાન ટળ્યું નથી તેથી ડગી જાય અને શ્રીજીમહારાજના ધ્યાન-ભજનમાં પણ તે સ્ત્રીઆદિકના સંકલ્પ વિક્ષેપ કરે તે કનિષ્ઠ દઢતા કહેવાય અને એકાંતમાં રૂપવાન સ્ત્રીઓનો તથા ખાનપાનાદિકનો યોગ હંમેશાં રહે તો ડગી જાય, અને ભજન-સ્મરણમાં પણ તે સંબંધી સંકલ્પ થાય તે મધ્યમ દઢતા કહેવાય. અને રૂપવાન સ્ત્રીઓ ધર્મથી પાડવા સારુ ઘણુંક દ્રવ્યાદિક આપીને પણ ધર્મથી પાડવાનો અતિ આગ્રહ કરે તથા દુષ્ટ કર્મ કરનારા પાપી લોકો નાત બહાર મૂકે તથા ધર્મમાંથી પાડવા સારુ વ્યવહારમાં અનેક પ્રકારની ઉપાધિઓ કરે તેને સહન કરી શકે નહિ ને ધર્મથી ડગી જાય ને એ ઉપાધિની ચિંતાએ કરીને ભજન-સ્મરણ પણ વિક્ષેપ રહિત થાય નહિ તે ઉત્તમ દઢતા જાણવી. અને આવી ઉપાધિને પણ આત્મવિચારે કરીને દેહ પર્યંત સહન કરે પણ પોતાના નિયમમાંથી પડે નહિ ને ભજનમાં પણ એ વિષેનો સંકલ્પ થાય જ નહિ તે અતિ ઉત્તમ દઢતા કહેવાય તે દેશકાળે કરીને પણ ટળે નહિ.

૨ **પ્ર૦** દેશાદિક અતિ ભૂંડા થાય તો પણ દઢતા હોય તેવી ને તેવી રહે તેને ભારે બીજબળ ને ભારે પુણ્ય કહ્યું તે બીજબળ તથા પુણ્ય તે શું હશે ?

૨ ઉ૦ પોતાને પુરુષપ્રયત્ને કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચાર સાધને સંપન્ન થયો હોય તે ભારે બીજબળ કહ્યું છે. અને જે શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં રહ્યા હોય ને બીજાને મૂર્તિને સુખે સુખિયા કરતા હોય ને પંચવર્તમાન દઢ પાળતા-પળાવતા હોય એવા અતિશે મોટા મુક્તની નિષ્કામભાવે અતિશે સેવા કરીને તેમની પ્રસન્નતા મેળવી હોય તે ભારે પુણ્ય કહ્યું છે, એવાને દેશકાળાદિક અતિ મલિન હોય તો પણ તેની દઢતા લેશમાત્ર ટળે નહિ.

૩ પ્ર૦ બીજી બાબતમાં મદિરા ને પાતર્યો કહી તે મદિરા તથા પાતર્યો કોને જાણવી ?

૩ ઉ૦ ઇન્દ્રિયોને ને પંચવિષયને એકતા છે, માટે વિષયરૂપી મદિરા પીનારી ઇન્દ્રિયોને પાતર્યો કહી છે. તે ઇન્દ્રિયોનો દોર્યો દોરાય તેને ઇંદ્રિયોરૂપી વેશ્યાના ગળામાં હાથ નાખીને બેસે એમ કહ્યું છે. ॥૫૫॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૫૬

❖સંવત ૧૮૭૬ના મહા વદિ ૧૨ દ્વાદશીને દિવસ સાંજને સમે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ આથમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને જરિયાન કસુંબલ રેંટો ઓઢ્યો હતો ને માથે ફરતા છેડાનો કસુંબી રેંટો બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને નારાયણ ધુન્ય કરીને મુનિ ઝાંઝ-મૃદંગ લઈને કીર્તન ગાવતા હતા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે કીર્તન રાખો ને ઘડીક પ્રશ્ન-ઉત્તર કરીએ. એમ કહીને વળી
૧ શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો હું પ્રશ્ન પૂછું છું જે, **(૧)** શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં ચાર પ્રકારના ભક્ત કહ્યા છે તેમાં જ્ઞાનીને અધિક કહ્યો છે અને ચારેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય તો સરખો છે, માટે જ્ઞાની તે કેઈ રીતે વિશેષ છે ? પછી એ પ્રશ્નનો ઉત્તર મુનિએ કરવા માંડ્યો પણ થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જ્ઞાની છે તે તો બ્રહ્મસ્વરૂપે વર્તે છે, માટે એને ભગવાનના સ્વરૂપ વિના બીજી મનમાં કાંઈ કામના રહેતી નથી અને બીજા જે ત્રણ પ્રકારના ભક્ત છે તેને ભગવાનનો નિશ્ચય તો છે તો ય પણ પોતાને વિષે દેહાત્મબુદ્ધિ વર્તે છે તે માટે એને ભગવાન વિના બીજી કામના રહી જાય છે તે માટે જ્ઞાનીને બરોબર થાતા નથી, તે સારુ ભગવાનના ભક્તને ભગવાન વિના બીજી કોઈ જાતની કામના રહે એ મોટી
ખોટ્ય છે. **(૧)** અને જેને કોઈ જાતની વાસના ન હોય ને તીવ્ર વૈરાગ્યવાન હોય અને જો ૧
તે વૈરાગ્યને યોગે અહંકારે યુક્ત વર્તે તો એ પણ એને વિષે મોટી ખોટ્ય છે અથવા અત્યંત આત્મજ્ઞાનનું બળ હોય અથવા ભગવાનને વિષે દઢ ભક્તિનું બળ હોય ને તેના માનને યોગે કરીને જો ગરીબ હરિભક્તને નમાય નહિ અથવા તેની આગળ દીન વચન બોલાય નહિ તો એ પણ એને વિષે મોટી ખોટ્ય છે તે ખોટ્યે કરીને એ હરિભક્તનું અંગ વૃદ્ધિને ન પામે. જેમ સલાટ કૂવો ખોદતો હોય અને જો હેઠે પાણો પોલો બોલે તો સલાટ એમ કહે જે પાણી ઘણું થાશે ને જો ઉપરથી રણકતો હોય ને માંહી કાપે ત્યારે અગ્નિ ઝરે તો સલાટ એમ કહે જે, આ કૂવામાં પાણી થાશે તો અર્ધા કોશનું કે પા કોશનું થાશે પણ વધુ નહિ થાય, તેમ જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તેના માનમાં જે અટંટ રહે, તો એ મોટો તો કહેવાય પણ જેવું

અર્ધા કોશનું કે પા કોશનું પાણી થયું એવો મોટો થાય **પણ જેવા નિર્માની ભક્તમાં મોટા ગુણ આવે તેવા મોટા ગુણ એમાં ન આવે, માટે જેને ભગવાનને પ્રસન્ન કરવા હોય તેને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા બીજા કોઈ શ્રેષ્ઠ ગુણ હોય તેને અભિમાને કરીને અટંટ થાવું નહિ** તો એ પુરુષના હૃદયને વિષે પ્રગટ પ્રમાણ એવા જે શ્રી નરનારાયણ તે પ્રસન્ન થઈને નિવાસ કરીને રહે છે. **(૨)** ૨

૨ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** હે મહારાજ ! જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા બીજા જે શુભ ગુણ તેને યોગે કરીને માન આવે તે માનને કિયા ઉપાયે કરીને ટાળવું ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **ભગવાનના ભક્તનું માહાત્મ્ય જાણીને પોતે દેહે કરીને તેમને નમસ્કાર કરે તથા તેમની સેવા-ચાકરી કરે ને જો હૈયામાં માનનો સંકલ્પ થાય તો તેને ઓળખે ને વિચારનું બળ રાખે તો માન ટળી જાય** અને અતિશે પ્રેમલક્ષણા ભક્તિ હોય ને તે ભક્તિએ કરીને ભગવાન તેને વશ વર્તતા હોય અને જો તે ભક્તિનું ભક્તના હૃદયમાં માન આવે તો ય પણ એને અતિ ખોટ્ય છે, અને આત્મજ્ઞાનનું માન હોય અથવા વૈરાગ્યનું માન હોય પણ તે અભિમાન તો દેહાત્મબુદ્ધિને જ દૃઢ કરાવે, માટે **ભગવાનના ભક્ત હોય તેને કોઈ પ્રકારે અભિમાન રાખવું નહિ, એ જ ભગવાનને રાજી કર્યાનો ઉપાય છે અને અંતર્દષ્ટિવાળા જે ભગવાનના ભક્ત હોય તે જો તપાસીને પોતાના હૃદય સામું જુએ તો જ્યારે લગારે માન આવતું હશે ત્યારે હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની નજર કરડી દેખાતી હશે, અને જ્યારે નિર્માનીપણે વર્તાતું હશે ત્યારે પોતાના હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની દૃષ્ટિ અતિ પ્રસન્ન જણાતી હશે, માટે ભગવાનના ભક્ત હોય તેને વિચારનું બળ રાખીને કોઈ પ્રકારનું માન ઉદે થાવા દેવું નહિ** અને જો માન સહિત જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ હોય તો, જેમ સોનું હોય ને તેમાં ભેગ ભળે ત્યારે તે સોનું પનરવલું કહેવાય ને તેથી વધતો ભેગ ભળે તો બારવલું કહેવાય ને તેથી વધતો ભેગ ભળે તો આઠવલું કહેવાય, તેમ એ ભક્તને જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિમાં જેમ જેમ અહંકારનો ભેગ ભળતો આવે તેમ તેમ એ ત્રણે ઓછાં થાતાં જાય છે, માટે માન રહિત જે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તે તો સોળ વલ્લા સોના જેવા છે. અને માન સહિત હોય તે ઉપરથી તો એને ઘણો શોભાડે પણ એના અંતરમાં ઝાઝું બળ હોય નહિ, ત્યાં દૃષ્ટાંત છે : જેમ પચાસ કોટી યોજન પૃથ્વી તે સમુદ્ર, પર્વત ને સર્વ ભૂત પ્રાણીમાત્ર તેનો આધાર છે, માટે ઘણી બળવાન જણાય છે, ને તે થકી જળ વળી ઘણું બળવાન જણાય છે, જે જળને વિષે પૃથ્વી છાણાની પેઠે તરે છે. અને જળ થકી તેજમાં ઘણું બળ જણાય છે. અને તેજ થકી વાયુમાં ઘણું બળ જણાય છે અને આકાશનું તો કાંઈ બળ જણાતું નથી પણ આકાશ સર્વેથી બળવાન છે કાં જે એ ચારેનો આકાશ આધારરૂપ છે, તેમ માન રહિત જે એ ભક્તનાં જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તે આકાશ સરખાં બળવાન છે, માટે ઉપરથી તો જણાય નહિ પણ **નિર્માની ભક્ત તે સૌથી શ્રેષ્ઠ છે.** ને જેમ બાળક હોય તે દિવસ કાંઈ માનનો

ઘાટ-સંકલ્પ હોય નહિ તેમ જ સાધુને તો ગમે તેટલી પૂજા-પ્રતિષ્ઠા થાતી હોય પણ બાળકની પેઠે માન રહિત વર્તવું. **(૩)** ૩

૩ પછી વળી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૩)** ઇન્દ્રિયો, અંતઃકરણ ને પ્રાણ તથા જાગ્રત, સ્વપ્ન, ને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ શરીર એ સર્વે થકી જીવનું સ્વરૂપ ન્યારું છે, એવું સત્સંગમાંથી સાંભળીને દઢ નિશ્ચય કર્યો છે, તો ય પણ ઇન્દ્રિયો-અંતઃકરણાદિક ભેળો ભળીને સુખરૂપ એવો જે જીવાત્મા તે પરમાત્માનું ભજન-સ્મરણ કરતો થકો સંકલ્પને યોગે કરીને દુઃખિયો કેમ થઈ જાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે, ઇત્યાદિક અનંત પ્રકારની મોટ્યપ પામે છે તથા પરમપદને પામે છે એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થાતી નથી,** માટે શાસ્ત્રમાંથી આત્મા-અનાત્માની વિગત સમજીને અથવા કોઈક મોટા સંતના મુખથી વાત સાંભળીને જાણે જે, હું આત્મા-અનાત્માની વિગતિ કરી લેઉં એમ વિગતિ થાતી નથી, એ તો એ જીવને જેટલી પોતાના ઇષ્ટદેવ જે પરમેશ્વર તેને વિષે નિષ્ઠા હોય તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે પણ ઇષ્ટદેવના બળ વિના તો કોઈ સાધન સિદ્ધ થાતાં નથી ને જેને ગોપીઓના જેવી પ્રેમલક્ષણા ભક્તિ છે તેને તો સર્વે સાધન સંપૂર્ણ થયાં છે અને જેને એવો પ્રેમ ન હોય તેને તો ભગવાનનો મહિમા સમજવો જે, ભગવાન તો ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મમહોલ તેના પતિ છે અને મનુષ્ય જેવા જણાય છે તે તો ભક્તના સુખને અર્થે જણાય છે, પણ એની એ મૂર્તિ છે તે ગોલોકાદિક જે પોતાનાં ધામ તેને વિષે એક એક નખમાં કોટી કોટી સૂર્યના પ્રકાશે યુક્ત જણાય છે ને મર્ત્યલોકને વિષે તો એ ભગવાનની મનુષ્ય સેવા કરે છે ને દીવો કરે ત્યારે એને આગળ પ્રકાશ થાય છે પણ એ તો સૂર્ય-ચંદ્રાદિક સર્વેને પ્રકાશના દાતા છે ને ગોલોકાદિક જે ધામ છે તેને વિષે તો રાધિકા-લક્ષ્મી આદિક જે પોતાના ભક્ત છે તેમણે નિરંતર સેવ્યા એવા એ ભગવાન છે અને જ્યારે બ્રહ્માંડોનો પ્રલય થઈ જાય છે ત્યારે **આ પ્રગટ ભગવાન છે** તે જ એક રહે છે ને પછી સૃષ્ટિ રચવાને સમે પણ પ્રકૃતિપુરુષદ્વારે કરીને અનંતકોટી બ્રહ્માંડોને એ જ ભગવાન ઉપજાવે છે, એવી રીતે ભગવાનનો મહિમા વિચારવો એ જ આત્મા-અનાત્માના વિવેકનું કારણ છે ને જેટલી એ ભગવાનને વિષે નિષ્ઠા છે તેટલો જ એ ભક્તના હૃદયમાં વૈરાગ્ય આવે છે, **માટે બીજા સાધનના બળને તજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું અને જે એવો ભક્ત હોય તે તો એમ સમજે જે, ગમે તેવો પાપી હોય ને અંતસમે જો તેને સ્વામિનારાયણ એવા નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વ પાપ થકી છૂટીને, બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે એવો ભગવાનનો પ્રતાપ મોટો છે માટે ભગવાનનું બળ રાખવું.** જેમ ધ્રુવજી હતા તેણે યક્ષ સાથે લડાઈ કરી ત્યારે ધ્રુવ પાસે નરનારાયણનું આપેલું નારાયણ અસ્ત્ર હતું તે એક લાખ ને ત્રીસ હજાર ને ઉનમાને નારાયણ અસ્ત્રે કરીને યક્ષ માર્યા તે યક્ષ

સર્વે મહાકામી ને અતિ પાપી હતા, તો ય પણ નારાયણ અસ્રને પ્રતાપે કરીને ઊર્ધ્વરેતા જે મુનિ તે જે લોકને પામે છે તે લોકને પામ્યા, માટે નરનારાયણના અસ્રમાં એટલો પ્રતાપ છે, તો જેને પ્રગટ નરનારાયણ મળ્યા હોય તેનું નામસ્મરણ કરતા હોય, ને ધ્યાન કરતા હોય અને જે સત્સંગના નિયમ હોય તેને સર્વેને શિરસાટે પાળતા હોય તેના કલ્યાણમાં શું સંશય છે ? એમ માહાત્મ્ય સમજે તે સારુ જે **ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની ઉપાસનાનું બળ સત્સંગ કરીને દિવસે દિવસે વૃદ્ધિ પમાડવું. (૪)** ઇતિ વચનામૃતમ્ ॥૫૬॥ ૪

**રહસ્યાર્થ પ્રદી૦**– આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે ત્રણ પ્રકારના ભક્તથી જ્ઞાનીને અધિક કહ્યો છે. (૧) અને જ્ઞાન, ભક્તિ આદિક ગુણનું માન આવે તેમાં મોટા ગુણ નથી આવતા અને એ ગુણનું માન રાખે નહિ તેના હૃદયમાં અમે નિવાસ કરીને રહીએ છીએ. **(૨)** બીજામાં ભક્તનું માહાત્મ્ય જાણીને સેવા કરે ને વિચારનું બળ રાખે તો એ રૂડા ગુણનું માન ટળી જાય છે. **(૩)** ત્રીજામાં અમે સર્વે ધામોના પતિ છીએ ને ભક્તના સુખને અર્થે મનુષ્ય જેવા દેખાઈએ છીએ પણ અમે ધામને વિષે એક એક નખમાં કોટી કોટી સૂર્યના પ્રકાશે યુક્ત છીએ ને આંહીં તો દીવો કરે ત્યારે અમારું દર્શન થાય છે પણ એ સર્વેને પ્રકાશના દાતા છીએ અને મહાપ્રલય થાય છે ત્યારે પણ અમે એક જ ભગવાન રહીએ છીએ. અને પ્રકૃતિપુરુષ દ્વારા એ અનંતકોટી બ્રહ્માંડને અમે જ ઉપજાવીએ છીએ અને ગમે તેવો પાપી જીવ હોય તે અંતસમે અમારું સ્વામિનારાયણ એવું નામ-ઉચ્ચારણ કરે તો અમારા ધામને વિષે નિવાસ કરે એવો અમારો પ્રતાપ છે, એવો અમારો મહિમા જાણે તો શુદ્ધ આત્મારૂપ એટલે અમારા તેજરૂપ થઈને પરમપદ એટલે અમારા સાધર્મ્યપણાને પામે છે એમ કહ્યું છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦ પહેલા પ્રશ્નમાં આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી ને જ્ઞાની એ ચાર પ્રકારના ભક્ત કહ્યા તેમનાં લક્ષણ શાં હશે ?**

૧ **ઉ૦** શ્રીજીમહારાજ વિના બીજા કોઈ પાસેથી દુઃખની નિવૃત્તિ ઇચ્છે નહિ તે આર્ત જાણવો. અને સ્ત્રી, ધન ને રાજ્યાદિકની ઇચ્છા હોય તે શ્રીજીમહારાજ વિના બીજા કોઈ દેવ પાસેથી ન ઇચ્છે તે અર્થાર્થી જાણવો. અને શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજી આત્મદર્શનાદિકની ઇચ્છા રાખે તેને જિજ્ઞાસુ જાણવો. તે જિજ્ઞાસુનું લક્ષણ (**છે૦ ૫**ના ૩/૪ ત્રીજા પ્રશ્નમાં) કહ્યું છે અને પોતે અક્ષરધામરૂપ થઈને શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાઈ રહે અને મૂર્તિ વિના બીજું કાંઈ પણ ઇચ્છે નહિ તેને જ્ઞાની ને નિષ્કામ જાણવો.

૨ **પ્ર૦** શ્રીજી પાસેથી ઇચ્છે તેને સકામ કહ્યા, તો બીજા દેવ પાસેથી ઇચ્છે તેને કેવા જાણવા ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજ વિના બીજા કોઈ દેવ પાસેથી કાંઈ પણ ઇચ્છે તો તે સકામ ભક્ત પણ ન કહેવાય; તે તો ગુણબુદ્ધિવાળો પ્રાકૃત ને અજ્ઞાની ભક્ત કહેવાય અને એની ભક્તિ (**મ૦ ૧૯**/૨માં તથા **છે૦ ના ૧૬**માં ) વેશ્યાના જેવી કહી છે.

૩ **પ્ર૦** (૧/૨ પહેલા પ્રશ્નમાં) તીવ્ર વૈરાગ્ય, આત્મજ્ઞાન, ને ભક્તિનું માન આવે તેમાં મોટા ગુણ નથી આવતા એમ કહ્યું તે એવા રૂડા ગુણનું માન આવ્યાનું શું કારણ હશે ?

૩ **ઉ૦** જેને શ્રીજીમહારાજનો મહિમા યથાર્થ ન સમજાણો હોય ને એમના ભક્તને વિષે દિવ્યભાવ ન આવ્યો હોય પણ પોતાને માયિક પદાર્થમાંથી વૈરાગ્ય થયો હોય તેને બીજા ભક્તને વિષે વૈરાગ્યમાં ખામી દેખીને માન આવે જે હું વૈરાગ્યવાન છું એવા બીજા નથી અને પોતાને આત્મસ્વરૂપનું જ્ઞાન થયું હોય પણ આત્માને વિષે સ્થિતિ ન થઈ હોય તેને બીજાને વિષે જ્ઞાન દેખવામાં ન આવે તેથી એમ જાણે જે, મારા જેવું જ્ઞાન બીજામાં નથી અને જે અતિશે માળા, માનસીપૂજા, ભજનસ્મરણ કરતો હોય તે આ ઠેકાણે ભક્તિ કહી છે તે ભક્તિ બીજાને વિષે ન દેખે તો એમ જાણે જે, મારા જેવી ભક્તિ બીજા કરતા નથી; હું સર્વથી ઝાઝી ભક્તિ કરું છું, એવી રીતે માન આવે, તે જો અતિશે મોટા સત્પુરુષની સેવા ને સમાગમે કરીને શ્રીજીમહારાજનો યથાર્થ મહિમા સમજે તો માન ટળી જાય ને એને વિષે શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને સાક્ષાત્ વિરાજમાન રહે એવા મોટા ગુણ આવે છે.

૪ **પ્ર૦** (૨/૩ બીજા પ્રશ્નમાં, અતિશે પ્રેમલક્ષણા ભક્તિએ કરીને અમે એને વશ વર્તતા હોઈએ તેનું માન આવે તે મોટી ખોટ્ય

છે એમ કહ્યું તે ભક્તિ કઈ જાણવી ? અને શ્રીજીમહારાજ એને વશ કેવી રીતે વર્તતા હશે ? અને અંતર્દષ્ટિવાળાને માન કેવી રીતે આવતું હશે?

૪ ઉ૦ જે ભક્ત પ્રેમમગ્ન થઈને રોમાંચિત ગાત્ર ને ગદ્‌ગદ કંઠ થઈને, શ્રીજીમહારાજની માનસીપૂજા, ધ્યાન-ભજન કરે તેવી ભક્તિને આ ઠેકાણે પ્રેમલક્ષણા કહી છે અને એવા ભક્તના અંતરને વિષે શ્રીજીમહારાજ સર્વ ક્રિયામાં દર્શન આપતા હોય તે વશ વર્તે છે એમ જાણવું પણ એને પોતાના આત્માને વિષે શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર નથી થયો તેથી સત્સંગ દિવ્ય જણાણો નથી, તેથી બીજાથી પોતાને સરસ માને છે તે માનરૂપ ખોટ્ય છે, અને સાક્ષાત્કારવાળાને તો માનનો સંભવ જ નથી અને અંતર્દષ્ટિવાળાને માન આવે છે એમ કહ્યું છે તે પણ ધ્યાને કરીને અંતરને વિષે મૂર્તિ દેખે છે પણ જીવાત્માને વિષે શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર નથી, માટે બીજા ધ્યાન ન કરતા હોય તેનાથી પોતાને સરસ માને, માટે એને લગારેક માન આવે છે એને પણ આત્માને વિષે સાક્ષાત્કાર થાય તો માન ન આવે.

૫ **પ્ર૦** (૩/૪ ત્રીજા પ્રશ્નમાં) અમારી ઉપાસનાને બળે કરીને સિદ્ધ, સર્વજ્ઞ ને દેવતા થાય છે તથા પરમપદને પામે છે તે કેવા થાય તે સિદ્ધ, સર્વજ્ઞ ને દેવતા કહેવાય, ને પરમપદને પામ્યા કહેવાય ?

૫ ઉ૦ પ્રકૃતિપુરુષના કાર્યમાં તથા બ્રહ્મકોટી તથા મૂળઅક્ષરકોટીના ઐશ્વર્યમાં ક્યાંય મોહ પામે નહિ ને માયિક વિષય તથા અક્ષરાદિકનાં ઐશ્વર્ય તેને વિષે સમભાવ થઈ જાય તેને આ ઠેકાણે સિદ્ધ કહ્યા છે. અને એક ઠેકાણે રહ્યા થકા સર્વત્ર દેખે ને સર્વના અંતરને વિષે પ્રવેશ કરે અને સર્વના અંતરનું જાણે તેને સર્વજ્ઞ કહ્યા છે, અને મૂળઅક્ષરની પદવીને પામે તેને દેવતા કહ્યા છે, અને શ્રીજીમહારાજની મૂર્તિમાં રહે તે પરમપદ કહ્યું છે.

૬ **પ્ર૦** (૩/૪ પ્રશ્નમાં) જેટલી ઇષ્ટદેવને વિષે નિષ્ઠા હોય તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે એમ શ્રીજીમહારાજે કહ્યું તેનો શો હેતુ હશે ?

૬ ઉ૦ (**પ્ર. ૬૪**/૧માં) શરીર-શરીરી ભેદ કહ્યો છે તેવી રીતે આ ઠેકાણે આત્મા-અનાત્મા એટલે શરીર-શરીરી ભાવનો વિવેક સમજવાનું કહ્યું છે તે જે રામચંદ્રજીના ઉપાસક હોય તે રામચંદ્રજીને પરમાત્મા સમજે અને તેમનો પ્રકાશ તે આત્મા સમજાય અને પોતાને પણ એ તેજરૂપ સમજે, માટે તેમની ઉપાસનાને બળે એટલી જ આત્મનિષ્ઠા સિદ્ધ થાય અને તેમના તેજથી ને પોતાથી જે ઓરું રહ્યું તે સર્વ અનાત્મા સમજાય. અને તેમજ મૂળપુરુષના ઉપાસક મૂળપુરુષને પરમાત્મા સમજે અને તેમના તેજને આત્મા સમજાય અને પોતાને એમના તેજરૂપ માને એટલી આત્મનિષ્ઠા પ્રાપ્ત થાય અને તેથી ઓરા જે પ્રધાનપુરુષાદિક તે સર્વ અનાત્મા સમજાય અને વાસુદેવબ્રહ્મની ઉપાસના મળી હોય તે તેમને પરમાત્મા સમજે અને તેમના તેજને આત્મા સમજીને તે રૂપ પોતાને માને એટલી આત્મનિષ્ઠા પ્રાપ્ત થાય અને તે બ્રહ્મથી ઓરા મૂળપુરુષાદિક સર્વને અનાત્મા સમજે અને મૂળઅક્ષરના ઉપાસક મૂળઅક્ષરને પરમાત્મા સમજે અને તેના તેજને આત્મા સમજે ને તે આત્મારૂપ પોતાને સમજે અને વાસુદેવાદિક સર્વ અનાત્મા સમજાય. અને શ્રીજીમહારાજનો ઉપાસક શ્રીજીમહારાજની ઉપાસનાને બળે શ્રીજીમહારાજના તેજને આત્મા સમજે અને પોતાને એ આત્મારૂપ માને ત્યારે સંપૂર્ણ આત્મનિષ્ઠાની સિદ્ધિ થાય અને તેથી ઓરા મૂળઅક્ષરાદિક સર્વ અનાત્મા સમજાય, એવી રીતે જે જે ઇષ્ટદેવની ઉપાસના થાય તે તે ઇષ્ટદેવના તેજરૂપ પોતાને સમજે એટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય એમ સમજવું.

૭ **પ્ર૦** (**કા૦ ૭**ના ૪/૫ ચોથા પ્રશ્નમાં, **મ૦ ૧**/૩માં, **૨૦**/૧માં, **વ૦ ૧૩**ના બીજા પ્રશ્નમાં તથા **અ૦ ૧**ના પહેલા પ્રશ્નમાં) એમાં સિદ્ધદશા કહી તે કેવી જાણવી ?

૭ ઉ૦ (**મ૦ ૧**માં) સિદ્ધદશા કહી તે આમાં સિદ્ધ કહ્યા તેવી જાણવી અને (**કા૦ ૭**માં તથા **અ૦ ૧**માં તથા **મ૦ ૨૦**માં) કહી તે સરખી છે અને (**વ૦ ૧૩**માં) સિદ્ધદશા કહી તે આમાં સર્વજ્ઞ કહ્યા તેના જેવી જાણવી. આમાં પરમપદ સર્વથી અધિક છે.

૮ **પ્ર૦** પ્રેમલક્ષણા ભક્તિ આવે તો સર્વે સાધન સંપૂર્ણ થાય એમ કહ્યું તે કેવી જાણવી ?

૮ ઉ૦ જગત સંબંધી સર્વે વિષય હરામ કરીને પાંચે પ્રકારે શ્રીજીમહારાજ સાથે જોડાણા હોય ને શ્રીજીમહારાજ વિના ક્ષણ માત્ર રહેવાય નહિ એવી પ્રેમલક્ષણા ભક્તિ આ ઠેકાણે કહી છે.

૯ **પ્ર૦** સર્વ બ્રહ્માંડોનો પ્રલય થઈ જાય છે ત્યારે પ્રગટ ભગવાન જે અમે તે અમે એક જ રહીએ છીએ એમ શ્રીજીમહારાજે કહ્યું

તે પ્રલય તો મૂળપુરુષના કાર્યનો થાય છે એમ (**પ્ર૦ ૧૨**ના બીજા પ્રશ્નમાં) કહ્યું છે અને મૂળપુરુષ ઈશ્વર તે વાસુદેવબ્રહ્મ ને સમીપે જઈને રહે છે એમ તમે એ જ વચનામૃતના (૩ ત્રીજા પ્રશ્નોત્તરમાં) કહ્યું છે. તેમ જોતાં તો ઈશ્વરકોટી, બ્રહ્મકોટી, અક્ષરકોટી તથા મુક્તકોટી એ સર્વે અચળ રહે છે, ને અમે એકલા જ રહીએ છીએ એમ શ્રીજીમહારાજે કહ્યું તે કેવી રીતે સમજવું ?

૯ **ઉ૦** અમે એક જ ભગવાન રહીએ છીએ એમ કહ્યું તે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય એ સર્વે કાળે ભગવાન તો અમે એક જ છીએ પણ અમે જેની જેની પાસે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરાવીએ છીએ તે કોઈ ભગવાન નથી; ભગવાન તો અમે એક જ છીએ એમ કહ્યું છે, પણ અમારા વિના બીજું કાંઈ રહેતું નથી એમ કહ્યું હોય તો (**પ્ર૦ ના ૩૭**/૩ માં) પ્રલયકાળે અમે તથા અમારા મુક્ત સદા સાકાર રહીએ છીએ એમ કહ્યું છે અને આ ઠેકાણે મુક્તને પણ ગણ્યા નથી, માટે જો અમારા વિના બીજું કોઈ રહેતું નથી એમ કહ્યું હોય તો તો આ વચનામૃતમાં પોતાના મુક્તોને પોતાના ભેળા ગણવા જોઈએ, માટે અમે એક જ રહીએ છીએ એમ આ ઠેકાણે કહેવું નથી; આ ઠેકાણે તો પોતાનું ભગવાનપણું કહેવું છે જે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયકાળે અમે એક જ ભગવાન છીએ પણ અમારા વિના બીજો કોઈ ભગવાન નથી એમ પોતાનું ભગવાનપણું તથા કર્તાપણું કહ્યું છે, અને મુક્તકોટી, અક્ષરકોટી, બ્રહ્મકોટી તથા મૂળપુરુષ ઈશ્વરકોટી તે તો સદા અચળ રહે છે.

**૧૦ પ્ર૦** પાપી જીવ અંતકાળે સ્વામિનારાયણ નામનું ઉચ્ચારણ કરે એટલામાં જ શ્રીજીમહારાજનો બ્રહ્મમહોલ જે અક્ષરધામ તેને પામે ત્યારે આજ્ઞા પાળે તેને શો વિશેષ છે ?

**૧૦ ઉ૦** પાપી જીવને અંતકાળે શ્રીજીમહારાજનું નામ-ઉચ્ચારણ કરવાનું સૂઝે જ નહિ, પણ શ્રીજીમહારાજે ઉચ્છવ સમૈયા કર્યા હોય તે તેના દેખ્યામાં આવેલા હોય તે એના અંત વખતે સાંભરી આવે કે તે વખતે સંત કે સત્સંગી આવી ચડ્યા હોય ને તેમણે ઉપદેશ કરીને શ્રીજીમહારાજનું નામ એના મુખ થકી ઉચ્ચારણ કરાવ્યું હોય તે જ વખતે તેનો દેહ પડે તો શ્રીજીમહારાજ પોતાના ધામમાં એ જીવને લઈ જાય, પણ એવો યોગ ક્વચિત્ બને પણ સર્વને એવો યોગ ન આવે, કેમ જે પાપી જીવ તો એમ જાણે જે હું પાપી છું તે મારું કલ્યાણ નહિ જ થાય એમ એની મતિમાં રહ્યું છે માટે તેનું કલ્યાણ ન થાય અને ભક્તની મતિમાં તો મારું કલ્યાણ થઈ જ રહ્યું છે એમ હોય માટે તેનું કલ્યાણ થાય, માટે કલ્યાણ તો શ્રીજીમહારાજના આશ્રયે કરીને જ થાય છે અને પ્રસન્નતા પણ શ્રીજીમહારાજની આજ્ઞા પાળવાથી જ થાય છે, માટે જે કોઈ સ્વામિનારાયણના નામ-ઉચ્ચારણથી પાપ બળી જાય એમ જાણીને આજ્ઞા લોપે તે તો મહાઅધમ, નાસ્તિક અને ચંડાળ છે ને એનું કલ્યાણ થાતું નથી ને એના સંગ કરનારનું પણ કલ્યાણ થાતું નથી.

**૧૧ પ્ર૦** નરનારાયણના આપેલા અસ્ત્રે કરીને ધ્રુવજીએ યક્ષ માર્યા એમ કહ્યું તે નરનારાયણ કિયા જાણવા ? અને પ્રગટ નરનારાયણ કહ્યા તે કિયા જાણવા ?

**૧૧ ઉ૦** ધ્રુવજીને મળ્યા તે નરનારાયણ જે બદરિકાશ્રમને વિષે દર્શન આપે છે તેમને કહ્યા છે અને પ્રગટ નરનારાયણ પોતાને કહ્યા છે.

**૧૨ પ્ર૦** ધ્રુવ, નરનારાયણ, અસ્ત્ર તથા યક્ષના દષ્ટાંતનો સિદ્ધાંત શો હશે ?

**૧૨ ઉ૦** ધ્રુવજીને ઠેકાણે ભક્ત જાણવા અને નરનારાયણને ઠેકાણે શ્રીજીમહારાજને જાણવા અને અસ્ત્રને ઠેકાણે શ્રીજીમહારાજનું જ્ઞાન જાણવું અને યક્ષને ઠેકાણે કામ-ક્રોધાદિક અંતઃશત્રુ જાણવા. તે શ્રીજીમહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું હોય તો અંતઃશત્રુનો નાશ કરે એમ જાણવું. ॥૫૬॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૫૭

❖સંવત ૧૮૭૬ના ફાગણ સુદિ ૨ દ્વિતીયાને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સાધુની જાયગાને વિષે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતા ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને પ્રશ્ન-ઉત્તર કરતાં આવડે તે એક એક પ્રશ્ન પૂછો.

૧ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧)** હે મહારાજ ! મોક્ષનું અસાધારણ કારણ તે શું છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ને ભગવાનનું માહાત્મ્ય જાણવું એ બે અસાધારણ મોક્ષના હેતુ છે. **(૧)** ૧

૨ પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** ભગવાનને વિષે જે સ્નેહ તેનું શું રૂપ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સ્નેહનું રૂપ તો એ છે જે સ્નેહમાં કોઈ જાતનો વિચાર ન જોઈએ, અને જ્યારે જે ગુણ વિચારીને સ્નેહ કરે તે તો જ્યારે અવગુણ દેખે ત્યારે તેનો સ્નેહ તૂટી જાય, માટે હેત તો જેમ થયું હોય તેમ ને તેમ રહેવા દેવું પણ વિચાર કરીને વારે વારે સ્થાપન-ઉત્થાપન કરવું નહિ ને મૂઢપણે ભગવાનને વિષે હેત કરવું ને જે ગુણને વિચારીને હેત કરે તે હેતનો વિશ્વાસ નહિ, માટે હેત તો જેમ દેહના સંબંધી સંગાથે છે તેવું ભગવાનને વિષે હેત કરવું ને એ હેતને મૂઢપણાનું હેત કહીએ; અને ભગવાનનું માહાત્મ્ય જાણીને જે હેત થાય છે તે તો બીજી જ રીતનું છે એમ જાણવું. **(૨)** ૨

૩ પછી શિવાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩) સત્સંગમાં રહેવાનો ખપ છે તો પણ કોઈક અયોગ્ય સ્વભાવ છે તે કેમ ટળતો નથી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે સ્વભાવ સત્સંગમાં અંતરાય કરતો હોય તે ઉપર જેને અભાવ ન આવે ત્યાં સુધી એને કયાં સત્સંગનો પૂરો ખપ છે ? ને તે સ્વભાવને પણ કયાં પૂરો શત્રુ જાણ્યો છે ? ત્યાં દૃષ્ટાંત છે : જેમ કોઈક પુરુષ આપણો મિત્ર હોય ને તે જ પુરુષે આપણા ભાઈને મારી નાખ્યો હોય પછી તે સાથે મિત્રપણું ન રહે અને તેનું માથું કાપવાને તૈયાર થાય, કાં જે મિત્ર કરતાં ભાઈનો સંબંધ અધિક છે, તેમ જો એને પોતાનો સ્વભાવ વર્તમાનમાં ભંગ પડાવીને સત્સંગથી વિમુખ કરે એવો છે, તો ય પણ એની ઉપર વૈરભાવ આવતો નથી અને તે સ્વભાવ ઉપર રીસ ચઢતી નથી તો એને સત્સંગમાં પૂરું હેત નથી અને જેવું ભાઈમાં હેત મનુષ્યને છે તેવું જો સત્સંગ ઉપર હેત હોય તો ભૂંડા સ્વભાવને તત્કાળ ટાળી નાખે, શા માટે જે જીવ તો અતિ સમર્થ છે,** કેમ જે મન ને ઇન્દ્રિયો એ સર્વે તો ક્ષેત્ર છે અને જીવ તો એનો ક્ષેત્રજ્ઞ છે, માટે જે કરે તે થાય. **(૩)** ઇતિ વચનામૃતમ્ **॥૫૭॥** ૩

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારા સ્વરૂપનું જ્ઞાન ને અમારું માહાત્મ્ય એ બે મોક્ષના અસાધારણ હેતુ છે. **(૧)** બીજામાં દેહના સંબંધીમાં હેત છે તેવું અમારે વિષે હેત થાય તે હેત મૂઢપણાનું છે અને અમારો મહિમા જાણીને હેત કરે તે વિશેષ છે. **(૨)** ત્રીજામાં સત્સંગમાં હેત રાખે તો અયોગ્ય સ્વભાવ ટળી જાય છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં અમારું જ્ઞાન ને મહિમા મોક્ષના હેતુ છે એમ કહ્યું તે કેવી રીતે જાણવાં ?

૧ **ઉ૦** સર્વ ક્રિયાના કર્તા થકા અકર્તા જાણવા ને સર્વના સંગી થકા અસંગી ને નિર્લેપ જાણવા, અને જીવોના કલ્યાણને અર્થે મનુષ્યરૂપે દેખાતા હોય તો પણ જેવા અક્ષરધામમાં દિવ્ય છે તેવા દિવ્ય જાણવા તે શ્રીજીમહારાજના સ્વરૂપનું જ્ઞાન કહેવાય. આ જ્ઞાનનું રૂપ (**કા૦ ૭**ના ચોથા પ્રશ્નમાં ) છે. અને મહિમાનું લક્ષણ (**પ્ર૦ ૧૫**ના પહેલા પ્રશ્નોત્તરમાં ) કર્યું છે.

૨ **પ્ર૰** બીજા પ્રશ્નમાં ગુણ વિચારીને સ્નેહ કરે તો અવગુણ દેખે ત્યારે હેત મટી જાય એમ કહ્યું અને (**સા૰ ૨**ના પહેલા પ્રશ્નમાં) ગુણે કરીને હેત થાય છે તે સદાય રહે છે એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૰** આમાં દેહબુદ્ધિ સહિત હેત કહ્યું છે તે જ્યારે શ્રીજીમહારાજના મનુષ્યચરિત્ર દેખે અથવા સાંભળે ત્યારે અવગુણ આવે ને હેત મટી જાય અને (**સા૰ ૨**માં) શ્રીજીમહારાજનો દિવ્યભાવે સહિત મહિમા જાણીને હેત કર્યું હોય તે શ્રીજીમહારાજના મનુષ્યચરિત્ર જોઈને અથવા સાંભળીને પણ ન ટળે એમ કહ્યું છે. **।।૫૭।।**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૫૮

❖સંવત ૧૮૭૬ના ફાગણ સુદિ ૫ પંચમીને દિવસ સંધ્યા આરતીને સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં જે પરમહંસની જાયગા ત્યાં વિરાજમાન હતા ને સર્વે ધોળાં વસ્ત્ર ધારણ કર્યા હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે પ્રશ્ન કરો. પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, (૧) હે મહારાજ ! જ્યારે ભજન-સ્મરણ કરવા બેસે ત્યારે ભગવાનના ભક્તના અંતરમાં રજોગુણ-તમોગુણના વેગ આવે ત્યારે ભજન સ્મરણનું સુખ આવતું નથી તે એ ગુણના વેગ કેમ ટળે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એ ગુણની પ્રવૃત્તિના કારણ તો દેહ, કુસંગ ને પૂર્વ સંસ્કાર એ ત્રણ છે. તેમાં દેહને યોગે કરીને જે ગુણ પ્રવર્ત્યા હોય તે તો આત્મા-અનાત્માના વિચારે કરીને ટળી જાય છે ને કુસંગે કરીને પ્રવર્ત્યા હોય તે સંતને સંગે કરીને ટળે છે ને જે રજોગુણ-તમોગુણના વેગ એ બેયે કરીને પણ ન ટળે તે તો કોઈ પૂર્વના ભૂંડા સંસ્કારને યોગે કરીને છે, માટે એ ટળવા ઘણા કઠણ છે. **(૧)** ૧

૨ પછી આનંદાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨) પૂર્વના સંસ્કાર મલિન હોય તે કેમ ટળે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, અતિશે જે મોટાપુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે ને મોટાપુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય ને ગમે તેવાં ભૂંડાં પ્રારબ્ધ હોય તો રૂડાં થાય ને ગમે તેવું તેને માથે વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય. (૨)** ૨

૩ પછી વળી આનંદાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩) શો ઉપાય કરે તો મોટાપુરુષ રાજી થાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પ્રથમ તો મોટા સંત સાથે નિષ્કપટપણે વર્તે ને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, અહંકાર, ઈર્ષ્યા એ સર્વેનો ત્યાગ કરે અને સંતનો ગુલામ થઈને રહે ને અંતરમાં માન ટળે ભાવે રહે, પણ દેહે કરીને સર્વને નમતો રહે તો એને ઉપર મોટા સંત રાજી થાય છે. (૩)** ૩

૪ પછી મહાનુભાવાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૪)** હે મહારાજ ! સત્સંગમાં રહેતે થકે જેટલા અવગુણ હોય તે સર્વે નાશ પામી જાય અને દિન દિન પ્રત્યે ભગવાનની ભક્તિ વૃદ્ધિ પામતી જાય એનો શો ઉપાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **મોટાપુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ**

**કરતો જાય તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય ને અતિશે જે મોટા હોય તેને જો અતિશે નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે નિષ્કામી થાય અને જો મોટાપુરુષને વિષે કામીપણાનો દોષ પરઠે તો ગમે તેવો નિષ્કામી હોય તો ય પણ અતિશે કામી થાય અને મોટાને વિષે ક્રોધી-લોભીપણું પરઠે તો પોતે ક્રોધી-લોભી થાય ને જો મોટાપુરુષને અતિશે નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ સર્વે વિકારથી રહિત થઈ જાય ને પાકો હરિભક્ત થાય તે પાકા હરિભક્તનું શું લક્ષણ છે તો સારા જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પંચવિષય તેનો જેમ દુઃખદાયક વસ્તુનો સહેજે અભાવ રહે છે, તેમ જેને સહેજે અભાવ રહે છે ને એક પરમેશ્વરના સ્વરૂપને વિષે અચળ નિષ્ઠા વર્તે છે તેને પાકો**
**હરિભક્ત જાણવો. (૪) તે એવો પાકો હરિભક્ત થયાનો તો એ જ ઉપાય છે જે, પરમેશ્વરના** ૪
**દાસનો ગુલામ થઈને રહે ને એમ જાણે જે, એ સર્વે ભક્ત મોટા છે ને હું તો સર્વથી ન્યૂન છું, એમ જાણીને હરિભક્તનો દાસાનુદાસ થઈ રહે ને એવી રીતે જે વર્તે તેના સર્વ વિકાર નાશ પામે ને તેને દિવસે દિવસે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક જે શુભ ગુણ તે વૃદ્ધિ પામતા**
**જાય છે. (૫)** ઇતિ વચનામૃતમ્ ॥૫૮॥ ૫

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૪)** છે. તેમાં પહેલામાં દેહ, કુસંગ ને પૂર્વ સંસ્કાર એ ત્રણ ગુણની પ્રવૃત્તિના હેતુ કહ્યા છે અને દેહને યોગે પ્રવર્ત્યા હોય તે ગુણ આત્મવિચારે કરીને ટળે છે અને કુસંગને યોગે પ્રવર્ત્યા હોય તે ગુણ સંતને સંગે કરીને ટળે છે. **(૧)** બીજામાં મોટાપુરુષના રાજીપાથી મલિન સંસ્કાર ટળે છે. **(૨)** ત્રીજામાં મોટાપુરુષની આગળ નિષ્કપટપણે વર્તે ને કામાદિક શત્રુનો ત્યાગ કરે ને તેનો ગુલામ થઈને રહે ને માન ટળે ભાવે એટલે માન હોય તો ખરું પણ ઉપરથી દેખાવા દે નહિ એ રીતે રહે તો મોટાપુરુષ રાજી થાય. **(૩)** ચોથામાં મોટાપુરુષને નિર્દોષ જાણે તો સર્વે વિકારથી રહિત થઈને અમારો પાકો ભક્ત થાય. **(૪)** ને અમારા દાસનો ગુલામ થઈને રહે ને સર્વે ભક્તથી પોતાને ન્યૂન માને એ પાકા ભક્તનું લક્ષણ છે અને તેના શુભ ગુણ વૃદ્ધિ પામે છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજા પ્રશ્નમાં સંત, મોટા સંત ને અતિશે મોટા સંત કહ્યા તે કોને જાણવા ?

૧ **ઉ૦** (**વ૦ ૩**ના ત્રીજા પ્રશ્નમાં) વીજળી જેવા કહ્યા છે તે સંત જાણવા અને સિદ્ધદશાવાળા મુક્તોને મોટા તથા અતિશે મોટા સંત જાણવા.

૨ **પ્ર૦** રાંક તથા રાજા કહ્યા તે કોને જાણવા ?

૨ **ઉ૦** કાળ-કર્મ-માયાને આધીન હોય તેને રાંક જાણવા અને કાળ-કર્મ-માયાથી રહિત થઈને સ્વતંત્ર થાય તેને રાજા જાણવા.

૩ **પ્ર૦** ભૂંડાં તથા રૂડાં પ્રારબ્ધ કહ્યાં તે કિયાં જાણવાં ?

૩ **ઉ૦** પૂર્વે અતિશે ભૂંડાં દેશ, કાળ, સંગાદિકે કરીને અતિશે મલિન કર્મ થઈ ગયાં હોય તે કર્મને ભૂંડાં પ્રારબ્ધ જાણવાં. અને સર્વે કર્મથી ને વાસનાથી રહિત થવાય ને મોટાપુરુષ રાજી થાય એવી ક્રિયા કરી હોય તે રૂડાં પ્રારબ્ધ જાણવાં.

૪ **પ્ર૦** વિઘ્ન તે શું જાણવું ? અને સ્વરૂપ તે શું જાણવું ?

૪ **ઉ૦** કલ્યાણના માર્ગથી પાડે એવા ક્રોધ-માનાદિક દોષ હોય તથા જેમ ભરતજીને મૃગલા સાથે હેત થયું એવો સંગ થઈ જાય તથા કોઈક સત્સંગથી વિમુખ થનારો હોય તેની સાથે હેત થઈ જાય તો તેના ભેળા વિમુખ થઈને સત્સંગથી બહાર જવું પડે એવું હોય તથા જે પંચવર્તમાન પાળતા ન હોય તેને મુક્ત જાણીને તેની સાથે હેત થઈ જાય તથા કોઈ મોટાપુરુષનો દ્રોહ થાય એવી ક્રિયા થઈ જાય, એવાં ઘણાંક વિઘ્ન છે તે મોટાપુરુષ સાથે જીવ જોડ્યો હોય તો એ વિઘ્ન આવવા દે નહિ. અને સ્વરૂપ તે શ્રીજીમહારાજની મૂર્તિ જાણવી પણ સ્વરૂપ તથા મૂર્તિ જુદી ન જાણવી, જેમ લીંબડાનો વૃક્ષ કહીએ તે લીંબડો ને વૃક્ષ જુદાં

નથી, તેમ ભગવાનનું સ્વરૂપ કહીએ અથવા ભગવાનની મૂર્તિ કહીએ અથવા ભગવાનનું અંગ કહીએ તે ભગવાનની મૂર્તિ કે સ્વરૂપ કે અંગ તે જુદાં ન સમજવાં; મૂર્તિ કહે તો ય ભગવાન સમજવા અને સ્વરૂપ કહે તો ય ભગવાન સમજવા અને ભગવાનનું અંગ કહે તો ય ભગવાન સમજવા.

૫ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં કામ-માનાદિક સર્વે વિકારનો ત્યાગ કરે તો જ મોટાપુરુષ રાજી થાય એમ કહ્યું અને ઉપર બીજા પ્રશ્નમાં મોટાપુરુષનો રાજીપો થાય તો જ મલિન સંસ્કાર નાશ પામે એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૫ **ઉ૦** સ્થૂળ દેહે કરીને કામાદિક વિકારને વિષે પ્રવર્તે નહિ તે ત્યાગ કહ્યો છે, માટે સ્થૂળ દેહે કામાદિક વિકારનું કહ્યું ન કરે તેના ઉપર મોટાપુરુષ રાજી થાય અને મોટાપુરુષનો રાજીપો થાય ત્યારે એના જીવમાંથી કામાદિક સર્વે વિકાર માત્રનો નાશ થઈ જાય. ॥૫૮॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૫૯

❖સંવત ૧૮૭૬ના ફાગણ સુદિ ૧૪ ચતુર્દશીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે હીરકોરનું ધોળું ધોતિયું બાંધ્યું હતું ને લલાટને વિષે ચંદનની અર્ચા વિરાજમાન હતી ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પ્રશ્ન-ઉત્તર કરો. પછી **મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો**
૧ **જે, (૧) હે મહારાજ ! ભગવાનને વિષે અસાધારણ પ્રેમ થાય તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એક તો ભગવાનનો વિશ્વાસ હોય જે, આ મુને મળ્યા છે તે નિશ્ચે જ ભગવાન છે તથા આસ્તિકપણું હોય તથા ભગવાનનાં જે ઐશ્વર્ય તેને જાણે જે, આ ભગવાન છે તે બ્રહ્મમહોલ, ગોલોક, શ્વેતદ્વીપ એ આદિક સર્વે ધામના પતિ છે તથા અનંતકોટી બ્રહ્માંડના પતિ છે તથા સર્વના કર્તા છે અને પુરુષ, કાળ, કર્મ, માયા, ત્રણ ગુણ, ચોવીશ તત્ત્વ, બ્રહ્માદિક દેવ એ કોઈને આ બ્રહ્માંડના કર્તા જાણે નહિ; એક ભગવાન પુરુષોત્તમને જ કર્તા જાણે અને સર્વના અંતર્યામી જાણે, એવી રીતની સમજણ સોતો જે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપને વિષે નિશ્ચય તે જ પરમેશ્વરને વિષે અસાધારણ સ્નેહનું કારણ છે. (૧)** ૧

૨ પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** એવો ભગવાનનો મહિમા પણ જાણતો હોય અને અસાધારણ હેત ન થાય તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જો એ ભગવાનનો આવો મહિમા જાણે છે તો એને ભગવાનને વિષે અસાધારણ હેત છે પણ એ જાણતો નથી, જેમ હનુમાનજીમાં અપાર બળ હતું પણ કોઈકના જણાવ્યા વિના જણાણું નહિ. અને જેમ પ્રલંબાસુર બળદેવજીને લઈ ચાલ્યો ત્યારે પોતામાં બળ તો અપાર હતું પણ પોતે જાણતા નહોતા પછી જ્યારે તપાસીને જોયું ત્યારે જાણ્યું તેવી રીતે એ ભક્તને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ તો છે પણ જણાતી નથી. **(૨)** ૨

૩ પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** એ પ્રીતિનું બળ જણાયાનું શું કારણ

છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સત્સંગ ને સત્શાસ્ત્રનું શ્રવણ કરતે સતે એને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ છે તે જણાઈ આવે છે. **(૩)** ૩

૪ પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૪)** દેશ, કાળ ને ક્રિયા તે ભૂંડા થાય અથવા ભલા થાય તેનું કારણ તે સંગ છે કે કોઈ બીજો છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, દેશ તો પૃથ્વી કહેવાય તે સર્વે ઠેકાણે સરખો છે અને કાળ પણ સરખો છે પણ **અતિશે જે મોટા સમર્થ પુરુષ** હોય તે જે દેશમાં રહેતા હોય તેને પ્રતાપે કરીને ભૂંડો દેશ હોય, ભૂંડો કાળ હોય, ભૂંડી ક્રિયા હોય તે સર્વે સારાં થઈ જાય છે; ને અતિશે ભૂંડા પાપી પુરુષ જે દેશમાં રહેતા હોય તેને યોગે કરીને સારો દેશ, સારી ક્રિયા, ને સારો કાળ હોય તે પણ ભૂંડાં થઈ જાય છે. માટે શુભ ને અશુભ એવાં જે દેશ, કાળ ને ક્રિયા તેના હેતુ તો પુરુષ છે તે પુરુષ જો અતિશે સમર્થ હોય તો સર્વ પૃથ્વીમાં દેશ, કાળ ને ક્રિયા તે પોતાના સ્વભાવ પ્રમાણે પ્રવર્તાવે ને તેથી ઊતરતો હોય તો એક દેશમાં પ્રવર્તાવે ને તેથી ઊતરતો હોય તો એક ગામમાં પ્રવર્તાવે ને તેથી ઊતરતો હોય તો એક ફળી તથા એક પોતાનું ઘર તેમાં પ્રવર્તાવે, એવી રીતે શુભ-અશુભ જે દેશ, કાળ ને ક્રિયા તેના હેતુ તો શુભ ને અશુભ એ બે પ્રકારના પુરુષ છે. **(૪)** ૪

ઈતિ વચનામૃતમ્ **॥૫૯॥**

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૪)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારો નિશ્ચય, વિશ્વાસ ને આસ્તિકપણું હોય ને અમને સર્વ કર્તા જાણે તો અમારે વિષે અસાધારણ સ્નેહ થાય છે. **(૧)** બીજામાં અમારો મહિમા જાણે છે તેને અમારે વિષે પ્રીતિ છે. **(૨)** ત્રીજામાં સત્સંગ ને સત્શાસ્ત્રનું શ્રવણ કરવું તે પ્રીતિ જણાયાનું કારણ છે. **(૩)** ચોથામાં શુભ-અશુભ દેશકાળાદિકના હેતુ શુભ ને અશુભ બે પ્રકારના પુરુષ છે. **(૪)** બાબતો છે. (આ દેશકાળનું રૂપ **પ્ર૦ ૨૯**ના પહેલા પ્રશ્નોત્તરમાં કર્યું છે.)

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપને વિષે નિશ્ચય કહ્યો તે પ્રત્યક્ષ કેવી રીતે સમજવા ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજે સંકલ્પ કર્યો જે, અમને મનુષ્ય જેવા દેખો, ત્યારે મનુષ્યરૂપે દેખાયા અને પછી સંકલ્પ કર્યો જે, અમને પ્રતિમારૂપે દેખો, માટે આજ પ્રતિમારૂપે પ્રત્યક્ષ છે.

૨ **પ્ર૦ પ્રતિમારૂપે પ્રત્યક્ષ કહીએ ત્યારે તો સર્વે અવતારોની પ્રતિમાઓ છે તેને પરોક્ષ કેમ કહે છે ?**

૨ **ઉ૦** પ્રગટ થવે કરીને અને અંતર્ધ્યાન થવે કરીને પ્રત્યક્ષ ને પરોક્ષ કહેતા નથી; પ્રત્યક્ષ તો ઉપરીને કહે છે અને જે એના નીચે હોય તેને પરોક્ષ કહે છે, જેમ પરશુરામનું ઐશ્વર્ય રામચંદ્રજીએ લઈ લીધું ત્યારે પરશુરામ પરોક્ષ કહેવાયા અને રામચંદ્રજી પ્રત્યક્ષ કહેવાયા, માટે જે બીજાનું ઐશ્વર્ય ઢાંકીને વર્તે તે પ્રત્યક્ષ કહેવાય. અને જેનું ઐશ્વર્ય ઢંકાઈ જાય તે પરોક્ષ કહેવાય તે જેમ વ્યાપકાનંદ સ્વામીને તથા અભય રાજા આદિકને પોતાની મૂર્તિમાં સર્વ અવતાર લીન કરી દેખાડ્યા એમ પોતાનું અલૌકિક ઐશ્વર્ય-પ્રતાપ જણાવીને પોતાનું સર્વોપરીપણું જણાવ્યું છે, માટે શ્રીજીમહારાજ સદા પ્રત્યક્ષ છે પણ આગળ તે પરોક્ષ ને પછીથી આવે તે પ્રત્યક્ષ એમ ન સમજવું. સર્વોપરી હોય તે જ પ્રત્યક્ષ કહેવાય. ને પરતંત્ર હોય તે આગળથી આવે અથવા પાછળથી આવે તો પણ તે પરોક્ષ કહેવાય, માટે શ્રીજીમહારાજ સર્વના ઉપરી છે તેમની પ્રતિમાને સાક્ષાત્ પ્રત્યક્ષ જાણીને દિવ્યભાવ લાવીને નિશ્ચય કરવો તો મોક્ષ થાય.

૩ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં સત્શાસ્ત્ર કહ્યાં તે કિયાં જાણવાં ?

૩ **ઉ૦** પ્રત્યક્ષ ભગવાન તથા એમનાં મુક્તનું સાકારપણું પ્રતિપાદન કરેલું હોય ને એમના ચરિત્રનું તથા એમણે કહેલા ધર્મનું જેમાં વર્ણન હોય તે સત્શાસ્ત્ર જાણવાં. અને એ શાસ્ત્રને વાંચવા-સાંભળવાથી શ્રીજીમહારાજને વિષે પ્રીતિ થાય છે ને તે પ્રીતિનું બળ જણાઈ આવે છે. **॥૫૯॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૬૦

❖સંવત ૧૮૭૬ના ફાગણ વદિ ૧ પ્રતિપદાને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પરમહંસની જાયગાને વિષે વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી ને તે પાઘને વિષે ધોળાં પુષ્પના તોરા વિરાજમાન હતા ને કંઠમાં ધોળાં પુષ્પના હાર વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** સર્વ સાધન કરતાં વાસના ટાળવી એ સાધન મોટું છે. તે વાસના ટાળવાની એમ વિક્તિ છે જે, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે પંચવિષય તેને વિષે જેટલી પોતાને તૃષ્ણા હોય તેનો વિચાર કરવો જે, મારે જેટલી ભગવાનને વિષે વાસના છે, તેટલી જ જગતને વિષે છે કે ઓછી-વધુ છે ? તેની પરીક્ષા કરવી ને જેટલી ભગવાનની વાત સાંભળવામાં શ્રોત્ર ઈન્દ્રિય લોભાતી હોય તેટલી જ જગતની વાત સાંભળવામાં લોભાતી હોય તો એમ જાણવું જે, ભગવાનમાં ને જગતમાં બરોબર વાસના છે. એવી જ રીતે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ સર્વે વિષયનો તપાસ કરવો, અને જ્યારે એવી રીતે તપાસ કરતો કરતો જગતની વાસનાને ઘટાડતો જાય ને ભગવાનની વાસનાને વધારતો જાય, તેણે કરીને એને પંચવિષયને વિષે સમબુદ્ધિ થઈ જાય છે ને સમબુદ્ધિ થયા પછી નિંદા ને સ્તુતિ સરખાં લાગે અને સારો સ્પર્શ ને ભૂંડો સ્પર્શ સરખો લાગે, તેમ જ સારું રૂપ ને ભૂંડું રૂપ તથા બાળ, યૌવન ને વૃદ્ધ એવી જે સ્ત્રીઓ તથા કચરો ને કંચન એ સર્વે સરખું ભાસે, તેમ જ સારા ને ભૂંડા જે રસ ને ગંધ તે પણ સરખા ભાસે એવી રીતે સ્વાભાવિકપણે વર્તાય, ત્યારે જાણીએ જે વાસના જિતાણી, અને વાસના રહિત વર્તવું એ એકાંતિકનો ધર્મ છે, અને વાસના જરાકે રહી જાય તો સમાધિવાળો હોય અને નાડી-પ્રાણ તણાતાં હોય તો ય પણ વાસના સમાધિમાંથી પાછો ખેંચી લાવે છે, માટે વાસના ટાળે તે જ એકાંતિક ભક્ત છે. **(૧)** ૧

૨ પછી **મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, (૨) વાસના ટળ્યાનો શો ઉપાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એક તો આત્મનિષ્ઠાની દૃઢતા જોઈએ અને બીજું પંચવિષયનું તુચ્છપણું જાણ્યું જોઈએ અને ત્રીજું ભગવાનનું અતિશે માહાત્મ્ય જાણ્યું જોઈએ** જે, ભગવાન વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમહોલ એ સર્વે ધામના પતિ છે, માટે એવા ભગવાનને પામીને તુચ્છ વિષયના સુખમાં હું શું પ્રીતિ રાખું ? એવી રીતે ભગવાનના મહિમાનો વિચાર કરે અને વળી એમ વિચાર કરે જે, ભગવાનને ભજતાં થકાં પણ જો કાંઈક ખોટ્ય રહી જાશે ને કદાપિ જો ભગવાનના ધામમાં નહિ જવાય ને ઈંદ્રલોક તથા બ્રહ્મલોકને વિષે ભગવાન મૂકશે તો ય પણ આ લોકના કરતાં તો ત્યાં કોટિ ગણાં વધુ સુખ છે, એવો વિચાર કરીને પણ આ સંસારના

તુચ્છ સુખ થકી વાસનાએ રહિત થાવું. અને એવી રીતે ભગવાનનો મહિમા જાણીને વાસનાએ રહિત થાય છે, ત્યાર પછી એમ જણાય છે જે, મારે કોઈ કાળે વાસના હતી જ નહિ અને એ તો મુને વચમાં કાંઈક ભ્રમ જેવું થયું હતું પણ હું તો સદા વાસનાએ રહિત છું એવું ભાસે છે. (૨) **અને આવી રીતનો જે એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય,** પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો. અને કોઈક સાંભળીને તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહિ, માટે **જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.** (૩) ઈતિ વચનામૃતમ્ ॥૬૦॥ ૨ ૩

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે, તેમાં શ્રીજીમહારાજે વાસના ટાળે તેને એકાંતિક ભક્ત કહ્યો છે. **(૧)** બીજામાં આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને માહાત્મ્ય એ ત્રણ વાસના ટાળવાના ઉપાય કહ્યા છે. **(૨)** અને એકાંતિક ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિક ધર્મ પમાય છે એમ કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં વાસના ટાળવી તે સર્વેથી મોટું સાધન કહ્યું તે વાસનાનું શું રૂપ હશે ?

૧ **ઉ૦** આમાં માયિક વિષયમાં પ્રીતિ રહે તેને વાસના કહી છે તે વાસનાને (**પ્ર૦ ૧૧**ના પહેલા પ્રશ્નમાં, **૩૮ના** પહેલા પ્રશ્નમાં, **૭૮ના** તેવીશમા પ્રશ્નમાં, **લો૦ ૧૬**ના બીજા પ્રશ્નમાં, **મ૦ ૨૫**ના પહેલા પ્રશ્નમાં, તથા **૪૭**/૨ માં) માયિક પંચવિષયમાં આસક્તિરૂપ વાસના કહી છે. અને (**પ્ર૦ ૫૮**ના ચોથા પ્રશ્નમાં, **કા૦ ૧૨**ના ત્રીજા પ્રશ્નમાં તથા **મ૦ ૭**ના બીજા પ્રશ્નમાં) વિકાર નામે કહી છે, અને (**છે૦ ૧૮**ના બીજા પ્રશ્નમાં) પૂર્વકર્મરૂપ વાસના કહી છે, તથા (**૨૦**ના પહેલામાં પ્રશ્નમાં) પૂર્વકર્મ ને સ્વભાવ-પ્રકૃતિ ને વાસના એ ત્રણ નામે કહેલ છે. અને (**છે૦ ૧૪**ના પહેલા પ્રશ્નમાં તથા **૩૮** ના બીજા પ્રશ્નમાં) સ્ત્રીના રાગ સંબંધી કામરૂપી વાસના કહી છે અને (**પ્ર૦ ૭૩**ના ત્રીજા પ્રશ્નમાં) બ્રહ્મચર્યમાં કસરરૂપી વાસના કહી છે.

૨ **પ્ર૦** એ વાસના ટાળવાનો ઉપાય શો હશે ?

૨ **ઉ૦** (**પ્ર૦ ૩૮**ના પહેલા પ્રશ્નમાં) શ્રીજીમહારાજનાં ચરિત્ર સંભારવાં, ને મુક્તોનો સમાગમ કરવો, એ બે ઉપાય બતાવ્યા છે અને (**૫૮**ના ચોથા પ્રશ્નમાં) મોટાપુરુષના એટલે મુક્તના સમાગમથી ને તેમના રાજીપાથી ટળે છે એમ કહ્યું છે અને (**૭૩**ના ૫/૮ પાંચમા પ્રશ્નમાં) આત્મનિષ્ઠા અને શ્રીજીમહારાજની મૂર્તિનું યથાર્થ જ્ઞાન, વૈરાગ્ય ને શ્રીજીમહારાજને ને મુક્તને નિર્લેપ જાણીને તેમને મન અર્પે તો ઊર્ધ્વરેતા થવાય અને સર્વ વિકારમાત્ર ટળી જાય એ ઉપાય બતાવ્યો છે અને (**સા૦ ૫**ના પહેલા પ્રશ્નમાં) શ્રદ્ધા તથા શ્રીજીમહારાજના ને એમના ભક્તના એટલે મુક્તના વચનમાં વિશ્વાસ તથા શ્રીજીમહારાજમાં પ્રીતિ તથા માહાત્મ્ય એ ચાર સાધને કરીને વાસના નિવૃત્તિ થઈ જાય એમ કહ્યું છે; અને (**કા૦ ૧૨**ના ત્રીજા પ્રશ્નમાં) વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત શ્રીજીમહારાજની વાત સાંભળવી એ ઉપાય બતાવ્યો છે. અને (**લો૦ ૧૬**ના બીજા પ્રશ્નમાં) આત્મનિષ્ઠા, વૈરાગ્ય, બ્રહ્મચર્યાદિક ધર્મ ને માહાત્મ્યે સહિત ભક્તિ એ ચાર ઉપાય બતાવ્યા છે અને (**મ૦ ૭**ના બીજા પ્રશ્નમાં) અતિશે મોટા સંતની સેવા કરવી તે ઉપાય બતાવ્યો છે. અને (**૨૫**ના બીજા પ્રશ્નમાં) શ્રીજીમહારાજની ને એમના સંતની સેવા એ ઉપાય બતાવ્યો છે. અને (**૪૭**/૨માં) સંતના સમાગમરૂપ ઉપાય બતાવ્યો છે અને (**છે૦ ૧૪**ના ૨/૩ બીજા પ્રશ્નમાં) પવિત્ર દેશ, કાળ, ક્રિયા ને સંગ એ ચાર ઉપાય બતાવ્યા છે. અને (**૧૮**ના ત્રીજા પ્રશ્નમાં) સત્પુરુષના સંગરૂપી ઉપાય બતાવ્યો છે આમાં સંતનો એટલે મુક્તનો સમાગમ મન-કર્મ-વચને નિષ્કપટપણે કરવો તે સર્વથી શ્રેષ્ઠ ઉપાય છે.

૩ **પ્ર૦** બીજા પ્રશ્નમાં આત્મનિષ્ઠા કહી તે કેવી જાણવી ?

૩ **ઉ૦** ત્રણ દેહથી નોખો પોતાના આત્માને બ્રહ્મરૂપ માનવો એ આત્મનિષ્ઠા આ ઠેકાણે કહી છે.

૪ **પ્ર૦** પંચવિષયનું તુચ્છપણું જાણ્યાનો શો ઉપાય હશે ?

૪ ઉ૦ (પ્ર૦ ૧૫ના પહેલા પ્રશ્નમાં) મહિમા કહ્યો છે એવો શ્રીજીમહારાજનો મહિમા જાણે ત્યારે શ્રીજીમહારાજનું સુખ સર્વથી અધિક જણાય ત્યારે માયિક વિષય તુચ્છ થઈ જાય છે. ॥૬૦॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૬૧

❖ સંવત ૧૮૭૬ના ફાગણ વદિ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષની હેઠે ઓટાને વિષે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને હીરકોરનું શ્વેત ધોતિયું મસ્તકે બાંધ્યું હતું ને શ્વેત પછેડી ઓઢી હતી ને શ્વેત ખેસ પહેર્યો હતો ને કંઠમાં શ્વેત પુષ્પના હાર ધારણ કર્યા હતા ને શ્વેત પુષ્પના તોરા પાઘમાં ડાબી કોરે લટકતા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** કામ, ક્રોધ, લોભ, તથા ભય એમને યોગે કરીને પણ ધીરજ ડગે નહિ તેનો શો ઉપાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, હું દેહ નહિ; હું તો દેહથી નોખો ને સર્વનો જાણનારો એવો જે આત્મા તે છું, એવી જે આત્મનિષ્ઠા તે જ્યારે અતિશે દૃઢ થાય, ત્યારે કોઈ રીતે કરીને ધીરજ ડગે નહિ ને આત્મનિષ્ઠા વિના બીજા અનેક ઉપાય કરે તો પણ ધીરજ રહે નહિ. **(૧)** ૧

૨ પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** આત્મનિષ્ઠા હોય તે અંત સમે કેટલીક સહાય કરે છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ નદી તરવી હોય ત્યાં તો જેને તરતાં આવડતું હોય તે તરી જાય ને જેને તરતાં ન આવડતું હોય તે તો ઊભો થઈ રહે પણ જ્યારે સમુદ્ર તરવો હોય ત્યારે તો તે બેયને વહાણનું કામ પડે છે, તેમ ટાઢ-તડકો, ભૂખ-તરસ, માન-અપમાન, સુખ-દુઃખ તે રૂપી જે નદી તેને તો આત્મનિષ્ઠાવાળો હોય તે તરી જાય પણ મૃત્યુસમો તો સમુદ્ર જેવો છે માટે ત્યાં તો આત્મનિષ્ઠાવાળો હોય તથા વગર આત્મનિષ્ઠાવાળો હોય એ બેયને ભગવાનની ઉપસાનારૂપી વહાણનું કામ પડે છે, **માટે અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો હોય તે જ કામમાં આવે છે પણ અંત સમે આત્મનિષ્ઠા કાંઈ કામમાં આવતી નથી, તે સારુ ભગવાનની ઉપાસનાને દૃઢ કરીને રાખવી. (૨)** ૨

૩ પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** ભગવાનનો ભક્ત હોય તેને સિદ્ધિઓ આડી આવે છે તે જેને ભગવાનના નિશ્ચયમાં ડગમગાટ હોય તેને જ આવે છે કે નિશ્ચયવાળાને આવે છે ? પછી શ્રીજીમહારાજ બાલ્યા જે, સિદ્ધિઓ તો જેને પરિપક્વ ભગવાનનો નિશ્ચય હોય તેને જ આવે છે ને બીજાને તો સિદ્ધિઓ ઘણી દુર્લભ છે અને એ સિદ્ધિઓને પણ એ ભક્તની પરીક્ષા લેવા સારુ ભગવાન જ પ્રેરે છે જે, એને હું ઉપર ઘણું હેત છે કે સિદ્ધિઓ ઉપર ઘણું હેત છે ? એવી રીતે ભગવાન પોતાના ભક્તની પરીક્ષા જુએ છે, પછી જો એ પાકો ભક્ત હોય ને ભગવાન વિના બીજું કાંઈ ન ઇચ્છે ને નિર્વાસનિક એવો

એકાંતિક ભક્ત હોય તો ભગવાન પોતે તે ભક્તને વશ થઈ જાય છે, જેમ વામનજીએ બળિરાજાનું ત્રિલોકીનું રાજ્ય લઈ લીધું અને ચૌદ લોકનાં બે પગલાં કર્યાં અને ત્રીજા પગલા સારુ તે બળિરાજાએ પોતાનું શરીર આપ્યું, એવી રીતે શ્રદ્ધા સોતા ભગવાનને સર્વસ્વ આપ્યું તો ય ભગવાને એને વગર વાંકે બાંધ્યો, તો પણ ભક્તિ થકી પડ્યો નહિ ત્યારે એવી પોતાની અનન્ય ભક્તિ જોઈને પોતે ભગવાન તે બળિના બંધનમાં આવતા હવા અને ભગવાને તો બળિરાજાને ક્ષણમાત્ર બાંધ્યો હતો અને ભગવાન તો એની ભક્તિરૂપી દોરીએ કરીને બંધાણા છે તે આજ દિવસ સુધી પણ અખંડ બળીને દરવાજે ઊભા છે અને બળિરાજાની દૃષ્ટિ થકી પળમાત્ર પણ ભગવાન છેટે થાતા નથી, એવી રીતે **આપણે પણ બીજી સર્વે વાસના ટાળીને ને ભગવાનને સર્વસ્વ અર્પણ કરીને, ભગવાનના દાસ થઈ રહેશું અને એમ કરતાંય ભગવાન આપણને વધુ દુઃખ દેશે તો ભગવાન પણ પોતે આપણને વશ થઈ જાશે,** શા માટે જે પોતે ભક્તવત્સલ છે અને કૃપાસિંધુ છે તે જેની પોતાને વિષે અતિ દૃઢ ભક્તિ દેખે તેને પોતે આધીન થઈ જાય છે. પછી તે પ્રેમભક્તિએ યુક્ત જે ભક્તનું મન તે મનરૂપી દોરીએ કરીને બંધનમાં આવે છે પછી છૂટવાને સમર્થ થાતા નથી. **માટે જેમ જેમ ભગવાન આપણને કસણીમાં રાખે તેમ તેમ વધુ રાજી થયું જોઈએ જે ભગવાન જેમ જેમ મુને વધુ દુઃખ દેશે તેમ તેમ વધુ મારે વશ થાશે અને પળમાત્ર મુજથી છેટે નહિ રહે, એવું સમજીને જેમ જેમ ભગવાન અતિ કસણી દેતા જાય તેમ તેમ અતિ રાજી થાવું પણ કોઈ રીતે દુઃખ દેખીને અથવા દેહના સુખ સારુ પાછો પગ ભરવો નહિ. (૩)** ઈતિ વચનામૃતમ્ ॥૬૧॥ ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલામાં આત્મનિષ્ઠા દૃઢ થાય તો ધીરજ ડગે નહિ. **(૧)** બીજામાં અંત સમે તો અમારી ઉપાસના જ કામ આવે છે. **(૨)** ત્રીજામાં પાકા ભક્તને જ સિદ્ધિઓ આવે છે તેમાં ન લોભાય; અમે કસણી દઈએ તો રાજી થાય તેને અમે વશ થઈએ છીએ એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં સિદ્ધિઓ કહી તે શી સમજવી ? અને (**પ્ર૦ ૨૧**/૯માં) સિદ્ધિઓ કહી તે શી જાણવી ?

૧ **ઉ૦** આમાં યોગમાર્ગે કરીને શ્રીજીમહારાજનું ધ્યાન કરતાં અણિમાદિક સિદ્ધિઓ દેખાય તથા બીજાના અંતરનું જાણે, એવું સર્વજ્ઞપણું આવે તથા વચનસિદ્ધિ પ્રાપ્ત થાય એવાં અનંત ઐશ્વર્ય આવે તથા આ લોકમાં પૂજા-પ્રતિષ્ઠા થાય એવાં ઐશ્વર્ય આવે તે સર્વે સિદ્ધિઓ કહેવાય તેમાં પણ ન લેવાય તે પરિપક્વ નિશ્ચયવાળો કહેવાય. અને (**પ્ર૦ ૨૧**માં) જેને માયિક વાસના યથાર્થ ટળી ન હોય તેને દેહ મૂકીને ધામમાં જાતાં અણિમાદિક સિદ્ધિઓ દેખાય તો તેમાં લોભાઈ જાય એમ કહ્યું છે.

૨ **પ્ર૦** ભગવાન વધુ કસણી દે તો વધુ વશ થાય એમ કહ્યું તે કસણી શું દેતાં હશે ? અને વધુ વશ કેવી રીતે થાતા હશે ?

૨ **ઉ૦** ત્યાગી હોય તેને દેહમાં દીર્ઘરોગ આવી પડે ને કોઈ સેવા ન કરે ને ઔષધ કે ખાવાની વસ્તુ કાંઈ ન મળે, તો પણ રાજી રહે ને શ્રીજીમહારાજ મારું સારું જ કરે છે એમ સમજે પણ એ દુઃખ ટળે એવો સંકલ્પ પણ ન કરે. અને શ્રીજીમહારાજને વિષે પ્રીતિ અતિશે વૃદ્ધિ પમાડતો જાય પણ દુઃખે કરીને લેશમાત્ર ખેદ પામે નહિ, એવી કસણીમાં રાજી રહે તો એને શ્રીજીમહારાજ સદાય સંભારે ને એની દૃષ્ટિથી પળમાત્ર છેટે રહે નહિ તે વશ થયા કહેવાય. અને ગૃહસ્થ હોય તેને સત્સંગ નિમિત્ત નાતીલા નાતબહાર મૂકે ને છોકરાં પરણ્યા વિના રહે અને શ્રીજીમહારાજ ધન-સમૃદ્ધિનો ને સ્ત્રી-પુત્રાદિકનો નાશ કરે ને રોગાદિક આપદા મૂકે ને શ્રીજીમહારાજ દર્શન આપીને કહે જે, તારે દુઃખ ટાળવું હોય તો અમે ટાળીએ પણ એ ભક્ત મારું દુઃખ ટાળો એમ ન કહે અને કોઈ દિવસ દુઃખ મટવાનો સંકલ્પ પણ ન કરે તો એ ભક્તને શ્રીજીમહારાજ સદાય સંભારે ને એની દૃષ્ટિથી પળમાત્ર છેટે રહે નહિ એ વશ થયા કહેવાય. ॥૬૧॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૬૨

❖ સંવત ૧૮૭૬ના ફાગણ વદિ ૪ ચોથને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ચોક વચ્ચે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો અને ધોળી ચાદર ઓઢી હતી અને માથે શ્વેત પાઘ વિરાજમાન હતી અને તે પાઘને વિષે શ્વેત પુષ્પના હાર તથા શ્વેત પુષ્પના તોરા વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧)** શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે **॥ સત્યં શૌચં દયા ક્ષાન્તિ ..... ॥** ઈત્યાદિક જે ઓગણચાળીસ કલ્યાણકારી ગુણ તે ભગવાનના સ્વરૂપને વિષે નિરંતર રહે છે એ ગુણ સંતને વિષે કેઈ રીતે આવે છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ ગુણ સંતમાં આવ્યાનું કારણ તો એ છે જે એને ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થાય તો એ કલ્યાણકારી ગુણ ભગવાનના છે તે સંતમાં આવે છે. તે નિશ્ચય કેવો હોય તો જે ભગવાનને કાળ જેવા ન જાણે, કર્મ જેવા ન જાણે, સ્વભાવ જેવા ન જાણે, માયા જેવા ન જાણે, પુરુષ જેવા ન જાણે ને એ સર્વ થકી ભગવાનને જુદા જાણે અને એ સર્વના નિયંતા જાણે ને સર્વના કર્તા જાણે અને એ સર્વને કર્તા થકા પણ નિર્લેપ છે એમ ભગવાનને જાણે અને એવી રીતે **આ પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કર્યો છે** તે કોઈ રીતે કરીને ડગે નહિ તે ગમે તેવાં તરે તરેનાં શાસ્ત્ર સાંભળે અને ગમે તેવા મતવાદીની વાત સાંભળે અને ગમે તેવા પોતાનું અંતઃકરણ કુતર્ક કરે પણ કોઈ રીતે કરીને ભગવાનના સ્વરૂપમાં ડગમગાટ થાય નહિ એવી જાતનો **જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેને ભગવાનનો સંબંધ થયો કહેવાય,** માટે જેને જે સંગાથે સંબંધ હોય તેના ગુણ તેમાં સહેજે આવે. જેમ આપણાં નેત્ર છે તેને જ્યારે દીવા સંગાથે સંબંધ થાય છે ત્યારે તે દીવાનો પ્રકાશ નેત્રમાં આવે છે, તેણે કરીને નેત્ર આગળ અંધારું હોય તેનો નાશ થઈ જાય છે, તેમ **જેને ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચયે કરીને સંબંધ થાય છે તેને વિષે ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે,** પછી જેમ ભગવાન સર્વ પ્રકારે નિર્બંધ છે ને જે ચહાય તે કરવાને સમર્થ છે તેમ એ ભક્ત પણ અતિશે સમર્થ થાય છે ને નિર્બંધ થાય છે. **(૧)** ૧

૨ પછી વળી નિર્વિકારાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** નિશ્ચય હોય તો ય પણ રૂડા ગુણ તો આવતા નથી અને માન ને ઈર્ષ્યા તો દિવસે દિવસે વધતી જાય છે તેનું શું કારણ હશે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **ભગવાન પાસે એક અમૃત લાવીએ અને શિંગડીયો વછનાગ લાવીએ અને દૂધપાક ને સાકર લાવીએ અને અફીણ લાવીએ અને તે સર્વને ભગવાનના થાળમાં ધરીએ તો પણ જેનો જેવો ગુણ હોય તેનો તેવો ને તેવો જ રહે પણ પલટાઈ જાય નહિ, તેમ જે જીવ આસુરી ને અતિ કુપાત્ર હોય તે ભગવાનને સમીપે આવે તો ય પણ પોતાના સ્વભાવને મૂકે નહિ,** પછી એ કોઈક ગરીબ હરિભક્તનો દ્રોહ કરે તેણે કરીને એનું ભૂંડું થાય,

શા માટે જે ભગવાન સર્વમાં અંતર્યામીરૂપે કરીને રહ્યા છે તે પોતાની ઈચ્છા આવે ત્યાં તેટલી સામર્થી જણાવે છે, માટે **ભક્તને અપમાને કરીને તે ભગવાનનું અપમાન થાય છે.** ત્યારે તે અપમાનના કરનારાનું અતિશે ભૂંડું થઈ જાય છે, જેમ હિરણ્યકશિપુ હતો તેણે ત્રિલોકી પોતાને વશ કરી રાખી હતી એવો બળવાન હતો પણ તેણે જો પ્રહ્‌લાદજીનો દ્રોહ કર્યો તો ભગવાને સ્તંભમાંથી નૃસિંહરૂપે પ્રગટ થઈને તે હિરણ્યકશિપુનો નાશ કરી નાંખ્યો, એમ **વિચારીને ભગવાનના ભક્ત હોય તેને અતિશે ગરીબપણું પકડવું પણ કોઈનું અપમાન કરવું નહિ,** કાં જે ભગવાન તો ગરીબના અંતરને વિષે પણ વિરાજમાન રહ્યા છે તે એ ગરીબના અપમાનના કરતલનું ભૂંડું કરી નાખે છે, એવું જાણીને કોઈ અલ્પ જીવને પણ દૂભવવો નહિ, અને જો અહંકારને વશ થઈને જેને તેને દૂભવતો ફરે તો **ગર્વગંજન એવા જે ભગવાન** તે અંતર્યામીરૂપે સર્વમાં વ્યાપક છે તે ખમી શકે નહિ, પછી ગમે તે દ્વારે પ્રગટ થઈને એ અભિમાની પુરુષના અભિમાનને સારી પેઠે નાશ કરે છે, તે માટે તે ભગવાનથી ડરીને જે સાધુ હોય તેને લેશમાત્ર અભિમાન રાખવું નહિ અને એક કીડી જેવા જીવને દૂભવવો નહિ એ જ **નિર્માની સાધુનો ધર્મ છે. (૨)** ઈતિ વચનામૃતમ્ **॥૬૨॥** ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમને સર્વેથી જુદા અને સર્વેના નિયંતા ને સર્વેના કર્તા થકા નિર્લેપ જાણીને કોઈ રીતે ન ડગે એવો અમારો નિશ્ચય થાય તેને વિષે અમારા કલ્યાણકારી ગુણ આવે છે, પછી તે ભક્ત અમારા જેવો સમર્થ ને નિર્બંધ થાય છે. **(૧)** બીજામાં આસુરી ને અતિ કુપાત્ર જીવ હોય તે સ્વભાવને મૂકે નહિ ને અમારો ને અમારા ભક્તનો દ્રોહ કરે ને અમારા ગરીબ ભક્તનું અપમાન કરે તેથી અમે દુઃખાઈએ ને એનું ભૂંડું થાય. અને સાધુને લેશમાત્ર માન રાખવું નહિ. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં અમારે વિષે કલ્યાણકારી ગુણ રહ્યા છે એમ કહ્યું તે કિયા સમજવા ?

૧ **ઉ૦ સત્ય =** સર્વે જીવ-પ્રાણીમાત્રને માયાના બંધનથી રહિત કરીને બ્રહ્મભાવને પમાડવારૂપી હિત છે જેમને વિષે તથા પોતાના મુક્તોદ્વારે એવું હિત કરાવવાપણું તથા સત્ય જે બ્રહ્મ તેનું કારણપણું **(૧), શૌચ =** પોતાનું ધ્યાન કરનારા ભક્તોનું માયારૂપી વગળ ટાળીને પોતા જેવા નિર્દોષ કરવાપણું **(૨), દયા =** ભવાબ્ધિમાં ડૂબેલા એવા જીવોનાં જન્મ-મરણ ને યમયાતનાદિક દુઃખને ટાળીને પોતાનું સુખ આપવાપણું **(૩), ક્ષાંતિ =** આસુરી જીવોએ કરેલા અનેક ઉપદ્રવોનું સહન કરવાપણું તથા પોતાને મન અર્પનારા એવા પોતાના આશ્રિતજનો તેમને ક્રોધ થવાનું નિમિત્ત છતાં પણ ચિત્તમાં ક્રોધ ઉત્પન્ન ન થવા દેવાપણું **(૪), ત્યાગ =** મોક્ષાર્થી જનના અપરાધને ન ગણીને, પોતાની મૂર્તિના સુખને આપવાપણું **(૫), સંતોષ =** નિજાશ્રિતને પોતાને સુખે સુખી કરવાથી પોતાને પરિપૂર્ણ માનવાપણું **(૬), આર્જવ =** બહારની તથા અંદરની એકતારૂપી સ્વભાવની સરળતા, અથવા પોતાના આશ્રિતના રજ-તમાદિક દોષ ટાળીને મન-વાણી આદિકે કરીને કોઈને દુઃખનો ઉદ્‌ભવ ન થવા દેવાપણું તથા સત્પુરુષદ્વારે પણ તેવી રીતે કરાવવાપણું **(૭), શમ =** યોગાદિક પ્રયાસ વિના પણ પોતાના ધ્યાનથી ભક્તના મનને વશ કરાવવાપણું **(૮), દમ =** પોતે કહેલી ધર્મ-મર્યાદામાં વર્તાવવાથી ભક્તની ઈન્દ્રિયોનું નિગ્રહ કરવાપણું **(૯), તપ =** જીવોના મોક્ષને અર્થે પૃથ્વી ઉપર વિચરીને અનેક જનોના અપમાનાદિકનું તથા અનેક પ્રકારના કષ્ટનું સહન કરવાપણું અથવા વન વિચરણાંદિક **(૧૦), સામ્ય =** અનવધિકાતિશય જે પોતાનું સુખ તેને વિષે પોતાના ધ્યાનનિષ્ઠ ભક્તોને નિમગ્ન કરવાથી સારા-નરસા વિષયને વિષે સમભાવ પમાડવાપણું **(૧૧), તિતિક્ષા =** પોતાના આશ્રિતને પોતાને સંબંધે કરીને કોઈના અપરાધને ન ગણે એવા કરવાપણું **(૧૨), ઉપરતિ =** પોતાના આશ્રિતને અનેક પ્રકારના વૈભવની પ્રાપ્તિ છતાં પણ રાગે રહિત કરવાપણું **(૧૩), શ્રુત =** પોતાને વિષે નિષ્ઠાવાળા ભક્તને શાસ્ત્રના અર્થને યથાર્થ જાણી શકે એવી શક્તિ દેવાપણું **(૧૪), જ્ઞાન =** પોતાના આશ્રિતોને જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ, અક્ષર તથા

મુક્ત એ સર્વેનું નિયંતા એવું જે પોતાનું સ્વરૂપ તેનું યથાર્થપણે જણાવવાપણું **(૧૫), વિરક્તિ** = પોતાના આશ્રિતોને પોતાની મૂર્તિનું સુખ આપીને વાસનાએ રહિત કરવાપણું **(૧૬), ઐશ્વર્ય** = સર્વેનું નિયંતાપણું **(૧૭), શૌર્ય** = મહાપાપીને પણ ભક્ત બનાવી દેવાપણું તથા પોતાના આશ્રિતોને નાના પ્રકારના સ્વભાવ તથા કામ-ક્રોધાદિક શત્રુને જીતવામાં સામર્થી આપવાપણું **(૧૮), તેજ** = કોઈથી પરાભવ ન પામવાપણું અથવા પોતાના આશ્રિતોને કાળ-માયાદિકથી પરાભવ ન પામવા દેવાપણું **(૧૯), બળ** = અનેક જનને સમાધિ કરાવીને નાડી-પ્રાણનું આકર્ષણ કરવાપણું તથા પોતાના આશ્રિતોને પ્રાણને નિયમમાં કરાવવાનું સામર્થ્ય આપવાપણું **(૨૦), સ્મૃતિ** = પોતાના અક્ષરધામથી જે કર્તવ્યને અર્થે પોતે પૃથ્વીને વિષે પ્રગટ થયેલા તે કર્તવ્યનું અનુસંધાનપણું તથા પોતાના આશ્રિતોને તે અનુસંધાન કરાવવાપણું **(૨૧), સ્વાતંત્ર્ય** = સર્વોપરીપણું જે સર્વનું નિયંતાપણું અને પોતાના આશ્રિતોને કાળ-માયાદિકના ભયે રહિત કરીને પોતાનું સાધર્મ્યપણું પમાડીને સ્વતંત્ર કરવાપણું **(૨૨), કૌશલ** = આત્યંતિક મોક્ષ કરવારૂપ ક્રિયામાં નિપુણપણું, કોઈ પણ પ્રકારે ગમે તેવા જીવને પોતાના સન્મુખ કરી આકર્ષી લેવાની કુશળતા તથા પોતે કહેલા નિયમપરાયણ એવા જે જન તેમને અનેક જીવના મોક્ષ કરવારૂપી ક્રિયાનું સામર્થ્ય દાતાપણું **(૨૩), કાન્તિ** = બ્રહ્મકોટી, અક્ષરકોટી, તથા મુક્તકોટી તે સર્વેથી અતિશે પ્રકાશમાનપણું - વા તે સર્વને પ્રકાશ દેવાપણું **(૨૪), ધૈર્ય** = પોતાના આશ્રિતોને ઇન્દ્રિયો-અંતઃકરણને જીતવારૂપી ધીરજ આપવાપણું તથા પોતાના ધ્યાનનિષ્ઠ ભક્તોને સાક્ષાત્કાર થવા પર્યંત ધ્યાનમાં એકાગ્રતા, આગ્રહ તથા ઉત્સાહ ટકાવી રાખવારૂપી ધીરજ આપવાપણું **(૨૫), માર્દવ** = ભક્તોનાં દુઃખ ન જોઈ શકવાપણું તથા પોતાનું ધ્યાન કરનારા ભક્તોના ચિત્તને કોમળ કરવાપણું **(૨૬), પ્રાગલ્ભ્ય** = પોતાના ભક્તોને પોતાની મૂર્તિનું નવીન નવીન સુખનું અનુભવ કરવારૂપી જ્ઞાનનું દેવાપણું તથા વિદ્વત્સભામાં શાસ્ત્રાર્થ કરી પ્રતિપક્ષીઓને પરાસ્ત કરી સ્વમત સ્થાપન કરવાપણું **(૨૭), પ્રશ્રય** = પોતાના ભક્તોને સત્પુરુષ આગળ દાસપણું રહે એવી બુદ્ધિ દેવાપણું **(૨૮), શીલ** = પોતાના આશ્રિતોને બ્રહ્મચર્યવ્રત દઢ કરાવવાપણું **(૨૯), સહ** = પોતાના ભક્તોની પ્રાણવૃત્તિઓનું સ્વાભાવિક પોતાની મૂર્તિમાં આકર્ષણ કરવાપણું **(૩૦), ઓજ** = પોતાના ભક્તોની જ્ઞાન ઇન્દ્રિયો તથા કર્મ ઇન્દ્રિયોને જીતવામાં સામર્થ્ય દેવાપણું તથા દેહે કરીને સુખ-દુઃખાદિકને સહન કરવાની સત્તા આપવાપણું **(૩૧), બળ** = જીવકોટી, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી, મૂળઅક્ષરકોટી તથા મુક્તકોટી તે સર્વેને પોતાને તેજરૂપ શક્તિદ્વારે ધારવાપણું તથા તે સર્વને ધારણ કરવાની શક્તિને આપવાપણું **(૩૨), ભગ** = પોતાના મુક્તોને આત્યંતિક કલ્યાણ કરવાનું સામર્થ્ય આપવાપણું તથા મૂળઅક્ષર તથા મૂળપુરુષાદિક સર્વે અવતારોને ઉત્પત્ત્યાદિક કરવાનું ઐશ્વર્ય આપવાપણું **(૩૩), ગાંભીર્ય** = થોડી વાતમાં રાજી કુરાજી ન થવારૂપ સાગરહૃદયપણું તથા મૂળપુરુષ, બ્રહ્મ તથા મૂળઅક્ષરાદિક તે કોઈએ પોતાનો અભિપ્રાય ન જાણી શકવાપણું તથા પોતાની સમીપે રહેનારા નિષ્કામ મુક્તો તેમણે પણ યથાર્થ અભિપ્રાય ન જાણી શકવાપણું તથા પોતાના આશ્રિતોને કોઈ વિકારે કરીને ક્ષોભ ન પામવા દેવાપણું **(૩૪), સ્થૈર્ય** = પોતાની મૂર્તિને પામેલા ભક્તોને પોતાના સુખથી ચળાયમાન નહિ થવા દેવાપણું **(૩૫), આસ્તિક્ય** = પોતાના ભક્તોને પોતાની સર્વોપરી ઉપાસનાના બળ વડે પોતા સિવાય બીજે ક્યાંય આસ્તા નહિ આવવા દેવાપણું **(૩૬), કીર્તિ** = ઘોર કલિયુગમાં એકાંતિક ધર્મસ્થાપન કરી મોક્ષદાનરૂપી અપૂર્વ કીર્તિ ફેલાવવાપણું અને પોતાની આજ્ઞા પાળીને ધર્મને દઢ કરનારા એવા જે ભક્તો તેમની કીર્તિનું વધારવાપણું **(૩૭), માન** = પોતાની સર્વોપરી ઉપાસના તથા ધ્યાને કરીને પોતાના તદાકારભાવને પામેલા એવા જે પોતાના ભક્તો તેમને મોટા મોટા ઈશ્વરો તથા બ્રહ્મકોટી તથા અક્ષરાદિક ઐશ્વર્યાર્થીઓ દ્વારાએ માન-પૂજ્યપણું અપાવવાપણું **(૩૮), અનહંકૃતિ** = પોતાના ભક્તોની માયા નિવૃત્તિ પામવાથી અહંકારે રહિત કરવાપણું **(૩૯).** આ ઉપર કહ્યા જે શ્રીજીમહારાજના કલ્યાણકારી ગુણ તે રાજારૂપ ને સાધુરૂપ એ સર્વ અવતારોના કારણ એવા જે શ્રીજીમહારાજ તેમના નિશ્ચયે કરીને સંતમાં આવે છે.

૨ **પ્ર૦** અમને કાળ, કર્મ, સ્વભાવ, માયા ને પુરુષ જેવા ન જાણે એમ શ્રીજીમહારાજે કહ્યું તે કેવા જાણે તો કાળ, કર્મ, સ્વભાવ, માયા અને પુરુષ જેવા જાણ્યા કહેવાય ? અને શ્રીજીમહારાજને સર્વેના નિયંતા, સર્વ કર્તા, ને નિર્લેપ કેવી રીતે જાણવા ?

૨ **ઉ૦** કાળ છે તે પ્રકૃતિ પુરુષના કાર્યનો પ્રલય કરે છે એટલો જ મહિમા શ્રીજીમહારાજનો જાણે તો કાળ જેવા જાણ્યા કહેવાય, અને કર્મ પ્રમાણે ફળ મળે છે પણ એથી અધિક ભગવાન આપી શકતા નથી, એમ જાણે તો કર્મ જેવા જાણ્યા કહેવાય. અને આ જગત સ્વાભાવિક થયા જ કરે છે પણ ભગવાન કર્તા છે એમ ન જાણે તો સ્વભાવ જેવા જાણ્યા કહેવાય. અને માયા દ્વારે

જગત સૃજે છે તેટલું જ કાર્ય ભગવાન કરી શકે છે એમ જાણે તો માયા જેવા જાણ્યા કહેવાય. અને જેટલું મૂળપુરુષ થકી થાય છે તેટલું જ મહારાજ કરી શકે છે એમ જાણે તો પુરુષ જેવા જાણ્યા કહેવાય. અને જીવકોટી, માયાકોટી, પુરુષકોટી, બ્રહ્મકોટી, અક્ષરકોટી ને મુક્તકોટી, એ સર્વે શ્રીજીમહારાજની આજ્ઞામાં નિરંતર વર્તે છે, એવી રીતે જાણે તો નિયંતા જાણ્યા કહેવાય અને અનંત મૂળઅક્ષરો તે અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પત્ત્યાદિ કરે છે તે શ્રીજીમહારાજની આપેલી સત્તાથી કરે છે પણ શ્રીજીમહારાજ વિના બીજો કોઈ સ્વતંત્રપણે કરી શકે તેમ નથી, એવી રીતે શ્રીજીમહારાજને જાણે તો કર્તા જાણ્યા કહેવાય, અને મૂળઅક્ષરાદિક સર્વેને વિષે અંતર્યામીપણે રહ્યા છે પણ તે અક્ષરાદિકની તથા મૂળપુરુષાદિક કોઈની ઉપાધિ શ્રીજીમહારાજને અડતી નથી એમ જાણે તો નિર્લેપ જાણ્યા કહેવાય.

૩ **પ્ર૦** સંત ભગવાનની પેઠે નિર્બંધ ને ચહાય તે કરવા સમર્થ થાય છે એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ૦** નિર્બંધ એટલે મૂળઅક્ષરાદિક કોઈના ઐશ્વર્યમાં લેવાય નહિ અને આવરણ રહિત થાય તે નિર્બંધ કહેવાય, અને શ્રીજીમહારાજની પેઠે જ અસંખ્યાત જીવોનો ઉદ્ધાર સંકલ્પમાત્રમાં કરે તે ચહાય તે કરવા સમર્થ જાણવા પણ મૂળઅક્ષરાદિકની પેઠે ઉત્પત્ત્યાદિક તથા કર્મફળ આપવું તે કામ નથી કરતા એ કામને તો તુચ્છ જાણે છે.

૪ **પ્ર૦** બીજા પ્રશ્નમાં ગરીબને દુઃખવેથી શ્રીજીમહારાજ દુઃખાય એમ કહ્યું તે ગરીબ કેવા જાણવા ?

૪ **ઉ૦** શ્રીજીમહારાજની મૂર્તિને અખંડ ધારી રહ્યા હોય તેવા પોતાના ભક્તને ગરીબ કહ્યા છે, તે લોકવ્યવહારે ગરીબ હોય અને સ્વભાવે પણ ગરીબ હોય તે કોઈના સામો જવાબ ન આપે ને સંકલ્પ પણ ન કરે જે, આણે મારું અપમાન કર્યું, એવા મોટા સહનશક્તિવાળા ભક્ત હોય તેને દુઃખાવે તો તે પોતે તો ન દુઃખાય, પણ શ્રીજીમહારાજ દુઃખાય તો દુઃખાવનારના જીવનો નાશ થઈ જાય છે. ॥૬૨॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૬૩

❖સંવત ૧૮૭૬ના ફાગણ વદિ ૭ સપ્તમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને ધોળું હીરકોરનું ધોતિયું માથે બાંધ્યું હતું ને કોટને વિષે શ્વેત પુષ્પના હાર વિરાજમાન હતા અને પાઘને વિષે ગુલાબનાં પુષ્પના તોરા વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧) ભગવાનના નિશ્ચયમાં કસર હોય તેને કેવા સંકલ્પ થાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને નિશ્ચયમાં કસર હોય તેને જ્યારે ભગવાનમાં કાંઈ સામર્થી દેખાય, ત્યારે અતિ આનંદ થાય અને જ્યારે સામર્થી ન દેખાય ત્યારે અંતર ઝાંખું થઈ જાય; અને પોતાના હૃદયમાં ભૂંડા સંકલ્પ થાતા હોય ને તેને ટાળે તો ય પણ ટળે નહિ ત્યારે ભગવાનમાં અવગુણ પરઠે જે, હું આટલા દહાડાથી સત્સંગ કરી કરીને મરી ગયો, તો ય પણ ભગવાન મારા ભૂંડા ઘાટ ટાળતા નથી, એવી રીતે ભગવાનમાં દોષ પરઠે, અને જે પદાર્થમાં પોતાને હેત હોય ને કોઈ પ્રકારે તે પદાર્થમાંથી મન પાછું ન વળતું હોય, ત્યારે તેવો ને તેવો દોષ ભગવાનને વિષે પરઠે જે, જેમ મારે વિષે કામાદિક દોષ છે, તેમ ભગવાનને વિષે પણ છે પણ એ ભગવાન છે ને મોટા કહેવાય છે, એવી રીતના જેને અંતરમાં ઘાટ થાતા હોય તેના નિશ્ચયમાં કસર જાણવી; એનો પરિપક્વ નિશ્ચય ન**

**કહેવાય. (૧)** ૧

૨ પછી પરમચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** હે મહારાજ ! જેને ભગવાનનો પરિપક્વ નિશ્ચય હોય તેને કેવી જાતના ઘાટ થાય પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જેને પરિપક્વ નિશ્ચય હોય તેને તો મનમાં એમ રહે જે, મારે સર્વે પ્રાપ્તિ થઈ રહી છે, અને જ્યાં પ્રત્યક્ષ ભગવાન રહ્યા છે ત્યાં જ પરમધામ છે**, અને આ સંત સર્વે તે નારદ-સનકાદિક જેવા છે, અને સત્સંગી સર્વે તે તો જેવા ઉદ્ધવ, અક્રૂર, વિદુર, સુદામા ને વૃંદાવનના ગોપ તેવા છે, અને જે બાઈયું હરિભક્ત છે તે તો જેવી ગોપીઓ તથા દ્રૌપદી, કુંતાજી, સીતા, રુક્મણિ, લક્ષ્મી, પાર્વતી એવી છે. અને હવે મારે કાંઈ કરવું રહ્યું નથી ને ગોલોક, વૈકુંઠ, બ્રહ્મપુર તેને હું પામી રહ્યો છું, એવી રીતના ઘાટ થાય અને પોતાના હૃદયમાં અતિ આનંદ વર્તે, એવી રીતે જેના અંતરમાં વર્તતું હોય તેને પરિપક્વ નિશ્ચય જાણવો. **(૨)** ૨

૩ એમ કહીને પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, **(૩)** તત્ત્વે કરીને ભગવાનનું સ્વરૂપ જાણ્યા પછી એને કાંઈ જાણવું રહેતું નથી. તે તત્ત્વે કરીને જાણ્યાની રીત કહીએ તે સાંભળો : જે સાંભળીને પરમેશ્વરના સ્વરૂપનો અડગ નિશ્ચય થાય છે. જે પ્રથમ તો એને ભગવાનની મોટાઈ જાણી જોઈએ, જેમ કોઈક મોટો રાજા હોય તેના જે ગોલા ને ગોલીઓ હોય તેને પણ સાત ભૂમિની તો હવેલીઓ રહેવાની હોય અને બાગ, બગીચા ને ઘોડા, વેલ્યું, ઘરેણાં એ આદિક જે સામગ્રી તેણે કરીને દેવલોક સરખાં તેનાં ઘર જણાય, ત્યારે તે રાજાનો જે દરબાર તથા તેમાં જે સામગ્રી તે તો અતિ શોભાયમાન હોય, તેમ શ્રી પુરુષોત્તમ ભગવાનની આજ્ઞામાં વર્તતા એવા જે બ્રહ્માંડના અધિપતિ બ્રહ્માદિક તેના જે લોક, ને તે લોકના વૈભવ તેના પારને પમાતો નથી તો જેના નાભિકમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા એવા જે વિરાટપુરુષ તેના વૈભવનો પાર તો ક્યાંથી પમાય ? અને એવા **અનંતકોટી જે વિરાટપુરુષ** તેમના સ્વામી જે પુરુષોત્તમ ભગાવન તેનું ધામ જે અક્ષર, **જેવે વિષે એવાં અનંતકોટી બ્રહ્માંડ તે એક એક રોમ પ્રત્યે અણુની પેઠે ઊડતાં ફરે છે** એવું એ ભગવાનનું ધામ છે, ને તે ધામને વિષે પુરુષોત્તમ ભગવાન પોતે દિવ્યરૂપે કરીને સદા વિરાજમાન છે અને તે ધામમાં અપાર દિવ્ય સામગ્રી છે તે ભગવાનની મોટ્યપનો પાર તો આવે જ કેમ ? એવી રીતે ભગવાનની મોટ્યપ સમજે, અને જે જે થકી મોટો હોય તે તે થકી સૂક્ષ્મ હોય, અને તે તેનું કારણ પણ હોય, જેમ પૃથ્વી થકી જળ મોટું છે અને તે પૃથ્વીનું કારણ છે અને તે થકી સૂક્ષ્મ પણ છે, ને જળ થકી તેજ મોટું છે, ને તેજ થકી વાયુ મોટો છે, ને વાયુ થકી આકાશ મોટો છે, એવી રીતે અહંકાર, મહત્તત્ત્વ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ ને **અક્ષર** એ સર્વે એકબીજાથી મોટા છે ને એકબીજાથી સૂક્ષ્મ છે ને કારણ છે અને એ સર્વે મૂર્તિમાન છે પણ **ભગવાનનું જે અક્ષરધામ છે તે તો અત્યંત મોટું છે, જેના એક એક રોમને વિષે અનંતકોટી બ્રહ્માંડ અણુની પેઠે ઊડતાં જ ફરે છે,** જેમ કોઈ મોટો હસ્તિ હોય તેના શરીર ઉપર કીડી ચાલી જાતી હોય તે કશી

ગણતીમાં આવે નહિ, તેમ એ અક્ષરની મોટાઈ આગળ બીજું કોઈ કાંઈ ગણતીમાં આવતું નથી. જેમ ઝીણાં મચ્છર હોય તેને મધ્યે કીડી હોય તે મોટી દેખાય અને કીડીને મધ્યે વીંછી હોય તે મોટો દેખાય અને વીંછીને મધ્યે સાપ હોય તે મોટો દેખાય અને સાપને મધ્યે સમળા હોય તે મોટી દેખાય ને સમળાને મધ્યે પાડો હોય તે મોટો દેખાય ને પાડાને મધ્યે હાથી હોય તે મોટો દેખાય અને હાથીને મધ્યે ગિરનાર સરખો પર્વત હોય તે મોટો દેખાય અને તે પર્વતને મધ્યે મેરુ પર્વત મોટો દેખાય અને તે મેરુ જેવા પર્વતને મધ્યે લોકાલોક પર્વત તે અતિ મોટો જણાય અને લોકાલોક પર્વત થકી પૃથ્વી અતિ મોટી જણાય અને પૃથ્વીનું કારણ જે જળ તે, તે થકી મોટું પણ છે અને સૂક્ષ્મ પણ છે, એવી રીતે જળનું કારણ તેજ છે, તેજનું કારણ વાયુ છે, વાયુનું કારણ આકાશ છે, આકાશનું કારણ અહંકાર છે, અહંકારનું કારણ મહત્તત્ત્વ છે, મહત્તત્ત્વનું કારણ પ્રધાન ને પુરુષ છે અને પ્રધાન ને પુરુષનું કારણ મૂળપ્રકૃતિ ને બ્રહ્મ છે અને એ સર્વેનું કારણ અક્ષરબ્રહ્મ છે ને તે અક્ષર તો પુરુષોત્તમ ભગવાનનું ધામ છે અને એ અક્ષરની સંકોચ ને વિકાસ અવસ્થા થાતી નથી; સદાય એકરૂપે રહે છે અને તે અક્ષર મૂર્તિમાન છે પણ અતિ મોટા છે માટે કોઈની નજરે અક્ષરનું રૂપ આવતું નથી, જેમ ચોવીશ તત્ત્વનું કાર્ય જે બ્રહ્માંડ તે પુરુષાવતાર કહેવાય છે ને તે વિરાટપુરુષ જે તે કર-ચરણાદિકે કરીને યુક્ત છે પણ તેની મૂર્તિ અતિશે મોટી છે માટે નજરે આવતી નથી અને તેની નાભિમાંથી થયું જે કમળ તેના નાળમાં બ્રહ્મા દેવતાનાં સો વર્ષ લગી ચાલ્યા પણ તેનો અંત ન આવ્યો, ને જો કમળનો જ અંત ન આવ્યો તો વિરાટપુરુષનો પાર કેમ આવે ? માટે તે વિરાટનું રૂપ નજરે આવતું નથી, તેમ અક્ષરધામ પણ મૂર્તિમાન છે પણ કોઈને નજરે આવે નહિ, તે શા માટે જે એવાં એવાં બ્રહ્માંડ એક એક રોમમાં અસંખ્યાત ઊડતાં જ ફરે છે એવડા મોટા છે તે **અક્ષરધામને વિષે પુરુષોત્તમ ભગવાન પોતે સદા વિરાજમાન છે.** (૩) અને **પોતાની** ૩
**કાન્તિએ કરીને અક્ષરધામ અને અનંતકોટી બ્રહ્માંડ અને તે બ્રહ્માંડોના જે ઈશ્વર તે સર્વેને વિષે અન્વયપણે રહ્યા છે અને તે અક્ષરધામને વિષે પોતાના સાધર્મ્યપણાને પામ્યા એવા જે અનંતકોટી મુક્ત તે એ ભગવાનની સેવાને વિષે રહે છે, અને તે ભગવાનના સેવકના એક એક રોમને વિષે કોટી કોટી સૂર્યના જેવો પ્રકાશ છે, માટે જેના સેવક એવા છે તો એમના સ્વામી જે પુરુષોત્તમ ભગવાન તેનો મહિમા તો કેમ કહેવાય ?** એવા અતિ સમર્થ જે ભગવાન તે પોતે અક્ષરમાં પ્રવેશ કરીને અક્ષરરૂપે થાય છે ને પછી મૂળપ્રકૃતિપુરુષરૂપે થાય છે ને પછી પ્રધાનપુરુષરૂપે થાય છે ને પછી પ્રધાનમાંથી થયાં જે ચોવીશ તત્ત્વ તેને વિષે પ્રવેશ કરીને તે રૂપે થાય છે, ને પછી તત્ત્વે કરીને સર્જાણા જે વિરાટપુરુષ તેને વિષે પ્રવેશ કરીને તે રૂપે થાય છે, ને પછી બ્રહ્મા વિષ્ણુ, શિવમાં પ્રવેશ કરીને તે તે રૂપે થાય છે એવી રીતે અતિ સમર્થ ને અતિ પ્રકાશે યુક્ત ને અતિ મોટા જે એ ભગવાન તે પોતાનું જે આવું ઐશ્વર્ય ને તેજ તેને પોતામાં સમાવીને, **જીવના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થાય છે** ને મનુષ્ય દર્શન કરી શકે તથા સેવા-અર્ચનાદિક કરી શકે એવું રૂપ ધારણ કરે છે. જેમ કીડીના પગમાં ઝીણો કાંટો વાગ્યો

હોય તેને બરછી તથા નરેણીએ કરીને કાઢે તો નીસરે નહિ; તે તો અતિશે ઝીણું લોઢું હોય તેણે કરીને નીસરે, તેમ ભગવાન પણ પોતાની મોટાઈને પોતામાં સમાવીને અતિશે અલ્પરૂપનું ધારણ કરે છે. જેમ અગ્નિ પોતાનો પ્રકાશ ને જ્વાળા તેને સમાવીને મનુષ્ય જેવો થાય, તેમ ભગવાન પણ પોતાની સામર્થી છુપાવીને જીવના કલ્યાણને અર્થે મનુષ્યની પેઠે વર્તે છે અને જે મૂર્ખ હોય તે તો એમ જાણે જે, ભગવાન કાંઈ સામર્થી કેમ પ્રગટ કરતા નથી ? પણ ભગવાન તો મૂળગી જીવના કલ્યાણને અર્થે પોતાની સામર્થી ઢાંકીને વર્તે છે અને જો પોતાની મોટ્યપ પ્રગટ કરે તો બ્રહ્માંડ પણ નજરમાં ન આવે તો જીવની શી ગણના ? એવી રીતે મહિમાએ સોતો જે **આ ભગવાનનો નિશ્ચય** તે જેને હૃદયમાં દઢપણે થયો હોય તેને કાળ, કર્મ, માયા કોઈ બંધન કરવા સમર્થ નથી, માટે એવી રીતે તત્ત્વે કરીને ભગવાનને જાણે તેને
કાંઈ કરવું રહ્યું નથી. **(૪)** ૪

૪ પછી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૪)** એવી રીતે અનુક્રમે કરીને ભગવાન મનુષ્યાકૃતિ ધરે છે કે અનુક્રમ વિના પણ મનુષ્યાકૃતિ ધરે છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અનુક્રમનો કાંઈ મેળ નથી, ત્યાં દૃષ્ટાંત : જેમ કોઈ પુરુષ હોય તે તળાવને વિષે ડબકી ખાય, તે ડબકી ખાઈને ગમે તો ત્યાં ને ત્યાં નીસરે અથવા કાંઠે નીસરે અથવા આસપાસ નીસરે, તેમ પુરુષોત્તમ ભગવાન છે તે અક્ષરરૂપ ધામને વિષે ડબકી ખાઈને ગમે તો ત્યાંથી પાધરા જ મનુષ્યાકૃતિને ધારે છે ને ગમે તો એવી રીતે અનુક્રમે કરીને મનુષ્યાકૃતિને ધારે છે, એમ વાર્તા
કરી. **(૫)** ૫

૫ અને પછી વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૫)** જેને અતિ દઢ નિશ્ચય હોય તેનું થોડાકમાં લક્ષણ કહું તે સાંભળો જે, **જેને પરિપક્વ નિશ્ચય હોય ને તે પોતે અત્યંત ત્યાગી હોય તો ય પણ તે પાસે ગમે તેવી પ્રવૃત્તિમાર્ગની ક્રિયા કરાવીએ તો તેને કરે પણ તેમાંથી પાછો હઠે નહિ ને કચવાઈને પણ કરે નહિ; રાજી થકો કરે. ને બીજું એ લક્ષણ જે, ગમે તેવો પોતામાં કોઈક સ્વભાવ હોય ને તે કોટીક ઉપાય કરે તો ય પણ ટળે એવો ન હોય ને જો તે સ્વભાવને મુકાવ્યાનો પરમેશ્વરનો આગ્રહ દેખે તો તે સ્વભાવને તત્કાળ મૂકે ને ત્રીજું એ લક્ષણ જે, પોતાને કાંઈ વર્તમાનમાં ઠીક જેવું ન હોય, તો ય પણ પરમેશ્વરની કથા-કીર્તન તથા ભગવાનના સંત તે વિના ઘડી માત્ર રહેવાય નહિ ને પોતાનો અવગુણ લે ને સંતનો અતિ ગુણ ગ્રહણ કરે અને ભગવાનની કથા-કીર્તન ને ભગવાનના સંત તેનો અતિ મહિમા સમજે, એવું જેને વર્તતું હોય તેને પરિપક્વ નિશ્ચય જાણવો, એવા નિશ્ચયવાળાને કોઈક દિવસ કોઈક પ્રારબ્ધને**
**યોગે કરીને કાંઈક વર્તમાનમાં ફેર પડી જાય તો ય પણ તેનું અકલ્યાણ ન થાય. (૬) અને** ૬
**એવો નિશ્ચય ન હોય ને તે ગમે તેવો ત્યાગી હોય, તો ય પણ તેના કલ્યાણમાં ફેર છે. (૭)** ૭
ઈતિ વચનામૃતમ્ ॥૬૩॥

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૫)** છે. ત્રીજું ને પાંચમું કૃપાવાક્ય છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારા નિશ્ચયમાં કસર હોય તેને જ્યારે અમારે વિષે સામર્થી ન દેખાય, ત્યારે અંતર ઝાંખું થઈ જાય અને પોતાને ભૂંડા ઘાટ થાતા હોય તે ટળે નહિ ત્યારે અમારે વિષે દોષ પરઠે જે, મારા ઘાટ કેમ ટાળતા નથી. **(૧)** બીજામાં અમારો પરિપક્વ નિશ્ચય હોય તે એમ જાણે જે, આ મહારાજ છે ત્યાં જ અક્ષરધામ ને મુક્ત છે. **(૨)** ત્રીજામાં પોતાને યથાર્થપણે જાણવાની રીત કહી છે જે પૃથ્વીથી લઈને મૂર્તિમાન મૂળઅક્ષરપર્યંત એકબીજાથી મોટા ને એકબીજાના કારણ ને એકબીજાથી સૂક્ષ્મ ને મૂર્તિમાન કહ્યા છે અને એ મૂળઅક્ષરને ધામ નામે કહ્યા છે ને અતિ મોટા કહ્યા છે ને એના અકેકા રોમમાં એટલે તેની કિરણોમાં અસંખ્યાત બ્રહ્માંડ ઊડતાં ફરે છે અને એ મૂળઅક્ષરને વિષે અમે સદા વિરાજમાન છીએ એમ કહ્યું છે તે કાન્તિએ કરીને રહ્યા છે તે ચોથી બાબતમાં કહ્યું છે. **(૩)** અને ચોથી બાબતમાં અમે અમારી કાન્તિએ કરીને એટલે અમારા તેજરૂપ અક્ષરધામ તે દ્વારે કરીને ત્રીજી બાબતમાં કહી ગયા તે અક્ષરધામ જે મૂળઅક્ષર તથા અનંતકોટી બ્રહ્માંડ અને તે બ્રહ્માંડોના ઈશ્વરો તે સર્વેને વિષે અન્વયપણે રહ્યા છીએ. એવી રીતે મૂળઅક્ષરથી લઈને વિષ્ણુ, બ્રહ્મા, શિવાદિકને વિષે અન્વયપણે રહ્યા છીએ અને તે અમારી કાન્તિરૂપ જે અક્ષરધામ તેમાં કોટાનકોટી સૂર્યના જેવા પ્રકાશમાન એવા અમારા મુક્તોએ સેવ્યા થકા વિરાજમાન છીએ એવા અતિ સમર્થ ને અતિ પ્રકાશે યુક્ત જે અમે તે જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થયા છીએ. આવો અમારો મહિમા સમજે તેને અમારો અડગ નિશ્ચય થાય ને તે કાળ, કર્મ, માયાના બંધનથી મુકાય છે ને તેને કાંઈ કરવું રહેતું નથી. **(૪)** ચોથામાં અમે અનુક્રમે તથા અનુક્રમ વિના પણ મનુષ્યાકૃતિ ધારીએ છીએ. **(૫)** પાંચમામાં અતિ દૃઢ નિશ્ચયવાળા ભક્તનાં લક્ષણ કહ્યાં છે. **(૬)** અને એવો નિશ્ચય ન હોય તેના કલ્યાણમાં ફેર કહ્યો છે. **(૭)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજા પ્રશ્નમાં જ્યાં અમે રહ્યા હોઈએ ત્યાં જ પરમધામ જાણે એમ કહ્યું તે કિયું જાણવું ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામને પરમધામ કહ્યું છે અને પ્રત્યક્ષ ભગવાન પોતાને કહ્યા છે, માટે વચનામૃતમાં જ્યાં જ્યાં પ્રત્યક્ષ ભગવાન કહ્યા હોય ત્યાં શ્રીજીમહારાજને જાણવા.

૨ **પ્ર૦** સંતને નારદ-સનકાદિક જેવા, સત્સંગીઓને ઉદ્ધવ, અક્રૂર તથા ગોપ જેવા, બાઈઓને ગોપીઓ, લક્ષ્મી, સીતા, પાર્વતી જેવી કહી અને (**છે૦ ૨**/૨ માં) ગોલોક-વૈકુંઠાદિક ધામોની સભાથી આ સત્સંગીની સભાને અધિક કહી છે, તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** જેમ નારદ-સનકાદિક, ઉદ્ધવાદિક તથા લક્ષ્મી આદિક તે સર્વે એમના ઈષ્ટદેવોના મુક્ત છે, તેમ આ સંત તથા સત્સંગીઓ તથા બાઈઓ તે સર્વે અક્ષરધામના ધામી જે પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાન અમે તે અમારા મુક્ત છે એમ કહ્યું છે તે (**લો૦ ૧૧**ના બીજા પ્રશ્નમાં) તે તે સ્થાનોને તે તે ઈષ્ટદેવનાં ધામ જાણવાં અને તે તે પાર્ષદોને તે તે ઈષ્ટદેવના મુક્ત જાણવા એમ કહ્યું છે.

૩ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં વૈરાજના સ્વામી પુરુષોત્તમ કહ્યા ને તેમનું ધામ અક્ષર કહ્યું તે વૈરાજની ને શ્રીજીમહારાજની વચ્ચે તો ઘણા ભેદ છે અને આ ઠેકાણે પાધરા જ વૈરાજના સ્વામી પુરુષોત્તમ કહ્યા તે પુરુષોત્તમ કિયા જાણવા ? અને એમનું અક્ષરધામ કહ્યું તે કિયું જાણવું ? અને અક્ષરધામનાં રોમ કહ્યાં તે કિયાં જાણવાં ?

૩ **ઉ૦** વૈરાજથી લઈને મૂળઅક્ષરપર્યંત તથા તેથી પર જે મુક્ત તે સર્વેના મૂળ સ્વામી શ્રીજીમહારાજ છે, માટે શ્રીજીમહારાજને સ્વામી કહ્યા છે અને મૂર્તિમાન મૂળઅક્ષરને આ ઠેકાણે અક્ષરધામ કહ્યું છે અને એ મૂર્તિમાન અક્ષરધામની કિરણોને રોમ કહ્યાં છે.

૪ **પ્ર૦** મૂળઅક્ષરના તેજની કિરણોરૂપી રોમને વિષે બ્રહ્માંડ ઊડતાં ફરે છે તે કિયાં જાણવાં ?

૪ **ઉ૦** આ ઠેકાણે મૂળપુરુષરૂપી બ્રહ્માંડ કહ્યાં છે અને વાસુદેવબ્રહ્મને તેના ઈશ્વરો કહ્યા છે.

૫ **પ્ર૦** પૃથ્વીથી લઈને ઠેઠ મૂળઅક્ષર સુધી એકબીજાના કારણ ને મૂર્તિમાન કહ્યા અને વળી પછીથી ભગવાનનું અક્ષરધામ છે તે તો અત્યંત મોટું છે એમ કહ્યું તે પહેલા અક્ષર કહ્યા તે કિયા જાણવા ? અને પછીથી અક્ષરધામ કહ્યું તે કિયું જાણવું ?

૫ **ઉ૦** મૂર્તિમાન અક્ષર કહ્યા તે મૂળઅક્ષરને કહ્યા છે, અને એ અક્ષર શ્રીજીમહારાજના અન્વય સ્વરૂપને રહેવાનું પાત્ર છે, માટે એને જ અક્ષરધામ નામે આ ઠેકાણે કહ્યા છે.

૬ **પ્ર૦** ઝીણા મચ્છરથી લઈને પૃથ્વી સુધી દશ દૃષ્ટાંતને ઠેકાણે સિદ્ધાંત શો સમજવો ?

૬ ઉ૦ જેમ આ પૃથ્વી આગળ ઝીણા મચ્છર હોય, તેમ મૂર્તિમાન મૂળઅક્ષર આગળ અનેક બ્રહ્માંડોની અનેક પૃથ્વીઓનાં આવરણો છે તે ઝીણા મચ્છર જેવાં છે. **(૧)** અને જેમ આ પૃથ્વી આગળ કીડીઓના સમૂહ હોય, તેમ એ અક્ષર આગળ જળનાં આવરણો તે કીડીઓ જેવાં છે. **(૨)** અને જેમ આ પૃથ્વી આગળ વીંછીઓ હોય, તેમ તે અક્ષર આગળ તેજનાં આવરણો છે. **(૩)** અને જેમ આ પૃથ્વી આગળ સર્પોના સમૂહ હોય, તેમ એ મૂળઅક્ષર આગળ વાયુનાં આવરણો છે. **(૪)** અને જેમ આ પૃથ્વી આગળ સમળાના સમૂહ હોય તેમ એ અક્ષર આગળ આકાશોનાં આવરણો છે. **(૫)** અને જેમ આ પૃથ્વી આગળ પાડાનો સમૂહ હોય, તેમ એ અક્ષર આગળ અહંકારોનાં આવરણો છે. **(૬)** અને જેમ આ પૃથ્વી આગળ હાથીના સમૂહ હોય, તેમ મૂળઅક્ષર આગળ મહત્તત્ત્વોનાં આવરણો છે. **(૭)** અને જેમ આ પૃથ્વી આગળ ગિરનારના સમૂહ હોય, તેમ મૂળઅક્ષર આગળ પ્રધાનપુરુષોનાં આવરણો છે. **(૮)** અને જેમ આ પૃથ્વી આગળ મેરુના સમૂહ હોય, તેમ મૂળઅક્ષર આગળ પ્રકૃતિપુરુષોનાં આવરણો છે. **(૯)** અને જેમ પૃથ્વી આગળ લોકાલોકો હોય, તેમ મૂળઅક્ષર આગળ વાસુદેવબ્રહ્મનાં આવરણો છે, એમ કહ્યું છે. **(૧૦)** માટે જેમ આ પૃથ્વી-મચ્છર આદિકથી લઈને લોકાલોક પર્યંત સર્વથી અતિશે મોટી છે, તેમ આ પૃથ્વીઓથી લઈને વાસુદેવબ્રહ્મની કોટીઓ પર્યંત સર્વથી મૂળઅક્ષર તે અનંત મોટા છે અને એવી જ રીતે શ્રીજીમહારાજની કાન્તિ જે અક્ષરધામ તેના આગળ મૂળઅક્ષરો પણ અત્યંત છે એવું શ્રીજીમહારાજના પ્રકાશરૂપ ધામ તે અત્યંત મોટું છે ને તે ધામના પણ શ્રીજીમહારાજ કારણ ને આધાર છે.

૭ **પ્ર૦** મૂળપ્રકૃતિના કારણ બ્રહ્મ અને સર્વેના કારણ અક્ષરબ્રહ્મ કહ્યા તે કોને જાણવા ?

૭ ઉ૦ આ ઠેકાણે મૂળપુરુષને બ્રહ્મ નામે કહ્યા છે અને મૂળઅક્ષરને અક્ષરબ્રહ્મ કહ્યા છે.

૮ **પ્ર૦** બ્રહ્મ તો વાસુદેવને કહેવાય છે અને મૂળપુરુષને બ્રહ્મ કહ્યા તેનું શું કારણ હશે ?

૮ ઉ૦ મૂળપુરુષ પોતાથી ઓરા સર્વે અવતારોના તથા અનંતકોટી બ્રહ્માંડના કારણ છે ને પોતાના તેજ વડે કરીને માયા તથા માયામાંથી ઉત્પન્ન કર્યા એવા જે અનંતકોટી બ્રહ્માંડ તે સર્વેના આધાર ને તે સર્વેમાં વ્યાપક ને કર્મફળપ્રદાતા છે ને પોતાના કાર્યમાં સર્વેથી મોટા છે, માટે બ્રહ્મ નામે કહ્યા છે.

૯ **પ્ર૦** આમાં મૂળઅક્ષરરૂપ ધામની સંકોચ-વિકાસ અવસ્થા નથી, એમ કહ્યું ને (**લો૦ ૭**ના ૨/૬ બીજા પ્રશ્નમાં) શ્રીજીમહારાજની પણ સંકોચ-વિકાસ અવસ્થા કહી છે તે કેવી રીતે સમજવું ?

૯ ઉ૦ પુરુષના કાર્યમાં અન્વય-વ્યતિરેકપણું તથા સંકોચ-વિકાસ અવસ્થા તે પુરુષની જ છે એમ (**પ્ર૦ ૪૬**માં કહ્યું છે પણ તે પુરુષને વિષે અન્વયપણે શ્રીજીમહારાજ તેજદ્વારે રહ્યા છે તે પુરુષની એકતાએ કરીને (**લો૦ ૭**માં) શ્રીજીમહારાજની સંકોચ-વિકાસ અવસ્થા કહી છે પણ વાસ્તવ્ય તો પુરુષની જ છે.

૧૦ **પ્ર૦** વૈરાજનું ને મૂળઅક્ષરનું રૂપ અતિશે મોટું કહ્યું તે કેવી રીતે સમજવું ?

૧૦ ઉ૦ એમના તેજને ને મૂર્તિને અભેદપણે કરીને અતિશે મોટાં કહ્યાં છે તે (**લો૦ ૨**ના બીજા પ્રશ્નમાં) મૂળપ્રકૃતિ તથા અગ્નિ, વરુણ, સૂર્ય તથા શ્રીજીમહારાજ તે સર્વે મનુષ્ય જેવડા જ છે ને તેમનાં કાર્ય મોટાં છે એમ કહ્યું છે, માટે શ્રીજીમહારાજ તથા મૂળઅક્ષર તથા બ્રહ્મ તથા મૂળપુરુષ ઈશ્વર આદિ સર્વેની મૂર્તિઓ મનુષ્યના જેવડી જ છે પણ કોઈની મૂર્તિ મોટી નથી, માટે જ્યાં મૂર્તિ મોટી કહી હોય ત્યાં મૂર્તિના તેજનું ને મૂર્તિનું અભેદપણું કહ્યું છે એમ જાણવું, પણ મૂર્તિ મોટી છે એમ ન સમજવું, માટે આ ઠેકાણે અક્ષરની મૂર્તિ મોટી કહી છે તે એના તેજને ને એને અભેદપણે કરીને કહ્યું છે એમ જાણવું ને શ્રીજીમહારાજનું તેજ અતિશે અપાર છે તે (**લો૦૧૫**ના પાંચમા પ્રશ્નમાં) જીવ, પુરુષ, અક્ષર ને પુરુષોત્તમ તેમના પ્રકાશમાં ભેદ ઘણો છે, માટે મૂળઅક્ષરના પ્રકાશથી શ્રીજીમહારાજનું તેજ અનંતગણું છે અને શ્રીજીમહારાજના તેજ આગળ મૂળઅક્ષરની કોટીઓનાં તેજ તે કોટીમા ભાગના પાસંગમાં પણ નથી આવતાં, એવું શ્રીજીમહારાજનું તેજ છે તે જેના ઉપર શ્રીજીમહારાજ કૃપા કરે તે વિલક્ષણપણે દેખે છે પણ બીજો કોઈ પૃથક્ દેખવા સમર્થ નથી એમ કહ્યું છે, માટે જે પુરુષોત્તમરૂપ થયેલા પરમએકાંતિક તથા અનાદિમુક્ત છે તે પૃથક્ દેખે છે, પણ મૂળઅક્ષરરૂપ પોતાને માનતા હોય તે મૂળઅક્ષરના ને શ્રીજી મહારાજના પ્રકાશને પૃથક્ દેખી શકતા નથી. માટે શ્રીજીમહારાજની મોટ્યપ તો અતિશે અપાર છે અને (**પ્ર૦ ૭૨**ના ૨/૪ બીજા પ્રશ્નમાં) જેના એક એક રોમના છિદ્રને વિષે અનંતકોટી બ્રહ્માંડ પરમાણુની પેઠે રહ્યાં છે એમ કહ્યું છે તે પણ શ્રીજીમહારાજની

મૂર્તિને તેજની અભેદપણે મોટ્યપ કહી છે અને તે બ્રહ્માંડ મૂળઅક્ષરરૂપી જાણવાં.

**૧૧ પ્ર૦** ધામ તો (**પં૦ ૧**/૧માં તથા **પ્ર૦ ૬૬**/૧માં) પોતાના પ્રકાશને કહેલ છે તથા (**મ૦ ૧૩**/૨માં) પોતાના તેજને અક્ષરધામ કહ્યું છે તથા (**૫૦**/૧માં) એકરસ પરિપૂર્ણ પોતાના તેજને કહ્યું છે અને તેમાં અમારા મુક્તોએ સહિત રહ્યા છીએ એમ કહ્યું છે તથા (**પ્ર૦ ૪૫**માં) પોતાના તેજને સર્વત્ર પૂર્ણ ને નિરાકાર કહ્યું છે તથા (**પ્ર૦ ૭**/૧માં) તથા (**છે૦ ૩૬**ના પહેલા પ્રશ્નમાં) પોતાના તેજને જ બ્રહ્મજ્યોતિનો સમૂહ કહ્યો છે ને તેમાં અમે ને અમારા મુક્ત સદા સાકાર મૂર્તિમાન રહ્યા છીએ ઈત્યાદિક ઘણે ઠેકાણે પોતાના તેજને જ અક્ષરધામ કહ્યું છે અને આમાં મૂળઅક્ષરને ધામ નામે કહ્યા તેનું શું કારણ હશે ?

**૧૧ ઉ૦** મૂળઅક્ષરમાં શ્રીજીમહારાજ પોતાની કાન્તિદ્વારે અન્વયપણે રહ્યા છે, માટે તેને ધામ નામે કહ્યું છે. આ મૂળ અક્ષરમાં શ્રીજીમહારાજ અન્વયપણે રહ્યા છે, તે (**પ્ર૦ ૭**/૧માં, **૪૧**માં, **સા૦ ૫**ના બીજા પ્રશ્નમાં તથા **કા૦ ૮**/૧માં ઈત્યાદિકમાં) કહ્યું છે અને (**પ્ર૦ ૨૧**/૭માં) આ મૂળઅક્ષરને શ્રીજીમહારાજના તેજરૂપ ધામનું બીજું સ્વરૂપ કહ્યું છે અને ઉત્પત્ત્યાદિક કરે છે તે સેવા કહી છે.

**૧૨ પ્ર૦** આ મૂળઅક્ષરને આ વિના બીજા કોઈ વચનામૃતમાં ધામ નામે કહ્યા હશે કે નહિ ?

**૧૨ ઉ૦** (**પ્ર૦ ૫૧**માં તથા **સા૦ ૧૭**માં) આ મૂળઅક્ષરને ધામ નામે કહ્યા છે.

**૧૩ પ્ર૦** અમારું સાધર્મ્યપણું પામેલા મુક્ત ધામમાં સેવામાં રહ્યા છે એમ કહ્યું તેને કેવા જાણવા ?

**૧૩ ઉ૦** સ્વામીત્વપણું, દાતાપણું, નિયંતાપણું એ વિના બીજા રૂપ, ગુણ, લાવણ્યતા, સુંદરતા, સ્વતંત્રતા, ઐશ્વર્ય, પ્રતાપ, સામર્થી, સુખદાયીપણું ઈત્યાદિક ગુણે સરખા જાણવા. તે (**મ૦ ૬૭**માં) કહ્યું છે.

**૧૪ પ્ર૦** અક્ષરમાં પ્રવેશ કરે છે તે અક્ષર કિયા જાણવા ? અને પ્રવેશ કેવી રીતે કરતા હશે ?

**૧૪ ઉ૦** જેમાં પ્રવેશ કરે છે તે અક્ષર મૂર્તિમાન જાણવા અને તે અક્ષરથી લઈને બ્રહ્માદિક સર્વેને વિષે પાત્રની તારતમ્યતા પ્રમાણે પોતાની અંતર્યામીશક્તિએ કરીને રહ્યા છે, તે ઉત્પત્તિકાળે અંતર્યામીશક્તિ વડે પ્રેરણા કરે છે એમ પ્રવેશ જાણવો, માટે પ્રવેશ એટલે પ્રેરણા જાણવી અને મૂર્તિમાન તો એ સર્વેથી જુદા પોતાના તેજરૂપ ધામને વિષે રહ્યા છે ને પોતાના મુક્તોને આનંદ ઉપજાવે છે.

**૧૫ પ્ર૦** (૪/૫ ચોથા પ્રશ્નમાં) અમે પાધરા જ મનુષ્યાકૃતિ ધારીએ છીએ અને અનુક્રમે કરીને પણ મનુષ્યાકૃતિ ધારીએ છીએ એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

**૧૫ ઉ૦** શ્રીજીમહારાજ પોતે સ્વયં પધારે તે પાધરા જ આવે છે એમ જાણવું અને બીજા પોતાના અવતારો આવે તેમાં પોતાનું ઐશ્વર્ય આવે છે તે અનુક્રમ જાણવો.

**૧૬ પ્ર૦** (**૫**/૬ પાંચમા પ્રશ્નમાં) વર્તમાનમાં ફેર પડે તો પણ કલ્યાણ થાય તેમ કહ્યું તે વર્તમાન કેવું જાણવું ? અને કલ્યાણ કેવું થતું હશે ?

**૧૬ ઉ૦** પંચવર્તમાન માંહેલું વર્તમાન જાણવું. તેમાં પ્રારબ્ધે કરીને ફેર પડે તો પણ દઢ નિશ્ચયવાળો કલ્યાણના માર્ગમાંથી પડે નહિ પણ દંડ ભોગવવો પડે ને પછી ધામમાં જાય. **॥૬૩॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૬૪

❖સંવત ૧૮૭૬ના ફાગણ વદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને કાળા છેડાનો ખેસ ઓઢ્યો હતો ને મસ્તકે હીરકોરનું ધોતિયું બાંધ્યું હતું ને તુળસીની નવી કંઠી કંઠને વિષે પહેરી હતી ને મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે મુનિને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** પુરુષોત્તમ એવા જે ભગવાન તેમનું
શરીર આત્મા તથા અક્ષર છે એમ શ્રુતિએ કહ્યું છે તે આત્મા તો સર્વત્ર પૂર્ણ છે ને વિકારે
રહિત છે ને તે આત્માને વિષે કાંઈ હેય ઉપાધિ નથી ને જેમ ભગવાન માયા થકી પર છે,
તેમ આત્મા પણ માયા થકી પર છે, એવો જે આત્મા તે કઈ રીતે ભગવાનનું શરીર કહેવાય
છે ? ને જીવનું શરીર તો જીવ થકી અત્યંત વિલક્ષણ છે ને વિકારવાન છે ને દેહી જે જીવ
તે તો નિર્વિકારી છે. માટે દેહને ને દેહીને તો અત્યંત વિલક્ષણપણું છે, તેમ પુરુષોત્તમને ને
પુરુષોત્તમના શરીરને વિષે અત્યંત વિલક્ષણપણું જોઈએ તે કહો કેમ વિલક્ષણપણું છે ? પછી
સર્વે મુનિએ જેની જેવી બુદ્ધિ તેણે તેવો ઉત્તર કર્યો પણ યથાર્થ ઉત્તર કોઈ થકી થયો નહિ.
પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો અમે ઉત્તર કરીએ જે, પુરુષોત્તમ ભગવાન છે તે સદાય
મૂર્તિમાન છે ને મૂર્તિમાન હોય તે અશરીરીના આત્મા હોય, જેમ વરુણ મૂર્તિમાન છે તે
અશરીરી જે જળ તે **સર્વનો આત્મા** છે ને મૂર્તિમાન જે અગ્નિ તે જવાળારૂપ જે અશરીરી
અગ્નિ તે **સર્વનો આત્મા** છે ને મૂર્તિમાન જે સૂર્ય તે અશરીરી જે પ્રકાશ તેનો **આત્મા છે,**
તેમ અશરીરી જે બ્રહ્મ તેના મૂર્તિમાન જે પુરુષોત્તમ ભગવાન તે આત્મા છે, એવી રીતે અક્ષર
ને આ જે બ્રહ્મ તે પુરુષોત્તમનું શરીર છે ને પુરુષોત્તમ ભગવાન પોતે શરીરી છે અને જે
અશરીરી હોય, તે અસમર્થ હોય ને આકાશની પેઠે શૂન્ય ધર્મવાળો હોય ને મૂર્તિમાન હોય,
તે તો સમર્થ હોય ને જે ચાહે તે કરે, ને તે મૂર્તિમાન જે પુરુષોત્તમ ભગવાન તે આત્મા જે
દ્રષ્ટા ને તે આત્મા જેમાં વ્યાપક છે એવું જે દૃશ્ય એ બેયના આત્માપણે કરીને વર્તે છે ને
તે આત્મા જે પુરુષોત્તમ તે જ્યારે રૂપવાન એવું જે દૃશ્ય તેના આત્માપણે કરીને શાસ્ત્રને વિષે
કહ્યા હોય ત્યારે તે પુરુષોત્તમને દૃશ્યરૂપે કરીને પ્રતિપાદન કર્યા હોય ને જ્યારે એ દ્રષ્ટાના
આત્માપણે કરીને પ્રતિપાદન કર્યા હોય, ત્યારે એ પુરુષોત્તમને અરૂપપણે કરીને શાસ્ત્રને વિષે
કહ્યા હોય છે ને વસ્તુતાએ તો રૂપવાન જે દૃશ્ય ને અરૂપ જે આત્મા એ બે થકી પુરુષોત્તમ
ભગવાન ન્યારા છે ને સદા મૂર્તિમાન છે ને પ્રાકૃત આકારે રહિત છે ને મૂર્તિમાન થકા પણ
દ્રષ્ટા ને દૃશ્ય એ બેયના દ્રષ્ટા છે. **(૧) એવા જે પુરુષોત્તમ ભગવાન તે જીવના કલ્યાણને** ૧
**અર્થે કૃપાએ કરીને પૃથ્વીને વિષે મનુષ્ય જેવા જણાય છે. (૨) તેને જે આવી રીતે સદા દિવ્ય** ૨
**મૂર્તિમાન જાણીને ઉપાસના-ભક્તિ કરે છે, તે તો એ ભગવાનના સાધર્મ્યપણાને પામે છે,** ને
અનંત ઐશ્વર્યને પામે છે. **(૩)** અને જે એ ભગવાનને નિરાકાર જાણીને ધ્યાન-ઉપાસના કરે ૩
છે, તે તો બ્રહ્મસુષુપ્તિને વિષે લીન થાય છે તે પાછો કોઈ દિવસ નીસરતો નથી ને કોઈ
ઐશ્વર્યને પણ પામતો નથી. અને આ જે વાર્તા તે અમે પ્રત્યક્ષ દેખીને કહી છે માટે એમાં
કાંઈ સંશય નથી. **(૪) અને આ વાર્તા તો જેને એવા ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય** ૪
**તે થકી જ પમાય છે પણ બીજા થકી તો પમાતી જ નથી,** માટે આ વાર્તાને અતિ દૃઢ કરીને
રાખજો. **(૫)** ઈતિ વચનામૃતમ્ ॥૬૪॥ ૫

**રહસ્યાર્થ પ્રદી :-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, દ્રષ્ટા જે અમારું તેજ તે જેમાં વ્યાપક છે એવું દશ્ય જે મૂર્તિમાન અક્ષર એ બેયના અમે આત્મા છીએ અને એ બેયથી ન્યારા ને સદા મૂર્તિમાન છીએ. **(૧)** અને જીવોના કલ્યાણને અર્થે કૃપાએ કરીને મનુષ્યરૂપે દેખાઈએ છીએ. **(૨)** અને જે અમને આવી રીતે દિવ્ય મૂર્તિમાન જાણીને અમારી ઉપાસના-ભક્તિ કરે તે અમારા સાધર્મ્યપણાને પામે છે ને અનંત ઐશ્વર્યને પામે છે. **(૩)** અને જે અમને નિરાકાર જાણીને ભજે તે બ્રહ્મ સુષુપ્તિમાં લીન થાય છે તે કોઈ દિવસ નીસરતો નથી. **(૪)** અને અમારી મૂર્તિમાં સ્થિતિ થઈ હોય તે થકી જ આ વાત પમાય છે. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં અક્ષર કરતાં આત્માને પહેલે નંબરે ગણ્યા છે અને વળી સર્વત્ર પૂર્ણ અને વિકારે રહિત કહ્યા છે એ આદિક મોટાં મોટાં વિશેષણો શ્રીજીમહારાજના જેવાં જ આપ્યાં છે તે આત્મા કોને સમજવા ? અને આત્મા જેમાં વ્યાપક છે એવું દશ્ય કહ્યું તે દશ્ય કોને સમજવું ? અને આત્માના શરીરી શ્રીજીમહારાજને કેવી રીતે જાણવા ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજની મૂર્તિના પ્રકાશને આત્મા કહ્યા છે અને આત્માને (**પ્ર૦ ૪૫**માં) સચ્ચિદાનંદ બ્રહ્મ નામે કહ્યા છે. (**૬૬**/૧માં) બ્રહ્મસત્તારૂપ પ્રકાશ નામે કહ્યા છે. (**૭૧** ના પાંચમા પ્રશ્નમાં) નિરાકાર અક્ષરબ્રહ્મ નામે કહ્યા છે. (**કા૦** ૮/૧માં) નિર્ગુણ સ્વરૂપ નામે કહ્યાં છે ને અક્ષરના આત્મા કહ્યા છે. (**પં૦ ૧**/૧માં) પોતાની મૂર્તિનો પ્રકાશ તથા અક્ષરબ્રહ્મ તથા ધામ નામે કહ્યા છે. (**મ૦ ૧૩**/૨માં) આત્મા, બ્રહ્મ તથા અક્ષરધામ એ ત્રણ નામે કહેલ છે, (**૫૦**/૧માં) એકરસ પરિપૂર્ણ બ્રહ્મસ્વરૂપ તથા અક્ષરબ્રહ્મ એ બે નામે કહ્યા છે, (**છે૦ ૩૦**ના પહેલા પ્રશ્નમાં) ચૈતન્યનો રાશિ કહેલ છે, (**૩૬**ના પહેલા પ્રશ્નમાં) આ આત્માને બ્રહ્મજ્યોતિ નામે કહ્યા છે, માટે આ બ્રહ્મ એટલે શ્રીજીમહારાજની મૂર્તિના તેજરૂપ આત્મા તે સર્વત્ર પૂર્ણ છે અને મૂર્તિમાન મૂળઅક્ષરના દ્રષ્ટા છે અને મૂર્તિમાન મૂળઅક્ષર તે આ આત્માનું દશ્ય છે. એટલે આ આત્મા મૂર્તિમાન મૂળઅક્ષરમાં વ્યાપક છે, માટે આત્માને દ્રષ્ટા કહ્યા છે. મૂર્તિમાન મૂળઅક્ષરને દશ્ય કહ્યા છે, માટે મૂળઅક્ષર છે તે આ આત્માનું શરીર છે અને આત્મા મૂળઅક્ષરના શરીરી છે એમ જાણવું. અને આ જે બ્રહ્મ કહેતાં આત્મા જે શ્રીજીમહારાજનું તેજ તે શ્રીજીમહારાજને આધારે છે, માટે શ્રીજીમહારાજ શરીરી છે ને આત્મા શરીર છે.

૨ **પ્ર૦** અશરીરી હોય તે અસમર્થ હોય ને શૂન્ય ધર્મવાળો હોય ને મૂર્તિમાન હોય તે સમર્થ હોય એમ કહ્યું ત્યારે મૂળઅક્ષર તો મૂર્તિમાન છે, માટે સમર્થ હોવા જોઈએ અને આત્મા તો નિરાકાર છે માટે અસમર્થ હોવા જોઈએ, માટે અસમર્થ એવા જે નિરાકાર આત્મા તે મૂર્તિમાન મૂળઅક્ષરમાં વ્યાપક કેમ કહેવાય ?

૨ **ઉ૦** જે મૂર્તિનું તેજ હોય તે મૂર્તિ આગળ અસમર્થ હોય પણ એથી જે ઓરા હોય તેનાથી તો સમર્થ હોય અને તેનું આધાર, વ્યાપક ને નિયામક હોય, માટે શ્રીજીમહારાજનું તેજ શ્રીજીમહારાજ આગળ અસમર્થ છે, પણ મૂળઅક્ષરનું તો આધાર ને વ્યાપક ને નિયંતા છે. અને મૂળઅક્ષરનું તેજ મૂળઅક્ષરની મૂર્તિ આગળ અસમર્થ છે, પણ વાસુદેવબ્રહ્મનું નિયંતા, આધાર ને વ્યાપક છે, અને વાસુદેવબ્રહ્મનું તેજ તે વાસુદેવની મૂર્તિ આગળ અસમર્થ છે, પણ મૂળપુરુષનું નિયંતા ને આધાર ને વ્યાપક છે, માટે કારણ આગળ અસમર્થ કહ્યું છે, પણ કાર્ય આગળ તો સમર્થ છે.

૩ **પ્ર૦** દશ્ય અને દ્રષ્ટા કોને કોને કહેવાતા હશે ?

૩ **ઉ૦** દેહને દશ્ય અથવા શરીર કહેવાય અને દેહને ધારણ કરનાર ચૈતન્ય વર્ગ જે જીવાત્મા તેને દેહના શરીરી, દ્રષ્ટા તથા આત્મા કહેવાય, અને ચૈતન્ય જીવવર્ગને ધારણ કરનારું જે મૂળપુરુષનું તેજ તેને જીવવર્ગનું શરીરી, દ્રષ્ટા તથા આત્મા કહેવાય, અને મૂર્તિમાન મૂળપુરુષને ચૈતન્ય જીવવર્ગના પરમાત્મા કહેવાય. અને વાસુદેવબ્રહ્મનું તેજ છે તેને મૂર્તિમાન મૂળપુરુષાદિકનું શરીરી, દ્રષ્ટા તથા આત્મા કહેવાય, અને મૂર્તિમાન વાસુદેવને મૂળપુરુષાદિકના પરમાત્મા કહેવાય, અને મૂળઅક્ષરના તેજને વાસુદેવબ્રહ્મ આદિકનું શરીરી, આત્મા તથા દ્રષ્ટા કહેવાય, અને મૂર્તિમાન મૂળઅક્ષરને વાસુદેવબ્રહ્મ આદિકના પરમાત્મા કહેવાય. અને શ્રીજીમહારાજનું તેજ છે તેને મૂળઅક્ષરાદિકનું શરીરી, દ્રષ્ટા તથા આત્મા કહેવાય, અને મૂર્તિમાન પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ તેમને મૂર્તિમાન મૂળઅક્ષરાદિક સર્વના પરમાત્મા કહેવાય.

૪ **પ્ર૦** આ ઉપર કહ્યા તે સર્વેને એકબીજાના ઉપરીનાં દર્શન થતાં હશે કે નહિ ?

૪ **ઉ૦** જીવવર્ગ તો માયાબદ્ધ છે, તેથી મૂળપુરુષના તેજની ને જીવની વચ્ચે માયાનો પડદો છે, માટે જીવવર્ગને મૂળપુરુષના

તેજનું દર્શન ન થાય ને મૂળપુરુષ તો વાસુદેવબ્રહ્મની સભામાંથી ઊઠ્યા છે ને એના કાર્યનો પ્રલય થાય છે, ત્યારે વાસુદેવની સમીપે રહે છે અને વાસુદેવબ્રહ્મનાં તથા મૂળઅક્ષરોનાં ધામ જુદાં જુદાં છે ને અચળ છે ને એમને પોતપોતાના ઉપરી પાસે આવવા-જવાની ગતિ નથી, માટે વાસુદેવબ્રહ્મને મૂળઅક્ષરનાં તેજદ્વારે દર્શન થાય છે અને મૂળઅક્ષરને શ્રીજીમહારાજનાં તેજદ્વારે દર્શન થાય છે, જેમ સમુદ્રને વિષે જળજંતુ રહ્યાં છે તે જળને દેખે છે, પણ વરુણને દેખતાં નથી તેમ. અને જેમ સૂર્યના પ્રકાશને વિષે મનુષ્ય, પશુ, પક્ષી આદિક સર્વે રહ્યાં છે તે સૂર્યના તેજને દેખે છે, પણ સૂર્યની મૂર્તિને દેખતા નથી તેમ. અને જેમ વાલખિલ્ય ઋષિ સૂર્યના સમીપ રહ્યા થકા સૂર્યનાં દર્શન કરે છે, તેમ શ્રી સ્વામિનારાયણના પરમએકાંતિક મુક્તો તો તે સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરે છે અને અનાદિમુક્ત શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં રહ્યા થકા સુખ ભોગવે છે, આ વાત અમે નજરે જોઈને યથાર્થ જેમ છે તેમ કહી છે.

૫ **પ્ર૦** શ્રીજીમહારાજે મૂર્તિમાન મૂળઅક્ષરને દૃશ્ય કહ્યા ને તે દૃશ્ય જે મૂર્તિમાન મૂળઅક્ષર તેનું આત્મા પોતાનું તેજ કહ્યું અને પોતાનું તેજ જે દ્રષ્ટા તેના આત્મા મૂર્તિમાન પોતાને કહ્યા, અને શાસ્ત્રમાં દૃશ્યના આત્મા કહ્યા હોય, ત્યારે મૂર્તિમાન કહ્યા હોય અને દ્રષ્ટાના આત્મા કહ્યા હોય ત્યારે અરૂપ કહ્યા હોય એમ કહ્યું તે પરોક્ષ શાસ્ત્રનો મત જોતાં તો મૂર્તિમાનના આત્મા મૂર્તિમાન થયા અને નિરાકારના આત્મા નિરાકાર થયા તે કેવી રીતે સમજવું ?

૫ **ઉ૦** પરોક્ષ શાસ્ત્રમાં મૂળપુરુષ પુરુષોત્તમ ને માયા થકી થયું જે વિશ્વ તેના આત્મા કહ્યા હોય ત્યારે વિશ્વરૂપે વર્ણવ્યા હોય, અને એ મૂળપુરુષનું તેજ જે વિશ્વનું આત્મા તેના આત્મા કહ્યા હોય ત્યારે અરૂપપણે વર્ણવ્યા હોય પણ વિશ્વ જે દૃશ્ય અને દ્રષ્ટા જે તેજ એ બેથી ન્યારા ન કહ્યા હોય, કેમ જે પરોક્ષ શાસ્ત્રમાં દૃશ્ય જે વિશ્વ તેને વિષે પોતાના તેજરૂપ અંતર્યામી શક્તિએ વ્યાપક થકા એ બેયથી મૂર્તિમાન ન્યારા છે તે વર્ણવ્યા નથી. માટે શ્રીજીમહારાજે કહ્યું છે જે, આ જે અમે વાત કરી તે તો જેને અમારા સ્વરૂપમાં એટલે અમારે વિષે સ્થિતિ થઈ હોય તે થકી જ પમાય છે. માટે શ્રીજીમહારાજે પોતાનો સિદ્ધાંત કહ્યો છે જે, અમારું તેજ મૂર્તિમાન અક્ષરનું આત્મા છે ને નિયંતા ને વ્યાપક છે અને એ તેજના પણ અમે મૂર્તિમાન આત્મા છીએ, અને એ અક્ષરથી ને અમારા તેજથી ન્યારા છીએ, એવી રીતે મૂળઅક્ષરથી તથા અમારા તેજથી અમને ન્યારા ને સદા દિવ્ય મૂર્તિમાન જાણીને અમારી ઉપાસનાભક્તિ કરે તે અમારા સાધર્મ્યપણાને પામે છે અને અનંત ઐશ્વર્યને પામે છે એટલે અમારા અનાદિમુક્ત જેવા થાય છે અને બીજા સર્વેને આવી વાત સમજાવીને, પોતાના જેવા મુક્ત કરીને, અમારી મૂર્તિના સુખે સુખિયા કરે છે એમ કહ્યું છે, પણ અમારા વિના કાં અમારા મુક્ત વિના કોઈથી આ વાત પમાતી નથી ને સુખિયા પણ થવાતું નથી એમ કહ્યું છે. અને માયાની અંદર રહ્યા જે ચૈતન્ય જીવવર્ગ તેમના દૃશ્ય જે માયિક દેહો તે સાકાર છે અને પોતે ચૈતન્ય જીવવર્ગ જે દ્રષ્ટા તે નિરાકાર છે અને માયાથી પર જે મૂળપુરુષ તથા વાસુદેવબ્રહ્મ તથા મૂળઅક્ષર તે સર્વે દિવ્ય મૂર્તિમાન છે અને એ સર્વેનાં જે પોતપોતાનાં તેજ છે તે પોતપોતાનાં દૃશ્ય છે માટે મૂર્તિમાનનાં દૃશ્ય નિરાકાર છે ને પોતપોતાના તેજના દ્રષ્ટા જે પોતે તે મૂર્તિમાન છે અને એ સર્વેના દ્રષ્ટા શ્રીજીમહારાજ છે અને શ્રીજીમહારાજનું તેજ છે તે મૂર્તિમાન શ્રીજીમહારાજનું દૃશ્ય છે ને મૂર્તિમાન મૂળઅક્ષરનું દ્રષ્ટા છે ને મૂળઅક્ષરનું તેજ તે મૂળઅક્ષરનું દૃશ્ય છે ને મૂર્તિમાન વાસુદેવબ્રહ્મનું દ્રષ્ટા છે ને વાસુદેવનું તેજ તે વાસુદેવનું દૃશ્ય છે ને મૂર્તિમાન મૂળપુરુષનું દ્રષ્ટા છે અને મૂળપુરુષનું તેજ તે મૂળપુરુષનું દૃશ્ય છે ને મૂળમાયાની અંદર રહ્યા જે સર્વ ચૈતન્ય જીવવર્ગ તેનું દ્રષ્ટા છે અને એ જીવવર્ગ સર્વે નિરાકાર છે ને પોતપોતાના દેહના દ્રષ્ટા છે, કેમ કે તેને વિષે દેહદેહીભાવ છે.

૬ **પ્ર૦** ત્રીજી બાબતમાં ભગવાનને નિરાકાર જાણીને ધ્યાન-ઉપાસના કરનારો બ્રહ્મસુષુપ્તિમાં લીન થાય છે એમ કહ્યું તે બ્રહ્મસુષુપ્તિ કઈ જાણવી ?

૬ **ઉ૦** આંહીં સાધનકાળમાં ભગવાનના અવતાર થાય છે તેને સગુણ જાણીને ધ્યાન, ભજન, ઉપાસના, ભક્તિ કરતો હોય અને એમની આજ્ઞામાં યથાર્થ વર્તતો હોય ને શાસ્ત્રમાં કહ્યા જે વિધિ-નિષેધ તે યથાર્થ પાળતો હોય પણ નિર્ગુણ સ્વરૂપ છે તે તો નિરાકાર છે એમ જાણતો હોય તે ભગવાનને મૂળપુરુષના તેજથી પર જાણી શકે નહિ, માટે તે મૂળપુરુષના તેજમાં જળે પાષાણવત્ લીન થાય છે પણ તેથી પર નિરાકાર સમજનારની ગતિ નથી તે તેજને આ ઠેકાણે બ્રહ્મસુષુપ્તિ કહી છે અને જે ભગવાનને કેવળ નિરાકાર જાણે છે ને પૃથ્વીને વિષે ભગવાનના અવતાર થાય છે તેનું ભજન-વંદન કરતા નથી તે શુષ્ક વેદાંતી તો નારકી થાય છે. ॥૬૪॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૬૫

❖સંવત ૧૮૭૬ના ફાગણ વદિ ૧૪ ચૌદશને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને પોઢવાના ઓરડાની ઓસરીએ ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને શ્રીજીમહારાજ કથા કરાવતા હતા તે સમે મોટા મોટા પરમહંસને પોતાને સમીપે બોલાવ્યા પછી કથાનો અધ્યાય પૂરો થયો ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, હવે જેટલા મોટા મોટા સાધુ છો તે પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો, કેમ જે પ્રશ્ન-ઉત્તર કરે ત્યારે જેને જેવી બુદ્ધિ હોય તે જાણ્યામાં આવે.

૧ પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પરમાનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** આકાશની ઉત્પત્તિ ને લય તે કિયે પ્રકારે છે ? ત્યારે પરમાનંદ સ્વામી એ પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા પણ થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ બાળક હોય ને તે જ્યારે પ્રથમ માતાના ઉદરમાં હોય ત્યારે તથા જન્મ સમયમાં તેને હૃદયાદિક જે ઇન્દ્રિયોનાં છિદ્ર તે સૂક્ષ્મ હોય ને પછી જેમ જેમ તે બાળક વૃદ્ધિને પામતો જાય, તેમ તેમ છિદ્રની વૃદ્ધિ થાતી જાય ને તેમાં આકાશ પણ ઉત્પન્ન થાતો જણાય અને જ્યારે એ વૃદ્ધ અવસ્થાને પામે, ત્યારે એનાં ઇન્દ્રિયોનાં છિદ્ર તે સંકોચને પામતાં જાય ને તેમાં આકાશ પણ લય થાતો જણાય, તેમ જ્યારે વિરાટ દેહ ઊપજે, ત્યારે તેને અવાંતર હૃદયાદિક છિદ્રમાં આકાશ ઉત્પન્ન થાતો જણાય અને જ્યારે એ વિરાટ દેહનો લય થાય ત્યારે આકાશ લય પામ્યો જણાય, એમ આકાશની ઉત્પત્તિ ને લય છે, પણ જે આકાશ સર્વનો આધાર છે તે તો જેમ પ્રકૃતિપુરુષ નિત્ય છે તેમ નિત્ય છે; એની ઉત્પત્તિ ને લય તે કહેવાય નહિ અને વળી સમાધિએ કરીને પણ આકાશની ઉત્પત્તિ ને લય છે તેની રીતને તો જે સમાધિવાળા છે તે જાણે છે. **(૧)** ૧

૨ પછી પરમાનંદ સ્વામીએ સ્વયંપ્રકાશાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** સુષુમ્ણા નાડી તે દેહને માંહીલી કોરે કેમ રહી છે ? ને દેહથી બાહેર કેમ રહી છે ? ત્યારે એ પ્રશ્નનો ઉત્તર સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ કરવા માંડ્યો પણ થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, આ બ્રહ્માંડમાં જેટલું કારખાનું છે તેટલું જ આ પિંડમાં પણ છે તે પિંડમાં અલ્પ છે ને બ્રહ્માંડમાં મહત્ છે ને જેવો આ પિંડનો આકાર છે તેવો જ બ્રહ્માંડનો આકાર છે ને જેમ બ્રહ્માંડમાં નદીઓ છે તેમ પિંડમાં નાડીઓ છે ને જેમ બ્રહ્માંડમાં સમુદ્ર છે તેમ પિંડમાં કુક્ષિને વિષે જળ છે ને જેમ ત્યાં ચંદ્ર-સૂર્ય છે તેમ પિંડમાં ઇડા-પિંગળા નાડીને વિષે ચંદ્ર-સૂર્ય છે ઇત્યાદિક સામગ્રી જેમ બ્રહ્માંડમાં છે તેમ પિંડમાં છે અને આ પિંડમાં જે ઇન્દ્રિયોની નાડીઓ છે તેની બ્રહ્માંડ સાથે એકતા છે તે જિહ્વાના અંતને પામે, ત્યારે વરુણદેવ પમાય છે અને વાક્ ઇન્દ્રિયના અંતને પામે ત્યારે અગ્નિદેવને પામે છે અને ત્વચાના અંતને પામે ત્યારે વાયુદેવને પામે છે અને

શિશ્નના અંતને પામે ત્યારે પ્રજાપતિને પામે છે અને હાથના અંતને પામે ત્યારે ઈન્દ્રને પામે છે અને તેમ જ હૃદયને વિષે રહી જે સુષુમ્ણા નાડી તેનું અંત જે બ્રહ્મરંધ્ર તેને જ્યારે પામે ત્યારે શિશુમારચક્રને વિષે રહી જે વૈશ્વાનર નામે અગ્નિ અભિમાની દેવતા તેને પામે છે ત્યારે બ્રહ્મરંધ્રથી લઈને પ્રકૃતિ પર પુરુષ સુધી એક તેજનો માર્ગ સળંગ રહ્યો છે તેને દેખે છે તે તેજના માર્ગને સુષુમ્ણા કહીએ, એવી રીતે સુષુમ્ણા નાડી પિંડમાં ને બ્રહ્માંડમાં રહી છે. **(૨)** ૨

૩ પછી વળી પરમાનંદ સ્વામીએ સ્વયંપ્રકાશાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **(૩)** પ્રથમ જાગ્રત અવસ્થાનો લય છે કે સ્વપ્નનો લય છે કે સુષુપ્તિનો લય છે ? ત્યારે એ પ્રશ્નનો ઉત્તર સ્વયંપ્રકાશાનંદ સ્વામીને ન આવડ્યો ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જાગ્રત અવસ્થાને વિષે સ્નેહે કરીને ભગવાનની મૂર્તિને વિષે લક્ષ થાય ત્યારે પ્રથમ જાગ્રત અવસ્થાનો લય થાય છે ને પછી સ્વપ્નનો ને સુષુપ્તિનો લય થાય છે અને જ્યારે મને કરીને ચિંતવન કરતે કરતે સ્વપ્નને વિષે ભગવાનની મૂર્તિમાં લક્ષ થાય, ત્યારે પ્રથમ સ્વપ્નનો લય થાય ને પછી જાગ્રતનો ને સુષુપ્તિનો લય થાય છે અને જ્યારે ઉપશમપણે કરીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરતે કરતે સુષુપ્તિને વિષે લક્ષ થાય છે, ત્યારે પ્રથમ સુષુપ્તિનો લય થાય છે ને પછી જાગ્રતનો ને સ્વપ્નનો લય થાય છે એવી રીતે એ પ્રશ્નો ઉત્તર કર્યો. **(૩)** ૩

૪ પછી વળી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પરમાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **(૪)** ભગવાનને વિષે જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ ને ઈચ્છાશક્તિ છે તે કેમ સમજવી ? ત્યારે શ્રીજીમહારાજ હસીને બોલ્યા જે, એનો ઉત્તર તો તમને પણ નહિ આવડતો હોય એમ કહીને પોતે ઉત્તર કરવા લાગ્યા જે, આ જીવ જ્યારે સત્ત્વગુણ પ્રધાનપણે વર્તતો હોય ને ત્યારે જે કર્મ કરે તે કર્મનું ફળ તે જાગ્રત અવસ્થા છે અને આ જીવ જ્યારે રજોગુણ પ્રધાનપણે વર્તે ને તે સમયમાં જે કર્મ કરે તે કર્મનું ફળ સ્વપ્ન અવસ્થા છે. અને જ્યારે આ જીવ તમોગુણ પ્રધાનપણે વર્તતો હોય ને તે સમયમાં જે કર્મ કરે તેનું ફળ તે સુષુપ્તિ અવસ્થા છે અને તે સુષુપ્તિ અવસ્થાને આ જીવ પામે છે, ત્યારે જેવી પાણાની શિલા હોય તે જેવો જડ થઈ જાય છે અને એને કોઈ પ્રકારનું જ્ઞાન રહેતું નથી જે, હું પંડિત છું કે મૂર્ખ છું કે આ કામ કર્યું છે કે આ કામ કરવું છે કે આ મારી જાતિ છે કે આવો મારો વર્ણ છે કે આવો મારો આશ્રમ છે કે આ મારું નામ છે કે આ મારું રૂપ છે કે હું દેવ છું કે મનુષ્ય છું કે બાળક છું કે વૃદ્ધ છું કે ધર્મિષ્ઠ છું કે પાપિષ્ઠ છું ઈત્યાદિક કોઈ પ્રકારનું જ્ઞાન રહેતું નથી અને એવી રીતનો જ્યારે આ જીવ થઈ જાય છે ત્યારે જે ભગવાન છે તે એને જ્ઞાનશક્તિએ કરીને સુષુપ્તિમાંથી જગાડીને એને એની સર્વ ક્રિયાનું જ્ઞાન આપે છે તેને જ્ઞાનશક્તિ કહીએ; અને એ જીવ જે જે ક્રિયાને વિષે પ્રવર્તે છે તે ભગવાનની જે ક્રિયાશક્તિ તેનું અવલંબન કરીને પ્રવર્તે છે તેને ક્રિયાશક્તિ કહીએ; અને એ જીવ જે જે કોઈ પદાર્થની ઈચ્છાને પ્રાપ્ત થાય છે તે પરમેશ્વરની ઈચ્છાશક્તિને અવલંબને કરીને પ્રાપ્ત થાય છે તેને ઈચ્છાશક્તિ કહીએ; અને એ જીવને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ

ત્રણ અવસ્થા ભોગવાય છે તે કેવળ કર્મે કરીને જ નથી ભોગવાતી; એ તો એને કર્મના ફળપ્રદાતા જે પરમેશ્વર તે એ જીવને જ્યારે કર્મફળને ભોગવાવે છે ત્યારે ભોગવે છે કેમ જે આ જીવ જ્યારે જાગ્રત અવસ્થાના ફળને ભોગવતો હોય ને ત્યારે એ ઇચ્છે જે મારે સ્વપ્નમાં જવું છે તો એની વતે સ્વપ્નમાં જવાય નહિ, શા માટે જે ફળપ્રદાતા જે પરમેશ્વર તે એની વૃત્તિઓને રૂંધી રાખે છે અને સ્વપ્નમાંથી જાગ્રતમાં આવવાને ઇચ્છે તો જાગ્રતમાં અવાય નહીં અને સુષુપ્તિમાં પણ જવાય નહીં અને સુષુપ્તિમાંથી સ્વપ્નમાં તથા જાગ્રતમાં અવાય નહિ, એ તો જ્યારે જે કર્મના ફળના ભોગવાવનારા પરમેશ્વર છે તે એને જે અવસ્થાના કર્મફળને ભોગવાવે તેને જ ભોગવી શકે છે. પણ એ જીવ પોતાની ઇચ્છાએ કરીને અથવા કર્મે કરીને કર્મના ફળને ભોગવી શકતો નથી, એવી રીતે ભગવાનને વિષે જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ ને ઇચ્છાશક્તિ તે રહી છે એમ શ્રીજીમહારાજે કૃપા કરીને ઉત્તર કર્યો. (૪) ઇતિ વચનામૃતમ્ ॥૬૫॥ ૪

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૪)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે તમોગુણનું કાર્ય જે આકાશ તેની ઉત્પત્તિને લય કહ્યો છે પણ સર્વાધાર આકાશનો લય નથી કહ્યો. **(૧)** બીજામાં પિંડની ને બ્રહ્માંડની એકતા કહી છે ને સુષુમ્ણા નાડીનું અંત બ્રહ્મરંધ્ર કહ્યું છે તે બ્રહ્મરંધ્રને પામે ત્યારે મૂળપુરુષના તેજને દેખે છે. **(૨)** ત્રીજામાં સ્નેહે કરીને અમારી મૂર્તિમાં લક્ષ થાય ત્યારે પ્રથમ જાગ્રતનો લય થાય છે અને મને કરીને ચિંતવન કરતાં કરતાં સ્વપ્નને વિષે અમારી મૂર્તિમાં લક્ષ થાય ત્યારે પ્રથમ સ્વપ્નનો લય થાય છે અને ઉપશમપણે કરીને અમારી મૂર્તિનું ચિંતવન કરતાં કરતાં સુષુપ્તિને વિષે અમારી મૂર્તિમાં લક્ષ થાય ત્યારે પ્રથમ સુષુપ્તિનો લય થાય છે. **(૩)** ચોથામાં જાગ્રત, સ્વપ્ન, ને સુષુપ્તિ અવસ્થાનું ફળ તેને જીવ પોતાની ઇચ્છાથી અથવા કર્મે કરીને ભોગવી શકતો નથી; અમે ભોગવાવીએ તે અવસ્થાના ફળને ભોગવી શકે છે એમ કહ્યું છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં સમાધિએ કરીને આકાશની ઉત્પત્તિને લય કહ્યો તે કેવી રીતે સમજવો ?

૧ **ઉ૦** જેમ ઇન્દ્રિયોના છિદ્રની વૃદ્ધિ થવે કરીને અને સંકોચ પામવે કરીને ઉત્પત્તિને લય છે, તેવી રીતે સમાધિવાળા સમાધિમાં જાય છે ત્યારે નાડીઓ જીવમાં ખેંચાઈને સંકોચને પામે છે, ત્યારે આકાશ લય પામે છે, અને જ્યારે સમાધિમાંથી બહાર આવે છે ત્યારે નાડીઓ વિકાસને પામે છે, ત્યારે આકાશ ઉત્પન્ન થાય છે, એવી રીતે સમાધિને વિષે આકાશની ઉત્પત્તિ ને લય છે.

૨ **પ્ર૦** બીજા પ્રશ્નમાં ઇન્દ્રિયોના અંતને પામે, ત્યારે દેવને પામે એમ કહ્યું તે શી રીતે પમાતું હશે ?

૨ **ઉ૦** યોગાભ્યાસવાળો હોય તે જે જે નાડીને જે જે ઇન્દ્રિયો સાથે એકતા હોય તે તે નાડીએ જીવને ચડાવે, ને તે નાડીના અંતને પામે ત્યારે તે ઇન્દ્રિયના દેવને દેખે.

૩ **પ્ર૦** ચોથા પ્રશ્નમાં ભગવાનની જ્ઞાનશક્તિના અવલંબને કરીને જીવ જ્ઞાન પામે છે અને ભગવાનની ક્રિયાશક્તિને અવલંબને કરીને જીવ ક્રિયા કરે છે ને ભગવાનની ઇચ્છાશક્તિને અવલંબને કરીને જીવ પદાર્થની ઇચ્છાને પામે છે એમ કહ્યું, ત્યારે તો કર્મના કર્તા ભગવાન થયા ત્યારે પુણ્ય-પાપ જીવને માથે ન રહ્યું અને (**પ્ર૦ ૨૯**ના પહેલા પ્રશ્નમાં તથા **૭૮**ના પહેલા પ્રશ્નમાં ઇત્યાદિકમાં) પવિત્ર દેશકાળાદિક સેવવા એમ કહ્યું છે તે જ્યારે કર્મના કર્તા ભગવાન હોય ત્યારે જીવને રૂડા દેશાદિક સેવવાનું શું પ્રયોજન છે, કેમ જે કર્મ તો ભગવાન કરાવે ત્યારે જ થાય છે, માટે એ પરસ્પર વિરોધ આવે છે તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ૦** જીવે ત્રણ ગુણ પ્રધાનપણે પૂર્વે કરેલાં કર્મ તે કર્મનું ફળ ત્રણે અવસ્થાઓમાં ભોગવાય છે, તે ફળ ભોગવવાં તેમાં ભગવાનની ઇચ્છાશક્તિ, ક્રિયાશક્તિ ને જ્ઞાનશક્તિ ભળે તો ભોગવાય. પણ કેવળ જીવની ઇચ્છાથી કે કર્મે કરીને ફળને ભોગવી શકાતાં નથી એમ કહ્યું છે, પણ જીવ જે જે કર્મ કરે છે તેમાં તો ભગવાનની એકે શક્તિ ભળતી નથી; માત્ર ફળ

ભોગવવામાં ભળે છે, પણ કર્મ કરવામાં ભળતી નથી; કર્મ તો બુદ્ધિ અનુસારે ને સંગાનુસારે કરે છે, તે (**સા૦ ૬**ના ૧/૨ પહેલા પ્રશ્નમાં) કહ્યું છે જે જીવને ત્રણે અવસ્થાઓના ફળને ભોગવાવનારા ભગવાન છે પણ કર્મ કરાવનારા ભગવાન છે એવું ક્યાંય કહ્યું નથી, માટે સારા દેશાદિક સેવવા ને સંતનો સંગ રાખવો ને નિયમમાં વર્તવું; જો નિયમમાં વર્તે નહિ તો કરેલાં કર્મ જીવને ભોગવવાં પડે તે (**જે૦ ૫**/૧ માં) અમારા નિયમ નહિ પાળો તો અમારે ને તમારે લેવાદેવા નથી એમ કહ્યું છે. **॥૬૫॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૬૬

❖સંવત ૧૮૭૬ના ફાગણ વદિ અમાસને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને કાળા છેડાનો ખેસ પહેર્યો હતો ને ધોળી પછેડી ઓઢી હતી ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** શ્રીમદ્ ભાગવતને વિષે વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન ને અનિરુદ્ધ એ ચતુર્વ્યૂહની જ વાર્તા છે તે કોઈ ઠેકાણે એને સગુણ કરી કહે છે અને કોઈ ઠેકાણે એને નિર્ગુણ કરી કહે છે, તે જ્યારે નિર્ગુણ કરીને કહે છે, ત્યારે વાસુદેવ ભગવાનને કહે છે ને જ્યારે સગુણ કરીને કહે છે ત્યારે સંકર્ષણ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્નને કહે છે, માટે જ્યારે નિર્ગુણપણે કહ્યા હોય, ત્યારે સાંભળનારાની ને વાંચનારાની મતિ ભ્રમી જાય છે અને એમ જાણે છે જે, ભગવાનને તો આકાર નથી તે સમજનારાની અવળી સમજણ છે અને શાસ્ત્રમાં જે શબ્દછળ છે તે એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી તે કિયા શબ્દછળ ? તો જે ભગવાન અરૂપ છે, જ્યોતિસ્વરૂપ છે, નિર્ગુણ છે ને સર્વત્ર વ્યાપક છે, એવાં વચન સાંભળીને મૂર્ખ હોય તે એમ જાણે જે, શાસ્ત્રમાં તો ભગવાનને અરૂપ જ કહ્યા છે અને જે એકાંતિક ભક્ત હોય તે તો એમ જાણે જે શાસ્ત્રમાં ભગવાન ને જે અરૂપ ને નિર્ગુણ કહ્યા છે તે તો માયિક એવા જે રૂપ ને ગુણ તેના નિષેધને અર્થે કહ્યા છે પણ ભગવાન તો નિત્ય દિવ્યમૂર્તિ છે, અનંત કલ્યાણકારી ગુણેયુક્ત છે ને તેજપુંજ કહ્યા છે તે તો મૂર્તિ વિના તેજ હોય નહિ, માટે એ તેજ તે મૂર્તિનું છે, જેમ અગ્નિની મૂર્તિ છે તે મૂર્તિમાંથી અગ્નિની જ્વાળા પ્રગટ થાય છે તેણે કરીને તે અગ્નિની મૂર્તિ દેખાતી નથી અને જ્વાળા દેખાય છે, પણ સમજુ હોય તે એમ જાણે જે, અગ્નિની મૂર્તિમાંથી જ જ્વાળા નીકળે છે તેમ જ વરુણની મૂર્તિમાંથી જળ પ્રગટ થાય છે તે જળ દેખાય છે અને વરુણની મૂર્તિ દેખાતી નથી, પણ સમજુ હોય તે એમ જાણે જે, વરુણની મૂર્તિમાંથી સર્વે જળ છે, **તેમ બ્રહ્મસત્તારૂપ જે કોટી કોટી સૂર્ય જેવો પ્રકાશ છે તે પુરુષોત્તમ ભગવાનની મૂર્તિનો પ્રકાશ છે.** અને શાસ્ત્રમાં એવાં વચન હોય જે, **જેમ કાંટે કરીને કાંટો કાઢીને પછી બેયનો ત્યાગ કરે, તેમ ભગવાન પૃથ્વીનો ભાર ઉતારવાને કાજે દેહને ધરે છે ને ભાર ઉતારીને દેહનો ત્યાગ કરે છે** એવા જે શબ્દના છળ તેને સાંભળીને મૂર્ખ હોય તે ભૂલા પડે છે અને ભગવાનને અરૂપ સમજે છે, પણ ભગવાનની જે મૂર્તિ તેને દિવ્ય જાણતા નથી અને એકાંતિક ભક્ત હોય તે તો એમ જાણે જે, જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનની પ્રતિજ્ઞા રાખવાને

કાજે બ્રાહ્મણના પુત્ર લેવાને ગયા, ત્યારે દ્વારિકામાંથી રથ ઉપર બેસીને અર્જુન સોતા ચાલ્યા તે લોકાલોક પર્વતને ઓલંઘીને માયાનો જે અંધકાર તેને સુદર્શન ચક્રે કરીને કાપીને તેને વિષે રથ હાંકીને તેજપુંજને વિષે પ્રવેશ કરીને અને **ભૂમાપુરુષ** પાસેથી બ્રાહ્મણના પુત્રને લઈ આવતા હવા. માટે શ્રીકૃષ્ણ ભગવાન દિવ્યમૂર્તિ હતા તો તેને પ્રતાપે કરીને લાકડાનો જે રથ અને પંચભૂતના દેહવાળા જે ઘોડા તે સર્વે દિવ્ય ને માયા પર જે ચૈતન્ય તે રૂપે થાતા હવા; અને જો દિવ્યરૂપ ન થયા હોય તો જેટલું માયાનું કાર્ય હોય તેટલું માયામાં જ લીન થાય પણ માયાથી પર જે બ્રહ્મ ત્યાં સુધી પહોંચે નહિ, માટે જે ભગવાનની મૂર્તિને પ્રતાપે માયિક પદાર્થ હતા તે પણ અમાયિક થયા; એવું જે ભગવાનનું સ્વરૂપ તેને મૂર્ખ હોય તે માયિક સમજે.
**(૧) અને જે એકાંતિક સંત છે તે તો ભગવાનની મૂર્તિને અક્ષરાતીત સમજે છે ને મૂર્તિમાન** ૧
**એવા જે પુરુષોત્તમ ભગવાન તેને બ્રહ્મરૂપ જે અનંતકોટી મુક્ત અને અક્ષરધામ એ સર્વેના આત્મા જાણે છે,** માટે કોઈ ગમે તેવાં શાસ્ત્ર વંચાતાં હોય ને તેમાં ભગવાનનું નિર્ગુણપણે કરીને પ્રતિપાદન આવે તે ઠેકાણે એમ જાણવું જે, એ ભગવાનની મૂર્તિનો મહિમા કહ્યો છે પણ
**ભગવાન તો સદા મૂર્તિમાન જ છે,** એવી રીતે જે સમજે તેને એકાંતિક ભક્ત કહીએ. **(૨)** ૨
ઈતિ વચનામૃતમ્ **॥૬૬॥**

**રહસ્યાર્થ પ્રદી ૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, ભાગવતમાં નિર્ગુણ કરીને કહ્યા હોય, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યા હોય અને સગુણ કરીને કહ્યા હોય ત્યારે અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણને કહ્યા હોય એમ જાણવું. પણ તેજપુંજ કહ્યા હોય ત્યારે તે તેજ સૂર્ય અને અગ્નિના પ્રકાશની પેઠે મૂર્તિનું સમજવું, તેમજ બ્રહ્મસત્તારૂપ એટલે અક્ષરબ્રહ્મરૂપ પ્રકાશ છે તે અમારી મૂર્તિનો છે અને અમે સદા દિવ્યમૂર્તિ ને અનંત કલ્યાણકારી ગુણેયુક્ત છીએ. **(૧)** અને એકાંતિક સંત અમને દિવ્ય સાકાર, અક્ષરાતીત અનંતકોટી મુક્તના તથા અક્ષરધામના આત્મા જાણે છે અને અમે સદા સાકાર ને સર્વેના કારણ ને સર્વેના અવતારી છીએ. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં ભૂમાપુરુષ પાસે જતાં માયાનો અંધકાર આવ્યો તે કિયો જાણવો ?

૧ **ઉ૦** આ પૃથ્વીના ગોળાની અંદર ૪૮ અડતાલીશ કરોડ યોજન અવકાશ છે તે અવકાશમાં સાત દ્વીપ ને સાત સમુદ્ર છે તેના ફરતો લોકાલોક છે ને તે લોકાલોકને ફરતું અંધકાર છે તે અંધકારના ફરતું આ પૃથ્વીના ગોળાનું દળ એક કરોડ યોજન જાડું છે તે દળની ને અંધકારની વચમાં ભૂમાપુરુષ પોતાના સાધનિક પાર્ષદોએ સહિત રહે છે તે અંધકાર આ ઠેકાણે કહ્યો છે.

૨ **પ્ર૦** ઉપર કહ્યું તે સિવાય ભૂમાપુરુષને રહેવાનું બીજું ધામ હશે કે કેમ ?

૨ **ઉ૦ જેને પ્રધાનપુરુષ કહે છે તે જ પોતે ભૂમાપુરુષ છે** અને પૃથ્વીના દળના ફરતાં જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર ને મહત્તત્ત્વ તેમના આવરણથી પર પ્રધાનપુરુષનું આવરણ છે તે જ ભૂમાપુરુષનું ધામ છે, ત્યાં રહ્યા થકા પ્રથમ કહ્યું જે અવ્યાકૃત ધામ તેને વિષે દર્શન આપે છે.

૩ **પ્ર૦** રથ ને ઘોડા દિવ્ય ચૈતન્ય થયા તે કેવા જાણવા ? અને માયા પર બ્રહ્મ શું જાણવું ? અને માયા કઈ જાણવી ?

૩ **ઉ૦** એ રથ-ઘોડાને વિષે શ્રીકૃષ્ણ ભગવાને પોતાનું ઐશ્વર્ય મૂક્યું હતું તેને લઈને ચૈતન્યને દિવ્ય કહ્યા છે અને આ મર્ત્યલોકને વિષે લોકાલોકના ફરતું જે અંધકાર છે તે અંધકારને જ માયા કહી છે તે અંધકારરૂપ માયાથી પર ગયા એમ કહ્યું છે પણ માયાના આઠમા આવરણથી પર ગયા એમ નથી કહ્યું. અને જેમ આ પૃથ્વીમાં લોકાલોકના ફરતા અંધકારને માયાનો અંધકાર કહ્યો, તેમજ ભૂમાપુરુષના તેજને બ્રહ્મ કહ્યું છે તે ભૂમાપુરુષ માયા સબળિત બ્રહ્મ છે, માટે તેનું તેજ તે પણ માયા સબળિત બ્રહ્મ છે પણ માયાથી પર જે બ્રહ્મ છે તે ન જાણવું. **॥૬૬॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૬૭

❖સંવત ૧૮૭૬ના ચૈત્ર સુદિ ૭ સાતમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં મુનિને ઉતારે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** કોઈ પુરુષ છે તેને આ લોકના સુખમાં તો પ્રીતિ જ નથી ને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેને વિષે વાસના છે અને જે તેનો સંગ કરે તેનું પણ એવી જ જાતનું હિત કરે જે, આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિષે પ્રીતિ થાય તો ઘણું સારું અને જેટલું કાંઈ યત્ન કરે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ગયા કેડે સુખ આપે એવું જ કરે પણ દેહના સુખને અર્થે તો કાંઈ ક્રિયા કરે જ નહિ, એવા જે પુરુષ હોય તેના સરખા જે ગુણ તે મુમુક્ષુને વિષે કેમ સમજે તો આવે ? એ પ્રશ્ન છે. પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, જેને આ લોકના સુખમાં ઈચ્છા નથી એવા સત્પુરુષ છે તેને વિષે દેવની બુદ્ધિ રાખે અને જે વચન કહે તે સત્ય માને ને તે પ્રમાણે વર્તે તો એ સત્પુરુષના ગુણ હોય તે મુમુક્ષુમાં આવે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ ઉત્તર તો ખરો પણ **આમ સમજે તો મોટા સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે છે તે સમજ્યાની રીત કહીએ તે સાંભળો જે, જે પુરુષને પરમેશ્વર વિના બીજે ક્યાંઈ પ્રીતિ ન હોય તેનો એમ ગુણ ગ્રહણ કરે જે, આ પુરુષ તો અતિશે મોટા છે ને એને આગળ લાખો માણસ હાથ જોડીને ઊભા રહે છે તો પણ લેશમાત્ર સંસારના સુખને ઈચ્છતા નથી અને હું તો અતિશે પામર છું, જે કેવળ સંસારના સુખમાં આસક્ત થઈ રહ્યો છું અને પરમેશ્વરની વાતમાં તો લેશમાત્ર સમજતો જ નથી, માટે મુને ધિક્કાર છે એવી રીતે અનુતાપ કરે, અને મોટાપુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે, પછી એમ ને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિષે વૈરાગ્ય ઊપજે ને પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે. (૧)** ૧

૨ **હવે જેના હૃદયમાં સત્પુરુષના ગુણ ન આવે તેનાં લક્ષણ કહીએ તે સાંભળો જે, (૨) જે પુરુષ એમ સમજે જે, આ મોટા કહેવાય છે પણ વિવેક તો કોઈ પ્રકારનો નથી અને ખાતાં-પીતાં પણ આવડતું નથી અને ઓઢતાં-પહેરતાં પણ આવડતું નથી ને પરમેશ્વરે સુખ ઘણું આપ્યું છે તેને ભોગવતાં પણ આવડતું નથી અને કોઈને આપે છે તે પણ વિવેક વિનાનું આપે છે, એવી રીતે સત્પુરુષમાં અનંત પ્રકારના અવગુણ પરઠે એવો જે કુમતિ પુરુષ હોય તેને વિષે કોઈ કાળે સત્પુરુષના ગુણ આવે જ નહિ. (૨)** ઈતિ વચનામૃતમ્ ॥૬૭॥ ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં બીજું કૃપાવાક્ય છે, તેમાં પહેલામાં શ્રીજીમહારાજે સત્પુરુષના ગુણ

મુમુક્ષુમાં આવવાની સમજણ કહી છે. **(૧)** બીજામાં સત્પુરુષના ગુણ ન આવે તેનાં લક્ષણ કહ્યાં છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલામાં સત્પુરુષ કહ્યા છે તે કોને જાણવા ? અને દેવ કહ્યા તે કોને જાણવા ?

૧ **ઉ૦** આત્મા-પરમાત્માના સાક્ષાત્કારવાળા હોય તેને સત્પુરુષ કહ્યા છે. અને આ ઠેકાણે પોતાના ઈષ્ટદેવને દેવ કહ્યા છે તે દેવ જે શ્રીજીમહારાજ તેમના તુલ્ય એ મુક્તને જાણે તો તેના ગુણ મુમુક્ષુમાં આવે એમ કહ્યું છે.

૨ **પ્ર૦** મુક્તાનંદ સ્વામીના ઉત્તરને સાચો કહીને શ્રીજીમહારાજે બીજી રીતે કેમ ઉત્તર કર્યો હશે ?

૨ **ઉ૦** મુક્તાનંદ સ્વામીનો કરેલો ઉત્તર વાસ્તવ્ય છે અને શ્રીજીમહારાજે પણ (**પ્ર૦ ૭૮**ના બારમા પ્રશ્નમાં) આવી જ રીતે ઉત્તર કર્યો છે, પણ મોટા મુક્તની ક્રિયા દેખીને કોઈકને અવગુણ આવેલો તે અવગુણ ટાળવા માટે જેવી રીતે અવગુણ ટળે તેવો ઉપાય બતાવ્યો છે. **॥૬૭॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૬૮

❖સંવત ૧૮૭૬ના ચૈત્ર સુદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી અને માથે ધોળું હીરકોરનું ધોતિયું બાંધ્યું હતું અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અમે એક પ્રશ્ન પૂછીએ. ત્યારે મુનિએ કહ્યું જે પૂછો, પછી
૧ શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** ઓગણતેરા કાળમાં અમને એક મહિના સુધી જ્યારે નિદ્રા આવે ત્યારે એમ ભાસતું જે, અમે પુરુષોત્તમપુરીને વિષે જઈને શ્રી જગન્નાથજીની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છીએ ને તે મૂર્તિ તો કાષ્ઠની જણાય પણ તેને નેત્રે કરીને અમે સર્વને દેખતા અને પૂજારીનો ભક્તિભાવ તથા છળ-કપટ સર્વ દેખતા અને એવી રીતે આપણા સત્સંગમાં જે સમાધિનિષ્ઠ પુરુષ હોય તે પણ સમાધિએ કરીને બીજાના દેહમાં પ્રવેશ કરીને સર્વને દેખે છે અને સર્વ શબ્દને સાંભળે છે અને શાસ્ત્રમાં પણ એવાં વચન છે જે, શુકજી વૃક્ષમાં રહીને બોલ્યાં હતાં. માટે મોટા જે સત્પુરુષ હોય અથવા જે **પરમેશ્વર હોય તે જ્યાં ઈચ્છા આવે ત્યાં પ્રવેશ કરે છે, માટે તે પરમેશ્વરે પોતાની આજ્ઞાએ કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય તે મૂર્તિ અષ્ટ પ્રકારની કહી છે તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને વિરાજમાન રહે છે; તે મૂર્તિને જે ભગવાનનો ભક્ત પૂજતો હોય, ત્યારે જેમ પ્રત્યક્ષ ભગવાન વિરાજતા હોય ને તેની મર્યાદા રાખે, તેમ તે મૂર્તિની પણ રાખી જોઈએ, અને તેમ જ સંતના હૃદયમાં ભગવાનની મૂર્તિ રહી છે તે સંતની પણ મર્યાદા રાખી જોઈએ** તે તો એ ભક્ત લેશમાત્ર રાખતો નથી અને મૂર્તિને તો ચિત્રામણની અથવા પાષાણાદિકની જાણે છે અને સંતને બીજા માણસ જેવા જાણે છે. અને **ભગવાને તો શ્રીમુખે એમ કહ્યું છે જે, મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું. ને એ ભક્ત તો ભગવાનની પ્રતિમા આગળ તથા સંત આગળ ગમે તેટલાં ફેલફિતૂર કરે છે પણ લેશમાત્ર ભગવાનનો ડર રાખતો નથી એને ભગવાનનો નિશ્ચય છે કે નથી ? એ પ્રશ્ન છે. ત્યારે પરમહંસ બોલ્યા જે, જ્યારે એ**

**ભગવાનને અંતર્યામી જાણીને મર્યાદા નથી રાખતો તો એને ભગવાનનો નિશ્ચય જ નથી. (૧)** ૧

૨ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૨)** એને નિશ્ચય તો નથી અને ઉપરથી પાખંડ જેવી ભક્તિ કરે છે, ત્યારે એનું કલ્યાણ થાશે કે નહિ થાય ? પછી સંત બોલ્યા જે એનું કલ્યાણ નહિ થાય. **(૨)** ૨

૩ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૩)** જેને ભગવાનની મૂર્તિને વિષે નાસ્તિકપણું આવે ને સંતને વિષે નાસ્તિકપણું આવે તેને એટલે જ નહિ રહે, એને તો જેનું ભજન-સ્મરણ કરે છે **એવા જે પ્રત્યક્ષ ભગવાન** તેને વિષે પણ નાસ્તિકપણું આવશે અને એ ભગવાનનાં જે ગોલોક, બ્રહ્મપુર આદિક ધામ છે તેને વિષે પણ નાસ્તિકપણું આવશે અને જગતની જે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેને પણ કાળે કરીને ને માયાએ કરીને ને કર્મે કરીને માનશે, પણ પરમેશ્વર વતે કરીને નહિ માને એવો પાકો નાસ્તિક થાશે. **(૩)** ૩

૪ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૪)** એ નાસ્તિકપણાનો હેતુ તે કોઈ પૂર્વનું કર્મ છે કે કોઈ કુસંગ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, નાસ્તિકપણાના હેતુ તો નાસ્તિકના ગ્રંથ સાંભળવા એ જ છે અને નાસ્તિકના ગ્રંથને વિષે જેને પ્રતીતિ હોય તેનો જે સંગ તે પણ નાસ્તિકપણાનો હેતુ છે અને વળી કામ, ક્રોધ, લોભ, અહંકાર, માન ને ઈર્ષ્યા એ પણ નાસ્તિકપણાના હેતુ છે, કેમ જે જ્યારે એ માંહેલો એકે સ્વભાવ વર્તતો હોય ત્યારે નારદ-સનકાદિક જેવા સાધુ વાત કરે તો ય પણ મનાય નહિ અને એ નાસ્તિકપણું મટે ક્યારે ! તો જ્યારે શ્રીમદ્ ભાગવત જેવા આસ્તિક ગ્રંથને વિષે કહી જે જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયરૂપ એવી ભગવાનની લીલા તેને સાંભળે તથા ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજે ત્યારે એનું નાસ્તિકપણું જાય ને આસ્તિકપણું આવે. **(૪)** ઈતિ વચનામૃતમ્ ॥૬૮॥ ૪

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૪)** છે. તેમાં ત્રીજું કૃપાવાક્ય છે. પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારી પ્રતિમા તે અમે સાક્ષાત્ છીએ, માટે જે અમારી પ્રતિમાને સાક્ષાત્ ભગવાન જાણીને ન પૂજે ને અમારી પ્રતિમાની તથા સંતની મર્યાદા ન રાખે તેને અમારો નિશ્ચય નથી. **(૧)** બીજામાં પ્રતિમાની તથા સંતની મર્યાદા ન રાખે તેનું કલ્યાણ નહિ થાય. **(૨)** ત્રીજામાં જેને અમારી પ્રતિમાને વિષે ને મુક્તને વિષે નાસ્તિકપણું આવે તેને પ્રત્યક્ષ એવા જે અમે તે અમારે વિષે ને અમારા ધામને વિષે પણ નાસ્તિકપણું આવશે ને અમને કર્તા નહિ માને, એવો પાકો નાસ્તિક થાશે. **(૩)** ચોથામાં નાસ્તિકના ગ્રંથ સાંભળવાથી તથા તે ગ્રંથમાં પ્રતીતિ આવવાથી અથવા નાસ્તિકના સંગથી નાસ્તિક થાય છે; અને ભગવાનના સાકાર સ્વરૂપનું પ્રતિપાદન કરનારા ગ્રંથ સાંભળે તો નાસ્તિકપણું જાય ને આસ્તિકપણું આવે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં મૂર્તિને વિષે નાસ્તિકપણું આવે તેને અમારા મનુષ્ય સ્વરૂપને વિષે પણ નાસ્તિકપણું આવશે, એમ શ્રીજીમહારાજે કહ્યું તે મનુષ્યસ્વરૂપ ને પ્રતિમા તે જુદા હશે કે કેમ ?

૧ **ઉ૦** મનુષ્યસ્વરૂપ ને પ્રતિમા તથા ધામને વિષે જે મૂર્તિ છે તે એક જ છે પણ જુદા નથી, તેથી શ્રીજીમહારાજે કહ્યું છે કે જેને પ્રતિમાને વિષે નાસ્તિકપણું આવે તેને પ્રત્યક્ષ એવા જે અમે તે અમારે વિષે ને અમારા ધામને વિષે પણ નાસ્તિકપણું આવેલું જ છે, કેમ જે અમારે વિષે દિવ્યભાવ થયો નથી, તેથી અમારી પ્રતિમાને દિવ્ય જાણતો નથી એમ કહ્યું છે; તે જો શ્રીજીમહારાજનો દિવ્યભાવે સહિત મહિમા જાણે તો શ્રીજીમહારાજને વિષે સર્વાંતર્યામીપણું સમજાય, તો મનુષ્યરૂપે

શ્રીજીમહારાજ વિચરતા હોય, ત્યારે મનુષ્યચરિત્ર જોઈને સંશય થાય નહિ અને પ્રતિમા બોલે-ચાલે નહિ તો પણ પ્રતિમાને વિષે નાસ્તિકપણું આવે નહિ, માટે શ્રીજીમહારાજનો મહિમા યથાર્થ જાણીને પ્રતિમાને વિષે તથા મનુષ્યસ્વરૂપને વિષે દિવ્યભાવ સમજે તો જ મોક્ષ થાય પણ તે વિના મોક્ષ થાય જ નહિ. ॥૬૮॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૬૯

❖સંવત ૧૮૭૬ના ચૈત્ર સુદિ ૧૨ દ્વાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી શ્રી વાસુદેવનારાયણની સંધ્યા આરતી થઈ રહી.

૧ તે પછી નારાયણ ધુન્ય કરીને પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** ધર્મ તે કેનું નામ છે ? એનો શાસ્ત્રની રીતે કરીને ઉત્તર કરો. અને જે હિંસક રાજા હતા તે પણ શરણે આવ્યો હોય તેને મારતા નહિ અને મારવા પણ દેતા નહિ, માટે શરણે આવ્યો જે જીવ તેને માર્યાનું જેમ પાપ છે, તેમ બીજાને માર્યાનું પાપ છે કે નથી ? પછી એનો ઉત્તર જેમ જેને ભાસ્યો તેમ તેણે કરવા માંડ્યો, પણ શ્રીજીમહારાજે આશંકા કરી એટલે કોઈથી ઉત્તર થયો નહિ. પછી મુનિ સર્વે બોલ્યા જે, હે મહારાજ ! અમે એ જ તમને પ્રશ્ન પૂછીએ છીએ જે, યજ્ઞાદિકને વિષે પશુ-હિંસા સહિત ધર્મ કહ્યો છે અને અહિંસારૂપ પણ ધર્મ કહ્યો છે, માટે એ જેમ યથાર્થ હોય તેમ કહો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, હિંસાયુક્ત જે ધર્મ છે તે તો ધર્મ, અર્થ ને કામ પર છે અને અહિંસામય જે ધર્મ છે તે મોક્ષપરાયણ છે અને એ સાધુનો ધર્મ છે ને હિંસામય જે ધર્મ છે તે તો વ્યવહારિક છે પણ કલ્યાણને અર્થે નથી અને જે અહિંસારૂપ ધર્મ છે તે તો કેવળ કલ્યાણને અર્થે છે, માટે ગૃહસ્થ અથવા ત્યાગી એ સર્વેને અહિંસારૂપ જે ધર્મ તે જ કલ્યાણને અર્થે કહ્યો છે, જેમ રાજા યુધિષ્ઠિર રાજ્યમાં હતા તો ય પણ અહિંસા ધર્મને વિષે રહ્યા હતા, **તે માટે સાધુને તો મન, કર્મ, વચને કરીને કોઈનું ભૂંડું વાંછવું નહિ અને કોઈ વાતનો અહંકાર પણ રાખવો નહિ ને સર્વના દાસાનુદાસ થઈને રહેવું અને ક્રોધે યુક્ત જે પ્રકૃતિ તે તો દુષ્ટનો ધર્મ છે અને શાંત સ્વભાવે વર્તવું તે જ સાધુનો ધર્મ છે, અને કોઈ કહેશે જે, હજારો માણસને નિયમમાં વર્તાવવાં હોય તેને કેમ સાધુતા ગ્રહણ કર્યે ચાલે ? તો એનો ઉત્તર એ છે જે, રાજા યુધિષ્ઠિરનું હજારો ગાઉમાં રાજ્ય હતું, તો ય પણ સાધુતા રાખી હતી ને ડારા દેનારા તો ભીમસેન જેવા હજારો હોય તે વારીએ તો ય પણ તે કર્યા વિનાનું રહેવાય નહિ, માટે તીખા સ્વભાવવાળાની તો કાંઈ ખોટ્ય નથી; એવા તો ઘણાય હોય, પણ સાધુ થાવું એ જ ઘણું દુર્લભ છે. (૧)** ઇતિ વચનામૃતમ્ ॥૬૯॥ ૧

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં અહિંસા ધર્મે કરીને કલ્યાણ થાય છે અને ક્રોધે યુક્ત પ્રકૃતિ હોય તે દુષ્ટનો ધર્મ છે ને શાન્ત સ્વભાવે વર્તવું તે સાધુનો ધર્મ છે, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૧)** બાબત છે. ॥૬૯॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૭૦

❖ સંવત ૧૮૭૬ના ચૈત્ર સુદિ ૧૫ પૂનમને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને માથે હીરકોરનું ધોળું ધોતિયું બાંધ્યું હતું ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને હસ્તકમળમાં તુળસીની માળા લેઈને ફેરવતા હતા ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, મોટા મોટા પરમહંસ માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો તથા કોઈ હરિભક્તને પૂછવું હોય તો પરમહંસને પૂછો. ત્યારે ગામ રોજકાના હરિભક્ત
૧ કાકાભાઈએ નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** અંતરને માંહીલી કોર એક કહે છે જે, વિષયને ભોગવીએ ને એક તેની ના પાડે છે તે ના પાડે છે તે કોણ છે ? ને હા પાડે છે તે કોણ છે ? ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, ના પાડે છે તે જીવ છે ને હા પાડે છે તે મન છે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ જે, આ આપણ છીએ તે જે દિવસથી સમજણા થયા ને માબાપની ઓળખાણ પડી તે દિવસથી માબાપે નિશ્ચય કરાવ્યો જે, આ તારી મા ને આ તારો બાપ ને આ તારો કાકો ને આ તારો ભાઈ ને આ તારો મામો ને આ તારી બોન ને આ તારી મામી ને આ તારી કાકી ને આ તારી માસી ને આ તારી ભેંસ ને આ તારી ગાય ને આ તારો ઘોડો ને આ તારું લૂગડું ને આ તારું ઘર ને આ તારી મેડી ને આ તારું ખેતર ને આ તારાં ઘરેણાં ઈત્યાદિક જે કુસંગીના શબ્દ તે આ જીવની બુદ્ધિમાં રહ્યા છે તે કેવી રીતે રહ્યા છે તો, જેમ કોઈક સ્ત્રીઓ ભરત ભરે છે તેમાં કાચનો કટકો હોય છે તેમ ભરતને ઠેકાણે બુદ્ધિ છે ને કાચના કટકાને ઠેકાણે તે જીવ છે તે બુદ્ધિમાં એ કુસંગીના શબ્દ ને તેનાં રૂપ તે પંચવિષયે સહિત રહ્યાં છે ને તે જીવને પછી સત્સંગ થયો, ત્યારે સંતે પરમેશ્વરના મહિમાની ને વિષયખંડનની ને જગત મિથ્યાની વાત કરી તે સંતની વાર્તા, ને તે સંતનાં રૂપ તે પણ એ જીવની બુદ્ધિમાં રહ્યાં છે તે એ બે લશ્કર છે ને સામસામાં ઊભાં છે, જેમ કુરુક્ષેત્રને વિષે કૌરવ ને પાંડવનાં લશ્કર સામસામાં ઊભાં હતાં ને પરસ્પર તીર ને બરછી ને બંધૂક ને તોપ ને જંજાળોની લડાઈ થાતી હતી અને કોઈક તરવારે લડતા હતા ને કોઈક ગદાએ લડતા હતા ને કોઈક બથોબથ લડતા હતા તેમાં કોઈનું માથું ઊડી ગયું ને કોઈની સાથળ કપાઈ ગઈ એમ કચરઘાણ ઊડતો હતો, તેમ આ જીવના અંતઃકરણમાં પણ જે કુસંગીનાં રૂપ છે તે પંચવિષયરૂપી શસ્ત્ર બાંધીને ઊભાં છે; અને વળી જે આ સંતનાં રૂપ છે તે પણ ભગવાન સત્ય ને જગત મિથ્યા ને વિષય ખોટા એવા જે શબ્દ તે રૂપી શસ્ત્ર બાંધીને ઊભાં છે ને એ બેને પરસ્પર શબ્દની લડાઈ થાય છે તે જ્યારે કુસંગીનું બળ થાય છે, ત્યારે વિષય ભોગવ્યાની ઈચ્છા થઈ આવે છે ને જ્યારે આ સંતનું બળ થાય છે, ત્યારે વિષય ભોગવ્યાની ઈચ્છા નથી થાતી, એમ પરસ્પર અંતઃકરણમાં લડાઈ થાય છે

તે જેમ......

**યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ ।**
**તત્ર શ્રીર્વિજ્યો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ॥**

એ શ્લોકમાં કહ્યું જે, જ્યાં યોગેશ્વર એવા શ્રીકૃષ્ણ ભગવાન છે ને ધનુષના ધરતલ અર્જુન છે ત્યાં જ લક્ષ્મી છે, વિજય છે, ઐશ્વર્ય છે ને અચળ નીતિ છે, તેમ જેની કોરે આ સંતમંડળ છે તેનો જ જય થાશે એમ નિશ્ચય રાખવો. **(૧)** ૧

૨ ત્યારે વળી કાકેભાઈએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** હે મહારાજ ! એ સંતનું બળ વધે ને કુસંગીનું બળ ઘટે તેનો શો ઉપાય છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, અંતરમાં જે કુસંગી રહ્યા છે ને બહાર રહ્યા છે તે બે એક છે અને વળી અંતરમાં સંત રહ્યા છે ને બહાર રહ્યા છે તે બે એક છે પણ જે અંતરમાં કુસંગી છે તેનું બહારના કુસંગીને પોષણે કરીને બળ વધે છે અને અંતરમાં જે સંત છે તેનું પણ બહાર જે સંત છે તેને પોષણે કરીને બળ વધે છે, **માટે બહારના કુસંગીનો સંગ ન કરે ને બહારના જે સંત છે તેનો જ સંગ રાખે તો કુસંગીનું બળ ઘટી જાય ને સંતનું બળ વધે એમ શ્રીજીમહારાજે કહ્યું. (૨)** ૨

૩ ત્યારે વળી કાકેભાઈએ પ્રશ્ન પૂછ્યો જે, **(૩)** હે મહારાજ ! એક ને તો કુસંગીની લડાઈ આળસી ગઈ છે ને સંતનું જ બળ છે એક એવો છે અને એકને તો એમ ને એમ લડાઈ થાતી રહે છે તે બેમાં જેને લડાઈ આળસી ગઈ છે તે મરે ત્યારે તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય તેમાં તો કાંઈ સંશય નથી પણ જેને લડાઈ એમ ને એમ થાય છે તે મરે તેની શી ગતિ થાય તે કહો ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ એક લડવા નીસર્યો તેને આગળ વાણિયા કે ગરીબ વર્ણ આવ્યા તેને જીતી ગયો તે પણ જિત્યો અને એક તો લડવા નીસર્યો તેને આગળ આરબની બેરખ આવી તથા રજપૂત આવ્યા તથા કાઠી તથા કોળી આવ્યા તેને તો જીતવા કઠણ જ છે પણ કાંઈ એ વાણિયાની પેઠે તરત જિતાઈ જવાય એવા નથી. માટે એ તો એમ ને એમ લડે છે ને તેમાં જો જીત્યો તો જીત્યો ને જો લડતે લડતે મરાણો તો પણ જે એનો ધણી છે તે શું નહીં જાણે જે એને આગળ આવા કરડા માણસ આવ્યા હતા તે નહીં જિતાય ને આની આગળ તો વાણિયા આવ્યા હતા તે જિતાય એવા હતા, એમ એ બેય ધણીની નજરમાં હોય તેમ એની ભગવાન સહાય કરે જે, આને આવા સંકલ્પ-વિકલ્પનું બળ છે ને લડાઈ લે છે માટે એને શાબાશ છે, એમ જાણીને ભગવાન એની સહાય કરે છે માટે બેફિકર રહેવું; કાંઈ ચિંતા રાખવી નહિ; ભગવાનને એમ ને એમ ભજ્યા કરવું ને **સંતનો સમાગમ અધિક રાખવો ને કુસંગીથી છેટે રહેવું,** એમ પ્રસન્ન થઈને શ્રીજીમહારાજ બોલતા હવા. **(૩)** ૩

૪ ત્યારે જસકાવાળા જીવાભાઈએ નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **(૪)** ભગવાનનો

અડગ નિશ્ચય કેમ થાય ? ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, કુસંગી થકી છેટે રહીએ ને સંતનો સમાગમ અતિશે રાખીએ તો તે સંતની વાતે કરીને ભગવાનનો અડગ નિશ્ચય થાય. ત્યારે વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો અમે એનો ઉત્તર કરીએ જે, **ભગવાનનો નિશ્ચય કરવો તે એકલો પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો પણ કોઈક પદાર્થની ઈચ્છાએ કરીને ન કરવો જે, હું સત્સંગ કરું તો મારો દેહ માંદો છે તે સાજો થાય અથવા વાંઝિયો છું તે દીકરો આવે કે દીકરા મરી જાય છે તે જીવતા રહે, કે નિર્ધન છું તે ધનવાન થાઉં, કે ગામ-ગરાસ ગયો છે તે સત્સંગ કરીએ તો પાછો આવે, એવી જાતની પદાર્થની ઈચ્છા રાખીને સત્સંગ ન કરવો અને જો એવી જાતની ઈચ્છા રાખીને સત્સંગ કરે ને એ પદાર્થની ઈચ્છા પૂરી થાય તો અતિશે પાકો સત્સંગી થઈ જાય અને જો ઈચ્છા પૂરી ન થાય તો નિશ્ચય ઘટી જાય, માટે સત્સંગ કરવો તે પોતે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો પણ કોઈ પદાર્થની ઈચ્છા તો રાખવી જ નહિ, કાં જે ઘરમાં દશ માણસ હોય ને તે દશેનું મૃત્યુ આવ્યું હોય તેમાંથી એક જણ જો ઊગરે તો શું થોડો છે ? કે હાથમાં રામપત્તર આવવાનું હોય ને રોટલા ખાવા મળે તો શું થોડા છે ? સર્વે જનારું હતું તેમાંથી એટલું રહ્યું તે તો ઘણું છે એમ માનવું, એમ અતિશે દુઃખ થવાનું હોય તો તેમાંથી પરમેશ્વરનો આશરો કરીએ તો થોડુંક ઓછું થાય ખરું પણ એ જીવને એમ સમજાતું નથી અને જો શૂળી લખી હોય તો કાંટેથી ટળી જાય એટલો તો ફેર પડે છે,** ત્યાં એક વાર્તા છે જે એક ગામમાં ચોર બહુ રહેતા. તેમાંથી એક ચોર સાધુને પાસે બેસવા આવતો હતો તેને માર્ગને વિષે પગમાં કાંટો વાગ્યો તે પગમાં સોંસરો નીકળ્યો તેણે કરીને પગ સૂણ્યો તે ચોરીએ ન જવાણું ને બીજા ચોર તો ચોરી કરવા ગયા તે એક રાજાનો ખજીનો ફાડીને ઘણુંક ધન લઈ આવ્યા અને સૌએ માંહોમાંહી વહેંચી લીધું તે પૈસા બહુ આવ્યા, તેને સાંભળીને જે ચોર સાધુ પાસે આવતો હતો ને કાંટો લાગ્યો હતો તેનાં માબાપ, સ્ત્રી ને સગાં સર્વે વઢવા લાગ્યાં જે, તું ચોરી કરવા ન ગયો ને સાધુ પાસે ગયો તે આપણું ભૂંડું થયું ને તે ચોર ચોરી કરીને લાવ્યા તો કેટલાય પૈસા એમને આવ્યા, એમ વાર્તા કરે છે ત્યાં રાજાનું લશ્કર આવ્યું તે, તે સર્વે ચોરને ઝાલીને શૂળીએ દીધા તેને ભેળે એને પણ ઝાલીને શૂળીએ દેવા સારુ લઈ ગયા, ત્યારે તે સર્વે ગામ ને માણસે તથા સાધુએ સાખ્ય પૂરી જે, આ તો ચોરી કરવા નહોતો ગયો, એને તો કાંટો વાગ્યો હતો ત્યારે તે ઊગર્યો. એમ **સત્સંગ કરે છે તેને શૂળી જેટલું દુઃખ હોય તો કાંટે મટે છે,** કાં જે અમે રામાનંદ સ્વામી પાસે માગી લીધું છે જે, તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મુને એક એક રુંવાડે કોટી કોટી વીંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તે રામપત્તર મુને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય એ બે વર મુને આપો, એમ અમે રામાનંદસ્વામી પાસે માગ્યું, ત્યારે અમને રામાનંદ સ્વામીએ રાજી થઈને વર આપ્યો છે, માટે જે કોઈ સત્સંગ કરે છે તેને વ્યવહારે દુઃખ થવાનું લખ્યું હોય તે થાય નહિ તો ય પણ પદાર્થ નાશવંત છે માટે એ

પદાર્થની ઈચ્છાએ સત્સંગ કરે તો એને નિશ્ચયમાં સંશય થયા વિના રહે જ નહિ, માટે સત્સંગ કરવો તે તો એકલો નિષ્કામપણે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો તો અડગ નિશ્ચય થાય ઈત્યાદિક ઘણીક વાત તો કરી છે પણ આ તો દિશમાત્ર લખી છે **(૪)** ઈતિ વચનામૃતમ્ ૪
**॥૭૦॥**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૪)** છે, તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, કુસંગીના તથા સંતના શબ્દરૂપી લશ્કર આ જીવની બુદ્ધિમાં રહ્યા છે તે બેને પરસ્પર શબ્દની લડાઈ થાય છે તેમાં કુસંગીના શબ્દનું બળ થાય ત્યારે જીવને વિષય ભોગવવાની ઈચ્છા થઈ આવે છે અને સંતના શબ્દનું બળ થાય ત્યારે જીવને વિષય ભોગવવાની ઈચ્છા થાતી નથી. **(૧)** બીજામાં બહારના કુસંગીનો સંગ ન રાખે ને બહારના સંતનો સંગ રાખે તો કુસંગીનું બળ ઘટી જાય છે. **(૨)** ત્રીજામાં સંકલ્પનો હઠાવ્યો હઠે નહિ ને સાધુનો સંગ રાખે તેનું અમે પૂરું કરશું. **(૩)** ચોથામાં બીજી સર્વે ઈચ્છાનો ત્યાગ કરીને પોતાના કલ્યાણને જ અર્થે સત્સંગ કરે તો અમારો અડગ નિશ્ચય થાય છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** ચોથા પ્રશ્નમાં નિત્યાનંદસ્વામીએ અડગ નિશ્ચય થવાનો ઉત્તર કર્યો તે સાચો હશે, કે શ્રીજીમહારાજે કર્યો તે સાચો હશે?

૧ **ઉ૦** નિત્યાનંદ સ્વામીએ કરેલો ઉત્તર વાસ્તવ્ય છે. પણ કોઈ ભક્તને ગરાસ વિગેરેની ઈચ્છા હોય તે ટાળવા માટે એવો ઉત્તર કર્યો છે. ॥૭૦॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૭૧

❖સંવત ૧૮૭૬ના ચૈત્ર વદિ ૪ ચતુર્થીને દિવસ સાંજને સમે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર મેડીની આગળ ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને મુક્તાનંદ સ્વામી આદિક સાધુ વાજિંત્ર વજાડીને કીર્તન ગાતા હતા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, હવે કીર્તન-ભક્તિની સમાપ્તિ કરીને માંહોમાંહી પ્રશ્ન-
૧ ઉત્તર કરો. પછી **સોમલેખાચરે પ્રશ્ન પૂછ્યો જે, (૧) ભગવાન પોતાના ભક્તના સર્વે અપરાધ માફ કરે છે પણ એવો કિયો અપરાધ છે જે ભગવાન માફ ન કરે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, બીજા સર્વે અપરાધ ભગવાન માફ કરે છે પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને ભગવાન માફ નથી કરતા, માટે ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ કરવો નહિ. (૧)** ૧

૨ પછી **માતરેધાંધલે પૂછ્યું જે, (૨) ઈર્ષ્યાનું શું રૂપ છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેની ઉપર જેને ઈર્ષ્યા હોય તેને રૂડું થાય ત્યારે તેથી ખમાય નહિ ને તેનું ભૂંડું થાય ત્યારે રાજી થાય એ ઈર્ષ્યાનું લક્ષણ છે. (૨)** ૨

૩ પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૩)** ॥ **સર્વં ખલ્વિદં બ્રહ્મ** ॥ એ જે શ્રુતિ છે તેનો અર્થ સર્વે પંડિત એમ કરે છે જે, આ જે યત્કિંચિત્ નામરૂપ છે તે સર્વે બ્રહ્મ છે; અને વળી ॥ **ઘટવત્સર્ગાદિ વિનશ્યતિ** ॥ એ જે શ્રુતિ તે સર્વેને નાશવંત કહે છે, માટે એ પરસ્પર શ્રુતિનો વિરોધ આવ્યો તે કેમ ટળે ? પછી સાધુમાં જેને જેવો સૂઝ્યો તેવો ઉત્તર કર્યો પણ

એ પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે લ્યો અમે ઉત્તર કરીએ છીએ જે, પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે ભગવાન તે જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે પ્રગટ થાય છે ત્યારે જે જે તત્ત્વનો અંગીકાર કરે છે તે સર્વે તત્ત્વ બ્રહ્મરૂપ છે, કાં જે રામકૃષ્ણાદિક અવતારને વિષે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહ તથા જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તે જણાય છે તથા દશ ઈન્દ્રિયો, પંચ પ્રાણ ઈત્યાદિક સર્વે તત્ત્વ મનુષ્યની પેઠે જણાય છે પણ એ સર્વે બ્રહ્મ છે પણ માયિક નથી, એમ એ શ્રુતિનો અર્થ છે અને એ ભગવાનની મૂર્તિ વિના બીજું જે માયિક નામરૂપ છે તે સર્વે નાશવંત છે એમ બીજી શ્રુતિનો અર્થ છે, એવી રીતે એ બે શ્રુતિનો અર્થ કરીએ તો પરસ્પર વિરોધ નથી આવતો. **(૩)** ૩

૪ પછી વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૪) ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિનો નિશ્ચય હોય** ને ભજન કરતો હોય ને સત્સંગના નિયમ પ્રમાણે વર્તતો હોય તેનું કલ્યાણ થાય એ તો સત્સંગની રીતિ છે પણ શાસ્ત્રમાં કલ્યાણની કેમ રીતિ છે ? અને વેદનો અર્થ તો અતિ કઠણ છે માટે તેની કથા થાતી નથી અને શ્રીમદ્ ભાગવત પુરાણ ને ભારત એમાં વેદનો જ અર્થ છે ને સુગમ છે માટે તેની જગતમાં કથા થાય છે, માટે શાસ્ત્રની રીતે કરીને કલ્યાણ થાતું હોય તેમ કહો ? અને શંકરાચાર્યે તો નિરાકારપણે ભગવાનનું પ્રતિપાદન કર્યું છે અને રામાનુજાદિક જે આચાર્ય તેમણે તો સાકારપણે ભગવાનનું પ્રતિપાદન કર્યું છે તે એ બે પ્રકારનું જે પ્રતિપાદન તે અનાદિ શાસ્ત્રમાં છે એટલે પ્રતિપાદન કર્યું છે, માટે એવી રીતે શાસ્ત્રનો મત લઈને ઉત્તર કરો. પછી મુનિએ શાસ્ત્રની રીતે નિરાકારનો પક્ષ ખોટો કરીને સાકાર ભગવાનને ભજને કરીને કલ્યાણ છે, એવી રીતે પ્રતિપાદન કર્યું. **(૪)** ૪

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અમે પણ એ જ પક્ષનું ગ્રહણ કરીએ છીએ પણ તેમાં
૫ તમને એક પ્રશ્ન પૂછીએ છીએ જે, **(૫) નિરાકાર એવું જે અક્ષરબ્રહ્મ તેથી પર ને સદા સાકાર એવા જે પુરુષોત્તમ ભગવાન તે પૃથ્વી ઉપર પ્રગટ મળ્યા,** તે કેડે બ્રહ્મપુર તથા ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, એ આદિક જે ભગવાનનાં ધામ તેને દેખવાની જેને લાલચ રહે ત્યારે એને નિશ્ચય છે કે નથી ? પછી મુનિ બોલ્યા જે, ભગવાન મળ્યા પછી જેના મનમાં એમ રહેતું હોય જે જ્યારે અક્ષરાદિક ધામ દેખશું અથવા કોટી કોટી સૂર્યનો પ્રકાશ દેખશું ત્યારે આપણું કલ્યાણ થયું, એવી સમજણવાળાને તો યથાર્થ ભગવાનનો નિશ્ચય નથી. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એણે બ્રહ્મપુરાદિક ધામને તથા બ્રહ્મસ્વરૂપને દેખ્યાની લાલચ રાખી એ તે શું એણે પાપ કર્યું જે નિશ્ચયની ના પાડો છો ? પછી મુનિ બોલ્યા જે, જેણે પ્રત્યક્ષ પ્રમાણ ભગવાનને દર્શને કરીને કલ્યાણ માન્યું હોય તે બ્રહ્મપુર, ગોલોક આદિક જે ધામ છે તે પણ ભગવાનનાં જ છે, માટે તેની પણ અરુચિ શા સારુ રાખે ? પણ ભગવાન વિના એને ઈચ્છે નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, તે ધામ ને તે ધામને વિષે રહ્યા જે પાર્ષદ તે તો ચૈતન્યમૂર્તિ છે ને માયા પર છે, માટે એમાં શું દૂષણ છે જે એને ઈચ્છે નહિ ? અને ભગવાન પૃથ્વી ઉપર

પ્રગટ વિરાજતા હોય ને ત્યાં જે સેવક હોય તે પણ મરી જાય એવા હોય અને ઘર હોય તે
પણ પડી જાય એવાં હોય તે કેમ સમજો છો ? પછી મુનિ બોલ્યા જે, એ ઘરને તો અમે
બ્રહ્મપુરાદિક ધામ સમજીએ છીએ ને એ સેવકને તો અમે બ્રહ્મરૂપ સમજીએ છીએ પછી
શ્રીજીમહારાજ બોલ્યા જે, બ્રહ્મપુર ને બ્રહ્મપુરને વિષે રહ્યા જે ભગવાનના પાર્ષદ તે તો અખંડ
છે ને અવિનાશી છે તેને મર્ત્યલોકનાં નાશવંત એવાં જે ઘર ને પાર્ષદ તે બે બરોબર કેમ કહો
છો ? પછી નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, હે મહારાજ ! એનો ઉત્તર તો તમે કરો. પછી
શ્રીજીમહારાજ બોલ્યા જે, **ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે, ત્યારે
પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત
જ પધારે છે પણ એ બીજાના દેખ્યામાં આવે નહિ અને જ્યારે કોઈ ભક્તને સમાધિને વિષે
અલૌકિક દૃષ્ટિ થાય છે, ત્યારે તેને ભગવાનની મૂર્તિને વિષે કોટી કોટી સૂર્યના સરખો પ્રકાશ
ભાસે છે અને અનંત કોટી જે મુક્ત તે પણ મૂર્તિ ભેળા ભાસે છે અને અક્ષરધામ પણ એ
ભગવાનની મૂર્તિ ભેળું જ ભાસે છે, માટે એ સર્વે ભગવાન ભેળું છે. (૫)** તો ય પણ ભગવાન ૫
મનુષ્ય જે પોતાના ભક્ત હોય તેની જ સેવાને અંગીકાર કરે છે અને તે પોતાના ભક્તનાં
ગાર, માટી ને પાણાનાં જે ઘર તેને વિષે વિરાજમાન રહે છે અને તે ભક્ત ધૂપ, દીપ, અન્ન,
વસ્ત્રાદિક જે જે અર્પણ કરે છે તેને ભગવાન પ્રીતિએ કરીને અંગીકાર કરે છે તે એ મનુષ્ય
સેવક છે તેને દિવ્યરૂપ પાર્ષદ ભેળા ભેળવવા વાસ્તે કરે છે અને જે ભક્તજન જે જે વસ્તુ
ભગવાનને અર્પણ કરે છે તે તે વસ્તુ ભગવાનના ધામને વિષે દિવ્યરૂપ થાય છે ને એ ભક્ત
દિવ્યરૂપ થઈને તેને પામે છે માટે એવું અચળ અખંડ સુખ ભક્તજનને પમાડવાને અર્થે
ભગવાન જે તે મનુષ્ય એવા જે પોતાના ભક્તજન તેની સર્વે સેવાને અંગીકાર કરે છે, માટે
ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સોતું પૃથ્વી ઉપર વિરાજમાન છે, એમ
સમજવું, અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી. **(૬)** ઇતિ વચનામૃતમ્ **॥૭૧॥** ૬

**રહસ્યાર્થ પ્રદી૦**- આમાં પ્રશ્ન **(૫)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારા ભક્તનો દ્રોહ કરે તે અપરાધને અમે માફ કરતા નથી. **(૧)** બીજામાં કોઈનું રૂડું દેખી ખમાય નહિ તે ઈર્ષ્યાનું રૂપ છે. **(૨)** ત્રીજામાં જીવોના કલ્યાણને અર્થે અમે મર્ત્યલોકને વિષે દર્શન આપીએ છીએ ત્યારે અમારી દિવ્યમૂર્તિને મનુષ્યના જેવી દેખાડીએ છીએ. પણ મનુષ્યભાવ નથી, માટે મનુષ્યના જેવા દેખાતાં એવાં ઇન્દ્રિયાદિક તત્ત્વ તે દિવ્ય છે પણ ત્યાગ-ભાગ નથી, માટે **॥સર્વં ખલ્વિદં બ્રહ્મ॥** એ જે શ્રુતિએ કહ્યું છે તે મનુષ્યરૂપે દેખાતું એવું જે અમારું સ્વરૂપ તે બ્રહ્મ છે એટલે દિવ્ય છે, એવો એ શ્રુતિનો અર્થ છે પણ સમગ્ર જગત બ્રહ્મ છે, એમ એ શ્રુતિનો અર્થ ન સમજવો ને અમારી મૂર્તિ વિના જે માયિક નામરૂપ છે તે નાશવંત છે, એમ **॥ ઘટવત્સર્गादि विनश्यति ॥** એ શ્રુતિનો અર્થ છે. **(૩)** ચોથામાં અમને સદા સાકાર જાણીને ભક્તિ કરે તો કલ્યાણ થાય છે. **(૪)** પાંચમામાં જીવના કલ્યાણને અર્થે અમે મૂર્તિ ધારીએ છીએ ત્યારે અમારું અક્ષરધામ ને દિવ્ય મૂર્તિ એવા મુક્ત અને અમારાં સર્વે ઐશ્વર્ય તે સર્વે અમારી આ મૂર્તિના ભેળાં જ હોય છે, એમ સમજવું. **(૫)** અને આંહીં જે ભક્તજન માયિક પદાર્થે કરીને અમારી તથા અમારા સંતની એટલે મુક્તની સેવા કરે છે તેને અમારી મૂર્તિનું દિવ્ય સુખ આપીએ છીએ. **(૬)** બાબતો છે.

૧ **પ્ર૦** પાંચમા પ્રશ્નમાં શ્રીજીમહારાજે પોતાને નિરાકાર અક્ષરબ્રહ્મથી પર કહ્યા તે સાકાર અક્ષરબ્રહ્મથી પર તો (**પ્ર૦ ૭**/૧માં,

**૪૧**માં, **૭૨** ના ૨/૪ બીજા પ્રશ્નમાં, **સા૦ ૫**ના ૨/૩ બીજા પ્રશ્નમાં, **કા૦** ૮/૧ ઇત્યાદિકમાં) કહ્યા છે અને નિરાકાર અક્ષરબ્રહ્મ જે પોતાનું તેજ તેને વિષે તો શ્રીજીમહારાજ સદા વિરાજમાન રહ્યા છે, એમ (**પ્ર૦ ૭**/૧માં, **૨૧**/૮માં, **કા૦ ૭** ના ચોથા પ્રશ્નમાં, **લો૦ ૧૪**માં, **પં૦ ૧**/૧માં, **મ૦ ૧૩**/૨ માં, **૪૨**/૨ માં, **૫૦**/૧ ઇત્યાદિકમાં) કહ્યું છે અને આ ઠેકાણે સાકાર બ્રહ્મથી પર એવું જે શ્રીજીમહારાજના તેજરૂપ નિરકાર અક્ષરબ્રહ્મ, તેથી શ્રીજીમહારાજે પોતાને પર કહ્યા તે પોતાના તેજરૂપ અક્ષરબ્રહ્મમાં તો પોતે રહ્યા જ છે અને તેથી પર પોતાને કેમ કહ્યા હશે ?

૧ ઉ૦ સાકાર અક્ષરબ્રહ્મથી પર ને તેનું કારણ, આત્મા, આધાર, પ્રેરક ને નિયંતા એવું જે પોતાના તેજરૂપ નિરાકાર અક્ષરબ્રહ્મ તેના પણ શ્રીજીમહારાજ આધાર, કારણ, ને આત્મા છે. તે સારુ પોતાના તેજથી પોતાને પર કહ્યા છે પણ પર એટલે પૃથક્ નથી કહ્યા, માટે પર એટલે કારણ, આધાર, આત્મા ને શરીરી કહ્યા છે એમ સમજવું.

૨ **પ્ર૦** બ્રહ્મપુર, ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ એ ધામ કહ્યાં તે કોનાં કોનાં સમજવાં ?

૨ ઉ૦ બ્રહ્મ જે શ્રીજીમહારાજ તેમને રહેવાનું ધામ માટે અક્ષરધામને આ ઠેકાણે બ્રહ્મપુર નામે કહ્યું છે અને ગોલોક તે મૂળપુરુષનું ધામ જાણવું અને વૈકુંઠ તે રામચંદ્રજીનું ધામ જાણવું અને વાસુદેવબ્રહ્મના સાધનિક મુક્તો પૃથ્વી પર સાધન કરે છે તે ધામને શ્વેતદ્વીપ કહ્યું છે.

૩ **પ્ર૦** બ્રહ્મસ્વરૂપ કહ્યું તે બ્રહ્મસ્વરૂપ શું સમજવું ?

૩ ઉ૦ (૪/૫ ચોથા પ્રશ્નમાં) શ્રીજીમહારાજે બ્રહ્મપુરાદિક ધામને તથા બ્રહ્મસ્વરૂપને દેખ્યાની લાલચ રાખી એ તે એણે શું પાપ કર્યું ? તેના ઉત્તરમાં ધામ અને ધામને વિષે રહ્યા જે પાર્ષદ તે તો ચૈતન્યમૂર્તિ છે, માટે એમાં શું દૂષણ છે જે એને ઇચ્છે નહિ ? એમ કહ્યું છે, માટે બ્રહ્મ જે શ્રીજીમહારાજ તેમના તદાકારભાવને પામેલા મુક્તોને બ્રહ્મસ્વરૂપ કહ્યા છે.

૪ **પ્ર૦** ધામ અને તે ધામને વિષે રહ્યા જે પાર્ષદ તે તો ચૈતન્યમૂર્તિ છે એમ કહ્યું તે ચૈતન્યમૂર્તિ તે પાર્ષદને જ કહ્યા છે કે ધામને પણ ચૈતન્યમૂર્તિ કહ્યું છે તે સમજાતું નથી, કેમ જે આમાં પાંચમા પ્રશ્નમાં જ ધામને નિરાકાર કહ્યું છે માટે તે કેવી રીતે સમજવું ?

૪ ઉ૦ ચૈતન્યમૂર્તિ તો મુક્તને જ કહ્યા છે તે પાંચમા પ્રશ્નના ઉત્તરમાં જ શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમે જીવના કલ્યાણને અર્થે મૂર્તિ ધારણ કરીએ છીએ ત્યારે અમારું અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ પાર્ષદો અને અમારાં સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારીએ છીએ તેમાં પાર્ષદને જ ચૈતન્યમૂર્તિ કહ્યા છે પણ ધામને તથા ઐશ્વર્યને મૂર્તિ શબ્દનો સંબંધ નથી, માટે ધામને તો શ્રીજીમહારાજના તેજવાચક જ સમજવું.

૫ **પ્ર૦** શ્રીજીમહારાજને વિષે કોટી કોટી સૂર્ય સરખો પ્રકાશ ભાસે છે અને અક્ષરધામ પણ તે મૂર્તિ ભેળું જ ભાસે છે એમ કહ્યું ત્યારે તો પ્રકાશ ને ધામ બે વસ્તુઓ જુદી થઈ અને તમે તો પ્રકાશને જ ધામ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૫ ઉ૦ શ્રીજીમહારાજની મૂર્તિના પ્રકાશરૂપ અક્ષરધામની અનંત કિરણો છે તેમાંની એક કિરણના કિંચિત્ પ્રકાશને કોટી કોટી સૂર્ય સરખો પ્રકાશ કહ્યો છે અને એ સમગ્ર પ્રકાશને અક્ષરધામ કહ્યું છે, કેમ જે (**પ્ર૦ ૬૩** ના ત્રીજા પ્રશ્નમાં) શ્રીજીના સેવકના અકેકા રોમમાં કોટી કોટી સૂર્યના જેવો પ્રકાશ કહ્યો છે તો જ્યારે સેવકના રોમમાં એટલો પ્રકાશ છે તો શ્રીજીમહારાજના રોમના કિંચિત્ પ્રકાશમાં કોટી કોટી સૂર્યથી અધિક પ્રકાશ હોય તેમાં શું કહેવું ? માટે આ ઠેકાણે અક્ષરધામની એક કિરણના કિંચિત્ પ્રકાશને કોટી કોટી સૂર્ય સરખો પ્રકાશ કહ્યો છે તે (**પ્ર૦ ૫૬** ના ૩/૪ ત્રીજા પ્રશ્નમાં) અમારા એકેક નખમાં કોટી કોટી સૂર્યનો પ્રકાશ છે માટે સમગ્ર પ્રકાશને અક્ષરધામ કહ્યું છે.

૬ **પ્ર૦** ત્યારે અક્ષરધામનો પ્રકાશ દેખાય છે એમ કેમ ન કહ્યું ને પ્રકાશ ને ધામ એ બે દેખાય છે એમ કેમ કહ્યું ?

૬ ઉ૦ એનો ઉત્તર પાંચમા પ્રશ્નમાં જ છે જે સમાધિવાળાને દેખાય છે તે જેને જેટલી સ્થિતિ થઈ હોય તે પ્રમાણે પ્રકાશને દેખે છે, માટે સ્થિતિના ભેદે કરીને અધિક-ન્યૂન પ્રકાશ દેખવામાં આવે છે તે જે અધૂરી સ્થિતિવાળા હોય તે કિંચિત્ પ્રકાશ દેખે છે અને પરિપૂર્ણ સ્થિતિવાળો હોય તે સમગ્ર પ્રકાશરૂપ અક્ષરધામને દેખે છે અને શ્રીજીમહારાજને ને મુક્તને પણ દેખે છે, માટે દેખનારાની સ્થિતિનો ભેદ કહ્યો છે પણ આગળ કહ્યો જે કોટી કોટી સૂર્યનો પ્રકાશ તે તો એ અક્ષરધામનો જ છે. **॥૭૧॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૭૨

❖સંવત ૧૮૭૬ના ચૈત્ર વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરને સમીપે ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧)** હે મહારાજ ! કાલ્યને દિવસ તમે દાદાખાચરના આગળ બહુ રૂડી વાર્તા કરી હતી તે વાર્તા સાંભળવાની અમારે સર્વેને ઘણી ઈચ્છા છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યે સહિત હોય ને સંતનું ને સત્સંગીનું માહાત્મ્ય ઘણું જાણતો હોય ને તે ભક્તનું જો કર્મ કઠણ હોય ને કાળ પણ કઠણ હોય તો પણ તે ભક્તને એવી ભક્તિનું અતિશે બળ છે તે કાળ ને કર્મ એ બેય મળીને તેનું ભૂંડું કરી શકતા નથી અને જેને ભગવાન ને ભગવાનના સંતને વિષે જો નિષ્ઠામાં કાંઈક ફેર હોય તો તેનું ભગવાન રૂડું કરવાને ઈચ્છે તો ય પણ રૂડું થાતું નથી. (૧)** ૧
**અને જે ગરીબને કલ્પાવે તેનું તો કોઈ રીતે રૂડું જ થાય નહિ** અને મહાભારતમાં ભીષ્મપિતાએ રાજા યુધિષ્ઠિરને એમ કહ્યું છે જે, જો તું ગરીબને કલ્પાવીશ તો તું તારા વંશે સહિત બળીને ભસ્મ થઈ જઈશ, માટે ભગવાનનો ભક્ત હોય અથવા કોઈ બીજો હોય પણ **ગરીબ માત્રને લેશ માત્ર દુઃખાવવો નહિ અને જો ગરીબને દુઃખાડે તો તેનું કોઈ પ્રકારે સારું થાય નહિ અને જો ગરીબને દુઃખાડે તો બ્રહ્મહત્યા જેટલું પાપ થાય છે અને તેમ જ કોઈકને માથે જૂઠું કલંક દેવું તે પણ બ્રહ્મહત્યા જેવું જ છે અને જો સાચું કલંક હોય તો પણ તેને એકાંતે તેડીને તેનું રૂડું થાય એમ કહેવું પણ તેને ફજેત કરવો નહિ** અને તેમ જ પાંચ પ્રકારની જે સ્ત્રીઓ છે તેનો જો ધર્મ ભંગ કરાવે તો તેને પણ બ્રહ્મહત્યાનું પાપ લાગે છે તે પાંચ પ્રકારની સ્ત્રીઓ કેઈ તો, એક તો પોતાને શરણે આવી હોય અને બીજી તે પોતાનો સંગ કરવા ન ઈચ્છતી હોય અને ત્રીજી તે પતિવ્રતા હોય અને ચોથી તે વિધવા સ્ત્રી અને પાંચમી તે વિશ્વાસી સ્ત્રી એ પાંચ પ્રકારની સ્ત્રીઓને સંગાથે જો વ્યભિચાર કરે તો તેને બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. તેમાં જે વિધવા સ્ત્રી છે તેનું જો મન કુમાર્ગને વિષે ડોલતું હોય તો તેને સમજાવીને ધર્મમાં રાખવી. **(૨)** ૨

પછી મુનિ જે તે ભગવાનનાં રસિક કીર્તન ગાવા લાગ્યા. તેને સાંભળીને શ્રીજીમહારાજ
૨ બોલ્યા જે, **(૨)** ભગવાન જીવના કલ્યાણને અર્થે દેહ ધરે છે ત્યારે મનુષ્યના જેવી જ સર્વે ક્રિયા હોય તેને દેખીને જે ભગવાનના ભક્ત હોય તે તો ચરિત્ર કરી જાણે અને વિમુખ જીવ હોય અથવા કાચોપોચો હરિભક્ત હોય તે તો તે ચરિત્રને વિષે દોષ પરઠે, જેમ શુકજીએ રાસપંચાધ્યાયીનું વર્ણન કર્યું ત્યારે રાજા પરીક્ષિતને સંશય થયો, પછી એમ પૂછ્યું જે, ભગવાન

તો ધર્મની મર્યાદા સ્થાપન કરવાને અર્થે પ્રગટ થયા હતા તેણે પર સ્ત્રીનો સંગ કરીને ધર્મનો ભંગ કેમ કર્યો ? એવી રીતે દોષ લીધો અને શુકજીએ તો સમજી વિચારીને ભગવાનનું ગુણગાન કર્યું જે, કામદેવે બ્રહ્માદિક દેવતાને જીતીને પોતાને વશ કર્યા તેનો કામદેવને અતિશે ગર્વ થયો તે ગર્વને ઉતારવાને કાજે ભગવાને કામેદેવને પડકાર્યો, તે જેમ કોઈ બળવાન રાજા હોય તે શત્રુને પોતાના ગાંઠની દારૂ-ગોળી અપાવીને પછી તે સાથે લડવા જાય તેમ ભગવાને કામદેવરૂપી શત્રુને લડ્યાનો સામાન મોરથી આપ્યો તે શું, તો કામદેવનું બળ જ્યારે સ્ત્રીનો સંબંધ હોય ત્યારે થાય તેમાં પણ શરદઋતુને વિષે રાત્રીમાં કામદેવનું વધુ બળ થાય તથા સ્ત્રીના રાગરંગ વિલાસના શબ્દ સાંભળવા તથા સ્ત્રીનું રૂપ જોવું, સ્ત્રીનો સ્પર્શ કરવો તેણે કરીને કામદેવનું અતિશે બળ વધે છે, એ સર્વે સામાન શ્રીકૃષ્ણ ભગવાને કામદેવને આપીને તેને જીતી લીધો. અને અખંડ બ્રહ્મચારીની પેઠે ઊર્ધ્વરેતા રહ્યા અને એવી રીતે કામનો ગર્વ ઉતાર્યો. એવું અલૌકિક સામર્થ્ય ભગવાન વિના બીજામાં હોય નહિ. એવું અતિ ભગવાનનું સામર્થ્ય જાણીને શુકજીએ ભગવાનનાં ચરિત્રગાન કર્યાં. અને રાજા પરીક્ષિતને તે વાત સમજાણી નહિ, ત્યારે દોષ પરઠ્યો, માટે કોઈક એમ કહે જે તમે પરમહંસ થઈને રસિક કીર્તન કેમ ગાઓ છો ? તો તેને એમ કહેવું જે, જો અમે રસિક કીર્તન ન ગાઈએ અને ભગવાનનાં રસિક ચરિત્રને વિષે દોષ પરઠીએ તો અમે પણ રાજા પરીક્ષિત તથા બીજા જે નાસ્તિક, વિમુખ જીવ તેની પંક્તિમાં ભળીએ માટે અમારે તો વિમુખની પંક્તિમાં ભળવું નથી, શા માટે જે પરમહંસ માત્રના ગુરુ જે શુકજી તેણે ભગવાનનાં રસિક ચરિત્ર ગાયાં છે, માટે અમારે પણ જરૂર ગાવવાં. **અને ક્ષર, અક્ષરથી પર એવા જે પુરુષોત્તમ ભગવાન છે, તે જ્યારે જીવના કલ્યાણને અર્થે બ્રહ્માંડ ને વિષે મનુષ્ય જેવી મૂર્તિ કરીને વિચરે છે, ત્યારે સર્વે મનુષ્યના જેવાં જ ચરિત્ર કરે છે.** અને જેમ મનુષ્યને વિષે હારવું, જીતવું, ભય, શોક, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, ઈર્ષ્યા ઇત્યાદિક માયિક સ્વભાવ હોય, તેવા જ સ્વભાવ ભગવાન પણ પોતામાં દેખાડે છે, તે સર્વે જીવોના કલ્યાણને અર્થે છે, પછી જે ભક્ત હોય તે તો એ ચરિત્રને ગાઈને પરમપદને પામે છે અને જે વિમુખ હોય તે દોષ પરઠે છે. **(૩)** ૩
અને એ **ભગવાન તો જેમ ક્ષરના આત્મા છે. તેમ જ પ્રકૃતિપુરુષ થકી પર જે અક્ષરબ્રહ્મ તેના પણ આત્મા છે. અને ક્ષર-અક્ષર એ બેયને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે. અને પોતે તો ક્ષર-અક્ષરથી ન્યારા છે. અને ભગવાનની મોટાઈ તો એવી છે જે, જેના એક એક રોમના છિદ્રને વિષે અનંતકોટી બ્રહ્માંડ પરમાણુની પેઠે રહ્યાં છે, એવા જે મોટા ભગવાન તે જીવોના કલ્યાણને વાસ્તે મનુષ્ય જેવડા જ થાય છે, ત્યારે જીવને સેવા કર્યાનો યોગ આવે છે** અને જો ભગવાન જેવડા છે તેવડા ને તેવડા રહે તો બ્રહ્માદિક જે બ્રહ્માંડના અધિપતિ દેવ તેને પણ દર્શન કર્યાનું કે સેવા કર્યાનું સામર્થ્ય રહે નહિ. તો મનુષ્યને તો રહે જ ક્યાંથી ? અને જેમ વડવાનળ અગ્નિ છે, તે સમુદ્રના જળને વિષે રહ્યો છે, ને સમુદ્રના જળને પીએ છે, ને સમુદ્રનો ઓલાવ્યો ઓલાતો નથી, એવો મોટો છે, તે અગ્નિ જ્યારે આપણને ઘરમાં

દીવો જોઈતો હોય ત્યારે આવીને આપણા ઘરમાં બેસે તો આપણે દીવા જેવું સુખ થાય નહિ અને બળીને સર્વે ભસ્મ થઈ જઈએ અને તે જ અગ્નિ દીવારૂપે હોય તો અજવાળું કરે ને આનંદ થાય; અને તે દીવો છે તો તેનો તે જ અગ્નિ પણ ફૂંકીએ તથા હાથે કરીને ઓલાવીએ તો ઓલાઈ જાય, એવો અસમર્થ છે તો પણ તે થકી જ આપણને સુખ થાય. પણ વડવાનળ અગ્નિથી સુખ ન થાય, તેમ જ **ભગવાન મનુષ્ય જેવા અસમર્થ જણાતા હોય પણ અનેક જીવનું કલ્યાણ એ થકી જ થાય. પણ જેના એક એક રોમમાં અનંતકોટી બ્રહ્માંડ રહ્યાં છે એવી મૂર્તિનું તો જીવ દર્શન કરવા પણ સમર્થ થાય નહિ. માટે એવે રૂપે કરીને કલ્યાણ ન થાય. તે માટે ભગવાન મનુષ્ય જેવી મૂર્તિ ધારીને જેવાં જેવાં ચરિત્ર કરે છે તે સર્વે ગાન કરવા યોગ્ય છે પણ એમ ન સમજવું જે, ભગવાન થઈને એમ શું કરતા હશે ? અને ભગવાનનાં ચરિત્ર તો સર્વે કલ્યાણકારી જ સમજવાં એ જ ભક્તનો ધર્મ છે, અને એવું સમજે તે જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય છે. (૪)** ૪

૩ **પછી રોજકાના હરિભક્ત કાકેભાઈએ પૂછ્યું જે, (૩) જેને માહાત્મ્ય વિનાનો એકલો ભગવાનનો નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે ? અને જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને એકલો નિશ્ચય હોય, તેને એમ ઘાટ થાય જે, ભગવાન તો મળ્યા છે, પણ શું જાણીએ કલ્યાણ તો થાશે કે નહિ થાય ? અને જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેને તો એમ સમજાય જે, જે દિવસે ભગવાનનું દર્શન થયું, તે દિવસથી જ કલ્યાણ તો થઈ રહ્યું છે. અને જે જીવ ભાવે કરીને મારું દર્શન કરે તથા મારું વચન માને તેનું પણ કલ્યાણ થઈ જાય તો મારે કલ્યાણનો શો સંશય છે ? હું તો કૃતાર્થ છું. અને જે કાંઈ સાધન કરું છું. તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરું છું, એમ સમજે તેને ભગવાનનો માહાત્મ્યે સહિત નિશ્ચય જાણવો. (૫)** ૫

૪ પછી વળી કાકેભાઈએ પૂછ્યું જે, **(૪)** ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના જે ભગવાનના ભક્ત તેનાં શાં લક્ષણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે ભક્ત પોતાને દેહ થકી જુદો જે આત્મા તે રૂપ માને અને દેહના ગુણ જે જડ, દુઃખ, મિથ્યા, અપવિત્રપણું ઈત્યાદિક છે તે આત્માને વિષે માને નહિ અને અછેદ્ય, અભેદ્ય, અવિનાશી ઈત્યાદિક જે આત્માના ગુણ તે દેહને વિષે માને નહિ અને પોતાના શરીરને વિષે રહ્યો જે જીવાત્મા તેને દેખે અને તે આત્માને વિષે રહ્યા જે પરમાત્મા તેમને પણ દેખે અને બીજાના દેહમાં જે આત્મા રહ્યો છે તેને પણ દેખે ને એવો સમર્થ થયો છે તો પણ એ આત્મદર્શન થકી ભગવાન ને ભગવાનના સંત તેને અધિક જાણે છે પણ પોતાને આત્મદર્શન થયું છે તેનું અભિમાન લેશમાત્ર ન હોય, એવાં જેનાં લક્ષણ છે તે ઉત્તમ ભક્ત કહેવાય. હવે જેને ભગવાનનો નિશ્ચય હોય ને આત્મનિષ્ઠા પણ હોય તો પણ ભગવાનના ભક્ત ઉપર ઈર્ષ્યા આવે અને જો ભગવાન એનું અપમાન કરે તો ભગવાન ઉપર પણ ઈર્ષ્યા આવે જે મોટા થઈને વગર વાંકે આમ શીદ

કરતાં હશે ? એવાં જેનાં લક્ષણ હોય તે મધ્યમ ભક્ત જાણવો. અને ભગવાનનો નિશ્ચય તો હોય પણ આત્મનિષ્ઠા ન હોય અને ભગવાનને વિષે પ્રીતિ હોય ને જગતના વ્યવહારને વિષે પણ પ્રીતિ હોય અને સંસારિક વ્યવહારને વિષે હર્ષ-શોકને પામતો હોય, તેને કનિષ્ઠ ભક્ત જાણવો. **(૬)** ઇતિ વચનામૃતમ્ ॥૭૨॥ ૬

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૪)** છે. તેમાં બીજું કૃપાવાક્ય છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારો માહાત્મ્યે સહિત નિશ્ચય હોય, અને અમારા સંતનું ને સત્સંગીનું માહાત્મ્ય ઘણું જાણતો હોય તે ભક્તનું કાળ-કર્મ ભૂંડું કરી શકતાં નથી. અને એવી નિષ્ઠામાં ફેર હોય તેનું રૂડું થતું નથી. **(૧)** અને ગરીબને કલ્પાવે, કોઈને માથે જૂઠું કલંક દે તથા પાંચ પ્રકારની સ્ત્રીઓનો ધર્મ ભંગ કરાવે તેને બ્રહ્મહત્યા જેટલું પાપ લાગે છે. **(૨)** બીજામાં અમારા મનુષ્યચરિત્રને અમારા ભક્ત દિવ્ય જાણે અને વિમુખ તથા કાચો હરિભક્ત દોષ પરઠે છે. **(૩)** અને અમે ક્ષર-અક્ષરથી ન્યારા ને તેના આધાર છીએ. અને અમારા એક એક રોમના છિદ્રમાં અનંત કોટી મૂળઅક્ષરરૂપી બ્રહ્માંડ પરમાણુવત્ રહ્યાં છે એવા જે અમે તે મનુષ્ય જેવી મૂર્તિ ધારીને મનુષ્ય જેવાં ચરિત્ર કરીએ તેને કલ્યાણકારી સમજે એ જ અમારો પૂરો ભક્ત છે. **(૪)** ત્રીજામાં જેને અમારો માહાત્મ્ય વિનાનો નિશ્ચય હોય તેને કલ્યાણમાં સંશય રહે છે. અને જેને અમારો માહાત્મ્ય સહિત નિશ્ચય હોય તેને કલ્યાણમાં સંશય નથી રહેતો. **(૫)** ચોથામાં ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના ભક્તનાં લક્ષણ કહ્યાં છે. **(૬)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં અમારો નિશ્ચય માહાત્મ્યે સહિત હોય ને અમારા સંતનું ને સત્સંગીનું માહાત્મ્ય ઘણું જાણતો હોય તેનું કાળ-કર્મ મળીને ભૂંડું કરી શકતાં નથી, એવું એ ભક્તને અમારી ભક્તિનું અતિશે બળ છે, એમ શ્રીજીમહારાજે કહ્યું તે માહાત્મ્યે સહિત નિશ્ચય કેવો જાણવો ? અને સંતનું ને સત્સંગીનું માહાત્મ્ય કેવું જાણવું ? અને ભક્તિ કેવી જાણવી ? અને કર્મ કિયાં જાણવાં ? અને કાળ કિયો જાણવો ? અને કાળ-કર્મ ભૂંડું શું કરતાં હશે ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજને પ્રકૃતિપુરુષ, બ્રહ્મ તથા મૂળઅક્ષરના આત્મા જાણે અને અનંત મૂળઅક્ષરાદિક સર્વેને પોતાની અંતર્યામી શક્તિએ કરીને ધારણ કરી રહ્યા છે અને પોતાના તેજની એક એક કિરણના છિદ્રમાં અનંત મૂળઅક્ષરરૂપી બ્રહ્માંડ રહ્યા છે, એવા અતિશે ઐશ્વર્યયુક્ત, અતિશે નિર્લેપ, અતિશે અસંગી, અતિશે પ્રકાશે યુક્ત ને અતિશે સુખમય મૂર્તિ **એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ તે જ આ પ્રત્યક્ષ મનુષ્યરૂપે દર્શન આપે છે, એવા જાણીને નિશ્ચય કર્યો હોય તે માહાત્મ્યે સહિત નિશ્ચય કહેવાય** અને આવો મહિમા શ્રીજીમહારાજનો જાણે ત્યારે એમના આશ્રિતને પણ શ્રીજીમહારાજના જેવા જ દિવ્ય ને સમર્થ જાણે એ સંતનું ને સત્સંગીનું માહાત્મ્ય જાણ્યું કહેવાય. અને શ્રીજીમહારાજને તથા એમના ભક્તને અતિશે દિવ્ય ને કલ્યાણકારી જાણીને સર્વ દોષે રહિત થઈને નિષ્કામભાવે અનુવૃત્તિએ સહિત અતિશે સેવાએ કરીને શ્રીજીમહારાજની તથા એમના ભક્તોની અતિશે પ્રસન્નતા મેળવી હોય તે ભક્તિ આ ઠેકાણે કહી છે. અને પૂર્વે કોઈક અતિશે ભૂંડા દેશ, કાળ, સંગાદિકે કરીને અતિશે ભૂંડાં કર્મ થઈ ગયાં હોય અને તે કર્મનો એના ચિત્તમાં અતિશે પાશ લાગ્યો હોય એ પ્રારબ્ધરૂપી કર્મ જાણવાં. અને અતિશે મલિન આચરણવાળા અધર્મી ને નિર્લજ મનુષ્યો રહેતાં હોય તે સ્થળમાં નિવાસ થયો હોય તે કઠણ કાળ કહ્યો છે. અને તે ભક્તને પ્રારબ્ધે કરીને મલિન દેશમાં જવું પડે ત્યાં શ્રીજીમહારાજનો કે સંતનો યોગ ન રહે ને નોખું રહેવું પડે પણ કાળ કે કર્મ તે એને એવી નિષ્ઠામાંથી તથા ધર્મમાંથી પાડી શકે નહિ તે ભૂંડું કરી શકે નહિ એમ જાણવું.

૨ **પ્ર૦** (૨/૪ બીજા પ્રશ્નમાં) અમે ક્ષર-અક્ષર બેયના આત્મા છીએ અને ક્ષર-અક્ષર બેયને અમારી શક્તિએ કરીને ધરી રહ્યા છીએ એમ કહ્યું તે ક્ષર ક્યાં સુધી જાણવું ? અને અક્ષર કિયા જાણવા ? અને શક્તિ કહી તે શી જાણવી ?

૨ **ઉ૦** મૂળપ્રકૃતિ સુધી ક્ષર જાણવું. અને મૂળઅક્ષરને અક્ષર જાણવાં. અને શક્તિ જે પોતાના પ્રકાશરૂપ અક્ષરબ્રહ્મ તેણે કરીને એ બેયને ધરી રહ્યા છે અને તે પ્રકાશની કિરણોરૂપી જે રોમ તેને વિષે મૂળઅક્ષરરૂપી બ્રહ્માંડ અનંત રહ્યા છે એમ સમજવું.

૩ **પ્ર૦** બ્રહ્માંડ તો અષ્ટાવરણ સુધી કહેવાય છે ને મૂળઅક્ષરરૂપી કહ્યા તે કેમ સમજવું ?

૩ **ઉ૦** અષ્ટાવરણે સહિત અનંત પ્રધાનપુરુષરૂપી બ્રહ્માંડ તે મૂળપુરુષરૂપી બ્રહ્મના પ્રકાશમાં રહ્યાં છે, માટે મૂળપુરુષ આગળ પ્રધાનપુરુષરૂપી બ્રહ્માંડ કહેવાય. અને મૂળપુરુષ છે તે વાસુદેવબ્રહ્મના પ્રકાશને આધારે રહે છે, માટે વાસુદેવબ્રહ્મ આગળ

મૂળપુરુષરૂપી બ્રહ્માંડ કહેવાય. અને મૂળઅક્ષરના પ્રકાશને આધારે વાસુદેવબ્રહ્મ રહે છે, માટે મૂળઅક્ષર આગળ વાસુદેવબ્રહ્મરૂપી બ્રહ્માંડ કહેવાય, અને શ્રીજીમહારાજના પ્રકાશને આધારે અનંત મૂળઅક્ષર રહ્યા છે, માટે શ્રીજીમહારાજ આગળ મૂળઅક્ષરરૂપી બ્રહ્માંડ કહેવાય. માટે શ્રીજીમહારાજના રોમ એટલે બ્રહ્મજ્યોતિની કિરણો તેને વિષે મૂળઅક્ષરરૂપી બ્રહ્માંડ અનંત રહ્યા છે, એમ પરંપરાએ બ્રહ્માંડનો અંતર્ભાવ છે માટે કહ્યા છે.

૪ **પ્ર૦** અમે જેવડા છીએ તેવડા ને તેવડા રહીએ તો બ્રહ્માદિકને પણ અમારાં દર્શન કરવાનું સામર્થ્ય રહે નહિ, એમ શ્રીજીમહારાજે કહ્યું તે જેવડા એટલે કેવડા જાણવા અને બ્રહ્માદિક કિયા જાણવા ?

૪ ઉ૦ (**પ્ર૦ ૬૩** ના ત્રીજા પ્રશ્નમાં) જેમ વૈરાજનું રૂપ નજરે આવતું નથી અને મૂળઅક્ષરનું રૂપ નજરે આવતું નથી તે તેમના અન્વય સ્વરૂપ સહિતનું રૂપ નજરે આવતું નથી એમ કહ્યું છે, તેમ શ્રીજીમહારાજનું તેજ અતિશે અપાર છે તે તેજે સહિત શ્રીજીમહારાજ દર્શન આપે તો મૂળઅક્ષરાદિક કોઈ પણ દર્શન કરી શકે નહિ. ઉત્પત્તિ સમયને વિષે શ્રીજીમહારાજ પોતાના તેજરૂપ અંતર્યામી શક્તિદ્વારે મૂળઅક્ષરને પ્રેરણા કરે છે, પછી તે અક્ષર વાસુદેવબ્રહ્મ દ્વારે મૂળપુરુષને પ્રેરણા કરે છે, પછી તે મૂળપુરુષ માયા સાથે જોડાઈને સૃષ્ટિ કરે છે તે પહેલી પ્રેરણા મૂળઅક્ષરને થઈ, માટે આ ઠેકાણે મૂળઅક્ષરને બ્રહ્મા કહ્યા છે. **॥૭૨॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૭૩

❖સંવત ૧૮૭૬ના ચૈત્ર વદિ અમાસને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્વેત ચાદર ઓઢી હતી તથા શ્વેત ફેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુક્તાનંદ સ્વામી આદિક મોટેરા સાધુ ચાર તથા પચાસને આશરે હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી ગોપાળાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** કામનું શું રૂપ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, વીર્ય એ જ કામનું રૂપ છે. પછી આશંકા કરી જે, વીર્ય તો સાત ધાતુ માંહીલો ધાતુ છે, માટે એ જ કામનું રૂપ કેમ કહેવાય ? અને તે વીર્યની ઉત્પત્તિ શાણે કરીને છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, મનોવહા નામે નાડીને વિષે મન રહ્યું છે. તે મનને વિષે જ્યારે સ્ત્રી સંબંધી સંકલ્પ થાય છે, ત્યારે જેમ દહીં હોય તે રવાઈયે કરીને મથાય ત્યારે ઘી હોય તે સર્વ ઉપર તરી આવે છે, તેમ સ્ત્રી સંબંધી સંકલ્પે કરીને વીર્ય જે તે શરીરમાંથી મથાઈને મનોવહા નામે નાડીને વિષે ભેળું થઈને શિશ્નદ્વારે આવે છે, અને જેને વીર્ય શિશ્નદ્વારે ન આવે તે ઊર્ધ્વરેતા પુરુષ કહેવાય. અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાય. અને શ્રીકૃષ્ણ ભગવાને રાસક્રીડાને વિષે સ્ત્રીઓનો સંગ કરીને પણ વીર્યપાત થવા દીધો નહિ તે માટે ઊર્ધ્વરેતા બ્રહ્મચારી કહેવાણા ને કામને જીત્યો, માટે વીર્ય તે જ કામનું રૂપ છે. જેણે વીર્યને જીતીને વશ રાખ્યું તેણે કામને જીત્યો. **(૧)** ૧

૨ પછી વળી ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** જ્યારે દેહને બાળી દે છે, ત્યારે સપ્ત ધાતુ દેહ ભેળા બળી જાય છે. માટે જો વીર્ય જ કામનું રૂપ હોય તો દેહ ભેળે વીર્યને બળવે કરીને કામ પણ બળી ગયો જોઈએ, ત્યારે એ જીવ બીજા દેહમાં જાય છે, ત્યારે કામના કેમ ઉદય થાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સૂક્ષ્મ દેહ ભેળું વીર્ય રહે છે. તે સૂક્ષ્મ દેહને

યોગે કરીને સ્થૂળ દેહ ઉદય થઈ આવે છે, જેમ ભૂત હોય તે સૂક્ષ્મ દેહ પ્રધાન હોય પછી સૂક્ષ્મ દેહમાંથી સ્થૂળ દેહને ધરીને સ્ત્રીનો સંગ કરે છે. તે સ્ત્રીને ભૂત થકી બાળક ઉત્પન્ન થાય છે, માટે સૂક્ષ્મ દેહ ભેળું જ વીર્ય રહે છે. **(૨)** ૨

૩ પછી વળી ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** શિવજી ઊર્ધ્વરેતા હતા, પણ મોહની રૂપને જોઈને વીર્યપાત થયો, તેમ જેના દેહમાં વીર્ય હોય ને તેને જાગ્રતમાં અથવા સ્વપ્નમાં સ્ત્રીનો યોગ થાય ત્યારે વીર્યપાત થયા વિના રહે નહિ, માટે જ્યાં સુધી દેહમાં વીર્ય હોય, ત્યાં સુધી નિષ્કામી કેમ કહેવાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, શિવજીને પણ એટલી યોગકળામાં ખોટ કહેવાય છે. અને જેને જાગ્રત અથવા સ્વપ્નને યોગે કરીને સ્ત્રીના સંકલ્પ થકી વીર્યપાત થાય તો તેને પાકો બ્રહ્મચારી કહેવાય નહિ, માટે આ સંસારમાં દૃઢ બ્રહ્મચર્યવાળા તો એક નરનારાયણ ઋષિ છે. અને તે નરનારાયણનો આપણે આશ્રય છે, તેના પ્રતાપ થકી ધીરે ધીરે એ નરનારાયણનું ભજન કરીને આપણે પણ એ સરખા જ નિષ્કામી થાશું. અને દેહમાં જે વીર્ય રહે છે તેને બાળી નાખવાને અર્થે યોગી કેટલાક પ્રકારનું યત્ન કરે છે. અને શ્રીકૃષ્ણ ભગવાને સ્ત્રીઓને સંગે રહીને નૈષ્ઠિક બ્રહ્મચર્ય રાખ્યું તે એવું સામર્થ્ય તો ભગવાનમાં જ હોય. પણ બીજાથી એમ રહેવાય નહિ, માટે બીજા યોગીને તો જાગ્રતમાં અથવા સ્વપ્નમાં સ્ત્રીનો સંકલ્પ ન થાય એવું યત્ન કરવું. **(૩)** ૩

૪ પછી શુકમુનિએ પૂછ્યું જે, **(૪)** દ્વારિકામાં સોળ હજાર એકસો ને આઠ જે ભગવાનની સ્ત્રીઓ તે પણ ભગવાનના મનને ચળાવવાને સમર્થ ન થાતી હવી, એમ કહ્યું છે. ને એક એક સ્ત્રીને વિષે દશ દશ પુત્રને એક એક પુત્રી થઈ એમ પણ કહ્યું છે તેનું કેમ સમજવું ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, દ્વારિકાની વાત બીજી છે, ને વ્રજની બીજી છે. દ્વારિકામાં તો ભગવાન સાંખ્ય મતને આશર્યા હતા. તે સાંખ્યમતવાળો હોય, તે દેહ, ઈન્દ્રિયો, મન, સર્વ થકી પોતાનું સ્વરૂપ ભિન્ન સમજે, ને સર્વ ક્રિયા કરતો થકો પોતાને અકર્તા સમજે ને તે ક્રિયાએ કરીને હર્ષ-શોકને પામે નહિ. એ મતને ભગવાન આશર્યા હતા, માટે ભગવાનને નિર્લેપ કહ્યા. અને ભગવાન દ્વારિકામાં જે સાંખ્ય મતને આશર્યા હતા, તે મત તો જનક જેવા રાજાઓનો છે. જેમ રાજા ગૃહસ્થાશ્રમમાં રહીને પ્રભુને ભજે તે જ સાંખ્ય મતને અનુસરે, એમ ભગવાન પણ ગૃહસ્થાશ્રમમાં હતા, અને દ્વારિકાના રાજા કહેવાતા હતા, માટે સાંખ્ય મતને અનુસર્યા થકા એમ નિર્લેપ હતા. અને વૃંદાવનને વિષે તો યોગકળાને આશર્યા હતા, તે સ્ત્રીઓનો સંગ કરીને પણ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત રાખ્યું. એ ઠેકાણે તો પોતાને વિષે નરનારાયણ ઋષિપણું દેખાડ્યું તે શ્રીમદ્‌ભાગવતમાં કપિલદેવે દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે, સ્ત્રીરૂપ જે મારી માયા તેને જીતવાને અર્થે નરનારાયણ ઋષિ વિના બીજો કોઈ સમર્થ નથી, માટે શ્રીકૃષ્ણ ભગવાને સ્ત્રીઓને સંગે રહીને કામને જીત્યો અને જ્યારે દુર્વાસાઋષિ આવ્યા ત્યારે ભગવાને સર્વે ગોપીઓને અન્નના થાળ ભરીને મોકલવા માંડી ત્યારે ગોપીઓ બોલી જે, અમે યમુનાજી

કેમ ઊતરશું ? પછી શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું જે, યમુનાજીને એમ કહેજો જે, જો શ્રીકૃષ્ણ સદા બાળબ્રહ્મચારી હોય તો અમને માગ દેજો. પછી ગોપીઓએ એમ કહ્યું, ત્યારે યમુનાજીએ માગ દીધો. પછી સર્વે ગોપીઓ ઋષિને જમાડીને બોલી જે, અમારે આડાં યમુનાજી છે, તે અમે ઘેર કેમ કરીને જાશું ? પછી ઋષિએ કહ્યું જે, કેમ કરીને આવ્યાં હતાં ? પછી ગોપીઓએ કહ્યું જે, અમે યમુનાજીને એમ કહ્યું જે, શ્રીકૃષ્ણ સદા બ્રહ્મચારી હોય તો માગ દેજો. એટલે યમુનાજીએ માગ દીધો. પણ હવે કેમ કરીને ઘેર જાઈએ ? પછી દુર્વાસાઋષિ બોલ્યા જે, યમુનાજીને એમ કહેજો જે, દુર્વાસાઋષિ સદા ઉપવાસી હોય તો માગ દેજો. પછી ગોપીઓએ એમ કહ્યું ત્યારે યમુનાજીએ માગ દીધો ત્યારે ગોપીઓના મનને વિષે અતિ આશ્ચર્ય થયું. પણ ભગવાનનો તથા તે ઋષિનો જે મહિમા તેને ન જાણી શકતી હવી. અને ભગવાન તો નૈષ્ઠિક વ્રત રાખીને ગોપીઓને સંગે રમ્યા હતા, માટે બ્રહ્મચારી હતા. અને દુર્વાસાઋષિ તો વિશ્વાત્મા જે શ્રીકૃષ્ણ ભગવાન તેને વિષે પોતાના આત્માને એક કરીને સર્વે ગોપીઓના થાળ જમી ગયા, માટે ઋષિ પણ ઉપવાસી જ હતા. ને અન્ન તો સર્વે ભગવાનને જમાડ્યું હતું. માટે એવા અતિ મોટા હોય તેની ક્રિયા કળ્યામાં આવે નહિ. અને સાંખ્યવાળાને ખોળીએ તો હજારું જડે પણ યોગ કળાએ કરીને ઊર્ધ્વરેતા હોય એવા તો એક નરનારાયણ જ છે. અથવા જે નરનારાયણના અનન્ય ભક્ત હોય તે પણ તેના ભજનને પ્રતાપે કરીને દૃઢ બ્રહ્મચર્યવાળા થાય છે પણ બીજાથી થવાતું નથી. અને જેને ઇન્દ્રિયદ્વારે કરીને જાગ્રત અથવા સ્વપ્નમાં વીર્યનો પાત થાય છે તે બ્રહ્મચારી કહેવાય નહિ. અને જે સ્ત્રીનો અષ્ટ પ્રકારે ત્યાગ રાખે છે તે તો બ્રહ્મચર્યને માર્ગે ચાલ્યો છે, તે હવે નરનારાયણને પ્રતાપે કરીને ધીરે ધીરે દૃઢ બ્રહ્મચારી થાશે. **(૪)** અને જ્યારે અમે નાના હતા, ત્યારે એમ સાંભળ્યું હતુ જે, વીર્ય તો ૪
પરસેવા દ્વારે કરીને પણ નીકળી જાય છે, પછી તે વીર્યને ઊર્ધ્વ રાખવાને સારુ અમે બે પ્રકારની જળબસ્તી શીખ્યા હતા અને કુંજરક્રિયા શીખ્યા હતા. અને કામને જીત્યા સારુ કેટલાંક આસન શીખ્યા હતા અને રાત્રિએ સૂતા ત્યારે ગોરખ આસન કરીને સૂતા, જેણે કરીને સ્વપ્નમાં પણ વીર્યનો પાત થવા પામે નહિ. પછી તે કામ જીત્યાનું એવું સાધન કર્યું જે, શરીરમાંથી પરસેવો જ નીકળે નહિ, અને ટાઢ-તડકો પણ લાગે નહિ. પછી અમે રામાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે સ્વામીએ પરસેવો વળ્યા સારુ બધે શરીરે આવળના પાટા બંધાવ્યા હતા, તો પણ શરીરમાં પરસેવો આવ્યો નહિ, માટે કામ જીત્યાનું સાધન તો સૌથી ઘણું કઠણ છે. **એ તો જેને ભગવાનના સ્વરૂપની ઉપાસનાનું દૃઢ બળ હોય અને અતિશે પંચવિષયમાંથી નિર્વાસનિક થયો અને તે નિર્વાસનિકપણાની અતિશે ગાંઠ બંધાણી હોય તો તે પુરુષ ભગવાનને પ્રતાપે કરીને નિષ્કામી થાય છે. (૫)** ૫

૫ પછી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૫)** નિર્વાસનિક થયાનું કારણ તે આવી વાત સાંભળવી તે છે કે વૈરાગ્ય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, વૈરાગ્ય તો એકલો ટકી શકે

નહિ; અંતે જાતો નાશ થઈ જાય છે અને જ્યારે આત્મનિષ્ઠા હોય અને ભગવાનની મૂર્તિનું યથાર્થ જ્ઞાન હોય પછી એમ વિચારે જે, હું તો આત્મા છું, સચ્ચિદાનંદરૂપ છું અને પિંડ-બ્રહ્માંડ તો માયિક છે ને નાશવંત છે માટે હું ક્યાં ને એ પિંડ-બ્રહ્માંડ ક્યાં ? અને મારા ઈષ્ટદેવ જે શ્રી પુરુષોત્તમ ભગવાન તે તો અનંતકોટી બ્રહ્માંડના આધાર જે અક્ષર તે થકી પણ પર છે તે ભગવાનનો મારે દૃઢ આશરો થયો છે, એવા વિચારમાંથી જે વૈરાગ્ય ઉદય થાય તે વૈરાગ્ય જ્ઞાને યુક્ત કહેવાય ને એ વૈરાગ્યનો કોઈ કાળે નાશ થાય નહિ, જેમ અગ્નિ બળતો હોય તેને માથે જળ પડે તો ઓલાઈ જાય અને વડવાનળ અગ્નિ સમુદ્રને વિષે છે તે જળનો ઓલાવ્યો ઓલાતો નથી, તેમ જે જ્ઞાને યુક્ત વૈરાગ્ય છે તે તો વડવાનળ અગ્નિ તથા વીજળીનો અગ્નિ તેવો છે તે કોઈ કાળે ઓલાય નહિ અને તે વિના બીજા વૈરાગ્યનો તો વિશ્વાસ આવે નહિ અને અમારો જે વૈરાગ્ય તે તો જેવો વીજળીનો અગ્નિ તથા વડવાનળ અગ્નિ તે સરખો છે તે અમારા સ્વભાવને તો જે અતિશે અમારે ભેળા રહ્યા હશે તે જાણે છે અને જે છેટે રહે છે તેને અમારો સ્વભાવ જાણ્યામાં આવતો નથી અને આ મુકુંદ બ્રહ્મચારી છે તે ભોળા જેવા જણાય છે તો પણ અમારા સ્વભાવને યથાર્થ જાણે છે જે, મહારાજ તો આકાશ જેવા નિર્લેપ છે અને એમને કોઈ પોતાનું પણ નથી અને પારકું પણ નથી, એવી રીતે જો અમારા સ્વભાવને જાણે છે તો જેવા ઈશ્વરમાં ગુણ હોય તેવા ગુણ બ્રહ્મચારીમાં વર્તે છે. અને અંતર્યામી સૌમાં રહ્યા છે તે બાઈ-ભાઈને મનમાં એમ સમજાવે છે જે બ્રહ્મચારીમાં કોઈ વાતની ખોટ્ય નથી. **(૬) તે એવા રૂડા ગુણ આવ્યાનું કારણ એ છે જે, મોટાપુરુષને વિષે** ૬
**જે નિર્દોષ બુદ્ધિ રાખે છે તે પોતે સર્વે દોષ થકી રહિત થાય છે અને જે મોટાપુરુષને વિષે દોષ પરઠે છે તે દોષના પરઠનારાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને કામાદિક જે શત્રુ તે સર્વે તેના હૈયામાં આવીને નિવાસ કરે છે પછી એ સત્પુરુષને વિષે દોષબુદ્ધિનો પરઠનારો જે પુરુષ તેના હૈયામાં ભૂંડા ઘાટ પણ પીડ્યા કરે છે અને એ સત્સંગ કરે છે તો ય પણ દુઃખિયો મટે નહિ;** અને જે બુદ્ધિમાન છે તે તો અમારે સમીપે રહીને અમારી સર્વ પ્રકૃતિને જાણે છે જે, જેટલામાં સંસારમાં મોહ ઉપજાવનારાં પદાર્થ ધન, સ્ત્રી, અલંકારાદિક તથા ખાનપાનાદિક છે તે કોઈમાં મહારાજને હેત નથી અને મહારાજ તો સર્વ થકી ઉદાસી છે અને કોઈકને દયા કરીને પાસે બેસવા દે છે કે જ્ઞાનવાર્તા કરે છે તે તો કેવળ તેના જીવના કલ્યાણને અર્થે દયા કરીને કરે છે અને જે મૂર્ખ હોય તે તો પાસે રહે, તો ય પણ અમારા સ્વભાવને એમ ન જાણે અને છેટે રહે તે પણ એમ ન જાણે. (૭) અને આ વાત સમજાય પણ તેને, જેને આત્મનિષ્ઠા ૭
હોય અને તે આત્માને વિષે પરમેશ્વરની મૂર્તિને ધારીને તેની ભક્તિ કરતો હોય અને પોતે બ્રહ્મરૂપ થઈ ગયો હોય, તો ય પણ ભગવાનની ઉપાસનાનો ત્યાગ કરે નહિ, માટે આત્મનિષ્ઠા ને ભગવાનની મૂર્તિનો મહિમા સમજ્યા થકી કોઈ પદાર્થને વિષે વાસના રહેતી નથી. (૮) અને વાસના ટળ્યા પછી જેવું પોતાના દેહનું પ્રારબ્ધ હોય, તેવા સુખદુઃખને ૮
ભોગવે ખરો પણ ઇન્દ્રિયોની તીક્ષ્ણતા મટી જાય છે અને મનોમયચક્રની જે ધારા તે તો

ઇન્દ્રિયો છે. તે જ્યારે બ્રહ્મ ને તેથી પર જે પરબ્રહ્મ તેનું સાક્ષાત્ દર્શન થાય છે ત્યારે બૂઠિયું થઈ જાય છે, પછી જેમ કોઈ પુરુષે લીંબુ ચૂસ્યાં હોય ને દાંત અતિશે અંબાઈ ગયા હોય ને પછી તેને ચણા ચાવવા પડે ત્યારે તેથી કોઈ રીતે ચવાય નહિ. અને અતિશે ભૂખ્યો થયો હોય તો તે ચણાને ગળી જાય પણ ચવાય નહિ. તેમ જેણે આત્માનો ને ભગવાનનો યથાર્થ મહિમા જાણ્યો છે, તેને કોઈ લોકના વિષયસુખને વિષે આનંદ થાય નહિ અને દેહનું પ્રારબ્ધ હોય ત્યાં સુધી ખાનપાનાદિક સર્વે ભોગ ભોગવે ખરો, પણ જેમ દાંત અંબાઈ ગયા હોય ને ચણા આખા ગળી જાય એમ ભોગવે અને વાસના ટળવી એ પણ કામ અતિશે ભારે છે. વાસના તો સમાધિનિષ્ઠ થાય, તો પણ રહી જાય છે અને સમાધિ થયા કેડે તો બ્રહ્મના સ્વરૂપમાંથી દેહમાં કોઈ રીતે અવાતું નથી, અને જો અવાય છે તો તેના ત્રણ હેતુ છે. તેમાં એક તો જો કાંઈ સંસારના સુખની વાસના હોય તો સમાધિમાંથી પાછો દેહમાં આવે અને કાં તો અતિ સમર્થ હોય તે સમાધિમાં જાય ને પોતાની ઇચ્છાએ પાછો દેહમાં આવે અને કાં તો કોઈ પોતા થકી અતિ સમર્થ હોય, તે પાછો સમાધિમાંથી દેહમાં લાવે એ ત્રણ પ્રકારે સમાધિમાંથી પાછો
દેહમાં આવે છે. **(૯)** અને જ્યારે સમાધિ થાય છે ને તેમાં બ્રહ્મનું દર્શન થાય છે, ત્યારે કોટી ૯
કોટી સૂર્ય સરખો બ્રહ્મનો પ્રકાશ દેખીને જો થોડી સમજણ હોય તો પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાનની જે મૂર્તિ છે, તેને વિષે ન્યૂનપણું સમજે અને બ્રહ્મમાં અધિકપણું માની લે એટલે ઉપાસનાનો ભંગ થયો, **માટે પ્રત્યક્ષ મૂર્તિને વિષે અતિ દૃઢ નિશ્ચય થયો જોઈએ તો સર્વે કામ સરે,** અને અમે પણ એમ દૃઢ નિશ્ચય કર્યો છે **જે કોઈ અમને સાચો થઈને મન અર્પે અને લેશ માત્ર અંતરાય રાખે નહિ તો તેમાં અમે કોઈ વાતની કસર રહેવા દઈએ નહિ. (૧૦)** ૧૦

૬ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૬) જેણે મન દીધું હોય તેના કેવાં લક્ષણ હોય ? અને મન ન દીધું હોય તેનાં કેવાં લક્ષણ હોય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેણે મન અર્પણ કર્યું હોય તેને જો પરમેશ્વરની વાત થતી હોય તથા પરમેશ્વરનાં દર્શન થાતાં હોય અને તે સમે જો પોતે ન હોય તો તેની અતિશે પોતાના હૈયામાં દાઝ થાય. અને જ્યારે ભગવાનની વાત સાંભળે તથા ભગવાનનાં દર્શન કરે તેને વિષે અધિક અધિક પ્રીતિ થાતી જાય પણ તેમાંથી મન પાછું હઠે નહિ, અને પરમેશ્વર જ્યારે કોઈકને પરદેશ મૂક્યાની આજ્ઞા કરતા હોય, ત્યારે જેણે મન અર્પ્યું હોય તેના મનમાં એમ થાય જે, જો મુને આજ્ઞા કરે તો બુરાનપુર તથા કાશી જ્યાં મૂકે ત્યાં રાજી થકો જાઉં, એવી રીતે પરમેશ્વરના ગમતામાં રહીને જે રાજી રહેતો હોય તે તો હજારો ગાઉ ગયો હોય તો ય અમારે પાસે છે. અને જેણે એવી રીતે મન ન અર્પ્યું હોય ને તે અતિશે અમારે સમીપે રહેતો હોય તો ય તે લાખો ગાઉ છેટે છે. અને જેણે અમને મન ન અર્પ્યું હોય તેને તો ઉપદેશ કરતાં પણ બીક લાગે જે, શું જાણીએ સવળું સમજશે, કે અવળું સમજશે ? એવી રીતે મન અર્પ્યું હોય ને ન અર્પ્યું હોય, તેનાં લક્ષણ છે. (૧૧)** ઇતિ વચનામૃતમ્ ॥૭૩॥ ૧૧

**રહસ્યાર્થ પ્રદી૦**- આમાં પ્રશ્ન (૬) છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે કે વીર્ય કામનું રૂપ છે. **(૧)** બીજામાં વીર્ય સૂક્ષ્મદેહ ભેળું રહે છે. **(૨)** ત્રીજામાં સ્ત્રીના સંકલ્પથી વીર્યપાત થાય તે કાચો બ્રહ્મચારી છે અને સ્ત્રીનો સંકલ્પ ન થાય એવું યત્ન કરવું. **(૩)** ચોથામાં દેહ-ઇન્દ્રિયોથી પોતાને જુદો સમજીને શાસ્ત્રની મર્યાદા પ્રમાણે ક્રિયા કરે તેમાં પોતાને અકર્તા સમજે ને હર્ષ-શોક પામે નહિ એ સાંખ્યવાળાનું લક્ષણ છે અને સ્ત્રીનો સંગ કરે તો પણ ઊર્ધ્વરેતા રહે તે તથા અમારે વિષે પોતાના આત્માની એકતા કરીને પોતાને મુખે અમને જમાડી દે તે યોગવાળાનું લક્ષણ છે. **(૪)** અને અમારી ઉપાસનાથી તથા નિર્વાસનિકપણાથી દૃઢ નિષ્કામી થવાય છે. **(૫)** પાંચમામાં આત્મનિષ્ઠા ને અમારું ધ્યાન ને યથાર્થ જ્ઞાને સહિત વૈરાગ્ય એ વાસના જીત્યાનો ઉપાય છે. **(૬)** અને મોટાપુરુષને વિષે નિર્દોષ બુદ્ધિ રાખે તે દોષે રહિત થાય છે ને દોષ પરઠે તે ભ્રષ્ટ થાય છે. **(૭)** અને આત્મનિષ્ઠા ને અમારી મૂર્તિનો મહિમા સમજે તેને વાસના રહેતી નથી. **(૮)** અને વાસના સમાધિમાંથી પાછો ખેંચી લાવે એવી બળવાન છે. **(૯)** અને સમાધિમાં બ્રહ્મના પ્રકાશમાં અધિકપણું માને તો અમારી ઉપાસનાનો ભંગ થાય છે, માટે આ મૂર્તિનો દૃઢ નિશ્ચય કરવો. **(૧૦)** અને છઠ્ઠામાં અમારે વિષે અધિક પ્રીતિ થવાનું કારણ તે અમારી વાર્તા તથા દર્શન વિના રહેવાય નહિ તે છે; અને મન અર્પ્યું હોય ને ન અર્પ્યું હોય તેનાં લક્ષણ કહ્યાં છે. **(૧૧)** બાબતો છે.

૧ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં બ્રહ્મચર્ય કહ્યું તેનું શું રૂપ હશે ?

૧ **ઉ૦** સ્થૂળ દેહે કરીને શિક્ષાપત્રી, નિષ્કામશુદ્ધિ, ધર્મામૃત તેમાં કહેલા નિયમ પાળે તથા તેમાં દેશકાળે ફેર પડવા દે નહિ તથા સ્વપ્નમાં વીર્યપાત થાય કે મનમાં સંકલ્પ થાય તેનું પ્રાયશ્ચિત્ત કરી નાખે તે કનિષ્ઠ બ્રહ્મચર્ય કહેવાય, અને મનમાં સંકલ્પ થવા દે નહિ તે મધ્યમ બ્રહ્મચર્ય કહેવાય, અને ઊર્ધ્વરેતા રહે તે ઉત્તમ બ્રહ્મચર્ય કહેવાય, ને તે યથાર્થ નિષ્કામી કહેવાય. તેના ઉપાય (**લો૦ ૧** ના ત્રીજા પ્રશ્નમાં તથા **મ૦ ૩૩** ના બીજા પ્રશ્નમાં ) કહ્યા છે, આ ત્રણ પ્રકારના બ્રહ્મચર્યમાં કનિષ્ઠ બ્રહ્મચર્ય પાળે તેના ઉપર પણ શ્રીજીમહારાજ ને સંત પ્રસન્ન થાય અને જેમ જેમ વિશેષ નિષ્કામી થાય તેમ તેમ વિશેષ પ્રસન્નતા થાય છે.

૨ **પ્ર૦** નરનારાયણનો આપણે આશરો છે તે આપણે નરનારાયણને ભજને કરીને તથા એમને પ્રતાપે કરીને નરનારાયણ જેવા જ નિષ્કામી થાશું એમ શ્રીજીમહારાજે આમાં કહ્યું અને (**જે૦ ૫**/૧ માં) અમે જ નરનારાયણ છીએ એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** કેટલાંક વચનામૃતોમાં શ્રીજીમહારાજ પોતે ભગવાનપણે બોલ્યા છે અને કેટલાંકમાં પોતાના ભક્ત ભેળા ભળીને પોતે ભક્તપણે બોલ્યા છે તે (**લો૦ ૧૩** ના બીજા પ્રશ્નમાં ) જો ભગવાન સરખા થઈ જવાતું હોય તો એવડો દાખડો શું કરવા કરીએ. અને (**અ૦ ૭**/૧ માં) હું જ પુરુષોત્તમ છું એમ કહ્યું છે માટે જ્યારે ભક્તપણે બોલ્યા હોય ત્યારે પોતાના ભક્તોને શીખવવાને અર્થે મનુષ્યભાવ જણાવીને મનુષ્યભાવે બોલ્યા છે એમ જાણવું; અને જ્યારે ભગવાનપણે બોલ્યા હોય ત્યારે પોતાને સ્વરૂપે બોલ્યા છે એમ જાણવું, માટે ભગવાન તો શ્રીજીમહારાજ એક જ છે. અને આમાં નરનારાયણનો આશરો છે એમ કહ્યું છે તે નરનારાયણ નામે પોતાને જ કહ્યા છે અને આશરો તથા ભજન તે પોતાનું જ કરવાનું કહ્યું છે.

૩ **પ્ર૦** ચોથા પ્રશ્નમાં શ્રીકૃષ્ણ ભગવાને પોતાને વિષે નરનારાયણ ઋષિપણું દેખાડ્યું એમ કહ્યું છે તે નરનારાયણ ઋષિ કિયા જાણવા ? અને ઋષિપણું દેખાડ્યું તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ૦** આ ઠેકાણે બદરિકાશ્રમને વિષે નરનારાયણ રહ્યા છે તે કહ્યા છે અને નરનારાયણ ઋષિપણું દેખાડ્યું એમ કહ્યું છે. તે નરનારાયણમાં ઊર્ધ્વરેતાપણાનો ગુણ છે તે એમાં આવેલો તે ગુણ દેખાડ્યો એમ જાણવું, માટે ઊર્ધ્વરેતાપણાનો ગુણ દેખાડવાપૂર્વક જાણવું, પણ નરનારાયણપણું બતાવ્યું એમ ન જાણવું.

૪ **પ્ર૦** બદરિકાશ્રમમાં નરનારાયણ રહ્યા છે તેને ભજને કરીને ઊર્ધ્વરેતા થાય કે નહિ ?

૪ **ઉ૦** શ્રીકૃષ્ણ, નરનારાયણ, વાસુદેવબ્રહ્મ, મૂળઅક્ષર તથા શ્રીજીમહારાજ એ સર્વેને ભજને કરીને ઊર્ધ્વરેતા થાય છે અને જન્મ-મરણથી રહિત પણ થાય છે પણ સર્વોપરી એવું આત્યંતિક કલ્યાણ તે તો શ્રીજીમહારાજને ભજને કરીને જ થાય છે.

૫ **પ્ર૦** (૪/૫ ચોથા પ્રશ્નમાં) અતિશે નિર્વાસનિક કહ્યો તે કેવી સમજણવાળાને જાણવો ?

૫ **ઉ૦** મૂર્તિમાન મૂળઅક્ષરકોટી સુધીના ઐશ્વર્યની કે સુખની સારપ્ય ન રહે અને શ્રીજીમહારાજની મૂર્તિ સિવાય ને મૂર્તિના સુખ

સિવાય શ્રીજીમહારાજના તેજરૂપ ધામને વિષે પણ પ્રીતિ ન રાખે તે અતિશે નિર્વાસનિક જાણવો.

૬ **પ્ર૦** શ્રીજીમહારાજના તેજરૂપ ધામમાં પ્રીતિ ન રાખવી એવું ક્યિાં વચનામૃતમાં કહ્યું છે ?

૬ **ઉ૦** (**લો૦ ૧૪**/૨ માં ) અમે ને અમારા મુક્ત વિના અમારું તેજ એકલું દેખાય તો કષ્ટ પામવું એમ ક્હ્યું છે, માટે તેજમાં પ્રીતિ ન રાખવી.

૭ **પ્ર૦** (**૫**/૬ પાંચમા પ્રશ્નમાં) આત્મનિષ્ઠા કહી તે કેવી જાણવી ?

૭ **ઉ૦** શ્રીજીમહારાજના તેજરૂપ જે અક્ષરધામ તે રૂપ પોતાના આત્માને માનવો તે આત્મનિષ્ઠા આ ઠેકાણે કહી છે.

૮ **પ્ર૦** અનંતકોટી બ્રહ્માંડ ક્યિાં જાણવાં ? ને બ્રહ્માંડોના આધાર અક્ષર કહ્યા તે ક્યિાં જાણવાં ?

૮ **ઉ૦** મૂળઅક્ષરરૂપી બ્રહ્માંડ કહ્યા છે અને પોતાના તેજને અક્ષર કહ્યું છે તે મૂળઅક્ષરનું આધાર છે.

૯ **પ્ર૦** (**૫**/૯ પાંચમા પ્રશ્નમાં) બ્રહ્મનું સ્વરૂપ કહ્યું તથા દશમી બાબતમાં બ્રહ્મનો પ્રકાશ કહ્યો તે સ્વરૂપ તથા પ્રકાશ કહ્યો તે શો સમજવો ?

૯ **ઉ૦** શ્રીજીમહારાજના તેજરૂપ બ્રહ્મજ્યોતિની કિરણના પ્રકાશને બ્રહ્મનું સ્વરૂપ તથા પ્રકાશ કહ્યો છે. આનો વિસ્તાર (**પ્ર૦ ૩૩**ના ત્રીજા પ્રશ્નોત્તરમાં) છે.

૧૦ **પ્ર૦** (**૫**/૧૦ પાંચમા પ્રશ્નમાં) સમાધિવાળો શ્રીજીમહારાજની મૂર્તિથી બ્રહ્મના પ્રકાશને અધિક માને છે એમ કહ્યું તે શ્રીજીમહારાજ કરતાં પ્રકાશને અધિક શાથી માનતો હશે ?

૧૦ **ઉ૦** જ્ઞાનની અપક્વતા છે, તેથી એણે શ્રીજીમહારાજની મૂર્તિના સુખનું અતિશેપણું ને કારણપણું જાણ્યું નથી, માટે તે સમાધિમાં પ્રથમ બ્રહ્મનો પ્રકાશ દેખે તે પ્રકાશને અધિક માનીને તેના સુખમાં જોડાઈ જાય; અને શ્રીજીમહારાજને બ્રહ્મના પણ કારણ ને આધાર ને પર સમજે તો તેમાં બંધાય નહિ. ॥૭૩॥

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૭૪

❖સંવત ૧૮૭૬ના વૈશાખ સુદિ ૧૧ એકાદશીને દિવસ સવારમાં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષની હેઠે ઓટા ઉપર ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** જેને જેટલો વૈરાગ્ય હોય અને જેને જેટલી સમજણ હોય, તે તો જ્યારે કોઈક વિષયભોગની પ્રાપ્તિ થાય, અથવા જ્યારે કોઈક આપત્કાળ આવી પડે ત્યારે કળાય પણ તે વિના કળાય નહિ, અને ઝાઝી સંપત કે આપત આવે એની વાત શી કહેવી ? પણ આ દાદાખાચરને થોડું જ આપત્કાળ જેવું આવ્યું હતું, તેમાં પણ જેનું અંતઃકરણ જેવું હશે તેવું સૌને જણાણું હશે. **(૧)** પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, ૧
ભગવાનના ભક્તનો પક્ષ તો હૈયામાં રહે છે ખરો તે પણ સમજીને રહે છે જે, જો સત્સંગનું ઉત્કૃષ્ટપણું હોય તો ઘણા જીવોને સમાસ થાય અને જ્યારે કાંઈ સત્સંગનું અપમાન જેવું હોય ત્યારે કોઈ જીવને સમાસ થાય નહિ, એટલા માટે હર્ષ-શોક જેવું થઈ આવે છે.

૨ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૨)** આપણ તો શ્રી નરનારાયણના દાસ છીએ તે શ્રી

નરનારાયણને જેમ ગમે તેમ રાજી રહેવું ને એ શ્રી નરનારાયણની ઈચ્છા હશે તો સત્સંગની વૃદ્ધિ થાશે ને જો એમને ઘટાડવો હશે તો ઘટી જાશે, અને એ નરનારાયણ આપણને હાથીએ બેસાડે તો હાથીએ બેસીને રાજી રહેવું, અને ગધેડે બેસાડે તો ગધેડે બેસીને રાજી રહેવું. **(૨)** ૨
અને એ શ્રી નરનારાયણના ચરણારવિંદ વિના બીજે ક્યાંઈ પ્રીતિ રાખવી નહિ. **(૩)** અને ૩
આવા થૂંકના સાંધા હોય તેને વિષે જેનું મન ક્ષોભ પામે તો જ્યારે સાચેસાચો જ જગત વ્યવહાર માથે આવ્યો હોય તો તેના શા હાલ થાય ? માટે આપણા પતિ જે શ્રી નરનારાયણ તે તો બોરડીના ઝાડ હેઠે બેઠા તપ કરે છે, અને કોઈ જાતના સંસારના સુખને સ્પર્શ કરતા નથી, ત્યારે આપણા પતિ જે નરનારાયણ તેના આપણ દાસ છીએ તે જેમ પતિવ્રતા સ્ત્રી હોય, તે પોતાના પતિ કરતાં ઘરેણાં, વસ્ત્ર, ખાનપાનાદિક જે ભોગ એ સર્વે પતિથી પોતાને વાસ્તે ન્યૂન રાખે પણ અધિક રાખે નહિ, તેમ આપણા પતિ જે શ્રી નરનારાયણ તે થકી આપણે પણ સંસારિક સુખ ન્યૂન રાખ્યું જોઈએ. **(૪)** અને જેટલા કાંઈક ભગવાનને વાસ્તે સારા સારા ૪
પદાર્થ ઈચ્છવા તે તો એ ભક્ત પોતાની ભક્તિએ કરીને, નિષ્કામી થઈને ઈચ્છતો હોય તો તો ઠીક છે, પણ પોતે ઈચ્છનારો જે ભક્ત તેને તે ભગવાન સંબંધી પદાર્થ ભોગવવાની ઈચ્છા રાખવી નહિ, અને ભગવાનને તો સંસારના સુખની ઈચ્છા નથી. પણ પોતાના ભક્તની ભક્તિ જાણીને પોતાને જે જે પદાર્થ અર્પણ કરે છે તેનો અંગીકાર કરે છે. **(૫)** અને જો ૫
ભગવાનને સંસારનું સારું સુખ જોઈતું હોય, તો અનંતકોટી બ્રહ્માંડના પતિ, ને બ્રહ્મપુર, ગોલોક ને વૈકુંઠાદિક ધામના પતિ, અને રાધિકા-લક્ષ્મી આદિક જે પોતાની શક્તિઓ તેના પતિ, એવા જે ભગવાન તે સર્વે પોતાના વૈભવને તજીને બોરડીના ઝાડ હેઠે તપ કરવાને શા સારુ બેસે ? માટે ભગવાનને તો વિષય સંબંધી સુખની આસક્તિ હોય જ નહિ. તેમાં પણ બીજા અવતાર કરતાં આપણા પતિ જે નરનારાયણ તે તો અત્યંત ત્યાગી છે. અને જીવના કલ્યાણને અર્થે તપ કરે છે. અને એ નરનારાયણને કોઈ વૈભવ જોઈતો હોય તો બોર ખાઈને શા સારુ બેસી રહે ? ને આ સંસારમાં મૂર્ખા જીવ હોય છે તે પણ ગામ-ગરાસ ભોગવે છે, તો નરનારાયણ તો સાક્ષાત્ ભગવાન છે, તે જો એમને કાંઈ જોઈતું હોય તો વધુ તો નહિ પણ ચાર તો ગામડાં વસાવી બેસે ? પણ એ ભગવાનને કાંઈ જોઈતું જ નથી. માટે આપણા સ્વામી જ્યારે એવા ત્યાગી છે, તો આપણે તો એ થકી વિશેષ ત્યાગી રહ્યું જોઈએ અને **ભગવાનની ઈચ્છાએ કરીને જેવી જેવી રીતે સત્સંગની વૃદ્ધિ થાતી જાય તેવી તેવી રીતે રાજી રહેવું. પછી ભગવાનની ઈચ્છા હોય તો બધું જગત સત્સંગી થાઓ અથવા સર્વે સત્સંગી મટી જાઓ પણ કોઈ રીતે હર્ષ-શોક મનમાં ધારવો નહિ. આ ભગવાનનું કર્યું સર્વે થાય છે, માટે સૂકું પાંદડું જેમ વાયુને આધારે ફરે તેમ ભગવાનને આધીન રહીને આનંદમાં ભજન કરવું. અને કોઈ જાતનો મનમાં ઉદ્વેગ આવવા દેવો નહિ. (૬)** ઈતિ વચનામૃતમ્ ॥૭૪॥ ૬

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૨)** છે. તેમાં પહેલામાં સંપત મળવાથી વૈરાગ્ય કળાય છે અને આપત્કાળથી

સમજણ કળાય છે. (૧) બીજામાં અમારી ઇચ્છાથી સત્સંગનું ઉત્કૃષ્ટપણું થાય અથવા ગૌણપણું જણાય અથવા પોતાને માન-અપમાન થાય તેમાં રાજી રહેવું. (૨) અને અમારી મૂર્તિ વિના બીજે કયાંય પ્રીતિ રાખવી નહિ. (૩) અને અમારે તપની રુચિ છે અને તમે અમારા દાસ છો માટે તમારે પણ તપની રુચિ વિશેષ રાખવી. (૪) અને અમે કાંઈક અંગીકાર કરીએ છીએ તે ભક્તની ભક્તિ જાણીને કરીએ છીએ. (૫) અને બીજા અવતાર કરતાં અમે અત્યંત ત્યાગી છીએ ને જીવોના કલ્યાણને અર્થે અમે તપ કરીએ છીએ માટે અમારા આશ્રિતો સર્વેને ત્યાગ વિશેષ રાખવો. અને અમારે આધીન રહીને અમારું ભજન કરવું, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. (૬) બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં દાદાખાચરને આપત્કાળ જેવું આવ્યું હતું એમ કહ્યું તે આપત્કાળ શો આવ્યો હતો ?

૧ **ઉ૦** દાદાખાચરને ને ભાણખાચરને વેર હતું, તે લડાઈમાં ભગુજીને ને બેચર ચાવડાને ઘાયલ કર્યા હતા અને ગેબી તથા આરબની હલ્લાં આવી હતી તે આપત્કાળ આવ્યો હતો.

૨ **પ્ર૦** બીજા પ્રશ્નમાં શ્રીજીમહારાજે કહ્યું જે આપણ નરનારાયણના દાસ છીએ. ત્યારે તો શ્રીજીમહારાજ પણ દાસ ઠર્યા તે કેમ સમજવું ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજ મનુષ્યભાવે બોલ્યા છે પણ પોતાને જ નરનારાયણ નામે કહ્યા છે અને ચોથી બાબતમાં નરનારાયણ આપણા પતિ છે એમ કહ્યું છે તે પણ મનુષ્યભાવે બોલ્યા છે પણ સર્વેના પતિ શ્રીજીમહારાજ છે અને નરનારાયણ બોરડીના ઝાડ તળે બેસીને તપ કરે છે, એમ કહ્યું છે તે પણ શ્રીજીમહારાજ વનમાં વિચર્યા ત્યારે વૃક્ષ નીચે રહેતા ને અતિશે તપ કર્યું છે તે તપ આ ઠેકાણે સમજવું. આનો વિસ્તાર (**પ્ર૦** ૮ના પહેલા પ્રશ્નોત્તરમાં તથા **૭૩**ના બીજા પ્રશ્નોત્તરમાં) કર્યો છે.

૩ **પ્ર૦** (**૨**/૪ બીજા પ્રશ્નમાં) શ્રીજીમહારાજ કરતાં આપણે વૈભવ ન્યૂન રાખવા એમ કહ્યું તે વૈભવ કિયા જાણવા ? અને એ વૈભવ ત્યાગીએ કેવી રીતે ન્યૂન રાખવા ? અને ગૃહસ્થોએ કેવી રીતે ન્યૂન રાખવા ?

૩ **ઉ૦** ત્યાગીએ શ્રીજીમહારાજની ઇચ્છાથી જે અન્નાદિક આવે તેનો થાળ કરીને શ્રીજીમહારાજને જમાડવા ને તે પ્રસાદીનું અન્ન પ્રસાદીના પાણીથી મેળાવીને સ્વાદે રહિત જમવું પણ જુદું જુદું ન રાખવું અને મેળાવ્યા વિના ન જમવું અને કાષ્ઠ પાત્રમાં જમવું એ વૈભવ ઓછા ભોગવ્યા કહેવાય. અને ગૃહસ્થોએ જે વસ્ત્ર-ઘરેણાં ઠાકોરજીને ધરાતાં હોય તે પહેરવાં નહિ, ઇષ્ટદેવને જમવાના પાત્રમાં જમવું નહિ, એમને બેસવાના વાહનમાં બેસવું નહિ અને પોતાને જમવાની તથા પહેરવા-ઓઢવાની વસ્તુઓ શ્રીજીમહારાજની મૂર્તિની પ્રસાદી કરીને વાપરવી એ વૈભવ ન્યૂન ભોગવ્યા કહેવાય.

૪ **પ્ર૦** ભગવાન તો દિવ્યમૂર્તિ છે તે માયિક વસ્તુ જમતા હશે કે કેમ ?

૪ **ઉ૦** જમાડનાર ભક્તને અતિશે ભાવ હોય તો તેનો ભાવ જોઈને ભગવાન એ માયિક વસ્તુને દિવ્ય નિર્ગુણ કરીને અંગીકાર કરે છે, માટે ભગવાનને જમાડ્યા વિના કોઈ વસ્તુ જમવી નહિ.

૫ **પ્ર૦** (૨/૬ બીજા પ્રશ્નમાં) બ્રહ્મપુર નામે ધામ કહ્યું તે કિયું જાણવું ?

૫ **ઉ૦** આ ઠેકાણે અક્ષરધામને બ્રહ્મપુર નામે કહ્યું છે.

૬ **પ્ર૦** રાધિકાદિક શક્તિઓના પતિ અમે છીએ એમ કહ્યું તે એ શક્તિઓના પતિ શ્રીજીમહારાજને કેવી રીતે સમજવા ?

૬ **ઉ૦** મૂળઅક્ષરથી લઈને વિષ્ણુ, બ્રહ્મા, શિવ સુધી સર્વેને વિષે શ્રીજીમહારાજ અન્વયપણે રહ્યા છે માટે રાધિકાદિક સર્વે શ્રીજીમહારાજની પણ શક્તિઓ કહેવાય તે (**લો૦ ૧૭**ના ૫/૭ પાંચમા પ્રશ્નમાં ) અક્ષર, પુરુષ, કાળ, માયાદિકને પોતાની શક્તિઓ કહી છે.

૭ **પ્ર૦** બીજા અવતાર કરતાં અમે અતિશે ત્યાગી છીએ એમ કહ્યું તે શ્રીજીમહારાજને કેવી રીતે ત્યાગી સમજવા ?

૭ **ઉ૦** શ્રીજીમહારાજ મનુષ્યરૂપે વિચરતા ત્યારે ત્યાગીના આશ્રમમાં રહ્યા હતા અને સ્ત્રીનો ગંધ આવે તો ઊલટી કરતા ને મરચાં ને મીંઢીઆવળ જમતા અને પછી પણ પોતાના ભક્તોને રાજી કરવા ને તેમનાં કલ્યાણ કરવા સારુ, સારાં સારાં ભોજન જમતા, પણ ત્યાગની રુચિ સદાય હતી એ ત્યાગ કહ્યો છે. **॥૭૪॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૭૫

સંવત ૧૮૭૬ના વૈશાખ વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને પીળાં પુષ્પના હાર કંઠને વિષે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી સુરાખાચરે પ્રશ્ન પૂછ્યો જે, **(૧) જેના કુળમાં ભગવાનનો એક ભક્ત થાય તો તેના ઈકોતેર પરિયાં ઊધરે છે એમ કહ્યું છે. અને તેના ગોત્રમાં કેટલાક તો સંતના ને ભગવાનના દ્વેષી પણ હોય ત્યારે તેનો કેઈ રીતે ઉદ્ધાર છે ?** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ કર્દમઋષિનો દેવહૂતિએ પતિબુદ્ધિએ કરીને પ્રસંગ કર્યો હતો, તો પણ કર્દમઋષિને વિષે સ્નેહ હતો તો એનો ઉદ્ધાર થયો, અને માન્ધાતા રાજાની દીકરિયું પચાસ તે સૌભરી ઋષિનું રૂપ જોઈને વરીયું તેને કામનાએ કરીને સૌભરીને વિષે હેત હતું, તો તે સર્વેનું કલ્યાણ ઋષિના જેવું જ થયું, **માટે જેના કુળમાં ભક્ત થયો હોય ને તેના કુટુંબી સર્વે એમ માને જે, આપણું મોટું ભાગ્ય છે જે, આપણા કુળમાં ભગવાનનો ભક્ત થયો છે, એવી રીતે ભક્તનું માહાત્મ્ય સમજીને હેત રાખે તો તે સર્વે કુટુંબીનું કલ્યાણ થાય** અને મરીને પિત્રી જે સ્વર્ગમાં ગયા હોય તે પણ જો એમ જાણે જે, આપણા કુળમાં ભગવાનનો ભક્ત થયો તે આપણું મોટું ભાગ્ય છે, એમ સમજીને ભગવાનના ભક્તમાં હેત રાખે તો તે પિત્રીનું પણ કલ્યાણ થાય, અને જે ભગવાનના ભક્ત સંગાથે વૈરબુદ્ધિ રાખે તેનું તો કલ્યાણ ન થાય, **અને જેમ જેમ વૈર કરતો જાય તેમ તેમ તેની બુદ્ધિ ભ્રષ્ટ થતી જાય, અને દેહ મૂકે ત્યારે પંચમહાપાપના કરનારા જે નરકના કુંડમાં પડે તે પણ તે જ કુંડમાં પડે છે, તે માટે ભગવાનના ભક્તમાં જેને હેત હોય, તો સંબંધી હોય અથવા બીજો કોઈ હોય તે સર્વનું કલ્યાણ થાય છે.(૧)** ૧

૨ પછી નાજે ભક્તે પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** ભગવાનનો ભક્ત હોય તે એક તો દૃઢ નિશ્ચયવાળો હોય, અને એક તો થોડા નિશ્ચયવાળો હોય, અને ઉપરથી તો બેય સારા દેખાતા હોય તે બે કેમ ઓળખ્યામાં આવે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોય, અને દૃઢ વૈરાગ્ય હોય, અને ભક્તિ ને સ્વધર્મ પણ અતિ દૃઢ હોય, તેને પરિપૂર્ણ નિશ્ચય જાણવો. અને એમાંથી જો એકે વાનું ઓછું હોય તો નિશ્ચય છે, તો પણ માહાત્મ્ય વિનાનો છે અને એ ચાર વાનાં સંપૂર્ણ હોય તે માહાત્મ્ય સોતો ભગવાનનો નિશ્ચય જાણવો. **(૨)** ઈતિ વચનામૃતમ્ **॥૭૫॥** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારા ભક્ત ઉપર હેત રાખે તેનું કલ્યાણ થાય ને દ્વેષ કરે તે નરકે જાય. **(૧)** બીજામાં જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ને સ્વધર્મ સંપૂર્ણ હોય તેને અમારો માહાત્મ્યે

સહિત નિશ્ચય થાય છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજા પ્રશ્નમાં જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ને સ્વધર્મ કહ્યાં તેનાં લક્ષણ શા હશે ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજને સદા મૂર્તિમાન જાણે ને તેજદ્વારે કરીને ક્ષર-અક્ષરના આધાર, પ્રેરક, ને નિયંતા જાણે અને એ તેજરૂપ શક્તિના પણ આધાર જાણે અને એ બ્રહ્મરૂપ એવો જે પોતાનો આત્મા તેને વિષે શ્રીજીમહારાજની મૂર્તિને દેખે તે શ્રીજીમહારાજના સ્વરૂપનું જ્ઞાન કહેવાય. અને શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજે ક્યાંય પ્રીતિ ન રહે તે વૈરાગ્ય કહેવાય. અને માહાત્મ્યજ્ઞાને સહિત શ્રીજીમહારાજની મૂર્તિમાં પ્રેમે કરીને જોડાવું તે ભક્તિ કહી છે. અને શ્રીજીમહારાજની મૂર્તિને આત્માને વિષે અખંડ ધારી રહેવું તે આત્માનો ધર્મ જાણવો અને સ્થૂળ-સૂક્ષ્મ દેહે કરીને સર્વે નિયમ પાળવા એ દેહનો ધર્મ જાણવો તે સ્વધર્મ કહેવાય. **॥૭૫॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૭૬

❖સંવત ૧૮૭૬ના પ્રથમ જ્યેષ્ઠ સુદિ ૧૧ એકાદશીને દિવસ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ પોતાના ઉતારાને વિષે વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મોટા મોટા સાધુ કેટલાક બેઠા હતા.

૧ તેમની આગળ શ્રીજીમહારાજે વાર્તા કરી જે, **(૧) ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી ને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તોય પણ તે સાથે અમારે બને નહિ,** અને ક્રોધ ને ઈર્ષ્યા એ બેય માનને આશરે રહે છે. **(૧)** અને **કામીનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ** ૧
**જ નથી, જે એ સત્સંગી છે** અને **કામી તો સત્સંગમાં હોય તો ય વિમુખ જેવો છે. (૨)** અને ૨
**જેને પંચવર્તમાનમાં કોઈ વાતે ખોટ ન હોય, અને ગમે તેવા વચનના ભીડામાં લેઈએ ને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ કોઈ રીતે દેહપર્યંત મૂંઝાય નહિ એવો હોય, તે પાકો સત્સંગી છે, અને એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહેજે જ હેત થાય છે અને એવા ગુણ ન હોય તો હેત કરવા જાઈએ તો પણ હેત થાય નહિ, અને અમારી તો એ જ પ્રકૃતિ છે જે, જેના હૃદયમાં ભગવાનની એવી પરિપૂર્ણ ભક્તિ હોય, તે ઉપર જ હેત થાય છે. (૩)** ઈતિ વચનામૃતમ્ **॥૭૬॥** ૩

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, ક્રોધ, માન, ઈર્ષ્યા ને કપટ રાખે તે અમને ગમતો નથી. **(૧)** અને કામી તો વિમુખ છે. **(૨)** અને અમારા ગમતા પ્રમાણે વર્તવામાં મૂંઝાય નહિ તે પાકો સત્સંગી છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** ત્રીજી બાબતમાં અમે ગમે તેવા વચનના ભીડામાં લઈએ અને અમારા ગમતામાં વર્તાવીએ તો પણ મૂંઝાય નહિ તેને પાકો સત્સંગી કહ્યો તે શ્રીજીમહારાજ મનુષ્યરૂપે વિચરતા તે વખતે તો જેમ કહે તેમ વર્તે તે વર્ત્યો કહેવાય પણ આજ કેવી રીતે વર્તે તો વચનમાં ભીડામાં તથા ગમતામાં વર્ત્યો કહેવાય ?

૧ **ઉ૦** ધર્મામૃત, નિષ્કામ શુદ્ધિ, શિક્ષાપત્રી આદિકમાં ત્યાગી-ગૃહીના ધર્મ શ્રીજીમહારાજે કહ્યા છે તે પ્રમાણે રાજી થકો વર્તે પણ તેમાં કાંઈ ફેર પડવા દે નહિ ને તે પ્રમાણે વર્તવામાં લેશમાત્ર મૂંઝાય નહિ તે વચનના ભીડામાં તથા ગમતામાં રહ્યો કહેવાય. અને તે પ્રમાણે યથાર્થ વર્તે પણ એ પ્રમાણે ન વર્તવાનો મનમાં સંકલ્પ થઈ જાય તે મૂંઝાણો કહેવાય. અને જે એ પ્રમાણે ન વર્તે તે સ્વામિનારાયણનો છે જ નહિ; એ તો સંપ્રદાયથી બહાર છે તે (**પ્ર૦ ૩૬**ના બીજા પ્રશ્નોત્તરમાં) કહ્યું છે. **॥૭૬॥**

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૭૭

સંવત ૧૮૭૬ના દ્વિતીય જયેષ્ઠ વદિ અમાવાસ્યાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને મુનિ માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરતા હતા ને પછી એક મુનિએ અણસમજણે કરીને ભગવાનના નિશ્ચયનું બળ લઈને ધર્મને ખોટા જ કરવા માંડ્યા.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** ભગવાનના જ્ઞાનનો ઓથ લેઈને જે ધર્મને ખોટા કરી નાખે તેને અસુર જાણવો, અને ભગવાનના સ્વરૂપમાં તો કલ્યાણકારી અનંત ગુણ રહ્યા છે. તે શ્રીમદ્‌ભાગવતને વિષે પ્રથમ સ્કંધમાં પૃથ્વીએ ધર્મ પ્રત્યે કહ્યા છે, માટે જેને ભગવાનનો આશરો હોય તેમાં તો ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે, અને જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેમાં તો એકાદશ સ્કંધમાં કહ્યા એવાં જે સાધુનાં બત્રીશ લક્ષણ તે આવે છે, માટે જેમાં બત્રીશ લક્ષણ સંતનાં ન હોય તેને પૂરો સાધુ ન જાણવો, અને **જેને ભગવાનનો નિશ્ચય હોય તેના હૈયામાં તો પ્રભુના કલ્યાણકારી ગુણ જરૂર આવે,** અને પ્રભુના ગુણ સંતમાં આવે ત્યારે તે સાધુ બત્રીસ લક્ષણે યુક્ત હોય. **(૧) માટે આજથી** ૧
**જે કોઈ પંચવર્તમાનરૂપ જે ધર્મ તેને મૂકીને જ્ઞાનનું કે ભક્તિનું બળ લેશે તે ગુરુદ્રોહી, વચનદ્રોહી છે. અને એવી ધર્મભંગ વાત જે કોઈ કરતો હોય, તેને વિમુખ કહેવો, અને એમ કહેવું જે તમે તો અસુરનો પક્ષ લીધો છે, તે અમે નહિ માનીએ, એમ કહીને તે અધર્મીની વાતને ખોટી કરી નાખવી. (૨)** ૨

૨ પછી સંતે પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** હે મહારાજ ! કોઈક ભગવાનનો અતિ દૃઢ ભક્ત હોય ને દેહ મૂકવા ટાણે તેને પીડા થઈ આવે છે ને બોલ્યાનું પણ કાંઈ ઠેકાણું રહેતું નથી, અને કોઈક તો કાંઈ પાકો હરિભક્ત જણાતો ન હોય ને તે દેહ મૂકવા સમે તો અતિ સમર્થ જણાય છે, ને અતિશે ભગવાનના પ્રતાપને જાણીને ને ભગવાનનો મહિમા મુખે કહીને, સુખિયો થકો દેહ મૂકે છે એનું શું કારણ છે, જે સારો હોય તેનું અંત સમે સારું ન દેખાય ને જેવો તેવો હોય તેનું અંત સમે સારું દેખાય છે એનું કારણ કહો ? એ પ્રશ્ન છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, દેશ, કાળ, ક્રિયા, સંગ, દેવતા, મંત્ર, દિક્ષા ને શાસ્ત્ર એ આઠ જેવાં હોય તેવી પુરુષની મતિ થાય છે, તે જો સારાં હોય તો સારી મતિ થાય છે, ને ભૂંડાં હોય તો ભૂંડી મતિ થાય છે, અને પુરુષના હૃદયને વિષે પરમેશ્વરની માયાના પ્રેર્યા થકા ચારે યુગના ધર્મ વારાફરતી વર્તતા હોય, તે જો અંત સમે સતયુગનો ધર્મ આવી જાય તો મૃત્યુ બહુ શોભી ઊઠે, અને ત્રેતા ને દ્વાપરનો ધર્મ આવે તો તેથી થોડું શોભે અને કળિનો ધર્મ મૃત્યુ સમે આવે તો અતિશે ભૂંડું દેખાય, એમ અંત સમે સારું-નરસું તે તો કાળે કરીને છે. અથવા જાગ્રત, સ્વપ્ન

ને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા છે તેમાં જો અંત સમે જાગ્રત અવસ્થા વર્તતી હોય તો પાપી હોય તે પણ બોલતાં-ચાલતાં દેહ મૂકે છે. અને અંત સમે સ્વપ્ન અવસ્થા વર્તતી હોય તો ઝંખ્યા જેવું કાંઈ ને કાંઈ બોલતો થકો ભગવાનનો ભક્ત હોય તો પણ દેહ મૂકે, અને અંત સમે સુષુપ્તિ અવસ્થા પ્રધાન વર્તે તો ભગવાનનો ભક્ત હોય અથવા વિમુખ હોય તો પણ ઘેનમાં ને ઘેનમાં રહીને દેહ મૂકે, પણ સારું કે નરસું કાંઈ બોલાય નહિ. **(૩)** અને અંતકાળે એ ૩
ત્રણ અવસ્થા થકી પર ને બ્રહ્મરૂપ એવા પોતાના જીવાત્માને સાક્ષાત્કાર માનતો થકો જે દેહ મૂકે તે તો જેવી ઈશ્વરને સામર્થી હોય તેવી સામર્થી, જણાવીને દેહ મૂકે છે ને એમ બ્રહ્મરૂપ થઈને ને સામર્થી જણાવીને દેહ મૂકવો તે ભગવાનના ભક્તને જ થાય છે, પણ બીજા વિમુખ જીવને એમ થાય જ નહિ. **(૪)** એવી રીતે કાળે કરીને અંત સમે સારું-નરસું જણાય છે, ૪
અથવા અવસ્થાઓને યોગે કરીને સારું-નરસું જણાય છે, અને વિમુખ હોય તેને અંતકાળે જાગ્રત અવસ્થા વર્તતી હોય ને બોલતો બોલતો દેહ મૂકે તેણે કરીને કાંઈ તેનું કલ્યાણ થાતું નથી; વિમુખ તો સારી રીતે દેહ મૂકે અથવા ભૂંડી રીતે દેહ મૂકે પણ નરકે જ જાય, અને ભગવાનનો ભક્ત હોય તે બોલતો બોલતો દેહ મૂકે અથવા ઝંખ્યા જેવું બોલીને દેહ મૂકે, અથવા શૂન્ય મૂન્ય રહીને દેહ મૂકે પણ તેનું કલ્યાણ જ છે, પણ એમાં કાંઈ સંશય નથી, એમ ભગવાનના ભક્તને જાણવું. અને ભગવાનનો ભક્ત હોય તેને અંત સમે સ્વપ્નાદિકને યોગે કરીને ઉપરથી પીડા જેવું જણાતું હોય પણ એને અંતરમાં તો ભગવાનને પ્રતાપે કરીને અતિ આનંદ વર્તતો હોય માટે નક્કી હરિભક્ત હોય ને અંત સમે લાવાં ઝંખાં કરતો થકો દેહ મૂકે પણ એના કલ્યાણમાં લેશમાત્ર સંશય રાખવો નહિ. **(૫)** ઈતિ વચનામૃતમ્ **॥૭૭॥** ૫

**રહસ્યાર્થ પ્રદી૦**- આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારો આશરો ને નિશ્ચય હોય તેમાં અમારા કલ્યાણકારી ગુણ ને સાધુનાં બત્રીસ લક્ષણ આવે છે. **(૧)** અને જે પંચવર્તમાનને મૂકીને જ્ઞાન-ભક્તિનું બળ લે તે ગુરુદ્રોહી, વચનદ્રોહી ને અસુર છે તેની વાત ન માનવી. **(૨)** બીજામાં કાળે કરીને, અવસ્થાએ કરીને અંતસમે સારું-નરસું જણાય છે. **(૩)** અને બ્રહ્મરૂપ થઈને સામર્થી જણાવીને તો અમારો ભક્ત જ દેહ મૂકે **(૪)** ને વિમુખ સારી રીતે દેહ મૂકે તો ય નરકે જાય ને અમારો ભક્ત શૂન્ય મૂન્ય રહીને દેહ મૂકે, તો પણ કલ્યાણ જ થાય. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં અમારે આશરે કરીને કલ્યાણકારી ગુણ આવે છે એમ કહ્યું અને (**પ્ર૦ ૬૨**ના પહેલા પ્રશ્નમાં) અમારા નિશ્ચયે કરીને જ કલ્યાણકારી ગુણ આવે છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે તે કેમ સમજવું ?

૧ **ઉ૦** નિશ્ચયમાં ને આશરામાં સરખી ગૌરવતા છે, માટે કલ્યાણકારી ગુણ એ બેય વતે આવે છે તે આમાં આ પ્રશ્નમાં જ શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારો નિશ્ચય હોય તેમાં અમારા કલ્યાણકારી ગુણ જરૂર આવે અને સાધુનાં લક્ષણ પણ એ બેયથી આવે છે.

૨ **પ્ર૦** જે આશરે કરીને શ્રીજીમહારાજના કલ્યાણકારી ગુણ આવે તે આશરાનું શું રૂપ છે ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજ વિના બીજા કોઈને કર્તા જાણે નહિ; એક શ્રીજીમહારાજને જ સર્વ કર્તા ને સર્વેના સુખદાતા જાણે અને શ્રીજીમહારાજની મૂર્તિના સુખ વિના બીજું કાંઈ સુખ કે ઐશ્વર્ય તેને ઇચ્છે જ નહિ ને જેમ શ્રીજીમહારાજની મરજી હોય તેમ જ વર્તે તે આશરો કહેવાય.

૩ **પ્ર૦** સાધુનાં બત્રીસ લક્ષણ કહ્યાં તે કિયાં જાણવાં ?

૩ ઉ૦ **(૧) કૃપાળુ** = પરદુઃખને સહન નહિ કરનારા. **(૨) અકૃતદ્રોહ** = સર્વ પ્રાણીમાં કોઈનો દ્રોહ નહિ કરનારા. **(૩) તિતિક્ષુ** = ક્ષમાવાન. **(૪) સત્ય** = સત્ય એ જ છે સાર. (બળ જેને). **(૫) અનવદ્યાત્મા** = અસૂયાદિ દોષે રહિત. **(૬) સમ** = સ્વ-પરમાં સમદૃષ્ટિવાળા. **(૭) સર્વોપકારક** = સર્વને ઉપકાર કરનારા. **(૮) કામૈરહતધી** = વિષયને વિષે ક્ષોભ નહિ પામનારા. **(૯) દાન્ત** = શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના, ઘ્રાણ એ જ્ઞાનઈન્દ્રિયો તથા વાક્, પાણી, પાદ, પાયુ ને ઉપસ્થ એ કર્મઈન્દ્રિયો તેને શ્રીજીમહારાજની આજ્ઞામાં યથાર્થ વર્તાવનારા. **(૧૦) મૃદુ** = કોમળ ચિત્તવાળા. **(૧૧) શુચિ** = બાહ્ય શૌચ જે સ્નાનાદિક ક્રિયા કરવી તથા સ્પર્શ કરવા યોગ્ય નહિ તેના સ્પર્શે રહિત અને અંતરમાં શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ સંકલ્પે રહિત થઈને મૂર્તિનું ચિંતવન કરનારા. **(૧૨) અકિંચન** = ધનાદિક પરિગ્રહ રહિત (ધન જે સુવર્ણ, રૂપું, તામ્ર, મુદ્રા તથા નોટ આદિક ) દ્રવ્યનો સંગ્રહ કરનાર - કરાવનાર નહિ એવા. **(૧૩) અનીહ** = નહિ કરવા યોગ્ય એવી શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ ક્રિયા તેને નહિ કરનારા. **(૧૪) મિતભુક** = ઉદરના ચાર વિભાગપૂર્વક બે ભાગ અન્ને કરીને પૂર્ણ કરનારા અને એક ભાગ જળે કરીને પૂર્ણ કરનારા અને એક ભાગ વાયુ પ્રચારને અર્થે ખાલી રાખીને એક જ વાર જમનારા. **(૧૫) શાન્ત** = મન, બુદ્ધિ, ચિત્ત ને અંહકાર એ અંતઃકરણોને શ્રીજીમહારાજની આજ્ઞામાં વર્તાવનારા. **(૧૬) સ્થિર** = ત્યાગી-ગૃહી પોતપોતાના આશ્રમના ધર્મ પ્રમાણે યથાર્થ વર્તનારા. **(૧૭) મચ્છરણ** = સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાન જે અમે તે અમે જ છીએ રક્ષણ કરનાર ને પ્રાપ્ય તે જેને. **(૧૮) મુનિ** = શ્રીજીમહારાજની મૂર્તિનું મનન કરનારા. **(૧૯) અપ્રમત્ત** = સ્થૂળ, સૂક્ષ્મ દેહે કરીને પાળવાના જે ધર્મ તેને પાળવામાં તત્પર. **(૨૦) ગંભીરાત્મા** = જેનો અભિપ્રાય જાણી ન શકાય તેવા. **(૨૧) ધૃતિમાન્** = આપત્કાળમાં પણ ધર્મનો ત્યાગ નહિ કરનારા. **(૨૨) જિતષડ્ ગુણ** = ભૂખ-તરસ, શોક-મોહ, જરા-મૃત્યુ તે જીત્યાં છે જેણે એવા. **(૨૩) અમાની** = માનની ઈચ્છાએ રહિત. **(૨૪) માનદ** = બીજાને માન આપનારા. **(૨૫) કલ્પ** = બીજાને વિષયની આસક્તિ ટળાવીને મોક્ષને માર્ગે ચલાવવારૂપી જ્ઞાનબોધ દેવામાં સમર્થ. **(૨૬) મૈત્ર** = કોઈને ઠગનારા નહિ. **(૨૭) કારુણિક** = ભવાબ્ધિમાં બૂડેલા જીવોના દુઃખની નિવૃત્તિ કરવારૂપી કૃપાએ કરીને છે વિચરણ જેનું. **(૨૮) કવિ** = જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ, અક્ષર તથા પરબ્રહ્મ જે શ્રીજીમહારાજ તેમના સ્વરૂપને યથાર્થ જાણનારા. **(૨૯) સત્તમ** = અમે ઉપદેશ કરેલા આત્મનિષ્ઠારૂપ ગુણ જે પોતાના આત્માને અમારા તેજરૂપ બ્રહ્મને વિષે એકતા કરીને, તેને વિષે અમારી મૂર્તિને ધારીને આત્માનો તથા અમારો સાક્ષાત્કાર કરવો અને દોષ જે દેહાભિમાન તેને જાણીને સર્વ ધર્મના ફળનો ત્યાગ કરીને અમને નિષ્કામ ભાવે ભજે તે ઉત્તમ સાધુ છે. (સાધુનું ઉત્તમ લક્ષણ છે) **(૩૦) ભક્તતમ** = અમને ક્ષર જે મૂળમાયાપર્યંત અને અક્ષર જે મૂળઅક્ષરપર્યંત સર્વના નિયંતા, સર્વકારણના કારણ, સર્વાન્તર્યામી, સર્વ કર્તા, સર્વના સુખદાતા, સર્વ સુખમય મૂર્તિ, અતિશે તેજસ્વી અને સૌશિલ્ય, વાત્સલ્યાદિ સ્વભાવ યુક્ત તથા અનંત ઐશ્વર્ય સંપન્ન જાણીને અનન્ય ભાવથી અમારી મૂર્તિમાં લુબ્ધ થઈને, અમારા સુખને અનુભવે તે અતિ ઉત્તમ ભક્ત કહેતાં સાધુ છે. (તે સાધુનું અતિ ઉત્તમ લક્ષણ છે.) **(૩૧) અજાતશત્રુ** = નથી ઉત્પન્ન થયો શત્રુ જેને. **(૩૨) સાધુ ભૂષણ** = શિળ જે બ્રહ્મચર્ય તે જ છે ભૂષણ જેને. (અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય તેને પાળનારા.) આ બત્રીસ લક્ષણે યુક્ત હોય તે અમારા સંત કહેવાય એમ શ્રીજીમહારાજે કહ્યું છે. ||૭૭||

## વચનામૃત ગઢડા પ્રથમનું - ૭૮

❖સંવત ૧૮૭૭ના અષાડ સુદિ ૩ ત્રીજને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ આથમણે બારણે ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને શ્વેત ખેસ પહેર્યો હતો ને શ્વેત ચાદર ઓઢી હતી ને મસ્તક ઉપર શ્વેત પાઘ વિરાજમાન હતી ને કંઠને વિષે શ્વેત પુષ્પનો હાર પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સર્વે સંત સાંભળો : એક પ્રશ્ન પૂછીએ છીએ. પછી સંતે
૧ કહ્યું જે, પૂછો મહારાજ ! પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દેવતા, શાસ્ત્ર, ઉપદેશ એ આઠ સારાં હોય તો પુરુષની બુદ્ધિ નિર્મળ થાય છે ને એ આઠ ભૂંડાં

હોય તો પુરુષની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, માટે એ આઠેમાં પૂર્વકર્મનું કાંઈ જોર છે કે નથી ? પછી મુનિ બોલ્યા જે, પૂર્વકર્મનું જોર જણાય છે તો ખરું, જો સારાં કર્મ હોય તો પવિત્ર દેશને વિષે જન્મ આવે ને ભૂંડાં કર્મ હોય તો ભૂંડા દેશને વિષે જન્મ આવે, તેમ જ કાળાદિક સાત છે તેમાંથી પણ જેવાં કર્મ હોય તેવાનો યોગ બને છે, માટે સર્વેમાં કર્મનું પ્રધાનપણું જણાય છે ને દેશકાળાદિક જે આઠ તેનું તો કોઈક ઠેકાણે પ્રધાનપણું છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, દેશકાળથી લઈને દેવતા જે પરમેશ્વર ત્યાં પર્યંત સર્વેને વિષે કર્મને પ્રધાન કહો છો તે કિયા શાસ્ત્રને મતે કહો છો તેનું કોઈ વચન ભણી દેખાડો ? અને એક કર્મનું પ્રધાનપણું તો જૈનના શાસ્ત્રમાં છે પણ બીજામાં નથી; બીજા શાસ્ત્રમાં તો પરમેશ્વર ને પરમેશ્વરના ભક્તનો સંગ તેનું જ પ્રધાનપણું છે, માટે તમે કર્મનું પ્રતિપાદન કરો છો તે ઉપરથી સત્સંગી છો ને છાના નાસ્તિક છો કે શું ? કેમ જે નાસ્તિક વિના બીજો તો કોઈ કર્મનું પ્રતિપાદન કરતો નથી, અને નાસ્તિક તો વેદ, શાસ્ત્ર, પુરાણ ને ઈતિહાસ જે ભારતાદિક તેને ખોટાં જાણે છે ને પોતાના માગધી ભાષાના જે ગ્રંથ તેને જ સાચા માને છે, માટે મૂર્ખ થકા કર્મનું પ્રતિપાદન કરે છે અને જો કર્મે કરીને દેશાદિક આઠ ફરતા હોય તો મારવાડને વિષે કેટલાક પુણ્યવાળા રાજા થયા છે તેમને અર્થે સો હાથ ઊંડાં પાણી હતાં તે ઉપરછલાં થયાં નથી ને જો કર્મને વશ દેશ હોય તો પુણ્યકર્મવાળાને અર્થે પાણી ઊંચાં આવ્યાં જોઈએ ને પાપીને અર્થે ઊંડાં ગયાં જોઈએ પણ એમ તો થાતું નથી ને મારવાડ દેશમાં તો પાપી હોય અથવા પુણ્યવાળા હોય, પણ ઊંડાં પાણી ઊપજે પણ તે દેશ પોતાના ગુણનો ત્યાગ કરતો નથી માટે દેશકાળાદિક તો કર્મના ફેરવ્યા ફરે નહિ તે માટે જે પોતાના કલ્યાણને ઈચ્છે તેને તો નાસ્તિકની પેઠે કર્મનું બળ રાખવું નહિ અને ભૂંડાં દેશકાળાદિક આઠ હોય તેનો ત્યાગ કરીને, રૂડા જે દેશકાળાદિક આઠ તેનું સેવન કરવું અને દેશ તો બારણે પણ સારો-નરસો હોય અને પોતાના દેહમાં પણ હોય તે જ્યારે દેહરૂપ જે સારો દેશ તેને વિષે જીવ હોય ત્યારે શિળ, સંતોષ, દયા, ધર્મ ઈત્યાદિક જે કલ્યાણકારી ગુણ તે વર્તતા હોય અને જ્યારે આ દેહરૂપ જે ભૂંડો દેશ તેને વિષે જીવ રહ્યો હોય ત્યારે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર ઈત્યાદિક ભૂંડા ગુણ વૃદ્ધિ પામે છે અને સારો-ભૂંડો જે સંગ થાય છે તેની વિક્તિ એમ છે જે, જેનો સંગ થાય તે સાથે કોઈ રીતે અંતર રહે નહિ ત્યારે તેનો સંગ થયો જાણવો અને ઉપરથી તો શત્રુને પણ હૈયામાં ઘાલીને મળે છે પણ અંતરમાં તો તે સાથે લાખો ગાઉનું છેટું છે, એવી રીતે ઉપરથી સંગ હોય તે સંગ ન કહેવાય અને **મન, કર્મ, વચને કરીને જે સંગ કરે તે જ સંગ કર્યો કહેવાય, માટે એવી રીતે મન, કર્મ, વચને સંગ તો પરમેશ્વર અથવા પરમેશ્વરના ભક્ત તેનો જ કરવો જેથી જીવનું કલ્યાણ થાય પણ પાપીનો સંગ તો ક્યારેય ન કરવો. (૧)** ૧

પછી મધ્યાહ્ન સમે શ્રીજીમહારાજે સર્વે નાના નાના વિદ્યાર્થી સાધુને પોતાને સમીપે બોલાવ્યા ને એમ કહ્યું જે, તમે સર્વે વિદ્યાર્થી મુને પ્રશ્ન પૂછો. પછી મોટા શિવાનંદ સ્વામીએ

પૂછ્યું જે, **(૨)** જેને ભગવાનનો અચળ નિશ્ચય હોય તે કેમ ઓળખાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જેને અચળ નિશ્ચય હોય તેને ભગવાન સારી ક્રિયા કરે અથવા નરસી ક્રિયા કરે તે સર્વે કલ્યાણકારી ભાસે અને ભગવાન જીતે અથવા હારે અથવા કોઈક ઠેકાણે ભાગે અથવા ક્યારેક રાજી થાય, ક્યારેક શોક કરે ઈત્યાદિક અનંત પ્રકારની ભગવાનની ક્રિયાઓ તેને જોઈને નિશ્ચયવાળો ભક્ત હોય તે એમ કહે જે, પ્રભુની સર્વે ક્રિયા કલ્યાણને અર્થે છે તે જ્યારે બોલે ત્યારે એવું ને એવું બોલતો હોય તો તેને પરિપક્વ નિશ્ચયવાળો જાણવો. (૨)** ૨

૩ પછી નિર્માનાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** ભગવાન ને ભગવાનના સંત તેને વિષે દોષબુદ્ધિ ન આવે તેનો શો ઉપાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જેવો પ્રથમ કહ્યો એવો ભગવાનનો અચળ નિશ્ચય હોય, તો તેને કોઈ રીતે ભગવાનને વિષે દોષબુદ્ધિ આવે નહિ અને એવા મોટા જે ભગવાન તેના દાસનો મહિમા જ્યારે વિચારે ત્યારે ભગવાનના ભક્તનો પણ કોઈ રીતે અવગુણ આવે નહિ. (૩)** ૩

૪ પછી નિર્માનાનંદ સ્વામી ને નાના પ્રજ્ઞાનંદ સ્વામી એ બેયે મળીને પૂછ્યું જે, **(૪)** જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાને વિષે ભગવાનની મૂર્તિ અખંડ કેમ જણાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પૂર્વ જન્મનો કોઈ શુભ સંસ્કાર બળિષ્ઠ હોય તેને ભગવાનની મૂર્તિ ત્રણે અવસ્થામાં અખંડ દેખાય છે અથવા ભય, કામ ને સ્નેહ એ ત્રણ જેને વિષે અખંડ હોય તેને ભગવાન વિના બીજું પદાર્થ હોય તે પણ ત્રણે અવસ્થામાં અખંડ દેખાય છે તો ભગવાન દેખાય એમાં શું કહેવું ? એ તો દેખાય જ. **(૪)** ૪

૫ પછી નાના શિવાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૫)** સત્સંગને વિષે અચળ પાયો જેનો હોય
૬ તે કેમ જણાય ? એક તો એ પ્રશ્ન છે, અને બીજો પ્રશ્ન એ છે જે, **(૬)** માન, કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, ઈર્ષ્યા ઈત્યાદિક જે શત્રુ તે કિયે પ્રકારે કરીને નાશ પામે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને સત્સંગનો અતિ દૃઢ પક્ષ હોય તે જ્યારે કોઈ સત્સંગનું ઘસાતું બોલે ત્યારે ખમી શકે જ નહિ, જેમ પોતાના કુટુંબી હોય ને તે સાથે કચવાણ થઈ હોય તો પણ જ્યારે તેનું કોઈ ઘસાતું બોલે ત્યારે ખમાય નહિ, એવી રીતે જેવો દેહના સંબંધીનો પક્ષ છે તેવો જેને સત્સંગનો પક્ષ હોય તેનો પાયો સત્સંગને વિષે અચળ છે. **(૫)** અને બીજા ૫
પ્રશ્નનો ઉત્તર એ છે જે, જેને એવો સત્સંગનો પક્ષ છે તે સંત અથવા સત્સંગી તે સંગાથે માન, મત્સર, ઈર્ષ્યા કેમ રાખી શકે ? માટે જેને સત્સંગનો પક્ષ હોય તેના માન, મદ, મત્સર, ઈર્ષ્યા આદિક સર્વ શત્રુનો નાશ થઈ જાય છે. **(૬)** અને જેને સત્સંગીનો પક્ષ ન હોય અને ૬
સત્સંગી ને કુસંગીને વિષે સમભાવ હોય તો ગમે તેવો સત્સંગમાં મોટો કહેવાતો હોય પણ અંતે જાતાં જરૂર વિમુખ થાય. **(૭)** ૭

૭ પછી નાના આત્માનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૭)** ભગવાન ને ભગવાનના સંત તે કોઈકને

તો નિધડક થઈને જેમ કહેવું ઘટે તેમ કહે છે અને તેની કોરનો એમ ભરૂંસો આવે છે જે, આનું માન કરીશું અથવા તિરસ્કાર કરીશું તો ય પણ કોઈ રીતે એ પાછો નહિ પડે એવો જે ભરૂંસો તે ભગવાન ને ભગવાનના સંતને કેમ આવે ? એક તો એ પ્રશ્ન છે અને બીજો પ્રશ્ન
૮ એ છે જે, **(૮)** જે સંતને પાસે રહેતા હોઈએ તેને જેવું આપણા ઉપર હેત હોય તેવું સમગ્ર સંતને કેમ રહે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેવો શિવાનંદ સ્વામીના પ્રશ્નનો ઉત્તર કર્યો છે તેવો સત્સંગનો જેને દૃઢ પક્ષ હોય તો તેને કહેતાં-સાંભળતાં ભગવાન ને ભગવાનના સંતને સંશય થાય નહિ અને એનો કોઈ રીતે કુવિશ્વાસ આવે નહિ જે આને કહેશું તો આ સત્સંગમાંથી જાતો રહેશે; તેની કોરનો તો દૃઢ વિશ્વાસ જ હોય જે એનો સત્સંગ તો અચળ છે, માટે એને કહેશું તેની કાંઈ ફિકર નથી. અને બીજા પ્રશ્નનો ઉત્તર એ છે જે, **જેને પાસે પોતે પ્રથમ રહેતા હોઈએ અને તેની સાથે પોતાને ન બન્યું ત્યારે બીજા પાસે જઈને રહે તો પણ જેની પાસે પ્રથમ રહ્યો હોય તેનું જો કોઈક ઘસાતું બોલે તો ખમી શકે નહિ ત્યારે સર્વે સંતને એમ સમજાય જે આ તો કૃતઘ્ની નથી, જેને પાસે ચાર અક્ષર ભણ્યો છે તેનો ગુણ મૂકતો નથી, માટે બહુ રૂડો સાધુ છે એમ જાણીને સર્વે સંતને હેત રહે અને જેની પાસે પ્રથમ રહ્યો હોય તેને મૂકીને બીજા પાસે જાય ત્યારે પ્રથમ જેની પાસે રહ્યો હોય તેની નિંદા કરે ત્યારે સર્વ સંતને એમ જણાય જે આ કૃતઘ્ની પુરુષ છે તે જ્યારે આપણી સાથે નહિ બને ત્યારે આપણી પણ નિંદા કરશે, પછી તે ઉપર કોઈને હેત રહે નહિ. (૮)** ૮

૯ પછી દહરાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૯) ભગવાન તો અક્ષરાતીત** છે, અને મન-વાણી થકી પર છે અને સર્વને અગોચર છે, તે સર્વને **પ્રત્યક્ષ** દેખાય છે તેનો શો હેતુ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અક્ષરાતીત ને મન-વાણી થકી પર ને અગોચર એવા જે ભગવાન તે જ પોતે કૃપા કરીને એમ ધારે છે જે, જ્ઞાની-અજ્ઞાની એવાં જે મર્ત્યલોકનાં મનુષ્ય તે સર્વે મુને દેખો, એમ ધારીને **સત્યસંકલ્પ એવા જે આ ભગવાન** તે કૃપાએ કરીને મર્ત્યલોકનાં સર્વ મનુષ્ય દેખે એવા થાય છે. **(૯)** ૯

**૧૦** પછી ત્યાગાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧૦)** ભગવાન રાજી કેમ થાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જેને ભગવાનને રાજી કરવા હોય તેને તો દેહના સુખને ઈચ્છવું નહિ, અને દર્શનનો પણ લોભ રાખવો નહિ ને ભગવાન જેમ કહે તેમ કરવું, એ જ ભગવાનને રાજી થયાનું સાધન છે. (૧૦)** **૧૦**

**૧૧** પછી લક્ષ્મણાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧૧)** ભગવાન ને ભગવાનના સંતનો જે સમાગમ તે આશ્ચર્ય સરખો કેમ સમજીએ ત્યારે જણાય ? અને આઠે પહોર અહો ! અહો ! સરખું કેમ રહે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે ભક્ત એમ સમજે જે, **આ ભગવાન** ને આ સંત તે સર્વે વૈકુંઠ, ગોલોક ને બ્રહ્મપુર તેના નિવાસી છે. તે સંત ને પરમેશ્વર

જ્યાં વિરાજમાન છે ત્યાં જ એ સર્વે ધામ છે, અને એ સંત ભેળો મારો નિવાસ થયો છે, તે મારું અતિ બહુ ભાગ્ય છે, એવી રીતે સમજે તો આઠે પહોર આશ્ચર્ય સરખું રહે અને આઠે પહોર આનંદના સમુદ્રમાં ઝીલતો રહે. **(૧૧)** ૧૧

૧૨ પછી પરમાત્માનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧૨)** સંતનાં બત્રીસ લક્ષણ કહ્યાં છે, તે શો ઉપાય કરે તો આવે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે બત્રીસ લક્ષણે યુક્ત સંત હોય તેને વિષે ગુરુબુદ્ધિ ને દેવબુદ્ધિ રાખીને મન, કર્મ, વચને એનો સંગ કરે તો એ સંગના કરનારાને વિષે પણ એ બત્રીસ લક્ષણ આવે છે. એવી રીતે સર્વ શાસ્ત્રમાં કહ્યું છે જે સંતને સેવે ત્યારે સંત સરખો થાય છે. **(૧૨)** ૧૨

૧૩ પછી શાન્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧૩)** એક તો અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખતો હોય અને બીજો તો ભગવાનનું ભજન-સ્મરણ પણ કરે, અને કથા-કીર્તન પણ કરે ને સાંભળે, એ બે પ્રકારના જે ભગવાનના ભક્ત તેમાં કિયો શ્રેષ્ઠ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને નિર્વિકલ્પ સમાધિ થાતી હોય, અને દેહની ખબર રહે નહિ એવો હોય, તો તે કથા-કીર્તન ન કરે તો પણ શ્રેષ્ઠ છે, અને જેને દેહની ખબર રહેતી હોય, ને ભજનમાંથી પોતાની મેળે ઊઠીને ખાવું, પીવું, દેહની ક્રિયા તે સર્વે કરતો હોય અને જો ભગવાનની કથા-કીર્તન ન કરે ને ન સાંભળે તો તે થકી તો ભગવાનની કથા-કીર્તન કરતો હોય ને સાંભળતો હોય તે શ્રેષ્ઠ છે. **(૧૩)** ૧૩

૧૪ પછી આધારાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧૪)** કેવી રીતે વર્તીએ તો ભગવાન ને ભગવાનના સંત પ્રસન્ન થાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **પંચવર્તમાન સંપૂર્ણ રાખીએ ને તેમાં કોઈ રીતે ખોટ્ય આવવા દઈએ નહિ, તો ભગવાન ને ભગવાનના સંત પ્રસન્ન થાય છે, એમાં લેશમાત્ર સંશય નહિ. (૧૪)** ૧૪

૧૫ પછી વેદાન્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧૫)** જેણે પ્રથમ કાંઈક ગોબરું વર્તાણું હોય, પછી તે શો ઉપાય કરે ત્યારે તેની ઉપર ભગવાન ને ભગવાનના સંત રાજી થાય ? પછી શ્રીજીમહારાજ બાલ્યા જે, જે પોતામાં ભૂંડો સ્વભાવ હોય, તેને દેખીને ભગવાન ને ભગવાનના સંત કુરાજી થતા હોય, તે સ્વભાવ સાથે જ્યારે વૈર કરીએ, ત્યારે જેને જે સાથે વૈર હોય તે તો સર્વે જગત જાણે એવું હોય, તે સંતને પણ ખબર પડે. પછી સંત તો તે સ્વભાવના વૈરી છે, તે આપણા પક્ષમાં ભળીને આપણા ઉપર દયા કરે અને જે પ્રકારે તે સ્વભાવને જીતીએ એવો ઉપાય બતાવે, માટે જે સ્વભાવે પોતાને ફજેત કર્યો હોય તે સ્વભાવ સાથે સૂધું દૃઢ વૈર બાંધીને તેનું મૂળ ઊખડી જાય એવો ઉપાય કરવો, ને જ્યારે એવી રીતે વર્તીએ ત્યારે ભગવાન ને ભગવાનના સંત આપણા ઉપર પૂર્ણ દયા કરે, અને જ્યારે હરિની ને હરિજનની જે ઉપર દયા થાય, ત્યારે તેને હૈયામાં અતિશે સુખ વર્ત્યા કરે, અને કલ્યાણને

માર્ગે ચાલ્યાની પણ સામર્થી વધે અને પોતાના શત્રુ જે કામ, ક્રોધ, લોભાદિક તેનું બળ ઘટી જાય છે, માટે જે પોતાના હૃદયને વિષે અતિશે શત્રુ પીડતા હોય, તે સાથે અતિશે વૈર કરીએ તો તેની પરમેશ્વર સહાય કરે છે, માટે પોતાના શત્રુ જે કામાદિક તે સાથે જરૂર વૈર કરવું ઘટે છે, ને પોતાના અંતઃશત્રુ સાથે વૈર કર્યામાં ઘણો જ લાભ છે. **(૧૫)** ૧૫

૧૬ પછી ભગવદાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧૬)** હે મહારાજ ! જેવી ભગવાનની બીક પાસે બેઠા હોઈએ ને રહે છે, તેવી ને તેવી બીક છેટે જાઈએ તો પણ રહે, તે કેમ સમજીએ તો રહે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેવી પાસે ભગવાનની મર્યાદા રહે છે, તેવી છેટે જાય તો પણ રહે, જો ભગવાનનું પૂરું માહાત્મ્ય સમજે તો. તે માહાત્મ્ય એમ સમજવું જે, **અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તેની ઈચ્છાએ કરીને અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિ થાય છે, અને તે બ્રહ્માંડને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે,** અને તે ભગવાન વ્યતિરેક થકા સર્વમાં અન્વયપણે રહ્યા છે, અને **અન્વય થકા પણ વ્યતિરેક છે,** અને તે ભગવાન જેવા પ્રત્યક્ષ પ્રમાણ છે, તેવા ને તેવા અણુ અણુ પ્રત્યે અંતર્યામીરૂપે વિરાજમાન છે. અને **તે ભગવાનના ડોલાવ્યા વિના એક તૃણ પણ ડોલવાને સમર્થ નથી,** અને અનંતકોટી બ્રહ્માંડને વિષે જે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય થાય છે, અને તેને વિષે સુખદુઃખનો જીવોને સંબંધ થાય છે, તે સર્વે પુરુષોત્તમના હાથમાં છે; જેટલું ભગવાન કરે તેટલું જ થાય છે, એવા જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે પૃથ્વી ઉપર પધારે છે ત્યારે પોતે ઘોડે ચડીને ચાલે ત્યારે ઘોડો ભગવાનને ઉપાડી ચાલે છે, પણ એ તો ઘોડાના આધાર છે અને પૃથ્વી ઉપર બેઠા હોય ત્યારે એમ જણાય જે પૃથ્વી ભગવાનને ધરી રહી છે પણ એ તો સ્થાવર-જંગમ સોતી સમગ્ર પૃથ્વીને ધરી રહ્યા છે. અને જ્યારે રાત્રિ હોય ત્યારે ચંદ્રમા કે દીવો કે મશાલ તેને અજવાળે કરીને ભગવાનનું દર્શન થાય, અને દિવસે સૂર્યને અજવાળે કરીને દર્શન થાય પણ **આ ભગવાન તો સૂર્ય, ચંદ્રમા, અગ્નિ એ સર્વેને પ્રકાશના દાતા છે એવી અદ્‌ભુત સામર્થી છે, તો પણ જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થઈને મુને દર્શન આપે છે, એવી રીતે માહાત્મ્ય સમજે તો જેવી પાસે રહ્યે મર્યાદા રહે છે તેવી ને તેવી છેટે જાય તો ય પણ રહે. (૧૬)** ૧૬

૧૭ પછી વળી **ભગવદાનંદ સ્વામીએ બીજો પ્રશ્ન પૂછ્યો જે, (૧૭) ભગવાનના કર્યા વિના કાંઈ થાતું નથી; સર્વ ભગવાનનું જ કર્યું થાય છે, ત્યારે ભગવાનને અથવા ભગવાનના ભક્તને કાંઈક જ્યારે ભૂંડો દેશકાળ આવે છે, ત્યારે તે દુઃખને કેમ ભગવાન ટાળતા નથી ? અને તેને ટાળ્યાના મનસૂબા કેમ કરે છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ તો જ્યારે ભગવાન મનુષ્યદેહ ધારણ કરે છે ત્યારે ભગવાનની એવી રીત જ છે જે, મનુષ્યની પેઠે સર્વ વ્યવહાર કરે પણ અલૌકિક સામર્થીને પ્રગટ કરે નહિ. એવી રીતે સર્વ શાસ્ત્રમાં ભગવાનનાં ચરિત્ર કહ્યાં છે, તેથી જ્યારે ભગવાન કાંઈ નવાં ચરિત્ર કરે ત્યારે સંશય કરજ્યો પણ જ્યાં સુધી પૂર્વે અવતાર થયા છે, તેના જેવાં ચરિત્ર કરે ત્યાં સુધી તો સંશય કરવો નહિ. (૧૭)** ૧૭

૧૮ પછી નિર્મળાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧૮)** કેમ સમજીએ ત્યારે પ્રભુના સંતનો મહિમા અતિશે જણાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, મચ્છ, કચ્છ, વરાહ, વામન, પરશુરામ અને રામકૃષ્ણાદિક એ જે ભગવાનના અનંત અવતાર તેનો મહિમા વિચારે જે, જે ભગવાને રામકૃષ્ણાદિક અવતારે કરીને અનંત જીવનો ઉદ્ધાર કર્યો છે, તે ભગવાનના આ સંત છે, તેનો મારે સમાગમ મળ્યો છે તે માટે હું પણ અતિ બડભાગી છું એમ સમજે તો દિવસે દિવસે સંતનો મહિમા અતિશે જણાતો જાય. **(૧૮)** ૧૮

૧૯ પછી નારાયણાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧૯)** સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહને વિષે જીવ અન્વયપણે કેમ છે ને વ્યતિરેકપણે કેમ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જ્યારે દેહને વિષે સુખદુઃખનો યોગ થાય છે ત્યારે તે સુખદુઃખને જીવ પોતાને વિષે માને ત્યારે તે જીવ અન્વયપણે છે અને જ્યારે ત્રણ દેહનાં સુખદુઃખથી પોતાને ન્યારો સમજે ત્યારે એ જીવ વ્યતિરેક છે. **(૧૯)** ૧૯

૨૦ પછી શૂન્યાતીતાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨૦) જ્યારે સત્સંગ કરે છે ત્યારે તો સંતમાં ને સત્સંગીમાં અતિશે હેત હોય અને પછી કેમ ઓછું થઈ જાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પ્રથમ તો એને સંતને વિષે અલૌકિક મતિ હોય ને પછી તો તે સંતનો અલ્પ દોષ જોઈને પોતાની કુબુદ્ધિએ કરીને ઝાઝો દોષ પરઠે છે; પછી એની અસદ્‌વાસના થઈ જાય છે તેણે કરીને સંતને વિષે ઓછો ભાવ થઈ જાય છે તે જો વિચારીને અસદ્‌વાસનાને ટાળે તો પ્રથમ હતો તેવો શુદ્ધ થાય અને જો અસદ્‌વાસના ન ટાળે તો અંતે જાતાં વિમુખ થઈ જાય છે. (૨૦)** ૨૦

૨૧ પછી પ્રસાદાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨૧)** જીવને મોક્ષનો શો હેતુ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જેમ સંત કહે તેમ જ સંશય રહિત થકો કરે એ જ જીવને મોક્ષનો હેતુ છે. (૨૧)** ૨૧

૨૨ પછી ત્રિગુણાતીતાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨૨)** દેશ, કાળ, ક્રિયા, સંગ એનું વિષમપણું હોય ત્યારે ત્યાં શો ઉપાય કરવો ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, દેશાદિક વિષમ હોય ત્યાં તો ઊગર્યાનો એ જ ઉપાય છે જે ત્યાંથી જે તે પ્રકારે કરીને ભાગી છૂટવું. **(૨૨)** ૨૨

૨૩ પછી નાના નિર્વિકારાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨૩)** ભગવાનનો નિશ્ચય છે તો પણ અસદ્‌વાસના કેમ ટળતી નથી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનનું માહાત્મ્ય યથાર્થ જાણ્યું નથી એટલે અસદ્‌વાસના ટળતી નથી. **(૨૩)** ૨૩

૨૪ પછી મોટા યોગાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨૪)** ભગવાનનો નિશ્ચય પરિપૂર્ણ છે તો પણ ભગવાનને વિષે ને ભગવાનની કથાને વિષે હેત કેમ થતું નથી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા

જે, ભગવાનનુ જેવું માહાત્મ્ય છે, તેવું એને સમજ્યામાં આવ્યું નથી. અને જો યથાર્થ ભગવાનનું માહાત્મ્ય સમજાય તો ભગવાન વિના બીજામાં હેત રાખે તો પણ રહે નહિ, ને એક ભગવાન ને ભગવાનના સંત અને ભગવાનની કથા-કીર્તન તેને વિષે જ અચળ હેત થાય છે. **(૨૪)** ૨૪

૨૫ પછી પ્રતોષાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨૫)** ભગવાનની ભક્તિ અચળ કેમ રહે ? પછી શ્રીજીમહારાજ બાલ્યા જે, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ ને વાસુદેવ એ જે ચતુર્વ્યૂહ તથા કેશવાદિક જે ચોવીશ મૂર્તિઓ તથા વારાહાદિક જે અવતાર એ સર્વેના કારણ એવા જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન તેનો મહિમા અતિશેપણે કરીને સમજે, તો તેને ભગવાનની શ્રવણાદિક જે નવધા ભક્તિ તે અચળ રહે. **(૨૫)** ૨૫

એવી રીતે સર્વે મુનિના પ્રશ્નનો ઉત્તર કરીને પછી શ્રીજીમહારાજ સર્વેને પૂછતા હવા જે, **(૨૬)** કામ, ક્રોધ ને લોભ એ ત્રણ નરકનાં દ્વાર છે એમાંથી જેને જે અતિશે જીત્યામાં આવ્યાં હોય તે સર્વે કહો ? પછી જેને જે વાતની અતિશે દૃઢતા હતી તે તેવી રીતે બોલ્યા. તે મુનિનાં વચન સાંભળીને શ્રીજીમહારાજ અતિશે રાજી થયા. **(૨૬)** અને આત્માનંદ સ્વામી તથા ૨૬
યોગાનંદ સ્વામી તથા ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદ સ્વામી એ ચાર જણને રાજી થઈને હૃદયને વિષે ચરણારવિંદ દીધાં ને એમ બોલ્યા જે, જેમ મહાનુભાવાનંદ સ્વામી આદિક મોટેરા છે, તે ભેળા આ ચાર પણ છે, માટે એમનું કોઈને અપમાન કરવા દેશો મા, એમ મુક્તાનંદ સ્વામી આદિક જે મોટેરા સાધુ તેમને ભલામણ કરીને શ્રીજીમહારાજ જય સચ્ચિદાનંદ કહીને પોતાને ઉતારે જમવા પધાર્યા. **(૨૭)** ઈતિ વચનામૃતમ્ ॥૭૮॥ ૨૭

**રહસ્યાર્થ પ્રદી૦**- આમાં પ્રશ્ન **(૨૬)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, કર્મનું બળ રાખવું નહિ ને રૂડા દેશાદિક સેવવા. **(૧)** બીજામાં અમારાં પ્રાકૃત ચરિત્રને કલ્યાણકારી જાણે તેનો પરિપક્વ નિશ્ચય છે. **(૨)** ત્રીજામાં એવા નિશ્ચયવાળાને અમારે વિષે ને અમારા મુક્તને વિષે દોષબુદ્ધિ ન આવે. **(૩)** ચોથામાં પૂર્વનો બળિષ્ઠ સંસ્કાર અથવા ભય, કામ ને સ્નેહ અખંડ હોય તેને અમારી મૂર્તિ ત્રણે અવસ્થામાં દેખાય છે. **(૪)** પાંચમામાં સત્સંગનો પક્ષ હોય તેનો અચળ પાયો છે. **(૫)** છઠ્ઠામાં એવા પક્ષવાળાના કામાદિક શત્રુ નાશ પામે છે. **(૬)** અને જેને સત્સંગીને વિષે ને કુસંગીને વિષે સમભાવ હોય તે વિમુખ છે. **(૭)** સાતમા ને આઠમામાં જેને સત્સંગનો પક્ષ હોય તેનો અમને ને સંતને ભરૂંસો આવે છે ને તેના ઉપર હેત રહે છે. **(૮)** નવમામાં ઈન્દ્રિયો-અંતઃકરણને અગોચર અને અક્ષરધામથી પર એવા અમોએ દયા કરીને દર્શન આપ્યાં છે. **(૯)** દશમામાં પોતાના રાજીપાનો ઉપાય બતાવ્યો છે. **(૧૦)** અગિયારમામાં અમે ને અમારા મુક્ત જેવા અક્ષરધામમાં દિવ્ય છીએ તેવા જ દિવ્ય જાણે અને જ્યાં અમે ને અમારા મુક્ત વિરાજતા હોઈએ તે સ્થાનને અક્ષરધામ જાણે તો આઠે પહોર આશ્ચર્ય ને આનંદ રહે છે. (૧૧) બારમામાં અમારા મુક્તને વિષે ગુરુબદ્ધિ ને દેવબુદ્ધિ રાખીને મન-કર્મ-વચને સમાગમ કરે તો એમાં સંતનાં લક્ષણ આવે છે. (૧૨) તેરમામાં નિર્વિકલ્પ સમાધિ ન થતી હોય તેણે કથા-કીર્તન કરવાં. **(૧૩)** ચૌદમામાં પંચવર્તમાન સંપૂર્ણ રાખે તેના ઉપર અમે ને અમારા મુક્ત પ્રસન્ન થઈએ. **(૧૪)** પંદરમામાં કામાદિક શત્રુનું બળ ઘટવાનો અને કલ્યાણને માર્ગે ચાલ્યાની સામર્થી વધવાનો ઉપાય બતાવ્યો છે. **(૧૫)** સોળમામાં અમને અક્ષરધામથી પર સર્વના કર્તા, નિયંતા ને મૂળઅક્ષરાદિક સર્વેને અમારી શક્તિએ કરીને ધરી રહ્યા છીએ એવો

અમારો મહિમા જાણે અને અમને અણુ અણુ પ્રત્યે સર્વત્ર જાણે તો અમારી મર્યાદા રહે છે. **(૧૬)** સત્તરમામાં અમારાં પ્રાકૃત ચરિત્રમાં સંશય કરવો નહિ. **(૧૭)** અઢારમામાં અમે રામકૃષ્ણાદિક અવતારોમાં અમારું ઐશ્વર્ય મૂકીને અનંત જીવોનો ઉદ્ધાર કર્યો છે એવા જે અમે તે અમારા આ સંત છે એમ જાણે તો અમારા સંતનો મહિમા અતિશે જણાય છે. **(૧૮)** ઓગણીસમામાં જીવનું અન્વય ને વ્યતિરેકપણું કહ્યું છે. **(૧૯)** વીસમામાં અસદ્‌વાસના થવાનો ને વિમુખ થવાનો હેતુ કહ્યો છે. **(૨૦)** એકવીસમામાં મોક્ષનો ઉપાય બતાવ્યો છે. **(૨૧)** બાવીસમામાં મારકૂટ થાતી હોય, નિરાકારવાદી, ને કર્મવાદી, શક્તિપંથી, કુંડાપંથી તેમનો યોગ થતો હોય ત્યાંથી ભાગી છૂટવું. **(૨૨)** તેવીસમામાં અમારું માહાત્મ્ય યથાર્થ જાણે નહિ તેને અસદ્‌વાસના રહે છે. **(૨૩)** ચોવીસમામાં યથાર્થ માહાત્મ્ય જાણે તો અમારે વિષે ને મુક્તને વિષે ને અમારાં કથા-કીર્તનને વિષે અચળ હેત થાય છે. **(૨૪)** પચીસમામાં અમને સર્વ અવતારોના કારણ જાણે તો અમારી નવધા ભક્તિ અચળ રહે છે. **(૨૫)** છવીસમામાં કામ, ક્રોધ, લોભ એ ત્રણ નરકનાં દ્વાર છે. **(૨૬)** અને આત્માનંદ સ્વામી આદિક ચાર સદ્‌ગુરુઓ મોટેરા છે એમ કહ્યું છે. **(૨૭)** બાબતો છે.

૧ **પ્ર૦** ચોથા પ્રશ્નમાં ભય, કામ ને સ્નેહ એ ત્રણ વાનાં માયિક પદાર્થમાં હોય તો તે અખંડ દેખાય તો ભગવાન દેખાય એમાં શું કહેવું એમ કહ્યું અને (**સા૦ ૩** ના ૨/૩ બીજા પ્રશ્નમાં) માયિક પદાર્થ વીસરી જાય છે તો ભગવાન ક્યાંથી સાંભરે એમ કહ્યું છે તે કેમ સમજવું ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજ તો મોટા મોટા અક્ષરાદિક સર્વેને અગમ્ય છે ને મોટા મોટા યોગીઓને પણ ધ્યાન કરતાં કોટી કલ્પ વીતી જાય તો પણ દેખાતા નથી એવા અતિશે અગમ્ય છે, એવા શ્રીહરિ તે આજ દયા કરીને જીવોને માયાનાં બંધનમાંથી છોડાવીને પોતાના તેજરૂપ દિવ્ય અક્ષરધામમાં લઈ જઈને પોતાનું અલૌકિક સુખ આપવા પધાર્યા છે, માટે દયા કરીને પોતાના ભક્તોને કહ્યું છે જે, માયિક પદાર્થમાં જેને ભય, કામ, ને સ્નેહ હોય તેને માયિક પદાર્થ ત્રણે અવસ્થામાં અખંડ દેખાય છે, તેમ તમે જન્મ-મરણ થકી ભય પામીને અમારા સુખની ઇચ્છા રાખીને બીજું સર્વે વિસારીને અતિ સ્નેહે કરીને અમારી મૂર્તિનો આલોચ રાખો તો તમોને અખંડ દેખાશું એમ વરદાન આપ્યું છે, માટે બીજું સર્વે વિસારીને શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી.

૨ **પ્ર૦** અગિયારમા પ્રશ્નમાં આ ભગવાન ને આ સંત વૈકુંઠ, ગોલોક, બ્રહ્મપુરધામના નિવાસી છે એમ કહ્યું અને (**પ્ર૦ ૩૭**/૫માં, **લો૦ ૧૩**ના બીજા પ્રશ્નમાં, **૧૪**/૨માં, **૧૮**/૩માં, **પં૦ ૧**/૧માં, **૭**/૧.૨માં, **અ૦ ૬**ના પહેલા તથા ૨/૩ બીજા પ્રશ્નમાં, **છે૦ ૩૭**માં, તથા **૩૮**ના પહેલા પ્રશ્નમાં) શ્રીજીમહારાજ ને મુક્ત તે અક્ષરધામના નિવાસી છે એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** આમાં પોતાને તથા પોતાના મુક્તોને બ્રહ્મપુર એટલે અક્ષરધામના નિવાસી કહ્યા છે અને વૈકુંઠ તથા ગોલોકાદિકમાંથી પોતાના આત્યંતિક કલ્યાણને અર્થે આવેલા હતા તેમને વૈકુંઠ-ગોલોકના નિવાસી કહ્યા છે પણ પોતાને તથા પોતાના મુક્તોને વૈકુંઠ-ગોલોકના નિવાસી કહ્યા નથી, માટે જે ભક્ત એમ સમજે જે, વૈકુંઠ-ગોલોકના નિવાસી પણ પોતાના આત્યંતિક કલ્યાણને અર્થે આવ્યા છે, એવા મોટા શ્રીજીમહારાજ તેમના આ સંત છે, એવો મહિમા શ્રીજીમહારાજનો ને તેમના સંતનો સમજે તો તેને આઠે પહોર આનંદ વર્તે છે એમ સમજવું.

૩ **પ્ર૦** ચૌદમામાં પંચવર્તમાન કહ્યા તે ત્યાગી તથા ગૃહસ્થ કેવી રીતે પાળે ત્યારે યથાર્થ વર્ત્યા કહેવાય ?

૩ **ઉ૦** ત્યાગીના નિષ્કામ વર્તમાનનું લક્ષણ (**પ્ર૦ ૭૩**ના પહેલા પ્રશ્નોત્તરમાં) કર્યું છે. **(૧)** અને ત્યાગીના નિર્લોભી વર્તમાનનું લક્ષણ કહીએ છીએ જે, ધર્મામૃતમાં કહ્યા પ્રમાણે વસ્ત્ર રાખે પણ વધારે ન રાખે અને દ્રવ્ય રાખે-રખાવે નહિ તે સાધુ, બ્રહ્મચારી, પાર્ષદો કનિષ્ઠ નિર્લોભી કહેવાય, અને અગિયારથી વધારે વસ્ત્ર કે દ્રવ્ય રાખવાનો મનમાં સંકલ્પ જ ન થાય તે ત્યાગી વર્ગ મધ્યમ નિર્લોભી કહેવાય, અને અગિયારથી વધારે વસ્ત્ર કે દ્રવ્ય રાખવાનો મનમાં સંકલ્પ ન થાય અને મંદવાડમાં

જોઈતી વસ્તુ ન મળે તો પણ કોઈ પ્રકારે મૂંઝવણ થાય નહિ તે ત્યાગી વર્ગ ઉત્તમ નિર્લોભી કહેવાય. **(૨)** અને નિઃસ્વાદી વર્તમાનનું લક્ષણ એ છે જે, ત્યાગી વર્ગ શ્રીજીમહારાજની ઈચ્છાથી જે મળે તેમાં જળ નાખી મેળવીને શ્રીજીમહારાજને સંભારીને જમે પણ કોઈ વસ્તુ કોઈની પાસેથી માગે નહિ તે કનિષ્ઠ નિઃસ્વાદી કહેવાય, અને સહેજે મળ્યું હોય તેને પણ પ્રીતિએ રહિત ઉદાસ થકો જમે તે મધ્યમ નિઃસ્વાદી કહેવાય, અને સારી વસ્તુનો ત્યાગ રાખે તેનો પાછો સંકલ્પ જ ન થાય તે ઉત્તમ નિઃસ્વાદી કહેવાય. **(૩)** અને નિર્માની વર્તમાનનું લક્ષણ એ છે જે, કોઈ અપમાન કે તાડન કરે તેને સહન કરે ને તેના ઉપર ધોખો ન કરે ને તેનું ભૂંડું થવાનો સંકલ્પ ન કરે એ કનિષ્ઠ નિર્માની કહેવાય, અને માન-અપમાન કરનાર બેય સમ થઈ જાય તે મધ્યમ નિર્માની કહેવાય અને નાના બાળકની પેઠે માન-અપમાનની માનીનતા રહે નહિ તે ઉત્તમ નિર્માની કહેવાય. **(૪)** અને નિઃસ્નેહી વર્તમાનનું લક્ષણ એ છે જે ત્રણ દેહથી પર એવો જે પોતાનો આત્મા તેને બ્રહ્મ જે શ્રીજીમહારાજનો પ્રકાશ તે રૂપ માનીને શ્રીજીમહારાજની અખંડ સ્મૃતિ રાખે તેમાં બીજો સંકલ્પ થાય તો તેનો નાશ કરી નાખે પણ તે સંકલ્પને પૂરો થવા દે નહિ તે કનિષ્ઠ નિઃસ્નેહી કહેવાય, અને કોઈક સમે ઘાટ થઈ આવે તો જેમ પંચામૃત ભોજન જમતો હોય તેમાં કોઈ ધૂળ નાખે ને વસમું લાગે તેવું તે વસમું લાગે તે મધ્યમ નિઃસ્નેહી કહેવાય, અને મૂર્તિ વિના બીજો સંકલ્પ થાય જ નહિ તે ઉત્તમ નિઃસ્નેહી કહેવાય. **(૫)** આ સાધુ, બ્રહ્મચારી, પાર્ષદોનાં ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ વર્તમાન કહ્યાં તેમાં કનિષ્ઠ વર્તમાન દૃઢ રાખે તેના ઉપર પણ શ્રીજીમહારાજ ને સંત રાજી થાય છે તો મધ્યમ ને ઉત્તમવાળા ઉપર તો રાજી થાય એમાં શું કહેવું ? માટે તે દૃઢ કરવા. હવે ગૃહસ્થના પંચવર્તમાનનાં લક્ષણ કહીએ છીએ જે, ગૃહસ્થને ત્રણ પ્રકારની સુરા, અગિયાર પ્રકારનું મદ્ય, ગાળ્યા વિનાનું દૂધ, ભાંગ્ય, અફીણ, તમાકુ, ગાંજો, માજમ, મ્હા (ચા), ડાક્ટરી ઔષધ તથા જેમાં દારૂ આદિકનો સંસર્ગ હોય એવું અજાણ્યા વૈદ્યનું ઔષધ તે સર્વે દારૂ કહેવાય અને (**પ્ર૦ ૫૫**/૨માં) ઇન્દ્રિયોને પાતર્યું કહી છે અને વિષયને મદિરા કહેલ છે, માટે ભાંડ, ભવાયા, સરકસ, નાટક, તાયફા, જગતના મેળા, જૂગટું, ચોપાટ, ગંજીફો એ સર્વ દારૂ તુલ્ય છે, માટે આટલાનો ત્યાગ કરે તો દારૂનો ત્યાગ કર્યો કહેવાય. **(૧)** અને પ્રત્યક્ષ માંસ, શોધ્યા વિનાનું અન્ન, ગાળ્યા વિનાનું જળ, ઘી, તેલ, લસણ, ડુંગળી, હિંગ, ઉંબરાનાં ફળ, કઠોળનું ઊંધિયું, ડાક્ટરી કોરી ફાકી તથા માંસના સંસર્ગવાળી વસ્તુઓ આટલીનો ત્યાગ કરે તો માંસનો ત્યાગ કર્યો કહેવાય. **(૨)** અને કોઈની ધણિયાતી વસ્તુ તથા માર્ગમાં ને અરણ્યમાં પડેલી વસ્તુ ન લેવી તથા કોઈને દુઃખાવીને પરાણે તેની કાંઈ વસ્તુ ન લેવી તથા કોઈની થાપણ ન ઓળવવી તથા દેવની દશોંદ-વિશોંદ દેવને આપવી તો ચોરી કરી ન કહેવાય. **(૩)** હવે અવેરી એટલે બ્રહ્મચર્ય કહીએ છીએ જે, પરસ્ત્રી માત્રનો સંગ ન કરવો ને મનમાં તેને ભોગવવાનો સંકલ્પ ન કરવો અને એકાંતમાં તેની સાથે ભાષણ ન કરવું અને માર્ગમાં તેની સાથે એકલા ચાલવું નહિ અને કુદૃષ્ટિએ તેને જોવી નહિ, એવી રીતે પર સ્ત્રીનો ત્યાગ રાખવો અને પોતાની સ્ત્રીનો પણ આસક્તિએ રહિત ઋતુસમે સંગ કરવો તેમાં પણ એકાદશીઓ તથા તેના આગલ્યા-પાછલ્યા દિવસો તથા ભગવાનની જન્મતિથિઓ તથા તેના આગલ્યા-પાછલ્યા દિવસો, અમાસ, શ્રાવણ માસ, શ્રાદ્ધ, તીર્થ, વ્રત યજ્ઞાદિકના દિવસોમાં પોતાની સ્ત્રીનો ત્યાગ રાખવો અને સમીપ સંબંધ વિનાની વિધવાનો સ્પર્શ ન કરવો, આ ગૃહસ્થનું બ્રહ્મચર્ય કહેવાય. **(૪)** અને ન ખપતું હોય તેનું ખાવું નહિ અને જેને ન ખપે તેને ખવરાવવું નહિ. **(૫)** તે પંચવર્તમાન ગૃહસ્થનાં છે. આ કહ્યાં જે દારૂ-માંસાદિક ગૃહસ્થનાં વર્તમાન તે ત્યાગીને તો પૂર્વ ભાગમાં ત્યાગી થયા મોરનાં જ છે તેણે સહિત નિર્લોભાદિક પાંચ વર્તમાન જાણવાં. આ કહ્યાં તે વર્તમાન સર્વને પાળવાં અને સધવા-વિધવાઓએ પણ પુરુષવર્જનાદિક ધર્મો તે પોતપોતાના આશ્રમ પ્રમાણે જાણવાં.

૪ **પ્ર૦** સોળમાં પ્રશ્નમાં ભગવાન વ્યતિરેક થકા અન્વય રહ્યા છે અને અન્વય થકા વ્યતિરેક છે અને આ પ્રત્યક્ષ પ્રમાણ છે તેવા ને તેવા જ અણુ અણુ પ્રત્યે અંતર્યામીરૂપે વિરાજમાન છે એમ કહ્યું તે પ્રમાણે તો શ્રીજીમહારાજ મૂર્તિમાન સર્વમાં રહ્યા છે એમ આવ્યું અને (**પ્ર૦ ૧૩**ના ત્રીજા પ્રશ્નોત્તરમાં ) અંતર્યામીરૂપે તેજદ્વારે રહ્યા છે એમ કહ્યું છે તે પરસ્પર વિરોધ આવે છે તે કેવી રીતે સમજવું ?

૪ **ઉ૦** શ્રીજીમહારાજ સર્વમાં તેજદ્વારે અંતર્યામીપણે રહ્યા છે પણ જે સિદ્ધદશાવાળા છે તે અણુ અણુ પ્રત્યે મૂર્તિને જ દેખે છે,

માટે તેમને તો વ્યતિરેક જ છે, તેવી સમજણ એકાંતિક ભક્ત રાખે તો મર્યાદા રહે એમ કહ્યું છે. આનો વિસ્તાર (**પ્ર૦ ૪૫**ના બીજા પ્રશ્નોત્તરમાં) છે.

**૫** **પ્ર૦** અઢારમાં પ્રશ્નમાં શ્રીજીમહારાજે કહ્યું જે, રામકૃષ્ણાદિક અવતારોએ કરીને અનેક જીવોનો ઉદ્ધાર કર્યો એવા જે અમે તે અમારા આ સંત છે એમ સમજે તો અમારા સંતનો મહિમા અતિશે સમજાય તે એમ સમજવાથી સંતનો મહિમા શો આવ્યો ?

**૫** **ઉ૦** જેમ રાજાના અમલદારોથી રાણી મોટી કહેવાય, તેમ અવતારોથી મુક્તને મોટા કહ્યા છે તે (**મ૦ ૨૨**ના ૩/૫ ત્રીજા પ્રશ્નમાં) મુક્તને રાણીને ઠેકાણે એટલે પોતાની તુલ્ય ગણ્યા છે અને મચ્છ-કચ્છાદિકથી લઈને મૂળઅક્ષરપર્યંત સર્વ અવતાર જાણવા.

## ઇતિ શ્રી કચ્છદેશે વૃષપુરનિવાસી અનાદિમુક્તરાજ શ્રી અબજીભાઈ વિરચિત સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મુખકમળનિઃસૃત વચનામૃત-રહસ્યાર્થપ્રદીપિકાયાં ગઢડા પ્રથમ પ્રકરણં સમાપ્તમ્

શ્રીજી બાપા
વાસણા, અમદાવાદ-૭.
SMVS

# અથ વચનામૃત સારંગપુર પ્રકરણમ્

## વચનામૃત સારંગપુરનું - ૧

❖સંવત ૧૮૭૭ના શ્રાવણ વદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧) ॥ જિતં જગત્ કેન મનો હિ યેન ॥ એ શ્લોકમાં એમ કહ્યું છે જે, જેણે પોતાનું મન જીત્યું તેણે સર્વ જગત જીત્યું, તે મન જીત્યું કેમ જણાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે પંચવિષય તેમાંથી જ્યારે ઇન્દ્રિયો પાછી હઠે અને કોઈ વિષય પામવાની ઇચ્છા રહે નહિ, ત્યારે સર્વે ઇન્દ્રિયો વશ થાય છે ને જ્યારે ઇન્દ્રિયો વિષયનો સ્પર્શ જ ન કરે, ત્યારે મન પણ ઇન્દ્રિયો લગણ આવે નહિ ને હૈયામાં ને હૈયામાં રહે એવી રીતે જેને પંચવિષયનો ત્યાગ અતિ દૃઢપણે કરીને થયો, ત્યારે તેનું મન જીત્યું જાણવું અને જો વિષય ઉપર કાંઈ પ્રીતિ હોય તો મન જીત્યું હોય તો પણ જીત્યું ન જાણવું. (૧)** ૧

૨ પછી વળી **મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, (૨) વિષયની નિવૃત્તિ થયાનું કારણ તે વૈરાગ્ય છે કે પરમેશ્વરને વિષે પ્રીતિ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એક તો વિષયની નિવૃત્તિનું કારણ આત્મનિષ્ઠા છે અને બીજું માહાત્મ્યે સહિત જે ભગવાનનું જ્ઞાન તે છે તેમાં આત્મનિષ્ઠા તો એવી રીતની જોઈએ જે, હું ચૈતન્ય છું ને દેહ જડ છે ને હું શુદ્ધ છું ને દેહ નરકરૂપ છે અને હું અવિનાશી છું ને દેહ નાશવંત છે ને હું આનંદરૂપ છું ને દેહ દુઃખરૂપ છે, એવી રીતે જ્યારે દેહ થકી પોતાના આત્માને સર્વ પ્રકારે અતિશે વિલક્ષણ સમજે ત્યારે દેહને પોતાનું રૂપ માનીને વિષયમાં પ્રીતિ કરે જ નહિ, એવી રીતે આત્મજ્ઞાને કરીને વિષયની નિવૃત્તિ થાય છે અને ભગવાનનો મહિમા એમ વિચારે જે, હું આત્મા છું, અને જે પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તે પરમાત્મા છે અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ તથા બ્રહ્મપુર તથા અનંતકોટી બ્રહ્માંડના પતિ જે બ્રહ્માદિક દેવ એ સર્વેના સ્વામી જે શ્રી પુરુષોત્તમ તે મુને પ્રત્યક્ષ મળ્યા છે અને તે મારા આત્માને વિષે પણ અખંડ વિરાજમાન છે અને તે ભગવાનનું જે એક નિમિષ માત્રનું દર્શન તે ઉપર અનંતકોટી બ્રહ્માંડનાં જે વિષયસુખ છે તે સર્વેને વારીફેરીને નાખી દેઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ તો અનંતકોટી બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તો પણ તેના કોટીમાં ભાગની બરોબર પણ થાય નહિ અને જે ભગવાનનું અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાના લોક છે તેને મોક્ષ ધર્મને વિષે નરક તુલ્ય કહ્યા છે, એવા જે ભગવાન તે મુને પ્રગટ મળ્યા છે તેને મૂકીને નરકના કુંડ જેવાં જે વિષયનાં સુખ**

**તેને હું શું ઇચ્છું ?** અને વિષયસુખ તો કેવળ દુઃખરૂપ જ છે, એવી રીતે ભગવાનનું માહાત્મ્ય જાણવે કરીને વિષયની નિવૃત્તિ થાય છે. અને એવી રીતે જે આત્મજ્ઞાન ને પરમાત્માનું જ્ઞાન તેમાંથી જે વૈરાગ્ય પ્રગટે તે વૈરાગ્યે કરીને સર્વે વિષયસુખની વાસનાની નિવૃત્તિ થઈ જાય છે અને જેણે એવી રીતે સમજીને વિષયસુખનો ત્યાગ કર્યો તેને પાછી વિષયમાં પ્રીતિ થાય જ
નહિ ને એનું જ મન જિતાણું કહેવાય છે. **(૨)** અને એવી સમજણ વિના ઝાઝું હેત જણાતું ૨
હોય પણ જ્યારે કોઈક સારા વિષયની પ્રાપ્તિ થાય, ત્યારે ભગવાનને પડ્યા મૂકીને વિષયમાં પ્રીતિ કરે અથવા પુત્રકલત્રાદિકને વિષે પ્રીતિ કરે અથવા રોગાદિક સંબંધી પીડા થાય અથવા પંચવિષયનું સુખ હોય તે મટી જાય, ત્યારે ભગવાનને વિષે પ્રીતિ રહે નહિ ને વિકળ જેવો થઈ જાય ને જેમ કૂતરાનું ગલૂરિયું હોય તે પણ નાનું હોય ત્યારે સારું દીસે તેમ એવાની ભક્તિ
પ્રથમ સારી દીસે પણ અંતે શોભે નહિ. **(૩)** ઇતિ વચનામૃતમ્ **॥૧॥ (૭૯)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦**- આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં પંચવિષયનો અતિશે ત્યાગ થાય તો જ મન જીત્યું જાણવું. **(૧)** બીજામાં ત્રણ દેહથી પોતાના આત્માને વિલક્ષણ સમજે અને પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાન જે અમે તે અમને વૈકુંઠ ગોલોક, શ્વેતદ્વીપ તથા બ્રહ્મપુરાદિક ધામોના તથા અનંતકોટી બ્રહ્માંડના પતિઓના સ્વામી જાણે અને અમને પોતાના આત્માને વિષે અખંડ વિરાજમાન જાણે અને અમારા એક રોમના સુખ આગળ અનંત જીવ, પુરુષ, બ્રહ્મ, અક્ષર તેમની કોટીઓનાં જે સુખ તેને અતિશે તુચ્છ જાણે, આવું અમારા સ્વરૂપનું જ્ઞાન થાય તેને જ સર્વે વિષયસુખની વાસનાની નિવૃત્તિ થઈ જાય. **(૨)** અને આવી સમજણ વિનાનું ઝાઝું હેત જણાતું હોય તો પણ સારા વિષયની પ્રાપ્તિ થાય અથવા વિષયનું સુખ મટી જાય ત્યારે હેત રહે નહિ અને વિકળ જેવો થઈ જાય, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજા પ્રશ્નમાં ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ ને બ્રહ્મપુર ધામ કહ્યાં તે કોનાં જાણવાં ? અને અનંતકોટી બ્રહ્માંડના પતિ બ્રહ્માદિક દેવ કહ્યા તે કિયા જાણવા ?

૧ **ઉ૦** મૂળપુરુષના ધામને ગોલોક કહ્યું છે. વિષ્ણુના ધામને વૈકુંઠ કહ્યું છે. વાસુદેવબ્રહ્મના સાધનિક મુક્તોના સ્થાનને શ્વેતદ્વીપ કહ્યું છે, અને એ વાસુદેવબ્રહ્મના મૂળધામને બ્રહ્મપુર કહ્યું છે. અને મૂળઅક્ષર સર્વેની ઉત્પત્તિનાં મૂળ કારણ છે તેમને આ ઠેકાણે બ્રહ્મા કહ્યાં છે અને આદિ શબ્દથી વાસુદેવબ્રહ્મ તથા મૂળપુરુષ જાણવા. ॥૧॥ (૭૯)

## વચનામૃત સારંગપુરનું - ૨

❖સંવત ૧૮૭૭ના શ્રાવણ વદિ ૬ છઠને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના ઓરડાની ઓસરી ઉપર ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર ઉતરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી તથા શ્વેત પછેડી ઓઢી હતી તથા શ્વેત ખેસ પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ મુનિ પ્રત્યે બોલ્યા જે, માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો. પછી **સ્વયંપ્રકાશાનંદ**
૧ **સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, (૧) ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિમાં અતિશે હેત કિયે પ્રકારે થાય ? પછી તે પ્રશ્નનો ઉત્તર મુનિએ માંહોમાંહી કરવા માંડ્યો પણ થયો નહિ. પછી શ્રીજીમહારાજે તેનો ઉત્તર કરવા માંડ્યો જે, સ્નેહ તો રૂપે કરીને પણ થાય છે તથા કામે કરીને**

**પણ થાય છે તથા લોભે કરીને પણ થાય છે, તથા સ્વાર્થે કરીને પણ થાય છે, તથા ગુણે કરીને પણ થાય છે. તેમાં રૂપે કરીને જે સ્નેહ થાય છે તે તો જ્યારે તેના દેહમાં પિત્ત નીસરે અથવા કોઢ નીસરે ત્યારે સ્નેહ થયો હોય તે નાશ પામે છે, તેમ જ લોભ, કામ ને સ્વાર્થે કરીને જે હેત થયું હોય તે પણ અંતે નાશ પામે છે અને જે ગુણે કરીને સ્નેહ થયો હોય તે તો અંતે રહે છે. (૧)** ૧

૨ ત્યારે શ્રીજીમહારાજ પ્રત્યે સોમલોખાચર બોલ્યા જે, **(૨)** એ તે ગુણ કિયા ? ઉપરલા કે માંહીલા ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ઉપરલે ગુણે શું થાય ? એ તો વચને કરીને, દેહે કરીને ને મને કરીને જે ગુણ હોય ને તે ગુણે કરીને જે હેત થયું હોય તે નથી નાશ પામતું. **(૨)** અને તમે પૂછો છો તે ભક્તને ભગવાન ઉપર સ્નેહ થાય એમ જ કેવળ પૂછો છો ? ૨
કે ભગવાનને ભક્ત ઉપર સ્નેહ થાય એમ પણ પૂછો છો ? ત્યારે સ્વયંપ્રકાશાનંદ સ્વામી બોલ્યા જે, એ બેયને પૂછીએ છીએ. પછી શ્રીજીમહારાજે તેની વિસ્તારે કરીને વાર્તા કરવા માંડી જે, **વચને કરીને તો કોઈ જીવ-પ્રાણી માત્રને દુઃખવવાં નહિ અને પરમેશ્વર સાથે અથવા મોટા સંત સાથે પ્રશ્ન-ઉત્તર કરતા હોઈએ અને તેમાં પરસ્પર વાદવિવાદ થાતો હોય ને તેમાં પોતે જીતીએ એમ જણાય તો પણ જે મોટાથી નાનો હોય તેને મોટાને સમીપે નમી દેવું અને આપણાં કરતાં મોટા સંત હોય તે સભામાં પ્રશ્ન-ઉત્તરે કરીને ભૂંઠા પડે એમ કરવું નહિ; મોટા સંત આગે ને પરમેશ્વર આગે તો જરૂર હારી જાવું અને પરમેશ્વર તથા મોટા સંત તે પોતાને કોઈ વચન યોગ્ય કહે અથવા અયોગ્ય કહે ત્યારે તે વચનને તત્કાળ સ્નેહે સહિત માનવું.** તેમાં યોગ્ય વચન હોય તેમાં તો આશંકા થાય નહિ પણ કોઈ અયોગ્ય વચન કહ્યું હોય ને તેમાં આશંકા થાય એવું હોય તો પણ તે સમાને વિષે ના પાડવી નહિ; એ તો હા જ પાડવી અને એમ કહેવું જે, હે મહારાજ ! જેમ તમે કહેશો તેમ હું કરીશ, અને તે વચન પોતાને મનાય નહિ એવું હોય તો પરમેશ્વર તથા મોટા સંત તેની મરજી હોય તો તેમને હાથ જોડીને ભક્તિએ સહિત એમ કહેવું જે, હે મહારાજ ! તમે જે વચન કહ્યું તે તો ઠીક છે પણ આટલી મને તેમાં આશંકા થાય છે એ પ્રકારનું દીન થઈને વચન કહેવું અને જો પરમેશ્વરની મરજી ન હોય તો તેમને સમીપે રહેતા હોય જે મોટા સંત તથા હરિભક્ત તેમને આગે કહેવું જે, આવી રીતે પરમેશ્વરે વચન કહ્યું છે તે તો મુને માન્યામાં આવતું નથી. પછી તેનું મોટા સંત સમાધાન કરે તથા પરમેશ્વર આગે કહીને એ વચનનું સમાધાન કરાવે પણ પરમેશ્વરે વચન અયોગ્ય કે યોગ્ય કહ્યું હોય તે સમે ના પાડવી નહિ, એવી રીતની યુક્તિએ મોટાના વચનને પાછું ઠેલવું પણ કહ્યું ને તત્કાળ પાડવી નહિ, એવી રીતે તો વચનને ગુણે કરીને વર્તવું. પછી તે ભક્તને ઉપર પરમેશ્વર તથા મોટા સંત તેને સ્નેહ થાય છે અને તે ભક્તને પણ ભગવાનને વિષે દૃઢ સ્નેહ થાય છે. હવે દેહને ગુણે કેમ વર્તવું તો પોતાના દેહમાં જો કાંઈ ઉન્મત્તપણું જણાય તો ભજનમાં બેસવે કરીને અથવા ચાંદ્રાયણ વ્રતે કરીને દેહને નિર્બળ કરી નાખવું.

પછી તેને દેખીને તેના દેહની મોટા સંત અથવા પરમેશ્વર ખબર રખાવે તો ભલે પણ પોતાને જાણે દેહનું યત્ન કરવું નહિ તથા દેહે કરીને ભગવાનની ને ભગવાનના ભક્તની ટેલ-ચાકરી કરવી, એવી રીતે જ્યારે દેહને ગુણે કરીને વર્તે ત્યારે તેને દેખીને તે ઉપર પરમેશ્વર ને મોટા સંત તેને સ્નેહ થાય છે અને એ ભક્તને પણ ભગવાનને વિષે પ્રીતિ થાય છે. હવે મનને ગુણે જેમ વર્તવું તેની રીત કહીએ છીએ જે, **પરમેશ્વરનાં જ્યારે દર્શન કરવાં ત્યારે મને સહિત દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવાં અને પરમેશ્વરનાં દર્શન કરતો હોય ને ત્યાં કોઈ મનુષ્ય આવ્યું અથવા શ્વાન આવ્યું કે બીજું કોઈ પશુ-પક્ષી આવ્યું ત્યારે પરમેશ્વરનાં દર્શનમાંથી વૃત્તિ તોડીને આડી-અવળી, ઊંચી-નીચી દૃષ્ટિ કરીને તેનાં પણ ભેળાં દર્શન કરતો જાય, પછી એવી ફાટેલ દૃષ્ટિવાળાને પરમેશ્વર કે મોટા સંત દેખીને રાજી થાતા નથી અને એ દર્શન કરે છે તે કેવાં કરે છે તો જેમ અન્ય મનુષ્ય કરે છે તેમ તે પણ કરે છે અને એવી લૌકિક દૃષ્ટિવાળો તો જેમ ખિલકોડી બોલે છે તે ભેળે પૂંછડું ઊંચું કરે છે તેવો જાણવો, શા સારુ જે પરમેશ્વર ભેળે બીજાં દર્શન કરે છે અને એવાં લૌકિક દર્શન જ્યારે એ કરવા માંડે ત્યારે જેવો પ્રથમ સારો હોય તેવો રહે નહિ અને તે દિવસે દિવસે ઊતરતો જાય. તે માટે પરમેશ્વરનાં દર્શન કરતાં કરતાં આડીઅવળી દૃષ્ટિ કરવી નહિ. પરમેશ્વરનાં દર્શન તો પ્રથમ પહેલે નવીન થયાં હોય ને તે સમયને વિષે જેવું અંતરમાં અલૌકિકપણું હોય, તેવું ને તેવું મનમાં અલૌકિકપણું રહેતું જાય ને એક દૃષ્ટિએ કરીને મૂર્તિને જોતે જાવું ને દૃષ્ટિ પલટીને અંતરમાં તેવી ને તેવી તે મૂર્તિને ઉતારવી, જેમ ધર્મપુરમાં કુશળકુંવરબાઈ હતાં તે અમારાં દર્શન કરતાં જાતાં હતાં અને દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં ઉતારતાં, તેમ દર્શન તો મનેયુક્ત દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવાં પણ જેમ બીજાં દર્શન કરે છે તેમ ન કરવાં; અને જો પરમેશ્વરનાં દર્શન ભેળે બીજાં દર્શન મનુષ્યનાં કે કૂતરા-બિલાડાનાં કરે છે તો તેને જ્યારે સ્વપ્ન થાય ત્યારે પરમેશ્વર પણ દેખાય ને તે અન્ય પદાર્થ પણ ભેળે દેખાય, તે માટે પરમેશ્વરનાં દર્શન તો એક દૃષ્ટિએ કરવાં પણ ચપળ દૃષ્ટિએ ન કરવાં અને પરમેશ્વરનાં દર્શન દૃષ્ટિને નિયમમાં રાખીને કરે છે તેને એ દર્શન નવીનમાં નવીન રહે છે અને પરમેશ્વરે જે જે વચન કહ્યાં હોય તે પણ એને નવીનના નવીન રહે છે અને લૌકિક બાહ્ય દૃષ્ટિએ કરીને દર્શન કર્યાં હોય તેને પરમેશ્વરનાં દર્શન તથા વચન એ સર્વે જૂનાં થઈ જાય છે** તે રોજ દર્શન કર્યા કરે પણ એવાને તો જેમ ન થયાં હોય તેવાં ને તેવાં રહે છે તે જ્યારે ભજનમાં બેસે ત્યારે તેનું મન સ્થિર રહે નહિ; બહુધારાએ યુક્ત થાય અને પરમેશ્વરને ધારે ત્યારે તે ભેળે બીજાં દર્શન જે જે કર્યાં છે તે પણ વગર ધાર્યાં આવીને હૈયામાં સ્ફુરે છે, તે માટે દર્શન તો એક પરમેશ્વરનાં જ કરવાં ને એમ જે દર્શન કરે છે તેનું મન ભજન-સ્મરણ કરતે એક પરમેશ્વરમાં જ રહે છે પણ તેની બહુધારા નથી રહેતી; એક રહે છે અને જે ચપળ દૃષ્ટિએ દર્શન કરે છે તેને હું જાણું છું અને જેનાં દૃષ્ટિ ને મન નિયમમાં હોય એવા જે મોટા સંત તે પણ જાણે જે, આ તો લૌકિક દર્શન કરે છે. **પછી તે લૌકિક દર્શનનો કરનારો આ સમાગમમાંથી દિવસે દિવસે ઊતરતો જાય છે** અને જેમ કોઈક કામી પુરુષ હોય

તેની રૂપવંતી સ્ત્રીમાં એક મને કરીને દૃષ્ટિ પ્રોવાણી હોય તે સમે વચમાં કોઈક પશુપક્ષી આવે, જાય કે બોલે પણ તેની તેને ખબર રહે નહિ, એવી રીતે એકાગ્ર દૃષ્ટિએ કરીને પરમેશ્વરમાં જોડાવું પણ લૌકિક દર્શન ન કરવાં.

૩ ત્યારે નિર્વિકારાનંદ સ્વામીએ આશંકા કરી જે, **(૩)** હે મહારાજ ! અમારે તો દેશદેશમાં મનુષ્ય આગળ વાર્તા કરવી પડે તેણે કરીને મનનું એકાગ્રપણું રહેતું નથી. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, મનુષ્ય આગળ વાર્તા કરવી તેની તો અમે આજ્ઞા આપી છે પણ આંહીં મૂર્તિનાં દર્શન મેલીને બીજાં દર્શન કરવાં એવી કે દિવસ અમે આજ્ઞા આપી છે ? એમ કહીને વળી વાર્તા કરવા લાગ્યા જે, પ્રથમ જ્યારે મૂર્તિનાં દર્શન થાય છે, ત્યારે એને કેવું અલૌકિકપણું રહે છે ! તેવું ને તેવું અલૌકિકપણું તો, તો રહે જો મને સહિત દૃષ્ટિ એક પરમેશ્વરમાં રાખે, એવી રીતે મનને ગુણે કરીને વર્તે ત્યારે તે ભક્તને ઉપર નિત્ય પ્રત્યે ભગવાનને નવીન ને નવીન હેત રહે છે. ને તે ભક્તને પણ ભગવાનને વિષે નિત્ય પ્રત્યે નવીન ને નવીન હેત રહે છે. **(૩) અને વળી નેત્ર ને શ્રોત્ર એ બેને તો વિશેષે કરીને નિયમમાં રાખવાં, શા સારુ** ૩
**જે જ્યાં ત્યાં ગ્રામ્ય વાર્તા થાતી હોય ને તેને શ્રોત્રની વૃત્તિદ્વારે તણાઈ જઈને સાંભળીએ તો તે સર્વે ગ્રામ્ય શબ્દ ભજનમાં બેસે ત્યારે સાંભરી આવે છે અને ફાટેલ નેત્રની વૃત્તિએ કરીને જે જે રૂપ જોયું હોય તે સર્વે ભજન કરતાં સાંભરી આવે છે, તે સારુ એ બે ઈન્દ્રિયોને તો અતિશે નિયમમાં રાખવાં** અને નેત્રની ને શ્રોત્રની વૃત્તિ જ્યારે મૂર્તિનાં દર્શન કરતા હોઈએ ને મૂર્તિને મેલીને અન્યમાં તણાય તો તેને એમ ઉપદેશ દેવો જે, હે મૂર્ખ ! તું ભગવાન વિના અન્ય રૂપને જુએ છે કે પરમેશ્વરની વાર્તા વિના અન્ય વાર્તાને સાંભળે છે તેમાં તુંને શું પ્રાપ્ત થાશે ? અને હજી તુંને સિદ્ધદશા તો આવી નથી જે જેવું તું ચિંતવ્ય તેવું તુંને તત્કાલ મળે, શા સારુ જે હજી તો તું સાધક છું માટે જે વિષયને તું ચિંતવીશ તે વિષય મળશે નહિ અને ઠાલાં વલખાં કરીને પરમેશ્વરને શા વાસ્તે મેલી દે છે ? અને કાંઈક જો તુંને અલ્પ વિષય મળશે તો તેના પાપમાં યમપુરીનો માર ખાતાં ખાતાં અંત નહિ આવે, એવી રીતે નેત્રને ને શ્રોત્રને ઉપદેશ દેવો અને વળી એમ કહેવું જે જ્યારે તું ભગવાનની મૂર્તિમાં એકાગ્ર થઈશ તો તેમાંથી તું સિદ્ધદશાને પામીશ પછી તું જે જે બ્રહ્માંડમાં વાર્તા થાય છે તેને સહેજે સાંભળીશ અને બ્રહ્મા, વિષ્ણુ ને શિવના જેવા રૂપને ઈચ્છીશ તો તેવા રૂપને પામીશ અને લક્ષ્મી કે રાધિકા જેવો ભક્ત થાવા ઈચ્છીશ તો તેવો થાઈશ અને ભગવાનનું ભજન કરતાં કરતાં સિદ્ધદશાને દેહ છતે નહિ પામ્ય તો દેહ પડ્યા પછી મુક્ત થાઈશ ત્યારે સિદ્ધદશા મળશે પણ સિદ્ધદશા આવ્યા વિના રૂપને જોઈ જોઈને મરી જાઈશ તો પણ તે રૂપ મળશે નહિ અને ગ્રામ્ય શબ્દને પણ સાંભળી સાંભળીને મરી જાઈશ તો તેણે કરીને બુદ્ધિ તો અતિશે ભ્રષ્ટ થઈ જાશે પણ તેમાંથી કાંઈ પ્રાપ્તિ નહિ થાય, એવી રીતે નેત્રને ને શ્રોત્રને ઉપદેશ દઈને એક ભગવાનની મૂર્તિમાં જ રાખવાં અને એવી રીતે જે વર્તે તેને ભગવાનની મૂર્તિમાં દિવસે દિવસે અધિક સ્નેહ થાય છે ને તે

ભક્ત ઉપર પરમેશ્વરને મોટા સાધુને સ્નેહ હોય તેથી પણ દિવસે દિવસે વધતો જાય છે. **(૪)** ૪
ઇતિ વચનામૃતમ્ **॥૨॥ (૮૦)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલામાં રૂપ, કામ, લોભ ને સ્વાર્થે કરીને અમારે વિષે હેત કરે તે અંતે નાશ પામે છે. **(૧)** બીજામાં વચને, દેહે ને મને કરીને જે ગુણ તેણે કરીને અમારે વિષે હેત થયું હોય તે નાશ નથી પામતું. (૨) અને તે ગુણે કરીને અમારે ને ભક્તને પરસ્પર હેત થાય છે અને તે પ્રમાણે વર્તવાની વિક્તિ કહી છે. **(૩)** ત્રીજામાં મનુષ્ય આગળ વાત કરવી પણ અમારાં દર્શન કરતી વખતે બીજાં દર્શન કરવાં નહિ અને નેત્રને ને શ્રોત્રને વિશેષે નિયમમાં રાખવાં એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** આમાં પહેલા પ્રશ્નમાં ગુણે કરીને હેત થાય તે અંતે રહે છે એમ કહ્યું અને (**પ્ર૦ ૫૭**ના બીજા પ્રશ્નમાં) ગુણ વિચારીને હેત કરે તે હેતનો વિશ્વાસ નહિ એમ કહ્યું છે તે કેમ સમજવું ?

૧ **ઉ૦** આમાં શ્રીજીમહારાજનો દિવ્યભાવે સહિત મહિમા જાણીને હેત કર્યું હોય તે હેત શ્રીજીમહારાજનાં મનુષ્યચરિત્ર જોઈને અથવા સાંભળીને પણ ન ટળે એમ કહ્યું છે અને (**પ્ર૦ ૫૭**માં તો) દેહબુદ્ધિએ કરીને હેત કર્યું હોય તે જ્યારે શ્રીજીમહારાજનાં મનુષ્યચરિત્રને દેખે અથવા સાંભળે ત્યારે અવગુણ આવે ને હેત મટી જાય એમ કહ્યું છે.

૨ **પ્ર૦** (૩/૪ ત્રીજા પ્રશ્નમાં) સિદ્ધદશા પામ્યા પછી જે જે જોવાને ઇચ્છીશ અને જેવો થાવાને ઇચ્છીશ તેવો થઈશ, એમ કહ્યું અને (**પ્ર૦ ૪૩**/૧માં) ભગવાનના ભક્ત ચાર પ્રકારની મુક્તિને નથી ઇચ્છતા એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** આમાં માયામાં પ્રીતિવાળા સકામ ભક્તને લોભ બતાવીને પગથિયે ચડાવવા કહ્યું છે. **॥૨॥ (૮૦)**

## વચનામૃત સારંગપુરનું - ૩

❖સંવત ૧૮૭૭ના શ્રાવણ વદિ ૭ સાતમને દિવસ સાંજને સમે શ્રીજીમહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને શ્વેત પાઘ મસ્તકે બાંધી હતી ને કાળા છેડાનો ખેસ ઓઢ્યો હતો ને ધોળો ખેસ પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! એક ભક્ત તો નાના પ્રકારની પૂજા-સામગ્રી લઈને **પ્રત્યક્ષ ભગવાનની** પૂજા કરે છે અને એક ભક્ત તો નાના પ્રકારના માનસિક ઉપચારે કરીને ભગવાનની માનસીપૂજા કરે છે એ બે ભક્તમાં શ્રેષ્ઠ તે કોણ છે ? **ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનને વિષે પ્રેમે કરીને અતિ રોમાંચિત ગાત્ર થઈને તથા ગદ્‌ગદ કંઠ થઈને જો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા એવી રીતે જે ભગવાનની માનસીપૂજા કરે છે તો એ બે ય શ્રેષ્ઠ છે અને પ્રેમે કરીને રોમાંચિત ગાત્ર ને ગદ્‌ગદ કંઠ થયા વિના કેવળ શુષ્ક મને કરીને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે છે તો ય ન્યૂન છે ને માનસીપૂજા કરે છે તો ય ન્યૂન છે. (૧)** ૧

૨ ત્યારે સોમલેખાચરે પૂછ્યું જે, **(૨)** એવી રીતે જે પ્રેમમગ્ન થઈને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરતો હોય અથવા માનસીપૂજા કરતો હોય તે ભક્ત કિયે લક્ષણે કરીને ઓળખાય ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને ભગવાનની પૂજા-સેવાને વિષે તથા કથા-વાર્તા-કીર્તનને વિષે અતિશે શ્રદ્ધા હોય તથા ભગવાનનું અતિશે માહાત્મ્ય સમજતો હોય ને એ બે વાનાં

દિવસે દિવસે નવાં ને નવાં જ રહેતાં હોય પણ ક્યારેય ગૌણ ન પડે જેમ મુક્તાનંદ સ્વામીને અમે પ્રથમ લોજપુરમાં દીઠા હતા ને જેવી શ્રદ્ધા ને ભગવાનનું માહાત્મ્ય હતું તેવું ને તેવું જ આજ દિવસ સુધી નવું ને નવું છે પણ ગૌણ પડ્યું નથી, એવે લક્ષણે કરીને તે ભક્તને ઓળખવો અને એવી રીતે માહાત્મ્ય ને શ્રદ્ધા વિનાના સર્વે યાદવ શ્રીકૃષ્ણ ભગવાન ભેળા જ રહેતા ને જેમ બીજા રાજાની સેવા-ચાકરી કરે તેમ સેવા-ચાકરી કરતા તો પણ તેનું કોઈ નામ જાણતું નથી ને તે ભક્ત પણ કહેવાયા નથી અને ઉદ્ધવજી જો શ્રીકૃષ્ણ ભગવાનની શ્રદ્ધા-માહાત્મ્યે સહિત સેવા-ચાકરી કરતા તો તે પરમ ભાગવત કહેવાયા ને તેની શાસ્ત્રમાં તથા લોકમાં અતિશે પ્રસિદ્ધિ છે. **(૨)** ૨

૩ પછી નિર્વિકારાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૩) હે મહારાજ ! શ્રવણ, મનન, નિદિધ્યાસ ને સાક્ષાત્કાર તે કેને કહેવાય ?** ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, શ્રોત્રે કરીને વાર્તા સાંભળવી તેને શ્રવણ કહીએ અને જે વાર્તા શ્રવણ કરી હોય તે વાર્તાનો મને કરીને વિચાર કરીને જેટલી વાર્તા ત્યાગ કર્યા યોગ્ય હોય તેટલીનો ત્યાગ કરે ને જેટલી વાર્તા ગ્રહણ કર્યા યોગ્ય હોય તેટલીનું ગ્રહણ કરે તેને મનન કહીએ, અને જે વાર્તા નિશ્ચય કરીને મનને વિષે ગ્રહણ કરી હોય તેને રાત-દિવસ સંભારવાનો જે અધ્યાસ રાખવો તેને નિદિધ્યાસ કહીએ, અને જે વાર્તા જેવી હોય તેવી ને તેવી જ ચિંતવન કર્યા વિના પણ સર્વે મૂર્તિમાનની પેઠે ઈદં સાંભરી આવે તેને સાક્ષાત્કાર કહીએ. અને જો એવી રીતે આત્માના સ્વરૂપનું શ્રવણાદિક કર્યું હોય તો આત્મસ્વરૂપનો એવી રીતે સાક્ષાત્કાર થાય અને જો ભગવાનનો એવી રીતે શ્રવણ-મનન-નિદિધ્યાસ કર્યો હોય તો ભગવાનનો એવી રીતે સાક્ષાત્કાર થાય છે પણ **મનન ને નિદિધ્યાસ એ બે કર્યા વિના કેવળ શ્રવણે કરીને સાક્ષાત્કાર થાતો નથી અને જો ભગવાનના સ્વરૂપનું દર્શન કરીને તેનું મનન ને નિદિધ્યાસ તે ન કર્યો હોય તો લાખ વર્ષ સુધી દર્શન કરે તો પણ તે સ્વરૂપનો સાક્ષાત્કાર ન થાય** ને તે દર્શન તો કેવળ શ્રવણ માત્ર સરખું કહેવાય અને જેણે ભગવાનના અંગ અંગનું દર્શન કરીને પછી તે અંગ અંગનું મનન ને નિદિધ્યાસ તે કર્યો હશે તો તે અંગ આજ સહેજે સાંભરી આવતું હશે ને જે અંગનું દર્શન માત્ર જ થયું હશે તો તે અંગને સંભારતો હશે તો પણ નહિ સાંભરતું હોય અને કેટલાક હરિભક્ત કહે છે જે, અમે તો મહારાજની મૂર્તિને ધ્યાનમાં બેસીને ઘણાય સંભારીએ છીએ તો પણ એકે અંગ ધાર્યામાં નથી આવતું તો સમગ્ર મૂર્તિ તો ક્યાંથી આવે ? તેનું પણ એ જ કારણ છે જે, એ ભગવાનની મૂર્તિનાં દર્શનમાત્ર જ કરે છે પણ મનન ને નિદિધ્યાસ નથી કરતો માટે કેમ ધાર્યામાં આવે, કાં જે જે માયિક પદાર્થ છે તે પણ કેવળ દૃષ્ટિ માત્રે દેખ્યું હોય ને કેવળ શ્રવણ માત્રે સાંભળ્યું હોય ને તેને જો મનમાં સંભારી ન રાખ્યું હોય તો તે વીસરી જાય છે તો જે અમાયિક ને દિવ્ય એવું જે ભગવાનનું સ્વરૂપ તે તો મનન ને નિદિધ્યાસ કર્યા વિના ક્યાંથી સાંભરે ? **માટે ભગવાનનું દર્શન કરીને તથા વાર્તા સાંભળીને જો તેનું મનન ને નિદિધ્યાસ**

**નિરંતર કર્યા કરે તો તેનો સાક્ષાત્કાર થાય, નહિ તો આખી ઉંમર દર્શન-શ્રવણ કરે તો પણ સાક્ષાત્કાર થાય નહિ. (૩)** ઇતિ વચનામૃતમ્ ॥૩॥ **(૮૧)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે પ્રત્યક્ષ પૂજા અને માનસીપૂજાનું સરખું ગૌરવ કહ્યું છે. તે બે પ્રકારની પૂજા આત્મામાં મૂર્તિનો સાક્ષાત્કાર થાય તો પણ દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી કરવી. **(૧)** બીજામાં પ્રત્યક્ષ પૂજા ને માનસીપૂજા કરતા હોય તેમને અમારી પૂજા, સેવા, કથા, કીર્તનને વિષે શ્રદ્ધા ને અમારું અતિશે માહાત્મ્ય હોય તે પરમ ભાગવત છે. **(૨)** ને ત્રીજામાં શ્રવણ, મનન, નિદિધ્યાસ ને સાક્ષાત્કારનાં લક્ષણ કહ્યાં છે. **(૩)** બાબતો છે. ॥૩॥ **(૮૧)**

## વચનામૃત સારંગપુરનું - ૪

❖સંવત ૧૮૭૭ના શ્રાવણ વદિ ૮ અષ્ટમીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉત્તર મુખારવિંદે વિરાજમાન હતા ને મસ્તકે શ્વેત પાઘ બાંધી હતી ને શ્વેત પછેડી ઓઢી હતી ને શ્વેત ખેસ પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! આત્મા-અનાત્માની ચોખી જે વિક્તિ તે કેમ સમજવી ? જે સમજવે કરીને આત્મા-અનાત્મા એક સમજાય જ નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એક શ્લોકે કરીને અથવા બે શ્લોકે કરીને અથવા પાંચ શ્લોકે કરીને અથવા સો શ્લોકે કરીને અથવા હજાર શ્લોકે કરીને જે ચોખ્ખું સમજાય તે ઠીક છે, જે સમજાણા કેડે આત્મા-અનાત્માના એકપણાનો લોચો રહે નહિ અને ચોખું સમજાઈ જાય તે જ સમજણ સુખદાયી થાય છે અને ગોબરી સમજણ સુખદાયી થાતી નથી, માટે એમ ચોખ્ખું સમજે જે હું આત્મા તે મારા જેવો ગુણ દેહને વિષે એકેય આવતો નથી અને જડ, દુઃખ ને મિથ્યારૂપ જે દેહ તેના જે ગુણ તે હું ચૈતન્ય તે મારે વિષે એકે ય આવતો નથી એવી વિક્તિ સમજીને ને અત્યંત નિર્વાસનિક થઈને ચૈતન્યરૂપ થકો પુરુષોત્તમ ભગવાનનું ચિંતવન કરે એવો જે જડ-ચૈતન્યનો વિવેક તેને દૃઢ વિવેક જાણવો. **(૧) અને ઘડીક પોતાને આત્મારૂપ માને ને ઘડીક** ૧
**દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે એને ગોબરો જાણવો માટે એના અંતરમાં સુખ ન આવે, જેમ સુંદર અમૃત સરખું અન્ન હોય ને તેમાં થોડુંક ઝેર નાખ્યું હોય, તો તે અન્ન સુખદાયી ન થાય; સામું દુઃખદાયી થાય છે, તેમ આઠે પહોર આત્માનો વિચાર કરીને એક ઘડી પોતાને દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે એટલે એનો સર્વે વિચાર ધૂળમાં મળી જાય છે. (૨)** માટે ૨
અત્યંત નિર્વાસનિક થવાય એવો ચોખ્ખો આત્મવિચાર કરવો અને કોઈકને એવો સંશય થાય જે, અત્યંત નિર્વાસનિક નહિ થવાય ને કાચા ને કાચા મરી જાશું તો શા હવાલ થાશે, તો એવો વિચાર ભગવાનના ભક્તને કરવો નહિ ને એમ સમજવું જે, મરશે તો દેહ મરશે પણ હું તો આત્મા છું ને અજર અમર છું માટે હું મરું નહિ, એવું સમજીને હૈયામાં હિંમત રાખવી અને પરમેશ્વર વિના સર્વે વાસના ત્યાગ કરીને અચળ મતિ કરવી અને એમ વાસના ટાળતાં ટાળતાં જો કાંઈક થોડી ઘણી વાસના રહી ગઈ તો જેવા મોક્ષધર્મમાં નરક કહ્યા છે તેવા નરકની

પ્રાપ્તિ થાશે તે નરકની વિગતિ જે ભગવાનનો ભક્ત હોય તેને કાંઈ જગતની વાસના રહે તેને ઇંદ્રાદિક દેવતાના જે લોક તેની પ્રાપ્તિ થાય ને તે લોકને વિષે જઈને અપ્સરાઓ તથા વિમાન તથા મણિમય મોહોલાત્ય એ આદિ દઈને જે વૈભવ તે સર્વે પરમેશ્વરના ધામની આગળ નરક જેવા છે તેને ભોગવે છે પણ વિમુખ જીવની પેઠે યમપુરીમાં જાય નહિ અને ચોરાશીમાં પણ જાય નહિ, માટે જો સવાસનિક ભગવાનના ભક્ત હશો તો પણ ઘણું થાશે તો દેવતા થવું પડશે ને દેવતામાંથી પડશો તો મનુષ્ય થાશો ને મનુષ્ય થઈને વળી પાછી ભગવાનની ભક્તિ કરીને નિર્વાસનિક થઈને અંતે ભગવાનના ધામને પામશો પણ વિમુખ જીવની પેઠે નરક ચોરાશીને નહિ ભોગવો, એવું જાણીને ભગવાનનો ભક્ત હોય તેને વાસનાનું બળ દેખીને હિંમત હારવી નહિ ને આનંદમાં ભગવાનનું ભજન કર્યા કરવું અને વાસના ટાળ્યાના ઉપાયમાં રહેવું અને ભગવાન ને ભગવાનના સંતના વચનમાં દૃઢ વિશ્વાસ રાખવો. **(૩)** ઇતિ વચનામૃતમ્ ॥૪॥ **(૮૨)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં પોતાના ચૈતન્યને ત્રણ દેહથી પૃથક્ માનીને અમારી મૂર્તિનું ચિંતવન કરે તે દૃઢ વિવેકી છે. **(૧)** અને દેહરૂપ માનીને એક ક્ષણવાર સ્ત્રીનું ચિંતવન કરે તે ગોબરો છે. **(૨)** અને અત્યંત નિર્વાસનિક થાય ત્યારે જ અમારા ધામને પામે; નહિ તો ઇંદ્રથી લઈને પ્રધાનપુરુષ સુધી જે દેવતા તેના લોકને પામે; એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** આમાં બીજી બાબતમાં એક ઘડી એટલે ક્ષણવાર દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે તો તેનો આઠે પહોર કરેલો જે આત્માનો વિચાર તે ધૂળમાં મળી જાય એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૧ **ઉ૦** માયાના કાર્યમાંથી નિર્વાસનિક થયો નથી તે આત્માનો વિચાર કરે પણ દૃઢાવ થઈ શકે નહિ ને માયામય જે પંચભૂતાત્મક દેહ તેમાં ભળી જાય ને આત્મા સંબંધી કરેલો વિચાર નિષ્ફળ થાય તે દેહરૂપ ધૂળમાં મળી ગયો જાણવું. ॥૪॥ **(૮૨)**

## વચનામૃત સારંગપુરનું - ૫

❖સંવત ૧૮૭૭ના શ્રાવણ વદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** વાસનાની નિવૃત્તિ થયાનો એવો શો જબરો ઉપાય છે જે એક ઉપાયને વિષે સર્વે સાધન આવી જાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને શ્રદ્ધા તથા હરિ ને હરિજનના વચનને વિષે વિશ્વાસ તથા ભગવાનને વિષે પ્રીતિ તથા ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય એ ચાર વાનાં જેના હૃદયમાં હોય તેની વાસનાની નિવૃત્તિ થઈ જાય છે. **(૧)** તેમાં પણ જો એક માહાત્મ્ય અતિશે દૃઢ હોય તો શ્રદ્ધા તથા વિશ્વાસ ૧
તથા પ્રીતિ એ ત્રણ દૂબળાં હોય, તો પણ મહાબળવાન થાય છે અને માહાત્મ્ય વિનાની ભક્તિ જો ઝાઝી જણાતી હોય તો પણ અંતે નાશ થઈ જાય છે, જેમ દશ-બાર વર્ષની કન્યા હોય ને તેને ક્ષય રોગ થાય પછી તે કન્યા યુવાન થયા મોર જ મરી જાય પણ યુવાન થાય

નહિ તેમ જેને માહાત્મ્ય વિનાની ભક્તિ હોય તે પણ પરિપક્વ થાતી થાતી નાશ થઈ જાય છે અને જેના હૃદયમાં માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તો બીજા કલ્યાણકારી ગુણ ન હોય તો પણ તેના હૃદયમાં સર્વે આવે છે અને જો માહાત્મ્યે સહિત ભક્તિ જેના હૃદયમાં નથી તો શમ-દમાદિક જે કલ્યાણકારી રૂડા ગુણ તે તેના હૃદયમાં છે તો ય પણ નહિ જેવા જ છે, કેમ જે અંતે નાશ પામી જાશે. માટે એક માહાત્મ્યે સહિત ભક્તિ હોય તો તેની વાસના પણ નિવૃત્ત થઈ જાય અને કલ્યાણકારી જે ગુણ તે સર્વે આવીને હૃદયને વિષે નિવાસ કરીને રહે, તે માટે માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ એ જ વાસના ટળ્યાનું મહામોટું અચળ સાધન છે. **(૨)** ૨

૨ પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** જીવ અન્વયપણે કેમ છે ? ને વ્યતિરેકપણે કેમ છે ? અને ઈશ્વર અન્વયપણે કેમ છે ? ને વ્યતિરેકપણે કેમ છે ? અને અક્ષરબ્રહ્મ અન્વયપણે કેમ છે ? વ્યતિરેકપણે કેમ છે ? અને **પુરુષોત્તમ ભગવાનને અન્વયપણે કેમ જાણવા ? ને વ્યતિરેકપણે કેમ જાણવા ?** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જન્મમરણનું ભોક્તા એવું જે જીવનું સ્વરૂપ તે અન્વય જાણવું અને અછેદ્ય, અભેદ્ય, અવિનાશી એવું જે જીવનું સ્વરૂપ તે વ્યતિરેક જાણવું, અને વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત એ ત્રણ શરીરમાં એકરસપણે વર્તે એ ઈશ્વરનું અન્વય સ્વરૂપ જાણવું અને પિંડબ્રહ્માંડથી પર સચ્ચિદાનંદપણે કરીને જે નિરૂપણ કર્યું છે તે ઈશ્વરનું વ્યતિરેક સ્વરૂપ જાણવું, અને પ્રકૃતિપુરુષ તથા સૂર્ય, ચંદ્રાદિક સર્વે દેવતા તેનું જે પ્રેરક તે અક્ષરનું અન્વય સ્વરૂપ જાણવું અને જે સ્વરૂપને વિષે પુરુષપ્રકૃતિ આદ્યે દઈને કાંઈ ઉપાધિ રહેતી નથી; એક પુરુષોત્તમ ભગવાન જ રહે છે એ અક્ષરનું વ્યતિરેક સ્વરૂપ છે, અને બદ્ધ જીવ તથા મુક્ત જીવ એ બેના હૃદયમાં સાક્ષીરૂપ થકા રહ્યા છે અને બદ્ધપણું ને મુક્તપણું જેને અડતું નથી તેમજ ઈશ્વરના અને અક્ષરના હૃદયમાં સાક્ષીરૂપે રહ્યા છે અને તે તે ઉપાધિ થકી રહિત છે એ **પુરુષોત્તમનું અન્વય સ્વરૂપ** છે અને જીવ, ઈશ્વર ને અક્ષર તે થકી પર જે અક્ષરાતીત સ્વરૂપ એ **પુરુષોત્તમનું વ્યતિરેક સ્વરૂપ જાણવું,** એવી રીતે **અન્વય-વ્યતિરેકપણું** છે. (૩) ૩

૩ પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** ભગવાનના દર્શનનો મહિમા તથા ભગવાનના નામ-સ્મરણનો જે મહિમા તથા ભગવાનના સ્પર્શનો જે મહિમા તે ભગવાનના ભક્તને અર્થે છે કે સર્વે જીવને સારુ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, દર્શનાદિકનો તો ભેદ જુદો જ છે તે કહીએ તે સાંભળો જે, **જ્યારે એ દર્શનનો કરનારો ભગવાનનાં દર્શન કરે છે ત્યારે એનું મન છે તે દષ્ટિદ્વારે આવીને મને સોતી દષ્ટિએ જો દર્શન કરે તો તે દર્શન એવું થાય છે જે વિસારે તો ય પણ વીસરે નહિ** એવી રીતે મને સહવર્તમાન ત્વચા સ્પર્શ કરે તો તે સ્પર્શ પણ વીસરે નહિ, જેમ ગોપાંગનાઓના ભગવાન પ્રત્યે ભાગવતમાં વચન છે જે, હે ભગવન્ ! જે દિવસથી તમારા ચરણનો સ્પર્શ થયો છે તે દિવસ થકી તમ વિના જે જે

સંસારમાં સુખ છે તે અમને વિષ જેવાં લાગે છે, એવી રીતે સર્વે જ્ઞાન-ઈન્દ્રિયે કરીને મને સહવર્તમાન જે દર્શન-સ્પર્શ-શ્રવણાદિક થાય છે તે કોઈ કાળે વીસરી જાતાં નથી, જેમ અજ્ઞાની જીવ હોય તેણે મને સહવર્તમાન જે પંચજ્ઞાન-ઈન્દ્રિયો તેણે કરીને જે જે વિષય ભોગવ્યા હોય તે વિસારે તો ય પણ વિસરે નહિ એવી રીતે ભગવાનનું પણ મને સહવર્તમાન જે દર્શનાદિક કરે છે તેને જ દર્શનાદિક જાણવું ને બીજાને તો દર્શન થયું છે તો ય પણ ન થયા જેવું જ છે, કાં જે, **જે સમે એણે દર્શન કર્યાં તે સમે એનું મન તો ક્યાંઈએ ફરતું હતું માટે એ દર્શન એને કાં તો એક દિવસમાં વીસરી જાશે અથવા પાંચ દિવસમાં અથવા પચાસ દિવસમાં અથવા છ મહિનામાં અથવા વર્ષમાં અથવા પાંચ વર્ષમાં જરૂર વીસરી જાશે પણ અંતે રહેશે નહિ,** માટે જે માહાત્મ્ય જાણીને અતિ પ્રીતિએ કરીને મને સહિત દૃષ્ટિ આદિક જ્ઞાન-ઈન્દ્રિયે કરીને દર્શન-સ્પર્શાદિક કરે છે તેને જ તેમનું ફળ છે અને બીજાને તો જે પરમેશ્વરનાં દર્શનાદિક થાય છે તેનું બીજબળ થાય છે અને યથાર્થ મહિમા તો જે મને સહવર્તમાન દર્શનાદિક કરે છે તેને અર્થે છે. **(૪)** ઈતિ વચનામૃતમ્ ॥૫॥ **(૮૩)** ૪

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે શ્રદ્ધા તથા અમારા ને સંતના વચનમાં વિશ્વાસ ને અમારે વિષે પ્રીતિ ને માહાત્મ્ય એ ચાર હોય તેની વાસના ટળી જાય છે. **(૧)** તેમાં એક માહાત્મ્ય અતિશે દૃઢ હોય તો પણ વાસના ટળી જાય છે ને કલ્યાણકારી ગુણ આવે છે. **(૨)** બીજામાં જીવ, ઈશ્વર, અક્ષર ને પોતાનું અન્વય-વ્યતિરેકપણું કહ્યું છે અને અમે જેમ બદ્ધ ને મુક્ત જીવોને વિષે અંતર્યામીપણે રહ્યા છીએ તેમ જ ઈશ્વર ને અક્ષરને વિષે રહ્યા છીએ. **(૩)** ત્રીજામાં અમારું માહાત્મ્ય જાણીને મને સહિત જ્ઞાનઈન્દ્રિયોએ કરીને દર્શન, સ્પર્શ, શ્રવણાદિક કરે તેને જ દર્શનાદિકનું સંપૂર્ણ ફળ થાય છે અને બીજાને બીજબળ થાય છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** (૨/૩ બીજા પ્રશ્નમાં) બદ્ધ જીવ, મુક્ત જીવ, ઈશ્વર ને અક્ષર કહ્યા તે કોને જાણવા ?

૧ **ઉ૦** મૂળમાયાને વિષે રહ્યા તે સર્વેને બદ્ધ જીવ કહ્યા છે. અને તે બદ્ધ જીવને વિષે અંતર્યામીપણે રહીને કર્મફળ આપનારા ને તેમના ઉપરી જે મૂળપુરુષ તેમને ઈશ્વર કહ્યા છે. અને મૂળપુરુષ ઈશ્વરથી પર બ્રહ્મકોટી ને તેથી પર મૂળઅક્ષરના મુક્ત તે સર્વેને મુક્ત જીવ કહ્યા છે. અને તેમના ઉપરી જે મૂળઅક્ષર તેને અક્ષર કહ્યા છે. અને તે અક્ષરને વિષે ને મુક્ત જીવને વિષે મૂળપુરુષ ઈશ્વરને વિષે તથા માયા બદ્ધ જીવને વિષે શ્રીજીમહારાજ તેજદ્વારે અન્વયપણે રહ્યા છે અને બદ્ધજીવ તેથી પર જે ઈશ્વર ને તેથી પર મુક્તજીવ અને તેથી પર અક્ષર અને તે અક્ષરથી પર જે પોતાના તેજરૂપ બ્રહ્મજ્યોતિ જે અક્ષરધામ તેને વિષે દિવ્ય મૂર્તિમાન પોતાના મુક્તોએ સહિત વિરાજમાન છે તે શ્રીજીમહારાજનું વ્યતિરેક સ્વરૂપ છે. અને તે વ્યતિરેક મૂર્તિ જે શ્રીજીમહારાજ તેમનો સંબંધ પોતાના મુક્તોને છે પણ બીજા જે આગળ કહ્યા તે કોઈ ને નથી; એમને તો અન્વય સ્વરૂપનો સંબંધ છે.

૨ **પ્ર૦** જીવ, ઈશ્વર ને અક્ષરનું અન્વય ને વ્યતિરેક સ્વરૂપ કહ્યું તે એ બે સ્વરૂપ જુદાં જુદાં હશે કે કેમ ? અને જીવનું એક સ્વરૂપ જન્મ-મરણ ભોગવતું હશે ને એકને નહિ ભોગવવું પડતું હોય ? અને ઈશ્વરના અન્વય સ્વરૂપને જ ઉત્પત્ત્યાદિક પ્રવૃત્તિની ઉપાધિ હશે અને વ્યતિરેકને એ પ્રવૃત્તિનો સંબંધ નહિ હોય ? અને અક્ષરના અન્વય સ્વરૂપને જ પ્રેરણા કરવી પડતી હશે અને વ્યતિરેક સ્વરૂપ ને તેનો સંબંધ નહીં હોય ? તે કાંઈ સમજાતું નથી માટે કૃપા કરીને સમજાવો.

૨ **ઉ૦** જીવને જન્મ-મરણ ભોગવવું પડે તે એનું અન્વયપણું કહ્યું છે પણ અન્વય ને વ્યતિરેક બે સ્વરૂપ નથી. તે જ્યારે માયાના બંધનથી મુકાય, ત્યારે જન્મ-મરણરૂપ ઉપાધિ ટળે, અને ઈશ્વરને ઉત્પત્ત્યાદિક કરવાં તે પોતાની સત્તાએ કરીને પોતે જ કરે છે તે સત્તાને અન્વય સ્વરૂપ કહે છે તે જ્યારે ઉત્પત્ત્યાદિક પ્રવૃત્તિ મૂકી દે ત્યારે જ તેને ઉપાધિ ટળે, અને અક્ષર પણ પોતાના તેજરૂપ સત્તાએ કરીને પોતે જ પ્રેરણા કરે છે, માટે શક્તિમાનને વ્યતિરેક સ્વરૂપ કહે છે અને શક્તિને અન્વય સ્વરૂપ કહે છે

પણ બે સ્વરૂપ જુદાં નથી તે જ્યારે એ પ્રેરકપણું મૂકીને બ્રહ્મ જે શ્રીજીમહારાજનું તેજ તે રૂપ થઈને શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાય ત્યારે શ્રીજીમહારાજના પરમએકાંતિક મુક્ત થાય, ત્યારે જ ઉપાધિથી રહિત થાય. અને શ્રીજીમહારાજને કે તેજરૂપ શક્તિને ઉપાધિ છે જ નહિ અને અક્ષરના વ્યતિરેક સ્વરૂપમાં એક શ્રીજીમહારાજ રહે છે એમ કહ્યું છે તે અન્વયપણે સાક્ષીરૂપે રહ્યા છે તે સ્વરૂપ જાણવું.

૩ **પ્ર૦** (૩/૪ ત્રીજા પ્રશ્નમાં) શ્રીજીમહારાજનું માહાત્મ્ય જાણીને દર્શનાદિક કરે તેને દર્શનનું ફળ છે એમ કહ્યું તે ફળ કિયું જાણવું ? ને બીજબળ શું જાણવું ?

૩ **ઉ૦** મહિમા સમજીને દર્શન-સ્પર્શ-શ્રવણાદિક કરે તે કોઈ કાળે વીસરી જાય નહિ તે ફળ કહ્યું છે, અને દેહને અંતે તેનો મોક્ષ થાય. અને મહિમા જાણ્યા વિના દર્શનાદિક કરે તેને દર્શનાદિક કરેલું વીસરી જાય પણ તે જીવ કલ્યાણને માર્ગે ચાલે ને તેનું જન્માંતરે કલ્યાણ થાય તે બીજબળ જાણવું.

૪ **પ્ર૦** જીવને વિષે શ્રીજીમહારાજ વિના બીજા અક્ષરાદિકનું અંતર્યામીપણું છે તે ક્યારે ટળે ?

૪ **ઉ૦** શ્રીજીમહારાજનો આશરો કરે પણ શ્રીજીમહારાજને શ્રીકૃષ્ણ જેવા જાણે ત્યાં સુધી પોતાને મૂળપુરુષના તેજરૂપ માને તેથી પુરુષનું અંતર્યામીપણું ટળે નહિ, અને શ્રીજીમહારાજને પુરુષથી પર જે બ્રહ્મ તેવા જાણે ત્યાં સુધી બ્રહ્મના પ્રકાશરૂપ પોતાને માને ત્યારે પુરુષનું અંતર્યામીપણું ટળી જાય પણ બ્રહ્મનું રહે, અને મૂળઅક્ષર જેવા શ્રીજીમહારાજને જાણે ત્યારે અક્ષરના તેજરૂપ પોતાને માને ત્યારે બ્રહ્મનું ટળી જાય ને અક્ષરનું રહે, અને જ્યારે શ્રીજીમહારાજને અક્ષરથી પર સમજે ને તેમનાં તેજરૂપ પોતાને માને ત્યારે શ્રીજીમહારાજ વિના બીજા કોઈનું અંતર્યામીપણું રહેતું નથી. ॥૫॥ **(૮૩)**

## વચનામૃત સારંગપુરનું - ૬

❖સંવત ૧૮૭૭ના શ્રાવણ વદિ ૧૦ દશમીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** એક એક અવસ્થાને વિષે બીજી બે બે અવસ્થાઓ કેમ રહી છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, આ જીવાત્મા જે તે જેને વિષે રહીને વિષયભોગને ભોગવે છે તેને અવસ્થા કહીએ તે અવસ્થા જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણ પ્રકારની છે. તેમાં જે જાગ્રત અવસ્થા છે તે વૈરાજપુરુષની જે સ્થિતિ અવસ્થા તેનું કાર્ય છે ને સત્ત્વગુણાત્મક છે ને નેત્ર સ્થાનકને વિષે રહી છે, એવી જે જાગ્રત અવસ્થા તેને વિષે વિશ્વાભિમાની નામે જે આ જીવાત્મા તે જે તે સ્થૂળ દેહના અભિમાને સહિત થકો દશ ઈન્દ્રિયો ને ચાર અંતઃકરણે કરીને વિવેકે સહિત યથાર્થપણે પોતાના પૂર્વ કર્મને અનુસારે બાહ્ય શબ્દાદિક પંચવિષયના ભોગને ભોગવે છે તેને સત્ત્વગુણ પ્રધાન એવી જાગ્રત અવસ્થા કહીએ, અને એ જાગ્રતને વિષે જો એ જીવાત્મા ભ્રાંતિએ કરીને અયથાર્થ પણે બાહ્ય વિષયભોગને ભોગવે છે તો તેને જાગ્રતને વિષે સ્વપ્ન કહીએ, અને એ જીવાત્મા જે તે જાગ્રતને વિષે શોક તથા શ્રમાદિકે કરીને વિવેકે રહિત થકો જો બાહ્ય વિષયભોગને ભોગવે છે તો તેને જાગ્રતને વિષે સુષુપ્તિ કહીએ. અને જે સ્વપ્ન અવસ્થા છે તે હિરણ્યગર્ભની જે ઉત્પત્તિ અવસ્થા તેનું કાર્ય છે ને રજોગુણાત્માક છે ને કંઠ સ્થાનકને વિષે રહી છે, એવી જે સ્વપ્ન અવસ્થા તેને

વિષે તૈજસાભિમાની નામે જે જીવાત્મા તે સૂક્ષ્મ દેહના અભિમાને સહિત રહ્યો થકો ઈન્દ્રિયો-અંતઃકરણે કરીને પૂર્વ કર્મને અનુસારે સુખદુઃખરૂપ વાસનામય ભોગને ભોગવે છે તેને રજોગુણ પ્રધાન સ્વપ્ન અવસ્થા કહીએ, અને એ સ્વપ્નને વિષે એ જીવાત્મા જે તે જ્યારે જાગ્રતની પેઠે જ વિવેકે કરીને જાણતો થકો વાસનામય ભોગને ભોગવે છે, ત્યારે તેને સ્વપ્નને વિષે જાગ્રત અવસ્થા કહીએ, અને એ સ્વપ્નને વિષે જણાણા જે વાસનામય ભોગ તેને એ જીવાત્મા જે તે ભોગવતો થકો પણ જો જડપણે કરીને ન જાણે તો તેને સ્વપ્નને વિષે સુષુપ્તિ કહીએ. અને સુષુપ્તિ અવસ્થા છે તે ઈશ્વરની જે પ્રલય અવસ્થા તેનું કાર્ય છે ને તમોગુણાત્મક છે ને હૃદય સ્થાનકને વિષે રહી છે, એવી જે સુષુપ્તિ અવસ્થા તે જ્યારે એ જીવને આવે છે ત્યારે ઈન્દ્રિયો-અંતઃકરણની જે વૃત્તિઓ તથા વિષયભોગની વાસના તથા જ્ઞાતાપણું ને કર્તાપણું એ સર્વે કારણ દેહને વિષે લીન થઈ જાય છે અને તે કારણ દેહનો અભિમાની જે પ્રાજ્ઞ નામે જીવાત્મા તેનું માયા સબળ બ્રહ્મના સુખલેશને વિષે અતિશે લીનપણું થઈ જાય છે તેને તમોગુણપ્રધાન સુષુપ્તિ અવસ્થા કહીએ અને એ સુષુપ્તિને વિષે કર્મ સંસ્કારે કરીને કર્તાવૃત્તિનું જે ઉત્પન્ન થાવું તેને સુષુપ્તિને વિષે સ્વપ્ન કહીએ, અને જાગ્રત ને સ્વપ્નને વિષે જે પીડા તેના તાપ થકી વળી તે સુષુપ્તિના સુખને વિષે પ્રવેશ કરતી જે કર્તાવૃત્તિ તેના પ્રતિલોમપણાનું જે જ્ઞાન તેને સુષુપ્તિને વિષે જાગ્રત કહીએ, એવી રીતે એક એક અવસ્થાને વિષે બીજી બે
બે અવસ્થાઓ રહી છે. **(૧)** અને એ જે અવસ્થાના ભેદ તેનું જે જ્ઞાન તે જીવાત્માને જે વતે ૧
થાય છે અને વળી તે તે અવસ્થાને વિષે એ જીવને કર્માનુસારે જે ફળના પમાડનારા છે તેને
તુર્યપદ કહે છે, અંતર્યામી કહે છે, દ્રષ્ટા કહે છે, બ્રહ્મ કહે છે, પરબ્રહ્મ કહે છે. **(૨)** ૨

૨ પછી વળી નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** પરા, પશ્યંતી, મધ્યમા ને વૈખરી એ જે ચાર વાણી તેને કેમ સમજવી ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એ વાર્તા તો બહુ મોટી છે ને અતિશે સૂક્ષ્મ છે ને શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધને વિષે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી પ્રત્યે કહી છે તેને સંક્ષેપે કરીને કહીએ તે સાંભળો જે, પ્રથમ ઉત્પત્તિકાળને વિષે પુરુષોત્તમ ભગવાન જે તે વૈરાજપુરુષના મસ્તકને વિષે રહ્યું જે સહસ્રદળનું કમળ તેને વિષે પ્રવેશ કરીને અક્ષર બ્રહ્માત્મક એવો જે નાદ તેને કરતા હવા. પછી તે નાદ જે તે સુષુમ્ણા માર્ગે કરીને તે વિરાટપુરુષના નાભિકંદ પ્રત્યે વ્યાપીને મહાપ્રાણે સહિત થકો ત્યાંથી ઊંચો વૃદ્ધિને પામતો હવો તેણે કરીને તે વિરાટ પુરુષનું જે નાભિપદ્મ તે અધોમુખ હતું તે ઊર્ધ્વમુખ થાતું હવું. એવી રીતે તે વિરાટ પુરુષના નાભિકંદને વિષે જે નાદ થયો તેને પરાવાણી કહીએ. અને તે પરાવાણી જે તે વેદની ઉત્પત્તિને અર્થે પોતે ભગવાને બીજરૂપે કરીને પ્રકાશી છે ને તેજના પ્રવાહરૂપ છે ને અર્ધમાત્રારૂપ છે. પછી તે પરાવાણી જે તે ત્યાં થકી તે વિરાટના હૃદયાકાશને પામીને પશ્યંતી નામે થાતી હવી. ને ત્યાંથી કંઠદેશને પામીને મધ્યમા નામે થાતી હવી. ને ત્યાંથી તે વિરાટના મુખને પામીને વૈખરી સંજ્ઞાને પામતી હવી. અને અકાર, ઉકાર, ને મકાર એ

ત્રણ વર્ણરૂપે થઈને પ્રણવરૂપે થાતી હવી ને પછી બાવન અક્ષરરૂપે થઈને ચાર વેદરૂપે થાતી હવી. એવી રીતે વિરાટપુરુષને વિષે પરા, પશ્યંતી, મધ્યમા ને વૈખરી એ ચાર વાણી સમજવી. (૩) હવે આ જીવના દેહને વિષે પણ ચાર વાણી કહીએ તે સાંભળો જે, એના ૩
એ પુરુષોત્તમ ભગવાન તે જીવને વિષે અંતર્યામીરૂપે કરીને રહ્યા છે. ને એ જીવની જે ત્રણ અવસ્થા તેને વિષે સ્વતંત્ર થકા અનુસ્યૂત છે, એવા જે ભગવાન તે જ જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે અવતાર ધારે છે, ત્યારે એ જીવ જે તે ભગવાનના સ્વરૂપનું જે પ્રતિપાદન કરે તથા તે ભગવાનનાં જે ધામ, ગુણ ને ઐશ્વર્ય તેનું પ્રતિપાદન કરે તથા તેના ચરિત્રનું વર્ણન કરે તથા આત્મા-અનાત્માનો વિવેક કરી દેખાડે તથા જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ તેના ભેદને પૃથક્ પૃથક્ કહી દેખાડે, એવી જે વાણી તેને પરાવાણી કહીએ. અને જે માયિક પદાર્થ તથા વિષય તેમને વિવેકે સહિત યથાર્થપણે કહી દેખાડે તેને વૈખરી વાણી કહીએ. અને પદાર્થને ને વિષયને ભ્રાંતિએ સહિત અયથાર્થપણે કહી દેખાડે તેને મધ્યમા વાણી કહીએ. અને એ પદાર્થને ને વિષયને અંધધંધ સરખું કહી દેખાડે ને કાંઈ સમજ્યામાં ન આવે તેને પશ્યંતી વાણી કહીએ. એવી રીતે જીવની જાગ્રત અવસ્થાને વિષે એ ચાર વાણીનું રૂપ સમજ્યામાં આવે છે ને સ્વપ્ન ને સુષુપ્તિને વિષે તો કોઈક સમાધિવાળાને એ ચાર વાણીનું રૂપ સમજ્યામાં આવે પણ બીજાને સમજ્યામાં આવતાં નથી. (૪) ઈતિ વચનામૃતમ્ ॥૬॥ (૮૪) ૪

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન (૨) છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે સ્થૂળ દેહે વિવેકે સહિત પૂર્વ કર્માનુસારે બાહ્ય પંચવિષયના ભોગને ભોગવે તે સત્ત્વગુણ પ્રધાન જાગ્રત અવસ્થા કહી છે ને તેમાં ભ્રાંતિએ કરીને અયથાર્થપણે ભોગ ભોગવાય તે જાગ્રતમાં સ્વપ્ન અવસ્થા કહી છે, ને જાગ્રતમાં વિવેક રહિત ભોગ ભોગવાય તે જાગ્રતમાં સુષુપ્તિ કહી છે, આ સ્થૂળ દેહની વિક્તિ છે અને સૂક્ષ્મ દેહમાં પૂર્વ કર્માનુસારે વાસનામય ભોગ ભોગવે તે રજોગુણપ્રધાન સ્વપ્ન અવસ્થા છે ને સ્વપ્નમાં વિવેકે સહિત વાસનામય ભોગ ભોગવે તે સ્વપ્નમાં જાગ્રત અવસ્થા છે ને સ્વપ્નના ભોગને ભોગવતો થકો જાણે નહિ તે સ્વપ્નમાં સુષુપ્તિ અવસ્થા છે, અને ઈન્દ્રિયો, અંતઃકરણની વૃત્તિઓ તથા વાસના તથા જ્ઞાતાપણું ને કર્તાપણું એ સર્વ કારણ દેહમાં લીન થઈ જાય તે તમોગુણપ્રધાન સુષુપ્તિ અવસ્થા છે અને એ સુષુપ્તિને વિષે કર્તાવૃત્તિ ઉત્પન્ન થાય તે સુષુપ્તિમાં સ્વપ્ન છે અને જાગ્રત ને સ્વપ્નની પીડાના તાપની વૃત્તિ સુષુપ્તિના સુખમાં પ્રવેશ કરે તેના પ્રતિલોમપણાનું જ્ઞાન થાય તે સુષુપ્તિમાં જાગ્રત અવસ્થા છે. આ કારણ દેહની વિક્તિ છે. (૧) અને આ અવસ્થાઓના ભેદનું જ્ઞાન આપનારા અને આ અવસ્થાઓને વિષે જીવોને કર્મફળને આપનારા મૂળપુરુષ દ્વારાએ અમે છીએ. (૨) બીજામાં વૈરાજપુરુષની ચાર વાણીનું રૂપ કર્યું છે. (૩) અને જીવની ચાર વાણીનાં રૂપ કર્યાં છે. (૪) બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં જીવની જાગ્રત અવસ્થાને વૈરાજની સ્થિતિ અવસ્થાનું કાર્ય કહી, અને સ્વપ્ન અવસ્થાને હિરણ્યગર્ભની ઉત્પત્તિ અવસ્થાનું કાર્ય કહી અને સુષુપ્તિ અવસ્થાને ઈશ્વરની પ્રલય અવસ્થાનું કાર્ય કહી તે વૈરાજ, હિરણ્યગર્ભ અને ઈશ્વર કિયાં જાણવાં ?

૧ **ઉ૦** વૈરાજની સ્થિતિ અવસ્થા ને જીવની જાગ્રત અવસ્થા તે પ્રદ્યુમ્નની સ્થિતિ અવસ્થાનું કાર્ય છે, માટે આ ઠેકાણે વૈરાજ નામે પ્રદ્યુમ્નને કહ્યા છે. અને વૈરાજની ઉત્પત્તિ અવસ્થા અને જીવની સ્વપ્ન અવસ્થા તે અનિરુદ્ધની ઉત્પત્તિ અવસ્થાનું કાર્ય છે, માટે આ ઠેકાણે હિરણ્યગર્ભ નામે અનિરુદ્ધને કહ્યા છે. અને વૈરાજની પ્રલય અવસ્થા ને જીવની સુષુપ્તિ અવસ્થા તે સંકર્ષણની પ્રલય અવસ્થાનું કાર્ય છે માટે ઈશ્વર નામે સંકર્ષણને કહ્યા છે.

૨ **પ્ર૦ માયા સબળિત બ્રહ્મ કહ્યા તે કોને જાણવાં ?**

૨ ઉ૦ પ્રધાનના પતિ પુરુષને માયા સબળિત બ્રહ્મ કહ્યા છે.

૩ પ્ર૦ (૧/૨ પહેલા પ્રશ્નમાં) તુર્યપદ, દ્રષ્ટા, અંતર્યામી, બ્રહ્મ તથા પરબ્રહ્મ કહ્યાં તે કોને જાણવાં ?

૩ ઉ૦ એ સર્વે નામે મૂળપુરુષને કહ્યા છે.

૪ પ્ર૦ (૨/૩ બીજા પ્રશ્નમાં) અક્ષરબ્રહ્માત્મક નાદ કહ્યો તેનો અર્થ શો સમજવો ?

૪ ઉ૦ શ્રીજીમહારાજની મૂર્તિના તેજનો ઘોષ કહ્યો છે તેને નાદ કહ્યો છે. તે નાદ શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરબ્રહ્મમાંથી થાય છે. માટે અક્ષરબ્રહ્માત્મક કહ્યો છે તે નાદ મૂળઅક્ષરદ્વારે મૂળપુરુષમાં આવે છે અને મૂળપુરુષદ્વારે વૈરાજપુરુષને વિષે આવે છે. ॥૬॥ (૮૪)

## વચનામૃત સારંગપુરનું - ૭

❖સંવત ૧૮૭૭ ના શ્રાવણ વદિ ૧૧ એકાદશીને દિવસ રાત્રિને સમે શ્રીજીમહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

અને શ્રીજીમહારાજે શ્રીમદ્ ભાગવત પુરાણના પ્રથમ સ્કંધની કથા વંચાવવાનો આરંભ કરાવ્યો હતો ત્યારે તેમાં એમ વાર્તા આવી જે જ્યાં મનોમયચક્રની ધારા કુંઠિત થાય ત્યાં
૧ નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. એ વાર્તાને સાંભળીને મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧) હે મહારાજ ! એ મનોમયચક્ર તે શું છે ? ને એની ધારા તે શી સમજવી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, મનોમયચક્ર તે મનને જાણવું. ને એની ધારા તે દશ ઇન્દ્રિયો છે, એમ જાણવું.**
**(૧) અને તે ઇન્દ્રિયોરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઈ જાય, તેને** ૧
**નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે તે દિનદિન પ્રત્યે વૃદ્ધિ પામે એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું,** અને જ્યારે મનોમયચક્રની ઇન્દ્રિયોરૂપ જે ધારા તે બૂઠી થઈ જાય ત્યારે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ને ગંધ એ પંચવિષયને વિષે ક્યાંય પ્રીતિ રહે નહિ અને જ્યારે કોઈ રૂપવાન સ્ત્રી દેખાય અથવા વસ્ત્ર અલંકારાદિક અતિ સુંદર પદાર્થ દેખાય ત્યારે મૂળગો તેના મનમાં અતિશે અભાવ આવે. પણ તેમાં ઇન્દ્રિયોની વૃત્તિ જઈને ચોંટે નહિ, જેમ અતિ તીખી અણીવાળું બાણ હોય તે જે પદાર્થમાં ચોંટાડે તે પદાર્થને વીંધીને માંહી પ્રવેશ કરી જાય છે, તે પાછું કાઢ્યું પણ નીસરે નહિ અને તેના તે બાણમાંથી ફળ કાઢી લીધું હોય, ને પછી થોથું રહ્યું હોય, તેનો ભીંતમાં ઘા કરે તો ત્યાંથી ઉથડકીને પાછું પડે છે, પણ જેમ ફળ સોતું ભીંતને વિષે ચોંટી જાય છે તેમ ચોંટે નહિ, તેમ જ્યારે મનોમયચક્રની ધારા જે ઇન્દ્રિયો તે બૂઠી થઈ જાય ત્યારે ગમે તેવો શ્રેષ્ઠ વિષય હોય, તેમાં પણ ઇન્દ્રિયોની વૃત્તિ ચોંટે નહિ. અને થોથાની પેઠે ઇન્દ્રિયોની વૃત્તિઓ પાછી હઠે એવું વર્તાય ત્યારે જાણીએ
જે મનોમયચક્રની ધારા કુંઠિત થઈ ગઈ. **(૨) એવું સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર** ૨

**જયાં દેખાય ત્યાં કલ્યાણને ઈચ્છવું ને ત્યાં અતિ દઢ મન કરીને રહેવું. (૩)** ઈતિ વચનામૃતમ્ ૩
**II૭II (૮૫)**

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે મનોમયચક્ર તે મન છે. અને દશ ઈન્દ્રિયો તે એની ધારા છે. **(૧)** અને તે ધારા એકાંતિક સંતના સમાગમથી બૂઠી થાય છે. એવા સંત જયાં રહેતા હોય તે નૈમિષારણ્ય ક્ષેત્ર છે. **(૨)** અને ત્યાં કલ્યાણને ઈચ્છવું ને ત્યાં જ દઢ મન કરીને રહેવું. **(૩)** બાબતો છે. **II૮૫II**

## વચનામૃત સારંગપુરનું - ૮

❖સંવત ૧૮૭૭ના શ્રાવણ વદિ ૧૨ દ્વાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી ચૈતન્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ **! ઈર્ષ્યાનું શું રૂપ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેના હૃદયમાં માન હોય તે માનમાંથી ઈર્ષ્યા પ્રવર્તે છે અને ક્રોધ, મત્સર ને અસૂયા તે પણ માનથી પ્રવર્તે છે. તે ઈર્ષ્યાનું એ રૂપ છે જે, પોતાથી જે મોટા હોય પણ તેનું જયારે સન્માન થાય ત્યારે તેને દેખી શકે નહિ એવો જેનો સ્વભાવ હોય તેને એમ જાણવો જે આના હૈયામાં ઈર્ષ્યા છે અને યથાર્થ ઈર્ષ્યાવાળો હોય તે તો કોઈની મોટાઈને દેખી શકે જ નહિ. (૧)** ઈતિ વચનામૃતમ્ **II૮II (૮૬)** ૧

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં ઈર્ષ્યાની ને ક્રોધ, મત્સર ને અસૂયાની પ્રવૃત્તિનો હેતુ કહ્યો છે અને ઈર્ષ્યાનું રૂપ કર્યું છે. **(૧)** બાબત છે. **II૮II (૮૬)**

## વચનામૃત સારંગપુરનું - ૯

❖❖સંવત ૧૮૭૭ના શ્રાવણ વદિ ૧૩ તેરશને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ પોતાના ભક્તજનને સુખ દેવાને અર્થે સારંગપુરથી ચાલ્યા તે ગામ શ્રી કુંડળ પધાર્યા ને તે **કુંડળ** મધ્યે અમરાપટગરના આથમણા ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉત્તર મુખારવિંદે વિરાજમાન હતા અને મસ્તક ઉપર ધોળી પાઘ બાંધી હતી તથા ધોળી પછેડી ઓઢી હતી તથા ધોળો સુરવાળ પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! જીવના હૃદયમાં યુગના ધર્મ પ્રવર્તે છે તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, યુગના ધર્મ પ્રવર્તે છે તેનું કારણ તો ગુણ છે તે જયારે શુદ્ધ સત્ત્વગુણ વર્તતો હોય ત્યારે તેના હૈયામાં સત્યયુગની પ્રવૃત્તિ હોય અને જયારે સત્ત્વ અને રજ ભેળાં વર્તતાં હોય ત્યારે તેના હૈયામાં ત્રેતાયુગની પ્રવૃત્તિ હોય અને જયારે એકલો રજોગુણ વર્તતો હોય ત્યારે તેના હૈયામાં દ્વાપરયુગની પ્રવૃત્તિ હોય

અને જ્યારે એકલો તમોગુણ વર્તતો હોય ત્યારે તેના હૈયામાં કળિયુગની પ્રવૃત્તિ હોય એમ ગુણે કરીને યુગની પ્રવૃત્તિ છે. **(૧)** ૧

૨ પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** ગુણની પ્રવૃત્તિ થયાનો શો હેતુ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ગુણની પ્રવૃત્તિનું કારણ તો કર્મ છે તે જેવાં પૂર્વ કર્મ હોય તેવા ગુણની પ્રવૃત્તિ થાય છે. **(૨)** માટે જેને રજોગુણ ને તમોગુણ વર્તતા હોય ને તે જો એકાગ્ર ૨ થઈને ભગવાનનું ધ્યાન કરવા જાય તો થાય નહિ માટે એવાને તો આત્મનિષ્ઠાનું બળ રાખવું અને ભગવાનના મહિમાનું બળ રાખવું ને એમ સમજવું જે, હું તો આત્મા છું તે મારે વિષે માયાકૃત ઉપાધિ હોય નહિ અને હું તો ગુણાતીત છું અને ભગવાનનો મહિમા એમ વિચારવો જે, અજામેળ મહાપાપી હતો ને દીકરાને યોગે નારાયણ એવું નામ લીધું તે સર્વ પાપથી છૂટીને પરમપદને પામ્યો, **તો મુને તો તે ભગવાન પ્રત્યક્ષ મળ્યા છે અને રાત-દિવસ તે ભગવાનનું હું નામ લઉં છું માટે હું તો કૃતાર્થ થયો છું.** એવી રીતે વિચારીને આનંદમાં રહેવું, પણ જેને તમોગુણ-રજોગુણ વર્તતા હોય તેને ધ્યાન-ધારણાને અર્થે આગ્રહ કરવો નહિ અને જેવું બની આવે તેવું ભજન-સ્મરણ કરવું ને દેહે કરીને ભગવાનની તથા સંતની પરિચર્યા શ્રદ્ધાએ સહિત કરવી ને પોતપોતાના ધર્મમાં રહેવું ને પોતાને પૂર્ણકામ માનવું. **(૩)** ૩

૩ પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** જેને તામસી કર્મ ઘણાં હોય તેના હૈયામાં કળિયુગ વર્તે તે કોઈ ઉપાયે ટળે કે ન ટળે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જો એને સંત તથા પરમેશ્વરના વચનને વિષે અતિશે શ્રદ્ધા હોય અને અતિ દૃઢ વિશ્વાસ હોય તો ગમે તેવાં તામસી કર્મ હોય પણ તેનો નાશ થઈ જાય અને કળિયુગના ધર્મ મટીને સત્યયુગના ધર્મ હોય તે વર્તે, માટે અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય. **(૪)** ૪

૪ પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૪)** સ્થાન તે કેને કહીએ ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ચાર વર્ણ ને ચાર આશ્રમ તે ને જે પોતપોતાનો ધર્મ તેને સ્થાન જાણવું અને તમે ત્યાગી છો તે તમથી જો ત્યાગનો પક્ષ મૂકીને ગૃહસ્થને માર્ગે ચલાય તો તે સ્થાનકથી ભ્રષ્ટ થવાણું એમ જાણવું. **માટે ગમે તેવો આપત્કાળ પડે અથવા અમે આજ્ઞા કરીએ તો પણ તમારે પોતાના ધર્મમાંથી ચળવું નહિ** અને જેમ ગૃહસ્થ વસ્ત્ર તથા અલંકારે કરીને અમારી પૂજા કરવાને ઈચ્છે, તેમ તમારે ઈચ્છવું નહિ; તમારે તો પત્ર, પુષ્પ, ફળ ને જળે કરીને પૂજા કરવી ને એવી પૂજાએ કરીને જ આનંદ માનવો પણ પોતાના ધર્મથી ચળાયમાન થઈને પરમેશ્વરની પૂજા કરવી તે ઠીક નહિ માટે સર્વેને પોતાના ધર્મમાં રહ્યા થકા જેટલી પૂજા થાય તેટલી કરવી એ અમારી આજ્ઞા છે તેને દૃઢ કરીને સર્વે રાખજ્યો. **(૫)** ઈતિ વચનામૃતમ્ **॥૯॥ (૮૭)** ૫

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન (૪) છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે કે ગુણે કરીને યુગની પ્રવૃત્તિ છે. **(૧)**

બીજામાં કર્મે કરીને ગુણની પ્રવૃત્તિ છે. **(૨)** અને ધ્યાન કરવા ન દે એવા ગુણ જેને વર્તતા હોય તેણે પોતાને ગુણાતીત માનવું અને અમારો મહિમા સમજવો જે, જેમનું નામ લીધાથી સર્વે પાપ બળી જાય **એવા આ ભગવાન શ્રી સ્વામિનારાયણ** તે મને પ્રત્યક્ષ મળ્યા છે, એવો અમારો મહિમા સમજીને અમારી આજ્ઞામાં રહીને પોતાને પૂર્ણકામ માનવું. **(૩)** ત્રીજામાં અમારા સંતનો સમાગમ કરે તો દેહ છતાં બ્રહ્મરૂપ થઈ જાય. **(૪)** ચોથામાં ગૃહસ્થની પેઠે ત્યાગીએ વસ્ત્ર-અલંકારે કરીને અમારી પૂજા કરવી નહિ; પત્ર, પુષ્પ, ફળ ને જળે કરીને જ કરવી પણ પોતાના સ્થાન એટલે ધર્મથી ચળવું નહિ **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** (૨/૩ બીજા પ્રશ્નમાં) પોતાના આત્માને ગુણાતીત માનવાનું કહ્યું તે ગુણાતીતનો અર્થ શો સમજવો ?

૧ **ઉ૦** માયાના ત્રણ ગુણથી પોતાના જીવાત્માને પર માનવો તે ગુણાતીત કહ્યો છે.

૨ **પ્ર૦** અજામેળે નારાયણ નામ લીધું તે ભગવાન મને પ્રત્યક્ષ મળ્યા છે એમ કહ્યું તે અજામેળે તો પરોક્ષ નામ લીધું હતું તેમાં શ્રીજીમહારાજનો મહિમા શો આવ્યો ? અને તે પરમપદ પામ્યો તે કિયું જાણવું ?

૨ **ઉ૦** નારાયણ આદિ સર્વ નામ શ્રીજીમહારાજનાં છે. તે પરથારાની બીજી બાબતમાં કહ્યાં છે તે પોતાનાં નામ સર્વ અવતારોને આપેલાં છે તે નામના નામી શ્રીજીમહારાજ મને પ્રત્યક્ષ મળ્યા છે એમ મહિમા સમજે. અને અજામેળે યમયાતનાના દુઃખથી મુકાઈને વિષ્ણુના વૈકુંઠ ધામને પામ્યો, તે ઇન્દ્રાદિકના લોકથી પર છે, તેથી પરમપદ કહ્યું છે.

૩ **પ્ર૦** (૪/૫ ચોથા પ્રશ્નમાં) ત્યાગીએ વસ્ત્ર-અલંકારે કરીને અમારી પૂજા ન કરવી, એમ શ્રીજીમહારાજે કહ્યું તે સાધુ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પૂજવા રાખે તે મૂર્તિને જરિયાની વસ્ત્ર-ઘરેણાં પહેરાવાય કે નહિ ?

૩ **ઉ૦** હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પોતે પૂજવા રાખી હોય તો તે મૂર્તિને સાચાં-ખોટાં તાર વિનાનાં વસ્ત્ર ધરાવવાં, પણ જરિયાની વસ્ત્ર કે સાચાં કે ખોટા ઘરેણાં પહેરાવવાં નહિ અને કાષ્ઠ પાત્રથી નવરાવવા અને મંદિરોમાં પૂજા કરવા રહ્યા હોય તે મૂર્તિઓને વસ્ત્ર-ઘરેણાં પહેરાવે, તેનો બાધ નહિ. ॥૯॥ (૮૭)

## વચનામૃત સારંગપુરનું - ૧૦

❖સંવત ૧૮૭૭ ના શ્રાવણ વદિ ૧૪ ચૌદશને દિવસ શ્રીજીમહારાજ સર્વે સંતનું મંડળ લઈને ગામ **કુંડળથી ચાલ્યા તે વાટમાં ગામ ખાંભડે** આવ્યા ને ત્યાં પીંપરના વૃક્ષ હેઠે ઊતર્યા. પછી તે ગામના માણસે ઢોલિયો લાવીને તે ઉપર પધરાવ્યા અને તે સમે શ્રીજીમહારાજે સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાને ચારે કોરે સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને સાધુ કીર્તન ગાતા હતા.

૧ તે કીર્તન રખાવીને શ્રીજીમહારાજે તે ગામના માણસ આગળ વાત કરી જે, **(૧)** આ સંસારને વિષે ધર્મવાળા ને અધર્મી એ બે પ્રકારના માણસ છે તેમાં ધર્મવાળા જે માણસ હોય તે તો ચોરી તથા પરસ્ત્રીનો સંગ તથા ચાડીચુગલી આદિક સર્વે પાપનો ત્યાગ કરીને ને પરમેશ્વરથી ડરીને ધર્મ-મર્યાદામાં ચાલે છે તેનો સંસારમાં જે પોતાના કુટુંબી હોય અથવા કોઈ બીજા હોય, પણ તે સર્વે વિશ્વાસ કરે ને તે જે બોલે તે વચન સૌને સત્ય જ ભાસે અને એવા જે ધર્મવાળા હોય તેને જ સાચા સંતનો સમાગમ ગમે, અને જે અધર્મી માણસ હોય તે તો **ચોરી, પરસ્ત્રીનો સંગ, મદ્યમાંસનું ભક્ષણ, વટલવું-વટલાવવું** એ આદિક જે સર્વે કુકર્મ તેને વિષે જ ભરપૂર હોય ને તેનો સંસારમાં કોઈ વિશ્વાસ કરે જ નહિ ને એનાં સગાં હોય તે પણ કોઈ એનો વિશ્વાસ ન કરે અને એવા જે અધર્મી હોય તેને સાચા સંતનો સમાગમ તો ગમે જ નહિ. અને જો કોઈ બીજો તે સંતનો સમાગમ કરે તો તેનો પણ દ્રોહ કરે. **(૧)** માટે જેને ૧

કલ્યાણને ઈચ્છવું તેને અધર્મીને માર્ગે ચાલવું જ નહિ, અને ધર્મવાળાને માર્ગે ચાલીને સાચા સંતનો સમાગમ કરવો તો નિશ્ચે જ એ જીવનું કલ્યાણ થાય એમાં કાંઈ સંશય નથી. એટલી વાર્તા કરી તેને સાંભળીને તે ગામના કેટલાક માણસે શ્રીજીમહારાજનો આશ્રય કર્યો. **(૨)** ૨
પછી ત્યાંથી શ્રીજીમહારાજ પાછા **સારંગપુર** પધાર્યા. પછી જીવાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને તે સમે પોતે સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

૨ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૨)** ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર એ સર્વે જે **ભગવાનનાં ધામ તેને બાહ્યદૃષ્ટિએ કરીને જોઈએ તો ઘણાં છેટે છે અને આત્મદૃષ્ટિએ કરીને જોઈએ તો એક અણુ જેટલું પણ છેટું નથી, માટે બાહ્યદૃષ્ટિવાળાની સમજણ છે તે મિથ્યા છે. (૩) અને આત્મદૃષ્ટિવાળાની સમજણ છે તે સત્ય છે અને જે સાધુ એમ સમજતો હોય** ૩
**જે મારા ચૈતન્યને વિષે આ ભગવાન સદાય વિરાજમાન છે તે જેમ દેહમાં જીવ હોય તેમ મારા જીવને વિષે ભગવાન રહ્યા છે ને મારો જીવ છે તે તો શરીર છે અને ભગવાન તો મારા જીવના શરીરી છે અને પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિષે અખંડ ભગવાન વિરાજમાન છે એમ સમજે તો તે સંત થકી ભગવાન અથવા ભગવાનના ધામ તે અણુ માત્ર છેટે નથી અને એવી રીતનો જે સંત હોય તે તો જેવા શ્વેતદ્વીપમાં મુક્ત છે તે સરખો છે અને એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે મુને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું ને એવી સમજણવાળો જે સંત તે તો કૃતાર્થ છે. (૪)** અને ૪
જેને આવી સમજણ તો આવી શકે નહિ, ને જો તે સંતના સમાગમમાં પડ્યો રહે ને **તે સંત નિત્ય પાંચ ખાસડાં મારે તો પણ તે અપમાન સહન કરે ને સંતનો સમાગમ મૂકી શકે નહિ,** જેમ અફીણનો બંધાણી હોય તે તેને મૂકી શકતો નથી તેમ એ પણ કોઈ રીતે સંતનો સમાગમ તજી શકે નહિ તો જેવા પ્રથમ સંત કહ્યા તે સરખો એને પણ જાણવો અને જેવી પ્રાપ્તિ તે સંતને થાય છે તેવી જ જે સંત-સમાગમમાં પડ્યો રહે છે તેને પણ થાય છે. **(૫)** ઈતિ ૫
વચનામૃતમ્ ॥૧૦॥ **(૮૮)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે ધર્મી ને અધર્મી એ બે પ્રકારના માણસનાં લક્ષણ કહ્યાં છે. **(૧)** અને ધર્મવાળાને માર્ગે ચાલીને સાચા સંતનો સમાગમ કરવાનું કહ્યું છે. **(૨)** બીજામાં બાહ્યદૃષ્ટિવાળાની સમજણ મિથ્યા છે. **(૩)** અને આત્મદૃષ્ટિવાળાની સમજણ સત્ય છે ને એ મુક્ત છે ને એનું દર્શન તે સાક્ષાત્ ભગવાન જે અમે તે અમારા જેવું જ છે. **(૪)** ને જે એવા સંતનું અપમાન સહન કરીને એના સમાગમમાં પડ્યો રહે તેને પણ એ સંતના જેવો જાણવો અને તે સંતના જેવી જ એને પ્રાપ્તિ થાય છે. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** (૨/૩ બીજા પ્રશ્નમાં) ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર ધામ કહ્યાં તે કોનાં જાણવાં ?

૧ **ઉ૦** મૂળપુરુષના ધામને ગોલોક કહ્યું છે ને વિષ્ણુના ધામને વૈકુંઠ કહ્યું છે અને શ્રીજીમહારાજના અક્ષરધામને આ ઠેકાણે શ્વેતદ્વીપ નામે કહ્યું છે અને વાસુદેવબ્રહ્મના ધામને બ્રહ્મપુર નામે કહ્યું છે.

૨ **પ્ર૦** બાહ્યદૃષ્ટિવાળાને ધામ ઘણાં છેટે છે અને આત્મદૃષ્ટિવાળાને અણુ જેટલું છેટું નથી એમ કહ્યું, તે બાહ્યદૃષ્ટિવાળાને છેટે શી રીતે હશે ?

૨ **ઉ૦** બાહ્યદૃષ્ટિવાળો પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશાદિક સર્વે આવરણથી પર ભગવાનનું ધામ છે તે દેહ મૂકશું ને શ્રીજીમહારાજ તેડવા આવશે ત્યારે એ આવરણ ઉલ્લંઘીને ધામમાં જવાશે એમ સમજે તેથી તેને ભગવાનનું સમીપપણું રહેતું નથી એ દોષ છે, માટે એની સમજણ મિથ્યા કહી છે; અને આત્મદૃષ્ટિવાળો પોતાના જીવાત્માને અક્ષરથી પર શ્રીજીમહારાજના તેજરૂપ માને છે ને તેમાં શ્રીજીમહારાજ રહ્યા છે એમ માને છે તેથી એને શ્રીજીમહારાજનું સમીપપણું રહે છે પણ આવરણ રહેતું નથી માટે એની સમજણ સત્ય છે.

૩ **પ્ર૦** (૨/૪ બીજા પ્રશ્નમાં) આત્મદૃષ્ટિવાળા સંતને શ્વેતદ્વીપના મુક્ત જેવો કહ્યો ને એનું દર્શન પોતાના જેવું જ કહ્યું અને તમે તો (**સા૦ ૧**ના પહેલા પ્રશ્નોત્તરમાં) વાસુદેવબ્રહ્મના સાધનિક મુક્તો રહ્યા છે તેને શ્વેતદ્વીપ કહી ગયા છો તે શ્વેતદ્વીપના મુક્તનું દર્શન તો શ્રીજીમહારાજના દર્શન જેવું ન કહેવાય તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ૦** શ્વેત એવું જે તેજ તેનો દ્વીપ એટલે સમૂહ તે તેજના સમૂહને આ ઠેકાણે શ્વેતદ્વીપ કહ્યો છે માટે શ્વેતદ્વીપ એટલે અક્ષરધામ કહ્યું છે તે અક્ષરધામમાં જેવા મુક્ત છે તેવો એને કહ્યો છે અને તેનું દર્શન શ્રીજીમહારાજે પોતાના જેવું કહ્યું છે.

૪ **પ્ર૦** (૨/૫ બીજા પ્રશ્નમાં) સંત નિત્ય પાંચ ખાસડાં મારે તે સહન કરે એમ કહ્યું તે શું સમજવું ?

૪ **ઉ૦** પંચવિષયનું ખંડન કરે તે પાંચ ખાસડાં માર્યા તુલ્ય વસમું લાગે તે ખંડનરૂપી ખાસડાં કહ્યાં છે. ॥**૧૦**॥ **(૮૮)**

## વચનામૃત સારંગપુરનું - ૧૧

❖સંવત ૧૮૭૭ના શ્રાવણ વદિ અમાસને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** પુરુષપ્રયત્ન શાસ્ત્રમાં કહ્યું છે તે પુરુષપ્રયત્ને કરીને કેટલું કામ થાય છે ? અને પરમેશ્વરની કૃપાએ કરીને કેટલું કામ થાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે સદ્‌ગુરુ ને સત્‌શાસ્ત્રને વચને કરીને દૃઢ વૈરાગ્યને પામ્યો હોય અને દૃઢ શ્રદ્ધાવાન હોય અને અષ્ટ પ્રકારનું જે બ્રહ્મચર્ય તેને અતિ દૃઢ પાળતો હોય અને અહિંસા-ધર્મને વિષે દૃઢ પ્રીતિવાન હોય અને આત્મનિષ્ઠા પણ અતિ પરિપક્વ હોય તો તેને માથેથી જન્મ-મરણની નિવૃત્તિ થઈ જાય છે, જેમ શાળને માથેથી ફોતરું ઊતર્યું તે શાળ પાછી ઊગે નહિ તેમ કહ્યા એવે ગુણે કરીને જે યુક્ત હોય તે જન્મ-મરણ થકી રહિત થાય છે ને આત્મસત્તાને પામે છે આટલું તો પુરુષપ્રયત્ને કરીને થાય છે. **(૧)** અને ૧
પરમેશ્વરની કૃપા પણ જે એવે લક્ષણે યુક્ત હોય તે ઉપર જ થાય છે ને જ્યારે પરમેશ્વરની કૃપા થાય ત્યારે એ ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે અને શ્રુતિએ કહ્યું છે જે ॥ **નિરંજનઃ પરમં સામ્યમુપૈતિ** ॥ એ શ્રુતિનો એ અર્થ છે જે, અંજન જે માયા તે થકી જે રહિત થયો તે ભગવાનના તુલ્યપણાને પામે છે કહેતાં જેમ ભગવાન શુભ-અશુભ કર્મે કરીને બંધાતા નથી તેમ તે મુક્ત પણ શુભ-અશુભ કર્મે કરીને બંધાય નહિ, અને જેમ લક્ષ્મીજી છે તે હેતે કરીને ક્યારેક તો ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય છે ને ક્યારેક તો નોખાં રહ્યાં થકા

ભગવાનની સેવામાં રહે છે, તેમ **તે ભક્ત પણ અતિશે હેતે કરીને ભગવાનને વિષે ક્યારેક તો લીન થઈ જાય છે ને ક્યારેક તો મૂર્તિમાન થકો ભગવાનની સેવામાં રહે છે** અને જેમ ભગવાન સ્વતંત્ર છે, તેમ એ ભગવાનનો ભક્ત પણ સ્વતંત્ર થાય છે, આવી રીતની જે સામર્થી તે તો ભગવાનની કૃપા થકી આવે છે. **(૨)** ૨

૨ પછી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** જેમાં એ સર્વે અંગ સંપૂર્ણ હોય તેની ઉપર તો ભગવાનની કૃપા થાય છે અને જો એ અંગમાંથી કાંઈક ન્યૂનતા હોય તો તેની શી ગતિ થાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, વૈરાગ્ય, બ્રહ્મચર્ય, શ્રદ્ધા, અહિંસાધર્મ ને આત્મનિષ્ઠા એમાંથી કોઈ અંગમાં ન્યૂનતા હોય તો આત્યંતિક મોક્ષ જે ભગવાનનું અક્ષરધામ તેને તો ન પામે અને એ વિના બીજા જે ભગવાનના ધામ છે તેને પામે અથવા વધુ સવાસનિક હોય તો દેવલોકને પામે જે દેવલોકને ભગવાનના ધામ આગળ મોક્ષધર્મને વિષે નરક તુલ્ય કહ્યા છે. અને દેવતામાંથી મનુષ્ય થાય અને મનુષ્યમાંથી વળી દેવતા થાય. અને .....

**॥ અનેક જન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્ ॥**

એ શ્લોકનો પણ એ જ અર્થ છે જે, જે ભગવાનનો ભક્ત સવાસનિક હોય તે નરક ચોરાશીમાં તો ન જાય અને દેવતામાં ને મનુષ્યમાં તો અનંત જન્મ ધરે પછી જ્યારે પૂર્વે કહ્યા એવાં વૈરાગ્યાદિક લક્ષણે યુક્ત થાય ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થાય ને પછી ભગવાનનો એકાંતિક ભક્ત થઈને ગુણાતીત એવું જે ભગવાનનું અક્ષરધામ તેને પામે છે માટે એક જન્મે અથવા અનંત જન્મે પણ જે દિવસ પ્રથમ કહ્યાં એવે લક્ષણે યુક્ત થઈને અતિશે નિર્વાસનિક થાશે ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થાશે ને આત્યંતિક મોક્ષને પામશે પણ તે વિના તો નહિ જ પામે. **(૩)** ૩

૩ પછી નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** આ દેહે કરીને જ સર્વ કસર માત્ર મટી જાય એવો કોઈ ઉપાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જો ખબડદાર થઈને મંડે તો આ ને આ દેહે જ સર્વે કસર મટી જાય અથવા દેહપર્યંત કસર ન મટી હોય ને અંત સમે જ નિર્વાસનિક થાય ને ભગવાનને વિષે અતિશે પ્રીતિ થાય તો અંતકાળે પણ ભગવાનની કૃપા થાય ને ભગવાનના ધામને પામે, માટે એક દેહે અથવા અનંત દેહે અથવા અંત સમે એક ઘડી મૃત્યુ આડી રહી હોય ત્યારે પણ જો અતિશે ભગવાનને વિષે વૃત્તિ જોડાઈ જાય તો તે ભક્તને કોઈ જાતની કસર રહેતી નથી. **(૪)** ઇતિ વચનામૃતમ્ ॥૧૧॥ **(૮૯)** ૪

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે કે, વૈરાગ્ય, શ્રદ્ધા, બ્રહ્મચર્ય, અહિંસા ને આત્મનિષ્ઠા એ પાંચ સાધન તે પુરુષપ્રયત્ન છે તેણે યુક્ત થાય તે જન્મમરણથી રહિત થઈને આત્મસત્તાને પામે છે એટલે અમારા તેજરૂપ થાય છે. **(૧)** તે ઉપર જ અમારી કૃપા થાય છે ત્યારે અમારા તુલ્યપણાને પામે છે ને અમારા જેવો જ સમર્થ થાય છે. **(૨)** બીજામાં એ અંગમાં ન્યૂનતા હોય તો અમારા અક્ષરધામ વિના બીજાં ધામોને પામે છે ને વધુ સવાસનિક હોય તો દેવલોકને પામે છે. **(૩)** ત્રીજામાં ખબરદાર રહીને મંડે તો આ દેહે જ સર્વે કસર મટી જાય. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં વૈરાગ્ય, શ્રદ્ધા, બ્રહ્મચર્ય, અહિંસા ને આત્મનિષ્ઠા એ પાંચ સાધન કહ્યાં તેનાં રૂપ શાં હશે ?

૧ **ઉ૦** જીવકોટી તેથી પર માયાકોટી, તેથી પર ઈશ્વરકોટી, તેથી પર બ્રહ્મકોટી, તેથી પર અક્ષરકોટી, તેથી પર તે સર્વેનું આધાર જે શ્રીજીમહારાજની મૂર્તિનું તેજ તેમાં પણ પ્રીતિ નહિ; એક શ્રીજીમહારાજ તથા મુક્તમાં જ પ્રીતિ એ વૈરાગ્યનું રૂપ છે. અને શ્રીજીમહારાજ તથા મુક્તના વચનમાં આસ્તિક બુદ્ધિ તેને આ ઠેકાણે શ્રદ્ધા કહી છે. અને બ્રહ્મચર્યનું રૂપ (**પ્ર૦ ૭૩**ના પહેલા પ્રશ્નોત્તરમાં) કર્યું છે. અને કોઈ જીવપ્રાણીમાત્રને મન, કર્મ, વચને દુઃખવવો નહિ તે અહિંસા જાણવી. ને પોતાના જીવાત્માને શ્રીજીમહારાજના તેજરૂપ માનવો તે આત્મનિષ્ઠા જાણવી.

૨ **પ્ર૦** (૧/૨ પહેલા પ્રશ્નમાં) શુભ-અશુભ કર્મે કરીને મુક્ત બંધાતા નથી એમ કહ્યું તે કર્મ કિયાં જાણવાં ?

૨ **ઉ૦** અશુભ એટલે ભૂંડાં પાપ કર્મ અને શુભ તે ભગવાનના સંબંધે રહિત સુકૃત કર્મ તેમાં અશુભ કર્મે કરીને નરકમાં જવાય છે ને શુભ કર્મે કરીને દેવાદિકના લોકમાં જવાય છે. એવા કર્મવાળા જીવ પોતાને શરણે આવે તો તે જીવોને શુભ-અશુભ કર્મનાં ફળ ભોગવાવ્યાં વિના જ મુક્ત કરીને શ્રીજીમહારાજને સમીપે મૂકી દે પણ તેવા કર્મવાળા જીવોનો મોક્ષ કરવામાં બંધાય એટલે અટકે નહિ તે શુભ-અશુભ કર્મે કરીને નથી બંધાતા એમ જાણવું.

૩ **પ્ર૦** ક્યારેક મુક્ત મૂર્તિમાં લીન રહે છે અને ક્યારેક બહાર રહે છે એમ કહ્યું તે કેમ સમજવું ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા સદા સુખ ભોગવે છે તે લીન સમજવા ને સુખમાં રહ્યા થકા જ શ્રીજીમહારાજના સંકલ્પથી અનંત જીવોના ઉદ્ધારને અર્થે અનંત બ્રહ્માંડમાં મનુષ્યરૂપે દર્શન આપીને શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં લઈ જાય એવી સેવા કરે છે તે બહાર સમજવા.

૪ **પ્ર૦** જ્યારે મુક્ત શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થાય ત્યારે તો મૂર્તિ વ્યાપ્ય થઈ ને મુક્ત વ્યાપક થયા તે મોટો બાધ આવે છે તે કેવી રીતે સમજવું ?

૪ **ઉ૦** પોતાને વિષે અતિશે પ્રીતિવાળા ભક્તને શ્રીજીમહારાજ દયાએ કરીને પોતાની મૂર્તિને વિષે રાખે છે, પણ મુક્ત વ્યાપતા નથી અને સ્વામી હોય તે પોતાના સેવકને પોતાને વિષે લીન કરે એમાં કાંઈ આશ્ચર્ય નથી, જેમ લક્ષ્મીજી છે તે શ્રીકૃષ્ણ ભગવાનનાં સેવક છે તેને શ્રીકૃષ્ણ ભગવાન પોતાને વિષે લીન કરે છે તેણે કરીને કાંઈ લક્ષ્મીજી વ્યાપક ન થયાં; એ તો ઉપરી હોય તે પોતાના સેવકને લીન કરે જ. તે (**લો૦ ૧૩**ના બીજા પ્રશ્નમાં) મુક્તોને લીન કરીએ છીએ એમ કહ્યું છે.

૫ **પ્ર૦** (૨/૩ બીજા પ્રશ્નમાં) પાંચ અંગમાંથી કોઈક અંગમાં ન્યૂનતા હોય તો અક્ષરધામ વિના બીજા ધામને પામે ને વધુ સવાસનિક હોય તો દેવલોકને પામે એમ કહ્યું તે બીજાં ધામ કિયાં જાણવાં ? અને દેવલોક કિયાં જાણવાં ?

૫ **ઉ૦** બીજાં ધામ કહ્યાં તે બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપ જાણવાં અને દેવલોક કહ્યા તે ઇંદ્ર-બ્રહ્માદિકના લોક જાણવાં.

૬ **પ્ર૦** ગુણાતીત એવું જે અક્ષરધામ કહ્યું તે ગુણાતીતનો અર્થ શો સમજવો ?

૬ **ઉ૦** માયાના ગુણ થકી પર માટે ગુણાતીત કહ્યું છે. આનો વિશેષ વિસ્તાર (**પ્ર૦ ૧૨**ના સોળમા પ્રશ્નોત્તરમાં) કર્યો છે. **॥૧૧॥ (૮૯)**

## વચનામૃત સારંગપુરનું - ૧૨

❖સંવત ૧૮૭૭ના ભાદરવા સુદિ ૧ પડવાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈની બેઠી હતી.

૧ પછી નિર્વિકારાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** સાધુને વિષે કિયા ગુણ અખંડ રહે છે ને કિયા ગુણ આવે-જાય એવા છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એક તો આત્મનિષ્ઠા

અને બીજો સ્વધર્મ ને ત્રીજો ભગવાનના સ્વરૂપનો નિશ્ચય એ ત્રણ ગુણ તો અખંડ રહે છે અને બીજા ગુણ તો આવે ખરા ને પાછા જાય પણ ખરા. માટે બીજા ગુણ તો આવ્યા ગયા રહે છે અને એ ત્રણ ગુણ તો અખંડ રહે છે. **(૧)** ૧

૨ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** દેહની ને આત્માની નોખી વિક્તિ સમજાણી હોય તો ય પણ તે વિક્તિને ભૂલીને પાછો દેહાભિમાની કેમ થાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, દેહ-આત્માની વિક્તિ એક વાર ચોખ્ખી સમજાણી હોય તો પછી પાછી ભુલાય નહિ અને એમ માને જે, હું દેહ છું તો પણ દેહ પોતાનું રૂપ મનાય જ નહિ અને ભગવાનનો નિશ્ચય પણ જો એક વાર દૃઢ થયો હોય તો પાછો ટાળે તો પણ ટળે નહિ અને એમ જણાય છે જે આત્મબુદ્ધિ મટીને દેહબુદ્ધિ આવી જાય છે એ તો ખોટો ખોટો મનમાં ભ્રમ પડે છે પણ દેહાભિમાન તો આવતું જ નથી અને એવો જે પરિપક્વ જ્ઞાની તેને તો આત્માનું જ અભિમાન દૃઢ રહે છે. **(૨)** ને તે પોતાના આત્માને બ્રહ્મરૂપ માને છે અને તે બ્રહ્મને વિષે પરબ્રહ્મ જે **૨**
પુરુષોત્તમ ભગવાન તે અખંડ વિરાજમાન છે અને તે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય પણ એને અખંડ ને અખંડ રહે છે. **(૩)** ૩

૩ પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** પોતાના આત્માનો વિચાર કેમ કરવો ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જ્યારે અંતઃકરણ સામું દ્રષ્ટા એવો જે જીવાત્મા તે જોઈ રહે ત્યારે બહાર જે સ્થૂળ શરીર અને તે સંબંધી જે વિષય તે સર્વે વીસરી જાય છે અને અંતઃકરણ ને દ્રષ્ટા એ બેના વચમાં જે વિચાર ઠરે છે તે વિચારે કરીને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ સર્વેના રૂપને જાણવાં પછી વિચારની દૃષ્ટિએ એ અંતઃકરણના ઘાટ સામું જોતાં જોતાં જ્યારે ઘાટ બંધ થઈ જાય ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું અને જ્યાં સુધી ઘાટ-સંકલ્પનું બળ હોય ત્યાં સુધી તો સંકલ્પ સામું જોઈ રહેવું પણ ધ્યાન ન કરવું અને જે બહાર સ્થૂળ દેહને વિષે પંચ જ્ઞાન-ઈન્દ્રિયો છે તે જ્યારે પોતપોતાના વિષય સામા જાય છે ત્યારે વિચારને બે પ્રકારે કરવો : એક તો જે વિષયને આકારે ઈન્દ્રિયો થયાં હોય તે વિષયને આકારે વિચાર કરવો અને બીજો તે ઈન્દ્રિયોના ગોલકને વિષે જે જોનારો દ્રષ્ટા છે તે દ્રષ્ટાને આકારે વિચાર કરવો પછી વિષયને આકારે ને દ્રષ્ટાને આકારે એ બે પ્રકારે જે વિચાર છે તે એક થઈ જાય છે પછી તે વિષયમાંથી વૃત્તિ અતિશે તૂટી જાય છે, એમ વિચાર્યા વિના જો બળાત્કારે કરીને વિષયમાંથી વૃત્તિને તોડે તો તે વૃત્તિ ને વિષયમાંથી પ્રીતિ મટે નહિ અને જ્યારે વિચારીને વૃત્તિને પાછી વાળે ત્યારે તે વૃત્તિ પાછી વિષયમાં જોડાય જ નહિ, માટે જ્યાં સુધી ઈન્દ્રિયોની વૃત્તિને વિષય સન્મુખ પ્રીતિ હોય ત્યાં સુધી ભગવાનનું ધ્યાન કરવું નહિ અને જ્યારે ઈન્દ્રિયોની વૃત્તિ સ્થિર થાય ત્યારે ભગવાનનું ધ્યાન કરવું અને જ્યારે બહાર સ્થૂળ દેહમાં દ્રષ્ટા વર્તતો હોય ત્યારે ચોખ્ખો વિભાગ કરી રાખવો જે, જ્યારે સ્થૂળ દેહમાં વર્તવું ત્યારે સૂક્ષ્મ દેહના ઘાટ સામું તો જોવું જ નહિ અને જ્યારે અંતઃકરણ સન્મુખ જોવું ત્યારે સ્થૂળ દેહને

વિસારી દેવું અને દ્રષ્ટાને ને દશ્યને મધ્યે જે વિચાર છે તે વિચારે કરીને એમ સમજવું જે દ્રષ્ટા ને દશ્ય તે અતિશે જુદા જ છે, એમ સમજીને દેહના ભાવ તે દેહને વિષે હોમવા અને દ્રષ્ટા જે ચૈતન્ય તેના ભાવ તે ચૈતન્યને વિષે હોમવા. અને બાળ, યૌવન, વૃદ્ધ, સ્થૂળ, કૃશ, જીવવું, મરવું એ સર્વે દેહના ભાવ છે તે આત્માને વિષે માનવા જ નહિ; અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, જ્ઞાનરૂપ, સુખરૂપ, સત્તારૂપ, એ જે સર્વે આત્માના ભાવ છે તે કોઈ કાળે દેહને વિષે સમજવા જ નહિ; એ ગુણ તો આત્માને વિષે જ સમજવા, ને એવો જે વિચાર તે જ્યાં સુધી ઘાટ-સંકલ્પનું બળ હોય ત્યાં સુધી મૂકવો નહિ, જેમ રાજા હોય તે જ્યાં સુધી શત્રુનું બળ હોય ત્યાં સુધી રાજગાદીએ બેસીને સુખ ભોગવે નહિ અને જ્યારે શત્રુ માત્રનો નાશ થઈ જાય ત્યારે પોતાના રાજ્યના જે વૈભવ છે તેને ભોગવે છે, તેમ જે ભગવાનનો ભક્ત હોય તેને જ્યાં સુધી મન ને ઈન્દ્રિયોરૂપી શત્રુ પીડતા હોય ત્યાં સુધી પૂર્વે કહ્યો એવો જે વિચાર તે દઢપણે રાખવો, અને જ્યારે મન-ઈન્દ્રિયોના ઘાટ સર્વે શમી જાય ત્યારે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરવું. **(૪)** ઈતિ વચનામૃતમ્ **॥૧૨॥ (૯૦)** ૪

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલામાં બીજા ગુણ તો આવ્યા ગયા રહે પણ આત્મનિષ્ઠા, સ્વધર્મ ને અમારો નિશ્ચય એ ત્રણ ગુણ જેમાં અખંડ રહે તે જ સાધુ છે. **(૧)** બીજામાં પરિપક્વ જ્ઞાનીને આત્માનું અભિમાન દઢ રહે છે. **(૨)** ને તે બ્રહ્મરૂપ આત્માને વિષે અમે અખંડ રહ્યા છીએ એવો અમારો નિશ્ચય પણ અખંડ રહે છે. **(૩)** ત્રીજામાં સંકલ્પનું બળ હોય ત્યારે આત્મા-અનાત્માનો વિચાર કરવો ને ઘાટ શમી જાય ત્યારે અમારું ધ્યાન કરવું એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં સાધુને વિષે આત્મનિષ્ઠા, સ્વધર્મ અને અમારો નિશ્ચય એ ત્રણ ગુણ અખંડ રહે છે એમ કહ્યું તે ત્રણેનાં લક્ષણ શાં હશે ?

૧ **ઉ૦** સાધુનાં (૩૨) બત્રીસ લક્ષણને આ ઠેકાણે સ્વધર્મ કહ્યો છે તે (**પ્ર૦ ૭૭**ના ત્રીજા પ્રશ્નોત્તરમાં) કહ્યા છે. અને મૂળ અક્ષરથી પર સર્વેનું આત્મા એવું જે શ્રીજીમહારાજનું તેજ જે બ્રહ્મ તે રૂપ આત્માને માનવો તે આત્મનિષ્ઠા કહી છે. અને એ તેજમાં શ્રીજીમહારાજની મૂર્તિને ધારીને તેમની ઉપાસના કરવી તે નિશ્ચય કહ્યો છે.

૨ **પ્ર૦** સાધુને વિષે બીજા ગુણ આવ્યા ગયા રહે છે એમ કહ્યું તે ગુણ કિયા જાણવા ?

૨ **ઉ૦** કોઈના અંતરનું જાણવું કે ભૂત-ભવિષ્યનું જાણવું કે વચન સિદ્ધ થાય કે ભગવાનનાં ધામ દેખવાં એ ગુણ આવે ને શ્રીજીમહારાજની ઈચ્છાથી જાય પણ ખરા.

૩ **પ્ર૦** (૩/૪ ત્રીજા પ્રશ્નમાં) વિષયને આકારે ને દ્રષ્ટાને આકારે વિચાર કરવો એમ કહ્યું તે વિષયને આકારે ને દ્રષ્ટાને આકારે કેવી રીતે વિચાર કરવો ?

૩ **ઉ૦** વિષયને વિષે દોષ, દુઃખ ને નાશવંતપણું વિચારવું અને આત્માનું અજર, અમર, સુખરૂપ, સત્તારૂપ, અવિનાશીપણું વિચારવું એવી રીતે વિચાર કરે ત્યારે ઈન્દ્રિયોની વૃત્તિ વિષયમાંથી પાછી વળીને સ્થિર થાય ત્યારે ધ્યાન કરવું.

૪ **પ્ર૦** સ્થૂળ દેહમાં વર્તવું ત્યારે સૂક્ષ્મ દેહના ઘાટ સામું જોવું નહિ અને અંતઃકરણ સન્મુખ જોવું ત્યારે સ્થૂળ દેહને વિસારી દેવું એમ કહ્યું તે કેવી રીતે વિસારવા ?

૪ **ઉ૦** સ્થૂળ દેહે કથા-વાર્તા સાંભળવી તે સ્થૂળ દેહે વર્તવું કહેવાય. તે વખતે સૂક્ષ્મ દેહમાં ઘાટ-સંકલ્પ થતા હોય તેને સંભારે જે મને આવા ઘાટ થાય છે તો કથા-વાર્તા સમજાય નહિ, માટે તે ટાણે તો કથા-વાર્તા જ સાંભળવી પણ સૂક્ષ્મ દેહના ઘાટ સામું જોવું નહિ; અને જ્યારે અંતરવૃત્તિ કરીને આત્મા સામું જોવું ત્યારે પોતાને આત્મારૂપે માનવું પણ દેહરૂપ ન માનવું તે સ્થૂળ

દેહને વિસારી દીધું કહેવાય. ॥૧૨॥ (૯૦)

## વચનામૃત સારંગપુરનું - ૧૩

❖સંવત ૧૮૭૭ના ભાદરવા સુદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧)** જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય પ્રથમ થઈને પછી મટી જાય છે તેને તે પ્રથમ નિશ્ચય થયો હતો કે નહોતો થયો ? પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામી બોલ્યા જે, જેને પોતાના જીવાત્માને વિષે નિશ્ચય થયો હોય તે તો કોઈ રીતે ટળે નહિ અને શાસ્ત્રની રીતે જો નિશ્ચય થયો હોય તો શાસ્ત્રમાં ન મળે એવું ચરિત્ર જ્યારે પરમેશ્વર કરે ત્યારે ભગવાનનો નિશ્ચય હોય તે ટળી જાય છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, શાસ્ત્રને વિષે તો પરમેશ્વરનું સમર્થપણું, અસમર્થપણું, કર્તાપણું, અકર્તાપણું, એવી અનંત જાતની વાત છે, માટે એવું કિયું શાસ્ત્ર બહાર ચરિત્ર પરમેશ્વરે કર્યું હશે જેણે કરીને એનો નિશ્ચય ટળી ગયો ? એ પ્રશ્નનો ઉત્તર કરો. પછી સર્વે મુનિ બોલ્યા જે, શાસ્ત્ર બહાર તો કોઈ ચરિત્ર નથી, માટે હે મહારાજ ! એ જીવને નિશ્ચય થઈને પાછો ટળી જાય છે તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને ભગવાનનો નિશ્ચય થાય છે તેને શાસ્ત્રે કરીને જ થાય છે, કાં જે શાસ્ત્રમાં પરમેશ્વરનાં પણ લક્ષણ કહ્યાં હોય અને સંતનાં પણ કહ્યાં હોય માટે શાસ્ત્રે કરીને નિશ્ચય થાય તે જ અચળ રહે છે. **(૧)** અને શાસ્ત્ર વિના પોતાને મને કરીને જે નિશ્ચય ૧
કર્યો હોય તે નિશ્ચય ટળી જાય છે અને વળી ધર્મની પ્રવૃત્તિનું જે કારણ છે તે પણ શાસ્ત્ર જ છે અને જેણે શાસ્ત્ર કોઈ દિવસ સાંભળ્યાં જ નથી એવા જે અજ્ઞાની જીવ તેમને વિષે પણ મા, બોન, દીકરી ને સ્ત્રી તેની વિક્તિરૂપ જે ધર્મની મર્યાદા તે આજ સુધી ચાલી આવે છે તેનું કારણ પણ શાસ્ત્ર જ છે, કેમ જે શાસ્ત્રમાંથી કોઈકે પ્રથમ એવી વાત સાંભળી છે તે પરંપરાએ કરીએ સર્વ લોકમાં પ્રવર્તી છે, માટે જેને ભગવાનનો નિશ્ચય થઈને ટળી જાય છે તેને તે શાસ્ત્રના વચનની પ્રતીતિ જ નથી; એ તો કેવળ મનમુખી છે ને નાસ્તિક છે. **(૨)** ૨
ને જો શાસ્ત્રની પ્રતીતિ હોય તો કોઈ કાળે પરમેશ્વરથી વિમુખ થાય જ નહિ, કાં જે શાસ્ત્રમાં તો અનંત જાતના ભગવાનનાં ચરિત્ર છે માટે પરમેશ્વર ગમે તેવાં ચરિત્ર કરે પણ શાસ્ત્રથી બહાર હોય જ નહિ, માટે જેને શાસ્ત્રના વચનનો વિશ્વાસ હોય તેને જ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અડગ થાય છે ને કલ્યાણ પણ તેનું જ થાય છે અને તે ધર્મમાંથી પણ કોઈ કાળે ડગે જ નહિ. **(૩)** ઈતિ વચનામૃતમ્ **॥૧૩॥ (૯૧)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શાસ્ત્રે કરીને નિશ્ચય થાય તે અચળ રહે છે. **(૧)** અને મને કરીને નિશ્ચય કર્યો હોય તે ટળી જાય છે, ને જેને શાસ્ત્રના વચનની પ્રતીતિ ન હોય તે મનમુખી ને નાસ્તિક છે. **(૨)** અને શાસ્ત્રે કરીને જેને

નિશ્ચય થયો હોય તેનું જ કલ્યાણ થાય છે ને ધર્મ પણ એનો જ અડગ રહે છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં શાસ્ત્રે કરીને અમારો નિશ્ચય થાય એમ શ્રીજીમહારાજે કહ્યું અને (**મ૦ ૩૧**ના ૨/૫ બીજા પ્રશ્નમાં) શાસ્ત્રના શબ્દ સાંભળીને સમજણમાં ઠા રહેતો નથી એમ કહ્યું છે. તથા (**પ્ર૦ ૭**/૧માં) શાસ્ત્રમાં અધ્યાત્મવાર્તા હોય તે કોઈને સમજાતી નથી; ભ્રમી જવાય છે એમ કહ્યું છે અને (**મ૦ ૧૩**/૩માં) સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે જ શાસ્ત્રની વાત સમજાય છે એમ કહ્યું તે કેમ સમજવું ?

૧ **ઉ૦** આમાં ભગવાનના યોગ્ય-અયોગ્ય ચરિત્રમાં સંશય ન થાય એટલો જ નિશ્ચય કહ્યો છે પણ સર્વે અવતારોથી પર સમજાય એમ નથી કહ્યું અને (**પ્ર૦ ૭**માં) શાસ્ત્રમાં અધ્યાત્મવાર્તા સમજાય એવી ચોખ્ખી વિક્તિ નથી તે અમે સમજાવીએ એમ કહ્યું છે ને પછીથી પોતાનો સિદ્ધાંત કહ્યો છે. અને (**મ૦ ૩૧**માં) શાસ્ત્રના શબ્દ સાંભળીને અમારા સર્વોપરીપણામાં સંશય થાય એમ કહ્યું છે, પણ યથાર્થ નિશ્ચય ને યથાર્થ મહિમા ને શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર તે તો સત્પુરુષ થકી થાય છે તે જેને આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર હોય ને પોતાનો સંગ કરનારના માયિક ઘાટ ટાળીને મૂર્તિને સુખે સુખિયા કરે તે સત્પુરુષ જાણવા. **॥૧૩॥ (૯૧)**

## વચનામૃત સારંગપુરનું - ૧૪

❖સંવત ૧૮૭૭ના ભાદરવા સુદિ ૩ ત્રીજને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને કાળા છેડાનો શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્વેત ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી ને કાન ઉપર પીળાં પુષ્પના ગુચ્છ વિરાજમાન હતા અને પાઘમાં પીળાં પુષ્પનાં છોગાં ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે પીળાં પુષ્પનો હાર નાભિ સુધી હિંડળતો વિરાજમાન હતો અને આથમણું મુખારવિંદ કરીને શ્રીજીમહારાજ વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશેદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** ભગવાનનો ભક્ત હોય તે ભગવાનનાં ધામ જે વૈકુંઠાદિક તેને પામીને શે દોષે કરીને પાછો પડતો હશે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, કોણ ભગવાનના ધામને પામીને પાછો પડ્યો છે એક તો બતાવો ? પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ કહ્યું જે, એક તો વૈકુંઠમાંથી જય-વિજય ભગવાનના પાર્ષદ પડ્યાં અને ગોલોકમાંથી રાધિકાજી ને શ્રીદામ પડ્યાં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જય-વિજય પડ્યાં એ તો ભગવાને પોતાના સંતનો મહિમા દેખાડવા સારુ પાડ્યા જે સનકાદિક જેવા સંતનો દ્રોહ કરે તો વૈકુંઠાદિક જેવા ધામને પામ્યો હોય તો ય પણ પડી જાય છે અને જય-વિજય તો પાછા ત્રીજે જન્મે ભગવાનના વૈકુંઠ ધામમાં પહોંચ્યા, માટે એ કાંઈ પડ્યાં ન કહેવાય; એ તો ભગવાનની ઈચ્છાએ થયું અને પડ્યો તો તે કહેવાય જે તેને પાછો ભગવાનનો સંબંધ જ ન રહે અને ગોલોકથી રાધિકાજી પડ્યાં તે પણ ભગવાનની જ ઈચ્છા હતી અને પોતાને પણ મનુષ્યદેહ કરીને અનંત જીવનો ઉદ્ધાર કરવો હતો અને પોતાનાં કલ્યાણકારી જે ચરિત્ર તેને વિસ્તારવાં હતાં, માટે રાધિકાજીને કોઈ પડ્યાં કહે તો ભગવાન પણ તે ભેળે પડ્યાં કહેવાય, તે સારુ ભગવાનની ઈચ્છાએ જે ગોલોકથી પૃથ્વીને વિષે આવ્યાં એ તે કાંઈ પડ્યાં ન કહેવાય, એ ઠેકાણે તો ભગવાનની ઈચ્છા જાણવી. તે ભગવાનની

ઈચ્છાએ તો અક્ષરધામમાંથી પણ દેહ ધરે અને જડ હોય તે ચૈતન્ય થઈ જાય અને ચૈતન્ય હોય તે જડ થઈ જાય, કેમ જે ભગવાન તો અતિ સમર્થ છે તે જેમ કરે તેમ થાય પણ તે ભગવાનની ઈચ્છા વિના તો ભગવાનના ધામને પામીને કોઈ પડે જ નહિ અને જે પડે છે તે તો આધુનિક ભક્ત હોય તે સાધનકાળમાંથી જ પડે છે તે તો યોગભ્રષ્ટ કહેવાય પણ વૈરાગ્ય, આત્મનિષ્ઠા, ભગવાનની ભક્તિ ને બ્રહ્મચર્યાદિક જે ધર્મ તેણે કરીને જે સિદ્ધ થયા તે તો જેવા શ્વેતદ્વીપને વિષે મુક્ત છે તે સરખાં છે; તે તો કોઈ કાળે પડતા નથી. **(૧)** ૧

એવી રીતે શ્રીજીમહારાજ એટલી વાત કરીને પછી બોલ્યા જે, લ્યો હવે અમે એક પ્રશ્ન
૨ પૂછીએ. પછી મુનિએ કહ્યું જે પૂછો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૨)** મહાભારતના ઉદ્યોગપર્વને વિષે સનતસુજાત ઋષિએ ધૃતરાષ્ટ્ર પ્રત્યે કહ્યું છે જે, એક તો પ્રમાદ ને બીજો મોહ એ બેયનો ત્યાગ કરે તો તે સર્વે પ્રકારે ભગવાનની માયાને તરી રહ્યો છે અને પ્રમાદ ને મોહ એનું જ નામ માયા છે, માટે આપણે ત્યાગી એવા ભગવાનના ભક્ત કહેવાઈએ છીએ ને તેમાં જેને પ્રમાદ ને મોહ વર્તતા હશે ને ભગવાનના મહિમાનું બળ લઈને જે ભક્ત પ્રમાદને ને મોહને ટાળ્યાનો ખટકો નહિ રાખતો હોય તે ભક્તને દેહ છતે કેવું સુખ હશે અને મરીને તે કેવા સુખને પામશે ? એ પ્રશ્ન છે. પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામી બોલ્યા જે, જે ભગવાનનો ભક્ત હોય તે ભગવાનનું માહાત્મ્ય અતિશે વિચારીને પ્રમાદ કે મોહ ન ટળે તો પણ તેની કાંઈ ઝાઝી ચિંતા રાખે નહિ, પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનનો ભક્ત હોય તેને પ્રમાદ ને મોહ વર્તતા હોય ને તેને ટાળ્યાનો ખટકો રાખે તેને ખોટ કેટલી છે અને જે ટાળ્યાનો ખટકો ન રાખે તેમાં શો વિશેષ છે ? પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામી બોલ્યા જે, ભગવાનનું બળ રાખે અને સાધનનું બળ ન રાખે માટે એ વિશેષ જ છે તો પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને પ્રમાદ ને મોહરૂપ શત્રુ રહ્યા છે તો ય પણ જે ગાફલ રહે છે તેને તો તમે શ્રેષ્ઠ કહો છો, જેમ પતિવ્રતા સ્ત્રી હોય ને તે પોતાના પતિની બીકે ને પતિવ્રતાનો ધર્મ રાખ્યાની બીકે અતિશે મનમાં ખટકો રાખીને કોઈ પુરુષ સાથે હસીને તાળી લે નહિ ને તેને એમ મનમાં બીક રહે જે, જો હું ગાફલાઈ રાખીશ તો મારો પતિ મુને વ્યભિચારિણી જાણશે તો મારી સેવા અંગીકાર નહિ કરે એટલે મારે પતિવ્રતાના ધર્મમાં ખોટ પડશે, એવું જાણીને મનમાં ખટકો રાખે છે. તેમ જે ભક્ત એ પતિવ્રતાના જેવી ભક્તિ રાખે ને પ્રમાદને ને મોહને ટાળવાનો ખટકો રાખે તેને તો તમે મૂળગી ખોટ બતાવો છો, અને વળી જેમ કોઈક સ્ત્રી પોતાને મનમાં આવે તે પુરુષ સાથે તાળીઓ દેતી ફરે ને પતિવ્રતાનો ધર્મ પાળવાનો ખટકો ન રાખે તેમ જે ભક્ત પ્રમાદને ને મોહને ટાળ્યાનો ખટકો ન રાખે તેને તો તમે શ્રેષ્ઠ બતાવો છો એ તે શું તમારી એવી અવળી સમજણ છે કે કેમ છે ? અને જે ગાફલાઈ રાખશે ને તે ભગવાનનો ભક્ત હશે તો પણ તેને પ્રમાદ ને મોહ એ બે શત્રુ નડ્યા વિના નહિ રહે, **જેમ મદિરા પીએ તથા ભાંગ્ય પીએ તો જેમ વિમુખને કેફ ચડે છે તેમ જ ભગવાનનો ભક્ત હોય તેને પણ કેફ**

**ચડે ને ગાંડો થાય તેમ મદિરા ને ભાંગ્યરૂપ જે પ્રમાદ ને મોહ તે તો જેમ વિમુખ જીવને નડે તેમ જ ભગવાનના ભક્તને પણ નડે** અને વિમુખમાં ને હરિભક્તમાં એટલો જ ફેર છે જે, વિમુખને એ બે શત્રુ ટળે નહિ અને ભગવાનનો ભક્ત જો ખટકો રાખીને ટાળવાનો ઉપાય કરે તો એ બે શત્રુ નાશ પામી જાય એટલો ભગવાનના ભક્તને વિશેષ છે અને જે ગાફલાઈ રાખે તે તો ભગવાનનો ભક્ત હોય તોય સારો નહિ. **(૨)** ૨

૩ પછી શ્રીજીમહારાજે ફરીને પ્રશ્ન પૂછ્યો જે, **(૩)** સ્થૂળ શરીર તે કેટલાં તત્ત્વનું છે ? અને સૂક્ષ્મ શરીર તે કેટલાં તત્ત્વનું છે ? અને સ્થૂળ દેહમાં ને સૂક્ષ્મ દેહમાં બરોબર તત્ત્વ છે કે કાંઈ ઓછાં અધિકાં છે એ બે શરીરનું રૂપ કરો ? પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ એ પ્રશ્નનો ઉત્તર કરવા માંડ્યો પણ થયો નહિ, પછી સર્વે મુનિ બોલ્યા જે, હે મહારાજ ! એનો ઉત્તર તમે કૃપા કરીને કરો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પંદર તત્ત્વનું સ્થૂળ દેહ છે પણ તેમાં જ્યારે નવ તત્ત્વનું જે સૂક્ષ્મ દેહ તે વર્તે ત્યારે વિષયનું જ્ઞાન યથાર્થ થાય પણ તે વિના થાય નહિ, માટે સ્થૂળ દેહને વિષે પણ ચોવીશ તત્ત્વ છે તે તત્ત્વ કિયાં તો પંચભૂત, પંચ જ્ઞાનઈન્દ્રિયો, પંચ કર્મઈન્દ્રિયો એ પંદર તત્ત્વનું સ્થૂળ દેહ છે ને તે સ્થૂળ દેહ ને શ્રોત્ર ઈન્દ્રિય હોય ને તેણે કરીને વાત સાંભળતો હોય ને જો મન બીજે ઠેકાણે જાય તો તે વાર્તા સમજાય નહિ એવી રીતે દશે ઈન્દ્રિયોને વિષે જો મન વર્તે તો જ તે ઈન્દ્રિયો પોતપોતાના વિષયને ગ્રહણ કરવા સમર્થ થાય અને જો મન ન વર્તતું હોય તો કોઈ ઈન્દ્રિયો પોતાના વિષયને ગ્રહણ કરવાને સમર્થ થાય નહિ અને મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર એ તો ભેળાં જ હોય અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ને ગંધ એ પંચતન્માત્રા પણ એ અંતઃકરણ ભેળી જ હોય, એવી રીતે ચાર અંતઃકરણ ને પંચતન્માત્રા એ નવ તત્ત્વનું સૂક્ષ્મ દેહ છે તે સ્થૂળ દેહને વિષે વર્તે છે ત્યારે વિષયનું યથાર્થ જ્ઞાન થાય છે, તેમ જ સૂક્ષ્મ દેહને વિષે પણ પંદર તત્ત્વનું જે સ્થૂળ દેહ તે એકત્વપણે વર્તે છે ત્યારે જ સૂક્ષ્મ દેહના ભોગ સિદ્ધ થાય છે અને સૂક્ષ્મ દેહ નવ તત્ત્વનું છે તેને વિષે પંદર તત્ત્વનું સ્થૂળ દેહ ભળે છે. માટે સૂક્ષ્મ દેહ પણ ચોવીશ તત્ત્વનું છે અને જો સૂક્ષ્મ દેહમાં સ્થૂળ દેહ છે તો સૂક્ષ્મ દેહમાં સ્ત્રીનો સંગ કરે છે તેનો સ્થૂળ દેહમાં વીર્યપાત થઈ જાય છે. માટે સ્થૂળ દેહને સૂક્ષ્મ દેહની જાગ્રત અવસ્થાને વિષે ને સ્વપ્ન અવસ્થાને વિષે એકતા છે. **(૩)** ૩

૪ પછી મુનિએ પ્રશ્ન પૂછ્યો જે, **(૪)** હે મહારાજ ! આ તો જેવું સ્થૂળ દેહ છે તેવું જ સૂક્ષ્મ દેહ થયું ત્યારે જેમ સ્થૂળ દેહમાં કર્મ લાગે છે તેમ જ સૂક્ષ્મ દેહમાં લાગે છે કે કાંઈ ફેર છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સ્થૂળ દેહને વિષે જેવી દૃઢ પોતાપણાની માનીનતા છે તેવી જ જો સૂક્ષ્મ દેહને વિષે માનીનતા હોય તો જેવું સ્થૂળ દેહમાં કર્મ લાગે છે તેવું જ સૂક્ષ્મ દેહમાં પણ લાગે અને જે સૂક્ષ્મ દેહનાં કર્મને અલ્પ કહ્યાં છે તે તો જીવને હિંમત દેવા સારુ છે. **(૪)** અને જેને સ્થૂળ દેહને વિષે તથા સૂક્ષ્મ દેહને વિષે અભિમાન નથી તેને તો સ્થૂળ ૪
દેહનું કર્મ પણ લાગતું નથી ને સૂક્ષ્મ દેહનું પણ લાગતું નથી, કેમ જે એ તો કેવળ

આત્મસત્તારૂપે જ વર્તે છે માટે એવા જે આત્મજ્ઞાની હોય તેને તો સ્થૂળ દેહ સંબંધી તથા સૂક્ષ્મ
દેહ સંબંધી કર્મ લાગે નહિ અને તે આ દેહે કરીને અશુભ કર્મને તો કરે જ નહિ ને
પ્રારબ્ધાનુસારે જે સુખ-દુઃખ આવે તેને ભોગવે ને ભોગવતો થકો એમ માને જે, હું એનો
ભોક્તા નથી; હું તો આત્મા છું. **(૫)** અને જે અજ્ઞાની દેહાભિમાની હોય તેને તો સ્થૂળ દેહ ૫
અથવા સૂક્ષ્મ દેહ સંબંધી સર્વ કર્મ લાગે છે અને તે કર્મ પ્રમાણે સુખ-દુઃખને પણ ભોગવે છે,
કેમ જે, જે અજ્ઞાની છે તે જે જે વિષયને ભોગવે તે ભોગવતો થકો પોતાને દેહરૂપે માનીને
એમ માને જે, હું એ વિષયનો ભોક્તા છું. **(૬)** પછી જ્યારે અંતસમો આવે ત્યારે તે અજ્ઞાની ૬
જીવને તો યમના દૂત દેખાય ને દેહની વિસ્મૃતિ થઈ જાય ને મૂર્છા અવસ્થા આવે છે પછી
તે યમના દૂત દેહને મુકાવીને જીવને જુદો કરે છે ત્યારે એ જીવને પ્રેતનો દેહ બંધાય છે પછી
તે દેહે કરીને યમપુરીના કષ્ટને ભોગવે છે. **(૭)** અને જ્ઞાની એવો ભગવાનનો ભક્ત તેને ૭
તો અંતકાળે ભગવાન કે ભગવાનના સંત દેખાય છે ને એને પણ દેહની વિસ્મૃતિ થઈ જાય
ને મૂર્છા અવસ્થા આવે છે પછી એ દેહને મૂકીને જુદો થાય છે ત્યારે એ ભક્તને ભગવાન
**ભાગવતીતનુ આપે છે** ને તે દેહે કરીને એ ભગવાનના ધામને વિષે રહે છે. **(૮)** ઇતિ ૮
વચનામૃતમ્ ॥૧૪॥ **(૯૨)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૪)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, વૈરાગ્ય, આત્મનિષ્ઠા, પ્રેમલક્ષણા ભક્તિ ને બ્રહ્મચર્યાદિક ધર્મ એ ચાર સાધન સિદ્ધ કરે તે અમારા ધામમાંથી કોઈ કાળે પડે નહિ અને અમારી ઇચ્છાથી જીવોના કલ્યાણ કરવા સ્વતંત્રપણે આવે ને જાય. **(૧)** બીજામાં પ્રમાદ ને મોહ એ બે શત્રુને અમારો ભક્ત ખટકો રાખીને ટાળે તો જ ટળે. **(૨)** ત્રીજામાં સ્થૂળ-સૂક્ષ્મ એ બે દેહની જાગ્રત ને સ્વપ્ન અવસ્થાને વિષે એકતા છે. **(૩)** ચોથામાં સ્થૂળ-સૂક્ષ્મ એ બે દેહનું કર્મ સરખું છે પણ જીવને હિંમત દેવા સારુ સૂક્ષ્મ દેહનું પ્રાયશ્ચિત્ત અલ્પ કહ્યું છે પણ જો અલ્પ પ્રાયશ્ચિત્ત ન કરે તો સ્થૂળ દેહના જેટલું કર્મ લાગે. **(૪)** અને જેને સ્થૂળ તથા સૂક્ષ્મ દેહનું અભિમાન નથી એટલે તેને દેહની વિસ્મૃતિ છે ને કેવળ આત્મસત્તારૂપ એટલે પોતાના આત્માને જ આકારે વૃત્તિ રહેતી હોય ને જગતની કોરે ઉપશમ રહેતું હોય તેને સ્થૂળ-સૂક્ષ્મ દેહનું કર્મ લાગતું નથી. **(૫)** અને દેહાભિમાનીને કર્મ લાગે છે. **(૬)** અને અજ્ઞાની જીવ યમપુરીમાં જાય છે. **(૭)** અને અમારો જ્ઞાની ભક્ત ભાગવતીતનુએ કરીને અમારા ધામમાં રહે છે. **(૮)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં વૈરાગ્ય, આત્મનિષ્ઠા, અમારી ભક્તિ ને બ્રહ્મચર્યાદિક ધર્મ તેણે કરીને સિદ્ધ થાય તે શ્વેતદ્વીપના મુક્ત સરખો છે એમ કહ્યું તે શ્રીજીમહારાજની ભક્તિ કરીને સિદ્ધ થાય તે તો શ્રીજીમહારાજના અક્ષરધામમાં મુક્ત છે તેવો થાવો જોઈએ ને શ્વેતદ્વીપના મુક્ત જેવો કહ્યો તેનું શું કારણ હશે ?

૧ **ઉ૦** શ્વેત એવું તેજ તેનો દ્વીપ કહેતાં સમૂહ એટલે તેજનો સમૂહ જે અક્ષરધામ તેને આ ઠેકાણે શ્વેતદ્વીપ નામે કહ્યું છે.

૨ **પ્ર૦** બીજા પ્રશ્નમાં પ્રમાદ ને મોહ કહ્યા તેનાં રૂપ શાં હશે ?

૨ **ઉ૦** ભગવાન ભજવા ને ભગવાનની આજ્ઞા પાળવી ને સંતનો સમાગમ કરવો એ કરવાનું છે તે ન થાય ને ન કરવાનું તે થાય તે પ્રમાદ જાણવો અને કરવા યોગ્ય ને ન કરવા યોગ્ય તે સૂઝે નહિ ને પંચવિષયને વિષે આસક્તિ હોય એ મોહનું રૂપ છે.

૩ **પ્ર૦** પ્રમાદ ને મોહ તેને ટાળવાનો ઉપાય શો હશે ?

૩ **ઉ૦** અતિશે મોટા સંત જે શ્રીજીમહારાજના ધામમાંથી જીવોના કલ્યાણ કરવાને અર્થે આવેલા હોય તેમની અતિશે સેવા કરે ને શ્રીજીમહારાજની આજ્ઞામાં યથાર્થ વર્તે તો શ્રીજીમહારાજ તથા મુક્ત દયા કરીને પ્રમાદ ને મોહને ટાળી નાખે.

૪ **પ્ર૦** (૪/૫ ચોથા પ્રશ્નમાં) આત્મસત્તારૂપે વર્તે તેને સ્થૂળ-સૂક્ષ્મ દેહનું કર્મ લાગતું નથી એમ કહ્યું તે કર્મ કિયું જાણવું ?

૪ ઉ૦ દેહે કરીને વર્તમાન લોપાય એવું અશુભ કર્મ તો કરે જ નહિ પણ એને સ્થૂળ, સૂક્ષ્મ દેહનું અભિમાન એટલે સ્મૃતિ ન હોય, તેથી નાહ્યા-ધોયા વિના તથા પૂજા કર્યા વિના જમી જવાય તથા સ્પર્શ ન કરવા યોગ્ય તેનો સ્પર્શ થઈ જાય એવું જે કર્મ તેનું પ્રાયશ્ચિત્ત ન લાગે અને જેને આત્મનિષ્ઠા હોય પણ જો દેહની સ્મૃતિ રહેતી હોય તેને તો ઉપર કહ્યાં તે કર્મ લાગે, તો પંચવર્તમાન લોપ્યાનું કર્મ લાગે તેમાં શું કહેવું ? એ તો લાગે જ.

૫ **પ્ર૦** (૪/૮ ચોથા પ્રશ્નમાં) ભક્ત દેહ મૂકે છે ત્યારે તેને ભાગવતીતનુ આપે છે એમ કહ્યું તે ભાગવતીતનુ શું સમજવું ?

૫ **ઉ૦ ભક્તને દેહ મૂકવા સમે જ્યારે શ્રીજીમહારાજનું દર્શન થાય છે ત્યારે એનો ચૈતન્ય શ્રીજીમહારાજના જેવો જ મૂર્તિમાન થાય છે તે ભાગવતીતનુ જાણવું. ।।૧૪।। (૯૨)**

## વચનામૃત સારંગપુરનું - ૧૫

❖સંવત ૧૮૭૭ના ભાદરવા સુદિ ૪ ચોથને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો અમે પ્રશ્ન કરીએ છીએ જે, **(૧)** બે પ્રકારના ભક્ત છે તેમાં એકને તો ભગવાનને વિષે અત્યંત પ્રીતિ છે અને ભગવાનનાં દર્શન વિના ક્ષણ માત્ર પણ રહેવાતું નથી અને તેનો પ્રેમ બહાર પણ ઘણો દીઠામાં આવે છે અને બીજો જે ભગવાનનો ભક્ત છે તેને તો આત્મનિષ્ઠા પણ છે અને વૈરાગ્ય પણ પરિપૂર્ણ છે અને ભગવાનને વિષે પ્રીતિ પણ છે તો પણ તેનો પ્રેમ પ્રથમ કહ્યો જે ભક્ત તેના જેવો જણાતો નથી અને પ્રથમ કહ્યો તેને તો આત્મનિષ્ઠા ને વૈરાગ્ય એ બે ય નથી તો પણ એની ભક્તિ અતિશે શોભે છે અને આત્મનિષ્ઠા ને વૈરાગ્ય યુક્ત છે, તો પણ તેની ભક્તિ તો પ્રથમ કહ્યો જે ભક્ત તેના જેવી શોભતી નથી એ બે પ્રકારના ભક્તમાં કેની ભક્તિ શ્રેષ્ઠ છે ને કેની ભક્તિ કનિષ્ઠ છે એ પ્રશ્ન છે. પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામી બોલ્યા જે, આત્મનિષ્ઠા ને વૈરાગ્ય નથી તો પણ જેને ભગવાનમાં અતિશે પ્રેમ છે તે જ સરસ છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને વૈરાગ્ય ને આત્મનિષ્ઠા નથી તેને શ્રેષ્ઠ કહો છો તે શી સમજણે કહો છો ? કેમ જે એ તો દેહાભિમાની છે માટે જ્યારે એના દેહને સુખ થાય એવા પંચવિષયનો યોગ થાશે ત્યારે એને વિષયમાં પ્રીતિ થઈ જાશે પછી ભગવાનને વિષે એવી પ્રીતિ નહિ રહે તેને તમે શ્રેષ્ઠ કેમ કહો છો ? પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામી બોલ્યા જે, જેને વિષયમાં પ્રીતિ થઈ જાય એને અમે પ્રેમી કહેતા નથી; અમે તો ગોપીઓ જેવા પ્રેમી ભક્ત હોય તેને કહીએ છીએ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ગોપીઓ કાંઈ ભોળીઓ નહોતી, એ તો આત્મનિષ્ઠા ને વૈરાગ્યે યુક્ત હોય તેની સમજણને ઉલ્લંઘી જાય એવી ડાહીઓ હતી, જેમ કોઈક રાજનીતિનો જાણનારો હોય ને તે બોલે તેના જેવું તો ગોપીઓને બોલ્યામાં ડહાપણ હતું અને ભગવાનને પણ જેમ યથાર્થપણે જાણ્યા જોઈએ તેમ જાણતી હતી અને સર્વે યાદવમાં અતિશે ડાહ્યા ને ભગવાનના ચોવટિયા એવા જે ઉદ્ધવજી તે ગોપીઓની સમજણને જોઈને ગદ્ગદ કંઠ થઈ ગયા અને તે ઉદ્ધવજી એમ બોલ્યા જે,

ગોપીઓ પાસે મુને જ્ઞાન કહેવા મોકલ્યો તે તો ભગવાને મારે ઉપર અતિશે અનુગ્રહ કર્યો અને પોતે ગોપીઓને ઉપદેશ કરવા ગયા હતા, પણ ગોપીઓનાં વચન સાંભળીને પોતે સામો ઉપદેશ ગ્રહણ કર્યો અને તમે કહેશો જે ગોપીઓ તો એવી બુદ્ધિમાન નહોતી તો એમાં તો મુગ્ધા, મધ્યા ને પ્રૌઢા એ ત્રણ પ્રકારના ભેદ હતા. તેમાં મુગ્ધાનું એવું લક્ષણ છે જે, એક તો ભગવાન ઉપર ધોખો ઘણો કરે અને એમ બોલે જે, અમે તમારે અર્થે કરી કરીને મરી ગયાં તો પણ તમે નજરમાં લાવતા નથી અને એમ કરતાં જો વધુ છેડે તો ભગવાન સાથે રીસ કરે અને તોછડાં તોછડાં વચન બોલે જે જાણીએ હમણાં વિમુખ થઈ જાશે, એવી જાતનાં જેનાં શાસ્ત્રને વિષે વચન હોય તે ગોપીને મુગ્ધા જાણવી. અને જે મધ્યા હોય તે તો કોઈ દિવસ ભગવાન સામો ક્રોધ ન કરે અને તોછડું વચન પણ ન કહે અને ડહાપણે કરીને યુક્તિએ યુક્તિએ પોતાનું સ્વાર્થીપણું બીજાને જણાવા દે નહિ અને પોતાનું કામ સાધે તે ભેળું ભગવાનનું ગમતું કરે પણ એકલું ભગવાનનું ગમતું કરે નહિ અને જો ભગવાનનું જ ગમતું કરવું પડે તો પણ કાંઈક પોતાનું ગમતું કરવાની યુક્તિ જરૂર રાખે, એવાં જેના શાસ્ત્રને વિષે વચન હોય તે ગોપીને મધ્યા જાણવી. અને જે પ્રૌઢા હોય તે તો કેવળ ભગવાનના ગમતા પ્રમાણે જ ચાલે અને કોઈ રીતે પોતાના સ્વાર્થને અર્થે યુક્તિ કરે નહિ અને કેવળ ભગવાનને રાજી કરવાને ઈચ્છે અને જે રીતે ભગવાન રાજી થાય તે રીતે જ પોતે રાજી રહે અને પોતાની બરાબરની જે બીજી ગોપીઓ હોય તે ઉપર ઈર્ષ્યા, ક્રોધ કરે જ નહિ અને માન, મત્સર આદિ સર્વે વિકારનો ત્યાગ કરીને ભગવાનની સેવામાં સાવધાન રહે અને જેણે કરીને ભગવાન કુરાજી થાય તેવું આચરણ તો મન, કર્મ, વચને કરીને કોઈ કાળે કરે નહિ, એવાં જેના શાસ્ત્રમાં વચન હોય તે ગોપીને પ્રૌઢા જાણવી. એવી રીતે મુગ્ધા, મધ્યા ને પ્રૌઢા એવા ગોપીઓના ભેદ છે, માટે ગોપીઓની સમજણમાં તો અતિશે વિવેક હતો તે માટે એની પ્રીતિ અણસમજણની કહેવાય નહિ ને ગોપીઓ તો યથાર્થ ભગવાનના મહિમાને જાણતી હતી ને તે મહિમાને પ્રતાપે કરીને આત્મનિષ્ઠા ને વૈરાગ્ય સ્હેજે એના હૈયામાં વર્તતાં હતાં, માટે એ ગોપીઓને વિષે તો આત્મનિષ્ઠા ને વૈરાગ્ય આદિક અનંત જે કલ્યાણકારી ગુણ તે ભગવાનના માહાત્મ્યને પ્રતાપે કરીને સર્વે સંપૂર્ણ હતાં અને એવા ભક્તની રીત તો આમ છે જે, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે પંચવિષય તે ભગવાન સંબંધી જ ઈચ્છે પણ બીજા કોઈ સંબંધી ઈચ્છે નહીં અને ભગવાનને વિષે એ પંચવિષયે કરીને જે અતિશે હેત તે હેતે કરીને વૈરાગ્ય ને આત્મનિષ્ઠા નથી તો પણ ભગવાન વિના બીજો કોઈ જગતનો ઘાટ હૈયામાં થાય નહિ અને જેમ વરસાદ ન વરસ્યો હોય ત્યારે નાના પ્રકારના તૃણનાં જે બીજ તે પૃથ્વી ઉપર કાંઈએ ભાસે નહિ અને જ્યારે વરસાદ વરસે ત્યારે એટલાં તૃણ ઊગે જે પૃથ્વી જ દેખાય નહિ, તેમ જે આત્મનિષ્ઠા ને વૈરાગ્યે કરીને રહિત છે તેને જો ભગવાન વિના બીજા કોઈ વિષયના ઘાટ જણાતા નથી તો ય પણ જ્યારે એને કુસંગનો યોગ થાશે ત્યારે વિષયના ઘાટ થાવા લાગશે ને બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાશે ને પરમેશ્વરની તો હૈયામાં સ્મૃતિ પણ નહિ રહે ને અખંડ વિષયનું

ધ્યાન થાશે પછી એ જે વૈરાગ્ય ને આત્મનિષ્ઠા વિનાનો પ્રેમી તેને એમ ભાસશે જે મારે ભગવાનમાં લેશમાત્ર પ્રીતિ નથી માટે આત્મનિષ્ઠા ને વૈરાગ્ય વિનાનો જે પ્રેમી ભક્ત જણાતો હોય તે તો અતિશે ન્યૂન છે. **(૧)** અને જેને આત્મનિષ્ઠા છે ને વૈરાગ્ય છે ને ભગવાનમાં ૧
પ્રીતિ પણ સાધારણ જેવી છે તે તો એમ જાણે છે જે, મારા જીવાત્માને વિષે જ આ ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન છે, એમ જાણીને ઉપરથી તો ભગવાનની મૂર્તિનાં દર્શન-સ્પર્શાદિકને વિષે આતુરતા જેવું નથી જણાતું ને શાન્તપણા જેવું જણાય છે, તો પણ એની પ્રીતિનાં મૂળ ઊંડાં છે તે કોઈ કુસંગને યોગે કરીને પણ એની પ્રીતિ ઓછી થાય એવી નથી માટે એ ભક્ત શ્રેષ્ઠ છે ને એકાંતિક છે. **(૨)** ઇતિ વચનામૃતમ્ **॥૧૫॥ (૯૩)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે એકલા પ્રેમવાળા ભક્તને કુસંગનો યોગ થાય તો તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે માટે ન્યૂન કહ્યો છે. **(૧)** અને આત્મનિષ્ઠા ને વૈરાગ્યવાળા ભક્તને અમારું પ્રત્યક્ષપણું રહે છે તેથી એને કુસંગનો યોગ લાગે જ નહિ માટે તે શ્રેષ્ઠ છે એમ કહ્યું છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં ગોપીઓ શ્રીકૃષ્ણનો મહિમા જાણતી હતી એમ કહ્યું અને (**પ્ર૦ ૪૨**/૨માં) ગોપીઓએ શ્રીકૃષ્ણને ભગવાન જાણ્યા નહિ એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૧ **ઉ૦** આમાં જે મહિમા જાણતી હતી તે ગોપીઓની વાત કહી છે અને **(પ્ર૦ ના ૪૨માં)** જે મહિમા નહોતી જાણતી તેની વાત કહી છે અને આમાં ત્રણ પ્રકારના ભેદ કહ્યા તે મહિમા જાણનારી ગોપીઓના કહ્યા છે અને શ્રીકૃષ્ણ ભગવાન માયાના ગુણથી પર છે તેને પામી માટે ગુણાતીત કહી છે. **॥૧૫॥ (૯૩)**

## વચનામૃત સારંગપુરનું - ૧૬

❖સંવત ૧૮૭૭ના ભાદરવા સુદિ ૫ પંચમીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ અને તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી પરમાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે, શ્રી નરનારાયણ ઋષિ જે તે બદરિકાશ્રમમાં રહ્યા થકા ભરતખંડના સર્વે મનુષ્યના કલ્યાણને અર્થે ને સુખને અર્થે તપને કરે છે, ત્યારે સર્વે મનુષ્ય કલ્યાણના માર્ગને વિષે કેમ નથી પ્રવર્તતા ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ સૂર્ય છે તેમ નરનારાયણ ભગવાનનું તપ છે તે સૂર્ય જ્યારે અજવાળું કરે ત્યારે સર્વે પદાર્થ સૂઝે પછી જેને જેવા પદાર્થને જોયાની ઇચ્છા હોય તે તેવા પદાર્થને જુએ છે અને તે સૂર્યના અજવાળામાં જે પુણ્યવાળા જીવ છે તે પુણ્યને માર્ગે ચાલે છે તથા ભગવાન ને ભગવાનના સંતનાં દર્શન કરે છે અને જે પાપી જીવ છે તે પાપને માર્ગે ચાલે છે ને ન ઘટે એવું જોતા ફરે છે, તેમ જ ભગવાનના તપને પ્રતાપે કરીને કેટલાય જે મુમુક્ષુ જીવ છે તે મોક્ષને માર્ગે ચાલીને મોક્ષને પામે છે અને જે મુમુક્ષુ નથી તે તો વિષયસુખને માર્ગે ચાલીને વિષયસુખને પામે છે, માટે ભગવાનનું તપ તો જે જીવ જેવું કાર્ય કરવાને ઇચ્છે છે તેને તેવું કાર્ય કરવાને અર્થે બુદ્ધિમાં પ્રકાશ કરી આપે છે, અને વળી

જેમ કોઈ પુરુષ મશાલને ભેળી લઈને ભગવાન ને ભગવાનના સંતનું દર્શન કરે તો તેને મશાલ પ્રકાશ કરી આપે અને પાતર્યોનું મોઢું જોવાને ઇચ્છે તો તેને પણ મશાલ પ્રકાશ કરી આપે, તેમ ભગવાનનું તપ છે તે જે જીવ જેવું કર્મ કરવાને ઇચ્છે તેને તેવાનો પ્રકાશ કરી આપે છે તેમાં જેની અલ્પબુદ્ધિ છે તે અલ્પ એવું જે વિષયસુખ તેને ઇચ્છે છે અને જેની મોટી બુદ્ધિ છે તે કલ્યાણને ઇચ્છે છે અને ભગવાનની તો સૌ ઉપર સમદૃષ્ટિ છે, માટે જે જીવ જેવું કર્મ કરે છે તેને તેવા ફળને પમાડી દે છે. **(૧)** ઇતિ વચનામૃતમ્ **॥૧૬॥ (૯૪)** ૧

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં જેમ સૂર્ય સર્વને પ્રકાશ કરી આપવા ઉદય થાય છે પણ સૂર્યથી વિપરીત બુદ્ધિવાળા જે ઘુવડ તથા અંધને કામ નથી આવતો તેમ નરનારાયણ ભગવાન સર્વ જીવના કલ્યાણ સારુ તપ કરે છે, પણ ભગવાનથી વિમુખ ઘુવડ તુલ્ય જીવોને તથા અંધવત્ અજ્ઞાની જીવોને ઉપયોગમાં નથી આવતું; ભક્તને જ ઉપયોગમાં આવે છે. અને જેમ સૂર્ય તથા મશાલના પ્રકાશમાં પાપી પાપને માર્ગે ચાલે છે અને પુણ્યવાળા પુણ્યને માર્ગે ચાલે છે તેને સૂર્ય તથા મશાલ સમદૃષ્ટિએ પ્રકાશ કરી આપે છે, તેમ નરનારાયણ ભગવાન સમદૃષ્ટિએ સૂર્યમશાલવત્ તપરૂપી પ્રકાશ કરી આપે છે પણ પ્રેરણા કરતા નથી, તેમાં જે જીવ જેવાં કર્મ કરે છે તેને તેવા ફળને પમાડે છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૧)** બાબત છે. **॥૧૬॥ (૯૪)**

## વચનામૃત સારંગપુરનું - ૧૭

❖સંવત ૧૮૭૭ના ભાદરવા સુદિ ૬ છઠને દિવસ સંધ્યા સમે શ્રીજીમહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** ભગવાનના ભજનનો કરનારો જે જીવ તેની દૃષ્ટિ જેમ જેમ સૂક્ષ્મ થાતી જાય છે તેમ તેમ એને પરમેશ્વરનું પરપણું જણાતું જાય છે ને ભગવાનનો મહિમા પણ અધિક અધિક જણાતો જાય છે તે જ્યારે એ ભક્ત પોતાને દેહરૂપે માનતો હોય ત્યારે ભગવાનને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિના સાક્ષી જાણે અને જ્યારે પોતાને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ થકી પર માને ત્યારે ભગવાન તે થકી પર ભાસે છે, પછી જેમ જેમ સૂક્ષ્મ દૃષ્ટિ થાતી જાય તેમ તેમ તે ભગવાનને પોતા થકી પર જાણતો જાય અને મહિમા પણ વધુ વધુ સમજાતો જાય અને પછી જેમ જેમ પોતાની વૃત્તિ હેતે કરીને ભગવાન સંગાથે ચોંટતી જાય તેમ તેમ ઉપાસના સુધી દૃઢ થાતી જાય, ત્યાં દૃષ્ટાંત છે : જેમ સમુદ્ર છે તેને વિષે કીડી પણ જઈને પાણી પીએ અને ચરકલું પણ પીએ ને મનુષ્ય, પશુ, ઘોડા, હાથી તથા મોટા મોટા મગરમચ્છ એ સર્વે સમુદ્રનું જળ પીને બળિયા થાય છે પણ સમુદ્ર લેશ માત્ર ઓછો થાતો નથી અને જે જે જીવનું જેવું જેવું મોટું ગજું હોય તે તે જીવ તે પ્રમાણે સમુદ્રનો મહિમા વધુ જાણે છે. વળી બીજું દૃષ્ટાંત છે : જેમ આકાશ છે તેને વિશે મચ્છર ઊડે ને ચરકલું ઊડે ને સમળા ઊડે ને ગરજ્ય પણ ઊડે ને અનળ પક્ષી પણ ઊડે ને ગરુડ પણ ઊડે તો પણ એ સર્વેને આકાશ અપારનો અપાર રહે છે અને જેને પાંખને વિષે વધુ બળ હોય તે આકાશનો મહિમા વધુ જાણે

છે અને પોતાને વિષે ન્યૂનપણું સમજતો જાય છે તેમ મચ્છર જેવા જે મરીચ્યાદિક અને ચરકલા જેવા જે બ્રહ્માદિક અને સમળાને ઠેકાણે જે વિરાટપુરુષાદિક અને ગરજ્યને ઠેકાણે જે પ્રધાનપુરુષ અને અનળ પક્ષીને ઠેકાણે જે શુદ્ધ પ્રકૃતિપુરુષ અને ગરુડને ઠેકાણે જે અક્ષરધામમાં રહેનારા મુક્ત તથા અક્ષરધામ એ સર્વે જેમ જેમ વધુ વધુ સામર્થીને પામ્યા છે તેમ તેમ ભગવાનનો મહિમા વધુ વધુ જાણતા ગયા છે અને જેમ જેમ વધુ સામર્થીને પામતા ગયા તેમ તેમ ભગવાનને વિષે સ્વામી-સેવકપણાનો ભાવ પણ અતિ દૃઢ થાતો ગયો છે. **(૧)** ૧
અને જ્યારે ભજનનો કરનારો જીવરૂપે હતો ત્યારે એ જીવમાં ખદ્યોત જેટલો પ્રકાશ હતો પછી જેમ જેમ ભગવાનનું ભજન કરતાં કરતાં આવરણ ટળતું ગયું તેમ તેમ દીવા જેવો થયો, પછી મશાલ જેવો થયો, પછી અગ્નિની જ્વાળા જેવો થયો, પછી દાવાનળ જેવો થયો, પછી વીજળી જેવો થયો, પછી ચંદ્રમા જેવો થયો, પછી સૂર્ય જેવો થયો, પછી પ્રલયકાળના અગ્નિ જેવો થયો, પછી મહાતેજ જેવો થયો, એવી રીતે પ્રકાશ પણ વૃદ્ધિને પામ્યો અને સામર્થી પણ વૃદ્ધિને પામી અને સુખ પણ વૃદ્ધિને પામ્યું, એવી રીતે ખદ્યોતથી કરીને મહાતેજ પર્યંત આદ્ય, મધ્ય ને અંત જે ભેદ કહ્યા તે **સર્વે મુક્તના ભેદ છે** તે જેમ જેમ અધિક સ્થિતિને પામતા ગયા ને ભગવાનનો મહિમા અધિક જાણતા ગયા તેમ તેમ મુક્તપણામાં વિશેષપણું આવતું ગયું એમ કહીને શ્રીજીમહારાજ જય સચ્ચિદાનંદ કહીને ઊઠ્યા. પછી **આંબલીની** ડાળખીને ઝાલીને ઉગમણે મુખારવિંદે ઊભા રહ્યા થકા બોલ્યા જે, જેમ **પૂનમના ચંદ્રમાનું** મંડળ હોય તે આંહીંથી તો નાની થાળી જેવું દેખાય છે પણ જેમ જેમ એની સમીપે જાય તેમ તેમ મોટું મોટું જણાતું જાય પછી અતિશે ઢૂંકડો જાય ત્યારે તો દૃષ્ટિ પણ પહોંચી શકે નહિ એવું મોટું જણાય, તેમ માયારૂપી અંતરાય ટાળીને **જેમ જેમ ભગવાનને ઢૂંકડું થવાય છે તેમ તેમ ભગવાનની પણ અતિ અપાર મોટ્યપ જણાતી જાય છે અને ભગવાનને વિષે દાસપણું પણ અતિ દૃઢ થાતું જાય છે.** **(૨)** ઇતિ વચનામૃતમ્ **॥૧૭॥ (૯૫)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦** - આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારો ભક્ત પોતાને દેહરૂપ માને ત્યારે અમને સાક્ષી જેવા એટલે પ્રધાનના પતિ પુરુષ જેવા જાણે અને પોતાને સાક્ષીરૂપ માને ત્યારે અમને સાક્ષીથી પર જે મૂળપુરુષ જેવા જાણે, ત્યાર પછી સૂક્ષ્મદૃષ્ટિ થાવા માંડે તે જેમ જેમ સૂક્ષ્મદૃષ્ટિ થાતી જાય તેમ તેમ અમને પોતાથી પર જાણતો જાય અને અમારો મહિમા વધુ વધુ સમજાતો જાય અને અમારી ઉપાસના દૃઢ થાતી જાય અને અમારી અતિ અપાર મોટપ જણાતી જાય અને અમારે વિષે દાસપણું અતિ દૃઢ થાતું જાય. **(૧)** અને ભજનનો કરનારો જીવરૂપે હતો ત્યારે એમાં ખદ્યોત જેટલો પ્રકાશ હતો, પછી દીવા જેવો થાય છે, પછી મશાલ જેવો થાય છે, પછી જ્વાળા જેવો થાય છે, પછી દાવાનળ જેવો થાય છે, પછી વીજળી જેવો થાય છે, પછી ચંદ્ર જેવો થાય છે, પછી સૂર્ય જેવો થાય છે, પછી પ્રલયકાળના અગ્નિ જેવો થાય છે, પછી મહાતેજ જેવો થાય છે, એવી રીતે સુખ, સામર્થી ને પ્રકાશ તે વૃદ્ધિ પામે છે ત્યારે એ ભક્તને અમારે વિષે દાસપણું અતિ દૃઢ થાતું જાય છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં શ્રીજીમહારાજે સમુદ્ર તથા આકાશનું દૃષ્ટાંત દીધું તે સમુદ્ર તથા આકાશને ઠેકાણે શું સમજવું ? અને કીડી આદિકનાં દૃષ્ટાંત દીધાં તેનો સિદ્ધાંત શો સમજવો ?

૧ ઉ૦ સમુદ્રને તથા આકાશને દૃષ્ટાંતે શ્રીજીમહારાજે પોતાના મહિમાનું અપારપણું કહ્યું છે જે, ઐશ્વર્યાર્થીઓ અમારો મહિમા

કેટલો જાણે છે તો કીડી સમુદ્રનો તથા મચ્છર આકાશનો જાણી શકે તેટલો મરીચ્યાદિક પ્રજાપતિ અમારો મહિમા જાણી શકે એટલે જેટલો બ્રહ્માનો મહિમા છે તેટલો જ જાણે છે. **(૧)** અને ચરકલું સમુદ્રનો તથા આકાશનો જાણી શકે તેટલો મહિમા બ્રહ્મા અમારો જાણી શકે, એટલે જેટલો વૈરાજપુરુષનો મહિમા છે તેટલો જ જાણે છે. **(૨)** અને મનુષ્ય સમુદ્રનો તથા સમળા આકાશનો જાણી શકે તેટલો વૈરાજપુરુષ અમારો મહિમા જાણી શકે છે એટલે જેટલો પ્રધાનપુરુષનો છે તેટલો જ જાણે છે. **(૩)** અને ગાય, ભેંસ, બળદ, ઘોડા, એ સર્વે પશુ કહેવાય તે સમુદ્રનો તથા ગરજ્ય પક્ષી આકાશનો જાણી શકે તેટલો પ્રધાનપુરુષ જાણી શકે છે એટલે જેટલો પ્રકૃતિપુરુષનો છે તેટલો જ અમારો મહિમા પ્રધાનપુરુષ જાણી શકે છે. **(૪)** અને હાથી સમુદ્રનો તથા અનળપક્ષી આકાશનો જાણી શકે તેટલો પ્રકૃતિપુરુષ અમારો જાણી શકે છે. એટલે જેટલો અક્ષરનો મહિમા છે તેટલો જ અમારો પ્રકૃતિપુરુષ જાણી શકે છે. **(૫)** અને મગરમચ્છ સમુદ્રનો તથા ગરુડ આકાશનો જાણી શકે તેટલો મહિમા મૂળઅક્ષર તથા તેના મુક્ત અમારો જાણી શકે છે પણ એ કોઈ અમારો મહિમા યથાર્થ જાણી શકતા નથી. આ મૂળઅક્ષરથી લઈને મરીચ્યાદિક સર્વે શ્રીજીમહારાજનો મહિમા પોતપોતાના ગજા પ્રમાણે જાણે છે, પણ જેમ મગરમચ્છાદિક સર્વે સમુદ્રનો તથા ગરુડાદિક સર્વે આકાશનો પાર પામતા નથી તેમ મૂળઅક્ષરાદિક કોઈ શ્રીજીમહારાજના મહિમાનો પાર પામતા નથી તે (**અ૦ ૭**/૧માં) ગરુડ પણ ઊડી શક્યો નહિ, એટલે ગરુડની ગતિ અટકી કહેતાં ત્યાં પહોંચી શક્યો નહિ તેમ મૂળઅક્ષરની ગતિ પણ અમે જ્યાં મુક્તોએ સહિત રહ્યા છીએ, ત્યાં સુધી પહોંચી શકે નહિ એમ ગરુડના દૃષ્ટાંતથી સૂચવ્યું છે. પછી અમે એકલા જ સર્વથી પર એવું જે અમારું ધામ ત્યાં ગયા એમ કહ્યું છે. માટે મૂળ અક્ષરાદિક કોઈ શ્રીજીમહારાજના પારને પામતા નથી અને મૂળઅક્ષરપર્યંત સર્વે શ્રીજીમહારાજને પ્રતાપે થયા છે તે (**કા૦ ૧૦**ના ૧/૪ પહેલા પ્રશ્નમાં ) અમારા ભક્ત અમને ભજીને પ્રકૃતિપુરુષ તથા બ્રહ્મ તથા અક્ષર જેવા અમારે પ્રતાપે થાય છે પણ અમારા જેવો કોઈ થતો નથી અને અક્ષરાદિક સર્વે અવતારોથી શ્રીજીમહારાજના મુક્ત પર છે ને તે શ્રીજીમહારાજનો મહિમા મૂળઅક્ષરાદિક સર્વેથી અતિશે જાણે છે, તો પણ શ્રીજીમહારાજના મહિમાનો યથાર્થ પાર પામી શકતા નથી, એવા સર્વોપરી, સર્વનિયંતા, સર્વાધાર, સર્વકર્તા શ્રીજીમહારાજ એક જ છે. **(૬)**

૨ **પ્ર૦** અક્ષરધામ અમારો મહિમા જાણે છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે તે અક્ષરધામને તમે પહેલા પ્રશ્નોત્તરમાં મૂળઅક્ષર કહ્યા તેનું શું કારણ છે ?

૨ **ઉ૦** મૂર્તિમાન મૂળઅક્ષર છે તેને વિષે શ્રીજીમહારાજ અન્વય સ્વરૂપે રહ્યા છે માટે અન્વય સ્વરૂપનું ધામ કહેતાં પાત્ર છે, તેથી મૂળઅક્ષરને આ ઠેકાણે અક્ષરધામ નામે કહ્યા છે, આનો વિસ્તાર (**પ્ર૦ ૬૩**ના ૩/૩ ત્રીજા પ્રશ્નમાં તથા બારમા પ્રશ્નોત્તરમાંથી) જાણવો.

૩ **પ્ર૦** બીજી બાબતમાં ખદ્યોતથી લઈને મહાતેજ પર્યંત મુક્તના ભેદ કહ્યા તે કેવી રીતે જાણવા ?

૩ **ઉ૦** માયાથી ઉત્પન્ન થાય ને લય પામે તે મુક્ત ન કહેવાય માટે આ ઠેકાણે માયાથી પર જે મૂળપુરુષ તેમના મુક્તને ખદ્યોતને ઠેકાણે કહ્યા છે. **(૧)** અને બદરિકાશ્રમમાં રહ્યા જે નરનારાયણ તેમના મુક્તને દીવાને ઠેકાણે કહ્યા છે. **(૨)** અને મૂળપુરુષને મશાલને ઠેકાણે કહ્યા છે. **(૩)** અને મહાકાળને જ્વાળાને ઠેકાણે કહ્યા છે. **(૪)** અને શ્વેતદ્વીપમાં વાસુદેવબ્રહ્મના નિરન્ન મુક્તને દાવાનળને ઠેકાણે કહ્યા છે. **(૫)** અને નરનારાયણને વીજળીને ઠેકાણે કહ્યા છે. **(૬)** અને વાસુદેવને ચંદ્રને ઠેકાણે કહ્યા છે. **(૭)** અને મૂળઅક્ષરના મુક્તને સૂર્યને ઠેકાણે કહ્યા છે. **(૮)** અને મૂળઅક્ષરને પ્રલયકાળના અગ્નિને ઠેકાણે કહ્યા છે. **(૯)** અને શ્રી સ્વામિનારાયણ ભગવાનના મુક્તને મહાતેજને ઠેકાણે કહ્યા છે. **(૧૦)** આ સર્વ શ્રીજીમહારાજના ભક્ત છે તે (**પં૦ ૨** માં) પ્રકૃતિપુરુષાદિક અમારા ભક્ત છે ને મોટા સંતની પેઠે ધ્યાન કરે છે માટે ભગવાનરૂપ છે એમ કહ્યું છે માટે સર્વ શ્રીજીમહારાજના ભક્ત જ છે.

૪ **પ્ર૦** મૂળપુરુષ, મહાકાળ, નરનારાયણ ને વાસુદેવબ્રહ્મ તેમને ઉત્તરોત્તર શ્રેષ્ઠ કહ્યા તે કિયા વચનામૃતમાં કહ્યા છે ?

૪ **ઉ૦** (**કા૦ ૧૦**ના ૧/૪ પહેલા પ્રશ્નમાં) અમારા ભક્ત અમને ભજીને પ્રકૃતિપુરુષ જેવા થાય અને બ્રહ્મ જેવા તથા અક્ષર જેવા થાય એમ કહ્યું છે, માટે બ્રહ્મનો દરજ્જો પુરુષથી પર છે ને તેથી પર અક્ષરનો દરજ્જો છે અને (**મ૦ ૩૧**ના પહેલા પ્રશ્નમાં) પણ એ પુરુષને બ્રહ્મને સુખે સુખિયા કહ્યા છે. અને (**લો૦ ૧૨**માં) પણ પહેલા પ્રશ્નમાં નિર્વિકલ્પ નિશ્ચયના ભેદમાં શ્રીકૃષ્ણ જેવા શ્રીજીમહારાજને જાણે તેને કનિષ્ઠ કહ્યા છે અને વાસુદેવ જેવા જાણે તેને મધ્યમ કહ્યા છે. અને (**પં૦ ૬**/૧માં) પણ

શ્વેતદ્વીપપતિ વાસુદેવને શ્રીકૃષ્ણના અવતારી કહ્યા છે, માટે વાસુદેવબ્રહ્મ ઉપરી છે. અને નરનારાયણને શ્રીકૃષ્ણના અવતારી નથી કહ્યા, માટે નરનારાયણ વાસુદેવથી ન્યૂન છે. અને (**કા૦ ૧૦**ના ૧/૧ પહેલા પ્રશ્નમાં) દેવલોકથી લઈને વૈકુંઠાદિક કહેતાં ગોલોક પર્યંત પંચવિષય સંબંધી ભોગ-સુખ તે નથી જોઈતા, દેહ છતાં દેહનો ત્યાગ કરીને બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપમાં જઈને સહસ્ર જન્મ સુધી તપ કરીને ભગવાનને રાજી કરવા એમ કહ્યું છે, માટે ગોલોકથી બદરિકાશ્રમને શ્રેષ્ઠ કહ્યું છે, માટે જેનું ધામ શ્રેષ્ઠ છે તો તેના ધામી શ્રેષ્ઠ હોય જ તેમાં શું કહેવું ! તે (**લો૦ ૧૪**/૧માં) પણ જેવા બદરિકાશ્રમ ને શ્વેતદ્વીપ ગમે છે તેવા બીજા નથી ગમતા, માટે શ્રીકૃષ્ણથી નરનારાયણ શ્રેષ્ઠ છે. અને (**લો૦ ૧૭**ના ૫/૭ પાંચમા પ્રશ્નમાં) કાળને શ્રીજીમહાહારાજે પોતાની શક્તિ કહેલ છે અને (**પ્ર૦ ૧૨**ના બીજા પ્રશ્નમાં) ક્ષોભકર્તા કહ્યો છે. અને (**પ્ર૦ ૪૬**માં) પ્રલયકર્તા કહ્યો છે તથા (**છે૦ ૩૮**ના પહેલા પ્રશ્નમાં) માયામાંથી થયા જે આકાર તે કાળે કરીને નાશ પામે છે તથા (**છે૦ ૩૭**માં) ભગવાન વિના બીજા સર્વેને કાળ ભક્ષણ કરી જાય છે એમ કહ્યું છે, માટે જેના ઉપજાવેલાનો નાશ કરે તે તેનાથી સમર્થ હોય તેથી મૂળપુરુષથી મહાકાળ શ્રેષ્ઠ છે અને (**કા૦ ૧**ના ત્રીજા પ્રશ્નમાં) માયાદિક તત્ત્વને નામરૂપપણાને અને અરૂપપણાને પમાડે છે તથા (**વ૦ ૬**/૧માં) પ્રથમ જીવના દેહ, ઇંદ્રિયો, મન, પ્રાણને કાળે કરીને સૃજીએ છીએ એમ આ બે વચનામૃતમાં કર્તા પણ કહ્યો છે એમ જોતાં મૂળપુરુષથી મહાકાળ સમર્થ છે અને (**મ૦ ૧૮**માં) શ્વેતદ્દીપને વિષે નિરન્ન મુક્ત છે તે બ્રહ્મસ્વરૂપ છે ને કાળના પણ કાળ છે. એમ કહ્યું છે ત્યાં નિરન્ન મુક્તને મહાકાળથી સમર્થ કહ્યા છે, માટે નિરન્ન મુક્તથી મહાકાળ ન્યૂન છે. **॥૧૭॥ (૯૫)**

## વચનામૃત સારંગપુરનું - ૧૮

❖સંવત ૧૮૭૭ના ભાદરવા સુદિ ૮ આઠમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી સારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી ને ઉતરાદે મુખારવિંદે વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** જે શ્રદ્ધાવાન પુરુષ હોય ને તેને જો સાચા સંતનો સંગ મળે, ને તે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રગટ થઈ આવે છે ને કામ-ક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે અને જો કુસંગ મળે ને કુસંગીના વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો વૈરાગ્ય-વિવેકાદિ જે ગુણ તે સર્વે નાશ પામી જાય છે, જેમ ખાર ભૂમિ હોય ને તેને વિષે ગમે તેટલો મેઘ વરસે પણ તેમાં તૃણાદિક ઊગતાં ન હોય ને તે જ ખાર ભૂમિને વિષે જો પાણીની રેલ આવે તો ખાર સર્વે ધોવાઈ જાય અને જે ઠેકાણે ખાર હતો તે ઠેકાણે કાંપ ચડી જાય, પછી તે કાંપ ભેળા વડ-પીપળા આદિક વૃક્ષનાં બીજ આવ્યાં હોય તે બીજ ઊગીને મોટાં મોટાં વૃક્ષ થાય છે. તેમ જેના હૃદયને વિષે પૂર્વે કહ્યા જે સ્વધર્માદિક ગુણ તે દૃઢ હોય ને જગત સંબંધી વિષયસુખનો અંકુર પણ ઊઠે એમ ન હોય ને તેને જો કુસંગ થાય તો તેના હૃદયને વિષે કુસંગરૂપી પાણીને વેગે કરીને જગત-વાર્તારૂપી કાંપે આવીને ભરાય, પછી તે કાંપમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરાદિક જે બીજ રહ્યાં છે તે સર્વે ઊગીને મોટાં મોટાં વૃક્ષ
થાય છે, માટે ભગવાનનાં ભક્ત હોય તેને કોઈ દિવસ કુસંગ ન કરવો. **(૧)** અને વળી ૧
પોતામાં કોઈ સ્વભાવ હોય ને તેને સંતનો સમાગમ કરીને સમજી વિચારીને ટાળે તો તે સ્વભાવનો નાશ થઈ જાય છે પણ મૂર્ખાઈએ કરીને ગમે તેટલા ઉપાય કરે તો ય ભૂંડો સ્વભાવ

ટળે નહિ અને **મૂર્ખ હોય તે જ્યારે મૂંઝાય ત્યારે કાં તો સૂઈ રહે ને કાં તો રુએ અને કાં તો કોઈક સાથે વઢે ને કાં તો ઉપવાસ કરે એ ચાર પ્રકારે કરીને મૂંઝવણ ટાળ્યાનો ઉપાય કરે અને એમ કરતાં જો અતિશે મૂંઝાય તો છેલી બાકી મરે પણ ખરો, એવી રીતે મૂર્ખને શોક ટાળ્યાનો ઉપાય છે** પણ એમ કર્યા થકી દુઃખ પણ મટે નહિ ને સ્વભાવ પણ ટળે નહિ અને સમજીને ટાળે તો દુઃખ ને સ્વભાવ એ બે ટળી જાય, માટે સમજુ હોય તે જ સુખી થાય છે, અને જેમ અગ્નિની મોટી જ્વાળા હોય ને જો ઉપરથી જળ વરસે તો તત્કાળ ઓલાઈ જાય અને વીજળીના અગ્નિનો તો થોડોક ઝબકારો થાતો હોય પણ તે અગ્નિ મેઘની ઘટામાં રહે છે તો પણ ઓલાતો નથી, તેમ સમજ્યા વિના ગમે તેટલો વૈરાગ્ય હોય અથવા ભગવાનમાં પ્રીતિ હોય તો પણ અગ્નિની જ્વાળાની પેઠે કુસંગરૂપી જળે કરીને સર્વે નાશ થઈ જાય છે અને સમજીને જે વૈરાગ્ય ને પ્રીતિ હોય તે તો વીજળીના અગ્નિ જેવી છે તે થોડી હોય તો પણ નાશ ન પામે. **(૨)** ૨

૨ **પછી નિર્વિકારાનંદ સ્વામીએ પૂછ્યું જે, (૨) હે મહારાજ ! કોઈક પુરુષમાં ક્રોધાદિક ભૂંડા સ્વભાવ હોય તે ટળે કે ન ટળે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ વાણિયો હોય તે જેટલો વેપાર કરે તેનું નામું માંડી રાખે છે તેની પેઠે જે દિવસ થકી સત્સંગ થયો છે તે દિવસથી જેણે નામું માંડી રાખ્યું હોય તેનો સ્વભાવ ટળે છે અને તે એમ વિચારે જે, જ્યારે મારે સત્સંગ નહોતો ત્યારે મારે આટલો મલિન સ્વભાવ હતો અને સત્સંગ કર્યા પછી આટલો સ્વભાવ ઉત્તમ થયો છે અને વર્ષોવર્ષ પોતાનો વધારો થતો હોય અથવા કાંઈ ફેર રહેતો હોય તે સર્વેને તપાસ્યા કરે પણ મૂર્ખ વાણિયો જેમ નામું માંડે નહિ તેની પેઠે ન કરે, એવી રીતે જે સત્સંગ કરીને પોતાનો જો તપાસ કરતો રહે, તો તેના જે જે સ્વભાવ હોય તે સર્વે નાશ પામી જાય છે. (૩)** ૩

૩ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** કુસંગ હોય ત્યારે તો ભૂંડો સ્વભાવ હોય જ પણ સંતનો સમાગમ કરીને મલિન સ્વભાવ આવી જાય છે તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જ્યારે બાળ અવસ્થા હોય ત્યારે કામ, ક્રોધ, લોભાદિક શત્રુ હોય નહિ અને ભગવાનમાં પ્રીતિ પણ વિશેષ હોય પછી જ્યારે યુવાન અવસ્થા આવે ત્યારે કામાદિક શત્રુનો વધારો થાય અને દેહાભિમાન પણ વધે પછી તે જો જે સંતને વિષે કામાદિક શત્રુ ન હોય તથા દેહાભિમાને રહિત હોય, એવા સંતનો સમાગમ રાખે તો યુવાન અવસ્થારૂપી સમુદ્રને
તરી જાય છે. **(૪)** અને જો એમ ન કરે તો કામાદિક શત્રુએ કરીને પરાભવ પામીને ભ્રષ્ટ ૪
થઈ જાય છે અને જેની પ્રૌઢ અવસ્થા હોય, અને તે સત્સંગ કરતાં થકા બગડે છે તેનું તો કારણ એ છે, જે **મોટાપુરુષ હોય તેને વિષે જે જે જાતના દોષ પરઠે તે તે જાતના દોષ પોતાના હૈયામાં આવીને નિવાસ કરે છે અને જો મોટાપુરુષના ગુણનું ગ્રહણ કરે અને એમ જાણે જે મોટાપુરુષ જે જે સ્વભાવ રાખે છે તે તો જીવના કલ્યાણને અર્થે છે અને મોટાપુરુષ તો નિર્દોષ છે અને મુને દોષ જણાણો તે તો મારી કુમતિએ કરીને જણાણો છે, એમ વિચારીને સત્પુરુષના ગુણને ગ્રહણ કરે અને પોતાના અપરાધને ક્ષમા કરાવે તો તે પુરુષની મલિનતા**

મટી જાય છે. (૫) ૫

૪ પછી મહાનુભાવાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૪)** રાજસી, તામસી ને સાત્ત્વિકી એ જે ત્રણ ગુણના સ્વભાવ તે સાધન કરતા થકા ટળે છે કે નથી ટળતા ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ સર્વે સ્વભાવ ટાળ્યા ટળે છે. **(૬)** ૬

૫ પછી વળી મહાનુભાવાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૫)** દુર્વાસાદિક મુક્ત થયા છે તો પણ તે તામસી કેમ રહ્યા છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, દુર્વાસાદિકમાં જે તમોગુણ આદિક ગુણ વર્તે છે તે તો પોતાને એ ગુણ રાખવા છે માટે રહ્યા છે ને તે એમ જાણે છે જે કોઈક અવળો ચાલતો હોય તેને શિક્ષા કર્યા સારુ આપણે તમોગુણ છે તે બહુ રૂડો છે, એમ ગુણ જાણીને રાખ્યો છે અને જ્યારે પોતામાં જે સ્વભાવ વર્તતો હોય ને તે ઉપર અભાવ આવે જે, હું ભગવાનનો ભક્ત છું તે મારે આવો ભૂંડો સ્વભાવ જોઈએ નહિ, એવી રીતે દોષરૂપ જાણીને જે જે સ્વભાવને તજવાને ઇચ્છે તો ભગવાનને પ્રતાપે કરીને તે તે સ્વભાવની નિવૃત્તિ થઈ જાય છે. **(૭)** ઇતિ વચનામૃતમ્ **॥૧૮॥ (૯૬)** ૭

**રહસ્યાર્થ પ્રદી૰-** આમાં પ્રશ્ન **(૫)** છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે. તેમાં સાચા સંતના યોગથી સ્વધર્માદિક કલ્યાણકારી ગુણ પ્રગટ થાય છે ને કામાદિક વિકાર બળી જાય છે ને કુસંગના યોગથી વૈરાગ્ય-વિવેકાદિક ગુણ નાશ પામે છે માટે કુસંગ ન કરવો. **(૧)** અને અયોગ્ય સ્વભાવ સંતના સમાગમથી જ ટળે છે. **(૨)** બીજામાં સત્સંગ કરે ને તપાસ કરે તો સર્વે સ્વભાવ નાશ પામે છે. **(૩)** ત્રીજામાં યુવાન અવસ્થામાં કામાદિક શત્રુએ રહિત એવા સંતનો સમાગમ રાખે તો તે અવસ્થાને તરી જાય. **(૪)** અને મોટાપુરુષને વિષે દોષ પરઠે તે દોષ તેને વિષે આવે છે ને મોટાપુરુષના સ્વભાવને કલ્યાણકારી જાણીને પોતાના અપરાધને ક્ષમા કરાવે તો મલિનતા મટી જાય છે. **(૫)** ચોથામાં સર્વે સ્વભાવ ટાળ્યા ટળે છે. **(૬)** પાંચમામાં દોષને વિષે ગુણ માન્યો હોય તો તે ટળે નહિ અને દોષરૂપ જાણે તો ટળે છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૭)** બાબતો છે.

૧ **પ્ર૦** (૩/૫ ત્રીજા પ્રશ્નમાં) મોટાપુરુષ જે જે સ્વભાવ રાખે છે તે જીવના કલ્યાણને અર્થે છે એમ સમજે તેની મલિનતા મટી જાય એમ કહ્યું તે સ્વભાવ કિયાં જાણવાં ?

૧ **ઉ૦** મોટાપુરુષ હોય તે ધર્મમાં રાખવા સારુ ક્રોધ કરીને તેને વઢે અથવા કોઈકને વર્તમાનમાં ચૂક પડે તો તેને પ્રાયશ્ચિત્ત કરાવે અથવા કોઈક અવળો ચાલતો હોય તેને સત્સંગમાંથી કાઢી મૂકે, એવા સ્વભાવ કોઈના હિતને અર્થે જણાવે તે સ્વભાવ કલ્યાણકારી કહ્યા છે પણ શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ સ્વભાવ ન હોય ને જેમાં પંચવર્તમાન વિરુદ્ધ સ્વભાવ હોય તેને મોટાપુરુષ ન જાણવા. **॥૧૮॥ (૯૬)**

**ઇતિ શ્રી કચ્છદેશે વૃષપુરનિવાસી અનાદિમુક્તરાજ શ્રી અબજીભાઈ વિરચિત**

**સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મુખકમળ નિઃસૃત**

**વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકાયાં સારંગપુર પ્રકરણં સમાપ્તમ્.**

# અથ વચનામૃત કારિયાણી પ્રકરણમ્

## વચનામૃત કારિયાણીનું - ૧

❖ સંવત ૧૮૭૭ના ભાદરવા સુદિ ૧૨ દ્વાદશીને દિવસ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ સુરતના હરિભક્ત જાદવજી છપરપલંગ લાવ્યા હતા તે ઢાળ્યો હતો ને તે પલંગ ઉપર રેશમનું ગાદલું ધોળા ઓછાડે સહિત બિછાવ્યું હતું ને તેની ઉપર ધોળો તકિયો તથા લાલ મશરૂનાં ઢીંચણિયાં મૂક્યાં હતાં ને તે પલંગની ઉપર ચારે કોરે સોનેરી કસબના સેજબંધ લટકતા હતા, એવી શોભાએ યુક્ત જે પલંગ તેની ઉપર શ્રીજીમહારાજ ઉતરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને સોનેરી છેડાનો ધોળો ફેંટો મસ્તકે બાંધ્યો હતો અને સોનેરી છેડાનું શેલું ઓઢ્યું હતું ને કાળા છેડાનો ધોળો ખેસ પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને શ્રીજીમહારાજના મુખારવિંદરૂપ ચંદ્રમા સામા ચકોરની પેઠે સર્વે ભક્તજન જોઈ રહ્યા હતા.

પછી શ્રીજીમહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો. ત્યારે
૧ ભૂધરાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** ભગવાનનો નિશ્ચય થાય છે તે અંતઃકરણમાં થાય છે કે જીવમાં થાય છે ? ત્યારે તેનો ઉત્તર શિવાનંદ સ્વામીએ કરવા માંડ્યો પણ થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, આ જીવ છે તે બુદ્ધિએ કરીને જાણે છે ને તે બુદ્ધિ છે તે સર્વેનું કારણ છે ને સર્વેથી મોટી છે માટે તે બુદ્ધિ મનને વિષે રહી છે, ચિત્તને વિષે રહી છે, અહંકારને વિષે રહી છે, શ્રોત્રને વિષે રહી છે, ચક્ષુને વિષે રહી છે, ઘ્રાણને વિષે રહી છે, જિહ્વાને વિષે રહી છે, વાણીને વિષે રહી છે, ત્વચાને વિષે રહી છે, હાથને વિષે રહી છે, પગને વિષે રહી છે, શિશ્નને વિષે રહી છે, ગુદાને વિષે રહી છે, એવી રીતે બુદ્ધિ જે તે નખશિખાપર્યંત આ શરીરને વિષે વ્યાપીને રહી છે ને તે બુદ્ધિને વિષે જીવ રહ્યો છે પણ તે જીવ જણાતો નથી ને એકલી બુદ્ધિ જણાય છે, ત્યાં દૃષ્ટાંત છે : જેમ અગ્નિની જ્વાળા ઘટે છે ને વધે છે તે વાયુએ કરીને વધે છે ને ઘટે છે તે અગ્નિની જ્વાળા વધતી-ઘટતી જણાય છે પણ વાયુ જણાતો નથી, અને જેમ અગ્નિ લઈને છાણામાં મૂકીએ ને તે છાણામાં સળગવા માંડે તેને લઈને જ્યાં વાયુ ન હોય ત્યાં મૂકીએ તે ધૂંવાડો ઊંચો ચડવા માંડે તે ધૂંવાડો ઊંચો ચડતો જણાય પણ તેમાં વાયુ જણાતો નથી, અને જેમ આકાશને વિષે વાદળાં ચાલે છે તે વાયુએ કરીને ચાલે છે તે વાદળાં ચાલતાં જણાય છે પણ તેમાં રહ્યો એવો જે વાયુ તે જણાતો નથી, તેમ જ્વાળા, ધૂંવાડો ને વાદળાં તેને ઠેકાણે બુદ્ધિ જાણવી ને વાયુને ઠેકાણે જીવ જાણવો. તે જીવ કેવો છે તો બુદ્ધિએ કર્યો જે નિશ્ચય તેને જાણે છે તે બુદ્ધિમાં નિશ્ચયની વિગતિનો કરનારો જે બ્રહ્મા તેને પણ જાણે છે ને મનના સંકલ્પને જાણે છે અને તે મનના સંકલ્પની

વિગતિનો કરનારો જે ચંદ્રમા તેને પણ જાણે છે અને ચિત્તના ચિંતવનને જાણે છે અને તે ચિત્તના ચિંતવનની વિગતિના કરનારા જે વાસુદેવ તેને પણ જાણે છે અને અહંકારની અહંમતિને જાણે છે અને તે અહંમતિની વિગતિના કરનારા જે રુદ્ર તેને પણ જાણે છે, એવી રીતે જે ચાર અંતઃકરણ ને દશ ઈન્દ્રિયો તેના જે વિષય ને તે વિષયની વિગતિના કરનારા જે દેવતા એ સર્વેને એકકાળાવછિન્ન જાણે છે એવો જે જીવ તે જીવ જે તે એકદેશસ્થ જણાય છે અને બરછીની અણી જેવો તીખો જણાય છે અને અતિશે સૂક્ષ્મ જણાય છે તે બુદ્ધિએ સહિત છે, માટે એવો સૂક્ષ્મ જણાય છે પણ જ્યારે એ જીવને દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, દેવતા ને વિષય તેના પ્રકાશકપણે જાણીએ ત્યારે તો જીવ બહુ મોટો જણાય છે અને વ્યપાક જણાય છે તે બુદ્ધિએ રહિત છે ને અનુમાને કરીને જણાય છે પણ સાક્ષાત્કાર નથી જણાતો, ત્યાં દૃષ્ટાંત છે : જેમ કોઈક દશ મણની તરવાર હોય તેને જોઈને માણસ અનુમાન કરે જે, એ તરવારનો ઉપાડનારો બહુ મોટો હશે, તેમ એ સર્વે દેહ-ઈન્દ્રિયાદિકને એક કાળે પ્રકાશે છે માટે એ જીવ બહુ મોટો છે, એવી રીતે અનુમાને કરીને જણાય છે એવી રીતે શ્રીજીમહારાજે ઉત્તર કર્યો. ત્યારે નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, હે મહારાજ ! એમાં તે શું ઉત્તર થયો ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એમાં તો એ ઉત્તર થયો જે, જ્યારે બુદ્ધિમાં નિશ્ચય થયો ત્યારે જીવમાં પણ નિશ્ચય થઈ ગયો એમ જાણવું તે કેવી રીતે થાય છે તો પ્રથમ ઈન્દ્રિયોમાં નિશ્ચય થાય છે પછી અહંકારમાં નિશ્ચય થાય છે પછી ચિત્તમાં નિશ્ચય થાય છે પછી મનમાં નિશ્ચય થાય છે પછી બુદ્ધિમાં નિશ્ચય થાય છે પછી જીવમાં નિશ્ચય થાય છે. **(૧)** ૧

૨ એમ શ્રીજીમહારાજે કહ્યું ત્યારે નિત્યાનંદ સ્વામીએ વળી પૂછ્યું જે, **(૨)** હે મહારાજ ! ઈન્દ્રિયોમાં નિશ્ચય હોય તે કેમ જણાય ? ને અંતઃકરણમાં નિશ્ચય હોય તે કેમ જણાય ? ને જીવમાં નિશ્ચય હોય તે કેમ જણાય ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ઈન્દ્રિયોમાં નિશ્ચય તે એમ જાણવો જે, આ જગતને વિષે જે જે પદાર્થ છે તે દીઠામાં, સાંભળ્યામાં, સૂંઘ્યામાં, અડ્યામાં આવે છે તેમાં કેટલાક શુભ છે ને કેટલાક અશુભ છે, ને કેટલાક સુખરૂપ છે ને કેટલાક દુઃખરૂપ છે, ને કેટલાક પ્રિય છે ને કેટલાક અપ્રિય છે, ને કેટલાક યોગ્ય છે ને કેટલાક અયોગ્ય છે એ સર્વે ભગવાનમાં જણાય તેણે કરીને કાંઈ સંશય ન થાય તો એને ઈન્દ્રિયોમાં નિશ્ચય જાણવો. અને સત્ત્વ, રજ ને તમ એ ત્રણ ગુણનાં જે કાર્ય છે તેમાં આળસ-નિદ્રાદિક તમોગુણનું કાર્ય છે ને કામ-ક્રોધાદિક રજોગુણનું કાર્ય છે અને જેમ નરનારાયણ પિતૃદેવ કર્મ કરતા હવા તે શમદમાદિક સત્ત્વગુણનું કાર્ય છે, એ સર્વે ભગવાનમાં દેખાય પણ તેમાં કાંઈ સંશય ન થાય તો એને અંતઃકરણમાં ભગવાનનો નિશ્ચય જાણવો. અને જેમ ઋષભદેવ ભગવાન નિર્વિકલ્પ સમાધિએ કરીને ઉન્મત્ત થકા વિચર્યા ને મુખમાં પાણો રાખ્યો ને પોતાનો દેહ દાવાનળમાં બળી ગયો તો ય ખબર ન રહી, એવી રીતે જે ગુણાતીત સ્થિતિ તે ભગવાનમાં જણાય ને તેમાં કાંઈ સંશય ન થાય તો એને જીવને વિષે નિશ્ચય જાણવો, ત્યાં

દૃષ્ટાંત છે : જેમ સમુદ્રમાં વહાણ ચાલે છે તેમાં જે લોઢાનાં નાંગળ હોય તેને સમુદ્રમાં નાખે તે તરત બૂડી જાય પણ જો તરત તેને તાણી લે તો ઝાઝી મહેનત ન પડે ને તરત નીસરી આવે પણ જો તેને ગાઉ અર્ધો ગાઉ જાવા દઈને તાણે તો ઘણી મહેનતે નીસરે અને જો ધીરે ધીરે જાવા દે ને ધરતીમાં ખૂંતે તો તે પાછો તાણ્યો તણાય નહિ ને નીસરે પણ નહિ, એમ જેને જીવને વિષે નિશ્ચય થાય તો તેનો નિશ્ચય કોઈ પ્રકારે તાણ્યો તણાય નહિ, એવી રીતે શ્રીજીમહારાજે વાર્તા ઘણીક કરી પણ આ તો દિશમાત્ર લખી છે. **(૨)** ૨

૩ પછી ચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** હે મહારાજ ! ભગવાન તો મન-વાણી થકી પર છે ને ગુણાતીત છે તેને માયિક એવાં જે અંતઃકરણ તે કેમ પામે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, આ દેહ, ઈન્દ્રિયો ને અંતઃકરણ તેને જાણનારો જે જીવ તે જ્યારે સુષુપ્તિમાં લીન થાય છે ત્યારે એના ઈન્દ્રિયો-અંતઃકરણ પણ સુષુપ્તિમાં લીન થાય છે ત્યારે તે સમયમાં એ જીવને ભગવાન પ્રકાશે છે અને જ્યારે સુષુપ્તિમાંથી સ્વપ્નમાં આવે છે ત્યારે તે સ્વપ્ન સંબંધી જે સ્થાન, ભોગ, વિષય ને જીવ એ સર્વેને ભગવાન પ્રકાશે છે અને જાગ્રતમાં પણ ભગવાન પ્રકાશે છે, એવી રીતે રૂપપણે ને અરૂપપણે કરીને રહ્યો જે જીવ તેને ભગવાન પ્રકાશે છે અને પ્રધાનમાંથી મહત્તત્ત્વ થયું અને મહત્તત્ત્વમાંથી ત્રણ પ્રકારનો અહંકાર થયો ને તે અહંકારમાંથી ઈન્દ્રિયો, દેવતા, પંચભૂત, પંચમાત્રા એ સર્વે થયાં તેમને પણ જે ભગવાને પ્રકાશ્યાં છે અને એ સર્વે તત્ત્વે મળીને રચ્યો એવો જે વિરાટ તેને પણ ભગવાન પ્રકાશે છે અને એ સર્વે જ્યારે માયામાં લીન થાય છે ત્યારે તે માયાને પણ ભગવાન પ્રકાશે છે એવી રીતે જીવ ને ઈશ્વર એ બે ય જ્યારે રૂપપણે થાય છે ત્યારે જે ભગવાન પ્રકાશે છે અને જ્યારે એ જીવ ને ઈશ્વર બે ય નામરૂપ રહિત થકા સુષુપ્તિમાં ને પ્રધાનમાં રહે છે ત્યારે પણ જે ભગવાન પ્રકાશે છે, ને જે **કાળ એ માયાદિક તત્ત્વને નામરૂપપણાને પમાડે છે ને અરૂપપણાને પમાડે છે, એવો જે કાળ તે કાળને પણ જે ભગવાન પ્રકાશે છે** એવા જે ભગવાન તે જે તે ઈન્દ્રિયો-અંતઃકરણે કરીને કેમ જાણ્યામાં આવે ? એ તમારો પ્રશ્ન છે કે નહિ ? ત્યારે સૌએ કહ્યું જે, હે મહારાજ ! એ પ્રશ્ન છે, ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો એમ ઉત્તર છે જે, એવા જે ભગવાન તેને આ જગતની ઉત્પત્તિ ને સ્થિતિનું કરવું છે તે કાંઈ પોતાને અર્થે નથી કાં જે શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે જે :-

**બુદ્ધીંદ્રિય-મનઃપ્રાણાન્ જનાનામસૃજત્ પ્રભુઃ ।**
**માત્રાર્થં ચ ભવાર્થં જ હ્યાત્મને કલ્પનાય ચ ॥**

એ શ્લોકમાં એમ કહ્યું છે જે, સર્વે જનનાં બુદ્ધિ, ઈન્દ્રિયો, મન ને પ્રાણ તેને ભગવાન જે તે સૃજતા હવા તે જીવને વિષયભોગને અર્થે તથા જન્મને અર્થે તથા લોકાંતરમાં જાવાને અર્થે તથા મોક્ષને અર્થે સૃજ્યાં છે, માટે આ જગતની ઉત્પત્તિ કરે છે તે પણ જીવના કલ્યાણને અર્થે

કરે છે અને સ્થિતિ કરે છે તે પણ જીવના કલ્યાણને અર્થે કરે છે અને પ્રલય કરે છે તે પણ જીવને અર્થે કરે છે, કાં જે નાના પ્રકારની સંસૃતિએ કરીને થાક્યા જે જીવ તેના વિશ્રામને અર્થે પ્રલય કરે છે, એવી રીતે સર્વ પ્રકારે જીવના હિતને અર્થે પ્રવર્ત્યા એવા જે ભગવાન તે જે તે જ્યારે કૃપા કરીને મનુષ્ય સરખા થાય છે ત્યારે જે જીવ તે ભગવાનના સંતનો સમાગમ કરે છે તે જીવના જાણ્યામાં કેમ ન આવે ? એ તો આવે જ. **(૩)** ૩

૪ એમ શ્રીજીમહારાજે કહ્યું, ત્યારે ભજનાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૪)** હે મહારાજ ! આ શ્રુતિમાં એમ કહ્યું છે જે **॥ यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ॥** ત્યારે શ્રીજીમહારાજ પ્રસન્ન થકા બોલ્યા જે એનું એમ છે જે, જેમ પૃથ્વી આકાશમાં રહી છે પણ આકાશના ભાવને નથી પામતી અને જળ આકાશને વિષે રહ્યું છે પણ આકાશના ભાવને નથી પામતું અને તેજ આકાશને વિષે રહ્યો છે પણ આકાશના ભાવને નથી પામતો અને વાયુ આકાશને વિષે રહ્યો છે પણ આકાશના ભાવને નથી પામતો; એમ મન-વાણી ભગવાનને નથી પામતાં. **(૪)** ૪

૫ ત્યારે નિત્યાનંદસ્વામીએ પૂછ્યું જે, **(૫)** હે મહારાજ ! શ્રુતિ-સ્મૃતિમાં એમ કહ્યું છે જે, **॥ निरंजनः परमं साम्यमुपैति बहवो ज्ञान तपसा पूता मद्भावमागताः ॥** ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એ તો અમે અભક્તનાં મન-ઈન્દ્રિયોને કહ્યું છે પણ ભક્તનાં મન-ઈન્દ્રિયો તો ભગવાનને સાક્ષાત્કારપણે પામે છે, જેમ આકાશને વિષે રહી છે જે પૃથ્વી તે પ્રલયકાળને સમે આકાશરૂપ થઈ જાય છે અને જળ પણ આકાશરૂપ થઈ જાય છે, અને તેજ પણ આકાશરૂપ થઈ જાય છે અને વાયુ પણ આકાશરૂપ થઈ જાય છે. **એમ જે ભગવાનના ભક્ત હોય તેનાં જે દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ ને પ્રાણ તે સર્વે ભગવાનને જ્ઞાને કરીને ભગવાનને આકારે થઈ જાય છે ને દિવ્ય થઈ જાય છે, કાં જે ભગવાન પોતે દિવ્યમૂર્તિ છે તેનાં ઈન્દ્રિયો, અંતઃકરણ, દેહે તેને આકારે એ ભક્તનાં દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ થાય છે માટે દિવ્ય થઈ જાય છે, ત્યાં દૃષ્ટાંત છે : જેમ ભમરી ઈયળને ઝાલી લાવે છે ને તેને ચટકો લઈને ઉપર ગુંજારવ કરે છે તેણે કરીને તે ઈયળ તે ને તે દેહે કરીને તદાકાર થઈ જાય છે પણ કોઈ અંગ ઈયળનું રહેતું નથી; ભમરી જેવી જ ભમરી થઈ જાય છે, તેમ ભગવાનના ભક્ત પણ એ ને એ દેહે કરીને ભગવાનને આકારે થઈ જાય છે** અને આ જે અમે વાર્તા કરી તેનું હારદ એ છે જે, આત્મજ્ઞાને સહિત જે ભક્તિનિષ્ઠાવાળો છે તથા કેવળ ભક્તિનિષ્ઠાવાળો છે, તે બેયની એ ગતિ કહી છે. **(૫)** પણ કેવળ **આત્મનિષ્ઠાવાળો જે** ૫
**કૈવલ્યાર્થી** તેના દેહ, ઈન્દ્રિયો ને અંતઃકરણ તેનું ભગવાનની મૂર્તિને તદાકારપણું નથી થાતું, એ તો કેવળ બ્રહ્મસત્તાને પામે છે એમ વાર્તા કરીને બોલ્યા જે, હવે એટલી વાર્તા રાખો અને સભા સર્વે શૂન્ય થઈ ગઈ છે માટે કોઈક સારાં કીર્તન બોલો, એમ કહીને પોતે ધ્યાન કરવા

મંડ્યા ને સંત કીર્તન ગાવા લાગ્યા. (૬) ઈતિ વચનામૃતમ્ ॥૧॥ (૯૭) ૬

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૫)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, જીવ બુદ્ધિએ સહિત હોય ત્યારે અંતઃકરણ, ઈન્દ્રિયો, વિષય ને દેવતા તેમને એકકાળાવચ્છિન્ન જાણે છે અને બુદ્ધિએ રહિત હોય ત્યારે ઈન્દ્રિયાદિકનો પ્રકાશક ને વ્યાપક છે અને અમારો નિશ્ચય પ્રથમ ઈન્દ્રિયોમાં પછી અહંકાર, ચિત્ત, મન, બુદ્ધિ ને પછી જીવમાં થાય છે. **(૧)** બીજામાં ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવમાં નિશ્ચયનાં રૂપ કર્યાં છે. **(૨)** ત્રીજામાં મન-વાણીને અગોચર એવા અમે તે કૃપા કરીને મનુષ્યરૂપે દર્શન આપીએ છીએ ત્યારે જે અમારા મુક્તનો સમાગમ કરે તેને જાણ્યામાં આવીએ છીએ. **(૩)** ચોથામાં અભક્તનાં મન-વાણી અમને પામતાં નથી. **(૪)** પાંચમામાં અમારા ભક્તનાં દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ તે અમારે જ્ઞાને કરીને અમારે આકારે થઈ જાય છે. **(૫)** અને કૈવલ્યાર્થી કેવળ બ્રહ્મસત્તાને પામે છે. **(૬)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજા પ્રશ્નમાં શુભ-અશુભાદિક પદાર્થ કહ્યા તે કિયાં જાણવાં ?

૧ **ઉ૦** દૂધ, સાકર, ઘી, ગોળ આદિક રસ તથા ઘઉં, ચોખા, તુવેર, બાજરી આદિક અનાજ તથા દાડમ, અંજીર આદિક ફળ તથા લવિંગ, એલચી, સોપારી, તજ એ આદિક મુખવાસ તથા ચંદન, તુળસી, જાઈ, મોગરા, ચંબેલી, ગુલાબ એ આદિક સુગંધીમાન પુષ્પ તે શુભ, સુખદાયી, પ્રિય ને યોગ્ય છે. અને કસાયેલું, ઊતરેલું, સડેલું, બગડેલું એવાં અનાજ તથા અફીણ, ગાંજો, માજમ, ભાંગ્ય, તમાકુ, મદ્ય, માંસ, હિંગ એ આદિક કેફી વસ્તુઓ તે અશુભ, દુઃખદાયી, અપ્રિય ને અયોગ્ય છે. તે સર્વે પદાર્થને ભગવાન અંગીકાર કરે તો પણ સંશય થાય નહિ તે ઈન્દ્રિયોમાં નિશ્ચય જાણવો, અને આળસ, નિદ્રા, કામ, ક્રોધાદિક સ્વભાવ ભગવાનમાં દેખાય તથા ભગવાન કોઈક દેવની પૂજા કરતા હોય, ત્યારે સંશય ન થાય જે ભગવાન હશે કે નહિ હોય તે અંતઃકરણમાં નિશ્ચય જાણવો. અને પોતાના દેહની ખબર ન રાખે ને ઋષભદેવની પેઠે ગુણાતીત સ્થિતિમાં વર્તે તો પણ સંશય ન થાય જે ભગવાન તો સ્વતંત્ર હોય ને આવું પરતંત્રપણું જણાય છે માટે ભગવાન હશે કે નહિ તે જીવમાં નિશ્ચય જાણવો.

૨ **પ્ર૦** ઈન્દ્રિયો-અંતઃકરણ તો જડ છે ને ભગવાનનો નિશ્ચય તો ચૈતન્યમાં થવો જોઈએ અને ઈન્દ્રિયોમાં થાય એમ કહ્યું તે શી રીતે સમજવું ?

૨ **ઉ૦** ચૈતન્ય એવો જીવ તે હૃદયને વિષે રહ્યો થકો ઈન્દ્રિયોદ્વારે આવીને વિષયનું તથા જ્ઞાનનું ગ્રહણ કરે છે એમ (**જે૦ ૨** ના બીજા પ્રશ્નમાં) કહ્યું છે, માટે સત્પુરુષ થકી અથવા ભગવાન થકી વાત સાંભળીને અથવા ભગવાન થકી પરચા, ચમત્કાર, સમાધિ જોઈને ભગવાન જાણ્યા હોય પણ તેનું મનન ને નિદિધ્યાસ કરીને ભગવાનનું અન્વય-વ્યતિરેકપણું, સગુણ-નિર્ગુણપણું, કર્તા-અકર્તા-અન્યથાકર્તાપણું, અવતાર-અવતારીપણું, નિર્લેપપણું, અસંગીપણું, નિર્વિકારપણું, સર્વોપરીપણું, એવું યથાર્થ જ્ઞાન થયું ન હોય તે નિશ્ચય ઈન્દ્રિયોમાં કહેવાય. અને ભગવાન અથવા સત્પુરુષ થકી ઉપર કહ્યો એવો યથાર્થ મહિમા જાણીને નિશ્ચય કર્યો હોય ને ધ્યાને કરીને અંતરને વિષે શ્રીજીમહારાજની મૂર્તિને દેખે તે અંતઃકરણમાં નિશ્ચય કહેવાય. અને એવો મહિમા સમજીને પોતાના આત્માને વિષે મૂર્તિનો સાક્ષાત્કાર થયો હોય તે જીવમાં નિશ્ચય કહેવાય, આ નિશ્ચય કોઈ રીતે ડગે નહિ.

૩ **પ્ર૦** પાંચમા પ્રશ્નમાં અમારા ભક્તનાં ઈન્દ્રિયો-અંતઃકરણ સર્વે અમારે જ્ઞાને કરીને અમારે આકારે થઈ જાય છે ને દિવ્ય થઈ જાય છે, એમ કહ્યું તે શ્રીજીમહારાજને આકારે કેવી રીતે થતાં હશે ? અને દિવ્ય કેવી રીતે થતાં હશે ? અને એ ને એ દેહે કરીને શ્રીજીમહારાજને આકારે થઈ જાય છે એમ કહ્યું તે એ ને એ દેહે તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ૦** જેવું (**લો૦ ૭**ના ૧/૩ પહેલા પ્રશ્નમાં) અનુભવજ્ઞાન કહ્યું છે જે, ભગવાનને જાણે ને દેખે એવું સ્થિતિએ સહિત જ્ઞાન કહ્યું છે તે એ ભક્ત શ્રીજીમહારાજના સ્વરૂપને, સંતના અથવા શ્રીજીમહારાજના સમાગમે કરીને, યથાર્થ જાણીને ધ્યાને કરીને મૂર્તિનો સાક્ષાત્કાર કરે ત્યારે ભગવાનને આકારે થાય છે એટલે ભગવાનના જેવો જ દિવ્ય મૂર્તિમાન થાય છે, માટે એના ઈન્દ્રિયો પુરુષોત્તમરૂપ થઈ જાય છે એમ કહ્યું તે જેમ પુરુષોત્તમ ભગવાનને દિવ્ય અવયવ છે તેમ એના અવયવ જાણવા પણ માયિક ઈન્દ્રિયો દિવ્ય થઈ જાય છે એમ ન જાણવું. અને એ ને એ દેહે કરીને એટલે જે દેહમાં રહ્યો છે તે દેહે જ શ્રીજીમહારાજને આકારે થઈ જાય છે પણ બીજો દેહ ધરવો પડતો નથી.

૪ **પ્ર૦** ઇયળને દૃષ્ટાંતે શું જાણવું ? ને ભમરીના દૃષ્ટાંતે શું જાણવું ? ને ચટકાને દૃષ્ટાંતે શું જાણવું ? ને ગુંજારવને દૃષ્ટાંતે શું જાણવું ?

૪ **ઉ૦** ઇયળને ઠેકાણે જીવ જાણવો, અને ભમરીને ઠેકાણે ભગવાન જાણવા, અને ચટકાને ઠેકાણે ભગવાનનું જ્ઞાન જાણવું, અને ગુંજારવને ઠેકાણે મહિમા જાણવો એટલે જીવને ભગવાન અથવા ભગવાનના સંત મળે તે ભગવાનનું જ્ઞાન આપીને વારંવાર ભગવાનનો મહિમા કહે તે મહિમા સમજાય ત્યારે ભગવાનનું ધ્યાન થાય તેણે કરીને જીવ ભગવાનના જેવો દિવ્ય સાકાર થઈને શ્રીજીમહારાજની હજૂર સેવામાં રહે છે.

૫ **પ્ર૦** (૫/૬ પાંચમા પ્રશ્નમાં) કેવળ આત્મનિષ્ઠ બ્રહ્મસત્તાને પામે છે એમ કહ્યું તે બ્રહ્મસત્તા તે કઈ જાણવી ?

૫ **ઉ૦** બ્રહ્મ જે મૂળપુરુષના તેજરૂપ અક્ષરબ્રહ્મ તેમાં લીન થાય તે બ્રહ્મસત્તા કહી છે. **॥૧॥ (૯૭)**

## વચનામૃત કારિયાણીનું - ૨

❖સંવત ૧૮૭૭ના આસો સુદિ **૨** દ્વિતીયાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

અને શ્રીજીમહારાજની આજ્ઞાએ કરીને નાના નાના પરમહંસ આગળ આવીને પ્રશ્ન-ઉત્તર કરતા હતા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો અમે એક પ્રશ્ન પૂછીએ. ત્યારે સર્વે બોલ્યા
૧ જે, પૂછો મહારાજ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** એકની બુદ્ધિ તો એવી છે જે, જે દહાડાથી સત્સંગ કર્યો હોય તે દહાડાથી ભગવાનનો તથા સંતનો અવગુણ આવે ખરો પણ રહે નહીં; ટળી જાય પણ એમ ને એમ ગુણ-અવગુણ આવ્યા કરે પણ સત્સંગ મૂકીને કોઈ દિવસ જાય નહિ, શા માટે જે એને બુદ્ધિ છે તે એમ જાણે જે આવા સંત બ્રહ્માંડમાં ક્યાંય નથી અને **આ મહારાજ વિના બીજો કોઈ ભગવાન નથી,** એમ સમજાણું હોય માટે સત્સંગમાં અડગપણે રહે છે અને એકની તો એવી બુદ્ધિ છે જે, સંતનો અથવા ભગવાનનો કોઈ દિવસ અવગુણ જ આવતો નથી અને બુદ્ધિ તો એ બેયની સરખી છે અને ભગવાનનો નિશ્ચય પણ એ બેયને સરખો છે પણ એકને અવગુણ આવ્યા કરે છે ને એકને નથી આવતો તે જેને અવગુણ આવે છે તેની બુદ્ધિમાં શો દોષ છે ? એ પ્રશ્ન નાના શિવાનંદ સ્વામીને પૂછીએ છીએ. પછી એ શિવાનંદ સ્વામીએ એનો ઉત્તર કરવા માંડ્યો પણ ઉત્તર થયો નહિ, પછી ભગવદાનંદ સ્વામી બોલ્યા જે, એની બુદ્ધિ શાપિત છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ ઠીક કહે છે, એનો ઉત્તર એ જ છે જે કોઈ જગતમાં કહેતા નથી જે, **એને તો કોઈકનો ફટકાર લાગ્યો છે, એમ મોટા સંતને દુઃખવ્યા હોય અથવા કોઈ ગરીબને દુઃખવ્યા હોય અથવા માબાપની ચાકરી ન કરી હોય તે માટે એમણે શાપ દીધો હોય તેણે કરીને એની બુદ્ધિ એવી છે. (૧)** ૧

૨ **પછી ભગવદાનંદ સ્વામીએ પૂછ્યું જે, (૨) હે મહારાજ ! એની શાપિત બુદ્ધિ છે તે કેમ સારી થાય ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એનું તો એમ છે જે એક તો અમે આ માથે**

**બાંધી રહ્યા એ વસ્ત્રને ધોવું હોય અને એક તો મોદ જેવું જાડું વસ્ત્ર તેને ધોવું હોય ત્યારે તે કાંઈ સરખે દાખડે ધોવાય નહિ, કાં જે ઝીણું વસ્ત્ર ધોવું હોય ત્યારે તેમાં લગારેક સાબુ દેઈને ધોઈ નાખીએ એટલે તરત ઊજળું થાય અને જ્યારે જાડા વસ્ત્રને ધોવું હોય ત્યારે તેને બે-ચાર દિવસ સુધી પાણીમાં પલાળી મૂકે ને પછી અગ્નિએ કરીને બાફે ને પછી સાબુ દઈને ધૂએ ત્યારે ઊજળું થાય. તેમ જેની બુદ્ધિ શાપિત હોય તે સર્વે પાળે એટલું જ પાળે તો એ દોષ ટળે નહિ ને બીજા જેમ નિષ્કામી રહે છે, નિઃસ્વાદી રહે છે, નિર્લોભી રહે છે, નિઃસ્નેહી રહે છે, નિર્માની રહે છે તેમ જ એને ન રહેવું; બીજા નિષ્કામી રહેતા હોય તેથી એને વિશેષે નિષ્કામી રહેવું અને બીજા નિર્લોભી રહેતા હોય તેથી એને વિશેષે નિર્લોભી રહેવું અને બીજા નિઃસ્વાદી રહેતા હોય તેથી અને વિશેષે નિઃસ્વાદી રહેવું અને બીજા નિઃસ્નેહી રહેતા હોય તેથી એને વિશેષે નિઃસ્નેહી રહેવું અને બીજા નિર્માની રહેતા હોય તેથી એને વિશેષે નિર્માની રહેવું અને બીજા સૂઈ રહે તે કેડે ઘડી મોડું એને સૂવું અને બીજા માળા ફેરવે તેથી એ વિશેષે માળા ફેરવે અને બીજા ઊઠે તેથી ઘડી વહેલો ઊઠે, એમ સર્વેથી વિશેષે પાળે તો એની બુદ્ધિ શાપિત ટળે; નહિ તો ટળે નહિ. (૨)** ૨

૩ પછી મોટા શિવાનંદ સ્વામીએ મોટા યોગાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **(૩)** કર્મ મૂર્તિમાન છે કે અમૂર્ત છે ? ત્યારે મોટાયોગાનંદ સ્વામીએ કહ્યું જે એનો ઉત્તર તો મુને આવડે એવું જણાતું નથી ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, વસ્તુતાએ કર્મ તો અમૂર્ત છે અને કર્મમાંથી થયું એવું જે શુભ અથવા અશુભ એવું ફળ તે તો મૂર્તિમાન છે, અને જે કર્મને મૂર્તિમાન કહે છે તે તો નાસ્તિક કહે છે, કાં જે કર્મ જે ક્રિયા તે કાંઈ મૂર્તિમાન ન હોય. એવી રીતે શ્રીજીમહારાજે ઘણીક વાર્તા કરી તેમાંથી આ તો દિશમાત્ર લખી છે. **(૩)** ઇતિ વચનામૃતમ્ ॥૨॥ (૯૮) ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલામાં સંત, ગરીબ ને માબાપ તેને દુઃખાવે તેની બુદ્ધિ શાપિત થાય છે તેથી અમારો ને સંતનો અવગુણ આવે છે. **(૧)** બીજામાં તે વિશેષે નિયમ પાળે તો શાપિત બુદ્ધિ ટળે છે. **(૨)** ત્રીજામાં કર્મ અમૂર્ત છે ને એનું ફળ મૂર્તિમાન છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** (ત્રીજા પ્રશ્નમાં) કર્મનું શુભ-અશુભ એવું ફળ તે મૂર્તિમાન કહ્યું તે ફળ મૂર્તિમાન કેવી રીતે જાણવું ?

૧ ઉ૦ શુભ કર્મે કરીને દેવાદિકના લોકની પ્રાપ્તિ થાય ને અનંત પ્રકારના વૈભવ પામે ને અશુભ કર્મે કરીને યમયાતના ને નરકચોરાશી આદિકની પ્રાપ્તિ થાય, એ શુભ, અશુભ કર્મનાં ફળ જે સુખ ને દુઃખ તે મૂર્તિમાન જાણવાં. ॥૨॥ (૯૮)

## વચનામૃત કારિયાણીનું - ૩

❖સંવત ૧૮૭૭ના આસો વદિ ૭ સાતમને દિવસ સાયંકાળને સમે શ્રીજીમહારાજ ગામ શ્રી કરિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉતરાદા બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને માથે શ્વેત ફેંટો બાંધ્યો હતો અને શ્વેત ખેસ પહેર્યો હતો ને શ્વેત ચાદર ઓઢી હતી ને ઉતરાદે મુખારવિંદે વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ

પરમહંસની તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** આ શુકમુનિ બહુ મોટા સાધુ છે અને જે દિવસથી અમારે પાસે રહ્યા છે તે દિવસથી એનો ચડતો ને ચડતો રંગ છે પણ મંદ તો પડતો નથી, માટે એ તો મુક્તાનંદ સ્વામી જેવા છે એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, **મનુષ્યને પરસ્પર હેત થાય છે તે ગુણે કરીને થાય છે ને અવગુણ આવે છે તે દોષે કરીને આવે છે તે ગુણ ને દોષ તો માણસની ઉપરની પ્રકૃતિએ કરીને ઓળખાતા નથી, કાં જે કોઈક મનુષ્ય તો બિલાડાની પેઠે હેઠું જોઈને ચાલતો હોય પણ માંહી તો અતિ કામી હોય તેને દેખીને અણસમજુ હોય તે કહે જે, એ તો બહુ મોટો સાધુ છે અને કોઈક તો ફાટી દૃષ્ટિએ ચાલતો હોય તેને જોઈને અણસમજણવાળો હોય તે એમ કહે જે, આ તો અસાધુ છે પણ તે માંહી તો મહાનિષ્કામી હોય, માટે શરીરની ઉપરની પ્રકૃતિ જોઈને મનુષ્યની પરીક્ષા થાતી નથી; પરીક્ષા તો ભેળે રહ્યાથી થાય છે ને ભેળો રહે ત્યારે બોલ્યામાં જણાય, ચાલ્યામાં જણાય, ખાતે જણાય, પીતે જણાય, સૂતે જણાય, ઊઠતે જણાય, બેઠતે જણાય ઇત્યાદિક ક્રિયાને વિષે જણાય છે અને વિશેષે કરીને** તો ગુણ-અવગુણ યુવાની અવસ્થામાં જણાય છે પણ બાળ અવસ્થામાં તથા વૃદ્ધ અવસ્થામાં તો નથી જણાતા, કાં જે કોઈક બાળ અવસ્થામાં ઠીક ન હોય ને યૌવનમાં સરસ થાય ને કોઈક બાળ અવસ્થામાં સારો હોય ને યુવાની અવસ્થામાં બગડી જાય છે. **(૧)** ૧
**અને જેને ખટકો હોય જે મુને આ ઘાટ થયો તે ઠીક નહિ ને તે ઘાટને ટાળ્યાનો યત્ન કર્યા કરે ને તે જ્યાં સુધી ટળે નહિ ત્યાં સુધી ખટકો રાખે, એવો જેનો સ્વભાવ હોય તે યુવાની અવસ્થામાં વધી જાય અને જેને ખટકો ન હોય ને પ્રમાદી હોય તે વધે નહિ ને એવો સારો હોય તે તો બાળકપણામાંથી જ જણાય.** તે ઉપર પોતે પોતાના બાળકપણાના ત્યાગી સ્વભાવની ઘણીક વાર્તા કરીને બોલ્યા જે, સારો હોય તેને તો બાળકપણામાંથી જ છોકરાંની સોબત ગમે નહિ ને જિહ્વાનો સ્વાદિયો હોય નહિ ને શરીરને દમ્યા કરે, જુઓને મુને બાળપણામાં સ્વામી કાર્તિકની પેઠે એવો જ વિચાર ઊપન્યો જે, મારે મારા શરીરમાં માતાનો ભાગ જે રુધિર ને માંસ તે રહેવા દેવું નથી, માટે ઘણેક પ્રયત્ને કરીને શરીર એવું સૂકવી નાખ્યું જે, શરીરમાં કાંઈક વાગે તો પાણીનું ટીપું નીસરે પણ રુધિર તો નીસરે જ નહિ એવી રીતે જે સારો હોય તે તો બાળપણામાંથી જ જણાય. **(૨)** ૨

૨ ત્યારે ભજનાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** હે મહારાજ ! એવો વિચાર તે મને કરીને રાખે તે ઠીક કે શરીર ને દમે તે ઠીક ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, કેટલાક તો શરીરના દોષ છે તે જાણ્યા જોઈએ ને કેટલાક તો મનના દોષ છે તે પણ જાણ્યા જોઈએ, તેમાં શરીરના દોષ તે શું જે શિશ્ન ઇન્દ્રિય વારંવાર જાગ્રત થાય તથા તેમાં ચળ થાય તથા ઠેકડો ભરવો તથા ઘડીએકમાં સર્વેને જોઈ વળવું તથા ઘડીએકમાં ઘણા પ્રકારના ગંધ સૂંઘી લેવા તથા વીસ-

પચીસ ગાઉની મજલ કરવી તથા બળે કરીને કોઈકને મળીને તેનાં હાડકાં ભાંગી નાખવાં તથા સ્વપ્નમાં વીર્યપાત થાય ઈત્યાદિક જે દોષ છે તે સર્વે દેહના દોષ છે પણ મનના નથી, તે એ શરીરના જે દોષ તે અતિશે ક્ષીણ થઈ જાય તો ય પણ મનમાં જે કામનો સંકલ્પ તથા ખાધાનો તથા પીધાનો તથા ચાલ્યાનો તથા સ્પર્શનો તથા ગંધનો તથા શબ્દનો તથા સ્વાદનો જે સંકલ્પ તે રહ્યા કરે તે મનના દોષ જાણવા, **એમ મનના ને શરીરના દોષ જાણીને શરીરના દોષને શરીરને દમવે કરીને ટાળવા ને શરીર ક્ષીણ થયા પછી જે મનમાં દોષ રહ્યા તેને વિચારે કરીને ટાળવા જે, હું આત્મા છું ને સંકલ્પ થકી ભિન્ન છું ને સુખરૂપ છું. એવી રીતે શરીરનું દમન ને વિચાર એ બે જેને હોય તે મોટો સાધુ છે ને જેને એકલું દમન છે ને વિચાર નથી તો તે ઠીક નહિ તથા જેને એકલો વિચાર છે ને દમન નથી તે પણ ઠીક નહિ, માટે એ બે જેને હોય તે શ્રેષ્ઠ છે અને શરીરનું દમન ને વિચાર એ બે વાનાં તો ગૃહસ્થ સત્સંગીને પણ જરૂર રાખ્યાં જોઈએ, ત્યારે ત્યાગીને તો જરૂર રાખ્યાં જ જોઈએ. (૩)** ૩

૩ ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** હે મહારાજ ! એમ જે રહેવાય છે તે વિચારે કરીને રહેવાય છે કે વૈરાગ્યે કરીને રહેવાય છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એ તો મોટા સંતના સમાગમે કરીને થાય છે અને જેને મોટા સંતના સમાગમે કરીને પણ ન થાય તે તો
મહાપાપી છે. **(૪)** એમ કહીને વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, ત્યાગી થઈને ગૃહસ્થને ૪
ભોગવવા યોગ્ય ભોગની ઈચ્છા રાખે છે તે ખડ ખાય છે, કાં જે એને એ ભોગ પ્રાપ્ત થાનારા છે નહિ ને તેની ઈચ્છા રાખે છે, માટે એના સમજ્યામાં એ વાત આવી નથી, કાં જે જે ગામ જાવું નહિ તેનું નામ શું પૂછવું ? તેમ એણે જે પદાર્થનો ત્યાગ કર્યો છે ને તેની પાછી અભિલાષા રાખે છે તે શું આ દેહે કરીને એને પ્રાપ્ત થવાનું છે ? તે તો જો આ સત્સંગમાંથી વિમુખ થાય તો પ્રાપ્ત થાય પણ સત્સંગમાં રહ્યે થકે તો થાય નહિ, માટે સત્સંગમાં રહ્યે થકે
તે ભોગની જે ઈચ્છા રાખે છે તે મૂર્ખ છે. **(૫)** કેમ જે સત્સંગમાં જે રહેશે તેને તો જરૂર પાળ્યું ૫
જોઈશે, જેમ કોઈક સતી થાવાને નીસરી ને પછી અગ્નિ જોઈને પાછી વળે તો તેને શું તેનાં સગાં પાછી વળવા દે ? એ તો જોરે કરીને બાળે અને જેમ કોઈક બ્રાહ્મણી હોય ને તે વિધવા થઈને તે જો સુવાસણીના જેવો વેશ રાખે તો શું તેનાં સગાં રાખવા દે ? ન રાખવા દે. તેમ જે સત્સંગમાં રહીને અયોગ્ય સ્વભાવ રાખે છે તેને એવી રીતે વાત સમજ્યામાં આવી નથી ને જો આવી હોય તો અયોગ્ય સ્વભાવ રહે નહિ, એવી રીતે વાત કરીને શ્રીજીમહારાજ જય
**સ્વામિનારાયણ** કહીને શયનને અર્થે પધારતા હવા. **(૬)** ઈતિ વચનામૃતમ્ **॥૩॥ (૯૯)** ૬

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, ગુણે કરીને હેત થાય છે ને દોષે કરીને અવગુણ આવે છે તે દોષ ભેળું રહેવાથી જાણ્યામાં આવે છે. **(૧)** અને ખટકો રાખે તે વધે ને પ્રમાદી વધે નહિ. **(૨)** બીજામાં શરીરના ને મનના દોષ ઓળખાવ્યા છે અને દમન ને વિચાર હોય તેને મોટા સાધુ કહ્યા છે. **(૩)**

ત્રીજામાં મોટા સંતને સમાગમે કરીને દમન ને વિચાર આવે છે અને એવા સમાગમે કરીને દમન ને વિચાર ન આવે તે મહાપાપી છે. **(૪)** અને ત્યાગી થઈને ગૃહસ્થને ભોગવવા યોગ્ય ભોગની ઈચ્છા રાખે તે ખડ ખાનારો ને મૂર્ખ છે. **(૫)** અને ત્યાગી થઈને અયોગ્ય સ્વભાવ રાખે તેને ત્યાગીના ધર્મની વાત સમજ્યામાં આવી નથી. **(૬)** બાબતો છે. ॥૩॥ **(૯૯)**

## વચનામૃત કારિયાણીનું - ૪

❖સંવત ૧૮૭૭ના આસો વદિ ૮ અષ્ટમીને દિવસ દોઢ પહોર દિવસ ચડતે શ્રીજીમહારાજ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી, ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો.

૧ ત્યારે ગોપાળાનંદ સ્વામીએ ભજનાનંદ સ્વામીને પૂછ્યું જે, **(૧)** આ દેહને વિષે જીવનું જાણપણું કેટલું છે ? ને સાક્ષીનું જાણપણું કેટલું છે ? પછી ભજનાનંદ સ્વામીએ ઉત્તર કરવા માંડ્યો પણ ઉત્તર થયો નહિ, ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, બુદ્ધિ છે તે આ દેહને વિષે નખશિખા પર્યંત વ્યાપીને રહી છે તે બુદ્ધિ જે તે સર્વે ઈન્દ્રિયોની ક્રિયાને એકકાળાવચ્છિન્ન જાણે છે તે બુદ્ધિને વિષે જીવ વ્યાપીને રહ્યો છે તે બુદ્ધિના જાણપણાને કહેવે કરીને જીવનું જાણપણું કહેવાણું ને તે જીવના જાણપણાને વિષે સાક્ષીનું જાણપણું રહ્યું છે, માટે જીવના જાણપણાને કહેવે કરીને સાક્ષીનું જાણપણું પણ કહેવાણું. **(૧)** ૧

૨ ત્યારે શ્રીજીમહારાજને નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** હે મહારાજ ! જે આ જીવને વિષે સાક્ષી રહ્યા છે તે સાક્ષી જે હોય તે તો મૂર્તિમાન હોય ને જે મૂર્તિમાન હોય તે વ્યાપક કેમ હોય ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, મૂર્તિમાન હોય તે શું વ્યાપે નહિ ? જુઓને જ્યારે સ્વપ્ન આવે છે ત્યારે સ્વપ્નમાં ચિત્તને વિષે જે આકૃતિઓ જણાય છે તે મૂર્તિમાન છે કે અરૂપ છે ? ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે એ તો મૂર્તિમાન છે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ચિત્તમાં જે આકૃતિઓ રહી છે તે ચિત્તને રહ્યાનું સ્થળ કેવડું છે ? ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, દશ આંગળનું છે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, તે ચિત્ત કેવડું છે ? ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, ચિત્ત તો અલ્પ છે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ચિત્તમાં જે આકૃતિઓ રહી છે તે કેવડી મોટી છે ? ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, ચિત્તમાં તો બધું બ્રહ્માંડ જણાય છે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એ ચિત્ત નિર્મળ છે માટે જેમ દર્પણને વિષે બધી સભા જણાય છે તેમ ચિત્તને વિષે સર્વે આકૃતિઓ જણાય છે એમ એ જીવ છે તે અતિ નિર્મળ છે, માટે જીવને વિષે ભગવાન જણાય છે ને ભગવાન પણ અતિશે નિર્મળ છે, માટે તે ભગવાનને વિષે સર્વ વિશ્વ જણાય છે, એવી રીતે **વિશ્વ ભગવાનમાં રહ્યું છે ને વિશ્વમાં ભગવાન રહ્યા છે. (૨)** ઈતિ વચનામૃતમ્ ॥૪॥ **(૧૦૦)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે કે દેહને વિષે બુદ્ધિ વ્યાપી રહી છે ને બુદ્ધિને વિષે જીવ વ્યાપીને રહ્યો છે તે બુદ્ધિના જાણપણાને કહેવે જીવનું જાણપણું કહેવાય છે અને જીવને વિષે સાક્ષીનું જાણપણું રહ્યું છે, માટે જીવના જાણપણાને કહેવાથી સાક્ષીનું જાણપણું કહેવાય છે. **(૧)** બીજામાં જેનો જીવ અતિ નિર્મળ એટલે સર્વ વાસના ટાળીને અમારા તેજરૂપ થાય તે પોતાને વિષે અમને દેખે છે અને અમારે વિષે એટલે સર્વાધાર એવું અમારા તેજરૂપ અન્વય સ્વરૂપ તેને વિષે વિશ્વ રહ્યું છે તેને પણ દેખે છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** (બીજા પ્રશ્નમાં) ચિત્તમાં બ્રહ્માંડ જણાય છે એમ કહ્યું તે બ્રહ્માંડ તો ચિત્તમાં નથી ને જણાય છે માટે જણાવા માત્ર છે, ત્યારે ભગવાન પણ તેમ જ જણાતા હશે કે સાક્ષાત્ જણાતા હશે ?

૧ **ઉ૦** ચિત્ત તો દર્પણવત્ જડ છે તે જેમ દર્પણમાં આભાસ પડે છે તેમ જ ચિત્તમાં પણ આભાસ પડે છે અને ભગવાન તો સર્વેને વિષે અંતર્યામીપણે રહ્યા થકા સર્વને કર્મફળપ્રદાતા છે ને અતિશે સમર્થ છે ને સર્વદેશી છે તે પોતાના અક્ષરધામમાં રહ્યા થકા અન્વય સ્વરૂપે સર્વને વિષે રહ્યા છે અને ચિત્ત તથા દર્પણનું દૃષ્ટાંત તો એકદેશી છે, કેમ જે જડ વસ્તુને વ્યાપવાની ગતિ નથી અને ચૈતન્ય વસ્તુ તો પોતાની ઇચ્છા હોય ત્યાં વ્યાપી શકે છે માટે સર્વત્ર વ્યાપક ને ચૈતન્યમૂર્તિ એવા જે ભગવાન તે તો અન્વય સ્વરૂપે સર્વને વિષે રહ્યા જ છે અને જડ વસ્તુનું દૃષ્ટાંત તો એકદેશી જ હોય પણ ચૈતન્ય વસ્તુની પેઠે સર્વદેશી ન હોય, માટે જ્યાં જ્યાં જડ વસ્તુનું દૃષ્ટાંત દીધું હોય તે ચૈતન્ય વસ્તુને મળતું ન જ આવે, માટે શ્રીજીમહારાજ જીવ, ઈશ્વર, બ્રહ્મ, તથા અક્ષર તે સર્વેને વિષે અંતર્યામીપણે રહ્યા છે ને વિશ્વ પણ અન્વય સ્વરૂપમાં જ રહ્યું છે તે (**પ્ર૦ ૭૨**ના ૨/૪ બીજા પ્રશ્નમાં) અમારા એક રોમના છિદ્રમાં એટલે કિરણમાં અનંતકોટી બ્રહ્માંડ પરમાણુની પેઠે રહ્યા છે પણ મૂર્તિમાં વિશ્વ રહ્યું છે એવું કોઈ વચનામૃતમાં કહ્યું નથી, માટે અન્વય સ્વરૂપમાં જ વિશ્વ રહ્યું છે અને વિશ્વમાં પણ ભગવાન અન્વય સ્વરૂપે રહ્યા છે, અને જ્યારે જીવ શ્રીજીમહારાજને ભજને કરીને નિર્મળ એટલે મહાતેજ જેવો થાય ત્યારે તેને વિષે મૂર્તિમાન નિવાસ કરીને રહે છે.

૨ **પ્ર૦** આમાં જીવને અતિ નિર્મળ કહ્યો અને (**છે૦ ૩૧**માં) ગુણમય કહ્યો છે તે કેમ સમજવું ?

૨ **ઉ૦** જીવને તો (**સા૦ ૫**ના ૨/૩ બીજા પ્રશ્નમાં) બદ્ધ કહ્યો છે માટે જીવ તો માયાબદ્ધ છે પણ તે જીવ જ્યારે ભગવાનનો ભક્ત થાય ને સત્પુરુષને યોગે કરીને શ્રીજીમહારાજનું તેજ જે અક્ષરધામ તે રૂપ પોતાને સમજે ત્યારે અતિ નિર્મળ થાય છે અને અતિ નિર્મળ એવા ભગવાન તેમને વિષે એટલે ભગવાનના તેજને વિષે વિશ્વ જણાય છે માટે આમાં અતિ નિર્મળ જીવની વાત કહી છે અને (**છે૦ ૩૧**માં) પોતાને જીવરૂપ માનતો હોય તેની વાત છે. ॥૪॥ **(૧૦૦)**

## વચનામૃત કારિયાણીનું - ૫

❖સંવત ૧૮૭૭ના આસો વદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ છપરપલંગ ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદ આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અમે એક પ્રશ્ન કરીએ છીએ. પછી મુનિ બોલ્યા જે પૂછો
૧ મહારાજ. પછી શ્રીજીમહારાજે પૂછ્યું જે, **(૧)** ભગવાન જીવના કલ્યાણને અર્થે પૃથ્વી ઉપર અવતાર ધરે છે તે અવતાર ધર્યા વિના પોતાના ધામમાં રહ્યા થકા શું કલ્યાણ કરવાને સમર્થ નથી ? અને કલ્યાણ તો ભગવાન જેમ ધારે તેમ કરે ત્યારે અવતાર ધર્યાનું શું પ્રયોજન છે ? અને જો અવતાર ધરે ત્યારે જ ભગવાનમાં કલ્યાણ કરવાની સામર્થી હોય અને અવતાર ધર્યા વિના જીવના કલ્યાણ ન કરી શકતા હોય તો ભગવાનને વિષે પણ એટલું અસમર્થપણું

આવે, માટે ભગવાન તો અવતાર ધરીને પણ કલ્યાણ કરે ને અવતાર ન ધરે તો પણ જીવના કલ્યાણ કરવા સમર્થ છે માટે એવા જે ભગવાન તેને અવતાર ધર્યાનું શું પ્રયોજન છે ? એ પ્રશ્ન છે. પછી મોટા મોટા સંત હતા તેમણે જેની જેવી બુદ્ધિ તેણે તેવો ઉત્તર કર્યો પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું કોઈથી સમાધાન ન થયું અને શ્રીજીમહારાજે આશંકા કરી તે સર્વેના ઉત્તર ખોટા થઈ ગયા. પછી મુનિ સર્વે હાથ જોડીને બોલ્યા જે, હે મહારાજ ! એ પ્રશ્નનો ઉત્તર તો તમે જ કરો તો થાય. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનને અવતાર ધર્યાનું એ જ પ્રયોજન છે જે, **ભગવાનને વિષે અતિશે પ્રીતિવાળા જે ભક્ત હોય તેની ભક્તિને આધીન થઈને તે ભક્તને સુખ દેવાને અર્થે જેવી ભક્તની ઈચ્છા હોય તેવા રૂપનું ધારણ કરે છે પછી જેવા જેવા પોતાના ભક્તના મનોરથ હોય તે સર્વે પૂરા કરે છે** અને તે ભક્ત હોય તે સ્થૂળ ભાવે યુક્ત છે અને દેહધારી છે, માટે ભગવાન પણ સ્થૂળ ભાવને ધારણ કરીને દેહધારી જેવા થાય છે અને તે પોતાના ભક્તને લાડ લડાવે છે અને પોતાની સામર્થીને છુપાડીને તે ભક્ત સંગાથે પુત્રભાવે વર્તે છે અથવા સખાભાવે વર્તે છે અથવા મિત્રભાવે વર્તે છે અથવા સગાં-સંબંધીને ભાવે વર્તે છે તેણે કરીને એ ભક્તને ભગવાનની ઝાઝી મર્યાદા રહેતી નથી પછી જેવી એ ભક્તને ઈચ્છા હોય તેવી રીતે લાડ લડાવે છે, માટે **પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા એ જ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે** અને તે ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ પણ કરે છે ને ધર્મનું સ્થાપન પણ કરે છે, હવે એમાં આશંકા થાતી હોય તો બોલો, પછી મુનિએ કહ્યું જે, હે મહારાજ ! યથાર્થ ઉત્તર થયો. **(૧)** ઈતિ ૧
વચનામૃતમ્ **॥૫॥ (૧૦૧)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારા પ્રેમીભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે અમે પ્રગટ થઈએ છીએ તે ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ તથા ધર્મનું સ્થાપન કરીએ છીએ. **(૧)** બાબત છે. [આ છ હેતુ માંહીલો પહેલો હેતુ છે તે (**મ૦ ૫૮**ના પહેલા પ્રશ્નોત્તરમાં) કહ્યો છે.]

૧ **પ્ર૦** અમે પ્રેમીભક્તના મનોરથ પૂર્ણ કરવા માટે પ્રગટ થઈએ છીએ એમ કહ્યું તે પ્રેમીભક્ત કેવા હશે ? અને એમના મનોરથ શા હશે ?

૧ **ઉ૦** સાધનદશાવાળા એકાંતિકને પ્રેમીભક્ત જાણવા. તેમને ભગવાનના સંબંધવાળી ક્રિયાઓના મનોરથ હોય તે પૂરા કરવા માટે પ્રગટ થાય છે. **॥૫॥ (૧૦૧)**

## વચનામૃત કારિયાણીનું - ૬

❖સંવત ૧૮૭૭ના આસો વદિ અમાસ જે **દિવાળી** તેને દિવસ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની આગળ દીપમાળા પૂરી હતી અને તે દીપમાળા મધ્યે મંચ બાંધ્યો હતો ને તે મંચ ઉપર છપરપલંગ બિછાવ્યો હતો, તે ઉપર સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ વિરાજમાન હતા અને સોનેરી બુટ્ટાદાર રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો અને નરનારાયણ-**સ્વામિનારાયણ** નામે અંકિત એવા કાળા કિનખાબની ડગલી

પહેરી હતી અને માથા ઉપર સોનેરી તારના ફરતા છેડાની કસુંબલ પાઘ બાંધી હતી અને આસમાની રંગનો ફેંટો કમરે કસીને બાંધ્યો હતો અને કંઠને વિષે પીળાં પુષ્પના હાર ધારણ કર્યા હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી, પછી દીવબંદરના હરિભક્ત આવ્યા હતા, તેણે શ્રીજીમહારાજની પૂજા કર્યાને અર્થે પ્રાર્થના કરી, પછી શ્રીજીમહારાજ તે સિંહાસન ઉપરથી ઊતરીને તે ભક્તજન સામા જઈને તેની પૂજા અંગીકાર કરી, પછી તેનાં આપેલ વસ્ત્ર તથા પીળું છત્ર તથા પાદુકા તેનું ગ્રહણ કરીને પાછા તે સિંહાસન ઉપર વિરાજમાન થતા હવા.

૧ પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, **(૧)** આટલાં આટલાં વર્ષ થયાં તેમાં અમારે અર્થે કેટલાક હરિભક્ત વસ્ત્ર તથા હજારો રૂપૈયાના અલંકાર લાવે છે પણ અમે આવી રીતે કોઈ સામા જઈને લેતા નથી અને આવી રીતે કોઈનાં વસ્ત્ર-ઘરેણાં પહેરીને રાજી થયા નથી અને આજ તો અમારે એ હરિભક્ત ઉપર અતિશે રાજીપો થયો. પછી મુનિ બોલ્યા જે, એવા જ એ પ્રેમી હરિભક્ત છે. એવા સમામાં દીનાનાથ ભટ્ટ આવીને શ્રીજીમહારાજને પગે લાગીને બેઠા પછી શ્રીજીમહારાજે ભારે ભારે વસ્ત્ર હતાં તે સર્વે દીનાનાથ ભટ્ટને આપ્યાં. **(૧)** ૧

૨ **પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, (૨) હે મહારાજ ! ભગવાન પોતાના ભક્ત ઉપર કિયે ગુણે કરીને રાજી થતા હશે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે ભક્તજન કામ, ક્રોધ, લોભ, કપટ, માન, ઈર્ષ્યા ને મત્સર એટલાં વાનાંએ રહિત થઈને ભગવાનની ભક્તિ કરે તેની ઉપર ભગવાન રાજી થાય છે. (૨)** તેમાં પણ મત્સર છે તે સર્વે વિકાર માત્રનો આધાર છે. ૨
માટે શ્રી વ્યાસજીએ શ્રીમદ્ ભાગવતને વિષે નિર્મત્સર એવા જે સંત તેને જ ભાગવત ધર્મના અધિકારી કહ્યા છે, માટે મત્સર તે સર્વે વિકારથી ઝીણો છે અને મત્સર ટળવો તે પણ ઘણો કઠણ છે. **(૩)** ૩

૩ પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** મત્સર ટળ્યાનો શો ઉપાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સંતને માર્ગે ચાલે ને જે સંત હોય તેનો તો મત્સર ટળે ને જેને સંતને માર્ગે ન ચાલવું હોય તેનો તો મત્સર ન ટળે. **(૪)** ૪

૪ પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૪)** મત્સર ઊપજ્યાનો શો હેતુ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **એક સ્ત્રી, ધન અને સારું સારું ભોજન એ ત્રણ મત્સરના હેતુ છે અને જેને એ ત્રણ વાનાં ન હોય તેને માન છે તે મત્સરનો હેતુ છે** અને જે મત્સરવાળો હશે તેને તો અમે આ ભટ્ટને વસ્ત્ર દીધાં તેમાં પણ મત્સર આવ્યો હશે પણ મત્સરવાળાને એવો વિચાર ન આવે જે વસ્ત્ર લાવ્યાં હતાં તેને ધન્ય છે જે આવાં ભારે વસ્ત્ર મહારાજને પહેરાવ્યાં અને મહારાજને પણ ધન્ય છે જે તરત બ્રાહ્મણને દેઈ દીધાં. એવો જે વિચાર તે મત્સરવાળાના

હૃદયમાં ન આવે અને **કોઈક લે ને કોઈક દે તો પણ મત્સરવાળો હોય તે ઠાલોઠાલો વચમાં બળી મરે** અને અમારે તો કામ, ક્રોધ, લોભ, માન, મત્સર, ઈર્ષ્યા એ સર્વેનો ક્યારેય હૈયામાં લેશ પણ આવતો નથી અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે પંચવિષય તેનો તો હૈયામાં
અતિશે અભાવ વર્તે છે પણ પંચવિષયમાંથી એકેને વિષે લેશમાત્ર ભાવ થાતો નથી, **(૫)** ૫
અને જેટલું કાંઈક અન્નવસ્ત્રાદિકનું ગ્રહણ કરતાં હશું તે તો ભક્તની ભક્તિ દેખીને કરતાં હશું પણ પોતાના દેહના સુખને અર્થે નથી કરતા. અને અમારે જે ખાવું-પીવું, ઓઢવું-પહેરવું છે તે સર્વે સંત અને સત્સંગીને અર્થે છે અને જો એમને અર્થે ન જણાય ને પોતાને અર્થે જણાય તો અમે એનો તત્કાળ ત્યાગ કરી દઈએ અને અમે આ દેહ રાખીએ છીએ તે પણ સત્સંગીને અર્થે જ રાખીએ છીએ પણ બીજો કોઈ દેહ રાખ્યાનો અર્થ નથી **તે અમારા સ્વભાવને તો મૂળજી બ્રહ્મચારી ને સોમલોખાચર એ આદિક જે હરિજન છે તે કેટલાંક વર્ષથી અમારે પાસે ને પાસે રહે છે તે જાણે છે જે,** મહારાજને એક પ્રભુના ભક્ત વિના કોઈ સંગાથે હેત-સંબંધ નથી ને મહારાજ તો આકાશ સરખા નિર્લેપ છે એમ નિરંતર અમારે પાસેના રહેનારા છે તે અમારા સ્વભાવને જાણે છે અને અમે તો જે મન-કર્મ-વચને પરમેશ્વરના ભક્ત છે તેને અર્થે અમારો દેહ પણ શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યો છે, માટે અમારે તો સર્વ પ્રકારે જે કોઈ ભગવાનના ભક્ત છે તે સંગાથે સંબંધ છે અને ભગવાનના ભક્ત વિના તો અમારે ચૌદ લોકની સંપત્તિ
તે તરખલા જેવી છે. **(૬)** અને જે ભગવાનના ભક્ત હશે ને ભગવાન સંગાથે જ દૃઢ પ્રીતિ ૬
હશે તેને પણ રમણીક જે પંચવિષય તેને વિષે તો આનંદ ઊપજે જ નહિ અને દેહને રાખ્યા સારુ તો જેવા તેવા જે શબ્દાદિક વિષય તેણે કરીને ગુદરાણ કરે પણ રમણિક વિષય થકી તો
તત્કાળ ઉદાસ થઈ જાય અને એવા જે હોય તે જ ભગવાનના પરિપૂર્ણ ભક્ત કહેવાય. **(૭)** ૭
ઈતિ વચનામૃતમ્ ॥૬॥ **(૧૦૨)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન (૪) છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે તેમાં શ્રીજીમહારાજે દીવબંદરના પ્રેમી ભક્તની પૂજા સામા જઈને અંગીકાર કરીને એ ભક્ત ઉપર બહુ રાજીપો જણાવ્યો છે. **(૧)** બીજામાં, કામ, ક્રોધ, લોભ, કપટ, માન, ઈર્ષ્યા ને મત્સરે રહિત થઈને અમારી ભક્તિ કરે તેના ઉપર અમે રાજી થઈએ છીએ. **(૨)** અને સર્વે વિકારથી મત્સર ઝીણો વિકાર છે ને ટળવો કઠણ છે. **(૩)** ત્રીજામાં સંતને માર્ગે ચાલે તેનો મત્સર ટળે છે. **(૪)** ચોથામાં સ્ત્રી, દ્રવ્ય, સારું ભોજન ને માન એ ચાર મત્સર ઊપજ્યાના હેતુ છે. **(૫)** અને અમારો દેહ અમારા ભક્તના સુખને અર્થે રાખ્યો છે. **(૬)** અને જે રમણીક પદાર્થથી ઉદાસ રહે તે અમારો પરિપૂર્ણ ભક્ત છે. એમ કહ્યું છે. **(૭)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં દીવબંદરના હરિભક્ત એક પીળું વસ્ત્ર ને પીળું છત્ર ને પાદુકા એ ત્રણ વસ્તુઓ લાવ્યા હતા એમ કહ્યું તે એટલામાં શ્રીજીમહારાજ અતિશે રાજી થયા તેનું શું કારણ હશે ?

૧ **ઉ૦** એમનું નામ પ્રેમબાઈ હતું. તેણે પોતાના ઘરમાં જેટલું દ્રવ્ય હતું તેનાં વસ્ત્ર-ઘરેણાં શ્રીજીમહારાજને પહેરાવવા સારુ કરાવ્યાં હતાં તે કોઈક પરજિયા સોનીના જાણ્યામાં આવ્યું, તે સોનીએ શ્રીજીમહારાજનો વેશ લઈને રાત્રિએ એ બાઈ પાસે આવીને કહ્યું જે, અમે સ્વામિનારાયણ છીએ માટે અમારે અર્થે વસ્ત્ર-ઘરેણાં કરાવ્યાં છે તે લાવો પહેરીએ. પછી બાઈએ આપી દીધાં તે લઈને જતો રહ્યો તેની પાછળથી ખબર પડી, પછી તે બાઈ હલકી વસ્તુ લાવ્યાં હતાં પણ શ્રીજીમહારાજને અર્થે પ્રથમ

કરાવેલાં તેથી બહુ રાજી થયાં અને દીનાનાથ ભટ્ટને વસ્ત્ર આપ્યાં તે બીજા કોઈ હરિભક્તે પ્રથમ પૂજા કરી હતી તે આપ્યાં હતાં.

૨ **પ્ર૦** (૪/૬ ચોથા પ્રશ્નમાં) અમારા ભક્તને અર્થે અમારો દેહ શ્રી કૃષ્ણાર્પણ કરી રાખ્યો છે એમ શ્રીજીમહારાજે કહ્યું તે અર્પણ કેવી રીતે સમજવો ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજના મન-કર્મ-વચને ભક્ત થાય એવા ભક્તને શ્રીજીમહારાજ પોતાની મૂર્તિને વિષે રાખે છે એમ દેહ એટલે મૂર્તિ અર્પણ કરી છે. **॥૬॥ (૧૦૨)**

## વચનામૃત કારિયાણીનું - ૭

❖સંવત ૧૮૭૭ના કાર્તિક સુદિ ૧ પડવાને દિવસ રાત્રિને સમે ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની આગળ દીપમાળા પૂરી હતી અને તે દીપમાળા મધ્યે મંચ હતો ને તે ઉપર પલંગ બિછાવ્યો હતો ને તે પલંગ ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી ગામ બોચાસણવાળા કાશીદાસે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! ત્યાગી હોય તે તો નિવૃત્તિમાર્ગને અનુસર્યા છે તે અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખે છે અને જે ગૃહસ્થાશ્રમી છે તે તો પ્રવૃત્તિમાર્ગને અનુસર્યા છે માટે તેને તો સંસારની અનંત વિટમણા વળગી છે માટે તે ગૃહસ્થાશ્રમી કેમ સમજે તો **અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રહે ?** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ગૃહસ્થને તો એમ સમજવું જે, જેમ પૂર્વે ચોરાશી લાખ જાતનાં મારે માબાપ તથા સ્ત્રી-છોકરાં થયાં હતાં તેવાં ને તેવાં જ આ દેહનાં પણ છે ને કેટલાક જન્મની મા-બોન-દીકરીઓ તે કેટલીક રઝળતી હશે તેની જેમ મારે મમતા નથી તેમ આ દેહના સંબંધી તેની મારે પણ મમતા ન રાખવી, એવી રીતે વિચાર કરીને **સર્વમાંથી પ્રીતિ તોડીને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ કરે ને સાધુનો સમાગમ રાખે તો ગૃહસ્થને પણ ત્યાગીની પેઠે અખંડ ભગવાનમાં વૃત્તિ રહે. (૧)** ૧

પછી એવી રીતે શ્રીજીમહારાજની વાત સાંભળીને જે ગૃહસ્થ સર્વે સભામાં બેઠા હતા
૨ તેમણે હાથ જોડીને પૂછ્યું જે, **(૨)** હે મહારાજ ! જે ગૃહસ્થને એવી રીતે ન વર્તાય તેના શા હાલ થાશે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ તો જે ભગવાન વિના અન્ય પદાર્થમાંથી વાસના માત્રને ટાળીને ભગવાનમાં અખંડ વૃત્તિ રાખે તેની વાત કહી છે અને જે એવો બળિયો ન હોય તેને તો સત્સંગની ધર્મ-મર્યાદામાં રહેવું ને સંતનો ને નરનારાયણનો જે પોતાને આશરો છે તેનું બળ રાખવું જે, ભગવાન તો અધમ-ઉદ્ધારણ ને પતિતપાવન છે તે મુને સાક્ષાત્ મળ્યા છે. **(૨)** ૨

પછી એવાં શ્રીજીમહારાજનાં વચન સાંભળીને સર્વ હરિજન અતિશે રાજી થયા. પછી
૩ શ્રીજીમહારાજે સંતને પ્રશ્ન પૂછ્યો જે, **(૩)** વૈરાગ્ય ઉદય થવાનું શું કારણ છે ? પછી જેને

જેવો ભાસ્યો તેવો ઉત્તર કર્યો, પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ પછી સર્વે મુનિ બોલ્યા જે, હે મહારાજ ! એનો ઉત્તર તમે કરો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, વૈરાગ્યનું કારણ તો એ છે જે, સદ્‌ગ્રંથ ને સત્પુરુષનાં વચન તેને સાંભળીને જેને ચટકી લાગે અને ચટકી લાગે તે પાછી મટે જ નહિ એવી જે ચટકી તે જ વૈરાગ્યનો હેતુ છે; બીજો વૈરાગ્યનો હેતુ નથી અને જેને ચટકી લાગતી હોય ને તે તામસી હોય તથા રાજસી હોય તથા સાત્ત્વિકી હોય તે સર્વેને વૈરાગ્ય ઊપજે અને જેને ચટકી લાગતી ન હોય તેને વૈરાગ્ય ન ઊપજે અને જેને ચટકી લાગીને થોડા દિવસ કેડે ટળી જાતી હોય તેને તો એ ચટકીનો વૈરાગ્ય અતિશે ખુવાર કરે, કેમ જે જ્યારે ચટકી લાગે ત્યારે ઘર મૂકીને જાતો રહે ને પછી ભેખ લીધા કેડે જે ચટકી લાગી હોય તે ઊતરી જાય અને પછવાડે ઘર તો ધૂળધાણી થઈ ગયું હોય, પછી જેમ ધોબીનો કૂતરો વાટનો નહિ ને ઘાટનો નહિ તેમ તે પુરુષ ઉભયભ્રષ્ટ થાય છે અને જે દૃઢ વૈરાગ્યવાળા હોય છે તે પરમપદને પામે છે. **(૩)** ૩

૪ પછી શ્રીજીમહારાજ અતિ પ્રસન્ન થકા બીજું પ્રશ્ન પરમહંસ પ્રત્યે પૂછતા હવા જે, **(૪) આત્યંતિક કલ્યાણ તે કેને કહીએ ? અને આત્યંતિક કલ્યાણને પામીને જે સિદ્ધદશાને પામ્યો હોય તે પુરુષની સર્વ ક્રિયાને વિષે કેવી દશા વર્તતી હોય ?** પછી જેને જેવો ભાસ્યો તેવો સર્વે મુનિએ ઉત્તર કર્યો પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ પછી સર્વે મુનિ હાથ જોડીને શ્રીજીમહારાજ પ્રત્યે બોલ્યા જે, હે મહારાજ ! એનો ઉત્તર તમે કરો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જ્યારે બ્રહ્માંડનો પ્રલય થાય છે ત્યારે પ્રકૃતિનાં કાર્ય જે ચોવીસ તત્ત્વ તે સર્વે પ્રકૃતિને વિષે લીન થઈ જાય છે અને તે પ્રકૃતિપુરુષ પણ અક્ષરબ્રહ્મના તેજમાં અદૃશ્ય થઈ જાય છે અને પછી એકલું સચ્ચિદાનંદ ચિદ્‌ઘન જે તેજ તે રહે છે અને તે તેજને વિષે દિવ્યમૂર્તિ એવા જે પુરુષોત્તમ ભગવાન વાસુદેવ તે અખંડ વિરાજમાન રહે છે અને તે જ તો પોતે દિવ્ય મૂર્તિ થકા જીવના કલ્યાણને અર્થે રામકૃષ્ણાદિક અવતાર ધારણ કરે છે. ત્યારે જે જગતમાં અણસમજુ મૂર્ખ જીવ છે તે ભગવાનને માયિક ગુણે યુક્ત કહે છે પણ એ માયિક ગુણે યુક્ત નથી; એ તો સદા ગુણાતીત દિવ્ય મૂર્તિ જ છે અને તેનું તે જ ભગવાનનું સાકાર દિવ્ય સ્વરૂપ તેને જે વેદાંત શાસ્ત્ર છે તે નિર્ગુણ, અછેદ્ય, અભેદ્ય, સર્વત્ર વ્યાપક એવી રીતે કરીને પ્રતિપાદન કરે છે તે જીવની બુદ્ધિમાંથી માયિકભાવ ટાળવાને અર્થે નિર્ગુણપણે કરીને પ્રતિપાદન કરે છે અને એ ભગવાન તો ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય એ સર્વે કાળને વિષે એકરૂપે કરીને જ વિરાજમાન છે પણ માયિક પદાર્થની પેઠે વિકારને પામતા નથી; સદા દિવ્યરૂપે કરીને વિરાજમાન રહે છે, એવી રીતે **પ્રત્યક્ષ પુરુષોત્તમને વિષે જે દૃઢ નિષ્ઠા તેને આત્યંતિક કલ્યાણ કહીએ. (૪)** અને એવી નિષ્ઠાને પામીને જે સિદ્ધદશાને પામ્યો હોય તેની આવી દશા હોય ૪
જે પિંડ-બ્રહ્માંડનો તથા પ્રકૃતિપુરુષનો પ્રલય થયા પછી અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ

અખંડ વિરાજમાન રહે છે તે મૂર્તિને સ્થાવર-જંગમ સર્વે આકારને વિષે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે ને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર પણ ભાસે નહિ એ સિદ્ધદશાનું લક્ષણ છે. **(૫)** ઇતિ વચનામૃતમ્ **॥૭॥ (૧૦૩)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૪)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, દેહના સંબંધીની મમતા ન રાખે અને અમારે વિષે દૃઢ પ્રીતિ કરે અને અમારા સંતનો સમાગમ રાખે તો ગૃહસ્થને અમારી મૂર્તિમાં અખંડ વૃત્તિ રહે. **(૧)** બીજામાં જે નિર્બળ ભક્ત હોય તેમણે સાક્ષાત્ ભગવાન જે અમે તે અમારા આશરાનું બળ રાખવું. **(૨)** ત્રીજામાં ચટકીનો વૈરાગ્ય ટળી જાય તો ખુવાર થાય છે અને એ વૈરાગ્ય દૃઢ રહે તો પરમપદને પામે છે. **(૩)** ચોથામાં આત્યંતિક પ્રલયને વિષે અમે અમારા ચિદ્‌ઘન તેજમાં સદા દિવ્ય મૂર્તિમાન વિરાજમાન છીએ અને જીવોના કલ્યાણને અર્થે અમે રામકૃષ્ણાદિક અવતાર ધારણ કરીએ છીએ. તે અવતારોને મૂર્ખ જીવ માયિક ગુણે યુક્ત કહે છે અને અમે આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે મનુષ્યરૂપે વિચરીએ છીએ તે અમને પણ મૂર્ખ જીવ માયિક ગુણે યુક્ત સમજે છે પણ અમે ગુણાતીત દિવ્ય મૂર્તિ જ છીએ, એમ કહીને પછી વેદાંતના દૃષ્ટાંતપૂર્વક પોતાનું દિવ્ય નિર્ગુણપણું ને સાકારપણું કહ્યું છે, જે અમે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય સર્વ કાળને વિષે એકરૂપે સદા વિરાજમાન છીએ, એવી રીતે પ્રત્યક્ષ જે અમે તે અમારે વિષે દૃઢ નિષ્ઠા એટલે સાક્ષાત્કાર સ્થિતિ એ જ આત્યંતિક કલ્યાણ છે. **(૪)** અને એવી નિષ્ઠાને પામીને સ્થાવર-જંગમમાં જ્યાં જ્યાં જુએ ત્યાં અમારી મૂર્તિ ને જ દેખે તે સિદ્ધદશાનું લક્ષણ છે. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** ચોથા પ્રશ્નમાં પ્રકૃતિપુરુષ અક્ષરબ્રહ્મના તેજમાં અદૃશ્ય થઈ જાય છે, એમ કહ્યું તે અક્ષરબ્રહ્મ કિયાં જાણવાં ?

૧ **ઉ૦** ચિદ્‌ઘન તેજ જે શ્રીજીમહારાજનો પ્રકાશ તેને આ ઠેકાણે અક્ષરબ્રહ્મ કહ્યા છે. આ અક્ષરબ્રહ્મના તેજમાં એટલે કિરણોમાં મૂર્તિમાન અક્ષરની તથા બ્રહ્મની કોટીઓ સદા અચળ રહી છે અને પુરુષ પણ પ્રકૃતિને પોતાને વિષે લીન કરીને પોતે વાસુદેવબ્રહ્મના સમીપે રહે છે પણ જેમ તારા-ચંદ્રાદિક સૂર્યના તેજમાં રહે છે પણ જે સૂર્યના રથમાં બેઠા હોય તે તારા-ચંદ્રને દેખે નહિ તેમ શ્રીજીમહારાજને સમીપે રહ્યા જે મુક્ત તેની દૃષ્ટિમાં આવતા નથી; એકલું શ્રીજીમહારાજનું તેજ ને મૂર્તિ એ બે જ રહે છે તેથી તેમને ગણ્યા નથી અને પાધરું જ શ્રીજીમહારાજનું ચિદ્‌ઘન તેજ ને દિવ્ય મૂર્તિ એવા અમે રહીએ છીએ એમ કહ્યું છે.

૨ **પ્ર૦** આમાં ચોથા પ્રશ્નમાં તથા (**કા૦ ૧**ના ત્રીજા પ્રશ્નમાં) શ્રીજીમહારાજને ગુણાતીત કહ્યા અને (**સા૦ ૧૧**ના ૨/૩ બીજા પ્રશ્નમાં, **મ૦ ૧૧**/૧માં તથા **છે૦ ૩૧**માં) શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામને ગુણાતીત કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** 'ગુણાતીત' શબ્દ ઘણે ઠેકાણે વપરાય છે. ભગવાનને પણ ગુણાતીત કહેવાય છે, અક્ષરધામને પણ ગુણાતીત કહેવાય છે અને ઈશ્વરને પણ ગુણાતીત કહેવાય છે, તથા જે ત્રણ ગુણથી પર હોય તે સર્વેને ગુણાતીત કહેવાય છે. માટે આમાં તથા (**કા૦ ૧**માં) શ્રીજીમહારાજને ગુણાતીત કહ્યા છે ને (**સા૦ ૧૧**ના ૨/૩ બીજા પ્રશ્નમાં, **મ૦ ૧૧**/૧માં તથા **છે૦ ૩૧**) એ ત્રણમાં અક્ષરધામને ગુણાતીત કહ્યું છે અને (**પ્ર૦ ૪૨**/૩માં) શ્રીકૃષ્ણને તથા ગોપીઓને પણ ગુણાતીત કહેલ છે અને (**મ૦ ૪૩**ના પહેલા પ્રશ્નમાં) ભક્તની સ્થિતિને પણ ગુણાતીત કહી છે ને (**વ૦ ૧**ના પહેલા પ્રશ્નમાં) નિર્વિકલ્પ સમાધિને પણ ગુણાતીત કહી છે, માટે ગુણાતીત એવાં નામ વડે કરીને અક્ષરધામ જ કહ્યું છે એમ જ ન જાણવું; જે માયાથી પર હોય તે સર્વેને ગુણાતીત કહેવાય છે, માટે જે ઠેકાણે જેનું પ્રકરણ આવે તેને ગુણાતીત કહ્યા હોય માટે ગુણાતીત શબ્દ તે વિશેષણ છે.

૩ **પ્ર૦** ચિદ્‌ઘન તેજને વિષે દિવ્યમૂર્તિ એવા શ્રીજીમહારાજ અખંડ વિરાજમાન રહે છે અને એવા ને એવા દિવ્યમૂર્તિ થકા જીવના કલ્યાણને અર્થે મનુષ્યરૂપે દેખાય છે અને સર્વે કાળે એકરૂપે વિરાજમાન છે, એવી પ્રત્યક્ષ શ્રીજીમહારાજને વિષે દૃઢ નિષ્ઠા તેને આત્યંતિક કલ્યાણ કહ્યું અને (**સા૦ ૧૧**ના પહેલા પ્રશ્નમાં) વૈરાગ્યાદિક પાંચ સાધને યુક્ત થાય તો આત્યંતિક કલ્યાણને પામે એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ૦** જેને આમાં કહ્યું એવું શ્રીજીમહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું હોય તે શ્રીજીમહારાજને સદાય સર્વત્ર પ્રત્યક્ષ જાણે છે ને દેખે છે તેણે કરીને શ્રીજીમહારાજની મર્યાદા યથાર્થ રહે છે અને શ્રીજીમહારાજ વિના માયિક વિષય તથા ઐશ્વર્ય તે સર્વે તુચ્છ

જણાય છે માટે તેને વિષે વૈરાગ્યાદિક સર્વે ગુણ સહેજે જ આવી જાય છે માટે જેમાં આવું જ્ઞાન હોય તેમાં એવા ગુણ હોય જ.

૪ **પ્ર૦** (૪/૫ ચોથા પ્રશ્નમાં) સિદ્ધદશાનું લક્ષણ કહ્યું તેમાં તો મૂર્તિને સદાય દેખે એમ કહ્યું અને (**પ્ર૦ ૨૪** પહેલા પ્રશ્નમાં) ક્યારેક મૂર્તિ દેખાય ને ક્યારેક એકલું તેજ દેખાય એમ કહ્યું છે તેનું શું કારણ હશે ?

૪ ઉ૦ (**પ્ર૦ ૨૪**માં) થતી સ્થિતિવાળાની વાત છે અને આમાં પરિપક્વ સિદ્ધદશાવાળાની વાત છે. **।।૭।। (૧૦૩)**

## વચનામૃત કારિયાણીનું - ૮

❖સંવત ૧૮૭૭ના કાર્તિક સુદિ ૪ ચતુર્થીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! વેદ, શાસ્ત્ર, પુરાણ ને ઈતિહાસ તેને વિષે ભગવાનનું સગુણ સ્વરૂપ નિરૂપણ કર્યું છે અને નિર્ગુણ સ્વરૂપ પણ નિરૂપણ કર્યું છે તે ભગવાન જે શ્રી પુરુષોત્તમ તેનું નિર્ગુણ સ્વરૂપ કેઈ રીતે સમજવું ? અને સગુણ સ્વરૂપ તે કેઈ રીતે સમજવું ? અને તે ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ સમજવે કરીને ભગવાનના ભક્તને કેટલો સમાસ છે ? અને તે ભગવાનનું સગુણ સ્વરૂપ સમજવે કરીને કેટલો સમાસ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ છે તે તો સૂક્ષ્મ થકી પણ અતિ સૂક્ષ્મ છે અને પૃથ્વી આદિક જે સર્વ તત્ત્વ તેનું આત્મા છે અને તે થકી પર જે પ્રધાનપુરુષ તેનું આત્મા છે અને તે પ્રધાનપુરુષ થકી પર જે શુદ્ધ પુરુષ ને પ્રકૃતિ તેનું આત્મા છે અને તેથી પર જે અક્ષર તેનું પણ આત્મા છે અને એ સર્વે ભગવાનનું શરીર છે અને જેમ દેહ થકી જીવ છે તે સૂક્ષ્મ છે ને શુદ્ધ છે ને ઘણો પ્રકાશમાન છે તેમ એ સર્વે થકી ભગવાન અતિશે સૂક્ષ્મ છે ને અતિશે શુદ્ધ છે અને અતિશે નિર્લેપ છે અને અતિશે પ્રકાશે યુક્ત છે, અને જેમ આકાશ છે તે પૃથ્વી આદિક ચાર ભૂતમાં વ્યાપક છે ને પૃથ્વી આદિક ચાર ભૂત થકી અસંગી છે અને એ ચાર ભૂતની ઉપાધિ તે આકાશને અડતી નથી; આકાશ તો અતિ નિર્લેપ થકો એ ચાર ભૂતને વિષે રહ્યો છે, તેમ પુરુષોત્તમ ભગવાન સર્વના આત્મારૂપે કરીને સર્વેને વિષે રહ્યા છે તો પણ અતિશે નિર્વિકાર છે ને અસંગી છે ને પોતે પોતાને સ્વભાવે યુક્ત છે અને તે સરખો થાવાને કોઈ સમર્થ નથી થાતો, જેમ આકાશ ચાર ભૂતમાં રહ્યો છે પણ આ ચાર ભૂત આકાશ જેવા નિર્લેપ તથા અસંગી થાવાને સમર્થ નથી થતાં, તેમ જ પુરુષોત્તમ ભગવાન સર્વના આત્મા છે તો પણ અક્ષરપર્યંત કોઈ પણ પુરુષોત્તમ ભગવાન જેવા થાવાને સમર્થ નથી થાતા, એવી રીતે જે અતિશે સૂક્ષ્મપણું અને અતિશે નિર્લેપપણું તે અતિશે શુદ્ધપણું અને અતિશે અસંગીપણું અને અતિશે પ્રકાશે યુક્તપણું ને અતિશે ઐશ્વર્યયુક્તપણું તે એ ભગવાનની મૂર્તિને વિષે નિર્ગુણપણું છે. **(૧)** અને જેમ ગિરનાર પર્વત છે તેને ૧

લોકાલોક પર્વતની પાસે મૂકીએ ત્યારે તે અતિશે નાનો ભાસે પણ ગિરનાર પર્વત કાંઈ નાનો થયો નથી એ તો લોકાલોકની અતિશે મોટાઈ આગળ નાનો જણાય છે તેમ પુરુષોત્તમ ભગવાનની મોટાઈ આગળ અષ્ટ આવરણે યુક્ત જે અનંતકોટી બ્રહ્માંડ તે અણુની પેઠે અતિ સૂક્ષ્મ ભાસે છે પણ તે બ્રહ્માંડ કાંઈ નાનાં થઈ ગયાં નથી; એ તો ભગવાનની મોટપ આગળ નાનાં જણાય છે. એવી રીતે ભગવાનની મૂર્તિને વિષે જે અતિશે મોટાઈ તે ભગવાનનું સગુણપણું છે. **(૨)** ત્યારે કોઈકને એમ આશંકા થાય જે ભગવાન નિર્ગુણરૂપે તો અતિ સૂક્ષ્મ **૨**
કરતાં પણ સૂક્ષ્મ છે અને સગુણરૂપે તો અતિ સ્થૂળ કરતાં પણ સ્થૂળ છે ત્યારે એ બે ય રૂપનું ધરનારું જે ભગવાનનું મૂળ સ્વરૂપ તે કેવું છે ? તો તેનો ઉત્તર એ છે જે, **જે પ્રગટ પ્રમાણ મનુષ્યાકારે દેખાય છે, એ જ ભગવાનનું સદાય મૂળ સ્વરૂપ છે** અને નિર્ગુણપણું ને સગુણપણું એ તો એ મૂર્તિનું કોઈક અલૌકિક ઐશ્વર્ય છે, જેમ શ્રીકૃષ્ણ ભગવાન બ્રાહ્મણના પુત્રને લેવા સારુ અર્જુન સોતા રથે બેસીને ચાલ્યા તે લોકાલોક પર્વતને ઉલ્લંઘીને માયાનું તમ આવ્યું તેને સુદર્શનચક્રે કરીને કાપીને તેથી પર જે બ્રહ્મજ્યોતિ તેને વિષે રહ્યા જે **ભૂમાપુરુષ** તેની પાસેથી બ્રાહ્મણના પુત્રને લેઈ આવ્યા ત્યારે તે રથ ને ઘોડા તે માયિક હતા ને સ્થૂળભાવે યુક્ત હતા પણ તે શ્રીકૃષ્ણ ભગવાનને યોગે કરીને અતિ સૂક્ષ્મ ને ચૈતન્યરૂપ થઈને ભગવાનના નિર્ગુણ બ્રહ્મધામને પામ્યા, એવી રીતે જે સ્થૂળ પદાર્થને સૂક્ષ્મપણાને પમાડી દેવું એ શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિને વિષે નિર્ગુણપણું છે અને એ જ શ્રીકૃષ્ણ ભગવાન તેણે પોતાની માતા જે યશોદાજી તેને પોતાના મુખને વિષે અષ્ટાવરણે યુક્ત સમગ્ર બ્રહ્માંડ દેખાડ્યું અને વળી અર્જુનને પોતાની મૂર્તિને વિષે વિશ્વરૂપ દેખાડ્યું અને અર્જુન વિના જે બીજા હતા તે તો સાડા ત્રણ હાથની ભગવાનની મૂર્તિને દેખતા હતા અને જ્યારે ભગવાને વામનાવતાર ધાર્યો ત્યારે પ્રથમ તો વામનરૂપે દર્શન આપ્યું અને ત્રણ પગલાં ધરતી બળિ પાસે શ્રી કૃષ્ણાર્પણ કરાવ્યા પછી એવું પોતાના સ્વરૂપને વધાર્યું જે, સાત પાતાળનું તો એક પગલું કર્યું અને આકાશમાં તો પોતાનું શરીર બધે ય માઈ રહ્યું અને બીજું પગલું ઊંચું મેલ્યું તેણે સાત સ્વર્ગને વેંધીને ઈંડકટાહ ફોડ્યું, એવું જે ભગવાનનું મોટું સ્વરૂપ થયું તેને બળિ રાજાએ દીઠું અને બળિ વિના જે બીજા હતા તેણે તો જેવું વામનસ્વરૂપ ભગવાને ધારણ કર્યું હતું તેવું ને તેવું દીઠું, એવી રીતે જે ભગવાનને વિષે અતિશે મોટાઈ થકી જે મોટાઈ દેખાય એ ભગવાનની મૂર્તિને વિષે સગુણપણું જાણવું, જેમ આકાશ છે તે શીતકાળે તથા ઉષ્ણકાળે વાદળાંએ રહિત હોય અને જ્યારે વર્ષાઋતુ આવે ત્યારે અસંખ્ય વાદળાંની ઘટાએ કરીને ભરાઈ જાય છે તે કાળે કરીને આકાશમાં વાદળાં ઊપજે છે ને પાછાં લીન થઈ જાય છે તેમ ભગવાન પોતાની ઈચ્છાએ કરીને પોતાનામાંથી નિર્ગુણ ને સગુણ રૂપ જે ઐશ્વર્ય તેને પ્રગટ કરીને પાછું પોતાને વિષે લીન કરે છે અને એવા જે ભગવાન તે મનુષ્ય જેવા જણાતા હોય પણ તેના મહિમાનો પાર કોઈ

પામતા નથી. **(૩)** અને જે ભક્ત એવી રીતે ભગવાનની મૂર્તિમાં નિર્ગુણપણું ને સગુણપણું ૩
સમજે તે ભક્તને કાળ, કર્મ ને માયા તે બંધન કરવાને સમર્થ થાતાં નથી. **(૪)** અને તેને ૪
આઠે પહોર અંતરમાં આશ્ચર્ય રહ્યા કરે છે. **(૫)** ઈતિ વચનામૃતમ્ ॥૮॥ **(૧૦૪)** ૫

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારું તેજ અક્ષરાદિક સર્વેમાં વ્યાપક છે અને અક્ષરાદિક સર્વેનું આત્મા છે અને અક્ષરાદિક સર્વેથી અતિશે વિલક્ષણ છે અને એ વ્યાપક તેજ તે નિર્ગુણ એટલે સૂક્ષ્મ છે. **(૧)** અને એનું એ તેજ અક્ષરાદિક સર્વેનું આધાર થઈને બહાર રહ્યું છે અને તે સગુણ એટલે અતિશે અપાર છે. **(૨)** અને એ બે ય સ્વરૂપ છે તે અમારાં અલૌકિક ઐશ્વર્ય છે. **(૩)** અને જે ભક્ત આવી રીતે અમારું નિર્ગુણ સ્વરૂપ સમજે તેને કાળ, કર્મ, માયા બંધન કરવા સમર્થ થાતાં નથી. **(૪)** અને જે ભક્ત આવી રીતે અમારું સગુણ સ્વરૂપ સમજે તેને આઠે પહોર આશ્ચર્ય રહે છે. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** મુક્તાનંદ સ્વામીએ પરોક્ષ શાસ્ત્રમાં ભગવાનનાં સગુણ-નિર્ગુણ સ્વરૂપ કહ્યાં તે પૂછ્યાં છે અને શ્રીજીમહારાજે પોતાનાં કહ્યાં તેનું શું કારણ હશે ?

૧ **ઉ૦** મુક્તાનંદ સ્વામીએ એમ પૂછ્યું જે, પરોક્ષ શાસ્ત્રમાં તો પરોક્ષ ભગવાનના સગુણ-નિર્ગુણ સ્વરૂપ કહ્યા છે જ પણ પુરુષોત્તમ એવા જે તમે તે તમારાં સગુણ-નિર્ગુણ સ્વરૂપ કેવી રીતે સમજવાં એમ પૂછ્યું છે, તે ઉપર શ્રીજીમહારાજે પોતાનાં સગુણ-નિર્ગુણ સ્વરૂપ કહ્યાં છે જે, અમારા તેજરૂપ અક્ષરધામનાં સગુણ-નિર્ગુણ સ્વરૂપ છે તે મૂળઅક્ષરોના આત્મા ને આધાર છે એવી રીતે ઉત્તર આપ્યો છે, અને એવી જ રીતે મૂળઅક્ષરના બ્રહ્મજ્યોતિનાં સગુણ-નિર્ગુણ સ્વરૂપ છે તે વાસુદેવબ્રહ્મના આત્મા ને આધાર છે અને વાસુદેવબ્રહ્મના બ્રહ્મજ્યોતિનાં સગુણ-નિર્ગુણ સ્વરૂપ મૂળપુરુષોના આત્મા ને આધાર છે અને મૂળપુરુષોના બ્રહ્મજ્યોતિનાં સગુણ-નિર્ગુણ સ્વરૂપ તે પ્રધાનપુરુષાદિક સર્વે જીવમાત્રના આત્મા ને આધાર છે એમ જાણવું.

૨ **પ્ર૦** પહેલી બાબતમાં તમોગુણનું કાર્ય જે આકાશ તેને નિર્વિકાર કહ્યો અને (**પ્ર૦ ૪૬**માં) એ આકાશને વિકારવાન કહ્યો છે તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** આમાં પૃથ્વી આદિક ચાર ભૂતથી નિર્લેપ કહ્યો છે પણ તેથી પર નિર્લેપ કહ્યો નથી અને (**પ્ર૦ ૪૬**માં) પોતાના તેજરૂપ ચિદાકાશ આગળ આ આકાશને વિકારવાન કહ્યો છે.

૩ **પ્ર૦** ત્રીજી બાબતમાં સગુણ-નિર્ગુણ સ્વરૂપને શ્રીજીમહારાજે પોતાની મૂર્તિનાં ઐશ્વર્ય કહ્યા છે, અને તમે રહસ્યમાં શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામનાં ઐશ્વર્ય કહ્યાં અને જેમ તમે કહ્યું તેમ જ (**મ૦ ૪૨**/૧માં) પણ સગુણ-નિર્ગુણ ભેદ અક્ષરધામના કહ્યા છે માટે તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ૦** (**મ૦ ૪૨**/૧માં) પોતાના તેજરૂપ અક્ષરધામના સગુણ-નિર્ગુણ બે ભેદ કહ્યા છે અને આમાં પણ પોતાના તેજરૂપ અક્ષરધામના જ સગુણ-નિર્ગુણ બે ભેદ કહ્યા છે તે દૃષ્ટાંતમાં કહ્યું છે જે, જેમ આકાશમાંથી વાદળાં ઉત્પન્ન થાય છે ને લીન થાય છે તેમ પોતાના તેજને આકાશને દૃષ્ટાંતે કહ્યું છે ને એ તેજનાં સગુણ-નિર્ગુણ ઐશ્વર્યને વાદળાંને ઠેકાણે કહ્યાં છે માટે પોતાના તેજના સગુણ-નિર્ગુણ બે ભેદ કહ્યા છે પણ આ ઠેકાણે પોતાની મૂર્તિને ને પોતાના તેજને અભેદપણે કહ્યું છે, માટે મૂર્તિમાંથી ઐશ્વર્ય ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે તેથી શંકા ઉત્પન્ન થાય છે પણ મૂર્તિના તેજનાં જ ઐશ્વર્ય કહ્યા છે તે (**પ્ર૦ ૯**/૨)માં કહ્યું છે જે અમારી મનુષ્ય મૂર્તિને દર્શને કરીને જ પોતાને પરિપૂર્ણ માને તેને અમે અમારા ધામને વિષે ઐશ્વર્ય છે તે બળાત્કારે દેખાડીએ છીએ એમ કહ્યું છે માટે તે ઐશ્વર્ય શ્રીજીમહારાજના પ્રકાશરૂપ ધામનાં જ છે. (આ વચ.નો, **મ૦ ૪૨**નો, તથા **પ્ર૦ ૬૪**નો) એકસરખો ભાવ છે.

૪ **પ્ર૦** ભૂમાપુરુષ રહ્યા છે તે સ્થાનને બ્રહ્મજ્યોતિ કહી અને (**પ્ર૦ ૭**/૧માં) મૂળઅક્ષરથી પર બ્રહ્મજ્યોતિ કહી છે તે કેવી રીતે સમજવું ?

૪ **ઉ૦** સર્વના કારણ ને સર્વથી મોટા ને સર્વથી પર એવા શ્રીજીમહારાજ પરબ્રહ્મ છે તેમના તેજને (**પ્ર૦ ૭**/૧માં તથા **છે૦ ૩૬**માં)

બ્રહ્મજ્યોતિ નામે કહેલ છે ને **પ્રધાનપુરુષ છે તે માયા સબળિત બ્રહ્મ છે તે ભૂમાપુરુષ છે ને અવ્યાકૃત ધામને વિષે રહે છે,** તેના તેજને આ ઠેકાણે બ્રહ્મજ્યોતિ નામે કહેલ છે. આનો ખુલાસો (**પ્ર૦ ૬૬**ના ત્રીજા પ્રશ્નોત્તરમાં) કર્યો છે. ॥૮॥ **(૧૦૪)**

## વચનામૃત કારિયાણીનું - ૯

❖સંવત ૧૮૭૭ના કાર્તિક સુદિ ૫ પાંચમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉતરાદા ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** જેને એવી મલિન રીસ હોય જે, જેની ઉપર આંટી પડે તે સંગાથે આંટી મૂકે જ નહિ; પાડાની પેઠે રીસ રાખ્યા જ કરે એવો જે હોય તેને તે સાધુ કહીએ કે ન કહીએ ? પછી એ બે બોલ્યા
જે, એવો હોય તેને તો સાધુ ન કહેવાય. **(૧)** ૧

૨ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** હે મહારાજ ! જે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈ ભગવદીનો હૈયામાં અવગુણ આવતો હોય અને તેણે કરીને તે ભગવાનના ભક્ત ઉપર રીસ ચડતી હોય તો તે અવગુણ ટાળ્યાનો શો ઉપાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય ને ભગવાનનો મહિમા જાણતો હોય તેને ભગવાનના ભક્તનો અવગુણ આવે નહિ અને ભગવાનના ભક્ત ઉપર રીસની આંટી બંધાય જ નહિ,** જેમ ઉદ્ધવજી જો ભગવાનના મહિમાને સમજતા હતા તો એમ વર માગ્યો જે આ ગોપીઓના ચરણરજના અધિકારી એવા જે વૃંદાવનને વિષે લતા તથા તૃણ તથા ગુચ્છ તેને વિષે હું પણ કોઈક થાઉં અને શ્રીકૃષ્ણ ભગવાને વૃંદાવનને વિષે વૃક્ષને તથા પક્ષીને તથા મૃગલાને બળદેવજી આગળ અતિ મોટા ભાગ્યવાળાં કહ્યાં છે અને બ્રહ્માએ પણ શ્રીકૃષ્ણ ભગવાન પાસે એમ વર માગ્યો છે જે, હે પ્રભો ! આ જન્મને વિષે અથવા પશુપક્ષીના જન્મને વિષે હું જે તે તમારા દાસને વિષે રહીને તમારા ચરણારવિંદને સેવું એવું મારું મોટું ભાગ્ય થાઓ. માટે એવો જ્યારે ભગવાનના ભક્તનો મહિમા સમજે ત્યારે તેને ભગવાનના ભક્ત ઉપર કોઈ દિવસ અવગુણની ગાંઠ ન બંધાય **અને પોતાના ઈષ્ટદેવ જે પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ તેનો જે ભક્ત તેને વિષે જે કાંઈક અલ્પ દોષ હોય તે મહિમાના સમજનારાની દૃષ્ટિમાં આવે જ નહિ અને જે ભગવાનના મહિમાને જાણતો હોય તે તો ભગવાનના સંબંધને પામ્યાં એવાં જે પશુપક્ષી તથા વૃક્ષવેલી આદિક તેને પણ દેવ તુલ્ય જાણે તો જે મનુષ્ય હોય અને ભગવાનની ભક્તિ કરતા હોય તથા વર્તમાન પાળતા હોય તથા ભગવાનનું નામ-સ્મરણ કરતા હોય ને તેને દેવ તુલ્ય જાણે અને અવગુણ ન લે તેમાં શું કહેવું ? માટે ભગવાનનો મહિમા સમજે તેને ભગવાનના ભક્ત સંગાથે વૈર ન બંધાય** અને જે માહાત્મ્ય ન સમજે તેને તો

ભગવાનના ભક્ત સંગાથે વૈર બંધાય ખરું, માટે જે ભગવાનનું તથા ભગવાનના ભક્તનું માહાત્મ્ય ન જાણતો હોય તો તે સત્સંગી છે તો પણ તેને અર્ધો સત્સંગી જાણવો, માટે **ભગવાનનો ને ભગવાનના ભક્તનો મહિમા સમજે તો તે ભક્તના હૈયામાં કોઈ કાળે હરિજન સંગાથે વૈર બંધાય નહિ** એનો એ ઉત્તર છે. **(૨)** ઈતિ વચનામૃતમ્ ॥૯॥ **(૧૦૫)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે રીસની આંટી મૂકે નહિ તે સાધુ ન કહેવાય. **(૧)** બીજામાં પ્રત્યક્ષ ભગવાન એવા જે અમે તે અમારો ને અમારા ભક્તનો મહિમા સમજે તો અમારા ભક્ત સાથે વૈર બંધાય નહિ. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજામાં પ્રત્યક્ષ શ્રીજીમહારાજના ભક્તને વિષે અલ્પ દોષ હોય તે મહિમાના સમજનારાની દૃષ્ટિમાં આવે નહિ એમ કહ્યું તે મહિમા કેવો જાણવો ? ને અલ્પ દોષ કિયો જાણવો ?

૧ **ઉ૦** (**પ્ર૦ ૧૫**ના પહેલા પ્રશ્નોત્તરમાં) મહિમાનું રૂપ કહ્યું છે અને પંચવર્તમાન સિવાયની દૈહિક પ્રકૃતિ બોલવા-ચાલવાની તથા પોતાનું ધાર્યું કરવાની ઈત્યાદિક પ્રકૃતિ હોય તે અલ્પ દોષ જાણવા.

૨ **પ્ર૦** ભગવાનના સંબંધને પામ્યાં એવાં જે પશુપક્ષી-વૃક્ષવેલી એમને દેવ તુલ્ય જાણવાં એમ કહ્યું તે દેવ તુલ્ય એટલે કેવાં જાણવાં ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજના સંબંધ વડે કરીને નિર્ગુણ, તીર્થરૂપ ને દર્શન કરવા યોગ્ય થાય છે માટે દેવ તુલ્ય એટલે દર્શનીય જાણવાં અને તેથી શ્રીજીમહારાજની આજ્ઞા પાળનારા ભક્તને અધિક કહ્યા છે. ॥૯॥ **(૧૦૫)**

## વચનામૃત કારિયાણીનું - ૧૦

❖સંવત ૧૮૭૭ના કાર્તિક સુદિ ૧૦ દશમીને દિવસ રાત્રિએ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડામાં વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ સાધુ મોટેરા દશબાર તથા પાંચ-છ હરિભક્ત બેઠા હતા અને શ્રીજીને શરીરમાં તાવ જેવું જણાતું હતું અને આગળ સગડી મેલીને તાપતા હતા.

૧ પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, **(૧)** અમારી નાડી જુઓ; શરીરમાં કસર છે ? પછી મુક્તાનંદ સ્વામીએ નાડી જોઈને કહ્યું જે, હે મહારાજ ! કસર તો બહુ છે. પછી મુક્તાનંદ સ્વામીએ વળી એમ કહ્યું જે હે મહારાજ ! હમણાં સત્સંગમાં કઠણ કાળ વર્તે છે, કેમ જે હે મહારાજ ! તમે તો સર્વે સત્સંગીના **જીવનપ્રાણ** છો તે મહારાજને શરીરે કસર જેવું છે એ જ સર્વે સત્સંગીને કઠણ કાળ છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનને પ્રસન્ન કરવાને અર્થે નારદજીએ કેટલાક યુગપર્યંત ટાઢ-તડકો તથા ભૂખ-તરસને સહન કરીને મહાતપ કર્યું અને તે તપે કરીને ભગવાનને રાજી કર્યા, એવી રીતે જે વિવેકી હોય તે તો જાણીને પોતાનાં દેહ-ઈન્દ્રિયોને દમીને તપ કરે છે અને આપણે તો શરીરમાં જે કાંઈ સુખ-દુઃખ વર્તતું હશે તે તો શ્રી નરનારાયણની ઈચ્છાએ કરીને વર્તતું હશે માટે જે વિવેકી સાધુ

હોય તેને તો જાણીને દેહ-ઇન્દ્રિયોને કષ્ટ થાય એમ વર્ત્યું જોઈએ તો ઈશ્વર ઇચ્છાએ જે કાંઈ કષ્ટ આવે તેને શીદ ટાળવાને ઇચ્છે ? અને વળી ત્યાગી સાધુને તો પોતાના મનમાં એમ જ દૃઢ રુચિ રાખી જોઈએ જે, મારે તો દેવલોક, બ્રહ્મલોક ને વૈકુંઠાદિક લોકના જે પંચવિષય સંબંધી ભોગ-સુખ તે નથી જોઈતાં, ને મારે તો હમણે દેહ છતે તથા દેહનો ત્યાગ કરીને બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપમાં જાઈને, ને તપ કરીને ભગવાનને રાજી કરવા છે તે એક જન્મ તથા બે જન્મ તથા સહસ્ર જન્મ સુધી પણ તપ કરીને જ ભગવાનને રાજી કરવા છે, **(૧)** ૧
**અને જીવનું કલ્યાણ તો આટલી જ વાતમાં છે જે પ્રગટ પ્રમાણ એવા જે શ્રી સ્વામિનારાયણ તેનું જ કર્યું સર્વે થાય છે પણ કાળ, કર્મ ને માયાદિક કોઈનું કર્યું કાંઈ થાતું નથી, એવી રીતે ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે. (૨)** અને જે ૨
**તપ કરવું તે** તો ભગવાનની પ્રસન્નતાનું કારણ છે અને તે તપને વિષે પણ જેવો રાધિકાજી તથા લક્ષ્મીજી ભગવાનને વિષે પ્રેમલક્ષણા ભક્તિએ કરીને ભાવ રાખે છે તેવો ભાવ રાખવો અને જો તપ ન કરે ને ભગવાનને જ સર્વ કર્તા જાણે તો ય પણ જન્મ-મરણના દુઃખથી તો જીવ તરી જાય પણ તપ કર્યા વિના તે જીવ ઉપર ભગવાનનો રાજીપો થાય નહિ અને જો નારદજીએ તપ કર્યું તો નારદ ઉપર શ્રી નરનારાયણ પ્રસન્ન થયા અને જ્યારે તપસ્યા નારદે અત્યંત કરી ત્યારે ભગવાનને એમ ધાર્યું જે નારદજી જ્યાં હો ત્યાંથી અમારી પાસે આવો, પછી નારદજી મેરુ પર્વત ઉપર હતા ત્યાંથી ઊડ્યા તે ગંધમાદન પર્વત ઉપર આવ્યા અને તે ગંધમાદન પર્વતથી ઊડ્યા તે બદરિકાશ્રમને વિષે શ્રી નરનારાયણની સમીપે આવીને દર્શન કરતા હવા અને ભગવાને પણ નારદજી ઉપર પ્રસન્ન થઈને ઘણું સુખ આપ્યું અને **જે જીવ ભગવાનને સર્વ કર્તા-હર્તા નથી જાણતો તો તેથી બીજો કોઈ પાપી નથી અને ગૌહત્યા, બ્રહ્મહત્યા, ગુરુસ્ત્રીનો સંગ તથા બ્રહ્મવેત્તા સદ્‌ગુરુનો દ્રોહ તે થકી પણ એને વધુ પાપી જાણવો, કાં જે ભગવાન વિના બીજા જે કાળ-કર્માદિક તેને એ કર્તા જાણે છે, માટે એવો જે નાસ્તિક ચંડાળ હોય તેની તો છાયામાં પણ ઊભું રહેવું નહિ ને ભૂલમાં પણ તેના મુખનું વચન સાંભળવું નહિ. (૩)** અને જે ભગવાનના ભક્ત હોય તે ભગવાનને પ્રતાપે કરીને ૩
બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તે જેવા પણ થાય અને **પ્રકૃતિપુરુષ** જેવા પણ થાય અને **બ્રહ્મ** તથા **અક્ષર** જેવા પણ થાય તો પણ શ્રી પુરુષોત્તમનારાયણ જેવો થાવાને તો કોઈ સમર્થ નથી.
**(૪)** માટે જેનો સંગ કર્યા થકી તથા જે શાસ્ત્ર સાંભળવા થકી ભગવાનની ઉપાસનાનું ખંડન ૪
થઈને સ્વામી-સેવકભાવ ટળી જાતો હોય તો તે સંગનો તથા તે શાસ્ત્રનો શ્વપચની પેઠે તત્કાળ ત્યાગ કરવો. **(૫)** ૫

૨ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** હે મહારાજ ! જે ભક્ત સુંદર વસ્ત્ર તથા અલંકારે તથા નાના પ્રકારના ભોજનાદિક વસ્તુ તેણે કરીને ભગવાનની સેવા કરે છે તે પણ ભગવાનને

રાજી કરવાને ઈચ્છે છે અને તમે તો તપે કરીને જ ભગવાન રાજી થાય એમ કહો છો તે તપ વિના એવી સેવાએ કરીને રાજી કરે તેમાં શો બાધ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે સારા સારા પદાર્થે કરીને ભગવાનની ભક્તિ કરે છે તે જો નિષ્કામભાવે કરીને કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે જ કરતો હોય તો તો ઠીક છે પણ જો પોતે પણ ભગવાનની પ્રસાદી જાણીને તે પદાર્થને વિષે લોભાઈને ને ભગવાનને પડ્યા મેલીને તે પદાર્થને વિષે પ્રીતિ કરે તો તે પદાર્થને ભોગવતો થકો વિષયી થઈને ભ્રષ્ટ થઈ જાય છે એ બાધ છે, માટે જે ત્યાગી ભક્ત હોય તેને તો ભગવાનને સર્વ કર્તા જાણીને તપે કરીને જ ભગવાનને રાજી કરવા અને રાધિકાજી તથા લક્ષ્મીજી તેની પેઠે ભગવાનને પ્રેમલક્ષણા ભક્તિએ કરીને ભજવા એ અમારો સિદ્ધાંત છે. **(૬)** ૬

૩ પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** હે મહારાજ ! અમારું આ લોકને વિષે તથા પરલોકને વિષે સારું થાય તે કહો ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અમારો જે આ સિદ્ધાંત છે તે જ આ લોક ને પરલોકને વિષે પરમ સુખનો હેતુ છે. **(૭)** ૭

૪ પછી ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૪)** હે મહારાજ ! ત્યાગનો અને તપ કરવાનો મનમાં ઈશક તો હોય અને ત્યાગ કે તપ કરતાં વચમાં કોઈક વિઘ્ન આવી પડે તો તેનું કેમ કરવું ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જેને જે વાતનો ઈશક હોય ને તે વચમાં હજારો અંતરાય આવે તો પણ તે અંતરાયનો રોક્યો રોકાય નહિ, ત્યારે તેનો સાચો ઈશક જાણવો,** જુઓને અમે એકવીશ વર્ષ થયાં શ્રી રામાનંદ સ્વામી પાસે આવ્યા છીએ તેમનાં અનંત ભાત્યનાં વસ્ત્ર તથા અલંકાર તથા ખાનપાનાદિક તેણે કરીને સેવાના કરનારા અનંત ભક્ત મળ્યા છે પણ અમારું મન કોઈ પદાર્થમાં લોભાણું નથી, શા માટે જે અમારે ત્યાગનો જ ઈશક છે અને **આ સંસારને વિષે કેટલીક રાંડું છે તે ધણી મરી ગયો હોય તો તેને વાંસે છાતી કૂટી કૂટીને રોયા જ કરે છે અને કેટલીક બાઈઓ છે તે પોતાના પરણ્યા ધણીનો પણ ત્યાગ કરીને ભગવાનનું ભજન કરે છે અને કેટલાક મૂર્ખ પુરુષ હોય છે તે પોતાની સ્ત્રી મરી ગઈ હોય તો તેને વાંસે રોયા કરે છે અને બીજી સ્ત્રીને વાસ્તે હાયવોય કરતા ફરે છે અને કેટલાક વૈરાગ્યવાન પુરુષ હોય તે ઘરમાં પરણેલી સ્ત્રી હોય તેનો ત્યાગ કરીને પરમેશ્વરનું ભજન કરે છે, એવી રીતે સૌ સૌના ઈશક જુદી જુદી જાતના છે** અને અમારો તો એ જ ઈશક છે ને
એ જ સિદ્ધાંત છે જે, તપે કરીને શ્રી નરનારાયણને રાજી કરવા. **(૮)** અને ભગવાનને સર્વના ૮
કર્તા-હર્તા જાણીને અને સ્વામી-સેવકને ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી અને કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહિ, માટે તમે પણ સર્વે આ અમારા વચનને પરમ સિદ્ધાંત કરી માનજો અને આપણા સ્વામી જે શ્રી નરનારાયણદેવ છે તે તો બદરિકાશ્રમને વિષે તપ કરે છે અને શિયાળાની ટાઢ તથા ઉનાળાનો તડકો તથા ચોમાસાના વરસાદની ધારા

એ સર્વે પોતાના શરીર ઉપર સહન કરે છે માટે એ શ્રી નરનારાયણના ભક્ત હોય તેને પોતાના સ્વામી કરતાં કાંઈક વિશેષ રાખ્યું જોઈએ એ જ સેવકનો ધર્મ છે. **(૯)** ઇતિ વચનામૃતમ્ **॥૧૦॥ (૧૦૬)** ૯

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૪)** છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે તેમાં શ્રીજીમહારાજે તપે કરીને પોતાની પ્રસન્નતા કહી છે અને અમારી ઇચ્છાએ કષ્ટ આવે તેને ટાળવા ઇચ્છવું નહિ. **(૧)** અને અમને એકને જ કર્તા જાણવા તે કલ્યાણનું પરમ કારણ છે. **(૨)** અને અમને સર્વ કર્તા-હર્તા ન જાણે અને બીજા કાળ-કર્માદિકને કર્તા જાણે તે પંચમહાપાપીથી વધુ પાપી, નાસ્તિક ને ચંડાળ છે, એની પાસે ઊભું ન રહેવું ને તેનું વચન પણ સાંભળવું નહિ. **(૩)** અને અમારા ભક્ત અમારે પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી, નારદ જેવા થાય અને પ્રકૃતિપુરુષ, બ્રહ્મ તથા મૂળઅક્ષર જેવા પણ થાય પણ અમારા જેવો થવાને કોઈ સમર્થ નથી. **(૪)** એ સર્વે અમારા સેવક છે ને અમે એ સર્વેના સ્વામી છીએ. એવો ભાવ ટળી જાય અને અમને ને બીજા મૂળઅક્ષરાદિક અવતારોને સરખા મનાય એવા સંગનો તથા એવાં શાસ્ત્રોનો શ્વપચની પેઠે તત્કાળ ત્યાગ કરવો. **(૫)** બીજામાં અમને સર્વ કર્તા-હર્તા જાણવા અને તપ કરવું અને પ્રેમલક્ષણા ભક્તિએ કરીને અમને ભજવા એ અમારો સિદ્ધાંત છે. **(૬)** ત્રીજામાં એ સિદ્ધાંત આ લોક તથા પરલોકને વિષે પરમ સુખનો હેતુ છે. **(૭)** ચોથામાં જેને તપ-ત્યાગનો સાચો ઇશક હોય તે કોઈ અંતરાયનો રોક્યો રોકાય નહિ. **(૮)** અને અમારા ભક્તને અમારા કરતાં વિશેષ ત્યાગ રાખવો. **(૯)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં દેહ છતાં તથા દેહનો ત્યાગ કરીને બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપમાં જવાનું કહ્યું તે દેહ મૂકીને તો જવાય પણ દેહ છતાં શી રીતે જવાતું હશે ?

૧ **ઉ૦** જે સંતની પાસે રહેતા હોઈએ તે સંત ખાધા-પીધાની આસક્તિવાળા હોય તેનો ત્યાગ કરીને તપના અંગવાળા સંતની પાસે રહેવું તે દેહ છતાં બદરિકાશ્રમ જાણવું અને જે સંત તપ તથા ધ્યાન એ બે અંગે યુક્ત હોય તેનો સંગ રાખવો ને તેના જેવું અંગ કરવું તે દેહ છતાં શ્વેતદ્વીપમાં ગયા જાણવું.

૨ **પ્ર૦** આમાં (૧/૪ પહેલા પ્રશ્નમાં) અમારા ભક્ત અમારે પ્રતાપે કરીને પ્રકૃતિપુરુષ, બ્રહ્મ તથા અક્ષર જેવા થાય એમ શ્રીજીમહારાજે કહ્યું તે કોને જાણવા ?

૨ **ઉ૦** મૂળમાયા ને મૂળપુરુષ છે તેમને પ્રકૃતિપુરુષ કહ્યા છે અને તેમના ઉપરી શ્વેતદ્વીપપતિ વાસુદેવબ્રહ્મ છે તેમને બ્રહ્મ કહ્યા છે. ને તેના ઉપરી મૂર્તિમાન મૂળઅક્ષર છે તેને અક્ષર કહ્યા છે તે શ્રીજીમહારાજને ભજીને અનંત થાય છે.

૩ પ્ર૦ જે પ્રકૃતિપુરુષના ઉપરી બ્રહ્મને કહ્યા તે બ્રહ્મને આ વિના બીજા કોઈ વચનામૃતમાં પુરુષના ઉપરી કહ્યા હશે ?

૩ **ઉ૦** (**લો૦ ૧૨**ના પહેલા પ્રશ્નમાં) શ્રીકૃષ્ણની ઉપાસના કરનારાને કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહ્યો છે અને વાસુદેવની ઉપાસના કરનારને મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહ્યો છે તથા (**પં૦ ૬**/૧માં) વાસુદેવને શ્રીકૃષ્ણના અવતારી કહ્યા છે તથા (**મ૦ ૩૧**ના પહેલા પ્રશ્નમાં) મૂળપુરુષને બ્રહ્મ સુખે સુખિયા કહ્યા છે તે બ્રહ્મ વાસુદેવને કહ્યા છે. આ ચારમાં મૂળપુરુષના ઉપરી વાસુદેવને કહ્યા છે.

૪ **પ્ર૦** શ્રીજીમહારાજને ભજને કરીને પુરુષ, બહ્મ ને અક્ષર જેવા થાય એમ કહ્યું તે એમ અધિક-ન્યૂન થવાનું કારણ શું હશે ?

૪ **ઉ૦** શ્રીજીમહારાજને વૈરાજપુરુષ જેવા જાણીને ઐશ્વર્યની ઇચ્છાથી ભજન કરે તે બ્રહ્મા થાય અને અનિરુદ્ધાદિક જેવા જાણીને ભજે તે વૈરાજ થાય ને મહત્તત્ત્વ જેવા જાણીને ભજે તો અનિરુદ્ધાદિક થાય અને પ્રધાનપુરુષ જેવા જાણીને ભજે તે મહત્તત્ત્વ થાય અને મૂળપુરુષ જેવા જાણીને ભજે તે પ્રધાનપુરુષ થાય અને વાસુદેવબ્રહ્મ જેવા જાણીને ભજે તે મૂળપુરુષ થાય અને મૂળઅક્ષર જેવા જાણીને ભજે તે વાસુદેવબ્રહ્મ થાય અને શ્રીજીમહારાજને સર્વોપરી જાણીને ઐશ્વર્યની ઇચ્છાથી ભજે તે મૂળઅક્ષર થાય, માટે મહિમાની તારતમ્યતાથી સામર્થીમાં ભેદ પડ્યા છે અને નિષ્કામભાવે જેને ભજે તે તેના પાર્ષદ થાય.

૫ **પ્ર૦** આમાં ભક્ત છેવટ અક્ષર જેવો થાય એમ કહ્યું અને (**પ્ર૦ ૫૧, ૬૩**ના ત્રીજા પ્રશ્નમાં, **કા૦ ૧**ના પાંચમા પ્રશ્નમાં, **મ૦**

૬૬ના સાતમા પ્રશ્નમાં, તથા ૬૭માં ) અમારો ભક્ત અમારા સરખો થાય છે એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૫ ઉ૦ આમાં ઐશ્વર્યની ઇચ્છાવાળા સકામ ભક્તની વાત કહી છે, જે ઐશ્વર્યને ઇચ્છે તે છેવટે મૂળઅક્ષર થાય એમ કહ્યું છે અને (**પ્ર૦ ૫૧, ૬૩, કા૦ ૧, મ૦ ૬૬,** તથા **૬૭**માં) મોક્ષની ઇચ્છાવાળા નિષ્કામ ભક્તની વાત કહી છે એ નિષ્કામ ભક્ત શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામે છે ને શ્રીજીમહારાજની હજૂરમાં અખંડ સેવામાં રહે છે.

૬ **પ્ર૦** શ્રીજીમહારાજના ભક્ત હોય અને એને શ્રીજીમહારાજની સેવામાં જ રહેવાની ઇચ્છા હોય પણ પોતાને શ્રીજીમહારાજના તેજરૂપ માનવું એવી સમજણ ન હોય ને સાકાર મૂળઅક્ષરરૂપ પોતાને માનીને શ્રીજીમહારાજને ભજતા હોય તેને કેવી પ્રાપ્તિ થાય ?

૬ ઉ૦ એ ભક્ત નિષ્કામ છે માટે એને શ્રીજીમહારાજ પોતાના મુક્તનો યોગ આપે ને એવા મુક્તનો યોગ ન હોય તો બુદ્ધિયોગ આપે તે બુદ્ધિએ કરીને આ શાસ્ત્રમાંથી એ ભક્ત શ્રીજીમહારાજનો મહિમા જાણીને પોતાને શ્રીજીમહારાજના તેજરૂપ માનીને શ્રીજીમહારાજને ભજે ને એનું શ્રીજીમહારાજ પૂરું કરે અને જો નિષ્કામ હોય ને મૂળઅક્ષરરૂપ માનવું એવી આંટી ન મૂકે તો એને ફેર જન્મ ધરાવીને મોટા મુક્તનો યોગ આપીને તેનું પૂરું કરે.

૭ **પ્ર૦** પ્રકૃતિપુરુષોનાં, બ્રહ્મનાં ને મૂળઅક્ષરોનાં ધામ કિયાં હશે ?

૭ ઉ૦ (**અ૦ ૭**/૧માં) ગોલોક ધામ કહ્યાં છે તે પ્રકૃતિપુરુષોનાં છે અને બ્રહ્મપુર કહ્યાં છે તે વાસુદેવબ્રહ્મનાં ધામ છે અને અસંખ્ય કરોડ ભૂમિકાઓ કહી છે તે મૂળઅક્ષરોનાં ધામ છે.

૮ **પ્ર૦** (આમાં ૨/૬ બીજા પ્રશ્નમાં) અમને પડ્યા મેલીને પદાર્થમાં પ્રીતિ કરે તો પદાર્થને ભોગવતો થકો વિષયી થઈને ભ્રષ્ટ થઈ જાય છે એમ શ્રીજીમહારાજે કહ્યું તે કેવી રીતે ભોગવે તો શ્રીજીમહારાજને પડ્યા મેલ્યા કહેવાય ?

૮ ઉ૦ શ્રીજીમહારાજને જમાડેલી વસ્તુમાં સ્વાદ માનીને તેને વિષે મોહ પામીને આસક્તિપૂર્વક જમે ને શ્રીજીમહારાજની સ્મૃતિ ભૂલી જાય તે શ્રીજીમહારાજને પડ્યા મેલીને ભોગવ્યું કહેવાય અને શ્રીજીમહારાજની મૂર્તિને ધારી મૂર્તિને જમાડું છું એવી સ્મૃતિ રાખીને આસક્તિએ રહિત થકો જમે ને શ્રીજીમહારાજને ભૂલે નહિ તે શ્રીજીમહારાજને પડ્યા મેલ્યા ન કહેવાય અને એવી રીતે ન જમે ને શ્રીજીમહારાજને ભૂલીને જમે તે વિષયી થઈને ભ્રષ્ટ થાય.

૯ **પ્ર૦** (૨/૯ બીજા પ્રશ્નમાં) શ્રીજીમહારાજે કહ્યું કે નરનારાયણ ભગવાન બદરિકાશ્રમને વિષે તપ કરે છે ને શિયાળાની ટાઢ્ય તથા ઉનાળાનો તડકો તથા ચોમાસાનો વરસાદ તે પોતાના શરીર ઉપર સહન કરે છે તેથી તેમના ભક્તને વિશેષ રાખવું જોઈએ તે નરનારાયણ કોને જાણવાને વિશેષ કેવી રીતે વર્તવું ?

૯ ઉ૦ શ્રીજીમહારાજે પોતાને નરનારાયણ કહ્યા છે તે વનમાં વિચર્યા ને ઝાડ હેઠે તપ કર્યું તે બદરિકાશ્રમ જાણવું. એવી ત્યાગી તથા ગૃહસ્થોએ તપ કરવાની સદા રુચિ રાખવી ને તપ કર્યા કરવું અને મહારાજ રાજાધિરાજપણે ભેટ-સામગ્રીઓ ગ્રહણ કરતા તે પ્રમાણે ત્યાગી-ગૃહીએ પૂજાવા ઇચ્છવું નહિ ને પ્રતિમારૂપે વિરાજતા હોય ત્યારે ભગવાનને થાળ ધરીને પ્રસાદી અન્ન ત્યાગીએ મેળાવી પાણી નાખીને જમવું ને ગૃહસ્થોએ પણ થાળ ધરીને મહારાજની સ્મૃતિ રાખીને જમવું **॥૧૦॥ (૧૦૬)**

## વચનામૃત કારિયાણીનું - ૧૧

❖ સંવત ૧૮૭૭ના કાર્તિક સુદિ ૧૧ એકાદશીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ રાત્રિને સમે વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી છીંટની ડગલી પહેરી હતી અને માથા ઉપર ધોળી પાઘ બાંધી હતી અને પીળાં ને રાતાં જે ગુલદાવદીનાં પુષ્પ તેના હાર પહેર્યા હતા અને પાઘમાં પીળાં પુષ્પના તોરા લટકતા હતા અને પોતાની આગળ બે કોરે બે વાળંદ મશાલ લઈને ઊભા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજને સચ્ચિદાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** ભગવાનને વિષે પ્રીતિ હોય તેનાં શાં લક્ષણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જેને પોતાના પ્રીતમ જે ભગવાન તેને વિષે પ્રીતિ હોય તે પોતાના પ્રીતમની મરજીને લોપે નહિ એ પ્રીતિનું લક્ષણ છે,** જો ગોપીઓને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રીતિ હતી તો જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન મથુરાં જાવા તૈયાર થયા ત્યારે ગોપીઓ સર્વે મળીને એમ વિચાર કર્યો જે આપણે કુટુંબીની તથા લોકની લાજનો ત્યાગ કરીને ભગવાનને જોરાઈએ રાખશું, પછી ચાલવા સમે શ્રીકૃષ્ણ ભગવાનના નેત્ર સામું જોયું ત્યારે ભગવાનની રહ્યાની મરજી દેખી નહિ ત્યારે સર્વે ડરીને છેટે રહી અને અંતરમાં એમ બીની જે, જો આપણ ભગવાનના ગમતામાં નહિ રહીએ તો ભગવાનને આપણા ઉપરથી હેત ઊતરી જાશે એમ વિચારીને કાંઈ કહી શકી નહિ, પછી ભગવાન મથુરાં પધાર્યા ત્યારે પણ ત્રણ ગાઉ ઉપર ભગવાન હતા તો પણ ગોપીઓ કોઈ દિવસ મરજી લોપીને દર્શને ગઈ નહિ અને ગોપીઓએ એમ જાણ્યું જે, ભગવાનની મરજી વિના જો આપણ મથુરાં જાશું તો ભગવાનને આપણા ઉપર જે હેત છે તે ટળી જાશે માટે હેતનું એ જ રૂપ છે જે, જેને જે સાથે હેત હોય તેની મરજી પ્રમાણે રહે અને જો પોતાના પ્રીતમને પાસે રહે રાજી જાણે તો પાસે રહે અને જો પોતાના પ્રીતમને છેટે રહે રાજી જાણે તો છેટે રહે પણ કોઈ રીતે પોતાના પ્રીતમની આજ્ઞાને લોપે નહિ એ પ્રેમનું લક્ષણ છે. જો ગોપીઓને ભગવાનને વિષે સાચો પ્રેમ હતો તો આજ્ઞા વિના ભગવાનને દર્શને ગઈ નહિ, અને જ્યારે ભગવાને કુરુક્ષેત્રમાં તેડી ત્યારે ભગવાનનું દર્શન કર્યું, પણ કોઈ રીતે ભગવાનના વચનનો ભંગ કર્યો નહિ. માટે **જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ; જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે એ પ્રીતિનું લક્ષણ છે. (૧)** ૧

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો એક અમે પ્રશ્ન પૂછીએ. પછી મુનિએ કહ્યું જે, હે
૨ મહારાજ ! પૂછો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૨)** જે ભગવાનનો ભક્ત હોય તે ભગવાનની મૂર્તિના સંબંધ વિનાના જે અન્ય સંબંધી પંચવિષય તેને હરામ કરી નાખે છે અને પંચે પ્રકારે એક ભગવાનનો સંબંધ રાખે છે એવો જે ભક્ત તેને ભગવાન એમ આજ્ઞા કરે જે, તમે અમ થકી છેટે રહો, ત્યારે તે જો ભગવાનના દર્શનનો લોભ રાખે તો એને આજ્ઞાનો ભંગ થાય અને જો આજ્ઞા ન પાળે તો ભગવાનને એ ભક્ત ઉપર હેત ન રહે, માટે એ ભક્તે જેમ માયિક શબ્દાદિક પંચવિષયનો ત્યાગ કર્યો છે તેમ જ ભગવાન સંબંધી જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ને ગંધ એ પંચવિષય છે તેનો પણ ત્યાગ કરે કે ન કરે ? એ પ્રશ્ન છે. પછી સર્વે મુનિ મળીને જેને જેવી બુદ્ધિ હતી તેણે તેવો ઉત્તર કર્યો પણ એ પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી શ્રીજીમહારાજને કહ્યું જે હે મહારાજ ! એનો ઉત્તર તમે કરો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જેને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ છે અને ભગવાનને અખંડ સંબંધે રહિત જે માયિક**

**પંચવિષય તેને હરામ કરી નાખ્યા છે અને શબ્દાદિક પંચવિષયે કરીને ભગવાન સંગાથે દૃઢપણે જોડાણો છે તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે, ને જેમ એ ભક્તને ભગવાન વિના રહેવાતું નથી, તેમ જ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતું નથી અને એ ભક્તના હૃદયમાંથી આંખનું મટકું ભરીએ એટલી વાર છેટે રહેતા નથી, માટે એ ભક્તને પાંચે પ્રકારે ભગવાન સંગાથે અખંડ સંબંધ રહે છે, કેમ જે, જે શબ્દાદિક પંચવિષય વિના જીવમાત્રને રહેવાતું નથી તે શબ્દાદિક પંચવિષયને એણે હરામ કર્યા છે ને પંચે પ્રકારે કરીને ભગવાનને વિષે જોડાણો છે તે માટે એ ભક્તને ભગવાન સાથે અખંડ સંબંધ રહે છે. (૨)** ઇતિ વચનામૃતમ્ **॥૧૧॥ (૧૦૭)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારી મરજી એટલે આજ્ઞા લોપે નહિ એ પ્રીતિનું લક્ષણ છે. **(૧)** બીજામાં જગત સંબંધી પંચવિષયને હરામ કરીને પંચે પ્રકારે અમારી મૂર્તિમાં જોડાણો હોય તે ભક્તના હૃદયમાં અમે સદાય મૂર્તિમાન રહીએ છીએ. **(૨)** બાબતો છે.

(આ વાત સચ્ચિદાનંદ સ્વામીને શ્રીજીમહારાજનો વિયોગ થાય ત્યારે રોમરોમ પ્રત્યે રુધિર નીસરતું ને શરીરનું ભાન રહેતું નહિ તેમના વિરહની નિવૃત્તિ સારુ કરી છે જે તમારા જેવા પ્રેમીભક્તને જ્યાં મૂકીએ ત્યાં અમે તમારા ભેળા જ રહીએ છીએ પણ ક્ષણ માત્ર છેટે રહેતા નથી.) **॥૧૧॥ (૧૦૭)**

## વચનામૃત કારિયાણીનું - ૧૨

❖સંવત ૧૮૭૭ના કાર્તિક સુદિ ૧૫ પૂનમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી કારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી છીંટની ડગલી પહેરી હતી અને ધોળો ફેંટો બોકાની સહિત બાંધ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** પ્રશ્ન-ઉત્તર કરો. પછી મુનિએ માંહોમાંહી ઘણી વાર સુધી પ્રશ્ન-ઉત્તર કર્યા, તેમાં સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ શરીરનો વિચાર નીસર્યો તથા વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત એ ત્રણ શરીરનો વિચાર નીસર્યો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સુષુપ્તિ છે એ જીવની માયા છે તે જ સુષુપ્તિ, સ્થૂળ, સૂક્ષ્મ ને કારણરૂપે થાય છે માટે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ જીવની માયા છે તેમ જ વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત એ ઈશ્વરની માયા છે તે જીવની કારણ શરીરરૂપ જે માયા તે વજ્રસાર જેવી છે તે કોઈ રીતે જીવથી જુદી પડતી નથી માટે **જ્યારે એ જીવને સંતનો સમાગમ મળે ને તે સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદયમાં ધારે તેણે કરીને એ કારણશરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે, જેમ આંબલીનું બીજ હોય ને તે બીજની છાલ બીજ સાથે અતિ દૃઢ ચોંટી હોય પછી તેને જ્યારે**

**અગ્નિમાં શેકે ત્યારે તે છાલ દાઝીને ખોખા જેવી થઈ જાય ને પછી હાથમાં લેઈને ચોળે તો જુદી થઈ જાય તેમ ભગવાનનું ધ્યાન ને ભગવાનનું વચન તેણે કરીને કારણશરીર શેકાઈને આંબલીનાં ફોતરાંની પેઠે જુદું થઈ જાય છે ને તે વિના બીજા કોટી ઉપાય કરે તો ય પણ કારણશરીરરૂપ જે અજ્ઞાન તેનો નાશ થાતો નથી એવી રીતે શ્રીજીમહારાજે વાર્તા કરી. (૧)** ૧

૨ પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** જાગ્રત અવસ્થામાં સત્ત્વગુણ વર્તે છે અને સર્વ પદાર્થનું યથાર્થ જ્ઞાન વર્તે છે તો પણ જાગ્રત અવસ્થામાં જે શ્રવણ કર્યું હોય તેને સૂક્ષ્મ દેહમાં જયારે મનન કરે ત્યારે જે સાંભળ્યું હોય તે પાકું થાય છે અને સૂક્ષ્મ દેહમાં તો રજોગુણ વર્તે છે તે રજોગુણમાં તો અયથાર્થ જ્ઞાન રહ્યું છે તો પણ જે જાગ્રતમાં સાંભળ્યું હોય તેનું સૂક્ષ્મ દેહમાં મનન કરે ત્યારે યથાર્થ જ્ઞાન થાય છે તેનું શું કારણ છે ? પછી મુનિ સર્વે મળીને જેની જેવી બુદ્ધિ હતી તેણે તેવો ઉત્તર કર્યો પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ, પછી મુનિ સર્વે હાથ જોડીને બોલ્યા જે, હે મહારાજ ! આ પ્રશ્નનો ઉત્તર તો તમે કરો તો થાય. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો ઉત્તર તો એ છે જે, હૃદયને વિષે ક્ષેત્રજ્ઞ જે જીવ તેનો નિવાસ છે તે ક્ષેત્રજ્ઞ ચૌદ ઈન્દ્રિયોનો પ્રેરક છે તેમાં અંતઃકરણ જે છે તે ક્ષેત્રજ્ઞને સમીપે વર્તે છે માટે અંતઃકરણમાં મનન કરે ત્યારે દૃઢ થાય છે, કાં જે ક્ષેત્રજ્ઞ છે તે સર્વે ઈન્દ્રિયો-અંતઃકરણ થકી સમર્થ છે, માટે ક્ષેત્રજ્ઞ પ્રમાણ કરે એ વાત અતિ દૃઢ થાય છે. એવી રીતે એ પ્રશ્નનો ઉત્તર કર્યો. ત્યારે સર્વે મુનિએ કહ્યું જે, હે મહારાજ ! યથાર્થ ઉત્તર કર્યો; એવો ઉત્તર બીજા કોઈથી થાય નહિ. **(૨)** ૨

૩ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૩) ગમે તેવો કામી, ક્રોધી, લોભી, લંપટ જીવ હોય અને તેજો આવી રીતની વાતમાં વિશ્વાસ રાખીને પ્રીતિએ કરીને સાંભળે તો તેના સર્વે વિકાર ટળી જાય છે, જેમ કોઈ પુરુષને પ્રથમ તો કાચા ચણા ચાવે એવું દાંતમાં બળ હોય ને તે જો કાચી કેરી સારી પેઠે ખાય તો તેથી ભાત પણ ચવાય નહિ, તેમ ગમે તેવો કામાદિકને વિષે આસક્ત હોય પણ આવી રીતની વાતને આસ્તિક થઈને શ્રદ્ધાએ સહિત સાંભળે તો તે પુરુષ વિષયનાં સુખ ભોગવવાને સમર્થ રહે નહિ અને તપ્તકૃચ્છ્ર-ચાંદ્રાયણાદિક વ્રતે કરીને જો દેહને સૂકવી નાખે તો પણ જેવું આવી ભગવદ્‌વાર્તા સાંભળનારાનું મન નિર્વિષયી થાય છે તેવું તેનું થાતું નથી અને આવી વાત સાંભળીને જેવું તમારું સર્વેનું મન નિર્વિકલ્પ થાતું હશે તેવું ધ્યાન કરતા હશો તથા માળા ફેરવતા હશો ત્યારે નહિ થાતું હોય, માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તમનારાયણની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી. (૩)** ઈતિ વચનામૃતમ્ **॥૧૨॥ (૧૦૮)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન (૩) છે, તેમાં પહેલું ને ત્રીજું કૃપાવાક્ય છે, અને (જેતલપુર ૧ના પહેલા પ્રશ્નમાં) જેને સુષુપ્તિ કહી છે તે પ્રધાન સુષુપ્તિને આંહીં પહેલા પ્રશ્નમાં શ્રીજીમહારાજે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ ત્રણ દેહનું કારણ કહી છે ને

એ પ્રધાન સુષુપ્તિને ને ત્રણ દેહને જીવની માયા કહી છે ને વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત એ ઈશ્વરની માયા કહી છે. અને જીવની કારણ શરીરરૂપ માયાને વજ્રસાર જેવી કહી છે. ને તે સંતના સમાગમથી અમને ઓળખીને અમારું ધ્યાન ને અમારા વચનમાં વર્તે તો કારણ દેહ બળી જાય છે. **(૧)** બીજામાં સૂક્ષ્મ દેહને ને ક્ષેત્રજ્ઞને સમીપપણું છે માટે જાગ્રતમાં સાંભળેલી વાર્તાનું સૂક્ષ્મ દેહમાં મનન કરે તેનું ક્ષેત્રજ્ઞ પ્રમાણ કરે છે ત્યારે દૃઢ થાય છે. **(૨)** ત્રીજામાં અમારો વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત અમારી વાત સાંભળવાથી મન સ્થિર ને નિર્વિષયી થાય છે તેવું કોઈ સાધને કરીને થાતું નથી એમ કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** આમાં ત્રીજા પ્રશ્નમાં આવી વાત સાંભળીને જેવું તમારું મન નિર્વિકલ્પ થતું હશે તેવું ધ્યાન કરતા હશો, માળા ફેરવતા હશો ત્યારે નહિ થાતું હોય અને આવી વાત સાંભળવી એથી મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી એમ શ્રીજીમહારાજે કહ્યું એમ જોતાં તો સર્વ સાધનથી વાત સાંભળવી તે સાધન અધિક થયું ત્યારે તો બીજા સાધન કરવાનું કાંઈ પ્રયોજન રહ્યું નહિ માટે તે કેમ સમજવું ?

૧ **ઉ૦** સર્વ સાધનથી ધ્યાન કરવું તે ઉત્તમ સાધન છે પણ શ્રીજીમહારાજના સ્વરૂપનું જ્ઞાન થયા પછી ધ્યાન કરે તથા માળા ફેરવે તો વિક્ષેપ ન થાય અને જેને જ્ઞાન થયું ન હોય, તેને માયિક વાસના ટળી ન હોય ને પોતાને શુદ્ધ આત્મારૂપ માનવું તે પણ સમજ્યો ન હોય તેથી તેને વિક્ષેપ ઘણા આવે અને જો પ્રથમ આસ્તિક થઈને વાત સાંભળે તો શ્રીજીમહારાજના સ્વરૂપનું જ્ઞાન યથાર્થ થાય ને મહિમા જણાય ત્યારે શ્રીજીમહારાજ વિના બીજું સર્વ તુચ્છ થઈ જાય પછી ધ્યાન તથા માળા જે કરે તે વિક્ષેપે રહિત સુખે થાય; માટે સર્વ સાધન કરતાં શ્રીજીમહારાજની જ્ઞાને સહિત વાર્તા સાંભળવી તે સર્વથી અધિક કહી છે. ॥૧૦૮॥

**ઈતિ શ્રી કચ્છદેશે વૃષપુરનિવાસી અનાદિમુક્તરાજ શ્રી અબજીભાઈ વિરચિત**

**સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મુખકમળ નિઃસૃત**

**વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકાયાં કારિયાણી પ્રકરણં સમાપ્તમ્.**

SMVS

# અથ વચનામૃત લોયા પ્રકરણમ્

## વચનામૃત લોયાનું - ૧

❖સંવત **૧૮૭૭**ના કાર્તિક વદિ ૧૦ દશમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં પરમહંસના ઉતારા મધ્યે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને રૂનો ભરેલો ધોળો સુરવાળ પહેર્યો હતો અને ધોળી છીંટની ડગલી પહેરી હતી અને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ મુનિ પ્રત્યે બોલ્યા જે, **(૧)** શંકર શબ્દનો શો અર્થ છે ? પછી મુનિ બોલ્યા જે, સુખને કરે તેને શંકર કહીએ. પછી એ વાતને સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, આજ પાછલી ચાર ઘડી રાત હતી તે સમે સ્વપ્નમાં અમને શિવજીએ દર્શન દીધાં તે શિવજી મોટો જબરો નંદીશ્વર તે ઉપર બેઠા હતા અને શરીરે બહુ પુષ્ટ હતા ને **ચાળીસ વર્ષની અવસ્થા** હતી ને મોટી જબરી જટા હતી ને તે શિવજી ભેળે પાર્વતી હતા તેણે ધોળાં વસ્ત્ર પહેર્યાં હતાં અને તે શિવજી મોટા સંતની પેઠે શાંત મૂર્તિ હતા ને અમારે ઉપર તો શિવજીને ઘણું હેત જણાણું તો પણ અમારે તો શિવજી ઉપર હેત ન જણાણું, કેમ જે અમે એમ જાણીએ છીએ જે, શિવ તો તમોગુણના દેવતા છે અને આપણ તો શાંત મૂર્તિ એવા જે શ્રી નરનારાયણ તેના ઉપાસક છીએ તે માટે રજોગુણી, તમોગુણી દેવ એવા જે બ્રહ્મા, શિવ ને ઇન્દ્રાદિક દેવતા તેમની ઉપર ભાવ બેસે નહિ અને **તેમાં પણ ક્રોધ ઉપર તો અમારે ઘણું વૈર છે ને ક્રોધી જે માણસ અથવા દેવતા તે મુને ગમે જ નહિ** તથાપિ જે શિવજીને અમે માનીએ છીએ તેનું શું કારણ છે તો શિવજી તો ત્યાગી છે ને યોગી છે ને ભગવાનના મોટા ભક્ત છે, માટે શિવને માનીએ છીએ અને **ક્રોધ તો કેવો છે તો જેવું હડકાયું કૂતરું હોય તેવો છે, જેમ હડકાયા કૂતરાની જે લાળ તે ઢોર અથવા મનુષ્ય જેને અડે તે પણ હડકાયા કૂતરાની પેઠે ડાચિયું નાખીને મરી જાય, તેમ ક્રોધની જેને લાળ અડે તે પણ હડકાયા કૂતરાની પેઠે ડાચિયું નાખીને સંતના માર્ગ થકી પડી જાય** અને વળી ક્રોધ કેવો છે તો જેવા કસાઈ, આરબ, ભાવર, વાઘ, દીપડો, કાળો સર્પ તે જેમ સર્વને બીવરાવે છે ને બીજાના પ્રાણને હરી લે છે, તેમ ક્રોધ છે તે પણ સૌને બિવરાવે છે ને બીજાના પ્રાણને હરી લે છે એવો જે ક્રોધ તે જો સાધુમાં આવે તો તે અતિ ભૂંડો લાગે, કેમ જે સાધુ તો શાંત હોય પણ જ્યારે તેમાં ક્રોધ આવે ત્યારે તે સાધુ બીજાને ક્રૂર લાગે ને તે સાધુની આકૃતિ પણ ફરી જાય, કેમ જે એ ક્રોધનું નામ વિરૂપ છે માટે **એ ક્રોધ જેના દેહમાં આવે તેના દેહને વિરૂપ કરી નાખે. (૧)** ૧

૨ ત્યારે શુકમુનિએ પૂછ્યું જે, **(૨)** હે મહારાજ ! જે લગારેક ક્રોધ ચડી આવે ને પછી તેને

ટાળી નાખે એવો જે ક્રોધ તે કાંઈ નડતર કરે કે ન કરે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ આ સભા બેઠી છે તેમાં જો હમણે સર્પ નીકળે ને કોઈને કરડે નહિ તો પણ ઊઠીને સૌને ભાગવું પડે તથા સૌના અંતરમાં ત્રાસ થાય, અને વળી જેમ ગામને ઝાંપે આવીને વાઘ હુંકારા કરતો હોય ને કોઈને મારે નહિ તો પણ સૌ માણસને અંતરમાં ભય લાગે ને બારણે નીકળાય નહિ તેમ થોડોક ક્રોધ ઊપજે તે પણ અતિશે દુઃખદાયી છે. **(૨)** ૨

૩ પછી નાના નિર્માનાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૩)** કામને મૂળમાંથી ઉખેડી નાખવો તેનું શું સાધન છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એક તો આત્મનિષ્ઠા અતિ દૃઢ હોય અને અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય વ્રત રાખવું એ આદિક જે પંચવર્તમાન તેને દૃઢ કરીને પાળે ને ભગવાનનો મહિમા અતિશે સમજે એ ઉપાયે કરીને કામનું મૂળ ઊખડી જાય છે, અને કામનું મૂળ ઊખડી જાય તો ય પણ બ્રહ્મચર્યાદિક નિયમમાંથી કોઈ રીતે ડગવું નહિ અને **અતિશે કામનું મૂળ ઊખડ્યાનો તો ઉપાય એ છે જે ભગવાનનો મહિમા સારી પેઠે સમજવો. (૩)** ૩

૪ અને તે પછી ભજનાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૪)** હે મહારાજ ! કનિષ્ઠ વૈરાગ્ય, મધ્યમ વૈરાગ્ય ને ઉત્તમ વૈરાગ્ય એ ત્રણ પ્રકારના વૈરાગ્યનું શું રૂપ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, કનિષ્ઠ વૈરાગ્યવાળો જે હોય તે તો ધર્મશાસ્ત્રમાં કહ્યા જે સ્ત્રીના ત્યાગ સંબંધી નિયમ તેમાં સારી પેઠે વર્તે ત્યાં સુધી તો એને ઠીક રહે પણ જો કોઈ સ્ત્રીના અંગને દેખી જાય તો તે અંગમાં તેનું ચિત્ત ચોંટી જાય ને એનું ઠેકાણું ન રહે તેને કનિષ્ઠ વૈરાગ્યવાળો કહીએ, અને જે મધ્યમ વૈરાગ્યવાળો હોય તે તો કદાચિત્ જો સ્ત્રીને ઉઘાડી થકી દેખી જાય તો ય પણ જેમ પશુને ઉઘાડાં દેખીને ક્ષોભ થાતો નથી તેમ તેના મનમાં ક્ષોભ ન થાય ને તે સ્ત્રીના અંગમાં ચિત્ત ચોંટી જાય નહિ તેને મધ્યમ વૈરાગ્યવાળો કહીએ, અને જે ઉત્તમ વૈરાગ્યવાળો હોય તેને તો કદાચિત્ એકાંતમાં સ્ત્રિયાદિક પદાર્થનો યોગ થાય તો પણ એ ડગે નહિ તેને ઉત્તમ વૈરાગ્યવાળો કહીએ. **(૪)** ૪

૫ અને વળી ભજનાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૫)** કનિષ્ઠ, મધ્યમ ને ઉત્તમ એ ત્રણ પ્રકારે જે ભગવાનનું જ્ઞાન તેનું શું સ્વરૂપ છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, કનિષ્ઠ જ્ઞાનવાળો તે તો પ્રથમ ભગવાનનો પ્રતાપ દેખીને નિશ્ચય કરે ને પછી તેવો પ્રતાપ ન દેખાય ને ભગવાનનો કોઈક દુષ્ટ જીવ દ્રોહ કરતા હોય તેનું કાંઈ ભૂંડું ન થાય ત્યારે તેને નિશ્ચય રહે નહિ એને કનિષ્ઠ જ્ઞાનવાળો કહીએ, અને મધ્યમ જ્ઞાનવાળો જે હોય તે તો જ્યારે ભગવાનનાં શુભ-અશુભ એવાં મનુષ્યચરિત્રને દેખે ત્યારે તેમાં મોહ થાય ને નિશ્ચય રહે નહિ તેને મધ્યમ જ્ઞાનવાળો કહીએ, અને ઉત્તમ જ્ઞાનવાળાને તો એમ વર્તે જે, ભગવાનને ગમે તેવી શુભ-અશુભ ક્રિયાને કરતા દેખીને પણ તેમાં મોહ થાય નહિ ને નિશ્ચય જાય નહિ તથા જેણે પોતાને નિશ્ચય કરાવ્યો હોય ને તે જ વળી કહે જે એ ભગવાન નથી ત્યારે તેને એમ

જાણે જે, એનું માથું ફર્યું છે એવો જે હોય તેને ઉત્તમ જ્ઞાનવાળો કહીએ. અને તેમાં જે કનિષ્ઠ જ્ઞાનવાળો તે તો અનેક જન્મે કરીને સિદ્ધ થાય અને મધ્યમ જ્ઞાનવાળો બે-ત્રણ જન્મે કરીને સિદ્ધ થાય ને ઉત્તમ જ્ઞાનવાળો તે જ જન્મે કરીને સિદ્ધ થાય એવી રીતે વાર્તા કરી. **(૫)** ૫

૬ ત્યાર પછી મોટા શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૬)** ભગવાનનો નિશ્ચય તો સંપૂર્ણ હોય તો પણ અંતરમાં કૃતાર્થપણું મનાતું નથી, તેનું શું કારણ છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માન ઈત્યાદિક જે શત્રુ તેણે કરીને જેનું અંતઃકરણ દગ્ધ વર્તતું હોય ને તેને નિશ્ચય હોય તો પણ પોતાને કૃતાર્થ માને નહિ. **(૬)** ૬

૭ પછી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૭)** એ કામાદિક શત્રુને ટાળ્યાનો શો ઉપાય છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એ કામાદિક શત્રુ તો, તો ટળે જો એને ઉપર નિર્દય થકો દંડ દેવાને તત્પર રહે, જેમ ધર્મરાજા છે તે પાપીને મારવાને અર્થે દંડ લેઈને રાત-દિવસ તૈયાર રહે છે તેમ ઈન્દ્રિયો કુમાર્ગે ચાલે તો ઈન્દ્રિયોને દંડ દે ને અંતઃકરણ કુમાર્ગે ચાલે તો અંતઃકરણને દંડ દે. તેમાં ઈન્દ્રિયોને કૃચ્છ્રચાંદ્રાયણે કરીને દંડ દે ને અંતઃકરણને વિચારે કરીને દંડ દે તો એ કામાદિક શત્રુનો નાશ થઈ જાય ને પોતાને ભગવાનના નિશ્ચયે કરીને સંપૂર્ણ કૃતાર્થ માને. **(૭)** ૭

૮ ત્યાર પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૮) સંપૂર્ણ સત્સંગ થયો તે કેને કહીએ ?** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એક તો અતિશે દૃઢ આત્મનિષ્ઠા હોય ને તે પોતાના આત્માને દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણથી અતિશે અસંગી માને ને એ દેહ-ઈન્દ્રિયાદિકની ક્રિયાઓ તે પોતાને વિષે ન માને તો પણ પંચવર્તમાનના નિયમમાં લેશમાત્ર ફેર પડવા દે નહિ અને પોતે બ્રહ્મસ્વરૂપે વર્તે તો પણ પરબ્રહ્મ જે પુરુષોત્તમ ભગવાન તેનું દાસપણું મૂકે નહિ; સ્વામી-સેવકપણે કરીને ભગવાનની દૃઢ ઉપાસના કરે અને **પ્રત્યક્ષ મૂર્તિ જે ભગવાન** તેને આકાશની પેઠે અતિશે અસંગી સમજે, જેમ આકાશ છે તે ચાર ભૂતમાં અનુસ્યૂતપણે વ્યાપીને રહ્યો છે ને ચાર ભૂતની જે ક્રિયા તે આકાશને વિષે થાય છે તો પણ આકાશને એ પૃથ્વી આદિક ચાર ભૂતના વિકાર અડતા નથી, તેમ પ્રત્યક્ષ જે શ્રીકૃષ્ણનારાયણ તે શુભ-અશુભ સર્વે ક્રિયાને કરતા થકા આકાશની પેઠે નિર્લેપ છે એમ જાણે અને તે ભગવાનનાં જે અસંખ્યાત ઐશ્વર્ય છે તેને સમજે, જે **આ ભગવાન જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા જણાય છે તો પણ અનંતકોટી બ્રહ્માંડના કર્તા-હર્તા છે** અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર ઈત્યાદિક જે ધામ તે સર્વેના સ્વામી છે, અને અનંતકોટી એવા જે અક્ષરરૂપ મુક્ત તે સર્વેના સ્વામી છે, એવો ભગવાનનો મહિમા જાણીને વિશેષે શ્રવણાદિક ભક્તિને દૃઢ કરીને રાખે અને તે ભગવાનના ભક્તની સેવા-ચાકરી કરે તેવી રીતે જે વર્તે તેનો સંપૂર્ણ સત્સંગ કહીએ. **(૮)** ૮

૯ પછી નાના શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૯)** ક્યારેક તો ભગવાનના ભક્તનો

મહિમા અતિશે સમજાય છે ને ક્યારેક તો અતિશે સમજાતો નથી તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સંત છે તે તો ધર્મવાળા છે તે જ્યારે કોઈકને અધર્મમાં ચાલતો દેખે ત્યારે તેને ટોકે પછી જે દેહાભિમાની હોય તેને સવળો વિચાર કરીને શિક્ષા ગ્રહણ કરતાં આવડે નહિ ને સામો તે સંતનો અવગુણ લે, માટે જ્યાં સુધી એને દુઃખાડીને કહે નહિ ત્યાં સુધી માહાત્મ્ય રહે ને જ્યારે હિતની વાત પણ દુઃખાડીને કહે ત્યારે અવગુણ લે ને માહાત્મ્ય ન જાણે અને **જેને સંતનો અવગુણ આવ્યો તેને કોઈ રીતે પ્રાયશ્ચિત્ત કરીને પણ શુદ્ધ થવાતું નથી, જેમ કામાદિક દોષનાં પાપનિવારણ છે તેમ સંતના દ્રોહનું પાપનિવારણ છે નહિ, અને જેમ કોઈને ક્ષયરોગ થાય તેને ટાળ્યાનું કોઈ ઔષધ નથી તે તો નિશ્ચે મરે, તેમ જેને સંતનો અવગુણ આવ્યો તેને તો ક્ષયરોગ થયો જાણવો તે તો પાંચ દિવસ મોડો-વેલો નિશ્ચે વિમુખ થાશે, અને વળી જેમ મનુષ્યના હાથ, પગ, નાક, કાન, આંખ્ય, આંગળીઓ એ આદિક જે અંગ તે કપાય તો પણ એ મનુષ્ય મૂઓ કહેવાય નહિ અને જ્યારે ધડમાંથી માથું કપાઈ જાય ત્યારે તેને મૂઓ કહેવાય, તેમ હરિજનનો જેને અવગુણ આવે તેનું તો માથું કપાણું અને બીજા વર્તમાનમાં કદાચિત્ ફેર પડે તો અંગ કપાણું કહેવાય પણ તે જીવે ખરો, કહેતાં તે સત્સંગમાં ટકે ખરો ને જેને સંતનો અવગુણ આવ્યો તે તો નિશ્ચે સત્સંગથી જ્યારે ત્યારે વિમુખ** જ થાય એ એનું માથું કપાણું જાણવું. **(૯)** ૯

૧૦ **પછી ભગવદાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, (૧૦) હરિજનનો અવગુણ આવ્યો હોય તેને ટાળ્યાનો કોઈ ઉપાય છે કે નથી ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ઉપાય તો છે પણ અતિ કઠણ છે, તે અતિશે શ્રદ્ધાવાળો હોય તેથી થાય છે, તે જ્યારે કોઈ સંતનો અવગુણ આવે ત્યારે એમ વિચાર કરે જે, મેં અતિ મોટું પાપ કર્યું જે બ્રહ્મસ્વરૂપ એવા જે ભગવાનના ભક્ત તેનો અવગુણ લીધો, એવા વિચારમાંથી અતિશે દાઝ હૈયામાં થાય તે દાઝને મારે અન્ન જમે તો તેના સ્વાદુ-કુસ્વાદુપણાની ખબર પડે નહિ તથા રાત્રિને વિષે નિદ્રા પણ આવે નહિ અને જ્યાં સુધી સંતનો અવગુણ હૈયામાંથી ટળે નહિ ત્યાં સુધી જેમ જળ વિનાનું માછલું તરફડે તેમ અતિ વ્યાકુળ થાય અને જ્યારે એ સંતનો હૈયામાં અતિશે ગુણ આવે ને તે સંત કોઈ વાતે દુઃખાણા હોય તો તેને અતિ દીન થઈને પ્રસન્ન કરે, એવી જાતનો જેના હૃદયમાં વિચાર રહેતો હોય તો તેને સંતનો અવગુણ આવ્યો હોય તે પણ ટળી જાય ને સત્સંગમાંથી પણ વિમુખ ન થાય પણ એ વિના બીજો કોઈ એવો ઉપાય નથી કહ્યો; એ જ એક ઉપાય છે. (૧૦) ઈતિ વચનામૃતમ્ ॥૧॥ (૧૦૯)** ૧૦

**રહસ્યાર્થ પ્રદી૰-** આમાં પ્રશ્ન **(૧૦)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, શાન્ત મૂર્તિ એવા જે અમે તે અમારા ઉપાસકોએ રજોગુણી-તમોગુણી દેવમાં હેત ન કરવું ને ક્રોધી મનુષ્ય તથા દેવતા તે અમને ગમતા નથી. **(૧)** બીજામાં થોડોક ક્રોધ પણ દુઃખદાયી છે. **(૨)** ત્રીજામાં આત્મનિષ્ઠા, બ્રહ્મચર્યાદિક પંચવર્તમાન અને અમારો મહિમા એ ત્રણ અતિશે દૃઢ થાય તો કામનું મૂળ ઊખડી જાય અને અતિશે કામનું મૂળ ઊખડ્યાનો ઉપાય તો અમારો સારી પેઠે મહિમા

સમજવો તે જ છે. **(૩)** ચોથામાં ત્યાગીના ત્રણ પ્રકારના વૈરાગ્યનાં લક્ષણ કહ્યાં છે. **(૪)** પાંચમામાં ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ જ્ઞાનનાં લક્ષણ કહ્યાં છે. **(૫)** છઠ્ઠામાં અમારો નિશ્ચય હોય પણ કામાદિક વિકાર ન ટળ્યા હોય તો કૃતાર્થપણું મનાય નહિ. **(૬)** સાતમામાં ઇન્દ્રિયોને તપે કરીને દમે અને અંતઃકરણને વિચારે કરીને દમે તો વિકાર નાશ પામે ને કૃતાર્થપણું મનાય. **(૭)** આઠમામાં આત્મનિષ્ઠા અતિ દૃઢ હોય અને પંચવર્તમાન પાળે અને અમારી સ્વામીસેવકપણે દૃઢ ઉપાસના કરે અને પ્રત્યક્ષ ભગવાન જે અમે તે અમને અતિશે અસંગી ને અતિશે નિર્વિકાર ને સર્વેના સ્વામી ને સર્વના કર્તા-હર્તા સમજે અને અમારી નવધા ભક્તિ કરે તથા અમારા ભક્તની સેવા કરે તેનો સંપૂર્ણ સત્સંગ કહેવાય. **(૮)** નવમામાં દેહાભિમાનીથી સંતની શિખામણ ગ્રહણ ન થાય ને સામો અવગુણ લે તે વિમુખ થાય. **(૯)** દશમામાં અતિ દીન થઈને તે સંતને પ્રસન્ન કરે તો અવુગણ આવ્યો હોય તે ટળી જાય છે. **(૧૦)** બાબતો છે.

૧ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં કામનું મૂળ ઉખાડ્યાનો ઉપાય અતિ દૃઢ આત્મનિષ્ઠા અને બ્રહ્મચર્યાદિક પંચવર્તમાનને દૃઢ પાળે અને અમારો મહિમા અતિશે સમજે એ ત્રણ ઉપાય શ્રીજીમહારાજે કહ્યા અને વળી કહ્યું જે, અમારો સારી પેઠે મહિમા સમજે તો અતિશે કામનું મૂળ ઊખડી જાય તે પ્રથમ અતિશે મહિમા કહ્યો તેમાં ને સારી પેઠે મહિમા સમજવાનો કહ્યો તેમાં શું ન્યૂન-અધિકપણું આવ્યું તે સમજાણું નહિ માટે કૃપા કરીને સમજાવો ?

૧ **ઉ૦** પ્રથમ અતિશે મહિમા કહ્યો તે જ્ઞાને કરીને સમજવાનો કહ્યો છે અને જે સારી પેઠે મહિમા સમજવાનો કહ્યો તે મહિમા આકારે વૃત્તિ થઈ જાય તેણે કરીને જગતની વિસ્મૃતિએ યુક્ત વર્તે ને મૂર્તિ આકારે દૃષ્ટિ થઈ જાય એ સારી પેઠે મહિમા કહ્યો છે.

૨ **પ્ર૦** આઠમા પ્રશ્નમાં અક્ષરરૂપ અનંતકોટી મુક્ત કહ્યા તે અક્ષરરૂપ એટલે કેવા જાણવા ?

૨ **ઉ૦** જે ન ક્ષરે તે સર્વ ચૈતન્યવર્ગને અક્ષર કહેવાય છે અને આ ઠેકાણે અક્ષર નામે શ્રીજીમહારાજને કહ્યા છે તે (**પં૦ ૨** માં) ભગવાન અચ્યુત છે, અક્ષર છે, અખંડ છે તથા (**અ૦ ૪**/૧માં) ભગવાન અક્ષરરૂપ છે, અંતર્યામી છે ને અનંતકોટી બ્રહ્માંડના આધાર છે એમ કહ્યું છે માટે અક્ષર નામે શ્રીજીમહારાજને જાણવા ને તે શ્રીજીમહારાજરૂપ થયેલા મુક્તને અક્ષરરૂપ કહ્યા છે. આ અક્ષરરૂપનો અર્થ (**અ૦ ૪**ના બીજા પ્રશ્નોત્તરમાં) કર્યો છે. ॥૧॥ **(૧૦૯)**

## વચનામૃત લોયાનું - ૨

❖સંવત ૧૮૭૭ના કાર્તિક વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં દક્ષિણાદે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો અને નરનારાયણ નામે અંકિત એવો જે કાળો કિનખાબ તેની ડગલી પહેરી હતી અને માથે બુરાનપુરી આસમાની રંગનો રેંટો સોનેરી તારના ફરતા છેડાનો બાંધ્યો હતો અને કસુંબી રંગનો રેંટો કેડે બાંધ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને મુક્તાનંદ સ્વામી આદિક જે પરમહંસ તે દુકડ, સરોદા, સતાર, મંજીરાદિક વાજિંત્રને વજાડીને કીર્તનનું ગાન કરતા હતા.

૧ પછી કીર્તનની સમાપ્તિ થઈ રહી ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** સર્વે પરમહંસ સાંભળો : હું તમને એક પ્રશ્ન પૂછું છું ત્યારે મુનિ બોલ્યા જે, હે મહારાજ ! પૂછો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, આ સત્સંગમાં હરિભક્તને કયારે મૃત્યુનો ભય ટળી જાય ? અને દેહ છતે જ પોતાનું કલ્યાણ મનાઈ જાય ? પછી મુક્તાનંદ સ્વામીએ જેવો આવડ્યો તેવો ઉત્તર કર્યો પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી બીજા પરમહંસ બોલ્યા જે, હે

મહારાજ ! એ પ્રશ્નનો ઉત્તર તો તમે જ કરો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, તમે જ્યાં સુધી કીર્તન બોલ્યા ત્યાં સુધી અમે એનો વિચાર કર્યો છે તે અમારી નજરમાં તો એમ આવ્યું છે જે, ચાર પ્રકારના હરિભક્ત હોય તેને મૃત્યુનો ભય નાશ પામે છે અને કૃતાર્થપણું મનાય છે તે ચાર પ્રકારના હરિભક્તની વિક્તિ : **એક તો વિશ્વાસી, બીજો જ્ઞાની, ત્રીજો શૂરવીર, ચોથો પ્રીતિવાળો એ ચાર પ્રકારના જે ભક્ત તેને તો મૃત્યુનો ભય નથી રહેતો ને દેહ છતે કૃતાર્થપણું મનાય છે.** હવે એ ચાર પ્રકારના ભક્તનાં લક્ષણ કહીએ છીએ : તેમાં જે વિશ્વાસી હોય તે તો ભગવાનના નિશ્ચયના બળ વડે કરીને મૃત્યુનો ભય રાખે નહિ ને એમ જાણે જે, **મુને પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન મળ્યા છે માટે હું કૃતાર્થ છું,** અને જ્ઞાનીને તો આત્મજ્ઞાનનું બળ હોય તે એમ માને જે, હું તો બ્રહ્મસ્વરૂપ એવો ભગવાનનો ભક્ત છું માટે એને પણ મૃત્યુનો ભય હોય નહિ, અને શૂરવીર હોય તે થકી તો ઇન્દ્રિયો તથા અંતઃકરણ એ સર્વે થરથર કંપતાં રહે અને બીજા કોઈથી પણ ડરે નહિ માટે એને કોઈ રીતે પરમેશ્વરની આજ્ઞામાં ભંગ થાય નહિ, માટે પોતાને કૃતાર્થપણું માને અને મૃત્યુનો ત્રાસ તેના મનમાં લેશમાત્ર પણ હોય નહિ, અને ચોથો જે પ્રીતિવાળો તેને તો પતિવ્રતાનું અંગ છે, જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાના પતિ વિના બીજે ઠેકાણે વૃત્તિ ડોલે નહિ ને એક પોતાના પતિને વિષે જ પ્રીતિ રાખે તેમ તે ભગવાનનો ભક્ત તે પતિવ્રતાની પેઠે પોતાના પતિ એવા જે ભગવાન તેને વિષે જ પ્રીતિ રાખે, માટે પોતાને કૃતાર્થપણું માને અને તેને મૃત્યુનો ભય પણ લેશમાત્ર હોય નહિ. અને ચાર અંગ માંહ્યલું એક પ્રધાન હોય ને બીજાં ત્રણ ગૌણ હોય તો પણ જન્મ-મૃત્યુના ભય થકી તરે છે અને એ ચાર માંહ્યલું એક પણ ન હોય તેને તો મૃત્યુનો ભય ટળે નહિ, એટલી વાર્તા કરીને પછી શ્રીજીમહારાજ સર્વ પરમહંસ તથા હરિભક્ત પ્રત્યે બોલ્યા જે, એ ચાર માંહ્યલાં જેને જે અંગ પ્રધાનપણે વર્તતાં હોય તે કહો. પછી પરમહંસ સમગ્રને જે જે અંગ વર્તતાં હતાં તે કહ્યાં અને હરિભક્તને પણ જેને જે અંગ વર્તતાં હતાં તે કહ્યાં તે સાંભળીને શ્રીજીમહારાજ ઘણું પ્રસન્ન થયા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ ચાર અંગમાંથી જેને શૂરવીરનું અંગ હોય તે સર્વે આવીને અમારે પગે લાગો, પછી જેને જેને શૂરવીરનાં અંગ વર્તતાં હતાં તે સર્વે શ્રીજીમહારાજના ચરણારવિંદને છાતીમાં લઈને પગે
લાગ્યા. **(૧)** ૧

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, વળી જેને પ્રશ્ન પૂછવો હોય તે પૂછો. ત્યારે બ્રહ્માનંદ
૨ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** કારણ હોય તે તો કાર્યથી મોટું જોઈએ ત્યારે વડનું બીજ તે તો નાનું છે ને તે થકી મોટો વડ કેમ થાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, કારણ હોય તે તો નાનું હોય ને સૂક્ષ્મ હોય તો પણ મોટા કાર્યની ઉત્પત્તિ કરવાને સમર્થ છે એ જ કારણમાં મોટાઈ છે, જેમ **મૂળપ્રકૃતિના કાર્ય એવા જે અનંત પ્રધાન** તેનો મોટો વિસ્તાર છે પણ કારણરૂપ જે મૂળપ્રકૃતિ તે તો સ્ત્રીને આકારે છે તથા પૃથ્વીનું કારણ જે ગંધ તે સૂક્ષ્મ છે ને તેનું કાર્ય

જે પૃથ્વી તે મોટી છે, એમ જ આકાશ આદિક જે બીજાં ચાર ભૂત તેનો મોટો વિસ્તાર છે ને તેના કારણ જે શબ્દાદિક તે સૂક્ષ્મ છે અને જે કારણ હોય તે નાનું હોય તો પણ તે મોટા કાર્યને ઉત્પન્ન કરવા સમર્થ થાય એવી એમાં કળા રહી છે, જેમ અગ્નિદેવ છે તે તો મનુષ્ય જેવો મૂર્તિમાન છે અને માણસ જેવડો છે અને તેનું કાર્ય જે અગ્નિની જ્વાળાઓ તે તો અતિ મોટી છે, તથા જેમ વરુણની મૂર્તિ તે તો મનુષ્ય જેવડી છે અને તેનું કાર્યરૂપ જે જળ તે તો અતિ ઝાઝું છે, અને જેમ સૂર્યની મૂર્તિ તો મનુષ્યના જેવી રથમાં બેઠી છે અને તેનું કાર્ય જે પ્રકાશ તે તો આખા બ્રહ્માંડમાં વ્યાપી રહ્યો છે, તેમ સર્વના કારણ એવા જે શ્રી પુરુષોત્તમ નારાયણ તે તો ઋષિરૂપે મનુષ્ય જેવડા છે તો પણ અનંતકોટી બ્રહ્માંડના કારણ છે અને જે મૂર્ખ હોય તે તો એમ સમજે જે, જેનું કાર્ય આવડું મોટું છે તો તેનું કારણ તો કેવડું મોટું હશે ! એ તો મૂર્ખની સમજણ છે અને સર્વના કારણરૂપ એવા ભગવાન તે મનુષ્ય જેવા છે તો પણ પોતાના અંગમાંથી યોગકળાએ કરીને અનંતકોટી બ્રહ્માંડને ઉત્પન્ન કરવાને સમર્થ છે ને પાછા પોતાને વિષે લય કરવાને સમર્થ છે : જેમ અગ્નિ, વરુણ, સૂર્ય તે પોતાના કાર્યરૂપે મોટા જણાય છે ને વળી કાર્યને પોતાનામાં લીન કરીને એક પોતે જ રહે છે તેમ ભગવાનના એક એક રોમમાં અનંતકોટી બ્રહ્માંડ અણુની પેઠે રહ્યા છે તે અષ્ટાવરણ ને ચૌદ લોક સૂધાં રહ્યાં છે, એવી રીતે કારણમાં અલૌકિકપણું છે ને મોટાઈપણું છે તેને સમજુ હોય તે જાણે **જે ભગવાન મનુષ્ય જેવા જણાય છે તો પણ આ ભગવાન સર્વના કારણ છે અને સર્વના કર્તા છે ને સમર્થ છે** એમ કહીને શ્રીજીમહારાજ શયન કરવા પધાર્યા. **(૨)** ઈતિ વચનામૃતમ્ ॥૨॥ **(૧૧૦)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, વિશ્વાસી, જ્ઞાની, શૂરવીર ને પ્રીતિવાળો એ ચાર પ્રકારના ભક્તને મૃત્યુનો ભય નથી રહેતો. **(૧)** બીજામાં જેમ મૂળપ્રકૃતિ સ્ત્રી આકારે છે ને તેનું કાર્ય મોટું છે ને જેમ ચાર ભૂતનો મોટો વિસ્તાર છે ને તેના કારણ ગંધાદિક સૂક્ષ્મ છે અને જેમ સૂર્યાદિકની મૂર્તિઓ મનુષ્યના જેવડી છે ને તેનું કાર્ય જે પ્રકાશાદિક તે અતિ વિસ્તારવાન છે તેમ અમે મનુષ્ય જેવડા દેખાઈએ છીએ તો પણ સર્વના કારણ છીએ એવા પ્રત્યક્ષ ભગવાન જે અમે તે અમે મનુષ્યના જેવડા છીએ પણ અનંતકોટી બ્રહ્માંડને ઉત્પન્ન કરવા ને મારે વિષે લીન કરવા સમર્થ છીએ અને અમારા એક એક રોમમાં એટલે કિરણોમાં અનંતકોટી બ્રહ્માંડ અણુની પેઠે રહ્યા છે એવું અમારે વિષે અલૌકિકપણું ને મોટાઈપણું છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં ચાર પ્રકારના ભક્તને મૃત્યુનો ભય ટળી જાય છે એમ કહ્યું તે આ દેહે મરવાની બીક ટળી જતી હશે કે ફેર જન્મ ધરવાની બીક ટળી જતી હશે ?

૧ **ઉ૦** એવા ભક્તને ફેર જન્મ ધરવાનું તો હોય જ નહિ પણ આ દેહે કોઈક પ્લેગ, કોલેરા જેવો રોગ આવે અથવા રાજ્યચક્ર આવે તેમાં મરી જવાની બીક ન રહે એમ કહ્યું છે.

૨ **પ્ર૦** બીજા પ્રશ્નમાં શ્રીજીમહારાજના એક એક રોમમાં અષ્ટ આવરણે યુક્ત બ્રહ્માંડ રહ્યાં છે એમ કહ્યું તે અષ્ટાવરણે યુક્ત બ્રહ્માંડ તો મૂળપુરુષના રોમમાં રહ્યા છે અને શ્રીજીમહારાજના રોમમાં રહ્યા છે એમ કેમ કહ્યું હશે ?

૨ **ઉ૦** અક્ષરનું તથા બ્રહ્મનું તથા મૂળપુરુષનું એ સર્વેનું આધાર તો શ્રીજીમહારાજનું તેજ છે તે (**કા૦** ૮/૧ માં) કહ્યું છે જે, પૃથ્વી આદિક સર્વ તત્ત્વથી લઈને અક્ષર પર્યંત સર્વેનું આત્મા અમારું તેજ છે માટે મૂળપુરુષના તેજમાં રહ્યા હોય તે પણ શ્રીજીમહારાજના તેજમાં જ કહેવાય. ॥૨॥ **(૧૧૦)**

## વચનામૃત લોયાનું - ૩

❖સંવત ૧૮૭૭ના કાર્તિક વદિ ૧૩ તેરશને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાખાચરના દરબારમાં રાત્રિને સમે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળી છીંટની ડગલી પહેરી હતી તથા રૂનો ભરેલો ધોળો સુરવાળ પહેર્યો હતો ને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો તથા ધોળી પછેડી ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયને વિષે શ્રીજીમહારાજને ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદ સ્વામીએ પ્રશ્ન
૧ પૂછ્યો જે, **(૧) ભગવાન તથા સંત તેનો જેને માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોક-લાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે.** એમ કહીને પછી આ સર્વે હરિભક્તની વાર્તાઓ એકબીજા કેડે કરી :- ગામ ડડુસરવાળા રજપૂત ગલુજી તથા ધરમપુરવાળા કુશળકુંવરબાઈ તથા પર્વતભાઈ તથા રાજબાઈ તથા જીવુબાઈ તથા લાડુબાઈ તથા મોટાં રામબાઈ તથા દાદોખાચર તથા માંચોભક્ત તથા મૂળજી બ્રહ્મચારી તથા ભુજવાળાં લાધીબાઈ ને માતાજી તથા મુક્તાનંદ સ્વામી તથા વાળાક દેશનો આહીર પટેલ સામત તથા ગામ માનકૂવાના મૂળજી તથા કૃષ્ણજી તથા વાળાક દેશમાં ગુંદાળી ગામના બે કાઠી હરિભક્ત ઇત્યાદિક જે સત્સંગી તેમણે ભગવાનને અર્થે ને સંતને અર્થે જે જે કર્યું તેને વિસ્તારીને કહેતા હવા. અને વળી એમ કહ્યું **જે જેને ભગવાનનો નિશ્ચય માહાત્મ્ય જ્ઞાને સહિત હોય તે ભગવાનના વચનમાં ફેર પાડે નહિ ને જેમ કહે તેમ કરે** તે ઉપર પોતાની વાત કરી જે, અમારો સ્વભાવ કેવો હતો તો ગોદોહન માત્ર એક સ્થાનકમાં રહેવાય પણ વધુ રહેવાય નહિ એવા ત્યાગી હતા ને વૈરાગ્ય અતિશે હતો, ને શ્રી રામાનંદ સ્વામી ઉપર હેત પણ અસાધારણ હતું તો પણ સ્વામીએ ભુજનગરથી કહાવી મોકલ્યું જે, **જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે,** એમ મયારામ ભટ્ટે આવીને કહ્યું ત્યારે અમે થાંભલાને બાથ લીધી. ત્યાર પછી તેમણે કહ્યું જે, મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહો. પછી અમે સ્વામીનાં દર્શન થયા મોર નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા, એવે લક્ષણે કરીને જેને સંતનો ને ભગવાનનો એવો નિશ્ચય હોય તેને નિશ્ચય જાણીએ. અને પછી સુંદરજી સુતાર ને ડોસા વાણિયાની વાત કરી. અને વળી જેને ભગવાનનો ને સંતનો એવો નિશ્ચય હોય તેને તેની કોરનો કેફ વર્તે એમ કહીને રાણા રાજગરની વાર્તા કરી અને પ્રહ્‌લાદની વાર્તા કરી જે, **પ્રહ્‌લાદ જે તે નૃસિંહજી પ્રત્યે બોલ્યા જે, હે મહારાજ ! હું આ**

**તમારા વિકરાળ રૂપથી નથી બીતો ને તમે જે મારી રક્ષા કરી તેને હું રક્ષા નથી માનતો ને તમે જ્યારે મારા ઇન્દ્રિયોરૂપ શત્રુના ગણ થકી રક્ષા કરશો ત્યારે હું રક્ષા માનીશ, માટે જે ભગવાનનો ભક્ત હોય તે દૈહિક રક્ષા ભગવાન કરે તેણે કરીને હર્ષ ન પામે ને રક્ષા ન કરે તેણે કરીને શોક ન કરે અને અલમસ્ત થકો ભગવાનને ભજે ને ભગવાન ને સંત તેનું માહાત્મ્ય બહુ જાણે તે ઉપર ગામ કઠલાલની ડોશીની વાત કરી. (૧) અને આવી રીતનો જે હરિભક્ત** ૧
**હોય તેનો દેહ પગ ઘસીને પડે, વાઘ ખાઈ જાય, સર્પ કરડે, શસ્ત્ર વાગે, પાણીમાં બૂડી જાય ઇત્યાદિક ગમે તેવી રીતે અપમૃત્યુએ કરીને દેહ પડે તો પણ એમ સમજે જે, ભગવાનના ભક્તની અવળી ગતિ થાય જ નહિ; એ તો ભગવાનના ધામને જ પામે અને ભગવાનથી વિમુખ હોય તેનો દેહ સુધી સારી પેઠે પડે ને ચંદનના લાકડામાં સંસ્કારે યુક્ત બળે તો પણ તે તો નિશ્ચે યમપુરીમાં જાય**. એ બેની વિક્તિ સારી પેઠે સમજે એ સર્વે પ્રકારની જેના હૃદયમાં દૃઢ ગાંઠ પડી હોય તેને ભગવાનનો ને સંતનો માહાત્મ્યે સહિત નિશ્ચય છે એમ જાણવું. **(૨)** ૨
અને **એવો નિશ્ચયવાળો જે હોય તે જરૂર બ્રહ્મમોહોલમાં જ પૂગે પણ બીજે ક્યાંઇ કોઈ ધામમાં ઓરો રહે નહિ. (૩)** ઇતિ વચનામૃતમ્ **॥૩॥ (૧૧૧)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારો તથા અમારા સંતનો એટલે મુક્તનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તે કુટુંબનો તથા લોકલાજનો, રાજ્યનો, સુખનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે અને અમારા વચનમાં ફેર પડવા દે નહિ અને દૈહિક સુખ-દુઃખમાં હર્ષ-શોક પામે નહિ **(૧)** અને એવો જે અમારો ભક્ત તેનો દેહ અપમૃત્યુએ કરીને પડે તો પણ એ ભક્ત અમારા ધામને જ પામે અને વિમુખ યમપુરીમાં જાય એમ સમજનારાને અમારો માહાત્મ્ય સહિત નિશ્ચય છે. **(૨)** અને એવા નિશ્ચયવાળો અમારા ધામને જ પામે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં જેને અમારો ને અમારા સંતનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તે કુટુંબ, લોકલાજ ને રાજ્યાદિકનો ત્યાગ કરે એમ કહીને શ્રીજીમહારાજે સર્વે હરિભક્તોનાં નામ કહ્યાં તેમણે શ્રીજીમહારાજને અર્થે શું શું કર્યું હશે તે કૃપા કરીને કહો?

૧ **ઉ૦** શ્રીજીમહારાજ અરેરા ગામમાં પધાર્યા હતા ત્યાંથી ગલુજીને કહાવી મોકલ્યું જે, ખાવા બેઠા હો તે પડ્યું મૂકીને ધન, ધાન્ય, માણસ, પશુ, સર્વસ્વ લઈને અહીં આવો. તે સાંભળીને પોતાનાં માતુશ્રી માંદાં હતાં તેમને મૂકીને બીજું બધું લઈને રાત્રિએ ગયા, એવા વચનમાં વર્તતા હતા અને તેમને ઘેર શ્રીજીમહારાજ સંતોએ સહિત પધાર્યા હતા અને પોતાની માતુશ્રીએ દેહત્યાગ કર્યો હતો તો પણ શ્રીજીમહારાજને વાજતેગાજતે ઘેર પધરાવીને બે દિવસ પ્રેમપૂર્વક સેવા કરી ને કોઈને તે વાત જણાવા દીધી નહિ અને શ્રીજીમહારાજને વળાવવા સીમાડા સુધી ગયા ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, હવે જાઓ; તમારું કામ કરો. પછી તે પાછા વળ્યા, એવા મહિમાવાળા હતા. **(પ્ર૦)** ગલુજી પાસે સર્વસ્વ મંગાવેલું તે શ્રીજીમહારાજે બધું રાખ્યું કે કેમ કર્યું? **(ઉ૦)** ગલુજીને ઘેર એ જ રાત્રિએ શત્રુ આવીને સર્વસ્વ લૂંટી જવાના હતા અને ગલુજીને તથા તેમના મનુષ્યોને મારી નાખવાના હતા એટલા સારુ શ્રીજીમહારાજે મંગાવ્યું હતું. તે શત્રુઓ રાત્રે ગલુજીને ઘેર આવીને પાછા ગયા અને સવારમાં શ્રીજીમહારાજે ગલુજીને સર્વસ્વ પાછું આપીને ડડુસર મોકલ્યા. એવી રીતે મહારાજે પોતાના દૃઢ નિશ્ચયવાળા ને વિશ્વાસવાળા ભક્તની રક્ષા કરી. **॥૧॥**

અને કુશળકુંવરબાઈએ શ્રીજીમહારાજને પોતાને ઘેર તેડીને રાજ્ય આપવા માંડ્યું ને શ્રીજીમહારાજની મૂર્તિને નખથી શિખા પર્યંત સમગ્ર અંગ નીરખીને અંતરમાં ઉતારી લીધી અને જેવા ધામમાં દિવ્ય તેજોમય મૂર્તિ છે તેવી દેખતાં હવાં ને દેહનું ભાન ભૂલી ગયાં ને મૂર્તિમાં જોડાઈ ગયાં ને પંદર દિવસે દેહ મૂકીને અક્ષરધામમાં ગયાં એવાં હતાં. **(પ્ર૦)** કુશળકુંવરબાઈને સત્સંગ શી રીતે થયો હતો અને તેમનો જન્મ કિયા ગામમાં હતો? **(ઉ૦)** એ પૂર્વજન્મમાં સંગ્રામજીત રાજાની બહેન રૂડબાઈ નામે હતાં. ત્યાં દિલ્હીનો બાદશાહ આવેલ તેણે સંગ્રામજીતને મારી નાખ્યો ને રૂડબાઈને લેઈ જવાનું કર્યું ત્યારે રૂડબાઈએ

એને સમજાવ્યો જે, મારે નામના કરવી છે પછી તે ગયો. અને રૂડબાઈએ અડાલજની વાવ્ય કરાવીને દેહ મેલ્યો અને તે ઓળક ગામમાં કુશળકુંવરબાઈ નામે થયાં. તેમણે પૂર્વજન્મમાં કરાવેલી વાવ્યમાં શ્રીજીમહારાજ ને સંતો નાહ્યા ને જળ પીધું ને તેના ઉપર દયા કરીને પરમચૈતન્યાનંદ સ્વામીને પ્રેરણા કરી, તે ધરમપુર જઈને એમની ધર્મશાળામાં ઊતર્યા. અને એમને નિયમ હતું જે, જે અતિથિ આવે તેને નિત્ય જમાડે અને મહિમા સમજીને ચરણસ્પર્શ કરવા રાત્રે આવતાં. તેમને પરમચૈતન્યાનંદ સ્વામીએ સ્પર્શ કરવા દીધો નહિ તેથી તેમને સ્વામીનો ગુણ આવ્યો ને સ્વામીએ શ્રીજીમહારાજના મહિમાની ને પ્રગટપણાની વાતો કહીને સત્સંગ કરાવ્યો હતો અને પરમચૈતન્યાનંદ સ્વામીને શ્રી મુક્તાનંદ સ્વામી ગઢડે તેડી ગયા પછી તેમણે શ્રીજીમહારાજને ધરમપુર તેડાવ્યા હતા. ॥૨॥

અને પર્વતભાઈ પોતાનો દીકરો કંઠપ્રાણ હતો તેને મૂકીને શ્રીજીમહારાજનાં દર્શન કરવા ચાલ્યા તે ગામને સીમાડે પહોંચ્યા એટલામાં દીકરો મરી ગયો ને મનુષ્ય તેડવા ગયું તો પણ પાછા વળ્યા નહિ ને ગઢડે ગયા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, દીકરો મરી ગયો ને પાછા કેમ વળ્યા નહિ ? ત્યારે પર્વતભાઈ બોલ્યા જે એમાં શું ? એ તો છાણમાં જીવડા પડે ને મરી જાય એવું છે એમ બોલ્યા. અને ત્યાં સાત દિવસ સુધી જમ્યા નહિ ને પાણી પણ પીધું નહિ . તેમને શ્રીજીમહારાજે કહ્યું જે, તમે કયાં જમો છો ? ત્યારે બોલ્યા જે, આપનાં દર્શન કરું છું તેમાં બધું આવી જાય છે અને જે દાણાં પાકે તે બધા શ્રીજીમહારાજના સદાવ્રતમાં આપી દેતા તેમને શ્રીજીમહારાજે કહ્યું જે થોડાક દાણા છોકરાને ખાવા સારુ રાખતા હો તો સારું. ત્યારે કહ્યું જે કણબીનાં છોકરાં તો જેમ કૂકડાનાં બચ્ચાં ઉકરડામાંથી દાણા ખોતરી ખાય તેમ પૃથ્વીમાંથી પેદા કરી ખાય માટે એવી ચિંતા શું કરવા રાખવી પડે એમ બોલ્યા અને શ્રીજીમહારાજે સંતોને ખટરસના વર્તમાન આપ્યા ત્યારે પર્વતભાઈ તથા તેમના ઘરનાં સર્વે માણસોએ પણ તે વ્રત રાખ્યાં હતાં એવો મહિમા સંતોનો જાણતા. ઈત્યાદિક ઘણી વાતો છે તે લખે પાર આવે તેમ નથી. પર્વતભાઈ તો બહુ સમર્થ હતા અને શ્રીજીમહારાજે પણ એમને ઘેર બહુ લીલાઓ કરીને ઘણાંક સુખ આપ્યાં છે. **(પ્ર૦)** પર્વતભાઈમાં શી સામર્થી હતી અને શ્રીજીમહારાજે એમને ઘેર શી શી લીલાઓ કરી હતી તે કહો ? **(ઉ૦)** શ્રીજીમહારાજ સર્વે સંતોને તથા કાઠીઓને લઈને ગઢડેથી ચાલ્યા તે ફરતા ફરતા અગત્રાઈ આવ્યા ત્યાં તાપ ગાળવા એક ઝાડ તળે ઊતર્યા, ત્યાં હરિજનોએ ખાટલો લાવીને પાથર્યો તે ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન થયા અને સંત ને હરિજનો ખેતરમાં પાથર્યા વિના એમ ને એમ બેસી ગયા તે વખતે શ્રીજીમહારાજ બોલ્યા જે, મારો વ્હાલીડો કેમ ન આવ્યો ? એમ બેચાર વાર બોલ્યા, એટલાકમાં પર્વતભાઈ કપાસની સાંઠીઓ ખોદીને આવ્યા ને ખભેથી કોદાળી નાખી દઈને દંડવત્ કરવા મંડ્યા. ત્યારે શ્રીજીમહારાજ ઊભા થઈને બોલ્યા જે, મારો વ્હાલીડો આવ્યો, એમ બેચાર ફેરા બોલીને મળ્યા ને પોતાની પાસે મશરુની ગાદી નાખીને બેસાર્યા. ત્યારે સર્વે સંત હરિજનોને સંશય થયો જે આપણે સર્વ પૃથ્વી ઉપર બેઠા છીએ અને આ કણબીને શ્રીજીમહારાજે ગાદી ઉપર બેસાર્યા એ ઠીક ન કર્યું. પછી સાંજ વખતે ત્યાંથી ચાલ્યા તે બીજે ગામ ગયા પછી ફરતા ફરતા જ્યારે પાછા આવ્યા ત્યારે પણ એ ઠેકાણે આવ્યા ને બપોર થયા એટલે ત્યાં જ ઊતર્યા. એવામાં પર્વતભાઈ આવ્યા તેમને કેડે કરોડો વિમાન આવ્યાં તે જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે પર્વતભાઈ, આ લશ્કર ક્યાં ફેરવો છો ? ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, એ તો માગણ છે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ક્યાંથી આવેલા છે ? ત્યારે પર્વતભાઈએ કહ્યું જે, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી ને અક્ષરકોટી એ સર્વે નિત્ય મારી કેડે ફરે છે ને આત્યંતિક કલ્યાણ માગે છે તેમને આપના ધામમાં મોકલું છું. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, આમને ધામમાં મોકલો તે અમે જોઈએ. પછી પર્વતભાઈ એમના સામું જોઈને બોલ્યા જે, ''જાઓ અક્ષરધામમાં'' એટલે બધાં વિમાન જતાં રહ્યાં તે જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા ને સંશય ટળી ગયો. અને એક સમે શ્રીજીમહારાજના દર્શન કરવા સારુ ગઢડે ગયા ને પોતાના ખેતરમાં ઘઉં પાકેલા હતા તે એક મુસલમાનને સોંપી ગયા હતા, તે મુસલમાને રાત્રે ઘઉં કાપવા માંડ્યાં તેને પર્વતભાઈએ સોટીઓ મારી તે દાતરડું ને ઘઉં મૂકીને જતો રહ્યો. પછી જ્યારે પર્વતભાઈ દર્શન કરીને આવ્યા ત્યારે એ મિયાંને કહ્યું જે તને સોટીઓ અમે મારી હતી. ત્યારે તે સિપાઈ અતિ આશ્ચર્ય પામીને પ્રાર્થના કરતો હવો. ઈત્યાદિક ઘણીક વાતો છે. હવે શ્રીજીમહારાજે એમને ઘેર લીલા કરી છે તેમાંથી કિંચિત્ કહીએ છીએ :- પર્વતભાઈએ પોતાના દીકરા મેઘજીભાઈનો વિવાહ કર્યો ત્યારે ગઢડેથી શ્રીજીમહારાજને તથા સંતહરિજનો-બાઈ-ભાઈને અગત્રાઈ તેડી લાવ્યા ને શ્રીજીમહારાજને ઢોલિયો પાથરી આપ્યો તે ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન થયા. અને પર્વતભાઈ પણ શ્રીજીમહારાજના ઢોલિયા પાસે બેસી ગયા પણ કોઈની સંભાવના રાખી નહિ ત્યારે કાઠીએ શ્રીજીમહારાજને કહ્યું જે, તમે તો પર્વતભાઈને બહુ વખાણતા હતા પણ હજુ સુધી અમારી ખબર લેતા નથી. ત્યારે શ્રીજીમહારાજે પર્વતભાઈને કહ્યું જે,

કેમ આ સર્વની ખબર લેતા નથી ? ત્યારે પર્વતભાઈ બોલ્યા જે, મહારાજ ! હું તો ગુમાસ્તો છું અને ધણી તો આપ છો, માટે હવે મારે શા ઉચાટ ? પછી શ્રીજીમહારાજે સંતો પાસે રસોઈ કરાવીને અખંડ ધારે ઘી પીરસવા માંડ્યું તે જોઈને પર્વતભાઈ બહુ રાજી થયા ને બોલ્યા જે, મને ન્યાલ કર્યો માટે પર્વતભાઈએ ''ન્યાલકરણ બાપો'' એવું શ્રીજીમહારાજનું નામ પાડ્યું પણ ઘી બગાડ્યું એવો સંશય થયો નહિ. તે જોઈને કાઠી તથા સર્વે સંતો આશ્ચર્ય પામ્યા ને બોલ્યા જે, પર્વતભાઈના જેવી આપણી સમજણ થઈ નથી. પછી સર્વે જમી રહ્યા ને સર્વ સીધાનાં વાસણ ઊંધાં વાળી મૂક્યાં તે બધાં સવારે જુએ ત્યારે સવળાં દીઠાં અને ઘી,ગોળ આદિક સર્વે સામાન ભરેલો જોઈને આશ્ચર્ય પામ્યા, એવી રીતે નિત્ય ખાલી થાય ને નિત્ય ભરાઈ જાય એમ સોળ દિવસ સુધી સર્વે જમ્યા અને સોનેરી સાજે રોઝો ઘોડો શણગારીને રાત્રિએ વરઘોડો ફેરવીને મેઘજીભાઈને પરણાવીને ઘેર આવ્યા અને સવારે શ્રીજીમહારાજે બોલ્યા જે, અમારી આંખ્યમાં કણું પડ્યું છે તે કોઈ કાઢે એવું છે ? પછી મેઘજીભાઈની પત્નીએ જીભે કરીને કાઢ્યું તેને શ્રીજીમહારાજે વર દીધો જે, અમો તમને આ જન્મે જ અમારા અક્ષરધામમાં અખંડ અમારી સેવામાં રાખીશું, એવી અનંત લીલાઓ કરીને સુખ આપ્યાં છે તેનો લખે પાર આવે તેમ નથી. **॥૩॥**

અને શ્રીજીમહારાજે અનંત જીવોના ઉદ્ધાર કરવાને અર્થે આંહીં પ્રગટ મનુષ્યરૂપે દેખાવાનો સંકલ્પ કર્યો ત્યારે ઘણાક મુક્તોને આજ્ઞા કરી જે, તમે સર્વે કોઈક સ્ત્રીરૂપે ને કોઈક પુરુષરૂપે દેખાઈને જીવનો ઉદ્ધાર કરો. તે આજ્ઞા મુક્તોએ માથે ચડાવી ને તે પ્રમાણે જુદા જુદા વર્ણમાં દર્શન આપ્યાં ને જીવુબા, લાડુબા ને રાજબાઈને કહ્યું જે, તમે કાઠીની જાત્યમાં સ્ત્રીરૂપે દેખાઓ. ત્યારે તેમણે મહારાજની પ્રાર્થના કરી જે, હે મહારાજ ! અમે સ્ત્રી આકારે દેખાઈએ તો એ લોકની રીતિ પ્રમાણે સભામાં આપની પાસે સંત તથા પુરુષો બેઠા હોય ત્યાં અમારાથી બેસાય નહિ અને તમે જે વાર્તાઓ કરો અને પ્રશ્ન-ઉત્તર થાય તે અમારા સાંભળ્યામાં આવે નહિ અને અમારાં માબાપ અમને જીવ સાથે પરણાવે તે અમારે મોટું લાંછન આવે અને વળી આપ દેશ-વિદેશ વિચરો ત્યાં અમારાથી સાથે અવાય નહિ અને તમે જે જે લીલા કરો તે અમારા જોયામાં આવે નહિ, માટે અમે સ્ત્રી આકારે દેખાવામાં ખુશી નથી. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, મર્ત્યલોકમાં તમે ને અમે ભેળાં એક સ્થાનમાં રહીશું અને તમને નિરાવરણ રાખશું તે અમારી સર્વ લીલા ઘેર બેઠા થકા દેખશો અને તમને પુરુષનો સ્પર્શ થવા નહિ દઈએ. પછી તેમણે તે આજ્ઞા માથે ચડાવી ને સ્ત્રી આકારે દેખાયાં અને મહારાજ પણ એમને ઘેર રહેતા હવા. અને રાજબાઈને એમનાં માબાપે પરાણે પરણાવવાનું કર્યું ને ખાંડું મોકલ્યું ત્યાં રાજબાઈનું સ્વરૂપ સિંહના જેવું દેખીને પાછાં વાળી મૂક્યાં, પછી એમણે સર્વ સંબંધીનો તથા દેહનો અનાદર કરીને શ્રીજીમહારાજની પ્રસન્નતાનાં સાધન ઘણાં કર્યાં. **॥૪॥**

અને જીવુબાનું પણ કુંડળમાં રાઈબાઈના દીકરા મામૈયા પટગર સાથે સગપણ કર્યું હતું. પછી જીવુબાએ રાઈબાઈને કહ્યું કે મારે તો વ્યવહાર કરવો નથી; ભગવાન ભજવા છે. પછી રાઈબાઈએ રાજી થઈને રજા આપી ને ગઢડે મોકલી દીધાં. અને લાડુબાઈનું ખાંડું એમને સાસરે જતું હતું તે ગામમાં ધાડું પડ્યું તેની કેડે વાર ચડી હતી. તેમાં જેની સાથે લાડુબાઈનું સગપણું કર્યું હતું તે વારે ગયેલ તે મરાણો. પછી લાડુબાઈ ગઢડે આવતાં રહ્યાં, એવી રીતે એ ત્રણેની શ્રીજીમહારાજે રક્ષા કરી અને એ ત્રણેએ શ્રીજીમહારાજના ભેળાં રહીને શ્રીજીમહારાજની પ્રસન્નતાનાં સાધન કર્યાં. **॥૫॥**

અને મોટા રામબાઈ વાળાના-જેતપુરના હતાં. તેમને પિયરિયાંએ તથા સાસરિયાંએ વ્યવહાર કરાવવા બહુ ઉપાધિ કરી. પછી ભાદર નદીના ધરાના કાંઠા ઉપર રાત્રિએ પોતાનાં વસ્ત્ર મૂકીને ચાલી નીસર્યાં તે શ્રીજીમહારાજની પાસે ગઢડે જઈને ત્યાગી થઈને રહ્યાં. **॥૬॥**

અને દાદાખાચરે પોતાનું સર્વસ્વ શ્રીજીમહારાજને અર્પણ કર્યું ને જેમ શ્રીજીમહારાજ કહે તેમ કરતા પણ કોઈ પ્રકારનો સંશય કરતા નહિ. એમની વાતો તો અપાર છે તે ઘણે ઠેકાણે લખી છે. **॥૭॥**

અને માંચો ભક્ત પ્રથમ માર્ગીના પંથમાં હતા પણ બ્રહ્મચર્યવ્રતમાં કુશળ હતા. અને એક કીમિયાવાળો પોતાને ઘેર આવીને ઊતર્યો હતો તેણે તાંબાનું રૂપું કરી બતાવ્યું તેને લાકડી લઈને ગામ બહાર કાઢી મૂક્યો પણ રૂપામાં લોભાયા નહિ અને જ્યારે શ્રીજીમહારાજ મળ્યા ત્યારે એકાંતિક ભક્ત થયા. તે મહારાજને દર્શને ગયા ત્યારે પોતાનો પાંચસો વીઘા કપાસ હતો તે સાંભરશે એમ જાણીને ભેળાવી દીધો. **॥૮॥**

અને મૂળજી બ્રહ્મચારી મખિયાવ ગામના બ્રાહ્મણ હતા. તે યજમાનની દીકરીને તેડવા ગયા હતા, તેને તેડીને આવતાં માર્ગમાં એક ગામમાં રાત રહ્યા ત્યાં એ બાઈની નજર ખોટી દેખવામાં આવી, તેથી તેને ત્યાં ને ત્યાં પડી મૂકીને ચાલી નીસર્યા

ને શ્રીજીમહારાજ પાસે આવીને બ્રહ્મચારી થયા એવા નિષ્કામી હતા તેમને શ્રીજીમહારાજે જોડા પહેરવાની અને ઘી-ગોળ જમવાની બંધી કરી અને પોતાની સેવામાંથી પણ કાઢી મૂક્યા તો પણ શ્રીજીમહારાજને વિષે જેવી પ્રીતિ ને દિવ્યભાવ હતો ને જેવી દ્રઢતા હતી તેવી ને તેવી જ રહી પણ તેમાં ફેર પડ્યો નહિ, એવી રીતે શ્રીજીમહારાજે ઘણીક પરીક્ષા લીધી તો પણ બ્રહ્મચારી ડગ્યા નહિ એવા પરિપક્વ નિશ્ચયવાળા હતા, એવી એમની કેટલીક વાર્તાઓ છે. ॥૯॥

અને લાધીબા ભુજનાં કાયસ્થ હતાં અને ભુજમાં ભોગીલાલભાઈ હતાં તેનાં સંબંધી હતાં અને સ્વતંત્ર સમાધિનિષ્ઠ હતાં ને શ્રીજીમહારાજની મૂર્તિને દિવ્ય તેજોમય તેજના સમૂહને વિષે દેખતાં. તેમને એક ખેતરમાંથી કચ્છી બાર મણ મઠ આવતા, તેમાંથી નિર્વાહ ચલાવતા તેમને શ્રીજીમહારાજે કહાવી મોકલ્યું જે, તમારી પાસે માતાજીને મોકલ્યાં છે તેમનું પોષણ કરજ્યો ત્યારે રાજી થયાં પણ શી રીતે પોષણ કરીશ એવો સંકલ્પ પણ થયો નહિ, એવો શ્રીજીમહારાજના વચનમાં વિશ્વાસ હતો. ઈત્યાદિક ઘણી વાતો છે. ॥૧૦॥

અને માતાજી મારવાડમાં એક મહાન રાજાનાં રાણી હતાં. તેમની કુંવરીનો વિવાહ હતો ત્યાં જાન આવી હતી તેમાં ઈડર તથા માણસા આદિકના રાજાની રાણીઓ ગયાં હતાં તે રાણીઓના મુખ થકી વાત સાંભળી જે, સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે તેથી પોતાના મનમાં વિચાર થયો જે, ભગવાન પ્રગટ થયા ને હું રહી જઈશ તો મારું કલ્યાણ નહિ થાય, એમ જાણીને રાત્રિએ બારીએ દોરડું બાંધીને ઊતરીને ચાલી નીસર્યા; તેમને ખોળ્યાં પણ જડ્યાં નહિ. તેથી રાણાએ ચારે દિશે અસવાર મોકલ્યા તે ઘોડાના ડાબલા વાગતા સાંભળીને એક મરેલા ઊંટના ખોખામાં પેસી ગયાં ને અસવાર પાછા વળ્યા ત્યારે નીસરીને ચાલ્યાં. તે વાટ્યમાં વણઝારાની પોઠ્ય સાથે વીસનગરના તળાવમાં ઊતર્યાં, ત્યાં રાત્રિના છેલ્લા પહોરે બાઈઓ ગામમાંથી નાહવા આવ્યાં તેમનો સ્વામિનારાયણ સ્વામિનારાયણ એવો શબ્દ સાંભળીને તેમની પાસે આવીને સર્વે હકીકત કહી, પછી તે બાઈઓ ગામમાં લઈ ગયાં, પછી શ્રીજીમહારાજ પાસે ગઢડે આવ્યાં. તેમને મહારાજે માતાજી નામ ધરાવીને લાધીબાઈ પાસે ભૂજ મોકલ્યાં ત્યાં રહીને લાધીબાની સેવા કરીને લાધીબાને દેહ મૂકવો હતો તે દિવસે માતાજીને કહ્યું કે મારે આજ ધામમાં જવું છે પછી માતાજી ઉદાસ થઈ ગયાં ને બોલ્યાં જે, મને સાથે લઈ જાઓ. પછી તેમને દેહ મુકાવીને પછી સ્વતંત્રપણે પોતે દેહોચ્છવ કરીને ધામમાં ગયાં. ॥૧૧॥

અને મુક્તાનંદ સ્વામીએ બેચાર ગુરુ કર્યા પણ ગુરુને વિષે નિષ્કામી વર્તમાનમાં ખામી દેખીને પડ્યા મૂક્યા ને રામાનંદ સ્વામી તથા તેમના સાધુને દ્રઢ નિષ્કામી દેખીને ત્યાં રહ્યા અને મન-કર્મ-વચને દાસ થઈને સેવા કરી પણ ગુરુમાં ને અધિકારમાં ને મિલકતમાં બંધાયા નહિ અને શ્રીજીમહારાજ રાત્રિને દિવસ કહે ને રૂમાલને તરવાર કહે તો પણ જીવમાંથી હા પાડે પણ સંશય થતો નહિ. ॥૧૨॥

અને સામત પટેલ એના દીકરાની સ્ત્રીને તેડવા ગયા હતા. તેણે મેણું દીધું જે, તારા દીકરાને તો ખપ નથી ને જો તારે ખપ હોય તો તું લઈ જા. તે સાંભળીને વિચાર કર્યો જે હું સ્વામિનારાયણનો ભક્ત છું ને મને મેણું આપ્યું માટે ઈન્દ્રિય ન રાખવી, એમ વિચારીને ભસ્મ કરી નાખી. ॥૧૩॥

અને મૂળજી તથા કૃષ્ણજી કચ્છ દેશમાં ગામ માનકૂવાના હતા. તે શ્રીજીમહારાજ પાસે ત્યાગી થવા ગયા હતા તેમને મહારાજે ત્યાગી ન કર્યા ને પાછા વાળી મૂક્યા. પછી તેમણે પોતે ભગવાં લૂગડાં પહેરીને ગામમાં ઝોળી માગવા માંડી. પછી તેમના સંબંધીએ રજા આપી એટલે ગઢડે આવ્યા. તેમને શ્રીજીમહારાજે વિમુખ કરીને કાઢી મૂક્યા તો પણ વિમુખપણાની માનીનતા રાખી નહિ અને ઘેલા નદીના કાંઠે દેરીમાં જઈને કીર્તન બોલવા માંડ્યા, પછી શ્રીજીમહારાજે તેડાવીને ભેળા રાખ્યા. **(પ્ર૦)** બેમાંથી ભસ્મ કોણે કર્યું હતું ? **(ઉ૦)** કૃષ્ણજીએ કર્યું હતું, તેમનું ઘનશ્યામાનંદ સ્વામી નામ હતું ને મૂળજીનું સર્વજ્ઞાનંદ સ્વામી નામ હતું. ॥૧૪॥

અને ગુંદાળી ગામના બે કાઠી હરિભક્તને ઘેર સાધુ આવ્યા તેમને એ કાઠીની માએ રસોઈ કરાવા માંડી તેની ગામના ઘરડેરા કાઠીને ખબર પડી. તેણે સાધુને રસોઈ કરવા દીધી નહિ ને કાઢી મૂક્યા તે ઘરડેરા કાઠીને મારી નાખ્યો ને પોતે પણ મરાણા એવો પક્ષ રાખ્યો. ॥૧૫॥

અને સુંદરજી સુતાર કચ્છ-ભુજના હતા. તેમણે શ્રીજીમહારાજની ઘણી સેવા કરી હતી અને શ્રીજીમહારાજ એમને ઘરે બહુ રહ્યા હતા તે શ્રીજીમહારાજની કૃપાથી દિવ્ય દ્રષ્ટિ પામેલા હતા ને જાનમાં ગયા હતા તેમને શ્રીજીમહારાજે વસ્ત્ર,

ઘરેણાં, થોભ્મા ઉતરાવીને કૌપીન વળાવીને તુંબડી આપીને કાશીએ મોકલ્યા તો પણ એમ ન કહ્યું જે હું જાન વળાવીને પછી જાઉં ને મનમાં સંકલ્પ પણ થયો નહિ, એ મહિમા વિના થાય નહિ. ॥૧૬॥

અને ગામ બંધિયાના ડોસા વાણિયાનું ધન કૂવામાં નાખી દેવરાવ્યું ને કૌપીન પહેરાવીને તુંબડી લઈને કાશીએ મોકલ્યા. તે વડોદરે જાતાં શ્રી મુક્તાનંદ સ્વામી મળ્યા તેણે પાછા વાળ્યા ને શ્રીજીમહારાજ પાસે મોકલ્યા તે શ્રીજીમહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે ઘેર જાઓ ને ઘરનું માણસ ઘરમાં હોય ત્યારે તમારે બહાર રહેવું અને એ બહાર નીકળે ત્યારે તમારે ઘરમાં જવું ને જો બેય સાથે ઘરમાં જાઓ તો ઉપવાસ કરવો એમ આજ્ઞા કરી તે દેહ પર્યંત પાળી. ॥૧૭॥

અને રાણો, રાઘવ, વશરામ ને ભીમ એ ચાર ભાઈ ગોલીડા ગામના રાજગર બ્રાહ્મણ હતા. તે ગામમાં યમ પેઠા તેને દેખીને તેમણે કહ્યું કે અમારા ગામમાં પેસશો નહિ. પછી યમ સામા થયા જે તમારાં ઘર સાચવો પણ ગામમાં તો તમારા રોક્યા નહિ રહીએ, પછી તેમને લડાઈ થઈ તે યમને મારીને કાઢી મૂક્યા એવા સમર્થ હતા. તે ભીમ દેહ મૂકી ગયા. ને વશરામ ને રાઘવ બે સાધુ થયા. ને રાણે દેહ મૂકતી વખતે એની માતુશ્રીને કહ્યું જે, મારા બારમાને બીજે દિવસે તને તેડી જઈશ. તે પ્રમાણે તેડી ગયા. ॥૧૮॥

અને કઠલાલની ડોસી કસળબા હતાં તેમણે શ્રીજીમહારાજનો અંગૂઠો પાણીના ઘડામાં બોળાવીને તે પાણી ગામના કૂવામાં નાખ્યું, જે ગામના લોકો પાણી પીશે તે બધાનું કલ્યાણ થાશે એવો તેમને શ્રીજીમહારાજનો મહિમા હતો. ॥૧૯॥

અને પ્રહ્‌લાદજીની વાત તો આ વચનમૃતમાં લખેલી છે.

૨ **પ્ર૦** અમને રામાનંદ સ્વામીએ કહી મોકલ્યું જે સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે એમ શ્રીજીમહારાજે કહ્યું તેનું સિદ્ધાંત શું સમજવું ?

૨ **ઉ૦** રામાનંદસ્વામીએ શ્રીજીમહારાજને એમ કહ્યું જે તમે સાક્ષાત્ ભગવાન છો ને જીવોના કલ્યાણ કરવા મનુષ્યરૂપે પ્રગટ થયા છો તે તમારા આગળ તો સર્વે થાંભલા જેવા એટલે માયિક ને અસમર્થ છે તો પણ તમે જીવોના કલ્યાણ કરવા પધાર્યા છો તેથી આ લોકના મનુષ્ય ભેળું રહેવું પડશે અને મુક્તાનંદ સ્વામી આદિક મુક્તોને ભેળા લાવ્યા છો તે મુક્તોની આજ્ઞામાં રહેજો એટલે મુક્તો જેવા તેવા પામર ને અધમ જીવોનો ઉદ્ધાર કરવાનું કહે તે કરજ્યો ને કરવા દેજ્યો એમ કહ્યું છે. ॥૩॥ (૧૧૧)

## વચનામૃત લોયાનું - ૪

❖સંવત ૧૮૭૭ના કાર્તિક વદિ ૧૪ ચૌદશને દિવસ પહોર એક દિવસ ચઢતે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં વિરાજમાન હતા અને ધોળો સુરવાળ પહેર્યો હતો અને ધોળી છીંટની ડગલી પહેરી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી અખંડાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** અનંતકોટી બ્રહ્માંડ છે તે બ્રહ્માંડોને વિષે જેવી **આ બ્રહ્માંડમાં વર્તમાનકાળે ભગવાનની મૂર્તિ છે** તેવી ને તેવી જ છે કે અંશ કળાએ કરીને છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ બિલોરી કાચનું એક મોટું મંદિર હોય ને તેને દશે દિશે અનંત બિલોરી કાચની નાની ઓરડીઓ હોય પછી મધ્યનું જે કાચનું મંદિર તેમાં એક પુરુષ ઊભો હોય તે એક ઠેકાણે રહ્યો થકો સર્વે બીજી ઓરડીઓમાં ભાસે તેમ ભગવાન પોતે પોતાના અક્ષરધામને વિષે સદા વિરાજમાન છે અને **મૂળ માયામાંથી ઊપજ્યા જે અનંતકોટી પ્રધાનપુરુષ** તે થકી અનંતકોટી બ્રહ્માંડ ઊપજે છે પછી તે ભગવાન

પોતાના અક્ષરધામમાં એક ઠેકાણે રહ્યા થકા પોતાની ઈચ્છાએ કરીને અનંતકોટી બ્રહ્માંડને વિષે
અનંતરૂપે દેખાય છે. **(૧)** ૧

૨ પછી વળી અખંડાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** શ્રીકૃષ્ણનારાયણ તો સદા મનુષ્યાકૃતિ છે ને તે ભગવાનનું સ્વરૂપ સર્વે કાળે સત્ય છે અને તે જ ભગાવન ક્યારેક મચ્છ, કચ્છ, વરાહ, નૃસિંહાદિક અનંતરૂપે કરીને ભાસે છે તે કેમ સમજવું ? અને વળી બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે કલ્યાણની રીતિ તથા ભગવાનની મૂર્તિ એકસરખી છે કે જુદી જુદી છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનની મૂર્તિ તો સદા એકસરખી છે, તો પણ ભગવાન પોતાની મૂર્તિને જ્યાં જેવી દેખાડવી જોઈએ ત્યાં તેવી પોતાની ઈચ્છાએ કરીને દેખાડે છે અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેટલો પ્રકાશ કરે છે અને પોતે તો સદા દ્વિભુજ છે તો પણ પોતાની ઈચ્છાએ કરીને ક્યાંય ચાર ભુજ, ક્યાંય અષ્ટ ભુજ, ક્યાંય અનંત ભુજને દેખાડે છે તથા મચ્છ-કચ્છાદિક રૂપે કરીને ભાસે છે, એવી રીતે જ્યાં જેવું ઘટે ત્યાં તેવું રૂપ પ્રકાશે
છે અને પોતે તો સદા એક રૂપે જ વિરાજમાન રહે છે. **(૨)** અને વળી એક ઠેકાણે રહ્યા થકા ૨
અનંતકોટી બ્રહ્માંડને વિષે અંતર્યામીરૂપે વ્યાપીને રહે છે, જેમ વ્યાસજી એક હતા તે શુકજીને સાદ કર્યો ત્યારે સ્થાવર-જંગમ સર્વે જીવમાં રહીને સાદ કર્યો અને શુકજીએ હુંકારો દીધો ત્યારે પણ સ્થાવર-જંગમ સૃષ્ટિમાં રહીને હુંકારો દીધો, એવી રીતે શુકજી જેવા મોટા સિદ્ધ હોય તે પણ સર્વે જગતમાં વ્યાપવાને સમર્થ થાય છે તે તો ભગવાનના ભજનના પ્રતાપે કરીને એવી યોગકળાને પામ્યા છે તો પોતે ભગવાન પુરુષોત્તમ તે તો યોગેશ્વર છે ને સર્વ યોગકળાના નિધિ છે તે એક ઠેકાણે રહ્યા થકા અનંતકોટી બ્રહ્માંડમાં પોતાની ઈચ્છાએ કરીને જ્યાં જેમ ઘટે ત્યાં તેમ ભાસે છે તેમાં શું કહેવું ? અને એ ભગવાનમાં એમ હોય તેનું શું આશ્ચર્ય છે ? કેમ જે કોઈક ગોડિયો હોય તે તુચ્છ માયાને જાણે છે તેમાં પણ લોકોને કેવું આશ્ચર્ય થાય છે ને તેની યથાર્થ ખબર પડતી નથી તો ભગવાનમાં તો સર્વ યોગકળાઓ રહી છે તે
મહાઆશ્ચર્યરૂપ છે તેને જીવ કેમ જાણી શકે ! **(૩)** માટે ભાગવતમાં કહ્યું છે જે આટલા ૩
ભગવાનની માયાને તર્યા છે અને વળી એમ કહ્યું જે, કોઈ ભગવાનની માયાના બળને પાર પામ્યા નથી તેણે કરીને એમ જાણવું જે, એ ભગવાનની યોગકળામાં બ્રહ્માદિક જેવાને કુતર્ક થાય તો એ ભગવાનની માયાના બળના પારને ન પામ્યા કહેવાય. તે કુતર્ક તે શું, તો જે એ ભગવાન તે કેમ એમ કરતા હશે ? અને ભગવાનને એમ સમજે જે, એ તો સમર્થ છે તે જેમ કરતા હશે તે ઠીક કરતા હશે, એવી રીતે ભગવાનને નિર્દોષ સમજે તો માયાને તર્યા
કહેવાય. **(૪)** અને કલ્યાણની રીત તો એકસરખી છે પણ ભજનારા જે પુરુષ તેને વિષે ઉત્તમ, ૪
મધ્યમ ને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના ભેદ છે ને તેમની શ્રદ્ધા અનંત પ્રકારની છે તેને યોગે કરીને કલ્યાણના માર્ગમાં પણ અનંત ભેદ થયા છે અને **વસ્તુગતે તો કલ્યાણનો માર્ગ એક છે અને**
**ભગવાનનું સ્વરૂપ પણ એક જ છે.** **(૫)** ને તે ભગવાન અતિ સમર્થ છે ને તે જેવો થવાને ૫

કાજે અક્ષરપર્યંત કોઈ સમર્થ થાતો નથી એ સિદ્ધાંત છે. (૬) પછી મુક્તાનંદ સ્વામીએ ૬
શ્રીજીમહારાજને કહ્યું જે ઝીણોભાઈ તો આજ બહુ દિલગીર થયા અને એમ બોલ્યા જે, જ્યારે મહારાજ અમારે ઘેર આવ્યા નહિ ત્યારે અમારે પણ ઘરમાં રહ્યાનું શું કામ છે ? એ વાત સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, મૂંઝાઈ ને રીસે કરીને જે પ્રેમ કરે તે પ્રેમ અંતે નભવાનો નહિ અને રીસવાળાની ભક્તિ તથા પ્રેમ એ સર્વે અંતે ખોટાં થઈ જાય છે, માટે મૂંઝાઈને ઝાખું મુખ કરવું તે તો અતિ મોટી ખોટ્ય છે.

૩ પછી ઝીણેભાઈએ પૂછ્યું જે, (૩) ભગવાન ને ભગવાનના સંત તે પોતાને ઘેર આવે ત્યારે મુખ પ્રફુલ્લિત થયું જોઈએ અને જ્યારે ભગવાન ને સંત ન આવે ત્યારે તો મુખ ઝાંખું થયું જોઈએ અને હૈયામાં શોક પણ થયો જોઈએ, પછી એ વાર્તા સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાન ને સંત તે આવે ત્યારે રાજી થાવું પણ શોક તો ક્યારેય પણ કરવો નહિ અને જો શોક કર્યાનો સ્વભાવ હોય તો અંતે જરૂર કાંઈક ભૂંડું થયા વિના રહે નહિ, માટે પોતપોતાના ધર્મમાં રહીને જે રીતની ભગવાનની આજ્ઞા હોય તેને રાજી થકા પાળવી પણ પોતાનું ગમતું કરવા સારુ કોઈ રીતે મૂંઝાવું નહિ અને ભગવાન ક્યાંઈક જાવાની આજ્ઞા કરે ને જો શોક કરીને મૂંઝાય તો પ્રથમ જે ભગવાને દર્શન આપ્યાં હોય તથા પ્રસાદ આપ્યો હોય તથા અનંત પ્રકારની જ્ઞાનવાર્તા કરી હોય ઈત્યાદિક ક્રિયાએ કરીને જે પોતાને સુખ પ્રાપ્ત થયું હોય તે જાતું રહે અને મૂંઝવણે કરીને બુદ્ધિમાં એકલો તમોગુણ છાઈ જાય તેણે કરીને કેવળ દુ:ખિયો થકો જ જ્યાં મૂકે ત્યાં જાય પછી એ મૂંઝવણે કરીને આજ્ઞા પણ યથાર્થ પળે નહિ, માટે ભગવાનના ભક્તને તો સદા અતિ પ્રસન્ન રહેવું અને પ્રસન્ન મને કરીને ભગવાનનું ભજન કરવું પણ ગમે તેવો ભૂંડો દેશકાળ હોય તો પણ હૈયામાં લેશમાત્ર મૂંઝવણ આવવા
દેવી નહિ. (૭) ઈતિ વચનામૃતમ્ ॥૪॥ (૧૧૨) ૭

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન (૩) છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમે અમારા ધામને વિષે રહ્યા થકા અમારી ઈચ્છાએ કરીને અનંતકોટી બ્રહ્માંડને વિષે અનંતરૂપે દર્શન આપીએ છીએ. (૧) બીજામાં અમારી મૂર્તિ સદાય એક સરખી છે પણ જ્યાં જેવી દેખાડી જોઈએ ત્યાં તેવી અમારી ઈચ્છાએ કરીને દેખાડીએ છીએ અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેટલો પ્રકાશ કરીએ છીએ અને સદાય દ્વિભુજ છીએ તો પણ અમારી ઈચ્છાએ કરીને ક્યાંક ચતુર્ભુજ, અષ્ટભુજ, અનંત ભુજને દેખાડીએ છીએ તથા મચ્છ-કચ્છાદિકરૂપે દેખાઈએ છીએ. (૨) અને અનંતકોટી બ્રહ્માંડને વિષે અમે અંતર્યામીરૂપે વ્યાપીને રહ્યા છીએ. (૩) અને અમને નિર્દોષ સમજે તે માયાને તર્યા કહેવાય. (૪) અને કલ્યાણની રીત એકસરખી છે પણ ભજનારા પુરુષના ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ ભેદ છે ને તેમની શ્રદ્ધા અનંત પ્રકારની છે તેને યોગે કરીને કલ્યાણના માર્ગમાં પણ અનંત ભેદ થાય છે. (૫) અને અમારા જેવો થાવાને અક્ષરપર્યંત કોઈ સમર્થ નથી. (૬) ત્રીજામાં અમારી પાસે તથા અમારા સંતની પાસે પોતાનું ધાર્યું ન કરાવવું અને ભૂંડા દેશકાળાદિકમાં મૂંઝાવું નહિ. (૭) બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં બિલોરી કાચના મધ્યના મંદિરમાં પુરુષ ઊભો હોય તે પુરુષ ફરતી ઓરડીમાં ભાસે તેમ અમે અક્ષરધામમાં રહ્યા થકા સર્વે બ્રહ્માંડોમાં દેખાઈએ છીએ એમ કહ્યું તે પુરુષનું તો પ્રતિબિંબ દેખાય છે તે પ્રતિબિંબ તો દેખાવા માત્ર જ છે પણ સત્ય નથી તેમ શ્રીજીમહારાજ પણ પ્રતિબિંબની પેઠે દેખાવા માત્ર જ ઠર્યા પણ સાક્ષાત્ દેખાતા નથી એવું થયું માટે તે કેમ સમજવું?

૧ **ઉ૦** પુરુષનો દેહ તો જડ છે તે બીજે ઠેકાણે દેખાવા સમર્થ નથી અને ભગવાન તો ચૈતન્ય મૂર્તિ છે ને અતિ સમર્થ છે ને સર્વત્ર વ્યાપક છે માટે અનંત બ્રહ્માંડમાં પોતે જ દર્શન આપે છે ને બોલવું ઘટે તેની સાથે બોલે ને ચહાય તેવું રૂપ ધરે એમાં કાંઈ આશ્ચર્ય નથી. અને જડ દૃષ્ટાંત તો એકદેશી જ હોય, પણ સર્વદેશી ન હોય માટે જડ વસ્તુના દૃષ્ટાંત પ્રમાણે જ સિદ્ધાંત હોવો જોઈએ એમ ન જાણવું.

૨ **પ્ર૦** શ્રીજીમહારાજે કહ્યું જે અમે એક ઠેકાણે રહ્યા થકા અનંત ઠેકાણે દેખાઈએ છીએ તે એ ને એ રૂપે દેખાતા હશે કે અનંતરૂપ ધારવાં પડતાં હશે ?

૨ **ઉ૦** પોતાના તેજરૂપી અક્ષરધામમાં રહ્યા થકા જ અનંત ઠેકાણે સંકલ્પે કરીને ધામમાં છે એ જ દેખાય છે પણ બીજું રૂપ ધારવું પડતું નથી એવી પોતામાં યોગકળા છે.

૩ **પ્ર૦** બીજા પ્રશ્નમાં જે ભગવાન અક્ષરધામમાં રહ્યા છે તે જ ભગવાન પોતે ચતુર્ભુજ, અષ્ટભુજ, અનંત ભુજને દેખાડે છે તથા મચ્છ-કચ્છાદિક અનંતરૂપે ભાસે છે એમ કહ્યું અને (**પ્ર૦ ૪૧, ૪૫, ૫૧, ૫૬** ના ૩/૪ ત્રીજા પ્રશ્નમાં, **૬૨**ના પહેલા પ્રશ્નમાં, **૬૩** ના ત્રીજા પ્રશ્નમાં, **૬૪/૧**માં, **૭૨**ના ૨/૪ બીજા પ્રશ્નમાં, **૭૮**ના નવમા પ્રશ્નમાં, **સા૦ ૫**ના ૨/૩ બીજા પ્રશ્નમાં, **૧૭**/૧.૨માં, **કા૦ ૭**ના ચોથા પ્રશ્નમાં, **૮**/૧.૨.૩માં, **૧૦**ના ૧/૪ પહેલા પ્રશ્નમાં, **લો૦ ૭**ના ૩/૮ ત્રીજા પ્રશ્નમાં, **૧૦**ના ૬/૮ છઠ્ઠા પ્રશ્નમાં, **૧૨**ના પહેલા પ્રશ્નમાં, **૧૩**ના બીજા પ્રશ્નમાં, **૧૪**/૨ માં, **૧૭**ના ૫/૭ પાંચમા પ્રશ્નમાં, **પં૦ ૧**/૧માં, ૨માં, **૪**માં, **૬**/૨માં, **૭**/૨ માં, **મ૦ ૯**/૧માં, **૧૩**/૧.૨.૩માં, **૩૧**ના પહેલા પ્રશ્નમાં, તથા **૨**/૫ બીજા પ્રશ્નમાં, **૫૦**/૧માં, **૬૭**માં અને **અ૦ ૭**/૧માં) શ્રીજીમહારાજને સર્વે અવતારોના કારણ ને સર્વેથી પર કહ્યા છે તે વિરોધ આવ્યો તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજમાં ને બીજા અવતારોમાં તો ભેદ અતિશે છે પણ આ વચનામૃતમાં તો શ્રીજીમહારાજ ઘણાક મતવાદીઓને મચ્છ-કચ્છાદિક તથા રામકૃષ્ણાદિક અનંતરૂપે તથા ચતુર્ભુજ, અષ્ટભુજ, અનંત ભુજરૂપે દેખાયા હતા તે રૂપ કહ્યાં છે તે પરથારામાં નવમી બાબતમાં કહ્યું છે જે, મતવાદીઓને એમના ઈષ્ટદેવરૂપે પોતે દેખાતા હવા તે સ્વરૂપ જાણવાં.

૪ **પ્ર૦** (૨/૫ બીજા પ્રશ્નમાં) ભજનારામાં, શ્રદ્ધામાં ને કલ્યાણમાં ભેદ કહ્યા તે કેવી રીતે જાણવા ?

૪ **ઉ૦** શ્રીજીમહારાજને ભજે પણ મૂળઅક્ષરાદિક સર્વે અવતારોના અવતારી ને સર્વેના કારણ ને સર્વેથી પર ન જાણે ને બીજા અવતારો જેવા જાણે તે ઉપાસનાના ભેદ સમજવા તે ઉપાસનાને ભેદે કરીને ભજનારામાં ભેદ પડે છે એટલે કોઈક રામચંદ્રજી જેવા, કોઈક શ્રીકૃષ્ણ જેવા, ને કોઈક વાસુદેવ જેવા, કોઈક અક્ષર જેવા, અને કોઈક તો જેવા છે એવા જાણીને ભજે છે એવી રીતે ભજનારામાં ભેદ પડે છે અને શ્રદ્ધા એટલે આસ્થા તે પણ ઉપાસના પ્રમાણે જ બેસે એટલે આસ્થામાં પણ ભેદ પડે છે. અને કલ્યાણનો માર્ગ તો શ્રીજીમહારાજના તેજરૂપ થઈને શ્રીજીમહારાજને ભજે તો આત્યંતિક કલ્યાણ થાય તેમાં આત્યંતિક કલ્યાણ એ જ એક કલ્યાણનો માર્ગ છે પણ બીજો નથી, તે જ્યારે શ્રીજીમહારાજને સર્વોપરી જાણીને ભજે ત્યારે જ આત્યંતિક કલ્યાણ થાય; એ જ કલ્યાણ કહેવાય, પણ તે વિના બીજું એકે સર્વોપરી આત્યંતિક કલ્યાણ ન કહેવાય, માટે આત્યંતિક કલ્યાણનો એ એક જ માર્ગ છે. ॥૪॥ **(૧૧૨)**

## વચનામૃત લોયાનું - ૫

❖સંવત ૧૮૭૭ના કાર્તિક વદિ અમાસને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં વિરાજમાન હતા અને ધોળો સુરવાળ પહેર્યો હતો અને ધોળી છીંટની ડગલી પહેરી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે સર્વે પરમહંસને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** કેટલા સંકલ્પ કહેવાય ત્યારે

નિષ્કપટ કહેવાય ? ને કેટલા સંકલ્પ ન કહેવાય ત્યારે કપટી કહેવાય ? પછી પરમહંસ વતે એનો ઉત્તર ન થયો ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **પંચવર્તમાન સંબંધી પોતામાં કાચ્યપ હોય ને તે પોતાથી વિચારે કરીને ટળતી ન હોય તો તે કાચ્યપ જેમાં ન હોય એવા જે સંત તેને આગળ કહેવું અને કોઈક સંતનો અવગુણ પોતાને આવ્યો હોય તો તે કહેવો તથા ભગવાનના નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થયો હોય તે પણ કહેવો ત્યારે તે નિષ્કપટ કહેવાય. અને એ માંહીલો સંકલ્પ થયો હોય ને તેને જે સંતની આગળ ન કહે તેને કપટી જાણવો. (૧)** ૧

૨ પછી વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** એવો કપટી હોય ને તે ડાહ્યો હોય તેને કેવી બુદ્ધિએ કરીને ઓળખીએ ? ત્યારે એનો ઉત્તર પણ પરમહંસને ન આવડ્યો ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે એ તો એમ ઓળખાય જે, એનો સહવાસ હોય ને ખાધે-પીધે, બેઠતે-ઊઠતે, ચાલતે-હાલતે પોતા ભેળો રહેતો હોય ત્યારે પોતે તેની ખબર રાખે ને પોતાથી નોખો પડે ત્યારે પણ બીજા માણસ પાસે તેની છાની ખબર રખાવે ત્યારે તેનું કપટ ઓળખ્યામાં આવે. **(૨)** ૨

૩ પછી વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૩)** દંભે કરીને વર્તમાન પાળે ને દંભે કરીને ભગવાનનો નિશ્ચય રાખતો હોય ને તે પોતે બુદ્ધિવાળો હોય ને માની હોય તે પોતાના વર્તમાનને ને પોતાના નિશ્ચયને બીજાના સાચા વર્તમાન ને નિશ્ચય તેની આગળ અધિક કરી દેખાડતો હોય ત્યારે તેને એમ કેમ કળીએ જે એનો દંભે કરીને વર્તમાન ને નિશ્ચય છે ? ત્યારે એ પ્રશ્નનો ઉત્તર પણ પરમહંસ વતે ન થયો ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એની પ્રતિષ્ઠાનો ભંગ થાય ત્યારે એનો દંભ કળાય; નહિ તો ન કળાય. **(૩)** ૩

૪ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૪)** ભગવાનનો નિશ્ચય તથા વર્તમાન તે બેમાંથી કેવો ઘાટ હોય તે પાડે ને કેવો ઘાટ હોય તો પણ ન પાડે ? અને તેનો અવધિ હોય તે કહેવો જે ક્યાં સુધી એ ઘાટ રહે તે ધર્મમાંથી પાડે ને ભગવાનના નિશ્ચયમાંથી પાડે ? ત્યારે એનો ઉત્તર પણ પરમહંસ વતે થયો નહિ ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જે ઘાટને ટાળ્યાનો યત્ન કરે તો પણ ટળે નહિ એવો જે કાંઈક ધર્મ પાળ્યામાં અયોગ્ય ઘાટ રહેતો હોય અને તે ઘાટ પંદર દિવસ તથા મહિના સુધી ન થાય ને વળી કોઈક દિવસ પ્રગટ થઈ આવે એવો જે ઘાટ તે ધર્મમાંથી પાડે અને એમ જ ભગવાનના નિશ્ચયમાં પણ જાણવું અને જે ઘાટ થયો ને તેને વિચારે કરીને ટાળી નાખે ને પાછો ફરીને તે ઘાટ થાય નહિ એવો જે ઘાટ તે એ બેમાંથી પાડી શકે નહિ. **(૪)** ૪

૫ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૫)** સત્સંગમાં દૃઢ પાયો કેનો થાય ને કેનો ન થાય ? પછી એનો ઉત્તર પણ પરમહંસને ન આવડ્યો ત્યારે શ્રીજીમહારાજે કર્યો જે, જેમ દત્તાત્રેયે પંચભૂત, ચંદ્રમા,પશુ, વેશ્યા, કુમારી, પોતાનો દેહ ઇત્યાદિક સર્વેમાંથી પણ ગુણ

લીધા, એવી રીતે **સંતમાં જેને ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દૃઢ પાયો થાય છે અને જેને સંતમાં ગુણ લીધાનો સ્વભાવ ન હોય તે સત્સંગમાં રહ્યો છે તો પણ એનો દૃઢ પાયો નથી. (૫)** ૫

૬ પછી વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૬)** સંત તથા શાસ્ત્ર તથા પોતાનો વિચાર એ ત્રણે હોય, ત્યારે અતિશે ઇન્દ્રિયો-અંતઃકરણ જિતાય કે એમાંથી એકે વાનું હોય તો પણ જિતાય ? અને જો એમ કહેશો જે એ ત્રણે વાનાં ભેળાં હોય તો જિતાય, ત્યારે સંત પાસેથી કેવી યુક્તિ શીખવી ? અને શાસ્ત્રમાંથી શી યુક્તિ શીખવી ? અને પોતાનો વિચાર કરીને શી યુક્તિ શીખવી તે કહો ? ત્યારે એનો ઉત્તર પણ પરમહંસથી થયો નહિ, ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, શાસ્ત્રે કરીને તો ભગવાન તથા સંત તેનું માહાત્મ્ય સમજવું અને સંતથી એમ શીખવું જે, જે રીતે સંત ઇન્દ્રિયોને જીત્યાની યુક્તિ બતાવે જે આ રીતે નેત્રની દૃષ્ટિ નાસિકા ઉપર રાખવી તથા ગ્રામ્ય વાર્તા ન સાંભળવી ઇત્યાદિક જે યુક્તિ તે સંતથી શીખવી અને તે સંતે શિખાવી જે યુક્તિ તેને પોતાને વિચારે કરીને પોતાના કલ્યાણને અર્થે સવળી સમજીને માનવીને તેમ વર્તવા લાગવું, એમ ત્રણે વાનાંએ કરીને ઇન્દ્રિયો-અંતઃકરણ જિતાય છે.**(૬)** ૬

૭ અને તે પછી વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૭)** ઇન્દ્રિયોને જીતે અંતઃકરણ જિતાય છે કે અંતઃકરણને જીતે ઇન્દ્રિયોને જિતાય છે ? પછી એ પ્રશ્નનો ઉત્તર પણ પરમહંસને ન આવડ્યો ત્યારે શ્રીજીમહારાજે કર્યો જે, બાહ્ય ઇન્દ્રિયોને દેહ-દમને કરીને જીતે અને દેહ-દમને કરીને બાહ્ય ઇન્દ્રિયો જિતાણી હોય તો પણ પાંચ વર્તમાનના નિયમમાં દૃઢ થઈને રહેતો હોય તો બાહ્ય ઇન્દ્રિયોને જીતવે કરીને અંતઃકરણ જિતાય પણ એકલે અંતઃકરણને જીતવે કરીને બાહ્ય ઇન્દ્રિયો જિતાય નહીં અને બાહ્ય ઇન્દ્રિયોને જીતવે કરીને તો અંતઃકરણ જિતાય છે, કેમ જે જો બાહ્ય ઇન્દ્રિયોને જીતે ને વિષયમાં પ્રવર્તવા દે નહિ, ત્યારે અંતઃકરણ માંહીલી કોરથી નિરાશ થઈ જાય છે જે આ દેહે કરીને આ વાત બનવાની નથી. **(૭)** ૭

૮ અને તે પછી વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૮)** બાહ્ય ઇન્દ્રિયો શાણે કરીને જિતાય ને અંતઃકરણ શાણે કરીને જિતાય ? પછી એનો ઉત્તર પણ પરમહંસને ન આવડ્યો, ત્યારે શ્રીજીમહારાજે કર્યો જે, ધર્મશાસ્ત્રમાં કહ્યા છે જે ત્યાગીના નિયમ તેને રાખે તથા આહારને નિયમમાં રાખે તથા તપ્તકૃચ્છ્ર, ચાંદ્રયણાદિક વ્રત કરે તથા જાણી જાણીને ટાઢ, તડકો, ભૂખ, તરસ તેનું સહન કરે અને ભગવાનનાં કથા, કીર્તન, વાર્તા કરે તથા ભજન-સ્મરણમાં બેસે તથા આસન જીતે ઇત્યાદિક સાધને કરીને બાહ્ય ઇન્દ્રિયો જિતાય છે અને ભગવાનના માહાત્મ્યનો વિચાર ને ભગવાનનું ધ્યાન તથા આત્મનિષ્ઠા એટલે કરીને અંતઃકરણ જિતાય છે.**(૮)** ઇતિ વચનામૃતમ્ **॥૫॥ (૧૧૩)** ૮

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૮)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કપટી-નિષ્કપટીનું લક્ષણ કહ્યું છે. **(૧)** બીજામાં કપટીને ઓળખવાનો ઉપાય કહ્યો છે. **(૨)** ત્રીજામાં દંભીની પ્રતિષ્ઠાનો ભંગ થાય ત્યારે એનો દંભ કળાય છે. **(૩)** ચોથામાં અયોગ્ય ઘાટ ફેર ન થાય તો ધર્મમાંથી ને નિશ્ચયમાંથી પાડી શકે નહિ. **(૪)** પાંચમામાં સંતનો ગુણ ગ્રહણ કરવાનો સ્વભાવ હોય તેનો સત્સંગમાં દૃઢ પાયો કહ્યો છે. **(૫)** છઠ્ઠામાં ઇન્દ્રિયો-અંતઃકરણને જીત્યાની ત્રણ પ્રકારની યુક્તિ બતાવી છે.**(૬)** સાતમામાં ઇન્દ્રિયો જીતે અંતઃકરણ જિતાય છે. **(૭)** આઠમામાં ઇન્દ્રિયો-અંતઃકરણને જીત્યાના પૃથક્ પૃથક્ ઉપાય બતાવ્યા છે. **(૮)** બાબતો છે.

૧ **પ્ર૦** (૪ ચોથા પ્રશ્નમાં) મહિના સુધીમાં ઘાટ થાય તે ધર્મ ને નિશ્ચયમાંથી પાડે એમ કહ્યું તે ઘાટ ટાળવાનો ઉપાય શો હશે ?

૧ **ઉ૦** માન મૂકીને નિષ્કપટ થઈને દીનતાએ સહિત ભગવાનની અથવા મોટાપુરુષની પ્રાર્થના કરવી અને સેવાએ કરીને તેમને રાજી કરવા તો તે દયા કરીને ઘાટને ટાળી નાખે.

૨ **પ્ર૦** (૫ પાંચમા પ્રશ્નમાં) દત્તાત્રેયના દૃષ્ટાંતે કરીને સંતનો ગુણ ગ્રહણ કરવાનું કહ્યું ને (પ્ર૦ ૫૩માં) પંચવર્તમાનરૂપી મર્યાદાનો ભંગ કરે તેનો અવગુણ લેવાનું કહ્યું તે કેમ સમજવું ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજની આજ્ઞા પાળતા હોય તે સર્વેનો ગુણ લેવાનું કહ્યું તે ગુણ લેવે કરીને વૃદ્ધિ પામવાનો ઉપાય છે, માટે જે પંચવર્તમાને યુક્ત હોય તે સર્વેનો ગુણ લેવો અને જે પંચવર્તમાનનો ભંગ કરતા હોય તેનો ગુણ લે તો તેને વિષે સત્પુરુષની બુદ્ધિ રહે; તેથી તેનો ત્યાગ કરીને ધર્મવાળાનો સમાગમ થઈ શકે નહિ તેથી રૂડા ગુણ ન આવે. ને એવી નબળી સોબતે કરીને ઘટી જાય માટે તેનો ગુણ ન લેવો એમ કહ્યું છે માટે જે શ્રીજીમહારાજની આજ્ઞા ન પાળે તેનો સંગ કોઈ પ્રકારે ભૂલે પણ ન કરવો એ સિદ્ધાંત વાત છે. **॥૫॥ (૧૧૩)**

## વચનામૃત લોયાનું - ૬

❖સંવત ૧૮૭૭ના માગશર સુદિ ૧ પડવાને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાખાચરના દરબારમાં રાત્રિને સમે વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી છીંટની ડગલી પહેરી હતી તથા ધોળો ફેંટો માથે બાંધ્યો હતો તથા બીજે ધોળે ફેંટે કરીને બોકાની વાળી હતી ને તે ધોળા ફેંટાનું છોગલું માથે લટકતું હતું ને ચોફાળ ઓઢ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે પરમહંસ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** સત્સંગ થયા પછી દુર્લભમાં દુર્લભ તે શું સાધન માન્યું છે ? પછી એ પ્રશ્નનો ઉત્તર પરમહંસ વતે ન થયો, ત્યારે શ્રીજીમહારાજે કર્યો જે, એકાંતિકપણું એમાં આવે એ અતિશે દુર્લભ છે તે એકાંતિકપણું તે શું, તો ધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય એ ત્રણે યુક્ત જે ભગવાનની ભક્તિ કરવી તેને એકાંતિકપણું કહીએ. **(૧)** ૧

૨ પછી વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૨) ધર્મ સંબંધી સાધનમાં એવું કિયું સાધન છે જે એક રાખવે કરીને સર્વે ધર્મ રહે અને ભગવાન સંબંધી જે ભજન, સ્મરણ, કીર્તન, વાર્તા એ આદિક સાધન છે તેમાં એવું એક સાધન કિયું છે જે આપત્કાળ હોય ને સર્વે જાય ને જો એક રહે તો સર્વે રહે ? પછી તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, ધર્મ સંબંધી સાધનમાં તો એક નિષ્કામપણું હોય તો સર્વે સાધન આવે. (૨) અને ભગવાન સંબંધી તો એ સાધન છે જે** ૨

**નિશ્ચય રહે તો સર્વે આવે. (૩)** ૩

૩ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૩)** કેવી મતિ એક પ્રકારની રાખ્યે રૂડું થાય ને તેને જો ફેરવીએ તો ભૂંડું થાય ને કેવી મતિને વારંવાર ફેરવીએ તો રૂડું થાય ને ન ફેરવીએ તો ભૂંડું થાય ? પછી તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, **ભગવાનના નિશ્ચયરૂપ જે મતિ તેને તો ફરવા જ દેવી નહિ ને ભગવાનનું માહાત્મ્ય સાંભળીને તેની પુષ્ટિ વારંવાર કર્યા કરવી તો રૂડું થાય** ને એ મતિને વારંવાર ફેરવે તો ભૂંડું થાય અને પોતે પોતાના મનને જાણે જે મતિમાં નિશ્ચય કર્યો હોય જે, મારે આમ કરવું છે તે મતિને સંતને વચને કરીને વારંવાર ફેરવવી ને સંત કહે જે, આંહીં બેસવું નહિ, ને આ કરવું નહિ તો તે ઠેકાણે બેસવું નહિ ને તે કરવું નહિ, એવી રીતે મતિને ફેરવે તો રૂડું થાય ને એ મતિને ફેરવે નહિ ને પોતાનું ધાર્યું કરે તો ભૂંડું થાય. **(૪)** ૪

૪ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૪)** કેવી જાતનો સત્સંગી અથવા પરમહંસ હોય ને ધર્મમાં સંપૂર્ણ રહેતો હોય ને તેની પાસે બેસીએ ને વાત સાંભળીએ તો દોષ લાગે ? ત્યારે તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, જેને ભગવાનનો નિશ્ચય હોય ને ધર્મમાં પણ પોતે રહેતો હોય તો પણ જો તેને વ્યવહારમાં આસક્તિ હોય તથા દેહાભિમાન હોય તથા માન હોય ને તેને ભગવાન તથા સંત તે ખોદે તો તે ભગવાનનો ને સંતનો અવગુણ જરૂર લે, પછી બીજાને આગળ પણ ભગવાનના તથા સંતના અવગુણની વાત કરીને તેને વિમુખ જેવો કરે, એવો જે હોય તેનો કોઈ રીતે સંબંધ ન રાખવો ને રાખે તો ભૂંડું થાય. **(૫)** ૫

૫ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૫)** કેવો સાધુ હોય ને તે ધર્મમાં રહેતો હોય ને નિશ્ચય પણ હોય તો પણ તેને ભેળે ના'વા જાવું નહિ ને પાસે પથારી કરવી નહિ ને તેની વાત પણ ન સાંભળવી ? પછી તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, જે સંત હિંમત રહિત વાત કરતો હોય જે શું, એક જન્મે કરીને નિષ્કામાદિક ગુણ આવે છે ? એ તો ભગવાન કૃપા કરે તો આવે, નહિ તો અનેક જન્મે કરીને કલ્યાણ થાય, પણ આ જ દેહે કરીને શું કલ્યાણ થાય છે ? એવી રીતે જે હિંમત રહિત વાત કરતો હોય તેના સંગનો સર્વ પ્રકારે ત્યાગ કરવો.**(૬)** ૬
અને જે એમ કહેતો હોય જે, આ ને આ દેહે કરીને કૃતાર્થ થયા છીએ ને કામ, ક્રોધ, મદ, મત્સર, માન ઇત્યાદિક દોષનો શો ભાર છે ? ભગવાન ને સંતના પ્રતાપે કરીને એ સર્વેનો નાશ કરી નાખશું, એમ જે કહેતો હોય ને કામાદિક દોષને નાશ કરવાના ઉપાયમાં તત્પર થઈને મંડયો હોય તેનો સંગ સર્વે પ્રકારે કરવો. **(૭)** ૭

૬ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૬)** કેવો સાધુ હિંમત સહિત વાત કરતો હોય તો પણ તેનો ત્યાગ કરવો ? પછી તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, જે પોતાના પુરુષાર્થને જ અધિક કહેતો હોય ને પુરુષાર્થે કરીને જ પોતાને કૃતાર્થ માનતો હોય પણ ભગવાનનું બળ

ન રાખે ને એમ સમજે જે, આ સાધને કરીને ભગવાનને રાજી કરવા છે તો તેનો પણ ત્યાગ
કરવો. **(૮)** ૮

૭ અને વળી **શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, (૭) કેવો સાધુ હોય તેનો સંગ કરવો ને કેવાનો ન કરવો ? ત્યારે તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, વર્તમાન પણ સૂધાં સારાં પાળતો હોય ને નિશ્ચય સૂધો હોય ને તે પાસે આપણે રહેતા હોઈએ ને આપણને ટોકે નહિ ને પંપોળીને રાખે ને જાપરો રાખે તો તે મુક્તાનંદ સ્વામી જેવો લોકવ્યવહારે મોટો કહેવાતો હોય તેનો પણ સંગ ન કરવો અને જે સંત પોતાને ટોક્યા કરે ને જે સ્વભાવ દેખે તે ઉપર ખટકો રાખે ને તે ન ટળે ત્યાં સુધી વાત કર્યા કરે ને લલોચપો રાખે નહિ ને તે લોક વ્યવહારે મોટો ન કહેવાતો**
**હોય તો પણ તેનો સંગ કરવો. (૯)** ૯

૮ પછી વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૮)** જે સંતમાં બધા ગુણ સારા મોટા મોટા ભક્તિ-જ્ઞાનાદિક હોય પણ તેમાં એક એવો કિયો ભૂંડો દોષ હોય જેણે કરીને તેનો સંગ ન કરીએ ? ત્યારે તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, **જેને આળસ બહુ હોય ને નિદ્રા બહુ હોય ને સ્નાન-ધ્યાનાદિક જે નિયમ તેને પાળવાનું કોઈક કહે તો કહે જે, હમણાં કરશું; શી ઉતાવળ**
**છે ? ધીરે ધીરે થાશે એમ બોલે તે સૂધો સારો હોય તો પણ તેનો સંગ ન કરવો. (૧૦)** ૧૦

૯ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૯)** સુધી સારી વાત કરતો હોય તો પણ તેની વાત ન સાંભળીએ એવો એની વાણીમાં શો દોષ જાણવો ? ત્યારે તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, વાત કરવામાં પોતાને વિષે જે ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, ને ધર્મ તેની જ અહંકારે કરીને પોતે સરસાઈ દેખાડે ને બીજા સંતમાં જે જ્ઞાન, ભક્તિ આદિક ગુણ તેની કાંઈક ન્યૂનતા દેખાડે,
એવો જેની વાણીમાં દોષ હોય તેની વાત ન સાંભળવી. **(૧૧)** ૧૧

૧૦ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧૦)** જેની વાણીમાં કુત્સિતપણું હોય તો પણ તે વાણીને અમૃતની પેઠે પાન કરીએ એવી તે કેઈ વાણી છે ? પછી તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, જે સંત વાત કરે ત્યારે પોતે પોતાના સંબંધી મા, બાપ, બોન, ભાઈ તથા પોતાની જાતિ તેની કુત્સિત શબ્દે કરીને નિંદા કરતો હોય તો તે વાણી સારી જાણવી, શા સારુ જે, તે વાણીને જે સાંભળે તેને તે સંતની કોરનો એમ ગુણ આવે જે, આ સંતને તો કોઈ રીતે
પોતાના દેહ-સંબંધી આદિકમાં હેત નથી માટે તે વાણીને અમૃતની પેઠે પાન કરવી. **(૧૨)** ૧૨

૧૧ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧૧)** કિયે ઠેકાણે માન રાખવું ને કિયે ઠેકાણે માન ન રાખવું ? પછી તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, ભગવાનનો દૃઢ આશ્રિત હોય ને તે જેવોતેવો ગરીબ હરિભક્ત હોય તો પણ તે આગળ માન ન રાખવું અને જેને સત્સંગ થકી કાંઈક પાછો પગ પડી ગયો હોય તેને આગળ તો માન રાખવું પણ તેથી દબાઈ જાવું નહિ

ને પ્રશ્ન-ઉત્તરમાં તેના વેણ ઉપર વેણ લાવવું. **(૧૩)** ૧૩

૧૨ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧૨)** કિયે ઠેકાણે હેત રાખવું ને કિયે ઠેકાણે ન રાખવું ? ત્યારે તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, અમે સર્વે સંતને સાધારણપણે કહેતા હોઈએ જે બુરાનપુર તથા કાશીએ કોણ જાશે ? ત્યારે કોઈ બોલે નહિ ત્યારે તે સભામાંથી પોતે ઊઠીને અમને એમ કહેવું જે કહો તો મહારાજ હું જાઉં, એમ કહીને અમારી આજ્ઞા લઈને ત્યાં જવું;
એવે ઠેકાણે અમારી પ્રસન્નતાને અર્થે અમારા દર્શનાદિકનું હેત પણ ન રાખવું. **(૧૪)** અને ૧૪
અમે તથા સંત તે જેને કચવાણા હોઈએ ને વઢીને તિરસ્કાર કરીને બહાર કાઢી મૂક્યો હોય ને તે શોકે કરીને રોતો હોય ને તે પાસે કોઈક એકડમલ વિમુખ જેવો આવીને સંતનો અથવા અમારો અવગુણ કહેવા લાગે, ત્યારે તેની આગળ તે સંતની કોરનું ને ભગવાનની કોરનું બહુ હેત જણાવે ને એમ કહે જે હું તો એનો વેચાણ છું અને મારા કટકા કરી નાખે તો પણ મારે એમનો અવગુણ ન આવે; એ તો મારા કલ્યાણના કરતલ છે, એવી રીતે તે ઠેકાણે અતિશે હેત જણાવવું. **(૧૫)** ૧૫

૧૩ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧૩)** જેણે કરીને ભગવાન રાજી થાતા હોય તો પણ તે કરવું નહિ અને જેણે કરીને ભગવાન કુરાજી થાય તો પણ તે કરવું એવું તે શું છે ? પછી એનો ઉત્તર પણ પોતે કર્યો જે, અમે કોઈક વચન કહીએ ને તેમાં જો અધર્મ જેવું હોય તો તેને વિષે ચિરકારી થવું કહેતાં તેમાં ઘણીક વાર લગાડવી પણ તુરત માનવું નહિ, જેમ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું જે અશ્વત્થામાનું માથું કાપી નાખો, પછી તે વચન અર્જુને ન માન્યું, તેમ એવી રીતનું જે વચન તેમાં અમે રાજી થાતા હોઈએ તો પણ ન માનવું તથા પંચવર્તમાન સંબંધી જે નિયમ કહ્યા છે તેમાંથી જેણે કરીને ભંગ થતો હોય એવું જે વચન તે ન માનવું અને એ બે વચન ન માનીએ ને ભગવાન કચવાતા હોય તો સારી પેઠે કચવાવા પણ તેમાં રાજી ન કરવા. **(૧૬)** ૧૬

૧૪ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧૪)** ભગવાનનું ધ્યાન કરતે થકે મનને વિષે અનેક પ્રકારના ભૂંડા ઘાટના તરંગ ઊઠવા માંડે, જેમ સમુદ્રના મોટા મોટા તરંગ ઊઠે તેમ ભૂંડા ઘાટ ઊઠવા લાગે ત્યારે તે ઘાટ કેમ ટાળવા ? પછી એનો ઉત્તર પણ પોતે કર્યો જે, જ્યારે એવા ભૂંડા ઘાટ થાવા માંડે ત્યારે ધ્યાનને પડ્યું મૂકીને જીભે કરીને ઊંચે સ્વરે નિર્લજ થઈને તાળી વજાડીને **સ્વામિનારાયણ સ્વામિનારાયણ** ભજન કરવું ને હે દીનબંધો ! હે દયાસિંધો ! એવી રીતે ભગવાનની પ્રાર્થના કરવી તથા ભગવાનના સંત જે મુક્તાનંદ સ્વામી જેવા મોટા હોય તેનાં નામ લઈને તેની પ્રાર્થના કરવી તો ઘાટ સર્વે ટળી જાય ને નિરાંત થાય પણ એ વિના બીજો એવો ઘાટ ટાળ્યાનો ઉપાય નથી. **(૧૭)** ૧૭

૧૫ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧૫)** આ સત્સંગમાં જે અતિ મોટો ગુણ

જણાતો હોય ને તે ગુણનાં સર્વે વખાણ કરતા હોય તો પણ તે ત્યાગ કરવા યોગ્ય હોય એવો કિયો ગુણ છે ? અને દોષ હોય ને તે ગ્રહણ કરવા યોગ્ય હોય એવો કિયો દોષ છે ? ત્યારે તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, મુક્તાનંદ સ્વામી જેવા હોય તે સર્વેથી સરસ વર્તમાન પાળતા હોય ને તેણે કરીને બીજા સંતને ઉદ્વેગ થાય, કેમ જે એમની બરોબર વર્તાય નહિ તે સારુ એ ગુણ યદ્યપિ મોટો છે તો પણ તેનો ત્યાગ કરીને સર્વ સંતને બરોબર વર્તવું અને બરોબર વર્તવારૂપ દોષ છે તો પણ એનું ગ્રહણ કરવું. **(૧૮)** ૧૮

૧૬ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧૬)** આ સંતમાં એવો કિયો એક દોષ છે જે જેનો ત્યાગ કરે ત્યારે સર્વ દોષ માત્રનો ત્યાગ થઈ જાય ? અને એવો કિયો એક ગુણ છે જે એક આવે સર્વે ગુણ આવે ? ત્યારે એનો ઉત્તર પણ પોતે કર્યો જે, **દેહાભિમાનરૂપ દોષ છે તેમાં સર્વે દોષ રહ્યા છે ને તેનો ત્યાગ કરે તો સર્વે દોષનો ત્યાગ થઈ જાય છે અને હું તો દેહથી નોખો જે આત્મા તે છું, એવો જે આત્મનિષ્ઠારૂપ એક ગુણ તે આવે તો સર્વ ગુણ માત્ર આવે છે. (૧૯)** ૧૯

૧૭ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧૭)** કેવા પંચવિષયને સેવવે કરીને બુદ્ધિમાં પ્રકાશ થાય છે ? અને કેવાં પંચવિષયને સેવવે કરીને બુદ્ધિમાં અંધકાર થઈ જાય છે? ત્યારે તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, ભગવાન સંબંધી જે પંચવિષય તેને સેવે તો બુદ્ધિમાં પ્રકાશ થાય છે અને જગત સંબંધી પંચવિષયને સેવે તો બુદ્ધિમાં અંધકાર થઈ જાય છે. **(૨૦)** ૨૦

૧૮ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧૮)** કેવો દેશ, કેવો કાળ, કેવો સંગ, કેવી ક્રિયા જેનો સંબંધ ભગવાનની આજ્ઞાએ કરીને પણ ન કરવો ? ત્યારે તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, જે દેશમાં રહે થકે પોતાના દેહના સંબંધીનો વારંવાર બેઠા-ઊઠ્યાનો યોગ થતો હોય તો તે દેશમાં ભગવાનની આજ્ઞાએ કરીને પણ ન રહેવું અને અમારાં દર્શન થાતાં હોય ને તે ભેળે સ્ત્રીઓનાં દર્શન થાતાં હોય, એવો સંગ તથા ક્રિયા હોય ત્યાં અમે બેસારીએ ને કહીએ જે, અમારાં દર્શન કરો તો પણ તે ઠેકાણે બેસવું નહિ ને કોઈક મિષ લેઈને ઊઠી જવું અને જે કાળમાં વિષમપણું વર્તતું હોય ને મારકૂટ થાતી હોય ને જો ભગવાનની આજ્ઞા હોય તો પણ ત્યાંથી ચાલી નીકળવું પણ તે જ ઠેકાણે રહીને માર ન ખાવો. **(૨૧)** ૨૧

૧૯ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧૯)** કિયાં શાસ્ત્રને સાંભળવાં ને ભણવાં ને કિયાં શાસ્ત્રને ન સાંભળવાં ને ન ભણવાં ? પછી તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, જે શાસ્ત્રમાં ભગવાનનું સાકારપણું પ્રતિપાદન ન કર્યું હોય તથા ભગવાનના અવતારનું નિરૂપણ ન હોય ને તે ગ્રંથ જો શુદ્ધ વેદાંતના હોય ને એક અદ્વિતીય નિરાકારનું પ્રતિપાદન કરતા હોય ને તે ગ્રંથ સૂધા બુદ્ધિવાનના કરેલા હોય તો પણ તે ગ્રંથને કોઈ દિવસ ભણવા નહિ ને સાંભળવા પણ નહિ અને જો રણછોડ ભક્તના જેવાં કીર્તન જ હોય ને તેમાં ભગવાનની મૂર્તિનું વર્ણન

હોય તેને ગાવવાં ને સાંભળવાં તથા એવી રીતના જે ગ્રંથ હોય તેને ભણવા ને સાંભળવા. (૨૨) ઈતિ વચનામૃતમ્ ॥૬॥ (૧૧૪) ૨૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન (૧૯) છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે કે એકાંતિકપણું આવે તે દુર્લભમાં દુર્લભ સાધન છે. (૧) બીજામાં નિષ્કામપણું હોય તો સર્વે ધર્મ રહે છે. (૨) અને નિશ્ચય રહે તો ભક્તિ આદિક સર્વે સાધન રહે છે. (૩) ત્રીજામાં અમારા નિશ્ચયરૂપી મતિ ફરવા દે નહિ તો રૂડું થાય અને તુચ્છ સ્વભાવની આંટી સંતને વચને કરીને મૂકી દેવી. (૪) ચોથામાં અમારો નિશ્ચય ને ધર્મ હોય પણ વ્યવહારમાં આસક્તિ ને દેહાભિમાન તથા માન હોય તેનો સંબંધ રાખે તો ભૂંડું થાય છે. (૫) પાંચમામાં ધર્મ ને નિશ્ચય બેય હોય પણ હિંમત રહિત વાત કરતો હોય તેનો ત્યાગ કરવો. (૬) અને કામાદિક દોષને નાશ કરવાના ઉપાયમાં તત્પર થઈને મંડ્યો હોય તેનો સંગ કરવો. (૭) છઠ્ઠામાં અમારું બળ ન રાખે ને પોતાના પુરુષાર્થનું જ બળ રાખે તેનો ત્યાગ કરવો. (૮) સાતમામાં નિશ્ચય ને વર્તમાન હોય પણ ટોકે નહિ તો તેનો સંગ ન કરવો ને જે ટોકે તે લોકવ્યવહારે મોટો ન હોય તો પણ તેનો સંગ કરવો. (૯) આઠમામાં ભક્તિ-જ્ઞાનાદિક ગુણ હોય પણ તે આળસુ હોય તો તેનો સંગ ન કરવો. (૧૦) નવમામાં અહંકારે કરીને પોતાની સરસાઈ દેખાડે ને બીજા સંતના ભક્તિ-જ્ઞાનાદિક ગુણની ન્યૂનતા દેખાડે તેની વાત ન સાંભળવી. (૧૧) દશમામાં પોતાના સંબંધીની નિંદા કરતો હોય તેની વાણી સાંભળવી. (૧૨) અગિયારમામાં અમારા ગરીબ ભક્ત આગળ માન ન રાખવું ને સત્સંગમાંથી પાછો પડી ગયો હોય તેની આગળ રાખવું. (૧૩) બારમામાં અમે જ્યાં મૂકીએ ત્યાં જવું પણ અમારા દર્શનાદિકનું હેત ન રાખવું. (૧૪) અને વિમુખ અમારો કે સંતનો અવગુણ કહે તેના આગળ અમારું ને સંતનું હેત જણાવવું પણ અમારો અવગુણ લેવો નહિ. (૧૫) તેરમામાં અધર્મ જેવું ને નિયમ ભંગ જેવું અમારું વચન ન માનવું. (૧૬) ચૌદમામાં અમારું ધ્યાન કરતાં ઘાટ થાય તો અમારી ને મુક્તની પ્રાર્થના કરવી તો ઘાટ ટળી જાય. (૧૭) પંદરમામાં સર્વથી સરસ વર્તવારૂપ ગુણનો ત્યાગ કરીને બરોબર વર્તવું. (૧૮) સોળમામાં દેહાભિમાનમાં સર્વે દોષ રહ્યા છે અને આત્મનિષ્ઠામાં સર્વે ગુણ રહ્યા છે. (૧૯) સત્તરમામાં અમારા સંબંધી પંચવિષયને સેવે તો બુદ્ધિમાં પ્રકાશ થાય ને જગત સંબંધી પંચવિષયને સેવે તો અંધકાર થાય છે. (૨૦) અઢારમામાં દેહના સબંધીનો યોગ તથા અમારા ભેળા સ્ત્રીઓનાં દર્શન થતાં હોય એવો સંગ તથા ક્રિયા હોય ને મારકૂટ થાતી હોય ત્યાં અમારી આજ્ઞાએ પણ ન રહેવું. (૨૧) ઓગણીસમામાં અમારું સાકારપણું પ્રતિપાદન કરતાં હોય તે શાસ્ત્ર વાંચવા ને સાંભળવા પણ નિરાકારનું પ્રતિપાદન કરતાં હોય તે વાંચવા-સાંભળવા નહિ. (૨૨) બાબતો છે.

૧ **પ્ર૦** (૧૧/૧૩ અગિયારમા પ્રશ્નમાં) સત્સંગથી પાછો પડી ગયો હોય તેના આગળ માન રાખવું ને તેના વેણ ઉપર વેણ લાવવું એમ કહ્યું તે પાછો પગ પડી ગયો તે કેમ જાણવો ?

૧ **ઉ૦** નિષ્કામાદિક વર્તનમાનમાં ચૂક પડી ગઈ હોય તથા સંતનો ને સત્સંગનો અવગુણ લેતો હોય તે સત્સંગથી પાછો પડી ગયો કહેવાય, એવાની મહોબતમાં ન લેવાવું.

૨ **પ્ર૦** (૧૩/૧૬ તેરમા પ્રશ્નમાં) અમે અયોગ્ય વચન કહીએ તે ન માનવું એમ કહ્યું અને (**સા૦ ૨**ના ૨/૩ બીજા પ્રશ્નમાં) અમારું વચન અયોગ્ય હોય તો પણ તત્કાળ માનવું એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** (**સા૦ ૨**માં) શ્રીજીમહારાજ મનુષ્યરૂપે વિચરતા હોય ત્યારે કહે જે નાહ્યા વિના જમો ને એકાદશીને દિવસે અન્ન જમો એવું કોઈક વચન શાસ્ત્ર વિરુદ્ધ કહે તો તેમાં આશંકા થાય પણ તે સમે હા પાડવી અને શ્રીજીમહારાજનો આગ્રહ હોય તો તે વચન માનવું એમ કહ્યું છે ને આ વચનામૃતમાં નિષ્કામાદિક વર્તમાનમાં ફેર પડતો હોય એવું અમારું વચન ન માનવું એમ કહ્યું છે અને નાહ્યા-ધોયા વિના ખાવાનું કે એકાદશીને દિવસે અન્ન જમવાનું આજ કોઈક મોટા મુક્ત હોય ને તે કહે તો પણ તે વચન ન માનવું તો વર્તમાનભંગ વચન તો મનાય જ કેમ ? એનો તો સંગ પણ ન રખાય.

૩ **પ્ર૦** (૧૫/૧૮ પંદરમા પ્રશ્નમાં) અધિક વર્તવારૂપી ગુણનો ત્યાગ કરીને બરોબર વર્તવારૂપી દોષનું ગ્રહણ કરવાનું કહ્યું તેનું શું કારણ હશે ?

૩ **ઉ૦** અગનોતેરની સાલમાં ગઢડેથી શ્રીજીમહારાજે ચારસેં સંતોને આજ્ઞા કરી જે, પૂર્વદેશમાં ચાલ્યા જાઓ ને અષાડી પાંચમની વીજળી થાય ત્યાંથી પાછા વળજો. પછી સંત ચાલ્યા તે બુરાનપુર તરફ જાતાં વીજળી થઈ ત્યાંથી પાછા વળ્યા તે વડોદરા

પાસે એક ગામ આવ્યું ત્યાં વાણિયાની વખારમાં રાત રહ્યા. ત્યાં ચાર દિવસ લાગટ વરસાદ બહુ થયો તે ઝોળીએ પણ જવાય નહિ ત્યારે વાણિયે કહ્યું જે તમે મારું અન્ન જમો કાં મારા ઉતારામાંથી જતા રહો પણ હું તમને ભૂખ્યા નહિ રહેવા દઉં. પછી એક જણાનું ચાર દિવસ લાગટ અન્ન લેવાની મહારાજે ના પાડી હતી તેથી સંતોએ ના પાડી. પછી મુક્તાનંદ સ્વામીએ સંતોને કહ્યું જે, આ વરસાદમાં ક્યાં જઈશું માટે મહારાજની હું પ્રાર્થના કરીશ ને તમે જમો, પછી સર્વે સંત જમ્યા પણ આત્માનંદ સ્વામી ન જમ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે એક ગામ આવ્યું ત્યાં બારસનો દિવસ હતો તે પારણું કરાવવા એક સત્સંગીએ રોક્યા અને ખીચડી ચડતા તેમાં છાનું ઘી નખાવ્યું. પછી પંક્તિ થઈ ત્યારે ઘીનો સુગંધ આવ્યો તેથી સંતે જમવાની ના પાડી. પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, બારસનો દિવસ છે ને ભાલ સોસરું જવું છે તે ભૂખ નહિ વેઠાય માટે જમો. પછી સંત સર્વે મુક્તાનંદ સ્વામીની આજ્ઞાથી જમ્યા પણ આત્માનંદ સ્વામી તો ન જમ્યા. પછી સંત સર્વે મહારાજ પાસે આવ્યા ને મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે, હે મહારાજ! આપનાં બે વચન લોપ્યાં છે. પછી શ્રીજીમહારાજ બહુ રાજી થઈને બોલ્યા જે, સ્વામી તમે બહુ સારું કર્યું, એવા આપત્કાળમાં એમ જ કરવું એમાં અમે રાજી છીએ. એમ કહીને પછી આત્માનંદ સ્વામીને શ્રીજીમહારાજ વઢ્યા જે, તમારા કરતાં મુક્તાનંદ સ્વામીને દશ ગણો વૈરાગ્ય છે ને એમને સાધુને રાખતાં આવડે છે ને તમારી સાથે સાધુને મોકલ્યા હોય તો તમે તો રેલણ-છેલણ કરી મૂકો ને સાધુને વીંખી નાખો એમ વઢ્યા, માટે આવો આપત્કાળ આવ્યો હોય તે વખતે બરોબર વર્તવાનું કહ્યું છે પણ નિષ્કામશુદ્ધિ ને ધર્મામૃતની આજ્ઞા લોપતા હોય તેની બરોબર વર્તવાનું કહ્યું નથી; તેનો તો સંગ જ ન કરવો. **॥૧૧૪॥**

## વચનામૃત લોયાનું - ૭

❖સંવત ૧૮૭૭ના માગશર સુદિ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાખાચરના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને માથે ધોળી પાઘનું છોગલું વિરાજમાન હતું તથા ધોળી છીંટની ડગલી પહેરી હતી અને રૂનો ભરેલો ધોળો સુરવાળ પહેર્યો હતો અને ધોળી પછેડી ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને તે સમયમાં **વચનામૃતનું પુસ્તક** નિત્યાનંદ સ્વામીએ લાવીને શ્રીજીમહારાજને આપ્યું પછી તે પુસ્તકને જોઈને બહુ રાજી થયા અને પરમહંસ પ્રત્યે બોલ્યા જે આજ તો ભારે ભારે પ્રશ્ન પૂછો તો વાત કરીએ.

૧ ત્યારે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** શ્રુતિમાં કહ્યું છે જે :-

**॥ ऋते ज्ञानान्न मुक्तिः । तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ॥**

એ શ્રુતિમાં એમ કહ્યું છે જે, ભગવાનનું સાક્ષાત્ જ્ઞાન થાય ત્યારે જીવનું કલ્યાણ થાય છે ત્યારે શાસ્ત્રમાં જે બીજાં સાધન કલ્યાણને અર્થે બતાવ્યાં છે તેનું શું પ્રયોજન છે ? કેમ જે, કલ્યાણ તો જ્ઞાને કરીને જ થાય છે, એવાં પ્રશ્નને સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, જ્ઞાન તે જાણવાનું નામ છે. ત્યારે નિત્યાનંદ સ્વામીએ આશંકા કરી જે જાણવું એ જ જ્ઞાન હોય તો શાસ્ત્રે કરીને ભગવાનને સર્વે જગત જાણે છે તેણે કરીને સર્વેનું કલ્યાણ થાતું નથી, ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે શાસ્ત્રે કરીને પરોક્ષપણે ભગવાનને જાણ્યા તેણે કરીને જેમ કલ્યાણ નથી તેમ જ રામકૃષ્ણાદિક ભગવાનના અવતાર હતા ત્યારે તેમને સર્વે મનુષ્યે પ્રત્યક્ષ દીઠા હતા તો તેણે કરીને પણ શું કલ્યાણ થયું છે ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, જેણે ભગવાનને પ્રત્યક્ષ દીઠા હોય તેનું તો જન્માંતરે કલ્યાણ થાય છે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા

જે, જેણે શાસ્ત્રે કરીને ભગવાનને જાણ્યા તેણે કરીને પણ જન્માંતરે કલ્યાણ થાય છે, કાં જે જેને શાસ્ત્રે કરીને જાણ્યા છે તેને જ નેત્રે કરીને દેખે છે અને જેને નેત્રે કરીને દેખે છે તેને જ શાસ્ત્રે કરીને જાણે છે, માટે બેનું બીજબળ બરોબર થાય છે ને બેનું જન્માંતરે કલ્યાણ પણ બરોબર છે, કેમ જે શ્રવણે કરીને ભગવાનને સાંભળ્યા તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને તે સાંભળ્યા જ કહેવાય અને ત્વચાએ કરીને સ્પર્શ કર્યો તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને તે સ્પર્શ કર્યો જ કહેવાય, અને નેત્રે કરીને જોયા તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને તે જોયા જ કહેવાય, અને નાસિકાએ કરીને સૂંઘ્યા તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને તે સૂંઘ્યા જ કહેવાય, અને જિહ્વાએ કરીને વર્ણન કર્યાં તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને તે વર્ણન કર્યાં જ કહેવાય, એવી રીતે બાહ્ય
ઈન્દ્રિયોએ કરીને જ્ઞાન છે. **(૧)** તથા અંતઃકરણે કરીને જે જ્ઞાન છે, અને અંતઃકરણ-ઈન્દ્રિયો ૧
પર જે જીવસત્તા તદાશ્રિત જે અનુભવજ્ઞાન છે, તેમાંથી તમે કિયા જ્ઞાનને કહો છો ? અને જે ભગવાન છે તેણે તો આ જગતની ઉત્પત્તિને અર્થે અનિરૂદ્ધ એવું સ્વરૂપ ધાર્યું છે, જેને વિષે સ્થાવર-જંગમરૂપ જે વિશ્વ તે સાવકાશે કરીને રહ્યું છે અને સંકર્ષણરૂપે કરીને જગતનો સંહાર કરે છે અને પ્રદ્યુમ્નરૂપે કરીને જગતની સ્થિતિ કરે છે. તથા મચ્છ-કચ્છાદિક અવતારનું ધારણ
કરે છે. **(૨)** એવી રીતે જ્યાં જેવું કાર્ય ત્યાં તેવા કાર્યની સિદ્ધિને અર્થે તેવા રૂપનું ગ્રહણ કરે ૨
છે તેમાં કોઈ કાર્ય તો એવું છે જે, જેમાં અંતઃકરણ-ઈન્દ્રિયો નથી પૂગતાં; કેવળ અનુભવજ્ઞાને કરીને જ જણાય છે ત્યારે તેવા કાર્યની સિદ્ધિને અર્થે ભગવાન પણ તેવા સ્વરૂપનું ધારણ કરે છે અને કોઈ કાર્ય એવું છે જે, ઈન્દ્રિયો, અંતઃકરણે કરીને જાણ્યામાં આવે છે ત્યારે તે કાર્યની સિદ્ધિને અર્થે ભગવાન પણ તેવા જ થાય છે, માટે તમે કિયા ભગવાનના સ્વરૂપને જ્ઞાને કરીને કલ્યાણ થાય એમ પૂછો છો ? ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, જે ભગવાનના સ્વરૂપને વિષે ઈન્દ્રિયો, અંતઃકરણ ને અનુભવ એ ત્રણે પૂગે એવા ભગવાનના સ્વરૂપને જ્ઞાને કરીને મોક્ષ થાય એમ કહીએ છીએ. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એવા જે ભગવાન તે તો શ્રીકૃષ્ણ છે તે તો પોતે પોતાને એમ કહે છે જે :-

**यस्मात् क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।**
**विष्टभ्याह मिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥**
**मत्तः परतरं नान्यत्किंचिदस्ति धनंजय ! ।**
**मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ।**
**पश्य मे पार्थ ! रूपाणि शतशोऽथ सहस्रशः ।**

ઈત્યાદિક વચને કરીને પોતે પોતાને ઈન્દ્રિયો-અંતઃકરણ થકી અગચોર કહે છે, માટે ભગવાનને તત્ત્વે કરીને સમજવા તે તો એમ છે જે, ઈન્દ્રિયો, અંતઃકરણ તથા અનુભવ એ ત્રણે કરીને યથાર્થપણે પ્રત્યક્ષ ભગવાનને જાણે ત્યારે પૂરો જ્ઞાની કહેવાય અને એ ત્રણ પ્રકારમાંથી જો એકે ઓછો હોય તો તેને આત્યંતિક જ્ઞાન ન કહેવાય ને તેણે કરીને જન્મ-

મૃત્યુને પણ ન તરે. **(૩)** ૩

૨ ત્યારે નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** ઈન્દ્રિયો, અંતઃકરણ ને અનુભવ એ ત્રણે કરીને જેને **પ્રત્યક્ષ ભગવાન** જાણ્યામાં ન આવ્યા તેને જન્મ-મૃત્યુ થાય એ તો ઠીક છે પણ જેને બ્રહ્મસ્વરૂપનો સાક્ષાત્કાર થયો હોય તેને જન્મ-મૃત્યુ તે કેમ છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે :-

**ભૂમિરાપોઽનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ । અહંકાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા ॥**

એ **જડ પ્રકૃતિ** છે અને ...

**અપરેયમિતસ્ત્વન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરાં । જીવભૂતાં મહાબાહો ! યયેદં ધાર્યતે જગત્ ॥**

એ **ચૈતન્ય પ્રકૃતિ** છે અને એ બેય પ્રકૃતિ ભગવાનને સૃજય છે કહેતાં એ જડ પ્રકૃતિ ભેળે એ ચૈતન્યરૂપ પ્રકૃતિ પણ સૃજાય છે, માટે એ **ચૈતન્ય પ્રકૃતિને પામ્યો એવો જે કૈવલ્યાર્થી તે પણ આત્યંતિક કલ્યાણને પામ્યો ન કહેવાય,** માટે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે :-

**નૈષ્કર્મ્યમપ્યચ્યુત-ભાવર્જિતં ન શોભતે જ્ઞાનમલં નિરંજનમ્ ।**

તથા ગીતામાં કહ્યું છે જે :-

**કર્મણો હ્યપિ બોદ્ધવ્યં બોદ્ધવ્યં ચ વિકર્મણ : । અકર્મણશ્ચ બોદ્ધવ્યં ગહના કર્મણો ગતિઃ ॥**

અકર્મ જે જ્ઞાન તેને વિષે પણ જાણવું રહ્યું છે તે શું, તો જે બ્રહ્મરૂપ થયો તેને પણ પરબ્રહ્મ પુરુષોત્તમ તે જાણવા રહ્યા છે અને જે બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે તે ભક્તિ તે શું ? તો, જેમ શ્વેતદ્વીપવાસી જે નિરન્નમુક્ત છે તે બ્રહ્મરૂપ થકા ચંદન-પુષ્પાદિક નાના પ્રકારની પૂજા-સામગ્રીએ કરીને પરબ્રહ્મ જે વાસુદેવ તેને પૂજે છે, તેમ એ પણ બ્રહ્મરૂપ થકા પ્રત્યક્ષ ભગવાનની ભક્તિ ચંદન, પુષ્પ, શ્રવણ, મનનાદિકે કરીને કરે તે ભગવાને ગીતામાં કહ્યું છે જે :-

**બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ । સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્ભક્તિં લભતે પરામ્ ॥**

માટે બ્રહ્મરૂપ થઈને જે પરબ્રહ્મની ભક્તિ ન કરે તો તે કૈવલ્યાર્થીને પણ આત્યંતિક કલ્યાણ
ન કહેવાય. **(૪)** અને જે **પ્રત્યક્ષ ભગવાન છે તે કેવા છે તો અષ્ટ પ્રકારની જે વ્યાપ્ય પ્રકૃતિ** ૪
**અને તેને વિષે વ્યાપક એવી જે ચૈતન્ય પ્રકૃતિ તે બેયના આધાર છે,** જેમ આકાશ છે તે પૃથ્વી
આદિક ચાર તત્ત્વનો આધાર છે. **(૫)** ને પૃથ્વીની જ્યારે સંકોચ અવસ્થા થાય છે તે ભેળો **૫**
આકાશ પણ સંકોચને પામે છે ને પૃથ્વીની વિકાસ અવસ્થા થાય તે ભેળી આકાશની પણ વિકાસ અવસ્થા છે તથા જળ, તેજ ને વાયુની સંકોચ-વિકાસ અવસ્થા ભેળી આકાશની પણ

સંકોચ-વિકાસ અવસ્થા છે અને પૃથ્વ્યાદિક તત્ત્વની સંકોચ-વિકાસ અવસ્થા તે બેય આકાશને વિષે થાય છે તેમ એ બે પ્રકૃતિની સંકોચ-વિકાસ અવસ્થા ભેળી ભગવાનની પણ સંકોચ-વિકાસ અવસ્થા છે ને એ બે પ્રકૃતિની સંકોચ-વિકાસ અવસ્થા તે ભગવાનને વિષે છે એવા જે ભગવાન તે સર્વના આત્મા છે ત્યાં શ્રુતિઓ છે : **'यस्याक्षरं शरीरं' 'यस्यात्मा शरीरं' 'यस्य पृथ्वी शरीरं'** ॥ ઈત્યાદિક શ્રુતિઓ છે તથા અન્નમય બ્રહ્મ કહ્યો છે, મનોમય બ્રહ્મ કહ્યો છે, વિજ્ઞાનમય બ્રહ્મ કહ્યો છે, આનંદમય બ્રહ્મ કહ્યો છે ઈત્યાદિક ઘણીક પ્રકારની બ્રહ્મવિદ્યા કહી છે તેનું શું તાત્પર્ય છે જે ભગવાન સર્વના કારણ છે ને સર્વના આધાર છે, માટે એ સર્વેને બ્રહ્મ કહ્યા છે પણ એ સર્વે શરીર છે ને એ સર્વેના શરીરી તે ભગવાન શ્રીકૃષ્ણ
**પ્રત્યક્ષ** પુરુષોત્તમ છે. **(૬)** તે ભગવાનને વિષે એ જડ-ચૈતન્યરૂપ જે બે પ્રકૃતિ તે સંકોચ- ૬
વિકાસ અવસ્થાએ કરીને પોતાના કાર્ય સોતી સુખે કરીને રહી છે અને એ સર્વેને વિષે ભગવાન જે તે અંતર્યામીરૂપે કારણપણે કરીને રહ્યા છે અને પોતે તો અર્જુનના રથની પાટલી ઉપર બેઠા છે તેને વિષે અર્જુને સમગ્ર વિશ્વ, નદી, પર્વત, સમુદ્ર તેને વિકાસે સહિત દેખ્યાં, એવી રીતે
મહિમાએ સહિત જે ભગવાનને જાણે ને દેખે તેને પરિપૂર્ણ જ્ઞાન કહીએ. **(૭)** ૭

૩ ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** એવી રીતે દેખાતું તો ન હોય ને અંતઃકરણમાં તો એવી રીતની દૃઢ આંટી હોય તેને પરિપૂર્ણ જ્ઞાન કહેવાય કે નહિ ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ અંધારું ઘર હોય ને તેમાં કોઠી તથા થાંભલા રહ્યા હોય તેને દેખે છે તો પણ યથાર્થ દેખ્યા ન કહેવાય, તેમ પુરુષોત્તમ ભગવાનને વિષે જડ-ચિત્ પ્રકૃતિ રહી છે ને એ પ્રકૃતિ ને વિષે પોતે રહ્યા છે તેને અનુમાને કરીને જાણે છે પણ જો દેખ્યામાં નથી આવતું તો પરિપૂર્ણ જ્ઞાની ન કહેવાય, અને જો એને એવી આંટી ઠાવકી છે તો કાંઈક એને અલૌકિકપણું જણાણું જોઈએ; નહિ તો જણાશે અને નિઃસંદેહ એવી આંટી છે ને જણાતું નથી તો એમ સમજે જે, **આ ભગવાનને** વિષે તો સર્વે છે પણ મુને દેખાડતા નથી એવી જ એની ઈચ્છા છે, એમ સમજીને ભગવાનની ભક્તિ કરતો થકો પોતાને કૃતાર્થ માને છે તો એ પરિપૂર્ણ જ્ઞાની છે, માટે ઈન્દ્રિયો, અંતઃકરણ ને અનુભવ એ ત્રણે પ્રકારે કરીને જે ભગવાનને યથાર્થપણે જાણતો હોય તેને જ્ઞાની કહીએ. ને તેવા જ્ઞાનીને ભગવાને ગીતામાં શ્રેષ્ઠપણે કહ્યો છેઃ-

आर्त्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ । तेषां ज्ञानी नित्ययुक्त एक भक्तिर्विशिष्यते ॥

**એવો જે જ્ઞાની તે તો સદા સાકાર મૂર્તિ એવા જે આ પ્રત્યક્ષ ભગવાન તેને પ્રકૃતિ-પુરુષ ને અક્ષર તે થકી પર ને સર્વના કારણ, સર્વના આધાર જાણીને અનન્યપણે સેવે છે, એવી રીતે જે સમજવું તેને જ્ઞાન કહીએ અને એ જ્ઞાને કરીને આત્યંતિક મોક્ષ થાય છે. (૮)** અને જે ૮
એમ નથી સમજતા ને કેવળ શાસ્ત્રે કરીને ॥ अहं ब्रह्मास्मि ॥ થઈ બેસે છે ને કહે છે જે,

રામકૃષ્ણાદિક તો બ્રહ્મરૂપ એવો જે હું તે મારી લહેરી છે એવા જે બ્રહ્મકુદાળ આધુનિક વેદાંતી તે તો અતિ દુષ્ટ છે ને મહાપાપી છે અને મરીને નરકમાં પડે છે તે કોઈ દિવસ એનો છૂટકો થાતો નથી. (૯) ઇતિ વચનામૃતમ્ ॥૭॥ (૧૧૫) ૯

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન (૩) છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમને ભગવાન જાણ્યા વિના પ્રત્યક્ષ દેખે તેનું ને શાસ્ત્રે કરીને જાણે તે બેયનું કલ્યાણ સરખું છે. (૧) અને અમે અનિરુદ્ધરૂપે ઉત્પત્તિ કરીએ છીએ તે અનિરુદ્ધને વિષે સ્થાવર ને જંગમ વિશ્વ સાવકાશે કરીને રહ્યું છે, અને સંકર્ષણરૂપે સંહાર કરીએ છીએ ને પ્રદ્યુમ્નરૂપે સ્થિતિ કરીએ છીએ અને મચ્છાદિક અવતારોનું ધારણ કરીએ છીએ. (૨) અને ઇન્દ્રિયો, અંતઃકરણ ને અનુભવ એ ત્રણ પ્રકારે કરીને જાણ્યામાં આવે એવાં ત્રણ પ્રકારનાં કાર્ય છે. તે તે કાર્યને અર્થે તેવા તેવા રૂપનું ધારણ કરીએ છીએ એવા અમે પ્રત્યક્ષ ભગવાન તે અમને ઇન્દ્રિયો, અંતઃકરણ ને અનુભવ એ ત્રણે કરીને જાણે ત્યારે તે પૂરો જ્ઞાની કહેવાય. અને એમાંથી એકેય ઓછું હોય તો તે જ્ઞાની ન કહેવાય ને તે જન્મ-મૃત્યુને ન તરે. (૩) બીજામાં કૈવલ્યાર્થીનું આત્યંતિક કલ્યાણ ન થાય પણ તે અમારી ભક્તિનો અધિકારી થયો કહેવાય. (૪) અને પ્રત્યક્ષ ભગવાન જે અમે તે અમે વ્યાપ્ય ને વ્યાપક બેય પ્રકૃતિના આધાર છીએ. (૫) અમે વ્યાપ્ય ને વ્યાપક બેય પ્રકૃતિની સંકોચ ને વિકાસ અવસ્થા ભેળી અમારી એટલે અમારા અન્વય સ્વરૂપની સંકોચ-વિકાસ અવસ્થા છે. અને એ બે પ્રકૃતિની સંકોચ-વિકાસ અવસ્થા તે અમારું અન્વય સ્વરૂપ જે તેજ તેને વિષે છે અને પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન જે અમે તે અમે સર્વેના આત્મા ને કારણ ને આધાર ને શરીરી છીએ. (૬) અને જડ-ચૈતન્ય પ્રકૃતિ તે પોતાના કાર્ય સોતી અમારે વિષે એટલે અમારા તેજને વિષે રહી છે. અને એ સર્વેને વિષે અમે અંતર્યામીરૂપે કારણપણે રહ્યા છીએ એમ જાણે ને દેખે તે પરિપૂર્ણ જ્ઞાની છે ને તેનું કલ્યાણ દેહ છતાં જ છે. (૭) ત્રીજામાં એવી રીતે જાણે પણ દેખે નહિ તે પરિપૂર્ણ જ્ઞાની નથી. અને જો નિઃસંદેહ આંટી રાખીને કૃતાર્થ માને તો તે પણ પરિપૂર્ણ જ્ઞાની છે ને તેનો દેહાંતે મોક્ષ થાય છે. (૮) અને બ્રહ્મકુદાળ આધુનિક વેદાંતી તે અતિ દુષ્ટ ને મહાપાપી છે તેનો નરકમાંથી છૂટકો થતો નથી. (૯) બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં શ્રીજીમહારાજે શાસ્ત્રે કરીને જાણે ને દેખે તેનું જન્માંતરે કલ્યાણ થાય એમ કહ્યું તે જેવું પરોક્ષ અવતારોને જાણવે ને દેખવે કરીને કલ્યાણ થાય તેવું જ શ્રીજીમહારાજને શાસ્ત્રમાંથી જાણવે કરીને ને નેત્રે કરીને દેખવે કરીને કલ્યાણ થાતું હશે કે કાંઈ અધિક ન્યૂન થતું હશે ?

૧ **ઉ૦** જે અવતારને તેના સંબંધવાળા શાસ્ત્રમાંથી જાણે જે ભગવાન છે, પણ કેવા છે એવો મહિમા ન જાણે અને નેત્રે દેખે તે પણ ઓળખ્યા વિના દેખે તે જન્માંતરે તેમના ધામમાં જાય; અને શ્રીજીમહારાજને તેમના સંબંધવાળા શાસ્ત્રમાંથી ભગવાન છે એમ જાણે પણ મહિમા ન જાણે અને દેખે, પણ બીજા મનુષ્યની પેઠે મનુષ્ય જાણે પણ ભગવાન છે એમ ઓળખે નહિ તે જન્માંતરે શ્રીજીમહારાજના ધામને પામે. ને શાસ્ત્રમાંથી જેવા છે એવા તો સત્પુરુષ થકી જ જણાય છે, માટે સત્પુરુષ થકી જેવા છે એવા શ્રીજીમહારાજને જાણે તો દેહને અંતે શ્રીજીમહારાજના ધામને પામે, અને જેવા છે એવા જાણે ને દેખે તો છતે દેહે જ અક્ષરધામને પામી રહ્યો છે.

૨ **પ્ર૦** એક તો ભગવાન મનુષ્યરૂપે વિચરતા હોય તે સમે સત્પુરુષ થકી વા શાસ્ત્રમાંથી સત્પુરુષ દ્વારાએ યથાર્થ ભગવાનને જાણે અને એકને તો ભગવાને મનુષ્યરૂપ અદૃશ્ય કર્યું હોય ને સત્પુરુષ થકી વા શાસ્ત્રમાંથી સત્પુરુષ દ્વારા એ ભગવાનનું જ્ઞાન યથાર્થ થાય તે બેનું સરખું કલ્યાણ થાય કે કાંઈ અધિક ન્યૂન રહે ?

૨ **ઉ૦** પ્રતિમા તથા મનુષ્યરૂપ તથા ધામમાં જે મૂર્તિ છે તે એક જ છે માટે શ્રીજીમહારાજ સદાય એક જ રૂપે વિરાજમાન છે ને સદાય સાક્ષાત્ છે માટે બેયનું સરખું કલ્યાણ થાય છે.

૩ **પ્ર૦** ત્યારે આગળ થયેલા અવતારો સાક્ષાત્ છે કે નથી ?

૩ **ઉ૦** જે અવતાર થયો હોય તેના ઉપરી પૃથ્વી ઉપર ન આવ્યા હોય ત્યાં સુધી એને પ્રત્યક્ષ કહેવાય ને એના ભક્તો એના ધામમાં જાય અને જ્યારે એના અવતારી પ્રગટ થાય ત્યારે તે અવતાર પરોક્ષ કહેવાય ને એની ભક્તિ કરી હોય તેનું ફળ

અવતારી આપે તે પોતાના સંપ્રદાયમાં લાવીને મોક્ષ કરે, માટે સર્વ અવતારોના અવતારી સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે તે અવતારોનું તથા તેમના ભક્તોનું આત્યંતિક કલ્યાણ કરવા પ્રગટ થયા છે ને સદાય પ્રત્યક્ષ છે. અને આગળ થઈ ગયા ને હવે થશે તે સર્વના ઉપરી છે તે (**મ૦ ૫૮**ના પહેલા પ્રશ્નોત્તરમાં) ચોથા હેતુમાં કહ્યું છે.

૪ **પ્ર૦** (૧/૨ પહેલા પ્રશ્નમાં) અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ કહ્યા તે કોને કહ્યા હશે ?

૪ **ઉ૦** આ ઠેકાણે મૂળઅક્ષરને અનિરુદ્ધ કહ્યા છે તે અનિરુદ્ધને વિષે સ્થાવર એટલે સદા સ્થિર જે ચળે નહિ તે, અને જંગમ એટલે જેની સ્થિરતા નહિ અર્થાત્ જેનો નાશ છે એવું વિશ્વ કહ્યું તે માયા સુધી ચળ વિશ્વ જાણવું અને મૂળમાયાથી પર મૂળઅક્ષરનું કાર્ય જે બ્રહ્મકોટી તે સર્વે અચળ વિશ્વ જાણવું, તે ચળ-અચળ વિશ્વ સાવકાશે કરીને મૂળઅક્ષરરૂપ અનિરુદ્ધને વિષે રહ્યું છે, અને વાસુદેવબ્રહ્મને પ્રદ્યુમ્ન કહ્યા છે તે પ્રદ્યુમ્ન પોતાથી નીચા રહ્યા તે સર્વેનું પોષણ કરે છે, અને મહાકાળને સંકર્ષણ કહ્યા છે તે મહાકાળ મૂળપુરુષના કાર્યનો સંહાર કરે છે. આ અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ તે અવિનાશી છે અને દિવ્ય છે તે મૂળપુરુષથી પર છે ને (**પં૦ ૨** માં) કહ્યું છે જે સાંખ્ય જ્ઞાને કરીને પ્રકૃતિપુરુષથી ઊપન્યું તેને મિથ્યા કહેવું પણ સંકર્ષણ, પ્રદ્યુમ્ન ને અનિરુદ્ધ એમના રૂપને મિથ્યા ન કહેવા તે આ સંકર્ષણાદિક ત્રણને કહ્યા છે અને તે ત્રણથી પર જે પોતાનું તેજ એ તેજને નિર્ગુણ વાસુદેવ કહ્યા છે એ નિર્ગુણ વાસુદેવ તે અનિરુદ્ધ જે મૂળઅક્ષરાદિક સર્વે તેના આધાર ને આત્મા ને નિયંતા ને પ્રેરક છે, અને એ નિર્ગુણ વાસુદેવના આધાર ને આત્મા તે શ્રીજીમહારાજ મૂર્તિમાન છે.

૫ **પ્ર૦** (૧/૩ પહેલા પ્રશ્નમાં) ઇન્દ્રિયો, અંતઃકરણ ને અનુભવે કરીને જાણ્યામાં આવે તે કાર્યની સિદ્ધિને અર્થે તેવા રૂપનું ધારણ કરીએ છીએ એમ શ્રીજીમહારાજે કહ્યું તે ઇન્દ્રિયે કરીને ગ્રહણ કરવામાં આવે એવું કાર્ય શું હશે ? અને એ કાર્યને માટે કેવું રૂપ ધરતાં હશે ? અને અંતઃકરણે કરીને ગ્રહણ કર્યામાં એટલે જાણ્યામાં આવે તે કાર્ય શું હશે ? અને તે કાર્યને માટે કેવું રૂપ ધરતા હશે ? અને અનુભવે કરીને જાણ્યામાં આવે તે કાર્ય શું હશે ? અને તે કાર્યને માટે કેવું રૂપ ધરતા હશે ?

૫ **ઉ૦** શ્રીજીમહારાજ મચ્છ-કચ્છાદિક તથા રામકૃષ્ણાદિક અવતારો રૂપે પ્રગટ થાય છે તે રૂપ જાણવાં અને તેમણે આ લોકને વિષે આશ્ચર્ય રૂપી કાર્ય કર્યા તે કાર્ય જાણવાં તે (**પ્ર૦ ૨૭**/૧માં) થઈ ગયેલા અને થાય છે અને થાશે તે સર્વે આશ્ચર્ય અમારાં જાણવાં, એમ શ્રીજીમહારાજે કહ્યું છે તે કાર્ય ઇન્દ્રિયે કરીને દીઠામાં આવ્યા છે અને મૂળઅક્ષરરૂપી અનિરુદ્ધ તથા વાસુદેવબ્રહ્મરૂપી પ્રદ્યુમ્ન તથા મહાકાળરૂપી સંકર્ષણ તેમની પાસે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરાવે છે તે રૂપ કહ્યા છે અને ઉત્પત્ત્યાદિ કાર્ય કહ્યાં છે અને તે અંતઃકરણે કરીને જાણ્યામાં આવે છે. અને પોતાના ભક્તોને મૂર્તિનું સુખ આપવું તે કાર્ય જાણવું અને તે સુખ આત્મસત્તાથી અનુભવાય છે અને તે સુખ આપવાને અર્થે ભક્તના આત્માને વિષે સાક્ષાત્ દેખાય તે રૂપ જાણવું.

૬ **પ્ર૦** ઇન્દ્રિયો, અંતઃકરણ ને અનુભવ એ ત્રણે પહોંચે એવા ભગવાનને જ્ઞાને કરીને મોક્ષ થાય એમ કહ્યું તે ભગવાન કિયા હશે અને એ ત્રણે પહોંચ્યા ક્યારે કહેવાય ?

૬ **ઉ૦** એવા આ પ્રત્યક્ષ ભગવાન શ્રી સ્વામિનારાયણ છે તે ભગવાન દયા કરીને મનુષ્યરૂપે દર્શન આપે તેનાં દર્શન કરે તે ઇન્દ્રિયો પહોંચ્યા કહેવાય. અને તે પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણનો મહિમા સમજે જે, આ પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ છે તે ક્ષર જે માયા ને અક્ષર જે મૂળઅક્ષરાદિક સર્વેના અંતર્યામી ને આધાર ને કારણ છે તે સર્વેને વિષે અંતર્યામીરૂપે રહ્યા થકા મૂર્તિમાન ન્યારા છે તે આ પ્રત્યક્ષ મુને મળ્યા તે જ છે, એવો મહિમા સમજીને શ્રીજીમહારાજને હૃદયને વિષે દેખે ત્યારે અંતઃકરણ પહોંચ્યા કહેવાય. અને એ મૂર્તિને બ્રહ્મરૂપ જે પોતાનો આત્મા તેને વિષે દિવ્ય તેજોમય અખંડ દેખે ત્યારે ત્રણે પૂગ્યાં કહેવાય. અને તેમની પ્રતિમાનો પણ એવી રીતે મહિમા જાણીને પોતાના આત્માને વિષે ધ્યાને કરીને સાક્ષાત્કાર કરે તો ઇન્દ્રિયો, અંતઃકરણ ને અનુભવ પહોંચ્યા કહેવાય.

૭ **પ્ર૦** (૧/૩ પહેલાં પ્રશ્નમાં) ઇન્દ્રિયો, અંતઃકરણ ને અનુભવ એ ત્રણે પુગે એવા શ્રીકૃષ્ણને કહ્યા છે અને તમે શ્રીજીમહારાજને કહ્યા તેનું શું કારણ છે ?

૭ **ઉ૦** એ તો શ્રીજીમહારાજે પરોક્ષના દૃષ્ટાંતે કરીને પોતાને કહ્યા છે, કેમ જે આ બાબતમાં એ ત્રણે કરીને યથાર્થપણે પ્રત્યક્ષ ભગવાનને જાણે ત્યારે પૂરો જ્ઞાની કહેવાય એમ કહ્યું છે માટે પ્રત્યક્ષ ભગવાન પોતાને જ કહ્યા છે.

૮ **પ્ર૦** (૨/૬ બીજા પ્રશ્નમાં) ભગવાનની સંકોચ-વિકાસ અવસ્થા કહી તે કેવી રીતે સમજવું ?

૮ ઉ૦ જ્યારે વિશ્વ સૃજાય છે ત્યારે પુરુષદ્વારે અંતર્યામી શક્તિ વ્યાપે છે તે વિકાસને પામી કહેવાય અને જ્યારે પ્રલય થાય છે ત્યારે અંતર્યામી શક્તિ સંકોચ પામે છે ને પુરુષ પોતાને સ્વરૂપે રહે છે તે સંકોચ અવસ્થા કહી છે, માટે પુરુષદ્વારે સંકોચ વિકાસપણું છે તે (**પ્ર૦ ૪૬**માં) કહ્યું છે.

૯ **પ્ર૦** અન્નમય, મનોમય, વિજ્ઞાનમય તથા આનંદમય બ્રહ્મ કહ્યો તેનો અર્થ શો સમજવો ?

૯ ઉ૦ અન્નમય બ્રહ્મ તે દેહ જાણવો અને મનોમય બ્રહ્મ તે મન જાણવું અને વિજ્ઞાનમય બ્રહ્મ તે આત્મા જાણવો અને આનંદમય બ્રહ્મ તે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન જાણવા. **॥૭॥ (૧૧૫)**

## વચનામૃત લોયાનું - ૮

❖સંવત ૧૮૭૭ના માગશર સુદિ ૫ પંચમીને દિવસ રાત્રિને સમે શ્રીજીમહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને ધોળો ફેંટો મસ્તકે બાંધ્યો હતો ને ધોળી છીંટની ડગલી પહેરી હતી ને ધોળો ખેસ પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ તે સમયને વિષે શ્રીજીમહારાજને મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** જે ભોળો હોય તેને તો કોઈ સ્વભાવ દેખીને સંતનો અવગુણ આવે, પણ જે ડાહ્યો હોય તેને સંતનો અવગુણ કેમ આવે છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જે ડાહ્યો હોય તેને પોતામાં જે કોઈ અયોગ્ય સ્વભાવ દેખ્યામાં આવ્યો ને તેની ઉપર પોતે અતિ દોષબુદ્ધિ રાખીને દ્વેષે સહિત તે સ્વભાવને ટાળ્યાનો દાખડો કરતો હોય અને તે સ્વભાવ ઉપર પોતાને અતિ ખાર હોય અને તેનો તે સ્વભાવ કોઈ બીજા સંતમાં દેખાય ત્યારે તેનો અભાવ આવે છે, અને જે મૂર્ખ હોય તે તો પોતાના સ્વભાવને ટાળે નહિ ને બીજા સંતમાં કાંઈક તે સ્વભાવ દેખે તો તેનો અવગુણ લે છે તેને મૂર્ખ કહીએ. **(૧)** ૧

ત્યાર પછી શ્રીજીમહારાજ નાના નાના પરમહંસને તેડાવીને પોતે પ્રશ્ન શીખવવા લાગ્યા
૨ ને પોતે ઉત્તર કરવા લાગ્યા. તેમાં પ્રથમ તો પોતે એમ પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** કામ, ક્રોધ ને લોભાદિક શત્રુનો જે વેગ તેનું જે તીવ્રપણું ને મંદપણું તે બાળ, યૌવન ને વૃદ્ધ તેણે કરીને છે, તે કેવી રીતે તો બાળપણામાં મંદ વેગ હોય અને યૌવન અવસ્થામાં તીવ્ર વેગ હોય ને વળી પાછું વૃદ્ધપણામાં મંદપણું થાય, એમ કામાદિકનું તીવ્ર મંદપણું છે તે તો જણાય છે પણ વિચારે કરીને એનું મંદપણું છે કે નહિ ? ત્યારે તેનો ઉત્તર પોતે જ કર્યો જે, વિચારે કરીને પણ કામાદિકનું મંદપણું છે, તે વિચાર કેમ કરે તો બાળ અવસ્થામાં મંદપણું છે, **યૌવન અવસ્થામાં તીવ્રપણું છે ને વૃદ્ધ અવસ્થામાં પાછું મંદપણું છે તે તો આહારે કરીને છે જે બાળ અવસ્થાને વિષે પણ આહાર થોડો છે માટે કામ પણ ઓછો છે ને વૃદ્ધ અવસ્થામાં પણ આહાર ઓછો હોય એટલે કામ પણ ઓછો હોય, અને યૌવન અવસ્થામાં આહારની વૃદ્ધિ હોય એટલે કામની પણ વૃદ્ધિ હોય, તે માટે જો યૌવન અવસ્થામાં આહાર ઓછો કરે ને દેહે કરીને શીત, ઉષ્ણ, વરસાદ, ભૂખ તેનું જાણી જાણીને સહન કરે એવો જે વિચાર રાખે અને**

મોટા સાધુનો સમાગમ રાખે તો તેને યૌવન અવસ્થામાં પણ કામ મંદ પડી જાય. **(૨)** ૨

૩ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૩)** જીવને નાના પ્રકારનાં વ્યસન પડે છે તે કોઈકને ભાંગ્યનું, અફીણનું, દારૂનું, ગાંજાનું ઇત્યાદિક અનેક પ્રકારનાં પડે છે તે વ્યસન ક્રિયમાણ છે કે પ્રારબ્ધે કરીને છે ? ત્યારે તેનો ઉત્તર પણ પોતે જ કર્યો જે, એ વ્યસન તો કર્યાં થાય છે પણ પ્રારબ્ધે કરીને નથી, માટે જો એ વ્યસનને ટાળ્યાનો શ્રદ્ધા સહિત આગ્રહ કરે ને શૂરવીરપણું હોય તો તે ટળી જાય ને શ્રદ્ધા ન હોય ને ફોશી હોય તેથી એ સ્વભાવ ટળે નહિ. **(૩)** ૩

૪ પછી વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૪)** કેટલાંક બાળકને તો વૃદ્ધના સરખી પ્રકૃતિ હોય છે ને કેટલાંકને તો અતિ ચંચળ પ્રકૃતિ હોય છે તે સંગે કરીને થાય છે કે એના જીવમાં જ એવી પ્રકૃતિ રહી છે ? ત્યારે તેનો ઉત્તર પણ પોતે જ કર્યો જે બહુધા તો સંગે કરીને જ સારી-નરસી પ્રકૃતિ થાય છે ને કેટલાકને પૂર્વ કર્માનુસારે પણ થાય છે. **(૪)** ૪

૫ પછી કપિલેશ્વરાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૫)** હે મહારાજ ! પૂર્વનો સ્વભાવ હોય તે કેમ જાણવો ? ને હમણાંનો સ્વભાવ હોય તે કેમ જાણવો ? ત્યારે શ્રીજીમહારાજે તેનો ઉત્તર કર્યો જે, જે સ્વભાવ હમણાંનો હોય તે તો જો રૂડા સંતને સંગે રહીને થોડોક તેને ટાળ્યાનો ઉપાય કરે તો ટળી જાય, જેમ વંડી ઉપર તૃણ ઊગ્યાં હોય તે પાંચ દહાડા મેઘ ન વરસે તો સુકાઈ જાય તેમ હમણાંનો જે સ્વભાવ તે તો થોડાક દિવસમાં ટળી જાય છે અને જે પૂર્વનો સ્વભાવ હોય તેને ટાળ્યાનો તો અતિ દાખડો કરે ત્યારે માંડ માંડ ટળે, જેમ ધરતીમાં ધ્રોનો છોડ હોય અથવા બોરડીનાં ઝાડ હોય તેને તો ખેડુ અગ્નિ લગાડીને બાળે તો પણ પાછો ફૂટી આવે ને જો કોદાળી લેઈને મૂળમાંથી ખોદી નાખે તો જાય તેમ જે પૂર્વનો સ્વભાવ હોય તેને રૂડા સંતના સમાગમમાં રહીને અતિ પ્રયાસે કરીને ટાળે તો માંડ માંડ ટળે. **(૫)** ૫

૬ અને ત્યાર પછી વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૬)** જેની ઇન્દ્રિયો ચંચળ હોય તે ચંચળતાને ટાળ્યાના પૃથક્ પૃથક્ કિયા ઉપાય છે ? ત્યારે તેનો ઉત્તર પણ પોતે જ કર્યો જે, ચક્ષુ ઇન્દ્રિયની ચંચળતા ટાળ્યાનો એ ઉપાય છે જે, નાસિકાગ્ર દૃષ્ટિ રાખે ને આડું-અવળું જુએ નહિ ને ભણવું હોય તો ભણ્યા કરે તથા ભજન-સ્મરણ કર્યા કરે અને એમ કરતાં સ્ત્રી આદિક દેખાઈ જાય અને અયોગ્ય ઘાટ ન થયો હોય તો પણ નેત્રને ઉઘાડાં રાખીને મેષોન્મેષે રહિત કરીને જ્યાં સુધી નેત્ર સારી પેઠે બળે ને આંસુ ચાલે ત્યાં સુધી ઘડી બે ઘડી પર્યંત જોઈ રહે, ત્યારે તેની દૃષ્ટિ ચંચળ હોય તો પણ વશ થઈ જાય છે, અને નાસિકા ઇન્દ્રિય છે તે કોઈનું શરીર અથવા મુખ કે વસ્ત્ર તે ગંધાતું હોય તેનો ગંધ લે ત્યારે તે ન ગમે ત્યારે તેનો એમ વિચાર કરે જે, મારો દેહ પણ ઉપરથી સારો છે પણ માંહી તો રુધિર, માંસ, હાડકાં છે તથા પેટમાં મળમૂત્ર, આંતરડાં છે, એમ વિચારે તો નાસિકાની ચંચળતા ટળે, અને કાનની

ચંચળતા એમ ટળે જે, કોઈ રમૂજ થાતી હોય અથવા ભવાઈ થાતી હોય તો તેને સાંભળ્યામાં હેત થાય ને ભગવાનની કથા-કીર્તન સાંભળ્યામાં નિદ્રા આવે ત્યારે ઊભા થવું ને નિદ્રા-આળસને ટાળવું ને ભગવાનની કથા સાંભળ્યામાં શ્રદ્ધા રાખવી ને હેત રાખવું તો કાન જિતાય, અને ત્વચા ઇન્દ્રિયને એમ જીતે જે, જાણી જાણીને ટાઢ, તડકો, વરસાદ તેને ખમવો ને ગોદડી હોય તે ઉશીકે મૂકી રાખવી ને સારી પેઠે ટાઢ વાય ત્યારે ઓઢવી, તથા જ્યાં ત્યાં પડી રહેવું એમ કરીને ત્વચાને બાળી નાખે એમ કરે તો ત્વચા ઇન્દ્રિયની ચંચળતા ટળે, અને હાથની ચંચળતા એમ ટળે જે, જ્યારે હાથ નવરા હોય ત્યારે હાથમાં માળા રાખીને શ્વાસોશ્વાસે ભગવાનનું નામ લઈને તે માળા ફેરવવી પણ ઉતાવળી લહરકે માળા ન ફેરવવી ને કેટલાક એમ કહે છે જે, મને કરીને તો નામ વધુ લેવાય એ વાત ખોટી છે, જેટલાં જીભે લેવાય તેટલાં જ મને કરીને લેવાય છે એમ કરે તો હાથની ચંચળતા ટળે, અને પગ ચંચળ હોય તો આસનને જીતવું તો પગ જિતાય, અને શિશ્ન ચંચળ હોય તો જેમ ઝીણી ખસ હોય કે રાતી દાદર હોય તેને ખંજોળીએ તો લોહી નીકળે ત્યાં સુધી ખરજ ટળે નહિ અને જો ન ખંજોળીયે તો તે એમ ને એમ બળી જાય તેમ શિશ્ન ઇન્દ્રિયમાં ચળ આવે તો પણ તેને હાથે કરીને અડે જ નહિ અને જો શિશ્નમાં વાયુ ભરાતો હોય તો આહાર થોડો કરે ને ઉપવાસ કર્યા કરે ને દેહને બળહીન કરી નાખે તો શિશ્ન જિતાય, અને જિહ્વા ઇન્દ્રિયને જીતવી હોય તો જે વસ્તુ જીભને ગમતી હોય તે વસ્તુ ન આપવી અને આહાર યુક્ત કરવો તો જિહ્વાની ચંચળતા ટળે છે, અને વાણી ચંચળ હોય તો એમ ટળે જે, મુક્તાનંદ સ્વામી જેવા વાર્તા કરતા હોય તથા કથા વાંચતા હોય તે વચમાં પોતે ડહાપણ કરીને બોલવું નહિ અને જો વચમાં બોલાઈ જાય તો પચવીસ માળા ફેરવવી તો વાણીની ચંચળતા ટળી જાય. **(૬)** ૬

૭ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૭)** એ સર્વ ઇન્દ્રિયો છે તેમાંથી એકને પરિપક્વ જીતે તો સર્વે ઇન્દ્રિયો જિતાય એવી એક કેઈ ઇન્દ્રિય છે ? ત્યારે તેનો ઉત્તર પણ પોતે જ કર્યો જે, **એક જિહ્‌વાને પરિપક્વ જીતે તો બીજી સર્વે ઇન્દ્રિયો જિતાય છે. (૭)** ૭

૮ ત્યાર પછી વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૮)** જે પુરુષને અંતરમાં કામ વ્યાપ્યો હોય તેને બાહેરથી કેમ જાણીએ જે એને કામ વ્યાપ્યો છે અને એનું જે અંગ તે તો વસ્ત્રમાં ઢાંક્યું હોય છે ?ત્યારે એનો ઉત્તર પણ પોતે જ કર્યો જે, **જેને કામ વ્યાપે તેનાં નેત્ર આદિક જે સર્વે ઇન્દ્રિયો તે ચંચળ થાય ત્યારે જાણવું જે એ કામે વ્યાકુળ થયો છે. (૮)** ૮

૯ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૯)** જેનો ચંચળ સ્વભાવ હોય તેને શાંત થાવું અને જેનો શાંત સ્વભાવ હોય તેને ચંચળ થાવું તે કિયા વિચારે કરીને થાય છે ? ત્યારે તેનો ઉત્તર પણ પોતે જ કર્યો જે, જે ચંચળ હોય તે એમ વિચારે જે હું આત્મા છું; બ્રહ્મ છું; અલિંગ છું ને આકાશની પેઠે સ્થિર છું, એવે વિચારે કરીને ઉપશમ અવસ્થાને પામે તો ચંચળ હોય

તે શાંત થાય અને શાંતને ચંચળ થાવું હોય તેને તો ભગવાન ને ભગવાનના ભક્તનું માહાત્મ્ય જાણવું ને માહાત્મ્ય જાણે ત્યારે ભગવાનની નવ પ્રકારે ભક્તિ કરે તથા ભગવાનના ભક્તની સેવા-ચાકરી કરી તેણે કરીને એનો ચંચળ સ્વભાવ થાય છે. **(૯)** ૯

૧૦ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧૦)** શ્રીમદ્ ભાગવતાદિક જે આઠ સત્શાસ્ત્ર તેમાંથી કોઈ ત્યાગ કરવા યોગ્ય છે કે સર્વે ગ્રહણ કરવા યોગ્ય છે ? ત્યારે તેનો ઉત્તર પણ પોતે જ કર્યો જે, એ સર્વે ગ્રંથમાં પણ અનેક પ્રકારનાં પ્રકરણ છે તે સર્વે પ્રકરણે કરીને ભગવાનને પામ્યા જે ભક્ત તેમનાં અંગ કહ્યાં છે માટે એ સર્વે ગ્રહણ કરવા યોગ્ય છે, પણ સર્વે પ્રકરણમાંથી જે પ્રકરણ પોતાના અંગમાં મળતું આવતું હોય તેને ગ્રહણ કરવું ને બીજાનો ત્યાગ કરવો ને એમ જાણવું જે, એ છે તો સાચું પણ એ બીજા ભક્તને અર્થે છે પણ મારે અર્થે નથી. **(૧૦)** ૧૦

૧૧ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧૧)** આ તમે સર્વે નાનાં છોકરાં બેઠાં છો તેમાંથી કોઈકને તો આ સર્વે સંત પ્રમાણ કરે છે ને કોઈકનું તો નથી કરતા અને સર્વેની અવસ્થા સરખી છે ને સંગ પણ એકસરખો છે અને ભોજન, વસ્ત્ર, ઉપાસના, શાસ્ત્ર, ઉપદેશ, મંત્ર, તે સર્વેને એકસરખાં છે તો પણ જે ન્યૂનાધિકપણું રહી ગયું છે તેનું શું કારણ છે ? અને જે સંત છે તે તો સમદૃષ્ટિવાળા છે ને નિર્પક્ષ છે ને ધર્મવાળા છે તે તો જે જેવો હોય તેને તેમ જ કહે માટે એનો ઉત્તર કહો. પછી પોતે જ એનો ઉત્તર કર્યો જે, જેનાં સંત વખાણ કરે છે તેને શ્રદ્ધા છે માટે ધર્મ પાળ્યાને વિષે તેનો વધારો છે ને તેને સંતની સેવા કરવાને વિષે તથા ભગવાનની વાત સાંભળવાને વિષે પણ શ્રદ્ધા છે ને સંતનો વિશ્વાસ છે માટે એ વધી ગયો; અને જે આવા સમાગમમાં રહ્યો થકો વધ્યો નહિ તે શ્રદ્ધા રહિત છે એમ જાણવું. **(૧૧)** ૧૧
ઈતિ વચનામૃતમ્ ||૮|| **(૧૧૬)**

**રહસ્યાર્થ પ્રદી૦** - આમાં પ્રશ્ન **(૧૧)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, જેને પોતાના અયોગ્ય સ્વભાવ ઉપર અભાવ હોય ને તે સ્વભાવ બીજા સંતને વિષે દેખીને તેનો અભાવ આવે તે ડાહ્યો છે ને જે પોતાના સ્વભાવને ટાળે નહિ ને બીજા સંતના સ્વભાવને દેખીને અવગુણ લે તે મૂર્ખ છે. **(૧)** બીજામાં યૌવન અવસ્થામાં આહાર ઓછો કરે તથા મોટા સાધુનો સમાગમ રાખે તો કામાદિક મંદ પડી જાય છે. **(૨)** ત્રીજામાં વ્યસન કર્યાં થાય છે ને શ્રદ્ધાવાનથી ટળે છે. **(૩)** ચોથામાં સારી-નરસી પ્રકૃતિ સંગે કરીને તથા પૂર્વ કર્માનુસારે થાય છે. **(૪)** પાંચમામાં જે સ્વભાવ સંતને સંગે થોડા ઉપાયે ટળી જાય તે હમણાંનો જાણવો અને ઘણે દાખડે ટળે તે પૂર્વનો જાણવો. **(૫)** છઠ્ઠામાં ઈન્દ્રિયોની ચંચળતા ટાળ્યાના પૃથક્ પૃથક્ ઉપાય બતાવ્યા છે. **(૬)** સાતમામાં જિહ્વા ઈન્દ્રિયને જીત્યે સર્વે ઈન્દ્રિયો જિતાય છે. **(૭)** આઠમામાં સર્વે ઈન્દ્રિયો ચંચળ થાય ત્યારે કામ વ્યાપ્યો જણાય. **(૮)** નવમામાં ચંચળને શાંત ને શાંતને ચંચળ થવાનો ઉપાય બતાવ્યો છે. **(૯)** દશમામાં પરોક્ષ આઠ શાસ્ત્રમાંથી જે પ્રકરણ પોતાના અંગમાં મળતું આવતું હોય તેનું જ ગ્રહણ કરવું. **(૧૦)** અગિયારમામાં શ્રદ્ધાવાળો વૃદ્ધિ પામે છે. **(૧૧)** બાબતો છે.

૧ **પ્ર૦** નવમા પ્રશ્નમાં આત્મારૂપ ને બ્રહ્મરૂપ છું એમ વિચારવાથી ઉપશમ થાય છે એમ કહ્યું, અને (**અ૦ ૩**ના પહેલા પ્રશ્નમાં) શ્રીજીમહારાજની મૂર્તિના ચિંતવન ને બળે કરીને ઉપશમ અવસ્થા થાય છે એમ કહ્યું તે ઉપશમના બે પ્રકાર કહ્યા તેમાં

ન્યૂનાધિક ભાવ હશે કે નહિ હોય ?

૧ ઉ૦ (**અ૦ ૩**માં) મૂર્તિના ચિંતવને કરીને ઉપશમને પામે ત્યારે પંચવિષય જન્મમરણના હેતુ થતા નથી એમ કહ્યું ને આમાં ચંચળ પ્રકૃતિ ટળી જાય એટલું જ ઉપશમ કહ્યું છે. તેમાં (**અ૦ ૩**માં) કહ્યું તેથી આ ન્યૂન છે.

૨ **પ્ર૦** દશમા પ્રશ્નમાં આઠ સત્શાસ્ત્રનું વચન પોતાના અંગમાં મળતું આવે એટલું જ ગ્રહણ કરવું એમ કહ્યું તે અંગ કિયું જાણવું ?

૨ **ઉ૦** સ્વરૂપનિષ્ઠા, ધર્મનિષ્ઠા, આત્મનિષ્ઠા, ભક્તિનિષ્ઠા, ત્યાગ, તપ, વૈરાગ્ય એ આદિક અંગ છે તેમાંનું જે અંગ પોતાને વિષે મુખ્ય હોય તે અંગને મળતું આવતું હોય તે વચન ગ્રહણ કરવું એમ કહ્યું છે. **॥૮॥ (૧૧૬)**

## વચનામૃત લોયાનું - ૯

❖સંવત ૧૮૭૭ના માગશર સુદિ ૬ છઠને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં વિરાજમાન હતા ને ધોળી છીંટની ડગલી પહેરી હતી તથા ધોળો સુરવાળ પહેર્યો હતો તથા ધોળો ફેંટો મસ્તકે બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સર્વે પરમહંસ પરસ્પર પ્રશ્ન ઉત્તર કરો. ત્યારે આત્માનંદ
૧ સ્વામીએ અખંડાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ ને ધર્મ એ ચારને ઊપજ્યાનો હેતુ શો છે ? પછી તેનો ઉત્તર શ્રીજીમહારાજે કર્યો જે વૈરાગ્ય તો એમ ઊપજે જે, જો કાળનું સ્વરૂપ જાણ્યામાં આવે, તે કાળનું સ્વરૂપ તે શું તો **નિત્ય પ્રલયને** જાણે, **નૈમિત્તિક પ્રલયને** જાણે, **પ્રાકૃત પ્રલયને** જાણે, અને **આત્યંતિક પ્રલયને** જાણે તથા બ્રહ્માદિક સ્તંબ પર્યંત સર્વ જીવના આયુષ્યને જાણે ને એમ જાણી ને પિંડ-બ્રહ્માંડ સર્વ પદાર્થને કાળનું ભક્ષ સમજે ત્યારે વૈરાગ્ય ઊપજે. અને જ્ઞાન તો એમ થાય જે જો બૃહદારણ્ય, છાંદોગ્ય, કઠવલ્લી આદિક જે ઉપનિષદ તથા ભગવદગીતા તથા વાસુદેવ માહાત્મ્ય તથા વ્યાસસૂત્ર ઇત્યાદિક ગ્રંથનું સદ્ગુરુ થકી શ્રવણ કરે તો જ્ઞાન ઊપજે. અને ધર્મ તો એમ ઊપજે જે, જો યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, મનુસ્મૃતિ, પરાશર સ્મૃતિ, શંખ લિખિત સ્મૃતિ ઇત્યાદિક સ્મૃતિનું શ્રવણ કરે તો ધર્મ ઊપજે ને તેમાં નિષ્ઠા આવે, અને ભક્તિ એમ ઊપજે જે, જો ભગવાનની જે વિભૂતિઓ છે તેને જાણે તે કેમ જાણે તો ખંડખંડ પ્રત્યે ભગવાનની મૂર્તિઓ જે રહી છે તેનું શ્રવણ કરે તથા ભગવાનનાં ગોલોક, વૈકુંઠ, બ્રહ્મપુર, શ્વેતદ્વીપાદિક ધામ છે તેને સાંભળે, તથા જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયરૂપ જે ભગવાનની લીલા તેને માહાત્મ્યે સહિત સાંભળે તથા રામ-કૃષ્ણાદિક જે ભગવાનના અવતાર તેની જે કથાઓ તેને હેતે સહિત સાંભળે તો ભગવાનને વિષે ભક્તિ ઊપજે. અને એ ચારમાં જે ધર્મ છે તે તો કાચી બુદ્ધિ હોય ને પ્રથમ જ કર્મકાંડરૂપ જે સ્મૃતિઓ તેનું શ્રવણ કરે તો ઊપજે. અને જ્યારે ધર્મને વિષે દઢતા થાય ત્યાર પછી ઉપાસનાના ગ્રંથનું શ્રવણ કરે ત્યારે એને જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય એ ત્રણે ઊપજે, એવી રીતે એ ચારને ઊપજ્યાના હેતુ છે. **(૧)** ઇતિ વચનામૃતમ્ **॥૯॥ (૧૧૭)** ૧

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ ને ધર્મ એ ચારને ઊપજવાના હેતુ બતાવ્યા છે. આમાં શ્રીજીમહારાજે પરોક્ષના દૃષ્ટાંતે કરીને વાત કરી છે, માટે પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણના ઉપાસકને વચનામૃત, સત્સંગીજીવન, સત્સંગીભૂષણ, હરિલીલા કલ્પતરુ આદિક પોતાના સાંપ્રદાયિક ગ્રંથોનું શ્રવણ કરવાથી એ ચારે ઊપજે છે માટે પ્રત્યક્ષના ગ્રંથનું શ્રવણ કરવું. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** શ્રીજીમહારાજે વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ ને ધર્મ તેને ઊપજવાના હેતુ કહ્યા પણ એ ચારેનાં સ્વરૂપ તથા ફળ શાં હશે ?

૧ **ઉ૦** સત્પુરુષના પ્રસંગથી માયિક વિષય તથા ઈશ્વરકોટી, બ્રહ્મકોટી ને અક્ષરકોટીનાં સુખ તથા ઐશ્વર્યની અરુચિ થાય ને શ્રીજીમહારાજના સુખને સર્વથી અધિક જાણીને શ્રીજીમહારાજને વિષે હેત થાય તે વૈરાગ્યનું સ્વરૂપ છે, અને શ્રીજીમહારાજના સુખથી ઓરાં જે સમગ્ર સુખ, ઐશ્વર્ય તે પ્રાપ્ત થાય તેને ભોગવવાનો સંકલ્પ ન થાય તે વૈરાગ્યનું ફળ છે. **(૧)** અને શ્રીજીમહારાજને સર્વત્ર વ્યાપક, કર્તા થકા અકર્તા, સંગી થકા અસંગી, નિર્લેપ ને નિર્વિકારી જાણવા ને પોતાના આત્માને મૂળઅક્ષરાદિક સર્વથી પર શ્રીજીમહારાજના તેજરૂપ જે બ્રહ્મ તે રૂપ માનવું તે જ્ઞાનનું સ્વરૂપ છે, અને શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર કરીને જેમ જળથી મીન જુદું પડતું નથી તેમ મૂર્તિના સુખમાં નિમગ્ન રહેવું તે જ્ઞાનનું ફળ છે. **(૨)** અને શ્રીજીમહારાજનાં પ્રાકૃત ચરિત્ર તેને દિવ્ય જાણવાં, ને સર્વ પ્રકારે નિર્દોષ જાણવાં ને સર્વ સુખનાં ધામ ને કલ્યાણકારી ગુણે યુક્ત જાણીને અતિશે પ્રીતિએ કરીને આશ્રય કરવો તે ભક્તિનું સ્વરૂપ છે, અને શ્રીજીમહારાજ સદાય અતિશે વશ વર્તે તે ભક્તિનું ફળ છે. **(૩)** અને સ્થૂળ ને સૂક્ષ્મ દેહે યથાર્થ નિયમ પળે તે ધર્મનું સ્વરૂપ છે, અને બ્રહ્મરૂપ જે પોતાનો આત્મા તેમાં શ્રીજીમહારાજને અખંડ ધારી રહેવું તે ધર્મનું ફળ છે. **(૪)** ॥૯॥ **(૧૧૭)**

## વચનામૃત લોયાનું - ૧૦

❖સંવત ૧૮૭૭ના માગશર સુદિ ૮ આઠમને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાખાચરના દરબારમાં ઢોલિયા ઉપર પ્રાતઃકાળને સમે વિરાજમાન હતા ને ધોળી છીંટની ડગલી પહેરી હતી તથા ધોળો સુરવાળ પહેર્યો હતો તથા ધોળો ફેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ તે સમયમાં નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** આ જગતમાં કેટલાક મનુષ્યને સ્ત્રી આદિક પદાર્થમાં એવું હેત થાય છે જે તેનો વિયોગ થયો હોય તો પ્રાણનો ત્યાગ થઈ જાય અને કેટલાકને સ્ત્રી આદિક પદાર્થમાં હેત છે પણ સાધારણ છે માટે તેના વિયોગે કરીને પ્રાણનો ત્યાગ ન થાય ને એ બે પ્રકારના જીવ છે તે જેમ સંસારમાં હેતે કરીને જોડાય છે તેમ તે હેતવાળાને જો ભગવાન મળે તો તેમાં પણ એમ જ જોડાય જે ભગવાનનો વિયોગ થાય તો પ્રાણ જાય અને જેને સંસારમાં સાધારણ હેત છે ને તેને ભગવાન મળે તો ભગવાનમાં પણ સાધારણ હેત થાય, તે એ બે પ્રકારના જે મનુષ્ય તેને વિષે કર્મે કરીને એવો ભેદ છે કે એ બે પ્રકારના જીવ અનાદિના જ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ ભેદ જીવમાં
સ્વાભાવિક નથી; એ તો કર્મે કરીને થાય છે. **(૧)** તે કેવી રીતે થાય છે તો જ્યારે જીવ કર્મ ૧
કરે છે ત્યારે જીવની વૃત્તિનો વેગ ત્રણ પ્રકારે થાય છે : એક મંદ વેગ, બીજો મધ્ય વેગ, ને ત્રીજો તીવ્ર વેગ તેમાં જેવે વેગે વૃત્તિ પદાર્થમાં ચોંટે ત્યારે તેને તેવી જાતનું કર્મ લાગે છે તે
કર્મે કરીને સ્નેહમાં પણ ત્રણ પ્રકાર છે. **(૨)** ૨

૨ પછી વળી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** વૃત્તિના વેગમાં એ ત્રણ પ્રકાર થયા તે
ગુણે કરીને થયા કે કોઈ બીજા હેતુએ કરીને થયા ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એ ત્રણ
પ્રકારના જે ભેદ તે ગુણે કરીને નથી; એ તો જે પદાર્થમાં કેવળ ઇન્દ્રિયો જ પ્રવર્તે ત્યારે મંદ
વેગ થાય છે, અને જ્યારે મને સહિત ઇન્દ્રિયો પદાર્થમાં જાય ત્યારે મધ્ય વેગ થાય છે અને
જ્યારે ઇન્દ્રિયો, મન ને જીવ એ ત્રણે ભેગા થઈને પદાર્થમાં પ્રવર્તે છે ત્યારે તે વૃત્તિનો તીવ્ર
વેગ થાય છે. અને તે તીવ્ર વેગ એક ચક્ષુ-ઇન્દ્રિયને વિષે લાગ્યો હોય તો બીજી ઇન્દ્રિયો
તેને અનુવર્તી થઈને સર્વે ઇન્દ્રિયોમાં લાગે છે, એવી રીતે જે જે ઇન્દ્રિયમાં મુખ્યપણે તીવ્ર
વેગ લાગ્યો હોય ત્યારે બીજી ઇન્દ્રિયો તેને અનુવર્તી થઈ રહે છે અને એ જે તીવ્ર વેગ તે
રજોગુણી, સત્ત્વગુણી ને તમોગુણી એ ત્રણેને લાગે છે, અને એક એક ઇન્દ્રિયમાં તો સર્વેને
તીવ્ર વેગ હોય છે અને તદનુસારે પદાર્થમાં હેત થાય છે. **(૩)** ૩

૩ ત્યારે વળી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** એને ભગવાનમાં કેમ તીવ્ર વેગે કરીને
હેત થાતું નથી ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દીક્ષા, ઉપદેશ
ને દેવતા એટલાને યોગે કરીને શુભ અથવા અશુભ આચરણ થાય છે. તે જો રૂડા દેશ, કાળ,
સંગાદિક પ્રાપ્ત થયા હોય તો ભગવાનને વિષે પણ તીવ્ર વેગે કરીને સ્નેહ થાય છે અને જો
ભૂંડા દેશાદિકનો યોગ થાય તો ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ થાય છે. **(૪)** ૪

૪ ત્યારે ચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૪)** કાળ વિષમ હોય ત્યારે કેમ કરવું ? પછી
શ્રીજીમહારાજ બોલ્યા જે, જ્યારે જે સ્થળમાં કાળનું વિષમપણું હોય ત્યારે તે ઠેકાણેથી અન્ય
સ્થળમાં ભાગી જાવું પણ વિષમ કાળમાં રહેવું નહિ. **(૫)** તે કાળ સત્યયુગ, ત્રેતા, દ્વાપર ને ૫
કળિરૂપે કરીને બહાર વર્તે છે ને પોતાના અંતરમાં પણ વર્તે છે, તે જ્યારે હૈયામાં કળિ વર્તતો
હોય ત્યારે ભગવાનની મૂર્તિ હૈયામાં ધારવી નહિ; બાહેર નેત્રને આગળ ધારવી. **(૬)** ૬

૫ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૫)** જેના હૃદયમાં મંદ વેગ, મધ્ય વેગ ને તીવ્ર વેગ
વર્તતો હોય તે કેમ જાણવો ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જ્યારે મંદ વેગ વર્તતો હોય
ત્યારે નાની બાળકી તથા નવયૌવનવાળી સ્ત્રી તથા વૃદ્ધ સ્ત્રી એ ત્રણેને દેખીને સરખો ભાવ
રહે, કેમ જે ત્યાં એકલી ઇન્દ્રિયની જ વૃત્તિ ગઈ છે માટે તેમાં મંદ વેગ છે. અને જ્યારે
ઇન્દ્રિયને વિષે મન ભળે છે ને એ ત્રણ પ્રકારની સ્ત્રીને દેખે છે ત્યારે બાળકી ને વૃદ્ધ સ્ત્રી
તેનો તો ભૂંડો ઘાટ નથી થાતો અને યુવાન સ્ત્રીને વિષે ભૂંડો ઘાટ થાય છે ને વિકારને પામી
જાય છે એને મધ્ય વેગ જાણવો. અને જ્યારે ઇન્દ્રિયને વિષે મન ને જીવ એ બેય ભળીને
એ ત્રણ પ્રકારની સ્ત્રીને દેખે છે ત્યારે તો એ ત્રણે પ્રકારની સ્ત્રીને વિષે ભૂંડા ઘાટ થાય છે
ને વિકારને પામે છે અને પોતાની મા-બોન હોય તો તેને દેખીને પણ વિકારને પામે એને
તીવ્ર વેગ જાણવો. **(૭)** ૭

૬ પછી બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૬)** એ ત્રણ પ્રકારની જે સ્ત્રીઓ તેને દેખીને વ્યક્તિ જણાય તથા રૂપ-કુરૂપ પણ જણાય અને વિકાર તો થાય નહિ ત્યારે તેને કિયો વેગ જાણવો ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે પદાર્થને અત્યંત દુઃખદાયી જાણીને મનન થયું હોય પછી તે મનને કરીને તે પદાર્થને વિષે અત્યંત દોષ જણાય છે તે દોષનો મનમાં વિચાર થઈને જીવમાં તે દોષ પ્રવેશ કરે છે અને જીવથી પર જે સાક્ષી તેણે પણ તે દોષનું પ્રમાણ કર્યું છે તેણે કરીને એ દોષની અતિ દૃઢતા થઈ છે, માટે પદાર્થને વિષે જ્યારે ઇન્દ્રિયોની વૃત્તિ જાય છે ત્યારે તે વૃત્તિ ભેળે મન તથા જીવ એ બેય આવે છે પણ જીવમાં જે અતિશે દોષની દૃઢતા છે તે દોષની સેડ્ય મન-ઇન્દ્રિયોને વિષે સોંસરી નીસરે છે, માટે તે પદાર્થ યથાર્થ દેખાય ને જાણ્યામાં આવે પણ તેને વિષે અત્યંત અભાવ આવી જાય છે, **જેમ દૂધ-સાકરનું પાત્ર ભર્યું હોય ને તેમાં સર્પે લાળ નાખી હોય ને તેને નાખતાં દીઠી હોય પછી તે દૂધ જેવું પૂર્વે દેખાતું હતું તેવું ને તેવું જ દેખાય પણ તેનો અતિ અભાવ હૈયામાં વર્તે છે, કેમ જે એણે એમ જાણ્યું છે જે, એને પીએ તો તત્કાળ પ્રાણ જાય, તેમ જેને એમ સમજાણું જે, આ રૂપવાન સ્ત્રી છે તે કલ્યાણના માર્ગમાં વિરોધી છે અને આ લોક-પરલોકને વિષે પરમ દુઃખદાયી છે ને સ્ત્રીની પ્રાપ્તિ તો મુને સર્વે પશુ આદિકના જન્મને વિષે અનંત વાર થઈ છે અને હજી જો પરમેશ્વરને નહિ ભજું તો અનંત સ્ત્રીની પ્રાપ્તિ થાશે માટે એ વાત દુર્લભ નથી, અને ભગવાન ને ભગવાનના સંતનો સંગ તે તો મહા દુર્લભ છે અને દુર્લભ વસ્તુની પ્રાપ્તિને વિષે એ સ્ત્રી જ પરમ વિઘ્નરૂપ છે, એવું જાણીને જે હૈયામાં દોષની દૃઢતા થઈ છે તેણે કરીને ગમે તેવી રૂપવાન સ્ત્રી દેખાઈ જાય તો પણ વિકાર થાય નહિ.** અને વળી એને વિષે અવિકારી રહ્યાનું બીજું પણ કારણ છે, જેમ જનક વિદેહી જેવા જે મોટા ભગવાનના ભક્ત રાજા હતા તે રાજ્યમાં રહ્યા હતા ને રમણીક એવા જે શબ્દાદિક પંચવિષય તેને ભોગવતા થકા પણ જ્ઞાનની દૃઢતાએ કરીને નિર્વિકારપણે રહ્યા અને એ જનક જેવા જે જ્ઞાની હોય તે એમ વિચારે જે, હું આત્મા છું, શુદ્ધ છું, ચૈતન્ય છું, નિર્વિકાર છું, સુખરૂપ છું, અવિનાશી છું અને સ્ત્રી-આદિક જે વિષય છે તે તો દુઃખરૂપ છે, તુચ્છ છે, જડ છે ને નાશવંત છે, એમ વિચારીને કેવળ પોતાના આત્મસ્વરૂપને જ સુખરૂપ જાણે છે અને શબ્દાદિક વિષયમાં જે સુખ જેવું જણાય છે ને સારા જેવું જણાય છે તે આત્મા વતે જણાય છે ને આત્મા દેહમાંથી નીકળી જાય ત્યારે સુખરૂપ હોય તે ભૂંડું થઈ જાય છે, એવી રીતે પોતાના આત્માને વિચારે અને આત્મા થકી પર જે પરમાત્મા તેનો વિચાર કરે જે, આવું જે માયા થકી પર શુદ્ધ આત્માનું જ્ઞાન તેને હું પામ્યો તે સંતને પ્રતાપે પામ્યો છું અને તે સંત પરમેશ્વરના ભક્ત છે અને પરમેશ્વર છે **તે તો સર્વાત્મા એવા જે બ્રહ્મ** તેના પણ આત્મા છે અને અક્ષરના પણ આત્મા છે અને અનંતકોટી જે મુક્ત તેના પણ આત્મા છે, એવા જે પરબ્રહ્મ પરમાત્મા નારાયણ તેનો હું બ્રહ્મરૂપ એવો દાસ છું, અને તે ભગવાનનો મહિમા તો એમ સમજે જે ॥ **द्युपतय एव ते न ययुरंत मनंततया** ॥

ઈત્યાદિક શ્રુતિએ ભગવાનનો મહિમા અતિશે પ્રતિપાદન કર્યો છે, એવી રીતે પોતાના સ્વરૂપનું તથા પરબ્રહ્મના સ્વરૂપનું જેને જ્ઞાન છે તેને ગમે તેવા સુંદર વિષય પ્રાપ્ત થાય પણ તેણે કરીને કાંઈ લેશમાત્ર પણ તેનું મન વિકારને પામે નહિ અને અવશ્ય જે શબ્દાદિક વિષય ગ્રહણ કર્યા જોઈતા હોય તેને ગ્રહણ કરે પણ તે વિષયને આધીન થઈ જાય નહિ; સ્વતંત્રપણે ગ્રહણ કરે, જેમ કરોળિયો પોતાની લાળને વિસ્તારીને પાછી સ્વતંત્રપણે ગળવી ઘટે ત્યારે ગળી લે છે તેમ એવો જે જ્ઞાની તે પોતાનાં ઈન્દ્રિયોની વૃત્તિને વિષયમાં પ્રસારીને પાછો સ્વતંત્ર થકો સંકેલી લે છે અને એવો જે હોય તે રાજ્યમાં હોય તો પણ વનમાં છે અને વનમાં હોય તો પણ તેને રાજ્ય કરતાં વધતો આનંદ છે અને એવો જે જ્ઞાની તે રાજ્યમાં રહ્યા હોય અને હજારો મનુષ્ય પોતાની આજ્ઞામાં રહેતા હોય ને સમૃદ્ધિએ યુક્ત હોય તેણે કરીને પોતાને કાંઈ એમ ન માને જે, હું બહુ મોટો થઈ ગયો અને તે રાજ્યનો નાશ થઈ જાય અને હાથમાં મૃત્તિકાનું પાત્ર લેઈને ઘરોઘર માગી ખાય તેણે કરીને એમ ન માને જે, હું તો હવે ગરીબ થઈ ગયો, કેમ જે તે તો પોતાના કેફમાં મહા અલમસ્ત રહે તથા તેણે પોતાના સ્વરૂપનો તથા ભગવાનના સ્વરૂપનો મહિમા જાણ્યો છે તે માટે એને સોનું, કૂચો, લોઢું, પાષાણ એ સર્વેને વિષે સમબુદ્ધિ વર્તે છે તથા માન, અપમાનને વિષે સમબુદ્ધિ વર્તે છે અને એવો જે જ્ઞાની તેને કોઈ પદાર્થ બંધન કરવા સમર્થ નથી, કેમ જે એની દૃષ્ટિ તો અતિ મોટી થઈ ગઈ છે ને માયિક સર્વે પદાર્થને તુચ્છ જાણ્યા છે, જેમ કોઈક પુરુષ પ્રથમ કંગાલ હોય ને પછી તેને રાજ્ય મળે ત્યારે તેની દૃષ્ટિ મોટી થાય છે ને પ્રથમ લાકડાના ભારા વેચતો હોય તથા બીજા તુચ્છ તુચ્છ કામ કરતો હોય તે સર્વે એને વિસરી જાય ને મોટા મોટા રાજ્ય સંબંધી કાર્ય કરવા લાગે, તેમ એવા જ્ઞાનીને સર્વે પદાર્થ માત્ર તુચ્છ થઈ જાય છે ને એવા જ્ઞાનને વિષે એની વિશાળ દૃષ્ટિ થાય છે અને એવી રીતે જે સમજ્યો છે તે સુખિયો છે. તથા જે વિશ્વાસી હોય કહેતાં એમ સમજતો હોય જે, આવા મોટા સંત તથા ભગવાન જે વાત કહે છે તે એમ જ છે પણ એમાં કાંઈ સંશય નથી, એમ સમજીને તે ભગવાન તથા સંત જેમ કહે તેમ કરવા લાગે એ બે જણા સુખિયા છે ને એ વિના જે બીજા છે તે સુખિયા નથી ત્યાં શ્લોક છે :-

**યશ્ચ મૂઢતમો લોકે યશ્ચ બુદ્ધેઃ પરં ગતઃ । તાવુભૌ સુખમેધેતે ક્લિશ્યત્યંતરિતો જનઃ ॥**

તથા ભગવદ્‌ગીતામાં કહ્યું છે જે :-

**विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः । रसवर्ज्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्त्तते ॥**

એવી રીતે જેની અલૌકિક દૃષ્ટિ થાય છે તેને પરમેશ્વર વિના સર્વે પદાર્થ તુચ્છ થઈ જાય છે અને આ બે શ્લોક છે તેનો પણ એકસરખો ભાવ છે. **(૮)** ૮

પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે, હે મહારાજ ! હવે તમે જે પ્રશ્ન પૂછતા

૭ હતા તે પૂછો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૭)** માયામાં તે કેવળ દુઃખ છે કે સુખ પણ

કાંઈક છે ? એ પ્રશ્ન છે. પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, માયા તો કેવળ દુઃખદાયી છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, માયામાંથી ઊપન્યા એવા જે સત્ત્વ, રજ ને તમ એ ત્રણ ગુણ તેમાં જે સત્ત્વ છે તે તો સુખરૂપ કહેવાય છે તથા શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે ॥ **સત્ત્વં યદ્ બ્રહ્મ દર્શનમ્** ॥ તથા સત્ત્વગુણની સંપત્તિ તે જ્ઞાન, વૈરાગ્ય, વિવેક, શમ, દમાદિક છે એવી જે માયા તે કેઈ રીતે દુઃખરૂપ છે ? અને વળી એકાદશસ્કંધમાં કહ્યું છે જે :-

**વિદ્યાવિદ્યે મમ તનૂ વિદ્ધ્યુદ્ધવ ! શરીરિણામ્ । બંધમોક્ષકરી આદ્યે માયા મે વિનિર્મિતે ॥**

માટે મોક્ષને કરે એવી જે વિદ્યારૂપ માયા તે કેઈ રીતે દુઃખદાયી છે ? પછી એ પ્રશ્નને સાંભળીને મુક્તાનંદ સ્વામી આદિક સર્વે પરમહંસ બોલ્યા જે, હે મહારાજ ! એનો ઉત્તર અમથી થાય નહિ; એનો ઉત્તર તો કૃપા કરીને તમે જ કરો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ યમરાજાનું જે રૂપ તે પાપી જીવને અતિ ભયાનક વિકરાળ જણાય છે તથા મોટાં મોટાં દાંત ને મોટું મુખ ભયાનક દેખાય છે તથા કાજળ જેવું કાળું ને પર્વત જેવું મોટું ને કાળ જેવું ભયાનક એવું દુઃખરૂપ દેખાય છે, અને પુણ્યવાળા જે જીવ તેને તો તે યમરાજાનું રૂપ અતિશે સુખદાયી વિષ્ણુના જેવું જણાય છે. તેમ **માયા છે તે જે ભગવાનથી વિમુખ છે તેને તો અતિ બંધન કરનારી છે ને અતિ દુઃખદાયી છે અને જે ભગવાનના ભક્ત છે તેને તો એ માયા અતિશે સુખદાયી છે અને માયાનાં કાર્ય જે ઇન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા તે સર્વે ભગવાનની ભક્તિને અતિ પુષ્ટ કરે છે, માટે ભગવાનના ભક્તને તો માયા દુઃખદાયી નથી; પરમ સુખદાયી છે. (૯)** ૯

૮ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૮)** જ્યારે માયા સુખદાયી છે ત્યારે પરમેશ્વરનો ભક્ત હોય તે ભગવાનની મૂર્તિને હૃદયમાં ધારીને ભજન કરવા બેસે છે, ત્યારે એને અંતઃકરણરૂપ માયા તે સંકલ્પ-વિકલ્પરૂપે કરીને કેમ દુઃખ આપે છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને ભગવાનનું માહાત્મ્ય સારી પેઠે સમજીને અતિશે દૃઢ ભગવાનનો આશ્રય હોય તેને તો અંતઃકરણરૂપ માયા છે તે દુઃખ દેતી નથી અને જેને એવા આશ્રયમાં ફેર હોય તેને દુઃખ દે છે, જેમ કાચોપોચો સત્સંગી હોય તો તેને કુસંગી હોય તે ડગાવવાનો આગ્રહ કરે, પણ જે પાકો સત્સંગી હોય તેને ડગાવ્યાની કોઈ લાલચ રાખે નહિ અને તેને સાંભળતા કોઈ સત્સંગનું ઘસાતું બોલી શકે નહિ, તેમ જેને એવો પરિપક્વ પરમેશ્વરનો આશરો થયો છે તેને ડગાવ્યાની લાલચ અંતઃકરણરૂપ માયા રાખે નહિ અને સામી તેની ભક્તિમાં પુષ્ટિ કરવા લાગે; અને જેના જીવને વિષે એવા આશરામાં કાંઈ કાચ્યપ હોય તેને એ માયા ડગાવે છે ને દુઃખ દે છે અને જ્યારે એનો એ જીવ એવી રીતે ભગવાનનો પરિપક્વ આશ્રય કરશે ત્યારે એને ડગાવ્યાને અર્થે ને પીડવાને અર્થે માયા સમર્થ નહિ થાય માટે એનો ઉત્તર એ જ છે, જે જેને ભગવાનનો એવો પરિપક્વ નિશ્ચય છે તેને કોઈ રીતે

માયા દુઃખ દેવાને અર્થે સમર્થ થાતી જ નથી. (૧૦) ઇતિ વચનામૃતમ્ ॥૧૦॥ (૧૧૮) ૧૦

**રહસ્યાર્થ પ્રદી૦** – આમાં પ્રશ્ન (૮) છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે અસાધારણ ને સાધારણ હેત થયાના ભેદ કર્મે કરીને કહ્યા છે. (૧) અને ત્રણ પ્રકારના વેગમાં જેવે વેગે વૃત્તિ પદાર્થમાં ચોંટે તેવું કર્મ લાગે છે અને કર્મે કરીને સ્નેહમાં ત્રણ પ્રકાર કહ્યા છે. (૨) બીજામાં ઇન્દ્રિયો, મન ને જીવ ભળવાથી મંદ, મધ્યમ ને તીવ્ર વેગ થાય છે તે તીવ્ર વેગ ત્રણે ગુણવાળાને લાગે છે. (૩) ત્રીજામાં તીવ્ર વેગવાળાને રૂડા દેશાદિક પ્રાપ્ત થાય તો અમારે વિષે સ્નેહ થાય છે અને ભૂંડા દેશાદિકનો યોગ થાય તો અમારા વિના બીજા પદાર્થમાં પ્રીતિ થાય છે. (૪) ચોથામાં વિષમ દેશકાળમાં ન રહેવું. (૫) અને હૃદયમાં કળિ વર્તતો હોય ત્યારે અમારી મૂર્તિને બહાર ધારવી. (૬) પાંચમામાં મંદ, મધ્યમ ને તીવ્ર વેગ જાણવાના ઉપાય બતાવ્યા છે. (૭) છઠ્ઠામાં સ્ત્રીને કલ્યાણના માર્ગમાં વિરોધી ને દુઃખદાયી જાણે તેને વિકાર ન થાય અને બીજું પોતાને આત્મારૂપ માને અને સર્વાત્મા એવા જે બ્રહ્મ તથા અક્ષર તથા મુક્તો એ સર્વેના આત્મા માને અને સર્વાત્મા એવા જે બ્રહ્મ તથા અક્ષર તથા મુક્તો એ સર્વેના આત્મા એવા પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારો મહિમા જાણે તેને સર્વે પદાર્થ તુચ્છ થઈ જાય. તે તથા વિશ્વાસી તે સુખિયા છે; તે વિના સર્વે દુઃખિયા છે. (૮) સાતમામાં અમારા ખરા ભક્તને માયા પરમ સુખદાયી છે. (૯) આઠમામાં અમારો અતિશે દૃઢ આશરો હોય તેને અંતઃકરણરૂપ માયા દુઃખ દેવા સમર્થ નથી ને એવા આશરામાં ફેર હોય તેને દુઃખ દે છે. (૧૦) બાબતો છે.

૧ **પ્ર૦** (૪/૫ ચોથા પ્રશ્નમાં) હૃદયમાં કળિ વર્તતો હોય ત્યારે શ્રીજીમહારાજની મૂર્તિ નેત્ર આગળ ધારવી અને બહાર કળિ વર્તતો હોય ત્યારે અન્ય સ્થળમાં ભાગી જાવું એમ કહ્યું તે અન્ય સ્થળ કિયું જાણવું ?

૧ **ઉ૦** મારકૂટ થતી હોય અથવા નિરાકારવાદી, કર્મવાદી, શક્તિપંથી તથા કુડાપંથી એવા દુષ્ટજનો રહેતા હોય તે સ્થળ કહ્યું છે ત્યાંથી બીજે ઠેકાણે જતું રહેવું પણ તે સ્થળમાં ન રહેવું.

૨ **પ્ર૦** (૬/૮ છઠ્ઠા પ્રશ્નમાં) શ્રીજીમહારાજે સર્વાત્મા બ્રહ્મ, અક્ષર તથા અનંતકોટી મુક્તોના આત્મા પોતાને કહ્યા તે સર્વાત્મા બ્રહ્મ કોને જાણવા ? અને અક્ષર કોને જાણવા ? અને મુક્ત કોને જાણવા ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજનું તેજ અનંત મૂળઅક્ષરાદિક સર્વેનું આત્મા છે તેને આ ઠેકાણે સર્વાત્માબ્રહ્મ કહ્યા છે. અને એ તેજમાં રહ્યા જે શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામેલા મુક્તો તેમને મુક્ત કહ્યા છે. અને તેથી ઓરા શ્રીજીમહારાજના પ્રકાશરૂપ બ્રહ્મજ્યોતિની કિરણોમાં મૂળઅક્ષરની કોટીઓ રહી છે તેને અક્ષર કહ્યા છે તે અક્ષરના આત્મા પોતાના તેજદ્વારે છે. અને મુક્તોના તથા એ તેજના આત્મા મૂર્તિમાન પોતે છે. ॥૧૦॥ (૧૧૮)

## વચનામૃત લોયાનું - ૧૧

❖સંવત ૧૮૭૭ના માગશર વદિ ૮ આઠમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાખાચરના દરબારમાં પ્રાતઃકાળને સમે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજને શુકમુનિએ પ્રશ્ન પૂછ્યો જે, (૧) શ્રીમદ્ ભાગવત તથા ભગવદ્ ગીતા એ આદિક જે સત્શાસ્ત્ર તે થકી અસત્પુરુષ જે તે કેવી સમજણનું ગ્રહણ કરે છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો ઉત્તર કરીએ છીએ જે અસત્પુરુષની એમ સમજણ છે જે, આ વિશ્વને વિષે સ્થાવર-જંગમરૂપ એવી જે સ્ત્રી-પુરુષની સર્વે આકૃતિઓ તે જે તે વિરાટરૂપ એવા જે આદિ પુરુષ નારાયણ તે થકી માયાએ કરીને ઉપજી છે, માટે એ સર્વે આકૃતિઓ તે

નારાયણની જ છે, તે સારુ જે મુમુક્ષુ કલ્યાણને ઈચ્છતો હોય તેને પ્રથમ પોતાનું મન વશ કરવું તે મન જે તે સ્ત્રીઓ તથા પુરુષરૂપ એવી ઉત્તમ-નીચ જે જે આકૃતિઓ તેને વિષે આસક્ત થાય ત્યારે તેને તે જ આકૃતિનું મનને વિષે ધ્યાન કરવું તો એને સદ્ય સમાધિ થાય; અને તે આકૃતિને વિષે જો મન દોષને કલ્પે તો તેમાં બ્રહ્મની ભાવના લાવવી જે સમગ્ર જગત તે બ્રહ્મ છે એમ વિચાર કરીને તે સંકલ્પને ખોટો કરવો, એવી રીતે જે સત્‌શાસ્ત્રમાંથી અનુભવનું ગ્રહણ કરવું તે અસત્પુરુષની સમજણ છે, અને એમ સમજવું એ એના મનનો અતિ દુષ્ટ ભાવ
છે અને એનું ફળ અંતકાળે ઘોરતમ નરક છે ને સંસૃતિ છે. **(૧)** ૧

૨ ત્યારે વળી શ્રીજીમહારાજને શુકમુનિએ પ્રશ્ન કર્યો જે, **(૨)** એ સત્‌શાસ્ત્ર થકી સત્પુરુષ જે તે કેવી સમજણનું ગ્રહણ કરે છે તે કહો ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એ સત્‌શાસ્ત્રને વિષે જ એ પ્રશ્નનો ઉત્તર કર્યો છે જે, એક પુરુષોત્તમનારાયણ વિના બીજા જે શિવ-બ્રહ્માદિક દેવતા તેનું ધ્યાન જે મોક્ષને ઈચ્છતો હોય તેને કરવું નહિ અને મનુષ્યને વિષે તથા દેવતાને વિષે જે પુરુષોત્તમનારાયણની રામકૃષ્ણાદિક મૂર્તિઓ તેનું ધ્યાન કરવું ને તેને વિષે પણ જે ડાહ્યા છે તે જે તે, જે સ્થાનકમાં એ રામકૃષ્ણાદિક ભગવાનની મનુષ્યરૂપ મૂર્તિઓ રહી છે તે સ્થાનકને વિષે વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર એ લોકની ભાવના કરે છે અને તે લોકોને વિષે રહ્યા જે પાર્ષદ તેની ભાવના રામકૃષ્ણાદિકના પાર્ષદ જે હનુમાન-ઉદ્ધવાદિક તેને વિષે કરે છે અને કોટી કોટી સૂર્ય, ચંદ્રમા, અગ્નિ તેના પ્રકાશ જેવી પ્રકાશમાન એવી તે લોકોને વિષે રહી જે પુરુષોત્તમનારાયણની દિવ્ય મૂર્તિઓ તેની ભાવના તે રામકૃષ્ણાદિકને વિષે કરે છે, એવી રીતે જે સત્‌શાસ્ત્ર થકી સમજણનું ગ્રહણ કરીને દિવ્યભાવે સહિત મનુષ્યરૂપ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે છે તેને ભગવાનના અવતારની જે મૂર્તિઓ તથા તે વિનાના
જે અન્ય આકાર તે બેયને વિષે સમપણું થાય જ નહિ. **(૨)** અને ભગવાનના અવતારની ૨
જે મૂર્તિઓ તે છે તો દ્વિભુજ અને તેને વિષે ચાર ભુજાની ભાવના, અષ્ટ ભુજાની ભાવના કહી છે તે પણ ભગવાનની મૂર્તિ ને તે વિનાના અન્ય આકાર તે બેમાં જે અવિવેકી પુરુષને
સમભાવ થાય છે તેની નિવૃત્તિને અર્થે કહી છે. **(૩) અને જેવી ભગવાનની મૂર્તિ પોતાને** ૩
**મળી હોય તેનું જ ધ્યાન કરવું અને પૂર્વે ભગવાનના અવતાર થઈ ગયા તે મૂર્તિનું ધ્યાન ન કરવું અને પોતાને ભગવાનની જે મૂર્તિ મળી હોય તેને વિષે જ પતિવ્રતાની પેઠે ટેક રાખવી,** જેમ પાર્વતીએ કહ્યું છે જે ''કોટી જન્મ લગ રગડ હમારી, વરું શંભુ કે રહું કુમારી'' એવી રીતે પતિવ્રતાપણાની ટેક તે પણ ભગવાનનું રૂપ ને અન્ય જીવનું રૂપ તે બેને વિષે અવિવેકી પુરુષને સમભાવ થાય છે તેની નિવૃત્તિને અર્થે કહી છે, કેમ જે પોતાને મળી જે મૂર્તિ તેને મૂકીને તેના જ પરોક્ષ અવતાર થયા છે તેનું જો ધ્યાન કરે તો તે ભગવાન વિના બીજા જે દેવ-મનુષ્યાદિક આકાર છે તેનું પણ ધ્યાન કરે માટે પતિવ્રતાના જેવી ટેક કહી છે પણ
ભગવાનની મૂર્તિઓને વિષે ભેદ નથી, આવી રીતે સત્પુરુષની સમજણ છે. **(૪) માટે** ૪

**સત્‌શાસ્ત્રનું શ્રવણ કરવું તે સત્પુરુષ થકી જ કરવું પણ અસત્પુરુષ થકી સત્‌શાસ્ત્રનું કોઈ દિવસ શ્રવણ કરવું નહિ. (૫)** ઇતિ વચનામૃતમ્ ॥૧૧॥ **(૧૧૯)** ૫

**રહસ્યાર્થ પ્રદી ૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, સત્‌શાસ્ત્ર થકી અવળું સમજે તે અસત્પુરુષ છે ને અતિ દુષ્ટ છે ને એનું ફળ ઘોરતમ નરક ને સંસૃતિ છે. **(૧)** બીજામાં જે જે સ્થાનોમાં જે જે અવતારોની મૂર્તિઓ મનુષ્યરૂપે રહી હોય તે તે સ્થાનોને તે તે અવતારોનાં ધામ જાણવાં એટલે વૈકુંઠનાથની મૂર્તિ જે સ્થાનમાં મનુષ્યરૂપે વિરાજતી હોય તે સ્થાનને વૈકુંઠ તુલ્ય જાણવું અને તેના પાર્ષદોને વૈકુંઠના પાર્ષદો તુલ્ય જાણવા અને તે મૂર્તિને જેવી વૈકુંઠમાં છે તેવી જાણવી, તેમ જ ગોલોકવાસીની મૂર્તિ જે સ્થાનમાં મનુષ્યરૂપે દેખાતી હોય તે સ્થાનને ગોલોક તુલ્ય જાણવું અને તે મૂર્તિને ગોલોકમાં છે તેવી જાણવી અને તેના પાર્ષદોને ગોલોકના પાર્ષદો તુલ્ય જાણવા, તેમ જ અક્ષરધામવાસી અમે છપૈયા ધામને વિષે પ્રગટ થઈને મનુષ્યરૂપે દેખાયા છીએ, માટે અમે જેવા અક્ષરધામમાં છીએ તેવા જાણવા પણ કાંઈ ફેર જાણવો નહિ, અને પ્રથમ આવિર્ભાવસ્થાન એવું જે છપૈયાપુર તે તો અક્ષરધામ જ છે તેમાં તો શું કહેવું ? પણ બીજાં જે જે સ્થાનોમાં અમે વિચર્યા તે તે સ્થાનોને પણ અક્ષરધામ તુલ્ય જાણવાં અને અમારા ભક્તોને અક્ષરધામમાં મુક્તો છે તેવા જાણવા. **(૨)** અને અમારા અવતારની મૂર્તિઓ દ્વિભુજ છે અને જે ચતુર્ભુજ-અષ્ટભુજની ભાવના કહી છે તે તો મનુષ્યરૂપ મૂર્તિને વિષે અને અન્ય આકારોને વિષે અવિવેકી મનુષ્યોને સમભાવ ન થાય માટે કહી છે. **(૩)** અને તમને મળ્યા જે અમે તે તમારે અમારી મૂર્તિનું ધ્યાન કરવું પણ બીજા અમારા અવતારો થઈ ગયા તેમનું ધ્યાન કરવું નહિ. **(૪)** અને સત્‌શાસ્ત્રનું શ્રવણ સત્પુરુષ થકી જ કરવું પણ અસત્પુરુષ થકી ન કરવું. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં સર્વે આકૃતિઓ નારાયણ થકી જ થઈ છે તેને વિષે બ્રહ્મની ભાવના લાવીને તે આકૃતિનું ધ્યાન કરે તેને શ્રીજીમહારાજે અસત્પુરુષ કહ્યા ને અતિ દુષ્ટ કહ્યા ને એને ઘોરતમ નરક ને સંસૃતિની પ્રાપ્તિ કહી તે એમાં એવું શું દૂષણ આવ્યું તે એને અસત્પુરુષ કહ્યા ?

૧ **ઉ૦** પોતાના દેહને દિવ્ય માનીને અથવા બીજા કોઈકને દિવ્ય માનીને ધ્યાન કરે તો તે દેહ તો માયાનો છે તે કાંઈ દિવ્ય માનવે કરીને દિવ્ય થઈ જાતો નથી, જેમ કોડી હોય તેને કોડી છે જ નહિ; હીરો છે એમ માનવાથી કોડીનો હીરો થતો નથી, તેમ માયાના તત્ત્વનો બંધાયેલો જડ દેહ છે તેને દિવ્ય માનવાથી દિવ્ય થઈ જાય નહિ, માટે એવી સમજણવાળો નરકે જ જાય ને જન્મ-મૃત્યુને વારંવાર પામે પણ તેનું કલ્યાણ કોટી કલ્પે થાય નહિ, માટે આ દેહ તો માયિક ને જડ છે તેને દિવ્ય ન માનવો.

૨ **પ્ર૦** આ દેહનો જ્ઞાને કરીને પ્રલય કરી નાખે જે દેહ છે જ નહિ; પુરુષોત્તમ જ છે તો જેમ પૃથ્વી આદિક ચાર ભૂત તે પ્રલય સમે આકાશરૂપ થઈ જાય છે તેમ આ દેહ પુરુષોત્તમરૂપ થાય કે નહિ ?

૨ **ઉ૦** પૃથ્વી, જળ, તેજ, વાયુ ને આકાશ તે સજાતિ છે ને માયાનાં છે તે એકબીજામાં પ્રલય સમે મળી જાય છે અને પુરુષોત્તમ તો દિવ્ય છે માટે વિજાતિ છે તે વિજાતિ એવા જે પુરુષોત્તમ તેમને વિષે દેહ લીન થઈ જાય નહિ, માટે એવી રીતે સમજનારાનો અતિ દુષ્ટ ભાવ છે અને તે ભૂલો પડ્યો છે માટે દેહને દિવ્ય માનવો નહિ.

૩ **પ્ર૦** (૨/૪ બીજા પ્રશ્નમાં) શ્રીજીમહારાજે બીજા અવતારોનું ધ્યાન કરવાની ના પાડી અને આ તમને મળી જે મૂર્તિ તેનું ધ્યાન કરવું એમ કહ્યું તે જ્યારે શ્રીજીમહારાજે વાત કરી ત્યારે તો શ્રીજીમહારાજની મૂર્તિ મળી હતી પણ એ મનુષ્યરૂપ મૂર્તિ આજ તો દૃષ્ટિગોચર નથી માટે આજ કઈ મૂર્તિ જાણવી ?

૩ **ઉ૦** જે મૂર્તિ મનુષ્યરૂપે હતી તે જ મૂર્તિ આજ પ્રતિમારૂપે છે માટે પ્રતિમાનું ધ્યાન કરવું. આનો વિશેષ વિસ્તાર (**પ્ર૦ ૧૪**ના પાંચમા પ્રશ્નોત્તરમાં તથા ૫૯ના પહેલા પ્રશ્નોત્તરમાં) છે.

૪ **પ્ર૦** શ્રીજીમહારાજનું ધ્યાન કેવી રીતે કરવું ?

૪ **ઉ૦** પોતાને શ્રીજીમહારાજનું તેજ જે અક્ષરધામ તે રૂપ માનીને તે તેજમાં મૂર્તિ ધારવી તે પરમએકાંતિકની સ્થિતિ પામવાનું ધ્યાન છે; અને શ્રીજીમહારાજની મૂર્તિમાં રહીને શ્રીજીમહારાજની મૂર્તિને ધારે તે અનાદિમુક્તની સ્થિતિ પામવાનું ધ્યાન છે.

૫ **પ્ર૦** પાર્વતીની પેઠે ટેક રાખવી એમ કહ્યું તે પરોક્ષ અવતારોને વિષે એવી ટેક રાખી હોય તે શ્રીજીમહારાજને વિષે પતિવ્રતાપણું

કરે તો તેને ખોટ્ય આવે કે લાભ મળે ?

૫ ઉ૦ શ્રેષ્ઠ ઇષ્ટદેવ મળે તો ન્યૂન ઇષ્ટદેવની ઉપાસના મૂકી દઈને શ્રેષ્ઠ ઇષ્ટદેવની ઉપાસના કરવી ને તેમાં પતિવ્રતાપણાની ટેક રાખવી તેમાં તો લાભ છે. આમાં એમ સમજવાનું છે જે, પાર્વતીએ જેમ પતિવ્રતાપણું ન મૂક્યું તો અમે તો સર્વોપરી મળ્યા છીએ તો અમારે વિષે તો અતિ દઢ પતિવ્રતાપણું રાખવું જ એમ સૂચવ્યું છે. **॥૧૧॥ (૧૧૯)**

## વચનામૃત લોયાનું - ૧૨

❖સંવત ૧૮૭૭ના માગશર વદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં રાત્રિને સમે વિરાજમાન હતા ને ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી ને બીજાં સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે પ્રશ્ન કર્યો જે, **(૧)** ભગવાનનો નિશ્ચય બે પ્રકારનો છે : એક સવિકલ્પ ને બીજો નિર્વિકલ્પ ને તે બેમાં પણ ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના ભેદ છે તે બે મળીને છ ભેદ થયા તેનાં લક્ષણ પૃથક્ પૃથક્ કરીને કહો ? પછી તેનો ઉત્તર પરમહંસ વતે થયો નહિ ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, સવિકલ્પ નિશ્ચયમાં કનિષ્ઠ ભેદ તો એ જે, ભગવાન જે તે અન્ય મનુષ્યની બરોબર કામ, ક્રોધ, લોભ, સ્વાદ, માન એ આદિકને વિષે પ્રવર્તે ત્યાં સુધી તો ભગવાનનો નિશ્ચય રહે પણ જો વધારો કરે તો ન રહે, અને મધ્યમ ભેદ તો એ જે, મનુષ્ય થકી બમણા કામાદિકને વિષે અધિક પ્રવર્તે ત્યાં સુધી પણ નિશ્ચય રહે અને ઉત્તમ ભેદ તો એ જે, ભગવાન ગમે તેવું નીચ જાતિની પેઠે આચરણ કરે તથા મદ્ય, માંસ, પરસ્ત્રી, ક્રોધ, હિંસા ઇત્યાદિક ગમે તેવું આચરણ કરે તો પણ સંશય થાય નહિ, કેમ જે એ ભક્ત ભગવાનને એમ જાણે છે જે, ભગવાન તો સર્વના કર્તા છે ને પરમેશ્વર છે ને સર્વના ભોક્તા છે માટે જે જે ક્રિયા પ્રવર્તે છે, તે અન્વયપણે નિયંતારૂપે કરીને સર્વને વિષે રહ્યા જે ભગવાન તે થકી જ પ્રવર્તે છે. તો એ તો કાંઈક થોડીક એવી નીચ જેવી ક્રિયા કરી તેણે કરીને કાંઈ બાધ નથી, કેમ જે એ તો સર્વ કર્તા છે, એવી રીતે ભગવાનને વિષે સર્વેશ્વરપણું જાણે માટે એને ઉત્તમ સવિકલ્પ નિશ્ચયવાળો ભગવદ્‌ભક્ત કહીએ. અને હવે નિર્વિકલ્પમાં કનિષ્ઠ ભક્ત કિયો તો ભગવાનને સર્વ શુભ-અશુભ ક્રિયા કરતાં દેખે તો પણ એમ સમજે, જે સર્વ ક્રિયાને કરે છે તો પણ અકર્તા છે, કેમ જે એ ભગવાન તો બ્રહ્મરૂપ છે તે બ્રહ્મ કેવું છે તો આકાશની પેઠે સર્વને વિષે રહ્યું છે ને સર્વની ક્રિયાઓ તેને વિષે જ થાય છે એવું જે બ્રહ્મપણું તે ભગવાનને વિષે જાણે, જેમ રાસ-પંચાધ્યાયીમાં શુકજી પ્રત્યે પરીક્ષિત રાજાએ પ્રશ્ન પૂછ્યો જે, ધર્મરક્ષક ભગવાનનો અવતાર તેણે પરદારાનો સંગ કેમ કર્યો ? ત્યારે તેનો ઉત્તર શુકજીએ કર્યો જે, શ્રીકૃષ્ણ તો અગ્નિની પેઠે તેજસ્વી છે તે જે જે શુભ-અશુભ ક્રિયાને કરે છે તે સર્વે ભસ્મ થઈ જાય છે, એવી રીતે ભગવાનને નિર્લેપ એવા બ્રહ્મરૂપ જાણે તેને કનિષ્ઠ નિર્વિકલ્પ

નિશ્ચયવાળો કહીએ, અને શ્વેતદ્વીપને વિષે રહ્યા જે ષટ્‌ઊર્મિએ રહિત એવા નિરન્નમુક્ત તે જેવો પોતે થઈને વાસુદેવની ઉપાસના કરે તેને મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ, અને અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટી કોટી બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમનારાયણનું ધામરૂપ અક્ષર તેને વિષે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ. **(૧)** ૧

૨ ત્યારે ચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** હે મહારાજ ! એવી રીતે નિશ્ચયના ભેદ તે શાણે કરીને થયા છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જ્યારે મુમુક્ષુ પ્રથમ ગુરુ પાસે આવે ત્યારે વકતા જે ગુરુ તેને વિષે દેશ, કાળ, સંગ, દીક્ષા, ક્રિયા, મંત્ર, શાસ્ત્રાદિકનું જે શુભ-અશુભપણું તથા પોતાની જે શ્રદ્ધા તેનું જે મંદ-તીક્ષ્ણપણું તેણે કરીને એવા ભેદ પડી જાય છે, માટે સારા દેશાદિકને સેવવા તથા વક્તા પણ સૂધો શાન્ત હોય ને તેમાં કોઈ દોષ ન હોય તે સમે તે થકી જ્ઞાન સાંભળવું. **(૨)** ૨

૩ ત્યારે વળી ચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** કદાચિત્ કોઈક યોગે કરીને કનિષ્ઠ નિશ્ચય થયો હોય તેને પાછો વળી ઉત્કૃષ્ટ નિશ્ચય થાય કે નહિ ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જો શ્રોતાને ઉત્કૃષ્ટ શ્રદ્ધા ઊપજે તથા રૂડા દેશાદિક પ્રાપ્ત થાય તથા ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા મળે તો સર્વોત્કૃષ્ટ નિશ્ચય થાય; નહિ તો જન્માંતરે કરીને ઉત્કૃષ્ટ નિશ્ચયને પામે. **(૩)** ૩
ઈતિ વચનામૃતમ્ **॥૧૨॥ (૧૨૦)**

**રહસ્યાર્થ પ્રદી૦** - આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે સવિકલ્પ ને નિર્વિકલ્પ નિશ્ચયના ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ ભેદનાં લક્ષણ કહ્યાં છે. **(૧)** બીજામાં વક્તાને વિષે દેશાદિકનું શુભ-અશુભપણું અને શ્રોતાને વિષે આસ્થાનું મંદ-તીક્ષ્ણપણું તેણે કરીને નિશ્ચયના ભેદ પડે છે. **(૨)** ત્રીજામાં ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા તથા રૂડા દેશાદિક હોય તથા શ્રોતાને ઉત્કૃષ્ટ શ્રદ્ધા હોય તો સર્વોત્કૃષ્ટ નિશ્ચય થાય એમ કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં છ પ્રકારનો નિશ્ચય કહ્યો તે છ પ્રકારના નિશ્ચયવાળા શ્રીજીમહારાજને કેવા જાણતા હશે ?

૧ **ઉ૦** વિષ્ણુ તથા વૈરાજના જેવા શ્રીજીમહારાજને જાણીને ભજે તેને સવિકલ્પમાં કનિષ્ઠ જાણવા. **(૧)** અને અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ ને મહત્તત્ત્વ જેવા જાણીને શ્રીજીમહારાજને ભજે તેને સવિકલ્પમાં મધ્યમ જાણવા. **(૨)** અને પ્રધાનપુરુષ જેવા જાણીને શ્રીજીમહારાજને ભજે તેને સવિકલ્પમાં ઉત્તમ જાણવા. **(૩)** અને મૂળપુરુષ તથા નરનારાયણ જેવા જાણીને શ્રીજીમહારાજને ભજે તેને નિર્વિકલ્પમાં કનિષ્ઠ જાણવા. **(૪)** અને વાસુદેવ તથા મૂળ અક્ષર જેવા જાણીને ભજે તેને નિર્વિકલ્પમાં મધ્યમ જાણવા. **(૫)** અને શ્રીજીમહારાજના તેજરૂપ જે અક્ષરધામ તેને વિષે રહ્યો થકો શ્રીજીમહારાજની ઉપાસના કરે તેને નિર્વિકલ્પમાં ઉત્તમ જાણવા. **(૬)** આ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા તે સિદ્ધદશાવાળા પરમએકાંતિક મુક્ત જાણવા અને જે શ્રીજીમહારાજની મૂર્તિમાં સળંગ રહ્યા થકા મૂર્તિના રોમરોમના નવીન નવીન સુખભોક્તા એવા જે અનાદિમુક્ત તેમને નિર્વિકલ્પમાં અતિ ઉત્તમ નિશ્ચયવાળા જાણવા.

૨ **પ્ર૦** ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા પોતે ધામરૂપ થઈને ધામમાં રહીને ઉપાસના કરે ત્યારે મધ્યમ ને કનિષ્ઠ નિશ્ચયવાળા પોતાનું સ્વરૂપ કેવું સમજતા હશે ?

૨ **ઉ૦** મધ્યમ નિશ્ચયવાળા શ્રીજીમહારાજને વાસુદેવ તથા મૂળઅક્ષર જેવા જાણે તેથી તેમના તેજરૂપ જે અક્ષરબ્રહ્મ તે રૂપ

પોતાને માને અને કનિષ્ઠ નિશ્ચયવાળા શ્રીજીમહારાજને મૂળપુરુષ તથા નરનારાયણ જેવા જાણે તેથી તેમના તેજરૂપ પોતાને માને. તેમના તેજને પૂર્વ શાસ્ત્રોમાં તથા વેદ તથા ઉપનિષદોમાં બ્રહ્મ તથા અક્ષર શબ્દે કરીને કહેલ છે તે રૂપ માને તેણે કરીને નિશ્ચયમાં ન્યૂનતા રહે છે, કારણ કે શ્રીજીમહારાજના નખની કાન્તિમાં અનંત મૂળઅક્ષરોનું તથા વાસુદેવબ્રહ્મનું તેજ લીન થઈ જાય છે અને અક્ષર તથા વાસુદેવના કિંચિત્ તેજમાં નરનારાયણ તથા મૂળપુરુષોનાં તેજ લીન થઈ જાય છે, આ તેજના ભેદ (**લો૦ ૧૫**ના પાંચમા પ્રશ્નમાં) કહ્યા છે તેને શ્રીજીમહારાજના પરમએકાંતિક તથા અનાદિ દેખે છે ને જેના ઉપર એવા મુક્તની કૃપા થાય તે પણ જાણે ને દેખે.

૩ **પ્ર૦** અક્ષરધામને વિષે અષ્ટાવરણે યુક્ત કોટી કોટી બ્રહ્માંડ અણુની પેઠે જણાય છે એમ કહ્યું તે બ્રહ્માંડ તો મૂળપુરુષના તેજરૂપ અક્ષરબ્રહ્મમાં રહ્યાં છે અને અક્ષરધામમાં રહ્યાં છે એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ૦** અક્ષરકોટી, બ્રહ્મકોટી, પુરુષકોટી એ સર્વેનું આધાર શ્રીજીમહારાજનું તેજ છે, માટે મૂળપુરુષના તેજમાં રહ્યા હોય તો પણ શ્રીજીમહારાજના તેજમાં રહ્યા છે એમ કહેવાય, કેમ જે સર્વાધાર તો શ્રીજીમહારાજનું તેજ છે, માટે સૂઝે તેને વિષે રહ્યા હોય તો પણ સર્વાધારને વિષે જ રહ્યાં છે એમ કહેવાય.

૪ **પ્ર૦** બીજા પ્રશ્નમાં વક્તાને વિષે દેશ, કાળ, દીક્ષા, ક્રિયા, મંત્ર, શાસ્ત્રાદિકનું શુભ-અશુભપણું કહ્યું તે કેવી રીતે જાણવું ?

૪ **ઉ૦** જે દેશમાં ભગવાનના અવતાર પ્રગટ થતા હોય તથા તે અવતારો જે દેશમાં વિચરતા હોય ને પ્રગટ ભગવાનની ઉપાસનાવાળા સત્પુરુષ રહેતા હોય ને સ્વધર્મનિષ્ઠજનો રહેતા હોય તે શુભ દેશ જાણવો. **(૧)** અને જે સ્થાનમાં કોઈ પ્રકારના રોગાદિકની પ્રવૃત્તિ ન હોય તથા મારકૂટ ન થતી હોય તથા અધર્મી માણસનો પ્રસંગ ન હોય તે શુભ કાળ જાણવો. **(૨)** અને વક્તા પણ શ્રીજીમહારાજના સર્વોપરી નિશ્ચયવાળા અને પંચવર્તમાનેયુક્ત ને શ્રીજીમહારાજને વિષે પ્રીતિવાળા મુક્તનો યોગ કરીને તેવા ગુણ સિદ્ધ કરેલા હોય તે શુભ સંગ જાણવો. **(૩)** અને ઉદ્ધવ સંપ્રદાયની દીક્ષા હોય તે શુભ દીક્ષા જાણવી. **(૪)** અને કથા-વાર્તા, ધ્યાન-ભજન, ભક્તિ-સેવા, નિયમ-ધર્મ આદિક ક્રિયા શ્રીજીમહારાજ સંબંધી હોય તે શુભ ક્રિયા જાણવી. **(૫)** અને શ્રીજીમહારાજના તેજરૂપ પોતાને માનીને સ્વામિનારાયણ નામનો મંત્ર જપતો હોય તે શુભ મંત્ર જાણવો. **(૬)** અને જેમાં શ્રીજીમહારાજ તથા એમના મુક્તોના સ્વરૂપનું જ્ઞાન તથા દિવ્ય સાકારપણું તથા મહિમા તથા ચરિત્ર-લીલા વર્ણન કરેલાં હોય તેવા શાસ્ત્રને શુભ શાસ્ત્ર જાણવાં. **(૭)** અને પોતાને શ્રીજીમહારાજના તેજરૂપ માનીને શ્રીજીમહારાજનું ધ્યાન કરવું તથા શ્રીજીમહારાજની મૂર્તિમાં એકતા કરીને શ્રીજીમહારાજનું ધ્યાન કરવું તે શુભ ધ્યાન જાણવું. **(૮)** આ કહ્યા તે સર્વે શુભ દેશકાળાદિક જાણવા. તેવા દેશાદિક જે ગુરુમાં હોય તેના સંગથી ઉત્કૃષ્ટ નિશ્ચય થાય છે. **॥૧૨॥ (૧૨૦)**

## વચનામૃત લોયાનું - ૧૩

❖સંવત ૧૮૭૭ના માગશર વદિ ૧૦ દશમને દિવસ પ્રાતઃકાળને સમે શ્રીજીમહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાખાચરના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ફેંટો બાંધ્યો હતો ને બીજા ધોળા ફેંટાની બોકાની વાળી હતી ને ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી ને ધોળો ખેસ પહેર્યો હતો ને ચોફાળ ઓઢ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, મોટેરા મોટેરા પરમહંસ પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો. ત્યારે
૧ ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** કેવો પુરુષ હોય તેને દેશ, કાળ, ક્રિયા, સંગાદિકે કરીને પરાભવ ન થાય ? ને કેવો હોય તેને થાય ? અને સાંભળ્યામાં તો એમ આવે છે જે બ્રહ્માને પણ સરસ્વતીને દેખીને મોહ થયો ને શિવજીને પણ મોહનીને

દર્શને કરીને મોહ થયો માટે વિચારીને ઉત્તર કરો, કેમ જે એવા મોટાને પણ દેશકાળાદિકે કરીને પરાભવ થયો છે. પછી તેનો ઉત્તર બ્રહ્માનંદ સ્વામીએ કરવા માંડ્યો પણ થયો નહિ ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો તો ઉત્તર એ છે જે નાડી-પ્રાણ સંકેલાઈને નિર્વિકલ્પ સ્થિતિએ કરીને શ્રીનારાયણના ચરણારવિંદમાં રહ્યો હોય તો તુચ્છ જેવો જીવ હોય તેને પણ દેશ, કાળ, સંગાદિકે કરીને પરાભવ ન થાય ને એવી રીતે બ્રહ્માદિક રહ્યા હોય તો તેને પણ પરાભવ ન થાય, અને એવી રીતે સ્થિતિ ન થઈ હોય ને દેહમાં વર્તતા હોય તો બીજા જીવને પરાભવ થાય ને એવા મોટા જે બ્રહ્માદિક તેને પણ થાય અને એમ ન હોય તો :-

**तत्सृष्टसृष्टसृष्टेषु कोन्वखंडितधीः पुमान् । ऋषिं नारायणमृते योषिन्मय्येह मायया ॥**

એ શ્લોકનો અર્થ ઠીક બેસે નહિ, માટે એને વિષે રહ્યા થકા તો એક નારાયણ ઋષિને પરાભવ ન થાય ને બીજો તો ગમે એવો મોટો હોય ને તે જો નારાયણના ચરણારવિંદને વિષે નિમગ્ન ન રહે તો તેને પરાભવ થાય અને જો નિમગ્ન રહે તો ન થાય, એવી રીતે અમે અમારા અંતરમાં અચળ સિદ્ધાંત કરી રાખ્યો છે અને તે ભાગવતમાં કહ્યું છે જે :-

**એતદીશનમીશસ્ય પ્રકૃતિસ્થોઽપિ તદ્ગુણૈઃ । ન યુજ્યતે સદાત્મસ્થૈર્યથા બુદ્ધિસ્તદાશ્રયા ॥**

તથા ભગવાને કહ્યું છે જે :-

**दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया । मामेव ये प्रपद्यंते मायामेतां तरन्ति ते ॥**

એવી રીતે માયાએ કરીને નિર્લેપપણું તે એક નારાયણને જ છે અથવા તે નારાયણને નિર્વિકલ્પપણે પામ્યો હોય તેને પણ પરાભવ ન થાય અને સવિકલ્પપણે જો નારાયણને પામ્યો હોય તો તે ગમે તેવો મોટો હોય તેને પણ પરાભવ થાય. **(૧)** ૧

૨ અને ત્યાર પછી નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** હે મહારાજ ! જ્યાં સુધી એ મુમુક્ષુને ગુણનો સંબંધ છે ત્યાં સુધી તો તેને દેશકાળાદિકે કરીને વિપર્યપણું થાય અને નારાયણ છે તે તો ગુણમાં રહ્યા થકા દેશકાળાદિકે કરીને પરાભવને ન પામે એ તો ઠીક, પણ જ્યારે સર્વે મુક્તને ગુણનો સંબંધ ન હોય ને નિર્ગુણપણે કરીને અક્ષરધામને વિષે રહ્યા હોય અને નારાયણ પણ ત્યાં તેવી જ રીતે રહ્યા હોય તે વારે એ સર્વે ચૈતન્યમય છે ને નિર્ગુણ છે ને ને ॥ **मम साधर्म्यमागताः** ॥ એવી રીતે નારાયણના સાધર્મ્યપણાને પામ્યા છે એવા જે મુક્ત અને નારાયણ તેમને વિષે કેમ ભેદ સમજવો ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ ચંદ્રમા છે ને તારા છે તેમાં ભેદ છે કે નહિ ? જુઓને, પ્રકાશપણે કરીને સરખા નથી અને બિંબમાં પણ ઘણો ભેદ છે અને સર્વ ઔષધિનું પોષણ તે પણ ચંદ્રમા વતે જ થાય પણ બીજે તારે ન થાય અને રાત્રિનો અંધકાર તે પણ ચંદ્રમાએ કરીને ટળે પણ તારાએ કરીને ટળે નહિ, તેમ નારાયણ તથા મુક્તોમાં ભેદ છે અને વળી જેમ રાજા ને રાજાના ચાકર તે મનુષ્યજાતિએ કરીને

સરખા છે પણ રાજાનું સામર્થ્ય, ઐશ્વર્ય, રૂપ, લાવણ્યતા તે સર્વોપરી છે અને જે રાજા વતે થાય તે ચાકર વતે થાય નહિ; સૂઝે એવડો મોટો હોય તો પણ ન થાય, તેમ પુરુષોત્તમનારાયણ તે સર્વકર્તા છે, સર્વકારણ છે, સર્વનિયંતા છે અને અતિ રૂપવાન છે, અતિ તેજસ્વી છે અને અતિ સમર્થ છે ને **"કર્તુમ્-અકર્તુમ્-અમન્યથાકર્તુમ્"** છે તે જો પોતાની ઇચ્છામાં આવે તો એ અક્ષરધામને વિષે રહ્યા જે મુક્ત તે સર્વેને પોતાના તેજને વિષે લીન કરીને પોતે એક જ વિરાજમાન રહે ને સૂજે તો એ સર્વ મુક્ત તેમણે સેવ્યા થકા એમની ભક્તિને અંગીકાર કરે ને એ સોતા વિરાજમાન રહે અને જે અક્ષરધામને વિષે પોતે રહ્યા છે તે અક્ષરને પણ લીન કરીને પોતે સ્વરાટ થકા એકલા જ વિરાજમાન રહે અને પોતાને મનમાં આવે તો એ અક્ષરધામ વિના પણ અનંતકોટી મુક્તોને પોતાને ઐશ્વર્યે કરીને ધારવાને સમર્થ છે. જેમ પૃથુ ભગવાને પૃથ્વીને કહ્યું જે, મારા ધનુષ થકી નીસર્યાં જે બાણ તેણે કરીને તને મારીને મારા સામર્થ્યે કરીને આ સર્વ જગતને ધારવાને હું સમર્થ છું, તેમ એ નારાયણ પોતાને ઐશ્વર્યે કરીને સર્વોપરી વર્તે છે તે એને ને બીજા અક્ષરાદિક મુક્તોને સરખા કહે છે તે દુષ્ટ મતવાળા જાણવા ને તેને અતિ પાપી જાણવા અને એનાં દર્શન પણ કરવાં નહિ ને એવી રીતની સમજણવાળાનાં દર્શન કરીએ તો પંચમહાપાપ જેવું પાપ થાય અને એ નારાયણને લઈને તો જેને વિષે મોટ્યપ કહીએ તેને વિષે સંભવે અને એને લઈને વિષ્ણુ, બ્રહ્મા, શિવ, નારદ, સનકાદિક એ સર્વેને ભગવાન કહેવાય છે અને ઉદ્ધવજીને વિષે એ નારાયણ ને લઈને ઉદ્ધવને ભગવાન કહેવાય અને **હમણાં આ મુક્તાનંદ સ્વામી જેવા સંતને વિષે એ નારાયણને લઈએ તો એમને પણ ભગવાન જેવા કહેવાય અને એ નારાયણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય તો બીજાની શી વાર્તા કહેવી** ? અને ॥ **अपरिमिता ध्रुवास्तनुभृतो यदि सर्वगता:** ॥ એ વેદસ્તુતિના ગદ્યનો પણ એ જ અર્થ છે અને જો એમ ન હોય તો આ આપણ સર્વે છીએ તે આ દેહ થકી નોખો જે આત્મા તેને બ્રહ્મરૂપ જાણીએ છીએ અને જ્ઞાન-વૈરાગ્યાદિક સાધન યુક્ત છીએ તો પણ એ નારાયણને પ્રસન્ન કરવાને અર્થે રાતદિવસ ઉજાગરા કરીએ છીએ ને કીર્તન-નામસ્મરણ તે તાળીઓ વજાડી વજાડીને હાથની આંગળીઓ ફાટી જાય એમ કરીએ છીએ તથા કથા-વાર્તા રાતદિવસ કરીએ કરાવીએ છીએ તે જો એ નારાયણ સરખા થઈ જવાતું હોય તો એવડો દાખડો શું કરવા કરીએ ? **માટે એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે પણ બીજો કોઈ એ જેવો થાતો નથી અને** ॥ **एकमेवाद्धितीयं ब्रह्म** ॥ **એ શ્રુતિનો પણ એ જ અર્થ છે જે, એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે એમ સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે,** એવી રીતે ભક્તજનની શિક્ષાને અર્થે શ્રીજીમહારાજે વાર્તા કરીને પોતે તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે. **(૨)** ઇતિ વચનામૃતમ્ ॥૧૩॥ **(૧૨૧)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં અમારે વિષે નિમગ્ન રહે તેને દેશકાળાદિક પરાભવ પમાડી શકે

નહિ ને દેહમાં વર્તે એવા મુમુક્ષુને દેશકાળાદિક પરાભવ પમાડે. **(૧)** બીજામાં જેમ આકાશમાં તારા ને ચંદ્ર રહ્યા છે તેમ અમારા તેજરૂપ અક્ષરધામને વિષે અમે ચંદ્રને ઠેકાણે છીએ અને તારાને ઠેકાણે અમારા મુક્ત છે એવી રીતે અમારે વિષે ને અમારા મુક્તને વિષે ભેદ છે અને જેમ રાજા ને રાજાના ચાકરમાં ભેદ છે તેમ અમારે વિષે ને અક્ષરાદિક અવતારોને વિષે ભેદ છે, અને અમારા તેજરૂપ અક્ષરધામને વિષે અમારા સમીપમાં અમારા મુક્ત રહ્યા છે તેમને એ અક્ષરધામરૂપ જે અમારું તેજ તેને વિષે લીન કરીએ, અર્થાત્ એ મુક્ત એકબીજાને દેખે નહિ એવી વિસ્મૃતિ કરાવીએ તે અમારું કર્તાપણું છે અને એ અમારા તેજરૂપ ધામને વિષે મુક્તની સેવાને અંગીકાર કરીએ અર્થાત્ સેવકને આધીનપણાનો ભાવ જણાવીએ તે અમારું અકર્તાપણું છે. અને એ અમારા તેજને પણ અમારે વિષે લીન કરીને સ્વરાટ્ થકા રહીએ અને એ અમારા તેજમાં રહેલા મુક્તોને અમારા ઐશ્વર્ય વડે ધારણ કરીએ અર્થાત્ અમારી મૂર્તિમાં રાખીએ તે અમારું અન્યથાકર્તાપણું છે. અને અમને ને અમારા અક્ષરાદિક અવતારોને તથા અમારા સાધર્મ્યપણાને પામેલા અમારા મુક્તોને પણ સરખા કહે તે દુષ્ટ મતવાળા ને અતિ પાપી છે ને તેનાં દર્શન પણ કરવાં નહિ, અને અમારી સત્તાના પ્રભાવ વડે કરીને મૂળઅક્ષરાદિકથી લઈને વિષ્ણુપર્યંત સર્વેને ભગવાન કહેવાય છે, અને અમને લઈને આ મુક્તાનંદ સ્વામીને તો ભગવાન જેવા એટલે જેવા અમે છીએ તેવા જ કહેતાં અમારા તુલ્ય કહેવાય અને અક્ષરપર્યંત કોઈ અમારા જેવો થવા સમર્થ નથી; અમે એક જ ભગવાન છીએ એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** અમારે વિષે નિમગ્ન રહે તો તુચ્છ જેવો જીવ હોય તે પણ પરાભવ ન પામે એમ કહ્યું તે જે શ્રીજીમહારાજને વિષે નિમગ્ન રહે તેને તુચ્છ કેમ કહેવાય ?

૧ **ઉ૦** આ લોકમાં સાધનકાળમાં માયાબદ્ધ જીવ હોય તેને આ લોકની અપેક્ષાએ તુચ્છ કહેવાય પણ તે જીવને શ્રીજીમહારાજ અથવા સત્પુરુષ મળે તેમના સમાગમે કરીને શ્રીજીમહારાજનો યથાર્થ મહિમા જાણીને શ્રીજીમહારાજને ધ્યાને કરીને મૂર્તિને વિષે નિમગ્ન રહે તેને પરાભવ ન થાય માટે આ લોકની અપેક્ષાએ તુચ્છ કહ્યા છે અને આ લોકની અપેક્ષાએ અધિકારને લઈને બ્રહ્માદિકની મોટપ કહેવાય.

૨ **પ્ર૦** બીજા પ્રશ્નમાં અક્ષરધામમાં મુક્ત રહ્યા છે તેમને અમારા તેજમાં લીન કરીએ તે અમારું કર્તાપણું છે એમ કહ્યું તે અક્ષરધામ કિયું જાણવું અને શ્રીજીમહારાજનું તેજ કહ્યું તે કિયું જાણવું ? અને કર્તાપણું તો પોતે ક્રિયા કરે તે કહેવાય. અને બીજા પાસે કરાવે તે અકર્તા કહેવાય. અને સાહિત્ય વિના પણ કરી શકે તે અન્યથાકર્તા કહેવાય. માટે તે કાંઈ સમજાતું નથી તે કૃપા કરીને સમજાવો ?

૨ **ઉ૦** અક્ષરધામને અને તેજને જુદું કહ્યું નથી. એક વાર અક્ષરધામ કહ્યું તેને જ બીજી વારે તેજ નામે કહ્યું છે, કેમ કે પોતાનું તેજ છે, તે જ અક્ષરધામ છે તે (**પં૦ ૧**માં) કહ્યું છે માટે આ ઠેકાણે તેજને જ અક્ષરધામ કહ્યું છે પણ તેજ અને અક્ષરધામ જુદું નથી. અને મૂળઅક્ષરાદિક અવતારોદ્વારે ઉત્પત્ત્યાદિક કરાવે છે તે પોતે પ્રેરણા કરી માટે કર્તાપણું કહેવાય. અને બીજા પાસે કરાવે છે પણ પોતે નથી કરતા માટે અકર્તાપણું કહેવાય અને સાહિત્ય વિના પણ જે ધારે તે કરી શકે તે અન્યથાકર્તાપણું કહેવાય, પણ એવી રીતનું કર્તા, અકર્તા અને અન્યથાકર્તાપણું તે અન્વય સ્વરૂપનું છે. અને આમાં તો કર્તા, અકર્તા ને અન્યથાકર્તાપણું તે પોતાના વ્યતિરેક સ્વરૂપનું કહ્યું છે જે, મુક્તને ધામરૂપ તેજમાં લીન કરે તે કર્તાપણું છે, અને સેવા અંગીકાર કરીને સેવકને આધીનપણું બતાવે તે અકર્તાપણું છે, અને ધામ વિના પોતાની મૂર્તિમાં સર્વે મુક્તને રાખે તે અન્યથાકર્તાપણું કહ્યું છે, માટે આ કર્તા, અકર્તા ને અન્યથાકર્તાપણું તે વ્યતિરેક સ્વરૂપનું જ કહ્યું છે. એટલે આમાં પોતાની ને પોતાના તેજરૂપ ધામની ને પોતાના મુક્તની જ વાત છે પણ અન્વય સ્વરૂપના કર્તા, અકર્તા ને અન્યથાકર્તાપણાની વાત કહી નથી.

૩ **પ્ર૦** ચંદ્ર, તારા ને ઔષધિને દૃષ્ટાંતે શું સમજવું ?

૩ **ઉ૦** ચંદ્રને ઠેકાણે શ્રીજીમહારાજને જાણવા અને તારાને ઠેકાણે મુક્તને જાણવા અને ઔષધિઓને ઠેકાણે મુમુક્ષુઓને જાણવા ને શ્રીજીમહારાજનું સુખ આપવું તે પોષણ જાણવું, તે સુખ શ્રીજીમહારાજ મુક્તદ્વારે આપે છે તે મુક્તો શ્રીજીમહારાજને લીધા વિના સ્વતંત્રપણે સુખ આપવા કોઈ સમર્થ નથી.

૪ **પ્ર૦** રાજા અને ચાકરને દૃષ્ટાંતે શું સમજવું ? અને કરવાનું શું જાણવું ?

૪ ઉ૦ રાજાને ઠેકાણે શ્રીજીમહારાજને જાણવા, અને ચાકરને ઠેકાણે મૂળઅક્ષરકોટીથી લઈને સર્વે અવતારો જાણવા તે સર્વેને વિષે શ્રીજીમહારાજની સત્તા આવે છે ત્યારે એ ઐશ્વર્યાર્થીઓ ઉત્પત્ત્યાદિક કરવા તથા કર્મફળ આપવા સમર્થ થાય છે પણ શ્રીજીમહારાજની સત્તાને મૂકીને સ્વતંત્ર પણે ઉત્પત્ત્યાદિક કરવા કે કર્મફળ આપવા કોઈ સમર્થ નથી એમ કહ્યું છે.

૫ **પ્ર૦** ચંદ્રનું ને રાજાનું બે દૃષ્ટાંત દેવાનું શું કારણ હશે ?

૫ **ઉ૦** મોક્ષ કરવારૂપી અને ઉત્પત્ત્યાદિક કરવારૂપી એ બેય કાર્ય જુદાં જુદાં છે તેમાં મોક્ષ કરનારા મુક્ત છે અને ઉત્પત્ત્યાદિક કરનારા મૂળઅક્ષરાદિક છે તે માટે બે દૃષ્ટાંત દીધાં છે. **॥૧૩॥ (૧૨૧)**

## વચનામૃત લોયાનું - ૧૪

❖સંવત ૧૮૭૭ના માગશર વદિ ૧૧ એકાદશીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને માથે ધોળો ફેંટો ધારણ કર્યો હતો તથા ધોળી ચાદર ઓઢી હતી તથા ધોળો ખેસ પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, **(૧)** મોરે આચાર્ય થઈ ગયા છે તેની પૃથક્ પૃથક્ રુચિ છે તેમાં શંકરસ્વામીને અદ્વૈતજ્ઞાનાંશ પ્રધાન જણાય છે, તથા રામાનુજનો એમ મત છે જે, જીવ, માયા ને પુરુષોત્તમ એ ત્રણે નિત્ય છે ને પુરુષોત્તમ છે તે જીવ-માયાના નિયંતા છે ને સર્વના કારણ છે ને પોતાના અક્ષરધામને વિષે સદા દિવ્યાકાર થકા વિરાજમાન છે ને સર્વે જે અવતાર તે તેના છે, એવા જે પુરુષોત્તમનારાયણ તેની ઉપાસના જીવને કરવી એવી રીતે રામાનુજની સમજણ જણાય છે, તથા વલ્લભાચાર્યને કેવળ ભક્તિ ઉપર નિષ્ઠા બહુ જણાય છે, અને એ સર્વે આચાર્યે પોતાના ગ્રંથોમાં પ્રસંગે કરીને બીજી વાર્તાઓ લખી છે પણ ગમે તેવી રીતે કરીને અંતે પોતાની રુચિ ઉપર જાય એમ તેમના ગ્રંથોને વિષે તેમના વચન છે તેણે કરીને તેમનો અભિપ્રાય યથાર્થ જાણ્યામાં આવે છે, તેમ અમારી વાર્તા સાંભળીને તમને સર્વેને અમારી કેવી રુચિ જણાય છે ને જેમ સોય કેડે દોરો ચાલ્યો જાય છે ને વળી જેમ માળાના મણકાને વિષે દોરો સુંસરો છે, તેમ અમારી જે સર્વે વાર્તા તેમાં શો અભિપ્રાય નિરંતર સુંસરો ચાલ્યો આવે છે તે જેને જેમ જણાતો હોય તે તેમ કહો ? ત્યારે સર્વે મોટેરા પરમહંસે જેને જેમ જણાણું તેણે તેમ કહ્યું, પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો અમે અમારો અભિપ્રાય તથા રુચિ તે કહીએ. એક તો અમને એ ગમે છે જે ઋષભદેવ ભગવાન વાસુદેવ સંગાથે એકાત્મતાને પામ્યા હતા તો પણ જ્યારે સિદ્ધિઓ આવીને પ્રાપ્ત થઈ ત્યારે પોતે ભગવાન હતા તો પણ બીજા ત્યાગીની શિક્ષાને અર્થે તે સિદ્ધિઓને ગ્રહણ ન કરતા હવા ને એમ બોલ્યા જે, યોગી સિદ્ધ થયો હોય ને પોતાનું મન વશ થયું હોય તો પણ તે મનનો વિશ્વાસ ન કરવો તે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે :-

**न कुर्यात्कर्हिचित्सख्यं मनसि ह्यनवस्थिते । यद्विस्रम्भाच्चिराच्चीर्णं चस्कंद तप ऐश्वरम् ॥**
**नित्यं ददाति कामस्य छिद्रं तमनु येऽरयः । योगिनः कृतमैत्रस्य पत्युर्जायेव पुंश्चली ॥**

એવી રીતે જે મનનો વિશ્વાસ ન કરે તેવો ત્યાગ અમને ગમે છે, તથા અમારા મનમાં શ્વેતદ્વીપ તથા બદરિકાશ્રમ જેવા ગમે છે તેવા બીજા લોક ગમતાં નથી ને એમ મનમાં રહે છે જે, શ્વેતદ્વીપને વિષે તથા બદરિકાશ્રમને વિષે જઈને નિરન્નપણે રહ્યા થકા તપ કરીએ તે બહુ સારું લાગે પણ બીજા લોકમાં અનેક પ્રકારના વૈભવ ભોગવવા તે નથી ગમતા. **(૧)** તથા ૧
ભગવાનના જે ઘણાક અવતાર થયા છે તેને એમ જાણીએ છીએ જે, એ સર્વે અવતાર નારાયણના છે તો પણ તે અવતારમાં ઋષભદેવજી બહુ ગમે તથા તેથી ઊતરતા કપિલજી તથા દત્તાત્રેય એ બેય સરખા જણાય છે અને એ ત્રણે અવતાર કરતાં કોટીગણું શ્રીકૃષ્ણને વિષે અમારે હેત છે ને એમ જાણીએ છીએ જે બીજા સર્વે અવતાર કરતાં **આ અવતાર** બહુ મોટો થયો ને બહુ સમર્થ છે અને આમાં અવતાર-અવતારી એવો ભેદ નથી જણાતો અને બીજા જે મચ્છ-કચ્છાદિક તે ભગવાનના જ અવતાર છે પણ તેમાં અમારી અતિ રુચિ નથી. અને આવી રીતે તો અમારે ઉપાસના છે જે, **સર્વેથી પર એક મોટો તેજનો સમૂહ છે તે તેજનો સમૂહ અધો ઊર્ધ્વ તથા ચારેકોરે પ્રમાણે રહિત છે ને અનંત છે ને તે તેજના સમૂહના મધ્ય ભાગને વિષે એક મોટું સિંહાસન છે, ને તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રી નારાયણપુરુષોત્તમ ભગવાન તે વિરાજમાન છે ને** તે સિંહાસન ને ચારેકોરે અનંતકોટી મુક્ત બેઠા થકા તે નારાયણનાં દર્શન કરે છે, એવા જે મુક્તે સહિત શ્રી નારાયણ તેને અમે નિરંતર દેખીએ છીએ અને તે ભગવાનને વિષે તેજનું અતિશેપણું છે તેણે કરીને જ્યારે એ સભા સહિત તે ભગવાનનાં દર્શન નથી થાતાં ત્યારે અમને અતિશે કષ્ટ થાય છે અને તે તેજનો સમૂહ તો નિરંતર દેખાય છે તો પણ એને વિષે રુચિ નથી અને ભગવાનની મૂર્તિનાં દર્શને કરીને જ અતિ સુખ થાય છે, અમારે એવી રીતે ઉપાસના છે. અને એ ભગવાનને વિષે ભક્તિ તો જેવી ગોપીઓને હતી તેવી ગમે છે, તે સારુ અમે સૌ માણસને જોતા રહીએ છીએ જે, કોઈક કામી સ્ત્રી હોય તેને પુરુષને વિષે જેવું હેત હોય તથા કામી પુરુષને સ્ત્રીને વિષે જેવું હેત હોય તેને દેખીને એમ થાય જે, એવું હેત આપણે ભગવાનમાં હોય તો ઠીક, તથા કોઈકને પુત્રમાં, ધનમાં બહુ હેત જણાય તેને દેખીને એમ થાય જે એવું હેત આપણે ભગવાનમાં હોય તો ઠીક તથા કોઈક ગાતો હોય તો તેને સાંભળીને તેને પાસે કોઈ માણસને મોકલીએ અથવા અમે પંડે એની પાસે જાઈએ ને જાણીએ જે એ બહુ ઠીક કરે છે. **(૨)** અને અમારે સુવાણ ૨
તો એવા સાથે થાય છે જે, જેમાં કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, ઈર્ષા, દંભ, કપટ ઇત્યાદિક દોષ ન હોય ને ધર્મશાસ્ત્રમાં કહ્યું છે એવી રીતે ધર્મ પાળતો હોય ને ભગવાનની ભક્તિએ યુક્ત હોય તે સાથે જ અમારે બેઠ્યા-ઊઠ્યાની સુવાણ થાય છે અને એવો ન હોય ને તે અમારે ભેગો રહેતો હોય તો પણ તેની સાથે સુવાણ થાય નહિ; તેની તો ઉપેક્ષા રહે છે. **(૩)** અને **મોરે તો અમારે કામી ઉપર બહુ અભાવ રહેતો અને હવે તો ક્રોધ, માન, ઈર્ષા** ૩
**એ ત્રણ જેમાં હોય તે ઉપર બહુ અભાવ રહે છે, કાં જે કામી હો તે તો ગૃહસ્થની પેઠે નિર્માની**

**થઈને સત્સંગમાં પડ્યો રહે છે અને જેમાં ક્રોધ, માન ને ઈર્ષ્યા હોય છે તે તો સત્સંગમાંથી જરૂર પાછા પડી જાતા દેખાય છે, માટે એ ત્રણ ઉપર બહુ ખેદ રહે છે,** તે માન તે શું ? તો જે માની હોય તેને પોતાથી મોટો હોય તેની આગળ પણ સ્તબ્ધપણું રહે પણ તેની આગળ
હલકો થઈને તેની સેવામાં વર્તાય નહિ. **(૪)** અને એ સર્વે જે અમારો અભિપ્રાય તે થોડાકમાં ૪
લ્યો કહીએ જે, જેવી રીતે શંકરસ્વામીએ અદ્વૈત બ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે તે બ્રહ્મને અમે પોતાનું સ્વરૂપ જાણીએ છીએ, તથા રામાનુજ સ્વામીએ જેવી રીતે ક્ષર-અક્ષરથી પર જે પુરુષોત્તમ ભગવાન તેનું નિરૂપણ કર્યું છે તે પુરુષોત્તમ ભગવાનને વિષે તો અમારે ઉપાસના છે, તથા ગોપીઓના જેવી તો એ પુરષોત્તમ ભગવાનને વિષે અમારે ભક્તિ છે, તથા શુકજીના જેવો તથા જડભરતના જેવો તો અમારે વૈરાગ્ય છે ને આત્મનિષ્ઠા છે, એવી રીતે અમારો અભિપ્રાય તથા રુચિ છે તે અમારી વાર્તાએ કરીને તથા અમે માન્યા જે અમારા સંપ્રદાયના ગ્રંથ તેણે કરીને જો પૂર્વાપર વિચારીને જુએ તો જે બુદ્ધિવાન હોય તેના જાણ્યામાં આવે છે, એવી રીતે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે શ્રીજીમહારાજે વાર્તા કરી અને પોતે
તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે. **(૫)** ઈતિ વચનામૃતમ્ **॥૧૪॥ (૧૨૨)** ૫

**રહસ્યાર્થ પ્રદી ૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમને ત્યાગ ગમે છે પણ વૈભવ ભોગવવા ગમતા નથી. **(૧)** અને અમારા ઘણા અવતાર થયા છે તેમાં દત્ત-કપિલથી ઋષભદેવ અધિક છે અને તેથી શ્રીકૃષ્ણ કોટીગણા અધિક છે અને આ અવતાર એટલે અમે બહુ સમર્થ છીએ ને અમારે વિષે અવતાર-અવતારી ભેદ નથી; સર્વેના ઉપરી છીએ, અને સર્વેથી પર પરિમાણે રહિત ને અનંત એવો તેજનો સમૂહ છે તેના મધ્ય ભાગને વિષે દિવ્ય સિંહાસન ઉપર અમે દિવ્યમૂર્તિ વિરાજમાન છીએ અને ચારે કોરે અનંતકોટી મુક્ત અમારાં દર્શન કરે છે તે મુક્ત સહિત અમારાં દર્શન થાય ત્યારે જ સુખ માનવું ને અમારું તેજ એકલું દેખાય તો કષ્ટ પામવું, એવી રીતે અમારી ઉપાસના ને ભક્તિ કરવી. **(૨)** અને કામાદિક દોષ ન હોય ને ધર્મશાસ્ત્ર જે સત્સંગીજીવન તેમાં કહ્યા તે પ્રમાણે ધર્મ પાળતો હોય ને અમારી ભક્તિએ યુક્ત હોય તેનો સંગ રાખવો ને એવો ન હોય તેની ઉપેક્ષા રાખવી. **(૩)** અને કામી કરતાં ક્રોધ, માન, ઈર્ષ્યા હોય તેના ઉપર અમારે બહુ અભાવ રહે છે. **(૪)** અને શંકરસ્વામી અદ્વૈત બ્રહ્મનું પ્રતિપાદન કરે છે તે મૂળપુરુષનું તેજ છે, ને તેથી પર વાસુદેવબ્રહ્મનું તેજ છે, ને તેથી પર મૂળઅક્ષરનું તેજ છે, ને તેથી પર ને સર્વેનું આધાર, સર્વેનું કારણ ને અદ્વૈત એવું જે અમારા તેજરૂપ બ્રહ્મ તેને પોતાનું સ્વરૂપ માનવું. ને ક્ષર-અક્ષરથી પર પુરુષોત્તમ ભગવાન જે અમે તે અમારી સાકારપણે ઉપાસના ને ભક્તિ કરવી, ને અમારા વિના બીજેથી વૈરાગ્ય ને આત્મનિષ્ઠા રાખવી એમ કહ્યું છે. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં શ્વેતદ્વીપ તથા બદરિકાશ્રમમાં તપ કરવું તે સારું લાગે છે પણ બીજા લોકના વૈભવ નથી ગમતા એમ કહ્યું તે લોક ને વૈભવ કિયા જાણવા ?

૧ **ઉ૦** ઇંદ્રથી લઈને પ્રકૃતિપુરુષના સ્થાન સુધી સર્વે લોક જાણવા, તે લોકોમાં જે માયિક સુખ છે તે વૈભવ જાણવા, તે ગમતા નથી એમ કહ્યું છે.

૨ **પ્ર૦** બીજી બાબતમાં ઋષભદેવ વાસુદેવ સંગાથે એકાત્મતાને પામ્યા હતા, એમ કહ્યું તે વાસુદેવ કિયા જાણવા ?

૨ **ઉ૦** આ ઠેકાણે મૂળપુરુષને વાસુદેવ કહ્યા છે તેના ઋષભદેવ અવતાર હતા ને એને વિષે એકાત્મતાને પામ્યા હતા.

૩ **પ્ર૦** ઋષભદેવ કરતાં શ્રીકૃષ્ણને વિષે અધિક હેત કહ્યું તેનું શું કારણ હશે ?

૩ **ઉ૦** જે સર્વેથી મોટા હોય તેમને વિષે હેત કરવું એમ કહ્યું છે તે દત્ત-કપિલથી ઋષભદેવ મોટા છે ને તેથી શ્રીકૃષ્ણ અતિ મોટા

છે અને પોતે તો સર્વેથી અતિશય મોટા છે તે સર્વ અવતાર કરતાં આ અવતાર બહુ મોટો ને બહુ સમર્થ છે એમ પોતાને સર્વેથી અત્યંત મોટા કહ્યા છે તે માટે પોતાને વિષે જ હેત કરવું એમ સૂચવ્યું છે.

૪ **પ્ર૦** અમારે વિષે અવતાર-અવતારી એવો ભેદ નથી એમ શ્રીજીમહારાજે કહ્યું તેમાં શું સમજવાનું હશે ?

૪ **ઉ૦** જેમ બીજા અવતારો છે તે પોતાના ઉપરીના અવતાર છે ને પોતાના નીચેના જે અવતાર તેના અવતારી છે, તેમ અમે અવતાર નથી; અમે તો અવતારી જ છીએ પણ અવતાર-અવતારી એવા બે ભેદ અમારે વિષે નથી એમ કહ્યું છે. તે મચ્છ-કચ્છાદિકથી લઈને મૂળઅક્ષર સુધી સર્વે અવતાર કહેવાય અને અવતારી પણ કહેવાય, તેમાં મચ્છથી લઈને રામાવતાર સુધી સર્વે શ્રીકૃષ્ણના અવતાર કહેવાય ને શ્રીકૃષ્ણ એમના અવતારી કહેવાય અને વાસુદેવબ્રહ્મના શ્રીકૃષ્ણ અવતાર કહેવાય અને વાસુદેવબ્રહ્મ તે શ્રીકૃષ્ણના અવતારી કહેવાય અને મૂળઅક્ષરના અવતાર વાસુદેવ ને કહેવાય ને મૂર્તિમાન મૂળઅક્ષરને વાસુદેવબ્રહ્મના અવતારી કહેવાય ને શ્રીજીમહારાજના અવતાર મૂળઅક્ષરને કહેવાય, ને શ્રીજીમહારાજ સર્વેના અવતારી કહેવાય, પણ કોઈના અવતાર નથી એટલે કોઈ અમારો ઉપરી નથી એમ કહ્યું છે.

૫ **પ્ર૦** અક્ષરધામમાં સિંહાસન કહ્યું તે શી વસ્તુ હશે ?

૫ **ઉ૦** શ્રીજીમહારાજની મૂર્તિનું તેજ છે તે સિંહાસનરૂપે શોભા આપે છે.

૬ **પ્ર૦** ચોથી બાબતમાં કામ કરતાં ક્રોધ, માન ને ઈર્ષ્યા એ ત્રણને ભૂંડાં કહ્યાં ને (**પ્ર૦ ૭૬**/૨માં) એ ત્રણે કરતાં કામને ભૂંડો કહ્યો તેનું શું કારણ હશે ?

૬ **ઉ૦** સત્સંગમાં ક્રોધ-માનાદિક ન રાખે તે કરતાં કામીને ભૂંડો કહ્યો છે અને શ્રીજીમહારાજના ભક્ત આગળ માન, ક્રોધ ને ઈર્ષ્યા રાખે તેથી કામી સારો કહ્યો છે, કેમ જે માનીથી શ્રીજીમહારાજ તથા એમના ભક્તનો દ્રોહ થઈ જાય એવા માનીને કામી કરતાં ભૂંડો કહ્યો છે.

૭ **પ્ર૦** પાંચમી બાબતમાં શંકરસ્વામીએ અદ્વૈતબ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે તે બ્રહ્મને શ્રીજીમહારાજે પોતાનું સ્વરૂપ માનવાનું કહ્યું ને રામાનુજે ક્ષર-અક્ષરથી પર પુરુષોત્તમ કહ્યા તે પુરુષોત્તમની ઉપાસના કરવાની કહી તે શંકરસ્વામીએ જે બ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે તે બ્રહ્મ તો મૂળપુરુષનું તેજ છે અને રામાનુજાચાર્યે પણ મૂળપુરુષને જ પુરુષોત્તમ કહ્યાં છે અને શ્રીજીમહારાજે તે અદ્વૈતબ્રહ્મને પોતાનું સ્વરૂપ માનવાનું કહ્યું ને રામાનુજાચાર્યે જેને પુરુષોત્તમ કહ્યા તેની ઉપાસના કરવી એમ કહ્યું તે કેમ સમજવું ?

૭ **ઉ૦** જેમ શંકરસ્વામી એ અદ્વૈતબ્રહ્મથી પર કોઈ નથી એમ જાણીને તેનું પ્રતિપાદન કર્યું છે અને રામાનુજાચાર્યે મૂળપુરુષથી પર કોઈ નથી એમ જાણીને એમને પુરુષોત્તમ માનીને એમની ઉપાસના કરવાનું કહ્યું છે, તેમ અમારા ભક્તોએ અમારા તેજરૂપ બ્રહ્મને મૂળઅક્ષરાદિક સર્વેથી પર જાણીને તે બ્રહ્મરૂપ પોતાને માનવું અને અમને એ બ્રહ્મથી પર ને એ બ્રહ્મના કારણ પરબ્રહ્મ પુરુષોત્તમ જાણીને અમારી ઉપાસના કરવી. અને જેમ ગોપીઓને શ્રીકૃષ્ણને વિષે પ્રીતિ હતી તેવી પ્રીતિ અમારે વિષે કરવી, અને જડભરત તથા શુકજીએ સર્વેથી પર શ્રીકૃષ્ણને જાણીને તે વિના બીજેથી વૈરાગ્ય પામીને પ્રીતિ ટાળી નાખી હતી અને આત્મારૂપે વર્તતા હતા, તેમ અમારા ભક્તોએ અમને સર્વેથી પર ને સુખદાયી જાણીને અમારા વિના બીજેથી પ્રીતિ ટાળીને વૈરાગ્ય દઢ કરવો **॥૧૪॥ (૧૨૨)**

## વચનામૃત લોયાનું - ૧૫

❖સંવત ૧૮૭૭ના માગશર વદિ ૧૩ તેરસને દિવસ રાત્રિને સમે શ્રીજીમહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં વિરાજમાન હતા અને ધોળો ફેંટો માથે બાંધ્યો હતો તથા બીજે ધોળે ફેંટે બોકાની વાળી હતી તથા ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળો ચોફાળ ને ધોળી પછેડી તે ભેગાં કરીને ઓઢ્યાં હતાં ને

પોતાના મુખારવિંદની આગળ દેશદેશના હરિભક્તની સભા તથા પરમહંસની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા જે, **(૧)** આ જીવ છે તે અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવપણે કરીને સર્વ દેહમાં નખશિખા પર્યંત વ્યાપી ને રહ્યો છે અને દેવતા ને ઈન્દ્રિયોરૂપે કરીને જીવનું ભોક્તાપણું છે પણ દેવતા-ઈન્દ્રિયોથી પૃથક્‌પણે ભોક્તા નથી. **(૧)** ૧

૨ ત્યારે નિત્યાનંદ સ્વામીએ આશંકા કરી જે, **(૨)** હે મહારાજ ! ત્યારે એમ કહેવાય છે જે, જીવ જે તે સામાન્યપણે સર્વ દેહમાં વ્યાપીને વિશેષપણે હૃદયાકાશમાં રહ્યો છે ત્યારે સર્વ ઠેકાણે સરખું જાણપણું નથી જણાતું તેનું કેમ સમજવું ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ સૂર્ય છે તે કિરણે કરીને સર્વ પદાર્થમાં વ્યાપીને રહ્યો છે પણ આગળ જેવું પદાર્થ છે ત્યાં તેવો સૂર્યનો પ્રકાશ જણાય છે, કેમ જે કાચની ભૂમિ હોય તથા સ્વચ્છ નિર્મળ પાણી હોય ત્યાં જેવી રીતે સૂર્યનો શુદ્ધ પ્રકાશ જણાય છે તેવી રીતે પાણાની ભૂમિ, રેતની ભૂમિ, તથા ડોળાયેલું પાણી તેમાં જણાતો નથી. એવી રીતે સૂર્યના પ્રકાશમાં ન્યૂન-અધિકપણું જણાય છે, તેમ એ જીવ, ઈન્દ્રિયો, અંતઃકરણ ગોલક એ સર્વેને વિષે સમાનપણે રહ્યો છે પણ ઈન્દ્રિયોને વિષે સ્વચ્છપણું છે માટે તેને વિષે વિશેષ પ્રકાશ જણાય છે. જુઓને નેત્રમાં જેવું તેજ જણાય છે તેવું નાક-કાનમાં કોઈ દિવસ જણાય છે ? નથી જણાતું અને ચાર અંતઃકરણનું અતિ સ્વચ્છપણું છે તો ત્યાં જીવનો અધિક પ્રકાશ જણાય છે અને બીજી ઈન્દ્રિયોમાં ન્યૂન જણાય છે પણ જીવ તો સર્વ દેહને વિષે સમાનપણે રહ્યો છે. **(૨)** ૨

૩ ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૩)** એ જીવને કેટલાક તો તારા જેવો દેખે છે તથા દીવાની જ્યોત જેવો દેખે છે તથા બપોરિયા જેવો દેખે છે તે કેમ સમજવું ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એ તો એમ છે જે, જેમ જેને અક્ષિવિદ્યા છે તેને નેત્ર દ્વારાએ જીવનું દર્શન થાય છે ને તેને વિષે ભગવાનની મૂર્તિને પણ દેખે છે, તેમ જેને જે ઈન્દ્રિય દ્વારા લક્ષ થયો તે તેવો આત્માને દેખે છે, જેમ કાચનું પૂતળું મનુષ્યને આકારે કર્યું હોય તેને જે જે અવયવ તથા મુવાળા તથા નાડીઓ તે સર્વે કાચનાં હોય ને તે પૂતળાની માંહીલી કોરે તેજ ભર્યું હોય તે તેજ દેખાય તે જેવો ભૂંગળીનો અવકાશ હોય તે પ્રમાણે દેખાય છે પણ સમગ્ર નથી દેખાતું, તેમ એ જીવનું સ્વરૂપ જેણે જેવું દીઠું છે તે તેવું કહે છે પણ એની નિરાવરણ દૃષ્ટિ નથી થઈ માટે એને જેવો આત્મા છે તેવો નથી દેખાતો; અને જ્યારે એની નિરાવરણ દૃષ્ટિ થઈને આત્માકારે થાય છે ત્યારે ઈન્દ્રિયોના ગોલકના જે વિભાગ તે એની દૃષ્ટિમાં નથી આવતા ને જેવો આત્મા છે તેવો જણાય છે, જેમ જે આકાશની દૃષ્ટિને પામ્યો હોય તેની દૃષ્ટિમાં બીજા ચાર ભૂત નથી આવતાં, તેમ જેની નિરાવરણ દૃષ્ટિ થાય છે તેને ગોલક, ઈન્દ્રિયો, દેવતા, અંતઃકરણ તેણે કરીને જણાતા જે જીવના પ્રકાશના ભેદ તે દૃષ્ટિમાં નથી આવતા ને જેવો

જીવ છે તેવો યથાર્થ જણાય છે અને ભેદ દૃષ્ટિવાળાને જેવો છે તેવો નથી જણાતો, જેમ કોઈકે ગાયનું પૂંછડું દીઠું, કોઈકે મુખ દીઠું, ખુર દીઠો, પેટ દીઠું, સ્તન દીઠો તે જેણે જે જે અંગ દીઠું ને ગાયનું જ દીઠું છે પણ જેવી ગાય છે તેવી કોઈએ દીઠી નથી ને એક અંગ દીઠું માટે ગાય દીઠી પણ કહેવાય તેમ એ આત્માના પ્રકાશનું દર્શન જેટલું જેને ઇન્દ્રિયો દ્વારા અથવા અંતઃકરણ દ્વારા થયું તેટલો આત્મદર્શી કહેવાય પણ સમ્યક્ આત્મદર્શન એને કહેવાય નહિ. માટે અમે તો એ જીવને વિષે એવી રીતે સામાન્ય-વિશેષપણું કહીએ છીએ. **(૩)** ૩

૪ ત્યારે નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૪)** હે મહારાજ ! તમે જીવને તો નિરાકાર કહ્યો ત્યારે તે જીવને વિષે ભગવાન રહ્યા છે તે પણ અલિંગપણે રહ્યા છે કે મૂર્તિમાન રહ્યા છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાન તો ઇન્દ્રિયો, દેવતા, અંતઃકરણ ને જીવ એ સર્વેના આશ્રયપણે રહ્યાં છે તે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ ભેળે ગોપીઓને કહેવરાવ્યું છે જે, ઇન્દ્રિયો, અંતઃકરણ, દેવતા ને જીવ તેના આશ્રયપણે કરીને તમારે સમીપે હું રહ્યો છું, જેમ પંચમહાભૂત બ્રહ્માંડને વિષે રહ્યા છે ને તેનાં તે જ સર્વના દેહમાં રહ્યાં છે તેમ જે હું આ મથુરામાં રહ્યો છું તે તો જેમ મહાભૂત વિશેષપણે કરીને બ્રહ્માંડને વિશે રહ્યાં છે તેમ રહ્યો છું ને જેમ એ ભૂત જીવોના દેહમાં સામાન્યપણે રહ્યાં છે તેમ હું તમારે પાસે રહ્યો છું અને જે હું દેખાતો નથી તે તો તમારા ચિત્તની વૃત્તિનો મારે વિષે નિરોધ થાય તેને અર્થે નથી દેખાતો પણ રહ્યો તો મૂર્તિમાન છું. **(૪)** ૪

૫ ત્યારે વળી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૫)** હે મહારાજ ! એ ભગવાન ઇન્દ્રિયાદિકના આશ્રયપણે રહ્યા છે તે પુરુષરૂપે કરીને રહ્યા છે કે અક્ષરરૂપે રહ્યા છે કે પોતે સ્વયં પુરુષોત્તમપણે રહ્યા છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જીવ, પુરુષ, અક્ષર ને પુરુષોત્તમ એ સર્વેનું તેજ પ્રકાશપણે તો સજાતિ છે, માટે એમના પ્રકાશના ભેદ પાડવાને તો કોઈ સમર્થ છે નહિ ને ભેદ તો અતિશે છે પણ તે ભેદને દેખવાને કોઈ સમર્થ નથી, અને **જેને આ ભગવાન કૃપા કરે છે તેણે કરીને તેને પ્રકાશમય એવો દિવ્ય દેહ બંધાય છે** પછી તે એમ જાણે છે જે, આ હું છું ને આ પુરુષ છે ને આ અક્ષર છે ને એ સર્વેથી વિલક્ષણ એવા આ પુરુષોત્તમ છે, એવી રીતે એ સર્વેને પૃથક્પણે દેખે છે ને એમના પ્રકાશને પણ વિલક્ષણપણે દેખે છે પણ બીજા તો કોઈ પૃથક્ દેખવાને અર્થે સમર્થ થાય નહિ. **(૫)** માટે ભગવાન સૂઝે એ રૂપે કરીને ૫
રહ્યા છે પણ પોતે જ રહ્યા છે. **(૬)** ૬

અને વેદાંત જે ઉપનિષદ તથા યોગ તથા સાંખ્ય એ ત્રણ શાસ્ત્ર સનાતન છે તે એ શ્રીકૃષ્ણ પરમાત્માનું જ વર્ણન કરે છે તે એ ત્રણ શાસ્ત્રના મત તે તમને અમે પૃથક્ પૃથક્પણે કરીને કહીએ તે સાંભળો, **(૬)** તેમાં જે સાંખ્યવાળા છે તે તો ચોવીશ તત્ત્વને કહીને તેથી પર પચવીશમા પરમાત્માને કહે છે પણ જીવ-ઈશ્વર ને પૃથક્પણે નથી કહેતા. તેનો એ અભિપ્રાય

છે જે તત્ત્વ છે તે જીવ વિનાનાં હોય નહિ, માટે તત્ત્વ ભેળો તદાત્મકપણે રહ્યો જે જીવ તેને તત્ત્વરૂપ જ કહે છે, પણ તત્ત્વ થકી પૃથક્ નથી કહેતા અને જેમ જીવને ચોવીશ તત્ત્વરૂપ માને છે તેમ બ્રહ્માંડાભિમાની જે ઈશ્વર તેને પણ ચોવીશ તત્ત્વરૂપ માને છે એવી રીતે જીવ-ઈશ્વર એ બેયને તત્ત્વરૂપ માનીને તત્ત્વ ભેળે જ એને ગણે છે પણ તત્ત્વથી નોખા નથી ગણતા ને પચવીશમા પરમાત્માને કહે છે એ સાંખ્યનો મત છે પણ એમ ન સમજવું જે જીવ નથી, કાં જે સાંખ્ય વાળે ષટ્ સંપતિ, શ્રવણ, મનન, નિદિધ્યાસ આદિક સાધન કહ્યાં છે તે જીવને જ કરવાનાં કહ્યાં છે પછી તે સાધને કરીને વિચારને પામે ને તે વિચારે કરીને તત્ત્વ થકી પોતે નોખો પડે ને પોતાને બ્રહ્મરૂપ માને ને પરમાત્માને ભજે એવી રીતે સાંખ્ય મત છે તે મોક્ષધર્મમાં શુકજી પ્રત્યે નારદજીએ કહ્યું છે જે :-

**ત્યજ ધર્મંધર્મં ચ ઉભે સત્યાનૃતે ત્યજ। ઉભે સત્યાનૃતે ત્યક્ત્વા યેન ત્યજસિ તં ત્યજ ॥**

એનો એમ અર્થ છે જે જ્યારે મુમુક્ષુ આત્મવિચાર કરવા બેસે ત્યારે તેને આડા જે ધર્મરૂપ અથવા અધર્મરૂપ, સત્યરૂપ-અસત્યરૂપ જે જે સંકલ્પ આવે તેનો ત્યાગ કરીને જે વિચારે કરીને એને તજે છે તે વિચારનો પણ ત્યાગ કરીને બ્રહ્મરૂપે રહેવું પણ દેહે કરીને ધર્મરૂપ નિયમનો ત્યાગ કરવો કહ્યો નથી એ શ્લોકનો એ અર્થ છે, અને યોગવાળા છે તે ચોવીશ તત્ત્વને પૃથક્ ગણે છે ને જીવ-ઈશ્વરને પચવીશમા કહે છે ને પરમાત્માને છવીશમા કહે છે અને વિવેકે કરીને પચવીશમાને તત્ત્વ થકી પૃથક્ સમજીને તેને વિષે પોતાપણાની દઢતા માનીને ચોવીશ તત્ત્વની જે વૃત્તિઓ તેનો પિંડીભાવ કરીને બળાત્કારે છવીશમાને વિષે રાખે પણ વિષય સન્મુખ જાવા દે નહિ ને એમ સમજે જે, મારી વૃત્તિ ભગવાનને મૂકીને બીજે ઠેકાણે જાશે તો મુને સંસૃતિ થાશે, માટે અતિ આગ્રહ કરીને ઈન્દ્રિયો-અંતઃકરણની જે વૃત્તિઓ તેને ભગવાનને વિષે રાખે, અને જે સાંખ્યવાળો છે તે તો એમ સમજે જે, મારે ઈન્દ્રિયો-અંતઃકરણ જ નથી તો જાશે ક્યાં ? માટે પોતાને બ્રહ્મરૂપ માનીને નિર્ભય રહે છે, અને યોગવાળો છે તે તો ડરતો જ રહે છે, જેમ કોઈક પુરુષના હાથમાં તેલનું માથા લગણ ભરેલું પાત્ર હોય ને તે પુરુષને પગથિયાને ઉપર ઊંચું ચઢવું હોય ને બે કોરેથી ઉઘાડી તરવારવાળા પુરુષ ડરાવવાને ઊભા રહ્યા હોય ને તે તેલ ને ઢળવા દેવું ન હોય ને તે પુરુષ જેવો ભયને પામે તેમ યોગવાળો વિષય થકી બીને ભગવાનને વિષે વૃત્તિઓને રાખે છે એ યોગનો મત છે અને વેદાંત જે ઉપનિષદ તેનો મત એ છે જે, સર્વના અતિશે મોટાકારણ એવા જે પુરુષોત્તમનારાયણ બ્રહ્મ તેનું જ ગ્રહણ કરીને બીજા સર્વેને મિથ્યા માને છે, જેમ આકાશની દૃષ્ટિને જે પામ્યો હોય તે બીજા તત્ત્વને દેખે નહિ, તેમ એ બ્રહ્મને જે દેખતો હોય તે બીજા કોઈને દેખે નહિ, એવી રીતે વેદાંતનો મત છે. **(૭)** ઈતિ વચનામૃતમ્ **॥૧૫॥ (૧૨૩)** ૭

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૬)** છે. તેમાં પહેલું ને છઠ્ઠું કૃપાવાક્ય છે, તેમાં પહેલામાં શ્રીજીમહારાજે દેવતા ને

ઇન્દ્રિયોદ્વારે કરીને જીવનું ભોક્તાપણું કહ્યું છે. **(૧)** બીજામાં ઇન્દ્રિયો કરતાં અંતઃકરણ સ્વચ્છ છે તેથી તેમાં અધિક પ્રકાશ જણાય છે. **(૨)** ત્રીજામાં જેને ઇન્દ્રિયોદ્વારે લક્ષ થાય તેને સમગ્ર આત્મા નથી દેખાતો, જ્યારે નિરાવરણ દૃષ્ટિ થાય ત્યારે યથાર્થ આત્માને દેખે છે. **(૩)** ચોથામાં શ્રીકૃષ્ણ ને ગોપીઓના દૃષ્ટાંતે કહ્યું છે કે એવા ભક્તને વિષે અમે મૂર્તિમાન રહ્યા છીએ પણ એની ચિત્તવૃત્તિના નિરોધ માટે દેખાતા નથી. **(૪)** પાંચમામાં જીવ, પુરુષ, અક્ષર ને અમારું તેજ સજાતિ છે ને જે જીવને અમે કૃપા કરીને મૂર્તિમાન કરીએ ત્યારે તે મુક્ત પોતાને તથા પુરુષને તથા અક્ષરને તથા અમને મૂર્તિમાન દેખે છે અને એ સર્વના પ્રકાશને પણ પૃથક્ પૃથક્ દેખે છે. **(૫)** અને જીવને વિષે સૂઝે એ રૂપે કરીને એટલે મૂળપુરુષદ્વારે રહ્યા છીએ. પણ મૂળઅક્ષરાદિકથી લેઈને સર્વેને વિષે અમારી શક્તિ રહી છે, માટે અમે રહ્યા છીએ એમ જાણવું. **(૬)** છઠ્ઠામાં ઉપનિષદ્, યોગ ને સાંખ્ય તેના મતને કહેવાપૂર્વક પોતાના સ્વરૂપનું પ્રતિપાદન કર્યું છે. **(૭)** બાબતો છે.

૧ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં ઇન્દ્રિયોદ્વારે લક્ષ થાય તો સમગ્ર આત્મા દેખાતો નથી એમ કહ્યું; અને વળી નેત્રદ્વારે જીવનું દર્શન થાય છે ને તેને વિષે શ્રીજીમહારાજની મૂર્તિને પણ દેખે છે એમ કહ્યું તે નેત્રદ્વારે જીવનું દર્શન સમ્યક્ પ્રકારે તો નથી ત્યારે મૂર્તિ કેવી દેખાતી હશે ?

૧ **ઉ૦** ઇન્દ્રિયોના અવકાશ પ્રમાણે જીવનું દર્શન થાય છે અને મૂર્તિ પણ ઇન્દ્રિયોની વૃત્તિ દ્વારાએ સમગ્ર દેખાતી નથી; જીવસત્તાએ જુએ ત્યારે જ જીવાત્માને તથા શ્રીજીમહારાજની મૂર્તિને સમગ્ર દેખે પણ આવરણ ટળ્યા વિના ઇન્દ્રિયો તથા અંતઃકરણદ્વારે જુએ ત્યાં સુધી જીવ તથા શ્રીજીમહારાજની મૂર્તિ સમગ્ર દેખાય નહિ.

૨ **પ્ર૦** ચોથા પ્રશ્નમાં નિરાકાર જીવને વિષે તમે તેજરૂપે રહ્યા છો કે મૂર્તિમાન રહ્યા છો ? એમ નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું તેના ઉત્તરમાં શ્રીજીમહારાજે શ્રીકૃષ્ણનું દૃષ્ટાંત દીધું તેમાં તો મૂર્તિમાન રહ્યા છે એમ કહ્યું તે જીવમાં તો તેજદ્વારે રહ્યા છે એમ (**પ્ર૦ ૪૧**માં તથા **સા૦ ૫**ના ૨/૩ બીજા પ્રશ્નમાં) કહ્યું છે, માટે તે પરસ્પર વિરોધ આવે છે તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજ માયાબદ્ધ જીવો તથા તે જીવોના ઉપરી મૂળપુરુષ ઈશ્વર ને તેથી પર મુક્તજીવ ને મુક્તજીવના ઉપરી મૂળઅક્ષર તે સર્વેને વિષે અંતર્યામીરૂપે પોતાના પ્રકાશદ્વારે રહ્યા છે અને આમાં તો પોતાના એકાંતિક ભક્તને વિષે મૂર્તિમાન રહ્યા છે એમ કહ્યું છે માટે વિરોધ નથી.

૩ **પ્ર૦** પાંચમા પ્રશ્નમાં જીવને વિષે પુરુષ, અક્ષર તથા અમે ત્રણે પ્રકાશદ્વારે રહ્યાં છીએ ને જીવ, પુરુષ, અક્ષર તથા અમારા પ્રકાશમાં ભેદ અતિશે છે તે ભેદને દેખવાને કોઈ સમર્થ નથી, એમ શ્રીજીમહારાજે કહ્યું તે જીવને વિષે ત્રણે રહ્યા હશે કે કેમ ?

૩ **ઉ૦** મૂળઅક્ષરને વિષે શ્રીજીમહારાજ તેજદ્વારે રહ્યા છે અને મૂળપુરુષને વિષે શ્રીજીમહારાજ, મૂળઅક્ષર ને બ્રહ્મ એ ત્રણે તેજદ્વારે રહ્યા છે અને જીવને વિષે શ્રીજીમહારાજ, મૂળઅક્ષર, બ્રહ્મ ને મૂળપુરુષ એ ચારે તેજદ્વારે રહ્યા છે તેમાં શ્રીજીમહારાજનું તેજ તે સર્વનું આધાર છે ને એ તેજને સચ્ચિદાનંદ, ચિદાકાશ, મહાતેજ, અક્ષરધામ, અક્ષરબ્રહ્મ, કાન્તિ તથા શક્તિ એવે ઘણે નામે કહેલ છે. તે (**પ્ર૦ ૪૫**ના બીજા પ્રશ્નોત્તરમાં) છે.

૪ **પ્ર૦** જ્યારે શ્રીજીમહારાજ કૃપા કરીને દિવ્ય દેહ આપે ત્યારે તે ભક્ત પોતાને, પુરુષને, અક્ષરને તથા શ્રીજીમહારાજને પૃથક્પણે દેખે અને એ સર્વેના પ્રકાશને વિલક્ષણપણે દેખે છે, એમ કહ્યું તે દિવ્ય દેહ આપ્યા પછી તો એને વિષે શ્રીજીમહારાજ વિના બીજા કોઈનું અંતર્યામીપણું ઘટતું નથી ત્યારે એ સર્વેને શી રીતે દેખે ?

૪ **ઉ૦** જ્યારે દિવ્યદેહ બંધાય એટલે મૂર્તિમાન થાય ત્યારે તેને આવરણ રહેતું તેથી તે સર્વેને તેના તેના ધામોને વિષે શ્રીજીમહારાજની પેઠે જ દેખે છે. **॥૧૫॥ (૧૨૩)**

## વચનામૃત લોયાનું - ૧૬

❖ સંવત ૧૮૭૭ના માગશર વદિ ૧૪ ચૌદશને દિવસ સંધ્યા આરતી થયા કેડે શ્રીજીમહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા

ને ધોળો ખેસ પહેર્યો હતો તથા ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી તથા માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને બીજે ધોળે ફેંટે કરીને બોકાની વાળી હતી ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે સર્વે પરમહંસ પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો. એમ કહીને પોતે
૧ જ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** જેને વાસના કુંઠિત ન થઈ હોય ને જેને વાસના કુંઠિત થઈ ગઈ હોય ને જેને વાસના નિર્મૂળ થઈ ગઈ હોય તેનાં શાં લક્ષણ છે ? પછી મુક્તાનંદ સ્વામીએ એ પ્રશ્નનો ઉત્તર કરવા માંડ્યો પણ થયો નહિ, ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેની વાસના કુંઠિત ન થઈ હોય, તેનાં ઇન્દ્રિયોની વૃત્તિ વિષયમાં ચોંટી જાય, તે પાછી વિચારે કરીને પણ નીસરે નહિ, અને જેને કુંઠિત વાસના થઈ ગઈ હોય તેની વૃત્તિ વિષયમાં તત્કાળ પ્રવેશ કરે નહિ અને કદાચિત્ તે વૃત્તિ વિષયમાં પ્રવેશ કરી જાય ને વૃત્તિને પાછી વાળે તો તરત પાછી વળે પણ વિષયમાં આસક્ત થાય નહિ, અને જેને વાસના નિર્મૂળ થઈ ગઈ હોય તેને તો જાગ્રતને વિષે સુષુપ્તિની પેઠે વિષયનો અભાવ વર્તે ને સારા-નરસા જે વિષય તે બે ય સમાનપણે જણાય ને પોતે ગુણાતીતપણે વર્તે. **(૧)** ૧

૨ ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** વાસના કુંઠિત તો હોય પણ તે મૂળમાંથી ટળી નથી જાતી તેનું શું કારણ છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો ઉત્તર એ છે જે, આત્મનિષ્ઠારૂપ એવું જે જ્ઞાન તથા પ્રકૃતિનાં કાર્ય એવા જે પદાર્થ માત્ર તેને વિષે અનાસક્તિરૂપ એવો જે વૈરાગ્ય તથા બ્રહ્મચર્યાદિકરૂપ જે ધર્મ તથા માહાત્મ્યે સહિત એવી જે ભગવાનની ભક્તિ એ ચાર વાનાં જેમાં સંપૂર્ણ હોય તેની વાસના નિર્મૂળ થઈ જાય છે અને એ ચારમાં જેટલી ન્યૂનતા રહે છે તેટલી વાસના નિર્મૂળ થાતી નથી. **(૨)** ૨

૩ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો અમે પ્રશ્ન પૂછીએ જે, **(૩)** મુમુક્ષુને ભગવાનની પ્રાપ્તિને અર્થે અનંત સાધન કરવાનાં કહ્યાં છે તેમાં એક એવું મોટું કિયું સાધન છે જેણે કરીને સર્વે દોષ ટળી જાય ને તેમાં સર્વે ગુણ આવે ? ત્યારે એ પ્રશ્નનો ઉત્તર પરમહંસ વતે થયો નહિ, પછી શ્રીજીમહારાજે એનો ઉત્તર કર્યો જે, ભગવાનનું માહાત્મ્ય જેમ કપિલદેવજીએ દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે :- **મદ્ભયાદ્વાતિ વાતોઽયં સૂર્યસ્તપતિ મદ્ભયાત્ ॥** એવી રીતે અનંત પ્રકારના માહાત્મ્યે સહિત એવી જે ભગવાનની ભક્તિ તે જેને હોય તેના દોષ માત્ર ટળી જાય છે ને તેને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ એ ન હોય તો પણ એ સર્વે આવે છે માટે એ સાધન સર્વમાં મોટું છે. **(૩)** ૩

૪ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૪)** જે કપટી હોય ને તે બુદ્ધિવાળો હોય માટે પોતાના કપટને જણાવા દે નહિ તેનું કપટ કેઈ રીતે કળાય તે કહો ? ત્યારે એનો ઉત્તર બ્રહ્માનંદ સ્વામીએ કહ્યો જે, જેની બેઠ્યક, ઉઠ્યક તે જે સત્સંગનો દ્વેષી હોય ને સંતનું ને

ભગવાનનું ઘસાતું બોલતો હોય તે પાસે હોય તેણે કરીને તે ઓળખાય પણ બીજી રીતે તો ન ઓળખાય. પછી એ ઉત્તરને શ્રીજીમહારાજે માન્યો.

૫ ને પછી પોતે બોલ્યા જે, **(૫)** એવાનો સંગ ન કરતો હોય તો કેમ કળીએ ? ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, કોઈક દેશકાળનું વિષમપણું આવે ત્યારે એનું કપટ કળાઈ જાય ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે એ ઠીક ઉત્તર કર્યો. **(૪)** ૪

૬ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૬) એવો કિયો એક અવગુણ છે જેણે કરીને સર્વે ગુણમાત્ર તે દોષરૂપ થઈ જાય છે તે કહો ? ત્યારે શ્રીપાતદેવાનંદ સ્વામી બોલ્યા જે, ભગવાનના ભક્તનો જે દ્રોહ કરે તેના જે સર્વે ગુણ તે દોષરૂપ થઈ જાય છે.** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ ઉત્તર પણ ખરો, પણ અમે તો એનો ઉત્તર બીજો ધાર્યો છે જે, સર્વે ગુણે સંપન્ન હોય ને જો ભગવાનને અલિંગ સમજતો હોય પણ મૂર્તિમાન ન સમજે એ મોટો દોષ છે એણે કરીને એના બીજા સર્વ ગુણ દોષરૂપ થઈ જાય છે. **(૫)** ૫

૭ અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૭)** સંતનો અભાવ શાણે કરીને આવે છે તે કહો ? પછી એનો ઉત્તર પરમહંસે કરવા માંડ્યો પણ થયો નહિ ત્યારે શ્રીજીમહારાજે એનો ઉત્તર કર્યો જે, **જેને માન હોય તેને સંતનો અભાવ આવે છે, કેમ જે, જે માની હોય તેનો એવો સ્વભાવ હોય જે, જે પોતાને વખાણે તેમાં સો અવગુણ હોય તે સર્વેને પડ્યા મૂકીને તેમાં એક ગુણ હોય તેને બહુ માને ને જે પોતાને વખાણતો ન હોય ને તેમાં સો ગુણ હોય તે સર્વને પડ્યા મૂકીને તેમાં કોઈક જેવો તેવો એક અવગુણ હોય તેને બહુ માનીને તેનો પ્રથમ તો મન તથા વચન તેણે કરીને દ્રોહ કરે ને પછી દેહે કરીને પણ દ્રોહ કરે માટે એ માનરૂપ મોટો દોષ છે, અને તે માન સમજુમાં જ હોય ને ભોળામાં ન હોય એમ જાણવું નહિ; ભોળામાં તો સમજુ કરતાંય ઝાઝું હોય છે. (૬)** ૬

૮ પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **(૮)** હે મહારાજ ! એ માન કેમ ટળે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જે ભગવાનનું માહાત્મ્ય અતિશે સમજતો હોય તેને માન ન આવે, કેમ જે જુઓને ઉદ્ધવજી કેવા ડાહ્યા હતા ને નીતિશાસ્ત્રમાં કુશળ હતા ને દેહે કરીને રાજા જેવા હતા પણ જો ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો ગોપીઓને વિષે ભગવાનનો સ્નેહ જોઈને તેને આગળ પોતાનું માન ન રહ્યું ને એમ બોલ્યા જે, એ ગોપીઓના ચરણની રજ જેને અડતી હોય એવાં જે વૃક્ષ, લતા, તૃણ, ગુચ્છ તે માંહેલો હું કોઈક થાઉં અને તુલસીદાસજીએ કહ્યું છે જે :- **"તુલસી જાકે મુખનસે ભુલેઈ નિકસે રામ, તાકે પગકી પહેનીયાં મેરે તનકી ચામ." એમ જેને ભૂલે પણ ભગવાનનું નામ મુખથી નીસરે તેને અર્થે પોતાના શરીરના ચર્મના જોડા કરાવી આપે, તો જે ભગવાનના ભક્ત હોય ને ભગવાનનું નિરંતર નામસ્મરણ, ભજન, કીર્તન, વંદન કરતા હોય ને જો ભગવાનનું માહાત્મ્ય સમજતો**

**હોય તો તેને આગળ શું માન રહે ? ન જ રહે. માટે માહાત્મ્ય સમજે ત્યારે માન જાય છે પણ માહાત્મ્ય સમજ્યા વિના તો માન જાતું નથી તે સારુ જેને માન ટાળવું હોય તેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજવું. (૭) ઇતિ વચનામૃતમ્ ॥૧૬॥ (૧૨૪)** ૭

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન (૮) છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે અકુંઠિત, કુંઠિત ને નિર્મૂળ વાસનાનાં લક્ષણ કહ્યાં છે. **(૧)** બીજામાં આત્મનિષ્ઠા, વૈરાગ્ય, બ્રહ્મચર્ય અને માહાત્મ્યે સહિત અમારી ભક્તિ એ ચાર વાનાં સંપૂર્ણ હોય તો વાસના નિર્મૂળ થઈ જાય છે. **(૨)** ત્રીજામાં અમારી માહાત્મ્યે સહિત ભક્તિ હોય તો દોષ માત્ર ટળી જાય અને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ તે આવે. **(૩)** ચોથામાં ને પાંચમામાં કપટીનું કપટ જાણવાનો ઉપાય કહ્યો છે. **(૪)** છઠ્ઠામાં અમને મૂર્તિમાન ન સમજે તેના સર્વે ગુણ દોષરૂપ થઈ જાય છે. **(૫)** સાતમામાં માને કરીને સંતનો અભાવ આવે છે તે માન ડાહ્યાથી ભોળામાં ઝાઝું હોય છે. **(૬)** આઠમામાં અમારું ને સંતનું માહાત્મ્ય સમજે ત્યારે માન જાય એમ કહ્યું છે. **(૭)** બાબતો છે. **॥૧૬॥ (૧૨૪)**

## વચનામૃત લોયાનું - ૧૭

❖સંવત ૧૮૭૭ના માગશર વદિ અમાસને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો ને બીજે ધોળે ફેંટે કરીને બોકાની વાળી હતી તથા ગરમ પોસની રાતી ડગલી માંહેલી કોર ધોળે અંગરખે સહિત પહેરી હતી તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ચોફાળ ઓઢીને તે ઉપર પીળી રજાઈ ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી, એવી રીતે શ્રીજીમહારાજ પ્રસન્ન થકા રાત્રિને સમે વિરાજમાન હતા.

૧ પછી શ્રીજીમહારાજ પોતાની મેળે બોલ્યા જે, **(૧)** જુઓને ભગવાનની માયાનું બળ કેવું છે જેણે કરીને વિપરીતપણું ઘણું થાય છે, કેમ જે પ્રથમ કેવો સારો જણાતો હોય ને પછી અતિશે ભૂંડો થઈ જાય છે. **(૧)** ૧

એમ કહીને પછી વળી પરમહંસ પ્રત્યે બોલ્યા જે, આજ તો પ્રશ્ન પૂછો તો વાર્તા કરીએ.
૨ ત્યારે નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** હે મહારાજ ! પ્રથમ સારો હોય ને સ્તુતિ કરતો હોય ને તેનો તે પાછો નિંદા કરવા માંડે છે, માટે સૂઝે એવો દેશ, કાળ, ક્રિયા, સંગ વિષમ થાય તો પણ સારો ને સારો જ રહે પણ કોઈ રીતે વિપરીત મતિ થાય નહિ તે શાણે કરીને થાય? ત્યારે **શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને દેહનો અનાદર હોય અને દૃઢ આત્મનિષ્ઠા હોય ને પંચવિષયમાં વૈરાગ્ય હોય અને ભગવાનનો માહાત્મ્યે સહિત યથાર્થ નિશ્ચય હોય એવાને સૂઝે એવું દેશકાળાદિકનું વિષમપણું થાય તો પણ એની મતિ અવળી થાય નહિ. (૨) અને** ૨
**જે દેહાભિમાની હોય ને પંચવિષયનો અતિશે અભાવ ન થયો હોય તેને જ્યારે સંત એ વિષયનું ખંડન કરે ત્યારે તે સંત મોટેરા હોય તેનો પણ અભાવ આવે ને ભગવાનનો પણ અભાવ આવે અને ભગવાનનો તો યથાર્થ નિશ્ચય હોય તો પણ જો પંચવિષયનો અત્યંત અભાવ ન થઈ ગયો હોય ને તેની આસક્તિ હોય ને તે વિષયનું મુક્તાનંદ સ્વામી જેવા ખંડન કરે તો તેનું**

**માથું શસ્ત્રે કરીને મુકાવી દે એવો દ્રોહ કરે. (૩)** ૩

૩ પછી વળી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** કોઈકને દેહાભિમાન તથા પંચવિષયની આસક્તિ હોય તો પણ તે સત્સંગમાં નભ્યો જાય છે તે કેમ સમજવું ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **એને જ્યાં સુધી કોઈક ધક્કો નથી લાગ્યો ત્યાં સુધી નભ્યો જાય છે પણ જ્યારે કોઈક મોટા સંત અથવા ભગવાન તે માનને ખોદશે તથા સ્વાદ, દેહાભિમાન, લોભ, કામ, ક્રોધ એને ખોદશે ત્યારે એને જરૂર તે સંતનો અભાવ આવશે ત્યારે એ જરૂર સંતનો દ્રોહ કરશે ને સત્સંગમાંથી વિમુખ થાશે,** જેમ સર્પે લાળ નાખી હોય એવું જે દૂધ-સાકર તેને જેણે પીધું હોય ને તે જીવે છે તો પણ તે ઘડી બે ઘડીમાં સાંજ-સવારે, આજ-કાલ જરૂર મરનારો છે, **તેમ જે દેહાભિમાની છે તે મહિને બે મહિને, વરસે બે વરસે, દશ વરસે, દેહ મૂક્યા સમે, દેહ મૂકીને જ્યારે ત્યારે પણ એ જરૂર સંતનો અભાવ લઈને પડી જાશે. (૪)** અને જેને ૪
દેહાભિમાન ન હોય ને એમ સમજતો હોય જે, અંતઃકરણ-ઇન્દ્રિયોનો પ્રકાશક ને જેણે કરીને દેહ ચાલે હાલે છે એવો જે સત્તારૂપ આત્મા તે હું છું, તે હું ધન-સ્ત્રી આદિક કોઈ પદાર્થે કરીને સુખી થાઉં એવો નથી ને એ પદાર્થ ન મળે તેણે કરીને દુઃખી થાઉં એવો નથી એમ દઢ સમજણ જેને હોય તેને સંત ગમે તેવી રીતે પંચવિષયનું ખંડન કરે તથા દેહાભિમાનનું ખંડન કરે તો પણ તે સંતનો અભાવ કોઈ રીતે આવે નહિ ને તુચ્છ પદાર્થ સારુ સંત સાથે બખેડો થાય નહિ ને આંટી પણ પડે નહિ. **(૫)** ૫

૪ પછી વળી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૪) જેને પંચવિષયનો અભાવ હોય તે કેમ જણાય ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને વિષયનો અભાવ હોય તે એમ જણાય જે, જ્યારે કાંઈ સારું ખાવાનું આવે ત્યારે તેને ખાય પણ જેમ જેવું તેવું ખાતો હોય ને તેમાં આનંદ હોય તેવો આનંદ રહે નહિ; મૂંઝાઈ જાય અને લૂગડાં જેવાંતેવાં જાડાં પહેરતો હોય તેમાં આનંદ હોય તેવો ઝીણાં લૂગડાં પહેરવાં પડે તેમાં આનંદ ન રહે ને મન મૂંઝાય, તેમ જ સારી પથારી હોય અથવા કોઈક માન દે ઇત્યાદિક જે જે સારા પદાર્થનો યોગ થાય ત્યારે તેમાં તેનું મન મૂંઝાય પણ તેમાં કોઈ રીતે આનંદ પામે જ નહિ ત્યારે તેને એમ જાણીએ જે એને વિષયને વિષે અભાવ છે. (૬)** ૬

૫ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૫)** હે મહારાજ ! એ પંચવિષયનો અભાવ કેમ થાય ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, વિષયનો અભાવ થયાનું મુખ્ય સાધન તો પરમેશ્વરનું માહાત્મ્ય છે ને તે પછી આત્મનિષ્ઠા ને વૈરાગ્ય છે તે **માહાત્મ્ય તે શું તો જે ભગવાનની બીકે કરીને ઇન્દ્ર વરસે છે; સૂર્ય, અગ્નિ, ચંદ્રમા પ્રકાશ કરે છે, પૃથ્વી સર્વને ધારી રહી છે, સમુદ્ર મર્યાદા નથી લોપતા, ઔષધિઓ ઋતુને પામીને ફળે છે અને જે ભગવાન જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયને કરે છે અને જેની શક્તિ કાળ છે, માયા છે, પુરુષ છે,**

**અક્ષર છે, એવી રીતે જે ભગવાનની મોટ્યપને સમજતો હોય તેને જગતમાં એવું શું પદાર્થ છે તે બંધન કરે ?** તે કામ, લોભ, ક્રોધ, માન, ઈર્ષ્યા, સ્વાદ, સૂક્ષ્મ વસ્ત્ર, ધન, સ્ત્રી તથા જે જે પંચવિષય સંબંધી પદાર્થ તે એને કોઈ બંધન કરે નહિ, કાં જે એણે તો સર્વનું પરિમાણ કરી રાખ્યું છે જે, ભગવાન તે આવા છે ને આવો એ ભગવાનના ભજન-સ્મરણ, કથા-વાર્તાને વિષે માલ છે ને અક્ષર તે આવા છે ને આવું એ અક્ષર સંબંધી સુખ છે, તથા ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ સંબંધી સુખ તે આવું છે, તથા પ્રકૃતિપુરુષ સંબંધી સુખ તે આવું છે અને બ્રહ્મલોક સંબંધી સુખ તે આવું છે ને સ્વર્ગનું સુખ તે આવું છે તથા રાજ્યાદિકનું સુખ તે આવું છે, એવી રીતે એ સર્વના સુખનું અનુમાન કરીને, અને **ભગવાનના સુખને સર્વથી અધિક માનીને, જે ભગવાનને વિષે જોડાણો હોય તેને એવો કિયો પદાર્થ છે તે ભગવાનના ચરણારવિંદથી પાડે ? કોઈ ન પાડે, જેમ પારસમણિ હોય તે કોઈક લોઢાને અડીને તેનું સોનું થયું તે સોનું પાછું પારસમણિનું કર્યું પણ લોઢું થાય નહિ, તેમ એવું જેણે ભગવાનનું માહાત્મ્ય જાણ્યું છે તે ભગવાનનો પાડ્યો પણ તે ભગવાનના ચરણારવિંદથી પડે નહિ, તો શું બીજે પદાર્થે કરીને એ પડે ? ન પડે. અને એ ભગવાનને ભજતા હોય એવા જે સંત તેનું પણ એ બહુ માહાત્મ્ય સમજે જે, એવા મોટા જે ભગવાન તેના સાક્ષાત્ ઉપાસક એ સંત છે માટે એ બહુ મોટા છે,** જેમ ઉદ્ધવ પોતે કેવા મોટા હતા પણ જો આવી રીતે ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો પોતાને કાંઈ ડહાપણનું માન ન રહ્યું ને ગોપીઓના ચરણની રજને પામવાને ઈચ્છ્યા ને વૃક્ષવેલીનો અવતાર માગ્યો, કેમ જે એવા મોટા ભગવાન, જેના માર્ગને વેદની શ્રુતિ ખોળે છે તે ભગવાનને વિષે એ ગોપીઓની પ્રીતિ અતિશે ભાળી, તેમ એવા ભગવાનના સંત હોય તેને આગળ માન કેમ રહે ? ને તેને નમાય કેમ નહિ ? **તેને આગળ તો દાસાનુદાસ થઈને રહેવાય ને પાંચ પાંચ ખાસડાં મારે તો પણ ખમે ને એમ સમજે જે મારાં મોટાં ભાગ્ય થયાં જે એવા સંતનો હું તિરસ્કાર સહું છું, નહિ તો પ્રારબ્ધવશ થઈને બાયડી-છોકરાંના તિરસ્કાર સહેવા પડત તથા માબાપના તથા રાજાના તિરસ્કાર સહેવા પડત અને પ્રારબ્ધવશ થઈને ડોડીની ભાજી ખાવી પડત તથા મોથ્ય ખોદીને ખાવી પડત, તે કરતાં આ સંતને સંગે રહીને હું નિઃસ્વાદી વર્તમાન પાળું છું તે મારાં મોટાં ભાગ્ય છે ! અને પ્રારબ્ધવશ થઈને જેવાંતેવાં વસ્ત્ર તથા ચીંથરાં પહેરવાં પડત તે કરતાં આ સંતને સંગે રહીને હું ગોદડી ઓઢું છું તે મારાં મોટાં ભાગ્ય છે ! (૭) અને સંતની સભામાં જાય છે ને પોતાને માન જડતું નથી ત્યારે એ** ૭
**સંતનો અવગુણ લે છે ત્યારે એને સંતની મોટપ જાણ્યામાં આવી નથી નહિ તો અવગુણ લેત નહિ, જેમ મુંબઈનો ગવર્નર સાહેબ ખુરસી નાખીને બેઠો હોય ને તેની સભામાં કોઈ ગરીબ માણસ જાય ને તેને ખુરસી ન નાખી દે ને આદર કોઈ ન કરે ત્યારે કાંઈ એને તે ઈંગ્રેજ ઉપર ધોખો થાય છે ? ને કાંઈ તેને ગાળ દીધાનું મનમાં થાય છે ? લેશમાત્ર પણ થાતું નથી શા માટે જે એ ઈંગ્રેજની મોટાઈ જાણી છે જે, એ તો મુલકનો બાદશાહ છે ને હું તો કંગાલ છું,**

**એવું જાણીને ધોખો થાય નહિ; તેમ જો સંતની મોટાઈ જાણી હોય તો તે સંત ગમે તેવો તિરસ્કાર કરે તો પણ ધોખો થાય નહિ ને જેટલો લે એટલો પોતાનો અવગુણ લે પણ સંતનો અવગુણ તો કોઈ રીતે લે જ નહિ, માટે જેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજાણું છે તેનો પાયો સત્સંગમાં અચળ છે. (૮) અને જેને માહાત્મ્ય નથી સમજાણું તેનો વિશ્વાસ નહિ.** ૮
**(૯) ઈતિ વચનામૃતમ્ ॥૧૭॥ (૧૨૫)** ૯

**રહસ્યાર્થ પ્રદી૦** આમાં પ્રશ્ન **(૫)** છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે તેમાં શ્રીજીમહારાજે માયાને વિપરીતપણામાં હેતુ કહી છે. **(૧)** બીજામાં દેહનો અનાદર, આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત અમારો નિશ્ચય હોય તો દેશકાળના અતિ વિષમપણામાં પણ મતિ અવળી થાય નહિ. **(૨)** અને દેહાભિમાનીને અમારો નિશ્ચય યથાર્થ હોય તો પણ પંચવિષયનો અભાવ ન થયો હોય તેનું અમે કે સંત ખંડન કરીએ તો અભાવ લે ને શસ્ત્રે કરીને માથું મુકાવી દે એવો દ્રોહ કરે. **(૩)** ત્રીજામાં વિષયની આસક્તિવાળાના વિષયનું ખંડન કરીએ નહિ ત્યાં સુધી સત્સંગમાં રહે અને ખંડન કરીએ ત્યારે અભાવ લઈને વિમુખ થાય. **(૪)** અને જે પોતાને આત્મસત્તારૂપ માને તેના વિષયનું ખંડન કરીએ તોય તેને અમારો ને સંતનો અભાવ ન આવે. **(૫)** ચોથામાં જેવી તેવી વસ્તુમાં આનંદ હોય તેવો સારીમાં ન રહે ને મન મૂંઝાય તેને વિષયનો અભાવ છે. **(૬)** પાંચમામાં આત્મનિષ્ઠા ને વૈરાગ્ય હોય તથા સર્વના સુખથી અમારા સુખને અધિક જાણીને અમારે વિષે જોડાય તે અમારો પાડ્યો પણ પડે નહિ ને અમારા સંતનું પણ માહાત્મ્ય બહુ સમજે અને તેને માન પણ રહે નહિ. **(૭)** અને જેને આવો મહિમા જાણ્યામાં ન આવ્યો હોય તેને સંતની આગળ માન આવે છે. **(૮)** અને જેને અમારું ને સંતનું માહાત્મ્ય નથી સમજાણું તેનો વિશ્વાસ નહિ એમ કહ્યું છે. **(૯)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં માયાથી વિપરીતપણું થાય છે એમ કહ્યું તે કેવી રીતે થતું હશે ?

૧ **ઉ૦** માયાના ગુણ જે કામ, ક્રોધ, લોભ, માન, આદિક છે તે દોષ જેમાં રહ્યા હોય તે દોષનું ભગવાન કે સંત ખંડન કરે ત્યારે પોતાના દોષનો અભાવ ન લે ને ભગવાનનો ને સંતનો અવગુણ લઈને પડી જાય અથવા શ્રીજીમહારાજના દ્વેષીનો યોગ થાય તો તે શ્રીજીમહારાજના ને સંતના અવગુણ ઘાલે તેણે કરીને વિમુખ થાય અથવા કુસંગનો યોગ થાય તો સત્સંગ મૂકી દે એ વિપરીતપણું જાણવું.

૨ **પ્ર૦** (૩/૪ ત્રીજા પ્રશ્નમાં) દેહાભિમાની દેહ મૂકીને પણ સંતનો અવગુણ લઈને પડી જાય એમ કહ્યું તે દેહ મૂક્યા પછી અવગુણ શી રીતે લેવાતો હશે ?

૨ **ઉ૦** દેહાભિમાનીનું કલ્યાણ થાય નહિ માટે તેને ફેર જન્મ ધરવો પડે તે ફરીને જન્મ ધરે ત્યારે પણ સંતનો અવગુણ લે ને પડી જાય.

૩ **પ્ર૦** (૫/૭ પાંચમા પ્રશ્નમાં) પુરુષ, કાળ ને અક્ષર કહ્યા તે કોને કોને જાણવા ?

૩ **ઉ૦** મૂળપુરુષને પુરુષ કહ્યા છે, તે પુરુષના કાર્યને નાશ કરી નાખે તેને કાળ કહ્યા છે. અને મૂળઅક્ષરને અક્ષર કહ્યા છે.

૪ **પ્ર૦** ગોલોકનું ને પ્રકૃતિપુરુષનું સુખ જુદું જુદું કહ્યું તે ગોલોકનું સુખ કિયું જાણવું અને પ્રકૃતિપુરુષનું સુખ કિયું જાણવું ?

૪ **ઉ૦** ગોલોકને વિષે ગોપ-ગોપિકા આદિક પાર્ષદોના સુખને ગોલોકનું સુખ કહ્યું છે. અને મૂળમાયા ને મૂળપુરુષના સુખને પ્રકૃતિપુરુષનું સુખ કહ્યું છે પણ એ બે લોક જુદાં નથી, જેમ નગરમાં વસ્તી હોય ને રાજાનો દરબાર હોય તેમ છે.

૫ **પ્ર૦** આમાં અક્ષરને પોતાની શક્તિ કહી અને (**પ્ર૦ ૭૨**ના ૨/૪ બીજા પ્રશ્નમાં) અક્ષરને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છીએ એમ કહ્યું છે તે ધરી રહ્યા છે તે શક્તિ કઈ જાણવી ? અને અક્ષરને શક્તિ કહી તે કઈ જાણવી ?

૫ **ઉ૦** આમાં ઉપકરણશક્તિ જે મૂળઅક્ષર તેને શક્તિ કહી છે. અને (**પ્ર૦ ૭૨**માં) પોતાના તેજરૂપ અભેદશક્તિને કહી છે તે અભેદશક્તિ વડે કરીને ભેદશક્તિ જે મૂળઅક્ષરાદિક તે સર્વને ધરી રહ્યા છે અને પોતે તો તે અભેદશક્તિ જે પોતાનું તેજ તેના પણ આધાર છે.

૬ **પ્ર૦** (૫/૭ પાંચમા પ્રશ્નમાં) શ્રીજીમહારાજનું માહાત્મ્ય સમજતો હોય તે શ્રીજીમહારાજનો પાડ્યો પણ શ્રીજીમહારાજના

ચરણારવિંદથી પડે નહિ એમ કહ્યું તે શ્રીજીમહારાજ કેવી રીતે પાડે તો પણ ન પડે ?

૬ **ઉ૦** શ્રીજીમહારાજ પોતાને વિષે દીર્ઘરોગ બતાવે તથા હારે, ભાગે, બીએ, તથા અયોગ્ય ક્રિયા કરે, એવાં ચરિત્ર કરે તો પણ મનુષ્યભાવ ન આવે તથા અમે તો સાધુ કે સત્પુરુષ કે મુક્ત છીએ ને ભગવાનની મૂર્તિને દેખીએ છીએ પણ ભગવાન નથી એમ કહે તો પણ લેશમાત્ર સંશય થાય નહિ તે ભગવાનનો પાડ્યો પણ ન પડ્યો કહેવાય.

૭ **પ્ર૦** એવા મોટા જે ભગવાન તેના સાક્ષાત્ ઉપાસક એ સંત છે એવો મહિમા અમને ભજતા હોય એવા સંતનો જાણવો, એમ શ્રીજીમહારાજે કહ્યું તે સાક્ષાત્ ઉપાસક એટલે કેવા જાણવા ?

૭ **ઉ૦** સાક્ષાત્ ભગવાન જે શ્રી સ્વામિનારાયણ તેમના સમીપમાં સદાય રહેનારા ને એક ક્ષણવાર પણ મૂર્તિનો વિયોગ ન હોય એવા સંતને સાક્ષાત્ ઉપાસક જાણવાં. **॥૧૭॥ (૧૨૫)**

## વચનામૃત લોયાનું - ૧૮

❖સંવત ૧૮૭૭ના પોષ સુદિ ૧ પડવાને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરાભક્તના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો ને બોકાની વાળી હતી તથા ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી તથા ચોફાળે સહિત રજાઈ ઓઢી હતી તથા ધોળો ખેસ પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયમાં સંધ્યા આરતી તથા સ્તુતિ પરમહંસ કરી રહ્યા પછી શ્રીજીમહારાજે કહ્યું જે કીર્તન ગાઓ. પછી વાજિંત્ર વજાડીને મુક્તાનંદ સ્વામી આદિક પરમહંસે કીર્તન ગાયાં ને પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, હવે કીર્તન રાખો હવે તો અમે વાર્તા કરશું ને અમે આ વાત કરીએ
૧ તેમાં જેને આશંકા ઊપજે તે પૂછજ્યો, એમ કહીને બોલ્યા જે, **(૧) ભગવાનનો નિશ્ચય થાવો તે સૌથી મહાકઠણ છે ને નિશ્ચયની વાર્તા અતિ અટપટી છે માટે કહેતે બીક લાગે છે જે શું જાણીએ વાત કરીએ ને તેમાંથી કોઈને અવળું પડે ને તેણે જે પોતાના અંગની દૃઢતા કરી હોય તે અંગ આ વાતે કરીને તૂટી જાય તો તે મૂળગેથી જાય ને એ વાત કર્યા વિના પણ ચાલતું નથી અને એ વાત જો સમજતાં ન આવડે તો દૂષણ પણ ઘણાં આવે અને આ વાત સમજે નહિ ત્યાં લગણ તેના નિશ્ચયમાં પણ કાચ્યપ ઘણી રહે છે. (૧)** તે સારુ વાત કરીએ છીએ ૧
જે ભગવાને વારાહનો દેહ ધાર્યો તે ભૂંડનું રૂપ તે અતિ કુરૂપ કહેવાય તથા મચ્છાવતાર ધાર્યો ત્યારે માછલા જેવું જ રૂપ હતું તથા કચ્છાવતાર ધાર્યો ત્યારે બીજા કાચબા જેવું જ રૂપ હતું તથા નૃસિંહાવતાર ધાર્યો ત્યારે વાઘના જેવું ભયાનક રૂપ હતું તથા વામનાવતાર ધાર્યો ત્યારે તે વામનરૂપના હાથ-પગ ટૂંકા ને કેડ્ય ધિંગી ને શરીર ધિંગું એવા ટૂંકડા હતા તથા વ્યાસાવતાર ધાર્યો ત્યારે તે વ્યાસ કાળા હતા ને શરીરમાં મુવાળા ઘણા હતા ને શરીર ગંધાતું હતું ઈત્યાદિક જે ભગવાને આકૃતિઓ ધારણ કરી હતી ત્યારે તેને તે કાળે જે જે મળ્યા તેમણે તેવા તેવા રૂપનું ધ્યાન કર્યું છે અને તે ધ્યાને કરીને તે તે ભગવાનના રૂપને પામ્યા છે. તેમાં જે વારાહને મળ્યા તે શું ધામને વિષે ભગવાનને વારાહરૂપ જ દેખે છે ? અને મચ્છજીને મળ્યા તે શું ધામને

વિષે મચ્છરૂપ જ દેખે છે ? અને કૂર્મને મળ્યા તે શું ધામને વિષે કૂર્મરૂપ જ દેખે છે ? અને નૃસિંહને મળ્યા તે શું ધામને વિષે નૃસિંહરૂપ જ દેખે છે ? અને હયગ્રીવને મળ્યા તે શું ધામને વિષે ઘોડારૂપ જ દેખે છે ? અને જેણે વારાહને પતિભાવે ભજ્યા તે શું ભૂંડણ થઈ ? અને સખાભાવે ભજ્યા તે શું ભૂંડ થયો ? અને મચ્છને પતિભાવે ભજ્યા તે શું માછલી થઈ ? ને સખા ભાવે ભજ્યા તે શું માછલો થયો ? ને કૂર્મને પતિભાવે ભજ્યા તે શું કાચબી થઈ ? ને સખાભાવે ભજ્યા તે શું કાચબો થયો ? અને નૃસિંહને પતિભાવે ભજ્યા તે શું સિંહણ થઈ ? અને સખાભાવે ભજ્યા તે શું વાઘ થયો ? ને હયગ્રીવ ને પતિભાવે ભજ્યા તે શું ઘોડી થઈ ? અને સખાભાવે ભજ્યા તે શું ઘોડો થયો ? માટે જો ભગવાનનું મૂળ રૂપ વારાહાદિક જેવું જ હોય તો તો, તે તે અવતારના ભક્તોને તેના ધ્યાને કરીને તદાકારપણું થાય ત્યારે તો કહ્યું તેમ જ થયું જોઈએ પણ એ વાત એમ નથી ત્યારે તમે કહેશો જે તે ભગવાનનું કેવું રૂપ છે ? તો કહીએ છીએ જે ભગવાન તો સચ્ચિદાનંદરૂપ છે ને તેજોમય મૂર્તિ છે અને જેના એક એક રોમને વિષે કોટી કોટી સૂર્ય જેવો પ્રકાશ છે ને કોટી કામદેવને પણ લજ્જા પમાડે એવા તે ભગવાન રૂપાળા છે ને અનંતકોટી બ્રહ્માંડના પતિ છે, રાજાધિરાજ છે, સર્વના નિયંતા છે, સર્વના અંતર્યામી છે અને અતિશે સુખરૂપ છે ને જેના સુખની આગળ અનંત રૂપવાન સ્ત્રીઓને જોયાનું જે સુખ તે તુચ્છ થઈ જાય છે અને આ લોક-પરલોક સંબંધી જે પંચવિષયનાં સુખ તે ભગવાનની મૂર્તિના સુખ આગળ તુચ્છ થઈ જાય છે, એવું **ભગવાનનું સ્વરૂપ છે તે સ્વરૂપ સદા દ્વિભુજ જ છે** ને પોતાની ઈચ્છાએ કરીને ક્યારેક ચતુર્ભુજ પણ જણાય છે, અષ્ટભુજ પણ જણાય છે ને સહસ્રભુજ પણ દેખાય છે ને તે જ ભગવાન મચ્છ, કચ્છ, વારાહાદિક રૂપને તથા રામકૃષ્ણાદિક રૂપને કોઈક કાર્યને અર્થે ધારણ કરે છે પણ જે પોતાનું મૂળ રૂપ છે તેને તજીને એ અવતારનું ધારણ નથી કરતા તે જ ભગવાન પોતે અનંત ઐશ્વર્ય ને અનંત શક્તિ સોતા જ મચ્છ-કચ્છાદિક રૂપને ધારણ કરે છે અને જે કાર્ય નિમિત્ત જે દેહનું ધારણ કર્યું હોય તે કાર્ય થઈ રહે છે ત્યારે તે દેહનો ત્યાગ પણ કરે છે તે ભાગવતમાં કહ્યું છે :-

**ભુભારઃ ક્ષપિતો યેન તાં તનું વિજહાવજઃ । કંટકં કંટકેનૈવ દ્વયં ચાપીશિતુઃ સમમ્ ॥**

જે જે દેહે કરીને ભગવાને પૃથ્વીનો ભાર ઉતાર્યો તથા જીવોને દેહાભિમાનરૂપી જે ચૈતન્યમાં કાંટો ખૂંચી રહ્યો હતો તેને કાઢીને ને કાઢવાના કાંટારૂપ જે પોતાનો દેહ તેને પણ ત્યાગ કર્યો અને રાક્ષસને મારવાને અર્થે ભગવાને નૃસિંહરૂપ ધાર્યું અને પછી તે કાર્યને કરીને પછી તે દેહનો ત્યાગ કરવાને ઈચ્છ્યા પણ તે સિંહને કોણ મારે ? પછી પોતાની ઈચ્છાએ કરીને કાળરૂપ શિવ તે શરભનું રૂપ ધારીને આવ્યા ને નૃસિંહને ને શરભને યુદ્ધ થયું પછી બે ય જણે દેહ મૂક્યો તેણે કરીને શિવ શરભેશ્વર મહાદેવ થયા ને નૃસિંહજીએ દેહ મૂક્યો તે નારસિંહી શિલા થઈ, માટે ચિત્રામણમાં જ્યાં જ્યાં મચ્છ-કૂર્માદિક ભગવાનના અવતારનાં ચિત્રામણ

કરે છે ત્યાં ત્યાં થોડોક મચ્છ-કચ્છાદિકનો આકાર કરીને પછી તે ઉપર શંખ, ચક્ર, ગદા,પદ્મ, વૈજયંતી માળા, પીતાંબર, વસ્ત્ર, કિરીટ, મુગટ, શ્રીવચ્છનું ચિહ્ન ઇત્યાદિક ચિહ્ને સહિત ભગવાનની મૂર્તિને લખે છે તો **જો ભગવાનનું રૂપ અનાદિ એવું જ છે** અને શ્રીકૃષ્ણ ભગવાને પ્રથમ જન્મસમયમાં વાસુદેવ-દેવકીને ચતુર્ભુજરૂપે દર્શન દીધું ને અક્રૂરને ચતુર્ભુજરૂપે દર્શન જળને વિષે દીધું તથા રુકમણીને મૂર્છા આવી ત્યારે ચતુર્ભુજરૂપે દર્શન દીધું અને અર્જુને પણ એમ કહ્યું જે :-

**તનૈવ રૂપેણ ચતુર્ભુજેન સહસ્રબાહો ભવ વિશ્વમૂર્ત્તે ॥**

માટે અર્જુન પણ ચતુર્ભુજરૂપે દેખતા અને યાદવાસ્થળી કરીને પીંપળાની હેઠે શ્રીકૃષ્ણ ભગવાન બેઠા હતા તે સમયમાં ઉદ્ધવજીએ તથા મૈત્રેયઋષિએ ભગવાનનું સ્વરૂપ શંખ, ચક્ર, ગદા, પદ્મ, પીતાંબર સહિત દીઠું અને શ્રીકૃષ્ણ ભગવાન તો શ્યામ હતા ને તેનું રૂપ તો કોટી કામને લજ્જા પમાડે એવું કહ્યું છે, માટે એવા મનુષ્ય જેવા જણાય છે તેને વિષે જ પૂર્વે કહ્યો એવો પ્રકાશ ને સુખ તે સર્વે રહ્યાં છે તે જેને ધ્યાન, ધારણા, સમાધિનું અંગ હોય તેને એની એ મૂર્તિ છે તે જ કોટી કોટી સૂર્યના પ્રકાશે યુક્ત દેખાય છે પણ મશાલ-દીવાનું કામ પડતું નથી અને એવો પ્રકાશ એ ભગવાનને વિષે છે ને તે નથી દેખાતો તે તો એ ભગવાનની એવી ઇચ્છા છે અને એ ભગવાન ઇચ્છે જે, એવો પ્રકાશમાન હું આ ભક્તને દેખાઉં તો તે પ્રકાશે યુક્ત એવી એ જ મૂર્તિને દેખે છે, માટે જેને ભગવાનનો નિશ્ચય હોય તે તો એમ સમજે જે, ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર એ ધામનાં જે ઐશ્વર્ય, સમૃદ્ધિ તથા પાર્ષદ તેણે સહિત એ ભગવાન છે ને એમની સેવાના કરતલ તો રાધિકા, લક્ષ્મી આદિક છે, એવા પરમ ભાવે સહિત ભગવાનને દેખે છે ને જે મૂઢ છે તે માણસ જેવા દેખે છે તે શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે :-

**અવજાનંતિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતં । પરં ભાવમજાનંતો મમ ભૂતમહેશ્વરમ્ ॥**

માટે જે મૂઢ છે તે ભગવાનના એવા પરમ ભાવને જાણ્યા વિના ભગવાનને વિષે પોતાના જેવા મનુષ્યના ભાવને પરઠે છે તે મનુષ્યભાવ તે શું તો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા ઇત્યાદિક અંતઃકરણના ભાવ છે તથા હાડ, ચામ, મળમૂત્રાદિક તથા જન્મ, મરણ, બાળ, યૌવન, વૃદ્ધ એ સર્વે દેહના ભાવ છે ઇત્યાદિક **જે મનુષ્યભાવ તે સર્વે ભાવને ભગવાનને વિષે પરઠે છે, માટે એવા ભાવનો પરઠનારો જે હોય તેને ભગવાનના નિશ્ચય જેવું જણાય છે તો પણ તેનો નિશ્ચય કાચો છે ને એ જરૂર સત્સંગમાંથી પડશે અને એ ભગવાન તો પરમ દિવ્યમૂર્તિ છે ને ભગવાનને વિષે તો મનુષ્યભાવનો લેશ નથી,** માટે એ ભગવાનમાંથી મનુષ્યભાવને ટાળીને દેવભાવ લાવવો, પછી બ્રહ્માદિકનો ભાવ લાવવો,

પછી પ્રધાનપુરુષનો ભાવ આવે, પછી પ્રકૃતિપુરુષનો ભાવ આવે, પછી અક્ષરનો ભાવ આવે, પછી **અક્ષરાતીત એવા પુરુષોત્તમ** તેમનો ભાવ આવે છે, જેમ વ્રજના ગોપને આશ્ચર્યરૂપ શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્ર દેખીને પ્રથમ તો દેવભાવ આવ્યો પછી ગર્ગાચાર્યના વચનને સંભારીને નારાયણનો ભાવ આવ્યો, પછી એમ કહ્યું જે, તમે તો નારાયણ છો, માટે અમને તમારું ધામ દેખાડો ત્યારે અક્ષરધામ દેખાડ્યું, એવી રીતે **આ ભગવાનને વિષે જેને દિવ્યભાવ છે તેને પૂરો નિશ્ચય જાણવો. (૨)** અને એમ કહે છે જે, આને પ્રથમ ભગવાનનો નિશ્ચય ૨
નહોતો ને હવે થયો તે શું એ પ્રથમ ભગવાનને નહોતો દેખતો ? દેખતો તો હતો પણ મનુષ્યભાવે સહિત દેખતો હતો ને પછી જ્યારે નિશ્ચય થયો ત્યારે દિવ્યભાવે સહિત દર્શન કર્યું ત્યારે એને નિશ્ચય થયો જાણવો અને જ્યારે **ભગવાનને વિષે એવો દિવ્યભાવ ન સમજે ત્યારે એને વાતે વાતે ધોખો થાય ને ગુણ-અવગુણ લીધા કરે છે જે, આની કોરનો પક્ષ રાખે છે ને અમારો પક્ષ રાખતા નથી તથા આને વધુ બોલાવે છે ને અમને નથી બોલાવતા ને આને ઉપર વધુ હેત છે ને અમારી ઉપર નથી. એવી રીતે ગુણ-અવગુણ પરઠ્યા કરે છે તેણે કરીને એનું અંતર દિવસે દિવસે પાછું પડીને અંતે તે વિમુખ થાય છે, માટે ભગવાનને વિષે તો મનુષ્યભાવ ન જ પરઠવો, અને ભગવાનના ભક્તને વિષે પણ મનુષ્યભાવ ન પરઠવો,** કાં જે દેહે કરીને તો ભગવાનના ભક્તમાં કોઈક આંધળો હોય, લૂલો હોય, કોડિયો હોય, બહેરો હોય, વૃદ્ધ હોય, કુરૂપ હોય, ને તે જ્યારે દેહ મૂકે છે ત્યારે શું ભગવાનના ધામમાં એવા આંધળા-લૂલા જ રહે છે ? નથી રહેતા. એ તો સર્વે મનુષ્યપણાના ભાવ છે તેને મૂકીને દિવ્યરૂપ થાય છે; બ્રહ્મરૂપ થાય છે. માટે **હરિના ભક્તને વિષે મનુષ્યભાવ ન પરઠાય તો પરમેશ્વરને વિષે કેમ પરઠાય ?** અને આ જે વાત છે તે સૂઝે તો આજ સમજો તો એટલી સમજવી છે ને સૂઝે તો સો વર્ષે કરીને સમજો તો પણ એટલી સમજવી છે અને આ વાત સમજીને એની દૃઢતાની ગાંઠ પડ્યા વિના છૂટકો નથી, માટે આ અમારી વાત છે તે સર્વે હરિભક્તને યાદ રાખીને પરસ્પર કરવી ને જ્યારે કોઈને અણસમજણે કરીને ધોખો થાય ત્યારે તેને આ વાતે કરીને ચેતાવી દેવો અને આ જે અમારી વાર્તા છે તેને નિત્ય પ્રત્યે દિવસમાં એક વાર કરવી એમ અમારી આજ્ઞા છે તેને ભૂલશો મા, જરૂર ભૂલશો મા, એમ કહીને શ્રીજીમહારાજ સર્વ ભક્તને જય સ્વામિનારાયણ કહીને હસતા થકા પોતાને ઉતારે પધાર્યા.
**(૩) ઇતિ વચનામૃતમ્ ॥૧૮॥ (૧૨૬)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે નિશ્ચયની વાત સમજતાં ન આવડે તો અમારે વિષે મનુષ્યભાવ રહી જાય ને અમને બીજા અવતારના જેવા જાણે તો દૂષણ આવે. **(૧)** ને મચ્છાદિકના દૃષ્ટાંતપૂર્વક પોતાનો દિવ્યભાવ કહ્યો છે જે અમે મનુષ્ય જેવા દેખાઈએ છીએ પણ અમારા ધામને વિષે સચ્ચિદાનંદ પ્રકાશમય મૂર્તિ છીએ અને અનંતકોટી બ્રહ્માંડના પતિ રાજાધિરાજ, સર્વનિયંતા, સર્વાંતર્યામી, અતિશે સુખરૂપ ને સદા દ્વિભુજ છીએ ને અમારી ઇચ્છાએ કયારેક ચતુર્ભુજાદિક તથા રામકૃષ્ણાદિક રૂપ ધારણ કરીએ છીએ અને કાર્ય થઈ રહ્યા પછી અદૃશ્ય કરીએ છીએ અને શ્રીકૃષ્ણ ભગવાન ચતુર્ભુજ છે અને મચ્છાદિક સર્વ ચતુર્ભુજ અવતારોના નિયંતા છે અને શ્રીકૃષ્ણને દૃષ્ટાંતે પોતાનું

દિવ્યપણું કહ્યું છે જે, અમે મનુષ્ય જેવા જણાઈએ છીએ પણ અમારે વિષે અતિ પ્રકાશ ને સર્વ સુખ રહ્યાં છે તે ધ્યાન, ધારણા ને સમાધિવાન અમને પ્રકાશે યુક્ત દેખે છે અથવા અમારી ઇચ્છાથી પણ અમે તેજોમય દેખાઈએ છીએ અને શ્રીકૃષ્ણ ભગવાનને દૃષ્ટાંતે કહ્યું છે કે મૂઢજીવ અમને મનુષ્ય જેવા જાણે છે તેમને અમારો નિશ્ચય નથી અને તે જરૂર સત્સંગમાંથી પડશે ને અમારે વિષેથી મનુષ્યભાવ ટાળીને દિવ્યભાવ કરે તો જ પૂરો નિશ્ચય કહેવાય. **(૨)** અને અમને દિવ્ય જાણીને દર્શન કરે તેને જ અમારો નિશ્ચય જાણવો ને ત્યારે જ એને ધોખો ન થાય ને ગુણ-અવગુણ ન આવે ને વિમુખ ન થાય માટે અમને ને પંચવર્તમાને યુક્ત અમારા ભક્તને દિવ્ય જાણવા, એવી રીતે પોતાનું દિવ્ય ને સર્વોપરીપણું પ્રતિપાદન કર્યું છે. ને દિવસમાં એક વાર એ વાત કરવાની આજ્ઞા કરી છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજી બાબતમાં અમારી ઇચ્છાએ ચતુર્ભુજાદિક દેખાડીએ છીએ અને મચ્છ, કૂર્મ, રામકૃષ્ણાદિક રૂપ ધારણ કરીએ છીએ એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૧ **ઉ૦** પોતાને વિષે ભગવાનપણાનો નિશ્ચય કરાવવા સારુ શ્રીજીમહારાજ ચતુર્ભુજ, અષ્ટભુજ, સહસ્રભુજરૂપે તથા રામકૃષ્ણાદિક અવતારોરૂપે દેખાય ને નિશ્ચયરૂપ કાર્ય કર્યા પછી તે રૂપ અદૃશ્ય કરે અને રામકૃષ્ણાદિક જે પોતાના આવિર્ભાવ તે દ્વારે પ્રગટ થાય ત્યારે તે અવતારો પણ તેમનો નિશ્ચય કરાવવા સારુ ચતુર્ભુજાદિકરૂપે ને મચ્છ, કચ્છાદિકરૂપે દર્શન આપે ને પછી તે રૂપ અદૃશ્ય કરે તે સર્વ અવતારોને વિષે પોતાની સત્તા રહી છે, માટે રામકૃષ્ણાદિકરૂપે પ્રગટ થઈએ છીએ એમ કહ્યું છે અને પોતે તો પોતાના તેજરૂપ અક્ષરધામમાં સદા દ્વિભુજરૂપે અખંડ વિરાજમાન રહે છે.

૨ **પ્ર૦ પ્રથમ અનાદિ દ્વિભુજ કહ્યા અને પછીથી અનાદિ ચતુર્ભુજ કહ્યા તે કેમ સમજવું ?**

૨ **ઉ૦** અનાદિ દ્વિભુજ શ્રીજીમહારાજે પોતાને કહ્યા છે અને પછીથી અનાદિ ચતુર્ભુજ કહ્યા તે શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યા છે તે એ જ બાબતમાં કહ્યું છે જે, શ્રીકૃષ્ણ ભગવાને વસુદેવ, દેવકી, અક્રૂર અને રુક્મણીને ચતુર્ભુજપણે દર્શન આપ્યું ને અર્જુન સદાય ચતુર્ભુજરૂપે દેખતા ને ઉદ્ધવજીએ ને મૈત્રેય ઋષિએ પણ ચતુર્ભુજરૂપે દીઠા એમ કહ્યું તે મચ્છ, કચ્છ, વામન, રામ, દત્ત, કપિલાદિક સર્વે ચતુર્ભુજ અવતારોના અવતારી અનાદિ ચતુર્ભુજ શ્રીકૃષ્ણ છે એટલા માટે મચ્છ-કૂર્માદિકનાં ચતુર્ભુજરૂપે ચિત્રામણ કરે છે તે ચતુર્ભુજ શ્રીકૃષ્ણના અને વાસુદેવ બ્રહ્મ તથા મૂળઅક્ષર એ દ્વિભુજ અવતારોના અવતારી અનાદિ દ્વિભુજ શ્રીજીમહારાજ છે.

૩ **પ્ર૦** જેને અમારો નિશ્ચય હોય તે અમને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર એ ધામનાં ઐશ્વર્ય, સમૃદ્ધિ તથા પાર્ષદ તેણે સહિત સમજે અને રાધિકા, લક્ષ્મી આદિક સેવા કરે છે એવા પરમભાવે સહિત દેખે છે એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજ જીવોના આત્યંતિક કલ્યાણને અર્થે આંહીં મનુષ્યરૂપે દર્શન આપે છે તેમના ભેળા ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ તથા બ્રહ્મપુરાદિક સર્વે ધામોના અધિપતિ તે પાર્ષદો તથા સમૃદ્ધિ-ઐશ્વર્ય સહિત આવે છે તે સર્વે શ્રીજીમહારાજની સેવા કરે છે એવા શ્રીજીમહારાજને દિવ્યભાવે સહિત સર્વોપરી જાણવા તે પરમભાવે સહિત જાણ્યા કહેવાય તે (**મ૦ ૫૮**ના પહેલા પ્રશ્નોત્તરમાં) છે.

૪ **પ્ર૦** અમારા દિવ્ય ચરિત્ર દેખીને અમારે વિષે દિવ્યભાવ આવે છે, એમ શ્રીજીમહારાજે કહ્યું તે કેવાં ચરિત્રથી દિવ્યભાવ આવતો હશે ?

૪ **ઉ૦** શ્રીજીમહારાજે સમાધિઓ કરાવીને સર્વે અવતારોને પોતાની સ્તુતિ કરતાં દેખાડયા તથા તે અવતારોને પોતાને વિષે લીન કરી દેખાડ્યા, એવાં ઐશ્વર્ય જોઈને સર્વે અવતારોના અવતારી જાણ્યામાં આવે અને જ્યારે મુક્તનો સમાગમ કરે ત્યારે બ્રહ્મકોટી, મૂળઅક્ષરકોટી એ સર્વેથી પર અક્ષરાતીત પુરુષોત્તમ છે એમ જાણ્યામાં આવે છે.

૫ **પ્ર૦** શ્રીકૃષ્ણ ભગવાને પોતાનું અક્ષરધામ દેખાડ્યું એમ કહ્યું તે અક્ષરધામ કિયું સમજવું ?

૫ **ઉ૦** એમણે પોતાનું ગોલોકધામ દેખાડ્યું હતું તેને આ ઠેકાણે અક્ષરધામ નામે કહ્યું છે.

૬ **પ્ર૦** ત્રીજી બાબતમાં દિવ્યભાવે સહિત દર્શન કરે ત્યારે નિશ્ચય થયો જાણવો, એમ કહ્યું તે ભગવાનને દિવ્ય તેજોમય દેખતા હશે કે મનુષ્યરૂપે જ દેખતા હશે ?

૬ ઉ૰ પોતાની સમજણમાં દિવ્યભાવ લાવીને દર્શન કરે તેનો નિશ્ચય પરિપક્વ જાણવો ને મનુષ્યભાવે તથા પ્રતિમાભાવે દર્શન કરે તો તેનો નિશ્ચય કાચો કહેવાય, માટે ભગવાન તો મનુષ્યરૂપે તથા પ્રતિમારૂપે જેવા દેખાતા હોય તેવા જ દેખાય પણ સમજણમાં દિવ્યભાવ લાવવો તો પાકો નિશ્ચય કહેવાય, અને જ્યારે પોતાના આત્માની શ્રીજીમહારાજના તેજ સાથે એકતા કરીને શ્રીજીમહારાજનું ધ્યાન કરે, ત્યારે મહાતેજ જેવો થાય ત્યારે તે મૂર્તિને સર્વત્ર જ્યાં જુએ ત્યાં તેજોમય દેખે.

૭ **પ્ર૰** આ અમારી વાર્તા નિત્ય પ્રત્યે દિવસમાં એક વાર કરવી એમ શ્રીજીમહારાજે આજ્ઞા કરી તે વાત કઈ જાણવી ? અને જય સ્વામિનારાયણ કહીને હસતા થકા પોતાને ઉતારે પધાર્યા તે હસવાનું કારણ શું હશે ?

૭ **ઉ૰** શ્રીજીમહારાજ તથા તેમના ભક્ત મનુષ્યરૂપે જણાય છે તેમને જેવા અક્ષરધામમાં દિવ્ય તેજોમય છે તેવા સમજાવવા એમ આજ્ઞા કરી છે અને પોતાને વિષેથી તથા પોતાના ભક્તોને વિષેથી મનુષ્યભાવ ટળાવીને દિવ્યભાવ ને સર્વોપરીપણું સમજાવ્યું તેથી બહુ પ્રસન્ન થઈને હસ્યા છે. **॥૧૨૬॥**

**ઇતિ શ્રી કચ્છદેશે વૃષપુરનિવાસી અનાદિમુક્તરાજ શ્રી અબજીભાઈ વિરચિત સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મુખકમળ નિઃસૃત વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકાયાં લોયા પ્રકરણં સમાપ્તમ્.**

શ્રીજી બાપા વાસણા, અમદાવાદ-૭. SMVS

શ્રી સ્વામિનારાયણ મંદિર
શ્રીજી બાપા
વાસણા, અમદાવાદ-૭.
SMVS

# અથ વચનામૃત પંચાળા પ્રકરણમ્

## વચનામૃત પંચાળાનું - ૧

❖સંવત ૧૮૭૭ના ફાગણ સુદિ ૪ ચોથને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા ને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો તથા ધોળો અંગરખો પહેર્યો હતો તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી પછેડી ઓઢી હતી અને માથાના ફેંટાનો પેચ જમણી કોરે છૂટો હતો અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયમાં સંધ્યાઆરતી થઈ રહી તે કેડે શ્રીજીમહારાજ તકિયા ઉપર વિરાજમાન થઈને
૧ બોલ્યા જે, અમે આ સર્વે મોટા પરમહંસ તથા મોટા હરિભક્તને પ્રશ્ન પૂછીએ છીએ જે, **(૧)** ભગવાનમાં હેત હોય તથા ધર્મમાં નિષ્ઠા હોય તો પણ જો વિચારને ન પામ્યો હોય તો અતિ સારા જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પંચવિષય તે અતિશે ભૂંડા જે શબ્દાદિક પંચવિષય તે સરખા થાય નહિ અથવા તેથી અતિશે ઊતરતા પણ થાય નહિ, માટે કિયા **વિચારને** પામે ત્યારે અતિ સારા જે પંચવિષય તે અતિશે ભૂંડા જે પંચવિષય તે સરખા થઈ જાય અથવા તે કરતાં પણ અતિશે ભૂંડા થઈ જાય ? એ પ્રશ્ન સર્વ મોટેરા પરમહંસ તથા સર્વ મોટેરા હરિભક્તને અમે પૂછીએ છીએ તે જેણે જે વિચારે કરીને એ સારા પંચવિષયને ભૂંડા પંચવિષય જેવા જાણ્યા હોય અથવા ભૂંડાથી પણ અતિશે ભૂંડા જાણ્યા હોય તે જે પોતપોતાનો વિચાર તે કહો. પછી તે સર્વે પરમહંસે તથા સર્વે હરિભક્તે પોતપોતાનો વિચાર કહી દેખાડ્યો, ત્યાર પછી શ્રીજીમહારાજ બોલ્યા જે તમારો સર્વેનો તો એ વિચાર સાંભળ્યો પણ હવે અમે જે વિચાર કર્યો છે તે કહીએ છીએ જે, **જેમ કોઈકનો કાગળ પરદેશથી આવ્યો હોય તેને વાંચીને તે કાગળના લખનારાની જેવી બુદ્ધિ હોય તેવી જણાઈ આવે છે,** તથા જેમ પાંચ પાંડવ, દ્રૌપદી, કુંતાજી તથા રુક્મણી, સત્યભામા, જાંબુવતી આદિક ભગવાનની પટરાણીઓ તથા સાંબ જે ભગવાનનો પુત્ર ઈત્યાદિક ભક્તનાં રૂપ તથા વચન તે શાસ્ત્રમાં લખ્યાં છે તે શાસ્ત્રને શ્રવણે કરીને તેમના રૂપનું પ્રમાણ તે દર્શન જેવું જ થાય છે તથા તેમને વચને કરીને તેમની બુદ્ધિનું પ્રમાણ થાય છે, તેમ પુરાણ ભારતાદિક ગ્રંથે કરીને એમ સાંભળ્યામાં આવે છે જે, ભગવાન જે તે આ જગતની જે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેના કર્તા છે ને સદા સાકાર છે, અને જો સાકાર ન હોય તો તેને વિષે કર્તાપણું કહેવાય નહિ, **અને જે અક્ષરબ્રહ્મ છે તે તો એ ભગવાનના અંગનો પ્રકાશ છે અથવા એમને રહ્યાનું ધામ છે,** એવા દિવ્યમૂર્તિ પ્રકાશમય ને સુખરૂપ જે ભગવાન તે જે તે માયા થકી જીવોને સૃજીને તેને બુદ્ધિ, ઈન્દ્રિયો, મન, પ્રાણ તે આપે છે તે શાને અર્થે આપે છે તો ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ જે વિષય તેના ભોગને અર્થે ને મોક્ષને અર્થે આપે છે અને એ જીવોને અર્થે ભોગ ને ભોગનાં સ્થાનક તે

ભગવાને રચ્યાં છે તેમાં જે ઉત્તમ પંચવિષય કર્યા છે તે ભૂંડા પંચવિષયના દુઃખની નિવૃત્તિને અર્થે કર્યા છે, **જેમ કોઈક ભારે શાહુકાર હોય તે રસ્તાને બેય કોરે છાયાને અર્થે ઝાડ રોપાવે છે તથા પાણીની પરબ બંધાવે છે તથા સદાવ્રત કરાવે છે તથા ધર્મશાળા કરાવે છે તે ગરીબ સારુ કરાવે છે, તેમ બ્રહ્મા, શિવ ને ઈન્દ્રાદિક દેવ છે તે તો એ ભગવાનની આગળ જેવા સડતાળાનાં રાંક હોય ને પીંપરની ટેટી બાફીને ખાતા હોય તે જેવા ગરીબ છે તે બ્રહ્માદિક દેવ મનુષ્યના સુખને અર્થે ઉત્તમ એવા પંચવિષય તે ભગવાને રચ્યા છે ને જેમ શાહુકારે સદાવ્રત, ધર્મશાળાદિકમાં સુખ જેવાં રાંકને અર્થે રચ્યા છે તે કરતાં તે શાહુકારના ઘરમાં સુખ તે અતિશે ઉત્તમ હશે એમ જણાય છે, તેમ એ ભગવાને બ્રહ્માદિકને અર્થે એવાં સુખ રચ્યાં છે તો પોતાના ધામમાં તો એ કરતાં અતિ ઉત્તમ સુખ હશે એમ બુદ્ધિવાળો હોય તેને જાણ્યામાં આવે છે,** માટે એ ભગવાનના ધામના સુખનું અતિશેપણું બુદ્ધિવાનને જાણ્યામાં આવે છે તેણે કરીને સારા વિષય તે ભૂંડા થઈ જાય છે અને સંસારમાં જે પશુ, મનુષ્ય, દેવતા, ભૂત ઈત્યાદિક જ્યાં જ્યાં પંચવિષય સંબંધી સુખ જણાય છે તે ધર્મે સહિત જે કિંચિત્ ભગવાનનો સંબંધ તેણે કરીને છે પણ પંડે ભગવાનમાં જેવું સુખ છે તેવું કોઈને વિષે નથી, જેમ આ મશાલ બળે છે તે મશાલને સમીપે જેવો પ્રકાશ છે તેવો થોડેક છેટે નથી અને તેથી ઘણે છેટે તો મૂળગો નથી, તેમ બીજે ઠેકાણે તો કિંચિત્ સુખ છે ને સંપૂર્ણ સુખ તો ભગવાનના સમીપમાં રહ્યું છે અને જેટલું ભગવાનથી છેટે થવાય છે તેટલા સુખમાં ન્યૂનતા થાય છે, માટે જે મુમુક્ષુ હોય તે પોતાના હૃદયમાં એમ વિચારે જે, જેટલું મારે ભગવાનથી છેટું થાશે તેટલું દુઃખ થાશે ને મહાદુઃખિયો થાઈશ ને થોડેક ભગવાનને સંબંધે કરીને એવું સુખ થાય છે, માટે મારે ભગવાનનો સંબંધ અતિશે રાખવો છે ને હું અતિ સંબંધ રાખીશ તો મારે ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ થાશે એમ વિચારીને, ને ભગવાનના સુખનો લોભ રાખીને, જેમ ભગવાનનો સંબંધ અતિશે રહે તેમ ઉપાય કરે તેને બુદ્ધિવાન કહીએ. **અને પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે ને તેથી દેવતાનું સુખ અધિક છે ને તેથી ઈન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું, તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠ લોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે ને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે,** એવી રીતે ભગવાનના સુખને અતિશે જાણીને બીજા જે જે પંચવિષયનાં સુખ તેને વિષે બુદ્ધિવાનને તુચ્છતા થઈ જાય છે ને તે ભગવાનના સુખ આગળ બ્રહ્માદિકનું સુખ તો જેવું ભારે ગૃહસ્થને બારણે કોઈક રાંક ઠીકરું લેઈને માગવા આવ્યો હોય તેના જેવું છે અને એ ભગવાનના ધામના સુખનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે સર્વ જે બીજાં સુખ તેથી ઉદાસ થઈને મનમાં એમ થાય છે જે, આ દેહ મૂકીને એ સુખને ક્યારે પામીએ ? અને સ્વભાવિકપણે પંચવિષયનું ગ્રહણ કરતા હોઈએ તેમાં તો કાંઈ ઝાઝો વિચાર થાતો નથી પણ જો તે વિષયમાં કાંઈક સારપ્ય મનાય છે ત્યારે તુરત એ ભગવાનના સુખમાં દૃષ્ટિ પૂગી જાય છે ને મન અતિ ઉદાસી થઈ જાય છે. અને આ જે સર્વે વાત છે તે જે બુદ્ધિવાળો હોય તેને જાણ્યામાં આવે છે માટે બુદ્ધિવાળા ઉપર અમારે હેત છે, કેમ જે અમે બદ્ધિવાળા છીએ તો એવી રીતે અમારી દૃષ્ટિ પૂગે છે માટે બુદ્ધિવાળો

જે હોય તેની પણ દૃષ્ટિ પૂગે ખરી, અને આવી રીતે અમારો વિચાર તે તમારા સર્વેના વિચાર કરતાં અમને અધિક જણાણો છે તે સારુ આ અમારા વિચારને અતિ દઢપણે કરીને હૈયામાં સૌ રાખજ્યો. **(૧)** અને આ વિચાર વિના તો જો રમણીક પંચવિષયમાં વૃત્તિ ચોંટી હોય તેને ૧
અતિ બળે કરીને ઉખેડે ત્યારે માંડ માંડ ઊખડે અને જો આ વિચારને પામ્યો હોય તો તે વૃત્તિને ખેંચ્યામાં લેશમાત્ર પ્રયાસ પડે નહિ, સહેજે જ વિષયની તુચ્છતા જણાઈ જાય છે અને આ જે વાર્તા છે તે જેને ઝાઝી બુદ્ધિ હોય ને ઝાઝા સુખના લોભને ઇચ્છે તેને સમજાય છે, **જેમ કોડી કરતાં પૈસામાં વધુ માલ છે ને તેથી રૂપૈયામાં વધુ માલ છે ને તેથી સોનામહોરમાં વધુ માલ છે ને તેથી ચિંતામણિમાં વધુ માલ છે, તેમ જ્યાં જ્યાં પંચવિષયનું સુખ છે તેથી ભગવાનના ધામમાં ભગવાનનું સુખ અતિ અધિક છે,** માટે જે બુદ્ધિવાળો હોય ને જેની દૃષ્ટિ પૂગે તેને આ વિચાર હૃદયમાં ઠરે છે. અને આ વિચાર જેના હૃદયમાં દઢ ઠર્યો હોય ને તે જો સ્મશાનમાં બેઠો હોય તો પોતાને એમ જાણે જે હું અનંત માણસ તથા રાજ્યસમૃદ્ધિએ વિંટાણો છું, એમ સમજે પણ દુઃખિયો ન માને અને ઇન્દ્રના લોકમાં હોય તો જાણે જે વનમાં બેઠો છું પણ તે ઇન્દ્રના લોકને સુખે કરીને સુખિયો ન માને ને તે સુખને તુચ્છ જાણે તે સારુ આ વિચારને રાખીને એમ સર્વે નિશ્ચય રાખજ્યો જે, હવે તો ભગવાનના ધામમાં જ ઠેઠ પૂગવું છે પણ વચમાં કોઈ ઠેકાણે તુચ્છ જે પંચવિષય સંબંધી સુખ તેમાં લોભાવું નથી, એવી રીતે સૌ દઢ નિશ્ચય રાખજ્યો અને આ તો જે અમારો સિદ્ધાંત છે તે તમને સર્વેને કહ્યો છે માટે દઢ કરીને રાખજ્યો. **(૨)** ઇતિ વચનામૃતમ્ **॥૧॥ (૧૨૭)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે અમારે વિષે હેત ને ધર્મમાં નિષ્ઠા હોય તો પણ અમારા મહિમારૂપી વિચારને ન પામ્યો હોય તો સારા ને ભૂંડા વિષયસરખા ન થાય અને સારા વિષય ભૂંડાથી પણ ભૂંડા ન થાય. અને અમારા અંગનો એટલે અમારો પ્રકાશ તે જ અક્ષરબ્રહ્મ છે તથા અમારે રહ્યાનું ધામ છે અને અમને સર્વ કર્તા સદા સાકાર દિવ્ય મૂર્તિમાન જાણે ને સર્વના સુખથી અમારા સુખને અતિશે અધિક જાણે ને સર્વને સુખના દાતા જાણે તો અમારા સુખ વિના બીજાં સર્વ સુખ અતિશે તુચ્છ થઈ જાય. **(૧)** અને આવો મહિમા ન જાણે તો રમણીક વિષયમાંથી વૃત્તિ માંડમાંડ ઊખડે અને એવો મહિમા સમજે તો વિષયની તુચ્છતા થઈ જાય. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં સારા અને ભૂંડા અને ભૂંડાથી ભૂંડા વિષય કહ્યા તે કિયા જાણવા ? અને સારા વિષય તે ભૂંડાથી ભૂંડા કેવી સમજણે જણાય ?

૧ **ઉ૦** પ્રકૃતિપુરુષ તથા પ્રધાનપુરુષના વિષય સારા જાણવા અને વૈરાટ ને બ્રહ્માના ભૂંડા એટલે ઊતરતા જાણવા અને ઇન્દ્ર તથા મનુષ્યાદિકના ભૂંડાથી ભૂંડા જાણવા. અને જેની શ્રીજીમહારાજના સુખમાં દૃષ્ટિ પહોંચી હોય તે વૈરાટાદિકની આયુષ્ય આ લોકથી લાંબી જાણે તેથી આ લોકના વિષયથી વૈરાટાદિકના વિષયને વધારે બંધનકારી જાણે તેથી ભૂંડા લાગે ને તેથી પ્રધાનપુરુષ તથા પ્રકૃતિપુરુષના લોકમાં ઘણી લાંબી આયુષ્ય છે, માટે તેના વૈભવને અતિશે બંધનકારી જાણે તેથી તે વિષય આ લોકના વિષયથી અતિશે ભૂંડા લાગે અને બ્રહ્મકોટી ને અક્ષરકોટીનાં ઐશ્વર્ય છે તે પણ શ્રીજીમહારાજનું સુખ પામવામાં બંધનકારી છે. માટે તે ઐશ્વર્યની પણ સારપ્ય ન રાખવી.

૨ **પ્ર૦** દેવતાથી ભૂતનાં સુખ અધિક કહ્યાં તે ભૂત કિયાં જાણવાં ?

૨ **ઉ૦** પ્રજાપતિ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા વૈરાજપુરુષ તે સર્વે દેવતા છે તે પૃથ્વીના આવરણની અંદર રહ્યા છે. તેમના કરતાં

પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એ પાંચ ભૂત છે તે વૈરાજથી પર છે ને તેમના લોકમાં તે સર્વે મૂર્તિમાન છે તેમનાં સુખ અધિક છે.

૩ **પ્ર૦** મશાલને દૃષ્ટાંતે કરીને બીજા દેવતા આદિકના લોકમાં સુખ છે તેથી અમારા ધામમાં અતિ અધિક સુખ છે એમ શ્રીજીમહારાજે કહ્યું તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજને સમીપે એટલે પાસે સુખ અધિક છે અને થોડેક છેટે એટલે મૂળઅક્ષરાદિકના લોકમાં શ્રીજીમહારાજના સુખથી ઓછું સુખ છે, પણ જેમ પ્રકાશ એનો એ છે તેમ જે શ્રીજીમહારાજનું સુખ છે તેનું તે સુખ અક્ષરાદિકમાં છે એમ નથી કહ્યું અને ઘણે છેટે એટલે માયામાં તો સુખ છે જ નહિ, એમ કહ્યું છે તે સર્વના સુખની તારતમ્યતા (**લો૦ ૧૭**ના ૫/૭ પાંચમા પ્રશ્નમાં) કહી છે.

૪ **પ્ર૦** બીજી બાબતમાં કોડી આદિકને દૃષ્ટાંતે સુખ કહ્યાં તે કોનાં કોનાં જાણવાં ?

૪ **ઉ૦** કોડીને દૃષ્ટાંતે માયિક સુખ જાણવું અને પૈસાને દૃષ્ટાંતે મૂળપુરુષાદિક ઈશ્વરનાં સુખ જાણવાં ને રૂપિયાને દૃષ્ટાંતે બ્રહ્મકોટીનાં સુખ જાણવાં અને સોનામહોરને દૃષ્ટાંતે અક્ષરકોટીનાં સુખ જાણવાં અને ચિંતામણિને દૃષ્ટાંતે શ્રીજીમહારાજનું સુખ જાણવું. **॥૧॥ (૧૨૭)**

## વચનામૃત પંચાળાનું - ૨

❖સંવત ૧૮૭૭ના ફાગણ સુદિ ૭ સાતમને દિવસ ગામ શ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટા ઉપર ઢોલિયો ઢાળ્યો હતો તે ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન હતા અને ધોળો ફેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી પછેડી ઓઢી હતી અને પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, મોક્ષધર્મનું પુસ્તક મંગાવો તો સાંખ્યના અધ્યાયની તથા યોગના અધ્યાયની કથા કરાવીએ, એ વચનને સાંભળીને પુસ્તક મંગાવ્યું પછી નિત્યાનંદ
૧ સ્વામીએ કથા કરવાનો આરંભ કર્યો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** યોગવાળા છે તે પચવીશમા જીવ-ઈશ્વરને કહે છે તે છવીશમા પરમાત્માને કહે છે અને સાંખ્યવાળા છે તે ચોવીશ તત્ત્વને અવાંતર જીવ-ઈશ્વરને કહીને પચવીશમા પરમાત્માને કહે છે તેમાં જે યોગવાળા છે તેનો એમ મત છે જે, સૂઝે એવો આત્મા-અનાત્માનો વિચાર કરો, સાધન કરો પણ **પ્રત્યક્ષ ભગવાનના આશ્રય વિના મોક્ષ ન થાય.** અને સાંખ્યવાળાનો એમ મત છે જે, સર્વે દેવ-મનુષ્યાદિકની જે ગતિઓ તેણે જાણીને ને વિષયને વિષે વૈરાગ્યને પામીને ત્રણ દેહ થકી પર એવો જે આત્મા તેને જાણે ત્યારે મુક્ત થાય. અને એ બે પ્રકારના જે મત છે તેને પોતપોતાના મતમાં જે દૂષણ છે તેના નિવારણને અર્થે યુક્તિનું ગ્રહણ કરવું. તેમાં યોગ મતમાં એ દૂષણ છે જે, જીવ ને પચવીશમો કહ્યો તથા ઈશ્વરને પચવીશમો કહ્યો તે જીવનો ચોવીશ તત્ત્વનો દેહ કહ્યો ને ઈશ્વરનો પણ ચોવીશ તત્ત્વનો દેહ કહ્યો, માટે એ બેને વિષે તુલ્યભાવ આવી જાય જે સ્થૂળ ને વિરાટ તે તુલ્ય છે તથા સૂક્ષ્મ ને સૂત્રાત્મા તે તુલ્ય છે ને કારણ ને

અવ્યાકૃત તે તુલ્ય છે તથા જાગ્રત ને સ્થિતિ અવસ્થા તે તુલ્ય છે તથા સ્વપ્ન ને ઉત્પત્તિ અવસ્થા તે તુલ્ય છે તથા સુષુપ્તિ ને પ્રલય અવસ્થા તે તુલ્ય છે અને વિશ્વ, તૈજસ ને પ્રાજ્ઞ ને વિષ્ણુ, બ્રહ્મા ને શિવ તે તુલ્ય છે એમ સમજીને છવીશમાને ભજે છે, એવી રીતે જીવ-ઈશ્વરને વિષે જે તુલ્યભાવરૂપ દોષ છે તેને ટાળવાને અર્થે કોઈક મોટા પાસેથી યુક્તિ શીખવી જે, ઈશ્વરના દેહમાં જે પંચભૂત રહ્યાં છે તેની મહાભૂત એવી સંજ્ઞા છે ને તે ભૂત સર્વે વ્યષ્ટિ દેહોને ધારી રહ્યાં છે અને જીવના દેહમાં જે પંચભૂત છે તે અલ્પ છે ને બીજાને ધારવાને સમર્થ નથી ને જીવ છે તે અલ્પજ્ઞ છે ને ઈશ્વર છે તે સર્વજ્ઞ છે, એવી રીતે યુક્તિ શીખીને જીવ-ઈશ્વરને વિષે જે સમપણું ન સમજવું અને જો એવી યુક્તિ ન શીખ્યો હોય ને કોઈ પ્રતિવાદી પ્રશ્ન પૂછે તો તેનો ઉત્તર કરવો કઠણ પડે ને સમજણ ચૂંથાઈ જાય અને કોઈક પ્રશ્ન કરે તે તો જીવ-ઈશ્વરને વિષે સમપણું રહેવા દે નહિ, માટે જીવ-ઈશ્વરને વિષે સમપણું ન આવે એવી રીત્યની યુક્તિ શીખવી ને એવી રીત્યનાં જે વચન તેને સાંભળવાં. અને સાંખ્યવાળાને એ દૂષણ છે જે, ચોવીશ તત્ત્વ કહ્યાં છે ને પચવીશમા પરમાત્મા કહ્યા છે ને તે ચોવીશ તત્ત્વને મિથ્યા કહ્યાં છે ને પરમાત્માને સત્ય કહ્યા છે ત્યારે તે પરમાત્માને પામે છે કોણ ? કેમ જે પામનારા જીવને તત્ત્વથી ભિન્ન કહ્યો નથી, માટે એ જે દૂષણ છે તેને ટાળવાને અર્થે મોટાઓ થકી એમ યુક્તિ શીખવી જે, એ ચોવીશ તત્ત્વ કહ્યાં તે જીવ વિનાનાં હોય નહિ માટે એ તત્ત્વ ભેળા જ જીવ-ઈશ્વરને કહ્યા છે, તે જીવ-ઈશ્વર એ તત્ત્વ થકી પૃથક્ છે ને પરમાત્માને પામે છે, એવી રીતની યુક્તિ શીખવી ને આ યુક્તિ ન શીખી હોય ને કોઈ પ્રતિપક્ષી પ્રશ્ન પૂછે તો સંશય થાય જે, તત્ત્વ તો મિથ્યા છે ત્યારે તે પરમાત્માને પામ્યાને અર્થે બ્રહ્મચર્યાદિક ધર્મ કહ્યા છે તથા શ્રવણ, મનન, નિદિધ્યાસાદિક સાધન કહ્યાં છે તે શાને અર્થે કહ્યાં છે ? માટે તત્ત્વના તદાત્મકપણાને પામ્યા જે જીવ-ઈશ્વર તેને તત્ત્વરૂપે કરીને કહ્યા છે તે એ તત્ત્વ થકી અતિ વિલક્ષણ છે તે પરમાત્માને પામે છે ઈત્યાદિક જે યુક્તિઓ તેને મોટા સંત થકી સાંખ્યવાળાને શીખવી અને યોગવાળા જે છે તે પ્રત્યક્ષ મૂર્તિ એવા જે મચ્છ, કચ્છ, વારાહ, નૃસિંહ, વામન, રામકૃષ્ણાદિક ભગવાનના અવતાર તેને ધ્યાને કરીને મોક્ષ થાય એવી યુક્તિનું ગ્રહણ કરે છે અને જે સાંખ્યવાળા છે તે જે તે **॥ યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ ॥** ઈત્યાદિક શ્રુતિશાસ્ત્રે કરીને કહ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને અનુભવે કરીને યથાર્થ જાણે ત્યારે મોક્ષ થાય એવી યુક્તિનું ગ્રહણ કરે છે અને એ બે ય મત છે તે સારા છે ને મોટાએ માન્યા છે ને એ બેયનું યથાર્થ જો આચરણ કરે તો તે પરમ ગતિને પામે છે અને એ બે મત છે તેમાં સાધન સરખા કહ્યા છે પણ ઉપાસનાની જે રીત તે સરખી નથી; ઘણી પૃથક્ છે. એવી રીતે વાર્તા કરીને શ્રીજીમહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, હવે તો કીર્તન ગાઓ, પછી મુક્તાનંદ સ્વામી આદિક જે પરમહંસ તે વાજિંત્ર લેઈને કીર્તન ગાવા લાગ્યા તે પછી વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, હવે કીર્તન રાખો અને એ સાંખ્ય ને યોગ એ બેયનો

સિદ્ધાંત તમે કીર્તન ગાયાં ત્યાં સુધી અમે વિચાર્યો છે તે કહીએ તે સાંભળોઃ જે યોગવાળા છે તેને આત્યંતિક પ્રલયને વિષે જે અક્ષરધામમાં તેજોમય એવી દિવ્યરૂપ ભગવાનની મૂર્તિ રહી છે તે ધ્યાન કરવા યોગ્ય છે ને તેથી ઓરા પ્રકૃતિપુરુષરૂપ ભગવાન ધ્યાન કરવા યોગ્ય છે ને તેથી ઓરા પ્રકૃતિપુરુષના કાર્ય જે ચોવીસ તત્ત્વ તે રૂપ ભગવાન ધ્યાન કરવા યોગ્ય છે અને તેથી ઓરા હિરણ્યગર્ભ ને તેથી ઓરા ચોવીશ તત્ત્વથી ઊપજ્યો જે વિરાટ તે ધ્યાન કરવા યોગ્ય છે ને તેથી ઓરા બ્રહ્મા, વિષ્ણુ, શિવ, તથા પૃથ્વીને વિષે જે મચ્છ, કૂર્મ, નૃસિંહ, વારાહાદિક ભગવાનના અવતાર તથા શાળગ્રામાદિક પ્રતિમાઓ એ સર્વે ધ્યાન કરવા યોગ્ય છે, એવું યોગવાળાનું તાત્પર્ય જણાણું પછી સાંખ્યનો વિચાર ઊપજ્યો ત્યારે તેણે એ આકાર માત્રનું નિરાકરણ કરી નાખ્યું ને એમ જણાણું જે એ સર્વના વિચારનો કરતલ જે જીવ છે તે જેવો શુદ્ધ કોઈ નથી, માટે જીવનું ધ્યાન કરવું એ ઠીક છે એવો જે સાંખ્યનો વિચાર તેને જોવાને અર્થે વળી યોગનો વિચાર થયો જે એ પરાત્પર એવા જે **પુરુષોત્તમ ભગવાન તેનું એ પ્રકૃતિપુરુષાદિક સર્વેને વિષે અન્વયપણું છે** માટે એ સર્વે ભગવાન જ છે ને દિવ્યરૂપ છે ને સત્ય છે ને ધ્યેય છે ને એ વાતને દઢ કરવાને અર્થે શ્રુતિ છે જે **॥ સર્વં ખલ્વિદં બ્રહ્મ ॥ નેહ નાનાસ્તિ કિંચન ॥** તથા **॥ઈદં હિવિશ્વં ભગવાનિવેતરો યતો જગત્સ્થાન-નિરોધસંભવા: ॥** એવી રીતનો યોગમાર્ગ છે તેને વિષે પ્રવર્ત્યો જે મુમુક્ષુ તેને કોઈ વિઘ્ન નથી. શા માટે જે એ માર્ગ સ્થૂળ છે ને એને વિષે પ્રત્યક્ષ મૂર્તિ ભગવાનનું આલંબન છે તે સારુ જેવોતેવો હોય તે પણ એ માર્ગે કરીને નિર્વિઘ્ન થકો મોક્ષને પામે છે પણ એ માર્ગમાં એક દોષ છે જે, એ સર્વથી પર જે પુરુષોત્તમ ભગવાન તેને અને પ્રકૃતિપુરુષાદિકને અંશઅંશી ભાવ આવી જાય છે જે, ભગવાનના અંશ પ્રકૃતિપુરુષ છે ને તેના અંશ હિરણ્યગર્ભ વિરાટાદિક છે એવી રીતે સમજાય તો મોટો દોષ આવે કાં જે ભગવાન અચ્યુત છે, નિરંશ છે, નિર્વિકાર છે, અક્ષર છે, અખંડ છે તેને વિષે ચ્યુત ભાવ આવે છે ને અંશઅંશી ભાવ આવે છે, માટે એવો દોષ આવવા દેવો નહિ અને એમ સમજવું જે, **એ ભગવાન જેવા તો ભગવાન જ છે ને બીજા જે પ્રકૃતિપુરુષાદિક છે તે તો એના ભક્ત છે** ને એનું ધ્યાન કરે છે માટે એ ભગવાનરૂપ છે, જેમ કોઈ મોટા સંત હોય ને તે ભગવાનનું ધ્યાન કરતા હોય ને તેને ભગવાનરૂપ જાણે છે તેમ એ પ્રકૃતિપુરુષાદિક પણ ભગવાનરૂપ છે અને એ સર્વેથી પર જે પુરુષોત્તમ શ્રીકૃષ્ણ તે જ વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધરૂપે થાય છે તથા રામકૃષ્ણાદિક અવતારનું ગ્રહણ કરે છે તે ધ્યાન કરવા યોગ્ય છે એમ સમજે તો એ યોગમાર્ગ તે અતિશે નિર્વિઘ્ન છે ને શ્રેષ્ઠ છે, સાંખ્યવાળા છે તેમાં એ દોષ છે જે સાંખ્યવાળા હોય તે એમ કહે છે જે, અંતઃકરણે કરીને તથા ઈન્દ્રિયે કરીને જે જે ગ્રહણ કર્યામાં આવે છે તે સર્વે મિથ્યા છે ને અનુભવે કરીને જે ગ્રહણ કર્યામાં આવે છે તે સત્ય છે, એવી રીતે આકાર માત્રને મિથ્યા કરે છે તે ભેળે જીવના

કલ્યાણને અર્થે પ્રગટ થયા જે ભગવાન તેમના રૂપને પણ મિથ્યા કરે છે તથા અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ એમના રૂપને પણ મિથ્યા કરે છે ને નિર્ગુણ એવા જે વાસુદેવ તેનું જ ગ્રહણ કરે છે એવો એ મોટો દોષ છે માટે એ સાંખ્યવાળા એમ સમજે તો ઠીક જે સાંખ્ય વિચારનું ગ્રહણ કરીને પ્રકૃતિપુરુષથી જે જે ઊપજ્યું તેને મિથ્યા કરીને, ને પોતાના આત્માને સર્વેથી પૃથક્ શુદ્ધ બ્રહ્મરૂપ માનીને, તે પછી જીવના કલ્યાણને અર્થે પ્રગટ થયા જે ભગવાન તેના રૂપને સત્ય જાણીને તેનું ધ્યાન કરવું, એવી રીતે એ બે પ્રકારના જે વિચાર છે તે કોઈક અમ જેવા મોટા પાસેથી શીખે ત્યારે આવડે, નહિ તો શાસ્ત્રને ભણે-સાંભળે પણ આવડે નહિ અને છે તો એમ જે પ્રથમ સાંખ્ય વિચારે કરીને જે બ્રહ્મરૂપ થયો હોય તેને અર્થે યોગનો ઉપદેશ છે તે કહ્યું છે જે :-

**બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ । સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્ભક્તિં લભતે પરાં ॥**

તથા **આત્મારામાશ્ચ મુનયો નિર્ગ્રંથા અપ્યુરુક્રમે । કુર્વંત્યહૈતુકીં ભક્તિમિત્થંભૂતગુણો હરિઃ ॥**

તથા **પરિનિષ્ઠિતોઽપિ નૈર્ગુણ્યે ઉત્તમશ્લોકલીલયા । ગૃહીતચેતા રાજર્ષે આખ્યાનં યદધીતવાન્ ॥**

એવી રીતે સાંખ્યવાળાને યોગની અપેક્ષા છે, કાં જે એ સાંખ્યવાળે વિચારે કરીને પોતાના આત્માથી વ્યતિરિક્ત જે જે કાંઈ પાંચ ઇન્દ્રિયો ને ચાર અંતઃકરણે કરીને ભોગવવામાં આવે એવા વિષયભોગ છે તેને અતિશે તુચ્છ જાણ્યા છે, માટે એ કોઈ પદાર્થને વિષે આશ્ચર્ય પામે નહિ તથા બંધાય નહિ અને એને પાસે કોઈ આવીને એમ કહે જે, આ પદાર્થ તો બહુ જ રૂડું છે ત્યારે તેને એમ વિચારે જે ગમે તેવું સારું હશે પણ ઇન્દ્રિયો-અંતઃકરણે કરીને ગ્રહણ કર્યામાં આવે એવું હશે ને ઇન્દ્રિયો-અંતઃકરણના ગ્રહણમાં જે આવે તે તો અસત્ય છે; નાશવંત છે, એવી એ સાંખ્યવાળાને દૃઢ સમજણ રહે છે ને પોતાના આત્માને શુદ્ધ જાણે છે એવો જે સાંખ્યવાળો તેને યોગમાર્ગે કરીને ભગવાનની જે **ઉપાસના-ધ્યાન-ભક્તિ** તે કરવાં અને એમ ન કરે તો એને વિષે અતિ ન્યૂનતા કહેવાય છે, એવી રીતે સાંખ્યશાસ્ત્ર તથા યોગશાસ્ત્ર તેનો જે સનાતન સિદ્ધાંત છે તે અમે યથાર્થ વિચારીને કહ્યો છે અને જે આધુનિક યોગવાળા ને સાંખ્યવાળા છે તેમણે તો એ બે ય માર્ગને બગાડી નાખ્યા છે, જે યોગવાળા છે તે આકારનું સ્થાપન કરવા જાય છે ત્યારે બીજા જીવના આકાર તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવના આકાર તથા રામકૃષ્ણાદિક અવતારના આકાર તે સર્વેને તુલ્યપણે જાણે છે અને સાંખ્યવાળા છે તે આકારનું ખંડન કરે છે તે ભેળે તીર્થ, વ્રત, પ્રતિમા, યમ, નિયમ, બ્રહ્મચર્યાદિક ધર્મ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા રામકૃષ્ણાદિક અવતાર એ સર્વેનું ખંડન કરે છે, માટે આધુનિક જે સાંખ્યવાળા ને યોગવાળા તે બેય માર્ગને મૂકીને કુમાર્ગે ચાલ્યા છે તે નારકી થાય છે. **(૧)** ઇતિ **૧** વચનામૃતમ્ **॥૨॥ (૧૨૮)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે યોગવાળા જીવ-ઈશ્વરને સમ કહે છે ને અક્ષરધામને વિષે રહ્યું એવું જે ભગવાનનું સ્વરૂપ તથા પ્રકૃતિપુરુષાદિક તથા મચ્છ-કચ્છાદિક અવતાર તે સર્વેને ધ્યાન કરવા યોગ્ય કહે છે ને એમાં અંશઅંશીભાવ કલ્પે છે એ દોષ છે; અને પ્રત્યક્ષ ભગવાનના આશ્રયે કરીને મોક્ષ થાય એમ કહે છે, તેમણે જીવથી ઈશ્વરને ભિન્ન ને સર્વજ્ઞ સમજવા ને પ્રકૃતિપુરુષથી લઈને બ્રહ્મા, વિષ્ણુ, શિવાદિક સર્વેને ભગવાનના ભક્ત સમજવા ને અંશઅંશીભાવ ટાળવો અને આત્યંતિક પ્રલયને વિષે અક્ષરધામમાં પુરુષોત્તમ ભગવાન રહે છે તે પૃથ્વીને વિષે પ્રગટ થાય તેમનું જ ધ્યાન કરવું. અને સાંખ્યવાળા પરમાત્માને પામનારા જીવ-ઈશ્વરને તત્ત્વથી ભિન્ન કહેતા નથી ને જીવને જ ધ્યાન કરવા યોગ્ય માને છે તે દોષ છે, તેમણે તત્ત્વથી જીવ-ઈશ્વરને ભિન્ન સમજવા અને પ્રકૃતિપુરુષથી થયું તેને મિથ્યા કહેવું ને ભગવાનના અવતારને સત્ય જાણવા. આ યોગ તથા સાંખ્યવાળાએ જેને અક્ષરધામ શબ્દથી કહ્યું છે તેને મૂળપુરુષનું તેજ જાણવું અને જેને પુરુષોત્તમ શબ્દથી વર્ણન કર્યા છે તેને મૂળપુરુષ જાણવા અને નિર્ગુણ વાસુદેવ પણ એના તેજને જ કહે છે અને પ્રધાનપુરુષને પ્રકૃતિપુરુષ શબ્દથી કહ્યા છે. તે યોગવાળા જેમ પ્રત્યક્ષને આશ્રયે કરીને મોક્ષ કહે છે તેમ અમારા ભક્તોએ પ્રત્યક્ષ ભગવાન જે અમે તે અમને બ્રહ્માદિકથી લઈને મૂળઅક્ષરપર્યંત સર્વેથી પર જાણવા ને એ સર્વેને અમારા ભક્ત જાણવા અને અમે અનિરુદ્ધ જે મૂળઅક્ષર અને પ્રદ્યુમ્ન જે વાસુદેવબ્રહ્મ અને સંકર્ષણ જે મહાકાળ તેમને વિષે નિર્ગુણ વાસુદેવ જે અમારું તેજ તે દ્વારે પ્રવેશ કરીને તે તે રૂપે થઈએ છીએ તથા રામકૃષ્ણાદિક અવતારનું ગ્રહણ કરીએ છીએ તે સર્વેને સત્ય જાણવા અને પ્રકૃતિપુરુષથી થયું તેને મિથ્યા માનવું અને એ સર્વેથી પર નિર્ગુણ વાસુદેવ જે અમારા તેજરૂપ અક્ષરધામ તે રૂપ પોતાના આત્માને માનીને યોગમાર્ગે કરીને અમારી ઉપાસના, ધ્યાન, ભક્તિ કરવાં પણ અમારા વિના બીજા કોઈનું કરવું નહિ. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** વિશ્વ, તૈજસ ને પ્રાજ્ઞ ને બ્રહ્મા, વિષ્ણુ ને શિવ તે તુલ્ય કહ્યા તે કેવી રીતે સમજવા ?

૧ **ઉ૦** વૈરાજપુરુષ પોતાના ઉપરી જે અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ થકી ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરવાની સામર્થી પામીને બ્રહ્મા પાસે ઉત્પત્તિ કરાવે છે તે ઉત્પત્તિના અભિમાને કરીને બ્રહ્મા નામે કહેવાય છે અને વિષ્ણુ પાસે સ્થિતિ કરાવે છે તે સ્થિતિને અભિમાને કરીને વિષ્ણુ નામે કહેવાય છે અને શિવ પાસે પ્રલય કરાવે છે તે પ્રલયના અભિમાને કરીને શિવ નામે કહેવાય છે તે એ ત્રણ દેવો દ્વારે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરે છે તે ક્રિયાના અભિમાને કરીને બ્રહ્મા, વિષ્ણુ ને શિવ નામે કહેવાય છે પણ જેમ જીવનાં પોતાનાં વિશ્વ, તૈજસ ને પ્રાજ્ઞ નામ કહેવાય છે તેમ વૈરાજનાં પોતાનાં એ નામ નથી. એ તો બ્રહ્મા, વિષ્ણુ ને શિવ દ્વારે ઉત્પતિ, સ્થિતિ ને પ્રલય કરે છે તે માટે બ્રહ્મા, વિષ્ણુ ને શિવની તુલ્યતા કહી છે.

૨ **પ્ર૦** (આમાં તથા **અ૦ ૪**/૧માં) ભગવાનને અક્ષર કહ્યા છે ને (**પ્ર૦ ૭**/૧માં, **સા૦ ૫**ના બીજા પ્રશ્નમાં, **કા૦ ૮**/૧માં તથા **પ્ર૦ ૪૧** એ આદિકમાં) અક્ષરથી પર કહ્યા છે, માટે પ્રત્યક્ષ ભગવાન જે શ્રી સ્વામિનારાયણ તે તો અક્ષરથી પર છે તેમને અક્ષર કહેવાનું શું કારણ હશે ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજને અચ્યુત છે, નિરંશ છે, નિર્વિકાર છે, અક્ષર છે, અખંડ છે, એવાં વિશેષણ આપ્યાં છે પણ અક્ષર તે જ શ્રીજીમહારાજ છે એમ નથી કહ્યું.

૩ **પ્ર૦** અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ તેમને મિથ્યા ન કરવા એમ કહ્યું અને પછીથી પ્રકૃતિપુરુષના કાર્યને મિથ્યા કરવું એમ કહ્યું તે અનિરુદ્ધાદિક તો પ્રકૃતિપુરુષના કાર્યમાં આવી ગયા માટે તેને તો મિથ્યા કહેવા જોઈએ જ ને મિથ્યા કરવા નહિ એમ કહ્યું તેનું શું કારણ હશે ?

૩ **ઉ૦** આ ઠેકાણે અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ કહ્યા તે મૂળપુરુષથી પર છે તેમાં મૂળઅક્ષરને અનિરુદ્ધ કહ્યા છે તે (**લો૦ ૭** ના ૧/૨ પહેલા પ્રશ્નમાં) જગતની ઉત્પત્તિને અર્થે અમે અનિરુદ્ધ રૂપે થઈએ છીએ. એટલે એ મૂળઅક્ષર જે અનિરુદ્ધ તેને વિષે નિર્ગુણ વાસુદેવ જે અમારું તેજ તે તેજદ્વારે રહ્યા છીએ એમ શ્રીજીમહારાજે કહ્યું છે, માટે અનિરુદ્ધ નામે મૂળઅક્ષરને કહ્યા છે અને માયા સુધી જંગમ એટલે ચળ વિશ્વ અને મૂળપુરુષથી લઈને બ્રહ્મકોટી તથા, મૂળઅક્ષરના મુક્ત ત્યાં સુધી સર્વ સ્થાવર એટલે અચળ વિશ્વ એ બેય વિશ્વ મૂર્તિમાન મૂળઅક્ષર જે અનિરુદ્ધ તેના તેજને વિષે સાવકાશે કરીને રહ્યાં છે. અને શ્વેતદ્વીપપતિ વાસુદેવને પ્રદ્યુમ્ન કહ્યા છે, અને મહાકાળને સંકર્ષણ નામે કહ્યા છે, માટે આ સંકર્ષણાદિ ત્રણ તે મૂળપુરુષથી પર છે તેથી એમને સત્ય કહ્યા છે અને પ્રકૃતિમાંથી જે સંકર્ષણાદિક ઉત્પન્ન થાય છે તે તો પ્રલય સમે લય પામે છે માટે મિથ્યા કહેવાય.

૪ **પ્ર૦** વાસુદેવ કોને કોને કહેવાતા હશે ?

૪ **ઉ૦** શ્રીજીમહારાજ મૂળઅક્ષરને વિષે પોતાના તેજદ્વારે વાસ કરે છે માટે શ્રીજીમહારાજને વાસુદેવ કહેવાય, અને વાસુદેવબ્રહ્મને વિષે મૂળઅક્ષર પોતાના તેજદ્વારે વાસ કરે છે માટે મૂળઅક્ષરને વાસુદેવ કહેવાય, અને મૂળપુરુષને વિષે વાસુદેવબ્રહ્મ પોતાના તેજદ્વારે વાસ કરે છે માટે વાસુદેવબ્રહ્મને વાસુદેવ કહેવાય, અને માયાબદ્ધ જીવોને વિષે મૂળપુરુષ પોતાના તેજદ્વારે વાસ કરે છે માટે મૂળપુરુષને વાસુદેવ કહેવાય અને તે મૂળપુરુષ વસુદેવના પુત્ર થયા માટે વાસુદેવ કહેવાય અને મૂળપુરુષ દ્વારાએ માયામાંથી અનંત પ્રધાનપુરુષ થાય છે અને તે થકી મહત્તત્ત્વ થાય છે ને તે થકી રાજસાહંકાર (અનિરુદ્ધ), સાત્ત્વિકાહંકાર (પ્રદ્યુમ્ન), તામસાહંકાર (સંકર્ષણ) એ ત્રણ પ્રકારનો અહંકાર થાય છે અને તેમાંથી ચોવીશ તત્ત્વ થાય છે ને તે થકી વિરાટ થાય છે ને તે થકી બ્રહ્મા, વિષ્ણુ ને શિવ થાય છે, તે પ્રધાનપુરુષ, મહત્તત્ત્વ, પ્રદ્યુમ્ન, વૈરાજ અને વિષ્ણુ તે પણ સૌ સૌના કાર્યમાં વાસ કરે છે માટે તેમને પણ વાસુદેવ કહેવાય, અને મૂળપુરુષ ને મૂળમાયાથી થઈ તે સૃષ્ટિને (**લો૦ ૭**ના ૧/૨ પહેલા પ્રશ્નમાં) જંગમ એટલે પ્રલયમાં નાશ પામતી એવી ચળ સૃષ્ટિ કહી છે, આ ચળ વિશ્વના વાસુદેવ મૂળપુરુષ છે, અને જે મહત્તત્ત્વમાંથી અનિરુદ્ધાદિક થાય છે તે તથા મહત્તત્ત્વ, પ્રધાનપુરુષ તે સર્વે મહામાયાને વિષે લય પામે છે અને મહામાયા મૂળપુરુષમાં લય પામે છે ત્યારે મૂળપુરુષ જે તે વાસુદેવબ્રહ્મના બ્રહ્મપુરધામને વિષે વાસુદેવબ્રહ્મને સમીપે રહે છે.

૫ **પ્ર૦** પોતાના આત્માને સર્વેથી પૃથક્ શુદ્ધ બ્રહ્મરૂપ માનીને અમારા રૂપને સત્ય જાણીને અમારું ધ્યાન કરવું એવો જે વિચાર તે તો અમ જેવા મોટા પાસેથી શીખે તો જ આવડે પણ શાસ્ત્રને ભણવે-સાંભળવે કરીને આવડે નહિ એમ શ્રીજીમહારાજે કહ્યું તે અમ જેવા મોટા કોને કહ્યા હશે ?

૫ **ઉ૦** શ્રીજીમહારાજે પોતાના સાધર્મ્યપણાને પામેલા મુક્તને પોતા જેવા કહ્યા છે, માટે શ્રીજીમહારાજ તથા તેવા મુક્ત થકી જ આ વિચાર આવડે ને શ્રીજીમહારાજનું જ્ઞાન, ધ્યાન અને કલ્યાણ થાય છે પણ કેવળ શાસ્ત્ર થકી યથાર્થ સમજાતું નથી. **॥૨॥ (૧૨૮)**

## વચનામૃત પંચાળાનું - ૩

❖સંવત ૧૮૭૭ના ફાગણ સુદિ ૮ અષ્ટમીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને ધોળો ફેંટો માથે બાંધ્યો હતો તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી પછેડી ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સર્વે પરમહંસ માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો. ત્યારે
૧ મુનિબાવે બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** આવો સત્સંગનો ને ભગવાનનો યોગ મળ્યો છે ને બીજા વિકાર સર્વે ટળી ગયા છે તથા સત્સંગનો ખપ છે, તો પણ માન-ઈર્ષ્યા કેમ રહી જાય છે ? પછી એનો ઉત્તર બ્રહ્માનંદ સ્વામીએ કરવા માંડ્યો પણ થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એવો જે છે તેમાં બુદ્ધિ નથી અને જે બુદ્ધિવાળો છે તે તો પોતામાં જેટલા અવગુણ હોય તેને જાણે તથા જેટલા ગુણ હોય તેને પણ જાણે. અને બીજામાં જે ગુણ તથા અવગુણ હોય તેને પણ જાણે અને જે બુદ્ધિવાળો ન હોય તે તો પોતામાં ગુણ જ જાણે પણ અવગુણ હોય તેને તો જાણે નહિ ને પોતાને સનકાદિક જેવો મોટો જાણે ને બીજા મોટા હોય તેને પણ પોતાથી ઊતરતા જાણે; અને **જે બુદ્ધિવાળો હોય તે પોતાના અવગુણને જાણતો હોય જે મુમાં આટલો અવગુણ છે પછી તેની ઉપર ચાડ્ય રાખીને તે અવગુણને ટાળી નાખે તથા તે અવગુણને ટાળવાની બીજા સંત વાર્તા કરતા હોય તેને હિતકારી માને માટે એમાં માન-**

**ઈર્ષ્યાદિક કોઈ અવગુણ રહે નહિ.** અને કોઈકમાં મોટી બુદ્ધિ જણાતી હોય ને તે જો પોતાના અવગુણને ન વિચારતો હોય તો તેની વ્યવહારિક બુદ્ધિ જાણવી ને તે બુદ્ધિ ઉપરથી તો બહુ ચોજાળી જણાય પણ એને બુદ્ધિવાળો ન કહેવાય; તેને તો અતિ મૂર્ખ જાણવો ને એની એ બુદ્ધિ પોતાના મોક્ષના કામમાં આવે નહિ અને થોડીક બુદ્ધિ હોય ને જો પોતામાં અવગુણ હોય તેને જાણીને તેને ટાળ્યાનો ઉપાય કરે તો એની થોડી બુદ્ધિ પણ મોક્ષને ઉપયોગી થાય છે ને એને જ બુદ્ધિવાળો કહીએ અને **જે પોતામાં તો કોઈ વારે અવગુણ પરઠે નહિ ને ગુણ જ પરઠે તેને મૂર્ખ કહીએ ને પોતામાં અવગુણ પરઠે તેને બુદ્ધિવાળો કહીએ** પછી શ્રીજીમહારાજે આજ્ઞા કરી જે કીર્તન ગાઓ. પછી **॥ સખી આજ મોહન દીઠા રે શેરીએ આવતા રે ॥** એ કીર્તન પરમહંસ ગાવવા લાગ્યા. **(૧)** ૧

૨ ત્યારે વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૨)** હવે કીર્તન રાખો અને આ કીર્તન ગાયાં તેમાં હેત બહુ છે તે હેતનો અમે વિચાર કર્યો જે હેત મોટી વાત છે ને હેતે કરીને ભગવાનને ભજવા એ ઠીક છે પણ સારી પેઠે વિચારીને જોયું ત્યારે એમ જણાણું જે, હેત છે તે જ ભગવાનની માયા છે, કેમ જે સ્ત્રીઓ પરસ્પર બોલતી હોય, જોતી હોય સ્પર્શ કરતી હોય, તેમાં બીજી રીતનું હેત છે અને પુરુષ હોય ને પરસ્પર બોલે, જુએ, સ્પર્શ કરે તેમાં પણ બીજી રીતનું હેત છે, અને પુરુષ જે તે સ્ત્રીને જોતો હોય ને આલિંગન કરતો હોય, તેની વાર્તા સાંભળતો હોય, તેનો સુગંધ લેતો હોય ને તેની વાર્તા કરતો હોય તેને વિષે જેવું હેત થાય છે ને તે સ્ત્રીમાં પુરુષનું મન આકર્ષણ થઈ જાય છે તેવું પુરુષ પુરુષમાં નથી થાતું. તથા સ્ત્રી હોય ને પુરુષને જોતી હોય, આલિંગન કરતી હોય ઈત્યાદિક પુરુષના સંબંધે કરીને સ્ત્રીને હેત જેવું પુરુષમાં થાય છે ને તેનું મન પુરુષમાં સમગ્રપણે ખેંચાઈ જાય છે તેવું સ્ત્રીને સ્ત્રીમાં નથી થાતું, માટે જે થકી જગતનો પ્રવાહ છે ને જે જીવને સંસૃતિ ને બંધનની કરનારી છે એવી જે ભગવાનની માયા તે જ હેતરૂપે છે, પછી એમ વિચાર થયો જે, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે પંચવિષય છે તે બીજે ઠેકાણેથી મિથ્યા કરીને એક ભગવાનમાં જ આત્યંતિક સુખ જાણીને જોડ્યાં હોય તો તો ઠીક છે, તે માયા નથી. પછી વળી તેમાં પણ વિચાર થયો જે, એ પણ ઠીક નહિ, કાં જે ભગવાનના રૂપ કરતાં અધિક રૂપ, અધિક સ્પર્શ, અધિક રસ, અધિક ગંધ, અધિક શબ્દ તે બીજાને વિષે જણાય તો ભગવાનને મૂકીને તેને વિષે હેત થઈ જાય, જેમ સોળ હજાર ને એકસો, જે શ્રીકૃષ્ણ ભગવાનની સ્ત્રીઓ હતી તે જન્માંતરે અપ્સરાઓ હતી, તેમણે બ્રહ્મા પાસે વર માગ્યો જે, હે મહારાજ ! અમે દેવ, દૈત્ય ને મનુષ્ય એ સર્વેનો સ્પર્શ કર્યો છે પણ જે નારાયણ પુરુષ છે તેનો પતિભાવે સ્પર્શ નથી કર્યો, માટે એવી કૃપા કરો જે એ અમારા પતિ થાય. પછી બ્રહ્માએ કહ્યું જે, તમે તપ કરો; તમારા પતિ નારાયણ થાશે. ત્યારે તેમણે ઘણું તપ કર્યું પછી તેમની ઉપર અષ્ટાવક્ર ઋષિ તથા નારદ મુનિ તે પણ પ્રસન્ન થયા ને વર આપ્યો જે તમારા પતિ નારાયણ થાશે, એવી રીતે જન્માંતરે ઘણુંક

તપ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને પામી હતી પણ જો ભગવાન કરતાં સાંબને વિષે અધિક રૂપ દીઠું તો તેમાં મોહ પામી માટે જેની એક મતિ રહેતી ન હોય તેને પંચઇન્દ્રિયોના વિષયના સુખ સંબંધે કરીને ભગવાનમાં પ્રીતિ કરવી તે ઠીક નહિ ને જેની મતિ એકની એક નિસ્તર્કપણે રહ્યા કરે તેને તો ઠીક છે અને જેને બુદ્ધિ હોય તેને ભગવાનમાં હેત કેમ કરવું તો જે ચોવીશ તત્ત્વ છે તે થકી પોતાના જીવને પૃથક્ જાણવો ને તે જીવને વિષે ખૂંતીને રહી જે પંચઇન્દ્રિયોની વૃત્તિઓ તેને ઉખાડી નાખીને ઇન્દ્રિયોની વૃત્તિ વિના જીવસત્તાપણે રહ્યા થકા નિર્ગુણપણે કરીને જેટલું ભગવાનમાં હેત થાય તેટલું કરવું તે નિર્ગુણપણું તે શું જે, દશ ઇન્દ્રિયો તે રજોગુણની સંપત્તિ છે અને અંતઃકરણ ને દેવતા તે સત્ત્વગુણની સંપત્તિ છે, અને પંચભૂત ને પંચવિષય તે તમોગુણની સંપત્તિ છે તે એ ત્રણ ગુણની સંપત્તિઓ ને ત્રણ ગુણ તેને પૃથક્ માનીને કેવળ જીવસત્તાએ કરીને રહે તેને નિર્ગુણ કહીએ. એવો નિર્ગુણ થઈને ભગવાનમાં હેત કરવું તે કહ્યું છે જે :-

**નૈર્ગુણ્યસ્થા રમંતે સ્મ ગુણાનુકથને હરેઃ ।** તથા
**પરિનિષ્ઠિતોઽપિનૈર્ગુણ્યે ઉત્તમશ્લોકલીલયા ।**
**ગૃહીતચેતા રાજર્ષે આખ્યાનં યદધીતવાન્ ॥**

અને એવી રીતના જે જ્ઞાની છે તે ક્ષેત્ર ને ક્ષેત્રજ્ઞના રૂપને જાણીને પોતે ક્ષેત્રજ્ઞરૂપે થઈને ભગવાનમાં પ્રીતિ કરે છે, તે ક્ષેત્ર તે શું તો સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહ તથા જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા એ સર્વે ક્ષેત્ર છે તે ક્ષેત્રને પોતાના આત્માથી પૃથક્ જાણે છે જે, એ મારે વિષે કોઈ દિવસ હોય નહિ; હું તો એનો જાણનારો છું ને અતિ શુદ્ધ છું, અરૂપ છું, અલિંગ છું, ચૈતન્ય છું અને એ ક્ષેત્ર તો અતિ મલિન છે, જડ છે, નાશવંત છે એમ દૃઢપણે સમજીને એ સર્વથી વૈરાગ્ય પામીને સ્વધર્મે સહિત જે ભગવાનને વિષે ભક્તિ કરવી તેને એકાંતિકની ભક્તિ કહીએ અને એને જ્ઞાની કહીએ અને એ જે જ્ઞાની તે સર્વથી શ્રેષ્ઠ છે તે ભગવાને કહ્યું છે જે :-

**તેષાં જ્ઞાની નિત્યયુક્ત એકભક્તિર્વિશિષ્યતે । ઉદારાઃ સર્વ એવૈતે જ્ઞાની ત્વાત્મૈવ મે મતમ્ ॥**

એમ સમજીને ઇન્દ્રિયો-અંતઃકરણ-વિષય એ સર્વેના જે મૂળ તે જીવમાંથી ઉખેડી નાખીને ભગવાનને વિષે હેત કરવું એ જ ઠીક છે. **(૨)** અને જ્યાં સુધી એનાં મૂળ ઉખાડી નાખ્યાં ૨
ન હોય ત્યાં સુધી એ ઇન્દ્રિયો-અંતઃકરણે કરીને ભગવાનનાં દર્શન, સ્પર્શનાદિક રૂપ જે કામ તે લેવું પણ એને પોતાના હેતુ ન માનવા; વૈરી માનવા ને એનો ગુણ ન લેવો જે, એ ભગવાનની ભક્તિને વિષે ઉપકાર કરે છે, કેમ જે નેત્રે કરીને ભગવાનનાં દર્શન થાય છે, શ્રવણે કરીને ભગવાનની કથા સંભળાય છે, ત્વચાએ કરીને ભગવાનનો સ્પર્શ થાય છે, નાસિકાએ કરીને ભગવાનની માળા ને તુળસીનો સુગંધ લેવાય છે ને મુખે કરીને ભગવાનનાં

કથા-કીર્તન કહેવાય છે તથા જિહ્‌વાએ કરીને ભગવાનની પ્રસાદીનો રસ લેવાય છે ઈત્યાદિક ભગવાનની ભક્તિને વિષે ઉપયોગી છે એમ સમજીને એનો ગુણ ન લેવો ને એનો વિશ્વાસ ન કરવો; એને તો વૈરી જ જાણવાં કાં જે શું જાણીએ એ ભગવાનનાં દર્શન-સ્પર્શાદિકે કરીને સુખ માનતા થકાં સ્રિયાદિકનાં દર્શન, સ્પર્શાદિકે કરીને જ સુખ મનાવી દે તો ભૂંડું થાય માટે એ પંચ ઈન્દ્રિયોરૂપ શત્રુને કેદમાં રાખીને ભગવાનની ભક્તિરૂપ કામ લેવું, જેમ કોઈ રાજાએ પોતાના શત્રુને પકડ્યો હોય તેને બેડીમાં બાંધી રાખીને કામ કરાવે પણ છૂટો મેલે નહિ ને વિશ્વાસ પણ કરે નહિ અને જો તેને છૂટો મેલે ને વિશ્વાસ કરે તો તે રાજાને તે વૈરી નિશ્ચે મારે તેમ જો ઈન્દ્રિયોરૂપ વૈરીનો વિશ્વાસ કરે ને છૂટા મૂકે ને કેદમાં ન રાખે તો એને નિશ્ચે ભગવાનના માર્ગ થકી પાડી નાખે છે, માટે એનો વિશ્વાસ ન કરવો, અને વળી જેમ ઈંગ્રેજ કોઈક ગુનેગારને પકડે છે ત્યારે તેને પાંજરામાં ઊભો રાખીને પૂછે છે પણ છૂટો મૂકતો નથી ને તેનો વિશ્વાસ કરતો નથી, તેમ એ ઈન્દ્રિયો-અંતઃકરણને પંચવર્તમાનના નિયમરૂપ જે પાંજરું તથા બેડી તેમાં રાખીને ભગવાનની ભક્તિ કરાવવી પણ એને વિષે ગુણ ન લેવો; શત્રુભાવ જ રાખવો અને જો એમને ભક્તિમાં ઉપયોગી માનીને હેતુ માને ને એનો ગુણ લે તો ભગવાનનાં દર્શન-સ્પર્શનાદિકને વિષે, સુખ મનાવતે થકે જો સ્ત્રિયાદિકને વિષે કાંઈક સુખ મનાવી દે તો એનું કર્યું-કારવ્યું સર્વ વ્યર્થ થઈ જાય, જેમ ઝાઝો દારૂનો ઢગલો હોય ને તેમાં એક અગ્નિનો તણખો પડ્યો હોય તો તે દારૂ સર્વે ભસ્મ થઈ જાય છે તેમ એનું કાંઈ ઠેકાણું રહેતું નથી માટે કેવળ આત્મારૂપ થયે થકે જે ભગવાનને વિષે હેત થાય તે ઠીક છે એમ અમારો સિદ્ધાંત છે ને એવી રીતે જે ભગવાનમાં હેત કરે છે તે અમને ગમે છે. અને એમ પણ વિચાર કરવો જે, ભગવાનમાં જેવું રૂપ છે તેવું બીજે નથી અને જેવો ભગવાનનો સ્પર્શ છે તેવો બીજે નથી અને જેવો ભગવાનમાં સુગંધ છે તેવો બીજે નથી અને ભગવાનના શ્રવણમાં જેવું સુખ છે તેવું બીજે નથી અને જેવો ભગવાનમાં રસ છે તેવો બીજે નથી, એમ એ ઈન્દ્રિયો-અંતઃકરણને લોભ દેખાડીને બીજા વિષયથી પાછા વાળવા એ પણ સમજણ ઠીક છે. **(૩)** ૩

૩ ત્યારે સ્વયંપ્રકાશાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૩)** હે મહારાજ ! આ જે સર્વે વિચાર તે કિયા સ્થાનકે રહીને કરવો ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે,એમ વિચાર કરે જે સ્થૂળ દેહ, સૂક્ષ્મ દેહ, કારણ દેહ એ હું નહિ ને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તે હું નહિ ને પંચજ્ઞાન ઈન્દ્રિયો ને પંચકર્મ ઈન્દ્રિયો ને ચાર અંતઃકરણ ને એમના દેવતા એ સર્વે હું નહિ; હું તો એ સર્વેથી પૃથક્ છું, ચૈતન્ય છું, ને ભગવાનનો ભક્ત છું ને ઈન્દ્રિયો-અંતઃકરણ કાંઈક ચાળા કરે તો એને કહેવું જે કેમ તારે તે એક ભગવાનનું જ રૂપ જોવું છે કે બીજાનું પણ જોવું છે ? ને કેવળ ભગવાનનો શબ્દ સાંભળવો છે તથા ગંધ લેવો છે કે બીજાનો પણ શબ્દ સાંભળવો છે ને ગંધ લેવો છે ? અને જો ભગવાન વિના બીજા વિષયમાં તું જાઈશ તો તારે મારે શું છે ભાઈ ? તું કોણ ને હું કોણ ? તારે મારે લેવું-દેવું નથી. તમે કરશો તે તમે

ભોગવશો, એમ એ ઇન્દ્રિયો, અંતઃકરણને કહીને પછી ભગવાનની પ્રાર્થના કરવી જે, હે મહારાજ ! હે સ્વામિન્ ! હે ભક્તવત્સલ ! હે દયાનિધે ! આ ઇન્દ્રિયો-અંતઃકરણનો વાંક છે ને હું તો એથી નોખો છું ને એ તો મારા શત્રુ છે માટે એ થકી મારી રક્ષા કરજ્યો, એમ નિરંતર પ્રાર્થના કર્યા કરવી ને પોતાને ક્ષેત્રજ્ઞ ચૈતન્ય જીવરૂપ માનીને ભગવાનને વિષે હેત- ૪
ભક્તિ કરવી. **(૪)** ઇતિ વચનામૃતમ્ ॥૩॥ **(૧૨૯)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં બીજું કૃપાવાક્ય છે, તેમાં પહેલામાં જે ભક્ત પોતાના અવગુણ ઓળખીને ટાળવાનો ઉપાય કરે ને બીજાના અવગુણ લે નહિ તે બુદ્ધિવાળો છે અને માને કરીને પોતાથી મોટાને ન્યૂન માને તે મૂર્ખ છે. **(૧)** બીજામાં નિર્ગુણસત્તા જે અમારું તેજ તે રૂપ થઈને અમારે વિષે હેત કરવું ને સેવા કરવી પણ વિષયના સુખ સંબંધે કરીને અમારે વિષે હેત કરવું નહિ. **(૨)** અને ઇન્દ્રિયો-અંતઃકરણને પંચવર્તમાનના નિયમમાં રાખવાં. **(૩)** ત્રીજામાં ત્રણ દેહ ને ત્રણ અવસ્થાથી પોતાના ચૈતન્યને પૃથક્ માનવો એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** (પહેલા પ્રશ્નમાં) બીજા વિકાર ટળી ગયા છે ને માન-ઈર્ષ્યા કેમ રહે છે એમ પૂછ્યું તે બીજા વિકાર કિયા ટળ્યા હશે ?

૧ **ઉ૦** કામ, લોભ, સ્વાદ, સ્નેહ તે વિકાર ટળી ગયા હોય એમ જાણવું.

૨ **પ્ર૦** (બીજા પ્રશ્નમાં) નિસ્તર્કપણે એક મતિ રહેતી હોય તેને પંચઇન્દ્રિયોના વિષયસુખ સંબંધે કરીને અમારે વિષે હેત કરવું એમ કહ્યું તે કેવી રીતે કરવું ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજો કોઈ આકાર દીઠો જ ગમે નહિ ને શ્રીજીમહારાજના શબ્દ વિના બીજો શબ્દ ગમે નહિ, તથા શ્રીજીમહારાજના સ્પર્શ વિના બીજો સ્પર્શ ગમે નહિ અને શ્રીજીમહારાજના મહાપ્રસાદ વિના બીજો રસ ગમે નહિ ને મહારાજને ચડ્યાં જે તુળસી-પુષ્પ તે વિના બીજો ગંધ ગમે નહિ, એવી રીતે શ્રીજીમહારાજ સંબંધી પંચવિષયમાં આનંદ વર્તે ને તે વિના બીજા માયિક વિષયને વિષે અભાવ વર્તે અને શ્રીજીમહારાજને વિષે માયિકપણાનો સંકલ્પ ન થાય એવી રીતે શ્રીજીમહારાજને વિષે હેત કર્યું હોય તો કલ્યાણ થાય.

૩ **પ્ર૦** (૩/૪ ત્રીજા પ્રશ્નમાં) તમે કરશો તે તમે ભોગવશો એમ ઇન્દ્રિયો-અંતઃકરણને કહેવું એમ કહ્યું અને (**જે૦ ૨**ના બીજા પ્રશ્નમાં) ઇન્દ્રિયોદ્વારે વિષયનું ગ્રહણ જીવ કરે છે ત્યાં જીવને જ ભોક્તા કહ્યો છે તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ૦** ઇન્દ્રિયો-અંતઃકરણ ભોક્તા નથી; કર્તા-ભોક્તા તો જીવ જ છે, પણ જીવ ઇન્દ્રિયાદિક ભેળો ભળી ગયો છે તેને જુદો પાડવાનો તથા ઇન્દ્રિયો-અંતઃકરણદ્વારે ઘાટ કરતો હોય તે ઘાટને ખોટા કરી નાખવાનો ઉપાય બતાવ્યો છે. ॥૩॥ **(૧૨૯)**

## વચનામૃત પંચાળાનું - ૪

❖સંવત ૧૮૭૭ના ફાગણ વદિ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા અને ધોળો ફેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ઝીણી ધોળી પછેડી ઓઢી હતી ને હસ્તકમળને વિષે તુળસીની માળા ફેરવતા હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સર્વે પરમહંસ પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો. ત્યારે મુનિબાવે
૧ બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** પ્રથમ તો ભગવાનનો નિશ્ચય હોય ને ભજન-સ્મરણ કરતો હોય ને પછી ભગવાનનાં મનુષ્યચરિત્ર દેખીને તે નિશ્ચયમાં સંશય થઈ જાય છે તેનું

શું કારણ છે ? પછી એ પ્રશ્નનો ઉત્તર બ્રહ્માનંદ સ્વામી કરવા લાગ્યા પણ થયો નહિ, ત્યારે શ્રીજીમહારાજ ઝાઝી વાર સુધી વિચારી રહ્યા ને પછી બોલ્યા જે, એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ છીએ જે, વેદ, પુરાણ, મહાભારત, સ્મૃતિઓ ઈત્યાદિક જે શાસ્ત્ર તેને વિષે ભગવાનનું સનાતન અનાદિ દિવ્ય એવું જે મૂળરૂપ પોતાના અક્ષરધામમાં રહ્યું છે તે કહ્યું છે. તે ભગવાન કેવા છે તો આ ચક્ષુ-ઇન્દ્રિયે કરીને દીઠામાં આવે છે જે યત્કિંચિત્ રૂપ તે જેવું તેમનું રૂપ નથી અને શ્રવણે કરીને સાંભળ્યામાં આવે છે જે કોઈ શબ્દમાત્ર તે જેવો એ ભગવાનનો શબ્દ નથી અને ત્વચાએ કરીને સ્પર્શમાં આવે છે જે સ્પર્શ તે જેવો એમનો સ્પર્શ નથી, અને નાસિકાએ કરીને સૂંઘ્યામાં આવે છે જે સુગંધ તે જેવો એમનો સુગંધ નથી અને જિહ્વાએ કરીને વર્ણન કર્યામાં આવે એવા પણ એ ભગવાન નથી અને મનના સંકલ્પમાં આવે એવા નથી તથા ચિત્તના ચિંતવનમાં આવે એવા નથી તથા બુદ્ધિના નિશ્ચયમાં આવે એવા નથી તથા અહંકારે કરીને અહંપણું ધરાય એવા નથી જે એ ભગવાનનો હું છું ને એ મારા છે, એવી રીતે ઈન્દ્રિયો-અંતઃકરણને અગોચર એ ભગવાન રહ્યા છે અને એ ભગવાનનું જેવું રૂપ છે તેવું આ બ્રહ્માંડમાં બ્રહ્માદિક સ્તંબપર્યંત કોઈનું રૂપ નથી જે જેની એને ઉપમા દેઈએ તથા એનો જેવો શબ્દ છે તેવો બીજો આ બ્રહ્માંડમાં કોઈનો શબ્દ નથી જે જેની એને ઉપમા દેઈએ, અને એ ભગવાનનો જેવો સુગંધ છે તેવો આ બ્રહ્માંડમાં કોઈનો સુગંધ નથી જે જેની એને ઉપમા દેઈએ, તથા એ ભગવાનનો જેવો સ્પર્શ છે તેવો આ બ્રહ્માંડમાં કોઈનો સ્પર્શ નથી જે જેની એને ઉપમા દેઈએ તથા એ ભગવાનમાં જેવો રસ છે તેવો આ બ્રહ્માંડમાં કોઈનો રસ નથી જે જેની એને ઉપમા દેઈએ અને એ ભગવાનનું જેવું ધામ છે તેવું સ્થાનક આ બ્રહ્માંડમાં કોઈ નથી જે જેની એને ઉપમા દઈએ તે સપ્તદ્વીપ ને નવખંડમાં જે જે સ્થાનક છે તથા મેરુ ઉપર ઘણીક શોભાએ યુક્ત બ્રહ્માદિકના સ્થાનક છે તથા લોકાલોક ચળને વિષે ઘણાંક સ્થાનક છે તથા ઈન્દ્ર, વરુણ, કુબેર, શિવ, બ્રહ્મા એનાં જે સ્થાનક છે તથા બીજાં પણ ઘણાંક સ્થાનક છે એ સર્વે માંહેલું એવું એકે સ્થાનક નથી જે જેની ભગવાનના ધામને ઉપમા થાય અને એ ભગવાનના ધામને વિષે રહ્યા જે ભગવાનના ભક્ત તેને જેવું સુખ છે તેવું આ બ્રહ્માંડમાં કોઈ સુખ છે નહિ જેની એને ઉપમા દેઈએ અને એ ભગવાનનો જેવો આકાર છે તેવો આ બ્રહ્માંડમાં કોઈનો આકાર નથી જેની એને ઉપમા દેઈએ, કેમ જે આ બ્રહ્માંડમાં જેટલા પુરુષપ્રકૃતિ થકી ઉત્પન્ન થયા જે આકાર તે સર્વે માયિક છે અને ભગવાન છે તે દિવ્ય છે ને અમાયિક છે, માટે એ બેયને વિષે અતિશે વિલક્ષણપણું છે તે સારુ એને ને એને સાદશ્યપણું કેમ થાય ? જેમ મનુષ્યને કહીએ જે આ માણસ ભેંશ જેવો છે, સર્પ જેવો છે, ચરકલા જેવો છે, ગધેડા જેવો છે, કૂતરા જેવો છે, કાગડા જેવો છે, હાથી જેવો છે એવી ઉપમા મનુષ્યને સંભવે નહિ, કેમ જે મનુષ્યથકી એ બીજા જે સર્વ તે વિજાતિ છે; અને મનુષ્ય-મનુષ્યમાં પણ અતિશે સાદશ્યપણું નથી જે જેની ઉપમા એમ દેઈએ જે, આ તે આ જેવો જ છે અને જો તે, તે જેવો જ હોય તો તેની ઓળખાણ કેમ થાય ? માટે મનુષ્ય-મનુષ્ય સજાતિ છે તેને વિષે પણ સાદશ્યપણું અત્યંત છે

નહિ, જુઓ ને **આ ભગો, મૂળો બે સરખા કહેવાય છે** પણ ઝાઝા દિવસ ભેગા રહીએ તો ઓળખાઈ જાય જે આ ભગો છે ને આ મૂળો છે, માટે જો વિલક્ષણતા ન હોય તો ઓળખાય કેમ ? માટે મનુષ્ય-મનુષ્યમાં પણ અતિ સાદશ્યપણું નથી તો માયિક-અમાયિકને વિષે સાદશ્યપણું કેમ આવે જેની ઉપમા ભગવાનને દેઈએ તથા ભગવાનના ધામને દઈએ, કાં જે એ ભગવાન છે તે ઈન્દ્રિયો-અંતઃકરણને અગોચર છે એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે જે એ ભગવાન જ્યારે જીવને પોતાનું દર્શન દેવાને ન ઈચ્છે ત્યારે તો આવી રીતે દિવ્યરૂપ અગોચર થકા પોતાના અક્ષરધામને વિષે રહ્યા છે અને એ ભગવાન મહારાજાધિરાજ છે ને દિવ્યરૂપ એવી જે અસંખ્ય સમૃદ્ધિ તથા અસંખ્ય પાર્ષદ તેણે યુક્ત છે ને અનંતકોટી બ્રહ્માંડના પતિ છે, જેમ આ લોકમાં કોઈક મોટો ચક્રવર્તી રાજા હોય તેનું સૂર્યના ઉદય-અસ્ત સુધી રાજ્ય હોય અને તે જ રાજા પોતાના તપને બળે કરીને દેવતાના જેવા ઐશ્વર્યને પામ્યો હોય ને સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રિલોકીના રાજ્યને કરતો હોય, જેમ અર્જુન હતા તે એ ને એ દેહે કરીને સ્વર્ગને વિષે ઈન્દ્રાસનને ઉપર કેટલાંક વર્ષ સુધી રહ્યા તથા નહુષ રાજા પણ ઈન્દ્ર થયો હતો એવો જે પ્રતાપી ચક્રવર્તી રાજા તેને ઘેર જેટલાં ગામ છે તેની ગણતી થાય નહિ; એ તો અસંખ્ય છે તથા ગામ ગામના જે પટેલ તેની પણ ગણતી નથી અને તે ગામ ગામના અસંખ્ય પટેલ તે એના દરબારમાં અરજ કરવા આવતા હોય અને તે રાજાનાં ધન, માલ, ભોગ, સ્થાનક, સમૃદ્ધિ તે પણ ગણતીમાં આવે નહિ, **તેમ એ ભગવાન અસંખ્ય કોટી જે બ્રહ્માંડરૂપ ગામ તેના રાજાધિરાજ છે અને એ બ્રહ્માંડરૂપ જે ગામ તેના મુખ્ય પટેલ તો બ્રહ્મા, વિષ્ણુ ને શિવ છે,** જેમ એક ગામમાં એક પટેલ મોટો હોય તેને તે ગામની સર્વે પ્રજા તે આવીને નમે ને આજ્ઞામાં રહે ને તે પટેલ રાજાને નમે તેમ બ્રહ્માંડ-બ્રહ્માંડ પ્રત્યે બ્રહ્મા, વિષ્ણુ, શિવ છે તે મોટેરા છે ને બીજા જે બ્રહ્માંડમાં દેવ, દૈત્ય, મનુષ્ય, ઋષિ, પ્રજાપતિ તે એને ભજે છે ને આજ્ઞામાં રહે છે ને એ બ્રહ્મા, વિષ્ણુ, શિવ તે ભગવાન પુરુષોત્તમને ભજે છે ને આજ્ઞામાં વર્તે છે તે એ બ્રહ્માંડ-બ્રહ્માંડના જે બ્રહ્મા, વિષ્ણુ ને શિવ તે ભગવાનની પ્રાર્થના કરે છે જે, હે મહારાજ ! કૃપા કરીને તમે અમારા બ્રહ્માંડમાં પધારો, જેમ કોઈક ગામનો પટેલ હોય તે ચક્રવર્તી રાજા આગળ જઈને પ્રાર્થના કરે જે, હે મહારાજ ! હું ગરીબ છું તે તમે મારે ઘેર પધારો ને હુંથી જેવી તમારી ચાકરી બણી આવશે તેવી કરીશ, તેમ બ્રહ્મા, વિષ્ણુ, શિવ તે એ ભગવાનની પ્રાર્થના કરે છે જે, હે મહારાજ ! તમે અમને દયા કરીને દર્શન દ્યો ને અમારા બ્રહ્માંડમાં પધારો, ત્યારે એ જે ભગવાન તે બ્રહ્માંડમાં દેહનું ધારણ કરે છે તે જ્યાં જેવું કાર્ય ત્યાં તેવા દેહનું ધારણ કરે છે ને તેવી રીતે જ વર્તે છે. જો દેવમાં દેહ ધારણ કરે છે તો દેવના જેવી જ ચેષ્ટા કરે છે તથા પશુના દેહનું ધારણ કરે છે ત્યારે તે પશુની પેઠે જ વર્તે છે, જેમ વારાહરૂપ ભગવાને ધાર્યું ત્યારે સૂંઘીને પૃથ્વીને ખોળી કાઢી તથા હયગ્રીવરૂપે થયા ત્યારે ઘોડાની પેઠે ફૂંફાડા મારવા માંડ્યા તથા મચ્છ-કચ્છાદિક જળજંતુનો દેહ ધારણ કર્યો ત્યારે જળમાં જ ફર્યા પણ પૃથ્વીમાં ન ફર્યા તથા નૃસિંહરૂપે થયા ત્યારે સિંહની પેઠે જ વર્ત્યા પણ મનુષ્યના જેવી

ચેષ્ટા ન કરી અને એ ભગવાન મનુષ્યના દેહને ધારણ કરે છે ત્યારે મનુષ્યના જેવી જ ક્રિયા કરે છે તે જ્યારે **સત્યયુગ** હોય ત્યારે મનુષ્યને લાખ વર્ષની આવરદા હોય ત્યારે એ ભગવાન પણ લાખ વર્ષ જ દેહ રાખે અને તે સત્યયુગના માણસ મનોવાંચ્છિત ભોગને ભોગવે ત્યારે ભગવાન પણ તેમ જ ભોગને ભોગવે પણ અધિકપણે ન વર્તે અને **ત્રેતાયુગમાં** દેહ ધારણ કરે ત્યારે માણસને દશ હજાર વર્ષની આવરદા હોય ત્યારે ભગવાન પણ તેટલા વર્ષ દેહ રાખે ને **દ્વાપરયુગમાં** હજાર વર્ષની આવરદા હોય ને દશ હજાર હાથીનું બળ માણસમાં હોય છે ત્યારે ભગવાનનું પણ એટલું બળ ને એટલી આવરદા હોય છે અને કળિમાં દેહ ધારણ કરે ત્યારે કળિ પ્રમાણે આયુષ્ય ને બળ તેનું ભગવાન ધારણ કરે છે, અને જેમ બાળક ગર્ભમાં આવે ને તે ગર્ભ વૃદ્ધિને પામે પછી જન્મે છે ને બાળ, યૌવન, વૃદ્ધ અવસ્થા થાય છે ને મૃત્યુને પામે છે તેમજ ભગવાન પણ એવી જ મનુષ્યની ચેષ્ટા કરે છે, અને જેમ મનુષ્યમાં કામ, ક્રોધ, લોભ, સ્વાદ, માન, સ્નેહ, મદ, મત્સર, ઈર્ષ્યા, દ્વેષ, રાગ, મોહ, સુખ, દુઃખ, ભય, નિર્ભય, શૂરતા, કાયરતા, ભૂખ, તરસ, આશા, તૃષ્ણા, નિદ્રા, પક્ષપાત, પારકું, પોતાનું, ત્યાગ, વૈરાગ્ય ઈત્યાદિક સ્વભાવ છે તેમ તેવા જ એ સર્વે સ્વભાવ મનુષ્યદેહને ભગવાન ધારે ત્યારે તેમાં જણાય છે તે એ મનુષ્ય સ્વરૂપ પણ ભગવાનનું સર્વ શાસ્ત્રમાં વર્ણન કર્યું છે અને મૂળ જે દિવ્યરૂપ છે તેનું પણ વર્ણન કર્યું છે; તે એ બેય રૂપનું જેણે યથાર્થ શ્રવણ-મનન કરીને દૃઢ નિશ્ચય કર્યો હોય તેને તો કોઈ રીતે સંશય થાય નહિ અને જેને આવી રીતની સમજણમાં કસર હોય તેને ભગવાનમાં સંશય થાય છે અને એ જ દિવ્યરૂપ એવા ભગવાન મનુષ્યના દેહનું ધારણ કરે છે ત્યારે મનુષ્યના જેવા સ્વભાવે યુક્ત વર્તતા હોય પણ જે બુદ્ધિવાન હોય તેને એમ જણાય ખરું જે એમાં કામ છે તે બીજા મનુષ્ય જેવો નથી તથા ક્રોધ, લોભ, સ્વાદ, માન ઈત્યાદિક મનુષ્યના સ્વભાવ તે એ ભગવાનમાં છે પણ બીજા માણસ જેવા તો નથી; એમાં કાંઈક દિવ્યભાવ છે તે બુદ્ધિવાનના જાણ્યામાં આવે છે તેણે કરીને ભગવાનપણાનો નિશ્ચય કરે છે; જેમ શંકરાચાર્યે શૃંગારરસની વાર્તા જાણ્યાને અર્થે રાજાના દેહમાં પ્રવેશ કર્યો હતો ત્યારે તે રાજાના જેવા જ સર્વે શૃંગારાદિક ભાવ ને દેહની ચેષ્ટા તે હતી પણ તે રાજાની રાણી બુદ્ધિવાળી હતી તેણે એમ જાણ્યું જે, મારા ધણીમાં આવો ચમત્કાર નહોતો માટે આ દેહને વિષે કોઈક બીજે જીવે પ્રવેશ કર્યો છે, **તેમ મનુષ્યરૂપ એવા જે તે ભગવાન તેને વિષે દિવ્યભાવ જણાય છે તેણે કરીને ભગવાનપણાનો નિશ્ચય થાય છે** ત્યારે તમે કહેશો જે, કાંઈક દિવ્યભાવ જાણ્યામાં આવ્યો તેણે કરીને મનુષ્યને ભગવાનપણાનો નિશ્ચય થયો ત્યારે ઘણો દિવ્યભાવ જણાવે તો તો બહુ માણસને નિશ્ચય થાય તો એનું તો એમ છે જે આ સૂર્ય છે તેને સર્વ શાસ્ત્રમાં કહ્યા છે જે એ નારાયણ છે ને તે સૂર્ય સર્વ મનુષ્યને દૃષ્ટિગોચર પણ છે ને નિત્યે એનું દર્શન મનુષ્યમાત્ર કરે છે તો પણ એને દર્શને કરીને મનુષ્યને પોતાના કલ્યાણનો નિશ્ચય નથી થાતો જે મારું કલ્યાણ થયું અને મનુષ્યપણે રહ્યા જે રામકૃષ્ણાદિક અવતાર તથા નારદ, શુકાદિક સંત તેનાં દર્શન કરીને મનુષ્યને એમ નિશ્ચય

થાય છે જે, મારું કલ્યાણ નિશ્ચે થયું ને હું કૃતાર્થ થયો છું ને તે ભગવાન ને સંત તેમાં તો કાંઈ પ્રકાશ છે નહિ; દીવો કરીએ ત્યારે તેનાં દર્શન થાય છે તો પણ એવો કલ્યાણનો નિશ્ચય થાય છે તથા અગ્નિ છે તે પણ સાક્ષાત્ ભગવાન છે, કાં જે ભગવાને કહ્યું છે જે :-

**अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः । प्राणापान-समायुक्तः पचाम्यन्नं चतुर्विधं ॥**

એવો જે અગ્નિ તેનાં પણ સર્વને દર્શન છે પણ મનુષ્યને કલ્યાણનો નિશ્ચય થાતો નથી અને ભગવાનને ને સંતને દર્શને કરીને થાય છે તેનું શું કારણ છે જે મનુષ્યને ને સૂર્ય-અગ્નિ ને વિજાતિપણું છે માટે એને દર્શને કરીને કલ્યાણનો નિશ્ચય નથી થાતો, કાં જે એ અગ્નિનો સ્પર્શ કરે તો બળી મરે તથા સૂર્ય છે તેને કુંતાજીએ દુર્વાસાના આપેલ મંત્રે કરીને તેડ્યા ત્યારે તે સૂર્ય કુંતાજી પાસે આવ્યા તે મનુષ્યરૂપે જેવાં કુંતાજી હતાં તેવા જ સૂર્ય થઈને આવ્યા ત્યારે તેના અંગસંગનું સુખ આવ્યું ને કર્ણરૂપ ગર્ભ રહ્યો પણ જેવા સૂર્ય પ્રકાશવાન છે તેવા પ્રકાશ સોતા આવ્યા હોત તો કુંતાજી બળી મરત ને સ્પર્શનું સુખ પણ ન આવત તથા સત્રાજિત્ યાદવ પાસે સૂર્ય આવતા તે પણ માણસ જેવા થઈને આવતા અને જ્યારે એ સૂર્ય કુંતાજી પાસે તથા સત્રાજિત્ પાસે આવ્યા ત્યારે શું આકાશમાં નહોતા ? આકાશમાં પણ હતા ને બીજે રૂપે એના એ જ સૂર્ય કુંતાજી ને સત્રાજિત્ પાસે આવ્યા એ જેવો સૂર્યનો પ્રકાશ છે તે સર્વ એમાં છે ખરો પણ તેનો સંકોચ કરીને માણસ જેવા થઈને આવ્યા છે તેમ એ જે ભગવાન છે તે પોતે પોતાના દિવ્યભાવ સોતા જ જીવને જો દર્શન આપે તો મનુષ્યને ઠીક ન પડે ને એમ જાણે જે આ તે શું ભૂત હશે કે શું હશે ? માટે એ ભગવાન પોતાના ઐશ્વર્યનો સંકોચ કરીને મનુષ્ય જેવા જ થઈને દર્શન આપે છે ને પોતે પોતાના ધામમાં પણ વિરાજમાન છે ત્યારે તે મનુષ્યને દર્શનમાં, સ્પર્શમાં તથા નવ પ્રકારની ભક્તિ કર્યામાં આવે છે અને **જો ભગવાન મનુષ્ય જેવા ન થાય ને દિવ્યભાવે વર્તે તો મનુષ્યને પોતામાં હેત થાય નહિ ને સુવાણ ન પડે શા માટે તો મનુષ્ય મનુષ્યને વિષે હેત થાય છે ને સુવાણ થાય છે પણ પશુને ને મનુષ્યને હેત-સુવાણ થાતી નથી અને પશુ પશુને પરસ્પર હેત ને સુવાણ થાય છે, કેમ જે સજાતિ સજાતિમાં હેત થાય પણ વિજાતિમાં થાય નહિ, તેમ ભગવાન પોતાના દિવ્યભાવનો સંકોચ કરીને પોતાના ભક્તને પોતામાં હેત થાય તે સારુ માણસ જેવા જ ભગવાન થાય છે પણ દિવ્યભાવ જણાવતા નથી ને દિવ્યભાવ જણાવે તો વિજાતિપણું થાય માટે ભક્તને પોતામાં હેત ને સુવાણ થાય નહિ તે સારુ મનુષ્યરૂપે એ ભગવાન થાય છે** ત્યારે પોતાનો દિવ્યભાવ છે તેને છુપાવી રાખવો તે ઉપર જ પોતાની દૃષ્ટિ રહે છે. અને છુપાવતે છુપાવતે કદાચિત્ પોતે કોઈક કાર્યમાં ઉતાવળા થઈ જાય છે ત્યારે દિવ્યભાવ જણાઈ આવે છે ને ક્યારેક પોતે પોતાની ઈચ્છાએ કરીને પણ પોતાના કોઈક ભક્તને જણાવે છે, જેમ શ્રીકૃષ્ણ ભગવાન ભીષ્મને મારવાને ઉતાવળા થયા ત્યારે મનુષ્યભાવ ભૂલી ગયા ને પોતામાં દિવ્યભાવ આવ્યો તેણે કરીને પોતાના ભારને પૃથ્વી સહન કરવા સમર્થ ન થઈ તથા અર્જુનને દિવ્યભાવ દેખાડ્યો

તે પોતાની ઈચ્છાએ દેખાડ્યો પણ તે દિવ્યભાવે કરીને અર્જુનને સુખ ન થયું ને બહુ વ્યાકુળ થઈ ગયા, ત્યારે કહ્યું જે :-

**તેનૈવરૂપેણ ચતુર્ભુજેન સહસ્રબાહો ભવ વિશ્વમૂર્તે ॥**

પછી શ્રીકૃષ્ણ ભગવાને પોતાનું મનુષ્યપણે દર્શન અર્જુનને આપ્યું ત્યારે અર્જુનને સુખ થયું, માટે મનુષ્યપણે કરીને ભગવાન વર્તે તો જ જીવને સાનુકૂળ પડે, નહિ તો ન પડે તે સારુ એ ભગવાન મનુષ્યપણે વર્તે છે ત્યારે જે આવી રીતે નથી સમજતો તેને મનુષ્યભાવ દેખીને અવળું પડે છે; અને જો એ ભગવાન દિવ્યભાવે જ વર્તે તો મન-વાણીને અગોચર હોય તે જીવના જાણ્યામાં આવે નહિ. માટે એ બે પ્રકારે ભગવાનને શાસ્ત્રમાં કહ્યા છે તેવી રીતે જેણે યથાર્થ જાણ્યા હોય તેને સંશય ન થાય અને જો એમ ન સમજે તો સંશય જરૂર થાય અને જે એમ કહે છે જે મેં ભગવાનને જાણ્યા છે ને મુને નિશ્ચય છે ને જો તે આ વાતને સમજ્યો નથી તો તેનો નિશ્ચય કાચો છે, જેમ કોઈક પુરુષ શ્લોક શીખ્યો હોય તથા કીર્તન શીખ્યો હોય ને તેને પૂછીએ જે તુને આ શ્લોક તથા કીર્તન આવડ્યાં ? ત્યારે કહે જે આવડ્યાં ને કંઠથી મુખપાઠે કહી દેખાડે પણ પછી થોડાક દિવસ થાય ત્યારે તે શ્લોક-કીર્તનને ભૂલી જાય, ત્યારે એ તે શું જે, એ જ્યારે શીખ્યો હતો ત્યારે જ એને એટલાં આવડ્યાં નહોતાં, કેમ જે શ્રવણ-મનને કરીને એનો દૃઢ અધ્યાસ થઈને એના જીવમાં એ શ્લોક-કીર્તન ચોંટી નહોતાં ગયાં. અને કોઈક વાતનો બાળકપણામાં જ એવો અધ્યાસ થયો હોય છે તો એ યુવાન થાય, વૃદ્ધ થાય તો પણ તે વાતનું જ્યારે કામ પડે ત્યારે સાંભરી આવે છે, તેમ એણે ભગવાનનો નિશ્ચય કર્યો હતો ત્યારે જ એના નિશ્ચયમાં કસર રહી ગઈ હતી અને જો કસર ન રહી હોત ને આવી રીતે પ્રથમથી જ શ્રવણ કરીને ને તેનું મનન કરીને તેનો દૃઢ અધ્યાસ એના જીવમાં થયો હોત તો એને કોઈ દિવસ સંશય થાત જ નહિ. **(૧)** ઈતિ વચનામૃતમ્ ॥૪॥ **(૧૩૦)** ૧

**રહસ્યાર્થ પ્રદી ૦–** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે વેદાદિકને દૃષ્ટાંતે પોતાનું સનાતન અનાદિ દિવ્ય સ્વરૂપ અક્ષરધામમાં રહ્યું છે તેનું અવર્ણનીયપણું તથા અગોચરપણું કહ્યું છે જે, માયિક આકાર માત્રમાં અમારા તુલ્ય કોઈમાં રૂપ આદિક નથી અને અમારા ધામ જેવું કોઈનું સ્થાનક નથી અને અમારા ધામને વિષે અમારા ભક્તોને જેવું સુખ છે તેવું કોઈને સુખ નથી અને અમારા જેવો કોઈનો આકાર નથી અને પ્રકૃતિ થકી થયા જે આકાર તે માયિક છે અને અમે ને અમારા મુક્ત દિવ્ય છીએ. અને જેમ મનુષ્યને ભેંશ આદિકની ઉપમા દેવી તે અઘટિત છે તેવી રીતે અમને પ્રકૃતિના કાર્યની ઉપમા દેવી તે અતિશે અઘટિત છે, અને જેમ મનુષ્યો સજાતિ છે તેમાં પણ સાદશ્યપણું નથી, તેમ માયાથી પર ઈશ્વરકોટી, બ્રહ્મકોટી ને અક્ષરકોટી તે દિવ્ય, સજાતિ ને ચૈતન્ય છે તો પણ તેમાં ને અમારામાં કાંઈ સાદશ્યપણું નથી, અને જેમ ભગો, મૂળો સરખા છે તેમ અમારા ધામમાં અમારા મુક્ત અમારા સરખા છે તેમાં પણ અત્યંત સાદશ્યપણું નથી તો ઉપર કહ્યા જે ઐશ્વર્યાર્થીઓ તેમાં સાદશ્યપણું ન હોય તેમાં શું કહેવું ? અને માયિક આકારમાં તો સાદશ્યપણું હોય જ કયાંથી ? એવા દિવ્ય ને સર્વેને અગોચર અને અક્ષરધામમાં રહ્યા છીએ અને રાજાધિરાજ ને અસંખ્ય સમૃદ્ધિ તથા પાર્ષદો તેમણે યુક્ત ને અનંતકોટી બ્રહ્માંડના પતિ છીએ અને તે બ્રહ્માંડોના પતિઓ તે અમને ભજે છે ને અમારી આજ્ઞામાં વર્તે છે ને પ્રાર્થના કરે છે, ત્યારે અમે જ્યાં જેમ ઘટે ત્યાં તેમ અમારી ઈચ્છાથી દર્શન આપીએ છીએ અને યુગાનુરૂપ આચરણ કરીએ છીએ આવો અમારો

દિવ્યભાવ ને મનુષ્યભાવ યથાર્થ જાણ્યો હોય તેને અમારા નિશ્ચયમાં સંશય થાય નહિ અને દિવ્યરૂપ એવા અમે તે મનુષ્યરૂપ ધારીએ છીએ ત્યારે મનુષ્યના જેવા સ્વભાવે યુક્ત વર્તીએ તે અમારો મનુષ્યભાવ ને દિવ્યભાવ તે બુદ્ધિવાનના જાણ્યામાં આવે છે ને તેને જ અમારો નિશ્ચય થાય છે; અને અમે દિવ્યભાવે સહિત દર્શન આપીએ તો મનુષ્યને દર્શન-સ્પર્શાદિકનું સુખ ન આવે ને કલ્યાણનો નિશ્ચય ન થાય, જેમ સૂર્ય ને અગ્નિને દર્શને સુખ નથી થતું તેમ, માટે અમે તમારા કલ્યાણને અર્થે દિવ્યભાવ છુપાવીને મનુષ્ય જેવા દેખાઈએ છીએ, અને કોઈક સ્થળમાં દિવ્યભાવ જણાવીએ છીએ, જેમ શ્રીકૃષ્ણ ભગવાને ભીષ્મને જણાવ્યો તેમ. માટે અમારો દિવ્યભાવ ને મનુષ્યભાવ જાણ્યો હોય તેને અમારા ચરિત્રમાં સંશય થાય નહિ ને નિશ્ચય ટળે નહિ, નહિ તો ટળી જાય. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** બ્રહ્માદિક ભગવાનની પ્રાર્થના કરે છે એમ કહ્યું તે એમની ગતિ તો શ્રીજીમહારાજ સુધી છે નહિ ત્યારે તે કેવી રીતે પ્રાર્થના કરતા હશે ?

૧ **ઉ૦** પોતાના ઉપરીની પ્રાર્થના કરે છે તેમાં શ્રીજીમહારાજનો આવિર્ભાવ છે તે દ્વારે જેવું કાર્ય કરવું હોય તેવું રૂપ ધારણ કરીને તે કાર્ય કરાવે છે અને બ્રહ્મા, વિષ્ણુ, શિવ અમને ભજે છે એમ કહ્યું છે, તે પણ એમના ઉપરી દ્વારે શ્રીજીમહારાજને ભજે છે એમ જાણવું અને આજ તો શ્રીજીમહારાજ કેવળ કૃપા કરીને જીવોનું આત્યંતિક કલ્યાણ કરવા સારુ જ પધાર્યા છે તે (**પ્ર૦ ૭૮**ના નવમા પ્રશ્નમાં) અમે કૃપા કરીને મર્ત્યલોકના મનુષ્ય દેખે એવા થયા છીએ એમ કહ્યું છે માટે આજ તો કૃપા કરીને જ દર્શન આપ્યા છે અને દેવમાં દેહ ધારણ કરે છે તે પણ વામનાદિક અવતારો દ્વારે જ દર્શન આપે છે.

૨ **પ્ર૦** દેવમાં અવતાર ધારવાનું ભગવાનને શું પ્રયોજન હશે ?

૨ **ઉ૦** દેવને કોઈક દૈત્ય થકી કષ્ટ આવ્યું હોય તે કષ્ટ વિષ્ણુ આદિક અવતારો દ્વારે નિવારણ કરે છે.

૩ **પ્ર૦** ભગવાન ભીષ્મને મારવા ઉતાવળા થયા ત્યારે મનુષ્યભાવ ભૂલી ગયા એમ કહ્યું તે ભગવાન તો સ્વતંત્ર હોય તે ભૂલી કેમ જાય ?

૩ **ઉ૦** મનુષ્યભાવ ભૂલી ગયા એટલે મૂકી દીધો ને દિવ્યભાવ દેખાડ્યો એમ કહ્યું છે પણ ભૂલી ગયા એટલે તેની વિસ્મૃતિ થઈ એમ નથી કહ્યું. **॥૪॥ (૧૩૦)**

## વચનામૃત પંચાળાનું - ૫

❖સંવત ૧૮૭૭ના ફાગણ વદિ ૮ અષ્ટમીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટાને વિષે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી ને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** કિયે ઠેકાણે માન સારું છે ને કિયે ઠેકાણે સારું નથી ? ને કિયે ઠેકાણે નિર્માનીપણું સારું છે ને કિયે ઠેકાણે સારું નથી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જે સત્સંગનો દ્રોહી હોય ને પરમેશ્વરનું ને મોટા સંતનું ઘસાતું બોલતો હોય તેની આગળ તો માન રાખવું તે જ સારું છે અને તે ઘસાતું બોલે ત્યારે તેને તીખા બાણ જેવું વચન મારવું પણ વિમુખની આગળ નિર્માની થાવું નહિ તે જ રૂડું છે; અને ભગવાન ને ભગવાનના સંતની આગળ તો જે માન રાખવું તે સારું નથી ને તેની આગળ**

**તો માનને મૂકીને દાસાનુદાસ થઈને નિર્માનીપણે વર્તવું તે જ રૂડું છે. (૧)** ઇતિ વચનામૃતમ્ ૧ **॥૫॥ (૧૩૧)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં અમારા તથા અમારા ભક્તની આગળ નિર્માની રહેવું અને વિમુખ જે સત્સંગનો દ્રોહી હોય અને અમારું તથા અમારી મૂર્તિમાં નિમગ્ન એવા સંતનું ઘસાતું બોલતો હોય તેના આગળ માન રાખવું એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૧)** બાબત છે. **॥૫॥ (૧૩૧)**

## વચનામૃત પંચાળાનું - ૬

❖❖સંવત ૧૮૭૭ના ફાગણ વદિ ૯ નવમીને દિવસ રાત્રિને સમે શ્રીજીમહારાજ ગામ શ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા ને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો ને ધોળે અંગરખે સહિત ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી પછેડી ઓઢી હતી ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** અમે ઝાઝી વાર સુધી વિચાર કર્યો ને સર્વ શાસ્ત્રમાં નજર ફેરવીને જોયું ત્યારે એમ જણાણું જે, શ્રીકૃષ્ણ જેવો અવતાર સર્વ શક્તિએ યુક્ત બીજો કોઈ નથી થયો, કેમ જે બીજી જે સર્વે પોતાની અનંત મૂર્તિઓ ભિન્ન ભિન્નપણે રહી છે તે સર્વેનો ભાવ શ્રીકૃષ્ણ ભગવાને પોતાને વિષે દેખાડ્યો તે કેવી રીતે તો પ્રથમ પોતે દેવકી થકી જન્મ્યાં ત્યારે શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારીને ચતુર્ભુજરૂપે દર્શન દીધું તેણે કરીને લક્ષ્મીપતિ જે વૈકુંઠનાથ તેનો ભાવ પોતામાં જણાવ્યો તથા માતા યશોદાને પોતાના મુખમાં વિશ્વરૂપ દેખાડ્યું તેણે કરીને સહસ્રશીર્ષાપણે કરીને અનિરુદ્ધપણું પોતામાં જણાવ્યું તથા અક્રૂરને યમુનાના ધરામાં દર્શન દીધાં તેણે કરીને શેષશાયીપણું જણાવ્યું તથા અર્જુનને રણસંગ્રામમાં વિશ્વરૂપ દેખાડ્યું જે **:- પશ્ય મે પાર્થરૂપાણિ શતશોऽથ સહસ્રશઃ ॥** એવી રીતે અનંત બ્રહ્માંડ દેખાડીને પુરુષોત્તમપણું જણાવ્યું તથા પોતે શ્રીકૃષ્ણે કહ્યું જે :-

**યસ્માત્ ક્ષરમતીતોऽહમક્ષરાદપિ ચોત્તમઃ ।**
**અતોऽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ ॥**

એવી રીતે પોતે પોતાનું પુરુષોત્તમપણું જણાવ્યું તથા ગોલોકવાસી જે રાધિકા સહિત **શ્રીકૃષ્ણ** તે તો પોતે જ હતા અને બ્રાહ્મણના બાળકને લેવા ગયા ત્યારે અર્જુનને પોતાનું **ભૂમાપુરુષરૂપે** દર્શન કરાવ્યું તથા **શ્વેતદ્વીપવાસી વાસુદેવ** તેણે તો પોતે જ એ અવતાર ધર્યો હતો તથા નરનારાયણ તો સમગ્ર ભારતને વિષે તથા ભાગવતમાં એ શ્રીકૃષ્ણને જ કહ્યા છે તે માટે એ શ્રીકૃષ્ણના અવતારને વિષે તો ભિન્ન ભિન્નપણે રહી જે એ જ ભગવાનની મૂર્તિઓ તથા શક્તિઓ-ઐશ્વર્ય તે સમગ્ર છે, માટે એ અવતાર તે બહુ મોટો થયો છે અને બીજી મૂર્તિને વિષે થોડું ઐશ્વર્ય છે, ને એને વિષે સંપૂર્ણ ઐશ્વર્ય છે, માટે કૃષ્ણાવતાર જેવો કોઈ અવતાર

નથી અને એ અવતાર સર્વોપરી વર્તે છે. **(૧)** અને બીજા અવતારે કરીને થોડી શક્તિ જણાવી ૧
છે ને **આ અવતારે** કરીને સંપૂર્ણ ઐશ્વર્ય-શક્તિઓ જણાવી, માટે **આ અવતાર** સર્વોત્કર્ષપણે વર્તે છે, એવી રીતે જેની પ્રત્યક્ષ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં અચળમતિ હોય ને એ મતિ કોઈ દિવસ વ્યભિચારને ન પામતી હોય ને તેની વતે કોઈ કુસંગે કરીને કદાચિત્ કાંઈક અવળું-સવળું વર્તાઈ ગયું હોય તો પણ તે કલ્યાણના માર્ગમાંથી પડે નહિ; એનું કલ્યાણ જ થાય, માટે તમે સર્વે પરમહંસ હરિભક્ત છો **તે પણ એવી રીતે જો ઉપાસનાની દૃઢતા આ ભગવાનને વિષે રાખશો** તો કદાચિત્ કાંઈક અવળું વર્તાઈ જાશે **તો પણ અંત્યે કલ્યાણ થાશે,** એવી રીતની વાર્તાને સાંભળીને સર્વે સાધુ તથા હરિભક્ત તે શ્રીજીમહારાજને વિષે સર્વકારણપણું જાણીને ઉપાસનાની દૃઢતા કરતા હવા. **(૨)** ઇતિ વચનામૃતમ્ ॥૬॥ **(૧૩૨)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે વૈકુંઠનાથ જે રામચંદ્રજી તથા સહસ્રશીર્ષા જે અનિરુદ્ધ તથા શેષશાયી જે વૈરાજનારાયણ તથા ભૂમાપુરુષ તેમના કારણ, અવતારી ને પુરુષોત્તમ તે શ્રીકૃષ્ણને કહ્યા છે અને તે શ્રીકૃષ્ણને ગોલોકવાસી કહ્યા છે અને શ્વેતદ્વીપપતિ વાસુદેવબ્રહ્મના અવતાર કહ્યા છે ને વાસુદેવબ્રહ્મને શ્રીકૃષ્ણના અવતારી કહ્યા છે અને ભારતમાં ને ભાગવતમાં શ્રીકૃષ્ણને નરનારાયણ નામે કહ્યા છે. **(૧)** અને આ અવતાર એટલે અમે વાસુદેવાદિક સર્વે અવતારોના કારણ છીએ એવા સર્વોપરી અમને જાણીને, અમારી દૃઢ ઉપાસના કરવી ને આવી રીતની અમારે વિષે ઉપાસનાની દૃઢતા હોય તેનાથી કાંઈક અવળું વર્તાઈ ગયું હોય તો પણ અંતે તેનું કલ્યાણ થાય. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં શ્વેતદ્વીપપતિ વાસુદેવ તેણે જ કૃષ્ણાવતાર ધર્યો હતો એમ કહ્યું અને તમે ભાવાર્થમાં વાસુદેવને શ્રીકૃષ્ણના અવતારી કેમ કહ્યા ?

૧ **ઉ૦** શ્વેતદ્વીપપતિ વાસુદેવે કૃષ્ણાવતાર ધર્યો હતો એમ કહેવાથી જ શ્રીકૃષ્ણ વાસુદેવના અવતાર થયા ને વાસુદેવ અવતારી થયા તે (**કા૦ ૧૦**ના ૧/૪ પહેલા પ્રશ્નમાં) પ્રકૃતિપુરુષથી પર બ્રહ્મ કહ્યા છે તે આ વાસુદેવ બ્રહ્મને કહ્યા છે અને (**લો૦ ૧૨**ના પહેલા પ્રશ્નમાં) શુકજી તથા નિરન્નમુક્તને દૃષ્ટાંતે શ્રીકૃષ્ણ જેવા જાણનારાને નિર્વિકલ્પ નિશ્ચયમાં કનિષ્ઠ કહ્યા છે અને વાસુદેવની ઉપાસના કરનારાને મધ્યમ કહ્યા છે માટે એમાં શંકાનો માગ નથી.

૨ **પ્ર૦** ભારત ને ભાગવતમાં શ્રીકૃષ્ણને નરનારાયણ નામે કહ્યા છે એમ કહ્યું તે શ્રીકૃષ્ણ તે જ નરનારાયણ હશે કે જુદા હશે ?

૨ **ઉ૦** શ્રીકૃષ્ણને નરનારાયણ એવું વિશેષણ આપ્યું છે, જેમ રામચંદ્રજીને નારાયણ, વાસુદેવ, પરમાત્મા, પુરુષોત્તમ, કૃષ્ણ એવાં વિશેષણો આપ્યા હોય તેણે કરીને તે કાંઈ વૈરાજનારાયણ કે શ્વેતદ્વીપપતિ વાસુદેવ કે ગોલોકવાસી શ્રીકૃષ્ણ કહેવાય નહિ; એમનું મુખ્ય નામ જે રામચંદ્રજી છે તે જ કહેવાય, અને શ્રીજીમહારાજને પણ વાસુદેવ, શ્રીકૃષ્ણ, નરનારાયણ, એવાં વિશેષણો આપ્યાં હોય પણ મુખ્ય નામ સ્વામિનારાયણ છે ને બીજાં સર્વ વિશેષણો છે; તેમ જ શ્રીકૃષ્ણને નરનારાયણ, વાસુદેવ, રામ, પુરુષોત્તમ, પરમાત્મા એવાં વિશેષણો આપ્યાં હોય પણ મુખ્ય નામ શ્રીકૃષ્ણ છે માટે શાસ્ત્રોમાં સર્વ અવતારોને એવાં વિશેષણો આપ્યાં હોય છે એમ જાણવું અને રામચંદ્રજી, શ્રીકૃષ્ણ, નરનારાયણ, વાસુદેવ, મૂળઅક્ષર તથા સર્વના અવતારી એવા શ્રીજીમહારાજ તે સર્વ જુદા જ છે અને (**લો૦ ૧૪**/૧માં) વૈકુંઠ અને આદિ શબ્દથી ગોલોક તે કરતાં બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપને શ્રેષ્ઠ કહ્યા છે તો જેના ધામ શ્રેષ્ઠ હોય તેના ધામી તો શ્રેષ્ઠ હોય જ તેમાં શું કહેવું ? માટે શ્રીકૃષ્ણથી નરનારાયણ શ્રેષ્ઠ છે અને તેથી વાસુદેવ બ્રહ્મ શ્રેષ્ઠ છે, અને શાસ્ત્રમાં શ્રીકૃષ્ણને વિષે વાસુદેવ કે નરનારાયણ લીન થયા એમ કહ્યું હોય ત્યારે તે શ્રીકૃષ્ણથી ઓરા જે પ્રધાનપુરુષ તથા મહત્તત્ત્વરૂપી વાસુદેવ તથા નર કહેતાં અર્જુન અને નારાયણ કહેતાં વૈરાજનારાયણ તથા શેષનારાયણ તે જાણવા.

૩ **પ્ર૦** બીજી બાબતમાં અવળું વર્તાઈ જશે તો પણ અંતે કલ્યાણ થશે એમ કહ્યું તે અવળું શું જાણવું ?

૩ **ઉ૦** ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને વર્તમાનમાં એકાદ વખત ફેર પડી જાય તેનું પ્રાયશ્ચિત્ત કરે તો કલ્યાણ થાય; અને

પ્રાયશ્ચિત્ત ન કરે તો તેને બીજો જન્મ ધરાવીને દંડ ભોગવાવીને કલ્યાણ કરે અને જે જાણીને વર્તમાન લોપે તે તો જીવતો જ બ્રહ્મરાક્ષસ છે ને મરીને નરકમાં પડે છે. ॥૬॥ **(૧૩૨)**

## વચનામૃત પંચાળાનું - ૭

❖સંવત ૧૮૭૭ના ફાગણ વદિ ૧૧ એકાદશીને દિવસ છ ઘડી દિવસ ચઢતે શ્રીજીમહારાજ ગામ શ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા ને માથે ધોળો ફેંટો બાંધ્યો હતો તથા ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી તથા ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી ઝીણી પછેડી ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

અને શ્રીજીમહારાજ નિત્યાનંદ સ્વામી પાસે શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધના ત્રીજા અધ્યાયની કથા કરાવતા હતા. તેમાં આ શ્લોક આવ્યો જે :-

**સ વેદ ધાતુઃ પદવીં પરસ્ય દુરંતવીર્યસ્ય રથાંગપાણેઃ ।**
**યોઽમાયયા સંતતયાનુવૃત્ત્યા ભજેત તત્પાદ-સરોજગંધમ્ ॥**

એ શ્લોકનો અર્થ કર્યો ત્યારે ॥ **અમાયયા** ॥ એવું જે એ શ્લોકનું પદ તેનો અર્થ પોતે
૧ શ્રીજીમહારાજ કરવા લાગ્યા જે, **(૧)** ભગવાનનું સ્વરૂપ માયાએ રહિત સમજીને જે ભગવાનના ચરણકમળને ભજે તે ભગવાનની પદવીને જાણે. તે માયા તે શું, તો જે પંચભૂત, ઇન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા એ માયા છે તે માયા ભગવાનના સ્વરૂપને વિષે ત્રિકાળમાં છે જ નહિ, એમ સમજે તથા ભાગવતના ॥ **જન્માદ્યસ્ય.....**॥ એ શ્લોકનું પદ જે ॥ **યત્ર ત્રિસર્ગો મૃષા** ॥ તેનો એ અર્થ છે જે, એ ભગવાનને વિષે ત્રણ ગુણનો સર્ગ જે પંચભૂત, ઇન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા તે ખોટા છે અને ॥ **ધામ્ના સ્વેન સદા નિરસ્ત કુહકમ્** ॥ કહેતાં **ધામ જે પોતાનું સ્વરૂપ** તેણે કરીને ટાળ્યું છે એ માયારૂપ કપટ જેણે એવું ભગવાનનું પરમ સત્ય સ્વરૂપ છે તે આત્યંતિક પ્રલયને અંતે અક્ષરધામને વિષે જેવું ભગવાનનું સ્વરૂપ અનંત ઐશ્વર્ય તેજે યુક્ત છે તેવું ને તેવું જ જે **પ્રત્યક્ષ મનુષ્યરૂપ ભગવાનને વિષે જાણવું** તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય; અને એ જ **પ્રત્યક્ષ ભગવાનને** મૂઢ જીવ છે તે માયિક દૃષ્ટિએ કરીને જુએ છે ત્યારે પોતા જેવા મનુષ્ય દેખે છે, ને જેમ પોતે જન્મ્યો હોય, બાળક થાય, યુવાન થાય, વૃદ્ધ થાય ને મરી જાય, તેમ જ ભગવાનને પણ જાણે છે અને જ્યારે એની માયિક દૃષ્ટિ મટે ત્યારે એની એ જે ભગવાનની મૂર્તિ તેને પરમ ચૈતન્ય સત્-ચિત્-આનંદમય જાણે અને એ **ભગવાનને વિષે જે બાળક-યુવાન-વૃદ્ધપણું દેખાય છે તથા જન્મ-મરણપણું દેખાય છે તે તો એની યોગમાયાએ કરીને દેખાય છે પણ વસ્તુગતે તો ભગવાન જેવા છે તેવા ને તેવા જ છે, જેમ નટ વિદ્યાવાળો હોય તે શસ્ત્ર બાંધીને આકાશમાં ઈંદ્રના યોદ્ધા સાથે વઢવા જાય પછી કટકા થઈને હેઠો પડે ને તે પછે તે કટકાને ભેગા કરીને તે નટની**

**સ્ત્રી બળી મરે, પછી થોડીક વારે તે નટ પાછો આકાશમાંથી હથિયાર બાંધીને જેવો હતો તેવો ને તેવો જ આવે ને રાજા પાસે મોજ માગે ને કહે જે મારી સ્ત્રી લાવો, એવી રીતની જે નટની માયા તે પણ કળ્યામાં કોઈને આવતી નથી તો ભગવાનની યોગમાયા કળ્યામાં કેમ આવે ? અને જે નટની માયાને જાણતો હોય તો તે એમ જાણે જે , એ નટ મર્યો પણ નથી ને બળ્યો પણ નથી; જેવો છે તેવો ને તેવો જ છે, તેમ ભગવાનના સ્વરૂપને જે તત્ત્વે કરીને સમજતો હોય તે તો ભગવાનને અખંડ અવિનાશી જેવા છે તેવા જ સમજે,** જેમ શ્રીકૃષ્ણ ભગવાને દેહ મૂક્યો ત્યારે એ ભગવાનની પત્નીઓ જે રુક્મણી આદિક હતી તે એ ભગવાનના દેહને લઈને બળી મરી, ત્યારે અજ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે હવે એ નાશ થઈ ગયા ને જે જ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે આંહીંથી અંતર્ધાન થઈને બીજે ઠેકાણે જણાણા છે, એમ ભગવાનને અખંડ સમજે તે પોતે શ્રીકૃષ્ણે કહ્યું છે જે :-

**અવજાનંતિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્ । પરંભાવ-મજાનંતો મમ ભૂત મહેશ્વરમ્ ॥**

માટે મૂર્ખ હોય તે જો ભગવાનને સાકાર સમજે તો કેવળ મનુષ્ય જેવા જ સમજે ને જો નિરાકાર સમજે તો બીજા આકારને જેમ માયિક જાણે તેમ ભગવાનના આકારને પણ માયિક જાણે ને અરૂપ એવું ભગવાનનું સ્વરૂપ કલ્પે માટે એ બે પ્રકારે મૂર્ખને તો અવળું પડે છે. અને જો ભગવાનને આકાર ન હોય તો જ્યારે આત્યંતિક પ્રલય હતો ત્યારે શ્રુતિએ એમ કહ્યું જે **॥ સ ઈક્ષત ॥** કહેતાં તે ભગવાન જે તે જોતા હવા ત્યારે જો જોયું તો એ ભગવાનનું નેત્ર-શ્રોત્રાદિક અવયવે સહિત સાકાર એવું દિવ્ય સ્વરૂપ હતું જ, અને વળી એમ પણ કહ્યું છે જે :- **પુરુષેણાત્મભૂતેન વીર્ય-માધત્ત વીર્યવાન્** ॥ એવી રીતે પુરુષરૂપે થઈને એ પુરુષોત્તમ તેણે માયાને વિષે વીર્યને ધારણ કર્યું ત્યારે એ ભગવાન પ્રથમ જ સાકાર હતા. **(૧)** અને ૧
એ જે પુરુષોત્તમનારાયણ તે કોઈક કાર્યને અર્થે પુરુષરૂપે થાય છે, ત્યારે એ પુરુષ છે તે પુરુષોત્તમના પ્રકાશમાં લીન થઈ જાય છે ને પુરુષોત્તમ જ રહે છે તેમજ માયા રૂપે થાય છે ત્યારે માયાપણું પણ પુરુષોત્તમના તેજમાં લીન થઈ જાય છે ને તે રૂપે ભગવાન જ રહે છે અને પછી એ ભગવાન મહત્તત્ત્વરૂપે થાય છે ને તેમજ મહત્તત્ત્વમાંથી થયાં જે બીજાં તત્ત્વ તે રૂપે થાય છે અને પછી તે તત્ત્વનું કાર્ય જે વિરાટ તે રૂપે થાય છે તથા તે વિરાટપુરુષથી થયા જે બ્રહ્માદિક તે રૂપે થાય છે તથા નારદ-સનકાદિકરૂપે થાય છે, એવી રીતે અનેક પ્રકારના કાર્યને અર્થે જેને જેને વિષે એ પુરુષોત્તમનો પ્રવેશ થાય છે તેને તેને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાખીને પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે વિરાજમાન થકા રહે છે અને જેને વિષે પોતે વિરાજમાન રહે છે તેના પ્રકાશને પોતે ઢાંકીને પોતાનો પ્રકાશ પ્રગટ કરે છે, જેમ અગ્નિ લોઢાને વિષે આવે છે ત્યારે લોઢાનો જે શીતળ ગુણ ને કાળો વર્ણ તેણે ટાળીને પોતે પોતાના ગુણને પ્રકાશ કરે છે, તથા જેમ સૂર્ય ઉદય થાય છે ત્યારે તેના પ્રકાશમાં સર્વે તારા-ચંદ્રમાદિકનાં તેજ તે લીન થઈ જાય છે ને એક સૂર્યનો જ પ્રકાશ રહે છે તેમ એ ભગવાન

જેને જેને વિષે આવે છે ત્યારે તેના તેજનો પરાભવ કરીને પોતાના પ્રકાશને અધિકપણે જણાવે છે અને જે કાર્યને અર્થે પોતે જેમાં પ્રવેશ કર્યો હતો તે કાર્ય કરી રહ્યા કેડે તેમાંથી પોતે નોખા નીસરી જાય છે ત્યારે તો તે પંડે જેવો હોય તેવો રહે છે ને તેમાં જે અધિક દૈવત જણાતું હતું તે તો પુરુષોત્તમ ભગવાનનું હતું એમ જાણવું, **એવી રીતે સર્વના કારણ ને સદા દિવ્ય સાકાર એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ તેમની મૂર્તિને વિષે સાકરના નાળિયેરની પેઠે ત્યાગ-ભાગ સમજવો નહિ ને જેવી મૂર્તિ દીઠી હોય તેનું જ ધ્યાન-ઉપાસના-ભક્તિ કરવી પણ તેથી કાંઈ પૃથક્ ન સમજવું** અને તે ભગવાનમાં જે દેહભાવ જણાય છે તે તો નટની માયાની પેઠે સમજવો ને જે આવી રીતે સમજે તેને તે ભગવાનને વિષે કોઈ રીતે મોહ થાતો નથી અને આ વાર્તા છે તે કેને સમજ્યામાં આવે છે તો જેને એવી દૃઢ પ્રતીતિ હોય જે, આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ ભગવાન ને ભગવાનના ભક્ત તે દિવ્ય સાકારરૂપે કરીને અક્ષરધામને વિષે દિવ્ય ભોગને ભોગવતા થકા રહે છે અને તે ભગવાનનું રૂપ ને ભગવાનના ભક્તનાં રૂપ તે અનંત સૂર્ય-ચંદ્રના પ્રકાશ સરખા પ્રકાશે યુક્ત છે, એવી જાતની જેને દૃઢ મતિ હોય તે જ આ વાર્તાને સમજી શકે અને એવા તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વ શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે આ ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્યસ્વરૂપ રહ્યું છે તેને સમજે છે પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય ને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય ને એમ જે જાણે તેને જ્ઞાની ભક્ત કહીએ ને તેને એકાંતિક ભક્ત કહીએ. **(૨)** અને આવી રીતે **જેને પ્રત્યક્ષ ભગવાનના** ૨
**સ્વરૂપની દૃઢ ઉપાસના હોય ને ભગવાનના સ્વરૂપમાં કોઈ દિવસ માયિકપણાનો સંશય ન થાતો હોય ને તેને કદાચિત્ કોઈ કુસંગને યોગે કરીને અથવા પ્રારબ્ધકર્મને યોગે કરીને કાંઈ અવળું વર્તાઈ જાય તો પણ તેનું કલ્યાણ થાય; અને જો આવી રીતે ભગવાનને જાણ્યામાં જેને સંશય હોય ને તે જો ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય તો પણ તેનું કલ્યાણ થાવું અતિ કઠણ છે,** અને જેણે પ્રથમ એવો દૃઢ નિશ્ચય કર્યો હોય જે, જ્યારે આત્યંતિક પ્રલય થાય છે તેને અંતે પણ આ ભગવાન સાકાર છે એવી દૃઢ ગ્રંથિ હૃદયમાં પડી હોય ને પછી જો તેને તેજોમય અલિંગપણું જે શાસ્ત્રમાં કહ્યું હોય તેનું શ્રવણ થાય તથા એવી વાર્તા કોઈક થકી સાંભળે તો પણ તેને સંશય થાય નહિ, કેમ જે એ તો એમ સમજ્યો છે જે ભગવાન તો સદા સાકાર જ છે પણ નિરાકાર નથી અને તે જ ભગવાન રામકૃષ્ણાદિક મૂર્તિઓને ધારણ કરે છે, એવી રીતે જેની દૃઢપણે સમજણ હોય તેની પરિપક્વ નિષ્ઠા જાણવી, એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે પોતાના સ્વરૂપની જે અનન્ય નિષ્ઠા તે સંબંધી વાર્તા કરી તેને સાંભળીને સર્વે પરમહંસ તથા હરિભક્ત તે શ્રીજીમહારાજના સ્વરૂપની

એવી જ રીતે વિશેષે દૃઢતા કરતા હવા.(૩) ઇતિ વચનામૃતમ્ ॥૭॥ (૧૩૩) ૩

**રહસ્યાર્થ પ્રદી૦ -** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે ધામ જે પોતાનું સ્વરૂપ કહેતાં પોતાને ધામ શબ્દથી કહ્યા છે અને તે સત્ય સ્વરૂપ જેવું અક્ષરધામને વિષે છે તેવું જ મનુષ્યરૂપે દેખાય છે એમ સમજે તેનું માયારૂપી કપટ રહેતું નથી. અને અજ્ઞાની જીવ અમને મનુષ્ય જેવા દેખે છે ને પોતાની પેઠે જ અમારે વિષે જન્મ-મરણભાવ કલ્પે છે તે જ્યારે એની માયિક દૃષ્ટિ મટે ત્યારે અમને પરમ ચૈતન્ય સત્-ચિત્-આનંદમય જાણે છે અને અમે મનુષ્યભાવ દેખાડીએ છીએ તે તો નટની પેઠે અમારી યોગમાયા છે, અને જેમ શ્રીકૃષ્ણ ભગવાનનો દેહત્યાગાદિક જોઈને જ્ઞાની ભક્તને મોહ ન થયો, તેમ અમને યથાર્થપણે સમજનારા ભક્ત અમે જેવા અક્ષરધામમાં છીએ તેવા જ સમજે છે ને મૂર્ખ અમને સાકાર સમજે તો મનુષ્ય જેવા જ સમજે અને નિરાકાર સમજે તો તે દેહ-દેહીભાવ સમજે, જેમ દેહમાં જીવ રહ્યો છે તેમ ભગવાન માયિક દેહમાં રહ્યા છે પણ સ્વરૂપે નિરાકાર છે એમ સમજે પણ અમે તો સદા દિવ્ય સાકાર છીએ તે સાકારપણું શ્રુતિ-સ્મૃતિએ પણ પ્રતિપાદન કર્યું છે. **(૧)** અને જેમ અગ્નિ જ્વાળારૂપે લોઢાને વિષે આવે છે, ત્યારે લોઢાના ગુણ દાબીને પોતાના ગુણને પ્રકાશ કરે છે, તેમ અમે પુરુષમાં અમારા પ્રકાશદ્વારે પ્રવેશ કરીએ છીએ ત્યારે જેમ સૂર્યના પ્રકાશમાં તારા-ચંદ્રના તેજ લીન થઈ જાય છે, તેમ પુરુષનો પ્રકાશ, ઐશ્વર્ય, સામર્થી તે અમારા પ્રકાશમાં લીન થઈ જાય છે અને પ્રકાશદ્વારે પુરુષમાં રહીને અમે ઉત્પત્તિ કરીએ છીએ અને તેમ જ માયામાં પ્રકાશદ્વારે પ્રવેશ કરીએ છીએ ત્યારે માયાના જડપણાદિક ગુણને દાબી દઈએ છીએ ત્યારે તે માયાથકી અનંતકોટી બ્રહ્માંડને ઉત્પન્ન કરે એવા પ્રધાનપુરુષાદિક ઉત્પન્ન થાય છે તે માયાપણું ઢંકાઈ ગયું જાણવું એવી જ રીતે ચોવીશ તત્ત્વ તથા વૈરાજાદિકને વિષે પણ ઉત્પત્ત્યાદિક કાર્ય અમારા પ્રકાશદ્વારે કરીને કરીએ છીએ અને નારદ-સનકાદિકરૂપે એટલે મુક્તને વિષે અમે પ્રગટ વિરાજીને મોક્ષરૂપી કાર્ય કરીએ છીએ અને જેમ લોઢામાં અગ્નિ રહ્યો જ છે પણ વિશેષ પ્રવેશ કર્યો હોય તે નીકળી જાય છે ત્યારે તે લોઢું હતું તેવું રહે છે તેમ અમે ઉત્પત્ત્યાદિક કાર્ય કરી રહ્યા પછી વિશેષ પ્રવેશ કરેલો તે પ્રકાશ એમાંથી નીકળી જાય છે, ત્યારે તો તે સર્વે જેવા છે તેવા જ રહે છે અને તેમાં અધિક દૈવત જણાતું હતું તે અમારું હતું અને અમે અમારા અક્ષરધામને વિષે સદા સાકાર મૂર્તિ છીએ અને અમારી આ મૂર્તિમાં ત્યાગ-ભાગ નથી માટે આ મૂર્તિનું જ ધ્યાન-ઉપાસના-ભક્તિ કરવી પણ ધામમાં બીજું સ્વરૂપ હશે અને આ બીજું સ્વરૂપ હશે એમ ન સમજવું, અને આત્યંતિક પ્રલય થાય છે, ત્યારે પણ અમે ને અમારા ભક્ત દિવ્ય સાકારરૂપે અતિશે પ્રકાશે યુક્ત અક્ષરધામમાં રહીએ છીએ અને અમે ને અમારા ભક્ત અતિશે પ્રકાશે યુક્ત છીએ ને તમારા કલ્યાણને અર્થે કૃપા કરીને સર્વ શક્તિ-પાર્ષદોએ સહિત મનુષ્ય જેવા દેખાઈએ છીએ, આવી રીતે સમજે તેણે જ અમને યથાર્થ જાણ્યા કહેવાય ને તેની જ માયા નિવૃત્ત થાય છે ને તે જ જ્ઞાની ને એકાંતિક ભક્ત છે. **(૨)** આવી અમારી દૃઢ ઉપાસનાવાળાને કુસંગને યોગે અથવા પ્રારબ્ધે કરીને અવળું વર્તાઈ જાય તો પણ તેનું કલ્યાણ થાય પણ તે વિના ઊર્ધ્વરેતા ને મહાત્યાગીનું પણ ન થાય; અને આવી સમજણવાળાને નિરાકાર પ્રતિપાદન કરનારાં શાસ્ત્ર સાંભળીને પણ સાકારપણામાં સંશય થાય જ નહિ તેની જ પરિપક્વ નિષ્ઠા જાણવી. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** આમાં મૂર્તિને ધામ નામે કહી અને (**પં૦ ૧**માં) મૂર્તિના પ્રકાશને ધામ નામે કહેલ છે તે કેમ સમજવું ?

૧ **ઉ૦** ધામ શબ્દ મૂર્તિ, તેજ અને સ્થાનવાચક છે અને આ વચનામૃતમાં મૂર્તિને ધામ નામે કહી છે તે આમાં જ કહ્યું છે જે ધામ જે પોતાનું સ્વરૂપ તેણે કરીને ટાળ્યું છે માયાના સર્ગરૂપી કપટ જેણે, એવું ભગવાનનું સત્ય સ્વરૂપ છે તે સ્વરૂપ આત્યંતિક પ્રલયને અંતે અક્ષરધામને વિષે અનંત ઐશ્વર્ય તેજે યુક્ત છે તે જ આ પ્રત્યક્ષ મનુષ્યરૂપ જાણવું એમ કહ્યું છે માટે આ ઠેકાણે પોતાને જ ધામ નામે કહ્યા છે. ॥૭॥ (૧૩૩)

**ઇતિ શ્રી કચ્છદેશે વૃષપુરનિવાસી અનાદિમુક્તરાજ શ્રી અબજીભાઈ વિરચિત**
**સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મુખકમળ નિઃસૃત**
**વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકાયાં પંચાળા પ્રકરણં સમાપ્તમ્**

# વિજય ગાન

(રાગ : રાષ્ટ્રગીત : જનગણમન અધિનાયક જય હો...)

આશ્રિતગણ સુખદાયક જય હો
સંસ્કાર કેન્દ્ર પ્રદાતા
દીન બાળકોના સુખદાતા
દોષ માત્રના જ્ઞાતા,
માત-તાતને ભગિની ભ્રાતા,
આપ જ કર્તા હર્તા;
તુજ શરણે જે આવે
જીવન ધન્ય બનાવે,
શ્રીજીનો યશ ગાતા.
આત્યંતિક કલ્યાણના દાતા
ફરીએ પ્રચાર કરતા
દેશ-વિદેશે મહિમા ગાતા
વિજય ધજા લહેરાતા;
જય સ્વામિનારાયણ જય હો,
જય જય શ્રીજી બાપા,
જય હો, જય હો, જય હો,
જય જય જય જય હો,

## શ્રીજી સંકલ્પમૂર્તિ જીવનપ્રાણ બાપાશ્રી

★ ઘણાં ધામોના મુક્ત સત્સંગમાં આવ્યા હોય તે કેમ ઓળખાય ? તો જે,જે ધામમાંથી આવ્યા હોય તે ધામોની ને તે ધામોના ધામીની મોટપ તેમને રહી ગઈ હોય તેથી તેમનું વર્ણન કરે ને મહારાજનીએ મોટપ કહે પણ કેવળ મહારાજની મોટપ ન કહે, અને જે શ્રીજીમહારાજના મુક્ત હોય, તે તો શ્રીજીમહારાજ વિના બીજા કોઈની મોટપ કે સારપ રહેવા દે નહિ, એ ઉપરથી તેમને ઓળખવા.

★ સાચા થઈને જે મંડે તેનું પૂરું કરી દેશું પણ જે પ્રમાદી થઈને બેસી રહેશે તેનું તો અધૂરું રહેશે ખરું.

★ આચાર્ય, સાધુ, બ્રહ્મચારી એ તો કાર્ય છે અને મહારાજ ને મુક્ત કારણ છે. તેમને ઓળખીને તેમનો મન, કર્મ, વચને જોગ કરીને પોતાનું પૂરું કરી લેવું.

★ મૂર્તિથી બહાર જેટલું સુખ મનાય છે તે અજ્ઞાન છે. તેને ટાળીને સર્વે ક્રિયા મૂર્તિમાં રહીને કરવી, પણ મહારાજને મૂકીને કોઈ ક્રિયા કરવી નહિ.

★ પંચવિષયનો અભાવ કર્યા વિના ભગવાનના સુખને ઈચ્છવું એ તો કેવળ વલખાં માર્યાં જેવું છે.

★ મનમાં ખોટો ઘાટ થાય તે પણ શ્રીજીમહારાજ જાણે છે એવું નથી સમજાણું તેને નિશ્ચય જ નથી.

## અનાદિમુક્ત સદ્ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી

★ કેટલાક મનને રમાડે છે ને કેટલાકને મન રમાડે છે.

★ ડાહ્યો હોય તેને વઢે ત્યારે રાજી થાય ને મૂર્ખ હોય તેને વખાણે ત્યારે રાજી થાય.

★ જ્ઞાન થયું તે કેનું નામ જે, શાસ્ત્ર સાંભળીને તથા કોઈની વાતે કરીને તથા સંગે કરીને ફરી જવાય નહિ તે પાકું જ્ઞાન કહેવાય.

★ રૂપવાન સ્ત્રી, ઝાઝું દ્રવ્ય ને સારી મેડી મળી તે સત્સંગીને પણ માયાનું બંધન થયું. કેમ જે એમાંથી જીવ નીકળે નહિ માટે એ તો જેવું તેવું સાધારણ મળે તે જ સારું છે.

★ કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો ને કદાપિ કરોડ કામ સુધાર્યાં ને એક મોક્ષ બગડ્યો તો તેમાં શું કર્યું ?

# શ્રીજીમહારાજના સર્વોપરી જ્ઞાનની
# અગમ્ય અમૃતવાણીનો મહાસાગર
# એટલે વચનામૃત



વચનામૃત રહસ્યજ્ઞાન પ્રદાતા
પ. પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(પ.પૂ. બાપજી)

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
સ્વામિનારાયણ ધામ - ગાંધીનગર.
ફોન : (૦૦૯૧)(૭૯) ૨૩૨૧૩૦૫૨, ૫૩ ફેક્સ : (૦૦૯૧)(૭૯) ૨૩૨૧૩૦૫૫